## મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત

## શ્રીમદ્‌ભાગવત વ્યાખ્યા

# તૃતીયસ્કન્ધ સુબોધિની

## પ્રથમ ખંડ

## (અધ્યાય ૧–૧૪)


અનુવાદક :

ગો. વા. શ્રીનાનુલાલ ગાંધી


जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति


પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી–કચ્છ

**પ્રકાશક :**
**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ**
કંસારા બજાર, માંડવી, જિ. કચ્છ,
ગુજરાત, ૩૭૦૪૬૫
**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ**
ફુલાભાઈ પાર્ક, હાલોલ, પંચમહાલ, ૩૮૯૩૫૦
(ટેલીફોન : ૦૨૬૭૬-૨૨૧૫૦૫)

**સમ્પાદક :** શરદ્ ગોસ્વામી

**પ્રકાશનવર્ષ : વિ.સં.૨૦૭૬,**
**શ્રીવલ્લભાબ્દ : ૫૪૧**

**પ્રતિ : ૧૦૦૦**

**મુદ્રકઃ**
પૂર્વી પ્રેસ્ પ્રા.લિ., રાજકોટ

# ।। પ્રકાશકીય ।।

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય દ્વારા લિખિત શ્રીભાગવત મહાપુરાણ પરની સુબોધિની ટીકાનો ગુજરાતી અનુવાદ જિજ્ઞાસુ અધ્યેતાઓ માટે પુનઃપ્રકાશિત કરતા હાર્દિક પ્રસન્નતા અને કૃતાર્થતા નો અનુભવ થાય છે. સુબોધિની ટીકાનો ગુજરાતી અનુવાદ સમ્પ્રદાયના સુપ્રસિદ્ધ વિદ્વાન ગોલોકવાસી શ્રીનાનુલાલ ગાંધી, ધંધૂકા એ કર્યો છે.

પહેલાં આ અનુવાદ બે જુદી-જુદી સંસ્થાઓ દ્વારા ત્રણ ખંડોમાં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. તેની વિગત નીચે મુજબ છે :

**ખંડ ૧** અધ્યાય ૧-૮ મૂલ્ય રૂ.૪

**ખંડ ૨** અધ્યાય ૯-૧૯ મૂલ્ય રૂ.૫

ગો.વા.શ્રીમગ્નલાલ શાસ્ત્રી સ્મારક ગ્રન્થમાલા, મુંબઈ

ગ્રન્થાંક ક્રમાંક ૧૧ તથા ૧૬

પ્રકાશક : વાડીલાલ નગીનદાસ શાહ, વિ.સં.૨૦૧૨

**ખંડ ૩** અધ્યાય ૨૦-૩૩ મૂલ્ય રૂ.૫

શ્રીભાગવત ગ્રંથમાળા પુસ્તક-૧

પ્રકાશક : પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય, નડીયાદ. વિ.સં.૨૦૦૭

ઉપરોક્ત બન્ને સંસ્થાઓએ એકી સાથે પ્રકાશન હાથ પર ધર્યું હતું છતાં તત્કાલીન સામાજિક-આર્થિક વિષમ પરિસ્થિતિઓને કારણે ત્રીજા ખંડના પ્રકાશિત થયાના લાંબા સમય બાદ પ્રથમ બે ખંડો પ્રાશિત થઈ શક્યા હતા.

આ અનુવાદના પ્રથમ સંસ્કરણમાં અનુવાદકે ખૂબ લાંબી ભૂમિકા છાપી છે જે આ ખંડમાં છાપેલ શ્રીભાગવતાર્થનિબન્ધમાં ગતાર્થ હોવાથી તેને આ સંસ્કરણમાં છાપવામાં નથી આવી.


આ ગ્રન્થના પુનર્મુદ્રણ વખતે સંસ્થા અનુવાદક તથા પૂર્વ સમ્પાદક-પ્રકાશક નો હૃદયથી આભાર માને છે. અભ્યાસુઓની સુવિધા માટે ગો.વા.શ્રીનાનુલાલ ગાંધીએ કરેલ ભાગવતાર્થ નિબન્ધના તૃતીય સ્કન્ધનો સમ્બદ્ધ અંશ તેમજ 'શ્રીપુરુષોત્તમનામ-સહસ્રમ્'માંના તૃતીય સ્કન્ધના નામો સાનુવાદ ગ્રન્થારમ્ભમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. અન્તે, સમગ્ર ગ્રન્થનું પ્રૂફરીડિંગ તેમજ પ્રાથમિક ફોર્મેટિંગ્ કરી આપનાર શ્રીમતી પ્રીતિબેન દલાલ(ભરૂચ) તથા ગ્રન્થપ્રકાશન વ્યવસ્થાની જવાબદારી ઉપાડનાર શ્રીપ્રવીણભાઈ ડઢાણીયા નો સહયોગ અવિસ્મરણીય છે.

**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ વતી**

શરદ્ ગોસ્વામી, (માંડવી-હાલોલ)

આ ગ્રન્થના અનુવાદક

## ગોલોકવાસી ભગવદીય શ્રીનાનુલાલ ગાંધી



# શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ, ફુલાભાઈ પાર્ક, હાલોલ, પંચમહાલ, ૩૮૯૩૫૦**
**(ટેલીફોન : ૦૨૬૭૬-૨૨૧૫૦૫)**

| ગ્રન્થ | | | પ્રકાશનસહાય |
|---|---|---|---|

**પુષ્ટિમાર્ગની પ્રાથમિક સમજ માટે**

| | | | |
|---|---|---|---|
| ૧. પ્રવેશિકા | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (ગુજરાતી) | ૧૦ |
| ૨. પ્રવેશિકા | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (હિન્દી) | ૧૦ |
| ૩. Praveshika | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (અંગ્રેજી) | ૧૦ |
| ૪. પુષ્ટિપ્રવેશ ૧-૨ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (ગુજરાતી) | ૨૦ |
| ૫. પુષ્ટિપ્રવેશ ૧-૨ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (હિન્દી) | ૨૦ |
| ૬. પુષ્ટિપથ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (ગુજરાતી) | ૧૦ |
| ૭. પુષ્ટિપથ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (હિન્દી) | ૧૦ |
| ૮. પ્રમેયરત્નસંગ્રહ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | ( ગુજ. ) | ૨૦ |
| ૯. Manual of the devotionalpath of Pushti. | લેખક : ઉપરમુજબ | | ૬૫ |

**તત્ત્વદર્શનવિષયક રાષ્ટ્રીય સેમિનારમાં પ્રસ્તુત થયેલ**
**વિભિન્ન શોધપત્રો તથા ચર્ચા નો સંગ્રહ**

| | | |
|---|---|---|
| ૧૦. શબ્દખંડીયા વિદ્વત્પરિચર્ચા | (સંસ્કૃત-અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| ૧૧. અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સંગોષ્ઠી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| ૧૨. કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સંગોષ્ઠી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| ૧૩. પ્રત્યક્ષપ્રમાણ વિદ્વત્સંગોષ્ઠી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| ૧૪. અન્ધકારવાદ વિદ્વત્સંગોષ્ઠી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| ૧૫. વલ્લભવેદાન્ત લેખકઃ ગો.શ્રીશ્યામ મનોહરજી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | નિઃશુલ્ક |

**સામ્પ્રદાયિક વિચારગોષ્ઠીમાં પ્રસ્તુત થયેલા**
**વિભિન્ન શોધપત્રો તથા તેના ઊપર થયેલ ચર્ચા નું સંકલન**

| | | |
|---|---|---|
| ૧૬. વાર્તાપરિચર્ચા | | ૧૫ |
| ૧૭. અધિકારપરિચર્ચા | | ૧૦૦ |
| ૧૮. સાધનાપ્રણાલી | (અપ્રાપ્ય) | ૫૦ |
| ૧૯. પુષ્ટિભક્તિમાં કથાસાધના વિચારગોષ્ઠી | (અપ્રાપ્ય) | ૫૦ |
| ૨૦. શરણાગતિ વિચારગોષ્ઠી | | ૫૦ |
| ૨૧. શરણાગતિ વિચારગોષ્ઠી (પૂરક પ્રશ્નોત્તરી) | (જુજ પ્રતો) | નિઃશુલ્ક |
| ૨૨. સેવા-સમર્પણ વિચારગોષ્ઠ | | ૫૦ |
| ૨૩. પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં જઘન્યાધિકાર વિચારગોષ્ઠી | | ૮૦ |
| ૨૪. પ્રતિબન્ધ (પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં પ્રતિબન્ધ) | | ૧૦૦ |
| ૨૫. પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં ફળ | | ૧૦૦ |

**નિત્યસ્તોત્રપાઠ**

२६. पुष्टिपाठावली (गुजराती) पाकुं बाईंडिंग २०
२७. पुष्टिपाठावली (हिन्दी) पाकुं बाईंडिंग २०
२८. पुष्टिपाठावली (गुजराती) काचुं बाईंडिंग २०
२९. पुष्टिपाठावली (गुजराती) काचुं बाईंडिंग ४''.३'' नानी साईझ १०
३०. पुरुषोत्तमसहस्रनाम-त्रिविधलीलानामावली (अनुवाद सहित) २०

**અધ્યયનોપયોગી ગ્રન્થો**

૩૧. શ્રીભાગવતમહાપુરાણ (ચારભાગ. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય સમ્મત અર્થવાળું) ૪૦૦
૩૨. ભાગવત શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ-અધ્યાયનો ટુક અર્થ. લે.: શ્રીનાનુલાલ ગાંધી ૧૦
૩૩. શ્રીભાગવતાર્થપ્રકરણ.(શ્રીવલ્લભાચાર્ય રચિત તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગતનું પ્રકરણ. શ્રીમદ્ભાગવતના શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ અને અધ્યાય ના અર્થોનું વિસ્તૃત વિવેચન.) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી. ૧૫૦
૩૪.ષોડશગ્રન્થ. સરળ ગુજરાતી ભાવાર્થ-વિવેચન સાથે. પેજ સં. ૨૩૦. (અપ્રાપ્ય)
૩૫.જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો, ગો.શ્રીશ્યામ મનોહરજી લિખિત સર્વોત્તમસ્તોત્રની વિસ્તૃત ભૂમિકાનો ગુજરાતી અનુવાદ, શ્રીવલ્લભાષ્ટક, સપ્તશ્લોકી, શ્રીવલ્લભસ્તોત્રો, પઞ્ચશ્લોકી, શિક્ષાશ્લોકી આદિ ગ્રન્થોપર વિવેચનનું ૪૫૦થી વધુ પાનામાં સંકલ ૧૦૦
૩૬. કૃષ્ણાશ્રય, શ્રીકલ્યાણરાયજી લિખિત સંસ્કૃત ટીકાનો ગુજરાતી અનુવાદ (અપ્રાપ્ય)
૩૭. ભગવદ્ગીતા, અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી. પદચ્છેદ, અન્વય, શબ્દપરિચય, વૃત્તિપરિચય, શબ્દાર્થ, શ્લોકાર્થ, વિવેચન,પાદાનુક્રમણિકા, ગીતાતાત્પર્ય તથા ન્યાસાદેશવિવરણ ગુજરાતી અનુવાદ સાથે. (અપ્રાપ્ય)
૩૮. પુષ્ટિઅસ્મિતા સંવર્ધક શિબિર, રાષ્ટ્રીય સંમેલન-ભરૂચ (પ્રશ્નોત્તરી) ૨૫
૩૯. ષોડશગ્રન્થગત ઉપદેશો ને તેમની ૬૪વાર્તાઓ, લે.ભૂપેન્દ્રભાઈ ભાટીયા (અપ્રાપ્ય)
૪૦. ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૨૮ વાર્તાઓ, લે. ઉપર મુજબ (અપ્રાપ્ય)
૪૧. ભગવદ્ગીતાનોા ભક્તિયોગ, બારમો અધ્યાય, લે.: ગો.શ્રીશ્યામમનોહરજી નિઃશુલ્ક
૪૨. ભગવદ્ગીતાનો પુરુષોત્તમયોગ, પંદરમો અધ્યાય, લે.:ગો.શ્રીશ્યામમનોહરજી નિઃશુલ્ક
૪૩. દ્રવ્યશુદ્ધિ. અપરસ-સુતક વગેરેનો નિર્ણય ગ્રન્થ. લે.:ગો.શ્રીપુરુષોત્તમજી નિઃશુલ્ક
૪૪. શાસ્ત્રાર્થપ્રકરણ (શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધમાંનું પ્રથમ પ્રકરણ. શ્રીપુરુષોત્તમજીની આવરણભંગ ટીકાના ગુજરાતી અનુવાદ સાથે) ૩૦
૪૫. પુરુષોત્તમ પ્રતિષ્ઠાપ્રકાર (શ્રીગુસાંઈજી રચિત સેવ્ય સ્વરૂપને પુષ્ટ કરાવવાની વિધિનું વિસ્તૃત ગુજરાતી વિવેચન)લેઃગો.શ્રીશ્યામમનોહરજી નિઃશુલ્ક
૪૬. ગૃહસેવા અને વ્રજલીલા, વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
૪૭. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ, વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય
૪૮. શ્રીકૃષ્ણચરિત્ર (દશમસ્કન્ધનો સરળ ગુજરાતી ભાવાનુવાદ) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી અપ્રાપ્ય
૪૯. રસદષ્ટિની તરફેણમાં. લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય
૫૦. સિદ્ધાન્તનું આચમન પ્રશ્નોત્તરી. ઉત્તરદાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
૫૧. ભક્તિવર્ધિની. વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય
૫૨. સેવા : ઋતુ-ઉત્સવ-મનોરથ. વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

૫૩. (અમૃતવચનાવલી)પ્રાચીન અર્વાચીન આધુનિક આચાર્યોના ચનામૃતો નિઃશુલ્ક
૫૪. તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત સાધનપ્રકરણ. મૂળ સહિત ગુજરાતી અનુવાદ નિઃશુલ્ક
૫૫. પુરુષાર્થવ્યવસ્થા. પ્રવક્તા : ગો.શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
૫૬.पुष्टिविधानम्-२ (व्याकरणम्) श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी
रचित २६ग्रन्थोंका पदच्छेद-अन्वय-शब्दपरिचय-वृत्तिपरिचय અપ્રાપ્ય
૫૭.पुष्टिविधानम्-३(व्रजभाषा) श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी
रचित २६ग्रन्थोंका शब्दार्थ-श्लोकार्थ-विवेचन-पादानुक्रमणिका ૧૫૦
૫૮.तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणम् सर्वनिर्णयप्रकरणम् (व्रजभाषाटीका)
श्रीवल्लभाचार्य विरचित, हार्डबाउंड ૧૦૦
૬૦.विवेकत्रयम्, प्रपञ्च-जीव-मूलरूप (संस्कृत) ૧૦
૬૧.श्रीपुरुषोत्तमग्रन्थावली - ५ (દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત
દ્રવ્યશુદ્ધિદીપિકા, ભક્તિમાર્ગીય અપરાધનિરૂપણવિવૃતિ તેમજ ઉત્સવપ્રતાન મૂળ
ગ્રન્થો તેમજ તેનો વ્રજભાષા-હિન્દી-ગુજરાતી અનુવાદ) ૧૦૦
૬૨.श्रीपुरुषोत्तमग्रन्थावली - ६ (દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત
ઉપનિષદો, ભગવદ્ગીતા તથા ન્યાસાદેશતાત્પર્ય ની સંસ્કૃત ટીકા) ૨૦૦
૬૩.गृहसेवा और व्रजलीला(व्रजभाषा)व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी नि ःशुल्क
૬૪.भगवद्गीताका भक्तियोग. व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी नि ःशुल्क
૬૫. सेवा : ऋतु-उत्सव-मनोरथ, विवेचक : गो.श्रीश्याम मनोहरजी निःशुल्क
૬૬. सेवाकौमुदी (नवधाभक्ति), हिन्दी,लेखक : श्रीलालूभट्टजी,
व्याख्याता : गो.श्रीश्याम मनोहरजी अप्राप्य-निःशुल्क
૬૭. ब्रह्मवाद (हिन्दी) लेखक : गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

## ઈતિહાસ

૬૮. આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ,
લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (ગુજરાતી) નિઃશુલ્ક
૬૯. આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ,
લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (હિન્દી) નિઃશુલ્ક
૭૦. શ્રીગોપીનાથપ્રભુચરણ; શ્રીગોપીનાથજીના વિષયમાં ઉપલબ્ધ (ચિત્રજી, હસ્તાક્ષર,
પદ, ઈતિહાસ, રચના વગેરે) તમામ માહિતિનો સંગ્રહ. ૨૫

## સન્દર્ભ ગ્રન્થો

૭૧. પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા. શ્રીવલ્લભાચાર્ય-શ્રીગપીનાથજી-શ્રીગુસાંઈજી
રચિત ૨૬ ગ્રન્થોંની પાદાનુક્રમણિકા ૧૦
૭૨. હમકું ઈતની સમજ ભલી. એક વાર વાંચવા જેવું. પ્રાચીન-અર્વાચીન-આધુનિક
આચાર્યોના માર્મિક વચનામૃતોનો સચિત્ર સંગ્રહ. નિઃશુલ્ક
૭૩. Summary of Shuddhadvaita Vangmaya. लेखक : गो.शरद्
(મુંબઈ યુનિવર્સિટીનો અભ્યાસ ગ્રન્થ) શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી તથા
શ્રીગુસાંઈજીના ગ્રન્થોનો અંગ્રેજીમાં ટુંક પરિચય. ૧૫

**ગોશાળા :** મહિલાબાગ પાસે, માંડવી-કચ્છ

**જીર્ણોદ્ધાર :** શ્રીબાલકૃષ્ણજીના બેઠકજી. ગામ : વિંજાણ, તા.અબડાસા-કચ્છ

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ :**

**શ્રીવલ્લભાચાર્ય નગર, રેફરલ હોસ્પિટલ પાછળ, હાલોલ, જિ. પંચમહાલ.** અધ્યયનોપયોગી ગ્રન્થાલય, અધ્યયનકક્ષ, નિવાસ, ભોજન, અધ્યાપક વગેરે અત્યાવશ્યક સુવિધાઓથી સુસજ્જ.

http://www.vallabhacharyavidyapeeth.org/

**પુષ્ટિસ્વાધ્યાય :**

અઠવાડીયાના લગભગ બધા દિવસ આબાલ-વૃદ્ધ બધા પુષ્ટિમાર્ગીઓ માટે સમ્પ્રદાયના મૂળ ગ્રન્થોનું અધ્યાપન વિદ્વાન્ આચાર્યવંશજો દ્વારા ત્રણ માધ્યમથી કરવામાં આવે છે :

૧. ટેલિફોનિક કોન્ફરન્સ્

૨. ઈંટર્નેટ્ દ્વારા લાઈવ્ ઑડિયો

૩. ઈંટર્નેટ્ દ્વારા લાઈવ્ વીડીયો કોન્ફરન્સ્.(બ્રોડ્બેંડ્ જરૂરી)

गोस्वामी श्रीश्याम मनोहरजी द्वारा सम्पादित-पुनर्मुद्रित

## शुद्धाद्वैत पुष्टिभक्ति सम्प्रदायके मूल संस्कृत ग्रन्थ

१. सव्याख्यषोडशग्रन्थ संयुक्तप्रकाशन, दुर्लभ
- खंड १. श्रीयमुनाष्टकम् से सिद्धान्तरहस्यम्
- खंड २. नवरत्नम् से भक्तिवर्धिनी
- खंड ३. जलभेदः से सेवाफलम्

२. प्रकाश-रश्मि सहित ब्रह्मसूत्राणुभाष्यम्
- खंड १. प्रथमाध्याय नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ
- खंड २. प्रथमाध्याय नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ
- खंड ३. द्वितीयाध्याय
- खंड ४. तृतीयाध्याय
- खंड ५. चतुर्थाध्याय

३. श्रीमद्भागवतसुबोधिनी
- खंड १. प्रथम-द्वितीयस्कन्ध
- खंड ४. जन्मप्रकरण
- खंड ५. तामसप्रमाणप्रकरण
- खंड ६. तामसप्रमेय-साधनप्रकरण
- खंड ७. तामसफलप्रकरण
- खंड ८. राजसप्रमाण-प्रमेयप्रकरण
- खंड ९.राजससाधन-फलप्रकरण
- खंड १०.सात्त्विकप्रमेय-साधन-फलप्रकरण

खंड ११.गुणप्रकरणं-यावत्प्राप्यैकादशस्कन्धम्

४. तत्त्वार्थदीपनिबन्ध

खंड १. शास्त्रार्थ-सर्वनिर्णयप्रकरण

खंड २. भागवतार्थप्रकरण स्कन्ध १-५

खंड ३. भागवतार्थप्रकरण स्कन्ध ६-१२

५. सव्याख्यषड्ग्रन्थाः संयुक्तप्रकाशन, दुलर्भ

६. वेदान्ताधिकरणमाला-भावप्रकाशिका

७. विविधविवरणोपेत पत्रावलम्बनम्

८. प्रस्थानरत्नाकर

९. विद्वन्मण्डनम्

१०. श्रीबालकृष्णग्रन्थावली

११. श्रीवल्लभमहाप्रभुस्तोत्राणि

१२. श्रीपुरुषोत्तमप्रतिष्ठाप्रकारः

१३. वल्लभाख्यान (सप्तटीकोपेत)

१४. पुष्टिविधानम् गुजराती, व्रज तथा संस्कृत संस्करण

१५. श्रीमत्प्रभुचरणकृतग्रन्थाः

यमुनाष्टपदी, प्रबोध, मंगलारार्तिकार्या, व्रतचर्या, प्रेंखपर्यंक, लालयति पलनापद, राजभोरार्तिकार्या, वसन्ताष्टपदी, शयनारार्तिकार्या, चतुःश्लोकी, रक्षास्मरणम्, गीताहेतुतात्पर्यम्, मुक्तितारतम्यम्, भक्तिजीवनम्, अस्मत्कुलस्वरूपवर्णनम्, सेवाश्लोकाः, गयत्रीव्याख्या. परिशिष्ट : महाप्रभु-श्रीवल्लभाचार्य विरचित तेलगु पद, श्रीमत्प्रभुचरणस्वरूपनिर्णयव्याख्यानम्.

१६. श्रीमत्प्रभुचरणकृताः स्तोत्रविज्ञप्तयः

श्रीराधाकैकर्यप्रार्थनाचतुःश्लोकी, श्रीस्वामिन्यष्टकम्, श्रीस्वामिनीप्रार्थनाषट्पदी, स्वामिनीस्तोत्रम्, ललितत्रिभंगीस्तोत्रम्, 'अस्मत्कुलम्' इत्यस्य व्याख्या, गोकुलाष्टकम्...

१७. वादावली

ब्रह्मवाद, वादकथा, विग्रहवाद, प्रपंचवाद, प्रपंचसंसारभेदवाद, ब्रह्मजीवतदैक्यस्वरूपनिरूपणम्, विरुद्धधर्माश्रयत्वविवेचनम्, आत्मवादः, प्रश्नोत्तरसाहस्रीपर्यालोचनम्, प्रश्नोत्तरसाहस्रीचर्चित-प्रकृत्यधिकरणसमालोचनम्, केवलाद्वैतवादाभिमताविद्यास्वरूपविमर्शः, अक्षरपुरुषोत्तम-द्वैतनिरासवादः

१८. अवतारवादावली

खंड २. भेदाभेदवाद, सृष्टिभेदवाद, आविर्भावतिरोभाववाद, ख्यातिवाद, प्रतिबिम्बवाद, अन्धकारवाद.

खंड ३. ब्राह्मणत्वादिदेवतावादः, जीवव्यापकत्वखण्डनवाद, जीवप्रतिबिम्बत्व-खण्डनवादः, भागवतस्वरूपविषयकशमानिरासवादः, उपदेशादिविषयकशंकानिरासवादः, भगवत्प्रति-कृतिपूजनवादः, ऊर्ध्वपुण्ड्रधारणवादः, तुलसीमाला-धारणवादः, शङ्खचक्रधारणवादः, भक्तिरसत्ववादः, भक्त्युत्कर्षवादः, नामफलादि-प्रकारवादः, जयश्रीकृष्णोच्चारणवादः, स्ववृत्तिवादः, वस्त्रादिसेवावादः, मूर्तिपूजनवादः, भागवतपाठादेः शंकानिरासवादः.

१९.प्राभञ्जनः(ले.नि.ली.गो.श्रीविट्ठलनाथजी) 'मारुतशक्ति'(ले.भारतमार्तण्ड श्रीगोवर्धन शर्मा) व्याख्यासहितः. परिशिष्ट : शुद्धाद्वैतमार्तण्डः(ले.गो.श्रीगिरिधरजी)

२०. सत्सिद्धान्तमार्तण्डः, ले.: भारतमार्तण्ड श्रीगोवर्धन(गट्टुलाल) शर्मा
२१. वेदान्तचिन्तामणी ले.: भारतमार्तण्ड श्रीगोवर्धन(गट्टुलाल) शर्मा

क्र.१, २ तथा ४/१, ४/२ को छोड कर सभी ग्रन्थ श्रीवल्लविद्यापीठ-श्रीविट्ठलेश्वर-प्रभुचरण आ.हो.ट्रस्ट (कोल्हापुर) द्वारा प्रकाशित.

## गोस्वामी श्रीश्याम मनोहरजीकी हिन्दी-गुजराती पुस्तकें

- वाल्लभवेदान्त निबन्धसंग्रह (हिन्दी)
- विवेक (हिन्दी)
- पुरुषोत्तमयोग (गुजराती-हिन्दी)
- श्रीयमुनाष्टकम् (हिन्दी)
- सिद्धान्तसूक्ति (गुजराती)
- वार्तान्की सैद्धान्तिक संगति
- चतुःश्लोकी(हिन्दी)
- गृहसेवा और व्रजलीला (गुजराती-हिन्दी)
- सेवाकौमुदी/नवधाभक्ति (हिन्दी)
- पुष्टिमार्गीय पीठाधीश स्वरूप और कर्तव्य
- पुष्टिप्रवाहमर्यादाभेद (गुजराती)
- विशोधनिका(चार खंड) (गुजराती-हिन्दी)
- नवरत्नम् (गुजराती-हिन्दी)
- सिद्धान्तनुं आचमन (गुजराती)
- भगवद्गीतासु भक्तियोग
- पुरुषार्थव्यवस्था (हिन्दी-गुजराती)
- रसदृष्टिनी तरफेणमां (हिन्दी-गुजराती)
- ब्रह्मवाद (वादावली सम्पादकीय)
- चिरकुट चर्चा समीक्षा (हिन्दी-गुजराती)
- अणुभाष्य(साधन-फलाध्याय)भूमिका
- नवरत्नोपदेशका मानसविश्लेषण(गुज-हिंदी)
- श्रीवल्लभाचार्यके दर्शनका यथार्थ स्वरूप
- शरणागतिविचारगोष्ठी एक पूरक प्रश्नोत्तरी (गुजराती)
- धर्म-अर्थ-काम-मोक्षकी पुष्टिमार्गीय विवेचना(हिन्दी-गुजराती)
- भगवत्सेवानो सिद्धान्तशुद्ध प्रकार: एक प्रश्नोत्तरी (गुजराती)
- साकारब्रह्मवाद (तत्त्वचिन्तन भक्ति और संस्कृति विमर्श) (हिन्दी)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणोपक्रम(गुज.)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत संक्षिप्त शास्त्रार्थ-सर्वनिर्णयप्रकरण तथा विवेकधैर्याश्रय, नवरत्न, सिद्धान्तमुक्तावली एवं भक्तिवर्धिनी का गुजराती अनुवाद-विवेचन(गुज.)
- श्रीवल्लभाख्यान : श्रीमद्भागवतको प्रारूप और श्रीवल्लभाख्यान
- अहंकारमीमांसा १-२
- पुरुषार्थव्यवस्था (हिन्दी-गुजराती)
- वर्तान्की सैद्धान्तिक संगति (वार्ता: गदाधरदास, महावनकी क्षत्राणी, दिनकदास, दिनकरदास-मुकुन्ददास)
- वार्ताविवेचना (श्रीदामोदरदासजी-श्रीकृष्णदास मेघनजी)
- पुष्टिभक्तिका व्यापारीकरण (कुशंका-खिलवाड-समाधान)
- ब्राह्मिक याथार्थ्य और ब्रह्मवादकी नानावादानुरोधिता
- पुष्टिमार्गकी आचार्यत्रयी
- सूक्तित्रयम् (सिद्धान्त-उत्सव-भक्ति)
- श्रीमद्भगवद्गीताध्यायप्रतिपाद्यसंक्षेप: (संस्कृत)

**सम्पर्क :** गोस्वामी श्रीश्याम मनोहरजी, व्रजकमल, ६३ स्वस्तिक सोसायटी, ४था रास्ता, जुहु स्कीम, विलेपार्ले(पश्चिम) मुम्बई.

## મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધનો

# શ્રીભાગવતાર્થ પ્રકરણ

## તૃતીયસ્કન્ધના પ્રકરણોના તથા અધ્યાયોના અર્થ

**શ્રીકૃષ્ણ પરમાનન્દં દશલીલાયુતં સદા ।**
**સર્વભક્તસમુદ્ધારે વિસ્ફુરન્તં પરં નુમઃ ।।**

શ્રીમદ્ભાગવતમાં પર વસ્તુ (પરબ્રહ્મ) ને 'શ્રીકૃષ્ણ' કહેલ છે. તેથી આરમ્ભમાં પ્રથમ શ્લોકથી શ્રીમદાચાર્યચરણ શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે. પરબ્રહ્મ પોતાની અંદર રહેલ ''પરમ સૌન્દર્ય હું પ્રકટ કરું'' એવી ઈચ્છાથી સાકાર થઈ પ્રકટ થાય છે. તે સાકાર સ્વરૂપ તે જ 'શ્રીકૃષ્ણ' છે. તેથી શ્રીકૃષ્ણ એ કોઈ વિભૂતિ નથી, પરન્તુ પરબ્રહ્મ જ છે. વળી તે પરમાનન્દ હોઈ ફલરૂપ પણ છે. તે સદા દશ પ્રકારની લીલા કર્યા કરે છે. તે દશ લીલાઓ-વાળા ભગવાન્ શ્રીકૃષ્ણનું શ્રવણ કરવાથી તે પ્રાપ્ત થાય છે. પોતાના સર્વ ભક્તોનો ઉદ્ધાર કરવો એ સાકાર સ્વરૂપ ધારણ કરી પ્રકટ થવાનું એટલે અવતાર લેવાનું તેમનું પ્રયોજન છે. તેમનાથી અધિક કોઈ છે જ નહિ. તે સર્વથી ઉત્તમ છે. અવતાર લે ત્યારે તેમને સ્તુતિ કરવામાં આવે તે પ્રિય હોવાથી આરમ્ભમાં શ્રીમદાચાર્યચરણ તેમને નમન કરે છે.૧

શ્રીમદ્ભાગવતનો અર્થ તથા અભિપ્રાય સારી રીતે જાણવામાં આવે તે માટે જ શ્રીમદાચાર્યચરણે ભાગવતાર્થ પ્રકરણ રચેલું છે. તે સારી રીતે જાણવામાટે ૧.શાસ્ત્ર ૨.સ્કન્ધ ૩.પ્રકરણ ૪.અધ્યાય ૫.વાક્ય (શ્લોક) ૬.પદ (શબ્દ) તથા ૭.અક્ષર એ સાતેના અર્થ બરાબર જાણવા જોઈએ. આ સાતેના અર્થમાં કોઈ પણ વિરોધ ન આવે તેવી રીતે, સમ્પૂર્ણ ભાગવતમાં ગૂંથાયેલો એક જ અર્થ જાણવામાં આવે ત્યારે શ્રીભાગવતનો અર્થ તથા અભિપ્રાય બરાબર જણાય. આ સાતેનો અર્થ છે. પ્રત્યયરૂપ અક્ષરોનો પણ અર્થ છે. જો કટકે - કટકે અર્થ કરવામાં આવે તો તે અર્થ કલ્પિત થાય. જેમ ભગવાન્ ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન અને વૈરાગ્ય એ છ ગુણોવાળા છે તેમ શ્રીભાગવતનો અર્થ પણ બાર સ્કન્ધો વગેરેના અર્થવાળો છે. એવી રીતે શાસ્ત્ર વગેરે સાતનો વિરોધ વિનાનો એક અર્થ જે જાણે તે સંસારથી મુક્ત થાય છે. આવી મુક્તિ; ભક્તિ થવામાટે જરૂરી છે. આ સાત પૈકી શાસ્ત્ર, સ્કન્ધ, પ્રકરણ અને અધ્યાય ના અર્થ શ્રીભાગવતાર્થપ્રકરણમાં શ્રીમદાચાર્યચરણે દર્શાવેલ છે અને બાકીના ત્રણના અર્થ શ્રીસુબોધિનીમાં જણાવેલા છે.૨

**૧. શાસ્ત્રનો અર્થ :**

આનન્દરૂપ હરિની લીલા એ શ્રીભાગવતશાસ્ત્રનો અર્થ છે. આનન્દરૂપ ભગવાન્‌ની લીલા પણ આનન્દરૂપ જ છે, અને સર્વનાં દુઃખોને હરનારી છે. તેથી દુઃખનો નાશ કરનારી અને સુખ (આનન્દ)રૂપ ભગવાન્‌ની લીલા પોતે જ પુરુષાર્થરૂપા છે એવો

શ્રીભાગવતશાસ્ત્રનો અર્થ છે.

શ્રીમદ્ભાગવત ભગવદ્રૂપ છે તેથી પાઠ કરી તેનું ધારણ કરવાથી, ભાગવતના સ્વરૂપથી ભગવાન્ જ ધારણ કરેલા જાણવા. હૃદયમાં રહેલા ભગવાન્ જે કાર્ય કરે છે તે આ પ્રમાણે ભાગવતના સ્વરૂપથી ધારણ કરેલા ભગવાન્ પણ કરે છે. જો તેનો અર્થ પણ સમ્પૂર્ણ જાણેલો હોય તો આ આવું ( ભગવદ્રૂપ ) છે એવું જ્ઞાન ભક્તિના અંગરૂપ હોવાથી, તેનાથી ભગવાન્નું જ્ઞાન થાય છે અને તેથી ભગવાન્ ભક્તિ આપે છે.

**૨. સ્કન્ધના અર્થ :**

આનન્દરૂપ હરિની લીલા શ્રીમદ્ભાગવતનો અર્થ છે એમ ઉપર કહેલું છે. આ હરિની લીલા દશ પ્રકારની હોવાનું શ્રીભાગવતમાં જ કહેલું છે : ''અહીં ૧.સર્ગ ૨.વિસર્ગ ૩.સ્થાન ૪.પોષણ ૫.ઊતિઓ ૬.મન્વન્તરો ૭.ઈશાનુકથા ૮.નિરોધ ૯.મુક્તિ અને ૧૦.આશ્રય કહેલાં છે''( ભાગ.પુરા.૨।૧૦।૧ ) આ દશ લીલાઓનું ત્રીજાથી બારમા સુધીના દશ સ્કન્ધોમાં અનુક્રમે નિરૂપણ કરેલું છે.

આ દશ ઉપરાન્ત 'અધિકાર' પણ ભગવાન્ની લીલા છે. પરન્તુ તે મુખ્ય લીલા નથી, પણ મુખ્ય લીલામાં ઉપયોગી લીલા છે. અધિકારની પેઠે જ સાધનો એટલે સર્વ પ્રકારનાં જ્ઞાન પણ ભગવાન્ની લીલા છે. કારણ કે સર્વ પ્રકારનાં જ્ઞાન, શ્રવણ વગેરે ભક્તિના અંગો છે. આ પણ મુખ્ય લીલાઓના અંગરૂપ હોવાથી મુખ્ય લીલા ગણાય નહિ, છતાં શાસ્ત્રના અર્થમાં આનો પણ સમાવેશ થવો જોઈએ. તેથી દશ મુખ્ય લીલા અને બે મુખ્ય લીલાઓના અંગરૂપ લીલા એ સર્વનું નિરૂપણ શ્રીમદ્ભાગવતમાં કરેલું છે. તેથી તેના બાર સ્કન્ધ છે. પહેલા સ્કન્ધમાં અધિકારીનું અને બીજા સ્કન્ધમાં સાધનોનું નિરૂપણ કરેલું છે. મુખ્ય લીલાઓ તો દશ જ રહે છે, નથી વધતી કે નથી ઘટતી. આ પ્રમાણે શ્રીભાગવતના બાર સ્કન્ધો હોવા છતાં તે એક જ શાસ્ત્ર અથવા પુરાણ છે અને તે હરિરૂપ જ છે. આ પુરાણ શબ્દથી અને અર્થથી પણ ભગવદ્રૂપ છે.

શ્રીભાગવત ભગવદ્રૂપ છે અને ભગવાન્ પુરુષ છે. ''પુરુષ ખરેખર બાર અંગવાળા છે'' એ શ્રુતિ પ્રમાણે પુરુષના બાર અંગો છે, તેથી પણ શ્રીભાગવતના બાર સ્કન્ધો છે. શ્રુતિ પ્રમાણે વિચારતાં બે સાથળો, બે બાહુઓ, શિર, હૃદય, બે હસ્તો, બે ચરણો અને બે સ્તનો એ પુરુષના બાર અવયવો છે.

- ૧-૨. પહેલો અને બીજો સ્કન્ધ બે ચરણ રૂપ છે. તે પ્રમાણે અધિકાર અને જ્ઞાન એ બે ભાગવતરૂપ પુરુષના બે ચરણો છે.
- ૩-૪. સર્ગ અને વિસર્ગ( ત્રીજો અને ચોથો સ્કન્ધ ) બે બાહુ ( ખભાથી કોણી સુધીના ભાગને બાહુ અને કોણીથી આંગળીઓ સુધીના ભાગને હસ્ત કહેલા હોવાનું અને ઢીંચણથી નીચેના ભાગને ચરણ કહેલા હોવાનું જણાય છે ) અથવા કર છે.
- ૫-૬. સ્થાન અને પોષણ ( પાંચમો અને છઠ્ઠો સ્કન્ધ ) બે સાથળો છે.
- ૭,૧૨. સાતમો સ્કંધ અને બારમો સ્કંધ બે હસ્ત છે. સાતમો અને બારમો સ્કંધ બે

હસ્ત હોય તો શ્રીભાગવત કદરૂપું લાગશે એવી શંકા થાય તો જાણવું કે સાતમું સ્કંધ વામહસ્તરૂપ છે અને તે ઊંચો રાખી ભગવાન્ ભક્તને પોતાની પાસે બોલાવે છે.

૮-૯. આઠમો અને નવમો( મન્વન્તરો અને ઈશાનુચરિત ) બે સ્તનો છે.

૧૦. દશમો સ્કન્ધ ( નિરોધ ) 'મધ્ય' અથવા હૃદય છે.

૧૧. અગિયારમો સ્કન્ધ ( મુક્તિ ) શિર છે.

૧૨. બારમો સ્કન્ધ ( આશ્રય ) દક્ષિણ હસ્ત છે.

ભગવાન્ જેવા ભાગવતરૂપ થયા તેવાનું અહીં વર્ણન કરેલું છે. આ (શ્રીભાગવત્ ) બાર અંગવાળા હરિ પોતે જ છે.

કેટલાક ઉપાસના કરનારાઓ એમ માને છે કે ક્રમ પ્રમાણે ઉપાસના કરવાથી જ ફલ પ્રાપ્ત થાય. તેથી તેઓ પુરુષના અવયવોના ક્રમ પ્રમાણે જ સ્કન્ધો હોવાનું કહે છે. બે ચરણો પહેલા બે સ્કન્ધો, બે સાથળો ત્રીજો અને ચોથો સ્કન્ધ, કટિ પાંચમો, ગુહ્ય અવયવ છઠ્ઠો, ઉદર સાતમો, હૃદય આઠમો, બે કરો નવમો, મુખ દસમો, લલાટ અગિયારમો અને શિર બારમો સ્કન્ધ છે. તેમાં કટિમાં એટલે પાંચમા સ્કન્ધમાં મલનાં દ્વાર જેવાં નરકો છે. ઉપાસના કરનાર આવી રીતે ઉપાસના કરે તે પણ યોગ્ય છે.૩-૧૦।।

**ત્રણ ભાષાઓ :**

વ્યાસજી ભગવાન્‌ના અવતાર હોવાથી તેમનું તેજ અમાપ છે. સ્વરૂપથી અને ગુણથી તે ઘણા મોટા છે. શ્રીમદ્ભાગવત એ તેમની સમાધિભાષા છે.

શ્રીમદ્ભાગવતમાં કોઈક સ્થળે જ્ઞાન વગેરેની પ્રશંસા કરેલી છે, ક્યાંક કથામાં આગળ-પાછળનો વિરોધ જોવામાં આવે છે અને ક્યાંક તેનો તે જ વૃત્તાન્ત ફરી કહેવારૂપ ( પુનરુક્તિ ) વગેરે દોષો જોવામાં આવે છે. તેનું કારણ એવું છે કે શ્રીમદ્ભાગવતમાં ત્રણ ભાષાઓ છે :

૧. સમાધિભાષા : વ્યાસજીએ જેટલો વિષય સમાધિથી જાણીને કહ્યો તે 'સમાધિભાષા'.

૨. મતાન્તરભાષાઃ સમાધિભાષાથી વિરુદ્ધ વિષય જ્યાં કહેલ છે તે 'મતાન્તરભાષા' છે.

૩. લૌકિક ભાષા : લોકમાં પ્રસિદ્ધ વિષય જ્યાં કહેલ હોય તે 'લૌકિકી ભાષા' છે.

તે પૈકી મતાન્તર ભાષા અને લૌકિકી ભાષા બોલનારના અભિપ્રાય પૂરતી પ્રમાણ છે, પરન્તુ તેમાં જે વિષય જણાવેલ હોય તે સમ્બન્ધમાં સમાધિભાષાની પેઠે સમ્પૂર્ણ રીતે પ્રમાણ નથી. તેથી જ આ બે ભાષાઓ સાથે સમાધિભાષાનો વિરોધ રહેતો નથી. આ બે ભાષાઓ શ્રીમદ્ભાગવતમાં જ્યાં કહેલી છે તે ત્યાં દર્શાવવામાં આવશે.

આ ત્રણ ભાષાઓ જણાય કેવી રીતે ? એવો પ્રશ્ન ઊઠે, તો જાણવું કે સામાન્ય નિયમ તરીકે શ્રીમદ્ભાગવતમાં સર્વત્ર સમાધિભાષા છે, પરન્તુ જ્યાં ''હું બીજાનું કહેલું કહું છું'' એમ શ્રીશુકે કહેલ હોય ત્યાં તેણે પરમતભાષા કહેવા માંડી છે એમ જાણવું.

અને ૧૦।૭૯।૧૬ વગેરેની પેઠે જ્યાં લૌકિક રીતથી વર્ણન કરેલું હોય ત્યાં લૌકિકી ભાષા કહેલી જાણવી. આ બે ભાષાઓમાં સમાધિભાષાથી વિરુદ્ધ જે કાંઈ કહેલ છે તે વિચારપૂર્વક જાણી જોઈને કહેલ હોવાથી, આ વિરોધ દોષરૂપ નથી.

ત્રણ ભાષાઓથી સ્વતન્ત્ર પુરુષાર્થરૂપ શ્રીકૃષ્ણની લીલા એ જ ભાગવતનો વિષય છે. એના શ્રવણથી ભગવાન્ શ્રીકૃષ્ણ ઉપર અવશ્ય પ્રેમ થતો હોવાથી અને પ્રેમ જ તેમને પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન હોવાથી શ્રીમદ્ભાગવતનો અર્થ સારી રીતે સમજી તેનું શ્રવણ વગેરે કરવાં જોઈએ ।।૧૦ - ૧૨।।

અધિકાર, સાધનો અથવા સર્વ પ્રકારનાં જ્ઞાન અને સર્ગ વગેરે ભગવાન્‌ની દશ લીલા એવો અનુક્રમે શ્રીભાગવતના બાર સ્કન્ધોનો અર્થ થયો. દરેક સ્કન્ધમાં કેટલાક પ્રકરણો અને અધ્યાયો હોય છે, તેથી હવે દરેક સ્કન્ધ લઈ તેના પ્રકરણોના તથા અધ્યાયોના અર્થ જણાવવામાં આવે છે.

# સ્કન્ધ ત્રીજોઃ સર્ગ

**સ્કન્ધનો અર્થઃ**

પહેલા સ્કન્ધમાં અધિકાર જણાવ્યો. બીજાસ્કન્ધમાં શ્રીભાગવતના શ્રવણમાં અઙ્ગો સાથે શ્રવણ કરવાનો પ્રકાર કહ્યો. હવે આ ત્રીજાથી આરંભી બારમા સુધીના બાકીના સ્કન્ધોમાં જેનું શ્રવણ કરવાનું છે તે વિષય કહેવામાં આવે છે. ભગવાન્‌ની સર્ગ વગેરે દશ લીલાઓનું શ્રવણ કરવાનું છે તે લીલાઓ અનુક્રમે આ ત્રીજાથી બારમા સુધીના દશ સ્કન્ધોમાં કહેવામાં આવે છે. એ પ્રમાણે આ દશ સ્કન્ધોનો સાધારણ અર્થ કહ્યો.૧

હવે ત્રીજા સ્કન્ધનો અર્થ આ કારિકામાં કહે છે. આ સ્કન્ધના તેત્રીસ અધ્યાયો છે. તે તેત્રીસ અધ્યાયોમાં સર્ગ(સૃષ્ટિ)નું નિરૂપણ કરેલું છે. આ સ્કન્ધના અમુક જ અધ્યાયમાં સર્ગનું વર્ણન કરેલ છે એમ નથી. '''સર્ગ' એટલે કારણોની ઉત્પત્તિ'' એ વાક્ય પ્રમાણે તેત્રીસે અધ્યાયોનો અર્થ સર્ગ છે.

સર્ગ વળી ૧.લૌકિક અને ૨.અલૌકિક એવા બે પ્રકારનો છે. અલૌકિક સર્ગમાં તેત્રીસ દેવોને ઉત્પન્ન કરવામાં આવતાં, તેઓ યજ્ઞ કરાવે છે, એ નિર્વિવાદ છે. (આઠ વસુઓ, અગીયાર રુદ્રો, બાર આદિત્યો, ઈન્દ્ર અને પ્રજાપતિ એ તેત્રીસ દેવો છે). લૌકિક સર્ગમાં પણ અઠ્ઠાવીસ તત્ત્વો, ચાર પ્રકારનાં પ્રાણીઓનાં બીજ (મૂલ, ઉત્પત્તિનાં કારણ) અને કાલ એવા તેત્રીસ પ્રકારની સૃષ્ટિ છે. તેથી જ આ સર્ગ ''[1]પોતાનો ઈચ્છેલો, [2]અસાધારણ ગુણવાળો અને [3]પોતાને ઉપયોગી થાય તેવા ફલવાળો છે''. હર કોઈ પ્રકારની સૃષ્ટિમાં થાય તેવા પ્રકારનો આ સર્ગ નથી પરન્તુ ઉપર જણાવેલ ત્રણ ગુણોવાળો છે.

૧.તે પૈકી પહેલાં કહેલા(ગુણ) ''પોતાનો ઈચ્છેલો'' છે એટલે લૌકિક અને અલૌકિક એવા પ્રકારના ભેદવાળો છે(૧૨।૭।૧૧માં સર્વ પુરાણોમાંનો સામાન્ય સર્ગ

કહેલ છે તેવો આ સર્ગ નથી) અને ૨.તેનો પણ અસાધારણ ગુણ એ છે કે આ સર્ગમાં સર્જેલા સર્વ પદાર્થ ભગવદ્રૂપ છે. વળી ૩.આ સર્ગ પોતાને ઉપયોગી થાય તેવા મોક્ષ વગેરે ફલવાળો છે. કારણ કે જીવની સૃષ્ટિ બે પ્રકારની છેઃ ૧.બહારથી(દેહ વગેરેથી) જણાતી અને ૨.સ્વરૂપથી સૃષ્ટિ. તે પૈકી બહારથી જણાતી સૃષ્ટિ લોકમાં પ્રસિદ્ધ છે, તેથી જીવને મોક્ષ પ્રાપ્ત થાય તે જ તેની મુખ્ય(સ્વરૂપથી) સૃષ્ટિ છે. પરન્તુ મોક્ષના અધિકારવાળો દેહ પ્રાપ્ત થયા વિના મોક્ષ પ્રાપ્ત થવાનું સમ્ભવતું નથી, તેથી મોક્ષ થયાનું જણાવવામાટે ઉત્પત્તિ થયાનું પણ કહેલું છે. તેમાં પણ ગૃહસ્થને જ મોક્ષ પ્રાપ્ત થવાનું ઘણા સન્દેહવાળું છે, તેથી દમ્પતી (પતિ કર્દમ અને પત્ની દેવહૂતિ) ને મુક્તિ પ્રાપ્ત થયાનું આ સ્કન્ધમાં જણાવેલું છે. આ ગૃહસ્થની મુક્તિ કરાવનાર ભગવાન્‌ની પ્રસન્નતા છે અને તેમની પ્રસન્નતા પ્રાપ્ત કરાવનાર ભક્તિ, જ્ઞાન, યોગ અને ભગવાન્‌ની આજ્ઞા પ્રમાણેનું વર્તન છે. તેથી આ સર્ગનું વર્ણન કરતાં આ સર્વ કહેલાં છે. એટલે આ સર્ગ ''પોતાને ઉપયોગી થાય તેવા ફલવાળો'' હોવાનું કહેલું છે.૨

(શઙ્કાઃબીજા પુરાણોમાં સર્ગ અને વિસર્ગ-પોતાનું સામર્થ્ય પ્રગટ કરી મુક્તિ પ્રાપ્ત કરનાર સામર્થ્યવાળા પુરુષોની સૃષ્ટિ-ને એક સાથે જ કહેલા છે અને શ્રીભાગવત સર્વ વેદ અને પુરાણો ના સારરૂપ હોવાથી અહીં પણ તે બન્ને એક સાથે જ હોવા જોઈએ, કારણ કે બન્નેમાં જીવની ઉત્પત્તિ દેહ પ્રાપ્ત કરવાથી થાય છે. છતાં શ્રીભાગવતમાં તે જુદા-જુદા ત્રીજા અને ચોથા સ્કન્ધમાં કહેલ છે, એ લોકમાંની પ્રસિદ્ધિથી વિરુદ્ધ છે એવી શઙ્કા થાય તો જાણવું કે)

સમાધાનઃજેવા સર્ગ અને વિસર્ગ લોકમાં પ્રસિદ્ધ છે તેવાં કહેવાનું અહીં ઇચ્છેલું નથી, તેવાનો અહીં વિચાર કરેલો નથી. અહીં તો પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારા સર્ગ અને વિસર્ગ કહેલા છે. તે દરેક, ભગવાન્‌ની લીલા સ્વતન્ત્ર છે. અને તેથી તે દરેક એક-એક સ્કન્ધમાં કહેલી હોવાથી અહીં તે લીલાઓ બે સ્કન્ધમાં કહેલી છે. વળી આ બન્ને લીલાઓ મૈત્રેય અને વિદુર નો સંવાદ જણાવી તે સંવાદથી કહેલી છે. કારણ કે વિદુર અધિકારી હોવાથી આ બે જ લીલાઓના શ્રવણથી તેને મોક્ષ પ્રાપ્ત થયો તો પછી જે આખા શ્રીભાગવતનું દશે લીલાઓનું-શ્રવણ કરે તેને મોક્ષ પ્રાપ્ત થાય એમાં સન્દેહ જ શો! ૩-૪

**સર્ગની વ્યાખ્યાઃ**

૧.''બ્રહ્મમાં ગુણોમાં વૈષમ્ય પ્રકટ થવાને લીધે મહાભૂતો, તન્માત્રાઓ, ઇન્દ્રિયો તથા બુદ્ધિનો જન્મ થાય છે તેને 'સર્ગ' કહેલ છે'' એવી સર્ગની વ્યાખ્યા ૨।૧૦।૩માં આપેલી છે. ગુણોનું વૈષમ્ય રજોગુણને લીધે જ થાય છે, કારણ કે રજોગુણ જ સૃષ્ટિના કારણરૂપ-સૃષ્ટિ કરાવનારો છે. ભગવાન્‌માંથી સૃષ્ટિ થાય છે એ વિષયમાં સન્દેહ ન રહે તે માટે 'બ્રહ્મમાં' એવો શબ્દ સર્ગની વ્યાખ્યામાં યોજેલ છે. 'બ્રહ્મમાંથી' એટલે ભગવાન્‌માંથી. મહાભૂતો, તન્માત્રાઓ, ઇન્દ્રિયો અને બુદ્ધિ નો જન્મ થાય છે. તે કારણરૂપ અને કાર્યરૂપ એમ બે પ્રકારનાં હોય છે. જુદા-જુદા પ્રાણીઓના દેહમાં જે

મહાભૂતો વગેરે રહેલાં છે તે કાર્યરૂપ છે, તેમનો જન્મ તે આ સર્ગ નથી; પરન્તુ કારણરૂપ મહાભૂત વગેરેનો જન્મ તે આ સર્ગ છે. તેથી ૨.''રજોગુણવાળા ભગવાન્‌ની જગતના કારણોનો જન્મ કરનારી લીલા તે 'સર્ગ''' એવી સર્ગની વ્યાખ્યા થઈ.

ઉપર બીજા શ્લોકના વ્યાખ્યાનમાં ૩.''સર્ગ એટલે કારણોની ઉત્પત્તિ.'' એવી બીજા પુરાણમાં કહેલી સર્ગની વ્યાખ્યા પણ જણાવેલી છે. આ સર્ગની વ્યાખ્યાઓ કહેવાનું પ્રયોજન જુદા-જુદા સર્ગોનો સર્ગમાં સમાવેશ કરવાનું છે. ૧.રજોગુણવાળા ભગવાને પણ લીલાથી સૃષ્ટિ રચેલી છે. ૨.સર્ગ મુખ્ય (ગુણાતીત)બ્રહ્મની લીલા પણ છે. ૩.ભગવાન્ કાલરૂપ હોવાથી કાલે રચેલી સૃષ્ટિ પણ ભગવાન્‌ની લીલા છે. ૪.જીવ પણ સૃષ્ટિ રચવામાં કારણરૂપ હોવાથી તે પણ પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરે-મોક્ષ પ્રાપ્ત કરે તે પણ સૃષ્ટિ રચવાનું પ્રયોજન હોવાથી, જીવની સ્વરૂપમાં સ્થિતિ એટલે મુક્તિનો પણ સર્ગમાં સમાવેશ થાય છે.

૨।૧૦।૩ માં ''ભૂતમાત્રેન્દ્રિયધિયાં જન્મ સર્ગ ઉદાહૃતઃ, બ્રહ્મણો ગુણવૈષમ્યાત્'' એવી સર્ગની આપેલી વ્યાખ્યા ઉપર જણાવેલી છે તેમાં ''બ્રહ્મણો અગુણવૈષમ્યાત્'' એમ અવગ્રહ લેવાથી એવો અર્થ થાય છે કે બ્રહ્મમાં ગુણો પ્રકટ ન થવાથી બ્રહ્મનો પણ જન્મ-પ્રાકટ્ય થાય છે. આવો અર્થ થાય ત્યારે બીજી વ્યાખ્યા ઉપર કહી તેમાં ''કારણજન્મદા'' એટલે કે કારણોનો જન્મ કરનારી, એવું વિશેષણ કહેલ, તેનો અર્થ 'કારણો' એટલે જીવોના જન્મનો 'દ્યતિ' નાશ કરનારી, એટલે જીવોને મોક્ષ આપનારી એવો કરવો. એવી રીતે જુદા-જુદા પ્રકારના સર્ગ થતા હોવાથી તેના જુદા પ્રકરણો ગણી, સર્ગના પ્રકારો કહેવામાં આવે છે.૪।।

**સર્ગના પ્રકારોઃ**

દેવ બે પ્રકારના હોવાથી અને કારણો ત્રણ પ્રકારનાં હોવાથી સૃષ્ટિ પાંચ પ્રકારની છે. અને બન્ધન તથા મોક્ષ એવા ભેદથી દરેક સૃષ્ટિ પોતે જ બે પ્રકારની થાય છે, એટલે તેના કુલ દશ પ્રકાર થયા.

દેવ (ભગવાન્) ૧.ગુણાતીત (ગુણથી પર) અને ૨.સગુણ (ગુણવાળા) એવા બે પ્રકારના થાય છે. તત્ત્વોના તથા જીવોના ત્રણ ભેદો છે. ૧.અહઙ્કાર વગેરે તત્ત્વોની સૃષ્ટિ. ૨.અમુક્ત જીવોની અથવા કાલની સૃષ્ટિ, કારણ કે અમુક્ત અથવા બદ્ધ જીવો કાલમાં જન્મ્યા કરે છે અને મૃત્યુ પામ્યા કરે છે. ૩. મુક્ત જીવોની સૃષ્ટિ. તેથી દેવના તથા કારણોના મળી પાંચ પ્રકારો થતા હોવાથી પાંચ પ્રકારની સૃષ્ટિ થાય છે. તે પ્રકારો નીચે જણાવવામાં આવશે. આ પાંચ પ્રકારની સૃષ્ટિમાં એકનું પ્રાધાન્ય (મુખ્યપણું) હોય ત્યારે બીજી તેની વિભૂતિરૂપ (તેના અઙ્ગરૂપ) હોય છે. જેમકે

૧.તત્ત્વોની સૃષ્ટિ ગુણાતીત(દેવ)ની સૃષ્ટિની વિભૂતિરૂપ છે.

૨.બ્રહ્મા વગેરેની ઉત્પત્તિ થાય છે તે વિસર્ગરૂપ છે અને સગુણ સૃષ્ટિની વિભૂતિરૂપ છે.

૩.દશમા અધ્યાયમાં જણાવેલ દશ પ્રકારની સૃષ્ટિ કાલની વિભૂતિ છે.

૪.સાઙ્ખ્ય પ્રકરણમાં વીસમા અધ્યાયમાં જણાવેલી મહત્તત્વ વગેરેની સૃષ્ટિ તત્ત્વોની સૃષ્ટિની વિભૂતિ છે. અને
૫.ચૌદમાથી ઓગણીસમા સુધીના છ અધ્યાયોમાં મતાન્તરથી જણાવેલી મુક્ત જીવોની સૃષ્ટિ બારમા અધ્યાયમાં જણાવેલ સૃષ્ટિની વિભૂતિરૂપ છે.

—એ પ્રમાણે પાંચ પ્રકારની સર્ગરૂપ લીલા થઈ. તે પાંચે બન્ધન અને મોક્ષ એવા ભેદથી બે પ્રકારની થતાં દશ પ્રકારની થાય છે (પાંચે સૃષ્ટિમાં જુદા-જુદા પ્રકારથી મુક્તિ થાય).

૧.સગુણ સૃષ્ટિની મુક્તિ મોક્ષ લીલાનો સમ્બન્ધ થવાથી થાય છે. (કારણ કે જુદા-જુદા ભાવથી સૃષ્ટિ રચતાં તેમને ભય વગેરે થાય છે અને તે ભાવોનો ત્યાગ કરતાં તેમની સ્વરૂપમાં સ્થિતિ અથવા મુક્તિ થાય છે. ચિત્તની વૃત્તિઓને રોકવાથી જ તેવી રીતે મુક્તિ થાય છે, તેથી મોક્ષલીલાનો યોગ જ તે મુક્તિ કરાવનારો છે).
૨.તેવી રીતે ગુણાતીત સૃષ્ટિની મુક્તિ જ્ઞાનથી થાય છે (કારણ કે આ સૃષ્ટિ ૩।૫।૨૪ માં જણાવ્યા પ્રમાણે અજ્ઞાનથી થાય છે અને અજ્ઞાનનો નાશ જ્ઞાનથી થાય છે).
૩.કાલસૃષ્ટિમાં ઉત્પન્ન થયેલાનો મોક્ષ ભક્તિથી થાય છે.
૪.તત્ત્વોનો મોક્ષ જે તત્ત્વમાંથી તે નીકળેલ હોય તેમાં તેનો ફરી પ્રવેશ થવાથી થાય છે.
૫.જીવોની મુક્તિ વૈરાગ્યથી થાય છે.

તેથી પાંચ પ્રકારની સૃષ્ટિ અને તેના પાંચ પ્રકારના મોક્ષ એવો આ સ્કન્ધના અધ્યાયોનો અર્થ લેતા, તેનાં દશ પ્રકરણ થાય૫।।-૫।।

**સૃષ્ટિના પ્રકારોઃ**

૧.એક સૃષ્ટિ ગુણાતીત દેવમાંથી થાય છે. આ સૃષ્ટિ ૫ તથા ૬ અધ્યાયોમાં કહેલી છે.
૨.બીજી સૃષ્ટિ સગુણબ્રહ્મમાંથી થાય છે. આ સૃષ્ટિ ૭, ૮ તથા ૯ મા અધ્યાયોમાં કહેલી છે.
૩.ત્રીજી સૃષ્ટિ કાલની અધ્યાય ૧૦-૧૧માં કહેલી.
૪.ચોથી જીવોની સૃષ્ટિ અધ્યાય ૧૨માં કહેલી મુક્ત જીવોની, કારણ કે અમુક્ત જીવોની સૃષ્ટિનો કાલસૃષ્ટિમાં સમાવેશ થયેલ છે.
૫.નામસૃષ્ટિ અધ્યાય ૧૨માં જ કહેલી છે.

વાસ્તવિક રીતે તત્ત્વોની સૃષ્ટિ (સાંખ્ય પ્રકરણમાં અધ્યાય ૨૦માં કહેલી) ને જ પાંચમી સૃષ્ટિ કહેવી જોઈએ, પરન્તુ તેમાં નામસૃષ્ટિનો પણ સમાવેશ કરવાનો હોવાથી નામસૃષ્ટિને પાંચમી કહેલી છે. સૃષ્ટિરચવામાં-પહેલી બે સૃષ્ટિરચવામાં દેવ સ્વતન્ત્ર છે. ત્રીજી ચોથી અને પાંચમી સૃષ્ટિ રચવામાં-કાલ, જીવો અથવા તત્ત્વો સ્વતન્ત્ર નથી. તેમની સૃષ્ટિ ભગવાન્‌ની ઈચ્છાથી જ થાય છે; માત્ર કાલ, જીવો અથવા તત્ત્વો થી થતી નથી.૬।।-૬।।

**ભૂમિના ઉદ્ધારની સર્ગમાં ઉપયોગિતાઃ**

આ સ્કન્ધના અઢારમા તથા ઓગણીસમા અધ્યાયમાં ભગવાને વારાહનો

અવતાર લઈ હિરણ્યાક્ષને હણી ભૂમિનો ઉદ્ધાર કર્યાની કથા કહેલી છે, તે પણ સર્ગ સમ્બન્ધી જ કથા છે. કારણ કે ભૂમિનો ઉદ્ધાર સર્વ પ્રકારની સૃષ્ટિમાં ઉપયોગી છે. તે સર્વ સૃષ્ટિઓના આધારરૂપ હોવાથી, સર્વ સૃષ્ટિઓને સમાન છે અને તેથી બન્ધ લીલાના અન્તે કહેલ છે.૭।।

**મુક્ત જીવોની ઉત્પત્તિઃ**

મુક્ત જીવોની ઉત્પત્તિ થયાનું બારમા અધ્યાયમાં (શ્લોક૪ વગેરેમાં) કહેલું છે, તે પણ નકામું કહેલ નથી. કારણ કે મુક્ત જીવનો પણ જન્મ થાય છે એમ દર્શાવવા અધ્યા.૧૫।૩૪માં જય તથા વિજય ને સનક વગેરેએ શાપ આપ્યાની કથા કહેલી છે.

કેટલાક કહે છે કે બ્રહ્મસૂત્ર ૪।૪।૨૨માં જણાવેલ ''ફરી તે (સંસારમાં) આવતો નથી'' એ શ્રુતિ પ્રમાણે મુક્ત જીવોનો ફરી જન્મ થતો ન હોવાથી, અહીં સનક વગેરે જે મુક્ત જીવોની ઉત્પત્તિ કહેલી છે, તેમની મુક્તિ થયેલ તે મુખ્ય નહિ હોય, ઉપચારથી મનાયેલી હશે. પણ આ માન્યતા યોગ્ય નથી. વાસ્તવિક રીતે સનક વગેરેની ઉત્પત્તિ થઈ તે પહેલાં તેઓને જ્ઞાન પ્રાપ્ત થયેલું જ હતું, કારણ કે ઉત્પત્તિ થયા પછી તેમને કોઈએ જ્ઞાનનો ઉપદેશ કરેલો નથી. ઉત્પત્તિ થઈ તે પહેલાં તેઓની વાસ્તવિક મુક્તિ જ થયેલી. તેવી જ રીતે વૈકુણ્ઠમાં વસનારા ભગવાન્‌ના ભક્તો જય અને વિજય પણ વાસ્તવિક રીતે મુક્ત જ હતા, પરન્તુ ભગવાન્‌ની ઈચ્છાથી તેમની સંસારમાં ઉત્પત્તિ થઈ. આ દર્શાવવા જ ઉપર જણાવેલ શાપની કથા કહેલી છે. તેમાં સનક વગેરે શાપ આપનાર છે અને જય તથા વિજય ને તેમણે શાપ આપેલ છે. એ પ્રમાણે આ શાપની કથાથી મુક્ત જીવોની પણ ઉત્પત્તિ થાય, તેની યોગ્યતા કહી (તેથી તેઓને ઉત્પત્તિ પહેલાં મુક્તિ થયેલી તે મુખ્ય મુક્તિ જ હતી, ઉપચારથી મનાએલી નહોતી).૭।।।

**મુક્ત જીવને પ્રાપ્ત થતું ફલઃ**

આ મુક્ત જીવોની ઉત્પત્તિ થાય તે ભગવાન્‌ને પ્રિય નથી, તેથી મુક્તિ પ્રાપ્ત કરવા યોગ્ય જીવોને પ્રાપ્ત થવાનું ફલ મોક્ષના સમ્બન્ધમાં જુદું સાઙ્ખ્ય પ્રકરણ કહેલું છે.

(શઙ્કાઃજય અને વિજય ની ઉત્પત્તિ થઈ તે ભગવાન્‌ને ઈષ્ટ હતું. જો તે ભગવાન્‌ને ઈષ્ટ ન હોય તો કેટલાક જન્મો પછી તેઓને ''આ મારું સ્થાન પ્રાપ્ત થશે'' એમ ભગવાન્ કહેત નહિ, એવી શઙ્કા થાય. સમાધાનઃતો જાણવું કે અહીં જે આ કથા કહેલી છે તે મતાન્તર છે. કારણ કે અધ્યાય ૧૪।૬માં મૈત્રેયે સ્પષ્ટ કહેલું છે કે ''આ વિષયમાં જે આ ઈતિહાસ મેં પૂર્વ શ્રવણ કરેલો છે''. તેથી મૈત્રેયે સાંભળેલ વૃત્તાન્ત અહીં કહેલો હોવાથી તે મતાન્તર છે).

જય અને વિજય નો શાપને લીધે આસુરભાવ થયા પછી તેઓ ક્રોધથી ભગવાન્‌ને પ્રાપ્ત કરવાના હતા, એ તેમના રાજસભાવને લીધે મતાન્તરથી તેમને પ્રાપ્ત થવાનું ફલ કહેલું છે.

શઙ્કા : ત્યારે મુક્ત જીવોને પ્રાપ્ત થવાના ફલ અને બીજા મુક્તિ પ્રાપ્ત કરવા

યોગ્ય જીવોને પ્રાપ્ત થવાનાં ફલમાં ભેદ છે, તે બન્ને સરખાં નથી એવી શઙ્કા થાય,

સમાધાન : તો જાણવું કે તે બેમાં ભેદ નથી એમ જણાવવા ભગવાન્નું પ્રાકટ્ય થવાનું મતાન્તરમાં તેમજ સાઙ્ખ્ય પ્રકરણમાં બન્ને સ્થળે કહેલું છે. ભગવાન્ પોતે જ પ્રકટ થઈ (અવતાર લઈ) બન્નેને ફળ આપે છે એમ જણાવવા આ સર્ગ લીલામાં બે ભગવાન્ના અવતારો થયાનું કહેલ છે. વરાહનો અવતાર થયો તે ભગવાન્ની ક્રિયાશક્તિવાળો અવતાર છે અને કપિલનો અવતાર થયો તે ભગવાન્ની જ્ઞાનશક્તિવાળો અવતાર છે. જો સૃષ્ટિના પ્રકરણમાં ભગવાન્નો અવતાર ન થાય, તો જીવોનાં કર્મને લીધે જ તેમનાં જન્મમરણ થાય છે અને સૃષ્ટિ કર્મને જ અધીન છે એમ માનવામાં આવે. વાસ્તવિક રીતે ભગવાન્ની ઈચ્છાથી જ સૃષ્ટિ થાય છે. જો મુક્ત જીવોની ઉત્પત્તિ થતી ન હોય, અથવા ઉત્પન્ન થયેલ જીવોને મુક્તિ પ્રાપ્ત થતી ન હોય, તો સૃષ્ટિ (બન્ધ અને મોક્ષ) ઈશ્વરની ઈચ્છાથી થાય છે એ ખોટું ઠરે અને ઈશ્વરપણું રહે નહિ. તેથી સૃષ્ટિ ઈશ્વરની ઈચ્છાને જ અધીન છે એમ જણાવવા મુક્ત જીવોની ઉત્પત્તિ થવાનું અને ઉત્પન્ન થયેલ જીવોને મોક્ષ પ્રાપ્ત થતો હોવાનું આ લીલામાં કહેલ છે.૭।।-૧૧

**સૃષ્ટિનું પ્રયોજનઃ**

આ સર્ગમાં સ્ત્રી(દેવહૂતિ) અને પુરુષ(કર્દમ) ને મુક્તિ પ્રાપ્ત થયાનું કહેલ છે. સ્ત્રીઓ અને પુરુષો ને મુક્તિ પ્રાપ્ત થાય તે માટે ભગવાને સૃષ્ટિ રચેલી છે. અને ભગવાન્ પ્રસન્ન થાય ત્યારે તેમને આ લોકનાં ફળ(ધન-પુત્ર વગેરે) પરલોકનાં ફળ(સ્વર્ગ વગેરે) અને મોક્ષ પણ આપે છે, એવું આ સ્કન્ધનું તાત્પર્ય છે. તેથી ભગવાને રચેલી સૃષ્ટિમાં જે ઉત્પન્ન થયેલા છે તેમણે ભગવાન્નું પ્રેમથી ભજન કરવું જોઈએ.૧૨।।

સૃષ્ટિનું વર્ણન વીસમા અધ્યાયમાં કરેલું છે તે સમ્પૂર્ણ રીતે કરેલું નથી, પણ સામાન્ય રીતે સૃષ્ટિ ગણાય તેવી હર કોઈ સૃષ્ટિનું વર્ણન કરવું જોઈએ, તેથી તે પ્રમાણે વર્ણન કરેલું છે. સાઙ્ખ્ય મત પ્રમાણે જ સૃષ્ટિનું વર્ણન કરેલું નથી. કારણ કે તે મત પ્રમાણે પ્રાપ્ત થતી મુક્તિનું નિરૂપણ કરવા તે પ્રકરણ કહેલું છે. છતાં એ અધ્યાયમાં એક પછી એક તામસી, રાજસી અને સાત્ત્વિકી એમ ત્રણ પ્રકારની સૃષ્ટિ કહેલી છે, કારણ કે સાઙ્ખ્ય મત પ્રમાણે ગુણોથી સૃષ્ટિ થાય છે. તેથી એ અધ્યાયમાં ગુણથી થયેલી સૃષ્ટિ કહેલી હોવાથી, સાઙ્ખ્યમતથી તે વિરુદ્ધ નથી.૧૨।।-૧૪

કર્દમે મુક્તિ પ્રાપ્ત કરવા કાંઈ પણ સાધન કરેલ હોવાનું સાઙ્ખ્ય પ્રકરણમાં કહેલું નથી, છતાં તેને જ્ઞાન તો પહેલાં જ પ્રાપ્ત થયેલું હોવાનું જણાવેલ છે. તેથી ભોગ વગેરે સાથે તેને મુક્તિ પ્રાપ્ત થયાનું કહેલું છે. દેવહૂતિને કપિલના ઉપદેશથી જ્ઞાન પ્રાપ્ત થતાં મુક્તિ પ્રાપ્ત થયાનું ૨૫ થી ૩૩ મા સુધીના નવ અધ્યાયોથી કહેલું છે.૧૫

**પ્રકરણોઃ**

પ્રકરણો ગણતાં સર્ગના આ સ્કન્ધનાં ચાર પ્રકરણો થાય છેઃ

૧.અધિકાર

૨.સૃષ્ટિ
૩.ઉપપત્તિ અને
૪.ફળ (અથવા મુક્તિ).

અનુક્રમે આ ચાર સ્થૂલ પ્રકરણ કહેલાં છે. સૂક્ષ્મ પ્રકરણો ગણતાં આ સ્કન્ધનાં દશ પ્રકરણો થાય છે, તે પાછળ કા.૫માં જણાવેલાં છે. ચાર સ્થૂલ પ્રકરણો કહ્યાં તે જ આ દશ સૂક્ષ્મ પ્રકરણો થાય છે. બીજાં સ્થૂલ પ્રકરણો સૃષ્ટિના પાંચ પ્રકાર પાછળ કહેલા છે. પાંચમાથી બારમા સુધીના અધ્યાયોમાં આ પાંચ પ્રકારની સૃષ્ટિ કહેલી છે. ઉપપત્તિ, એટલે મુક્ત જીવોની ઉત્પત્તિ તથા મુક્તિ થવાની યોગ્યતા બે પ્રકારની છે. (તે તેરમાથી વીસમા સુધીના આઠ અધ્યાયોમાં કહેલી છે). મુક્ત જીવો ઉત્પન્ન થયેલ હોય તેઓની, સ્ત્રીની અને પુરુષની એમ મુક્તિ ત્રણ પ્રકારની છે. તેથી સૃષ્ટિ, ઉપપત્તિ અને મુક્તિના (૫+૨+૩) દશ પ્રકાર થયા. અધિકાર (પહેલા ચાર અધ્યાયોમાં જણાવેલ છે, તે) આ દશ સૂક્ષ્મ પ્રકરણોથી જુદા છે, કારણ કે તે ત્રીજા અને ચોથા બન્ને સ્કન્ધોમાં ઉપયોગી છે. આ બન્ને સ્કન્ધ એક પ્રકરણના જેવા છે. બે સ્કન્ધના (૩૩+૩૧=૬૪) ચોસઠ અધ્યાયો છે. તેમાંના ત્રીજા સ્કન્ધના પહેલા ચાર અધ્યાયો અધિકાર જણાવનારા છે. આ બે સ્કન્ધમાં ભગવાન્‌ની ચોસઠ કલાઓનું નિરૂપણ કરેલ છે.૧૬-૧૭

**અધિકાર પ્રકરણઃ અધ્યાય ૧-૪ઃ**

આ સ્કન્ધના પહેલા ચાર અધ્યાયોથી અધિકાર જણાવેલો છેઃ

ક.મોક્ષ પ્રાપ્ત થવામાં ૧.ઘરમાં આસક્તિ હોય તે વિઘ્ન કરનારી છે, તેથી ઘરમાંથી આસક્તિ નીકળી જવી જોઈએ. પહેલા અધ્યાયના ૬-૧૬ સુધીના શ્લોકથી વિદુરની ઘરમાં આસક્તિ દૂર થયાનું કહેલ છે. ૨.વ્રત વગેરેથી વિદુરનો દેહ શુદ્ધ પણ થયો (શ્લો.૧૭-૧૯) અને ૩.વિદુર તીર્થોમાં ફર્યા(શ્લો.૨૨-૨૪). પરીક્ષિત કરતાં વિદુરમાં આ ત્રણ ગુણો વધારે થયા, તેથી પરીક્ષિત કરતાં પણ ઉત્તમ આ શ્રેષ્ઠ અધિકારવાળા થયા. તીર્થોમાં ફરવું એ બહારની(દેહની) શુદ્ધિ મનાયેલી છે.

ખ.આવી બહારની શુદ્ધિ પ્રાપ્ત કરેલ વિદુર જો ભગવાન્‌ની કથાનું શ્રવણ કરે તો તેથી પણ ઉત્તમ અધિકારી થાય.

ગ.હરિની કથાના શ્રવણથી અન્દરની-ઇન્દ્રિયોની શુદ્ધિ થાય છે, તેથી તે કથાના શ્રવણથી જો ભગવાન્‌નો ગુણ તેનામાં પ્રવેશ કરે તેની ઈન્દ્રિયો પણ શુદ્ધ થાય તો તેથી પણ અધિક અધિકાર પ્રાપ્ત થાય.

ઘ.જો તેના ઉપર ભગવાન્‌ની કૃપા થાય તો તેથી પણ અધિક અધિકારી થાય. (આ ક થી ઘ સુધીનાં ચાર વિદુરને પ્રાપ્ત થયેલ, એમ આ પહેલા ચાર અધ્યાયોમાં અનુક્રમે દર્શાવેલ છે).

ભગવદીય હોવા છતાં પણ જો આ ચાર ગુણોવાળો હોય તો તે સર્વથી ઉત્તમ અધિકારી છે.

બહારની શુદ્ધિ બે પ્રકારની છેઃ૧.દોષ દૂર થવાથી થતી અને ૨.ગુણો પ્રાપ્ત થવાથી થતી. આ બહારની શુદ્ધિ પહેલા અધ્યાયમાં કહેલી છે. ઘરમાં આસક્તિ જ ફળ પ્રાપ્ત થવામાં વિઘ્ન કરનારી છે, તેથી તે કાઢી નાખવી જ જોઈએ.૧૮-૧૯

શઙ્કા : વિદુર શૂદ્ર હતો (કારણ કે વ્યાસે દાસીમાં ઉત્પન્ન કરેલો હતો૩।૫।૨૦) શૂદ્રને અધિકાર કેમ પ્રાપ્ત થાય? વળી, પરીક્ષિત ક્ષત્રિય હતો અને ભગવદીય હતો, તેના કરતાં પણ વિદુરનો અધિકાર ઉત્તમ કેમ હોઈ શકે? એવી શઙ્કા ન કરવી,

સમાધાન : કારણ કે વિદુર એની જિન્દગીનાં પહેલાં એકસો વર્ષ જ શૂદ્ર હતો. ''શાપને લીધે યમ એકસો વર્ષ સુધી શૂદ્ર થયેલો'' એ વાક્ય પ્રમાણે તે પહેલાં એકસો વર્ષ સુધી જ શૂદ્ર હતો, ત્યાર પછી તે ક્ષત્રિય થયેલો. બ્રાહ્મણ(વ્યાસ) થી ઉત્પન્ન થયેલ પુત્રમાં શૂદ્રપણું મુખ્ય હોવાનું ઘટતું નથી. વિચિત્રવીર્ય પછી રાજગાદીમાટે વારસ કોઈ ન હોવાથી રાજા થવામાટે જ સન્તાન ઉત્પન્ન કરવા વ્યાસને પ્રાર્થના કરવાથી વિદુરની ઉત્પત્તિ થયેલી હોવાથી, એકસો વર્ષ પછી તે ક્ષત્રિય જ હતો. તેથી જ ધૃતરાષ્ટ્રે તેને મન્ત્રણા કરવા બોલાવેલો(અ.૧।૧૦). તેથી જ ભગવાને તેના ઘેર તેની સાથે ભોજન પણ કરેલું(ભારત-ઉદ્યોગપર્વ અ.૯૩). વિદુર આ સમયે એકસોથી વધારે વયનો હોઈ ક્ષત્રિય હોવાથી, તે શ્રીભાગવતનું શ્રવણ કરવાનો અધિકારી હતો. વળી તે બ્રાહ્મણ-વ્યાસથી ઉત્પન્ન થયેલો હતો તે પણ તેને અધિકાર હોવાનું અધિક કારણ છે.

શઙ્કા : તે એકસો વર્ષ જ જીવશે એમ માનીને ''એકસો વર્ષ શૂદ્ર રહેશે'', એવો શાપ કેમ આપેલ નહિ હોય? એવી શઙ્કા પણ યોગ્ય નથી,

સમાધાન : કારણ કે તર્કથી જાણી શકાય છે કે તે ઘણો લાંબો સમય જીવેલો. તે ધૃતરાષ્ટ્રની સમાન વયવાળો હતો (કારણ કે તે બેને એક સાથે જ વ્યાસે ઉત્પન્ન કરેલા). ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન ભીમની સમાન વયવાળો હતો. ભીમથી નાનો અર્જુન, અને શ્રીકૃષ્ણ તો અર્જુનની સમાન વયના હતા. શ્રીકૃષ્ણ પણ એકસો પચીસ વર્ષ સુધી ભૂતલ ઉપર વિરાજેલા એમ ૧૧।૬।૨૫થી સિદ્ધ થાય છે અને તેઓ સ્વધામ પધારી ગયા પછી વિદુર હસ્તિનાપુર આવેલા(૧।૧૩।૧-૧૧) તેથી વિદુર દોઢસો વર્ષ (અથવા તેથી અધિક) જીવેલા.૨૦-૨૦।।

**અધ્યાયાર્થ અધ્યાય પહેલોઃ**

વિદુરને ધૃતરાષ્ટ્રે મન્ત્રણા કરવા બોલાવેલ(શ્લો.૧૦) ત્યાં દુર્યોધને તેનું અપમાન કર્યું(શ્લો.૧૪-૧૫) અને તેથી તેને વૈરાગ્ય થયો. જો પોતાનીમેળે વૈરાગ્યવાળો થયો હોય તો કોઈક સમયે તે પાછો પણ આવે. તેથી પાછો આવે તેમ ન હતું એમ જણાવવા દુર્યોધને કરેલા અપમાનથી વૈરાગ્ય થયાનું જણાવેલ છે. વૈરાગ્યવાળો પણ જો બીજા કોઈ સ્થળે જઈ રહે તો તેને ફરી સંસારમાં આસક્તિ થાય, તેથી તેણે પછી તીર્થો જ કર્યાં એમ કહેલું છે. તે તીર્થોમાં પણ જો દેવતા હોવાની બુદ્ધિ હોય તો જ તીર્થોનું સેવન લાભકારી થાય. તેવી બુદ્ધિ પણ તીર્થોમાં વિદુરને હતી(શ્લો.૨૩). તીર્થો સેવવાથી તે વિશુદ્ધ એટલે કામનારહિત

થયેલો. વળી તેણે ઈન્દ્રિયો ઉપર વિજય તો પહેલાં જ પ્રાપ્ત કરેલો હતો. પછી તેને ઉદ્ધવનો સત્સઙ્ગ થયો અને તેથી તેને ઘણો આનન્દ થયો(શ્લો.૨૪-૨૫). તેને તો ઉદ્ધવના સત્સઙ્ગથી જ ઘણો આનન્દ થયેલો, ઉદ્ધવને ભગવાન્ સમ્બન્ધી પ્રશ્ન કરાશે, એવા વિચારથી આનન્દ થયો ન હતો. પછી તેણે ઉદ્ધવને ત્રણ પ્રશ્નો કર્યાઃ૧.ભગવાન્ના કુશલ સમ્બન્ધી ખાસ પ્રશ્ન(શ્લો.૨૬) ૨.સર્વના કુશલના બહાનાથી ભગવાન્ના કુશલ સમ્બન્ધી સામાન્ય પ્રશ્ન(શ્લો.૨૭-૪૧) અને ૩.ભગવાન્ના ચરિત્ર સમ્બન્ધી પ્રશ્ન(શ્લો.૪૫).૨૦॥-૨૨

આ પ્રશ્નના ઉત્તર ઉદ્ધવે અનુક્રમે આપેલા નથી, પરન્તુ ત્રીજો ભગવાન્ના ચરિત્ર સમ્બન્ધી પ્રશ્ન પૂછ્યો છે, તે ચરિત્રને બીજા બન્ને પ્રશ્નો સાથે સમ્બન્ધ હોવાથી, તેનો ઉત્તર વચ્ચે આપ્યો છે. આરમ્ભમાં અધ્યાય ૨।૭-૧૧ વડે ભગવાન્નાં ખાસ કુશલ સમ્બન્ધી પૂછેલ પ્રશ્નનો ઉત્તર આપેલ છે. ત્યાર પછી ભગવાન્નું બન્ને પ્રકારનું (બન્ધ અને મોક્ષ ના ભેદવાળું–આવણભઙ્ગ)) ચરિત્ર કહેલું છે અને ત્યાર પછી (અ.૪।૧-૨થી) સામાન્ય રીતે યાદવોના કુશલ સમ્બન્ધી પ્રશ્નનો ઉત્તર આપેલો છે. ભગવાન્નું ચરિત્ર વચ્ચે કહ્યું, કારણ કે બીજા બન્ને પ્રશ્નોને તેની સાથે સમ્બન્ધ છે, અને ચરિત્ર કહ્યા વિના તેના ઉત્તર આપી શકાય
તેમ નથી.

શઙ્કા : અહીં કહેલ ભગવાન્નું ચરિત્ર સારું નથી, કારણ કે તેમાં તો તેમણે પોતાના ભક્ત અને બન્ધુ યાદવોનો વધ કરાવેલ છે. તેથી વિદુરને ભગવાન્ની લીલાના શ્રવણનો અધિકાર પ્રાપ્ત થાય તે માટે આવું ચરિત્ર તેને કેમ કહેલું? એવી શઙ્કા થાય,

સમાધાન : તો જાણવું કે શ્રીકૃષ્ણ ઈશ્વર હોવાથી બન્ધુ અને ભક્ત યાદવોનો વધ કરાવવાથી પણ તેમને દોષ લાગતો નથી. છતાં ભગવાન્ને પણ દોષ લાગે એમ માનો તો પણ ભગવાને તેમનો વધ કરાવી તે સર્વ ભક્તોનો સંસારમાંથી ઉદ્ધાર કરેલો છે, તેથી દોષ રહેતો નથી.૨૩

શઙ્કા : વિદુરે ઘરમાંથી આસક્તિ કાઢી નાખી શુદ્ધિ પ્રાપ્ત કરી, છતાં ભગવદીય તો પરીક્ષિત અને તે બન્ને સરખા હતા, તેથી પરીક્ષિત કરતાં વિદુર ઉત્તમ અધિકારી કેમ ગણાય? એવો પ્રશ્ન થાય,

સમાધાન : તો જાણવું કે [1]વિદુરે પહેલાં જ ભગવાન્ની સેવા ઘણી કરેલી, વળી [2]તેણે ભગવાન્ની આજ્ઞા પ્રમાણે વર્તી પાણ્ડવોનું રક્ષણ કરેલું. અને [3]તેમનું માહાત્મ્ય પણ ઘણું જ શ્રવણ કરેલું. આ ત્રણ ગુણો પરીક્ષિતમાં ન હતા, તેથી વિદુર પરીક્ષિત કરતાં પણ ઉત્તમ હતા. તેથી કૃષ્ણમાં વિશ્વાસ જણાવનારી વિદુરની કથા અહીં કહેલી છે. શ્રીકૃષ્ણમાં વિશ્વાસ રાખી તેણે ભય વિના (તીર્થો કરવાં વગેરે) પ્રવૃત્તિ કરેલી છે.૨૪-૨૪॥

**અધ્યાય બીજોઃ**

બીજા અધ્યાયમાં સામાન્ય પ્રશ્નનો ઉત્તર કહેલો છે. ભગવાન્નું પોતાનું જ

માહાત્મ્ય કહેલું છે. પણ જો આ જીવ સમ્બન્ધી પ્રશ્ન હતો એમ ગણીએ તો ભગવાન્નું માહાત્મ્ય સામાન્ય જીવનું જ માહાત્મ્ય ગણાય. એ પ્રશ્નને જીવસમ્બન્ધી પ્રશ્ન ગણવાથી એવો અર્થ થાય છે કે ભગવાન્ સમ્બન્ધી પ્રશ્ન પૂછ્યો તે સર્વ જીવો સમ્બન્ધી સામાન્ય પ્રશ્ન પૂછ્યો અને દરેક જીવ સમ્બન્ધી જુદા-જુદા પ્રશ્ન તો તે દરેકનું નામ લઈ પૂછેલો. એમ ગણીએ ત્યારે ભગવાન્ને બીજાને અધીન માનેલા ગણાય. (એવો પ્રશ્ન પૂછનારને ભગવાન્માં વિશ્વાસ ન હોય) તેથી વિદુરને ભગવાન્માં વિશ્વાસ થાય તે માટે ઉદ્ધવ આરમ્ભમાં ભગવાન્નું વાસ્તવિક માહાત્મ્ય તેને જણાવે છે(શ્લો.૭-૧૧) અને પછી તેને ભગવાન્નું ચરિત્ર કહે છે.૨૪।।-૨૫।।

જો કે ભગવાન્નું ચરિત્ર (બીજા પ્રશ્નના) ઉત્તરના અઙ્ગરૂપ છે અને તે ત્રીજા અધ્યાયમાં કહેલું છે છતાં પણ આ અધ્યાયમાં કહેલું ચરિત્ર પણ તેના જેવું હોવાથી અને આ અધ્યાયમાં જે પ્રશ્નનો ઉત્તર આપે છે તેની સાથે સમ્બન્ધવાળું હોવાથી અહીં કહેલું છે. વળી અહીં ચરિત્ર કહેવાથી કથા સાથે કથાનો સમ્બન્ધ પણ ચાલુ રહે, તેથી પણ તે અહીં કહેલું છે. બીજા અધ્યાયમાં વિદુરને ભગવાન્માં વિશ્વાસ થાય તે માટે ભગવાને પૂતના વગેરેને પ્રાપ્ત કરાવેલ ફળ કહેલ છે. તેવું ફળ ભગવાન્નું ચરિત્ર સાંભળવાથી પણ થાય તેવી રીતે તેના સમ્બન્ધવાળું ચરિત્ર પણ કહેલું છે. ભગવાન્ની વાર્તા(કથા) કહેવી તે આ અધ્યાયનો અર્થ છે. તેના પાછળના બે અઙ્ગો છેઃ૧.ભગવાન્માં વિશ્વાસ થાય તે માટે તેમનું માહાત્મ્ય (જણાવવું) અને ૨.ભગવાન્ની કથા કહી તેમનામાં વિશ્વાસ ઉત્પન્ન કરવો. વાર્તા કહેવા માંડ્યા પહેલાંનું એક અઙ્ગ (કહેનાર ઉદ્ધવની) ઉત્તમ ભક્તિ છે. ભક્ત ન હોય તે કથા કહે તેમાં સમ્પૂર્ણ વિશ્વાસ ન થાય, તેથી ઉદ્ધવનો ભગવાન્ ઉપરનો પ્રેમ પણ આ અધ્યાયમાં કહેલો છે.૨૫।।-૨૬।।

તેથી આ અધ્યાયમાં ચાર વિષયો નીચે પ્રમાણે કહેલા છેઃ

શ્લો.૧-૬ ઉદ્ધવનો ભગવાન્ ઉપરનો પ્રેમ.

શ્લો.૭ કુશલ સમ્બન્ધી સામાન્ય(ભગવાન્ને સામાન્ય જીવ જાણીને કરેલ)પ્રશ્નનો ઉત્તર.

શ્લો.૮-૨૪ ભગવાન્નું માહાત્મ્ય.

શ્લો.૨૫-૩૪ ભગવાન્નું ચરિત્ર.૨૬।।-૨૭।।

**અધ્યાય ત્રીજોઃ**

ત્રીજા અધ્યાયમાં અઠાવીસ શ્લોકોથી ભગવાન્ના ચરિત્ર (માત્ર ભગવાને કરેલ કાર્ય) નું જ નિરૂપણ કરેલું છે.૨૭।।-૨૮।।

**અધ્યાય ચોથોઃ**

૧.ચોથા અધ્યાયના પહેલા બે શ્લોકોથી વિદુરે યાદવોના ખાસ નામ દઈ પૂછેલ કુશલનો ઉત્તર સામાન્ય રીતે આપેલો છે.

૨.પછી ભગવાને ભક્ત અને બન્ધુયાદવો નો વધ કરાવ્યો એવો દોષ ભાસે તે દૂર કરવા

ભગવાને તેમનો વધ કરાવી તે ભક્તોનો ઉદ્ધાર જ કરેલો છે એમ ત્યાર પછીના વીસ(૩-૨૨) શ્લોકોથી કહેલું છે.

૩.તે સમયે જે ભક્ત નહોતો તે વિદુરનો ઉદ્ધાર કરવા સમ્બન્ધમાં ત્યાર પછીના ચાર(૨૩-૧૬) શ્લોકો કહેલા છે.

૪.પછીનો(૨૭મો શ્લોક) ભગવાન્‌ની આજ્ઞા(શ્લો.૨૬માં જણાવેલી) પ્રસિદ્ધ થાય તે માટે ઉદ્ધવ અને વિદુર એ બે છૂટા પડ્યાનું કહે છે.

૫.પછી પરીક્ષિતને સન્દેહ થાય છે કે બ્રાહ્મણના શાપથી આખા યાદવકુલનો નાશ થવાનો હતો તો ઉદ્ધવ કેમ બચી ગયા? તે રાજાનો સન્દેહ શુક દૂર કરે છે. આ સન્દેહ અને તેનું નિવારણ પાંચ(૨૮-૩૨) શ્લોકોથી કરેલ છે.

૬.ત્યાર પછીના ચાર(૩૩-૩૬) શ્લોકોથી વિદુરને મૈત્રેય મળ્યાનું જણાવેલ છે.

એ પ્રમાણે આ ચોથા અધ્યાયમાં છ વિષયો અનુક્રમે કહેલા છે. ભગવાને જ્ઞાન આપ્યું ત્યારે હાજર રહેનાર ભક્ત ઉદ્ધવ હતા, વિદુર હાજર ન હતા. ભગવાને જો ઉદ્ધવને આ બન્નેનો તથા બીજાઓનો મોક્ષ થાય તેવું (૧૧મા સ્કન્ધમાં કહેલું) જ્ઞાન આપ્યું ન હોત તો ભગવાને યાદવોનો સંહાર કરાવેલ હોવાથી તે ક્રૂર ગણાવાથી ભજન કરવા યોગ્ય ગણાત નહિ.।।૨૯-૩૦

એ પ્રમાણે શ્રવણ કરનાર વિદુરનો અધિકાર જણાવ્યો. હવે મૈત્રેયને આ લીલાઓ વિદુરને કહેવાનો અધિકાર કેવી રીતે પ્રાપ્ત થયો તે આ કારિકામાં દર્શાવેલ છે. ભગવાને ઉદ્ધવને જે ઉપદેશ કરેલો તે મૈત્રેયે પણ શ્રવણ કરેલો, કારણ કે તે શ્રવણ કરનાર ઉદ્ધવની સાથે તે પણ ભગવાન્ પાસે હતો(શ્લો.૯-૧૦) અને ભગવાને આ ઉપદેશ વિદુરને કહેવાની મૈત્રેયને આજ્ઞા કરેલી(શ્લો.૨૬). મૈત્રેય વિદુરને આ ઉપદેશ જણાવે અને તેથી ભક્ત વિદુરના જાણવામાં આ આવે એ પોતાનું કાર્ય સિદ્ધ થાય તે માટે જ ભગવાને મૈત્રેયને તે સમયે પોતાની પાસે રાખી તેનો સઙ્ગ કરેલો.

શઙ્કા : મૈત્રેય વિદુરને આ ઉપદેશ જણાવે તે માટે ભગવાને તેને તે કહેલ હોય તો ભગવાને તેને મુખ્ય શ્રવણ કરનાર ઠરાવી જુદા પ્રકારે ઉપદેશ કરવો જોઈએ, ઉદ્ધવને મુખ્ય શ્રવણ કરનાર ગણી તેને ગૌણ ગણી ઉપદેશ કેમ કર્યો ? એવો પ્રશ્ન થાય,

સમાધાન : તો જાણવું કે ભગવાને ઉપદેશ કરતી વખતે મૈત્રેયને પાસે રાખ્યો, તે મૈત્રેય ઉપર કૃપા હોવાથી પાસે રાખેલ ન હતો, પરન્તુ વિદુર ઉપરની કૃપાને લીધે તેને પાસે રાખેલો. આનો અર્થ એવો છે કે ભગવાન્‌ના માર્ગમાં ભક્ત જ શ્રેષ્ઠ છે બીજો કોઈ શ્રેષ્ઠ નથી.૩૧

**ગુણાતીત સૃષ્ટિ પ્રકરણ તથા અધ્યાય ૫-૬ નો અર્થ :**

એ પ્રમાણે ચાર અધ્યાયોથી અધિકાર દર્શાવી, શ્રોતા વિદુર પ્રાપ્ત થતાં, હવે મુખ્ય ગુણાતીત સૃષ્ટિનું પાંચમા તથા છઠ્ઠા એ બે અધ્યાયોથી નિરૂપણ કરે છે.

પાંચમા અધ્યાયમાં તત્ત્વોની ઉત્પત્તિ કહે છે અને છઠ્ઠા અધ્યાયમાં કાર્યની એટલે

પુરુષના શરીરની ઉત્પત્તિ કહે છે. આ તત્ત્વો અને પુરુષના શરીરમાંથી પછી જગતની ઉત્પત્તિ થતી હોવાથી આ બે જગતનાં કારણ તરીકે જ જણાવેલાં છે. તે પૈકી તત્ત્વો જગતનાં કારણ છે, તત્ત્વોથી જગત્ ઉત્પન્ન થાય છે તેમાં કાંઈ સન્દેહ નથી. સમષ્ટિ (જીવમાત્રનાં સ્થાનરૂપ પુરુષનું શરીર) પણ જગતનું કારણ છે, કારણ કે વર્ણોનાં કર્મો તેમાંથી ઉત્પન્ન થાય છે(અ.૬|૩૦-૩૪).૩૨ - ૩૨||

**અધ્યાય પાંચમો; વિદુરના પ્રશ્ન સમ્બન્ધી વિચાર :**

આ પાંચમા અધ્યાયમાં બીજાથી સોળમા સુધીના પન્દર શ્લોકોથી વિદુર મૈત્રેયને પ્રશ્ન કરે છે. આ શ્લોકોમાં વિદુર શા પ્રશ્નો કરે છે તે વિચારવા યોગ્ય છે. આ પ્રશ્નોના મૈત્રેય ઉત્તર આપે છે, તેમાં જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ ભગવાન્‌ની લીલા જ કહે છે. તેથી ઉત્તર લક્ષમાં લેતાં, એક જ પ્રશ્ન તેણે કરેલ હોવો જોઈએ એમ જણાય છે; પરન્તુ એક જ પ્રશ્ન કરેલ નથી, તેથી પ્રશ્ન સમ્બન્ધી વિચાર કરવો યોગ્ય છે.

તે વિષયમાં કર્મનાં ફળના સમ્બન્ધમાં વિદુરને પ્રથમ સન્દેહ થાય છે. ફળ પ્રાપ્ત કરવામાટે શાસ્ત્રમાં કહેલાં કર્મો કરવામાં આવે, છતાં ઈચ્છેલ ફળથી વિરુદ્ધ ફળ પ્રાપ્ત થાય છે, એવો એક પ્રશ્ન(શ્લો.૨ માં) થાય છે. આ પ્રશ્નના ત્રણ ભાગ છે, કારણ કે વૈદિક કર્મ કરનાર ત્રણ વર્ણવાળાઓ(બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યો)ને એવી રીતે વિરુદ્ધ ફળ પ્રાપ્ત થાય છે. તેઓએ કરેલાં આ કર્મો લૌકિક નહિ, પરન્તુ વૈદિક હોવા છતાં, વિરુદ્ધ ફળ પ્રાપ્ત થાય છે. તેમ ન હોય અને લૌકિક કર્મ કરવાથી વિરુદ્ધ ફળ પ્રાપ્ત થતાં હોય તો એવા મૂર્ખોને વિરુદ્ધ ફળ પ્રાપ્ત થાય તેમાં કોઈ દોષ ન ગણાય. તેથી ત્રણ વર્ણવાળાઓનાં કર્મના સમ્બન્ધમાં જ એવા ત્રણ પ્રશ્નો ઉદ્‌ભવે છે કે [૧]જે સુખને પ્રાપ્ત કરવાનું અથવા [૨]જે દુઃખને ફિટાડવાનું લક્ષ્યમાં રાખીને કર્મો કરેલાં હોય તેથી વિરુદ્ધ ફળ કેમ પ્રાપ્ત થાય છે ? અને [૩]સુખ વિનાનું માત્ર દુઃખ જ કેમ થાય છે ? જો કર્મ માર્ગ જ એવો હોય તો પહેલો પ્રશ્ન એ થાય છે કે [૧]પ્રાણીએ શું કાર્ય કરવું(શ્લો.૨) ? જો આનો એવો ઉત્તર આપતા હો કે પ્રાણીએ ભગવાન્‌નું ભજન કરવું, તો ભજન પણ કર્મ જ હોવાથી [૨]કેવા પ્રકારથી કરેલું ભજન ભગવાન્‌નો પ્રેમ કરાવે તે પ્રકાર જણાવો એવો બીજો પ્રશ્ન થાય છે(શ્લો.૪).

૩/અ. ત્રીજો પ્રશ્ન ભગવાન્‌ના અવતારોના ચરિત્ર સમ્બન્ધી છે(શ્લો.૫) ૩/આ. ભગવાન્ અવતાર લીધા વિના જે ચરિત્ર કરે છે તે સમ્બન્ધમાં જગતની ૧. ઉત્પત્તિ ૨. સ્થિતિ ૩. પ્રલય અને ૪. વિચિત્રપણું(ભેદ) એવા ચાર પ્રશ્નો છે(શ્લો.૫-૬). ૫. પાંચમો પ્રશ્ન જુદા - જુદા તત્ત્વોથી બનાવેલ જુદા - જુદા કાર્યો સમ્બન્ધી છે(શ્લો.૮). ૬. સર્વ કાર્યોમાં જુદા - જુદા પ્રકાર કરવાના કારણ સમ્બન્ધી છઠ્ઠો પ્રશ્ન છે(શ્લો.૯). અવતારના ચરિત્ર સમ્બન્ધી પ્રશ્ન(૩.અ) કર્યો તે સાથે આ છ ગણતાં સાત પ્રશ્નો ભગવાન્‌નાં કર્મો સમ્બન્ધી થયા.

આમ હોવાથી ત્રણ મુખ્ય પ્રશ્ન થાય છે : જીવના બે પ્રકારનાં કર્મ સમ્બન્ધી પહેલા

બે પ્રશ્નોઃ ૧. જીવે પોતાને માટે કરવાનાં કર્મો સમ્બન્ધી અને ૨. તેણે ભગવાન્ના પ્રયોજનથી ભગવાન્ને પ્રસન્ન કરવા કરવાનાં કર્મો સમ્બન્ધી. ૩. ત્રીજો પ્રશ્ન ભગવાન્નાં કર્મો સમ્બન્ધી થયો. તેથી સામાન્ય રીતે ત્રણ પ્રશ્નો થયાનું કહેલું છે. ત્રણ વર્ણવાળાઓને વૈદિક કર્મો તેમણે કરેલાં હોય તેનું ફળ પણ ઈચ્છેલું કેમ મળતું નથી, એમ બીજા શ્લોકથી પણ ત્રણ પ્રશ્નો હોવાનું સૂચવેલું છે.

ત્રીજો પ્રશ્ન ભગવાને અવતાર લીધા વિના તથા અવતાર લઈને કરેલાં કર્મો સમ્બન્ધી છે. તેમાં અવતાર લીધા વિના કરેલાં કર્મોના છ પ્રકારો સમ્બન્ધી પ્રશ્ન છે. પછી ભગવાન્ અવતારો લે છે તે અવતારોનાં કર્મોને આ પ્રકારો લાગુ પડતા નથી, તેથી પોતાનું સ્વરૂપ પ્રકટ કર્યા વિના ભગવાને જે કર્મો કરેલાં તેના સમ્બન્ધમાં છ પ્રશ્નો કરેલા છે અને તે પ્રશ્નો ઉપસંહારમાં પણ (શ્લો.૧૫ થી) જણાવેલા છે. અને અવતાર ધારણ કરેલા ભગવાન્નાં કર્મો સમ્બન્ધી પ્રશ્ન ઉપસંહારમાં (શ્લો.૧૬ થી) જણાવેલો છે. તેથી આ પ્રશ્નોનો ઉપસંહાર ભગવાને બન્ને પ્રકારે કરેલા કર્મોથી જ કરેલો છે. (જીવના કર્મ સમ્બન્ધી પહેલો અને બીજો પ્રશ્ન કરેલ, તેઓનો ઉપસંહારમાં સમાવેશ કરેલો નથી). તેથી મૈત્રેયે ભગવાને બન્ને પ્રકારે કરેલ કર્મો સમ્બન્ધી ત્રીજા પ્રશ્નનો જ ઉત્તર આપેલો છે, તેમાં કોઈ દોષ નથી, કારણ કે જીવે કરેલ (ફળના) સાધનરૂપ કર્મ સમ્બન્ધી પ્રશ્નનો ઉપસંહારમાં સમાવેશ કરેલો નથી, જ્યારે ભગવાને બન્ને પ્રકારે કરેલાં કર્મનો ઉપસંહારમાં શ્લો.૧૫ તથા ૧૬ થી જુદો - જુદો સમાવેશ કરેલો છે.

પ્રકટ સ્વરૂપથી અવતાર લઈને ભગવાને કરેલ કર્મો સમ્બન્ધી એક જ પ્રશ્ન છે. અપ્રકટ સ્વરૂપથી તેમણે કરેલ કર્મો સમ્બન્ધી છ પ્રકારના પ્રશ્ન છે: ૧.જગતનાં જન્મ ૨. સ્થિતિ ૩. લય( શ્લો.૫ ) ૪. પ્રવેશ કરવો અને જુદાં - જુદાં પદાર્થોમાં પ્રવેશ કરી જુદા - જુદા જણાવું તે. આ બેનો એકમાં સમાવેશ કરેલો છે( ૫-૬ ). ત્યાર પછી જુદા - જુદા કાર્યોનો પ્રકાર અને સર્વ કાર્યોના જુદા - જુદા પ્રકાર સમ્બન્ધી બે પ્રશ્નો શ્લો.૮ તથા ૯ માં કરેલા બે પ્રશ્નો .૩૨।।-૩૪।।

એ પ્રમાણે જ્યારે વિદુરે ભગવાન્નાં કર્મો સમ્બન્ધી પ્રશ્ન કર્યા ત્યારે જીવનાં કર્મો સમ્બન્ધી કરેલા પહેલા બે પ્રશ્નોનો ઉત્તર આપવાનો રહ્યો નહિ (તે બે પ્રશ્નોના ઉત્તર આપવાની જરૂર ન રહી). કારણ કે આ પ્રશ્નો કરવાનું અને તેઓના ઉત્તરો જાણવાનું પ્રયોજન ૧૧ થી ૧૪ શ્લોકોથી કહેલું છે. (તેમાં ભગવાન્ની કથાનું જ શ્રવણ કરવાની પોતાની ઈચ્છા વિદુરે જણાવેલી છે ). આ પ્રયોજન કહ્યું તેથી જ શાસ્ત્રથી થતો નિર્ણય પણ જણાવેલ છે, કારણ કે ઘરમાં આસક્તિ રાખવાથી દુઃખદાયક સંસાર( જન્મ-મરણ ) થયા કરે છે અને જીવનાં કર્મો તો ઘરમાં આસક્તિ રાખવાના પરિણામરૂપ છે; તેથી કર્મોથી દુઃખ થાય તે યોગ્ય જ છે.

ત્યારે જીવનાં કર્મો સમ્બન્ધી વિદુરે પોતે પ્રશ્ન કરી તેનો ઉત્તર પણ પોતે

જ(૧૧-૧૪ શ્લોકોથી) કેમ આપ્યો ? એવી શંકા થાય, તો જાણવું કે ''હું ભગવાન્‌નો ભક્ત છું'' એમ મૈત્રેયને જણાવવા તેણે એ પ્રમાણે કર્યું. કારણ કે કર્મો કરવાં નિરર્થક છે એમ જાણી ભક્ત ભગવાન્‌ના ગુણોના શ્રવણ તથા કીર્તન માં આનન્દ કરે છે અને તેથી તે જીવનાં કર્મ સમ્બન્ધી પ્રશ્ન કરે તે અયોગ્ય છે. વિદુરે (૧૧-૧૪ શ્લોકથી) એ પ્રમાણે જણાવી પોતે ભક્ત હોવાનું જણાવ્યું. વળી શ્લોક ૧૦માં તેણે ચારે વર્ણોનાં અલ્પ સુખ આપનારાં કર્મો વ્યાસજીથી સાંભળી પોતે તેથી ધરાઈ ગયેલ હોવાનું જણાવી, પોતાની રુચિ પણ જણાવી છે. અને શ્લો.૧૬ માં પણ 'મહ્યમ્'–'મને' / 'મારામાટે' ભગવાન્‌નાં કર્મો કહો, એમ કહી પોતાની ભગવાન્‌નાં કર્મોનું જ શ્રવણ કરવાની રુચિ જણાવેલી છે.

ત્યારે અવતાર લીધેલ ભગવાન્‌નાં કર્મો મૈત્રેયના ઉત્તરમાં કેમ કહેલાં નથી ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે અપ્રકટ સ્વરૂપનાં કર્મો સમ્બન્ધી છ પ્રકારના પ્રશ્ન કર્યા તેના ઉત્તરમાં અવતારોનાં કર્મ સમ્બન્ધી પ્રશ્નના ઉત્તરનો સમાવેશ થઈ જાય છે. કારણ કે જે ભગવાન્‌ના અવતારો હતા તેઓનો પુરુષમાં પ્રવેશ થયેલ હોવાનું, અથવા અવતારો થયા પછી તેઓનો પુરુષમાં પ્રવેશ થયેલ હોવાનું મૈત્રેય માને છે .૩૪।।-૩૫।।

ત્યારે ચોથા શ્લોકમાં ભગવાન્ જે પ્રકારે ભજન કરવાથી પ્રસન્ન થાય તે સમ્બન્ધી વિદુરે પ્રશ્ન કર્યો તે યોગ્ય નથી, કારણ કે પ્રશ્નમાં તેમજ ઉત્તરમાં તેના જેવું કાંઈ નથી એવી શંકા થાય, તો જાણવું કે સુખ અને દુઃખ ન હોવું એ જે લોકે ઈચ્છેલા છે તે પ્રાપ્ત કરવાનું અને ભગવાન્‌ને પ્રસન્ન કરવાનું કાંઈ પ્રસિદ્ધ પ્રયોજન વિદુરે જણાવેલ ન હોવાથી, આપણે તેનું બીજું પ્રયોજન કહેવું-શોધવું જોઈએ. તેથી આવો પ્રશ્ન લોકો ઉપર ઉપકાર થાય તે માટે વિદુર કરે તે યોગ્ય છે એમ જણાય છે. તેથી જ આ ચોથા શ્લોકથી તેમજ બીજા શ્લોકથી જે પહેલા બે પ્રશ્નો વિદુરે કર્યા છે, તેનો ભાવાર્થ અનુક્રમે એવો છે કે લોક ઉપર ઉપકાર કરવા અને પોતાના સ્વાર્થમાટે મનુષ્યે પ્રયાસ કરવો જોઈએ. આ પહેલાં બન્ને પ્રશ્નો સર્વ મનુષ્યો કરે તેવા છે અને ઉત્તમ માર્ગમાં કરાય તેવા છે.

છતાં આ પ્રશ્નોનો ઉત્તર મૈત્રેયે આપ્યો નથી, ત્યારે પ્રશ્ન કરવાનું શું કારણ ? એવી શંકા ન કરવી, કારણ કે મૈત્રેયે તેના પણ યોગ્ય પ્રકારે ઉત્તર આપેલ છે. મૈત્રેય ઉત્તર આપવાનો આરમ્ભ કરે છે ત્યાં જ શ્લોક ૧૮ માં કહે છે કે ''લોકો ઉપર સારી રીતે કૃપા કરતાં તે સારા પ્રશ્ન કરેલા છે'' (ઉત્તર જાણવા છતાં લોક ઉપર સારી રીતે કૃપા કરવામાટે જ આ તેં સારા પ્રશ્ન કરેલા છે). મૈત્રેયે એવી રીતે વિદુરની પ્રશંસા કરી છે તેથી તેના ઉત્તર તેણે આપેલ હોવા જોઈએ. ત્રીજા પ્રશ્નના ઉત્તરમાં જ આ બે પ્રશ્નના ઉત્તર આવી જાય છે. તેમાં આ પ્રશ્નના ઉત્તરમાં મૈત્રેયે ભગવાન્‌નું ચરિત્ર વિદુરને કહેલું છે, તેમાં આ બન્ને પ્રશ્નોના ઉત્તર પણ આવી જાય છે, (કારણ કે ભગવાન્‌ની કથાનું શ્રવણ કરવાથી જ સુખ પ્રાપ્ત થાય છે અને દુઃખ મટે છે. અને ભગવાન્ પણ તેથી જ પ્રસન્ન થાય છે. તેથી જ મૈત્રેયે વિદુરની, ઉપર જણાવ્યું તેમ પ્રશંસા પણ કરેલી છે. ૩૫।।-૩૭।।

ત્યારે (૩૮-૫૦ સુધીના શ્લોકમાં) તત્ત્વોએ ભગવાન્‌ની સ્તુતિ કરેલી છે તેનો

સર્ગમાં શો ઉપયોગ છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે જેમ પૌત્ર ઉત્પન્ન કરવામાં પુત્ર સ્વતન્ત્ર હોય છે, તેમ તત્ત્વોથી થતાં કાર્યો એટલે સૃષ્ટિ રચવામાં તત્ત્વો સ્વતન્ત્ર નથી, એમ તત્ત્વોએ કરેલી સ્તુતિથી તેઓએ જણાવેલ છે. ( તત્ત્વો સૃષ્ટિ રચવામાં સ્વતન્ત્ર નથી એમ જણાવવા તેઓએ કરેલી સ્તુતિ કહેલી છે. તત્ત્વો પોતાની મેળે જગત્ રચવા શક્તિવાળાં ન હોવાથી, ભગવાન્ તેઓને તેવી શક્તિ આપે તે માટે તેઓ આ ભગવાન્‌ની સ્તુતિ કરે છે(શ્લોક ૫૦ ).

સામાન્ય રીતે તત્ત્વો જગત્ રચે છે એમ કહેવું એ ચાલુ પ્રસંગમાં ઉપયોગી છે, કારણ કે મહાભારત વગેરેમાં પણ તેટલું જ કહેલું છે. વધારે વિગતવાર કહેવાનું તો બ્રહ્મા વગેરેથી પણ થઈ શકે તેવું નથી. ત્યારે ( સામાન્ય રીતે આટલું ) કહેવાનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ( ભગવાન્‌ના ગુણનું ) શ્રવણ અને કીર્તન કરવામાં આ ઉપયોગી છે એમ જણાવવા આ કહેલ છે .૩૭॥-૩૯

**અધ્યાય છઠ્ઠો :**

પુરુષમાંથી સર્વ અવતારો થયેલા છે, સર્વ અવતારોનું મૂલ પુરુષ છે, તેથી પુરુષનું છઠ્ઠા અધ્યાયમાં નિરૂપણ કર્યું. તેથી જ ભગવાન્‌ના સર્વ અવતારોએ કરેલાં કર્મોની કથા કહેવાઈ. એવી રીતે પાંચમા અને છઠ્ઠા બે અધ્યાયોથી ગુણાતીત ભગવાને કરેલી સૃષ્ટિલીલા કહી.૪૦

**સગુણસૃષ્ટિ - અધ્યાય ૭-૯ :**

સાતમાથી નવમા સુધીના ત્રણ અધ્યાયોથી સગુણ( દેવ ) માંથી થયેલી સૃષ્ટિનું નિરૂપણ કરેલું છે. ( વસ્તુતઃ સગુણસૃષ્ટિનો આ ત્રણ અધ્યાયોથી ઉપોદ્‌ઘાત જ કરેલો છે ) અને દશમા અધ્યાયથી સગુણ સૃષ્ટિનું નિરૂપણ કરવાનો પ્રારમ્ભ કરશે. ઉપોદ્‌ઘાતમાં આઠમા અધ્યાયના થોડા જ ૧૩-૧૫ શ્લોકોમાં સગુણ સૃષ્ટિ કહેલી છે. જુઓ નીચે કારિકા ૬૨. ગુણાતીત સૃષ્ટિ પાંચમા અને છઠ્ઠા એ બે જ અધ્યાયોથી કહી અને આ ત્રણ અધ્યાયોમાં સગુણ સૃષ્ટિ કહે છે. કારણ કે આ સગુણ સૃષ્ટિમાં સૃષ્ટિ અને ભગવાન્ ની વચ્ચે ગુણોની ( સૃષ્ટિ રચવાની ) સત્તા કહેવાની છે. આ પ્રસિદ્ધ ગુણોનું નિરૂપણ પૂર્વપક્ષ તરીકે મતાન્તર ભાષાથી સાતમા અધ્યાયમાં કરેલું છે. ત્યાર પછી કારણની ઉત્પત્તિ અને કાર્યની ઉત્પતિ આઠમા અને નવમા એ બે અધ્યાયોમાં કહેલી છે. તે પૈકી કારણ બ્રહ્મા છે અને સર્વ જગત્ કાર્ય છે. આ કાર્યનું વર્ણન કાલના અન તરીકે ( દશમા અધ્યાયથી આરમ્ભી ) કરવાનું હોવાથી નવમા અધ્યાયમાં બ્રહ્માએ ( બ્રહ્મની )ભગવાન્‌ની કરેલી સ્તુતિ જ કહેલી છે. આ સ્તુતિ સફલ થઈ એટલે એ સ્તુતિથી બ્રહ્માને જગત્ રચવાનો ઉપાય જણાયો અને તે જગત્ રચી શક્યા. આ સાતમાથી નવમા સુધીના ત્રણ અધ્યાયોનો સામાન્ય અર્થ ( પૂર્વપક્ષ, કારણની ઉત્પત્તિ અને કાર્યની ઉત્પત્તિ ) છે.

**આ લીલા સર્ગ છે, વિસર્ગ નથી :**

આઠમા અધ્યાયમાં પ્રથમ સૃષ્ટિનું સ્વરૂપ જેમાંથી થયું તે પુરુષનું સ્વરૂપ વર્ણવ્યું.

આ સગુણબ્રહ્મનું સ્વરૂપ કહેલું છે. ત્યાર પછી બ્રહ્મા વગેરે જેમની ઉત્પત્તિ કહી તે આ સ્વરૂપની વિભૂતિરૂપ છે. વળી બ્રહ્મા વગેરેની વિસર્ગમાં પણ બીજા પુરાણોમાં ગણના કરી છે. બીજા પુરાણોમાં સામાન્ય રીતે વિસર્ગ કહેલ છે. તેવો શ્રીભાગવતમાં કહેલો નથી. શ્રીભાગવતમાં તો બધાંએ પુરાણોનો સાર કાઢી કહેલો છે અને ઉત્તમ અધિકારવાળામાટે તે છે, તેથી બીજા પુરાણો જેવું વિસર્ગનું કથન શ્રીભાગવતમાં નથી. અહીં વિસર્ગ કહેવાનો છે, પણ અહીં જે વિસર્ગ કહેવાનો છે, તે ચોથા સ્કન્ધમાં કહેશે. તે વિભૂતિરૂપ હોવાનું સમ્ભવતું નથી.૪૧-૪૩

**શ્રીભાગવતસ્વરૂપ :**

ગુણાતીત (દેવે) સૃષ્ટિની લીલા કરી, તે ભગવાન્‌ની આજ્ઞા હોવાને લીધે મૈત્રેયે પોતે જ વિદુરને કહી. તેટલાથી વિદુરની જિજ્ઞાસા પૂરી થઈ નહિ અને તેમાં તેને સન્દેહ થયા(અ.૭). શ્રીભાગવત જ સર્વ સન્દેહો દૂર કરનારું હોવાથી જેમ સૂતે શૌનક વગેરેને (જુઓ ૧।૩।૪૦-૪૪) અને શુકે પરીક્ષિતને (૨।૯।૪૩-૪૫) શ્રીભાગવત કહેવાનું કહેલ હતું તેમ મૈત્રેય વિદુરને શ્રીભાગવત કહેવાનો પ્રારમ્ભ કરે છે(અ.૮।૨). મૈત્રેય વિદુરને જે ભાગવત કહે છે તે સપર્ષણે સનત્કુમારને કહેલું, સનત્કુમારે સાઙ્ખ્યાયનને, સાઙ્ખ્યાયને પરાશરને અને પરાશરે મૈત્રેયને કહેલું (અ.૮।૩-૯). આ પરમ્પરામાં બ્રહ્મા આવતા નથી તેથી આ શ્રીભાગવત નથી એમ ન માનવું, કારણ કે શ્રીકૃષ્ણે જે પુરાણ કહેલ હોય તે શ્રીભાગવત. ભગવાને કહેલું પુરાણ શ્રીભાગવત. ગીતા વગેરે ભગવાને કહેલાં તે પણ ભાગવત જ છે, પણ તે પુરાણ નથી. ભગવાન્ સિવાય બીજા કોઈના મુખથી કોઈ પણ સમયે શ્રીભાગવતની ઉત્પત્તિ થઈ શકે નહિ, કારણ કે બીજા કોઈને ભગવાન્‌ની લીલાનું જ્ઞાન હોતું નથી.

મૈત્રેય આ લીલાઓ વિદુરને કહે છે તે તો પરાશરે મૈત્રેયને ભણાવેલું અને પરાશરે તો વિષ્ણુપુરાણ કહેલ હોવાનું પ્રસિદ્ધ છે, તેથી આ શ્રીભાગવત નથી એવી શંકા થાય તો જાણવું કે વિષ્ણુ પુરાણ વગેરે બીજાં પુરાણો શ્રીભાગવતના અનરૂપ છે એવો નિશ્ચય છે. ''ત્રેવીસ હજાર શ્લોકોનું વિષ્ણુપુરાણ છે'' એવું વાક્ય હોવાથી ત્રેવીસ હજાર શ્લોકોવાળું વિષ્ણુપુરાણ અહીં મૈત્રેય કહે છે તેથી જુદું જ છે. ''અઢાર પુરાણો'' વાક્ય પ્રમાણે આ (વિષ્ણુપુરાણરૂપ) પરાશરે મૈત્રેયને ભણાવેલ 'પરાશરસંહિતા' તો જુદો જ ગ્રન્થ છે, કારણ કે પરાશરે શ્રીભાગવતનું શ્રવણ કરીને પછી મૈત્રેયને તેનો બોધ કરેલો, તેથી મૈત્રેય અહીં જેનો બોધ વિદુરને કરે છે તે પણ શ્રીભાગવત જ છે.

છતાં પણ અહીં પરમ્પરા શ્રીભાગવતની પરમ્પરાથી જુદી જ કહેલી હોવાથી, આ શ્રીભાગવત કેમ ગણાય ? એવી શંકા થાય, તો જાણવું કે શ્રીભાગવત હદરહિત છે. ભગવાન્‌નું સ્વરૂપ ભગવાને જ ભાગવતમાં કહેવા યોગ્ય છે. તે સ્વરૂપ કોઈ વાર ભગવાન્ પોતે જ કહે છે અને કોઈ વાર (અ.૮।૩ પ્રમાણે) સપર્ષણ વાસુદેવસ્વરૂપ જ કહે છે.

ભગવાને બ્રહ્માને કહેલ ભાગવતમાં અને અહીં મૈત્રેય વિદુરને કહે છે તેમાં

થતું ન હોવાથી તેમાં સન્દેહ થાય, ત્યારે તે સન્દેહનો ઉત્તર અવશ્ય આપવો જોઈએ. ઉત્તર આપવાનું એવું ધોરણ છે કે જેટલું કહેવાથી જે અર્થ સમજે તેટલું તેને કહેવું જોઈએ. તેથી મૈત્રેય પણ વિદુરની બુદ્ધિનું અવલમ્બન કરીને તેવા સન્દેહનું સમાધાન કરે છે. જેમ પુરુષ સ્ત્રીમાં વીર્યનું આધાન કરે ત્યારે બાળકનો જન્મ થાય છે, એ ન જાણનાર બાળક, પુરુષને ભોજન અને પેશાબ કરતાં જ જોઈ, તે કાર્યોથી પણ બાળકનો જન્મ થતો હશે એવી કલ્પના કરે અને તે પણ અસમ્ભવિત હોવાનું જાણી બાળકનો જન્મ કેવી રીતે જન્મ થાય છે તે વિષયમાં સંશય કરે છે, ત્યારે બોધ આપનાર પુરુષ હરકોઈ પ્રકારે તેને તે વિષય જણાવે છે, પરન્તુ વાસ્તવિક રીતે તે સિદ્ધાન્ત નથી, તેમ અહીં પણ મૈત્રેય વિદુરને જે પ્રકારે બોધ કરે છે તે સિદ્ધાન્ત નથી, પરન્તુ ૩।૫।૨૩ માં કહ્યો તે જ સિદ્ધાન્ત છે.

વિદુરને આ વિષયમાં એવા સન્દેહ થાય છે કે

૧. ગુણથી પર( દેવ ) થી સૃષ્ટિ ઉત્પન્ન થતી હોવાની કથા જરાયે ઘટતી નથી, કારણ કે કાર્ય( જગત્ ) અને કારણ( ગુણાતીત બ્રહ્મ ) જુદા-જુદા પ્રકારના છે. ગુણાતીત બ્રહ્મ ગુણરહિત છે, જ્યારે કાર્ય( જગત્ ) ગુણવાળું છે.
૨. વળી લોકમાં કાર્ય કરવાનું પ્રયોજન કામ છે. કામ તો ગુણાતીત બ્રહ્મમાં નથી તેથી ગુણાતીત બ્રહ્મથી સૃષ્ટિ થાય નહિ.

—એવા બે સન્દેહો વિદુરને ગુણાતીત બ્રહ્મના એટલે ઉપાધિ વિનાના ( ભગવાન્ના ) સ્વરૂપના સમ્બન્ધમાં થયા.૪૮।।-૫૦

આ બે સન્દેહો દૂર થાય તે માટે જો એમ કહેવામાં આવે કે સૃષ્ટિ રચનાર ભગવાન્ ગુણોની ઉપાધિવાળા છે, તો ઉપર જણાવેલા બન્નેના સન્દેહો જતા રહે. પરન્તુ બ્રહ્મમાં ગુણો હોય નહિ, બ્રહ્મમાં ગુણોની ઉપાધિ હોવાનું સમ્ભવતું નથી, એવો બ્રહ્મના સમ્બન્ધમાં ત્રીજો સન્દેહ થાય છે. બ્રહ્મમાં ગુણોની ઉપાધિ છે એમ માનવાથી બ્રહ્મમાં દોષ હોવાનું જણાય છે. આ દોષનું સમાધાન પણ થઈ શકતું નથી. જીવ પણ બ્રહ્મથી જુદા ન હોવાથી તેને પણ માયાનો સમ્બન્ધ થવાનું સમ્ભવતું નથી. બ્રહ્મ જીવની સ્થિતિ પ્રાપ્ત કરે છે એમ માનવામાં પણ આ જ દોષ રહેલો છે. કારણ કે માયાનો સમ્બન્ધ હોવાનું કહી શકાય ત્યારે જ જીવમાં દુર્ભાગી હોવાપણું વગેરે સમ્ભવે છે. તેથી ૧. બ્રહ્મને માયાનો સમ્બન્ધ થતો નથી, અને ૨. માયાના સમ્બન્ધનું પરિણામ ( દુર્ભાગી થવું વગેરે ) થતાં નથી એમ સિદ્ધ કરવામાં આવે તો આ શંકાઓનું સમાધાન થાય. આ બે પૈકી એક ( બ્રહ્મને માયાનો સમ્બન્ધ થવાની ) શંકા બ્રહ્મના સમ્બન્ધમાં થયેલી છે અને બીજી ( માયાના સમ્બન્ધનું પરિણામ દુર્ભાગી થવું વગેરે ) જીવના સમ્બન્ધમાં થયેલી છે. તેથી બ્રહ્મને માયાનો સમ્બન્ધ થવાનું અને જીવમાં તેનાં પરિણામ ( દુર્ભાગી હોવાપણું વગેરે ) થવાનું સમાધાન કરવું જોઈએ.૫૧

**પહેલી શંકાનું સમાધાન :**

અનુક્રમ પ્રમાણે આ શંકાઓ વિચારતાં ''આ તે ભગવાન્ની માયા છે કે જે તર્કના

વાક્યોનો અનુક્રમ જુદો હોવાથી, એ બે એક ( ભાગવત ) હોવાનું કેમ ગણાય ? એવી શંકા થાય, તો જાણવું કે આ વિષયમાં અર્થ જ મુખ્ય છે વાક્યો મુખ્ય નથી. સર્ગ વગેરે વિષયો જેવા ભગવાને કહેવા ઈચ્છેલા તે જ પરાશરે કહેલા ભાગવતમાં છે, તેવા વ્યાસે કહેલા ભાગવતમાં પણ છે, તેથી આને શ્રીભાગવત કહેવામાં કાંઈ અયોગ્યતા નથી.

બોપદેવ વગેરે કેટલાક તો એમ કહે છે કે ''ભગવાન્ અને બ્રહ્મા ના સંવાદની પરમ્પરાથી પ્રાપ્ત થયેલું સૂક્ષ્મ ભાગવત માત્ર બીજો સ્કન્ધ જ છે અને ત્રીજાથી બારમા સુધી દશ સ્કન્ધવાળું સ્થૂલ ભાગવત તો શેષ( સપર્ષણ ) થી પ્રાપ્ત થયેલું છે''. આ તદ્દન ખોટું છે. કારણ કે પાંચમાથી બારમા સ્કન્ધ સુધીનું ભાગવત પરાશરે કહેલું નથી, તેમજ વ્યાસે તે ભાગ પરાશર પાસેથી શ્રવણ કરીને કહેલો નથી. જો વ્યાસે તે ભાગ પરાશર પાસેથી શ્રવણ કરી કહેલો હોય તો ૧૨।૧૩।૧૯ માં કહેલી પરમ્પરા ખોટી ઠરે અને આ પરમ્પરામાં વચ્ચે મૈત્રેય આવે છે તે પણ નકામો આવેલો થાય. તેથી શ્રીભાગવત હદરહિત છે એમ કહેવામાટે, અને ભાગવતમાં અર્થ જ મુખ્ય છે એમ કહેવાની ઈચ્છાથી, આ શેષની ( શેષથી ભાગવત પ્રાપ્ત થયેલ હોવાથી ) કથા કહેલી છે એવો નિશ્ચય થાય છે. એ પ્રમાણે આ મૈત્રેયે વિદુરને કહેલ લીલાઓ શ્રીભાગવત નથી એવા દોષનું સમાધાન કરેલું છે .૪૪-૪૬।।

હવે આ સગુણ સૃષ્ટિનો ચાલુ પ્રસંગ સાથે સમ્બન્ધ જણાવવામાં આવે છે. ભગવાન્ શ્રીકૃષ્ણે ઉદ્ધવ તથા મૈત્રેય ને જે ઉપદેશ કરેલ તે વિદુરને કહેવાની મૈત્રેયને આજ્ઞા કરેલી. તે આજ્ઞા પ્રમાણે ગુણથી પર( દેવથી ) સૃષ્ટિ ઉત્પન્ન થયાની કથા ઘણી છૂપી રાખવા યોગ્ય હોવાથી મૈત્રેયે પોતે વિદુરને કહી. આ કથા મૈત્રેયે પરાશર પાસેથી શ્રવણ કરેલી ન હતી, કારણ કે શ્રીકૃષ્ણના મુખથી જ તેણે શ્રવણ કરેલી ( ૩।૪।૯,૧૦ ) અને તે વિદુરને કહેવા ભગવાને તેને આજ્ઞા કરેલી( ૩।૪।૨૬ ). તેથી મૈત્રેયે શ્રીકૃષ્ણના મુખથી જ શ્રીભાગવતનું શ્રવણ કરેલું. ભગવાને પોતાના આદિ( મૂલ ) સ્વરૂપથી બ્રહ્માને શ્રીભાગવત કહેલું અને અવતાર લઈને મૈત્રેયને તથા ઉદ્ધવને કહેલું. ઉદ્ધવથી આગળ પરમ્પરા ચાલ્યાનું સ્પષ્ટ નથી. મૈત્રેયે તે વિદુરને શ્રીકૃષ્ણના મુખથી સાંભળેલ તે જ કહેલું છે, સ્વતન્ત્ર પ્રકારે કહેલું નથી.

આ શ્રીભાગવત જેનું ચિત્ત અત્યન્ત શુદ્ધ હોય તેને ફલ આપે. વિદુર તો તેવા ન હતા. અત્યન્ત શુદ્ધ ચિત્તવાળાને આ શ્રીભાગવતમાં કોઈ સંશય થતો નથી અને તેનું જ્ઞાન દ્રઢ થવામાટે કાંઈ તર્કની તેને જરૂર પડતી નથી. તેથી મૈત્રેયને આમાં કાંઈ સન્દેહ થયેલ નહિ, પરન્તુ વિદુર અત્યન્ત શુદ્ધ ચિત્તવાળા ન હોવાથી તેને સન્દેહ થયો, આથી એમ જણાવેલું છે કે શ્રીભાગવત ઘણા છે. તેની સામાન્ય વ્યાખ્યા એવી છે કે ''હર કોઈ ભગવદીય ભગવાને કહેલું કહે તે શ્રીભાગવત'' કારણ કે તર્કથી પદાર્થનો નિર્ણય કરવામાં આવે તે લૌકિક છે અને શ્રીભાગવતનો અર્થ તો અલૌકિક છે .૪૬।।-૪૮।।

**વિદુરને થયેલ સન્દેહો :**

છતાં પણ શ્રીભાગવતનો અર્થ જાણવાનો અધિકાર ન હોય તો તેવા અર્થનું ભાન

વિરોધવાળી છે'' (ભાગ.પુરા. ૩।૭।૮) એ શ્લોકમાં ''ભગવાન્‌ની માયા'' એમ છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ કર્યો તેથી જ દૂર થાય છે. આ છઠ્ઠી વિભક્તિથી એમ જણાવેલું છે કે ભગવાન્‌નો અને માયાનો સમ્બન્ધ નિત્ય( સદાનો ) જ છે.

ભગવાન્‌નો માયા સાથેનો સમ્બન્ધ નિત્ય હોય, તો ભગવાન્‌પણું જ રહે નહિ એવી શંકાએ શ્લોકમાંના 'ભગવાન્' શબ્દથી જ દૂર થાય છે. માયાનો નિત્ય સમ્બન્ધ હોવો એ ભગવાન્‌પણાની વિરુદ્ધ નથી, એમ આ 'ભગવાન્' શબ્દથી સૂચવેલું છે. ''માયા સર્વત્ર ગૂંચવાડો ( ગેરવ્યવસ્થા ) કરાવનારી ભગવાન્‌ની શક્તિ છે'' એવા મત પ્રમાણે પણ તેનો સમ્બન્ધ હોવો એ ભગવાન્‌પણાની વિરુદ્ધ નથી, કારણ કે એ શ્લોકમાં ''ભગવાન્‌ની માયા'' એમ કહેલું છે, એટલે ભગવાન્‌નું મુખ્યપણું છે. જો 'ભગવન્માયા' એમ સમાસ કર્યો હોત, તો ભગવાન્‌નું મુખ્યપણું ન રહેતાં માયાનું મુખ્યપણુ થાત, એટલે તેનો સમ્બન્ધ હોવો એ ભગવાન્‌પણાથી વિરુદ્ધ થાત; પરન્તુ સમાસ ન કરતા ''ભગવાન્‌ની માયા'' શબ્દો યોજી, ભગવાન્ અને માયા એ બન્ને એક અર્થવાળા નથી એમ જણાવી ભગવાન્ મુખ્ય હોવાનું કહેલ છે તેથી માયાના ગુણો ભગવાન્‌માં આવતા નથી, પરન્તુ તે દાસીની પેઠે ભગવાન્‌થી જુદી જ રહે છે એમ જણાવેલું છે. તેથી માયા ભગવાન્‌ની ઉપાધિ થતી નથી. એ પ્રમાણે ભગવાન્ સમ્બન્ધી પહેલી શંકાનું મૈત્રેયે સમાધાન કર્યું.૫૨-૫૩

**બીજી શંકાનું સમાધાન :**

બીજી શંકાનો વિચાર કરતાં, પ્રથમ વિચારો કે [1]બ્રહ્મ અને માયા પરસ્પર વિરુદ્ધ હોવાથી, તે બેના સમ્બન્ધથી કાંઈ કાર્ય ( જગત્, જીવનું દુર્ભાગી હોવાપણું વગેરે ) ઉત્પન્ન થતું નથી એવી તમારી શંકા છે કે [2]તે બે માં વિરોધ હોવાની જ શંકા છે ?

જો આ પૈકી પહેલી [1]કાંઈ કાર્ય ઉત્પન્ન થતું નથી એવી શંકા હોય તો તે ખોટી જ છે, કારણ કે કાર્ય ( જગત્, જીવનું દુર્ભાગી હોવાપણું વગેરે ) જોવામાં આવે છે જ. જો કાર્ય ઉત્પન્ન થતું ન હોય તો સંસાર જ ન હોય. પણ સંસાર તો જોવામાં આવે છે. સંસાર જોવામાં આવે છે, પણ બ્રહ્મ અને માયામાં વિરોધ હોવાથી તે બેના સમ્બન્ધથી સંસાર ઉત્પન્ન થવો ન જ જોઈએ. જો એમ કહેતા હો તો જાણવું કે ભગવાન્‌ની માયાથી સંસારની ઉત્પત્તિ થાય છે.

[2]ભગવાન્‌ની માયાથી સંસાર ઉત્પન્ન થવામાં તર્કનો વિરોધ છે, ( તેથી તેનાથી સંસાર ઉત્પન્ન ન થાય ) એમ વિરોધ હોવાની તમારી શંકા હોય, તો જાણો કે તર્કનો વિરોધ હોવો એ તો માયાનું ભૂષણ છે, દોષ નથી. માયા જ પરસ્પર વિરુદ્ધ કાર્યોનો સમ્બન્ધ કરાવે છે. માયાથી જ વિરુદ્ધ કાર્ય થતાં હોવાનું જોવામાં આવે છે. ( જીવ બ્રહ્મથી જુદો ન હોવાથી ઈશ્વર અને મુક્ત હોવા છતાં, તેનામાં લાચારી અને બન્ધન જોવામાં આવે છે. બન્ધન કરનાર કોઈ ન હોવા છતાં પણ તેમ દેખાય છે તે માયાથી દેખાય છે ). જીવતો પુરુષ સ્વપ્નમાં પોતાનું માથું કપાતું જુએ છે; આંતરડાં બહાર કાઢી નાખવામાં આવતાં હોવા

છતાં જાદૂગર સ્વસ્થ દેખાય છે.

એમ જોવામાં આવે છે, પણ તેમ કેવી રીતે થઈ શકે ? એવો પ્રશ્ન ઊઠે, તો જાણો કે તે વિરોધ માત્ર દેખાય જ છે, સાચો નથી. વસ્તુમાં વિરોધ નથી. બ્રહ્મમાં સર્વ થવાની શક્તિ છે અને માયા તેવા બ્રહ્મની શક્તિ છે, તેથી જીવરૂપ ઈશ્વરમાં લાચારી વગેરે વિરુદ્ધ કાર્યો જોવામાં આવે છે.

ઈશ્વરમાં લાચારી વગેરે, આત્મામાં ન હોય તેવા જે ગુણો આત્મામાં જોવામાં આવે છે તે આત્માના સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે જોવામાં નહિ આવે એમ પણ ન માનવું, કારણ કે જ્ઞાનીઓને પણ તેમ જણાય છે. જીવમાં જે જ્ઞાની હોય, તે જીવના સ્વરૂપને જાણનાર હોય છે. જીવનું સ્વરૂપ તો તેની સર્વ અવસ્થાઓમાં જાણી શકાય છે જ, પરન્તુ ઈશ્વરનું સ્વરૂપ જાણી શકાતું નથી. સ્વપ્ન જોનાર ભગવાન્ જ છે ( ૨।૧।૩૯ ઉપરનાં શ્રીસુબોધિનીમાં સિદ્ધ કરેલું છે ) અને જ્ઞાની જીવ પોતે ઈશ્વરથી જુદો નથી એમ જાણે છે, તેથી તેને પણ સ્વપ્નમાં માથું કપાતું હોય તેમ જણાય છે. વાસ્તવિક રીતે તો તેનું માથું કપાતું નથી, પરન્તુ જીવને સ્વપ્નમાં પ્રાપ્ત થયેલ શરીરનું જ માથું કપાય છે એમ ઈશ્વર જુએ છે, અને આ જ્ઞાની જીવ ઈશ્વરથી જુદો ન હોવાથી તે જુએ છે. તેથી જીવનું સ્વરૂપ ન જાણનાર અજ્ઞાનીને સ્વપ્નમાં પોતે ઈશ્વરથી જુદો નથી, એવું ભાન ન હોવાથી, પોતાનું માથું કપાતું જુએ છે. જ્યારે જીવના સ્વરૂપને જાણનાર જ્ઞાની, પોતે ઈશ્વરથી જુદો ન હોવાથી, ( ઈશ્વર માથું કપાતું જુએ છે તે ) પોતે જુએ છે. એ રીતે જ્ઞાની તથા અજ્ઞાની બન્ને સ્વપ્નમાં માથું કપાતું હોય તેમ જુએ છે. સ્વપ્નમાં જ્ઞાની જીવ પોતે ભગવાન્થી જુદો નથી એમ જાણે છે. માત્ર ગાઢ નિદ્રામાં અને દેહમાંથી નીકળી જવાના સમયે જ પોતે ભગવાન્થી જુદો છે એમ તે જાણે છે એમ ''પ્રાજ્ઞ આત્માથી સારી રીતે ભેટાયેલો શરીરમાં રહેલો આત્મા તેની પાછળ ઉપર ચઢે છે'' શ્રુતિ કહે છે. બ્રહ્મ જાણનાર જ્ઞાની ગાઢ નિદ્રામાં અને શરીરમાંથી નીકળી જવાના સમયે પોતે ભગવાન્થી જુદો હોવાનું જાણે છે, બીજાઓને તો તે સમયે ભાન હોતું નથી. તે રીતે ૩।૫।૯ માં સ્વપ્નના દૃષ્ટાન્તથી એમ જણાવેલું છે કે સત્ય ભગવાન્નું સ્વરૂપ ( સ્વપ્નમાં દેખાતા ) દેહથી જુદું છે, કારણ કે તે સમયે ( સ્વપ્નમાં ) ભગવાન્ જ જોનાર છે.

ત્યારે જે શિર કપાતું તે જુએ છે તે જીવના શરીરનું માનવાનો શો આધાર ? એવો પ્રશ્ન થાય, તે માટે શ્લોક.૧૦ માં જલમાં પડેલ ચન્દ્ર ના પ્રતિબિમ્બનું બીજું દૃષ્ટાન્ત આપેલું છે. જે જલ જેવા દેહ વગેરેરૂપ સંસારમાં ''આ હું છું'' એમ માને છે, તેને જ ધ્રુજવું વગેરે થાય છે( જલ હાલે ત્યારે જલમાં પડેલ ચન્દ્રનું પ્રતિબિમ્બ ધ્રુજતું દેખાય છે ), પરન્તુ આકાશમાં રહેલ ચન્દ્રને ધ્રુજારો વગેરે થતાં નથી. તેથી ચન્દ્ર અને તેનું પ્રતિબિમ્બ એક હોવા છતાં જલમાં પડેલા પ્રતિબિમ્બને જ ધ્રુજારો વગેરે થાય છે, ચન્દ્રને થતાં નથી તેમ ઈશ્વર અને માયા થી સંસારમાં સપડાયેલ જીવ ( દેહને ''આ હું છું'' એમ માનનાર જીવ ) જુદા ન હોવા છતાં તે જીવના દેહનું શિર છે. આ ( માયામાં ફસાયેલ હોવારૂપ ) સંકટ પોતાથી દૂર

થઈ શકે તેવું ન હોવાથી શ્લો.૧૧ થી તે દૂર કરવાનો ઉપાય દર્શાવેલો છે.૫૪-૫૭

**માયા દૂર કરવાનો ઉપાય :**

આ સંકટ ભક્તિમાર્ગથી અને જ્ઞાનમાર્ગથી એમ બે માર્ગથી દૂર થાય તેવું છે. તે પૈકી ભક્તિમાર્ગથી તે ધીરે - ધીરે નાશ પામે તેવું છે એવો મૈત્રેયનો અભિપ્રાય છે. સમ્પૂર્ણ સંકટનો નાશ તો ભગવાન્‌નો સાક્ષાત્કાર થાય ત્યારે થાય છે. ત્યાર પછી સ્વપ્ન થતું નથી. જાગતાં હોઈએ ત્યારે પણ દેહમાં ''આ આત્મા છે'' એવી બુદ્ધિ થતી નથી, પરન્તુ ગાઢ નિદ્રામાં થાય છે તેમ સદા બ્રહ્મના આનન્દનો અનુભવ થાય છે.

ભક્તિમાર્ગ પ્રમાણે મુક્તિ થાય છે એમ પણ કહેવું જોઈએ. તેથી શ્લો.૧૩માં ''જ્યારે મુરારિનાં કીર્તન કરવામાં આવતાં ગુણોનું શ્રવણ જ સર્વ દુઃખોનો નાશ કરે છે, તો પછી તેમનાં ચરણકમલની રજની સેવામાં પ્રીતિ તેમ કરે તેમાં કહેવું જ શું?'' એમ કૈમુતિકન્યાયથી મૈત્રેય તેમ જણાવે છે. આ વિષયનું દૃષ્ટાન્ત સહેલાઈથી મળે છે, કારણ કે ભગવાન્‌ના ગુણોનું કીર્તન કરવાથી સર્વને પરમાનન્દનો અનુભવ થાય છે. આ ગુણો શ્રવણ કરવાનું સાધન સહેલાઈથી પ્રાપ્ત થાય છે, કારણ કે સર્વ સ્થળે સત્પુરુષો સદા ભગવાન્‌ના ગુણોનું કીર્તન કરતા હોય છે. વળી આ ગુણોના કીર્તનનું શ્રવણ અમુક દેશમાં તથા અમુક સમયે જ કરવું જોઈએ એવો કાંઈ નિયમ ન હોવાથી તેમાં દેશ-કાલ વગેરેની દરકાર રાખવાની નથી.

એમ છે ત્યારે સર્વનું ( માયાના પરિણામનું ) સંકટ કેમ નાશ પામતું નથી ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે યોગ્ય રીતે ભગવાન્‌ના ચરિત્રનું કીર્તન છૂપું થાય છે અને તેવી રીતે થતા ચરિત્રનાં કીર્તનનાં શ્રવણથી જ ભગવાન્‌નો સાક્ષાત્કાર થાય છે. ( તેથી ) સાક્ષાત્કાર થવો દુર્લભ હોવાથી જ સર્વની મુક્તિ થતી નથી. તેથી જ ભક્તિમાર્ગ દુર્લભ છે.

ભક્તિમાર્ગ દુર્લભ હોવાથી જ જ્ઞાનમાર્ગ કહેલો છે. જ્ઞાનમાર્ગથી પણ તે જ પ્રકારનું જ્ઞાન થાય છે કે જેનાથી ભગવાન્ આત્માથી જુદા હોવાનું સ્ફુરતું નથી. એવી રીતે બન્ને માર્ગોનું સાધન ભગવાન્‌ની સેવા છે, કારણ કે ભગવાન્‌ની સેવા કરવાથી બન્ને પ્રાપ્ત થાય છે. તે સેવા પણ શાસ્ત્રના મૂલવાળી પઞ્ચરાત્ર વગેરેમાં જણાવેલા પ્રકારે કરેલી હોવી જોઈએ. પોતાની ઈચ્છાથી હર કોઈ પ્રકારે કરેલી હોવી ન જોઈએ. આ પ્રથમ આરમ્ભ કરેલી સેવા આરમ્ભમાં એવી રીતે કરવી જોઈએ. પાછળથી ભગવાન્ કૃપા કરે ત્યારે ભગવાન્ કહે તે પ્રકારે અથવા પોતાની ઈચ્છા પ્રમાણે પણ તેમની સેવા થઈ શકે છે.

ઉપર કહેલો સર્વ સિદ્ધાન્ત જાણવામાટે જ વિદુરને દુર્લભ ( મૈત્રેયનો ) સત્સન પ્રાપ્ત થયેલ હોવાથી તેણે ( ૧૪-૧૯મા શ્લોકમાં પોતાની શંકા તથા મૈત્રેયે કહેલ સિદ્ધાન્તનું સૂક્ષ્મ નિરૂપણ કરી ) શ્લો.૨૦ થી આ અધ્યાયના અન્ત સુધી મૈત્રેયને પ્રશ્નો કર્યા. બ્રહ્મા વગેરે જેમના સમ્બન્ધી અહીં પ્રશ્ન કરેલ છે તે વિરાટસ્વરૂપ પછી ઉત્પન્ન થયેલા હોઈ, સૃષ્ટિ રચનાર ભગવાન્‌ની વિભૂતિમાં તેઓનો સમાવેશ થાય છે. આ પ્રશ્નો વિદુરે ભગવાન્‌ની વિભૂતિઓ સમ્બન્ધી કર્યા અને ભગવાન્‌ની વિભૂતિઓનું જ્ઞાન

શ્રીભાગવતથી જ થાય છે, તેથી આ પ્રશ્નોના ઉત્તર જાણવામાં આવે તે માટે શ્રીભાગવતનું જ શ્રવણ કરવું જોઈએ. બીજું કોઈ શાસ્ત્ર આ વિભૂતિઓનું જ્ઞાન કરાવે તેવું નથી. મૈત્રેયને શ્રીભાગવતનું જ્ઞાન હતું એમ જણાવવા તેણે આઠમા અધ્યાયમાં આ પ્રશ્નના ઉત્તર આપતાં ૨-૯ સુધીના શ્લોકમાં શ્રીભાગવતનું ઉપાખ્યાન કહેતાં, તેનું જ્ઞાન પોતાને કેવી રીતે પ્રાપ્ત થયું તે જણાવવા તેની પરમ્પરા કહી, જેથી વિદુર તે બીજા પાસેથી શ્રવણ કરવાનો ઉદ્યમ ન કરે.

અહીં બ્રહ્માને ભગવાન્‌ની વિભૂતિ કહેલ છે, કારણ જે સાત પ્રકારે ભગવાન્‌ના સમ્બન્ધી થાય તે ભગવાન્‌ની વિભૂતિ છે.

૧. બ્રહ્માની ઉત્પત્તિ ભગવાન્‌માંથી થઈ( અ.૮।૧૦-૧૫ )
૨. ભગવાને તેમને સૃષ્ટિ રચવાનો ઉદ્યમ કરવાની અને તે માટે તપ કરવાની આજ્ઞા કરેલી.
૩. બ્રહ્માએ તપ કરી ભગવાન્‌ને પ્રસન્ન કર્યા( અ.૮।૨૧ ).
૪. તેમની સ્તુતિ કરી( અ.૯।૧-૨૧ ).
૫. અને તેમની પ્રાર્થના કરી વર માગ્યા( શ્લો.૨૨-૨૫ ).
૬. પછી ભગવાને તેમને સૃષ્ટિ કેવી રીતે રચવી તે સર્વ જણાવ્યું(શ્લો.૨૯,૩૦)
૭. બ્રહ્માએ ભગવાન્‌ની આજ્ઞા પ્રમાણે પહેલાંની પેઠે સૃષ્ટિ રચી.

–આ સાત પ્રકારે બ્રહ્મા ભગવાન્‌ના સમ્બન્ધમાં આવ્યા, તેથી તે ભગવાન્‌ની વિભૂતિ છે. આ સર્વ જણાવવામાટે વિદુરે પ્રશ્ન કર્યા ત્યારે મૈત્રેયે ઉત્તર આપ્યા, એમ સાતથી નવમા સુધીના ત્રણ અધ્યાયોથી સૃષ્ટિનો ઉપોદ્‌ઘાત કહેલો છે. કેટલાક કહે છે કે બ્રહ્મામાં ભગવાન્‌નો આવેશ થયેલો.

પાંચમા અને છઠ્ઠા અધ્યાયોમાં ગુણાતીત દેવથી ઉત્પન્ન થયેલી સૃષ્ટિ કહી. પછી સગુણ દેવથી થયેલી સૃષ્ટિ કહેવી જોઈએ. તે કહેવાનો આરમ્ભ તો ''બ્રહ્માએ પણ ભગવાને આજ્ઞા કરેલી તે પ્રમાણે એકસો દિવ્ય વર્ષો સુધી તપ કર્યું'' એમ અ.૧૦।૪ થી કરેલો છે. ત્યારે વચલા સાતમાથી નવમા સુધીના અધ્યાયોમાં સગુણ દેવથી થયેલી સૃષ્ટિ કહ્યાનું કેમ ગણાય ? એવી શંકા થાય, તો જાણવું કે એ ત્રણ અધ્યાયોથી સગુણ દેવથી ઉત્પન્ન થયેલી સૃષ્ટિનો ઉપોદ્‌ઘાત કહેલો છે. તેથી બ્રહ્મા ભગવાન્‌ની વિભૂતિ છે તેમ જણાવવું એ જ આ ત્રણ અધ્યાયોનું તાત્પર્ય છે, કારણ કે તેમાં સૃષ્ટિનું નિરૂપણ તો માત્ર થોડા ભાગ ( અ.૮।૧૩-૧૫ )માં જ કરેલું છે.૫૮ – ૬૨

**પદ્મકલ્પનું વર્ણન કરવાનું પ્રયોજન :**

આ સૃષ્ટિમાં ખાસ કરીને પદ્મકલ્પનું વર્ણન કરેલું છે ( અ.૧૦।૮ થી ). સાત્ત્વિક કલ્પોમાં પદ્મકલ્પ સર્વથી ઉત્તમ હોવાથી તેનું વર્ણન કરેલું છે. તે કલ્પ પહેલાનો કલ્પ તામસ હોવો જોઈએ. તેથી તે પહેલાનાં કલ્પમાં થયેલા પ્રલયનું વર્ણન કરેલું છે( અ.૮।૧૦ ). તે પહેલાંના કલ્પમાંના પ્રલયમાં જે બાકી રહેલ તે શેષશાયી ભગવાન્‌નું નિરૂપણ કરેલું

છે( અ.૮।૧૦-૧૨ ). ત્યાર પછીના, એટલે પદ્મકલ્પમાં સૃષ્ટિ તેમનામાંથી ઉત્પન્ન થઈ એમ જણાવવા તેમનું નિરૂપણ કરેલું છે ( અ.૮।૧૩-૧૫ ) તેથી પદ્મકલ્પ ઘણો જ શુદ્ધ છે.૬૩

**જુદા-જુદા કલ્પોમાં જુદી-જુદી વ્યવસ્થા :**

સૃષ્ટિના નિરૂપણમાં પદાર્થોનું જુદા-જુદા પ્રકારે વર્ણન કરેલું જોવામાં આવે છે. જુદા-જુદા કલ્પોમાં જુદા-જુદા પ્રકારે પદાર્થો ઉત્પન્ન થતા હોવાથી તેઓના વર્ણનમાં ભેદ આવે તે દોષરૂપ નથી. પૃથ્વીને વિરાટસ્વરૂપના જઘનરૂપ કહેલી છે( ૨।૧।૨૭ ). બ્રહ્મકલ્પમાં પૃથ્વી વિરાટના જઘનરૂપ હોય છે. વળી તેને કમલરૂપ કહેલી છે, કારણ કે પદ્મકલ્પમાં તે વિરાટસ્વરૂપની નાભિમાંથી નીકળેલા કમલરૂપ હોય છે( ૩।૯।૨૧ ). વળી આદિવરાહ કલ્પમાં અતલ વગેરે પાંચ નીચેના લોક નીચેથી વરાહે પોતાના હસ્તથી તેને ઉપર લાવી કમલના પત્ર ઉપર મૂકેલી. વળી તે જલમાં ડૂબી ગઈ ત્યારે ભગવાને વરાહકલ્પમાં તેનો ઉદ્ધાર કર્યો. પહેલાં પાંચ નીચેના લોક નીચેથી ઉપર લાવેલ તે શ્વેતવારાહ અથવા આદિવરાહકલ્પ; વરાહકલ્પથી જુદો જ છે. તેથી જુદા-જુદા પૃથ્વીના સ્વરૂપ જાણવામાં અથવા શ્રવણ કરવામાં આવે તેમાં વિરોધ હોવાનો માનવું નહિ( આ જુદા-જુદા કલ્પોમાટે જુઓ અ.૧૧।૩૪-૩૬ ).

કલ્પો તો ઘણા થઈ ગયાં છે, છતાં પૃથ્વીના જુદા - જુદા સ્વરૂપ ત્રણ કલ્પોનાં જ ઉપર દર્શાવેલાં છે, કારણ કે બીજા કલ્પો આ ત્રણ કલ્પોના જ વિકારો છે. તેથી તે બીજા દરેક કલ્પોમાં પૃથ્વી વગેરેનાં સ્વરૂપ આ ત્રણ કલ્પોનાં જે હોય તે પૈકીનું જ એક હોય છે. તેથી શ્રીભાગવતમાં પૃથ્વીનું સ્વરૂપ ત્રણ જ પ્રકારનું દૃષ્ટાન્ત તરીકે જણાવેલું છે.

આ કલ્પોમાં બીજા પણ કેટલાક જુદા-જુદા પ્રકારો જોવામાં આવે છે. બ્રહ્મકલ્પમાં એવી વ્યવસ્થા હોય છે કે ભગવાન્‌ના પુરુષસ્વરૂપના અવયવોમાંથી જ સર્વ ઉત્પન્ન થાય છે. તે સમયે પૃથ્વી અથવા સમુદ્રો વગેરેની ભગવાન્‌થી જુદી સ્થિતિ હોતી નથી. જેમ ખાઈની મધ્યે નગર હોય તેની પેઠે વિરાટનું સ્વરૂપ એકલું જ તેને વીંટી રહેલ જલની અન્દર રહેલું હોય છે. તે કલ્પમાં બધું હરિના શરીરરૂપ હોવાથી હરિ જ હોય છે, કારણ કે હરિ ( સર્વને પોતાનું શરીર ) જાણે છે.

બીજાઓ એમ કહે છે કે ભગવાન્ નારાયણે વિરાટ સ્વરૂપ પોતાની લીલાઓ કરવામાટે સાધન તરીકે ગ્રહણ કરેલું હોય છે. તેમના મત પ્રમાણે વિશ્વ ભગવાન્‌નું ક્રીડા કરવાનું સ્થાન છે, ભગવત્સ્વરૂપ નથી. ( વસ્તુતઃ ભગવાન્ વિશ્વને પોતાનું શરીર જાણે છે તે ભગવાન્‌માંથી જ ઉત્પન્ન થયેલું હોવાથી ) ભગવાન્ તેનું સમવાયી કારણ હોવા છતાં, જેમ કામધેનુ વગેરેમાંથી ઉત્પન્ન થયેલા પદાર્થોને કામધેનું ''આ પદાર્થ હું છું'' એમ માનતી નથી તે દૃષ્ટાન્ત પ્રમાણે ''આ વિશ્વ હું છું'' એમ ભગવાન્ માનતા નથી, પરન્તુ ''આ મારું છે'' એમ જ માને છે ( તેથી વિશ્વ પોતાનું શરીર છે એમ તે જાણે છે એમ કહેલું છે ).૬૪-૬૬।।

પછી પદ્મકલ્પમાં જ્યારે કમલમાંથી સર્વ જગત્ ઉત્પન્ન થાય છે, ત્યારે તે વિરાટના અવયવરૂપ હોતું નથી. પદ્મકલ્પમાં પ્રલયનું જલ પણ હોતું નથી, પરન્તુ નારાયણ અદશ્ય રહે છે. માત્ર તેમની નાભિમાંથી નીકળેલું કમળ જ ભૂમિ ઉપર રહેલા કમળની પેઠે રહેલું હોય છે અને જલ તે કમળની અન્દર ફરી ઉત્પન્ન કરેલું હોય છે, અથવા બ્રહ્માણ્ડની અન્દર રહેલું હોય છે. વિરાટ અદશ્ય રહેતાં માત્ર કમળ પ્રગટ જોવામાં આવે છે. આ કલ્પમાં કમળમાંથી સર્વ જગત્, ભગવાન્‌ના સર્વ અંશો( જીવો ) ભગવાન્‌ની માયા સાથે ભળેલા ઉત્પન્ન થાય છે.

જેમ પદ્મકલ્પમાં જલની ઉત્પત્તિ કરવામાં આવે છે, તેમ વરાહકલ્પમાં કોઈ વાર ભૂમિ જુદી જ ઉત્પન્ન કરવામાં આવે છે. તે સમયે તે બ્રહ્માણ્ડની છાલ પાસે નીચે રસાતલમાં જતી હોવાનું કહેલું છે. તે સમયે સાત સમુદ્રો ( જુઓ સ્કન્ધ ૫ અધ્યાય ૨૦ ) હોવા સમ્બન્ધી કાંઈ પ્રમાણ મળતું ન હોવાથી એ કલ્પમાં સાત સમુદ્રો હોતા નથી, તેથી અને ભૂમિ પચાસ કરોડ યોજન વિસ્તારવાળી ( જુઓ. ૩।૧૧।૩૮ ) હોવાનું જ્યોતિષ શાસ્ત્રથી વિરુદ્ધ હોવાથી, તે કલ્પમાં ભૂમિ પણ તેટલા વિસ્તારવાળી હોતી નથી.

આ કલ્પમાં બીજા પણ ભેદો હોય છે. બ્રહ્મકલ્પમાં નારાયણે શયન કરેલું હોતું નથી, પરન્તુ તે અદશ્ય જ રહે છે. બીજા પદ્મકલ્પમાં તે પોઢેલા હોય છે. ત્રીજા વરાહકલ્પમાં પણ કોઈ વાર પોઢેલા હોય છે ( અને કોઈ વાર પોઢેલા હોતા નથી ).

બ્રહ્મકલ્પ સિવાયના કલ્પોમાં પણ જગતનું મૂલ ભગવાન્ જ છે, કારણ કે વરાહકલ્પમાં પૃથ્વીનો ઉદ્ધાર ભગવાન્ જ કરે છે. પદ્મકલ્પમાં પણ કમળ ભગવાન્‌ના આધારે જ રહેલું હોય છે. તેથી જુદા – જુદા કલ્પોમાં જગત્ જુદા – જુદા પ્રકારે રહેલ હોવા છતાં, સર્વ કલ્પોમાં જગતનું મૂલ તો ભગવાન્ જ છે .૬૬।।-૭૦।।

**નારાયણના શયનનો પ્રકાર :**

અ.૮।૧૦ માં જેમના શયનનું વર્ણન કરેલું છે તે ભગવાન્ નારાયણ છે. વિરાટ સ્વરૂપનું શયન સમ્ભવતું ન હોવાથી એવી શંકા થાય કે આ શયન કરનાર કોણ હશે, પરન્તુ બ્રહ્માણ્ડનો ગોળ આડો પડેલ હોય ત્યારે તેમાં વિરાટ શયન કરે તે સમ્ભવે છે. આ કલ્પની પહેલાં પણ પદ્મકલ્પ જ હતો, કારણ કે અ.૧૦।૭ માં બ્રહ્મા કહે છે કે ''જે લોકનો પહેલાં લય થયેલો તેઓને હું આ કમળથી રચીશ''. ( આથી એમ જણાય છે કે બ્રહ્માના એક વર્ષ જેટલો એક કલ્પ હોય છે, તેમનાં ૧૦૦ વર્ષમાં ૧૦૦ કલ્પો થાય છે. બ્રહ્માના દરેક દિવસે, દિવસ તથા રાત્રિ પૂરાં થાય ત્યારે, પ્રલય થાય છે અને પાછી તે બીજે દિવસે સૃષ્ટિ ઉત્પન્ન કરે છે. પણ તેમાં ભેદ ઘણો ઓછો હોવાથી તેને જુદા કલ્પનાં નામ આપેલાં નથી. તેથી પદ્મકલ્પ પણ ૩૬૦ થાય છે. શ્રીસુબોધિની ). આ બ્રહ્માના દરેક દિવસે થતા પ્રલયમાં પોતાની અન્દર જ જલ રચી નારાયણ તે જલમાં શયન કરે છે. દરેક દિવસે થતો પ્રલય આવો પણ હોય છે. તેવો ન હોય તો નારાયણનું શયન સમ્ભવે નહિ. અથવા બ્રહ્માણ્ડની છાલમાં જલ હોય છે તે જલમાં નારાયણ પોઢે છે, એવો શાસ્ત્રમાં જણાવેલ તે પ્રકારનો

બીજો મત છે. તે સમયે ત્રણે લોકનો પ્રલય વિરાટની નિદ્રાના કારણે થયેલ હોય છે. તે સમયે ઉપર જણાવેલ વિરાટ પુરુષથી નારાયણ જુદા અથવા તેના અન્તર્યામી હોય છે અને સર્વના અધ્યક્ષ હોય છે. બન્ને મત પ્રમાણે નારાયણ જલની અન્દર જ રહેલા હોય છે.

જેટલા પદાર્થો સૃષ્ટિ સમયે ઉત્પન્ન થાય છે, તેટલાનો પ્રલય સમયે નાશ અને સૃષ્ટિ સમયે ઉત્પત્તિ થાય છે એમ જણાવવું જોઈએ. આ વિષયમાં વિરોધ થવાની શંકા થાય તો રજો રૂપથી સર્વ જગત્ પ્રલય દરમ્યાન તેમના ઉદરમાં રહે છે, એમ જાણવાથી તે શંકા દૂર થાય છે.

''આ વિશ્વ પહેલાં જલમાં ડૂબેલું હતું'' એમ અ.૮।૧૦ માં પહેલાં કહી નારાયણ ''પોતાના દેહની અન્દર સૂક્ષ્મ મહાભૂતોને રાખીને'' પોઢેલા હોય છે એમ અ.૮।૧૧ માં વિશ્વ, નારાયણના દેહની અન્દર હોવાનું કહેલું છે. આ સમ્બન્ધમાં એવી વ્યવસ્થા હોવાનું જાણવું કે આધિભૌતિક પદાર્થોનો પ્રલયમાં નાશ થાય છે અને આધ્યાત્મિક પદાર્થો નારાયણે પોતાના દેહની અન્દર રાખેલા હોય છે. તેથી તે સમયે સર્વ જગત્ રજો રૂપથી નારાયણના ઉદરમાં રહેલું હોય છે. તે મૂઢ (તમોગુણવાળું) અથવા પ્રકાશ (સત્ત્વગુણ વાળું) હોતું નથી. શ્રીકૃષ્ણની દૃષ્ટિ તેના ઉપર પડતાં તેની ઉત્પત્તિ થાય છે. જો તે તમોગુણ અથવા સત્ત્વગુણવાળું (મૂઢ અથવા પ્રકાશતું) હોય તો તેનો સપોચ(સૂક્ષ્મસ્થિતિ) તથા વિકાસ(વિસ્તાર અથવા ઉત્પત્તિ) થવાનું સમ્ભવે નહિ. તેથી તે રજો રૂપથી જ પ્રલય દરમ્યાન નારાયણના ઉદરમાં રહેલું હોય છે ૭૦।।-૭૩

**આ કલ્પમાં તત્ત્વોનો નિયમ નથી :**

પહેલા ગુણથી પર દેવથી થયેલ સર્ગમાં જેવું મહત્તત્ત્વ હતું તેવું ત્યાર પછીના આ પદ્મકલ્પમાં કમળ છે. (પહેલા સર્ગમાં જેમ તત્ત્વમાંથી જગતની ઉત્પત્તિ થયેલી તેમ આ કલ્પમાં કમળમાંથી સર્વ જગતની ઉત્પત્તિ થાય છે) તેથી મહત્તત્ત્વને બદલે આ કલ્પમાં કમળ છે અને તે કમળ જ જગતના આધારરૂપ છે.

કમળમાંથી બ્રહ્માની ઉત્પત્તિ કેવી રીતે થઈ ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ભગવાને જ પાલન કરનાર સ્વરૂપથી કમળમાં પ્રવેશ કર્યો અને તેમાં તે બ્રહ્માના રૂપથી પ્રકટ થયા. તેમણે કમળમાં શબ્દબ્રહ્મના સ્વરૂપથી પ્રવેશ કરેલો, તેથી પહેલા સર્ગના પુરુષને બદલે પણ આ સર્ગમાં બ્રહ્મા છે અને પુરુષથી નાનાસ્વરૂપથી જણાયેલા રહે છે. પદ્મકલ્પમાં વિરાટને બદલે પણ આ બ્રહ્મા જ છે.

આ શબ્દબ્રહ્મરૂપ બ્રહ્મા બે કાર્યો કરી શકે તે માટે તેમનાં બે રૂપો થયાં : ૧. તે પૈકી ચાર મુખવાળા બ્રહ્મા પોતે જ વેદના અર્થરૂપ થયા અને તેમનાથી રૂપપ્રપઞ્ચ (જગતના જુદા - જુદા પદાર્થો)ની ઉત્પત્તિ થઈ. ૨. બ્રહ્મા અન્દરથી શબ્દબ્રહ્મરૂપ પણ થયા અને તેમનાથી વેદો ઉત્પન્ન થયા. જો કે આ બન્ને સ્વરૂપો એક હોય તેમ કહેવામાં આવે છે, છતાં અર્થથી શબ્દનું રૂપ જુદું છે.

કમલમાં ઉત્પન્ન થયેલા એવા મોટા બ્રહ્માને પોતાનું કારણ શોધવામાં બુદ્ધિનો

ભ્રમ કેમ થયો ?( અ.૮।૧૯ ) એવો પ્રશ્ન થાય, તો જાણવું કે અન્દરની દૃષ્ટિ ન રાખવાથી તેમને ભ્રમ થયો. જ્યારે ફરી તેમની દૃષ્ટિ અન્દરની થઈ ત્યારે તેમને પોતાનું કારણ જાણવામાં આવ્યું( અ.૮।૨૨ ). આ પોતાના કારણરૂપ જે ભગવાન્‌ને તેમણે જોયા તે જ બ્રહ્મનું સ્વરૂપ ( જગત્ તે બ્રહ્મના સ્વરૂપથી જ ઉત્પન્ન થયેલું ). તે બ્રહ્મ સાકાર જ હતું એમ ૨૩।૩૧ સુધીના શ્લોકમાં કહેલા વર્ણનથી જણાય છે. અને તેથી જગતનું કારણ પણ સાકાર બ્રહ્મ જ છે. આ કલ્પમાં કમળ અને બ્રહ્મા બે જ હતાં, તે બે સિવાય બીજું કોઈ ન હતું. આ બેનું જે કારણ હતું તે જો સાકાર હોય તો જગતનું કારણ-બ્રહ્મ તેવું જ ગણાય. કારણ કે પોતાનું કારણ શોધનાર બ્રહ્માને કારણ જ જોવામાં આવે. તેથી તે સાકાર બ્રહ્મ જ કારણ છે એમ જાણી તે બ્રહ્મનું વર્ણન ( અ.૮।૨૩-૩૧ વડે ) કરેલું છે અને બ્રહ્માએ નવમા અધ્યાયમાં સ્તુતિ કરેલા છે. તે બ્રહ્મ છે એમ જણાવવા આ વર્ણન તથા સ્તુતિ કરેલાં છે.૭૪ - ૭૬

**બ્રહ્માએ કરેલી સ્તુતિ :**

બ્રહ્માએ નવમા અધ્યાયમાં જે સ્તુતિ કરી છે તે ભગવાન્‌ના સ્વરૂપનો નિર્ણય કરાવનારી છે. બ્રહ્માએ આ અધ્યાયના પહેલા એકવીસ શ્લોકોથી આ સ્તુતિ કરેલી છે. આ શ્લોકોની સઙ્ખ્યા પણ તે સાકાર બ્રહ્મ છે એમ જણાવે છે : ''દશ હાથની આંગળીઓ, દશ પગની આંગળીઓ અને એકવીસમો આત્મા, એમ પુરુષ એકવીસ અનવાળો છે''. આથી એમ સિદ્ધ થાય છે કે ભગવાન્‌નું સદા ભજન કરવું અને તેવું ભજન જ ફલરૂપ છે. બ્રહ્મા આવા ભજનની પ્રાર્થના ૨૨-૨૫ સુધીના ચાર શ્લોકોથી કરે છે. વાસ્તવિક રીતે ભગવાન્‌ની કૃપામાટે જ પ્રાર્થના કરવી જોઈએ, અને અહીં બ્રહ્મા જેની પ્રાર્થના કરે છે તે - તે કૃપા પણ કરાવનારું છે, તેથી બ્રહ્મા આ જ પ્રાર્થના કરી માગે છે, કારણ કે સંસારમાં આ દુર્લભ છે. ભજન થઈ શકે તે માટે બ્રહ્મા ચાર પદાર્થોની પ્રાર્થના કરે છે. અને તે ચાર પદાર્થોની પ્રાર્થનાથી જ વાસ્તવિક રીતે તેમણે ભજનની પ્રાર્થના કરેલી છે. ૧. સાત્ત્વિકપણું અથવા જ્ઞાન ૨. ભગવાન્‌ના ગુણોમાં આસક્તિ અથવા ભગવાન્‌ના ચરિત્રના કીર્તનમાં રચ્યા - પચ્યા રહેવાપણું ૩. વાચક એટલે બ્રહ્મ જણાવનાર વેદ પોતે ભૂલી ન જાય તે અને ૪. સર્વ પ્રસંગોમાં પોતાને ઉદ્વેગ ન થવો અથવા પોતાના શોકનો નાશ –એ ચારની બ્રહ્માએ ૨૨-૨૫ સુધીના ચાર શ્લોકોથી અનુક્રમે પ્રાર્થના કરી.

એ ચાર તો પ્રમાણ ( શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે વર્તન કરવા ) થી જ પ્રાપ્ત કરવાં જોઈએ એવી શંકા ન કરવી, કારણ કે આ ચાર ભગવાન્ જ આપી શકે, બીજા કોઈ પ્રકારે પ્રાપ્ત થઈ શકે તેવાં નથી ૭૭ - ૭૮

**પ્રાર્થનાનો ઉત્તર :**

બ્રહ્માએ એવી પ્રાર્થના કરી ત્યારે ભગવાને તેમને ફરીથી તપ વગેરે સાધનો કરવાનો જ ઉપદેશ કર્યો( શ્લો.૩૦ ). પણ તેમણે માગેલ પદાર્થો તૈયાર તેમને આપ્યા નહિ, કારણ કે બ્રહ્માએ ભગવાન્‌ની પ્રેમથી સેવા કરી ન હતી. તેથી બ્રહ્માએ શું કરવું જોઈએ એ

વિષયનો ભગવાને તેમને ઉપદેશ જ કર્યો. ભગવાને બ્રહ્માની પ્રાર્થનાનો પ્રાર્થના પ્રમાણે ઉત્તર આપેલો નથી, પરન્તુ સાધનો કરવાં એવો જુદો જ ઉપદેશ કરેલો છે. પહેલાં તપ કરવાનો ઉપદેશ કર્યો( શ્લો.૩૦ ), કારણ કે તપથી સાત્ત્વિકપણું પ્રાપ્ત થાય છે. પછી જ્ઞાન પ્રાપ્ત કરવાનું કહ્યું. ( અને જ્ઞાન તપથી જ પ્રાપ્ત થાય છે શ્લો.૩૨ ) કારણ કે જ્ઞાનથી ભગવાન્‌ના ગુણોમાં આસક્તિ થાય છે. બ્રહ્મ જણાવનાર વેદ ન ભૂલવાનું પણ જ્ઞાનથી જ પ્રાપ્ત થાય છે. આ ત્રણ પ્રાપ્ત થતાં, શોક ન થવો એ તે ત્રણના ફળરૂપ હોવાથી એની મેળે જ પ્રાપ્ત થાય છે. બીજું ભગવાન્‌ની લીલાના જ્ઞાનરૂપ ફળ પણ પ્રાપ્ત થાય છે. જ્યારે ભગવાન્‌ની લીલાનું જ્ઞાન થાય ત્યારે હૃદયમાં ઉત્સાહ અને વેદ ન ભૂલવાનું ઉત્તમ પ્રકારે પ્રાપ્ત થાય છે.

શ્રીકૃષ્ણમાં આસક્તિ હોવી એ ઉદ્વેગ ન થવાનું બીજું કારણ છે. શ્રીકૃષ્ણમાં આસક્તિ હોય તો ઉદ્વેગ થતો નથી, કારણ કે હરિ સદા ભક્ત ઉપર પ્રસન્ન રહે છે. ‘‘શ્રીકૃષ્ણ પ્રાપ્ત થાય નહિ ત્યાં સુધી તો ભક્તને ઘણોજ ઉદ્વેગ રહે’’ એમ ન માનવું કારણ કે શ્રીકૃષ્ણ ઉપર નિત્ય પ્રેમ રાખનાર ભક્ત ઉપર તે સદા પ્રસન્ન રહે છે અને તેને ઉદ્વેગ થવા દેતા નથી. આ અર્થ જણાવવા જ ૩૫-૪૨ સુધીના આઠ શ્લોકો ભગવાને બ્રહ્માને કહેલા છે. પછી ભગવાને જે સ્વરૂપે બ્રહ્માને દર્શન દીધેલાં તે સ્વરૂપથી જ તે તિરોહિત થયા, એટલે તે સ્વરૂપ નિત્ય પણ છે. એ રીતે નવમા અધ્યાયમાં એમ સિદ્ધ કર્યું છે કે બ્રહ્માના પિતા બ્રહ્મ ( ભગવાન્ ) છે ૭૯ - ૮૦

**સગુણસૃષ્ટિ સમ્બન્ધી પ્રશ્ન તથા ઉત્તર નું સ્થાન :**

સગુણ દેવથી ઉત્પન્ન થયેલી સૃષ્ટિ નવમા અધ્યાયમાં જ કહેવી જોઈએ અને તે સમ્બન્ધી પ્રશ્ન પણ તે જ અધ્યાયમાં કરવો જોઈએ, તે નવમા અધ્યાયમાં ન કહેતાં દશમા અધ્યાયમાં કાલપ્રકરણમાં કેમ કહેલાં છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે વિદુરે સાતમા અધ્યાયમાં પ્રશ્ન કરેલા. પછી વચ્ચે ઉપોદ્‌ઘાત તરીકે મૈત્રેયે ભગવાન્‌નું ચરિત્ર કહ્યું, ત્યારે વિદુરનું ચિત્ત ભગવાન્‌માં લાગ્યું. તે ભગવાન્‌ના ચરિત્રનું શ્રવણ કરતાં તે પૂર્ણ થયું ત્યાં સુધી તેણે કાંઈ પ્રશ્ન ન કર્યા. પ્રશ્ન ન કર્યા એટલે મૈત્રેયે ઉત્તર પણ ન આપ્યો. તે ચરિત્રનું શ્રવણ પુરું થયા પછી વિદુરે દશમા અધ્યાયના આરમ્ભમાં પ્રશ્ન કર્યો ત્યારે મૈત્રેયે ઉત્તર આપ્યો. તેથી એ સૃષ્ટિનું નિરૂપણ પાછળથી કરેલું હોવા છતાં પહેલાની કથાના અન તરીકે જ છે એમ જાણવું. આથી એમ પણ સૂચવેલું છે કે જ્યારે પ્રસંગને લીધે પણ ભગવાન્‌ની કથાનું શ્રવણ પ્રાપ્ત થાય ત્યારે ભગવાન્‌ના ભક્તોએ ચાલતા પ્રસંગમાં ઉદાસીનતા રાખવી. એમ કરે ત્યારે જ ભક્ત ગણાય. વિદુર ભક્ત છે કે નહિ તેની પરીક્ષા કરવામાટે જ મૈત્રેયે તેની રીતે વચ્ચે ભગવાન્‌ની કથા કહી. તે પૂરી થાય પછી જ વિદુરે પ્રશ્ન કર્યો. તેથી જ ગુરૂ મૈત્રેય તેનાપર પ્રસન્ન થયા એમ અ.૧૦।૩ થી જણાવેલ છે. મૈત્રેય તેથી પ્રસન્ન થયા એમ જણાવનારું ચિહ્‌ન એ છે કે વિદુરે જે - જે ક્રમથી પ્રશ્નો કરેલા તે જ ક્રમથી મૈત્રેયે પાછળથી તેના ઉત્તર આપ્યા. પહેલાં વિદુરે જે પ્રશ્નો કરેલા તેના સમ્બન્ધવાળા જ ઉત્તર આપ્યા. જો તે પ્રસન્ન

થયા ન હોત તો પહેલાંના પ્રશ્નોના સમ્બન્ધ વિના જ તે ઉત્તર આપત.૮૧-૮૧ાા

**કલ્પના સમ્બન્ધ :**

પદ્મકલ્પો પણ ઘણા થઈ ગયા. જો પદ્મકલ્પ એક જ હોય તો ''પહેલાં લય પામેલા લોકોને હું આનાથી રચીશ'' ( અ.૧૦।૭ ) એ બ્રહ્માનું વચન ઘટે નહિ. પદ્મકલ્પો ઘણા થયેલા હોવાથી જ બ્રહ્માને એવું જ્ઞાન થયાનું કહેલું છે. આથી એમ સિદ્ધ થાય છે કે પદ્મકલ્પો પદ્મ ( કમળ )ને લીધે બીજા બધા કલ્પોથી જુદા પડે છે.

ત્યારે ''તેના જ અન્તે કલ્પ થયો તે 'પદ્મકલ્પ' કહેવાય છે'' ( અ.૧૧।૩૫ ) એ વાક્ય ખોટું ઠરશે, એમ ન માનવું. એ વાક્ય તો બ્રહ્મકલ્પથી પદ્મકલ્પ જુદો હોવાનું જણાવે છે. વળી બીજા બ્રહ્માણ્ડમાં જે બ્રહ્મા હોય તે જુદા બ્રહ્માના આયુષ્યનું પહેલું અર્ધ( ૫૦ વર્ષ ) પૂરું થતાં પદ્મકલ્પ થયો એમ માનવાથી પણ કાંઈ દોષ રહેતો નથી. આથી એમ પણ સૂચવેલું છે કે બ્રહ્મા પણ જુદા - જુદા હોય છે.

અથવા અ.૧૧।૩૫ માં 'અન્ત' શબ્દ વર્ષના અર્થમાં યોજેલો જાણવો. એવો અર્થ કરતાં એમ જણાય છે કે બ્રહ્મકલ્પો પણ ૩૬૦ હોય છે. બધા કલ્પોનો આ સામાન્ય વિભાગ છે. માત્ર વર્ષોના છેલ્લા દિવસના આ વિભાગો નથી, પરન્તુ આખા વર્ષના છે. આથી બીજા કલ્પોના પણ ( ૩૬૦ ) વિભાગો હોવાનું સૂચવેલું છે.

સગુણ બ્રહ્મથી થયેલી સૃષ્ટિ જુદી કેમ વર્ણવી નથી ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે અ.૧૦।૯ થી સામાન્ય રીતે સર્વ પ્રકારની સૃષ્ટિના વિભાગ કહેલા છે. એ પ્રમાણે ગુણાતીત દેવથી અને સગુણ દેવથી થયેલી એમ બે પ્રકારની સૃષ્ટિ અ.૫ થી આરમ્ભી અ.૧૦।૯ સુધીથી સમ્પૂર્ણ રીતે કહી.૮૧ાા-૮૩ાા

**કાલસૃષ્ટિ – અધ્યાય ૧૦-૧૧ :**

હવે કાલસૃષ્ટિ કહેવામાં આવે છે. ( કાલદ્વારા તત્ત્વોની અને મુક્ત થયા ન હોય તેવા જીવોની સૃષ્ટિ કહેવાની છે ). આ સૃષ્ટિમાં વિભૂતિ મુખ્ય હોવાથી હવે કારણોની કથા કહેવામાં આવે છે. રૂપ ( પદાર્થો )ની સૃષ્ટિમાં કાલ અને જીવ એ બે કારણો છે અને નામસૃષ્ટિમાં વેદ કારણ કહેવાય છે. તે પૈકી કાલસૃષ્ટિ જ દશમા અને અગિયારમા એ બે અધ્યાયમાં કહે છે.

કાલનો જન્મ કાર્યથી( કાલમાં ઉત્પન્ન થતા પદાર્થોથી ) થાય છે, કારણ કે કાર્ય કાલની ઉપાધિને વશ હોય છે. સ્વભાવથી કાલની ઉત્પત્તિ ત્રણ( જનન-સમાગમ-પ્રાકટ્ય ) માંથી કોઈ પણ પ્રકારની થતી નથી. 'જન્' ધાતુનો અર્થ પ્રકટ થવું; 'દેખાવું' છે. જ્યારે કે કાલ દેખાતો નથી તેથી, અને વળી તે ભગવાન્‌નો અવતાર હોવાથી તેની કોઈ પ્રકારની ઉત્પત્તિ થતી નથી. ( તે 'અવ્યક્ત' દેખાય નહિ તેવો હોવાથી સર્વ સ્થળે હોવાથી તેની સમાગમરૂપ ઉત્પત્તિ થતી નથી અને ભગવાન્‌નો અવતાર હોવાથી તેની જીવોની પેઠે ઉત્પત્તિ થતી નથી ). તેથી ત્રણ પ્રકારની ઉત્પત્તિ પૈકી કોઈ પણ પ્રકારની કાલની ઉત્પતિ થતી નથી.

ત્યારે કાલની કથા સૃષ્ટિના પ્રકરણમાં કેમ કહી ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે તે

સૃષ્ટિનું કારણ છે. કાલ સૃષ્ટિનું કારણ હોવાનું અનુભવથી જણાયેલ છે, તેમજ ''જેના ભયથી આ પવન થાય છે'' વગેરે શાસ્ત્રનાં વાક્યોથી પણ સિદ્ધ થયેલું છે. તેથી કાલ સંબંધી વિદુરે પ્રશ્ન કર્યો(અ.૧૦।૧૦) અને શ્લો.૧૧ થી આરંભી મૈત્રેયે તેનો ઉત્તર આપેલ છે તે યોગ્ય જ છે.૮૩।-૮૫।।

મૈત્રેયે કાલનું લક્ષણ( શ્લો.૧૧ ), સ્વરૂપ( શ્લો.૧૩ ) અને તે જગત્નું ઉપાદાન કારણ હોવાનું( શ્લો.૧૩માં ) કહેલ છે. સર્વ( જગત્ ) બ્રહ્મરૂપ છે, પણ કાલ સર્વ પદાર્થોની હદ બાંધનારો છે, તેથી તે સર્વ જગત્નું કારણ છે. જગત્ના સર્વ પદાર્થોની હદ કાલથી જ બંધાય છે, તેથી કાલ જ સર્વ પદાર્થો રચનારો છે.

કાલને આવું સામર્થ્ય ક્યાંથી પ્રાપ્ત થયું ? એવી શંકા થાય, તો જાણવું કે સર્વ પદાર્થોની હદ બાંધવામાટે જ કાલ; કાલરૂપ છે. રસ વગેરે પ્રકટ કરવા નાટ્ય કરવામાં આવે, તેમાં હાથથી જ અમુક પ્રકારની ચેષ્ટા કરીને સર્વ પદાર્થો દેખાડવામાં આવે છે, તેવી રીતે બ્રહ્મ સર્વ પદાર્થ તરીકે પ્રકટ થાય તે માટે તે પદાર્થોની હદ ભગવાન્ની ચેષ્ટારૂપ કાલ જ બાંધે છે.

કેટલાક બ્રહ્મનો આવિર્ભાવ કરાવનાર કાલ છે એમ કહે છે, પરન્તુ તે સત્ય નથી. બ્રહ્મનો આવિર્ભાવ તો બ્રહ્મ પોતે જ કરે છે. બ્રહ્મના આવિર્ભાવ અને તિરોભાવ બન્ને બ્રહ્મ પોતે પોતાની મેળે જ કરે છે. કાલ તો માત્ર પદાર્થોની હદ બાંધવાનું કાર્ય જ કરે છે ૮૫।।-૮૭

**અધ્યાય ૧૦; કાલનું સામાન્ય વર્ણન :**

હવે કાલનું વર્ણન કરવાનું છે. સામાન્ય અને વિશેષ પ્રકારથી તેનું વર્ણન અનુક્રમે દશમા તથા અગિયારમા અધ્યાયોમાં કરેલું છે. દશમા અધ્યાયમાં કાલના જુદા - જુદા કાર્યોનું નિરૂપણ કરેલું છે, કારણ કે કાર્યોનું નિરૂપણ એ જ કાલનું સામાન્ય રીતે વર્ણન છે. કાર્યોથી કાલનું વર્ણન કરવામાં આવે તે જ સામાન્ય રીતે કાલનું વર્ણન કરેલું ગણાય.

ત્યારે અહીં દશ પ્રકારની સૃષ્ટિ કેમ કહી ? ''સામાન્ય રીતે આખુંયે જગત્ કાલનું કાર્ય છે'' એમ કહેવું જોઈતું હતું ! એવી શંકા થાય, તો જાણવું કે એમ કહેવાથી બધા કાર્યોનું જ્ઞાન થાત નહિ. તેથી બધા કાર્યો બુદ્ધિથી સહેલાઈથી જણાય તે માટે કોઈક પ્રકારનો આધાર લઈ કાર્યોની ગણના કરવી જોઈએ. તેથી દશ પ્રકારની સૃષ્ટિ કહેલી છે.

આ સૃષ્ટિમાં પક્ષીઓની ગણતરી કરતાં 'ભલ્લૂક' ગણેલ છે ( શ્લો.૨૪ ) તે જામ્બવાનની જાતનું એક પ્રકારનું પશુ( રીંછ ) હોવાનું લોકમાં પ્રસિદ્ધ છે, તેથી પક્ષીમાં તેની ગણતરી કરી તે યોગ્ય નથી; એવી શંકા થાય, તો જાણવું કે તેને રૂંવાડાંરૂપ પાંખ હોવાથી તેને પક્ષીમાં ગણેલું છે, અથવા અહીં રીંછને ભલ્લૂક કહેલ નથી. પરન્તુ 'ભલ્લૂક' પણ અમુક જાતનું પક્ષી છે ( કે જે હાલે જોવા મળતું નથી ) તેને અહીં 'ભલ્લૂક' શબ્દથી કહેલું છે.૮૮-૮૯

''જેઓના ખોરાકની ગતિ નીચી હોય છે એવા મનુષ્યોની નવમી સૃષ્ટિ એક

પ્રકારની છે'' ( અ.૧૦।૨૫ ) એમ મનુષ્યોની સૃષ્ટિ એક પ્રકારની કેમ કહી છે ? જ્યારે કે ''જે મધ્યમ મનુષ્યો છે તેઓ તો...'' વગેરે સ્થળે મનુષ્યોના જુદા પ્રકારો ગણેલા છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે અહીં જે મનુષ્યો કહેલા છે તે તો કાલના કાર્યરૂપ કૃત્રિમ મનુષ્યો છે. અકૃત્રિમ સ્વાભાવિક મનુષ્યો તો ત્રણ પ્રકારના છે. ગુણોને લીધે તેઓ ત્રણ પ્રકારના છે. સાત્ત્વિક મનુષ્યો ઉત્તમ છે. તેઓની જ્ઞાનમાં અથવા ભક્તિમાં શ્રદ્ધા છે. બીજાઓને પણ તેઓના ગુણ પ્રમાણે જાણવા. તેઓ મધ્યમ અને કનિષ્ઠ, અથવા રાજસ અને તામસ મનુષ્યો ''તું જન્મ લે અને મરણ પામ'' એ માર્ગમાં કહેલા હોવાનું કહેલ છે, કારણ કે તેઓ કર્મને આધીન છે.૯૦

ભગવાન્ અનેક પ્રકારની સૃષ્ટિ રચે છે. તેમાં કેટલાક ઘણા સુખી અને કેટલાક દુઃખી હોવાથી તે પક્ષપાતી અને ક્રૂર હોવારૂપ દોષ થાય છે; આવી શંકા પણ ન કરવી, કારણ કે ભગવાન્ પોતે જ સર્વરૂપ થતા હોવાથી એવો દોષ તેમનામાં નથી. ( કોઈ પોતાનો જ પક્ષપાત કરે અથવા પોતાની ઉપર જ ક્રૂરતા કરે એમ કહેવાય નહિ ).૯૧

આ સૃષ્ટિના દશ પ્રકારો સદા કાલમાંથી ઉત્પન્ન થયા જ કરે છે કે એક વાર જ ઉત્પન્ન થયા છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે કાલમાંથી તે એક વાર જ ઉત્પન્ન થયેલા છે અને પાછળથી જુદા – જુદા પ્રકારની સૃષ્ટિમાંથી તે – તે પ્રકારની સૃષ્ટિ થયા કરે છે. તેથી કાલની કથા તે બધી સૃષ્ટિઓનું મૂલ કારણ હોવાથી વિસ્તારથી કહેલી છે.૯૧।।

**અધ્યાય ૧૧ ; કાલનું વિશેષ વર્ણન :**

કાર્ય ( પદાર્થ )નો નાશ થાય છે. ( પદાર્થના કટકા કરતાં તેનો નાશ થાય છે. કટકા કર્યે જઈએ તો છેવટે સર્વથી નાનો કટકો એવો થાય કે જેના કટકા થઈ શકે નહિ, આવો સર્વથી નાનામાં નાનો ભાગ, જેનો વિભાગ અથવા કટકો થઈ ન શકે તે 'પરમાણુ' કહેવાય છે ). પરમાણુ સુધી જ કાર્યનો નાશ થાય છે, કારણ કે સ્થૂલપણું ન રહે ત્યારે સૂક્ષ્મપણું થયેલું ગણાય. અને જ્યાં સૂક્ષ્મપણાની હદ આવી રહે ( એટલે જેથી વધારે સૂક્ષ્મપણું થઈ ન શકે ) તે પરમાણુ કહેવાય છે. કાલનું પરમાણુ ગણવામાં એવો તર્ક છે કે માનસ પર્વતની ઉપરની ભૂમિનો પરમાણુ જેટલો ભાગ સૂર્યનો રથ જેટલા સમયમાં જાય, તેટલો કાલ 'પરમાણુ' કહેવાય છે. ( સૂર્યનો રથ તેના માર્ગમાં જેટલા સમયમાં પરમાણુ ભૂમિ ઓળંગે, તેટલો સમય 'પરમાણુ' કાલ છે( શ્લો.૪ ).૯૧।।–૯૩

સૂર્યનો રથ જેટલા સમયમાં આખું આકાશ માણ્ડલ ફરી રહે તેટલો મોટો( લામ્બો ) સમય 'સંવત્સર' કહેવાય છે. સંવત્સર પૂરો થયા પછી તે ફરી થાય છે, એમ વારંવાર તે થયા કરે છે. પ્રભવ વગેરે સાઠ સંવત્સરો બૃહસ્પતિની ગતિથી સંવત્સરનું માપ ગણવામાં પ્રસિદ્ધ છે. આકાશમાં બૃહસ્પતિ બાર આરા( રાશિ ) વાળું કાલચક્ર બાર વર્ષે પુરું ફરી વળે છે. સાઠ વર્ષમાં પાંચ વાર નક્ષત્રમણ્ડલ ફરી વળતો હોવાથી સંવત્સર વગેરે વર્ષના પાંચ ભેદ થયેલા છે( શ્લો.૧૪ ) બાર વર્ષે નક્ષત્રમણ્ડળ ફરતા બૃહસ્પતિના એવી રીતે સાઠ વર્ષમાં પાંચ સંવત્સર થાય છે.

સઙ્ખ્યા 'પર' સુધીની જ હોય છે, પરથી વધારે હોતી (ગણી શકાતી) નથી. તેથી પરાર્ધ(પરનું અર્ધ) થી અધિક સઙ્ખ્યા ફરી આવી શકતી નથી જ. સંવત્સરની (આટલી સઙ્ખ્યા સુધીની) ગણતરી કરવાથી બ્રહ્માના દિવસની ગણતરી થઈ શકે નહિ. તેથી સંવત્સરથી આગળ વધી યુગની કલ્પના કરી છે અને બ્રહ્માના દિવસની ગણતરી યુગોની ગણતરીથી કરવામાં આવે છે. ૯૪-૯૫।।

**ધર્મનિરૂપણ :**

કૃતયુગ વગેરે યુગોનું વર્ણન કરતાં ''જ્યાં ધર્મ રચવામાં આવે છે'' (શ્લો.૨૦) એમ ધર્મનું વર્ણન કરેલું છે તે નકામું કરેલ છે એવી શંકા થાય, તો જાણવું કે ''જાતિથી પ્રજાઓ કૃતકૃત્ય હોય છે'' વગેરે વાક્ય પ્રમાણે ધર્મને લીધે જ 'કૃતયુગ' વગેરે શબ્દો યોજાયેલા છે. તેથી યુગનું નિરૂપણ કરતાં, તે યુગમાં ઉત્પન્ન થનાર મનુષ્યો વિશે સન્દેહ થતાં, તેઓનું પણ નિરૂપણ કરવું જોઈએ. અને મનુષ્યોના જુદા - જુદા ધર્મો(ફરજો)નો વિભાગ કરનાર ધર્મ જ હોવાથી જુદા - જુદા યુગના જુદા ધર્મનું વર્ણન કરેલું છે.

એમ હોય તો કૃત વગેરે યુગોમાં દિવસે અને રાત્રે પણ ધર્મમાટે (સર્વે) ઉદ્યમ કરવો જોઈએ ! એવી શંકા થાય, તો જાણવું કે સર્વ યુગોમાં દિવસે જ ધર્મ કરવો અને રાત્રે ન કરવો એવી સામાન્ય વ્યવસ્થા કરેલી છે. વળી દરેક કલ્પમાં રાત્રે અને દિવસે કરવાનાં કાર્યો જુદાં - જુદાં હોય છે. તે જણાવવામાટે પણ ધર્મ વગેરેનું વર્ણન કરવું જોઈએ. ધર્મ થઈ શકે તે માટે જ મન્વન્તરોનું વર્ણન કરેલું છે(શ્લો.૨૩-૨૪).

ધર્મના છ અંગો (જુઓ સર્વનિર્ણય પ્રકરણ. શ્લો.૩૯-૪૦.) જણાવવામાટે જ મન્વન્તર છ પ્રકારનો (છ અનવાળો) હોવાનું કહેલ છે(શ્લો.૨૪). કારણ કે તે મનુ, મનુના પુત્રો વગેરે છયે જુદા - જુદા છે, કેમકે દેશ વગેરે ધર્મના છ સાધનો પણ જુદા - જુદા છે. તેથી મનુ વગેરે છ ભેગા થાય ત્યારે જ ધર્મ થાય છે એમ નક્કી થયેલ છે.

મનુ વગેરે છ હર કોઈ પ્રકારે ઉત્પન્ન થાય છતાં જો પરસ્પર વિરુદ્ધ ગુણોવાળા હોય તો તેઓનો નાશ થાય, તેથી સર્વની પ્રતિષ્ઠા રહે, માટે ભગવાન્‌નાં કાર્ય, તેઓનાં પાલન, નું નિરૂપણ કરેલું છે(શ્લો.૨૬).

ભગવાન્ તેઓનું પાલન કરતા હોય તો કોઈ પ્રલય થાય નહિ ! એવી શંકા થાય, તો જાણવું કે પ્રલયનું મૂળ પણ ભગવાન્ જ છે. પ્રલય પણ ભગવાન્ જ કરે છે(શ્લો.૨૭-૩૧).

પરમ દયાળુ ભગવાન્ પ્રલય શા માટે કરે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે પ્રલયમાં ભગવાન્ શયન કરે ત્યારે સર્વ સુખી થાય છે. સદા જન્મ અને મરણ થયા કરતાં હોવાથી તેનાથી દુઃખી થયેલા જીવો ભગવાન્ શયન કરે ત્યારે જ સુખ પ્રાપ્ત કરે છે.૯૫।।-૯૮।।

**ત્રણ બ્રહ્માઓ :**

પદ્મકલ્પના અન્તે જ બ્રહ્મા શયન કરે છે. બ્રહ્માણ્ડ તે બ્રહ્માનો દેહ છે. એમ બ્રહ્મા

શયન કરતા હોય, તો ત્રણ લોકોનો નાશ જ થાય. ત્યારે ''જનલોકમાં રહેનારાઓથી સ્તુતિ કરાતા'' એમ શ્લો.૩૧ માં જે કહ્યું છે તે ઘટતું નથી. (કારણ કે મહર્લોકથી નીચે રહેલ જલમાં બ્રહ્મા શયન કરે છે અને સ્તુતિ કરનારાઓ તેની ઉપર જનલોકમાં હોવાથી તેઓ વિનયહીન ગણાય). એવી શંકા ન કરવી, કારણ કે આખું બ્રહ્માણ્ડ આ બ્રહ્માનો દેહ છે, એવી રીતે ત્રણે લોકમાં કલ્પ વગેરેથી વ્યવસ્થા કરવી. તેમ ન કરીએ તો ''તેના જ અન્તે કલ્પ થયો તેને પદ્મકલ્પ કહે છે''(શ્લો.૩૫) એ વાક્ય ન ઘટે. (કારણ કે બ્રહ્મા બ્રહ્મકલ્પમાં ઉત્પન્ન થયેલા અને તેમનું પહેલું અર્ધ આયુષ્ય પુરું થયું(શ્લો.૩૩) તેમાં છેલ્લો પદ્મકલ્પ હતો(શ્લો.૩૪) તેમાં કમલમાંથી બ્રહ્માની ઉત્પત્તિ થઈ, તે ક્યા બ્રહ્મા ?) ભગવાન્‌ની નાભિમાંથી નીકળેલ કમલમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્મા ક્યા અને સત્યલોકમાં રહેલા બ્રહ્મા ક્યા ? તેથી શયન કરનાર, (ત્રણ લોકનો)ભોગ કરનાર અને (ત્રણ લોક)રચનાર બ્રહ્મા જુદા-જુદા છે. આખું બ્રહ્માણ્ડ-બ્રહ્માણ્ડના અભિમાનવાળા બ્રહ્માનો દેહ છે. દૈનન્દિન પ્રલય થાય ત્યારે બ્રહ્માણ્ડ રચનાર બ્રહ્મા કમલદ્વારા નારાયણના ઉદરમાં જઈ સુખી થાય છે. ભોગ કરનાર બ્રહ્મા સત્યલોકમાં રહે છે. તેથી બ્રહ્મા એક જ છે એમ ન જાણવું. ઉપર જણાવ્યા પ્રમાણે ત્રણ બ્રહ્મા થયા. જ્યારે એક પદ્મકલ્પના અન્તે બીજો પદ્મકલ્પ થાય છે ત્યારે બ્રહ્મા પહેલાના પદ્મકલ્પની પેઠે ફરી સૃષ્ટિ રચે છે. વારાહકલ્પમાં તો જુદા પ્રકારે સૃષ્ટિ થાય છે. તે સૃષ્ટિનું વર્ણન આગળ કરવામાં આવશે.

ભગવાન્‌ની એક સૃષ્ટિનું નિરૂપણ કરવાથી જ ભગવાન્‌ની લીલા સિદ્ધ થતી હોવાથી, અનેક સૃષ્ટિઓનું નિરૂપણ શા માટે કરેલું છે ? એ જાણવાની ઈચ્છા થાય, તો વિચારવું કે આ બ્રહ્માણ્ડમાં બ્રાહ્મ, પદ્મ અને વરાહ ત્રણે કલ્પો થઈ ગયા છે. પુરુષાતનવાળા બ્રહ્મા તેમાં વિભૂતિરૂપ છે. તે આ બ્રહ્માણ્ડમાં જેવા છે તેવા વર્ણવવા જોઈએ. તેથી સર્વ બ્રહ્માઓની કથા આવી જાય તે માટે ત્રણે કલ્પો કહેલા છે.

પહેલા બ્રહ્મકલ્પમાં સૃષ્ટિ રચનાર બ્રહ્મા વેદરૂપ હોવાનું કહેલું છે તે ઘટતું નથી એમ ન માનવું, કારણ કે નામસૃષ્ટિનું જુદું વર્ણન કરેલું છે. તે પણ રૂપસૃષ્ટિ ઉપર આધાર રાખનારી છે તેથી નામસૃષ્ટિથી રૂપસૃષ્ટિનું પણ વર્ણન થઈ જાય છે, તેથી કાંઈ દોષ રહેતો નથી. વળી અ.૧૨।૪૬ માં શબ્દબ્રહ્મ કોઈ સમયે સ્પષ્ટ હૃદયવાળું અને કોઈ સમયે અસ્પષ્ટ હૃદયવાળું હોવાનું કહેલ છે. તેથી તે વાક્ય પ્રમાણે તેનાથી ભગવાન્‌નું આધિદૈવિક સ્વરૂપ જણાવાય છે. જુદા પ્રકારે નામસૃષ્ટિથી પણ ભગવાન્‌નું જ વર્ણન કરેલું છે. આધિદૈવિક સ્વરૂપને પણ શરીર પ્રાપ્ત કરાવવાનું કાર્ય ભગવાન્ જ કરે છે, બીજો કોઈ તેમ કરી શક્તો નથી. તેથી પહેલા કલ્પનું નામ 'બ્રાહ્મકલ્પ' છે. 'બ્રહ્મ' શબ્દનો અર્થ ભગવાન્ જ છે, તેથી તે શબ્દની પ્રસિદ્ધિથી પણ ઉપર કહેલો અર્થ દૃઢ થાય છે.૯૮।।-૧૦૨

**ઈશ્વર ઉપર કાલનું પ્રભુત્વ નથી :**

કાલના વર્ણનના આરમ્ભમાં સર્વ ઉપર કાલનું પ્રભુત્વ હોવાનું કહેલ છે (અ.૧૦।૧૦-૧૧) તેથી કોઈને એમ જણાય કે અક્ષરબ્રહ્મ ઉપર પણ કાલનું પ્રભુત્વ

ચાલતું હશે ! પણ અક્ષર ઉપર કાલનું પ્રભુત્વ નથી, કારણ કે ભેદ હોય ત્યાં કોણ અધિક છે તેનો નિર્ણય કરાવનારી સઙ્ખ્યા છે. બે પરાર્ધથી અધિક સઙ્ખ્યા છે જ નહિ. તેથી આધ્યાત્મિક( વૈકૃત ) અને આધિભૌતિક( પ્રાકૃત ) વગેરે જે પ્રકારની સૃષ્ટિઓ કાલથી થાય છે ( અ.૧૦।૧૪. ) તેવા ભેદ અક્ષરમાં નથી. પુરુષ ( ભગવાન્ )માં કાલની પ્રવૃત્તિ થતી જ નથી. બ્રહ્માનું બે પરાર્ધ જેટલું જે આયુષ્ય કહ્યું તે અક્ષરનું ( ભગવાન્નું ) માત્ર નિમેષ( આંખનો પલકારો થાય તેટલો સમય ) જ કહેવાય છે. બ્રહ્માનું એટલું બધું આયુષ્ય પણ ભગવાન્નું નિમેષ જ કહેવાય છે. વાસ્તવિક રીતે તો તે નિમેષ પણ થતું નથી( અ.૧૧।૩૭ ). આથી એમ જણાવ્યું કે ભગવાન્ વિશે કાલની પ્રવૃત્તિ થતી નથી, તેમના ઉપર કાલનું પ્રભુત્વ નથી. એ પ્રમાણે અગિયારમો અને બારમો એ બે અધ્યાયોથી કાલનું નિરૂપણ કર્યું.૧૦૩

**અધ્યાય ૧૨ ; જીવસૃષ્ટિ :**

હવે બારમા અધ્યાયમાં જીવની સૃષ્ટિનું વર્ણન કરવામાં આવે છે. જીવો મુક્ત અને અમુક્ત એવા બે પ્રકારના છે. તે પૈકી અમુક્ત જીવોનું નિરૂપણ મુક્તિપ્રકરણમાં કરવામાં આવશે, કારણ કે તેઓ સૃષ્ટિનું કારણ નથી. મુક્ત જીવો તો સૃષ્ટિનું કારણ થતા હોવાથી તેઓનું આ અધ્યાયમાં નિરૂપણ કરેલું છે.

મુક્ત જીવો સૃષ્ટિનું કારણ કેવી રીતે થાય ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે મુક્ત જીવો ભગવાન્ની સમીપ રહે છે, તેથી જ્યારે ભગવાન્ સૃષ્ટિ રચવા ઈચ્છે છે ત્યારે પોતાની લીલા થઈ શકે તે માટે તેઓને પ્રેરણા કરે છે. તેથી ભગવાન્ની ઈચ્છાને વશ રહી તેઓ જગત્નું કારણ થાય છે.૧૦૪

મુક્ત જીવો પણ બે પ્રકારના છે : ૧. લોકથી પર અને ૨. લૌકિક. તે પૈકી લોકથી પર મુક્ત જીવો મુક્તિના કારણરૂપ છે. કારણ કે જીવો પોતાના સ્વરૂપથી જ પ્રકટ થાય તે મુક્તિ, આ મુક્તિની વ્યાખ્યા પહેલાં કહેલી છે. લોકથી પર( મુક્ત જીવો ) વૈકુણ્ઠમાં પણ વૈરાગ્યવાળા થઈ રહે છે, તેથી તેઓ સૃષ્ટિ રચવાના અધિકારી નથી અને તેઓની સંસારમાં ઉત્પત્તિ થવી કઠણ છે. પરન્તુ મુક્તિમાટે તેઓને ઉત્પન્ન કરવાના ( સંસારમાં જન્મ લેવાનો ) હોય છે. તેઓ જ્ઞાનના અંશને ગ્રહણ કરીને જ સંસારમાં અવતરે છે, તેથી તેઓને મોહ કરાવવા અવિદ્યા ઉત્પન્ન કરવામાં આવે છે.૧૦૫

આ અવિદ્યા, અભિમાન કરાવનારી દેવતા છે. તે આધિદૈવિક હોવાથી તે બધાને ( લોકથી પર મુક્ત જીવોને પણ ) મોહ કરાવવાની, એટલે તેનાથી જ બધાં કાર્ય થવાનાં. આ અવિદ્યા સમ્બન્ધી બે મત છે : એક મત પ્રમાણે મૂલ અવિદ્યા એક છે, બીજા મત પ્રમાણે કાર્યરૂપ તેના વિભાગ( શ્લો.૨ ) પાંચ છે. અવિદ્યા દેવતા તો એક જ છે એવો સિદ્ધાન્ત છે. લોકથી પર મુક્તો જીવોની ઉત્પત્તિ કરાવવા ભગવાને તેને ઉત્પન્ન કરેલી છે .૧૦૬

અવિદ્યાને ઉત્પન્ન કરી ત્યારે બહારના – બ્રહ્મા સિવાયના કોઈ જીવ ન હોવાથી

તેણે બ્રહ્માને જ પહેલા મોહ કર્યો. તેનાથી મોહ પામેલા ચાર મુખવાળા બ્રહ્માએ શ્રીકૃષ્ણનું ધ્યાન ધર્યું. અવિદ્યા દેવતારૂપ હોવાથી તેણે ધ્યાનમાં વિઘ્ન ન કર્યું. ભગવાન્‌નું બ્રહ્માએ ધ્યાન ધર્યું, તેથી લોકથી પર મુક્ત જીવો સનક વગેરે ઉત્પન્ન થયા( શ્લો.૪ ). તેઓ ઉત્પન્ન થયા પછી બ્રહ્માનું ધ્યાન સૃષ્ટિ ઉત્પન્ન કરવામાં લાગ્યું એટલે બ્રહ્માના શરીરમાં ચોટ્યું તેનું ( શ્લો.૨૧ થી આરમ્ભી કહેલું) પરિણામ પછીથી થશે. વચમાં તે પહેલાં અને સનક વગેરેની ઉત્પત્તિ પછી બ્રહ્માને ક્રોધ થયો( શ્લો.૬ ). ૧. બ્રહ્માના હૃદયમાં સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઈચ્છા થઈ. સનક વગેરેએ તેની ના પાડી તેમાં વિઘ્ન કર્યું, તેથી બ્રહ્માને ક્રોધ થાય તે યોગ્ય જ છે ૨. વળી અવિદ્યા પણ ( તેમણે ઉત્પન્ન કરેલી તે ) તેમની પાસે જ હતી તેથી પણ તેમને ક્રોધ થયો.

ક્રોધ કરવાની બ્રહ્માની ઈચ્છા ન હોવા છતાં તેમને ક્રોધ કેમ થયો ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ક્રોધ તો અવિદ્યાનું જ કાર્ય છે અને અવિદ્યામાંથી જ તે ઉત્પન્ન થયો છે. વળી તે ક્રોધ આધિદૈવિક છે, ભૂલથી તેને આધ્યાત્મિક જાણી બ્રહ્માએ તેને રોકવા પ્રયાસ કર્યો. સનક વગેરે મોટા મુનિઓ જગતને જ્ઞાન આપવા માટે જ ઉત્પન્ન કરેલા, એવો તેમના સમ્બન્ધી વિચાર કરી, બ્રહ્માએ પોતાને થયેલ ક્રોધ રોકવા માંડ્યો. ક્રોધ આધિદૈવિક હોવાથી રોકાય તેવો ન હતો, તેથી તેને રોકવાનો પ્રયાસ કરનારા બ્રહ્માના શરીરને બાળવા તે તત્પર થયો, પરન્તુ તે પહેલા બ્રહ્માએ પાછળ( શ્લો.૧૦૭ માં ) કહ્યું તેમ શ્રીકૃષ્ણનું ધ્યાન કર્યું, એટલે ક્રોધનો ધ્યાન સાથે સમ્બન્ધ થયો. તેથી ધ્યાન સાથેના ક્રોધમાં શ્રીકૃષ્ણના અવતારે પ્રવેશ કર્યો, તેથી બ્રહ્માનો દેહ અને સનક વગેરે મુનિઓ બન્ને ક્રોધથી બળતાં બચી ગયા. તેમ પ્રવેશ કર્યો ન હોત તો બેમાંથી એકનો નાશ થાત.૧૦૭-૧૦૯

ત્યારે તે ક્રોધરૂપ કુમારે રડવા માંડ્યું તે યોગ્ય ન હતું !( શ્લો.૭।૮ ) એવી શંકા થાય, તો જાણવું કે આ કુમાર( શપર ) ભગવાન્‌ની કૃપારૂપ અંશ હતા. તેમનાથી જે પ્રાણીઓ ઉત્પન્ન થવાના તેમનું( સ્વરૂપ ) જાણવાથી તેમને રડવું આવ્યું. તેમણે બ્રહ્માને ''મારાં નામ પાડો અને સ્થાન રચો''( શ્લો.૮ ) એમ કહ્યું, તેથી એમ ન માનવું કે પોતાનાં નામ પડાય અને સ્થાન રચાય તે માટે તે રડેલા. તે રુદન સાથેનું વચન તો તેમણે બ્રહ્મા પ્રસન્ન થાય તે માટે કહેલું. તે પોતે તો ''મારાથી તો સંસારમાટે ઉપયોગી ન હોય તેવી જ સર્વ પ્રજા રચાશે'' એવું સ્મરણ કરતાં રડેલાં. તેથી ઉપર જણાવેલ તેમના વચનનું બીજું પ્રયોજન એ પણ હતું કે ( બ્રહ્મા તેમને પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા ન કરે ) પ્રજા ઉત્પન્ન કરવાનો અધિકાર બ્રહ્માનો જ હોવાથી તેમની આજ્ઞા વિના ઉત્પન્ન કરવાનું અશક્ય હતું; પરન્તુ આ ભેદ ન જાણનાર બ્રહ્માએ તો પહેલાંની પેઠે ( સનક વગેરેને પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા આપેલી તેવી રીતે) આમને પણ પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા આપી( શ્લો.૧૪ ) ત્યારે એમણે ઝડપથી અનેક પ્રતિકૂલ ( સૃષ્ટિના કારણોનો નાશ કરે તેવાં ) પ્રાણીઓ રચ્યા.૧૧૦-૧૧૧

આ પ્રાણીઓથી સૃષ્ટિનાં કારણોનો નાશ થતાં સૃષ્ટિ થશે નહિ, એવા ભયથી બ્રહ્માએ તેમને તેવી સૃષ્ટિ રચતાં અટકાવ્યા(શ્લો.૧૭). માત્ર અટકાવવાથી તે (બીજી સૃષ્ટિ રચવામાં) વિઘ્ન કરશે, એવા વિચારથી તેમનાથી વિઘ્ન ન થાય તે માટે તેમને તપ કરવાનો ઉપદેશ કર્યો(શ્લો.૧૮). બ્રહ્માએ તેમને તપ કરવા જે ઉપદેશ કર્યો, તે એવું વિચારી કરેલો કે તપ કરવાથી ક્રોધના કારણરૂપ અવિદ્યાનો નાશ થશે અને તેથી શુદ્ધ ક્રોધ યોગ્ય હશે તેવું જ (પ્રજા ઉત્પન્ન કરવાનું) કાર્ય કરશે.

એમ હતું ત્યારે મહાદેવના ક્રોધનું કારણ બનેલી અવિદ્યાનો તપથી નાશ કેમ ન થયો ? જો તેનો નાશ થયો હોય તો કારણરૂપ અવિદ્યાનો નાશ થવાથી તેનાથી થયેલી સૃષ્ટિનો લય કેમ ન થાય ? માત્ર તે બીજી સૃષ્ટિ રચવામાં વિઘ્ન કરતાં જ કેમ અટકી ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે અવિદ્યા મહાદેવની ઉત્પત્તિનું કારણ થયેલી અને તપ તો મહાદેવનું કાર્ય હતું. તે કાર્યથી કારણનો નાશ ન થયો, પરન્તુ તેનાથી સૃષ્ટિ રચવામાં વિઘ્ન થતું તે અટકી ગયું.૧૧૨

તેથી બ્રહ્માની આજ્ઞાનો સ્વીકાર કરી મહાદેવ તપ કરવા વનમાં ગયા. એ પ્રમાણે લોકથી પર (મુક્ત જીવો)ની ઉત્પત્તિ કહી. પછી બ્રહ્માએ સૃષ્ટિ રચવા શ્રીકૃષ્ણનું જ ધ્યાન ધર્યું. જો લૌકિક જીવોને પણ બ્રહ્મા પોતે જ ઉત્પન્ન કરે તો તેમનું ઇચ્છેલું કાર્ય સિદ્ધ થાય નહિ. તેથી તેઓને ઉત્પન્ન કરવાનો પ્રકાર વિચારી, તેમણે સૃષ્ટિ રચવા ભગવાન્‌નું ધ્યાન ધર્યું. (તે ધ્યાન તેમના શરીરમાં ચોંટ્યું, જુઓ પાછળ શ્લો.૧૦૭) તેથી (તેમના શરીરના જુદા-જુદા અવયવોમાંથી) મરીચિ વગેરે જુદા -જુદા ઋષિઓ ઉત્પન્ન થયા(શ્લો.૨૧-૨૭). ધર્મ પ્રમાણે મૈથુન થઈ શકે તે આવી ઉત્પત્તિ કરવાનું પ્રયોજન હતું.

એ પ્રમાણે સાત્ત્વિક અને રાજસ જીવોની ઉત્પત્તિ કહી. પછી તામસ જીવોની ઉત્પત્તિ બ્રહ્માએ કરવા માંડી ત્યારે તેમના પુત્રો (મરીચિ વગેરે)એ તેમને તેમ કરતાં રોક્યા.

બ્રહ્માથી તામસ જીવોની ઉત્પત્તિ કેમ થાય ? એવો વિચાર આવે તો જાણવું કે તેમણે છેલ્લા જે જીવો ઉત્પન્ન કર્યા તેઓમાં ધર્મથી મૈથુન થઈ શકે તે માટે એક સ્ત્રી ઉત્પન્ન કરેલી અને બીજા બધા પુરુષો ઉત્પન્ન કરેલા. મુખમાંથી વાણી સ્ત્રી ઉત્પન્ન કરેલી(શ્લો.૨૬) અને બીજા બધા પુરુષ ઉત્પન્ન કરેલા.

અવિદ્યા તો બ્રહ્મા પાસે જ હતી, વળી સૃષ્ટિ ઉત્પન્ન કરવામાં તેમનું મન પણ ચોંટેલું, તેથી (સ્ત્રી વાણી ઉત્પન્ન થતાં) તેમના હૃદયમાં કામ થયો. તેથી વધારે સૃષ્ટિ ઉત્પન્ન થાય તે માટે તેમને તે સ્ત્રી સાથે મૈથુન કરવાની બુદ્ધિ થઈ. આવા મૈથુનથી તામસી સૃષ્ટિ થાય. તે પણ જો ધર્મનો નાશ કરનારી ન હોય તો ભગવાન્ મંજૂર રાખે, પણ જો તે ધર્મનો નાશ કરનારી હોય તો પહેલાં રચેલી બન્ને પ્રકારની સૃષ્ટિનો નાશ થાય, તેથી અધર્મવાળી સૃષ્ટિ ઉત્પન્ન કરવાથી ધર્મનો નાશ થાય તેમ હોવાથી બ્રહ્માને તેમ કરતાં અટકાવવા એ યોગ્ય હતું. તેથી શ્રીકૃષ્ણે (જૂઓ શ્લો.૩૨ ઉપરનાં શ્રીસુબોધિની) બ્રહ્માના પુત્રોદ્વારા તેમને તેમ કરતાં અટકાવ્યા.૧૧૩-૧૧૫

શ્લો.૩૩ માં ''બ્રહ્માએ તે દેહનો ત્યાગ કર્યો'' એમ કહેલું છે. ત્યાં રમણ કરવાની ઈચ્છાને 'દેહ' કહેલો છે. બ્રહ્માએ પોતાની એ મનોવૃત્તિનો ત્યાગ કર્યો. તેથી ત્રીજી તામસ જીવોની સૃષ્ટિ ઉત્પન્ન ન થઈ. ત્યારે બ્રહ્માએ ફરી સૃષ્ટિ ઉત્પન્ન કરવા ભગવાન્નું ધ્યાન ધર્યું એટલે વેદોની ઉત્પત્તિ થઈ. બ્રહ્માએ પૂર્વ – દક્ષિણ – પશ્ચિમ તથા ઉત્તર તરફ મુખ કર્યાં( શ્લો.૩૭ ) તેથી શબ્દોના લૌકિક અને અલૌકિક પ્રકારોની ઉત્પત્તિ થઈ. આ લૌકિક અને અલૌકિક ભેદથી ત્રીજી નામસૃષ્ટિ ઉત્પન્ન થઈ. જીવના રૂપ-નામની સૃષ્ટિ થતાં, નામોની અખંડ પ્રવૃત્તિ રહે તે માટે આ સૃષ્ટિનું મૂલ શબ્દબ્રહ્મ હોવાનું જણાવી તેનું સ્વરૂપ કહેલું છે( શ્લો.૪૫-૪૬ ).૧૧૬-૧૧૬।।

એ પ્રમાણે ગુણસૃષ્ટિનું નિરૂપણ કરી, એકલા ગુણોથી રચેલી સૃષ્ટિથી પ્રપઞ્ચ બ્રહ્મરૂપ થશે એવી શંકા થવાથી, મિશ્રણવાળી સૃષ્ટિ રચવાનો બ્રહ્માએ ઉદ્યમ કર્યો. પહેલાં તેમણે નામસૃષ્ટિ રચવાની મનોવૃત્તિનો ત્યાગ કર્યો. અને પછી પહેલાંની પેઠે રૂપસૃષ્ટિ રચવાની મનોવૃત્તિ કરી( શ્લો.૪૭). બ્રહ્માનું અન્તઃકરણ મિશ્રણરૂપ ન હતું, તેથી મિશ્રણવાળી સૃષ્ટિ રચવા તેમને ભગવાન્ની જરૂર પડી. તેથી ભગવાન્નું તેમણે ધ્યાન ધર્યું( શ્લો.૪૮ ) ત્યારે ભગવાન્ની ઈચ્છાથી બ્રહ્માના શરીરના; ધ્યાન અને ઈચ્છા એમ બે વિભાગ થયા( શ્લો.૪૯ ). આ બે ભાગનું મિથુન( જોડકું ) થયું. તેમાં પુરુષ મનુ અને સ્ત્રી શતરૂપા હતાં. ત્યાર પછી મૈથુનની સૃષ્ટિ પોતાની મેળે વધવા લાગી. બ્રહ્માની કે બીજા કોઈની આજ્ઞાની જરૂર રહી નહિ( શ્લો.૫૦-૫૧ સુબોધિની ). એવી રીતે ચાર પ્રકારની સૃષ્ટિ કહી :

૧. સનક વગેરે
૨. મરીચિ વગેરે
૩. નામસૃષ્ટિ અને
૪. મનુ તથા શતરૂપા.

આ ચાર પ્રકારની મુક્ત જીવોની સૃષ્ટિ કહી. નામસૃષ્ટિ તેના અંગ તરીકે કહેલી છે.૧૧૬।।-૧૧૮।।

**અધ્યાય ૧૩; પરાર્થ સૃષ્ટિનો ઉપોદ્ઘાત :**

હવે તેરમા અધ્યાયમાં ત્રીજા વરાહકલ્પની કથા કહેવામાં આવે છે. કાલ અને જીવ ની સૃષ્ટિનું નિરૂપણ કર્યુ અને તેનું નિરૂપણ કરવા બ્રહ્મકલ્પ તથા પદ્મકલ્પ નું પણ નિરૂપણ કર્યુ. ભૂમિ પણ સૃષ્ટિનું કારણ હોવાથી આ અધ્યાયમાં તેનું નિરૂપણ કરવામાં આવે છે અને ભૂમિનું નિરૂપણ કરાય તે માટે વરાહકલ્પનું પણ નિરૂપણ કરવામાં આવે છે.

અહીં પહેલેથી આરંભી બધા તત્ત્વોનું નિરૂપણ કરેલું નથી, કારણ કે સૃષ્ટિના પદાર્થોની પહેલા ઉત્પત્તિ કહી તે જ અહીં પણ હોય છે. પહેલા કલ્પના પદાર્થોના સાધારણ ગુણો સર્વ કલ્પોમાં ચાલુ રહે છે. જે વધારાના ગુણો થયા હોય તે જ કહેવાના રહે છે. તે વધારાના ગુણો જો કોઈ પદાર્થના સ્થળે થાય તો તે પદાર્થના સ્થાનોનો લોપ થાય. વરાહકલ્પમાં ભૂમિની સ્થિતિ પહેલાંના જેવી ન હતી. તેથી ભૂમિ કમલમાંથી અથવા

ભગવાન્‌ના જઘનમાંથી ઉત્પન્ન થયેલી હોવાનું પદ્મકલ્પ અને બ્રહ્મકલ્પમાં કહેલું છે તેનો અહીં લોપ થયેલ છે. ભૂમિની સ્થિતિ એ કલ્પો કરતાં વરાહકલ્પમાં જુદા પ્રકારની હોવાથી તે જ આ અધ્યાયમાં કહેલી છે. ગયા કલ્પના બીજા પદાર્થોના પ્રકારો આ કલ્પમાં ચાલુ રહેલા છે એમ જણાવવા મનુનું ઉપયોગીપણું અહીં કહેલું છે. બ્રહ્માના ધ્યાન અને ઈચ્છા એવા બે વિભાગ થયાનું પહેલાં કહેલું છે, તે પૈકી ઈચ્છા શતરૂપા થયેલ અને ધ્યાન મનુ થયેલ, તેથી બ્રહ્મા સૃષ્ટિ રચવાનું ભૂલી ગયેલ હોવા છતાં ધ્યાનરૂપ મનુએ જ તેમને પ્રેરણા કરી( શ્લો.૧૫ ).

મનુની ઉત્પત્તિ ભગવાન્‌ની વિભૂતિઓનો વિસ્તાર થાય તે માટે કરેલી અને વિભૂતિઓ વિસ્તારવી એ ભગવાન્‌ની લીલા છે, તેથી ( લીલામાં ઉપયોગી થનાર ) મનુ ભગવાન્‌નો ભક્ત છે એમ જણાવવા વિદુરે પહેલાંની પેઠે આ અધ્યાયના આરમ્ભમાં( શ્લોક.૨-૪ ) મનુ સમ્બન્ધી પ્રશ્ન કરેલ છે. સર્વ પ્રસંગે કામનાથી અથવા બીજાની પ્રેરણાથી કાર્ય કરવાની પ્રવૃત્તિ થાય છે. તે પૈકી જો અહીં કામનાથી પ્રવૃત્તિ થતી હોય, તો વરાહકલ્પ મોક્ષ કરાવનારો ન થાય, એવી શંકાથી અહીં મનુની પ્રવૃત્તિ તેના પિતા બ્રહ્માની પ્રેરણાથી થઈ હતી એમ શ્લો.૧૧ થી જણાવેલ છે. એ શ્લોકમાં બ્રહ્માએ મનુને [૧]સન્તાન ઉત્પન્ન કરવાની, [૨]પ્રજાનું અથવા પૃથ્વીનું ધર્મ પ્રમાણે પાલન કરવાની અને [૩]ભગવાન્‌ના યજ્ઞો કરવાની–એવી ત્રણ પ્રકારનાં કાર્ય કરવાની આજ્ઞા કરેલી. બ્રહ્માની એ આજ્ઞાથી જ મનુએ એ ત્રણ કાર્યો કર્યા એમ જણાવવા મનુ અને બ્રહ્મા નો સંવાદ( શ્લો.૭-૧૫ ) કહેલો છે .૧૧૮।-૧૨૦॥

શંકા : આ વરાહ કલ્પમાં સૃષ્ટિ રચવાની વ્યવસ્થા કેવી છે ? આ પહેલાંના પદ્મકલ્પમાં ભગવાન્‌ની નાભિમાંથી નીકળેલા કમલમાં રહી બ્રહ્માએ સૃષ્ટિ રચેલી, આ કલ્પમાં કમલ ન હોવાથી બ્રહ્માએ સૃષ્ટિ રચી કે નહિ ? તેવો સન્દેહ થાય છે. જો આ કલ્પમાં બ્રહ્માએ સૃષ્ટિ રચી હોય તો તેમાં મનુનું શું પ્રયોજન ? અને બ્રહ્માએ ક્યાં રહી તે રચી ? એવા પ્રશ્ન ઉઠે,

સમાધાન : તો જાણવું કે બ્રહ્માએ સૃષ્ટિ તો આ કલ્પમાં રચી છે, કારણ કે નથી રચી એમ માનવું શ્લો.૧૭ થી વિરુદ્ધ છે. એ શ્લોકમાં બ્રહ્મા કહે છે કે ‘‘હું સૃષ્ટિ રચતો હતો તેટલામાં તે જલમાં ડૂબી ગઈ’’. જો બ્રહ્માએ રચી જ ન હોત તો આ વાક્ય ઘટે નહિ. આ જ વાક્યથી એમ જણાય છે કે બ્રહ્માએ પોતે પહેલાં જલમાંથી પૃથ્વીને બહાર કાઢેલી અને તેનું જ પાલન કરવાની શ્લો.૧૧ માં મનુને આજ્ઞા કરેલી. આમ હોવાથી પહેલાં ( ૧૨ મા અધ્યાયના અન્તમાં ) જે પ્રિયવ્રત વગેરેની સૃષ્ટિ કહી તે આદિવરાહ કલ્પમાં થયેલી એમ જાણવું. અને મનુએ જે વિજ્ઞપ્તિ બ્રહ્માને કરી ( અ.૧૩।૧૪-૧૫ ) તે બીજા દિવસે સવારમાં કરેલી. બ્રહ્મા સત્યલોકમાં રહીને સૃષ્ટિ રચતા હતા. મનુ પોતાને રહેવાનું સ્થાન શોધવા ગયેલો ( ત્યારે પૃથ્વીને જલમાં ડૂબી ગયેલી જોઈ). ત્યાંથી પાછા આવી તેણે બ્રહ્માને આ વિજ્ઞપ્તિ કરેલી .૧૨૦॥-૧૨૨

બ્રહ્માને મનુની આવી વિજ્ઞપ્તિની શી જરૂર ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે આદિવરાહ કલ્પ બ્રહ્માના તે દિવસના અન્તે જ્યારે ભૂમિ જલમાં ડૂબી દેખાતી બન્ધ થઈ, તે સમયે જ( તેથી સહેજ પહેલાં ) બ્રહ્મા સત્યલોકમાં ગયેલા અને ત્યાં બીજા દિવસની સૃષ્ટિ કરતા હતા તે સમયે સવારે મનુએ તેમને આ( શ્લો.૧૪-૧૫ ની ) વિજ્ઞપ્તિ કરેલી.

એમ હોય તો શ્લો.૧૭માં બ્રહ્માએ ''હમણાં જ પૃથ્વી ડૂબતી રસાતલમાં ગઈ'' એમ કેમ કહેલ ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે મનુએ એવી વિજ્ઞપ્તિ કરી ત્યારે ઘણા નિકટના સમયમાં જ પૃથ્વી ડૂબી ગયેલી હોવાથી બ્રહ્માએ ''હમણાં જ ડૂબતી'' એમ કહેલું. બ્રહ્માએ વિચાર્યું કે ''જો હું ફરીથી પૃથ્વીને જલમાંથી બહાર કાઢીશ, તો પણ પહેલાંની પેઠે તે ફરી ડૂબશે'' તેથી તેમણે પોતાની સર્વ ઈન્દ્રિયોને વશ કરી આદરપૂર્વક પરમાત્માનું ધ્યાન ધર્યું. જેવું તેમણે પરમાત્માનું ધ્યાન ધર્યું, તેવા જ તેમને જણાવ્યા વિના જ, તેમના નીકળતા પહેલા શ્વાસ સાથે જ, શ્રીકૃષ્ણ તેમના નાકમાંથી બહાર નીકળ્યા( શ્લો.૧૮ ). આથી એમ જણાવેલું છે કે ભક્ત દુઃખનો નિશ્વાસ( નિસાસો ) મૂકે તે પહેલાં જ ભગવાન્ પ્રગટ થાય છે. શ્રીકૃષ્ણ બ્રહ્માના નાકમાંથી વરાહસ્વરૂપથી બહાર નીકળેલા.૧૨૩-૧૨૩।

ભગવાન્ વરાહસ્વરૂપથી બ્રહ્માના નાકમાં નીકળ્યા કારણ કે વરાહ યજ્ઞની સમાન છે 'મન્યુ'( ક્રોધ ) શબ્દનો અર્થ યજ્ઞ છે. તેથી જ પશુઓને હણે છે ( યજ્ઞમાં પશુઓનો વધ થાય છે ). ''પશુઓનો આ( વરાહ ) મન્યુ છે'' એ શ્રુતિ પ્રમાણે વરાહ પણ તેવો ( મન્યુ ) જ છે. તેથી ભગવાન્ વરાહ સ્વરૂપથી પ્રકટ થયા. તેવા સ્વરૂપથી પ્રકટ થવાનું બીજું પણ કારણ એ છે કે હાથી અને વરાહ એ બે જ જલમાંથી પદાર્થ બહાર કાઢવાની શક્તિવાળા છે. તેથી ડૂબેલી પૃથ્વીને બહાર કાઢવા પોતાનું આ બેમાંથી એક સ્વરૂપ ભગવાને અવશ્ય કરવું જોઈએ. બે પૈકી યજ્ઞ( મન્યુ ) થી જ ગુણોથી પર કાર્ય થઈ શકે તેવું હોવાથી, ભગવાને હાથીનું રૂપ લીધું નહિ અને વરાહરૂપથી પ્રકટ થયા. વળી યજ્ઞ સ્પષ્ટ રીતે કર્મરૂપ છે, તેથી તે સૃષ્ટિનાં કારણરૂપ પણ છે. તે કર્મરૂપ હોવાથી તે સૃષ્ટિનાં કારણરૂપ છે એમ કહેવાની જરૂર રહેતી નથી કારણ કે કર્મથી જ સૃષ્ટિ અથવા જન્મમરણ થયા કરે છે.૧૨૩।।-૧૨૫

ભગવાન્નું પોતાનું આ સ્વરૂપ બ્રહ્માથી પણ ચિન્તન થઈ ન શકે તેવું છે (શ્લો.૧૯-૨૩). તેથી આ સ્વરૂપ ભગવાન્ની ક્રિયાશક્તિનો માત્ર અંશ નથી, પરન્તુ ભગવાન્નો અવતાર છે. આવું બ્રહ્માથી પણ ચિન્તન થઈ ન શકે તેવું રૂપ ભગવાન્નું પોતાનું જ હોઈ શકે. આ ભગવાન્નું આનન્દ સ્વરૂપ જ છે. તે ભગવાન્ની ક્રિયાશક્તિનો અવતાર છે એમ જણાવવા તેમણે યજ્ઞને મળતા આવતા વરાહનું રૂપ લીધેલું.૧૨૬

''પોતાની ખરીઓથી દબાયેલા જલમાં પૃથ્વીને સ્થાપી'' એમ શ્લો.૪૬ માં કહેલ હોવાથી, તે સમયે આ ભૂમિ પચાસ કરોડ યોજન વિસ્તારવાળી ન હતી, પરન્તુ માત્ર એક લાખ યોજનવાળી હતી એવો આચાર્યશ્રીનો મત છે. કારણ કે જમ્બુદ્વીપ જ કર્મ કરવાની ભૂમિ છે અને વરાહે ઉદ્ધાર કરેલી આ ભૂમિનો કર્મ કરાય તે માટે જ ઉદ્ધાર કરેલો.

આ વિષયમાં બીજાઓની સમ્મતિ નથી. ભૂમિ પચાસ કરોડ યોજન વિસ્તાર

વાળી છે (૩।૧૧।૩૯) એ વાક્ય બીજા કલ્પની ભૂમિમાટે યોજેલું છે. જ્યોતિષ જાણનારાઓ તો ભૂમિ પાંચ હજાર યોજન વિસ્તારવાળી હોવાનું જ કહે છે. એક લાખનો વીસમો ભાગ ગણવામાં આવે તો પણ પાંચ હજાર થાય અને તેઓ ફલ જણાવવા ભૂમિ તેટલા વિસ્તારની હોવાનું કહે છે. આ ભૂમિ જ્યોતિશ્ચક્રમાં રહેલી છે.

(જ્યોતિઃશાસ્ત્રનું કામ શુભ અથવા અશુભ ફલ જણાવવાનું છે અને તે વીસમો ભાગ લેવાથી પણ જાણી શકાય તેવું હોવાથી અને તેમ કરવાથી નાના આકડાઓનું સહેલાઈથી જ્ઞાન થઈ શકે તેવું હોવાથી જ્યોતિઃશાસ્ત્ર જાણનારાઓએ વીસમો ભાગ લઈ પાંચ હજાર યોજન વિસ્તારવાળી ભૂમિ હોવાનું કહેલ જણાય છે. તેથી એક લાખ યોજન વિસ્તારવાળી માનવી યોગ્ય છે, કારણ કે જમ્બુદ્વીપ જ કર્મ કરવાની ભૂમિ છે અને તેનો વિસ્તાર એક લાખ યોજનનો છે.)(જુઓ ૫।૧૬।૫)

વરાહે ભૂમિનો ઉદ્ધાર કર્યો(શ્લો.૩૨) અને હિરણ્યાક્ષને હણ્યો(શ્લો.૩૩) ત્યારે અમારી ''આ વરાહસ્વરૂપમાં શ્રદ્ધા નથી એવું નથી'' એમ જણાવવા ઋષિઓએ તેમની સ્તુતિ કરી(શ્લો.૩૪-૪૬) અને પછી વરાહે ભૂમિનું સ્થાપન કર્યું(શ્લો.૪૭).

આ પ્રકરણ વરાહે ભૂમિનો ઉદ્ધાર કર્યો ત્યાં જ પુરું થાય છે. વરાહે હિરણ્યાક્ષને હણ્યો. તે તો હરકોઈ પ્રકારે હણ્યો. આ પ્રકરણમાં તેનું પ્રયોજન નથી. જો હિરણ્યાક્ષને હણવાનું પ્રયોજનવાળું હોય તો (ઋષિઓની સ્તુતિમાં તે કહેલ ન હોવાથી) વચનની ખામી રહે. તેથી મુખ્ય પ્રસંગને અનુસરી બીજા પ્રસંગોના સમય વગેરેની યોજના કરવી જોઈએ. વળી હિરણ્યાક્ષ દૈત્ય આ કલ્પમાં નમાલો હતો અને યજ્ઞ(વરાહ) તેને ભસ્મ કરનાર (સહેલાઈથી હણનાર) જ હતા. તેથી તે જેવો આવ્યો કે તરત જ (ભૂમિ પોતાની દાઢ ઉપર રાખેલી હોવા છતાં) તેને હણેલ(શ્લો.૩૩). ઋષિઓએ કરેલી સ્તુતિ (વરાહ) યજ્ઞરૂપ છે એમ જણાવનારી છે ૧૨૭

જે કલ્પમાં હિરણ્યાક્ષને હણવાનું કાર્ય મુખ્ય હતું, તેમાં વરાહે પ્રથમ ભૂમિનો ઉદ્ધાર કર્યો(અ.૧૮।૨), પછી તેનું સ્થાપન કર્યું(શ્લો.૮) પછી બ્રહ્માએ વરાહની સ્તુતિ કરી(શ્લો.૨૨-૨૮) અને પછી વરાહે હિરણ્યાક્ષને હણ્યો(અ.૧૯।૨૬). એ કલ્પમાં એ ચાર વૃત્તાન્તો આ ક્રમથી થયેલા. હણ્યા પહેલાં સ્તુતિ કરવામાં આવે તે જો કે સન્દેહવાળી જણાય, છતાં પણ વરાહની સરસાઈનું બ્રહ્મા વર્ણન કરે તેથી હિરણ્યાક્ષને દુઃખ થાય, તે માટે તે હણ્યા પહેલાં કરેલી છે.૧૨૭

કલ્પના આરમ્ભમાં ભૂમિનો ઉદ્ધાર વરાહે કર્યો ત્યારે હિરણ્યાક્ષ તેમની સાથે યુદ્ધ કરવા આવ્યો તે ક્યા સમયનો ઉત્પન્ન થયેલો ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે તેનો જન્મ આ કલ્પની પહેલાંના કલ્પમાં થયેલો. પહેલાંની સૃષ્ટિનો નાશ તો મહાકલ્પ(બ્રહ્મનું વર્ષ પૂર્ણ થવા) ના સમયે જ થાય છે. વચલા કલ્પોમાં ત્રણ લોકમાં જે જીવો હોય તે પૈકી અસુરો નીચેના લોકમાં જાય છે (અને) મનુષ્યોનો તો નાશ થાય છે. મનુ વગેરેને દેવો જાણવા. ઋષિઓ પણ ઉપરના લોકમાં જાય છે અને સત્યલોકમાં રહે છે એવી તેમની

સરસાઈ પણ છે. તેથી આ કલ્પ પહેલાનાં કલ્પના અન્તે કશ્યપ ઉપરના લોકમાં ગયેલ અને દિતિ નીચેના લોકમાં ગયેલ એવો નિર્ણય થાય છે. પ્રલય દરમ્યાન હિરણ્યાક્ષ નીચેના લોકમાં રહેલો. દેવો ઉપરના લોકમાં ગયેલ. મનુષ્યો વગેરે બીજાઓનો તો નાશ જ થયેલ. ઋષિઓ અને તેઓના પુત્રો બ્રહ્માની સમાન છે, કારણ કે તેથી વિરુદ્ધ માનવાનું કાંઈ કારણ નથી. તેથી તેઓ સત્યલોકમાં જઈ રહેલા.૧૨૭||-૧૨૯

**અધ્યાય ૧૪-૧૯; મતાન્તર ભાષા :**

ચૌદમાથી ઓગણીસમા સુધીના છ અધ્યાયો મતાન્તરભાષાથી પ્રાપ્ત થયેલા હિરણ્યાક્ષના વધના પ્રસંગમાં કહેલા છે, તેથી તેમાં શ્રીભાગવતના અર્થથી વિરુદ્ધ હોય તેની ગણના ન કરવી.

આ વિષયમાં એવી વ્યવસ્થા છે કે ચાલતી કથામાં પ્રસંગથી પ્રાપ્ત થયેલી કથાના ખાસ પ્રકારથી પ્રશ્નો પૂછવામાં આવે, તો જે પૂછેલું હોય તેટલું જ માત્ર ન કહેવું, પરન્તુ જે કલ્પમાં પૂછેલ પ્રમેય( વિષય ) ઉત્તમ પ્રકારે સિદ્ધ થયેલ હોય તે જ કહેવું જોઈએ. કારણ કે પ્રશ્ન કરનારમાં ભક્તિ ઉત્પન્ન કરવી તે જ તેનો ઉત્સાહ વધારનારું છે. તેથી જે કલ્પમાં હિરણ્યાક્ષ વગેરેની સરસાઈ થયેલી તે જ કલ્પની કથા આ અધ્યાયોમાં કહેલી છે.

આ કથામાં એવો પ્રશ્ન થાય છે કે વૈકુણ્ઠમાં ગયેલા જય અને વિજય ફરી સંસારમાં કેમ આવ્યા ? કૃત્રિમ વૈકુણ્ઠમાં ગયેલા હોવાથી તેઓ ફરી સંસારમાં આવ્યા એમ પણ કહેવાય નહિ, કારણ કે કૃત્રિમ વૈકુણ્ઠમાં ગયેલાઓને પણ મુક્તિ જ પ્રાપ્ત થાય છે. ''જેમણે નિષ્કામ ધર્મથી હરિને પ્રસન્ન કરેલા હોય તેઓ જ ત્યાં પણ જાય છે'' ( અ.૧૫|૧૪ ) તેથી ફરી સંસારમાં આવવું ન પડે તેવું જ સ્થાન તેઓને પ્રાપ્ત થાય છે. જય અને વિજય વૈકુણ્ઠમાં ગયેલા, છતાં પણ શ્રીકૃષ્ણની ઈચ્છાથી તેમનો સંસારમાં જન્મ થયો. ભગવાન્‌ની એવી ઈચ્છા હોવાનું પ્રયોજન લોકને એવું જણાવવાનું હતું કે વૈકુણ્ઠથી ભ્રષ્ટ થયેલા સેવકોને પણ કેવું ફલ પ્રાપ્ત થાય છે. ત્રણ લોકમાં હિરણ્યાક્ષ વગેરેને જે સુખ મળેલ તે ઈન્દ્ર વગેરેને પણ દુર્લભ છે. આવું સુખ વૈકુણ્ઠથી ભ્રષ્ટ થયેલા જય તથા વિજય ને પ્રાપ્ત થયું, છતાં તે પણ તેઓની તો મોટામાં મોટી આપત્તિ હતી. આ ઉપરથી વૈકુણ્ઠમાં તેઓને કેવું સુખ થતું હશે તેનું અનુમાન કરવું.૧૩૦

આ મતાન્તર પ્રમાણે વરાહ અને હિરણ્યાક્ષ નું યુદ્ધ ભૂમિ ઉપર જ થયેલું અને ભગવાન્‌ના હાથથી મૃત્યુ થવા છતાં, ભગવાન્‌ની ઈચ્છાથી જ હિરણ્યાક્ષને મુક્તિ પણ પ્રાપ્ત ન થઈ, અથવા ભગવાન્‌ની ક્રિયાશક્તિએ તેનો વધ કરેલ હોવાથી તેને મુક્તિ પ્રાપ્ત ન થઈ, અથવા મુક્તિ આપવામાટે ભગવાને અવતાર લીધો હોય ત્યારે જ તેમનાથી મુક્તિ પ્રાપ્ત થાય છે. વળી વરાહે હિરણ્યાક્ષનું ઉદર ચીરીને તેને હણ્યો ન હતો, પરન્તુ હણ્યા પછી તેનું ઉદર ચીરેલું. જો હણ્યા પહેલાં તેનું ઉદર ચીરે તો તેના પ્રાણો ભગવાન્‌નાં મુખમાં પ્રવેશ કરે ( એટલે તેની મુક્તિ થાય, તેથી ભગવાને તેમ ન કરતાં ) તે ફરી દૈત્ય ન જન્મે તે માટે તેના સંસ્કારવાળા અંશો પોતાની અન્દર પ્રવેશ કરે એવા અભિપ્રાયથી તેને હણ્યા પછી તેનું

ઉદર ચીરેલું.૧૩૧

વરાહનું અને હિરણ્યાક્ષનું યુદ્ધ બ્રહ્માના એક દિવસ સુધી થયેલું એમ જણાય છે, આથી હિરણ્યાક્ષના બલનો ખ્યાલ આવે છે. આ યુદ્ધમાં જ વરાહકલ્પ વીત્યો. ત્યાર પછી શ્વેતવારાહકલ્પ થયો તેમાં સૃષ્ટિ અને હિરણ્યકશિપુ નું રાજ્ય થયાં. અથવા બીજા મત પ્રમાણે જે દિવસ યુદ્ધ ચાલ્યું તે દેવનો દિવસ હતો, એટલે મનુષ્યોના છ માસ સુધી એ યુદ્ધ ચાલેલું. છ માસ યુદ્ધ ચાલ્યું એ મત પ્રમાણે બ્રહ્માની સ્તુતિનાં વચનો ઘટે તે માટે એમ માનવું જોઈએ કે ભૂમિનું વરાહે સ્થાપન કર્યા પછી બ્રહ્મા પહેલાંની પેઠે મેરુ પર્વત ઉપર જ જઈ રહેલા.૧૩૨

આથી એમ સિદ્ધ થાય છે કે મુક્ત જીવો ભગવાન્‌ની ઈચ્છાથી સંસારમાં આવે છે. ભગવાન્‌ની ઈચ્છા પણ ભગવદ્રૂપ હોવાથી તેમના સંસારનું આ છ અધ્યાયોથી વર્ણન કરેલું છે. 'સંસાર' એટલે ઉત્પત્તિ અને મરણ. છ પૈકી પહેલા ત્રણ અધ્યાયોથી જય અને વિજય ની હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ તરીકે ઉત્પત્તિ અને પાછળના ત્રણ અધ્યાયોથી હિરણ્યાક્ષનું મરણ વર્ણવેલું છે.

અનિત્ય પદાર્થોનો 'જન્મ', નિત્ય અને હદવાળાનો 'સમાગમ' અને હદ વગરના નિત્યનું 'પ્રાકટ્ય', એવી રીતે ઉત્પત્તિ ત્રણ પ્રકારની કહેલી છે. મૃત્યુ પણ ''કાલ, દ્રવ્ય અને ગુણો થી આ જગત્‌નો ત્રણ પ્રકારે લય થાય છે''( ૩।૧૦।૧૪ ) એ વાક્ય પ્રમાણે ત્રણ પ્રકારનું છે.

ચૌદમા અધ્યાયનો અર્થ બીજની ઉત્પત્તિ( કશ્યપે દિતિમાં કરેલ ગર્ભાધાન ) છે. આ અધ્યાયમાં પહેલાં ઉપાધિની – રાક્ષસરૂપ ગર્ભ રહે તેમાં કારણની – ઉત્પત્તિ કહેલી છે.

પન્દરમા અધ્યાયમાં જય અને વિજય તેઓના સ્થાન વૈકુણ્ઠમાંથી ભ્રષ્ટ થયાનું કહેલ છે. તેથી તેઓને જીવનો સમ્બન્ધ થવો એ તેનો અર્થ છે.

સોળમા અધ્યાયમાં તેઓએ દિતિના ગર્ભમાં પ્રવેશ કર્યાનું એટલે તેઓનો જન્મ( ગર્ભમાં પ્રવેશ) થયાનું કહેલ છે. ભગવાન્‌ની વિભૂતિરૂપ તેઓએ દિતિના ગર્ભમાં પ્રવેશ કર્યો. જો ભગવાન્‌ની વિભૂતિનો પ્રવેશ ગર્ભમાં થયો ન હોય તો અ.૧૭।૩-૧૭ સુધીમાં તેઓનું માહાત્મ્ય વર્ણવેલ છે તેવું ઘટે નહિ.

સત્તરમા અધ્યાયમાં તેઓનું જન્મ થયાનું અને તેઓનું પુરુષાતન પ્રકટ થયાનું કહેલ છે. આ તેઓની સરસાઈ નાશરૂપ હતી એમ જણાવવા નાશનું નિરૂપણ કરનારા અધ્યાયોમાં જણાવેલી છે.

અઢારમા અધ્યાયમાં વરુણનાં વચનોથી હિરણ્યાક્ષના નાશનું બીજ જણાવેલું હોવાથી 'નાશ પામતા હોવાપણું' એ તેનો અર્થ છે.

(અને ૧૯ મા અધ્યાયમાં) તેનો નાશ થયાનું કહેલ છે. તેથી નાશનું બીજ નાશ પામતા હોવાપણું અને નાશ –એવા ભેદથી ( મરણના ત્રણ અધ્યાયો કહેલા છે ).

વૈકુણ્ઠમાં રહેનાર ભક્ત ઉત્તમ-જીવની એવી સ્થિતિ કેમ થઈ ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે આ છયે અધ્યાયોમાં કહેલી કથાનું કારણ ઈશ્વર ઇચ્છા જ છે. ઈશ્વરની ઇચ્છા વિના એમ થઈ શકે નહિ.૧૩૩-૧૩૪

આ છયે અધ્યાયોની કથા ઈશ્વરની ઇચ્છાથી થઈ ન હતી એમ માનીએ તો તેમાં એવી અસંગીતિ જણાય છે કે ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલી દક્ષની પુત્રી અને ઇન્દ્રિયોથી જાણવામાં ન આવે તેવા પદાર્થો જાણનાર ઋષિ કશ્યપની પત્ની, કામ ઉત્પન્ન થતાં, માત્ર એક ક્ષણ( થોડો સમય ) રોકાવામાટે ઋષિએ પ્રાર્થના કરવા છતાં રોકાઈ નહિ અને તેણે નિર્લજ્જ થઈ સુધ્યાના સમયમાં અગ્નિહોત્ર કરતાં ઋષિનું વસ્ત્ર પકડી સમજાવવા છતાં તેમને છૂટા ન કર્યા. આવું ભગવાન્‌ની ઇચ્છા વિના મર્યાદા પ્રમાણે થાય નહિ .૧૩૫

સ્ત્રીએ તો ગમે તેમ કર્યું પરન્તુ મુનિએ પણ જે કર્યું તે અઘટિત હતું. તેમણે

૧. મૌનનો ત્યાગ કર્યો( શ્લો.૧૫ )

૨. તેની સાથે વાતચીત કરી તે બન્નેની ભાષા અઘટિત હતી

૩. મુનિએ સ્ત્રીની સ્તુતિ કરી( શ્લો.૧૬-૨૦ )

૪. તેને વશ થયા

૫. શાસ્ત્રમાં જણાવેલથી જુદા પ્રકારે સ્ત્રી સાથે સમ્બન્ધ કર્યો( શ્લો.૩૦ )

૬. તેનો વિરોધ ન કર્યો.

—આ છ કાર્ય કશ્યપ મુનિએ કર્યા તે અયોગ્ય છે. પછી જે ધર્મરૂપ સંવાદ તે બેને થયો( શ્લો.૩૩-૪૯ ) તે એમ જણાવે છે કે આવાં અયોગ્ય કાર્ય કરવાં એ તેઓનો સ્વભાવ ન હતો. એટલે ભગવાન્‌ની ઇચ્છાથી જ તેઓથી આ કાર્ય થયું એ પ્રમાણે પહેલા( ચૌદમા ) અધ્યાયનો અર્થ અઘટિત હોવાનું એમ દર્શાવવા કહ્યું છે કે ભગવાન્‌ની ઇચ્છા વિના એમ બને નહિ . ૧૩૬-૧૩૬।।

બીજા( પન્દરમા ) અધ્યાયમાં જણાવેલ વિષય પણ શ્રીકૃષ્ણની ઇચ્છાથી બનેલ ન હોય તો અયોગ્ય છે, કારણ કે સનન્દન વગેરે મુનિઓ જેમને કોઈ પણ દેશમાં અને કોઈ પણ સમયે ક્રોધ ન થાય અને જેઓ કોઈ પણ વિષયમાં અયોગ્ય કાર્ય ન કરે, તેઓ વૈકુણ્ઠમાં જ્યારે શ્રીકૃષ્ણનું ચિન્તન કરવાની ઉત્તમ અવસ્થામાં હતા ત્યારે શ્રીકૃષ્ણના સેવક જય અને વિજય ઉપર ક્રોધ કરી તેઓને સહન ન થઈ શકે તેવો શાપ આપ્યો. મુનિઓએ પણ આવું અયોગ્ય કામ કર્યું . ૧૩૬।।-૧૩૮

જય અને વિજયે પણ તેવું જ આયોગ્ય કામ કર્યું. વૈકુણ્ઠના લતાઓ, પક્ષીઓ અને સ્ત્રીઓ પણ ભગવદ્‌ભાવવાળાં, ભગવાન્‌ના ગુણોનું ગાન કરવામાં રચ્યાં - પચ્યાં રહેનારા, અહપારરહિત, ઈર્ષ્યારહિત અને ઉત્તમ હોય છે. તેવા વૈકુણ્ઠમાં જેમણે સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય અને સારૂપ્ય એ ચાર પ્રકારનો મોક્ષ સમ્પૂર્ણ રીતે પ્રાપ્ત કરેલ, તેવા જય અને વિજયે ગર્વ કરી ભક્તો, વૈકુણ્ઠમાં ભગવાન્‌નાં દર્શન કરવા આવેલા, તેઓને પ્રતિબન્ધ કર્યો. આ તેઓનું કાર્ય પણ અયોગ્ય હતું. તે કાર્ય કર્યા પછી તે બન્નેએ મુનિઓના ચરણ

પકડ્યા( શ્લો.૩૫ ) તથા તેમની કૃપા માગી( શ્લો.૩૬ ) તે એમ દર્શાવે છે કે તેમણે જે અયોગ્ય કાર્ય કર્યું તેવું કરવાનો તેઓનો સ્વભાવ ન હતો . ૧૩૮-૧૪૦।।

ત્રીજા( સોળમા ) અધ્યાયમાં જણાવેલ વિષય પણ શ્રીકૃષ્ણની ઈચ્છાથી બનેલ ન હોય તો અયોગ્ય છે. આ અધ્યાયમાં ભગવાન્ મોહ કરે તેવાં વચનોથી સનક વગેરેને મોહ ઉત્પન્ન કરે છે( શ્લો.૪-૧૧ ). ભક્ત જય અને વિજય પ્રતિ બેદરકારી જણાવે છે. વળી વૈકુણ્ઠમાં ગયેલ સંસારમાં પાછા આવે તે અશક્ય હોવા છતાં તે બે વૈકુણ્ઠમાંથી પડે છે. ભગવાન્ પ્રતિ આ બે ભક્તોને દ્વેષ થાય છે, કારણ કે દ્વેષ થયો ન હોય તો ભવિષ્યમાં તેઓને ભગવાન્ ઉપર દ્વેષ રાખવાની બુદ્ધિ ન થાય. તેથી આ ત્રણે અધ્યાયોનો વિષય જો ભગવાન્‌ની ઈચ્છાથી થયેલ ન હોય તો થવો અશક્ય છે. ૧૪૦।।-૧૪૧।।

પછીના સત્તરમાથી ઓગણીસમા સુધીના ત્રણ અધ્યાયોનો વિષય પણ ભગવાન્‌ની ઈચ્છાથી બનેલ ન હોય તો બનવો અશક્ય જ છે. આ અધ્યાયોમાં હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુની અલૌકિક ઉત્પત્તિ વર્ણવેલી છે, કારણ કે મોટા પુરુષની સામાન્ય રીતે ઉત્પત્તિ થતી હોય ત્યારે ખરાબ શકુનો( અ.૧૭।૩-૧૫ ) થતાં નથી. વળી તેઓની વૃદ્ધિ( શ્લો.૧૬-૧૭ ) તથા દિગ્વિજય( શ્લો.૧૯-૨૩ ) પણ અલૌકિક છે. પાંચમા ( અઢારમા ) અધ્યાયમાં હિરણ્યાક્ષ સ્વામી ભગવાન્ વરાહને દુષ્ટ વચનો( શ્લો.૩-૫ ) કહે છે અને તેમની સાથે યુદ્ધ પણ કરે છે. આ સર્વ અયોગ્ય છે. વળી બ્રહ્માને વરાહ ભગવાન્, હિરણ્યાક્ષને કદાચ હણી નહિ શકે એવો ભ્રમ થાય છે. અને તે તેમને તેને તરત હણવાને પ્રાર્થના કરે છે( શ્લો.૨૨-૨૮ ). બ્રહ્માને આવો ભ્રમ થાય તે બહુ જ અયોગ્ય છે.

છઠ્ઠા( ઓગણીસમા ) અધ્યાયમાં જણાવેલ વિષય પણ શ્રીકૃષ્ણની ઈચ્છા વિના બનેલ હોય તો ઘણો જ અયોગ્ય છે, કારણ કે આ અધ્યાયમાં હિરણ્યાક્ષ ભગવાન્‌ની સન્મુખ તેમના મુખનું દર્શન કરતાં તેમનાથી હણાયો છતાં પણ તેને મુક્તિ પ્રાપ્ત ન થઈ. આથી વધારે બીજું આશ્ચર્યકારક શું હોય ? .૧૪૧।।-૧૪૩

તેથી આ છયે અધ્યાયોના વિષય શ્રીકૃષ્ણની ઈચ્છાથી જ બનેલા, એવું તર્ક સાથેનું આખ્યાન આ અધ્યાયોમાં કહેલું છે. મુક્ત જીવોનો જન્મ થાય છે અને ભગવાન જ તેઓને આ લોકના અને પરલોકના ફળનું દાન કરવા સંસારમાં તેઓનો જન્મ કરાવે છે, બીજા કોઈ કારણથી કરાવતા નથી. તેથી સર્ગ( સૃષ્ટિ ) ભગવાન્‌ની લીલા છે એમ સિદ્ધ થાય છે.૧૪૪

**(આથી આગળ બીજા ખંડમાં જુઓ)**

### મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યવિરચિત

# શ્રીપુરુષોત્તમનામસહસ્ત્રં સ્તોત્રમ્ ના

## તૃતીયસ્કન્ધના નામો

### (સર્ગલીલા)

**વૈરાગ્યહેતુઃ તીર્થાત્મા સર્વ-તીર્થ-ફલ-પ્રદઃ ।**
**તીર્થ-શુદ્ધૈક-નિલયઃ સ્વમાર્ગ-પરિપોષકઃ ।।૩૦।।**

[૧૦૭]વૈરાગ્ય ઉત્પન્ન થવામાં કારણ રૂપ, [૧૦૮]તીર્થો સ્વરૂપ, [૧૦૯]સર્વ તીર્થોમાં ફળને આપનાર, [૧૧૦]તીર્થયાત્રાથી શુદ્ધ થયેલ ભક્તો જ આપનું સ્થાન છે તેવા ( તેવા ભકતોના હૃદયમાં બિરાજનાર ), [૧૧૧]સ્વ = ભક્તિમાર્ગનું પોષણ કરનાર ।।૩૦।।

**તીર્થકીર્તિઃ ભક્તગમ્યો ભક્તાનુશયકાર્યકૃત્ ।**
**ભકતતુલ્યઃ સર્વતુલ્યઃ સ્વેચ્છા-સર્વ-પ્રવર્તકઃ ।।૩૧।।**

[૧૧૨]તીર્થોની કીર્તિ જેમને લીધે છે એવા, [૧૧૩]ભક્તોથી પ્રાપ્ત કરવા યોગ્ય, [૧૧૪]ભક્તોના ચિત્તના નિરોધમાટે લીલાઓ કરનાર, [૧૧૫]ભક્તોને પોતાના સમાન ગણનાર, [૧૧૬]પ્રાણી માત્રને પોતપોતાના કર્મો અનુસાર સમાન ભાવે ફલ આપનાર, [૧૧૭]ભકતોની ઈચ્છા પ્રમાણે સર્વને ચલાવનાર અથવા પોતાની ઈચ્છાથી સર્વ વિશ્વને પોતાના સ્વરૂપમાંથી પ્રકટ કરનારા ।।૩૧।।

**ગુણાતીતોઽનવદ્યાત્મા સર્ગલીલા-પ્રવર્તકઃ ।**
**સાક્ષાત્સર્વજગત્કર્તા મહદાદિપ્રવર્તકઃ ।।૩૨।।**

[૧૧૮]સત્ત્વ વગેરે ગુણોથી પર, [૧૧૯]નિર્દોષ આત્મસ્વરૂપ અથવા પરનિન્દા ન કરનાર ભક્તોના આત્મા - પ્રાણ, [૧૨૦]સૃષ્ટિની રચના રૂપ લીલાને કરનાર, [૧૨૧]સ્વયંભૂ - પૂર્ણ જગત્‌ના રચનાર, [૧૨૨]બુદ્ધિ વગેરે તત્ત્વોના પ્રવર્તક ।।૩૨।।

**માયાપ્રવર્તકઃ સાક્ષી માયા-રતિ-વિવર્ધનઃ ।**
**આકાશાત્મા ચતુર્મૂર્તિઃ ચતુર્ધા ભૂતભાવનઃ।।૩૩।।**

[૧૨૩]માયાને પ્રેરનાર, [૧૨૪]પ્રત્યક્ષ જોનાર - સાક્ષીરૂપ, [૧૨૫]માયાવડે આસક્તિને પેદા કરનાર, [૧૨૬]પ્રકાશમાન્ સ્વરૂપવાળા અથવા આકાશ જેમનો દેહ છે એવા, [૧૨૭]વાસુદેવ વગેરે ચાર વ્યૂહસ્વરૂપ, [૧૨૮]ચાર વર્ણ અથવા ધર્માદિ ચાર

પુરુષાર્થોને ધારણ કરનાર, [૧૨૯]પૃથ્વી વગેરે પાંચ તત્ત્વોને ઉત્પન્ન કરનાર ।।૩૩।।

**રજ:પ્રવર્તકો બ્રહ્મા મરીચ્યાદિ-પિતામહઃ ।**
**વેદકર્તા યજ્ઞકર્તા સર્વકર્તાઽમિતાત્મકઃ ।।૩૪।।**

[૧૩૦]રજો ગુણના પ્રવર્તક, [૧૩૧]બ્રહ્માસ્વરૂપ એવા ભગવાન્, [૧૩૨]મરીચિ વગેરે મુનિઓના પિતામહ, [૧૩૩]વેદોના કર્તા, [૧૩૪]યજ્ઞોના કર્તા, [૧૩૪]સર્વના કર્તા, [૧૩૪]અસઙ્ખ્ય સ્વરૂપવાળા ।।૩૪।।

**અનેક-સૃષ્ટિ-કર્તા ચ દશધા-સૃષ્ટિ-કારકઃ ।**
**યજ્ઞાનો યજ્ઞવારાહો ભૂધરો ભૂમિપાલકઃ ।।૩૫।।**

[૧૩૪]અનેક પ્રકારની સૃષ્ટિને પ્રકટ કરનાર, [૧૩૪]દશ પ્રકારની સૃષ્ટિને કરનાર, [૧૩૯]યજ્ઞો જેમનું અંગ છે તેવા, [૧૪૦]યજ્ઞસ્વરૂપ વરાહ ભગવાન્, [૧૪૧]પૃથ્વીને ધારણ કરનાર, [૧૪૨]પૃથ્વીનું પાલન કરનાર ।।૩૫।।

**સેતુર્વિધરણો જૈત્રો હિરણ્યાક્ષાન્તકઃ સુરઃ ।**
**દિતિ-કશ્યપ-કામૈક-હેતુ—સૃષ્ટિ-પ્રવર્તકઃ ।।૩૬।।**

[૧૪૩]મર્યાદા બાંધનાર, [૧૪૪]મર્યાદાના પાલનથી સૃષ્ટિને ધારણ કરનાર અથવા ગરુડજીથી ઉઠાવાતા, [૧૪૫]હંમેશા વિજય પ્રાપ્ત કરવાના સ્વભાવવાળા, [૧૪૬]હિરણ્યાક્ષના મારનાર, [૧૪૭]સુર - દેવરૂપ, [૧૪૮]દિતિ અને કશ્યપ ની કામનાથી સૃષ્ટિને પ્રવર્તાવવામાં કારણભૂત શ્રીકૃષ્ણ ।।૩૬।।

**દેવાભયપ્રદાતા ચ વૈકુણ્ઠાધિપતિર્મહાન્ ।**
**સર્વ-ગર્વ-પ્રહારી ચ સનકાદ્યખિલાર્થદઃ ।।૩૭।।**

[૧૪૯]દેવતાઓને અભયદાન આપનારા, [૧૫૦]વૈકુણ્ઠના સ્વામી, [૧૫૧]સર્વથી મહાન્ - શ્રેષ્ઠ, [૧૫૨]સર્વના ગર્વને હરનારા, [૧૫૩] સનક વગેરેને સમ્પૂર્ણ અર્થ આપનાર શ્રીકૃષ્ણ ।।૩૭।।

**સર્વાશ્વાસનકર્તા ચ ભક્તતુલ્યાહવપ્રદઃ ।**
**કાલ-લક્ષણ-હેતુશ્ચ સર્વાર્થ-જ્ઞાપકઃ પરઃ ।।૩૮।।**

[૧૫૪]સર્વને આશ્વાસન આપનાર, [૧૫૫]ભક્તને યોગ્ય યુદ્ધ આપનાર, [૧૫૬]શુભ - અશુભ કાલના લક્ષણના જ્ઞાનમાં કારણ, [૧૫૭]સર્વ અર્થોનું જ્ઞાન કરાવનાર, [૧૫૮]સર્વથી પર ।।૩૮।।

**ભક્તોન્નતિકરઃ સર્વ—પ્રકાર-સુખ-દાયકઃ ।**

**નાના-યુદ્ધ-પ્રહરણો બ્રહ્મ-શાપ-વિમોચકઃ ।।૩૯।।**

[૧૫૯]ભક્તોની ઉન્નતિ કરનાર, [૧૬૦]સર્વ પ્રકારના સુખોને આપનાર, [૧૬૧]યુદ્ધના અનેક શસ્ત્રોવાળા, [૧૬૨]બ્રહ્મરૂપ સનક વગેરેના શાપથી છોડાવનાર ।।૩૯।।

**પુષ્ટિ-સર્ગ-પ્રણેતા ચ ગુણ-સૃષ્ટિ-પ્રવર્તકઃ ।**
**કર્દમેષ્ટ-પ્રદાતા ચ દેવહૂત્યખિલાર્થદઃ ।।૪૦।।**

[૧૬૩]અનુગ્રહને માટે સૃષ્ટિના સર્જક, [૧૬૪]ગુણમયી સૃષ્ટિના રચનાર, [૧૬૫]કર્દમ મુનિને ઈષ્ટ આપનાર, [૧૬૬]દેવહૂતિને સમ્પૂર્ણ અર્થ આપનાર ।।૪૦।।

**શુક્લનારાયણઃ સત્ય - કાલધર્મપ્રવર્તકઃ ।**
**જ્ઞાનાવતારઃ શાન્તાત્મા કપિલઃ કાલનાશકઃ ।।૪૧।।**

[૧૬૭]શુદ્ધ સત્ત્વગુણી નારાયણ, [૧૬૮]વાસ્તવિક કાલધર્મના પ્રવર્તક, [૧૬૯]જ્ઞાનના અવતારસ્વરૂપ, [૧૭૦](શાન્ત ભક્તોના આત્મા) શાન્તસ્વરૂપ, [૧૭૧]કપિલ ભગવાન્, [૧૭૨]કાલ - મૃત્યુને દૂર કરનાર ।।૪૧।।

**ત્રિગુણાધિપતિઃ સાઙ્ખ્ય - શાસ્ત્રકર્તા વિશારદઃ ।**
**સર્ગ-દૂષણ-હારી ચ પુષ્ટિ-મોક્ષ-પ્રવર્તકઃ ।।૪૨।।**

[૧૭૩]સત્ત્વાદિ ત્રણ ગુણના નિયામક, [૧૭૪]સાઙ્ખ્યશાસ્ત્રના કર્તા, [૧૭૫]સર્વ શાસ્ત્રમાં નિપુણ, [૧૭૬]સૃષ્ટિના દૂષણ એવા અધર્મને દૂર કરનાર, [૧૭૭]પુષ્ટિ - અનુગ્રહ દ્વારા મોક્ષને પ્રાપ્ત કરાવનાર ।।૪૨।।

**લૌકિકાનન્દ-દાતા ચ બ્રહ્માનન્દ-પ્રવર્તકઃ ।**
**ભક્તિ-સિદ્ધાન્ત-વકતા ચ સગુણ-જ્ઞાન-દીપકઃ ।।૪૩।।**

[૧૭૮]લૌકિક અર્થાત્ પુત્ર, સ્નેહ વગેરે રૂપ આનન્દને આપનારા, [૧૭૯]બ્રહ્માનન્દના પ્રવર્તક, [૧૮૦]ભક્તિમાર્ગીય સિદ્ધાન્તના વિવેચક, [૧૮૧]સત્ત્વ વગેરે ગુણવાળા પ્રપઞ્ચના જ્ઞાનના પ્રકાશક ।।૪૩।।

**આત્મપ્રદઃ પૂર્ણકામો યોગાત્મા યોગભાવિતઃ ।**
**જીવન્મુક્તિ-પ્રદઃ શ્રીમાન્ અન્ય-ભક્તિ-પ્રવર્તકઃ ।।૪૪।।**

[૧૮૨]સ્વરૂપના દાતા, [૧૮૩]સર્વ પરિપૂર્ણ કામનાવાળા, [૧૮૪]યોગરૂપ જેમનો આત્મા છે, [૧૮૫]અષ્ટાનયોગથી ચિન્તન કરતા, [૧૮૬]જીવન મુક્તિને આપનાર, [૧૮૭]શોભાથી પૂર્ણ, [૧૮૮]ધર્મ, અર્થ, વગેરે ચાર પુરુષાર્થોથી પણ વિશિષ્ટ અનન્ય ભક્તિના પ્રવર્તક ।।૪૪।।

**કાલ-સામર્થ્ય-દાતા ચ કાલ-દોષ-નિવારકઃ ।**
**ગર્ભોત્તમ-જ્ઞાન-દાતા કર્મમાર્ગ-નિયામકઃ ।।૪૫।।**

[૧૮૯]કાળને શક્તિ આપનાર, [૧૯૦]કાળથી થતા દોષોને દૂર કરનાર, [૧૯૧]ગર્ભમાં જીવને ઉત્તમ જ્ઞાન આપનાર, [૧૯૨]કર્મમાર્ગના નિયામક ( કર્મથી થતા જન્મ મરણના ફેરાના નાશક. ) ।।૪૫।।

**સર્વમાર્ગ - નિરાકર્તા ભક્તિ-માર્ગૈક - પોષકઃ ।**
**સિદ્ધિહેતુઃ સર્વહેતુઃ સર્વાશ્ચર્યૈક-કારણમ્ ।।૪૬।।**

[૧૯૩]( શરણા ગતિથી ) અન્ય સર્વ માર્ગનું નિરાકરણ કરનાર, [૧૯૪]કેવળ ભક્તિમાર્ગના પોષક, [૧૯૫]સિદ્ધિની પ્રાપ્તિમાં હેતુ, [૧૯૬]સમ્પૂર્ણ સિદ્ધિઓના કારણ, [૧૯૭]સર્વ આશ્ચર્યમાં કારણ ।।૪૬।।

**ચેતનાચેતન-પતિઃ સમુદ્ર-પરિ-પૂજિતઃ ।**
**સાઙ્ખ્યાચાર્યસ્તુતઃ સિદ્ધ - પૂજિતઃ સર્વપૂજિતઃ ।।૪૭।।**

[૧૯૮]ચેતન - અચેતન અથવા સ્થાવર - જનમના પાલક, [૧૯૯]સમુદ્રથી પૂજાયેલા, [૨૦૦]સાઙ્ખ્યાચાર્યથી સ્તવન કરાયેલા, [૨૦૧] સિદ્ધ જનોથી પૂજાતા, [૨૦૨]સર્વથી પૂજાતા ।।૪૭।।

# ।। વિષયાનુક્રમણિકા ।।

## તૃતીયસ્કન્ધ


**(૧)અધિકાર પ્રકરણ**

૧. પ્રતિબન્ધની નિવૃત્તિ પૂર્વક તીર્થના સેવનથી બાહ્યશુદ્ધિનું નિરૂપણ અને સત્સંગમાં પ્રીતિથી ભગવાન્ સમ્બન્ધી ત્રણ પ્રશ્નોનું નિરૂપણ. ૦૧

૨. ભગવત્કથાનું શ્રવણ કરવાથી આર્થિક (અર્થથી પ્રાપ્ત એવું) ભગવન્માહાત્મ્યનું જ્ઞાન થતાં આભ્યન્તર શુદ્ધિ થાય છે. ૪૩

૩. કેવલ ચરિત્રનું શ્રવણ કરવાથી આંતર જ્ઞાનરૂપે ભગવદ્ગુણનો પ્રાદુર્ભાવ થાય છે. ૮૦

૪. પ્રભુના પ્રયાણ સમયે વિદ્યમાન હતા એવા અધિકારી ઉદ્ધવજી અને અવિદ્યમાન હતા એવા વિદુરજી એ બંને ઉપર પ્રભુની કૃપાનું નિરૂપણ તથા વિદુરજી અને મૈત્રેયના સમાગમનું નિરૂપણ. ૧૧૦

**(૨)બન્ધસૃષ્ટિના પ્રકરણ અન્તર્ગત**

**(૨/ક) ગુણાતીત સૃષ્ટિ પ્રકરણ**

૫. બ્રહ્માણ્ડના કારણરૂપે મહદાદિતત્ત્વોની ઉત્પત્તિ અને સ્તુતિનું નિરૂપણ. ૧૫૪

૬. તત્ત્વોના કાર્યરૂપે બ્રહ્માણ્ડ શરીરની ઉત્પત્તિ અને વર્ણીઓના કર્મનું નિરૂપણ. ૨૦૯

**(૨/ખ) સગુણ સૃષ્ટિ પ્રકરણ**

૭. શંકા અને ઉત્તર નું નિરૂપણ કરી પ્રભુ અને સૃષ્ટિ માં મતાન્તર ભાષાથી ગુણપ્રવેશનું નિરૂપણ. ૨૪૧

૮. સગુણ બ્રહ્મથી, જગતના કારણ રૂપે હૃદયમાં થયેલા ભગવદ્દર્શનથી ચતુર્મુખ એવા બ્રહ્માજીની ઉત્પત્તિનું નિરૂપણ. ૨૭૨

૯. અવશ્ય ઉત્પન્ન થનારાં જગતની ઉત્પત્તિ જ છે ફલ જેનું એવી બ્રહ્માજીએ કરેલી સ્તુતિનું નિરૂપણ. ૩૧૧

**(૨/ગ) કાલસૃષ્ટિ પ્રકરણ**

૧૦. દશવિધ સર્ગરૂપી કાર્યથી કાળના જન્મનું નિરૂપણ. ૩૫૯

૧૧. પરમાણુથી આરંભીને દ્વિપરાર્ધ સુધીની કાલોપાધિને લીધે કાલજન્મનું નિરૂપણ. ૩૮૫

**(૨/ઘ) મુક્તજીવસૃષ્ટિ પ્રકરણ(અ.૧૩-૧૯)**

૧૨. લોકાતીત એટલે કે લૌકિકથી મુક્ત એવા જીવની સૃષ્ટિનું નિરૂપણ અને તેના અંગરૂપે નામસૃષ્ટિનું નિરૂપણ. ૪૧૮

૧૩. સર્વ તત્ત્વોના આધારરૂપે રહેલી ભૂમિના ઉદ્ધાર માટે વરાહ કલ્પનું કથન કરેલું હોવાથી મુક્તજીવની ઉત્પત્તિમાં સંક્ષેપથી ઉપપત્તિ ( પ્રમાણ )નું નિરૂપણ. ૪૬૦

(આગળના છ અધ્યાયો વડે વિસ્તારથી ઉપપત્તિ ( પ્રમાણ )નું કથન અને જન્મમરણાત્મક સંસારનું પણ કથન.)

૧૪. મુક્તજીવોની ઉત્પત્તિમાં વિસ્તારથી ઉપપત્તિ ( પ્રમાણ )નું કથન કરવા માટેની પ્રસ્તાવનામાં, સંધ્યાકાળે કામ વડે આસુરબીજની ઉત્પત્તિનું નિરૂપણ. ૫૧૦

|| શ્રીકૃષ્ણાય નમઃ ||
|| શ્રીગોપીજન વલ્લભાય નમઃ ||
|| શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ||

# શ્રીસુબોધિનીજી

# શ્રીમદ્‌ભાગવતનો ત્રીજો સ્કંધ

## || અધ્યાય પહેલો ||

**અધિકારિષુ સાંગં હિ શ્રવણં સુનિરૂપિતમ્ ||**
**સ્કન્ધદ્વયેન શેષેષુ ક્રિયતે વિષયાભિધા ||૧||**

અધિકારીઓએ (કરવાના) શ્રવણનું અંગસહિત બે સ્કંધોથી નિરૂપણ કર્યું[૧]. બાકીના (સ્કંધો)માં વિષયોનું[૨] નિરૂપણ કરવામાં આવે છે. કા.૧.

**ત્રયસ્ત્રિંશદ્ અથાધ્યાયાઃ તૃતીયે સર્ગવર્ણને ||**
**સ્વાભિપ્રેતે સવિશેષે હરેર્માહાત્મ્યસૂચકે ||૨||**

હવે હરિનું માહાત્મ્ય સૂચવનારા પોતે સ્વીકારેલા[૩] વિશેષ (ગુણ)વાળા[૪] સર્ગના વર્ણનવાળા ત્રીજા (સ્કંધ)માં તેત્રીસ અધ્યાયો છે. કા.૨.

**લોકે સર્ગવિસર્ગૌ હિ યાદશૌ નેહ તૌ મતૌ ||**
**કિન્તુ તૌ લીલયા વાચ્યૌ તેન સ્કંધદ્વયં તતમ્ ||૩||**

લોકમાં જેવા સર્ગ અને વિસર્ગ છે તે અહિં ઈચ્છેલા નથી, પરંતુ લીલાથી (થએલા) તે બે કહેવાના છે[૫]. તેથી બે સ્કંધમાં વિસ્તાર કરેલો છે. કા.૩.

**ભૂતમાત્રેન્દ્રિયધિયાં જન્મ સર્ગ ઉદાહૃતઃ ||**
**બ્રહ્મણો ગુણવૈષમ્યાદ્ ઈતિ સર્ગસ્ય લક્ષણમ્ ||૪||**

બ્રહ્મના સંબંધવાળા ગુણોનાં અસમાનપણાંને લીધે (થતા) મહાભૂતો, તન્માત્રા, ઈન્દ્રિયો અને બુદ્ધિના જન્મને સર્ગ કહેલો[૬] છે, એવું સર્ગનું લક્ષણ છે. કા.૪.

**અત્રાર્થો દ્વિવિધોઽપ્યસ્તિ વિવક્ષિત ઈતિ સ્ફુટઃ ||**
**બ્રહ્મતો જાયતે સર્ગો બ્રહ્માર્થં ક્રિયતે પરઃ ||૫||**
**અતોઽત્ર દ્વિવિધઃ સર્ગઃ શ્રુતિસાંખ્યાનુસારતઃ |||**

કારણ કે અહિં બંને પ્રકારનો અર્થ કહેવા ઈચ્છેલો છે. બ્રહ્મથી પ્રસિદ્ધ સૃષ્ટિ ઉત્પન્ન થાય છે અને બીજી બ્રહ્મ માટે કરવામાં આવે છે[૭]. તેથી શ્રુતિ અને સાંખ્યને

અનુસરી અહિં બે પ્રકારનો સર્ગ (કહેલો છે). કા.૫[૧]/૨.

**ભૂતમાત્રેન્દ્રિયધિયઃ પ્રથમે ત્રિવિધા મતાઃ ॥૬॥**
**અધિકારે હરૌ કાર્યે સત્ત્વાદિ-ગુણભેદતઃ ॥**
**અતશ્ચતુર્ણામ્ ઉત્પત્તૌ દ્વાદશાધ્યાયવર્ણનમ્ ॥૭॥**

પહેલામાં[૮] (૧) અધિકાર (૨) હરિ[૯] (૩) (અને) કાર્યના[૧૦] સંબંધમાં સત્ત્વ વગેરે ગુણોના ભેદને લીધે[૧૧] મહાભૂતો-તન્માત્રા, ઈન્દ્રિયો અને બુદ્ધિ ત્રણ પ્રકારના વિચારેલા છે. તેથી (એ) ચારની ઉત્પત્તિમાં બાર અધ્યાયો કહેલા છે. કા.૭.

**તતોઽત્ર યુક્તરૂપસ્ય બ્રહ્મણો વિનિરૂપણમ્ ॥**
**ગુણવૈષમ્યકથનં ષડધ્યાય્યા નિરૂપ્યતે ॥૮॥**

ત્યાર પછી[૧૨] અહિં બ્રહ્મના યોગ્ય[૧૩] રૂપનું નિરૂપણ કરેલું છે. છ અધ્યાયોથી ગુણોનું અસમાનપણું જણાવેલું છે. કા.૮.

**કર્માદિમાર્ગા વેદોક્તાઃ ફલતસ્તે યદિ સ્થિરાઃ ॥**
**સર્ગોઽત્ર નૈવ જાયેત તતસ્તન્નાશ ઉચ્યતે ॥૯॥**

કર્મ વિગેરે માર્ગો વેદમાં કહેલા છે. જો તેઓ ફલથી સ્થિર હોય તો અહિં સૃષ્ટિ થાય જ નહિ. તેથી તેઓનો
નાશ[૧૪] કહેલો છે. કા.૯.

**કામેન કર્મનાશઃ સ્યાત્ ક્રોધેન જ્ઞાનનાશનમ્ ॥**
**લોભેનાપિ ચ ભક્તેર્હિ ધર્મિજ્ઞાનીશ્વરૈઃ કૃતાઃ ॥૧૦॥**

કામથી કર્મનો નાશ થાય, ક્રોધથી જ્ઞાનનો નાશ થાય, અને લોભથી ભક્તિનો પણ નાશ થાય (કામ, ક્રોધ અને લોભ અનુક્રમે) ધર્મ કરનારે[૧૫], જ્ઞાનીઓએ[૧૬] અને અધિકારીઓએ કરેલા છે[૧૭]. કા.૧૦.

**તતો ગુણાનાં વૈષમ્યં તમઃસત્ત્વરજસ્ત્વતઃ ॥**
**એવમ્ એકોનવિંશત્યા હરિકર્તૃક ઈરિતઃ ॥૧૧॥**

પછી તમઃ સત્ત્વ અને રજસ્પણાંને લીધે ગુણોનું અસમાનપણું (જણાવેલું છે)[૧૮]. એવી રીતે ઓગણીસ (અધ્યાયો)થી હરિએ કરેલો (સર્ગ) કહેલો છે. કા.૧૧.

**ચતુર્દશભિરધ્યાયૈઃ હરયે સર્ગ ઉચ્યતે ॥**
**ગુણવૈષમ્યમ્ એકેન ભગવદ્‌ભોગસિદ્ધયે ॥૧૨॥**
**ભૂતમાત્રેન્દ્રિયધિયાં જન્મ ભોગાય દેહતઃ ॥**
**ચતુર્ભિરુચ્યતેઽધ્યાયૈઃ નવભિશ્ચ ગુણાસ્ત્રયઃ ॥૧૩॥**

હરિ માટે કરેલો સર્ગ ચૌદ અધ્યાયોથી કહેલો છે. ભગવાનનો ભોગ સિદ્ધ

થાય તે માટે એક (અધ્યાય)થી ગુણોનું અસમાનપણું (કહેલું છે). ભોગ થાય તે માટે મહાભૂતો તન્માત્રા ઈન્દ્રિયો અને બુદ્ધિનો દેહથી જન્મ ચાર અધ્યાયોથી (કહેલો છે), અને નવ અધ્યાયોથી ત્રણ ગુણો કહેલા છે. કા.૧૩.

**યાદૃશૈર્ભગવદ્ભોગઃ તેષાં સર્ગો નિરૂપ્યતે ॥**
**કથાયાં ત્વધિકારોઽત્ર ચતુર્ભિઃ કરણં પરૈઃ ॥૧૪॥**
**સર્ગસ્ય સવિભૂતેશ્ચ સર્વત્રૈવાનુવર્ણનમ્ ॥**

જેવાથી ભગવાનનો ભોગ (સિદ્ધ થાય) તેવાનો[૧૯] સર્ગ કહેલો છે. અહિં[૨૦] ચાર (અધ્યાયો)થી કથાસંબંધી અધિકાર અને પાછલનાથી સાધન (કહેલ છે), અને સર્વમાં વૈભવવાળા સર્ગનું વર્ણન છે[૨૧] કા. ૧૪$^{૧}/_{૨}$ .

**ઉત્તમે ત્વધિકારે હિ લીલામાત્રં ફલાય વૈ ॥૧૫॥**
**કિં પુનર્દશધા લીલેત્યેવં વૈદુરિકી કથા ॥**

ઉત્તમ અધિકાર હોય ત્યારે તો બધી લીલા ફલ પ્રાપ્ત કરાવનારી હોય છે, તો પછી દશ પ્રકારની લીલાનું તો કહેવું જ શું ? એમ જણાવવા વિદુરની કથા[૨૨] (કહેલી છે). કા. ૧૫$^{૧}/_{૨}$ .

**તત્રાધિકારે પ્રથમે દેહવૈશિષ્ટ્યકારણમ્ ॥૧૬॥**
**ભૂતાનાં સંસ્કૃતાનાં હિ ત્રેધા સર્ગો નિરૂપ્યતે ॥**

[૨૩]તે પૈકી અધિકાર (પ્રકરણ)ના પહેલા (અધ્યાય)માં ઉત્તમ દેહ થવાનું કારણ[૨૪] (કહેલું છે), કારણ કે સંસ્કાર પામેલા[૨૫] મહાભૂતોનો[૨૬] ત્રણ પ્રકારનો સર્ગ કહેલો છે. કા.૧૬$^{૧}/_{૨}$ .

**તીર્થસંગગુણસ્મૃત્યા પઞ્ચધા વા નિરૂપ્યતે ॥૧૭॥**
**તીર્થદ્વયેન હરિણા ભક્તૈસ્તત્કથયાઽપિ ચ ॥**

અથવા (૧) તીર્થના સંગ (૨) અને (ભગવાનના) ગુણોના સ્મરણથી એ બે તીર્થોથી (૩) હરિ[૨૭] (૪) ભક્તો અને (૫) તેમની કથાથી એમ પાંચ પ્રકારે પણ (સંસ્કાર પામેલા મહાભૂતોનો સર્ગ) કહેલો છે. કા.૧૭$^{૧}/_{૨}$.

**અસ્મિન્ ભાગવતે શાસ્ત્રે પૂર્વદેહસ્ય નાશનમ્ ॥૧૮॥**
**નાપેક્ષ્યતે યતઃ સર્વે ભક્તિમાર્ગાધિકારિણઃ ॥**

આ ભાગવતશાસ્ત્રમાં પહેલાના દેહના નાશની જરૂર નથી[૨૮] કારણ કે ભક્તિમાર્ગમાં બધા અધિકારી છે. કા.૧૮$^{૧}/_{૨}$ .

૧. પહેલા સ્કંધમાં અધિકારનું નિરૂપણ કર્યું. હીન મધ્યમ અને ઉત્તમ પ્રકારના અધિકારીઓ છે.

તેવા અધિકારીને (૧) વિષય જણાવવો (૨) શ્રદ્ધા અને (૩) એ અંગો સાથે શ્રવણ કરવાનું બીજા સ્કંધમાં કહ્યું. (પ્ર)

૨. શ્રવણ કરવાનો વિષય કયો ? એ જાણવાની જરૂર રહેવાથી, બાકીના દશ સ્કંધોમાં ૨।૧૦।૧ માં જણાવેલા દશ વિષયો કહેલા છે. જે સ્વરૂપથી સર્ગ વિગેરે
દશ શ્રવણના વિષયો થાય છે તે સ્વરૂપનો અહિંથી વિચાર કરવામાં આવે છે, એવો અર્થ છે. (પ્ર)

૩. 'પોતે સ્વીકારેલા' એટલે શુક અને વ્યાસ ના હૃદયમાં ઉતરેલા. (પ્ર)

૪. શ્રીમદ્ભાગવત. ૧૨।૭।૧૧ માં જણાવેલ વિશેષ (ખાસ) ગુણવાળા. ભગવદ્રૂપ હોવું એજ (આ) ખાસ ગુણ છે. 'હરિનું માહાત્મ્ય સૂચવનારા' વિશેષણથી આ ખાસ ગુણવાળા કહેવાનું પ્રયોજન કહેલું છે. (પ્ર)

૫.'' 'સર્ગ' અને 'વિસર્ગ' બંનેનો અર્થ ઉત્પત્તિ થતો હોવા છતાં, તે બે બે જૂદા સ્કંધથી કેમ કહ્યા, અને આટલો બધો વિસ્તાર કરવાનું શું પ્રયોજન ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (આ બે) (ભગવાનની) જૂદી જૂદી લીલા છે. તેથી જ જૂદા સ્કંધોમાં કહેલ છે અને તે બંને જણાવવા વિસ્તાર કરેલો છે, એવો અર્થ છે. (પ્ર)

૬. શ્રીમદ્ભાગવત ૨।૧૦।૩ માં કહેલી વ્યાખ્યા અહિં કહેલી છે. (પ્ર)

૭. એક સર્ગ બ્રહ્મથી પ્રસિદ્ધ ઉત્પન્ન થએલ છે, બીજો બ્રહ્મ માટે કરવામાં આવેલ છે. એક બ્રહ્મથી પ્રકાશે છે, બીજો કાર્ય છે. ૨।૧૦।૩ માં વ્યાખ્યા સર્ગની કહી, તેમાં 'બ્રહ્મણઃ' (બ્રહ્મના સંબંધવાળા) શબ્દમાં સંબંધ દર્શાવનારી છઠ્ઠી વિભક્તિ છે. તે એમ દર્શાવે છે કે બ્રહ્મ કર્તા છે અને તેને માટે સર્ગ કહેલો છે. તેથી (૧) ભગવાન્ જેનું ઉપાદાન કારણ છે તેવો અને (૨) માયિક એવા બે પ્રકારના સર્ગ છે. અથવા ઘડેલા અને ભરેલા ઠામની પેઠે બે જૂદા જૂદા સર્ગો છે. એમ હોય ત્યારે બંનેનું બ્રહ્મ ઉપાદાન કારણ થાય છે. (પ્ર)

૮. 'પહેલામાં' એટલે ભગવાન્ જેમાં ઉપાદાન (કારણ) થાય છે તે સર્ગમાં. (પ્ર)

૯. 'હરિ' શબ્દ અહિં 'પુરુષનું શરીર' અર્થમાં યોજેલ છે. (પ્ર)

૧૦.'કાર્ય' એટલે ભૌતિક સૃષ્ટિ. (પ્ર)

૧૧.મહાભૂતો અને તન્માત્રા તામસ છે, ઈન્દ્રિયો રાજસ છે અને બુદ્ધિ સાત્ત્વિક છે, છતાં તે તે કાર્યો ઉત્પન્ન કરવામાં કારણ બનેલ સત્ત્વ વિગેરે ગુણો તેઓમાં વધારે હોવાથી જ, ગુણોનાં અધિકપણાંને લીધે તેમનામાં ભેદ થએલો છે એમ જાણવું. (પ્ર)

૧૨.'ત્યાર પછી' બાર અધ્યાયો પછી, 'અહિં' તેરમા અધ્યાયમાં. (પ્ર)

૧૩.'યોગ્ય રૂપ' એટલે ક્રિયાશક્તિ જેમનામાં મુખ્ય છે તેવા વરાહરૂપ બ્રહ્મનું રૂપ. (પ્ર)

૧૪.''ગુણોનાં અસમાનપણાંનું જ નિરૂપણ કરવાનું હોય તો અહિં કશ્યપ અને દિતિની કથા કેમ કહી ?'' તેવી શંકા થાય, તેથી આ કહેલ છે. કર્મ જ્ઞાન અને ભક્તિમાર્ગ વેદમાં કહેલા છે, તે બધા 'ફલથી સ્થિર' એટલે અવશ્ય મોક્ષ પ્રાપ્ત કરાવનારા હોય (તો સૃષ્ટિ થાય જ નહિ). તેથી તેમનો નાશ કરનાર કામ ક્રોધ છે એમ દર્શાવવા આ કથા કહેલી છે. કામથી કર્મનો, ક્રોધથી જ્ઞાનનો અને લોભથી ભક્તિનો નાશ થાય છે, એવો ઉપોદ્ઘાત શુકે કરેલો છે. (પ્ર)

૧૫. સંતાનની કામનાવાળી સ્ત્રીના કામને પૂર્ણ કરવા ધર્મશાસ્ત્રની આજ્ઞા પ્રમાણે (કશ્યપ પેઠે) કામી થવાથી (કર્મમાર્ગનો લોપ થાય). (પ્ર)

૧૬. જ્ઞાનના અભિમાનને લીધે (સનત્કુમાર પેઠે) ક્રોધ કરવાથી (જ્ઞાનમાર્ગનો લોપ થાય). (પ્ર)

૧૭. અધિકારના અભિમાનને લીધે (જય વિજય પેઠે) લોભ કરવાથી (ભક્તિનો લોપ થાય). અહિં ભગવાનની બંધલીલા કહેલી હોવાથી અભિમાન દોષ નથી, તેમજ ભગવાન્ બંધન કરતા નથી, એટલે (કર્મ જ્ઞાન અને ભક્તિ એ) ત્રણ માર્ગના નાશથી સૃષ્ટિ રચવાની ઈચ્છાથી ભગવાને જે ક્રિયા કરી તે જણાવવા આ (કશ્યપ તથા દિતિ ની) કહેલી કથા કહેલી છે, એવો ભાવ છે. (પ્ર)

૧૮. આથી ગુણોના અસમાનપણાંમાં સાંખ્યમાં અને આ સિદ્ધાંતમાં ભેદ હોવાનું જણાવેલું છે. સાંખ્યમાં ગુણો સ્વભાવથી જ ખળભળીને અસમાન થાય છે, જ્યારે સિદ્ધાંત પ્રમાણે ભગવાનની ઈચ્છાથી ગુણો અસમાન થાય છે. (પ્ર)

૧૯. 'તેવાનો' એટલે તેવા પ્રકારના મહાભૂતો વિગેરેનો તથા ગુણોનો. આ વીસમા અધ્યાયમાં સ્પષ્ટ થશે. (પ્ર)

૨૦. 'અહિં' એટલે સુબોધિનીમાં. (પ્ર)

૨૧. 'તેની વિભૂતિઓ અમને કહો' (૩।૭।૨૨) એવો ખાસ પ્રશ્ન કરેલ હોવાથી સર્વ વૈભવવાળા સર્ગનું વર્ણન છે. તેથી વિદુર અને મૈત્રેયના બધા સંવાદથી જે સિદ્ધ થયું તેટલું અહિં કહેલું છે. 'તે કથામાં સર્ગનો પ્રશ્ન નથી, તેથી મહાભૂતો વિગેરેની ઉત્પત્તિ અહિં કહેવી યોગ્ય ન હતી' એવી શંકા યોગ્ય નથી, કારણ કે આ કથા કહેનાર વ્યાસના હૃદયમાં તે હતી. (પ્ર)

૨૨. ''પહેલા સ્કંધમાં અધિકાર દર્શાવ્યો છતાં અહિં શા માટે કહ્યો ?'' એવી શંકા થાય તેથી આ કહેલ છે. વિદુર અને મૈત્રેયની કથા કહેવાનું આ પ્રયોજન છે. ભગવાનની લીલા ઉત્તમ છે એવો બોધ કરવો એ આ કથાનું પ્રયોજન છે. (પ્ર)

૨૩. અહિંથી પહેલા અધ્યાયનો અર્થ કહે છે. (પ્ર)

૨૪. કાર્ય (વિદુરનો દેહ) ઉત્તમ હોવાથી તેનાં કારણ ઉત્તમ હોવાનું અનુમાન થાય છે. (પ્ર).

૨૫. 'સંસ્કાર પામેલા' એટલે સત્ત્વથી શુદ્ધ થએલા. (પ્ર)

૨૬. 'મહાભૂત' વિગેરેની વ્યાખ્યા પાંચમા અધ્યાયમાં કહેશે. (પ્ર)

૨૭. 'હરિ' એટલે સ્મૃતિમાં પધારેલ ભગવાનજ સાધન થાય છે. અથવા ભગવાનનાં જે સ્વરૂપનું સ્મરણ કરવામાં આવે તે સાધન

થાય છે. ક્રિયા કરવાનું (સાધન) તો (ભગવાનનું) સ્મરણ જ છે એમ જાણવું. (પ્ર)

૨૮. ''હરકોઈ અદષ્ટથી પ્રાપ્ત થાય તેવા દેહમાં રહેલાં મહાભૂત વિગેરેનો નાશ ન થાય ત્યાં સુધી શુદ્ધ થએલા મહાભૂતવાળી સૃષ્ટિ કેમ થઈ શકે ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. 'દેવ, અસુર અથવા મનુષ્ય' એ વાક્ય પ્રમાણે ભગવાનની ભક્તિ કરવા જરૂરી સ્વરૂપની યોગ્યતા સર્વને એની મેળેજ પ્રાપ્ત થએલી હોવાથી, (ભક્તિ કરવાનો) અધિકાર પ્રાપ્ત કરવા પહેલાના દેહનો નાશ થવાની જરૂર નથી પરંતુ ઉત્તમ ફલ પ્રાપ્ત કરવા સ્નાન વિગેરે કરવામાં આવે છે, તેમ સંસ્કાર કરવાથી દેહનું બીજું (શુદ્ધ) સ્વરૂપ થાય તેજ તેનો સર્ગ (નવા દેહની ઉત્પત્તિ) છે. (પ્ર)

એવી[1] રીતે પહેલાના (બીજા સ્કંધના દશમા) અધ્યાયના અંતે 'તે તમને કહીશ, સાંભળો' એમ કહ્યું. સર્ગ(ના વિષય)માં વિદુરની કથાજ યોગ્ય[2] છે એમ (માનીને) તે કથા લાવવા માટે શુક પણ 'વિદુરે એવો પ્રશ્ન કરેલો' એમ (નીચેના શ્લોકથી આરંભી) બે શ્લોકોથી કહે છેઃ

॥ શ્રીશુક ઉવાચ ॥

**એવમ્ એતત્ પુરા પૃષ્ટો મૈત્રેયો ભગવાન્ કિલ ॥**
**ક્ષત્રા વનં પ્રવિષ્ટેન ત્યક્ત્વા સ્વગૃહમ્ ઋદ્ધિમત્ ॥૧॥**

શ્રીશુક કહે છેઃ ખરેખર ! પોતાનું સમૃદ્ધિવાળું ઘર તજીને વનમાં પ્રવેશ કરેલા ક્ષત્તાએ ભગવાન્ મૈત્રેયને પહેલાં આવી રીતે આ પ્રશ્ન કરેલો.૧.

જેમ તેં પૂર્વપક્ષસહિત ઘણા પ્રશ્નો કર્યા, તેમ (ક્ષત્તાએ કરેલ). 'આ' એટલે આગળ કહેવામાં આવશે તે સર્વ. વિદુરે મૈત્રેયને આવી રીતેજ પ્રશ્ન કરેલ. (મૈત્રેયે બધાના ઉત્તર) કહ્યા એમ કહેલું નથી, કારણ કે પૂછેલા બધા પદાર્થો કહેવા યોગ્ય હોતા નથી. જે તે (પ્રશ્ન કરનાર)ને હિતકારી હોય તેજ કહેવા યોગ્ય છે, એવો ભાવ છે. [3]બધા ભગવાનની કેટલીક કથા સાંભળીને તે હૃદયમાં ઉતરે ત્યારે તે દૃઢ થાય તે માટે વધારે પ્રશ્ન કરે છે. તેથી શ્રવણ કરનાર[4]નો અર્થ સર્યો એમ કહેલું છે. તેમ ન હોય, તો શંકાને લીધે (ઘર) તજેલું હોય તે કહેવા યોગ્ય નથી. આ શાસ્ત્રમાં ભગવાનપણું બે પ્રકારનું છે. (૧) સદાનું અને (૨) ઉત્પન્ન થએલું. તેમની (ભગવાનની) કૃપા જેમના ઉપર હોય તેઓમાં ઉત્પન્ન થએલું (ભગવાનપણું) છે. તેને[5] ઉપદેશ વિગેરે કરવાનો અધિકાર છે (અને) તે ગુરુ છે, જ્ઞાનવાળો છે વિગેરે સિદ્ધ કરવા તેને આ જગતમાં (ભગવાન્) કહે છે. તેથી મૈત્રેયમાં પણ પ્રમેય અર્પણ કરવાનું સામર્થ્ય છે અને બધા સંદેહો દૂર કરવાની શક્તિ છે એમ જણાવવા (તેને) ભગવાન્ કહેલ છે. (મૈત્રેય) મિત્રાનો પુત્ર હોવાથી જન્મથીજ તે સર્વના ઉપર ઉપકાર કરનાર હોવાનું સૂચવેલું છે. (શ્લોકમાં તેના નામ) પછી 'ભગવાન્' શબ્દ હોવાથી તેવા (સર્વના મિત્ર) હોવું તે દોષ નથી. 'ખરેખર !' શબ્દથી (મૈત્રેય) ભગવાન્ હોવાની અને (તેને તેવો) પ્રશ્ન કરેલ હોવાની બંનેની પ્રસિદ્ધિ (જણાવેલી છે). તેમ ન હોય તો[6] (મૈત્રેય) પોતે તેના (વિદુરના) સંબંધમાં[7] આવેલ નહિ હોવાથી, (તેને) કહેવું અયોગ્ય થાય. ક્ષત્તા એટલે સંપૂર્ણ રીતે જેણે ઈન્દ્રિયો ઉપર વિજય મેળવેલો છે તેવો અંતઃપુરનો અધ્યક્ષ. તેવો ન હોય તો નપુંસકને પણ (અંતઃપુરનો અધ્યક્ષ) કરવામાં આવે છે. તેથી 'ક્ષત્તા' શબ્દથી વિદુરે ઈન્દ્રિયો ઉપર વિજય મેળવેલો છે એમ જણાવવા તેને ક્ષત્તા કહેલ છે. 'વનમાં પ્રવેશ કરેલા' વિશેષણથી તેવા (ઈન્દ્રિયો ઉપર વિજય મેળવેલા)ને સર્વનો ત્યાગ કરીને વનમાં રહેવાનો અને પ્રશ્ન કરવાનો અધિકાર (હોવાનું) જણાવેલ છે. વન જ (તેનું) ઈચ્છેલું હોવાથી (તે) કર્મ (બીજી વિભક્તિમાં) છે. 'પ્ર' (ઉપસર્ગ)થી (તેની) ત્યાંજ દેહનો ત્યાગ કરવાની ઈચ્છા (દર્શાવેલી છે). જેનો ત્યાગ કરવાનો છે તેનું ઉત્તમપણું અધિકાર સૂચવનારૂં હોવાથી 'પોતાનું સમૃદ્ધિવાળું ઘર' શબ્દો યોજેલા છે. (ઘરમાં

રહેવામાં) દુઃખ ન હતું એમ જણાવવા, (એ શબ્દોથી) (તે) બીજાને અધીન ન હતું અને (તેમાં) બધી સંપત્તિ હતી (એમ જણાવેલું છે), કારણ કે જે ચિત્તના ઉદ્વેગથી કરવામાં આવે છે, તે ધર્મ સાથે (કરેલ હોય) છતાં પણ ફલ આપતું નથી. ૧.

૧. અહીંથી વ્યાખ્યા (ટીકા)નો આરંભ કરતાં, વિદુરની કથા લાવતાં તેની સંગતિ કહે છે. (પ્ર)

૨. ઉપદેશ કરવા ભગવાને વિચારેલી હોવાથી, તે કથાના પ્રકારથી તરતજ બોધ થવાનો સંભવ હોવાથી, તે યોગ્ય છે, એવો અર્થ છે. તેથી સૂત આ કથા પ્રસંગને લીધે લાવે છે, શુક આ પ્રયોજનથી લાવે છે એવો અર્થ છે. (પ્ર)

૩. જુઓ. ૨।૮।૧ થી ૨૬. ૪. વિદુરનો (પ્ર)

૫. 'તેને' એટલે ભગવાનની કૃપાવાળા મૈત્રેયને. (પ્ર) 'ભગવાનની કૃપા જેના ઉપર હોય તેને' એમ સામાન્ય રીતે આ કહેલ હોય તેમ જણાય છે, કારણ કે મૈત્રેયના વિષે આ પછીનું વાક્ય ખાસ કહેલું છે.

૬. પ્રસિદ્ધ પ્રમાણ તરીકે કહી, તેનું પ્રયોજન આ વાક્યથી કહેલું છે. (પ્ર)

૭. 'તદન્વયપ્રવેશાભાવાત્' પાઠ નાથદ્વારા વિદ્યાવિભાગની પ્રસિદ્ધ થએલ પ્રતમાં છે. તે કરતાં 'તદન્વયાભાવાત્' પાઠ પ્રકાશમાં છે તે વધારે યોગ્ય જણાવાથી તે પ્રમાણે અર્થ કરેલો છે.

''જ્ઞાનમાર્ગમાં જ (ઘરનો) ત્યાગ કરવો યોગ્ય છે, કારણ કે ઘર તે (જ્ઞાન)નું વિરોધિ છે. ભક્તિમાર્ગમાં તો ઘરને ઉત્તમ કહેલું હોવાથી તે (વિદુર) દુઃખને લીધે જ (ઘેરથી) ગયો હશે'' એવી શંકા થતાં, તે નીચેના શ્લોકથી દૂર કરે છેઃ

**યદ્વા અયં મન્ત્રકૃદ્વો ભગવાન્ અખિલેશ્વરઃ ।।**
**પૌરવેન્દ્રગૃહં હિત્વા પ્રવિવેશાત્મસાત્કૃતમ્ ।।૨।।**

આ દૂત તમારા સર્વના ઈશ્વર ભગવાને ઉત્તમ પૌરવના ઘરને તજીને જેને પોતાનું કરી (તેમાં) પ્રવેશ કરેલો (તે ઘર તજી ક્ષત્તાએ વનમાં પ્રવેશ કરેલો). ૨.

જે વિદુરનું ઘર ભગવાને પોતાનું કરેલું. લોકની માન્યતા પ્રમાણે ભગવાન્ વિદુરના ઘરને પોતાનું ઘર માનતા હતા. '(તેમાં) પ્રવેશ કરેલો' શબ્દથી એમ કહેલું છે કે માત્ર તેવી માન્યતા જ ન હતી, પરંતુ તે ભગવાનનું જ છે એવો વ્યવહાર પણ તેમાં કરેલો. 'ઉત્તમ પૌરવના ઘરને તજીને' શબ્દોથી (એમ જણાવેલું છે કે ત્યાં રહેવામાં) બીજાં પ્રયોજનો ન હતાં. ઈન્દ્રના ઘરથી પણ ઉત્તમ દુઃશાસનનું ઘર ભગવાનને રહેવા માટે હતું. તે (કૌરવો)એ (તેમાં રહેવાની) પ્રાર્થના કરેલી હોવા છતાં (તેને) તજીને (ભગવાને વિદુરના ઘરમાં પ્રવેશ કરેલો). વળી દૂતપણું કરવા પધારેલા (ભગવાને) દુઃશાસનના ઘેર જવું યોગ્ય હતું. તેમાં પણ ભક્તોનું કાર્ય સાધનારા,[1] સર્વ ઉત્તમ પૂર્ણ ગુણવાળા ભગવાને ઉત્તમ સ્થાનમાંજ રહેવું યોગ્ય હતું. વળી (વિદુરનું ઘર) અભક્તપણું દૈત્યપણું વિગેરે ધર્મોવાળું હોવાનો ભય ન હતો, કારણ કે આ (ભગવાન્) સર્વના ઈશ્વર, બધાઓના સ્વામી, સર્વને વશ રાખનાર છે. તેથી જેમ

દેવાલય વિગેરે ભગવાનના ઘરમાં રહેવું યોગ્ય છે, તેમ તેને[2] પોતાના ઘરમાં પણ રહેવું યોગ્ય હતું. છતાં પણ (તે) 'ઘર' હોવાથી ત્યાગ કરવા યોગ્યજ હતું. ઘર માત્ર ભગવદીય હોય તેથીજ તેમાં રહેવું ઉત્તમ નથી, પરંતુ ભગવાનની સાથે અથવા ભગવાનના કાર્ય માટે તેમાં રહેવાનું (હોય ત્યારેજ તે) ઉત્તમ છે. તેમ ન હોય તો (ઘરમાં) ન રહેવું એવો નિયમ છે. ૨.

૧. આ 'વઃ' 'તમારાં' એટલે 'ભક્તોના' શબ્દનો અર્થ જણાય છે.

૨. 'તેને' એટલે વિદુરને. (પ્ર)

''(પરીક્ષિતે) પ્રશ્ન કર્યો ત્યારે તો (તે પ્રશ્નનો) ઉત્તર આપવો જોઈએ, પરંતુ તે વિષયમાં બીજાનું વચન કહેવું ન જોઈએ'' એવી શંકા થાય, તેથી તે (મૈત્રેય અને વિદુરનાં સંવાદ)નાં સંબંધવાળા દેશ અને કાલ ઉત્તમ હશે એમ વિચારી, (પરીક્ષિત્) તે બેના સંબંધી નીચેના શ્લોકમાં પ્રશ્ન કરે છે :

॥ રાજોવાચ ॥

**કુત્ર ક્ષત્તુર્ભગવતા મૈત્રેયેણાડડસ સંગમઃ ॥**
**કદા વા સહ સંવાદ એતદ્ વર્ણય નઃ પ્રભો ॥૩॥**

રાજા કહે છેઃ ક્ષત્તાને ભગવાન્ મૈત્રેય સાથે ક્યાં મેળાપ થયો ? અને (તેમની) સાથે સંવાદ ક્યારે થયો ? હે પ્રભો ! આ અમને કહો. ૩.

ફરી કહેવામાં પહેલાં કહેલાં શબ્દોનું કથન તેમાં જણાવેલા અર્થનું જ્ઞાન કરાવનારૂં છે. પ્રશ્ન (કરવા)માં મેળાપ (થવા)ની જરૂર છે. 'મેળાપ થયો' શબ્દોથી એમ (સૂચવ્યું છે કે) ઉત્તમ પુરુષોનો મેળાપ જેમાં થયો તે દેશ ઉત્તમ જ હોય. 'સમાગમ' એવો પાઠ હોય, ત્યારે પણ 'થયો' વિગેરે શબ્દ પ્રાપ્ત થાય છે (અધ્યાહાર રહે છે) જ.

'અને ક્યારે' શબ્દોથી સમય પ્રતિ બેદરકારી[1] દર્શાવે છે. 'સાથે સંવાદ' શબ્દોથી (એમ જણાવ્યું છે કે) રાજાએ પોતેજ પ્રશ્નો કરેલા[2] હોવાથી પ્રશ્નોના અનુક્રમેજ ઉત્તર આપવા જોઈએ, એવી શંકા થાય, તેથી 'આ કહો' શબ્દોથી તે (શંકા) દૂર કરી. અમારા ઉપર (આ સંવાદ) ઉપકાર કરનારો[3] હોવાથી 'અમને' કહો. 'હે પ્રભો!' સંબોધનથી પહેલાના (મૈત્રેયે આપેલ) ઉત્તર અહિંજ લાવવાની (કહેવાની) શક્તિ (જણાવેલી છે), અથવા આ (ઉત્તર)થી જ તે (પરીક્ષિતે પોતે કરેલા) સંદેહો દૂર કરવાનું સૂચવેલું છે. ૩.

૧. તે સમય અત્યારે (શુક પરીક્ષિતના સંવાદ વખતે) નહિ હોવાથી મારે (પરીક્ષિતને) ઉપયોગી નહિ હોવાથી આદર કરવા યોગ્ય નથી. (પ્ર)

૨. આ પ્રશ્ન પહેલાં ઘણા પ્રશ્નો કરેલા (પ્ર) જુઓ. ૨।૮।૧ થી ૨૬.

૩. સંવાદ (મૈત્રેય અને ઉદ્ધવ) બે ઉત્તમ પુરુષોનો હોવાથી તરત ફલ આપનારો હોવાથી ઉપકાર કરનારો છે. (પ્ર).

પહેલાના (પોતે કરેલા પ્રશ્નોના ઉત્તરના) કરતાં પણ મુખ્ય પ્રકારે આ શ્રવણ કરવાનું કારણ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ન હ્યલ્પાર્થોદયસ્તસ્ય વિદુરસ્યામલાત્મનઃ ।।**
**તસ્મિન્ વરીયસિ પ્રશ્નઃ સાધુવાદોપબૃંહિતઃ ।।૪।।**

કારણ કે તે શુદ્ધ અંતઃકરણવાળા વિદુરનો તે ઉત્તમ (પુરુષ)ને પ્રશ્ન, જે સજ્જનના વ્યાખ્યાનથી પુષ્ટ થએલ છે તે થોડું કાર્ય સાધનારો ન હોય. ૪.

કટકેકટકે પદાર્થોનું શ્રવણ (કરવાથી) થોડું જ ફલ થાય છે. (ઉત્તમ) દેશ અને કાલમાં યોગ્ય પુરુષને જલ વિગેરેનું દાન કરવામાં આવે તેની પેઠે, ઉત્તમ સંબંધીઓને લીધે થોડું હોવા છતાં પણ પુરૂં જ ફલ આપશે. 'થોડું કાર્ય જેનાથી સધાય તેવો આ પ્રશ્ન ન હોય' એમ આ અર્થ કહેલો છે. 'હિ' 'કારણ કે' શબ્દથી તેવો (થોડું કાર્ય સાધનારો પ્રશ્ન) વ્યર્થ થાય છે, એવી યુક્તિ કહી. 'શુદ્ધ અંતઃકરણવાળા વિદુરનો' શબ્દથી સંબંધીનું ઉત્તમપણું કહેલું છે. 'ઉત્તમ નીતિ જાણનાર, નિર્મલ અંતઃકરણવાળો' એવો (તે શબ્દોનો) અર્થ છે. અમે (હું પરીક્ષિત્) તો નીતિ ન જાણનારા છીએ અને શાપ વિગેરેને લીધે શુદ્ધ અંતઃકરણવાળા નથી, તેથી નમાલા પ્રશ્ન કરીએ છીએ, એવો ભાવ છે. તે (વિદુર)થી પણ તેનો ગુરુ ઉત્તમ હતો, એમ 'ઉત્તમ (પુરુષ)ને' શબ્દથી કહે છે. 'સજ્જનના વ્યાખ્યાનથી પુષ્ટ થએલ' વિશેષણથી ફલ અવશ્ય થાય તે માટે અંદરનો ઉત્સાહ[૧] (ફલ થવાનાં) કારણરૂપ કહેલો છે. તેથી (ફલ અવશ્ય થાય તે માટે) જ તે (મૈત્રેયે) 'ઉપબૃંહિતઃ' અધિક પુષ્ટ કરેલો, એવો (અર્થ છે). ૪.

૧. આ ઉત્સાહ મૈત્રેયના 'વ્યાખ્યાનથી પુષ્ટ થએલ' વિશેષણથી (વિદુરે) ઘરનો ત્યાગ કર્યો તેનાં કારણરૂપ પ્રશ્ન થયો જાણવો. (પ્ર)

અહિં (૧) (મૈત્રેય અને ઉદ્ધવના સંવાદના) દેશ, (૨) કાલ અને (૩) (ઉદ્ધવે કરેલ બંધુ તથા ઘરના) ત્યાગનું કારણ (એ) પૂછેલાં છે. તેમાં ત્યાગ કરવાનું કારણ પહેલું હોવાથી (તે) કહેવાનું છે. તે સીધી રીતે ભગવાનની કથારૂપ ન હોવાથી શુક તેનું વર્ણન કરશે નહિ એવી શંકા થાય, તેથી સૂત નીચેના શ્લોકમાં (શુકે) તેવું વર્ણન કર્યું તેનું કારણ કહે છેઃ

।। સૂત ઉવાચ ।।

**સ એવમ ઋષિવર્યોઽયં પૃષ્ટો રાજ્ઞા પરીક્ષિતા ।।**
**પ્રત્યાહ તં સુબહુવિત્ પ્રીતાત્મા શ્રૂયતામ્ ઇતિ ।।૫।।**

સૂત કહે છેઃ રાજા પરીક્ષિતે એ પ્રમાણે પ્રશ્ન કરેલા ઘણુંજ જાણનાર તે આ ઉત્તમ ઋષિએ પ્રસન્ન અંતઃકરણવાળા થઈ તેને ઉત્તર આપ્યો કેઃ સાંભળ. ૫.

ઋષિઓ મંત્ર જાણનારા હોય છે. તેથી ભગવાનના અંગરૂપ[૧] (મંત્રો) પૈકી જે ઉત્તમ મંત્રથી આ (પરીક્ષિત)નું હૃદય તરત જ શુદ્ધ થશે તે (શુક જાણતા હોવાથી), તેના ઉપર ઉપકાર કરવા શુકે પ્રવૃત્તિ કરી એમ (સૂત) જણાવે છે. 'ઉત્તમ' વિશેષણથી (એમ જણાવ્યું કે) પોતાને[૨] હાનિ થવાની નથી. 'અયમ્' 'આ' વિશેષણથી એમ સૂચવેલું છે કે (શુક પોતાની) સમક્ષ રહેલ હોવાથી, તેને ભગવાનપણાંરૂપ ફલ પ્રાપ્ત થએલ હોવાથી (તે) પરોપકાર (કરવામાં) આનંદ માને છે. 'રાજા' શબ્દથી (એમ જણાવ્યું છે કે) લોકમાં તેના પ્રશ્નનો ઉત્તર દેવાનું આવશ્યક છે. 'પરીક્ષિતે' શબ્દથી તેનો બીજથી (ગર્ભથી) (થએલ) સંસ્કાર સૂચવેલો છે. તેથી આ (મૈત્રેય અને ઉદ્ધવનો સંવાદ) તેનું કલ્યાણ કરનારો હોવાથી (શુકે તેને) ઉત્તર આપ્યો. (શુક તેને) સર્વ તત્ત્વોનું જ્ઞાન કરાવે તે માટે (તેને) 'ઘણુંજ જાણનાર' (કહેલ છે). મુખ્ય ભગવાનપણાંથી[૩] (શુક સમક્ષ) આવેલ હોવાથી 'પ્રસન્ન અંતઃકરણવાળા' (કહેલ છે). આ (સંવાદ)માં પણ બીજી શંકા ન કરવી એમ (જણાવવા), 'સાંભળો' એમ કહેલું છે. ૫.

૧. '(ભગવાનનાં) અંગરૂપ' એટલે ભગવાનની પ્રાપ્તિ કરાવનાર, તેમના અવયવરૂપ. (પ્ર)

૨. તપના બલ વિગેરેની હાનિ. (પ્ર)

૩. ગુણાતીત હોઈ બ્રહ્મ પ્રાપ્ત કરેલ હોવાથી તેવા થએલા (પ્ર)

આ (વિદુર)[૧] નો ત્યાગ ભગવાન્ માટે ભગવાને જ કરેલો (કરાવેલો) એમ જણાવવા, ભગવાનના પક્ષપાતીઓએ ભગવાનનાં વિરોધીઓ સાથે રહેવું યોગ્ય નથી એમ કહેવા નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી કૌરવો ભગવાનના વિરોધી હતા એમ કહે છેઃ

॥ શ્રીશુક ઉવાચ ॥

**યદા તુ રાજા સ્વસુતાન્ અસાધૂન્ પુષ્ણન્ અધર્મેણ વિનષ્ટદૃષ્ટિઃ ॥**
**ભ્રાતુર્યવિષ્ટસ્ય સુતાન્ વિબન્ધૂન્ પ્રવેશ્ય લાક્ષાભવને દદાહ ॥૬॥**

શ્રીશુક કહે છેઃ પોતાના દુષ્ટ પુત્રોનું પોષણ કરતાં અધર્મથી નાશ પામેલ દૃષ્ટિવાળા રાજાએ તો જ્યારે પિતાવિનાના નાના ભાઈના પુત્રોને લાખના ભુવનમાં પ્રવેશ કરાવી બાળી મૂક્યા. ૬.

**વિદુરસ્ય ગૃહત્યાગે દશભિર્હેતુરુચ્યતે ॥૧૯॥**
**ચતુર્ભિરપરાધોક્તિઃ એકેન હિ સમાગમઃ ॥**
**ત્રિભિર્મન્ત્રોક્તિરપરે નિષેધકનિવારણે ॥૨૦॥**

વિદુરને ઘરનો ત્યાગ કરવાનું કારણ દશ (શ્લોકો)થી કહે છે. (તે પૈકી) ચારથી (ધૃતરાષ્ટ્રના) અપરાધ કહેલા છે, એકથી (તેનો અને વિદુરનો) સમાગમ, (અને) ત્રણથી (વિદુરે કરેલ) ઉપદેશ કહેલા છે. બાકીના બે (તેને બોલતા) અટકાવવા અને કાઢી મૂકવા (કહેલા છે.) કા.૨૦.

(ધૃતરાષ્ટ્રનું વર્તન) (૧) ધર્મશાસ્ત્રથી વિરુદ્ધ (૨) લોકશાસ્ત્રથી વિરુદ્ધ (૩) નીતિથી વિરુદ્ધ અને (૪) ઈશ્વરની આજ્ઞાનાં ઉલ્લંઘનરૂપ હતું એ (તેના) અપરાધો છે. જો કે ધૃતરાષ્ટ્રે એ પ્રમાણે કરેલું નહિ, છતાં પણ 'જેને અટકાવેલ ન હોય તે મંજુર રાખેલું ગણાય' એ નિયમ પ્રમાણે, તે અપરાધી છે. (અપરાધો) કરાવનાર (તે) હોવાથી, તેનેજ કહે છે. (વિદુરે ઘરનો ત્યાગ) નિમિત્તને લીધે કરેલો હોવાથી, નિમિત્તને લીધે ત્યાગ કર્યો[2] એમ કહેવામાં દોષ નથી.

અહિં ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન એ મુખ્ય અપરાધ[3] છે. જીવે સ્વભાવથી તે (તેમ) કરવું યોગ્ય નહિ હોવાથી, તે (કરવા)નાં કારણ તરીકે ત્રણ દોષનો સંનિપાત કહેવો જોઈએ, કારણ કે કોઈ પણ સંનિપાત (થયા) વિના ભગવાનની આજ્ઞાનો આદર કર્યા વિના રહેતું નથી. તે પૈકી આ શ્લોકમાં પહેલાં તામસ દોષ કહે છે.

'રાજા' શબ્દ દીર્ઘ દષ્ટિનો અભાવ (સૂચવે છે). 'તુ' 'તો' શબ્દ વિદુર ઉપરનો (તેનો) પહેલાંનો સ્નેહ જતો રહેલો (હોવાનું) સૂચવે છે. 'પોતાના પુત્રોનું' શબ્દોથી (એમ જણાવેલું છે કે તેઓ) પોતાની ધર્મપત્નીથી ઉત્પન્ન થએલા હોવાથી, (તેમનો) ત્યાગ કરતો ન હતો. દુષ્ટોને પોષવાથી દોષ થતો હોવાથી, તે દોષથી તેની અંતર્દષ્ટિ (જ્ઞાનદષ્ટિ,બુદ્ધિ)નો પણ સંપૂર્ણ પ્રકારે નાશ થએલો. 'પિતાવિનાના' વિશેષણથી (એમ કહેલું છે કે) તેને જરાએ દયા ન હતી, રાજ્ય માટે હરીફાઈ વિગેરે (કોઈપણ પ્રકારનો) ભય જેમના તરફથી ન હતો, જેઓ પોતાને અધીન હતા અને પિતાવિનાના હોવાથી સંપૂર્ણ રીતે પાલન કરવા યોગ્ય હતા તેવા, નાના ભાઈ પાંડુના પુત્રો પાંડવોને, લાક્ષાભુવનમાં પ્રવેશ કરાવી, વિશ્વાસઘાત કરી બાળી મૂક્યા, એવો અર્થ છે. આથી એવો ભાવ (જણાવ્યો છે કે) આ (ધૃતરાષ્ટ્ર)ની ક્રિયા પૂર્ણ થએલી હોવાથી, પાંડવો મૂઆ નહિ છતાં પણ, (આને તેમના) વધ (કરવા)નો દોષ થયોજ. ૬.

૧. 'આનો ત્યાગ' એટલે વિદુરે કરેલો (ઘર વિગેરેનો) ત્યાગ. (પ્ર)

૨. 'વિદુર ઉત્તમ અધિકારી છે.' એમ જણાવવા તેણે કરેલો ઘરનો ત્યાગ કહેવાનો છે. આ પ્રસંગે ''(દુર્યોધને) દુષ્ટ વચનોથી ઉપદેશ દેતાં અટકાવવાથી તેણે ત્યાગ કર્યો એમ કહેવાથી, તે હલકા અધિકારવાળો ગણાય. તેથી તે કહેવું યોગ્ય નથી'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. ભક્તે બે

પ્રકારે ઘરમાં રહેવું યોગ્ય છે એમ પાછળ કહ્યું છે. તે પૈકી (૧) ભગવાન્ પાંડવો તરફ ગયા, એટલે તેમની સાથે ઘરમાં રહેવાનું નહતું. પછી (૨) (ભગવાનનું) કાર્ય પાંડવોની રક્ષા કરવાનું હતું તે હવે થઈ શકે તેમ ન રહ્યું, તેથી ઘરનો ત્યાગ કરવોજ રહ્યો. નિમિત્તને લીધે ત્યાગ કર્યો, ઘર રહી ન શકાય તેવું થવામાં નિમિત્ત બનેલા બહિર્મુખ કૌરવોના ગામનો ત્યાગ કર્યો એમ કહેવાથી ઉદ્વેગ થાય, છતાં અધિકાર હલકો ન ગણાય, એવો અર્થ છે. (પ્ર)

૩. ''એમ હોય તો કૌરવો બહિર્મુખ છે એમ જ કહેવું યોગ્ય હતું. બીજા દોષો શા માટે કહેવા ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. મુખ્ય દોષ થવાનાં કારણ જણાવવા બીજા દોષો કહેલા છે, એવો અર્થ છે. (પ્ર)

**નીચેના શ્લોકમાં (ધૃતરાષ્ટ્રનો) રાજસ દોષ કહે છેઃ**

**યદા સભાયાં કુરુદેવદેવ્યાઃ કેશાવમર્શં સુતકર્મ ગર્હ્યમ્ ।।**
**ન વારયામાસ નૃપઃ સ્નુષાયાઃ સ્વાસ્રૈર્હરન્ત્યાઃ કુચકુંકુમાનિ ।।૭।।**

જ્યારે રાજાએ સભામાં પોતાનાં આંસુઓથી સ્તન ઉપરનું કેસર ધોઈ નાખતી પુત્રવધૂ કુરુદેવની રાણીના કેશને ખેંચવાનું સુતનું નિંદ્ય કર્મ અટકાવ્યું નહિ. ૭.

ભગવાનથી રક્ષાએલા, રાજસૂય (યજ્ઞ કરવા)થી રાજાપણું પ્રાપ્ત કરેલા, રાજ્યની ઈચ્છા તજી શાંત રહેલા તે (પાંડવો)નો બલથી અપરાધ કરવો એ સર્વનો નાશ કરનારૂં (કર્મ) હતું. યુધિષ્ઠિર કુરુદેવ હોવાથી રાજાની રાણીના કેશ ખેંચવાથી સર્વનો નાશ થાય એમ જાણવા છતાં પણ (ધૃતરાષ્ટ્રે તે કર્મ) અટકાવ્યું નહિ. 'સભામાં પ્રવેશ કરવો નહિ' એ સ્મૃતિ પ્રમાણે 'સભામાં' શબ્દથી (તે કર્મથી) પરલોકનો પણ નાશ સૂચવેલો છે. 'અવમર્શઃ' એટલું ખેંચવું તે. ઉત્પન્ન કરનારે પાલન કરવું જરૂરી છે એમ 'સુત' શબ્દથી (જણાવ્યું છે). તે (કૌરવો) પરલોક પ્રાપ્ત કરાવે તેવા નહિ હોવાથી 'પુત્ર' શબ્દ (યોજેલો) નથી. 'કર્મ' એટલે દુષ્ટ અદષ્ટ ઉત્પન્ન કરનારૂં . 'નિંદ્ય' એટલે લોકમાં પણ નિંદા કરાવનારૂં . 'સમાન દષ્ટિવાળો શાંત બ્રાહ્મણ નિરાધાર પ્રતિ બેદરકાર રહે તેનું પણ બ્રહ્મપણું જેમ ફૂટેલા વાસણમાંથી પાણી નીકળી જાય તેમ જતું રહે છે' એ (વચન) પ્રમાણે સંબંધ વિનાના બ્રાહ્મણોએ પણ આ (નિંદ્ય કર્મ અટકાવવાનું) યોગ્ય હતું. તે પણ (ધૃતરાષ્ટ્રે) ન કર્યું, એમ 'અટકાવ્યું નહિ' શબ્દોથી કહેલું છે. આથી એમ સૂચવેલું છે કે તેનું ક્ષત્રિયપણું નાશ પામ્યું. 'રાજાએ' શબ્દથી (તેનું એ કર્મ અટકાવવાનું) સામર્થ્ય (જણાવેલું છે). 'પુત્રવધૂ' શબ્દથી (એમ જણાવ્યું કે તે) લોકથી પણ ઘણું વિરોધિ હતું. 'આંસુઓથી સ્તન ઉપરનું કેસર ધોઈ નાખતી' વિશેષણથી એમ સૂચવ્યું છે કે (તે) દયા કરવા યોગ્ય અને દુર્ભાગી હતી. 'પોતાના' શબ્દથી આંસુઓનું અલૌકિક સામર્થ્ય સૂચવેલું છે. 'સ્તન ઉપરનું કેસર (ધોઈ નાખતી)' શબ્દથી (એમ કહેલું છે કે સ્તન) ઉપર વસ્ત્ર ન

હતું, અને કેસર ધોવાઈ જતાં (તેને) ઘણી લજ્જા થઈ. (પોતાના સુત સિવાય) બીજા ઉપર પ્રેમ ન હોવાના કારણથી (ધૃતરાષ્ટ્રે) તે પ્રમાણે કરેલું (નિંદ્ય કર્મ થવા દીધું). એવી રીતે છડે ચોક પણ ઘણી ક્રૂરતા (કર્યાનું) કહ્યું. ૭.

નીચેના શ્લોકમાં સાત્ત્વિક દોષ કહે છેઃ

**દ્યૂતે ત્વધર્મેણ જિતસ્ય સાધોઃ સત્યાવલમ્બસ્ય વનાગતસ્ય ।।**
**ન યાચતોઽદાત્ સમયેન દાયં તમો જુષાણો યદજાતશત્રોઃ ।।૮।।**

જ્યારે દ્યૂતમાં તો અધર્મથી જીતાએલ, સદાચારી, સત્યનો આધાર રાખનાર અજાતશત્રુએ વનમાંથી આવી કરાર પ્રમાણે (પોતાનો) ભાગ માગ્યો, (તે) મોહને વશ થએલા (ધૃતરાષ્ટ્રે) આપ્યો નહિ. ૮.

'તુ' 'તો' શબ્દથી એમ સૂચવેલું છે કે આ અપરાધ કર્યો ત્યારે પહેલાં કરેલા અપરાધો પણ ન કરેલા (આની પાસે નજીવા) થયા.પહેલાં માત્ર અધર્મથીજ તેમનું રાજ્ય પડાવી લીધેલું. તે પણ સહન કરીને ઘણું દુઃખ (વનમાં) ભોગવીને, લોક અને શાસ્ત્રનો વિરોધ ન આવે તેમ પોતાનો ભાગ 'સમયેન' કરાર પ્રમાણે માગ્યો (ત્યારે ન આપ્યો). 'યાચતઃ' (એ છઠ્ઠી વિભક્તિ) 'યાચમાનાય' (ચોથી વિભક્તિના) અર્થમાં યોજાએલ છે. (એ) પદનો અદલોબદલો[1] વૈદિક છે. 'મોહને વશ થએલા' વિશેષણથી ન દેવાનું કારણ કહેલું છે. 'અજાતશત્રુ' શબ્દથી (એમ જણાવ્યું છે કે યુધિષ્ઠિરના સંબંધમાં) ખોટી શંકા થાય તેમ ન હતું. પોતે કરેલ કરારનું ઉલ્લંઘન કર્યું તેથી (તેને) મોહ (થયાનું કહેલ છે).

૧. આત્મનેપદને બદલે પરસ્મૈપદનો પ્રયોગ કરેલો છે તે.

એવી રીતે ત્રિદોષ (ત્રણ દોષો)થી ઘેરાએલાએ ભગવાનનું વચન માન્ય રાખ્યું નહિ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યદા ચ પાર્થપ્રહિતઃ સભાયાં જગદ્ગુરુર્યાનિ જગાદ કૃષ્ણઃ ।।**
**ન તાનિ પુંસામ્ અમૃતાયનાનિ રાજોરુ મેને ક્ષતપુણ્યલેશઃ ।।૯।।**

વળી જ્યારે પાર્થે મોકલેલા જગદ્ગુરુ શ્રીકૃષ્ણે સભામાં જે (વચનો) કહ્યાં તે પુરુષોને અમૃતના કુંડારૂપ (વચનો)ને જેનું થોડું પુણ્ય નાશ પામેલું તેવા રાજાએ સારાં માન્યાં નહિ. ૯.

પૃથાનાં સંબંધને લીધે (યુધિષ્ઠિર શ્રીકૃષ્ણને) મોકલે તે બહુ અયોગ્ય નથી. (ધૃતરાષ્ટ્રે) પોતે તો (ભાગ) ન જ આપ્યો, અને તેણે ન આપ્યો ત્યારે 'પાર્થેન' યુધિષ્ઠિરે 'પ્રહિતઃ' મોકલેલા ભગવાને જે (વચનો) કહ્યાં તે સારાં માન્યાં નહિ, એવો (વાક્યનો) સંબંધ છે. 'સભામાં' શબ્દ યોજેલો છે, તેથી લોકની દૃષ્ટિ પ્રમાણે પણ (ભગવાને) ખોટું કહેલ ન હતું. (તે) 'જગદ્ગુરુ' હોવાથી સર્વને કલ્યાણકારી ઉપદેશ

કરનાર હતા, તેથી વાસ્તવિક રીતે પણ ખોટું કરે તેવા ન હતા. (તે) જગતના ગુરુ છે એમ સિદ્ધ કરવા અને બીજા કોઈ ગુણને લીધે[1] પણ ખોટું કહે તેવા નથી એમ જણાવવા, 'અમૃતનાં કુંડારૂપ' શબ્દથી એમ કહેલું છે કે તે (તેમનાં) વચનો બધાઓના બધાંએ દુઃખ મટાડનારાં હતાં. ('અમૃતાયનાનિ' એટલે) અમૃતના 'અયનાનિ' સ્થાન બનેલાં, અમૃતના કુંડાંઓ, એવો અર્થ છે. જેમ (ભગવાને) ક્ષીરસાગરને વલોવીને (તેમાંથી) અમૃતનો કળશો બહાર કાઢેલો, એવી રીતે (તેમણે) બધાં શાસ્ત્રોને વલોવીને બહાર કાઢેલાં એટલે કહેલાં, એવો અર્થ છે. (ધૃતરાષ્ટ્ર) રાજા હોવાથી (તેનામાં) પોષણ થતું હતું. પહેલાં જીવાય તેવું પુણ્ય, રાજ્ય ભોગવાય તેવું પુણ્ય, અને જીવતા પુત્રો હોય તેવું પુણ્ય એવાં ત્રણ થોડાં થોડાં (પુણ્યો) રહેલાં, તેઓમાંના[2] નાશ પામેલાં હતાં થોડાં પુણ્યો જેનાં, તેવો તેને કહેલો છે. (ભગવાનનાં) વચનોનો ઘણો આદર કરવામાં (તેને) કાંઈ હાનિ થાય તેમ ન હતું, એવો ભાવ છે. જીંદગી હતી, છતાં પુણ્યનો અંશ નાશ પામેલ હોવાથી લગભગ જતી રહેલી એમ સૂચવેલું છે. માત્ર પાપના અંશને લીધે તે જીવતો હતો, એવો ભાવ છે. ૯

૧. 'બીજા કોઈ ગુણને લીધે' એટલે 'યુધિષ્ઠિરે મોકલેલા તેને લીધે'.(પ્ર)

૨. 'તેઓમાંનું' એટલે 'પહેલાં ત્રણ દોષો કહ્યા, તેથી ઘટી ગએલા પુણ્યોમાંનું. (પ્ર)

એવી રીતે પુત્ર ઉપરના સ્નેહને લીધે ધૃતરાષ્ટ્રે ભગવાનનાં વચનોનું ઉલ્લંઘન કર્યું, ત્યારથી વિદુર પોતાની મેળે તેના ઘેર જતો ન હોવા છતાં પણ, જ્યારે તેને 'ઉપહૂતઃ' બોલાવ્યો, ત્યારે (તેના) ઘેર ગયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યદોપહૂતો ભવનં પ્રવિષ્ટો મંત્રાય પૃષ્ટઃ કિલ પૂર્વજેન ।।**
**અથાહ તં મંત્રજુષાં વરીયાન્ યન્ મન્ત્રિણો વૈદુરિકં વદન્તિ ।।૧૦।।**

જ્યારે મોટા ભાઈએ બોલાવ્યો ત્યારે (વિદુર તેના) ઘેર ગયો, અને ખરેખર (તેની) સલાહ પૂછવામાં આવી, પછી મંત્ર જાણનારાઓમાં ઉત્તમ (વિદુરે) જેને[1] મંત્રીઓ 'વૈદુરિક' કહે છે તે (મંત્ર) કહ્યો. ૧૦.

ત્યાર પછી તે (વિદુર)ની સલાહ પૂછવામાં આવી. પોતાને (શુકને) તે (સલાહ, મંત્ર)નું અનુસંધાન રહે, તો (તે) નકામા ગૂઢ અર્થનું ચિંતન કરનાર હોવાથી આત્માને જાણનાર નહિ હોય એમ જણાય, તેથી તેમ નથી એમ જણાવવા 'કિલ' 'ખરેખર' શબ્દ યોજેલો છે. 'મોટાભાઈએ' (સલાહ પૂછી તેથી મંત્ર) કહેવાનું જરૂરી હતું. તે પ્રમાણે જૂદા આરંભથી તેણે કહ્યું એમ, 'પછી કહ્યો' શબ્દોથી કહેલ છે. સંબંધ વિગેરેની દરકાર રાખ્યા વિના, ભય વિગેરેની પણ દરકાર ન કરતાં, પછી સ્વતંત્રતાથી (મંત્ર) કહ્યો. તે મંત્રની[2] પ્રસિદ્ધિ 'તે' શબ્દથી કહેલી છે. 'મંત્ર[3] જાણનારાઓમાં ઉત્તમ' શબ્દોથી તેવો મંત્ર (કહેવાનું) કારણ જણાવેલું છે, 'તેણે આ મંત્ર જોયો' એ

વાક્ય પ્રમાણે જેમ વેદમાં બૃહસ્પતિ વિગેરે મંત્રો જોનારા છે. તેમ નીતિશાસ્ત્રમાં પણ જે મંત્ર જોનારાઓ છે તેઓમાં વિદુર ઉત્તમ છે. વળી આ મંત્ર સર્વ લોકમાં પ્રસિદ્ધ છે એમ 'જેને મંત્રીઓ (વૈદુરિક કહે છે)' શબ્દોથી કહેલું છે. 'વૈદુરિક' એટલે વિદુરે કહેલો. (મંત્ર) તેણે કહેલો હોવાથી તે (વિદુર)નો સંબંધ પ્રાપ્ત થવાથી (તેની) પ્રસિદ્ધિ જગતભરમાં થઈ. ૧૦.

૧. 'જેને' એટલે જે મંત્રના વચનને'. (પ્ર)
૨. 'મંત્ર' એટલે સલાહનાં વચનો.
૩. રાજ્યનીતિ, રાજખટપટ

નીચેના શ્લોકથી (આરંભી) મંત્ર જ કહે છેઃ

**અજાતશત્રોઃ પ્રતિયચ્છ દાયં તિતિક્ષતો દુર્વિષહં તવાગઃ ।।**
**સહાનુજો યત્ર વૃકોદરાહિઃ શ્વસન્ રુષા યત્ત્વમલં બિભેષિ ।।૧૧।।**

તારો સહજ થઈ ન શકે તેવો અપરાધ સહન કરતા અજાતશત્રુને (તેનો) ભાગ આપ. તેની પાસે નાના ભાઈઓ સાથે ક્રોધથી ફૂંફાડા મારતો વૃકોદર સર્પ છે. તેનાથી તું ઘણો ભય પામે છે.૧૧.

(સામ દાન ભેદ અને દંડ[1] એ) ચાર ઉપાયોમાંથી દાનજ મંત્ર (મારી સલાહ) છે. (તેનો) ભાગ (દેવાનો) હોવાથી (તારી) હલકાઈ નહિ થાય. (તે) 'અજાતશત્રુ' હોવાથી (તેના સંબંધમાં) ખોટી શંકા કરવાની નથી. તેનું અજાતશત્રુપણું નામથીજ નહિ, પણ કાર્યથી પણ છે એમ બીજાથી 'સહન થઈ ન શકે તેવો અપરાધ પણ સહન કરે છે' શબ્દોથી કહેલું છે. ''અજાતશત્રુ હોવાથીજ (તેને ભાગ) ન આપીએ'' એવી શંકા થાય, તેથી ભીમને આગળ લાવે છે, (તે ભીમ) 'સહાનુજઃ' એટલે (તેના) નાના ભાઈઓ સાથે (ફૂંફાડા મારતો) રહે છે. 'સહ' ને બદલે 'સ' મૂકેલ નથી[2] (આથી) અર્જુન વિગેરેનું પણ ક્રૂરપણું સૂચવેલું છે. 'યત્ર' જે (તે) રાજા (અજાતશત્રુ)ની પાસે ક્રોધથી ફૂંફાડા મારતો વૃકોદર નામનો સર્પ છે. સર્પનું વેર કાર્ય કર્યા વિના પાછું વળતું નથી. તેને સંતોષ કરવા ભાગ આપવો જોઈએ, એવો અર્થ છે. ''તેઓ ચાર (ભાઈઓ) શું કરશે ? મારા તેમના જેવા એકસો પુત્રો છે'' એવી શંકા થાય, તેથી 'તેનાથી તું ઘણો ભય પામે છે' શબ્દો યોજેલા છે. જે (તે) ભીમ (તારા પુત્રો)ને હણશે એવી આકાશવાણી સંભળાએલી હોવાથી એકસો (પુત્રો) પણ નમાલા છે. ઉલટા (પરિણામ)ની (પાંડવોને કૌરવો હણશે એવી) શંકા પણ (આથી) દૂર થઈ. ( તેની પાસે ફૂંફાડા મારતો વૃકોદર સર્પ) રહેલો છે એમ અર્થથી (અધ્યાહાર છે.) આથી (એમ જણાવ્યું કે) ભેદ અને દંડ પણ થઈ શકે તેવા નથી, અને (પાંડવોનો) ભાગ (આપવાનો) હોવાથી, (તે) આપવામાં ન આવે તો સામ થઈ શકે તેમ નથી. ૧૧.

૧. નીતિશાસ્ત્ર પ્રમાણે શત્રુને વશ કરવાના આ ચાર ઉપાયો છે. 'સામ' એટલે સમજુતી, સમાધાન અથવા સલાહ કરવી. 'દાન' એટલે (નાણાં) આપવા, અથવા લાંચ આપવી. 'ભેદ' એટલે શત્રુઓમાં ફાટફૂટ કરાવવી, અને 'દંડ' એટલે તેના ઉપર હુમલો કરવો, તેને શિક્ષા કરવી. એ ચાર પૈકી 'દાન'જ ઉપયોગી થાય તેમ છે એમ વિદુર આ શ્લોકથી કહે છે.

૨. 'સાનુજઃ' શબ્દ થાય. તેમ ન કરતાં 'સહાનુજઃ' રાખેલ છે.

''(પાંડવોને) મદદ કરનાર કોઈ નથી'' એવી શંકા થાય, તેથી એકની જ મદદથી ત્રણ લોક ઉપર વિજય કરવાની તેમની શક્તિ છે એમ જણાવવા તે (એક)નું નીચેના શ્લોકમાં ભાન કરાવે છેઃ

**પાર્થાંસ્તુ દેવો ભગવાન્ મુકુન્દો ગૃહીતવાન્ સ ક્ષિતિદેવદેવઃ ।।**
**આસ્તે સ્વપુર્યાં યદુદેવદેવો વિનિર્જિતાશેષનૃદેવદેવઃ ।।૧૨।।**

પાર્થોનો ઉલટાં દેવ ભગવાન્ મુકુંદે સ્વીકાર કરેલો છે. તે ભૂદેવોના દેવ યદુદેવોના દેવ જેમણે બધા નરદેવોના દેવોને જીતેલા છે (તે પોતાના) ભક્તની નગરીમાં રહે છે. ૧૨.

મદદ કરનાર મળે તે માટે (તેમને) પ્રાર્થના કરવાની પણ જરૂર નથી. તેમનો 'તુ' ઉલટાં (ભગવાને) પોતે જ સ્વીકાર કરેલો છે. 'પાર્થોનો' એવા સંબંધથી અને બહુવચનથી[1] એમ જણાય છે કે (ભગવાન્) સંપૂર્ણ રીતે તેમના માટે ઉદ્યોગ કરે છે, કારણ કે પોતાના ઘણાં સગાંઓનો સ્વીકાર કરીને કોઈ પણ શાંત બેસી રહેતું નથી. (તે) 'દેવ' હોવાથી મનુષ્યોથી જીતી શકાય તેવા નથી. તેજ કારણને લીધે દુર્યોધન દૈત્ય હોવાથી (તેને) હણશે એમ પણ સમજાય છે.(તે) 'ભગવાન્' હોવાથી દેવો તથા દૈત્યોથી જીતી શકાય તેવા નથી. આથી એમ સૂચવેલું છે કે (પાંડવોનું) પ્રારબ્ધ કર્મ પણ જો (તેમને) પ્રતિકૂલ હોય તો તેને પણ ફેરવી નાખશે. 'મુકુંદ' શબ્દથી (એમ જણાવ્યું છે કે તે) કાલ ઉપર પણ વિજય પ્રાપ્ત કરશે. બીજાઓનું પણ દુઃખ મટાડીને (તેમને) મોક્ષ આપનાર કાલ ઉપર વિજય (પ્રાપ્ત) કરે તેમાં શું કહેવું ? એવો અર્થ છે. આથી એમ જણાવ્યું છે કે રાજ્ય આપવું પણ જરૂરી છે. વળી તે ભગવાન્ 'ક્ષિતિદેવદેવઃ' હોવાથી ભૂમિ ઉપરના દેવો જે ભૂદેવો, તેમનું હિત કરનારા હોવાથી તેમના પણ દેવ છે. તેથી જે (પક્ષ)માં ભગવાન્ તેમાંજ બ્રાહ્મણો (રહેવાના) હોવાથી, બ્રાહ્મણો પણ તને મદદ કરશે નહિ, વળી 'યદુદેવોના દેવ (પોતાના) ભક્તની નગરીમાં રહે છે' એટલે જે ભગવાન્ સ્મરણ કરવાથી અથવા ધ્યાન ધરવાથી બધું દુઃખ મટાડી રાજ્ય વિગેરે આપે છે, (તે) પોતેજ ભક્તોનું હિત કરવા ભક્તની નગરીમાં રહે છે. વળી યદુના વંશમાં દેવો ઉત્પન્ન થએલા હોવાથી યદુદેવો એટલે યાદવો, તેમના પણ તે દેવ હોવાથી, જે (પક્ષ)માં ભગવાન્ તેમાં જ યાદવો રહેવાના.

(આથી) એમ કહેલું છે કે તને (તારા) સગાંઓ પણ મદદ કરનાર નથી. વળી (તે) 'વિનિર્જિતાશેષનૃદેવદેવઃ' છે. નરદેવો એટલે રાજાઓ, તે બધાને સારી રીતે જીતેલા છે જેણે, તેવા (જરાસંધ) ઉપર પણ જય મેળવવા ઈચ્છેલ હોવાથી, જરાસંધ વિગેરેને જીતનાર હોવાથી, બધા રાજાઓ તેમને વશ છે. તેથી એમ કહેલું છે કે તને રાજાઓની પણ મદદ મળવાની નથી. અથવા[2] જરાસંધ વિગેરે નરદેવોના દેવો હતા, તેમને પણ જીતેલા છે જેમણે તેવા (તે છે). તેથી બલ વિનાના તને જીતવામાં તેમને શું પ્રયાસ કરવાનો છે ? એવો ભાવ છે. ૧૨

૧. પાછલના શ્લોકમાં અજાતશત્રુ એક જ કહ્યો, તેથી અહિં બહુવચન કેમ યોજ્યું ? એવી શંકા થાય, તેથી આ કહેલું છે. (પ્ર) એ શ્લોકમાં પણ યુધિષ્ઠિર સાથે ભીમ વિગેરે છે એમ કહેલ હોવાથી આવી શંકાનાં સમાધાન માટે બહુવચન યોજેલું જણાતું નથી, પરંતુ પૃથા (બેન કુંતી)ના બધા પુત્રોનો સ્વીકાર કરેલો છે તેથી તેમને માટે ઉદ્યમ કરેજ, એવોજ અભિપ્રાય હોવાનું જણાય છે.

૨. જરાસંધ ઉપર રાજસૂયયજ્ઞ સમયે જય મેળવેલો હોવાથી, અત્યારે તેના ઉપર જય મેળવવાની ઈચ્છા સંભવતી નથી, તેથી એ અર્થ ન ગમવાથી આ બીજો અર્થ કરેલો છે.(પ્ર)

દુર્યોધન માનતો નથી એમ કહે, તો (તે સંબંધમાં) નીચેનો શ્લોક કહે છેઃ

**સ એષ દોષઃ પુરુષદ્વિડાસ્તે ગૃહાન્ પ્રવિષ્ટો યમ્ અપત્યમત્યા ।।**
**પુષ્ણાસિ કૃષ્ણાદ્ વિમુખો ગતશ્રીઃ ત્યજાશુ ચૈનં કુલકૌશલાય ।।૧૩।।**

તારા ઘરોમાં પેઠેલો પુરુષનો દ્વેષ કરનાર તે દોષ આ રહ્યો. શ્રીકૃષ્ણથી વિમુખ અને જેની લક્ષ્મી જવાની છે તેવો તું તેને અપત્ય માનીને પોષે છે. કુલની કુશલતા માટે તું તરત આનો પણ ત્યાગ કર.૧૩.

તે પ્રસિદ્ધ ત્રિદોષ આ (દુર્યોધન)જ છે. 'દોષ' એ શબ્દથી (એમ જણાવ્યું કે) તેનો સ્વીકાર ન કરવાથી (તેને કાઢી મૂકવાથી) દુઃખ નહિ થાય. બધા ઉપાયોથી દોષ કાઢવો, પરંતુ દોષના આદર માટે ઔષધ તજવું નહિ, એવો ભાવ છે. 'પુરુષનો દ્વેષ કરનાર' શબ્દથી તે દોષ હોવાનું કારણ કહેલું છે. જે પુરુષનો દ્વેષ કરે તે દોષ, તેમ ન હોય તો, તે (પુરુષ)ને અધીન તેના જ શરીરમાં પોતે રહીને તેનો દ્વેષ કેમ કરે ? જેના રાજ્યમાં અથવા ગામમાં પણ રહેતો હોય તે (તેનો) દ્વેષ કરતો નથી, તો પછી તેના શરીરમાં રહેનારો-રોગ ન હોય તો (તેનો) દ્વેષ કેમ કરે ? તેથી (દુર્યોધન) પુરુષનો દ્વેષ કરતો હોવાથી દોષ છે એવો નિશ્ચય થાય છે. તેનો ત્યાગ (રોગના) કારણરૂપ નિદાન[1] છે, એવો અર્થ છે. (તે ઘરોમાં) રહેલો હોવાથી તરત તેનો ઉપાય કરવો જોઈએ, હમણાં પોતાનું કાર્ય કર્યા વિના શાંત રહેલો છે, પણ (તેના પ્રતિ) બેદરકાર રહેવાથી કુલનો જ નાશ કરશે, એવો ભાવ છે.

'(તે) ક્યાં છે ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી કહે છે કે બધાંએ સ્થલોએ તારા ઘરોમાં પેઠેલો છે. મમતા હોવાથી બધાં ઘરોમાં પેસતાં (તું તેને) અટકાવી શકતો નથી. ('આ[2] રહ્યો') એમ દૂર ઉભેલાને આંગળીથી દેખાડે છે. છતાં પણ (ધૃતરાષ્ટ્ર) આંધળો હોવાથી તેને જૂએ નહિ તેથી, 'તું તેને અપત્ય માનીને પોષે છે' શબ્દોથી બીજી રીતે (તેને) જણાવે છે. 'આપદ્‌ભ્યઃ' આપત્તિમાંથી 'ત્રાયતે' રક્ષણ કરે તે 'અપત્ય' તેવી (તારી) માન્યતા જ છે. વળી તું શ્રીકૃષ્ણથી વિમુખ છે કારણ કે (તેને) પોષે છે. તેથી જ તારી લક્ષ્મી પણ જવાની. તેથી આ સર્વ દુઃખોનાં કારણરૂપ હોવાથી, 'કુલને માટે એકનો ત્યાગ કરવો' એ નિયમ પ્રમાણે આનો ત્યાગ કર, 'ચ' 'પણ' શબ્દનો એવો અર્થ છે કે શ્રીકૃષ્ણથી વિમુખપણાંનો પણ ત્યાગ કર. ૧૩.

૧. 'નિદાન' એટલે રોગનો નાશ કરનાર 'નિદાન' એટલે રોગનું કારણ. તેનો ત્યાગ કરવાથી રોગ જાય. મૂલ કારણ.(પ્ર)

૨. શ્લોકમાંના 'એષઃ' શબ્દનો આ અર્થ કહેલો છે.(પ્ર)

**ઈત્યૂચિવાન્ તત્ર સુયોધનેન પ્રવૃદ્ધકોપસ્ફુરિતાધરેણ ॥**
**અસત્કૃતઃ સત્સ્પૃહણીયશીલઃ ક્ષત્તા સકર્ણાનુજસૌબલેન ॥૧૪॥**

એમ (વિદુરે) કહ્યું ત્યારે સારા પુરુષોએ ઈચ્છવાયોગ્ય વર્તનવાળા ક્ષત્તાનું કર્ણ, દુઃશાસન અને શકુનિ સાથે (ભળેલા), વધી ગયેલા કોપને લીધે ધ્રૂજતા અધરવાળા સુયોધને અપમાન કર્યું. ૧૪.

જ્યારે (વિદુરે) એમ ઠપકો આપીને આજ્ઞાના રૂપમાં કહ્યું, ત્યારે એમ કહેનારનું (દુર્યોધને) અપમાન કર્યું એવો (વાક્યનો) સંબંધ[1] છે. અથવા[2] 'એમ (વિદુરે) કહ્યું' એ જૂદું વાક્ય છે. તે સ્થલે આવેલા, અથવા (વિદુરના) ભાઈ પાસે આવેલા (સુયોધને તેનું અપમાન કર્યું). તેની હલકાઈ દેખાડવા 'સુયોધન' શબ્દ યોજેલો છે. ''કાકાનું અપમાન કેમ કર્યું ?'' એવી શંકા થાય, તેથી અંદરનાં ક્રોધને લીધે અને બહારથી દુષ્ટો સાથે ભળેલો હોવાથી (તેમ કર્યું) એમ દર્શાવવા ત્રીજી વિભક્તિનાં પ્રત્યયવાળાં બે વિશેષણો યોજેલાં છે. (૧) આ પહેલાં વિશેષણથી એમ સૂચવેલું છે કે ક્રોધ (કોપ)ને લીધે લોભ (અધર) જ દેખાયો, એટલે તે (વિદુરે) કહેલા દાનરૂપ ઉપાય પણ તેને રુચ્યો નહિ. 'અપમાન કર્યું' એટલે ધિક્કાર (દર્શાવ્યો), અથવા આગળ (શ્લોક. ૧૫ માં) કહેશે તે અપમાન કર્યું. 'સત્ય કહેવું, પ્રિય કહેવું' એ સ્મૃતિ પ્રમાણે એવું (શ્લોક ૧૫ માં દુર્યોધન કહેશે તેવું) વચન ધર્મ અને નીતિથી વિરુદ્ધ છે. વળી મંત્રીનો ત્યાગ નીતિથી વિરુદ્ધ છે. તેને પણ સન્માન કરીને જ સમજાવવો જોઈએ. છતાં પણ (દુર્યોધને) એવું વચન કહ્યું તે (વિદુર ઘર વિગેરેનો) ત્યાગ કરે તે માટે જ, કારણ કે ભગવાનથી વિમુખ હોય તેમની સાથે રહેવું અયોગ્ય છે.

વળી (ધૃતરાષ્ટ્ર વિગેરે પ્રતિ તેનો) સ્નેહ[3] રાખવાનો ન હતો. ચિત્ત[4] પણ ઘણું દુષ્ટ હોવાથી સંપૂર્ણ ત્યાગ સહન કરતું નથી. તેથીજ એવું વચન (દુર્યોધન કહેશે), એ ધ્યાનમાં રાખી 'સારા પુરુષોએ ઈચ્છવા યોગ્ય વર્તનવાળા' એમ કહેલું છે, સારા પુરુષોએ ઈચ્છવા યોગ્ય છે વર્તન જેનું તેવો (વિદુર છે), દુષ્ટોની સાથે રહેવાનું હોય ત્યારે આવી જ રીતે તેમનો ત્યાગ કરાય તે માટે એ પ્રમાણે કરવું જોઈએ, એ સારા પુરુષોએ ઈચ્છવા યોગ્યપણું છે. 'ક્ષત્તા' શબ્દથી (તે) વિશ્વાસપાત્ર હતો, એમ સૂચવેલું છે. (૨) ચાર દુષ્ટોમાં દુર્યોધન મુખ્ય હતો. કર્ણ દુઃશાસન અને શકુનિ તો તેને મદદ કરનારા હતા. તે તેઓની 'સાથે ભળેલા' શબ્દથી કહેલું છે.

અથવા[5] મંત્ર પોતાનું હિત કરનારો હોવાથી તેનો સ્વીકારજ કેમ ન કર્યો ? એવી શંકા થાય, તેથી 'સારા પુરુષોએજ ઈચ્છવા યોગ્ય છે વર્તન જેનું' એમ કહેલું છે. પરિચરો સહિત તે દુષ્ટ જ હતો તેથી (તેણે મંત્રનો સ્વીકાર ન કર્યો) એવો ભાવ છે. ૧૪.

૧. (વિદુરે કહેલો) મંત્ર (૧૧।૧૨।૧૩ એ) ત્રણ શ્લોકનો ગણવામાં આવે, ત્યારે પહેલાં (શ્લોક ૧૦ માં) 'કહ્યો' એમ જે ક્રિયા કહી, તે અહિં ફરી કહી. અંતે એ પ્રમાણે ક્રિયા ફરી કહેવી નકામી છે એમ માનવામાં આવે તેથી 'એમ કહેનારનું અપમાન કર્યું' એવો સંબંધ જણાવ્યો છે. તેથી પહેલાં કહેલી ક્રિયા જ અહિં પૂરી થાય છે, બીજી કહી નથી એવો અર્થ છે.(પ્ર)

૨. મંત્ર (૧૧।૧૨ એ) બે શ્લોકનો ગણવામાં આવે, ત્યારે તેરમા શ્લોકને (કહેવાની) ક્રિયાની આકાંક્ષા રહે, તે ધ્યાનમાં લઈ બીજી રીતે વાક્યોનો સંબંધ દર્શાવેલો છે.(પ્ર)

૩. 'સારા પુરુષોએ ઈચ્છવા યોગ્ય વર્તનવાળા' શબ્દનો આભાસ અહિથી શરૂ થાય છે. (પ્ર)

૪. દુર્યોધન વિગેરેનું ચિત્ત તેવું હોવાથી, વિદુર ત્યાગ કરે તે પણ સહન કરી ન શકે, પરંતુ સામાવાળામાં ભળશે એવા ભયથી તેને બાંધે. તેથી નીતિ પ્રમાણે જ વિદુરે એવા વચન કહ્યાં, એવો અર્થ છે.(પ્ર) વિદુરના વચનના સંબંધમાં આ કહેલ નથી, પરંતુ પંદરમા શ્લોકમાં દુર્યોધન તેના તિરસ્કારનાં વચનો કહે છે તે સંબંધમાં કહેલું છે. તેથી આ દુર્યોધન વિગેરેના ચિત્તનાં વિષે કહેલું નથી, પણ સામાન્ય રીતે સર્વના ચિત્તનાં સંબંધમાં, ચિત્ત કેવા પ્રકારનું છે એમ કહેલું હોવાનું જણાય છે. ચિત્તને સંપૂર્ણ ત્યાગ કરવો ગમતો નથી, છતાં વિદુર સંપૂર્ણ ત્યાગ કરે તે માટે ભગવાન્ દુર્યોધનથી તેનો આવી રીતે તિરસ્કાર કરાવે છે. તેથી જ શ્લોક ૬ના આભાસમાં કહેલું છે કે વિદુર ત્યાગ કરે છે તે ભગવાન્ માટે, ભગવાને જ કરાવેલો.

૫. ઉપર નોટ ૪ માં જણાવેલ વ્યાખ્યાન બહુ ગહન સમજી ન શકાય તેવું હોવાથી, બીજી રીતે વ્યાખ્યાન કરે છે. (પ્ર) 'ચિત્ત' દુર્યોધન વિગેરેનું જ લેવાથી પ્રકાશનુંજ નોટ ૪ નું વ્યાખ્યાન કિલષ્ટ અને ગહન બને છે. વસ્તુતઃ તેવું જણાતું નથી.

**ક એનમ્ અત્રોપજુહાવ જિહ્મં દાસ્યાઃ સુતં યદ્ વલિનૈવ પુષ્ટઃ ।।**
**તસ્મિન્ પ્રતીપઃ પરકૃત્ય આસ્તે નિર્વાસ્યતામ્ આશુ પુરાચ્છ્વસાનઃ ।।૧૫।।**

આ કપટી દાસીના પુત્રને અહિં કોણે બોલાવ્યો ? જેનાં અન્નથી પુષ્ટ

થએલો છે તેની જ વિરુદ્ધ રહે છે. (આને) માત્ર જીવતો રાખી તરત શહેર બહાર કાઢી મૂકો. ૧૫.

આ શ્લોકથી લોકોના મત પ્રમાણે (વિદુરનું) અપમાન (કરે છે). (પોતાના) પિતાએ બોલાવેલો છે એમ જાણીને, સ્વભાવ, જાતિ અને કર્મથી જે દુષ્ટ હોય તે સલાહ આપવા યોગ્ય નહિ હોવાથી (તેણે તેને બોલાવવાનું) અયોગ્ય (કાર્ય) કર્યું તે માટે તેનું પણ અપમાન કરે છે એમ જણાય છે. આ (વિદુર) તો તેવો છે એમ જણાવવા ત્રણ વિશેષણો (મૂકેલ) છે. બે નિશ્ચિત છે, ત્રીજી તેની ક્રિયાજ[1] છે. (૧) 'જિહ્મઃ' એટલે કપટી, છિદ્રો શોધનારો. 'મારે કપટથી રહેવું, વિશ્વાસ ઉત્પન્ન કરીને મારો લાગ આવે ત્યારે દુઃખ કરવું (દેવું)' એવું કપટીનું ચિહ્ન છે. તે આજે વિદુરમાં સ્પષ્ટ થયું (જણાયું). ભગવાન્ સર્વને પોતાનો (જેવો) અધિકાર હોય તેવા જણાય છે, તેથી (દુર્યોધન) ભલમનસાઈ[2] વિગેરે (ગુણો)ની જરૂર હોવાનું જણાવે છે. (૨) 'દાસીના પુત્રને' શબ્દથી જાતિદોષ (કહેલો છે). (૩) ક્રિયાદોષ કહેવા માટે, 'જેનાં અન્નથી પુષ્ટ થએલો છે તેનીજ વિરુદ્ધ (રહે છે)'. શબ્દોથી (તે) કૃતઘ્ન હોવાનું કહે છે. જેમ [3]ચાંડાલ વિગેરે (આપણા) આધારે રહેલા હોવાથી (તેમને) અન્ન આપવામાં આવે છે, તેમ આ પણ (આપણા આશરે) પડેલો છે, કારણ કે શૂદ્રા (સ્ત્રી)માં બ્રાહ્મણનાં વીર્યથી જન્મેલો છે. (તેથી જ) આપણે તેના ઉપર (ઉપકાર કરીએ છીએ). (આથી) વળી એમ જણાવ્યું છે કે અન્નથી પુષ્ટ થએલા ચાંડાલો[3] એવાજ હોય છે. તેવા થવાનું કારણ (તેમનું) પોષણ જ છે. 'પરેષામ્' શત્રુનાં કાર્ય માટે રહે છે એ (તેનો) ક્રિયાદોષ છે. 'કાઢી મૂકો' શબ્દથી (તેને કરવાની) શિક્ષા (કહેલી છે). 'તરત' એટલે તેણે કહેલો (મંત્ર) ચિત્તમાં[4] પ્રવેશ કરે તે પહેલાં (કાઢી મૂકો). તે (વિદુરે) પણ તે (દુર્યોધન વિગેરે)નો વધ કરવાનું કહેલું નહિ, ત્યાગ કરવાનું જ કહેલું, તેથી (તેને) કાઢી મૂકવો એજ શિક્ષા (કરવી). 'શ્વસાનઃ' માત્ર જીવતો રાખી (કાઢી મૂકો). દુષ્ટોની દૃષ્ટિએ પ્રાણ લેવા કરતાં પણ આ સજા અધિક છે. 'શ્મશાનઃ' એવો પાઠ હોય ત્યારે એવો અર્થ થાય કે (તે) જ્યાં રહેશે તેમનું અમંગલ થશે, અથવા (તે) યમ હોવાથી મરેલા ઉપર ગુજરાન કરનાર હોવાથી ('શ્મશાન કહેલો છે). તેથીજ 'શહેર બહાર કાઢી મૂકો' એવું વચન જ કહેલું છે. એ પ્રમાણે (૬ થી ૧૫ સુધીના) દશ શ્લોકોથી (વિદુરની) પહેલાંની સ્થિતિનો ત્યાગ કરવાનું કારણ કહેલું છે. આથી પહેલાના (કૌરવો સાથે રહેતો હતો ત્યારના) દેહના સંબંધીઓ પણ તજેલા હોય તેવા થયા.૧૫.

૧. ''બેજ વિશેષણો દેખાય છે છતાં ત્રણ કેમ કહ્યાં ?'' એવી શંકા થાય, તેથી 'ત્રીજી ક્રિયાજ છે'

એમ કહેલું છે. (પ્ર)

૨. 'સત્ત્વાદીનામ્' એટલે 'સારૂં ખરાબ અથવા ઉદાસીન વિગેરે ગુણોની'. (પ્ર) 'સત્ત્વ' એટલે ભલમનસાઈ 'વિગેરે' થી નીમકહલાલપણું, વિવેક વિગેરે સારા ગુણો વિદુરમાં જોઈએ, (તેને બદલે દુર્ગુણો છે) એમ દુર્યોધન માને છે, એવો અર્થ જણાય છે. તેના અધિકાર પ્રમાણે વિદુરના સદ્‌ગુણો તેને દુર્ગુણ જણાય છે.

૩. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'શ્વપાકાઃ' પાઠ લીધો છે. નાથદ્વારાવાળી પ્રતમાં 'કાકાઃ' 'કાગડાઓ' એવો પાઠ છે.

૪. 'ચિત્તમાં' એટલે ધૃતરાષ્ટ્રના ચિત્તમાં. (પ્ર) બધા કૌરવોના ચિત્તમાં, એવો અર્થ પણ યોગ્ય છે.

નીચેના શ્લોકમાં (વિદુરે) ત્યાગ કર્યો એમ કહે છેઃ

**સ ઈત્થમ્ અત્યુલ્બણકર્ણબાણૈઃ ભ્રાતુઃ પુરો મર્મસુ તાડિતોઽપિ ।।**
**સ્વયં ધનુર્દ્વારિ નિધાય માયાં ગતવ્યથોઽયાદુરુ મન્યમાનઃ ।।૧૬।।**

એવી રીતે ભાઈની સમક્ષ ઘણાંજ તીવ્ર કર્ણના બાણોથી તેના મર્મસ્થાનોમાં પ્રહાર કરવામાં આવ્યો, છતાં તે પોતે ધનુષ્યને બારણે મૂકી માયાનો બહુ આદર કરતાં દુઃખરહિત થઈ (ત્યાંથી) ચાલ્યો ગયો.૧૬.

આ (બાણો) તરત કાર્ય કરે તેવાં હોવાથી ઘણાં તીવ્ર હતાં. આ દશ બાણો[૧] કાન મારફત હૃદયમાં પેઠાં. (તેમનાથી) દશ પ્રાણના સ્થાનો એટલે મર્મસ્થાનોમાં પ્રહાર કરવામાં આવ્યો છતાં (તે દુઃખરહિત થઈ ચાલ્યો ગયો). 'ભાઈની સમક્ષ' શબ્દોથી તે મૃત્યુની નજીક આવ્યો હોય તેમ બાણો પ્રાણ હરનારાં હોવાનું દૃષ્ટાંત કહેલું છે. પ્રહાર કરવામાં આવ્યો, છતાં તે દુઃખરહિત થયો, તેનું કારણ 'માયાનો બહુ આદર કરતાં' શબ્દોથી કહેલું છે. 'ધનુષ્યને બારણે મૂકીને' શબ્દોથી (તે) સામા પક્ષમાં જાય એવી શંકા દૂર કરેલી છે. બાકી મૂક્યા પહેલાંજ ચાલ્યો ગયો, કારણ કે પોતે કરેલો ત્યાગજ (જ્ઞાનપ્રાપ્તિના) કારણરૂપ છે. તેમ ન કરે તો 'બધાં બલને લીધે કરેલાં કાર્યો નહિ કરેલાં છે એમ મનુએ કહેલું છે' એ વાક્યનો વિરોધ થાય. ૧૬.

૧. (દુર્યોધને) એક વાક્ય કહેલું છે, તેથી 'બાણો' એમ બહુવચન કહેવું યોગ્ય નથી, એવી શંકાના સમાધાન માટે આ કહેલું છે. શ્લોક ૧૪ માં (૧) દુર્યોધને તથા (૨) તેના સોબતીએ કરેલું અપમાન અને આ શ્લોકમાં કહેલ બોલાવવું, અપમાન વિગેરે આઠ મળી દશ કર્ણબાણ છે. (પ્ર)

એ પ્રમાણે અપમાનથી ખેદ પામેલાને તીર્થ વિગેરેથી થતાં પુણ્યના ફલથી પૃથ્વી અને જલના સંસ્કાર થતાં, અધિકારીનો દેહ (પ્રાપ્ત થવા)માં બે સંપત્તિ થવાનું કહીને, તેજ (ની સંપત્તિ પ્રાપ્ત થયાનું) કહેવા માટે સત્સંગ થયો, એમ નીચેના શ્લોકથી આરંભી આઠ શ્લોકોથી કહે છેઃ

**ચતુર્ભિઃ ભૂમિસંસ્કારઃ તથાઽન્યૈશ્ચ જલસ્ય ચ ।।**
**ઉત્તરોત્તરશેષત્વાત્ તચ્છેષોઽપ્યુચ્યતે સ્ફુટઃ ।।૨૧।।**

ચાર (શ્લોકો)થી ભૂમિથી થતો સંસ્કાર, અને તેટલાજ બીજાથી જલથી થતો (સંસ્કાર) (કહેલા છે.) પહેલાનું પાછલનાનો આધાર રાખનાર હોવાથી[1] તે (તેજ)નો આધાર રાખનાર હોવાનું પણ સ્પષ્ટ કહેલું છે. કા.૨૧.

**પુણ્યદેશાર્થગમનં પુણ્યદેશે તથૈવ ચ ।।**
**તદંગાનિ ફલં ચૈવ ચતુર્દ્ધા ભૂમિસત્ક્રિયા ।।૨૨।।**

૧.પવિત્ર દેશો માટે ફરવું ૨. તેવી જ રીતે પવિત્ર દેશમાં (જવું)[2] ૩.તેનાં અંગો[3] એમજ ૪.ફલ[4] (એ) ચાર પ્રકારે ભૂમિથી થતો સંસ્કાર (કહેલો છે). કા.૨૨.

**જલે સામાન્યસંબંધો વિશેષશ્ચાપિ તદ્ગતઃ ।।**
**સાધનં ચ ફલં ચેતિ જલોક્તિશ્ચ ચતુર્વિધા ।।૨૩।।**

જલનાં સંબંધમાં (૧) સામાન્ય સંબંધ[5] અને વળી (૨) તેના સંબંધી વધારે[6] સંબંધ (૩) અને સાધન[7] તથા (૪) ફલ [8]એ જલના સંબંધનું ચાર પ્રકારનું કથન[9] (ચાર શ્લોકો) છે. કા.૨૩.

મંત્રના ભવનમાંથી નીકળેલો (વિદુર) પોતાના ઘેર ન ગયો, પણ શહેરમાંથી પણ બહાર નીકળી ગયો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ નિર્ગતો કૌરવપુણ્યલબ્ધો ગજાહ્વયાત્ તીર્થપદઃ પદાનિ ।।**
**અન્વાક્રમત્ પુણ્યચિકીર્ષયોર્વ્યાં સ્વધિષ્ઠિતો યાનિ સહસ્રમૂર્તિઃ ।।૧૭।।**

કૌરવોના પુણ્યથી પ્રાપ્ત થએલો તે (વિદુર) હસ્તિનાપુરમાંથી નીકળી ગયો, અને ભૂમિ ઉપર જે સ્થાનોમાં હજારો મૂર્તિ ધારણ કરનાર (ભગવાન્) રહેલા તે ભગવાનના સ્થાનોમાં પુણ્ય કરવાની ઈચ્છાથી અનુક્રમે ફર્યો. ૧૭.

'કૌરવોના પુણ્યથી પ્રાપ્ત થએલો' વિશેષણથી એમ સૂચવેલું છે કે જ્યારે પૂર્વજોએ કરેલા પુણ્યથી પ્રાપ્ત થએલો નીકળી ગયો, ત્યારે તેની મારફત (તેની સાથે) વંશ સ્થાપન કરનારનું પુણ્ય જ નીકળી ગયું. પુણ્યથી પ્રાપ્ત થવાપણું ભગવાનના સ્થાનોમાં જવાનું પણ કારણ છે. સર્વ (તીર્થાનિ) તીર્થો જેમના (પાદે) ચરણમાં છે તે (ભગવાન્)નાં સ્થાનોમાં ફર્યો, એમ તીર્થોનું પણ ઉત્તમપણું કહેલું છે. વૈષ્ણવોનાં સ્થાનોમાં જ ગયો, એવો અર્થ છે. 'અન્વાક્રમત્' વચ્ચે સ્થાનનું ઉલ્લંઘન ન કરતાં (અનુક્રમે) ફર્યો. (જ્યાં ફર્યો તે) માત્ર રાજાના પડાવના જેવાં (ભગવાનનાં) સ્થાન ન હતાં, પરંતુ જૂદી જૂદી મૂર્તિઓથી પોતાનો પ્રભાવ દર્શાવતાં અભિમાનથી (ભગવાન્) જેમાં રહેલા, તેવાં સ્થાનો હતાં, એમ પહેલાના ('પદાનિ' 'સ્થાનો' શબ્દ) સાથે સંબંધ છે. 'પુણ્ય કરવાની ઈચ્છાથી' શબ્દ (વિદુરને) તત્ત્વનું જ્ઞાન ન હોવાથી[10] (જ્ઞાન પ્રાપ્ત કરવા), અથવા પરમેશ્વરની પ્રાપ્તિના સાધન તરીકે[11] (ફર્યો એમ જણાવવા)

કહેલો છે. અથવા[12] ભૂમિ ઉપર પવિત્રપણું કરવાની ઈચ્છાથી પૃથ્વીને[13] પવિત્રપણાંનો સંસ્કાર કરવા, દૈત્યો[14] રહેતા હોય તો તે (તેવો) સંસ્કાર ન થાય તેથી- જે સ્થાનોમાં હજારો મૂર્તિવાળા ભગવાન્ રહેઠાણ કરી રહેલા (તેમાં ફર્યો) એમ કહેલું છે. પંચાગ્નિવિદ્યાની પેઠે સંસ્કારવાળા (સ્થાન)માં દેવ રહેતા હોવાથી, જે સ્થલોમાં ભગવાનની મૂર્તિઓ હતી તેમાંજ તે (વિદુર)નો સંસ્કાર (થએલો હોવાનું) આથી[15] દર્શાવેલ છે. ૧૭.

૧. ''ભૂમિનો સંસ્કાર કહેતાં નદી સરોવર કહેવાનું, અને જલનો સંસ્કાર કહેતાં તેજના સંસ્કારરૂપ સત્સંગ કહેવાનું શું પ્રયોજન ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. પૃથ્વી, જલ અને તેજમાં પહેલું પહેલું ત્યારપછીનાં ઉપર આધાર રાખનારૂં છે. તેથી (પૃથ્વીનો) સંસ્કાર કરનાર જલ અને (જલનો સંસ્કાર કરનાર) તેજ સ્પષ્ટ કહેલાં છે. આ જણાવવાનાં પ્રયોજનથી તે કહેલ છે.(પ્ર)

૨. 'જવું' (ફરવું) નો અહિં સંબંધ છે.(પ્ર)

૩. તેનાં એટલે સંસ્કારનાં અંગો, પવિત્રતા, એકાંતમાં રહેવું વિગેરે. (પ્ર)

૪. પોતાના શરીરનો સંસ્કાર થાય તે માટેના પ્રયત્નના સંબંધવાળું, ભૂમિ દેવના સંબંધવાળી હોવારૂપ ફલ. (પ્ર)

૫. (જલના સંબંધમાં) 'સામાન્ય સંબંધ' એટલે સરસ્વતીનો સંબંધ. (પ્ર)

૬. 'તેના' એટલે સરસ્વતીના.(પ્ર)

૭. 'સાધન' એટલે કૃત્રિમ તીર્થોનું સેવન.(પ્ર)

૮. 'ફલ' એટલે ભગવદીયનો સંગ.(પ્ર)

૯. 'જલના સંબંધનું કથન' એટલે જલથી થએલ સંસ્કારનું કથન.(પ્ર)

૧૦. 'તત્ત્વનું અજ્ઞાન' એટલે 'પોતાના સ્વરૂપનું અજ્ઞાન'.(પ્ર)

૧૧. ''સનત્ સુજાત વિગેરેનો સંગ થએલ હોવાથી, તત્ત્વનું અજ્ઞાન કેમ હોય ?'' એવી શંકા થાય, તેથી આ બીજો પક્ષ કહેલો છે.(પ્ર)

૧૨. ''ભગવાન્ તેના ઘેર પધારેલ હોવાથી, ભગવાનની પ્રાપ્તિ તો થઈ ગએલી'' એવી શંકા થાય, તેથી આ બીજો પક્ષ કહે છે.(પ્ર)

૧૩. 'પૃથ્વીને' એટલે ક્ષેત્રરૂપ (તીર્થરૂપ) પૃથ્વીને.(પ્ર)

૧૪. 'રહેતા હોય' એટલે ભૂમિ ઉપર રહેતા હોય.(પ્ર)

૧૫. જેમ ધોવાની ક્રિયાથી, ચોખા વિગેરેમાં યજ્ઞ પૂર્ણ કરવારૂપ ઉત્તમપણું આવે છે, તેમ તે (વિદુર) તીર્થોમાં જાય તેથી ભગવાનની મૂર્તિઓમાં પ્રભાવ દર્શાવવારૂપ ઉત્તમપણું આવે તે દર્શાવેલ છે. 'સત્પુરુષો તીર્થોને તીર્થ બનાવે છે' એ વાક્યના ભાવાર્થ પ્રમાણે આ જણાવેલ છે. તેથી જેમ અભ્યાસ નિયમ વિગેરે પ્રમાણે ભણેલા મંત્રો પુરશ્ચરણ વિગેરેથી તરત ફલ આપે છે, તેમ વિદુરની (ફરવાની) ક્રિયાથી ભગવાનની મૂર્તિઓ વધારે પ્રભાવ દર્શાવે એમ સિદ્ધ થાય છે. (પ્ર) આ પ્રકાશનો અર્થ બરાબર જણાતો નથી. વિદુર જેવો સદ્ગુણી નિરભિમાની પુરુષ તીર્થોને પવિત્ર કરવાની ઈચ્છાથી તેમાં ફરતો હોવાનું સંભવતુંજ નથી. અહિંથી ભૂમિ (તીર્થો)થી તેના દેહને જ સંસ્કાર થતો હોવાનું કહેલ છે. 'અથવા ભૂમિ ઉપર પવિત્રપણું કરવાની ઈચ્છાથી

(જ્યાંથી નોટ ૧૨ નો આરંભ થાય છે)' વિગેરે ભાગથી ભગવાન્ એવી ઇચ્છાથી ભૂતલ ઉપર વિરાજેલા એમ કહેલું છે એમ જણાતું હોવાથી તે પ્રમાણે અર્થ કરેલો છે.

નીચેના શ્લોકમાં (તીર્થોનો) ખાસ (ગુણ) કહે છેઃ

**પુરેષુ પુણ્યોપવનાદ્રિકુઞ્જેષ્વપંકતોયેષુ સરિત્સરઃસુ ।।**
**અનન્તલિંગૈઃ સમલંકૃતેષુ ચચાર તીર્થાયતનેષ્વનન્યઃ ।।૧૮।।**

ભગવાનનાં ચિહ્નોથી સારી રીતે શોભાએલા તીર્થોનાં સ્થાન શહેરોમાં, પુણ્ય ઉપવનો, પર્વતો અને કુંજોમાં, કાદવ વિનાના જલવાળા નદીઓના ધરાઓમાં તે (વિદુર) એકલો ફર્યો. ૧૮.

'શહેરોમાં' એટલે પરમેશ્વરની ક્રીડાનાં સ્થાન હોવાથી મથુરા વિગેરે નગરોમાં, ગોકુલ નજીકના વૃંદાવન ઉપવનોમાં, ગોવર્ધન વિગેરે પર્વતોમાં, કુંજો એટલે લતાઓના (બનાવેલા) ઘરોમાં (ફર્યો). ભગવાનનો સંબંધ હોવાને લીધે આ બધાં પુણ્ય કરાવનારાં હોવા છતાં ભક્તિ પણ કરાવનારાં[1] છે. 'કાદવ વિનાના જલવાળા' એટલે શ્રીકૃષ્ણની જલક્રીડા માટે યોગ્ય, 'નદીઓના ધરાઓમાં' એટલે કાલીય વિગેરેના ધરાઓમાં ફર્યા. તેઓમાં ફરવાનું કારણ (કે) 'ભગવાનની' રાસ વિગેરે ક્રીડાઓનાં 'ચિહ્નોથી (તેઓ) સારી રીતે શોભાએલા હતા'. જલ અને સ્થલના મુખ્ય (પ્રદેશો)માં તે (અનન્યઃ) એકલો ફર્યો એવો અર્થ છે. અથવા અનન્ય ભક્ત રહીને ફર્યો, આથી એમ જણાવેલું છે કે પાંચ ગુણોવાળી પૃથ્વી શહેરો અને પર્વતો એવા માટી અને પત્થરના ભેદથી બે પ્રકારની છે. (૧) ઉપવનથી ગંધનો (૨) કુંજોમાં સ્પર્શનો (૩) ધરાઓમાં રસનો (૪) ભગવાનના ચિહ્નોથી રૂપનો (સંસ્કાર થયો). અથવા (૫) કુંજોમાં શબ્દનો (૩) કાદવવિનાના જલોમાં રસનો (૨) ધરાઓમાં સ્પર્શનો, એ રીતે ([2]સંસ્કાર થયો), એકલો હોવાથીજ મૌન પ્રાપ્ત થયું[3] અથવા તેથીજ (૫) શબ્દનો સંસ્કાર થયો. ૧૮.

૧. આથી અધિક ભક્તિ થવામાટે અનુકૂલ ઉત્તમપણું વિદુરના શરીરમાં આવ્યાનું જણાવેલું છે(પ્ર)
૨. બીજા મહાભૂતોનાં સંસ્કાર પછીથી કહેવાનાં છે. તેથી અહિં પાંચ પ્રકારની પૃથ્વીનોજ સંસ્કાર થયાનું કહેલું છે. (પ્ર)
૩. સૂંઘવાથી, સ્પર્શથી, ચાખવાથી અને જોવાથી (ગંધ, સ્પર્શ, રસ અને રૂપના) સંસ્કારો એક સાથે થવાનું સંભવે, પરંતુ શબ્દને ગ્રહણ કરનાર અને ઉત્પન્ન કરનાર ઇન્દ્રિયો જૂદી હોવાથી તેનો સંસ્કાર તેમ ન થાય, તેથી આ કહેલ છે. (પ્ર)

**ગાં પર્યટન્ મેધ્યવિવિક્તવૃત્તિઃ સદાઽઽપ્લુતોઽધઃશયનોઽવધૂતઃ ।।**
**અલક્ષિતઃ સ્વૈર્ અવધૂતવેષો વ્રતાનિ ચેરે હરિતોષણાનિ ।।૧૯।।**

પૃથ્વી ઉપર ફરતાં પવિત્ર એકાંત (સ્થલ)માં રહેતો જલમાં સ્નાન કરતો, નીચે (ભૂમિ ઉપર) સૂતો અવધૂત રહેતો, બંધુઓથી ઓળખાતો ન હતો, કૃત્રિમ વેષ

ધારણ કરતો (અને) હરિને પ્રસન્ન કરનારાં વ્રતો આચરતો.૧૯.

આ સાત ત્વચા વિગેરે (સાત) ધાતુઓના સંસ્કારો કહેલા છે. વ્રતો અંતઃકરણનો સંસ્કાર કરનારાં છે (૧) ભગવાનનું ચરિત્ર અતિગોપ્ય હોવાથી (તે) એકલો ફરતો. એ પ્રમાણે (ફરતાં) દર્શન થવાથી કાંઈક ભક્તિ ઉત્પન્ન થવાથી, શ્રીકૃષ્ણની પ્રાપ્તિ ન થવાથી વિરહને લીધે તેમની પ્રાપ્તિ થાય તે માટે જ વ્રતો કર્યાં. આ વિષયમાં ક્રમ આવો છે-પ્રથમ (ભગવાનને) શોધવા માટે ફરવાનું. પછી અંદરના અને બહારના નિયમો (પાળવા) ત્યાર પછી પણ વ્રતો (આચરવાં). (૨) તેમાં પવિત્ર એકાંત (સ્થલ)માં ધ્યાન વિગેરે માટે બેસવું વિગેરે (પ્રકારની) સ્થિતિ હતી જેની તેવો, અથવા પવિત્ર, એક રાતના આંતરે આહાર વિગેરે આજીવિકા થતી જેની તેવો તે હતો. (૩) ત્રણ સમય સ્નાન (૪) ભૂમિ ઉપર સૂવાનું (૫) અભ્યંગ (તેલ ચોળવું) વિગેરેનો ત્યાગ (અવધૂત) (એ) ત્રણ ગુણો ત્રણ દોષ દૂર કરનારા છે (૬) એમ કરતો ત્યારે (તેમના) બંધુઓએ (તેમ કરતાં) અટકાવ્યો કેમ નહિ એવી શંકા થાય, તેથી 'બંધુઓથી ઓળખાતો નહતો' એમ કહેલું છે. (૭) તેનું (ન ઓળખાવાનું) કારણ 'અવધૂતવેષ' કૃત્રિમ વેષ ધારણ કરતો શબ્દથી કહેલું છે. વ્રતો ચાર છે. (૧) એકાદશીના ઉપવાસ (૨) પ્રાણિમાત્ર ઉપર દયા (૩) જે મળી આવે તેથી સંતોષ રાખવો, અને (૪) સર્વ ઈન્દ્રિયોનો સંયમ. આ ભગવાનની પ્રસન્નતાનાં કારણરૂપ છે.૧૯.

નીચેના શ્લોકમાં ફલ કહે છેઃ

**ઈત્થં વ્રજન્ ભારતમેવ વર્ષં કાલેન યાવદ્ ગતવાન્ પ્રભાસમ્ ।।**
**તાવચ્છશાસ ક્ષિતિમેકચક્રામ એકાતપત્રામ્ અજિતેન પાર્થઃ ।।૨૦।।**

(ઘણા) કાલસુધી ભારતવર્ષમાં જ આવી રીતે ફરતાં તે જ્યારે પ્રભાસ આવ્યો ત્યારે એકનુંજ ચક્ર અને એકનુંજ છત્ર જેમાં હતાં તેવી ભૂમિ ઉપર અજીતને લીધે પાર્થ (યુધિષ્ઠિર) રાજ્ય કરતો હતો.૨૦.

શુદ્ધ (થએલો) જ દેવના પ્રદેશમાં રહે, એવી પહેલાંની ઈચ્છા પણ પૂર્ણ થઈ. આ એવું ફલ જણાવનારૂં પણ છે, કે જેમ દુષ્ટનું સ્થાન ભૂમિ ઉપરથી ગયું, તેમ (તેના) શરીરમાંથી પણ ગયું. પુણ્ય ઘણું હોવાને લીધે, ઘણા કાલ સુધી પણ તે ભારત (વર્ષ)માંજ ફર્યો. જ્યારે પ્રભાસ સુધી ગયો, ત્યારે બધું ફરી ગયેલું, એમ શ્લોકના ઉત્તરાર્ધથી કહેલું છે. એકનું ચક્ર એટલે સૈન્ય હતું જેમાં તેવી (ભૂમિ થએલી) સૈન્ય અથવા રાજ્યચિહ્ન (છત્ર) બીજાનું નહતું, એવો અર્થ છે. 'યાવત્પ્રભાસં તાવત્' પ્રભાસ જ્યાં છે ત્યાં સુધીનો (પ્રદેશ) એ શબ્દથી ભારતવર્ષજ. આ[૧] કહેલ છે. અથવા 'તાવત્' (તેટલામાં) (આની) અમુક ઈચ્છાના અર્થમાં (યોજાએલો છે). આનું

તીર્થમાં ફરવું એજ, ભગવાનને લીધે ભગવાનના ભકતો (પાંડવો)ને રાજ્ય પ્રાપ્ત થવાનું કારણ છે. અજીતને લીધે, શબ્દથી (ભગવાનની રાજ્ય પ્રાપ્ત કરાવવાની શકિત જણાવેલી છે). પાર્થ, શબ્દથી (રાજ્ય પ્રાપ્ત કરાવવાનું) કારણ જણાવેલું છે. ૨૦.

૧. ભૂમિ, કહી, તે પ્રભાસસુધીનું ભારતવર્ષ જ. આ બધામાં યુધિષ્ઠિરનું રાજ્ય થયેલું, એવો અર્થ જણાય છે.

આ તો પહેલાં થયેલું, છતાં અસંભવિત હોવાને લીધે અને જાણવાની ઈચ્છા ન હોવાથી તેણે જાણેલું નહિ. પ્રભાસ તો અધિકારીએ દેહ તજવાનું સ્થાન હોવાથી, ત્યાં જતાં, ત્યાં તે બહાર (ભમતા) ચિત્તવાળો હોય તેવો થયો. પછી તેણે (તે) સાંભળ્યું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તત્રાથ શુશ્રાવ સુહૃદ્વિનષ્ટિં વનં યથા વેણુજવહ્નિસંશ્રયમ્ ।।**
**સંસ્પર્ધયા દગ્ધમ્ અથાનુશોચન્ સરસ્વતીં પ્રત્યગિયાય તૂષ્ણીમ્ ।।૨૧।।**

પછી ત્યાં તેણે સગાંઓનો વિનાશ થયેલો સાંભળ્યો (અને) જેમ વાંસોથી ઉત્પન્ન થયેલો અગ્નિ જેમાં રહેલ હોય તે વનની પેઠે (સગાંઓ) સ્પર્ધાથી નાશ પામેલ (જાણ્યા) પછી શાંત રહીને શોક કરતાં સરસ્વતીના મૂલ તરફ ગયો. ૨૧.

'અથ' 'પછી' શબ્દ જૂદો ક્રમ (દેખાડવા યોજેલો છે). સગાંઓનો વિનાશ (થયેલો) સાંભળ્યો. તે[1] શોકનું કારણ છે એમ દર્શાવવા વિશેષણ[2] યોજેલું છે. 'સ્પર્ધાથી નાશ પામેલ' શબ્દોથી સગાંઓના વિનાશનો નિર્ધાર કરેલો જ છે (લોકના) કથનમાં ધર્મનું[3] મુખ્યપણું છે, (અને) નિર્ધાર કરવામાં ધર્મીનું મુખ્યપણું છે. તેથી દશાના ભેદને લીધે અસંગતિ (થએલી) છે. ઉદાસીનપણું અને શોક જણાવવા માટે નિર્ણય કર્યો ત્યારેજ વિશેષણ યોજેલું છે. 'વાંસોથી ઉત્પન્ન થએલો અગ્નિ જેમાં રહેલ હોય તે વનની પેઠે'નો એવો અર્થ છે કે વેણુથી ઉત્પન્ન થએલો અગ્નિનો જે સંપૂર્ણ આધાર છે અથવા (તે અગ્નિ) જેનો સારી રીતે આધાર રાખે છે (તે વનની પેઠે નાશ પામેલ). 'સ્પર્ધાથી નાશ પામેલ' એટલે અયોગ્ય નાશ થયો. 'ત્યાં' એટલે પ્રભાસમાં (સાંભળ્યો). સ્પર્ધા કરે તેમનો ભલે નાશ થાય, (પણ) તેમના સંબંધને લીધે બધાંએ સગાંઓનો નાશ થયો, તેથી શોક થયો. નાશના સંબંધમાં દ્દષ્ટાંત (કહે છે) વાંસોમાંથી ઉત્પન્ન થએલો અગ્નિ તેટલા (વાંસો) નેજ બાળતો નથી, પરંતુ બધા વનને બાળે છે, તેની પેઠે (બધાનો નાશ થયો). કૌરવો અને પાંડવોની 'સ્પર્ધાથી', એમ નાશનું કારણ (કહેલું છે). આથી નિરર્થક નાશ (થયો એમ) સૂચવેલ છે. તેથી જ (વિદુરને) શોક થયો.

૧.'તે' એટલે (વિનાશ) સાંભળ્યો તે (પ્ર)

૨. ‘વિશેષણ’ એટલે સગાંઓનો શબ્દ. (પ્ર). આગળ શ્લોકમાં ‘દગ્ધં’ ‘નાશ પામેલ’ આવે છે તે આ વિશેષણ હોવાનું જણાય છે.

૩. ત્યારે શ્લોકના ત્રીજા ચરણમાં બીજું વિશેષણ (‘દગ્ધં’ ‘નાશ પામેલ) કેમ કહ્યું ? એવી શંકા થાય, તેથી કહે છે કે ઘણા સમય પછી ગયો, ત્યાર પછી ત્યાં (પ્રભાસ) ના વતનીઓએ જે કહ્યું, તેમાં સર્વના નાશરૂપ ગુણજ મુખ્ય હતો, પરંતુ કૌરવોના નાશરૂપ ધર્મી (કૌરવો)નું પ્રધાનપણું ન હતું, તેથી (વિનાશ) ધર્મીના પહેલાં કહેલો છે એવી અસંગતિ છે, દશાના ભેદથી વિનાશ ઉદાસીનપણું અને શોક દર્શાવે તે માટે (એમ કહેલું છે) (પ્ર) કૌરવો પ્રતિ વિદુર ઉદાસીન થએલો. તેથી પહેલાં સગાંઓનો વિનાશ સાંભળવા છતાં ઉદાસીન હતો, પરંતુ પાછલથી વનના દૃષ્ટાંત પેઠે નિરર્થક વિનાશ થયો એવો તેણે નિર્ધાર કર્યો ત્યારે તેને શોક થયો.

**સરસ્વતી ધર્મહેતુઃ જલસંસ્કારરૂપિણી ।।**
**ભક્તિહેતુસ્તુ યમુના સત્સંગાત્ તૈજસી સ્મૃતા ।।૨૪।।**
**જ્ઞાનહેતુસ્તુ ગંગા સ્યાદ્ બુદ્ધિસંસ્કારકત્વતઃ ।।**

જલથી થતાં સંસ્કારના રૂપવાળી સરસ્વતી ધર્મ કરાવનારી છે, યમુના તો સત્સંગને લીધે ભક્તિ કરાવનારી (અને) તેજવાળી ગણાએલી છે, (અને) ગંગા તો બુદ્ધિને સંસ્કાર કરનારી હોવાથી જ્ઞાન (ઉત્પન્ન) કરાવનારી છે. કા. ૨૪[૧]/૨.

‘પ્રત્યક્’ એટલે પ્રવાહ (આવતો હોય તે) તરફ મુખ રાખીને, પ્રકટ ન થવાય તે માટે શાંત રહીને શોક કરતો (ગયો). દ્વારકા ગયો નહિ એમ જણાવવા એમ કહેલું છે. ૨૧.

‘‘ભગવાનનું ધામ બનેલ દ્વારકા તજીને તે નકામો બીજે ગયો’’ એવી શંકા થાય, તેથી ત્યાં શ્રીકૃષ્ણનું સ્મરણ કરાવનારાં ઘણાં (તીર્થો) છે, એમ નીચેના બે શ્લોકમાં કહે છેઃ

**તસ્યાં ત્રિતસ્યોશનસો મનોશ્ચ પૃથોરથાગ્નેરસિતસ્ય વાયોઃ ।।**
**તીર્થં સુદાસસ્ય ગવાં ગુહસ્ય યચ્છ્રાદ્ધદેવસ્ય સ આસિષેવે ।।૨૨।।**
**અન્યાનિ ચેહ દ્વિજદેવદેવૈઃ કૃતાનિ નાનાયતનાનિ વિષ્ણોઃ ।।**
**પ્રત્યંગમુખ્યાંકિતમન્દિરાણિ યદ્ દર્શનાત્ કૃષ્ણમ્ અનુસ્મરન્તિ ।।૨૩।।**

તે (સરસ્વતીના કાંઠા) ઉપર ત્રિતનું, શુક્રનું, મનુનું અને પૃથુનું તેમજ અગ્નિનું, અસિતનું, વાયુનું, સુદાસનું, ગાયોનું, કાર્તિકેયનું અને વૈવસ્વતમનુનું જે તીર્થ છે તેનું, અને બીજાં અહિં બ્રાહ્મણોએ અને દેવોએ જૂદાં જૂદાં ધામો કરેલાં છે, જેની અંદર વિષ્ણુના મુખ્ય આયુધના ચિહ્નવાળાં મંદિરો છે કે જેનાં દર્શનથી શ્રીકૃષ્ણનું સ્મરણ થાય છે, તેમનું તેણે સેવન કર્યું. ૨૨।૨૩.

તે સરસ્વતીનાં (કાંઠા) ઉપર અગીઆર પ્રસિદ્ધ તીર્થો છે. (તીર્થોમાં) જલનું પ્રધાનપણું હોવાથી, જલના (પવિત્રપણાંના) ક્રમને અનુસરીને આડોઅવળો ક્રમ

કહેલો છે. તે સરસ્વતીમાંજ (૧) ત્રિતનો કૂવો છે. કૂવાનાંજ જલો સર્વથી ઉત્તમ હોવાથી તે પહેલાં કહે છે. બીજાઓ વિષે પણ એમજ જાણવું. (૨) તે શુક્ર વિગેરેનાં તપ કરવાનાં સ્થાનો છે. (૩) 'મનુનું' એટલે સ્વાયંભૂ (મનુનું). (૪) 'પૃથુનું' એટલે વેનના પુત્રનું. (આ) ચાર તીર્થોનું સેવન થતાં, શોક વિગેરે બધા જતા રહ્યા. (૧) ત્રિત તો કૂવામાં પડેલો, તે સંકટમાંથી બહાર નીકળેલો. તેમ આ (વિદુર) પણ શોકના સંકટમાંથી બહાર નીકળ્યો. (૨) શુક્રે ત્યાં મરેલાને જીવતા કરવાની વિદ્યા પ્રાપ્ત કરેલી. તેમ આ પણ મૂએલો જીવતો થયો. (૩) મનુને તો જ્ઞાનરૂપ ઈચ્છેલી સિદ્ધિ (શક્તિ) પ્રાપ્ત થએલી, આને પણ ત્યાં શોક દૂર થયો અને જ્ઞાનની પ્રાપ્તિ થઈ. (૪) પૃથુ તો પહેલાં ઉત્પન્ન થએલ સર્વ દોષોને દૂર કરનારો હતો. એમ ચાર (તીર્થો કરવા)થી પહેલાંની જતી રહેલી[1] સ્થિતિ તેને પ્રાપ્ત થઈ. ત્યાર પછી 'અથ' 'તેમજ' જૂદા આરંભથી શોકરહિત થઈ તેણે તીર્થો કર્યા એમ (૧) 'અગ્નિનું' (વિગેરે)થી કહે છે. (૨) અસિત ઋષિ હતા, (૩) વાયુ દેવ છે, (૪) સુદાસ રાજા હતો (૫) 'ગાયોનું' એટલે ગાયોનું તીર્થ ગોસત્રનું સ્થાન (૬) 'ગુહઃ' કાર્તિકેયનું અને (૭). 'શ્રાદ્ધદેવઃ' વૈવસ્વત મનુનું તીર્થ, આ સાત તીર્થો અવશ્ય સાત ધાતુઓને શુદ્ધ કરનારાં છે. ૨૨.

સરસ્વતીના મૂળ સુધી અટકયા વિના કરેલાં બીજાં પરચુરણ તીર્થો (શરીરના) સર્વ (અવયવોને) શુદ્ધ કરનારાં થયાં એમ ત્રેવીસમા શ્લોકમાં કહેલું છે. આ (ઉપર જણાવેલાં ૪+૭=૧૧ તીર્થો) તપ કરવાને લીધે લોકમાં તેવાં પ્રસિદ્ધ થએલાં અવશ્ય કરવાનાં જ છે. બીજાં તો 'દ્વિજદેવૈઃ' બ્રાહ્મણોએ અને દેવોએ કરેલાં છે અને તેથીજ 'નાનાયતનાનિ' (નાના) જૂદાં જૂદાં '(આયતનાનિ)' ધામો જે તીર્થોમાં છે તેવાં છે. વળી તે ધામોમાં વિષ્ણુના '(પ્રત્યંગમુખ્યાંકિતમન્દિરાણિ) પ્રત્યંગાનિ' આયુધો, તેઓમાં મુખ્ય સુદર્શન, (એ) ચક્રના ચિહ્નવાળા, એટલે ઉપર ચક્રનાં ચિહ્નવાળાં ભગવાનનાં મંદિરો છે. 'તેટલાથી શું ?' એવો પ્રશ્ન થાય, તેથી 'જેનાં દર્શનથી શ્રીકૃષ્ણનું સ્મરણ થાય છે' એમ કહેલું છે. ઘણાં જન્મોનાં પુણ્યથી ભગવાનનું સ્મરણ થાય છે, તે અહિં (ચક્રનું) ચિહ્ન જોવાથીજ થાય છે, એવું તીર્થોનું શ્રેષ્ઠપણું છે. (આથી) એમ પણ (જણાવેલું છે કે) દેહવાળા (દેહ ધારણ કરેલા) ભગવાન્ ત્યાં રહે છે. આથી એમ સમજાય છે કે (ભગવાનનું) સ્મરણ કરાવનારાં (ચિહ્નો)નું દર્શન થાય તે માટે લાંબા સમય સુધી રહીને જૂદે જૂદે તીર્થે તે જતો. તેથીજ કાલનો વિલંબ થવાથી (તે ઉદ્ધવને મળ્યો શ્લો. ૨૪ તે પહેલાં) યાદવ કુલનો પણ ક્ષય થએલો. ૨૩.

૧. 'જતી રહેલી' એટલે (સગાંઓનો નાશ) સાંભળવાથી જતી રહેલી. (પ્ર)

એવી રીતે (સરસ્વતીના) કાંઠે જવાથીજ બધા દેશોનું અતિક્રમણ થયું

(બધા દેશો ચાલ્યા ગયા) એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તતસ્ત્વતિવ્રજ્ય સુરાષ્ટ્રમૃદ્ધં સૌવીરમત્સ્યાન્ કુરુજાંગલાંશ્ચ ।।**
**કાલેન તાવદ્ યમુનામ્ ઉપેત્ય તત્રોદ્ધવં ભાગવતં દદર્શ ।।૨૪।।**

ત્યાંથી સમૃદ્ધ સૌરાષ્ટ્ર, સૌવીર, મત્સ્ય અને કુરુજાંગલ દેશો વટીને તેટલા સમયમાં યમુના પહોંચીને ત્યાં તેણે ભગવાનનાં સેવક ઉદ્ધવના દર્શન કર્યાં. ૨૪.

'સમૃદ્ધ' શબ્દથી એમ જણાવેલું છે કે ત્યાં ભગવાન્ (વિરાજતા) હતા. 'સૌવીર' દેશ એટલે ગુર્જરદેશ, (ગુજરાત). તેની પછી મત્સ્ય, 'કુરુજાંગલદેશ' એટલે કુરુક્ષેત્રનો પ્રદેશ. બધે ગામમાં એક રાત રહેવાના નિયમથી (ઉદ્ધવને) ભેગા થતાં છત્રીસ વર્ષો થયાં, તે 'તેટલા સમયમાં' શબ્દોથી કહેલું છે. જેટલા સમયમાં મુસલ ઉત્પન્ન થયું અને ભગવાન્ (ભૂતલ ઉપર) રહ્યા, તેટલા (સમય)માં યમુના પહોંચીને ત્યાં તેણે ઉદ્ધવનાં દર્શન કર્યા, એવો (વાક્યનો) સંબંધ છે. (ઉદ્ધવનાં) દર્શન કરવાનું પ્રયોજન 'ભગવાનનાં સેવક' શબ્દથી કહેલું છે. આ દર્શન એવો પ્રત્યય[1] ઉત્પન્ન કરાવનારૂં છે કે જ્યારે ઉદ્ધવ (ત્યાં) આવ્યો ત્યારે (વિદુર) પોતે પણ ત્યાં પહોંચ્યો. ૨૪.

૧. 'પ્રત્યય ઉત્પન્ન કરાવનારૂં' એટલે (ઉદ્ધવ પાસેથી) જે વૃત્તાંત (વિદુરના) સાંભળવામાં આવ્યો (આવશે) તે બરાબર સત્ય છે એવું જ્ઞાન કરાવનારૂં. (પ્ર) 'પ્રત્યય' એટલે વિશ્વાસ. વિદુરને પ્રભાસથી યમુના પહોંચતાં ૩૬ વર્ષ લાગે એ શંકા જેવું હોવાથી, ત્યાં આવતાંજ તેણે ઉદ્ધવનાં દર્શન કર્યા એથી એવો નિશ્ચય થાય છે કે વિદુર ૩૬ વર્ષે ત્યાં પહોંચેલો. કૌરવોના વિનાશ એટલે મહાભારત પછી ૩૬ વર્ષ ભગવાન્ ભૂતલ ઉપર વિરાજેલા. તે બધો વિદુરનો સમય તીર્થો કરતાં યમુના પહોંચવામાં વ્યતીત થયો.

અગ્નિનો સંબંધ થવાથી તેજ પ્રાપ્ત થાય છે, તેમ સત્સંગથી હવે (વિદુરને) પોતાને પણ તેજ પ્રાપ્ત થયું એમ જણાવવા (શુક) તે (ઉદ્ધવ)નું નીચેના શ્લોકમાં વર્ણન કરે છેઃ

**સ વાસુદેવાનુચરં પ્રશાન્તં બૃહસ્પતેઃ પ્રાપ્તનયં પ્રતીતમ્ ।।**
**આલિઙ્ગ્ય ગાઢં પ્રણયેન ભદ્રં સ્વાનામ્ અપૃચ્છદ્ ભગવત્પ્રજાનામ્ ।।૨૫।।**

ઓળખાએલા, બૃહસ્પતિ પાસેથી નીતિશાસ્ત્ર ભણેલા, શાંત, વાસુદેવના સેવકનું પ્રેમથી દઢ આલિંગન કરીને તેણે ભગવાનની પ્રજારૂપ પોતાના સંબંધીઓનું કુશલ પૂછવા માડ્યું. ૨૫.

ભગવાનનો ભક્ત હોવા છતાં પણ (ઉદ્ધવ તેમનો) સેવક હતો એ (તેનામાં) ઉત્તમપણું હતું. (તે) 'વાસુદેવનો સેવક' હોવાથી તેનું દર્શન મોક્ષ (પ્રાપ્ત કરવા)માં ઉપયોગી હતું. આથી તે સંભાષણ કરવા યોગ્ય હોવાનું સૂચવેલું[1] છે. (વિદુર પોતે તેની

પાસે) પ્રકટ થાય તોપણ તે નીતિ જાણનાર હોવાથી બીજાને (આ વિદુર છે એમ) જણાવશે નહિ, એમ જણાવવા 'બૃહસ્પતિ પાસેથી નીતિશાસ્ત્ર ભણેલા', એ વિશેષણ યોજેલું છે. 'પ્રાક્તનયં' 'પહેલાંનો પુત્ર' એવો પાઠ હોય ત્યારે (એવો અર્થ થાય કે), પહેલાં ઉદ્ધવ (બૃહસ્પતિના) પુત્ર તરીકે રહેલ હોવાથી (તે) દેવોની છૂપી વાત જાણતો હતો. 'શાંત' હોવાથી (તે) પોતે કોઈના સંબંધમાં આવતો નહતો. 'ઓળખાએલો' હોવાથી (વિદુરને) તજવાનું સંભવતું નહતું. 'દઢ આલિંગન કરીને' શબ્દોથી બંને ભગવદીય હોવાથી (તેમનામાં) પહેલાંનો સ્નેહ (હોવાનું) સૂચવેલું છે. 'પ્રેમથી' શબ્દ બંને[2] માં સંબંધવાળો છે. પોતાના સંબંધીઓ કુશલ હોવાનું કારણ 'ભગવાનની પ્રજારૂપ' શબ્દથી (સૂચવેલું છે). ('ભગવાનની પ્રજારૂપ' એટલે) ભગવાને સંપૂર્ણ રીતે પાલન કરવા યોગ્ય, અથવા ભગવાને અંશાવતારથી ઉત્પન્ન કરેલા. તે (ઉદ્ધવ)નાં દર્શન થતાં (વિદુર) પોતે પણ ભગવાનનો સંબંધી થયો, એટલે તેમના સેવકોનાં સ્મરણથી (દેહમાંના) પાંચ મહાભૂતો પૈકી વાયુનો[3] સંસ્કાર થયો. ૨૫.

૧. વિદુર અવધૂત થઈ કોઈથી ઓળખાય નહિ તેમ ફરતો, એટલે કોઈની સાથે બોલતો નહિ. તેથી ઉદ્ધવ સાથે સંભાષણ કરવાનું કારણ કહેલું છે.
૨. 'બંનેમાં' અટલે આલિંગન કરવામાં અને પ્રશ્ન કરવામાં. (પ્ર)
૩. 'વાયુ' એટલે સ્મરણ સાથે રહેતો પ્રાણરૂપ વાયુ. (પ્ર)

ભગવદીયોનું કુશલ બે પ્રકારનું (૧) સામાન્ય (સર્વનું એક સરખું) અને (૨) (જૂદું જૂદું) દરેકનું. તે પૈકી ભગવાને પોષણ કરવા યોગ્ય (ભગવદીયો)નું સામાન્ય કુશલ ભગવાનની સ્થિતિથી થાય તેવું હોવાથી, પહેલાં (તેવાં કુશલના) કારણરૂપ બનેલી ભગવાનની સ્થિતિ સંબંધી નીચેના શ્લોકમાં પ્રશ્ન કરે છેઃ

**કચ્ચિત્ પુરાણૌ પુરુષૌ સ્વનાભ્યપાદ્માનુવૃત્ત્યેહ કિલાવતીર્ણૌ ।।**
**આસાત ઉર્વ્યાઃ કુશલં વિધાય કૃતક્ષણૌ કુશલં શૂરગેહે ।।૨૬।।**

ખરેખર! પોતાની નાભિમાંથી ઉત્પન્ન થએલ કમલમાંથી જન્મેલની પ્રાર્થનાથી જે બે પુરાણ પુરુષો અહિં અવતરેલા છે તે પૃથ્વીનું કુશલ કરીને સર્વને (સ્વાનંદના અનુભવનો) અવસર આપનાર શૂરના ઘરમાં કુશલ છેને ? ૨૬.

(શ્રીકૃષ્ણ અને રામ) અવતાર અને આવેશ હોવાના અભિપ્રાયથી દ્વિવચન યોજેલું છે, કારણ કે ભગવાનના દેહોમાં પોતાની અંદરનો ભેદ[1] નથી. જીવોથી (તે બે) જૂદા છે એમ જણાવવા 'પુરાણ પુરુષો' એટલે પુરુષોત્તમો કહેલા છે. 'નાભિમાંથી ઉત્પન્ન થએલ કમલમાં જન્મેલ બ્રહ્મા (સ્વનાભ્યપાદ્મઃ) છે, તેની 'અનુવૃત્તિઃ' પ્રાર્થનાથી (અવતરેલા)' એમ (બંનેનું) સામાન્ય કાર્ય કહેલું છે. પુરાણ

વિગેરેમાં તેવી પ્રસિદ્ધિ હોવાથી 'કિલ' 'ખરેખર !' શબ્દ યોજેલો છે. પૃથ્વીનું કુશલ એટલે (તેનો) ભાર ઉતારીને, બધાનું જેમ કુશલ થાય તેવી રીતે 'દત્તક્ષણૌ' અવસર આપનાર, અથવા નિશ્ચિત રીતે પોતાના આનંદના અનુભવનો અવસર આપનાર, વસુદેવના ઘરમાં (કુશલ) છે ને ? એવો પ્રશ્ન છે. આ (પ્રશ્નથી) સર્વનું સામાન્ય કુશલ પૂછ્યું. ૨૬.

૧. 'પોતાની અંદરનો' એટલે અંતર્યામીનો. (પ્ર)

નીચેનાં શ્લોકથી આરંભી (સર્વનું) જૂદું જૂદું કુશલ પૂછે છેઃ

**કચ્ચિત્ કુરૂણાં પરમઃ સુહૃન્નો ભામઃ સ આસ્તે સુખમંગ શૌરિઃ ।।**
**યો વૈ સ્વસૄણાં પિતૃવદ્દદાતિ વરાન્ વદાન્યો વરતર્પણેન ।।૨૭।।**

હે ઉદ્ધવ ! ઉદાર થઈ જે (પોતાની) બેનોના વરોને તૃપ્ત કરી, પિતાની પેઠે બેનોને ઈચ્છેલા પદાર્થો આપે છે તે કૌરવોના પરમ મિત્ર અમારા બનેવી પ્રસિદ્ધ વસુદેવ સુખી છે ને ? ૨૭.

આરંભમાં વસુદેવનું કુશલ પૂછવાનું કારણ 'કૌરવોના પરમ મિત્ર, અમારા બનેવી' શબ્દોથી કહેલું છે. 'ભામઃ' બનેવી તે બેનનો પતિ. સામસામા વિવાહની શક્યતા હોવાથી દેવકી પણ પોતાની (વિદુરની) બેન થાય, એવા અભિપ્રાયથી (એમ) કહેલું છે. અથવા તે (વસુદેવ)નો બીજો વિવાહ કૌરવોના ઘેર થએલો. કુંતી કરતાં વસુદેવ મોટો હોવાથી દેશના ધારા પ્રમાણે નાની બેનનો પતિ સાળો હોવાથી (વસુદેવ) બનેવી થાય-વળી વસુદેવ સાથે માત્ર સંબંધ છે એમ નથી, પરંતુ તે ઉપકાર કરનાર છે, એમ ઉત્તરાર્ધથી કહે છે. સાસરો શૂર તો આપેજ, (પણ વસુદેવ) પોતે પણ બેનોને 'વરાન્' ઈચ્છેલા પદાર્થો આપે છે. (એવું દાન કરવાની) શાસ્ત્રમાં આજ્ઞા નહિ હોવાથી, ('બેનો' શબ્દને) ચોથી વિભક્તિ યોજેલી નથી. અધિક દાન કરવાનું કારણ 'ઉદાર' વિશેષણથી કહેલું છે. બેનોના પતિઓને પણ તૃપ્ત કરીને (બેનોને આપે છે). ૨૭.

યાદવોમાં સર્વથી ઉત્તમ પ્રદ્યુમ્ન સંબંધી પ્રશ્ન નીચેના શ્લોકમાં કહે છેઃ

**કચ્ચિદ્ વરૂથાધિપતિર્યદૂનાં પ્રદ્યુમ્ન આસ્તે સુખમંગ વીરઃ ।।**
**યં રુક્મિણી ભગવત્તોઽભિલેભે આરાધ્ય વિપ્રાન્ સ્મરમાદિસર્ગે ।।૨૮।।**

હે ઉદ્ધવ ! રુક્મિણીએ વિપ્રોની આરાધના કરીને ભગવાનથી જેને પ્રાપ્ત કર્યો અને જે મૂળ સર્ગમાં કામદેવ હતો, તે યાદવોનો સેનાપતિ વીર પ્રદ્યુમ્ન સુખી છે ને ? ૨૮.

'વરૂથાધિપતિઃ' એટલે સેનાપતિ. (પ્રદ્યુમ્ન) યાદવોમાં વીર, અથવા યાદવોનો સેવાપતિ, (અને) પોતાથીજ તેમજ સેનાથી અને જન્મની પરંપરાથી વીર

છે. તે 'પ્રદ્યુમ્ન' એટલે 'ઘણાં ધનરૂપ' શબ્દથી કહેલું છે. તેથી રાજા કરતાં (તેનાં સંબંધી) પ્રશ્ન પહેલાં કરેલો છે. વળી પહેલાં તે સૃષ્ટિના કારણરૂપ કામદેવ હતો, જેને રુક્મિણીએ ભગવાનની પ્રાર્થના કરીને, વંશ ઉત્પન્ન કરવા વિપ્રોની આરાધના કરીને, ધર્મ પ્રાપ્ત થાય તે માટે તપ કરીને (ભગવાનથી પુત્ર તરીકે) પ્રાપ્ત કર્યો. 'વિપ્રોની આરાધના કરીને' શબ્દથી તેને (પ્રાપ્ત કરવા) માટે ઘણી શક્તિથી પ્રયાસ[1] કર્યો એમ સમજાય છે. 'ભગવાનથી' એવી રીતે પુત્ર પ્રાપ્ત કરવા માટેજ પ્રયાસ કરેલો. ૨૮.

૧. ('શક્ત્યતિશયાધાનં કૃતમ્' 'ઘણી શક્તિ મૂકી'.) પહેલાંની પેઠે શંકર કામનો પરાભવ ન કરે તે માટે (રુકિમણીએ) તેમ કર્યું. (પ્રદ્યુમ્નમાં ઘણી શક્તિ મૂકી, એવો અર્થ છે. (પ્ર) 'વિપ્રોની આરાધના કરીને'નો અર્થ કરતાં આ કહેલ છે. પ્રદ્યુમ્ન પુત્ર પ્રાપ્ત થાય તે માટે એમ કરેલું. પુત્ર થયા પહેલાં તેનામાં શક્તિ મૂક્યાનું સંભવતું નથી, તેથી બીજી રીતે અર્થ કરેલ છે. 'આધાન'નો અર્થ 'પ્રયાસ' પણ થાય છે.

**કચ્ચિત્ સુખં સાત્ત્વતવૃષ્ણિભોજ-દાશાર્હકાણામ્ અધિપઃ સ આસ્તે ।।**
**યમભ્યષિઞ્ચત્ શ તપત્રનેત્રો નૃપાસનાશાં પરિહૃત્ય દૂરાત્ ।।૨૯।।**

રાજ્યાસનની આશાનો અત્યંત ત્યાગ કરીને, જેનો કમલ જેવા નયનવાળાએ અભિષેક કર્યો તે સાત્ત્વતો વૃષ્ણિઓ ભોજો અને દાશાર્હકોનો અધિપતિ સુખી છેને ? ૨૯.

રાજા (ઉગ્રસેન)ને રાજ્ય તો 'કાગડાનું બેસવું અને ડાળનું પડવું' એ રીતે પ્રાપ્ત થયું, એમ ઉત્તરાર્ધથી કહે છે. મરેલા પુત્ર (કંસ)નું દુઃખ ન ગણતાં, (તેણે) રાજ્ય સ્વીકાર્યું, તેનું કારણ 'કમલ જેવા નયનવાળાએ (અભિષેક કર્યો)' શબ્દથી કહેલું છે. કમલ જેવા નયનવાળા (ભગવાન્) દૃષ્ટિથીજ સર્વ દુઃખ દૂર કરનારા છે. 'અત્યંત' એટલે પુત્ર તથા પૌત્ર મારફત (માટે) પણ (તેમણે રાજ્યની આશાનો ત્યાગ કર્યો). ૨૯.

સાંબ વિગેરેમાં અનુપમ સ્વરૂપ અને શક્તિ હોવાથી, નીચેના શ્લોકથી આરંભી તેમનાં માહાત્મ્ય અને સ્વરૂપ જણાવતાં, તેમના સંબંધી પ્રશ્ન કરે છેઃ

**કચ્ચિદ્ હરેઃ સૌમ્ય ! સુતઃ સદક્ષ આસ્તેઽગ્રણી રથિનાં સાધુ સામ્બઃ ।।**
**અસૂત યં જામ્બવતી વ્રતાઢ્યા દેવં ગુહં યોઽમ્બિકયા ધૃતોઽગ્રે ।।૩૦।।**

હે ભલા (માણસ) ! જેને ઘણાં વ્રત કરનારી જાંબવતીએ જન્મ આપ્યો છે અને જે દેવ કાર્તિકેયને પહેલાં અંબિકાએ (ગર્ભમાં) ધારણ કરેલ, તે હરિની સમાન (તેમનો) પુત્ર, રથીઓનો નાયક સાંબ કુશલ છેને ? ૩૦.

સંબોધનો તે તે (પ્રશ્નનો ઉત્તર) કહેવાનાં કારણરૂપ છે. 'હરિનીજ સમાન રથીઓનો નાયક કુશલ છેને?' એવો પ્રશ્ન છે. 'સાંબ'[1] શબ્દથી એમ જણાય છે કે

પાર્વતી સાથે મહાદેવ જ (સાંબ તરીકે) અવતરેલા. તેથીજ તેનો જન્મ પ્રાકૃત હોવાનું શક્ય નથી એમ 'જેને ઘણાં વ્રતવાળી જાંબવતીએ જન્મ આપ્યો છે' એ શબ્દોથી કહેલું છે. જાંબવાન બલમાં ભગવાનની સમાન હતો અને (તેમનો) ભક્ત હતો, તેની કન્યા તેનાથી પણ અધિક વ્રત કરનારી હતી. તે (સાંબ)નું સ્વરૂપથી સામર્થ્ય 'દેવ કાર્તિકેય' શબ્દોથી કહેલું છે. કાર્તિકેયનો ભૂતોના સમૂહમાં સમાવેશ થએલ નહિ હોવાથી (તે) દેવ હતો, એ (તેની) સરસાઈ છે. અગ્નિની પત્નીઓની અંદર રહેલી અંબિકા[2] (પાર્વતી)એ (તેને ગર્ભમાં ધારણ કરેલ). આ પણ તેની સરસાઈ છે. ૩૦.

૧. 'અમ્બા' એટલે પાર્વતી અને 'સામ્બઃ' એટલે પાર્વતી સહિત મહાદેવ.

૨. મહાદેવનું વીર્ય પહેલાં 'શરવણ' વનમાં પડેલું. પછી તે ગંગાએ અને ત્યાર પછી અગ્નિએ કેટલોક સમય ધારણ કરેલું. તેથી 'અગ્નિની પત્નીઓમાં રહેલી અંબિકાએ' ધારણ કર્યાનું કહેલ હોવાનું જણાય છે. (ભારત. વનપર્વ અ.૨૨૩) વિગેરે.

શૂરવીરો સંબંધી કહી (પ્રશ્ન કરી), નીચેના શ્લોકમાં શૂરવીર ભક્ત સંબંધી પ્રશ્ન કરે છેઃ

**ક્ષેમં સ કચ્ચિદ્યુયુધાન આસ્તે યઃ ફાલ્ગુનાદ્ લબ્ધધનૂરહસ્યઃ ।।**
**લેભેઽઞ્જસાધોક્ષજસેવયૈવ ગતિં તદીયાં યતિભિર્દુરાપામ્ ।।૩૧।।**

જેણે અર્જુન પાસેથી ધનુર્વિદ્યાનું રહસ્ય પ્રાપ્ત કર્યું, અને ભગવાનની જ સેવાથી યતિઓથી પ્રાપ્ત થઈ ન શકે તેવી તેમની ગતિ સહેલાઈથી પ્રાપ્ત કરી તે યુયુધાન કુશલ છે ને ? ૩૧.

'યુયુધાન' એટલે 'અર્જુનનો શિષ્ય સાત્યકિ'. 'ગતિ' એટલે ફલરૂપ ઉત્તમ ભક્તિ. તે (પ્રાપ્ત કરવા)નું સાધન ભગવાનની સેવાજ છે, પરંતુ જ્ઞાન પણ નથી, એમ 'યતિઓથી પ્રાપ્ત થઈ ન શકે તેવી' એ વિશેષણથી કહેલું છે. ૩૧.

નીચેના શ્લોકમાં પરમ ભક્ત સંબંધી પ્રશ્ન કરે છેઃ

**કચ્ચિદ્‌બુધઃ સ્વસ્ત્યનમીવ આસ્તે શ્વફલ્કપુત્રો ભગવત્પ્રપન્નઃ ।।**
**યઃ કૃષ્ણપાદાઙ્કિતમાર્ગપાંસુષ્વચેષ્ટત પ્રેમવિભિન્નધૈર્યઃ ।।૩૨।।**

પ્રેમને લીધે ધૈર્ય જતું રહેતાં જે શ્રીકૃષ્ણના ચરણના ચિહ્નવાળી માર્ગની ધૂળમાં આળોટેલ (અને) જે ભગવાનને શરણ આવેલ તે ડાહ્યો શ્વફલ્કનો પુત્ર (અક્રૂર) કુશલ અને નીરોગી છેને ? ૩૨.

(ભગવાનને શરણ આવેલ) તેથી જ (અક્રૂર) ડાહ્યો હતો. 'અનમીવઃ' એટલે નીરોગી. (તે) શ્રીકૃષ્ણની સેવા (કરવા) યોગ્ય છે, એમ જાણવા તેવો (નીરોગી હોવાનો) પ્રશ્ન (કરેલો) છે. 'શ્વફલ્કનો પુત્ર' એટલે અક્રૂર. 'ભગવત્પ્રપન્નઃ' એટલે ભગવાનને શરણે આવેલ, તેની ભક્તિ લોકમાં પ્રસિદ્ધ છે. એમ ઉત્તરાર્ધથી કહેલું છે.

માર્ગની ધૂળ ઘણીજ અપવિત્ર હોય છે. તે પણ શ્રીકૃષ્ણના ચરણના ચિહ્નવાળી હોવાથી તેને ગંગા કરતાં ઉત્તમ માનીને, તેમાં તે આળોટેલ. 'આળોટેલ' શબ્દથી એમ સૂચવેલ છે કે ભક્તિના આવેશને લીધે (તેને) લૌકિક પદાર્થોનું જ્ઞાન નહતું. 'પ્રેમને લીધે ધૈર્ય જતું રહેતાં' શબ્દથી એમ કહેલું છે કે (તેનામાં) ભક્તિનો આવેશ થએલ હોવાથી ભાન કરાવવા છતાં પણ તેને ભાન થએલું નહિ, કારણકે ધૈર્યવાળો (હોય તે) બધું સમજવાની શક્તિવાળો હોય છે. ૩૨.

જેની ભક્તિને લીધે હરિ (તેના) પુત્ર પણ થયા, તે મોટી ભક્ત (દેવકી)નું કુશલ નીચેના શ્લોકમાં પૂછે છેઃ

**કચ્ચિચ્છિવં દેવકભોજપુત્ર્યા વિષ્ણુપ્રજાયા ઈવ દેવમાતુઃ ।।**
**યા વૈ સ્વગર્ભેણ દધાર દેવં ત્રયી યથા યજ્ઞવિતાનમર્થમ્ ।।૩૩।।**

જેમ ત્રણ વેદો યજ્ઞનો વિસ્તાર કરાવનાર અર્થને ધારણ કરે છે તેમ વિષ્ણુ જેની સંતતિ થએલ તેવી દેવોની માતા પેઠે જેણે પોતાના ગર્ભમાં દેવ (ભગવાન્)ને ધારણ કરેલ, તે દેવકભોજની પુત્રી કુશલ છેને ? ૩૩.

'ભોજ' એ વંશનું નામ છે. દેવક જ ભોજ (તે દેવકભોજ). (ભગવાન્) પુત્ર થયાનું સંભવતું નથી, એવી શંકા થાય; તેથી દૃષ્ટાંત (કહેછે, કે) જેમ વામનની માતા અદિતિ, જેના વિષ્ણુજ સંતાન થએલા, તે દેવોની માતા હોવાથી બધા દેવો તેમાં પ્રકટ થએલા. ભગવાન્ (શ્રીકૃષ્ણ) પણ પોતેજ પ્રકટ થએલા. (દેવકીના) ગર્ભમાં રહેલા તેથીજ (તેના) પુત્ર (કહેલા છે), પરંતુ જન્મ આપવાને લીધે પુત્ર કહેલાં નથી તે (અર્થ) જેણે પોતાના ગર્ભમાં દેવને ધારણ કરેલ, શબ્દોથી કહેલો છે. (ભગવાન્) માત્ર ગર્ભમાં રહ્યા (તે) જન્મ આપનારી નહતી, (એમ) કહેવાથી [૧]માહાત્મ્ય કહેવાયું. 'અર્થને' (ધારણ કરે છે), શબ્દથી એમ સૂચવેલું છે કે (અર્થ શબ્દ સાથે) કુદરતી સંબંધવાળો હોવાથી (તેની) અંદર રહેલો હોવાથી, (તેમાં) હતો તેજ પ્રકટ થએલો (થાય છે). ૩૩.

૧. ત્રણ વેદોના દૃષ્ટાંતથી કહેવાયું. (પ્ર)

અનિરુદ્ધ ઉત્તમ જીવ નહિ હોવાથી,[૧] નીચેના શ્લોકમાં તેમનામાં આવેશ કરેલા ભગવાનનું જ માહાત્મ્ય કહેતાં, (તેમની) સ્તુતિ કરે છેઃ

**અપિસ્વિદ્ આસ્તે ભગવાન્ સુખં વો યઃ સાત્ત્વતાં કામદુઘોऽનિરુદ્ધઃ ।।**
**યમામનન્તિ સ્મ હ શબ્દયોનિં મનોમયં સત્ત્વતુરીયતત્ત્વમ્ ।।૩૪।।**

જે તમો વૈષ્ણવોની સર્વ કામના પૂરનારા છે, (અને) જે મનોમય અંતઃકરણનું ચોથું તત્ત્વ, ખરેખર, શબ્દનું કારણ હોવાનું પ્રસિદ્ધ માનવામાં આવે છે, તે ભગવાન્ અનિરુદ્ધ સુખી છે ને ? ૩૪.

ભગવાન્ અનિરુદ્ધ 'સાત્ત્વતાં' વૈષ્ણવોની સર્વ કામના પૂરનાર છે, કારણકે અનિરુદ્ધ જ પાલન કરનારા છે, કેમકે તે મનના અધિષ્ઠાતા દેવ છે. તેથીજ શબ્દનું કારણ માનવામાં આવે છે. 'સ્મ' પ્રસિદ્ધ શબ્દથી મન 'પહેલાંનું રૂપ (અને) વાણી પછીનું રૂપ છે' એ શ્રુતિની પ્રસિદ્ધિ (જણાવેલી છે). તેવા (ભગવાન્ અનિરુદ્ધ)નો અવતાર થાય છે એવું આશ્ચર્ય 'હ' શબ્દથી દર્શાવેલું છે; કારણકે આ (અનિરુદ્ધ) 'મનોમય' હોઈ તે (મન)ના દેવ તરીકે પ્રસિદ્ધ છે. તેથીજ (તે) કોઈથી પણ રોકી શકાય તેવા નહિ હોવાથી 'અનિરુદ્ધ' (કહેવાય) છે. વળી 'સત્ત્વ' એટલે અંતઃકરણનું ચોથું (રૂપ) જે મન, તેનું આ વાસ્તવિક તત્ત્વ છે. આથી એમ કહેલું છે[2] કે તે સર્વરૂપ હોવાનું લોકમાં પણ પ્રસિદ્ધ છે. ૩૪.

૧. અનિરુદ્ધ ઉત્તમ જીવ નથી, પરંતુ ભગવાનનો આવેશ છે. તેનામાં જીવપણું નથી એવો અર્થ જણાય છે.

૨. મન આત્માથી જૂદું નથી એવું લોકમાં પ્રસિદ્ધ હોવાથી, એવો અર્થ છે. (પ્ર)

એ પ્રમાણે કેટલાક સંબંધી જૂદા જૂદા પ્રશ્નો કરીને, નીચેના એક શ્લોકથી બીજા સર્વ સંબંધી પ્રશ્ન કરે છેઃ

**અપિસ્વિદ્ અન્યે ચ નિજાત્મદૈવમ્ અનન્યવૃત્ત્યા સમનુવ્રતા યે ।।**
**હૃદીકસત્યાત્મજચારુદેષ્ણગદાદયઃ સ્વસ્તિ ચરન્તિ સૌમ્ય ।।૩૫।।**

હે ભલા (પુરુષ) ! વળી હૃદીક, સત્યાના પુત્રો, ચારુદેષ્ણ, ગદ વિગેરે બીજાઓ, જેઓ પોતાના ચૈતન્યના દેવની અનન્ય વર્તનથી ભક્તિ કરતા તેઓનું ચરિત્ર સારું છેને ? ૩૫.

'નિજઃ' પોતાનો જે ચૈતન્યરૂપ 'આત્મા', તેના પણ જે દેવ, તેવા (ભગવાન્)ની અનન્ય વર્તનથી એટલે સર્વભાવથી તેમની એકલાનીજ ભક્તિ કરનારા હૃદીક વિગેરેનું ચરિત્ર સારું છેને ? 'સત્યાના પુત્રો' એટલે સત્યભામાના પુત્રો. 'ચારુદેષ્ણ' પ્રદ્યુમ્નનો ભાઈ થાય. 'ગદ' વિગેરે, એટલે ભગવાનના ભાઈ વિગેરે. 'વિગેરે' શબ્દથી બધાનો સમાવેશ કરેલો છે. તેઓનાં ચરિત્ર પણ સારાં છેને ? એવો પ્રશ્ન છે. ૩૫.

નીચેના શ્લોકમાં યુધિષ્ઠિરનું કુશલ પૂછે છેઃ

**અપિ સ્વદોર્ભ્યાં વિજયાચ્યુતાભ્યાં ધર્મેણ ધર્મઃ પરિપાતિ સેતુમ્ ।।**
**દુર્યોધનોઽતપ્યત યત્સભાયાં સામ્રાજ્યલક્ષ્મ્યા વિજયાનુવૃત્ત્યા ।।૩૬।।**

વિજયોની પરંપરા જેમાં રહેલી છે તેવી સામ્રાજ્યની લક્ષ્મીને લીધે દુર્યોધન જેની સભામાં દુઃખી થએલો તે ધર્મ, અર્જુન અને અચ્યુત સાથે પોતાના બે બાહુઓથી ધર્મની મર્યાદાનું સંપૂર્ણ પાલન કરે છે ને ? ૩૬.

(મર્યાદાનું સંપૂર્ણ પાલન કરવાનું) થઈ ન શકે તેવું (પ્રાપ્ત) કરવાનું કારણ 'વિજય અને અચ્યુત (બાહુઓ)થી' શબ્દોથી કહેલું છે, કારણ કે તે બે રોકી ન શકાય તેવા અંશો નર અને નારાયણ છે. વળી રાજા ધર્મ છે, અને બાહુઓથી પોતાનું (ધર્મનું) રક્ષણ થાય છે, તેથી 'પોતાના બે બાહુઓથી' એમ કહેલું છે. 'વિજય' એટલે અર્જુન. 'અચ્યુત' એટલે ભગવાન્. 'સેતુમ્' પરંપરાથી પ્રાપ્ત થએલી મર્યાદાનું 'ધર્મેણ' શાસ્ત્રમાં જણાવેલા પ્રકારથી સંપૂર્ણ પાલન કરે છે ને ? એવો પ્રશ્ન છે. ''ધર્મ હોવાથી ધર્મ પ્રમાણે પાલન કરેજ. તેવો પાછો પ્રશ્ન (તું) શા માટે કરે છે ?'' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધથી સિંહાસન અનર્થનું મૂળ છે એમ કહે છે. 'વિવિધ જય એટલે વિજય', તેની પરંપરા જેમાં રહેલી છે તેવી સામ્રાજ્યની લક્ષ્મીને લીધે, અથવા 'વિજય' એટલે અર્જુન, તેની 'અનુવૃત્ત્યા' સેવાથી અને સામ્રાજ્યની લક્ષ્મીને લીધે, 'જેની સભામાં દુર્યોધન દુઃખી થએલો' એવું જૂદું વાક્ય છે. રાજા (યુધિષ્ઠિર)માં તો બે ગુણો[1] વધારે હતા, તેથી (દુર્યોધનને) સારી રીતે દુઃખ થવાનું સંભવે છે, એવો ભાવ છે. ૨૬.

૧. રાજસૂય યજ્ઞથી પ્રાપ્ત થએલી સામ્રાજ્યની લક્ષ્મી અને અર્જુને કરેલી સેવા, એ બે ગુણો. (પ્ર)

નીચેના શ્લોકમાં ભીમ સંબંધી પ્રશ્ન કરે છેઃ

**કિંવા કૃતાઘેષ્વઘમત્યમર્ષી ભીમોઽહિવદ્દીર્ઘતમં વ્યમુઞ્ચત્ ।।**
**યસ્યાઙ્ઘ્રિપાતં રણભૂર્ન સેહે માર્ગં ગદાયાશ્ચરતો વિચિત્રમ્ ।।૩૭।।**

ગદાનાં વિચિત્ર પ્રકાર કરતાં ફરતા જેના ચરણનો પ્રહાર રણભૂમિ સહન કરતી ન હતી, અને જે અપરાધ કરનારાના અપરાધને સર્પની પેઠે જરાએ ક્ષમા કરતો ન હતો તે ભીમે ઘણા સમય સુધી વિચારેલું (વેર) તજ્યું છેને? ૩૭.

(૧) જેમણે અપરાધ કરેલા તેમને 'અમર્ષી' ક્ષમા ન કરનાર ભીમ (તેમનું) અનિષ્ટ કરવાનું વિચારે છે, અથવા (૨) અનિષ્ટ કરવાના વિચારથી (તેમના અપરાધો) સહન કરતો નથી એવો પ્રશ્ન છે. 'અઘમતિઃ' એટલે અનિષ્ટ કરવાના વિચારવાળો, હણનારો, એવો અર્થ છે. અથવા (૩) 'અઘમત્યા' 'હું હણીશ' એવી બુદ્ધિથી 'અઘમ્' દંડરૂપ અપરાધ 'અત્યમર્ષી' જરાએ ક્ષમા ન કરે તેવા ભીમે (વેર તજ્યું છેને ?) એવો (પ્રશ્ન છે). જરાએ ક્ષમા ન કરવાના સંબંધમાં (સર્પનું) દૃષ્ટાંત કહેલું છે. 'દીર્ઘતમમ્' એટલે ઘણા સમય સુધી વિચારેલું, અથવા પુત્ર વિગેરેની પરંપરાના સંબંધવાળું આથી 'પ્રતિજ્ઞા ભીમે પાળી કે નહિ, અથવા અર્જુને તે (કૌરવો)ને હણ્યા ?' એવો પ્રશ્ન હોવાનું જણાવ્યું. તે (ભીમ)ને અશક્ય તો નહતું એમ ઉત્તરાર્ધથી કહેલું છે. જે ભીમના ચરણનો પ્રહાર રણભૂમિ કઠણ હોવા છતાં 'ન સેહે' સહન કરવા શક્તિવાળી ન હતી. ચરણનો પ્રહાર કૂદીને પડવારૂપ હતો. 'ગદાના

પ્રકાર કરતાં ફરતા' વિશેષણથી તે (પ્રહાર કરવા)નો પ્રસંગ કહેલો છે. ગદાના જાતજાતના શિક્ષાના પ્રકાર કરવા ફરતાં ચરણના પ્રહાર કરવાના પ્રસંગ થતા. ગદાયુદ્ધમાંજ કૂદીને (મારવાના) વિગેરે પ્રકારો હોય છે. ૩૭.

નીચેના શ્લોકમાં અર્જુન સંબંધી પ્રશ્ન કરે છેઃ

**કચ્ચિદ્ યશોધા રથયૂથપાનાં ગાણ્ડીવધન્વોપરતારિરાસ્તે ।।**

**અલક્ષિતો યચ્છરકૂટગૂઢો માયાકિરાતો ગિરિશસ્તુતોષ ।।૩૮।।**

ઓળખ્યા વિનાના માયાથી ભીલ બનેલા શંકર જેના બાણોના સમૂહથી ઢંકાઈ જઈ પ્રસન્ન થએલા, તે રથના સૈન્યોનું રક્ષણ કરનારાઓની કીર્તિ ધારણ કરનાર ગાંડીવ ધનુષ્યવાળા અર્જુને તેના શત્રુઓનો નાશ કરેલો છેને ? ૩૮.

રથના સૈન્યોનું રક્ષણ કરનારાઓની 'યશોધાઃ' કીર્તિને ધારણ કરનાર અર્જુન. 'યશોહા' 'યશનો નાશ કરનાર'. એવો પાઠ હોય ત્યારે, બધાના યશનો નાશ કરે છે; કરનાર એવો (અર્થ થાય). 'ગાંડીવધનુષ્યવાળા' વિશેષણથી તે વિષયની શક્તિ જણાવેલી છે. 'યશોધાઃ' એટલે કીર્તિ ધારણ કરનાર, બધાને હણીને તેમની કીર્તિ પોતેજ ધારણ કરે છે તેથી તેવો (કહેલો છે), અથવા તે (રથના સૈન્યોનું રક્ષણ કરનારા)ઓની મધ્યે (કીર્તિ ધારણ કરનાર) તે છે. આથી પોતાની અને શત્રુઓથી તેની શક્તિ હોવાનું સૂચવેલ છે. 'ગાંડીવધનુષ્યવાળો' છે, એટલે ત્રણે લોકમાં તેને શત્રુઓ હોવાથી તેણે શત્રુઓનો નાશ કરેલો છે કે નહિ, એવો પ્રશ્ન છે. ઉત્તરાર્ધથી (તેની) શક્તિ કહેલી છે. યુદ્ધમાં (અર્જુનનો) સંબંધ થાય, તે માટે (શંકર) માયાથી ભીલ બનેલા, (અને) તેથી જ (અર્જુનથી) ઓળખાયા ન હતા. તેથી જ અર્જુનના બાણોના સમૂહથી ઢંકાઈ ગએલા. આવી[૧] શક્તિવાળાનો જય થવામાં, વિલંબ થવાનું કારણ, શત્રુ પ્રાપ્ત ન થાય તે વિના (બીજું) હોવાનું સંભવતું નથી. તેથી (તેને) બધા શત્રુઓ પ્રાપ્ત થયા કે નહિ એવો સંદેહ (થવાથી પ્રશ્ન કરેલ છે).૩૮.

૧. અર્જુને શંકરને ઓળખ્યા હોત તો તે તેમના ઉપર બાણો ન નાખત અને શંકર તેના બાણોથી ઢંકાઈ ન જાત, એવો ભાવ જણાય છે.

નીચેના શ્લોકમાં જોડકાં (નકુલ અને સહદેવ) સંબંધી પ્રશ્ન કરે છેઃ

**યમાવુતસ્વિત્તનયૌ પૃથાયાઃ પાર્થૈર્વૃતૌ પક્ષ્મભિરક્ષિણીવ ।।**

**રેમાત ઉદ્દાય મૃધે સ્વરિક્થં પરાત્ સુપર્ણાવિવ વજ્રિવક્ત્રાત્ ।।૩૯।।**

જેમ આંખો પાંપણોથી રક્ષાએલી છે તેમ પાર્થોથી રક્ષાએલા પૃથાના બે જોડકાં પુત્રો–જેમ બે ગરુડો ઈન્દ્રના મુખમાંથી (અમૃત) ઝૂંટવી લે તેમ–યુદ્ધમાં શત્રુ પાસેથી પોતાનો ભાગ ઝૂંટવી લઈને લહેર કરે છેને ! ૩૯.

માતા અને ભાઈઓ તરફથી સન્માન અને શત્રુ ઉપર વિજય (મેળવવા)ના

સંબંધમાં સંદેહ ન હોવા છતાં, પોતે લહેર કરે છે કે નહિ એવો સંદેહ રહેવાથી પ્રશ્ન કરે છે. (નકુલ અને સહદેવ) માદ્રીના પુત્રો હોવા છતાં (તેઓ) પૃથાને સોંપાએલા હોવાથી, તેના પુત્રો થયા. શત્રુ પાસેથી ‘ઉદ્દાય’ ઝૂંટવી લઈને, ‘બે ગરુડોની પેઠે, એવું ગરુડનું દષ્ટાંત ભાવનાથી કલ્પેલું છે. ‘ઈન્દ્રના મુખમાંથી’ (શબ્દથી) એમ જણાવેલું છે કે બે ગરુડો પેઠે, અમૃત (ઈન્દ્રથી) પીવાતું હોય છતાં તેઓ ઝૂંટવીને લાવવાની શક્તિવાળા છે. ‘પરાત્’ શત્રુ પાસેથી, શબ્દનો પ્રયોગ શંકા પડતો[1] અથવા વૈદિક છે. તેથી એમ જણાવેલું છે કે શત્રુને જીતીને અથવા જીત્યા વિના તેની પાસેથી (આ બે) ધન લાવે છે. ૩૯.

૧.ઈન્દ્ર ગરુડનો શત્રુ ન હતો, તેથી આ શબ્દનો પ્રયોગ શંકા પડતો અથવા વૈદિક કહેલો જણાય છે.

નીચેના શ્લોકમાં કુંતી સંબંધી પ્રશ્ન કરે છેઃ

**અહો પૃથાઽપિ ધ્રિયતેઽર્ભકાર્થે રાજર્ષિવર્યેણ વિનાઽપિ તેન ।।**
**યસ્ત્વેકવીરોઽધિરથો વિજિગ્યે ધનુર્દ્વિતીયઃ કકુભશ્ચતસ્રઃ ।।૪૦।।**

અહો ! માત્ર ધનુષ્યની સહાયવાળા જે એકલા વીર અધિરથીએ ચારે દિશાઓ જીતેલી તે ઉત્તમ રાજર્ષિ વિના પણ પુત્રોને માટે પૃથા પણ પ્રાણ ધારણ કરે છે ? ૪૦.

પૃથા પણ ધારણ કરે છે. ‘પ્રાણ’ (ધારણ કરે છે એમ) અર્થથી (સમજાય છે). અથવા ‘અર્ભકશ્ચ’ પુત્ર ‘અર્થશ્ચ’ અને ધન=‘અર્ભકાર્થે’. (એટલે) પુત્ર અને ધન ધારણ કરે છે. (આ શબ્દ) નાન્યતર જાતિમાં મૂક્યો એ વૈદિક પ્રયોગ છે. તે ઉત્તમ રાજર્ષિ પાંડુ વિના પણ (ધારણ કરે છે). પતિ સાથેના જ પુત્ર અને ધન રક્ષણ કરવા યોગ્ય છે, તે (પતિ)ના વિના પણ (પૃથા તેમનું) રક્ષણ કરે છે એ આશ્ચર્ય કારક છે. ઉત્તરાર્ધથી તે (પાંડુ)નું સામર્થ્ય કહે છે. તેને શત્રુ ઉપર વિજય મેળવવામાં મદદ કરનારની જરૂર પણ ન હતી. ‘વીર’ હોવાથી તે પોતેજ યુદ્ધ કરતો. તે ‘અધિરથી’ એટલે બધાએ રથીઓથી અધિક હતો. ચારે દિશાઓ ‘વિજિગ્યે’ તેણે જીતેલી. (તેમાં) મદદ કરનાર (તેનું) ધનુષ્યજ હતું. તેમ ન હોય તો, મંત્રથી અથવા સિદ્ધિથી પણ જય પ્રાપ્ત થાય, અને તે આશ્ચર્યકારક નથી. તેથી ‘માત્ર ધનુષ્યની સહાયવાળા’ એમ કહેલું છે. ૪૦.

આટલા સમય સુધી પહેલાં (વિદુરને) જેમના જેમનામાં પ્રેમ હતો, તે બધોએ કહ્યો. હવે પ્રતિકૂલતાની (પ્રતિકૂલ હતા તેમની) વાત કરે છે. તેમાં પ્રથમ નીચેના શ્લોકથી ધૃતરાષ્ટ્ર સંબંધી શોક કરે છેઃ

**સૌમ્યાનુશોચે તમધઃપતન્તં ભ્રાત્રે પરેતાય ચ દુદ્રુહે યઃ ।।**
**નિર્યાપિતો યેન સુહૃત્ સ્વપુર્યા અહં સ્વપુત્રાન્ સમનુવ્રતેન ।।૪૧।।**

હે ભલા (પુરુષ) ! જેણે મરેલા ભાઈનો દ્રોહ કર્યો અને જે પોતાના પુત્રોને અનુસરનારાએ મને મિત્રને પોતાના નગરમાંથી કાઢી મૂક્યો તે અધઃપતન કરતા (ધુતરાષ્ટ્ર)નો મને શોક થાય છે. ૪૧.

'હે ભલા (પુરુષ) !' એ સંબોધન (ઉદ્ધવ) મિત્ર હોવાનું જણાવવા (કરેલું છે), કારણ કે બીજાના સ્થાનમાં (બીજાની પાસે) ન કહેવા જેવું હોય તે કહેવું ન જોઈએ. તે (ધૃતરાષ્ટ્ર) જ પોતે અધઃપતન કરતો (પોતાનો) શોક કરે છે, અને તેની પાછલ હું પણ (તેનો) શોક કરૂં છું. 'અધઃપતન કરતાનો' શબ્દથી શોક કરવાનું કારણ કહેલું છે. (અધઃ) પતન થવાનું કારણ 'મરેલા ભાઈનો દ્રોહ કર્યો'. શબ્દોથી કહેલું છે. (પાંડુ) જીવતો હતો તે સ્થિતિમાં પણ (તેને) દુઃખ દીધેલું, અને (તે) મૂઆ પછી પણ તેના પુત્રોનો દ્રોહ કરી તેના ઉપર અપકાર કર્યો. ઉત્તરાર્ધથી જીવતા ભાઈ મારા ઉપર પણ અપકાર કર્યો એમ કહેલું છે. મેં તો (તેના ઉપર) અપકાર કર્યો નથી એમ 'મિત્રને' શબ્દથી કહેલું છે. પોતાના નગરમાંથી જ મને કાઢી મૂક્યો. પુત્ર મારફત કર્યું તે પણ તેણેજ કરેલું છે, કારણ કે તે પોતે પુત્રોને અનુસરેલો છે. એવી રીતે જીવતા અને મરેલા ભાઈઓના દ્રોહને લીધે તેનો અધઃપાત થયો છે. 'મને શોક થાય છે' એટલે અત્યારે પણ શોક થાય છે, તે (શોક)નું કારણ છે કે નહિ એવો પ્રશ્ન છે, કારણ કે (હાલ ધૃતરાષ્ટ્ર) જેના ઉપર અપકાર કરેલ તેના ઘરમાં રહીને જીવે છે. ૪૧.

''જેમ પુત્રે કરેલા અપરાધને લીધે શક્તિમાનની અવગણના કરવાથી ધૃતરાષ્ટ્ર અપરાધી થયો, તેવી રીતે તું પણ અવગણનાના દોષથી દુષ્ટ થએલો છે'' એવી શંકા થાય, તેથી વાસુદેવે મોહ પમાડેલા ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણ વિગેરેને (હું) સામા પક્ષનો છું એવી શંકા થવાથી, મેં મારું જ હિત કરેલું છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સોઽહં હરેર્મર્ત્યવિડમ્બનેન દશો નૃણાં ચાલયિતુર્વિધાતુઃ ।।**
**નાન્યોપલક્ષ્યઃ પદવીં પ્રસાદાત્ ચરામિ પશ્યન્ ગતવિસ્મયોઽત્ર ।।૪૨।।**

તે (તેવો) હું મનુષ્યદેહનાં અનુકરણથી માણસોની દષ્ટિને ભમાવનાર, વિધાતા હરિની કૃપાથી આ વિષયમાં વિસ્મયવિનાનો થઈ, બીજાથી ઓળખાઉં નહિ તેવો તેમના માર્ગને જોતો ફરૂં છું. ૪૨.

ધૃતરાષ્ટ્ર વિગેરેએ એવી રીતે જેનો અપરાધ કરેલ તે (તેવો હું વિધાતાની કૃપાથી વિસ્મય વિનાનો થઈને જ ફરૂં છું. આ વિષયમાં પણ સંદેહ છે કે (હું કરૂં છું તે) યોગ્ય છે કે અયોગ્ય ? ભગવાન્ (હરિ) સર્વનાં દુઃખ હરનારાં છે, કારણ કે તે બધાને સુખ થાય તેમ આબાદી મોક્ષ વિગેરે પ્રાપ્ત કરાવે છે. તેમાં જેઓ પ્રવૃત્તિથી સુખ (પ્રાપ્ત કરવા) ના અધિકારી હોઈ નિવૃત્તિથી સુખ (પ્રાપ્ત કરવા) ઈચ્છે છે, તેમને

ભગવાન્ ઘણો મોહ ઉત્પન્ન કરે છે. મનુષ્યોના સંબંધવાળો જે 'મર્ત્યમ્' દેહ, તેનું 'વિડમ્બનેન' અનુકરણ કરીને (મોહ ઉત્પન્ન કરે છે). અથવા 'મનુષ્યોના વિધાતા' (મોહ ઉત્પન્ન કરે છે) કપટથી મનુષ્યદેહ ધારણ કરવાની ક્રિયાથી માણસોની દૃષ્ટિને ભમાવે છે. જો તે ઘણો મોહ ઉત્પન્ન ન કરે તો તે (મનુષ્યો)ની સૃષ્ટિ કેમ કરે ? વારંવાર સૃષ્ટિ કરવા માટે તેમને ઘણો મોહ કરે છે, એવો અર્થ છે. જેમ ભગવાન્ કોઈથી પણ ઓળખાયા નહિ, તેમ હું પણ બીજાથી ઓળખાઉં નહિ તેવો છું તેથીજ જણાય છે કે મારા ઉપર તેમની કૃપા છે. (મને) વિસ્મય થતો નથી, એ અંદરથી તેમની કૃપા હોવાનું સૂચવે છે. લોકમાં (મને) કોઈ ઓળખતું નથી, એ બહારથી તેમની કૃપા હોવાનું સૂચવે છે. તેથી જ બીજાઓને બાંધ્યા, હણ્યા, (અને) હું કરૂં છું એમ (કહેલું છે). ભીષ્મ વિગેરે માણસોની (દૃષ્ટિને) અંતઃકરણની વૃત્તિઓને (ભગવાન્) ભમાવે છે. (મારા ઉપર ભગવાનની) કૃપા હોવાને લીધે, મેં અપરાધ વિગેરે કરેલ તે પણ તેમની ઈચ્છાથી કરેલ એમ જાણતાં અભિમાન વિનાનો થઈ તીર્થોમાં ફરવું વિગેરે તેમને પ્રાપ્ત કરવાના ઉપાય હું કરૂં છું, એવો અર્થ છે. ૪૨.

''સર્વ (કરવાની) શક્તિવાળા પરમેશ્વરે (કૌરવોના અપરાધની) કેમ ઉપેક્ષા (બેદરકારી) કરી ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**નૂનં નૃપાણાં ત્રિમદોત્પથાનાં મહીં મુહુશ્ચાલયતાં ચમૂભિઃ ।।**
**વધાત્ પ્રપન્નાર્તિજિહીર્ષયેશોઽપ્યુપૈક્ષતાઽઘં ભગવાન્ કુરૂણામ્ ।।૪૩।।**

ખરેખર ! ત્રણ મદને લીધે અવળે રસ્તે જનારા (અને) ભૂમિને વારંવાર સૈન્યોથી કંપાવતા રાજાઓનો વધ કરીને, શરણ આવેલાનું દુઃખ હરવાની ઈચ્છાથી ભગવાને શક્તિમાન હોવા છતાં કૌરવોના અપરાધની ઉપેક્ષા કરી. ૪૩.

જો કે ભગવાને દુષ્ટોનો નાશ કરવાજ અવતાર લીધેલો, છતાં પણ દુર્યોધન વિગેરેને તેમણે જે ન હણ્યા, તે 'પ્રપન્નાર્તિજિહીર્ષયા' શરણ આવેલ ભીમ વિગેરેની પ્રતિજ્ઞા પૂર્ણ થાય તે માટેજ, એવો અર્થ છે. વિદ્યાનો, ધનનો અને ઉંચા કુલનો એવી ખ્યાતિવાળા ત્રણ મદો છે, એમ 'વિદ્યાનો મદ, ધનનો મદ અને ઉંચા કુલનોજ મદ' એ વાક્યમાં (કહેલું છે). તે ત્રણ મદને લીધે અવળે રસ્તે જનારા રાજાઓનો 'વધાત્' વધ કરીને પણ ભગવાને કૌરવોના વધની ઉપેક્ષા કરી. 'લ્યબ્લોપે પઞ્ચમી[૧]' એ નિયમ પ્રમાણે ('વધાત્' એટલે વધ કરીને). ભગવાન્ કૌરવોનો વધ કર્યા વિનાજ રહ્યા, તેથી (એ) તેમના અપરાધની ઉપેક્ષા કરી; કારણ કે તે શક્તિમાન છે, ભક્ત દ્વારા પણ (તેમને) હણવાની શક્તિવાળા છે. ૪૩.

૧. જ્યારે વાક્યમાં જેનાં રૂપ થતાં ન હોય તેવા કૃદંતનો અર્થ કહેલ ન હોય ત્યારે તે કૃદંતનાં કર્મને પાંચમી વિભક્તિમાં મૂકવામાં આવે છે એવો આ નિયમનો અર્થ છે. 'વધં કૃત્વા' 'વધ કરીને'

શબ્દો પૈકી ‘કૃત્વા’ કૃદંત કહેલું નથી, તેથી તેનું કર્મ ‘વધ’ પાંચમી વિભક્તિમાં મૂક્યું છે, એવો અર્થ છે.

એવી રીતે ભગવાનની કૃપાથી તેમનું બધુંએ ચરિત્ર હું જાણું છું એમ પોતાનું જ્ઞાન જણાવીને, નીચેના શ્લોકથી હું ભગવાનનું સ્વરૂપ પણ જાણું છું એમ કહે છેઃ

**અજસ્ય જન્મોત્પથનાશનાય કર્માણ્યકર્તુર્ગ્રહણાય પુંસામ્ ।।**
**નન્વન્યથા કોઽર્હતિ દેહયોગં પરો ગુણાનામપિ કર્મતન્ત્રમ્ ।।૪૪।।**

જન્મરહિત (ભગવાન્)નો જન્મ અવળે માર્ગે જનારાઓનો નાશ કરવા અને કર્મરહિત (ભગવાન્)નાં કર્મો પુરુષોને બોધ આપવા હોય છે. ખરેખર ! તેમ ન હોય તો ગુણોથી પણ પર હોય તે કોણ કર્મને આધીન દેહનો સંબંધ કરે ? ૪૪.

જન્મરહિત અને કર્મરહિતનાં જન્મો અને કર્મો અવળે માર્ગે જનારા દુષ્ટોનો નાશ કરવા અને સારા પુરુષોને બોધ આપવા હોય છે, કારણ કે સૂર્ય ઉગ્યા વિના અંધકારનો નાશ થતો નથી અને ભગવાને (ધર્મનું) આચરણ કર્યા વિના કોઈ પણ ધર્મનું આચરણ કરતો નથી. તેથી દુષ્ટોનો નાશ કરવા અને સત્પુરુષોનું સંપૂર્ણ રક્ષણ કરવા ભગવાનનાં જન્મો અને કર્મો (તેમના સ્વરૂપથી) વિરુદ્ધ હોવા છતાં પણ થાય છે. તેમ ન હોય તો કર્મને પરતંત્ર નથી તેવા ભગવાન્ શા માટે (પોતાનો) જન્મ કરે? (ભગવાનની) પોતાની ઈચ્છાથી ઉત્પન્ન થએલા દેહમાં અગ્નિની પેઠે ભગવાનનો આવેશ થાય છે, એવો સાધારણ મત વિદુર જાણે છે. ‘ગુણોથી પણ પર’ શબ્દોથી એમ સૂચવેલું છે કે (તેવા ભગવાન્) ગુણોથી ઉત્પન્ન થએલ કર્મને અધીન કેમ થાય? તે (વિદુર) બધાએ દેહો કર્મને અધીન હોવાનું માને છે. તેનો ભાવ એવો છે કે બધાંએ કાષ્ઠ અનિત્ય (નાશને પાત્ર) છે. તેથી તેમાં પ્રવેશેલો અગ્નિ પણ તેનાથી પણ વિશેષ અનિત્ય આવિર્ભાવવાળો (વધારે નાશને પાત્ર) છે; અથવા જેમ પત્નીનો દેહ પતિને વશ હોવા છતાં, પત્નીના જીવને જ અધીન છે, તેમ ઈશ્વરે સ્વીકારેલો દેહ પણ કર્મને અધીનજ છે, એવો કેટલાકનો મત છે. તેવોજ આ (વિદુર)નો પણ મત છે. આગળ (૩।૨।૧૧)માં ઉદ્ધવ તે ખોટો હોવાનું સિદ્ધ કરશે. ૪૪.

એવી રીતે પોતાનું સર્વ જ્ઞાન જણાવીને, તેનાથી અધિકારવાળા દેહના કારણ થએલ વાયુનો સંસ્કાર (થએલ હોવાનું) જણાવીને; સંસ્કારવાળા આકાશની પ્રાપ્તિ થાય[૧]. તે માટે, નીચેના શ્લોકથી ભગવાનના ચરિત્ર સંબંધી પ્રશ્ન કરે છેઃ

**તસ્ય પ્રપન્નાખિલલોકપાનામવસ્થિતાનામનુશાસને સ્વે ।।**
**અર્થાય જાતસ્ય યદુષ્વજસ્ય વાર્તાં સખે કીર્તય તીર્થકીર્તેઃ ।।૪૫।।**

હે મિત્ર ! પોતાની આજ્ઞામાં રહેલ શરણે આવેલાઓના અને સર્વ લોકોનું પાલન કરનારાઓના કાર્ય માટે યાદવોમાં જન્મ લેનાર, જન્મરહિત, તીર્થરૂપ

કીર્તિવાળા તે (ભગવાન્)ની વાર્તા કહે. ૪૫.

'પ્રપન્નાશ્ચ' શરણે આવેલાઓ અને 'અખિલલોકપાશ્ચ' અને સર્વ લોકનું પાલન કરનારાઓ તેઓ 'પ્રપન્નાખિલલોકપાઃ' છે, કારણ કે ઈન્દ્ર વિગેરે બધા ભગવાનને શરણ આવેલા છે તેમની આજ્ઞામાં રહેલા છે. તેથી વસ્તુતઃ જન્મવિનાના, (પણ) તેઓનાં કાર્ય માટે યાદવોના કુલમાં પ્રકટ થએલા (ભગવાન્)ની વાર્તા કહે, એવો ત્રીજો[2] પ્રશ્ન છે. ''તીર્થયાત્રા કરવાનો સંકલ્પ કરેલો (વિદુર, યાત્રા સિવાય) બીજું કેમ શ્રવણ કરશે ?'' એવી શંકા થાય, તેથી 'તીર્થરૂપ કીર્તિવાળા' વિશેષણ કહેલું છે. તીર્થરૂપ છે કીર્તિ જેમની તેવા (ભગવાન્ છે). 'હે મિત્ર !' એ સંબોધન એમ જણાવવા કરેલું છે કે યોગ્ય અથવા અયોગ્ય (જે) પૂછેલું હોય તે કહેવું જોઈએ. એવી રીતે (૧) ભગવાનના ચરિત્રનું અને (૨) ભગવદીયોનાં ચરિત્રોનું શ્રવણ કરવાની ઈચ્છાવાળો (૩) સત્સંગ પ્રાપ્ત કરેલો (૪) તીર્થો અને પવિત્ર સ્થલોથી પુણ્યના ઢગનો સંચય કરેલો (૫) યોગ્ય દેહ પ્રાપ્ત કરીને અધિકારી થાય છે-એમ ભગવાન્ (ની પ્રાપ્તિ)નો અધિકાર ઉત્પન્ન થવામાં (સંસ્કારવાળા મહા) ભૂતોની ઉત્પત્તિ કહી. ૪૫.

૧. ભગવાનનાં ચરિત્રના સ્મરણથી (શ્રવણથી ?) હૃદયરૂપ આકાશ સંસ્કારવાળું થાય તે માટે (પ્ર).

૨. (૧) સર્વનું સામાન્ય કુશલ, (૨) જુદાંજુદાં કુશલ અને (૩) ભગવાનની કથા એવા ત્રણ પ્રશ્ન પૂછ્યા.

**ઈતિ શ્રીમલ્લક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના પહેલા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અધ્યાય બીજો ।।

**અધિકારાર્થસર્ગે હિ ભૂતસર્ગો નિરૂપિતઃ ।।**
**માત્રાણામેવ સર્ગોઽત્ર દ્વિતીયે વિનિરૂપ્યતે ।।૧।।**

અધિકાર[૧] (ઉત્પન્ન થવા) માટેની સૃષ્ટિમાં મહાભૂતોની સૃષ્ટિ કહી. અહિં બીજા (અધ્યાય)માં તન્માત્રાઓની સૃષ્ટિ જ કહેવામાં આવે છે. કા.૧.

**મુખ્યાધિકારિણો ભક્તૌ ક્રિયાજ્ઞાનવિભેદતઃ ।।**
**અલૌકિકચરિત્રેણ માહાત્મ્યં વિષયો મતઃ ।।૨।।**

મુખ્ય[૨] અધિકારીને ભક્તિ પ્રાપ્ત થવામાં ક્રિયા અને જ્ઞાનના ભેદથી (ભગવાને કરેલા) અલૌકિક ચરિત્રથી (તેમનું) માહાત્મ્ય (નું જ્ઞાન) કાર્ય મનાએલું છે. કા.૨.

**ક્રિયા તુ ભગવત્યેવ નાન્યત્રેતિ નિરૂપ્યતે ।।**
**ષડ્ભિસ્તુ મનસા તાનિ ષટ્કર્માણીન્દ્રિયૈર્યતઃ ।।૩।।**

ક્રિયા[૩] તો ભગવાનમાંજ છે, બીજામાં નથી એમ કહેવામાં આવે છે. તેનું (તન્માત્રાના સંસ્કારનું) છ[૪] (શ્લોક)થી નિરૂપણ કરેલું છે, કારણકે કર્મો ઈન્દ્રિયોથી થાય છે (અને) મન સાથે તે (ઈન્દ્રિયો) છ છે. કા.૩.

**ષડ્ગુણૈશ્વર્યસમ્પન્નો ભગવાનેક એવ સઃ ।।**
**સપ્તાધિકેન વિંશત્યા તાવન્તો ભગવદ્ગુણાઃ ।।૪।।**
**તત્ત્વતો વિષયાઃ પ્રોક્તાસ્તે દેવાઃ સર્વ એવ હિ ।।**

છ ગુણોના વૈભવવાળા પ્રસિદ્ધ ભગવાન્ એકજ છે. તેથી સાતથી અધિક (શ્લોક) થી (તેમનું નિરૂપણ કરેલું છે, અને) વીસ (શ્લોકો) થી તેટલા ભગવાનના ગુણોનું (નિરૂપણ કરેલું છે). તત્ત્વથી તે (જ્ઞાનના) વિષયો કહેલા છે, કારણ કે તે બધા દેવોજ છે.[૫] કા.૪ $^{૧}/_{૨}$

**કથાયાં ત્રિભિરધ્યાયૈરધુનોત્તરમુચ્યતે ।।૫।।**
**સામાન્યકુશલે ત્વત્ર ત્રેધાઽપ્યુત્તરમુચ્યતે ।।**
**લોકદ્વયે ચ ભક્તૌ ચ દુર્ભાગ્યા યાદવા ઈતિ ।।૬।।**

કથામાં હવે ત્રણ અધ્યાયોથી ઉત્તર કહેવામાં આવે છે.[૬] તેમાં અહિં સામાન્યકુશલના પ્રશ્નનો તો બે લોકના સંબંધમાં અને ભક્તિના સંબંધમાં એમ ત્રણે પ્રકારે યાદવો દુર્ભાગી છે એવો ઉત્તર[૭] આપવામાં આવે છે. કા.૬.

તે પૈકી આરંભમાં છ (શ્લોકો)થી એમ કહે છે કે વિદુરે પ્રશ્ન કરેલા ઉદ્ધવે

ઉત્તર આપ્યો નહિ.

**ભક્ત્યુદ્રેકોદ્ધવે ષડ્ભિસ્તાદશોક્તં ફલાય હિ ।।**
**અશક્તિર્ભક્તિલિઙ્ગં હિ હેતૂક્ત્યા તસ્ય સાધનમ્ ।।૭।।**

છ (શ્લોકો)થી ઉદ્ધવમાં ભક્તિ ઘણી વધ્યાનું (કહેલું છે), કારણ કે તેવું કથન ફલ આપનારું છે. (૧) (ઉદ્ધવની ઉત્તર આપવાની) અશક્તિ, (૨) (અશક્તિનું) ભક્તિનાં ચિહ્ન હોવાપણું (૩) (અશક્તિનું) કારણ કહીને તે (અશક્તિ) સિદ્ધ કરે છે. કા.૭.

**સર્વવ્યાપારરાહિત્યં ભક્તિલિઙ્ગસ્ય દર્શનમ્ ।।**
**તથાપિ કૃષ્ણમાહાત્મ્યકથનાય સમુદ્યમઃ ।।૮।।**

(૪) (ઉદ્ધવનું) સર્વ ક્રિયારહિત થવું (૫) (તેનામાં) ભક્તિના ચિહ્નનું દર્શન (૬) છતાં પણ તેણે શ્રીકૃષ્ણનું માહાત્મ્ય કહેવાનો ઉદ્યમ કર્યો. (એવો અર્થ પહેલા છ શ્લોકમાં કહેલો છે.). કા.૮.

૧. સંગતિ જણાવવા પહેલા બે અધ્યાયોનો અર્થ આ કારિકામાં કહેલો છે. અવસરસંગતિ છે, એવો અર્થ છે. (પ્ર)

૨. ''બીજા અધ્યાયમાં ઉદ્ધવનું ચરિત્ર અને ભગવાનની વાર્તા કહેલાં છે. તન્માત્રાની સૃષ્ટિ કહેવાની છે. ઉદ્ધવનું ચરિત લૌકિક જેવું જણાતું હોવાથી તે તન્માત્રાની સૃષ્ટિરૂપ કેમ ગણાય ?'' એવી શંકા થાય, તેથી આ કારિકા કહેલી છે. એવું ઉદ્ધવનું ચરિત કરાવનાર તે સમયની તેની સ્થિતિને લીધે ભગવાનના માહાત્મ્યનો તેને અનુભવ થાય છે તેથીજ તેનાથી તન્માત્રાની સૃષ્ટિ થાય છે, એવો અર્થ છે. (પ્ર)

૩. ''તન્માત્રાની સૃષ્ટિમાં ઉદ્ધવનું માહાત્મ્ય જણાવવાથી હરિના માહાત્મ્યનું સૂચન કરવાનું પહેલાં કહ્યું તેનો વિરોધ થાય'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. અહિં (ઉદ્ધવમાં) ભગવાનનીજ ક્રિયા જણાવેલી છે, તેથી તેનું માહાત્મ્ય જણાવવાથી ભગવાનનાં માહાત્મ્યનું સૂચન થવામાં અડચણ થતી નથી. (પ્ર)

૪. 'તન્માત્રાઓ પાંચ હોવા છતાં છ શ્લોકોથી કેમ આ નિરૂપણ કર્યું ?' એવી શંકા થાય, તેથી કહે છે કે તન્માત્રાઓનો સંસ્કાર કરનારી ઈન્દ્રિયો છ હોવાથી છ શ્લોકોથી તેમ કર્યું તેમાં દોષ નથી. (પ્ર)

૫. ''છ શ્લોકથીજ તન્માત્રાઓની સૃષ્ટિ થતી હોય તો બાકીના ૨૮ શ્લોકનું શું પ્રયોજન ?'' એવી શંકા થાય, તેથી આ કારિકા કહેલી છે. પહેલા (૭+૧) આઠ શ્લોકોથી ભગવાનનું અને પછીના ૨૦ શ્લોકોથી તેમના ગુણોનું નિરૂપણ કરેલું છે, એટલે તત્ત્વથી સંસ્કાર કરનારા જેમનું જ્ઞાન થવાનું છે તે કહેલા છે, કારણ કે અહિં જેમની વાત કહેવામાં આવે છે તે બધા યાદવો સંસ્કારવાળા દેવો છે. સંસ્કાર કરનાર અને જેનો સંસ્કાર થાય છે તેમને જણાવવા આ કહેલ છે, એવો અર્થ છે. (પ્ર)

૬. ઉપર શુક અને વ્યાસનો આશય કહ્યો. હવે આ કથાની વિદુર અને ઉદ્ધવના સંવાદમાં સંગતિ જણાવે છે. પ્રશ્ન તથા ઉત્તરરૂપ આ સંવાદમાં ચાર અધ્યાયો છે એ સામાન્ય સંગતિ છે. (પ્ર)

૭. આ સામાન્ય કુલના પ્રશ્નનો ઉત્તર ત્રણ પ્રકારે અઢાર શ્લોકોથી આપેલો છે, બાકીના દશ

ચરિત્રના (ત્રીજા) પ્રશ્નના ઉત્તરરૂપ છે. (પ્ર)
૮. '(અશક્તિનું) કારણ કહીને' એટલે તે (ઉદ્ધવ)નો સ્વભાવ કહીને (પ્ર)

તે પૈકી પહેલાં નીચેના શ્લોકમાં તેની અશક્તિ કહે છે :

**ઈતિ ભાગવતઃ પૃષ્ટઃ ક્ષત્ત્રા વાર્તાં પ્રિયાશ્રયામ્ ।।**
**પ્રતિવક્તું ન ચોત્સેહે ઔત્કણ્ઠ્યાત્સ્મારિતેશ્વરઃ ।।૧।।**

એવી રીતે ક્ષત્તાએ પ્રિયના આશ્રયવાળી વાર્તા પૂછેલા ભક્તને ભગવાનનું સ્મરણ થતાં તેમને માટેની તીવ્ર ઈચ્છાને લીધે ઉત્તર આપવાનો ઉત્સાહ નજ થયો. ૧.

'એવી રીતે' શબ્દથી પહેલાના અધ્યાયના અર્થનો (તે) અમુક પ્રકારનો હોવાથી કહી શકાય તેમ નથી એમ જણાવવા સમાવેશ કરેલો છે. તેનું[૧] કારણ 'ભક્તને' શબ્દથી (જણાવેલું છે) આવી કથા બીજો કહી શકે, પણ ભક્ત ન કહી શકે. છતાં પણ (ભક્તને) જો પૂછવામાંજ આવે તો ભગવાનની પેઠે તેની શક્તિ પણ અદશ્ય થાય છે. તેમાં પણ (આ ઉદ્ધવને વૃત્તાંત) નહિ જાણનાર કુશલ (પુરુષે) પ્રશ્ન કરેલો. તે (અર્થ) 'ક્ષત્તાએ પૂછેલા' શબ્દથી કહેલો છે. તે વાર્તા પ્રિયના આશ્રયવાળી છે, પરંતુ ઉત્તર આપવામાં આધારવિનાની છે. આધારવિનાની (વાર્તા) કોઈથી પણ કહી શકાતી નથી, તે અર્થ 'પ્રિયના આશ્રયવાળી (વાર્તા)નો ઉત્તર આપવાનો ઉત્સાહ ન થયો' શબ્દોથી કહેલ છે. 'ચ' 'જ' શબ્દથી (એમ જણાવેલું છે કે) '(મને) ન પૂછવું' એમ ના પણ પાડી ન શક્યો. ઈન્દ્રિયોની શક્તિ હતી છતાં, જ્ઞાનનો અંશ સાહાય્ય કરનાર હતો (વાર્તા જાણતો હતો) છતાં, ક્રિયાના અંશરૂપ મનનો તેમાં ઉત્સાહ ન થયો, એમ 'ઉત્સાહ ન થયો' શબ્દથી કહેલું છે. તેથી ઉલટું [૨]કથાના આધાર (ભગવાન)ને શોધવા પ્રવૃત્ત થએલા ચિત્તે ભગવાનનું સ્મરણ કરાવવાની તીવ્ર ઈચ્છા ઉત્પન્ન કરી. આથી એમ કહેવાયું કે ભક્તિ વાણીને અટકાવનારી થઈ, અને ભગવાન (ની ભક્તિ) હોવાથી પ્રાણ નીકળી ન ગયા. ૧.

૧. 'તેનું' એટલે 'તે કહી શકાય તેમ નથી તેનું' (પ્ર)
૨. અહિંથી 'ન પૂછવું' એમ ના પાડવાની અશક્તિ હોવાનું કારણ કહે છે. (પ્ર)

(એ પ્રમાણે ઉત્તર આપવાની ઉદ્ધવની) અશક્તિ કહીને, નીચેના બે શ્લોકોથી તે ભક્તિનું ચિહ્ન છે એમ કહેતાં (ભક્તિનું) કારણ કહીને તે (ઉદ્ધવ)ની ભક્તિ સિદ્ધ કરે છેઃ

**યઃ પઞ્ચહાયનો માત્રા પ્રાતરાશાય યાચિતઃ ।।**
**તન્નૈચ્છદ્રચયન્ યસ્ય સપર્યાં બાલલીલયા ।।૨।।**
**સ કથં સેવયા તસ્ય કાલેન જરસં ગતઃ ।।**
**પૃષ્ટો વાર્તાં પ્રતિબ્રૂયાદ્ભર્તુઃ પાદાવનુસ્મરન્ ।।૩।।**

પાંચ વર્ષનો બાલલીલાથી જેમની સેવા કરતો હતો ત્યારે માતાએ સવારનું ભોજન (લેવા) કાલાવાલાં કરતાં, જેણે તે ઈચ્છેલું નહિ, તે તેમની સેવા કરતાં સમય જતાં વૃદ્ધ થયો ત્યારે પતિની વાર્તા પૂછવામાં આવેલો તે તેમનાં ચરણોનું અનુસ્મરણ કરતાં (તેનો) કેવી રીતે ઉત્તર આપે ? ૨।૩.

પાંચ વર્ષનો હોય તે સેવા (કરવા)નો અધિકારી થાય છે. બાલકને સવારનું ભોજન આખા દિવસમાં બલ ઉત્પન્ન કરનારું અને માતાના લાડ ઉત્સાહ ઉત્પન્ન કરનાર છે. તે બે તેને પહેલાંથીજ ન હતાં. બલ તો (તેને ભગવાનની) સેવાથીજ મળતું અને ઉત્સાહ તો લીલા (ક્રીડા)થીજ થતો. બાલપણ તો તે (બાલક હતો તે) સમયનું કહેલું છે. તે બશને (સેવા અને લીલા) હમણાં નહિ હોવાથી, (તેને) ન હતું બલ (અને) ન હતો ઉત્સાહ તેથીજ[1] (ઉત્તર આપવાની) અશક્તિ ભક્તિનું ચિહ્ન છે. આથી એમ કહેલું છે કે (તેના) હાથની ક્રિયા ભગવાન્ વિષેજ થતી. મનની ક્રિયા તો (તેવી હોવાનું) પહેલા (શ્લોકમાં) સ્પષ્ટ છે. 'માતાએ કાલાવાલા કરતાં' શબ્દોથી (એમ જણાવ્યું છે કે તેને) લૌકિક તથા વૈદિક ધર્મની[2] દરકાર પણ ન હતી. (ભોજન લેવાનું) ઈચ્છેલું નહિ, તે એમ જણાવે છે કે લૌકિક (પદાર્થો) કરતાં ભગવદીય પદાર્થો ઘણા બલવાન છે. 'જેમની' એટલે શ્રીકૃષ્ણની 'સપર્યા' એટલે સેવા ક્રીડા માટે ભગવાનનાં સ્થાનની કલ્પના કરીને, તેનું પૂજન વિગેરે કરીને રમવું તે બાલલીલા. ૨.

એવી રીતે અશક્તિ ભક્તિનું ચિહ્ન હોવાનું કહીને, ત્રીજા શ્લોકમાં ચાલુ પ્રસંગમાં (તેનું) કારણ કહીને અશક્તિ (હોવાનું) સિદ્ધ કરે છે.[3] તે (ઉદ્ધવ) બાલપણમાંજ તેવો હતો એમ ન હતું, પરંતુ જન્મથીજ ભગવદીય (પદાર્થો)થીજ (તેને) શક્તિ પ્રાપ્ત થતી, કારણ કે તે સેવા કરતાંજ વૃદ્ધ થએલો. આથી (એમ જણાવ્યું છે કે) તેની (તેણે કરેલી) સેવા ઘડપણ ન આવે તે માટે પણ ઉપયોગી ન હતી. કાલ બલવાન હોવાથી (ઘડપણ ન આવે તેવું ભક્તિનું) હલકું ફલ પણ (પ્રાપ્ત) થયું નહિ, એમ 'સમય જતાં (વૃદ્ધ થયો)' શબ્દથી કહેલું છે. 'જરસમ્' એટલે ઘડપણ. 'પહેલાં વર્ણવેલ શક્તિનું કારણ (સેવા હવે) નહિ હોવાથી કેવી રીતે (ઉત્તર આપે) ?' એવો શક્તિ (હોવા) સંબંધી પ્રશ્ન છે. તેથીજ વાર્તા કેમ કહે ? આગળ પણ વાર્તા પૂછવામાં આવી છતાં (ભગવાનનું) માહાત્મ્ય કહેશે. તે (માહાત્મ્ય) તો સદા (ભગવાનના) આધારવાળુંજ છે, કારણ કે તે અલૌકિક છે. વાર્તા તો લૌકિક છે. વળી આ (માહાત્મ્ય કહેવા)માં ભક્તિનો વિરોધ નથી, કારણ કે જૂદા પ્રકારે ભક્તિ કરવામાં આવે છે. તે અર્થ 'પતિનાં ચરણોનું અનુસ્મરણ કરતાં' શબ્દોથી કહેલો છે. 'પતિ હોઈ લાલન કરાતાં પોષણ કરે છે' વિગેરે[4] શ્રુતિ પ્રમાણે, તેમની (ભગવાનની) શ્રુતિથી

સિદ્ધ થએલી એવી લીલા યોગ્ય છે, એમ 'પતિ' શબ્દથી સૂચવેલું છે. ભક્તિમાર્ગનું સ્થાપન થાય તે માટે 'પાદૌ' 'ચરણોનું' શબ્દ દ્વિવચનમાં યોજેલો છે. (અનુસ્મરણ શબ્દમાંનો) 'અનુ' ઉપસર્ગ ઉપદેશનું ઉલ્લંઘન ન થાય તેમ જણાવવા (યોજેલો છે) આથી એમ કહેલું છે કે બહારની વાણીરૂપ ઇન્દ્રિયનો વિષય[5] રહેલ નથી. ૩.

૧. 'તેથીજ' એટલે સેવા કરવાની ન રહેવાથી અશક્તિ થએલી હોવાથી. સેવા વિના અશક્તિ રહે છે એજ ભક્તિનું આધિક્ય સિદ્ધ કરે છે. (પ્ર)
૨. માતાના કાલાવાલા ન ગણકાર્યા એ લૌકિક ધર્મની દરકાર ન કરી. તેની ઇચ્છા અથવા આજ્ઞાને ન માની એ વૈદિક ધર્મની દરકાર ન કરી, એવો ભાવ જણાય છે.
૩. અશક્તિનું કારણ (સેવા જતી રહી તે) કહીને, સેવા ન રહેતાં શક્તિ રહી નહિ એમ કહેતાં અશક્તિ ભક્તિનું ચિહ્ન છે એમ સિદ્ધ કરે છે. (પ્ર)
૪. આ શ્રુતિ તૈત્તિરીય આરણ્યકના છઠ્ઠા પ્રશ્નમાં છે. આનો અભિપ્રાય જણાવનાર અર્થ વિદ્વન્મંડનના વિવરણમાં મેં કહેલો છે. ત્યાંથી જોઈ લેવો. 'વિગેરે' શબ્દથી આની પછીનું પ્રકરણ કહેલું છે. (પ્ર).
૫. જેમની વાર્તાનો પ્રશ્ન પૂછ્યો, જેમનાં સંબંધી ઉત્તર આપવાનો છે તે હવે ભૂતલ ઉપર વિરાજતા નથી, એવો ભાવ જણાય છે.

માત્ર વાણીરૂપ ઇન્દ્રિયમાંજ અશક્તિ હતી એમ ન હતું, પરંતુ બધી (ઇન્દ્રિયો)માંજ હતી એમ જણાવવા નીચેના શ્લોકમાં તે સર્વ ક્રિયાથી રહિત થયો, એમ કહે છે:

**સ મુહૂર્તમભૂત્તૂષ્ણીં કૃષ્ણાઙ્ઘ્રિસુધયા ભૃશમ્ ।।**
**તીવ્રેણ ભક્તિયોગેન નિમગ્નઃ સાધુ નિર્વૃતઃ ।।૪।।**

તીવ્ર ભક્તિયોગથી શ્રીકૃષ્ણના ચરણની સુધામાં સારી રીતે ડૂબેલો (અને) તેનાથી ઘણો સુખી થએલો તે એક મુહૂર્ત શાંત રહ્યો. ૪.

તે માત્ર એક મુહૂર્તજ ભગવાનમાં રહ્યો, કારણ કે તે કલારૂપ હતો અને (ભગવાનના) ચરણનું સ્મરણ (તેને) ચરણસમીપ લઈ ગયું. 'શાંત (રહ્યો)' એટલે સર્વ ઇન્દ્રિયોની ક્રિયાવિનાનો રહ્યો. 'શ્રીકૃષ્ણના ચરણની સુધાથી સુખી થએલો' શબ્દોથી તેની તરત મુક્તિ (થવાનું) કહેલું છે. તે બ્રહ્માનંદ પામ્યો, એવો અર્થ છે. વળી સુધા શબ્દથી એમ સૂચવેલું છે કે તે (ચરણ)માં તેના પ્રાણનો લય ન થયો, કારણ કે (ભગવાનનું) સ્મરણ થયું ત્યારે (તેનામાં) તેમના આનંદનો આવિર્ભાવ[1] ન થયો. અહિં પ્રેમલક્ષણા ભક્તિ કહેલી છે, અને તે ભક્તિયોગ સદા (ભગવત્પ્રાપ્તિનો) ઉપાય થએલો હોય છે. કારણ કે યોગથી (સુધામાં) ડૂબેલો તરત ઉઠતો (બહાર નીકળતો) નથી. આથી એમ કહેલું છે કે તેની ક્રિયારૂપ સ્પર્શની ઇન્દ્રિય પણ (કાર્ય કરતી) બંધ પડી હતી. આથી ભક્તોનો વિષય પણ કહ્યો.[2]

૧. ''તરત મુક્તિ થવામાં પ્રાણનો લય થવો જરુરી છે. તે ન થવા છતાં મુક્તિ કેમ થઈ ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (પ્ર) વિદુરના પ્રશ્નથી ભગવાનનું સ્મરણ થયું, પણ ભગવાન્ ભૂતલ ઉપરથી પધારી ગયા છે એ વૃત્તાંતને લીધે શોકને લીધે તેમના આનંદનો આવિર્ભાવ ન થયો. તેથી પ્રાણનો લય ન થયો, એવો અર્થ જણાય છે.

૨. આનંદ કરાવનારી ક્રિયા જણાવનારી સ્પર્શની ઈન્દ્રિય ઉપસ્થ છે. તે અંતર્મુખ થઈ એવો અર્થ છે. (પ્ર) આ અર્થ સમજાતો નથી. 'ક્રિયારૂપ સ્પર્શની ઈન્દ્રિય (કાર્ય કરતી) બંધ પડી' નો અર્થ એવો જણાય છે કે તે સુધામાં ડૂબેલો હોવાથી તેની સ્પર્શની ઈન્દ્રિય પણ કોઈનો સ્પર્શ કરે તેવી રહી નહિ. અહિં 'પણ' શબ્દ યોજ્યો છે તેથી એમ સમજાય છે કે જ્યારે સ્પર્શની ઈન્દ્રિય પણ કાર્ય કરતી ન હતી તો પછી બીજી ઈન્દ્રિયો હાથ પગ વિગેરે તો ક્યાંથી જ કાર્ય કરે ? ઉપર કહેલી ઈન્દ્રિય (ઉપસ્થ)નો વિષય ભક્તિરૂપ હોવાનું કહ્યું, એવો અર્થ છે. (પ્ર) આ અર્થ પણ સમજાય તેવો નથી. ભક્તોનો વિષય કહ્યો, એટલે ભક્તોનું લક્ષ્ય, ભક્તોએ શું પ્રાપ્ત કરવાનું છે તે કહ્યું. ભક્તોએ ભગવાનના ચરણારવિંદની સુધામાં ડુબ્યા રહેવાનું પ્રાપ્ત કરવાનું છે એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે (તેની) બધી ક્રિયાઓ બંધ થઈ એમ કહીને, તે (ક્રિયાઓનું બંધ થવું) ભક્તિનું ચિહ્ન ઉત્પન્ન કરનારું છે, એમ નીચેના શ્લોકમાં કહે છે, (કારણ કે) તે તેવું ન હોય તો નિરર્થક[1] છેઃ

**પુલકોદ્ભિન્નસર્વાઙ્ગો મુઞ્ચન્મીલદ્દૃશાઽશુચઃ ।।**
**પૂર્ણાર્થો લક્ષિતસ્તેન સ્નેહપ્રસરસમ્પ્લુતઃ ।।૫।।**

જેના સર્વ અંગોમાં રોમાંચ ઉત્પન્ન થએલા તેવો, બંધ રહેતાં નયનથી આંસુ પાડતો, અર્થથી પૂર્ણ, સ્નેહના પૂરમાં ડૂબેલો તે તેનાથી જણાયો. ૫.

'પુલકૈઃ' રોમાંચ ઉત્પન્ન થએલાં હતાં જેના સર્વ અંગોમાં તેવો (તે જણાયો). આથી એમ કહેલું છે કે વચ્ચે (તેને) પૂર્ણ આનંદ થયો. 'બંધ રહેતાં નયનથી આંસુ પાડતો' વિશેષણથી એમ કહેલું છે કે (આનંદ તેના દેહમાંથી) બહાર પણ નીકળતો હતો. 'મીલત્' 'બંધ રહેતાં' શબ્દથી એમ જણાવ્યું છે કે જલમાં ડૂબેલાની પેઠે (તે) માત્ર અંદર આનંદથી ભરપૂરજ નહતો, પરંતુ અંદરથી (આનંદનો) ભોગ કરતો હતો. 'અશુચઃ' એટલે આનંદના આંસુઓ. આથી એમ સૂચવેલું છે કે (આનંદ તેના) શોકને દૂર કરીને પોતે બહાર નીકળતો હતો. એવી રીતે રોમાંચ ઉત્પન્ન થવાં વિગેરે ભક્તિનાં ચિહ્નો ઉત્પન્ન થયાનું કહીને 'અર્થથી પૂર્ણ જણાયો' શબ્દોથી, તે ભક્તિનાં ચિહ્નો હોવાનું કહે છે. 'અર્થ' એટલે આનંદરૂપ ભગવાન્ પૂર્ણ હતા જેનામાં તેવો, તે 'તેનાથી' એટલે વિદુરથી અથવા નયનમાંથી (નીકળતા) આંસુ વિગેરેથી જણાયો. તેની ભક્તિ જોવાથી પોતામાં (વિદુરમાં) પણ ભક્તિ ઉત્પન્ન થઈ, અને તે પોતાને વ્યાકુલ કરતી હતી, તેથી ભક્તિના ઘણા પૂરને લીધે આ (ઉદ્ધવ)

ઘણો ઉંડો ડૂબેલો હોય એવો પણ તેને જણાયો. ભક્તિ ડૂબાડે તેવું સંભવતું ન હોવાથી, સ્નેહનું પૂર કહેલું છે, કારણ કે [2]શાસ્ત્ર પ્રમાણે ઉત્પન્ન થએલી તે (ભક્તિ) કાર્ય હોય તેટલીજ ઉત્પન્ન થાય છે. આથી[3] વિસર્જન ક્રિયા કહેવાઈ. એવી રીતેજ[4] બધી ઈન્દ્રિયો ભગવાનના સંબંધવાળી થાય છે. ૫.

૧. સર્વક્રિયારહિત થવાથી ભક્તિનાં ચિહ્ન ઉત્પન્ન થતાં ન હોય તો, જોનારમાં તેથી ભક્તિ ઉત્પન્ન ન થાય. તેથી તેવા થવાથી ભક્તિનાં ચિહ્ન ઉત્પન્ન થાય છે, એમ કહે છે, એવો અર્થ છે. (પ્ર)

૨. ડૂબાડે તેવા સ્નેહનું પૂર જણાવવાનું પ્રયોજન આથી કહેલું છે. ભક્તિ વંશપરંપરાની છે એમ જણાવવા આ કહેલ છે. (પ્ર)

૩. 'આથી' એટલે રોમાંચ ઉત્પન્ન થયાં એમ કહેવાથી 'સર્વ વિસર્ગોનું એક સ્થાન પાયુ છે' એ શ્રુતિમાં જણાવેલી વિસર્જન ક્રિયા કહેવાઈ. આમાં પાયુ ઈન્દ્રિયનું સ્થાન કારણ છે એમ ન માનવું, કારણ કે તેની તો ઈન્દ્રિય રહે તે માટે જ જરુર છે (પ્ર) આ અર્થ પણ સમજાય તેવો નથી. રોમાંચ થયાં આનંદના આંસુ નયનમાંથી બહાર નીકળ્યાં એ બધું ઉદ્ધવના દેહમાંથી આનંદ નીકળે છે એમ દર્શાવે છે. તેથી 'વિસર્જન'નો અર્થ આનંદનું નીકળી જવું, અને તેથી સર્વક્રિયારહિત થએલ ઉદ્ધવમાં ધીરે ધીરે ક્રિયાનું આવવું, એવો હોવાનું જણાય છે.

૪. ભક્તિ જેમાં વધી ગઈ હોય તે ઈન્દ્રિયોને ભગવાનનો સાક્ષાત્કાર થાય, ત્યારે ભક્તના દેહમાં રહેલી તન્માત્રાઓ ભગવાનની ઈન્દ્રિયરૂપ થાય છે. આવી રીતે વિદુરની પણ તન્માત્રાઓ થશે એમ અહિં જણાવેલું છે એવો ભાવ છે. (પ્ર)

તેવો પણ (ઉદ્ધવ) ભગવાનનાં દર્શન કરીને (તેમનો) આધાર પ્રાપ્ત કરીને, ભગવાનનું માહાત્મ્ય કહેવા માટે (અને) વિદુરને કૃતાર્થ કરવા માટે, ભગવાનની ઈચ્છાથી આધાર બનેલા ભગવાનને લઈને[1] (ભગવાનના આવેશવાળો થઈને)જ સાવધાનપણાંથી આવ્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**શનકૈર્ભગવલ્લોકાન્નૃલોકં પુનરાગતઃ ।।**
**વિમૃજ્ય નેત્રે વિદુરં પ્રત્યાહોદ્ધવ ઉત્સ્મયન્ ।।૬।।**

ઉદ્ધવ ધીરે ધીરે ભગવાનના લોકમાંથી નરલોકમાં ફરીથી પાછો આવ્યો (અને) નેત્રો ચોળીને હસતાં વિદુરને ઉત્તર આપવા લાગ્યો. ૬.

'ધીરેધીરે' શબ્દથી સાવધાનપણું (જણાવેલું છે). તેને માત્ર (ભગવાનનું) સ્મરણ થયું એમ નહતું, પરંતુ તે વ્યાપિવૈકુંઠમાં જઈ પાછો આવ્યો, એમ 'ભગવાનના લોકમાંથી નરલોકમાં પાછો આવ્યો' શબ્દોથી કહેલું છે. 'ફરીથી' શબ્દથી એમ જણાય છે કે પહેલાં ઉદ્ધવ વૈકુંઠમાંથીજ આવેલો. તેમ ન હોય તો 'મને પણ સ્વધામ લઈ જાઓ' (૧૧।૬।૪૩) એવી તેની પ્રાર્થના નિષ્ફલ થાય. પહેલાં તો તે ભગવાનની આજ્ઞાનું પાલન કરવા આવેલો, (અને) હમણાં તો ભક્તની (આજ્ઞાનું પાલન કરવા એટલે વિદુરના પ્રશ્નનો ઉત્તર આપવા આવ્યો). 'નેત્રો ચોળીને' શબ્દોથી ઉંઘ ઉડી

જતાં ઉઠેલ હોવાપણું[2] સૂચવેલું છે. હલકા પુરુષમાં અહંકાર થાય. તેથી તેમ થયું નહતું એમ જણાવવા 'હસતાં' વિશેષણ યોજેલું છે. ('ઉત્સ્મયન્' શબ્દમાં) 'ઉત્' શબ્દ છે તે ખુલવાના અર્થવાળો હોઈ, હાસ્યમાં થાય છે તેમ મુખ ખુલ્લું થયાનું જણાવે છે. તેવો[3] થઈ (ઉદ્ધવે) ઉત્તર આપ્યો. ૬.

૧. 'લઈને' એટલે સાથે રાખીને. (પ્ર)

૨. જેમ સુષુપ્તિમાં જીવ ભગવાન્ પાસે જઈ, નિદ્રા દૂર થતાં બહાર આવે છે, તેવી રીતે આવ્યો, એવો અર્થ છે. (પ્ર)

૩. આથી એમ સૂચવેલું છે કે પ્રિયપણું સિદ્ધ કરનાર મુખ્ય ભક્તિમાં અડચણ કરનારો અહંકાર તેનામાં નહતો. (પ્ર)

નીચેના એક (શ્લોક)થી (ઉદ્ધવ) સાધારણ (કુશલ)નો ઉત્તર આપે છેઃ

॥ ઉદ્ધવ ઉવાચ ॥

**કૃષ્ણદ્યુમણિનિમ્લોચે ગીર્ણેષ્વજગરેણ હિ ॥**
**કિં નુ નઃ કુશલં બ્રૂયાં ગતશ્રીષુ ગૃહેષ્વહમ્ ॥૭॥**

શ્રીકૃષ્ણ સૂર્યનો અસ્ત થતાં, અજગરે ગળેલાં ઘરો ખરેખર કાંતિવિનાના થતાં, હું શું કુશલ કહું ? ૭.

સદાનંદ શ્રીકૃષ્ણ સદા સૂર્યજ છે. સૂર્ય કોઈ પણ સમયે ભૂમિ ઉપર આવતો નથી, પરંતુ ત્યાં (આકાશમાં) રહીને જ આ જગતમાં પ્રકાશ કરે છે. તેવી રીતે વ્યાપિવૈકુંઠમાં રહેલા જ ભગવાન્ આપણે વિગેરેરૂપ પૃથ્વીનો પ્રકાશ કરે છે. હમણાં તે આપણી ઉપરના ભાગમાં રહેલા, જેઓ બહિર્મુખ નથી તેમનો પ્રકાશ કરવા અસ્ત થયો છે. તે અસ્ત થતાં પહેલાં, તેમણે પ્રકાશ કરેલું બધુંએ જગત્ અંધકારથી ઘેરાએલું છે. તે અંધકાર આધિદૈવિક[1] અજગર છે. લોકમાં સર્વ તરફ દેખાતું આ અંધારું આધિભૌતિક[2] છે. 'અંધકારથી હરાએલાં રૂપવાળાં તેજનો વાયુમાં લય થાય છે'. એ આધ્યાત્મિક[3] છે. 'અંધકાર આત્માને નિદ્રા કરાવનાર' હોઈ આધિદૈવિક છે. મહત્તત્વ તો મુખ્ય બ્રહ્મા (અજ) છે. 'અજસ્ય' જન્મરહિતને 'ગરણં' ગળવાનું જેનાથી થાય છે તે (અજગર), કારણ કે 'ગૄ' ધાતુનો અર્થ ગળવું છે. જે મહત્તત્ત્વનું પણ ભક્ષણ કરે છે, તેણેજ ભગવાનનો પ્રકાશ જતો રહેતાં, આમનું ભક્ષણ કરેલું છે, કારણકે તે (અજગર) જેઓ મુક્ત થયા નહોય અને જેઓ (ભગવાનના) ભક્ત ન હોય તેમનું અવશ્ય ભક્ષણ કરનાર છે. તે અર્થ 'હિ' 'ખરેખર' શબ્દથી કહેલો છે. 'હ' એવો પાઠ હોય ત્યારે ભગવદીયોને આ (કાંતિરહિતપણું) તો થવું ઘણું આશ્ચર્યકારક છે (એવો અર્થ થાય). કુશલ હોય તો કહેવાય. આટલું (કાંતિરહિતપણું) તો થયું. હવે પછી શું કુશલ (રહ્યું) તે હું જાણતો નથી, એમ 'શું કુશલ કહું ?' શબ્દોથી કહેલું છે. વળી કુશલ

બધું લક્ષ્મીએ કરેલું અથવા ભગવાને કરેલું હોય. તે પૈકી ભગવાને તેઓમાં કાંઈ કુશલ કરેલું નથી. લક્ષ્મી સ્ત્રીઓમાં અથવા ઘરોમાં કુશલ કરે. તે લક્ષ્મી પણ ગઈ, એટલે ઘરો કાંતિરહિત થતાં, હું શું કુશલ કહું ? એમ કુશલમાત્ર જતું રહ્યાનું (કહેલું છે). 'હું' શબ્દનો એવો અર્થ છે કે હુંજ આવો બાકી રહેલો છું. તેથી જે જાણવું હોય તે મને જોઈનેજ જાણી લેવું. કહેવાનું તો (કાંઈ) બાકી રહેતું નથી. ૭.

૧. 'આધિદૈવિક' એટલે દેવમાં રહેલ મૂલ અવિદ્યારૂપ. (પ્ર)

૨. ભૌતિક તેજથી ગળાતું હોવાથી આધિભૌતિક. (પ્ર)

૩. મહાભૂતરૂપ સર્વ તેજનો આહાર કરનાર હોવાથી આધ્યાત્મિક. (પ્ર).

''ભગવાને તે (યાદવો)ના ઉપર ઉપકાર કેમ ન કર્યો ?'' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોક કહેલા છેઃ

**દુર્ભગો બત લોકોઽયં યદવો નિતરામપિ ।।**
**યે સંવસન્તો ન વિદુર્હરિં મીના ઈવોડુપમ્ ।।૮।।**

અરેરે ! આ લોક અલ્પભાગ્યવાળો છે. જેમ સાથે રહેનારાં માંછલાંઓએ ચંદ્રને (ઓળખ્યો નહિ), તેમ જે સાથે રહેનારા યાદવોએ હરિને ઓળખ્યા નહિ તેઓ તો સારીપેઠે અલ્પભાગ્યવાળા છે. ૮.

તામસ વિગેરે ગુણોને લીધે તે (યાદવો)એ ભગવાનને ન ઓળખ્યા. (તેમનામાં ભગવાન્ વિષે) (૧) સામાન્ય રીતનું અજ્ઞાન, (૨) ખોટું જ્ઞાન અને (૩) વિરોધી જ્ઞાન હતું, તેથી ભગવાને તેમના ઉપર ઉપકાર ન કર્યો. (આ શ્લોકમાં) તેઓનું સામાન્ય રીતનું અજ્ઞાન સિદ્ધ કરે છે. આ લોક એટલે ભૂર્લોક (ભૂમિ), અલ્પ છે ભાગ્ય જેનું તેવો છે. 'બત' 'અરેરે' શબ્દ ખેદ દર્શાવવા યોજેલો છે, કારણ કે (જેનું) ભાગ્ય હોય તે-ભગવાન્ પધારી જાય ત્યારે-પોતે ન રહે. કેટલાક સમય સુધી (તેને) ભગવાનનો અનુભવ થએલ હોવાથી, તે અભાગી તો નથી. જેવી પતિથી તિરસ્કાર પામેલી સ્ત્રી, તેવો આ લોક છે. આટલા[1] (સમય) સુધી ભાગ્યરહિતપણું હતું, પરંતુ બીજી (ભૂમિ)માં 'આ' એટલે મનુષ્યરૂપ (લોકે) પોતે ભગવાન્ સાથે તેવી રીતે વ્યવહાર કરેલો, કે જેથી તે અલ્પભાગ્યવાળો થયો. યાદવો જેઓ છતી આંખે આંધળાની પેઠે કૂવામાં પડ્યા, તેઓ તો સારી પેઠે તેવા (અલ્પ ભાગ્યવાળા) થયા. સર્વ તરફથી મૃત્યુ પ્રાપ્ત કરે તેવો આ લોક છે, પરંતુ યાદવો તો એક બીજાનો વધ કરીનેજ તેવાજ થયા એવો ભાવ છે.

ઉત્તરાર્ધથી (યાદવોનું) આંધળાપણું કહે છે કે જેઓ (હરિની) સાથે એક સ્થલે રહેતા હોવા છતાં (તેમને) ઓળખી શક્યા નહિ. ''ઓળખ્યા હોત તો શું થાત ?'' એવી શંકા થાય, તેથી વિપરીત (સ્થિતિ)માં (ન ઓળખવાથી) ફલ ન મળ્યું,

એમ 'માછલાંઓએ ચંદ્રને ઓળખ્યો નહિ તેમ' એ દૃષ્ટાંતથી કહે છે. પહેલાં માછલાં અને ચંદ્ર સમુદ્રમાં એક સ્થલે રહેતાં હતાં. જો તેઓએ ચંદ્રને (અમૃત માટે) પ્રાર્થના કરી હોત, તો અમૃતનું પાન કરીને તેઓ અમર થયા હોત, કારણ કે તે (ચંદ્ર) અમૃતથી ભરપૂર છે, અને અમૃત આપવાની શક્તિવાળો છે, અને માછલાંઓ સર્વ તરફથી મૃત્યુ પ્રાપ્ત થાય તેવાં અને (પોતાની) જાતનાંનો વધ કરનારાં છે. તેમણે (ચંદ્રને) પ્રાર્થના ન કરી, તેનું કારણ (તેમનું ચંદ્રસ્વરૂપનું) અજ્ઞાનજ હતું. તેવી રીતે ભગવાનને ન ઓળખવાથી યાદવોને મોક્ષ પ્રાપ્ત ન થયો, પરંતુ સર્વ તરફથી મૃત્યુ પ્રાપ્ત થાય તેવા તેઓ થયા, એવો અર્થ છે. તે (ચંદ્ર)ની (અમૃતનું) દાન કરવાની શક્તિ 'ઉડુપમ્' (નક્ષત્રોનું પાલન કરનાર) શબ્દથી કહેલી છે. તે દેખાતો ન હોય ત્યારે પણ તેના અમૃતના થોડા ભાગથીજ નક્ષત્રો પ્રકાશે છે. તેવીજ રીતે ભગવાન્ સર્વનાં દુઃખ હરનારા હોવાથી આમણે જો (તેમને) ઓળખ્યા હોત તો, તેમનો તિરોભાવ થવા છતાં પણ આ (યાદવો)ને પ્રકાશ પ્રાપ્ત થતો હોત. ૮.

૧. 'આટલા સમય સુધી' એટલે ભગવાન્ ભૂતલ ઉપર વિરાજતા હતા ત્યાંસુધી ભાગ્યરહિતપણું આ સૃષ્ટિમાં ન હતું, પણ બીજીમાં હતું, એવો અર્થ હોવાનું જાણાય છે.

વળી માછલાંઓમાં તો ઓળખવાની શક્તિ પણ નથી, પરંતુ આ (યાદવો) તો ઓળખવાની શક્તિવાળા હોવા છતાં પણ ઓળખી ન શક્યા એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈઙ્ગિતજ્ઞાઃ પુરુપ્રૌઢા એકારામાશ્ચ સાત્ત્વતાઃ ।।**
**સાત્ત્વતામૃષભં સર્વે ભૂતાવાસમમંસત ।।૯।।**

ચેષ્ટા જાણનારા, ઘણા પ્રૌઢ અને સાથે આરામ કરનારા સર્વ વૈષ્ણવ (યાદવો) વૈષ્ણવોના પતિને મહાભૂતોમાં રહેનાર જાણતા હતા. ૯.

ભગવાનની ચેષ્ટા પણ તેઓ જાણતા હતા. કોઈ પ્રસંગે ભગવાન્ કાંઈક કરવાની ઈચ્છાથી (કોઈક) દિશા વિગેરે પણ જૂએ, ત્યારેજ તેઓ જાણી જતા કે (ભગવાન્) આ (કાર્ય) કરશે. એવી રીતે (તેઓની) જ્ઞાનશક્તિ કહી. તેઓ ઘણા પ્રૌઢ એટલે ઘણી ક્રિયાશક્તિવાળા હતા. તેથીજ જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિવાળા હોવાથી 'સાથે આરામ કરનારા' એટલે ભગવાનની સાથે એકજ સ્થલમાં થતો આરામ જેઓનો, તેવા હતા. આ બે શક્તિઓનું ફલ (કહ્યું). 'સાત્ત્વતાઃ' એટલે વૈષ્ણવો. એવી રીતે લૌકિક પ્રકારથી જ્ઞાન (શક્તિ) ક્રિયા (શક્તિ) અને તેમનાં ફલરૂપ ભક્તિવાળા હોવા છતાં તેઓએ (ભગવાનને) ઓળખ્યા નહિ, એમ ઉત્તરાર્ધથી કહેલું છે. સર્વ વૈષ્ણવોના સ્વામી, મોક્ષ પામેલાઓની પણ ઈચ્છાને પૂર્ણ કરનાર, (ભગવાન)ને, મહાભૂતોના બનેલા દેહમાં રહેનાર, અથવા સાધન થએલ દેહમાં

રહેનાર 'અમંસત' જાણતા હતા. આથી (એમ જણાવ્યું કે) તેઓને ખોટું જ્ઞાન હતું, (અને) તેથી તેઓ (ભગવાનને) ઓળખવાનો પ્રયત્ન પણ કરતા ન હતા, એવો ભાવ છે. ૯.

એવી રીતે (૮।૯) બે શ્લોકથી (ભગવાનનું) અજ્ઞાન, અને (તેમનું) પોતાની સમાનપણું (માનવાથી) ખોટું જ્ઞાન સિદ્ધ કરીને, (તેમના ઉપરનો) સ્નેહ જણાવીને, નીચેના શ્લોકમાં (તેમના પ્રતિનો) દ્વેષ જણાવે છેઃ

**દેવસ્ય માયયા સ્પૃષ્ટા યે ચાન્યદસદાશ્રિતાઃ ॥**
**ભ્રામ્યતે ધીર્ન તદ્વાક્યૈરાત્મન્યુપ્તાત્મનો હરૌ ॥૧૦॥**

જેઓને દેવની માયાની અસર થએલી અને જેઓએ બીજાં દુષ્ટનો આશ્રય કરેલો, તેમનાં વચનોથી જેમણે (પોતાના) આત્માને હરિમાં રોપેલા છે તેમની બુદ્ધિ ભમતી નથી. ૧૦.

જ્ઞાનરૂપ દેવની ઘણો મોહ કરનારી માયાની કેટલાક ઉપર અસર થએલી, તેઓ પોતાને અને ઈશ્વરને જાણતા ન હતા (અને) ભગવાન્ વિષે (પોતે) પશુ હોય તેવી રીતે વ્યવહાર કરતા. વળી શિશુપાલ વિગેરે જેઓની ઉપર માયાની સારી રીતે અસર થએલી, તેઓએ 'દુષ્ટ' દ્વેષનોજ આશ્રય કરેલો. જે દુષ્ટ બીજું હોય છે, એટલે ભગવાન્ સાથેનો સંબંધ કાઢી નખાવે છે (તેનોજ આશ્રય કરેલો). અથવા કેટલાકે બીજા દેવોનોજ અહંકાર એટલે ગર્વ સાથે આશ્રય કરેલો કે જેથી તેઓ ભગવાનની વિખૂટા થયા, એવો અર્થ છે. વળી 'ચ' 'અને' શબ્દથી જણાવેલા બીજા, સંપૂર્ણ રીતે તેમના (ભગવાનના) સ્થાનને અયોગ્ય પાખંડીઓએ, 'દુષ્ટ'નો એટલે ભગવાનની નિંદાનોજ આશ્રય કરેલો, આથી એવો ભાવ (જણાવેલો છે) કે જે કોઈ ભગવાનને જાણવાનો પ્રયાસ પણ કરતા, તેમનો પણ (આ) નાશ કરતા.

''ત્યારે બધાનો નાશ થયો. તેમ થવાથી ભગવાનના અવતારનું ફલ ન થયું'' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે, કારણ કે તેઓ બધાની બુદ્ધિને ભમાવવા શક્તિમાન ન હતા. (ભગવાનમાં) દૃઢ મૂલ વગરના (અને) શાસ્ત્ર (નાં જ્ઞાન) વગરના જેઓ તેમનાં વચન માનતા, તેઓજ ભ્રાંત થતા; પરંતુ આપણે વિગેરે જેણે આત્મરૂપ ભગવાનમાં પોતાના આત્માને રોપેલો, તે ભ્રાંત થતા ન હતા. (ગયા વાક્યમાં જેણે...તે એમ) એકવચન (તેવા) દુર્લભ હોવાના અભિપ્રાયથી (યોજેલું છે). 'રોપેલો છે આત્મા જેણે' શબ્દથી (એમ કહેલું છે કે) ખેતી વિગેરેથી ભૂમિને ભેદીને, સર્વ તરફથી શુદ્ધ કરીને, (તેમાં) શુદ્ધ બીજ જેમણે રોપેલું છે, તે બીજ જેમાંથી અંકુર ફૂટેલો છે તે વાયુ વિગેરેથી ઉખડતું નથી. મૂલ વગરનું (ભૂમિમાં) પડેલું ઘાસ વિગેરેજ ઉખડે છે. વળી 'આત્મા' શબ્દથી અંતઃકરણનું શુદ્ધપણું કહેલું છે.

ભગવાન્ પોતે તો પોતાના ચરણમાં રોપેલાં કોઈનાં પણ ચિત્તને (ત્યાંથી) ખસેડતા નથી. કારણ કે તે સર્વનાં દુઃખ હરનારા છે એમ 'હરિમાં' શબ્દથી કહેલું છે. ૧૦.

તેથીજ પોતાને ઓળખાવવા પધારેલા ભગવાને લગભગ બધાએ અધિકારી નથી એમ જાણીને, પોતાના રૂપને સંકેલી લીધું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**પ્રદર્શ્યાતપ્તતપસામવિતૃપ્તદશાં નૃણામ્ ।।**
**આદાયાऽન્તરધાદ્યસ્તુ સ્વબિમ્બં લોકલોચનમ્ ।।૧૧।।**

જેમણે તપ આચરેલું ન હતું અને જેમની દષ્ટિ તૃપ્ત થતી ન હતી તેવા મનુષ્યોને લોકના જ્ઞાનરૂપ પોતાનું રૂપ સારી રીતે દેખાડીને, (તે) ઝૂંટવી લઈને તો જે અંતર્ધાન થયા. ૧૧.

પોતે બેદરકાર રહેલા એવો દોષ ન રહે તે માટે (મનુષ્યોને રૂપ) સારી રીતે દેખાડીને (અંતર્ધાન થયા). (તેમની) ઈન્દ્રિયો બહિર્મુખ હોવાથી દર્શન કરવા યોગ્ય ન હોવા છતાં, પોતાનું સામર્થ્ય આપીને (ભગવાને પોતાનું રૂપ) દેખાડ્યું એવો 'પ્ર' 'સારી રીતે' શબ્દનો અર્થ છે. 'જેમણે તપ આચરેલું નહતું' વિશેષણથી એમ કહેલું છે કે તેમની દષ્ટિને (દર્શન થાય તેવું) બીજું સાધન ન હતું. 'તપ નહિ કરેલ દેહવાળો કાચો તે ભોગવતો નથી' એમ શ્રુતિ પ્રમાણે જેણે તપ આચરેલું નથી તે તો 'આમઃ' કાચો છે. તે (કાચો ઘડો) જલનો આધાર થઈ શકતો નથી. કાચો ઘડો જલની સમીપ રહેલો હોય તો પણ તેનાં સ્વરૂપનો નાશ થાય તેવા ભયથી તેમાં જલ નાખવામાં આવતું નથી, તેમ ભગવાને પણ પોતાનું રૂપ તેમની દષ્ટિમાં સ્થાપ્યું નહિ કારણ કે તેમનું તપ નહિ હોવાથી (તેમની) ભગવાન્ વિષે અવળી બુદ્ધિ થવાનું સંભવતું હોવાથી તેમનો નાશ જ થાય. ''ત્યારે આટલા સમય સુધી શામાટે (પોતાનું રૂપ તેમની સમીપ) રાખ્યું ?'' એવી શંકા થાય, તેથી 'જેમની દષ્ટિ તૃપ્ત થતી ન હતી' એમ કહેલું છે. જેમની દષ્ટિ સારી રીતે તૃપ્ત થતી નહતી, તેવા (તેઓ હતા). વસ્તુ (ભગવાનનાં રૂપ)ની શક્તિને લીધે તેનો વિચાર કર્યા વિનાજ રૂપનેજ નિરખતાં રહિ, તૃપ્ત થએલા જેવા થતા. સંપૂર્ણ રીતે તૃપ્ત થયા હોત, તો (જાણતા તેથી) જૂદા પ્રકારે[1] જાણત. તેથીજ[2] (ભગવાને પોતાનું રૂપ) ઝુંટવી લીધું, એવો અર્થ છે. 'મનુષ્યોને' શબ્દથી (તેઓનું) રાજસપણું કહેલું છે. 'ઝુંટવી લઈને' શબ્દથી (એમ કહેલું છે કે) ધર્મ દ્વારા તેમની દષ્ટિમાં પ્રવેશેલું (પોતાનું રૂપ) તેમાંથી ઝુંટવી લઈને (ભગવાન્) પોતે પણ અંતર્ધાન થયા, અથવા (પોતે વિરાજતા ત્યાં સુધી તેને) વચ્ચે રાખેલું. અથવા 'અવિ' એટલે ઘેટાંની પેઠે 'તૃપ્તા' તૃપ્ત થએલી હતી દષ્ટિ જેમની તેવા (તેઓ હતા). તે (ઘેટાંઓ) નીચું મુખ રાખનારા નીચી દષ્ટિવાળા છે. તેથીજ

ઝુંટવી લેવું સહેલું હતું. 'સ્વબિમ્બમ્' શબ્દથી (એમ જણાવ્યું છે કે ભગવાન્) પોતે સૂર્યબિંબરૂપ છે. આથી વિદુરનું જ્ઞાન ખોટું હોવાનું[3] સિદ્ધ થયું, કારણ કે જેમ (સૂર્યનું) બિંબ તેજરૂપ છે, તેમ (ભગવાનનો) દેહ સચ્ચિદાનંદરૂપ છે. વળી તે રૂપ લોકોના 'લોચનં' જ્ઞાનરૂપ છે, કારણ કે ચક્ષુથી પદાર્થના જ્ઞાન વિના (બીજું) કાંઈપણ જણાતું નથી.[4] 'ચક્ષુનું ચક્ષુ' એ શ્રુતિ પ્રમાણે લોચન આ (ભગવાનનું રૂપ) જ છે;[5] કારણ કે લોચન (પોતાથી) દેખાય તેવું નથી, અને આંખના પલકારામાં ઢંકાઈ જાય છે, એટલે તેનો (લોચનરૂપ ભગવાનના રૂપનો) તિરોભાવ યોગ્ય છે, એવો અર્થ છે. 'તુ' 'તો' શબ્દથી એમ સૂચવેલું છે કે તે (ભગવાનનું રૂપ) (બીજા અંતર્યામી) સ્વરૂપથી રહેલું[6] છે. ૧૧.

૧. 'જૂદા પ્રકારે' એટલે 'દોષનો આરોપ કરીને' (પ્ર) જે પ્રકારે (પોતાના જેવો પાંચભૂતનો દેહ હોવાનું) જાણતા, તેથી જૂદા પ્રકારે એટલે સચ્ચિદાનંદરૂપ હોવાનું જાણત, એવો અર્થ હોવાનું જણાય છે. તેવા સચ્ચિદાનંદરૂપ હોવાનું ન જાણ્યું તેથીજ ભગવાન્ તે રૂપ ઝુંટવી લઈ અંતર્ધાન થયા.

૨. 'તેથીજ' એટલે 'આ માટે' (પ્ર) સચ્ચિદાનંદરૂપ હોવાનું ન જાણ્યું, તેથીજ, એવો અર્થ હોવાનું જણાય છે.

૩. પાછળ ૩।૧।૪૪ માં જણાવ્યું તે વિદુરનું જ્ઞાન. (પ્ર)

૪. ''જેનાથી દેખાય તે લોચન એ વ્યુત્પત્તિ પ્રમાણે લોચન જ્ઞાનનું સાધન છે, છતાં તેને જ્ઞાનરૂપ (જ્ઞાન જ હોવાનું) કેમ કહ્યું ?'' એવી શંકા થાય તેથી આ કહેલ છે. લોચન અમુક પદાર્થનું જ્ઞાનજ કરાવે છે, તેથી જ્ઞાનનું સાધન હોવા છતાં તેને જ્ઞાનરૂપ કહેવું અયોગ્ય નથી. (પ્ર)

૫. ''એમ પણ લોચનને જ્ઞાનરૂપ કહેવામાં શબ્દની ગૌણી (વૃત્તિ) થઈ'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. લૌકિકમાંજ ગૌણી વૃત્તિ છે (શ્રુતિમાં તેવું નથી). (પ્ર).

૬. તે નાશ પામે તેવું નથી એમ આ શબ્દથી જણાવેલ છે. (પ્ર)

તે (ભગવાનનું) રૂપ (દેહ) સચ્ચિદાનંદરૂપ છે એમ જણાવવા,[1] નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી તેનું સત્માં, ચિત્માં અને આનંદમાં સર્વથી ઉત્તમપણું કહે છેઃ

**યન્મર્ત્યલીલૌપયિકં સ્વયોગમાયાબલં દર્શયતા ગૃહીતમ્ ।।**
**વિસ્માપનં સ્વસ્ય ચ સૌભગર્દ્ધેઃ પરં પદં ભૂષણભૂષણાંગમ્ ।।૧૨।।**

જે (રૂપ) મર્ત્યો જેવી લીલામાં ઉપયોગી છે, પોતાની યોગમાયાનું બલ દર્શાવતાં ગ્રહણ કરેલું છે, પોતાને પણ વિસ્મય પમાડનારું છે, સૌભાગ્ય અને સમૃદ્ધિનું ઉત્તમ સ્થાન છે, જેના અંગો ભૂષણોના ભૂષણરૂપ છે. ૧૨.

ભગવાનનું આ રૂપ સદ્રૂપ છે. પાંચ મહાભૂતના પ્રકારે પાંચ મહાભૂતોની સમાન હોવા છતાં, પાંચે મહાભૂતોથી ઉત્તમ છે, એવું સત્માં ઉત્તમ હોવાપણું (તેમાં) છે. (૧) તે પૈકી 'જે મર્ત્યોના જેવી લીલામાં ઉપયોગી છે' વિશેષણથી પૃથ્વીમાં તે

ઉત્તમ હોવાનું કહેલું છે. માટીની સ્થિતિ જેમને પ્રાપ્ત થએલી છે તે મર્ત્યો, અને જેઓ માટીની સ્થિતિનો ત્યાગ કરે તે અમર્ત્યો. પૃથ્વી ઉપર જે હોય છે, તેમની પોતાના દેહને શ્રમ થયા વિનાની, સર્વને મનોહર લાગે તેવી ક્રિયારૂપ જે લીલા, તેમાં ઉપયોગી એટલે તેને યોગ્ય (ભગવાનનું રૂપ છે). મર્ત્યોમાં (આવી) લીલા હોતી નથી[2]. અમર્ત્ય (જેઓ મર્ત્ય નથી તેઓ)માં મર્ત્યની લીલા હોતી નથી, છતાં પણ પૃથ્વીના બનેલા (દેહો)માં (આવી લીલા કરવાની) યોગ્યતા નથી. તેથી મનુષ્યોના રૂપ જેવું, શુદ્ધ અલૌકિક ઉત્તમ રૂપ, તેજ (આવી) લીલા માટે યોગ્ય છે, કારણકે તેનામાં કાર્યના દોષો[3] નથી. (૨) વળી (આ રૂપ ભગવાને) પોતાની યોગમાયાનું બલ દર્શાવતાં ગ્રહણ કરેલું છે. પોતાનો અસાધારણ (બીજા કોઈમાં ન હોય તેવો) ગુણ બનેલી, સાધન થતી, સર્વ થવાની શક્તિવાળી જે કારણરૂપ માયા, તેનું બલ (દર્શાવવા ગ્રહણ કરેલું છે). જેમ બલવાન પાસે (તેની) પરીક્ષા કરવા ભારે કામ કરાવવામાં આવે છે, તેમ સત્ (પદાર્થો)ના અનંત રૂપ કરનારી[4] (માયા)નું બધું બલ એક સ્થલે યોજાએલું દેખાડવા[5] માટે (ભગવાને પોતાનું) તેવું રૂપ બનાવેલું. જલ સ્વચ્છ હોવાથી જૂદાં જૂદાં રૂપો[6] ગ્રહણ કરે છે. તે જલનું ઉત્તમપણું માયા છે. (માયા ભગવાનનાં) વૈકુંઠમાં રહેલા રૂપને પણ ગ્રહણ કરે છે, એ (તે) જલની સ્થિતિવાળી હોવા છતાં, (તેનું) જલોમાં ઉત્તમપણું છે. (૩) વળી (તે રૂપ ભગવાનને) પોતાને પણ વિસ્મય પમાડનારું છે. (ભગવાન્) પોતે તેજથી ભરપૂર (અને) સર્વનો પ્રકાશ કરનારા છે, પોતાનું બધુંએ રૂપ બીજાઓને દેખાડે છે, તેમને કાંઈ વિસ્મય કરાવે તેવું નથી તેવા (ભગવાન્)ને પણ આ (તેમનું રૂપ) 'વિસ્માપનમ્' એવો વિસ્મય કરાવનારું છે કે 'અહો ! હું આવું પણ (રૂપ) લોકમાં દેખાડું છું'. (તે રૂપ) તેજરૂપ હોવા છતાં તેજથી પણ ઉત્તમ છે. (૪) વળી (તે રૂપ) 'સૌભગર્દ્ધેઃ પરં પદમ્' સૌભાગ્ય અને અણિમા વિગેરે આઠ ઐશ્વર્યનું ઉત્તમ સ્થાન છે. આ બે (અનુક્રમે) પ્રાણ અને યોગથી ઉત્પન્ન થનારાં છે. તેથી (તે રૂપ) પ્રાણરૂપ હોઈ વાયુથી પણ ઉત્તમ છે. અહિં સૌભાગ્યનો અર્થ સર્વ પુરુષને આનંદ આપનારું ઘણુંજ સૌંદર્ય (છે). 'ઋદ્ધિઃ' એટલે સમૃદ્ધિ. (તે રૂપ) પુરુષોત્તમને પણ આનંદ ઉત્પન્ન કરનારું છે. તેથીજ આ રૂપ ઉપર ભગવાનની પ્રાણથી પણ અધિક ઘણીજ પ્રીતિ છે. વળી (૫) જેના અંગો ભૂષણરૂપ છે તેવું (તે રૂપ છે). આભૂષણોનાં પણ ભૂષણ બનેલા છે અંગો જેના તેવું (તે રૂપ) છે. બાજુબંધથી આરંભી કૌસ્તુભ સુધીનાં આભૂષણો છે. જેમ સુવર્ણના મણિઓનું ભૂષણ ઈંદ્રનીલમણિ છે, તેમ તે (આભૂષણો)નું ભૂષણ અંગ (ભગવાનના દેહના અવયવ) જ છે. આથી એમ કહ્યું છે કે જેમ આકાશમાં વિમાન વિજળી વિગેરે શોભે

છે તેમ ભગવાનના રૂપમાં આભૂષણો શોભે છે, એટલે (તે રૂપ) આકાશની સમાન હોવા છતાં, આકાશથી ઉત્તમ છે. ૧૨.

૧. વિદુરે ૩।૧।૪૪માં ભગવાનના દેહનું નિરૂપણ કર્યું તે ખોટું છે એમ જણાવવા તે છૂટા નહિ પડેલા સત્, ચિત્ અને આનંદરૂપ એટલે અક્ષરબ્રહ્મરૂપ છે એમ કહે છે એવો અર્થ છે. (પ્ર)

૨. 'મર્ત્યોની લીલા' એવો સમાસ લેતાં મર્ત્યલીલાનો આધાર થાય (મર્ત્યમાં લીલા હોવાનું સંભવે), એટલે 'પૃથ્વીથી (માટીથી) ભગવાનનો દેહ પર ન હોય' એવી શંકા દૂર કરે છે. અહિં 'મર્ત્ય (ની લીલા)' કહેલ નથી, પરંતુ અનુકરણ કરવાની જે મર્ત્યની ક્રિયા, તેના જેવી ક્રિયા કરવા યોગ્ય, એમ કહેલું છે. તેથી ભગવાનના દેહ અને મર્ત્યના દેહ (માટી)માં ભેદ હોવાનું સિદ્ધ થાય છે જ. (પ્ર).

૩. 'કાર્યના દોષો' એટલે પદાર્થમાં થતા વિકારો. (પ્ર)

૪. 'અનંત રૂપ કરનારી' એટલે મેનેજરની (સંચાલકની) પેઠે રૂપ ગોઠવનારી. (પ્ર)

૫. પોતાનું સ્વરૂપ જાણનારાઓને દેખાડવા માટે તેવું રૂપ માયામાં બનાવેલું છે. (પ્ર)

૬. જલથી ઉત્તમપણું કેવી રીતે થાય છે તે અહિં કહેલું છે. જેમ તેજરૂપ ચંદ્ર વિગેરેના અંશો કિરણો જલમાં પ્રવેશે છે, અને જલમાં પ્રવેશેલા અંશોમાં માયાથી ચંદ્રના બધા ગુણો દેખાય છે, તેમ માયામાં ભગવાનના રૂપના અંશો પ્રવેશ કરે છે અને તેમાં પ્રવેશ કરેલા અંશોમાં તે રૂપના ગુણો દેખાય છે. આ ગુણો માયા દેખાડે છે એ માયાનું માયાપણું હોવા છતાં ઉત્તમપણું છે. ભગવાનનું રૂપ યોગમાયાથી ઢંકાએલું હોવાથી બધાને ભગવાન્ દેખાતા નથી. મૂળરૂપમાં (ભગવાનના) વાસ્તવિક ગુણો છે. તે માયાથી ઢંકાતાં, જેમ પ્રતિબિંબમાં હાલચાલ થાય છે તેમ તેમાં મર્ત્યના ગુણો દેખાય છે, પણ વાસ્તવિક રીતે ભગવાનના રૂપમાં તેવા (મર્ત્યના) ગુણો નથી. (પ્ર)

એ પ્રમાણે સત્ (પદાર્થો)માં ઉત્તમપણું જણાવીને, નીચેના શ્લોકમાં ચિત્‌માં ઉત્તમપણું કહે છે :

**યદ્ધર્મસૂનોર્બત રાજસૂયે નિરીક્ષ્ય દૃક્સ્વસ્ત્યયનં ત્રિલોકઃ ।।**
**કાત્સ્ન્યેન ચાદ્યેહ ગતં વિધાતુરર્વાક્સૃતૌ કૌશલમિત્યમન્યત ।।૧૩।।**

અહો! ધર્મના પુત્રના રાજસૂય (યજ્ઞ)માં દૃષ્ટિનાં કલ્યાણના ધામરૂપ જે (રૂપ) ને જોઈ ને, ત્રણ લોકોએ એમ માનેલું કે (જગત્) રચનારનું મનુષ્યની સૃષ્ટિ રચવાનું કૌશલ આ સમયમાં અહિં સંપૂર્ણ રીતે જતું રહેલું છે. ૧૩.

ધર્મમાં જ્ઞાન પ્રકટ થાય છે. (ભગવાનનું રૂપ) ધર્મથી ઉત્પન્ન થએલું (અને) ધર્મથી પણ ઉત્તમ છે. તે (ધર્મ)માં પણ રાજસૂયયજ્ઞ ધર્મનાં ઉત્તમપણાંરૂપ છે. તેવી ભગવાનની સ્થિતિનું ધર્મથી સ્મરણ કરીને આ કહે છે. 'બત' 'અહો!' શબ્દ હર્ષ દેખાડે છે કે જે ભગવાનનાં રૂપનું દર્શન કરીને બધાએ તેને આવું (ઉત્તરાર્ધમાં કહે છે તેવું) જાણેલું. 'દૃષ્ટિનાં કલ્યાણનાં ધામરૂપ' શબ્દથી તે રૂપનું (મૈત્રેય) વર્ણન કરે છે. દૃષ્ટિઓનું 'સ્વસ્તિ' કલ્યાણરૂપ 'અયનં' ધામ તે રૂપ છે. બધાએ વિષયો દૃષ્ટિઓનો નાશ કરનારા[1] છે. જે ભગવાનના સંબંધવાળા વિષયો છે તેઓ પણ સ્વરૂપથી

કલ્યાણરૂપ[2] નથી. વધારે (કહેવા)થી શું ? વિષયમાત્ર તે દષ્ટિનો ક્ષય કરનાર છે, પરંતુ (તેનું) પોષણ કરતો નથી, પરંતુ જ્ઞાનજ દષ્ટિનું પોષણ કરનારું છે, અને જ્ઞાનની ઈન્દ્રિયોનું તે (ભગવાનનું રૂપ)જ ધામ છે. સજાતીયમાં (પોતાની જાતનામાં)જ પ્રવેશ કરેલું સજાતીય વૃદ્ધિ પામે છે. તેથી (ભગવાનનો દેહ) વિષય છે એવા મત પ્રમાણે પણ 'કોઈકજ ધીર પુરુષે અંદરના આત્માને જોયો' એ નિયમ પ્રમાણે અને '(ભગવાનનું રૂપ) ચક્ષુનું ચક્ષુ છે' એ શ્રુતિ પ્રમાણે જ્યારે ચક્ષુ જ્ઞાનનેજ જુએ છે[3] ત્યારે કલ્યાણનું ધામ થાય છે પ્રાપ્ત કરે છે). (રાજસૂયમાં ભગવાનનાં દર્શન થયાં) ત્યારે ત્રણે લોકની જે માન્યતા થઈ તે કહેલી છે. 'અહિં' એટલે ચિદ્રૂપ ભગવાનના દેહમાં 'વિધાતુઃ' જગત રચનારનું કૌશલ જતું રહેલું છે. 'અર્વાક્સૃતૌ' આથી[4] નીચેની સત્ત્વની સૃષ્ટિમાં 'એવ' જ જગત્ રચનારનું 'કૌશલમ્' સામર્થ્ય છે. અથવા અર્વાક્સૃતિ એટલે મનુષ્યની સૃષ્ટિ કારણકે તેની નાડીઓ નીચે વહેનારી હોય છે. તે (સૃષ્ટિ રચવા)માં જે કૌશલ, તે અહિં જતું રહેલું છે. મનુષ્યની સૃષ્ટિ રચવાના કૌશલથી આ (ભગવાનનું રૂપ) બનાવી શકાય તેવું નથી એમ (બધાએ) માનેલું. તેથી એમ જણાવાયું કે આ ચિદ્રૂપ ભગવાનનો દેહ કલ્યાણનું ધામ હોવાથી અને સર્વ લોકની દષ્ટિથી તેવો સિદ્ધ થએલ હોવાથી સત્ત્વની સૃષ્ટિથી જૂદા પ્રકારનો છે. ૧૩.

૧. 'નાશ કરનારા' એટલે અંશથી (થોડો થોડો) નાશ કરનારા છે. તેથીજ મણિના પરીક્ષકો વિગેરેને તેની કિંમત સમજાવવા બાલપણથી જ તેમને પાસે લાવી અભ્યાસ કરાવે છે. (પ્ર)

૨. 'સ્વસ્તિ' ના અર્થ (૧) નાશ ન થવો અને (૨) કલ્યાણ થાય છે. તેથી આ પદાર્થો દષ્ટિનો નાશ ન કરનારા નહિ હોવાથી પોષણ કરનારા પણ થતા નથી. તેથી તેઓ પણ કલ્યાણરૂપ નથી, એવો અર્થ છે. (પ્ર)

૩. ભગવાનના રૂપને પણ લોક જોતા હતા, છતાં તે જ્ઞાનરૂપ હોવાથી દષ્ટિનો નાશ કરનારું નહતું. એવો અર્થ છે. (પ્ર)

૪. 'આથી નીચેની' એટલે ચિત્તથી નીચેની. 'સત્ત્વની(સત્‌ની) સૃષ્ટિ' એ તેનુંજ વ્યાખ્યાન છે. (પ્ર)

નીચેના શ્લોકમાં (ભગવાનનો દેહ) આનંદરૂપ[1] હોવાનું કહે છે.

**યસ્યાનુરાગપ્લુતહાસરાસલીલાવલોકપ્રતિલબ્ધમાનાઃ ।।**

**વ્રજસ્ત્રિયો દગ્ભિરનુપ્રવૃત્તધિયોઽવતસ્થુઃ કિલ કૃત્યશેષાઃ ।।૧૪।।**

જે (ભગવાન્)ની ઉપરના પ્રેમને લીધે થએલા અધિક હાસ્યવાળા રાસમાં (ભગવાનની) લીલાવાળી દષ્ટિથી માન પ્રાપ્ત કરેલી વ્રજની સ્ત્રીઓ (પોતાની) દષ્ટિ સાથે બુદ્ધિ પણ જતી રહેલી હોવાથી, ખરેખર ! કાર્ય પડતું રાખીને ઉભી રહેતી.૧૪.

સ્ત્રીઓને આનંદ મુખ્ય હોવાથી, તેઓની દષ્ટિ આનંદમાંજ રહે છે, કારણ

કે તેઓ આનંદ (પ્રાપ્ત કરવા) માટે જ અથવા તેનું સાધન આચરવા પ્રયાસ કરે છે. ચાલુ પ્રસંગમાં (ભગવાનનો દેહ) સાધન ન હોવાથી, ઉપાધિ વિનાની સ્ત્રીઓની દૃષ્ટિ (તેના) ઉપર પડતી હોવાથી (તેને) આનંદ કહેલ છે. જે ભગવાનની ઉપરના પ્રેમને[2] લીધે 'પ્લુતઃ' ડૂબેલું અથવા અધિક થએલું જે હાસ્ય, તે (હાસ્ય) સાથેનો જે રાસ એટલે ઘણી નર્તકીઓ સાથેનું રસના સમૂહરૂપ નૃત્ય, તેની અંદર (ભગવાનની) જે લીલાવાળી દૃષ્ટિ, તેનાથી પ્રાપ્ત કરેલું છે માન જેમણે તેવી (વ્રજની સ્ત્રીઓ હતી). તેઓ પહેલાં અભિમાનને તજી ભક્તિમાર્ગ પ્રમાણે ભગવાનને શરણ ગએલી. ત્યાં સખ્ય (મૈત્રી) સુધીનું ભગવાનનું ભજન થતાં, (ભગવાન્ ઉપરનો) પ્રેમ વધ્યો. હાસ્ય સાથેનો રાસ પ્રેમને બહાર કાઢી હૃદયમાં ભગવાન્ સાથે એકપણું[3] પ્રાપ્ત કરાવે છે. તેમાં હાસ્યનો ભાગ કામ મધ્યે પ્રવેશ કરી જૂદાઈ પણ જણાવે, તેથી તેને પ્રેમમાં ડૂબાડતાં, તે ઉત્તમ પ્રેમરૂપ થયો. હાસ્ય ઉત્સાહ ઉતપન્ન કરનાર હોવાથી તેની પણ જરુર છે. રાસ (ભગવાનને) વશ કરાવનારો છે. તેથીજ તે (રાસ)માં વશ થએલા ભગવાનની જે લીલાવાળી દૃષ્ટિ, તેનાથી (વ્રજની સ્ત્રીઓએ) પહેલાં તજેલું માન પણ ભગવાને (તેમનામાં) મૂક્યું એટલે દૃષ્ટિ દ્વારા તેમને આપ્યું એટલે તેઓને માન પ્રાપ્ત થયું. આથી અર્થ (કહેલો છે કે વ્રજસ્ત્રીઓનાં) દીનપણાંને લીધે (ભગવાને તેમના) ભક્તિરસને દૂર કર્યો, (એટલે) સ્વતંત્ર થએલીજ તેઓ ભગવાનના આનંદનો અનુભવ કરવા શક્તિવાળી થઈ.

'વ્રજની સ્ત્રીઓ' એટલે ગોકુલની સ્ત્રીઓ. 'વ્રજતિ' ફર્યા કરે તે વ્રજ તે સદા એક સ્થલે રહે નહિ. તેવી સ્ત્રીઓ સ્તબ્ધ (એક સ્થલે રહેનારી) થઈ. એક સ્થલે રસનો સ્વાદ કરે તે (તેમના) સ્વભાવથી વિરુદ્ધ છે. એટલે સ્વભાવ ઉપર વિજય પ્રાપ્ત કરનાર ભગવાન્ આનંદથી ભરપૂર[4] છે. 'દૃષ્ટિ સાથે બુદ્ધિ પણ જતી રહેલી હોવાથી' શબ્દથી એમ કહેલું છે કે (ભગવાન્ તેમને) કામ પ્રાપ્ત કરાવતા નહતા. દૃષ્ટિની સાથે જતી રહેલી છે બુદ્ધિ જેમની તેવી (તે સ્ત્રીઓ થઈ). જ્યારે દૃષ્ટિએ ભગવાનમાં પ્રવેશ કર્યો ત્યારે તેની સાથે ચેતના (બુદ્ધિ) પણ ત્યાંજ ગઈ. તેથી ભગવાનના સ્વરૂપમાંજ તેમને આનંદનો અનુભવ થતો હોવાથી, તેમને પોતાના દેહમાં કામનો ભોગ કરવાની જરુર નહતી. અંતઃકરણ વિગેરે ત્યાં (ભગવાનના સ્વરૂપમાં)જ પરોવાએલાં હોવાથી, (તેમને) કામથી આનંદ થાય તેમ ન હતું, તેમજ પોતાના (દેહ)ની અંદર થએલા આનંદનો અનુભવ થાય તેમ નહતું. 'કિલ' 'ખરેખર' શબ્દથી એમ કહેલું છે કે આ વિષયમાં સંદેહ ન કરવો. વળી તેઓ કાર્ય પડતું રાખીનેજ ઉભી રહેતી. 'કૃત્યે' કાર્ય બાકી રહેલું છે જેમનું તેવી (તેઓ હતી). ક્ષણે ક્ષણે ભગવદ્રૂપ

થતી હોવાથી, ઘરના કાર્યોમાં (તેમનું) કાર્ય બાકીજ રહેતું, કારણ કે તેમને દેહનું સ્મરણ થતું નહિ. તેથીજ (તેમને) પોતા(ના દેહ)ની અંદર આનંદ ઉત્પન્ન ન થતો. જેમ દૂર રહેલા (પદાર્થ)ને દૃષ્ટિ જૂએ છે તેમ દૂર રહેલા આનંદરૂપ ભગવાનને પણ તેમની દૃષ્ટિ જોતી. તેમ ન હોય તો[૫] આનંદ પ્રાપ્ત કરવા ઈચ્છાનારાઓની એવી સ્થિતિ ન હોય. ૧૪.

૧. 'આનંદરૂપ' એટલે ઉત્તમ આનંદરૂપ, તે શ્લોક પરની શ્રીસુબોધિનીના આરંભથી સિદ્ધ કરે છે. (પ્ર)

૨. 'અનુરાગ' શ્લોકમાં છે, તેનો અર્થ ભગવાનની ઉપરનો પ્રેમ છે. (પ્ર)

૩. મનનો લય થતાં ચિદ્રૂપ પોતાનો આત્મા રસરૂપ ભગવાન્ સાથે એક જણાય છે. (પ્ર)

૪. 'આનંદથી ભરપૂર' એટલે હદવિનાના આનંદરૂપ ભૂમા. એ રીતે આનંદનું ઉત્તમપણું સિદ્ધ કર્યુ. (પ્ર)

૫. જો ભગવાનને આનંદના સાધન તરીકે જોતી હોત તો, બુદ્ધિ સંપૂર્ણ રીતે ભગવાનમાં પ્રવેશત નહિ, અને તેમ થયું હોત તો ઘરનું કામ પડતું રાખીને તેઓ ઉભી રહેત. આથી એમ સિદ્ધ થાય છે કે તેઓ જે કાંઈ કાર્ય કરતી તે પણ ૧૦।૨૫।૧૬ માં જણાવ્યા પ્રમાણે ભગવાનજ કરતા(પ્ર).

એવી રીતે ભગવાનનો દેહ સચ્ચિદાનંદરૂપ છે એમ સિદ્ધ કરીને, ''તેમાં જીવની પેઠે ભગવાન્ પણ રહે છે એમ કહેવું જોઈએ'' એવી શંકા થતાં, તેજ સચ્ચિદાનંદરૂપ (ભગવાનના દેહ)માં અક્ષરમાં રહેલા પુરુષોત્તમનો અગ્નિની પેઠે તેમાં પ્રાદુર્ભાવ થાય છે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**સ્વશાન્તરૂપેષ્વિતરૈઃ સ્વરૂપૈરભ્યર્દ્યમાનેષ્વનુકમ્પિતાત્મા ।।**
**પરાવરેશો મહદંશયુક્તો હ્યજોઽપિ જાતો ભગવાન્યથાઽગ્નિઃ ।।૧૫।।**

પોતાના શાંત રૂપોને બીજા પોતાનાં રૂપોથી પીડા કરવામાં આવે ત્યારે દયાળુ અંતઃકરણવાળા, કાલ કર્મ વિગેરેને વશ રાખનાર, ભગવાન્ મહદ્ અંશવાળા સાથે ભળી અગ્નિની પેઠે (પોતે) જન્મરહિત હોવા છતાં પ્રકટ થાય છે. ૧૫.

અક્ષરનો એવી રીતે (ભગવાનના દેહ તરીકે) આવિર્ભાવ, અને તેમાં ભગવાનનો આવિર્ભાવ કારણ વિના થતા નથી. બીજાની મારફત (ભગવાન્) તે કાર્ય[૧] કરાવે, તો પક્ષપાતી થાય. તેથી પુત્રને શિક્ષા કરવાની પેઠે ભગવાન્ દૈત્યોને હણે છે એમ (આ શ્લોકમાં) કહે છે. દેવો વિગેરેરૂપ પોતાના શાંત સ્વરૂપોને, પોતાનાંજ સ્વરૂપ બનેલાં બીજા ઘોર દૈત્યોથી પીડા કરવામાં આવે, ત્યારે દયાળુ અંતઃકરણવાળા સંપૂર્ણ પ્રકારથી પણ જન્મરહિત અક્ષરસહિત પુરુષોત્તમ પોતે (તે) બંનેનું સમાધાન કરવા પ્રકટ થાય છે, એવો અર્થ છે. (તેમને) કાલ તથા કર્મ વિગેરે પ્રેરણા કરતા નથી એમ જણાવવા 'પરાવરેશઃ' એમ કહેલું છે. (ભગવાન્) 'પરઃ' કાલ વિગેરે, 'અવર'

કર્મ વિગેરે, તેમને વશ રાખનારા છે.

''પુરુષ, નારાયણ અથવા પ્રથમ પુરુષ પોતાના આનંદ સાથે ભલે (આ કાર્ય માટે) પ્રકટ થાય પુરુષોત્તમ પ્રકટ થવાથી શું ?'' એવી શંકા થાય, તેથી 'મહદંશવાળા સાથે ભળી' એમ કહેલું છે. મહાન્[2] છે અંશ જેનો તે, પ્રથમ પુરુષ, તેની સાથે ભળી (પ્રકટ થાય છે). સૃષ્ટિ (રચવા) માટે પોતાની અંદર પ્રકૃતિ અને પુરુષનો સમાવેશ કરીનેજ[3] (પુરુષોત્તમ) પ્રકટ થાય છે. તેથીજ પોતાની (પુરુષોત્તમની) અંદર યશોદા વિગેરેએ જગત્ જોએલું,[4] કારણ કે આજ બ્રહ્મનું ચિદ્રૂપ[5] છે. (તે પુરુષોત્તમ સિવાય) બીજા[6] નથી એમ જણાવવા 'ભગવાન્' શબ્દ યોજેલો છે. 'અગ્નિની પેઠે' શબ્દનું વ્યાખ્યાન[7] કરેલું છે. ૧૫.

૧. 'તે કાર્ય' એટલે પુરુષોત્તમનો આવિર્ભાવ થવામાં કારણરૂપ કાર્ય. (પ્ર)
૨. 'મહાન્' એટલે મહત્તત્વ. (પ્ર)
૩. ''ભગવાન્ પ્રથમ પુરુષથી ભળીને પ્રકટ થયા હોત તો, આભૂષણોની પેઠે પ્રથમ પુરુષ પણ દેખાત'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. તેનો ભગવાને પોતાની અંદર સમાવેશ કરેલ હોવાથી તે દેખાતા નથી. (પ્ર)
૪. આ વાક્યથી પ્રથમ પુરુષનો ભગવાનમાં સમાવેશ થએલ હોવાનું પ્રમાણ કહેલું છે. (પ્ર)
૫. બ્રહ્મસૂત્ર. ૧।૧।૨ ('જન્માદ્યસ્ય યતઃ' એ સૂત્ર)માં જણાવેલ જગતના અને વિરુદ્ધ ગુણોના આધાર હોવાપણું (ચિહ્ન છે). (પ્ર)
૬. 'બીજા નથી' એટલે 'અક્ષર તથા પુરુષ નથી'. (પ્ર)
૭. આ શ્લોકના આભાસમાં જ વ્યાખ્યાન કરેલું છે કે જે હતા તેજ ભગવાન્ પ્રકટ થાય છે, (ક્યાંયથી) પધારતા નથી. (પ્ર)

ભગવાનના દેહ અને આત્મા (અનુક્રમે) અક્ષર અને પુરુષોત્તમ છે એ એવી[1] રીતે સિદ્ધ કરીને, લોકની દૃષ્ટિનો વિરોધ અને ભગવાનના વચનનો વિરોધ અનુક્રમે નીચેના શ્લોકથી આરંભી બે (શ્લોકો)થી દૂર કરે છેઃ

**માં ખેદયત્યેતદજસ્ય જન્મવિડમ્બનં યદ્વસુદેવગેહે ।।**
**વ્રજે ચ વાસોઽરિભયાદિવ સ્વયં પુરાદ્ વ્યવાત્સીદ્યદનન્તવીર્યઃ ।।૧૬।।**

જન્મવિનાનાએ વસુદેવના ઘરમાં જે જન્મનું અનુકરણ કર્યું, અને વ્રજમાં વાસ કર્યો, (અને) અનંત પરાક્રમવાળા પોતે શત્રુથી ભય પામતા હોય તેમ જેશહેરમાંથી નાઠા– આ મને ખેદ ઉત્પન્ન કરે છે. ૧૬.

ભગવાને લોકને ઠગવા માટે (પોતાનો) દેહ પ્રાકૃત હોવાનું જણાવવા, (પોતે) વસુદેવના પુત્ર હોવાપણાંનું વિગેરે જે અનુકરણ કર્યું, તે અનુકરણ પણ તેમને માટે જરાએ યોગ્ય નહતું તેથી, (ભગવાને) તેમ કર્યું એ મને ખેદ ઉત્પન્ન કરે છે, કારણકે સર્વશક્તિવાળાને (બીજાને) ઠગવાનું શું પ્રયોજન ?[2] એમ આ શ્લોકમાં કહે

છે. તે (અનુકરણ) પણ 'વસુદેવગેહે' વસુદેવના ઘેર (તેની) પત્ની દેવકીજી (થી જન્મવાનું) કર્યું. આના કરતાં જાણેકે સ્તંભમાંથી, જલમાંથી, તથા બ્રહ્માના હૃદયમાંથી પ્રકટ થતા હોય તેવું અનુકરણ[3] સારું. તેથી (આ અનુકરણ) મને ખેદ ઉત્પન્ન કરે છે. વળી વ્રજમાં વાસ કર્યો તે પણ મને ખેદ ઉત્પન્ન કરે છે. ક્યાં વ્યાપિવૈકુંઠમાં રહેનારા (ભગવાન્) ! તે લૌકિક ( પુરુષોએ )[4] પણ રહેવા માટે અયોગ્ય ગોકુલમાં એવી રીતે કેમ રહ્યા ? એવો ( ખેદ થાય છે ). વળી શત્રુથી ભય પામતા હોય તેમ-જરાસંધ વિગેરેથી ભય પામેલા હોય તેની પેઠે 'પુરાત્' મથુરા શહેરમાંથી જે નાઠા, એટલે શહેરમાંથી નાસી જઈ બીજા સ્થાને જે ગયા ( તે ખેદ પમાડે છે ). વિવાસ એટલે પરદેશમાં વાસ કર્યો. (આ) અયોગ્ય હોવાનું કારણ 'અનંત પરાક્રમવાળા' વિશેષણથી કહેલું છે. 'અને વ્રજમાં ( વાસ કર્યો )'માં 'અને' શબ્દ ગુરુકુલ (સાંદીપનિનું ઘર) વિગેરેનો સમાવેશ કરવા યોજેલો છે. તેમને ભય ન હોવાથી 'અરિભયાદિવ' 'શત્રુથી ભય પામતા હોય તેમ' માં 'ઈવ' 'તેમ' શબ્દ યોજેલો છે, કારણ કે સર્વના આત્મા ( ભગવાન્ ) શત્રુ નથી, તેમજ તેમને ભય પણ નથી; કેમકે તે બીજાઓના ભયને પણ દૂર કરનારા છે. 'પોતે' ( નાઠા ) એટલે અંશ દ્વારા ( તેમ કર્યું ) નહતું. ૧૬.

૧. શ્લોક ૧૨।૧૩।૧૪ થી ભગવાનનાં સ્વરૂપ ( દેહ )નું નિરૂપણ કરીને અને તેમાં અગ્નિની પેઠે પોતે પ્રકટ થયા એમ શ્લોક ૧૫ માં કહીને. ( પ્ર ).

૨. આથી ( અનુકરણ ) અયોગ્ય હોવાનું કારણ કહેલું છે. ( પ્ર ).

૩. આથી ખેદ થવાનું કારણ કહેલું છે. જન્મનું અનુકરણ કરવાનું જરુરી હોય તો નૃસિંહની પેઠે ( સ્તંભમાંથી ), મત્સ્યની પેઠે ( જલમાંથી ), અથવા વરાહની પેઠે ( બ્રહ્માના હૃદયમાંથી ) પ્રકટ થાય તે સારું. તેમ ન કર્યું તેથી ખેદ થાય છે. ( પ્ર )

૪. 'લૌકિક ( પુરુષોએ )' એટલે લોકમાં ઉત્તમ પુરુષોએ. ( પ્ર )

નીચેના શ્લોકમાં (ભગવાનના) વચનોનો વિરોધ દૂર કરે છેઃ

**દુનોતિ ચેતઃ સ્મરતો મમૈતદ્યદાહ પાદાવભિવન્દ્ય પિત્રોઃ ।**
**તાતામ્બ ! કંસાદુરુશંકિતાનાં પ્રસીદત નોઽકૃતનિષ્કૃતીનામ્ ।।૧૭।।**

'હે પિતા ! કંસથી ઘણો ભય પામેલા, (આપના) ઉપકારનો બદલો વાળી ન શક્યા તેવા અમો ઉપર પ્રસન્ન થાઓ' આ (વાક્ય ભગવાને) માતપિતાના ચરણોમાં પ્રણામ કરી જે કહેલું, તેનું સ્મરણ કરતાં તે મારાં ચિત્તમાં દુઃખ કરે છે. ૧૭.

'માતપિતાના ચરણોમાં પ્રણામ કરી', એટલે કંસના વધ પછી દેવકી અને વસુદેવના ચરણોમાં પ્રણામ કરી, ભગવાને એવું કહેલું કે 'હે પિતા ! હે માતા ! કંસથી ઘણો ભય પામેલા, તે શું કરશે એવા ભયને લીધે ઘણા ભય પામેલા અમો ઉપર તમે

બંને પ્રસન્ન થાઓ.' આ જે વાક્ય (કહેલું) તેનું સ્મરણ કરતાં તે મારા ચિત્તમાં 'દુનોતિ' દુઃખ કરે છે. આથી બધાએ ભગવાનનાં વચનો 'માનુષ દેહ ધારણ કરેલા' ''વસુદેવના પુત્ર મને 'વાસુદેવ' એમ કહે છે'' વિગેરે વચનો લોકને ઘણો મોહ કરવાજ (કહેલાં) એવું (તેમનું) વ્યાખ્યાન થયું. જ્યારે ભગવાનના વચનોનીજ આ સ્થિતિ[1] છે, ત્યારે તેમણે જેમને મોહ ઉત્પન્ન કરેલો તેમનાં વચનોનું તો કહેવુંજ શું ? એવો ભાવ છે. ૧૭.

૧. 'આ સ્થિતિ' એટલે સ્વરૂપથી વિરુદ્ધ હોવાને લીધે અને ભગવાનનાં બીજાં વચનોથી વિરુદ્ધ હોવાને લીધે ન માનવા જેવાપણું. (પ્ર)

એવી રીતે બધાનો વિરોધ દૂર કરી, (શ્રીકૃષ્ણ) સાક્ષાત્ પુરુષોત્તમ છે એમ સિદ્ધ કરીને, તેમના ગુણ અને કર્મો જણાવતાં, આરંભમાં ભક્તિમાર્ગ સિદ્ધ થાય તે માટે નીચેના શ્લોકથી (આરંભી) ભજન કરવા યોગ્ય ગુણો જણાવે છેઃ

**કો વા અમુષ્યાઙ્ઘ્રિસરોજરેણું વિસ્મર્તુમીશીત પુમાન્ વિજિઘ્રન્ ।।**
**યો વિસ્ફુરદ્ભ્રૂવિટપેન ભૂમેર્ભારં કૃતાન્તેન તિરશ્ચકાર ।।૧૮।।**

જેમણે પોતાની સારીરીતે ફરકતી ભ્રમરની શાખારૂપ કાલથી ભૂમિના ભારને દૂર કર્યો તેવા આમની ચરણકમલની રેણુને સૂંઘનાર ક્યો પુરુષ તેને ભૂલી શકે ? ૧૮.

ભજન કરવા યોગ્ય તેજ હોય કે જે (૧) પોતે ભય વિનાનો હોય (૨) એકવાર પણ શરણ આવેલાને સર્વ તરફના ભયથી મુક્ત કરે (૩) આ લોકની તથા પરલોકની સમૃદ્ધિ અને મોક્ષ આપે (૪) ભજનનો સંદેહ હોય તો પણ આકસ્મિક સંબંધથી પણ મુક્તિ આપે (૫) પોતે દોષવિનાના અને પૂર્ણ ગુણોવાળા દેહવાળો હોય (૬) અધિકારવિનાનાને પણ મોક્ષ આપે (અને) (૭) બીજાને માટે પોતે કરેલા નિયમનો પણ વિરોધ ન માને. એવી રીતે જે સાત ગુણ વાળો હોય, છ અંગો સહિત ભજન માટે ઉપયોગી મોટા ગુણવાળો હોય તે ભજન કરવા યોગ્ય છે એવો (અર્થ છે). જો (એ) સાતે ગુણોના કારણ બનેલા બીજા ત્રણ (૧) ઘણી જ શક્તિ (૨) સ્વરૂપથીજ સર્વથી ઉત્તમપણું અને (૩) ઘણીજ દયા (એ) ગુણો હોય તો તે બધાએ સેવા કરવા યોગ્ય છે. તે (આ શ્લોકથી આરંભી) સાત શ્લોકોથી કહે છે. દરેક શ્લોકમાં એક એક કરી સાત ગુણો કહેલા છે; તેજ (શ્લોકો)થી બે (શ્લોકો)થી, ત્રણથી અને પછી બેથી (સાત ગુણોના) કારણ[1] (બનેલા) ગુણો કહેલા છે.

તે પૈકી આરંભમાં (આ શ્લોકથી) ઘણીજ શક્તિ જણાવતાં, (ભગવાન્) શરણ આવેલાના સર્વ દુઃખ દૂર કરનારા છે એમ કહે છે. બધાએ પ્રાણીઓ બધાએ (દેવો)ને ભજે છે, અને તેમનામાં (દેવોમાં) રહેલા ગુણો તથા દોષોને લીધે (તેમનામાં) પ્રેમવાળા અથવા પ્રેમરહિત થાય છે. આ વિષયમાં એવો નિર્ણય છે (કે)

જેનું ભજન કરવામાં આવતું હોય તેનામાં દોષ ન હોય તો જેની સેવા કરતા હોય તેને તજતા નથી. લોકમાં બધાએ દેવોના તથા મનુષ્યોના સેવકો તેમનો ત્યાગ કરી ભગવદીય થાય છે, (પણ) ભગવદીયો કોઈ પણ પ્રસંગે બીજાના (સેવક) થતા નથી. આ શાસ્ત્રાર્થને હું ખોટો પાડીશ એવા વિચાર જે ભગવાનના માર્ગમાં આવી, તેનો કુતૂહલથી પણ ત્યાગ કરવા ઈચ્છે છે, તે પણ તેમ કરી શકતો નથી.[૨] તે (અર્થ) 'આમની ચરણકમલની રેણુને એકવાર પણ સૂંઘનાર ક્યો (પુરુષ) તેને ભૂલી શકે ?' એ શબ્દોથી કહેલો છે. તેથી તેજ ઈશ્વર છે કે જે સેવકોને વશ કરે છે. નાકના માર્ગથી (દેહની) અંદર ગએલો ઉપર કહેલો રેણુ તેના દેહને ભગવદીય જ કરે છે.[૩] તે (ભગવાન્)ને માટે જેનો દેહ ઉત્પન્ન કરાવ્યો તેવો તે, સર્વ તરફથી ફેલાએલા તે રેણુને ભૂલવાને શક્તિમાન થતો નથી.

''દુઃખી થએલો દેહને પણ ભલે, દુઃખ દૂર કરનારનોજ અધિક આદર કરે'' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. આ (ભગવાન્) કલ્પવૃક્ષ છે, જેમની ભ્રમર (તે વૃક્ષની) પાંદડા સાથેની કોઈ એક ડાળ છે. અનંત ડાળવાળાની તે એક શાખા સ્વભાવથી સંહાર કરનારી છે, પરંતુ પ્રસન્ન થઈ હોય તો તે પણ ઘણુંજ ઐશ્વર્ય આપે[૪] છે. તેથી તેવી ડાળ હોવાથી, (ભગવાન્) પોતાના (દુઃખી થએલા જીવના) દુઃખનો નાશ કરે તેમાં શું શંકા ? કારણ કે સર્વનો આધાર બનેલી ભૂમિનોજ 'કૃતઃ' કરેલો છે 'અંતઃ' અંત જેનાથી તેવી (ડાળ છે). (તે ભ્રમરરૂપ ડાળ) સારી રીતે ફરકતાં (નાશ કરે છે). જ્યાં ભાર થવાનો સંભવ હોય, ત્યાં પણ પોતે પધારી નાશ કરવાના સ્વભાવવાળી ભ્રમરરૂપ ડાળથી ભારનો પણ નાશ કરે છે, જે કાર્ય માટે બધાએ દેવો વિગેરે પણ ભારે પ્રયત્ન કરતા હોય છે. જેટલા સમયમાં તેઓ (ભાર) દૂર કરવા આવે, તે પહેલા જ તે ભાર (ભગવાનની ભ્રમરરૂપ ડાળથી) દૂર થએલો હોય છે. જેમ (સૂર્યની) પહેલાં નીકળેલાં સૂર્યનાં કિરણોથીજ બધા અંધકારનો નાશ થાય છે, (અને) સૂર્ય તો અંધકારને જોતો પણ નથી, તેમ ભગવાન્ ભક્તોના (દુઃખને જોતા પણ નથી) એવો અર્થ છે.

૧. 'કારણ બનેલા ગુણો' એટલે ઘણી જ શક્તિ વિગેરે ( ત્રણ ) ( પ્ર ). અહિં નાથદ્વારાવાળી પ્રતમાં 'સ્થૂલગુણાઃ' પાઠ છે. પ્રકાશે 'મૂલગુણાઃ' પાઠ લીધો છે. વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં પણ તેજ પાઠ છે. તેથી તે પાઠ લીધો છે.

૨. મૂલ શ્લોકમાં 'વા' શબ્દથી જેના વિષે અનાદર ( તિરસ્કાર ) દર્શાવેલ છે તેને અહિં સ્પષ્ટ રીતે દર્શાવેલ છે. ( પ્ર )

૩. જેમના નાક દ્વારા આ રેણુએ દેહમાં પ્રવેશ કરેલો નથી તેઓનો તિરસ્કાર કરેલ છે એવો અર્થ છે. ( પ્ર )

૪. 'તેમની ભ્રમરનું ખીલવું ઘણા ઐશ્વર્યનું ધામ છે' એ વાક્ય હોવાથી તે ઐશ્વર્ય આપે છે. (પ્ર)

ભક્તોને ઈચ્છેલું ફલ (આપે) તેમાં તો કહેવાનું છેજ નહિ, કારણકે તિરસ્કાર કરનારને ભગવાનની પ્રાપ્તિ થઈ. તે લોભને વશ થએલો સર્વ ધર્મનો વિરોધી અસુર હોવા છતાં પણ, માત્ર ભગવાનના સંબંધથી જ-તે (સંબંધ) મના કરેલ (પ્રકારનો[1]) હોવા છતાં-જ્ઞાનીને પણ દુર્લભ સાયુજ્ય પામ્યો. વળી આ વૃત્તાંત બધાને પ્રત્યક્ષ થયો તે નીચેના શ્લોકમાં કહે છે :

**દૃષ્ટા ભવદ્ભિર્નનુ રાજસૂયે ચૈદ્યસ્ય કૃષ્ણં દ્વિષતોઽપિ સિદ્ધિઃ ।।**
**યાં યોગિનો સંસ્પૃહયન્તિ સમ્યગ્યોગેન કસ્તદ્વિરહં સહેત ।।૧૯।।**

હે (ઉદ્ધવ) ! જે સિદ્ધિની યોગીઓ સારી રીતે આચરેલા યોગથી સ્પૃહા કરે છે, તે સિદ્ધિ રાજસૂયમાં શ્રીકૃષ્ણનો દ્વેષ કરનાર શિશુપાલને પણ (પ્રાપ્ત થએલી) તેં જોઈ. તે (ભગવાન)નો વિરહ કોણ સહન કરે ? ૧૯.

શ્રીકૃષ્ણનો દ્વેષ કરનાર 'ચૈદ્યસ્ય' શિશુપાલને પણ રાજસૂયની સભામાં-જ્યારે બધાએ રાજાઓ ત્યાં સેવા કરતા હતા ત્યારે-જે સાયુજ્યરૂપ સિદ્ધિ (પ્રાપ્ત થએલી), તે તેંજ જોએલી છે. 'નનુ' 'હે' એવું સંબોધન વિદુરની સંમતિ જણાવવા (યોજેલું છે). સ્વભાવથી ઉત્તમ યોગીઓ ફલ પ્રાપ્ત કરાવનાર સર્વ સાધનવાળા યોગ વડે પણ તે સિદ્ધિની માત્ર સ્પૃહાજ કરે છે, પરંતુ ભગવાનના સંબંધ વિના તે પ્રાપ્ત કરતા નથી. તેથી જેમાં ભગવાનનો સંબંધ ન હોય તેવો તેમનો વિરહ કોણ જ સહન કરે ?, કારણ કે ભગવાનનો સંબંધ કરોડો કલ્પવૃક્ષોથી પણ અધિક છે. તે પ્રાપ્ત થયો હોય ત્યારે કોણજ તેનો ત્યાગ કરી શકે ? એવો અર્થ છે. ૧૯.

૧. અહિં 'પ્રકારનો' શબ્દ અધ્યાહાર છે. (પ્ર)

એ પ્રમાણે ઈચ્છેલું પ્રાપ્ત કરાવનાર અને દુઃખ દૂર કરનાર હોવાનો ભગવાનનો ગુણ કહીને, નીચેના શ્લોકમાં સ્વરૂપનું નિરૂપણ કરતાં કહે છે કે (ભગવાન્) (બીજો કોઈ) સંબંધ ન હોવા છતાં પણ માત્ર સ્વરૂપના સંબંધથી જ ઉપર કહ્યું તેથી પણ અધિક ફલ આપે છેઃ

**તથૈવ ચાન્યે નરલોકવીરા ય આહવે કૃષ્ણમુખારવિન્દમ્ ।।**
**નેત્રૈઃ પિબન્તો નયનાભિરામં પાર્થાસ્ત્રપૂતાઃ પદમાપુરસ્ય ।।૨૦।।**

વળી નરલોકના વીરો અને બીજાઓ જેઓ અર્જુનના આયુધોથી પવિત્ર થએલા, તેઓ યુદ્ધમાં નયનોને આનંદકારક શ્રીકૃષ્ણના મુખારવિંદનું નેત્રોથી પાન કરતાં તેવીજ રીતે આમના સ્થાનને પામેલા. ૨૦.

જેઓ નરલોકમાં વીરો છે, અને ભગવાનના સંબંધ વિનાના બીજાઓ જે ભગવાનને જાણતા પણ નહતા, તેઓ પણ યુદ્ધમાં સ્વરૂપના સૌંદર્યથીજ ઘણો મોહ

પામી નેત્રોથી નયનોને આનંદકારક લાવણ્યામૃતના પૂરવાળા શ્રીકૃષ્ણનાં મુખારવિંદને જોતાં, ભગવાનનું સાયુજ્ય થવામાં નડતરરૂપ અશુદ્ધ પોતાના દેહને તજી, અર્જુનના આયુધોથી પવિત્ર થએલા ઘણાએ તે (ભગવાન્)ના ચરણારવિંદરૂપ વ્યાપિવૈકુંઠ પ્રાપ્ત કરેલું છે. આવા (ભગવાન્ પાસેથી) ફલ (પ્રાપ્ત કરવા)માં શી ચિંતા ? ૨૦.

પરંતુ આ (ફલ પ્રાપ્ત કરવા)માં ઘણો મોહ કરનારી ભગવાનની લીલા એકજ નડતરરૂપ છે. તેનાથી જો મોહ ન પામે તો[1] (ફલ પ્રાપ્ત થાયજ), કારણ કે તે ભગવાનના સર્વથી ઉત્તમ હોવાપણું વિગેરે ગુણોને અને શાસ્ત્ર ન જાણનારની બુદ્ધિમાં રહેલ ભજન કરવા યોગ્યપણાંને હરે છે. તે વિષયમાં સાવધાન રહેવું જોઈએ, એમ નીચેના (શ્લોકથી આરંભી) બે (શ્લોક)થી કહે છેઃ

**સ્વયં ત્વસામ્યાતિશયસ્ત્ર્યધીશઃ સ્વારાજ્યલક્ષ્મ્યાડડપ્તસમસ્તકામઃ ।।**
**બલિં હરદ્ભિશ્ચિરલોકપાલૈઃ કિરીટકોટીડિતપાદપીઠઃ ।।૨૧।।**

(ભગવાનની) પોતાની સમાન અથવા અધિક કોઈ નથી, પોતે તો ત્રણના અધીશ્વર છે, પોતાની અંદરનાં રાજ્યની લક્ષ્મીથી (પોતાની) સર્વ કામનાઓ તેમણે પ્રાપ્ત કરેલી છે, (અને) આહુતિ લાવનાર ઘણા સમયના લોકપાલોએ (પોતાના) કરોડો મુકુટોથી તેમના ચરણના આસનની સ્તુતિ કરેલી છે. ૨૧.

પોતે સર્વથી ઉત્તમ ઈશ્વર હોઈ, સર્વથી અધમ જડ તે (ઉગ્રસેન)ને પોતે તેવો[2] (રાજા) કરીને, તેનું સેવાપણું આચરે–એવી જે આ (ભગવાનની) લીલા ઘણો મોહ કરનારી છે, જે (ભગવાનના સેવકપણા)ને લીધે ભમેલાઓ પોતાના હૃદયમાં એમ માને છે કે આ (ભગવાન્) આવા (સેવક) જ છે. તે પૈકી આ શ્લોકમાં આરંભમાં તેમનું સર્વથી ઉત્તમપણું કહે છે. 'તુ' 'તો' શબ્દ ભમેલાઓની માન્યતાને કાઢી નાખવા (યોજેલો છે). લોકમાં અથવા વેદમાં જેમની સમાન તથા જેમનાથી અધિક કોઈ નથી તેવા (ભગવાન્) છે, કારણ કે સ્વરૂપથી અને ગુણથી તેમજ પ્રસિદ્ધિથી તે ત્રણના[3] અધિશ્વર છે. વળી તેમનું ઈચ્છેલું પણ કાંઈ પણ (પ્રાપ્ત થયા વિનાનું) બાકી રહેતું નથી, કે જે લૌકિક નિયમપણું તેમને સેવકપણું કરાવે. તે (અર્થ) 'પોતાની અંદરનાં રાજ્યની લક્ષ્મીથી (સર્વ કામનાઓ તેમણે પ્રાપ્ત કરેલી છે)' શબ્દથી કહેલો છે. પોતાની અંદરનું જ જે રાજ્ય–બધુંએ જગત્ પોતાની (ભગવાનની) અંદર જ રહેલું છે (તેથી) જે (ભગવાન્) પોતાની અંદર રાજ્ય કરે છે તે બધાઓના ઉપર (રાજ્ય) કરે છે–તે (રાજ્ય)માં હદવિનાના આનંદરૂપ જે લક્ષ્મી, તેનાથી જ પ્રાપ્ત કરેલી છે બધીએ કામનાઓ જેમણે તેવા (ભગવાન્) છે, કારણ કે 'આમનાજ આનંદના અંશ ઉપર બીજાઓ નભે છે' એમ શ્રુતિ (કહે છે). વળી લોકમાં પણ તેમનું

ઐશ્વર્ય પ્રસિદ્ધ છે, કારણ કે આહુતિ લાવનાર ઘણા સમયના લોકપાલોએ (પોતાના) કરોડો મુકુટોથી 'ઈડિતં' સ્તુતિ કરેલી છે જેમના ચરણના આસનની, તેવા (ભગવાન્) છે. પદાર્થો કાર્ય (કરે) એવો જે મત[૪] (છે), તે પ્રમાણે મુકુટો પણ આસનની સ્તુતિ (કરે છે), એટલે પોતે હલકી સ્થિતિથી નમ્ર (નમેલા) રહી, પોતાના સંબંધવાળા (આસન)ને સર્વથી ઉત્તમ જણાવે છે. કેટલાક[૫] અથડાવાથી નીકળતા અવાજથી (સ્તુતિ કરે છે) એમ (કહે છે).૨૧.

૧. કેટલાકની મુક્તિ થતી નથી, તેની યોગ્યતા આથી કહી છે. ( પ્ર ) મોહ પામે તેની મુક્તિ ન થાય.
૨. 'તેવા' એટલે ઈશ્વર ( પ્ર ). ઈશ્વર શબ્દ અહિં રાજાના અર્થમાં યોજ્યો જણાય છે.
૩. 'ત્રણના' એટલે ત્રણ ગુણોના અને ત્રણ લોકના. ( પ્ર )
૪. ''સ્તુતિ કરવામાં વાણી જોઈએ, અને મુકુટને વાણી નહિ હોવાથી તે સ્તુતિ કરી શકે નહિ'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. એકવાર ઉચ્ચારેલા શબ્દોથી તેમના અર્થનું જ્ઞાન થાય ત્યારે સંસ્કારે ( મગજમાં ) આણેલા પદાર્થો વાક્યનો અર્થ જણાવે છે, એટલે શબ્દ નથી તેવા પદાર્થો શબ્દનો ગુણ ( અર્થ જણાવવાનો ) ધારણ કરે છે એમ ભાટ્ટો માને છે, તે પ્રમાણે ( મુકુટો સ્તુતિ કરે છે ) એવો અર્થ છે. ( પ્ર )
૫. શ્રીધરે એવું વ્યાખ્યાન કરેલું છે.

આવા ( ભગવાન્ ) પોતાના સિંહાસન ઉપર વિરાજતાં, પોતાની આનંદરૂપ લક્ષ્મીનો અનુભવ કરતાજ વિરાજે એ યોગ્ય છે, પરંતુ સેવકપણું કરે તે યોગ્ય નથી એમ નીચેના શ્લોકમાં કહે છે:

**તત્તસ્ય કૈઙ્કર્યમલંભૃતાન્નો વિગ્લાપયત્યઙ્ગ ! યદુગ્રસેનમ્ ।।**
**તિષ્ઠન્નિષણ્ણં પરમેષ્ઠ્યધિષ્ણ્યે ન્યબોધયદ્દેવ નિધારયેતિ ।।૨૨।।**

હે અંગ ! બ્રહ્માના આસને બેઠેલા ઉગ્રસેનને, 'હે દેવ ! અનુગ્રહ કરો' એમ ઉભા રહીને જે તે ( ભગવાન્ ) જણાવતા હતા તે તેમનું સેવકપણું સંપૂર્ણ રીતે પોષેલા અમને ગ્લાનિ ઉત્પન્ન કરે છે. ૨૨.

સેવકનો ભાવ તે સેવકપણું. 'તેમનું' એટલે ઉપર વર્ણવેલા (ભગવાન)નું. 'તે' એટલે પ્રસિદ્ધ (સેવકપણું) (અમને ગ્લાનિ ઉત્પન્ન કરે છે). ''ભગવાન્ ગમે તે કરે. તારે આ વિચારવાનું શું પ્રયોજન ?'' એવી શંકા થાય, તેથી 'સંપૂર્ણ રીતે પોષેલા અમને' શબ્દો યોજેલ છે. અમને ભગવાને સંપૂર્ણ રીતે પોષેલા નભાવેલા અથવા પોષેલા છે. સેવા કરીએ તે માટે જ અમને પોષેલા છે. જો સૃષ્ટિની પેઠે સેવા પણ ભગવાને કરવાની હોય, તો તે મત પ્રમાણે પણ અમને મુખ્ય સેવા માટે ઉત્પન્ન કરેલા છે, (તેથી) અમારી દ્વારાજ (ઉગ્રસેનની) સેવા ભલે કરાવે. તે (સેવા કરવા) માટે અમને ઉત્પન્ન કરીને, પાછા પોતેજ કરે છે એ સેવકપણું અમને ગ્લાનિ ઉત્પન્ન કરે છે. પોતે ખેદ પામે છે; અમને પણ ગ્લાનિ કરાવે છે 'ગ્લાયયતિ' એવો પાઠ હોય,

ત્યારે 'ગ્લય્' ધાતુનો અર્થ ગ્લાનિ કરાવવી (થાય છે). 'હે અંગ !' એવું પોતાનું દુઃખ જણાવવા યોગ્ય મિત્રનું સંબોધન (કરેલું) છે. 'ઉગ્રસેન' એટલે ઉગ્ર છે સેના જેની, તે કંસનો પિતા તેને, 'પરમેષ્ઠ્યધિષ્ણ્યે' બ્રહ્માનું આસન-'ધિષ્ણ્યં' અને 'અધિષ્ણ્યં' સમાન અર્થવાળા શબ્દો છે-તે (આસન) ઉપર બેઠેલાને, પોતે ઉભા રહીને, આવતા બધા પુરુષોની જાણ કરતા. 'હે દેવ ! આ (ફલાણો) આવ્યો, (આપને) નમન કરે છે. જૂઓ' એમ જણાવતા હતા. આ ઘણું હલકું દ્વારપાલનું કાર્ય છે. જો કે બધાં કાર્યના કર્તા ભગવાનજ છે, છતાં પણ બીજું રૂપ (ધારણ) કરીનેજ તે કરે છે. જો પોતાનેજ કાર્ય કરવાનું હોય, તો તેથી ઉલટું (રાજાનું) કાર્ય કેમ કરતા નથી એવો અમારા ચિત્તમાં ખેદ થાય છે. દેવોની સભામાં જ્યાં બ્રહ્મા બેસે છે તે રાજ્યાસન છે, તેથી (રાજ્યાસનને) 'બ્રહ્માનું આસન' કહેલું છે. આથી એમ કહ્યું કે બ્રાહ્મણો આવે ત્યારે પણ તે (ઉગ્રસેન) ઉઠતો નથી. આ[1] ગ્લાનિ ટાળવાનો ઉપાય પણ નથી. ૨૨.

૧. 'આ' એટલે ઉગ્રસેન આસને બેસે અને ભગવાન્ ઉભા રહે તે જોવું તે. (પ્ર)

એવી રીતે (ભગવાનનું) રૂપ અને મોહ કરવાનું કહીને, ''તેમનો અભિપ્રાય તું જાણતો નહિ હોવાથી તને અજ્ઞાનીને દુઃખ થાય છે'' એવી શંકા થાય, તેથી તેમનો અભિપ્રાય પણ હું જાણું છું છતાં પણ (મને) દુઃખ થાય છે એમ કહેવા, તેમની દયાનું નિરૂપણ કરે છે. દુઃખ તો (પોતાની) બુદ્ધિ (ઉત્પન્ન) કરે છે,[1] ભગવાન્ કરતા નથી; કારણ કે તે ભગવાન્ બધાએ ભક્ત સેવકો પોતાથી પણ અધિક (હોવાનું લોકમાં) જણાવે[2] છે. તે વિષયમાં બીજા (ઉગ્રસેન)ને (અધિક જણાવે તે) સહન ન કરવું યોગ્ય નથી. ભગવાનજ તે પ્રમાણે કરતા હોવાથી, ઉગ્રસેનને પણ ઠપકો દેવો યોગ્ય નથી. ગયા શ્લોકમાં તેમ કહેલું હોવાથી (ભગવાન્) ઉંધું[3] પણ કરે છે. તેથી પ્રમાણના બલનું ઉલ્લંઘન કરી પ્રમેયબલથી તેમ કરતા હોવાથી, નીચેના શ્લોકમાં તેમનું પ્રમેયબલ જણાવતાં (તે) ભજન કરવા યોગ્ય છે એમ સિદ્ધ કરે છેઃ

**અહો બકીયં સ્તનકાલકૂટં જિઘાંસયાऽપાયયદપ્યસાધ્વી ।।**
**લેભે ગતિં ધાત્ર્યુચિતાં તતોऽન્યં કં વા દયાલું શરણં વ્રજેમ ।।૨૩।।**

અહો ! આ દુષ્ટ બકીએ હણવાની ઈચ્છાથી સ્તનમાં રહેલું કાલકૂટ ધવરાવ્યું, છતાં તેને માતાને યોગ્ય ફલ પ્રાપ્ત થયું. તેમનાથી બીજા કયા દયાલુને શરણ આપણે જઈએ ? ૨૩.

જેમ ફલથી પૂર્ણ ભગવાન્ તુચ્છ ફલ પ્રાપ્ત કરાવનાર સાધન કરે તે સર્વને આશ્ચર્ય કરાવનાર છે, તેવી રીતે સાધન વિનાના તુચ્છને પણ તે પૂર્ણ ફલનું દાન કરે તે 'અહો !' આશ્ચર્યકારક છે. બકની બેન દૈત્ય બકના જેવી (બકી પૂતના) હતી. તેના

(જેવા) વર્તનથી સારા પુરુષોનો પણ મોક્ષ ન થાય. 'આ' શબ્દથી (એમ કહ્યું છે કે) ભગવાનની સાથે તે પણ (મૈત્રેયની) બુદ્ધિમાં આવી. 'સ્તનકાલકૂટમ્' એટલે સ્તનમાં રહેલું કાલકૂટ કાલોનો 'કૂટમ્' સમૂહ (તે કાલકૂટ), કારણ હજાર 'કાલાઃ' મૃત્યુઓ છે, તે બધા તેના ધાવણમાં ભેગા થયેલા. તેથી કાલોનો સમૂહ હતો જેમાં તેવું ધાવણ તેણે ધવરાવ્યું. જ્ઞાન કારણ છે[૪] એવા મત પ્રમાણે પણ તે દુષ્ટ હતી, એમ 'હણવાની ઈચ્છાથી' શબ્દથી કહે છે. હણવાની ઈચ્છાથી (એવું ધાવણ ધવરાવ્યું). પહેલાં પણ તે દુષ્ટ હતી, એમ 'દુષ્ટ' વિશેષણથી કહેલું છે. આથી એમ કહેલું છે કે તેનામાં દૈત્યનો પણ ગુણ ન હતો, કારણ તેઓ ઈન્દ્રિયોને વશ રાખનાર હોય છે. છતાં પણ (પૂતનાની) આકૃતિ અને ક્રિયા[૫] યશોદાની સમાન હોવાથી, તેનામાં રહેલા દોષનો વિચાર કર્યા વિનાજ, (ભગવાને તેને તેની ધવરાવવાની) ક્રિયાનું ફલ આપ્યું. આથી એમ કહેલું છે કે હરકોઈ પ્રકારે પણ સંબંધમાં આવેલું ભગવાનનું સ્વરૂપ બીજા સાધનની દરકાર રાખ્યા વિના ફલ પ્રાપ્ત કરાવે છે. વળી ભગવાન્ ગુણોનેજ ગ્રહણ કરે છે, દોષોને (ગ્રહણ કરતા) નથી. તેથી તે ઘણા દયાળુ છે, એમ (બીજા કયા) 'કયા દયાળુને શરણ આપણે જઈએ ?' શબ્દોથી કહેલું છે. 'શરણ' શબ્દથી (બીજાની) સેવા ભક્તિ વિગેરે (કરવા)ની પણ મના કરેલી છે. ૨૩.

૧. ભગવાનનો અભિપ્રાય જાણવા છતાં દુઃખ કેમ થાય ? એ આથી સમજાવે છે. (પ્ર)

૨. (દુઃખ) ભગવાને કરેલું છે એ સમજાવવા તેમનો અભિપ્રાય કહે છે. (પ્ર)

૩. પોતે રાજા હોવા છતાં સેવક તરીકે વર્તવાનું અને ઉગ્રસેનને રાજા બનાવવાનું, એવા પ્રકારનું ઉંધું.

૪. 'ભગવાન્ અવિનાશી હોવાથી, તેમને આ (ધાવણમાં રહેલ કાલકૂટરૂપ) દોષનો સંબંધ થશે નહિ' એવું જ્ઞાન કારણરૂપ હતું, એવા મત પ્રમાણે (પ્ર) આ બરાબર જણાતું નથી. જે કાર્ય કરીએ તે જેવી બુદ્ધિથી કરીએ તેવું ફલ મળે. પૂતના તો માતાની પેઠે ધવરાવતી હતી. ધવરાવવામાં તેની બુદ્ધિ જેવી હોય તેવું તેનું કાર્ય ગણાય. એવા મત પ્રમાણે પણ તે દુષ્ટ હતી, કારણ કે તે હણવાની ઈચ્છાથી ધવરાવતી હતી, એવો અર્થ જણાય છે. પૂતનાને પ્રકાશમાં જણાવ્યું તેવું જ્ઞાન હોય તો તે જ્ઞાન તો મોક્ષપ્રાપ્તિનું સાધન ગણાય. તેથી તેવું જ્ઞાન તેને નહતું.

૫. આકૃતિ યશોદા જેવી હતી, કારણ કે તેણે સુંદર સ્ત્રીનું રૂપ લીધેલું. ધવરાવવાની ક્રિયા પણ માતાની ક્રિયા જેવી ગણાય.

'આસુરી બંધ માટે મનાએલી છે'(ભ.ગી.૧૬।૫) એ વાક્ય પ્રમાણે આસુરી સંપત્તિમાં જન્મેલાંઓનો મોક્ષ કેમ થાય? કારણ કે 'દ્વેષી ક્રૂર તેઓને હું (વારંવાર સંસારમાં આસુરી યોનીમાંજ નાખું છું)' (ભ.ગી. ૧૬।૧૯) એવી ભગવાને પ્રતિજ્ઞા કરેલી છે એવી શંકા થાય, તે સંબંધમાં નીચેનો શ્લોક કહે છેઃ

**મન્યેઽસુરાન્ ભાગવતાંસ્ત્ર્યધીશે સંરમ્ભમાર્ગાભિનિવિષ્ટચિત્તાન્ ।।**

**યે સંયુગેડચક્ષત તાર્ક્ષ્યપુત્રમંસેસુનાભાયુધમાપતન્તમ્ ।।૨૪।।**

જે યુદ્ધમાં જેના ખભા ઉપર ચક્રધારી છે તેવા ગરુડને (પોતાની સામે) ધસી આવતો જૂએ છે તે, ક્રોધના માર્ગે ત્રણ લોકના ઈશ્વરમાં પરોવેલ ચિત્તવાળા અસુરોને હું ભગવદીઓ માનું છું. ૨૪.

'મને પ્રાપ્ત કર્યા વિનાજ (અધમ ગતિને પામે છે)' (ભ.ગી. ૧૬।૨૦) એવું (ભગવાનનું) વચન હોવાથી હું અસુરોને પણ ભગવદીઓજ માનું છું. જેઓ ભગવાનને દૃષ્ટિ વિગેરેથી પણ પ્રાપ્ત કરે છે, તેઓની અધમ ગતિ થાય તે માટે ભગવાનની (તેમને) અપ્રાપ્તિ રહેલી નહિ હોવાથી, તેઓ પણ મોક્ષજ પ્રાપ્ત કરે છે. 'પોતાના અને બીજાના દેહોમાં રહેલાનો મારો દ્વેષ કરનાર' (ભ.ગી. ૧૬।૧૮) એમ ભગવાન્ ન પ્રાપ્ત થવાથી થતી દ્વેષની પ્રાપ્તિ જેમને થવાનું કહ્યું, તેઓ તો જગદ્રૂપ ભગવાનનો દ્વેષ કરનારા છે, પરંતુ સાક્ષાત્ ભગવાનનો દ્વેષ કરનારા નથી. જેઓ સાક્ષાત્ (ભગવાનનો) દ્વષ કરે છે, તેઓ તો (મોક્ષ) પ્રાપ્ત કરે છે જ. અંતઃકરણના હરકોઈ ગુણથી[૧] તેઓ ભગવાનના સંબંધવાળા થાય છે તેથી ભગવદીઓ છે.

કેટલાક[૨] એમ કહે છે કે " 'દાનવોનો તો અંધકારમાં લય થાય છે' એમ વૈષ્ણવોએ[૩] જણાવેલા જે સ્વાભાવિક દાનવો છે, તેમને વેદમાં પણ દેવોના વિરોધી કહેલા છે (અને) તેમનો મોક્ષ થતો નથી; અને તેથી પૂતના વિગેરે જેમનો મોક્ષ થાય છે તેઓ સ્વભાવથી આસુર નથી, પણ તેમનામાં અસુરોનો આવેશ હોય છે. તે આવેશ તો ભગવાનનો સંબંધ થતાં જતો રહે છે, એટલે તેમની મુક્તિ થાય એ યોગ્ય છે." આ[૪] માટે તેઓ ભેદવાદનો[૫] વૈનાશિકી પ્રક્રિયાનો[૬] અને પોતા(ના સિદ્ધાંત)ની વિરુદ્ધનાં ભગવાનનાં તથા વેદનાં વાક્યોનો મોહ કરનારાં વાક્યો તરીકે આદર કરે છે. ઘણા વાક્યોનો વિરોધ[૭] હોવાથી તેઓના (સિદ્ધાંત) વિષે વિચાર કરવા જેવું છે કે તેઓ ભક્તિ (બધા કરે તે) માટે, અથવા લોકને બોધ દેવા તે પ્રમાણે કહે છે.

અસુરોનો ભગવાનને પ્રાપ્ત કરવાનો ઉપાય 'ક્રોધના માર્ગે પરોવેલ ચિત્તવાળા' વિશેષણથી કહેલો છે. ક્રોધનો ઉદ્વેગ જ ભગવાનને પ્રાપ્ત કરાવનારો માર્ગ છે, તેમાં પરોવાએલું છે ચિત્ત જેમનું તેવા (તેઓ છે) તેઓનું ચિત્ત ક્રોધના માર્ગે ભગવાનમાં પ્રવેશ કરે છે, એવો અર્થ છે. જ્ઞાન, ઈચ્છા અને પ્રયત્ન (જેમ ભગવાનના માર્ગ છે) તેમ ક્રોધ પણ ભગવાનના સંબંધનો હોવાથી ભગવાન(ની પ્રાપ્તિ)નો માર્ગ છે. ભગવાન્ ઘણા દયાળુ છે એમ સિદ્ધ કરવા, ક્રોધને પણ મોક્ષનું કારણ કહેલો છે. તેમ ન હોય તો, (ભગવાન્) દયાળુ ન થાય (ગણાય). તેથી (૧) દૈત્યોની મુક્તિ થતી નથી (૨) અથવા ભગવાન્ દયાળુ છે, (દયાથી દૈત્યોને મુક્ત કરે છે એ બેમાંથી) એક

વૈષ્ણવોએ સ્વીકારવું જોઈએ. તે (બે)માં પણ (ભગવાન્) દયાળુ (હોવાનો મત) સર્વથી બલવાન છે એમ ઉત્તરાર્ધથી કહેલું છે; કારણ કે તેઓ (દૈત્યો) યુદ્ધમાં મરવા માટે આવે છે. તેઓના ઉપર જો ભગવાનની દયા ન હોય તો અદશ્ય રહીને (હણે) અથવા બીજા પાસે હણાવે, પણ પોતે દર્શન ન આપે.

"એમ હોય તો ભક્તિમાર્ગનો વિરોધ થાય" એવી શંકા થાય, તેથી ગરુડને (જૂએ છે) એમ કહેલું છે. 'અંસે' ખભા ઉપર 'સુનાભં' ચક્ર 'આયુધમ્' આયુધ છે જેના તેવા ગરુડને જૂએ છે. 'અંસેસુ નાભાયુધમ્' એ અલુક્ સમાસ છે. ભક્ત અને દૈત્યમાં આટલો ભેદ છે (કે) ભક્તો સર્વ બનેલા ભગવાનનાં, સદા દર્શન કરે છે, ગરુડ ઉપર વિરાજેલાના અને બીજાઓ સાથે યુદ્ધમાં (રહેલા ભગવાનનાં દર્શન કરે છે), પરંતુ દૈત્યો યુદ્ધમાંજ ગરુડનાંજ, પરંતુ સ્વાર થએલા ભગવાનવાળા, એટલે ભગવાન્ સ્વાર થએલા છે જેના ઉપર તેવા (ગરુડ)નાંજ દર્શન કરે છે. અર્થ આ (નીચે પ્રમાણે) છે, કે કાલરૂપ ગરુડ છે અને તેના ઉપર, ભગવાન્ છે, તેથી (દૈત્યો) કાલ (મૃત્યુ) પ્રાપ્ત કરીને ભગવાનને પ્રાપ્ત કરે છે, પરંતુ જીવતાં પ્રાપ્ત કરતા નથી, એમ ભેદ છે. ૨૪.

૧. 'અંતઃકરણના ગુણથી' એટલે બુદ્ધિના અમુક વલણથી. (પ્ર)
૨. આ પેરાના આરંભથી અહિં સુધી બીજાઓનો મત કહેલો છે.
૩. 'વૈષ્ણવોએ' એટલે વૈષ્ણવ તંત્રોએ. (પ્ર)
૪. 'આ માટે' એટલે બે પ્રકારના અસુરો માટે મોક્ષ અને બંધની વ્યવસ્થા કરવા માટે. (પ્ર).
૫. જીવ વાસ્તવિક રીતે બ્રહ્મથી ભિન્ન છે એવા નૈયાયિક જેવા ભેદવાદનો. (પ્ર).
૬. સૃષ્ટિ અસ્તિત્વ દેખાવનુંજ છે, બધું વિનાશના સંબંધવાળું છે એવા સિદ્ધાંતનો. (પ્ર)
૭. 'જેમ અગ્નિમાંથી નાના તણખાઓ નીકળે છે' 'હું એક છું તે બહુ થાઉં' મારોજ અંશ (જીવલોકમાં જીવ બનેલો છે) 'હું સર્વનું મૂલ છું' વિગેરે વાક્યોનો વિરોધ છે. આ બધાંને મોહ ઉત્પન્ન કરનારાં વાક્યો માનવામાં આવેતો 'જ્યારે આ આમાં જરાએ ભેદ કરે છે ત્યારે તેને ભય થાય છે' વિગેરે વાક્યોનો વિરોધ થાય છે. (પ્ર)

એ પ્રમાણે ભગવાનનું સ્વરૂપ અને ગુણો કહીને, ઉદ્ધવનું તે વિષયનું અજ્ઞાન દૂર કરીને નીચેના શ્લોકથી આરંભી દશ શ્લોકોથી પૂછેલી કથાનો ઉત્તર કહેતાં પાંચે તન્માત્રાઓનું નિરૂપણ કરે છે.

**ગન્ધો ભગવતઃ સ્થાનં રસઃ ક્રીડાપિ બાલકૈઃ ।।**
**રૂપં ત્રિભંગિ લલિતં સર્વદોષનિવારકમ્ ।।૯।।**

ભગવાનનું[1] સ્થાન ગંધ છે, બાલકો સાથેની ક્રીડા પણ રસ છે, સર્વ દોષ દૂર કરનારું ત્રણ વળાંકવાળું સુંદર (સ્વરૂપ) રૂપ છે. કા. ૯.

**મૃત્યોરમાર્ગતો રક્ષા તસ્ય સ્પર્શોઽભિધીયતે ।।**

**લોકવેદવિરોધેન મનોવાગનુસારતઃ ।।૧૦।।**

લોકના[2] અને વેદના[3] વિરોધથી મન[2] અને વાણી[3]ને અનુસરીને માર્ગ વિનાના મૃત્યુમાંથી રક્ષણ (એ) તેમનો સ્પર્શ કહેવાય છે. કા.૧૦.

**પ્રપન્ને ભગવલ્લીલા દુઃખાભાવસુખાત્મિકા ।।**
**સ શબ્દો નાન્ય ઈત્યેષ માત્રારૂપોઽધિકારકૃત્ ।।૧૧।।**

શરણ આવેલા વિષે દુઃખના અભાવરૂપ[4] અને સુખરૂપ ભગવાનની લીલા તે શબ્દ છે, બીજો (શબ્દ) નથી. એ પ્રમાણે આ માત્રાનો ગુણ અધિકાર કરાવનારો છે. કા.૧૧.

૧. પહેલાં ઉદ્ધવની અવસ્થાનું નિરૂપણ કરતાં, ભક્તિ ઘણી વધતાં ભગવાનનો (દેહની) અંદર સાક્ષાત્કાર થતાં તન્માત્રાનો સંસ્કાર થયાનું સામાન્ય રીતે કહેલું છે, છતાં પણ (ભગવાનનો) સાક્ષાત્કાર થયા પછી કેવી રીતે તેમનો સંસ્કાર થાય છે તે કહેલું નથી, તેથી આવી અમુક ક્રિયા કહેવા આ શ્લોકો (૨૫ થી ૩૪) કહેલા છે એમ જણાવે છે, (પ્ર) અહિં બબ્બે શ્લોકોથી એક એક તન્માત્રાનો સંસ્કાર અનુક્રમે કહેલો છે. ૨૫।૨૬થી સ્થાન કહેલ છે તે પૃથ્વી છે અને તેનો ગુણ ગંધ હોવાથી તે ગંધનો સંસ્કાર કરે છે. ૨૭।૨૮થી ક્રીડા કહી તે આનંદરૂપ હોઈ રસ છે. ૨૯।૩૦થી રૂપનું નિરૂપણ કર્યું. ૩૧।૩૨થી મૃત્યુમાંથી રક્ષણ કર્યાનું કહ્યું તે સ્પર્શ છે. ૩૩।૩૪થી દુઃખ દૂર કર્યાનું અને સુખ આપ્યાનું કહ્યું તે શબ્દ છે.

૨. ભગવાનના મનને અનુસરી લોકથી વિરુદ્ધ પ્રકારે શરણ આવવાનું અંનકૂટના પ્રસંગે થયું. (પ્ર)

૩. ભગવાન્ ઉપરના પ્રેમને લીધે વેદથી વિરુદ્ધ પ્રકારે શરણ આવવાનું વેણુનાદ સાંભળીને થયું. (પ્ર).

૪. 'દુઃખનો અભાવ' એટલે અનુભવ જેનો કરેલો નથી તેવો પરમાનંદ. (પ્ર).

**વસુદેવસ્ય દેવક્યાં જાતો ભોજેન્દ્રબન્ધને ।।**
**ચિકીર્ષુર્ભગવાનસ્યાઃ શમજેનાપિ યાચિતઃ ।।૨૫।।**

આ (ભૂમિ)નું કલ્યાણ કરવાની ઈચ્છાવાળા, અને બ્રહ્માએ પ્રાર્થના કરેલા ભગવાન્ ભોજેન્દ્રના કેદખાનામાં વસુદેવની (પત્ની) દેવકીથી જન્મ્યા. ૨૫.

ભોજેન્દ્રનું એટલે કંસનું કેદખાનું જેમાં હતું તેવા ઘરમાં વસુદેવની પત્ની દેવકીથી જન્મ્યા. અથવા વસુદેવનું દેવકીના નિમિત્તથી ભોજેન્દ્રથી બંધન થયું ત્યારે (જન્મ્યા). તાત્પર્ય[1] કહેલું હોવાથી (ભગવાન્ વિષે) મનોવૃત્તિના સર્વ વિકારો[2] સરખા છે એમ જણાવવા લોકમાં જેવી પ્રસિદ્ધ છે તેવી કથા કહે છે. આ પૃથ્વીનું 'શમ્' કલ્યાણ કરવાની ઈચ્છાવાળા (ભગવાન્ જન્મ્યા). પૃથ્વીને સુખ કરવા માટે ભગવાનનો અવતાર હતો એ (અવતારનું) પ્રયોજન (કહ્યું). વળી ભક્તનો ઉદ્ધાર કરવા બ્રહ્માએ પ્રાર્થના પણ કરેલી. 'અપિ' 'અને' શબ્દથી (એમ જણાવ્યું છે કે) સર્વનો ઉદ્ધાર કરવા બીજાઓએ પણ પ્રાર્થના કરેલી. ૨૫.

૧. સર્વની મુક્તિ ન થાય તે માટે લોકને ઠગવારૂપ તાત્પર્ય. (પ્ર).
૨. ભગવાનમાં જણાતા આ વિકારો ઠગવાના સાધનરૂપ થાય તે માટે (પ્ર) ભગવાન્ વિષે હરકોઈ પ્રકારની મનની વૃત્તિ થાય તે મોક્ષ કરાવનારી હોઈ બધી સરખી છે એમ જણાવવા, એવો અર્થ હોવાનું જણાય છે.

**તતોનન્દવ્રજમિતઃ પિત્રા કંસાદ્ વિબિભ્યતા ।।**
**એકાદશ સમાસ્તત્ર ગૂઢાર્ચિઃ સબલોઽવસત્ ।।૨૬।।**

કંસથી ભય પામતા પિતા (તેમને) ત્યાંથી નંદના નેસડે લઈ ગયા. તે ત્યાં ગૂઢ તેજવાળા થઈ બલ સાથે અગીઆર વર્ષ રહ્યા.૨૬.

જન્મ્યા પછી 'ત્યાંથી' એટલે મથુરાથી કંસથી ઘણો ભય પામતા પિતા વસુદેવ (તેમને) નંદના નેસડે 'ઈતઃ' લઈ ગયા; અને ત્યાં ગૂઢ તેજવાળા થઈ 'એકાદશસમાઃ' અગીઆર વર્ષ બલભદ્ર સાથે-તે (બલભદ્ર) જ પોતાને સાહાય્ય કરનાર હોવાથી તેમની સાથે રહ્યા. આ[૧] (૨૫ થી ૩૪) દશ (શ્લોકો) પ્રાણરૂપ[૨] છે, અને બબ્બે (જૂદાં જૂદાં) વિષયરૂપ[૩] છે. જન્મ લેવાનાં ત્રણ[૪] પ્રયોજન છે. ગોકુલ જવાનાં બે[૫] પ્રયોજન છે, કારણ કે 'અને બ્રહ્માએ (પ્રાર્થના કરેલા)' શબ્દોનો (આ શ્લોક સાથે) સંબંધ છે. વળી આ જૂદા તરીકે સ્વતંત્રપણાથી કહેલું હોવાથી[૬] આનો પ્રયોજનમાં સમાવેશ થતો નથી. વળી આ અંતરિક્ષ[૭] સ્થાન જેવું છે. તેથી[૮] જ રુદ્રને પ્રીતિ થાય તે માટે (ગોકુલમાં અગીઆર વર્ષ રહ્યા. વાયુના (રૂપ)ની સમાન રૂપથી[૯] (રહ્યા), તેથી (તેને) પ્રીતિ થાય તે માટે ગૂઢ તેજવાળા થયા અને બલની સાથે 'સમા' એટલે વર્ષો. ૨૬.

૧. તન્માત્રાઓનું દશ શ્લોકોથી નિરૂપણ કરવાનું તાત્પર્ય અહિંથી કહેલું છે. (પ્ર)
૨. 'પ્રાણરૂપ' એટલે ઈન્દ્રિયરૂપ. (પ્ર).
૩. સૃષ્ટિ થયા પછી તન્માત્રાઓ ગુણ તરીકે તેમાં પ્રવેશ કરે છે, અને ઈન્દ્રિયો વડે તન્માત્રા (ગુણ)નું ગ્રહણ થાય તેમાં મહાભૂતો પણ વિષય થાય છે, તેથી (તન્માત્રા અથવા ગુણવિષયરૂપ છે, એવો અર્થ છે. (પ્ર).
૪. (૧) પૃથ્વી વિગેરેને સુખ કરવાની ઈચ્છા (૨) બ્રહ્માની તે માટે પ્રાર્થના અને (૩) ભક્તોનો ઉદ્ધાર કરવા બીજાઓની પ્રાર્થના.
૫. (૧) પિતાનો ભય અને (૨) બ્રહ્માની પ્રાર્થના. (પ્ર).
૬. 'ત્યારે વ્રજમાં રાસ પણ બ્રહ્માને પ્રીતિ થાય તે માટે કર્યો હશે' એવી શંકા થાય, તેથી તેમ ન હતું એમ જણાવવા આ કહેલ છે. (પ્ર)
૭. 'ત્યારે વ્રજમાં વાસ કરવાનું શું પ્રયોજન ?' એ જાણવાની ઈચ્છા થાય તેથી આ કહેલું છે. વેદમાં રુદ્રને અંતરિક્ષના દેવ કહેલ છે, અને રુદ્ર પશુપતિ હોવાથી વ્રજના પણ દેવ છે. તેથી રુદ્રને પ્રીતિ થાય તે માટે (ગોકુલમાં વાસ કર્યો) એવો અર્થ છે. (પ્ર)

૮. નોટ ૭ માં કહેલ પ્રયોજનથી ગોકુલમાં વાસ કરેલ હોવાથી જ ત્યાં અગીઆર વર્ષ રહ્યા. ( પ્ર ).
૯. જેમ વાયુમાં તેનું કાર્ય છુપું રહેલ છે, તેમ અહિં ગોકુલમાં ભગવાન્ તેવી રીતે રહ્યા. વળી બલ સંકર્ષણ હોવાથી તેમના અધિદેવ રુદ્ર હોવાથી, રુદ્રને પ્રીતિ થાય તે માટે બલ સાથે રહ્યા એવો અર્થ છે. પૂતનાને હણવાની ગાયો ચારવાની વિગેરે સંકર્ષણ વ્યૂહની લીલાઓ બલ સાથે રહીને કરી. ( તામસ ) ફલ પ્રકરણની છઠ્ઠા અધ્યાયની લીલા પણ રુદ્રને પ્રીતિ થાય તે માટે કરી. માત્ર ભગવાને કરેલી લીલા જેમાં કોઈને હણેલ ન હોય, તે તેવા પ્રયોજનથી કરેલી નહિ એવું તાત્પર્ય છે. જન્મસ્થાનની ભૂમિ અને વ્રજ માં રહેલ ગંધ એ બે પદાર્થો ગંધ તન્માત્રાનો સંસ્કાર કરનારા છે. ( પ્ર )

એ પ્રમાણે જુદા થઈ રહેલાને[૧] ઉપર કહેલું પ્રયોજન[૨] ન રહેવાથી, 'શિરમાં રહેલા (ઈન્દ્રિયોના સ્થાન) સાત (અને) આઠમી વાણી' એ શ્રુતિ પ્રમાણે શિર બનેલા વાસુદેવરૂપથી ક્રીડા કરી, એમ નીચેના (શ્લોકથી આરંભી) આઠ (શ્લોકો)થી કહે છે. તેમાંના પહેલા બે (શ્લોકોથી) કાનો કહેલા છે.

**પરીતો વત્સપૈર્વત્સાંશ્ચારયન્ વ્યાહરદ્વિભુઃ ।।**
**યમુનોપવને કૂજદ્દ્વિજસપુલિતાઙ્ઘ્રિપે ।।૨૭।।**

કૂજન કરતા પક્ષીઓથી ભરપૂર વૃક્ષોવાળા યમુના નજીકના ઉપવનમાં વાછડાં પાલનારાઓથી વીંટાએલા પ્રભુ વાછડાં ચારતાં વિહાર કરતા હતા. ૨૭.

આ બે (૨૭|૨૮ શ્લોકો) સ્કંધના અર્થમાં મુખ[૩] છે, અને પ્રકરણના અર્થમાં આ બે કાન[૪] છે. વાછડાં પાલનાર ગોપાલ બાલકોથી વીંટાએલા (પ્રભુ) વાછડાં ચારતાં (વિહાર કરતા હતા), એમ વાયુની[૫] અને પ્રાણોની[૬] ક્રિયાથીજ 'વ્યાહરત્' વિહાર કરતા હતા, એટલે બાલકો સાથે ક્રીડા કરતા હતા એવો અર્થ છે. (ક્રીડામાં) વિઘ્ન નહતું એમ જણાવવા 'યમુનોપવને' 'યમુના નજીકના વનમાં' [૭]શબ્દ યોજેલ છે. ચિત્તમાં ઉદ્વેગ થતો નહતો એમ જણાવવા, 'કૂજન કરતા પક્ષીઓથી ભરપૂર વૃક્ષો હતાં જેમાં' એવું વનનું વિશેષણ કહેલું છે. વેદરૂપ કલ્પવૃક્ષો ઉપર રહેલા ભગવાનના ભક્તો ભક્તિનો આશ્રય લઈ ભગવાનનું ગાન કરતા હતા,[૮] એમ કહેવાયું. ૨૭.

૧. 'જૂદા થઈ રહેલા' એટલે વાયુની પેઠે આસક્તિ વિના રહેલા ( પ્ર ) વસુદેવથી વિખૂટા થઈ રહેલા, એવો અર્થ હોવાનું જણાય છે.
૨. 'ઉપર કહેલું પ્રયોજન' એટલે ભૂમિ વિગેરેના સુખરૂપ પ્રયોજન ( પ્ર ) વસુદેવને કંસથી થતો ભય, એવો અર્થ હોવાનું જણાય છે.
૩. સ્કંધનો અર્થ મહાભૂત વિગેરે બધાની સૃષ્ટિ છે. બલ વિના તે થાય નહિ, અને બલ પ્રાણનો ગુણ છે. પ્રાણ જલમય છે અને જલમાં રસ મુખ્ય ( ગુણ ) છે. તેને ગ્રહણ કરનાર મુખ છે. તેથી આ શ્લોકો રસનું નિરૂપણ કરે છે. ( પ્ર )
૪. પ્રકરણનો અર્થ શ્રવણ કરનાર ( ઉદ્ધવ )નો અધિકાર છે. શ્રવણ કરનારને મુખ્ય કાન હોવાથી,

પ્રકરણના અર્થમાં આ બે (શ્લોકો) બે કાન છે. (પ્ર)

૫. 'દ્રવ્ય અને શબ્દને લઈ જનાર વાયુ છે' એવું વાયુનાં કાર્યનું લક્ષણ કહેશે. તેથી વાછડાં ચારવા એ વાયુની ક્રિયા છે. (પ્ર)

૬. પ્રાણની ક્રિયા પક્ષીઓના કૂજનનું ગ્રહણ થવામાં અનુકૂલ રહેવાની છે. (પ્ર)

૭. બાલકો સાથેની ક્રીડા રસ છે, કારણકે તે યમુનાની એટલે જલની સમીપ કરેલી, અને જલમાં મુખ્ય રસ છે. (પ્ર)

૮. આ બે શ્લોક કાનરૂપ હોવાનું ઘટાવે છે. અક્ષરરૂપ વ્યાપિવૈકુંઠની ગુફામાં હોય તેમ અહિં (ભગવાન્) રહેલા હોવાથી, ગાયત્રી જેનું બીજ છે તેવા વેદવૃક્ષની શક્તિઓ છૂટી પડતાં જૂદા જૂદા રૂપવાળાં વૃક્ષો થએલાં (તેમના ઉપર પક્ષીઓ કૂજન કરતા). કૂજનનું ગ્રહણ કરવું એ કાનનું કાર્ય છે. તેથી આ બે શ્લોક કાનરૂપ છે, એવો અર્થ છે. (પ્ર)

વનમાં (કરેલી) ક્રીડા કહીને, નીચેના શ્લોકમાં સંધ્યા વિગેરેમાં વ્રજમાં કરેલી ક્રીડા કહે છેઃ

**કૌમારીં દર્શયંશ્ચેષ્ટાં પ્રેક્ષણીયાં વ્રજૌકસામ્ ॥**
**રુદન્નિવ હસન્બાલ–મુગ્ધસિંહાવલોકનઃ ॥૨૮॥**

જાણે કે રડતા હોય તેમ, (અથવા) હસતા ભોળા બાળક સિંહના જેવી દૃષ્ટિવાળા (થઈ), વ્રજવાસીઓએ જોવા યોગ્ય કૌમાર અવસ્થાની ક્રિયાઓ દેખાડતાં, (વિહાર કરતા હતા. શ્લો. ૨૭) ૨૮.

'કૌમાર અવસ્થાની' એટલે પાંચ વર્ષ સુધી કરવામાં આવતી, પાંચ વર્ષમાં કરાતી પાંચે લીલાઓ પાંચ પ્રકારના વ્રજવાસીઓને (દેખાડતાં વિહાર કરતા હતા). ત્રણ પ્રકારના પુરુષો (અને) બે પ્રકારની સ્ત્રીઓ હોય છે, કારણ કે સ્ત્રીઓ સાત્ત્વિકી હોતી નથી. તેથી બધાઓને જોવા યોગ્ય ક્રિયાઓ દેખાડતાં વ્યવહાર કરતા હતા, એવો (વાક્યનો) સંબંધ છે; કારણ કે તે કરવા શક્તિમાન છે. 'દેખાડતાં' શબ્દથી (એમ જણાવ્યું છે[1] કે) પોતે તેમ (તેવી ક્રિયાઓ) કરેલી જ નહિ. તે પૈકી પહેલા[2] 'જાણેકે રડતા હોય' (તેમ દેખાડતા). તોજ તામસી સ્ત્રીઓ પ્રસન્ન થાય, અને રુદ્રને પ્રીતિ થાય તે માટે (તેમ દેખાડતા). 'હસતા' શબ્દથી રાજસી સ્ત્રીઓની, ભોળપણથી તામસ પુરુષોની, બાલપણથી રાજસ પુરુષોની અને સિંહના જેવી દૃષ્ટિથી સાત્ત્વિક પુરુષોની (પ્રસન્નતા દર્શાવી). અહિં પધારીને પણ પહેલાં ભક્તોનું[2] સ્મરણ કરે છે તેથી જાણેકે રડતા હોય તેવા (દેખાય છે). હસતો ભોળો જે બાલ સિંહ, તેના જેવી છે દૃષ્ટિ જેમની (તેવા દેખાતા). ૨૮.

૧. 'પહેલાં' એટલે પહેલા વર્ષમાં. (પ્ર).

૨. 'પહેલા ભક્તોનું' એટલે તેથી પહેલાના સમયના ભક્તોનું બાલપણમાં ધાવવું વિગેરે રસનું ગ્રહણજ મુખ્ય હોવાથીજ આ શ્લોકમાં પણ મુખ્યતાથી રસનું જ નિરૂપણ છે. (પ્ર)

નીચેના શ્લોકમાં પૌગંડ (અવસ્થાની) લીલા કહે છેઃ

**સ એવ ગોધનં લક્ષ્મ્યા નિકેતં સિતગોવૃષમ્ ।।**
**ચારયન્નનુગાન્ ગોપાન્ રણદ્વેણુરરીરમત્ ।।૨૯।।**

લક્ષ્મીના ધામરૂપ ધોળી ગાયો તથા આખલાઓવાળા ગોધનને ચરાવતાં તેજ (ભગવાન્) વેણુ વગાડતાં સેવક ગોપોને રમાડતા હતા. ૨૯.

**શિષ્ટેષુ ષટ્સુ વર્ષેષુ ષડ્ભિઃ શ્લોકૈઃ વિશેષતઃ ।।**
**તાસ્તા લીલા ઇહોદ્દિષ્ટાઃ ક્રમો નાત્ર વિવક્ષિતઃ ।।૧૨।।**

બાકીના છ વર્ષોમાં (કરેલી) જૂદી જૂદી લીલાઓ અહિં મુખ્ય પ્રકારે છ શ્લોકોથી કહેલી છે. આમાં અનુક્રમ ઇચ્છેલો નથી. કા. ૧૨.

પહેલાં જે (ભગવાન્) કહ્યા તેજ[1] (રમાડતા હતા). 'લક્ષ્મીના ધામરૂપ' અતિસુંદર 'ગોધનં' ગોધન, (ચરાવતાં રમાડતા હતા). 'ધોળી ગાયો તથા આખલાઓ હતા જેમાં' એ વિશેષણથી ચરાવવાનું પ્રયોજન (કહેલું છે). ધર્મનું મુખ્યપણું જણાવ્યું, તેથી તેમના ચરાવવું એ ધર્મનું આચરણજ (હતું એમ) કહેલું છે. પોતાની આજ્ઞાથી બીજા ધર્મ આચરનારાઓને તરતજ ફલનો સંબંધ કરાવ્યો, એવા અભિપ્રાયથી 'સેવક (ગોપોને રમાડતા હતા)' એમ કહેલું છે. (પોતાની) સ્વામીપણાની[2] સ્થિતિ ઉપર નભનારા ગોપાલોને, વેણુ વગાડીને બ્રહ્મામૃતનું પાન કરાવીને પરબ્રહ્મના આનંદમાં 'અરીરમત્' રમાડતા હતા. ૨૯.

૧. અહિં રૂપ કહેલું હોવાથી, ત્રીસમાં શ્લોકમાં વિઘ્નોનો નાશ કરનાર તેજ કહેલું છે એમ જાણવું. (દશ) પ્રાણ (કહેલા છે) એવા મત પ્રમાણે, આ (૨૯।૩૦) શ્લોકોથી નેત્ર કહેલાં જાણવાં. તેથીજ ગોધનનું 'લક્ષ્મીના ધામરૂપ' એવું વિશેષણ કહેલું છે અને આવતા (૩૦માં) શ્લોકમાં વિઘ્નો કરનારને કામરૂપી (ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનારા) કહેલા છે, કારણ કે તેવાઓને ઓળખવું એ નેત્રોનું કાર્ય છે. (પ્ર)

૨. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'સ્વામ્યભાવોપજીવિનઃ' પાઠ લીધેલો છે.

તે (કાર્ય)માં વિઘ્ન કરનારાઓનો તો રમતમાંજ નાશ કર્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**પ્રયુક્તાન્ ભોજરાજેન માયિનઃ કામરૂપિણઃ ।।**
**લીલયા વ્યનુદત્તાંસ્તાન્ બાલઃ ક્રીડનકાનિવ ।।૩૦।।**

જેમ બાલક રમકડાંનો નાશ કરે તેમ ભોજરાજે મોકલેલા માયાવી ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનાર પ્રસિદ્ધ (દૈત્યો)નો રમતમાંજ નાશ કર્યો. ૩૦.

'ભોજરાજ' કંસથી મોકલેલા, ચિત્તનો વિક્ષેપ કરવા આવેલા જૂદાં જૂદાં રૂપ ધારણ કરનાર દૈત્યોનો ક્રીડારૂપ રમતમાં જ એક એકનો 'અનુદત્' નાશ કર્યો.

'તાંસ્તાન્' એટલે પ્રસિદ્ધ (દૈત્યોનો નાશ કર્યો). (તેમને) શ્રમ થયો ન હતો એમ જણાવવા 'જેમ બાલક રમકડાંનો નાશ કરે તેમ' એમ કહેલું છે. વસ્ત્રની પૂતળી, અથવા કાષ્ટ વિગેરેનાં રમકડાંનો (બાલક નાશ કરે તેમ નાશ કર્યો). (૨૯।૩૦ શ્લોકમાં કહેલાં) બે એક વર્ષનાં કાર્ય છે. ૩૦.

નીચેના શ્લોકમાં સાતમા વર્ષનું કૃત્ય કહે છેઃ

**વિપન્નાન્ વિષપાનેન નિગૃહ્ય ભુજગાધિપમ્ ।।**
**ઉત્થાપ્ય પાયયદ્ગાવસ્તત્તોયં પ્રકૃતિસ્થિતમ્ ।।૩૧।।**

સર્પરાજને શિક્ષા કરીને, વિષનું પાન કરવાથી મરણ પામેલાઓને ઉઠાડીને તે વિષરહિત જલનું (તેમને અને) ગાયોને પાન કરાવ્યું. ૩૧.

કાલિયના ધરામાં વિષવાળા જલનું પાન કરવાથી 'વિપન્નાન્' મરણ પામેલા. તેમને હણનાર સર્પરાજને 'નિગૃહ્ય' શિક્ષા[૧] કરીને, તેમને જીવતા (કરી) ઉઠાડીને તે જ જલનું (તેમને) અને ગાયોને પાન કરાવ્યું. 'ગાવઃ' એટલે 'ગાઃ' ગાયોને. સર્પરાજ એટલે કાલિય. 'તે જલનું' એટલે કાલિયના ધરાના જલનું 'પ્રકૃતિસ્થિતમ્' (સ્વાભાવિક સ્થિતિમાં આવેલું) એટલે વિષરહિત (થએલું). ૩૧.

૧. શિક્ષા કરવાનું અને ઉઠાડવાનું કાર્ય ત્વચા, નેત્ર અને સ્પર્શથી થાય છે. તેથી તેમના વડે મૃત્યુમાંથી રક્ષણ કર્યું તે સ્પર્શરૂપ છે. પછીના ( ૩૨મા ) શ્લોકમાં ગાયોની વૃદ્ધિ કરનારો યજ્ઞ કરે છે તે સ્પર્શનું કાર્ય હોવાથી, તે કાર્ય ઉત્પન્ન કરનાર અને પહેલાનાં માર્ગને તજાવનાર યજ્ઞજ સ્પર્શરૂપ જાણવો. ( પ્ર ).

**અયાજયદ્ગોસવેન ગોપરાજં દ્વિજોત્તમૈઃ ।।**
**વિત્તસ્ય ચોરુભારસ્ય ચિકીર્ષુઃ સદ્વ્યયં વિભુઃ ।।૩૨।।**

વળી ઘણા ભારરૂપ ધનનો સારો વ્યય કરવાની ઈચ્છાવાળા શક્તિમાન (પ્રભુ) એ ઉત્તમ બ્રાહ્મણો પાસે ગોપરાજને ગોસવ યજ્ઞ કરાવ્યો. ૩૨.

(આ શ્લોકમાં) સાતમાં વર્ષના અંતની લીલા (કહેલી છે). 'ગોસવ' શબ્દથી (એમ કહેલું છે કે) ઈંદ્રના યજ્ઞનો ભંગ કરી 'વૈશ્યસ્તોમ'[૧] એટલે 'ગાવઃ' ગાયોને 'સૂયન્તે' પ્રસવ થાય છે જેનાથી તેવો 'ગોસવ' ગાયોની વૃદ્ધિ કરનારો (યજ્ઞ કરાવ્યો), વૈશ્ય[૨] સ્તોમરૂપ નંદને ઉત્તમ બ્રાહ્મણો પાસે કરાવ્યો, એટલે તે (બ્રાહ્મણો) યજ્ઞ કરાવનારા હતા, (ભગવાન્) પોતે ન હતા એમ જણાવેલું છે. ઈંદ્રના યજ્ઞનો ભંગ કરી તેમ કરવાનું પ્રયોજન ઉત્તરાર્ધથી કહેલું છે. ભારરૂપથી રહેલા કરોડોની સંખ્યાના દ્રવ્યનો સારો વ્યય કરવાની ઈચ્છાવાળા (હોવાથી તેમ કરાવ્યું). પહેલાં હતું (થતું) તેને ફેરવવાની શક્તિ 'શક્તિમાન (પ્રભુ)' શબ્દથી (જણાવેલી છે). ૩૨.

૧. આ 'ગોસવનું' બીજું નામ છે. ( પ્ર ) 'સ્તોમ' એટલે યજ્ઞ. 'વૈશ્યસ્તોમ' એટલે વૈશ્યોએ કરવાનો

યજ્ઞ.

૨. નંદ વૈશ્યરાજ હોવાથી 'વૈશ્યસ્તોમરૂપ' એટલે તે યજ્ઞના સમૂહરૂપ છે. જેમ લીલામાં અનુક્રમ ઈચ્છેલો નથી તેમ અહિં પણ ઈચ્છેલો નથી. તેથી આ દશ પ્રાણ છે એ મત પ્રમાણે આ શ્લોકમાં 'મુખ' કહેલું છે અને ચોત્રીસમા શ્લોકમાં 'વાણી' કહેલી છે. એકત્રીસ અને તેત્રીસમા શ્લોકમાં બાકી રહેલ ઘ્રાણ ( નાક ) કહેલું જાણવું. ( પ્ર )

**નીચેના શ્લોકમાં આઠમા વર્ષના આરંભનું કૃત્ય કહે છેઃ**

**વર્ષતીન્દ્રે વ્રજઃ કોપાદ્ભગ્નમાનેઽતિવિહ્વલઃ ।।**
**ગોત્રલીલાતપત્રેણ ત્રાતો ભદ્રાનુગૃહ્ણતા ।।૩૩।।**

હે ભલા (ઉદ્ધવ) ! જેના માનનો નાશ થએલો તેવો ઈંદ્ર કોપથી વૃષ્ટિ કરતો હતો ત્યારે કૃપા કરનારે ઘણા દુઃખી થયેલા વ્રજનું પર્વતરૂપ રમતનાં છત્રથી રક્ષણ કરેલું. ૩૩.

દેવતા મુખ્ય છે એવો મત[1] મુખ્ય હોવાનું જણાવવા (ભગવાને) ઈંદ્ર પાસે વૃષ્ટિ કરાવી, અને પુષ્ટિ લીલાનું[2] સ્થાપન કરવા ગોર્વધનને ઉપાડ્યો. વ્રજ ઉપરના કોપના કારણને લીધે ઈંદ્ર જ્યારે મેઘ દ્વારા વૃષ્ટિ કરતો હતો, ત્યારે તે વ્રજનો નાશ કરવા કરે છે એવો વિતર્ક[3] કરી (ભગવાને) તે વ્રજનું રક્ષણ કર્યું. 'ઈંદ્રે કેમ એ પ્રમાણે કર્યું ?' એવી શંકા થાય, તેથી કહે છે કે નાશ થએલો હતો માનનો જેના, તેવો તે થએલો (અને) વૃષ્ટિ કરતો હતો. 'ગોત્રઃ' એટલે પર્વત, તે જ રમતનું છત્ર થયું. પૃથ્વી (ગો)નું રક્ષણ કરનારા (ત્ર) પણ ઘણા ધર્મવાળા હોવાથી ભગવાને તેમના ઉદ્ધાર કરેલા[4] (ઉપાડ્યા). રમતથી છત્ર હોય તેમ (ઉપાડ્યો) તે રમતનું છત્ર, અથવા બિલાડાનો ટોપ. 'ત્રાતઃ' એટલે રક્ષણ કરેલું. જે કહ્યું તેમાં વિશ્વાસ રહે તે માટે, અથવા 'તારું પણ તેવી રીતે રક્ષણ કરેલું છે.' એમ જણાવવા 'હે ભલા (ઉદ્ધવ) !' એવું સંબોધન કરેલું છે. (ભગવાન્) બીજી રીતે પણ (વ્રજનું) પાલન કરવા શક્તિવાળા હતા, (છતાં) વ્રજ ઉપર પોતાની ઘણી કૃપા છે એમ લોકમાં જણાવવા, તેમણે પર્વતને ઉપાડ્યો એવા અભિપ્રાયથી 'કૃપા કરનારે' એમ કહેલું છે. ૩૩.

૧. દેહવાળી દેવતા જ યજ્ઞમાં મુખ્ય છે એવો મત. ( પ્ર )
૨. 'પુષ્ટિલીલાનું' એટલે 'આ લોક ઉપર કૃપા કરવારૂપ લીલાનું' ( પ્ર )
૩. આ 'વિહ્વલ' શબ્દનું તાત્પર્ય છે. ( પ્ર )
૪. આ 'આતપત્ર' 'છત્ર' શબ્દનું તાત્પર્ય છે. ( પ્ર )

**નીચેના શ્લોકમાં ચાર[1] વર્ષનું કૃત્ય કહે છેઃ**

**શરચ્છશિકરૈર્મૃષ્ટં માનયન્ રજનીમુખમ્ ।।**
**ગાયન્ કલપદં રેમે સ્ત્રીણાં મણ્ડલમણ્ડનઃ ।।૩૪।।**

સ્ત્રીઓનાં મંડલના ભૂષણ ભગવાન્ શરદના ચંદ્રનાં કિરણોથી ઉજળાં બનેલ રજનીનાં મુખનો આદર કરતાં, મધુર શબ્દોવાળું ગાન કરતાં રમણ કરતા હતા. ૩૪

તરતનાજ ઉગેલા ચંદ્રનાં કિરણોથી 'મૃષ્ટં' ઉજળાં બનેલ રજનીના મુખનો આદર કરતાં રમણ કરતા હતા, રજની સ્ત્રી છે, (અને) ચંદ્ર તેનો પતિ છે. તે ઘણા સમય પછી આવેલો હોવાથી અંદરના તાપથી દુઃખી થએલી તે માનિનીનો પોતાનાં કિરણોથી સ્પર્શ કરતાં, (તેના) માનને દૂર કરે છે. તેટલાથી તે (રજની)નું માન દૂર થતું નથી; કારણ કે તે દેવતા હોઈ કલંકવિનાના સાથે રમણ કરવાની ઈચ્છા રાખે છે, જ્યારે તે પતિ 'શશી' સસલાના કલંક (ચિહ્ન)વાળો છે. તેથી બંનેનું સમાધાન થાય તે માટે (ભગવાને) પોતે ઉપાય કર્યો. રજનીને હજાર સ્ત્રીઓરૂપ કરી, ચંદ્રને પોતાના મનથી ઉત્પન્ન થએલો કરી, તે મનનો અધિષ્ઠાતા દેવ તરીકે પ્રસિદ્ધ થાય તે માટે શબ્દબ્રહ્મનો (ગાનનો) ઉચ્ચાર કરતાં તેમણે ઉત્તમ રતિક્રીડા કરી. ચંદ્ર શરદનો હતો, અને વર્ષાકાલમાં રજનીના આરંભમાં વૃષ્ટિ થતી, તેથી તે (રજની) રડતી હોય તેવી હતી. તેથી જ ત્યાર પછીના સમય (શરદ)માં ઉત્પન્ન થએલો (ચંદ્ર) પોતાના કિરણો (હસ્તો)થી (આંસુ) લૂએ તે યોગ્ય છે, બીજાઓ રજનીના મુખનો આદર કરતા નથી, કારણ કે ઉત્તમ પુરુષો તે સમયે ક્રીડા કરતા નથી. દોષ તો રસથી ભરપૂરમાંજ ન થાય. તેથી દોષરહિત થઈ આદર કરવાનું માત્ર ભગવાનને પરાયણ રહેવાથી જ થાય. સ્ત્રીઓનું મંડલ ભૂષણ હતું જેમનું, અથવા સુવર્ણમાં નીલમણીની પેઠે અથવા કસોટીમાં સુર્વણની રેખા પેઠે (સ્ત્રીઓના) મંડલના આભૂષણ બનેલા ભગવાન્ (રમણ કરતા હતા). ૩૪.[૨]

૧. ચોથા વર્ષનું હશે. પૌગંડ અવસ્થાનું ચોથું વર્ષ એટલે નવમું વર્ષ.

૨. એવી રીતે આઠ શ્લોકથી શિરરૂપ વાસુદેવ વ્યૂહની લીલા કહી. આ બધી લીલા વસુદેવના ઘરમાં પ્રકટ થએલા ભગવાનની છે અને તે પર પુરુષ છે. તેમનું ઉત્તમ સચ્ચિદાનંદરૂપ સ્વરૂપ આ અધ્યાયના બારમા શ્લોકમાં જણાવેલું છે. આમ હોવાથી અક્ષરરૂપ પુરુષોત્તમના દેહમાં વ્યૂહોનો વિભાગ હોવાનું સિદ્ધ થાય છે. તેથીજ બારમા સ્કંધમાં વ્યૂહોનું નિરૂપણ કરતાં 'બ્રહ્મની મૂર્તિનો વ્યૂહ' એમ 'મૂર્તિ' શબ્દ યોજેલો છે. મથુરામાં ચાર વ્યૂહરૂપથી ભગવાન્ પ્રકટ થએલા ગોકુલમાં તો ધાવણ ઉત્પન્ન કરવાના પ્રયોજનથી વાસુદેવ વ્યૂહથી પ્રકટ થએલા. પુરુષોત્તમનો તો જન્મ થતો જ નથી. તે સર્વથી ઉત્તમ સદાનંદ છે. તેમના કર, પાદ, મુખ, ઉદર વિગેરે માત્ર આનંદનાજ છે. 'આનંદરૂપ જે અમૃત પ્રકાશે છે' એ શ્રુતિપ્રમાણે સાકાર છે. આ જ પોતાની અંદરજ પ્રતિષ્ઠાવાળા રસરૂપ છે. (પ્ર)

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના બીજા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અધ્યાય ત્રીજો ।।

**તૃતીયે મધ્યચરિતં કૃષ્ણસ્ય વિનિરૂપ્યતે ।।**
**ઈન્દ્રિયાણાં તથા સર્ગમધિકારસ્ય પોષકમ્ ।।૧।।**

ત્રીજા (અધ્યાય)માં શ્રીકૃષ્ણનું મધ્ય (અવસ્થાનું) ચરિત, અને અધિકારનું પોષણ કરનાર ઈન્દ્રિયોનું સર્ગ કહેવામાં આવે છે. કા.૧.

**આવિર્ભૂતો હિ ભગવાંસ્તત્ત્વાન્યેવ પ્રવર્તયન્।।**
**સર્વાં સૃષ્ટિં વિતનુતે તાવન્તોઽત્ર તતો ગુણાઃ ।।૨।।**

પ્રકટ થએલા ભગવાન્ તત્ત્વોની પ્રવૃત્તિ કરાવતાંજ સર્વ સૃષ્ટિનો વિસ્તાર કરે છે. તેથી અહિં (આ અધ્યાયમાં) તેટલા ગુણો છે કા.૨.

**દશેન્દ્રિયાણિ ચત્વારિ મનઆદીનિ દેવતાઃ ।।**
**અષ્ટાવિંશતિ રૂપાણિ નિરૂપ્યન્તે તતોઽત્ર હિ ।।૩।।**

તેથી દશ ઈન્દ્રિયો, મન વિગેરે ચાર, અને (તેમના) દેવતાઓ (એ) અઠ્ઠાવીસ રૂપોનું અહિં નિરૂપણ કરવામાં આવે છે. કા.૩.

ગયા અધ્યાયમાં મથુરામાં (ભગવાનની) ઉત્પત્તિ કહીને, ત્યાં કરવાના ચરિત્રો કહેવાનાં (હતાં તેની) વચ્ચે ગોકુલમાં વાસ વિગેરે કહ્યું. હવે પ્રકટ થઈને જે કરવાનું[1] હતું તે કહે છે. તેમાં પ્રથમ ગોકુલથી આવીને કંસને હણ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તતઃ સ આગત્ય પુરં સ્વપિત્રોશ્ચિકીર્ષયા શં બલદેવસંયુતઃ ।।**
**નિપાત્ય તુંગાદ્રિપુયૂથનાથં હતં વ્યકર્ષદ્વ્યસુમોજસોર્વ્યામ્ ।।૧।।**

ત્યાંથી પોતાનાં માતપિતાને સુખ કરવાની ઈચ્છાથી બલદેવ સાથે શહેરમાં આવીને, શત્રુઓના સમૂહના નાથને ઉંચા (માચડા) ઉપરથી પછાડીને તે મૂઓ ત્યારે મરેલાને ભૂમિ ઉપર બલથી ઘસડ્યો. ૧.

'ત્યાંથી' ગોકુલમાંથી પોતાનાં માતપિતાને સુખ કરવાની ઈચ્છાથી બંનેનું કાર્ય સિદ્ધ થાય તે માટે બલદેવ સાથે મળીને તે ભગવાને પોતાના શહેર મથુરામાં આવીને, શત્રુઓના સમૂહના નાથ કંસને ઉંચા માચડા ઉપરથી પછાડીને, પોતે તેની ઉપર પડીને, તે મરણ પામ્યો ત્યારે માતપિતાનું પ્રિય કરવાની ઈચ્છાથી મરેલાને પણ તેને 'વ્યકર્ષત્' ઘસડ્યો, કારણ કે તેઓ (માતપિતા)ના મનમાં એવી કામનાઓ[2] હતી કે એને કોણ આમ (ઘસડવાનું) કરશે. આ (સ્વરૂપ)જ ભક્તોનું મન છે, કારણ કે (આ સ્વરૂપે) ભક્તોના મનમાં રહેલા દૈત્યને હણીને તેમના મનને સ્વસ્થ[3] કર્યું; કેમકે આવું

ચરિત્ર કરવામાં આવે ત્યારે તેઓના મનમાં એમ થાય કે 'આપણે પણ આમ (દેવકી અને વસુદેવ પેઠે) કરવું. ભગવાનનો આદર કરી રહેવું. ભગવાનજ (આપણાં) ચિત્તમાં રહેલા દોષને દૂર કરીને મનને સ્થિર કરશે[૪]' ૩.

૧. પ્રકટ થઈને કરવાનું એટલે ચાર વ્યૂહના રૂપવાળા અવતારે કરવાનું. (પ્ર)

૨. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે.

૩. 'સ્વરૂપ તો બહારની ચેષ્ટારૂપ હોવાથી તે મન કેમ ગણાય ?' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. 'શ્વાસ લે તેજ પ્રાણ, બોલે તેજ વાણી' એ શ્રુતિ પ્રમાણે સ્વરૂપે (માતપિતાના) મનનું (ઈચ્છેલું) કાર્ય કરેલ હોવાથી તેજ મન ગણાય. લીલા તો સાધન બનેલી હોય છે, અને તેમનું સ્મરણ (મનની) ક્રિયા છે. આગળ પણ આમજ જાણવું.(પ્ર).

૪. 'એવી રીતે માતપિતાના મનનો સંસ્કાર થાય, છતાં બીજા ભક્તોના મનનો સંસ્કાર કેમ થાય ?' એવી શંકા થાય તેથી આ વાક્ય કહેલું છે. (પ્ર)

એ પ્રમાણે દુષ્ટને શિક્ષા કર્યાનું કહીને, સારા (પુરુષો)નું પાલન કહેવા માટે સત્પુરુષોને બોધ દેવા પોતે પહેલો બ્રહ્મચર્ય ધર્મ પૂરેપૂરો આચર્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સાન્દીપનેઃ સકૃત્પ્રોક્તં બ્રહ્માધીત્ય સુવિસ્તરમ્ ।।**
**તસ્મૈ પ્રાદાદ્વરં પુત્રં મૃતં પઞ્ચજનોદરાત્ ।।૨।।**

સાંદીપનિએ એકવાર કહેલા વેદ સંપૂર્ણ વિસ્તાર સાથે ભણીને, પંચજનના ઉદરમાં જઈને મરેલા પુત્રરૂપ વર તેને આપ્યો. ૨.

સાંદીપનનો પુત્ર (સાંદીપનિ) સર્વજ્ઞ હતો, તેની પાસેથી 'બ્રહ્મ' વેદ ભણીને (વર આપ્યો). 'એકવાર કહેલા' શબ્દથી લોકની માન્યતા પ્રમાણે ઘણી ઉત્તમ બુદ્ધિ હોવાનું અથવા વેદની આજ્ઞાનું પાલન કરવા (ભણ્યાનું) કહેલું છે. 'સંપૂર્ણ વિસ્તાર સાથે' એટલે અર્થનું જ્ઞાન તથા (વેદના) અંગો વિગેરે સાથે ભણીને, વિદ્યાની સમાપ્તિ કરી, ગુરુને દક્ષિણા આપી. તે દક્ષિણા વરરૂપ હતી, તે (વર) પણ પુત્રરૂપ, અને તે (પુત્ર) પણ પહેલાં મરેલો હતો તે. પહેલાં પંચજનના ઉદરમાં જઈને મરેલા પુત્રને, તે મરતાં પહેલાના સમયમાં હતો તેવા દેહવાળાને, તે (સાંદીપનિ)ને આપ્યો. મરણની ક્ષણથી આરંભી સર્વ તત્ત્વોના સમૂહરૂપ દેહમાં કાલને લીધે જે વિકાર થએલ, તે બધોએ વિકાર ભગવાનની આજ્ઞાથી કાલે બહાર કાઢી નાખ્યો, ત્યારે તે બધોએ દેહ પહેલાં હતો તેવો થયો. આ[૧] જ મનનો અધિકારી દેવ છે, કારણ કે ક્ષીણ થએલો ચંદ્રજ વધે છે અને શબ્દ જેનું કારણ[૨] છે તેવો હોય છે.

૧. 'આ' એટલે કાલે બહાર કાઢેલ ગુરુના પુત્રનો દેહ.(પ્ર) સામાન્ય રીતે કાલે ગળેલ હોય તે પુનઃ સજીવન થાય તે.

૨. ભગવાન્ વેદ ગુરુ પાસેથી ભણ્યા એ કારણ છે, અને ગુરુપુત્રનું પુનઃ સજીવન થવું, એટલે

મનનો અધિકારી દેવ ( ચંદ્ર મનનો અધિકારી દેવ છે ) એ કાર્ય છે. 'વેદ' શબ્દરૂપ હોઈ, 'શબ્દ' એટલે વેદ.

એ પ્રમાણે આચારથી સારા પુરુષોનું પાલન (કર્યાનું) કહીને, આચાર્યથી બીજા આશ્રમરૂપ ધર્મની પ્રવૃત્તિ કરાવતાં, (તે) આચાર્યો એમ નીચેના શ્લોકમાં કહે છે:

**સમાહુતા ભીષ્મકકન્યયા યે શ્રિયઃ સવર્ણેન બુભૂષયૈષામ્ ।।**
**ગાન્ધર્વવૃત્ત્યા મિષતાં સ્વભાગં જહ્રે પદં મૂર્ધ્નિ દધત્સુપર્ણઃ ।।૩।।**

ભીષ્મકની કન્યાએ ગાંધર્વવિધિથી પ્રાપ્ત કરવાની ઈચ્છાથી લક્ષ્મી જેવી કાંતિવાળાથી જેઓને બોલાવેલા, એમના દેખતાં (એમનાં) માથા ઉપર પગ મૂકતાં ગરુડ પોતાના ભાગને લઈ ગયા હતા. ૩.

(૧) ભીષ્મકની કન્યાથી આ (રાજાઓ)ને પ્રાપ્ત કરનારી ઈચ્છાથી[1] લક્ષ્મી જેવી કાંતિવાળા રુક્મિએ જેમને બોલાવેલા, તેઓના માથાં ઉપર પગ મૂકીને ગાંધર્વ વિધિથી (ભગવાન્ રુક્મિણીને) લઈ ગયા. 'ક્ષત્રિયો માટે ગાંધર્વ તેમજ રાક્ષસ ધાર્મિક (વિવાહ) કહેલા છે' તેથી પહેલા વિવાહમાં તે બંને (પ્રકાર) કરવા ગાંધર્વવિધિથી (ભગવાન્ રુક્મિણીને) લઈ ગયા, કે જેથી રુક્મિણી પૂરતો ગાંધર્વ, અને બીજાના સંબંધમાં બલાત્કારે કન્યાનું હરણ કરેલ હોવાથી રાક્ષસ (વિવાહ) થાય, તેમના 'માથાં ઉપર પગ મૂકતાં' શબ્દોથી (એમ જણાવેલ છે કે) બંધુઓએ જે તેમને આપેલ (આપવાનું[2]) હતું, તે એક (કન્યા) ઘણાને આપી શકાય તેમ નહિ હોવાથી, જે (કન્યાને) ગમે અથવા જે ઉત્તમ હોય તેને દેવું એવી ઈચ્છા થવાથી, તે (ઈચ્છા) સિદ્ધ થાય તે માટે (ભગવાને) બધાના માથાં ઉપર બધાના બદલે કાર્ય કરી શકે તેવું પોતાનું ચરણ ધર્યું. આથી તે (રાજા)ઓની ઈચ્છાનું પણ સમર્થન થયું, કારણ કે ભગવાન્ સર્વનું પ્રતિરૂપ[3] છે.

અથવા (૨) લક્ષ્મીના જેવી કાંતિવાળા રુક્મિણીના રૂપે જેઓને બોલાવેલા, એવો પાઠ (લેવો) રૂપથી મોહ[4] પામેલા આવ્યા, તેથી–તે પાઠ લેવામાં આવે ત્યારે– તેમનાં માથાં ઉપર પગ મૂકીને તેઓનો મોહ દૂર કર્યો.

(૩) કાર્ય કરનારી (બોલાવનારી) ભીષ્મકની કન્યાએ, લક્ષ્મીના જેવી કાંતિરૂપ સાધનથી ગાંધર્વવિધિ પ્રમાણે પ્રાપ્ત કરવાની ઈચ્છાથી જેમને બોલાવેલા– એવો અર્થ લેવામાં આવે ત્યારે, (કોને વરશે એ) ચોક્કસ નહિ હોવાથી[5] ભગવાન્ સર્વના પ્રતિરૂપ હોવાથી ગાંધર્વ (લગ્ન) થયું. બલાત્કારથી કન્યાને હરવાનું તો બધે (બધાએ અર્થમાં) સમાનજ છે. 'દેખતાં' શબ્દથી (એમ જણાવ્યું છે કે) ચોરીથી

(છૂપી રીતે) લઈ ગયા નહતા, અથવા બધાના બલનો નાશ કરેલો. (તે) 'પોતાનો ભાગ' હોવાથી કોઈ ધાર્મિક નિયમનો દોષ નહતો. 'ગરુડ' એટલે ગરુડની સ્થિતિ પ્રાપ્ત કરેલા ભગવાનજ. તેમ હોવાથી, (રુક્મિણીની) માતાનું પ્રિય કરવાની ઈચ્છાથી (ભગવાન્) અમૃતની પેઠે તે (રુક્મિણી)ને લઈ ગયા. 'પોતાના ભાગને' શબ્દ હોવાથી આ (રુક્મિણી) જ્ઞાન શક્તિ[૬] હતી. જે માત્ર ભગવાનને જ પરાયણ હોય[૭] તેવી અધિકારીની બુદ્ધિ આ જ છે. બધા દોષોને દૂર કરીને પોતાના માટે ભગવાનેજ તેને સ્વીકારેલી છે. ૩.

૧. અહિં 'ભૂ' ધાતુ પ્રાપ્તિના અર્થમાં યોજાએલો છે. (પ્ર)

૨. 'આપેલ' શબ્દ 'આપવા યોગ્ય' ના અર્થમાં યોજાએલ છે. (પ્ર)

૩. ભગવાન્ સર્વ જગતના મૂલરૂપ છે. 'પ્રતિ' શબ્દ 'મૂલ'ના અર્થમાં 'પ્રતિપુસ્તક' વિગેરે શબ્દો પેઠે યોજાએલ છે.(પ્ર)

૪. 'મોહ' એટલે રુક્મિણીના રૂપમાં આસક્તિ. (પ્ર)

૫. કોને પરણવું એવો નિશ્ચય થએલો નહિ હોવાથી, અને ભગવાન્ સર્વના મૂલરૂપ હોવાથી, ગમે તેને પરણવાની ઈચ્છા થાય તોપણ તે ભગવાનમાંજ પરિણમતી હોવાથી ગાંધર્વ વિવાહ થાય છે એવો અર્થ છે. (પ્ર)

૬. સ્કંધના અર્થનો વિચાર કરતાં આ જ્ઞાનશક્તિ બુદ્ધિનો સંસ્કાર કરનારી છે. (પ્ર)

૭. સંસ્કાર કરવાની (બુદ્ધિ)નું સ્વરૂપ આ વાક્યથી જણાવ્યું. (પ્ર) સંસ્કાર થએલી બુદ્ધિનું સ્વરૂપ આ હોય તેમ જણાય છે.

એ પ્રમાણે સોમવંશમાં વિવાહ કરીને નીચેના શ્લોકમાં સૂર્યવંશમાં ઉત્સવ સાથેનો વિવાહ કહે છે :

**કકુદ્મિનો વિદ્ધનસો દમિત્વા સ્વયંવરે નાગ્નજિતીમુવાહ ।।**
**તદ્ભગ્નમાનાનપિ ગૃધ્નતોડજ્ઞાઞ્જઘ્નેડક્ષતઃ શસ્ત્રભૃતઃ સ્વશસ્ત્રૈઃ ।।૪।।**

આખલાઓનાં નાક વીંધી, તેમને વશ કરીને (ભગવાન્) સ્વયંવરમાં નાગ્નજીતીને પરણ્યા; અને તે (આખલા)ઓથી (પોતાના) અભિમાનનો નાશ થએલ હોવા છતાં અધિક આકાંક્ષા રાખનાર અજ્ઞાની શસ્ત્રધારી (રાજા)ઓને (પોતે) ઘવાયા વિના પોતાના શસ્ત્રોથી હણ્યા. ૪.

'કકુદ્મિનઃ' પણ તરીકે સ્વીકારેલા આખલાઓનાં નાક વીંધી, (તેમના) નાકમાં છિદ્ર પાડી તેમાં દોરડું નાખી, ખેંચીને પરાક્રમરહિત કરીને વશ કરી (નાગ્નજીતીને પરણ્યા). તે પણ સ્વયંવરમાંજ પરણ્યા, (ભગવાનને) બોલાવીને દાન કર્યું ન હતું. આથી પોતાનો ધર્મ ગાંધર્વ (વિવાહ) પણ કહ્યો. નગ્નજીતની પુત્રી સત્યાને પરણ્યા. ઉત્તરાર્ધથી તેના સંબંધી રાક્ષસ (વિવાહ) પણ કહેલો છે. પહેલાં (રાજાઓ) સ્વયંવર માટે આવેલા, અને શરતના કરારરૂપ તે આખલાઓએજ તેમના

અભિમાનનો નાશ કરેલો. તેવા હોવા છતાં તેમને મારનારા આખલાઓને જીતનાર ભગવાન્ પાસેથી તેને લઈ જવાની 'ગૃધ્નતઃ' અધિક ઈચ્છા રાખનારા, અને તેથીજ અજ્ઞાની તે શસ્ત્ર ધારણ કરેલાઓને (ભગવાને) પોતે ઘવાયા વિનાજ પોતાનાં શસ્ત્રોથી હણ્યા. તેમને હણીને (કન્યા) લઈ ગયા, (એમ) આ (કહ્યું તે)થી રાક્ષસ (વિવાહ) કહેવાયો. આ (નાગ્નજીતી)જ બ્રહ્મરૂપ બુદ્ધિની દેવતા છે. તેના દોષ બે પ્રકરના છે (૧) નિશ્ચિત અને (૨) અનિશ્ચિત. નિશ્ચિત (દોષો) માયાએ કરેલા સાત વ્યસનરૂપ છે. અનિશ્ચિત (દોષો) તો અનંતજ છે. તે બંને પ્રકારના દોષોને દૂર કરીને,–'નગ્નાન્' પાખંડીઓ ઉપર 'જયતિ' વિજય મેળવે તે (નગ્નજીત્ એટલે) વેદ અથવા ધર્મ–તેનાથી જેનો જન્મ થએલ તેવી[1] દેવતાને ભગવાને પોતાની અંદરજ સ્થિરતાવાળી કરી, કે જેથી ભગવદીઓની બુદ્ધિ સ્વભાવથી પણ બીજાના સંબંધવાળી થાય નહિ. ૪.

૧. 'તજ્જનિકામ્' એટલે તે વેદ અથવા ધર્મથી 'જનિઃ' જન્મ થએલો છે જેનો તેવી દેવતા અથવા બુદ્ધિને ઉત્પન્ન કરનારી દેવતા. અહિં પણ સંસ્કારવાળા ભગવાનજ છે. બધે એમ જાણવું. (પ્ર) સંસ્કાર કરનારા ભગવાન્ છે. એમ હોવું જોઈએ, એમ જણાય છે.

એ પ્રમાણે વિવાહ કહીને, તેમાં આસક્તિવિના રમણ થાય નહિ, તેથી તેમાં આસક્તિનું પરિણામ નીચેના શ્લોકમાં કહે છેઃ

**પ્રભુઃ પ્રિયં ગ્રામ્ય ઈવ પ્રિયાયા વિધિત્સુરાર્ચ્છદ્દ્યુતરું યદર્થે ।।**
**વજ્ર્યાદ્રવત્તં સગણો રુષાન્ધઃ ક્રીડામૃગોઽયં નૂનં વધૂનામ્ ।।૫।।**

ગામડીઆની પેઠે પ્રિયાનું પ્રિય કરવાની ઈચ્છાવાળા પ્રભુ સ્વર્ગના વૃક્ષને હરી લાવ્યા. તેને માટે રોષથી આંધળો થએલો વજ્રી (પોતાના) ગણો સાથે તેમની સાથે યુદ્ધ કરવા આવ્યો. ખરેખર ! આ સ્ત્રીઓનો વાંદરો છે. ૫.

ગામડીઆની પેઠે પ્રિયા સત્યભામાનું પ્રિય કરવાની ઈચ્છાવાળા (પ્રભુ) સ્વર્ગના વૃક્ષ પારિજાતને 'આર્ચ્છત્' હરી લાવ્યા. પારિજાત સ્વર્ગમાં રહેવા યોગ્ય અને દેવોથી ભોગ કરવા યોગ્ય છે એવી તેની મર્યાદા છે. જેમ કામરસમાં રચ્યો પચ્યો રહેલ ગામડીઓ મર્યાદાનો ભંગ કરીને રસનો અનુભવ કરે, તેમ પ્રિયાને માટે તે (પારિજાતની મર્યાદા)નો ભંગ કરીને (ભગવાને) તેવી રીતે દિવ્ય ભોગ કર્યો એવો અર્થ છે. પારિજાત સ્વર્ગમાં પણ દુર્લભ છે એમ જણાવવા 'તેને માટે (વજ્રી યુદ્ધ કરવા આવ્યો)' એમ કહેલું છે. તે પારિજાતને માટે 'વજ્રી' ઇંદ્ર ભગવાન્ સાથે પણ કજીઓ (યુદ્ધ) કરવા ગણો સાથે એટલે દેવો વિગેરે સાથે (આવ્યો). 'વજ્રી' શબ્દથી એમ સૂચવેલું છે કે વજ્ર લઈને સ્વર્ગ(ના ભોગ) માટે બ્રાહ્મણનો વધ કરવાનું પણ અંગીકાર કરીને જેણે બ્રાહ્મણ વૃત્રને હણેલો, તેવો (ઇંદ્ર છે). (ભગવાન્ સાથે યુદ્ધ

કરવા આવવામાં) કાંઈ પણ વિચાર ન આવે, તે માટે રોષથી આંધળો થઈ 'આદ્રવત્' યુદ્ધ કરવા સામા મુખે દોડી આવ્યો. આથી એમ કહેલું છે કે બધાએ સ્વર્ગથી પારિજાત અધિક છે, કારણ કે તેને માટે ઈંદ્ર વિગેરે પણ મરવા તૈયાર થયા.

''ઈંદ્ર સર્વજ્ઞ દેવ બૃહસ્પતિનો શિષ્ય છે. તેણે કેમ એવું (કર્યું) ? સર્વ પ્રકારથી જેમના ઉપર નભવાનું તેવા ભગવાન્ સાથે નીતિની વિરુદ્ધ ઝઘડો કેમ કર્યો ?'' એવી શંકા થાય, તેથી 'ખરેખર ! આ સ્ત્રીઓનો વાંદરો છે' એમ કહેલું છે. આ ઈંદ્ર નિશ્ચય ઈંદ્રાણી વિગેરે (તેની) સ્ત્રીઓનો 'ક્રીડામૃગઃ' વાંદરો છે. જેમ વાંદરો (તેને) કહેવામાં આવ્યું હોય તે પ્રમાણેજ કરે છે, પરંતુ કાંઈ પણ વિચાર કરતો નથી, તેમ (ઈંદ્રે કર્યું). વળી 'વધૂ' 'સ્ત્રી' શબ્દથી તેઓનેજ ઘરની માલિક કહેલી છે. તેમનું રક્ષણ કરવા માટેજ ઈંદ્ર વિગેરેનો ઉપયોગ છે. તેથી આ અહંકારનું[1] નિરૂપણ થયું, કારણકે ભગવાનના ભક્તોને (તેમનામાં) ભગવાનેજ સ્થાપન કરેલો અહંકાર ફલ આપનારો થાય છે.[2] આ (અહંકાર)ના અભિમાનવાળો દેવ રુદ્ર છે. તેના ભક્ત (ઈંદ્રને) હઠાવવાથી ભગવાનજ તેના[3] રૂપવાળા થાય છે, એવું ભક્તોના અહંકારને નભાવનારાં રૂપનું આગલા (છઠ્ઠા શ્લોકમાં) વર્ણન કરવામાં આવે છે. ૫.

૧. 'આ' એટલે સત્યભામામાં રહેલો અહંકાર. તેને સંસ્કાર કરવા યોગ્ય કહેલો છે, એવો અર્થ છે. (પ્ર) 'આ' ઈંદ્રમાં રહેલો અહંકાર હોય, એમ જણાય છે.

૨. આથી સંસ્કાર થએલા અહંકારનું સ્વરૂપ કહેલું છે. (પ્ર)

૩. 'તેના રૂપવાળા' એટલે અહંકારના દેવતાના રૂપવાળા. (પ્ર)

ભગવાન્ ભોગ પણ ભક્તોને ઈચ્છેલું પ્રાપ્ત થાય તે માટેજ કરે છે, તેથી તેમની દયા જણાવતાં, દુષ્ટને શિક્ષા કરીને ભક્તોને બધુંએ ઈચ્છેલું આપતાં ભોગ કરે છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સુતં મૃધે ખં વપુષા ગ્રસન્તં દૃષ્ટ્વા સુનાભોન્મથિતં ધરિત્ર્યા ।।**
**આમન્ત્રિતસ્તત્તનયાય શેષં દત્ત્વા તદન્તઃપુરમાવિવેશ ।।૬।।**

શરીરથી આકાશને ગળી જતા પુત્રને યુદ્ધમાં સુદર્શનથી કટકા થઈ ગએલો જોઈને પૃથ્વીએ આમંત્રણ કરેલા (ભગવાને) તેના પુત્રને બાકીનું આપી, તેના અંતઃપુરમાં પ્રવેશ કર્યો. ૬.

પુત્ર નરકાસુરને ભગવાનથી હણાએલો જોઈને, પૃથ્વીએ બાકીનાના રક્ષણ માટે ભગવાનને પ્રાર્થના કરી. ત્યારે થઈ ગએલું ન થએલું થાય તેમ નહિ હોવાથી[1], તે પ્રમાણે આમંત્રણ કરેલા ભગવાને તેના પુત્ર ભગદત્તને બાકીનું બધુંએ રાજ્ય આપીને, તેના પુત્રના ઉપયોગમાં ન આવે તેવા પદાર્થો ગ્રહણ કરવા માટે તેના અંતઃપુરમાં પ્રવેશ કર્યો એવો (વાક્યનો) અન્વય છે. ભગવાન્ પોતાના બધા

(સેવકો)નું બધુંએ કાર્ય પોતે કરે છે, એવું ભગવાનનું ચરિત્ર કહેલું[2] છે. 'શરીરથી આકાશને ગળી જતા' વિશેષણથી નરકાસુરનો વધ (કરવા)નું કારણ (કહેલું છે).[3] (તેને) વૃત્તના સરખો જણાવ્યો. બ્રહ્માએ બનાવેલા જગતનું સંપૂર્ણ રીતે પાલન કરવા ઉદ્યમ કરનાર વિષ્ણુએ તે (જગત્) નભી રહે તે માટે રુદ્રની કૃપાથી મહાભૂતને પણ ગળી જવાનું સામર્થ્ય પ્રાપ્ત કરેલા પોતાના પુત્ર (નરકાસુર)ને પણ હણ્યો. પૌત્રનું (રાજ્યાસન ઉપર) સ્થાપન તો (પોતાની) પત્નીની પ્રાર્થનાને લીધે (કર્યું). (નરકાસુરને હણવામાં) દોષ ન હતો એમ જણાવવા 'યુદ્ધમાં' શબ્દ યોજેલો છે. સંગ્રામમાં હણવાથી ક્ષત્રીઓને દોષ લાગતો નથી. ખાલી હોય તે વસ્તુથી ભરાય. 'ખમ્' (શૂન્ય ખાલી) આકાશ (નરકાસુરે પોતાના) શરીરથી ભરી દીધું એટલે તેણે ગળ્યું[4] એમ કહેલું છે. 'ગળી જતા' એમ વર્તમાન ( કાલ ) કહ્યો, તેથી એમ સૂચવેલું છે કે આ ઉપાય કરવાનો સમય હતો. 'સુનાભમ્' એટલે સુદર્શન. 'ઉન્મથનમ્' એટલે કાપીને કટકા કરવા તે, અથવા[5] તેના શરીરનું મથન કર્યું અને તેમાં રહેલા જીવનો ઉદ્ધાર કર્યો[6] એવો (અર્થ છે). તેનાં અંતઃપુરમાં પ્રવેશ કર્યો, તેથી એમ સૂચવેલું છે કે તેને પોતાની અંદર સાયુજ્ય પ્રાપ્ત કરાવ્યું. તેથીજ અને તેઓ (નરકાસુરના અંતઃપુરમાં રહેલી સ્ત્રીઓ) દિવ્ય સ્ત્રીઓ[7] હતી તેથી કોઈ પણ અંશથી[8] (ભગવાનમાં) દોષ નથી. (તેઓને ભગવાનનો) સંબંધજ વર(દાન)થી પ્રાપ્ત થએલા[9] એમ અષ્ટાવક્રે (આપેલા) શાપથી અને (તેની) પ્રસન્નતાથી જણાય છે. ૬.

૧. નરકાસુર હણાયો, તે ન હણાયો થાય તેમ નહિ હોવાથી, એવો અર્થ છે. ( પ્ર )
૨. 'કહેલું છે' એટલે સંસ્કાર કરનારું કહેલું છે. ( પ્ર )
૩. વામનઅવતારનો પુત્ર હતો છતાં કેમ હણ્યો તેનું કારણ કહેલું છે. ( પ્ર )
૪. ગળવું મુખનું કાર્ય હોવાથી અને તે સંભવતું નહિ હોવાથી આ કહેલું છે. ગૌણી લક્ષણાવૃત્તિથી આમ કહેલું છે, એવો અર્થ છે. ( પ્ર )
૫. અહિં 'વા' 'અથવા' શબ્દ 'અને'ના અર્થમાં યોજાએલો છે. ( પ્ર )
૬. પુત્ર હોવાપણું, મથન એ શરીરનાં થાય છે, જીવ તો કપાય નહિ તેવો શાસ્ત્રમાં કહેલો છે. અહિં મથન કહ્યું એટલે અર્થથી જીવનો ઉદ્ધાર કહેવાયો. ( પ્ર )
૭. 'અસુરના ઘરમાં પુરાએલી દિવ્ય સ્ત્રીઓ' એ સંબંધમાં જેમ નૃસિંહરૂપથી હિરણ્યકશિપુનો વધ કર્યો તેમ આ નરકાસુરનો વધ કર્યો. તેથી વધમાં દોષ ન હોવાનું આ બીજું કારણ કહેલું છે. ( પ્ર )
૮. 'કોઈ પણ અંશથી' એટલે પોતાનાં ક્રૂરપણાંથી, તથા પારકાના અંતઃપુરમાં પ્રવેશ કરવાથી. ( પ્ર )
૯. અંતઃપુરમાં પ્રવેશ કરવાનું આ બીજું કારણ કહેલું છે. ( પ્ર )

ત્યાં તે (સ્ત્રીઓ) તેમને ઘેરી વળી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તત્રાહૃતાસ્તા નરદેવકન્યાઃ કુજેન દૃષ્ટ્વા હરિમાર્તબન્ધુમ્ ।।**

**ઉત્થાય સદ્યો જગૃહુઃ પ્રહર્ષવ્રીડાનુરાગપ્રહિતાવલોકૈઃ ।।૭।।**

ત્યાં ભૌમાસુરે આણેલી તે રાજકન્યાઓએ દુઃખીના બંધુ હરિને જોઈને, ઉભી થઈ, ઘણો હર્ષ લજ્જા અને પ્રેમથી નાખેલી દષ્ટિઓથી (તેમને) એક સાથે પતિ તરીકે સ્વીકાર્યા. ૭.

ઉપર કહેલી તે દિવ્ય સ્ત્રીઓ હમણાં રાજકન્યાઓ (થએલી અને) ભૌમાસુર (ત્યાં) લઈ આવેલો. 'ત્યાં' અંતઃપુરમાં સર્વ દુઃખ હરનાર આ લોક અને પરલોકના દોષો દૂર કરવાની શક્તિવાળા પોતાના ભોગ માટે તેમ કરે છે એવી શંકા ન રહે તે માટે, 'આર્તબન્ધુમ્' એટલે દુઃખી (પુરુષો) તેમના થાય ત્યારે બંધુની પેઠે તે (દુઃખી)ઓનું હિત કરનાર (ભગવાન્)ને જોઈને, ઉભી થઈ, તેઓએ 'સદ્યઃ' એક સાથેજ તેમને પતિ તરીકે સ્વીકાર્યા. 'હરિ' અને 'દુઃખીના બંધુ' એ વિશેષણો (તેમણે) જાણેલાં યોજેલાં નથી, પરંતુ સ્વરૂપથી હતાં (જણાયાં) તે જ (કહેલાં છે). તેથીજ ભગવાનનાં માત્ર દર્શનથી બંદીખાનાનું દુઃખ, બંધુઓએ કરેલ ત્યાગ વિગેરે સર્વ દુઃખો ભુલાઈ જવાથી, ફરીથી (તેમનું) સ્મરણ થએલું નહિ. પોતાના ઘરમાં પુષ્ટ થએલી હોય તેમ કામની કલાથી પૂર્ણ (તે સ્ત્રીઓએ) કરોડો કામદેવના લાવણ્યવાળા ભગવાનને ભોગ (કરવા)ની ઈચ્છાથી (પતિ તરીકે) સ્વીકાર્યા, એમ 'ઘણો હર્ષ, લજ્જા અને પ્રેમથી નાખેલી દષ્ટિઓથી' શબ્દથી કહેલું છે. તેમણે ભગવાનને દીનતાથી, હાથથી, અથવા બંધુની પેઠે શરીરથી પકડ્યા નહતા, પરંતુ હર્ષથી લજ્જાથી અને પ્રેમથી મોકલેલી જે દષ્ટિઓ એટલે આનંદ ચિત્ અને સત્ ગુણવાળી દષ્ટિઓ(થી ગ્રહણ કરેલા). આરંભમાં ભગવાનને આનંદથી ભરપૂર જોઈને (તેમને) ઘણો હર્ષ થયો. તેથી પ્રથમ આનંદનો અનુભવ કરવા દષ્ટિ મોકલી. પછી ભગવાનનો અધિક ભોગ થતાં, (ભગવાન્ અને પોતે) પતિ અને સ્ત્રી છે એવો અનુભવ પ્રાપ્ત થતાં, લજ્જાથી ભોગને અટકાવી તેમની (સ્ત્રી) હોવાનું જણાવનારી દષ્ટિ મોકલી. પછી અંતઃકરણમાં ભગવાન્ ઉપર ઘણોજ પ્રેમ ઉત્પન્ન થતાં અને ભગવાનની પણ પોતાની ઉપર દષ્ટિ પડતાં, 'અનુ' પાછલથી ઉત્પન્ન થએલો 'રાગઃ' પ્રેમ થયો. તેથી ઘણાજ વૈષયિક ભોગ માટે ભગવાન્ ઉપર તે (પ્રેમવાળી) દષ્ટિ નાખી. તે જ દષ્ટિઓ ભગવાનને (પતિ તરીકે) સ્વીકારનારી હતી. આથી એમ કહેલું છે કે ભગવાન્ ભગવદીઓનાં ચિત્તને આવું[૧] કરે છે[૨]. ૭.

૧. 'આવું' એટલે નિશ્ચયરૂપ વલણ કરાવનારું. (પ્ર)

૨. આ શ્લોકમાં (ચિત્તનો) સંસ્કાર કરનારનું અને સંસ્કાર કરવા યોગ્ય (ચિત્ત)નું સ્વરૂપ કહેલ છે. (પ્ર)

**નીચેના શ્લોકમાં ભગવાને તેમનો સ્વીકાર (કર્યો) એમ કહે છેઃ**

**આસાં મુહૂર્ત એકસ્મિન્નાનાગારેષુ યોષિતામ્ ।।**
**સવિધિં જગૃહે પાણિમુરુરૂપઃ સ્વમાયયા ।।૮।।**

પોતાની માયાથી ઘણાંરૂપવાળા થઈ એક મુહૂર્તમાં જૂદા જૂદા ઘરોમાં આ સ્ત્રીઓનો હાથ (ભગવાને) વિધિપ્રમાણે ગ્રહણ કર્યો. ૮.

સમૂહમાં ભોગ[૧] (કરવામાં આવે તે) સ્ત્રીઓને સુખ કરનાર ન થાય તેથી, કાલથી તેઓની ઈચ્છામાં અંતરાય ન થાય[૨] તે માટે, ભગવાને ઘણાં રૂપવાળા થઈ, લૌકિક નિંદા ન થાય તે માટે 'સવિધિમ્' શાસ્ત્રની વિધિ પ્રમાણે, (સર્વ સ્ત્રીઓને) સમાન ફલ પ્રાપ્ત થાય તે માટે, અને (પોતાનું) ભગવાનપણું જણાવવા એક મુહૂર્તમાં (તેમનો) હાથ ગ્રહણ કર્યો, એટલે (તેમની સાથે) વિવાહ કર્યો એવો અર્થ છે. 'પોતાની માયાથી' એટલે જગત્ રચનારનું સાધન બનેલી માયાથી (ઘણાં રૂપવાળા થયા). (ભગવાન્) માત્ર સચ્ચિદાનંદરૂપ હોવા છતાં, ભોગ માટે તે (સ્ત્રીઓ) ગ્રહણ કરી શકે તેવા થવા માટે, (માયાથી) (પોતાનાં) સ્વરૂપને ઢાંકી દેતા હોવાથી, માયા સાધન થાય છે. જેમ બધુંએ ભગવદ્રૂપ જગત્ ચિદંશવાળી માયાથી ઢંકાઈ જતાં, બધાએ તેનો પોતાની ઈચ્છા પ્રમાણે વ્યવહાર કરે છે, તેમ ભગવાન્ પોતાની માયાથી તેઓએ ઈચ્છેલા ભોગ (ની તેમને પ્રાપ્તિ થાય તે) માટે ઘણાં રૂપવાળા થયા, એવો અર્થ છે. 'યોષિતામ્' 'સ્ત્રીઓનો' શબ્દથી ભોગ (કરવા) યોગ્ય સ્થિતિ જણાવી. રસ પૂરેપૂરો પ્રકટ થાય તે માટે 'જૂદા જૂદા ઘરોમાં' (હાથ ગ્રહણ કર્યો). અહિં ગાંધર્વવિધિ હોવાનું જણાય છે, કારણ કે ક્ષત્રિયોમાં (તે વિધિ) મુખ્ય છે. એ પ્રમાણે (ભગવાન્) ગ્રહણ[૩] (કરે તે) જ ચિત્તના અધિષ્ઠાતા વાસુદેવની ભક્તો પ્રતિ ચિત્તની પ્રેરણા, એમ કહેલું છે. ૮.

૧. ઘણી સ્ત્રીઓનો એકસાથે ભોગ થાય તે તેમને સુખ કરનાર નથી, એવો અર્થ જણાય છે.
૨. જૂદા જૂદા કાલે ભગવાન્ જૂદી જૂદી સ્ત્રીઓનું પાણિગ્રહણ કરે, તો પાછલથી જેમનું પાણિગ્રહણ થાય તેમની ઈચ્છામાં કાલથી અંતરાય થાય. તેવું ન થાય તે માટે.
૩. 'ગ્રહણ' એટલે ગાંધર્વવિધિથી ભક્તનું પાણિગ્રહણ. આ સંસ્કાર કરવા યોગ્ય સ્વરૂપ છે. (વાસુદેવ) નામ સમાન હાવા છતાં સંસ્કાર કરનાર તો ભગવાન્ પોતેજ છે, આ નથી. (પ્ર) 'એ પ્રમાણે ગ્રહણ' એટલે 'કાલથી ભક્તની ઈચ્છામાં અંતરાય ન થાય તેવી રીતે ગ્રહણ' એવો અર્થ હોવાનું જણાય છે.

તેમને ફલ (પ્રાપ્ત થયું તે) નીચેના શ્લોકમાં કહે છેઃ

**તાસ્વપત્યાન્યજનયદાત્મતુલ્યાનિ સર્વશઃ ।।**
**એકૈકસ્યાં દશ દશ પ્રકૃતેર્વિબુભૂષયા ।।૯।।**

પ્રકૃતિની વધવાની ઈચ્છાથી તે એક એક (સ્ત્રી)માં (ભગવાને) સર્વપ્રકારે

પોતાની સમાન દશ દશ સંતાનો ઉત્પન્ન કર્યાં. ૯.

કન્યા અને પુત્રરૂપ સંતાનો (ઉત્પન્ન કર્યાં). તે (સ્ત્રી)ઓ (સંતાનની ઉત્પત્તિનું) સ્થાન હોવાથી, તેઓની સમાન સંતાનો ઉત્પન્ન કર્યાં નહતાં. તેમ હોય (તેઓની સમાન સંતાન ઉત્પન્ન કરવાનાં હોય તો) ભગવાનની ઈચ્છાથી પ્રકૃતિ અને પુરુષના સંબંધથીજ તેઓના પુત્રો ઉત્પન્ન થાય. તેમ થયું નહતું એમ જણાવવા 'પોતાની સમાન' એમ કહેલું છે. સર્વપ્રકારે એટલે (૧) શરીરથી (૨) ઈન્દ્રિયથી (૩) પ્રાણથી (૪) અંતઃકરણથી (૫) સ્વરૂપથી એ સર્વ ગુણોથી પાંચપ્રકારે. 'આમાં દશ પુત્રો ઉત્પન્ન કર' એવી શ્રુતિ હોવાથી, 'એક એકમાં દશ દશ (ઉત્પન્ન કર્યા)' એટલે એ વેદની આજ્ઞાના અર્થનું પાલન કર્યું. 'પ્રકૃતિની વધવાની ઈચ્છાથી' શબ્દોથી સંખ્યાના સંબંધનું સાધન (કહેલું છે); કારણ કે તેણે (પ્રકૃતિએ) એકવાર એકજ પુરુષને ભોગવીને [1]મહત્તત્ત્વ (ઉત્પન્ન) કરેલું, (અને) ફરીથી સંબંધ કરવાનું પ્રયોજન ન હોવાથી કામવાળીજ રહેલી. હવે જ્યારે ભગવાન્ અનંતરૂપોવાળા થયા ત્યારે તેમના ભોગ માટે વારંવાર પુરુષનો સંબંધ પ્રાપ્ત કરીને, (તે પ્રકૃતિ) કાર્યો (સંતાનો) ઉત્પન્ન કરશે, એટલે તેની વધારે થવાની ઈચ્છા પાર પડશે. ભગવાનની ઈચ્છાથી કાર્યમાં રોકાએલી આ) ઘણા પ્રકારે ઉત્પત્તિ કરશે. એટલે આ યજ્ઞની પેઠે[2] સાધન થાય છે. આથી[3] દશની સંખ્યા વડે એવું બહારની ઈન્દ્રિયોનું સ્વરૂપ કહેલું છે કે ભગવાનના ભક્તોની ઈન્દ્રિયની[4] પ્રવૃત્તિ સાંખ્યની પેઠે થાય છે, કારણ કે ભવિષ્યમાં તેઓને[5] બીજની સ્થિતિ થતી નથી[6], અને (તેમનો) ભોગ બીજાની ઈચ્છાથી થાય છે[7]. તે (ભોગ)માં પણ ભોગ (કરવા)ની ઈચ્છા કારણ હોતી નથી, પરંતુ (વધારે) થવાની ઈચ્છા જ કારણ હોય છે. ૯.

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ છે. નાથદ્વારાની પ્રતમાં 'ત્ત' શબ્દ રહી ગયો જણાય છે.
૨. 'યજ્ઞની પેઠે' એટલે સંપૂર્ણ ફલ પ્રાપ્ત થાય ત્યાં સુધી. (પ્ર)
૩. 'આથી' એટલે આ શ્લોકથી. સ્કંધના વિચારથી આ વાક્ય કહેલું છે. (પ્ર)
૪. 'ઈન્દ્રિયની' એટલે આનંદ કરાવનાર ઈન્દ્રિયની. (પ્ર)
૫. 'તેઓને' એટલે 'સાંખ્ય જીવોને''. (પ્ર)
૬. 'અપત્ય' 'સંતાન' અપગતિ ટાળનાર હોવાથી આ કહેલ છે. (પ્ર)
૭. (દશની) સંખ્યાથી તે (ઈન્દ્રિયો)નું બહારનું રૂપ જણાવેલ હોવાથી આ કહેલ છે. (પ્ર)

એ, પ્રમાણે કામલીલા કહીને, નીચેના શ્લોકથી આરંભી સાત શ્લોકોથી ક્રોધલીલા તર્કસહિત જણાવે છે[1]:

**કાલમાગધશાલ્વાદીનનીકૈ રુન્ધતઃ પુરમ્ ।।**
**અજીઘનત્સ્વયં દિવ્યં સ્વપુંસાં તેજ આદિશત્ ।।૧૦।।**

શહેરને સેનાઓથી ઘેરો ઘાલનાર કાલ માગધ શાલ્વ વિગેરેને પોતાના પુરુષોને પોતે દિવ્ય તેજ આપતાં હણ્યા. ૧૦.

ઈન્દ્રિય[૨], સ્પર્શ[૩], કાન (અને) આંખ એ ચારજ બહારની ઈન્દ્રિયો કામ ઉત્પન્ન કરનારી છે, અને સંવત્સર રુદ્ર પાલક અને સૂર્ય (એ) ચાર ક્રોધના અંશો (તેમનું) રક્ષણ કરે છે.

**કામક્રોધૌ સમૌ કર્તું સપ્ત સપ્ત નિરૂપિતાઃ ।।**
**યલ્લોભે ગુણસંખ્યાસ્તે નિવૃત્તિઃ સપ્તધા તતઃ ।।૪।।**

કામ અને ક્રોધ ને સરખા બનાવવા (તે દરેકના) સાત સાત (શ્લોક) કહેલા છે[૪]; કારણ કે લોભના પાંચ છે[૫] (અને) તેથી દૂર રહેવાનું સાત પ્રકારે કહેલું[૬] છે. કા.૪.

**તતો મધ્યે ચતુર્મૂર્તેઃ પ્રદ્યુમ્નાદિર્નિરૂપિતાઃ ।।**
**વાસુદેવાદ્ભક્તરક્ષા તૃતીયા સા નિરૂપ્યતે ।।૫।।**

તેની મધ્યમાં ચાર મૂર્તિમાંથી પ્રદ્યુમ્ન વિગેરે કહેલી છે. વાસુદેવથી ભક્તનું રક્ષણ થાય છે. તે ત્રીજી કહેલી છે. કા. ૫.

તેમાં[૭] આરંભમાં આ શ્લોકમાં એમ કહે છે કે સર્વનું સંપૂર્ણ રીતે પાલન થાય તે માટે ભૂમિના ભારરૂપ બનેલા ઘણા પ્રભાવવાળા શત્રુઓને પહેલાં હણે છે. ત્રણ પ્રસિદ્ધ (શત્રુઓએ) પોતે આવીને ભક્તોનો દ્રોહ કરેલો, તેથી તેમને હણ્યા. તેમાં કાલ અને માગધ મથુરા શહેરને ઘેરો ઘાલનારા હતા. 'કાલ' એટલે કાલયવન (અને) 'માગધ' એટલે જરાસંધ. જરાસંધને પછીથી હણેલ હોવાથી કાલ(નું નામ) પહેલું કહેલું છે. 'આદિ' 'વિગેરેને' શબ્દનો ત્રણે સાથે સંબંધ છે. તેથી તામસ વિગેરે સમૂહોના અધ્યક્ષો તે ત્રણે સમૂહો સાથે કહેલા છે. 'સેનાઓથી' શબ્દ ઘેરો ઘાલવામાં સેનાઓ સાધન થએલ હોવાનું (જણાવે છે), અથવા આ (શબ્દ)થી તેમના ઉપર વિજય દુર્લભ હોવાનું સૂચવેલું છે. છતાં પણ (ભગવાને) તેમને હણ્યા. 'સ્વયમ્' 'પોતે' શબ્દથી (એમ જણાવેલું છે કે) મુચુકુંદ, ભીમ, પ્રદ્યુમ્ન, બલભદ્ર વિગેરે પોતાના પુરુષોને જૂદાઈના પ્રકારે પોતાના ઉદ્યોગથી (પોતાનું) તેજ આપેલું, પરંતુ તેમના ઉદ્યોગથી (કાલ વિગેરે હણાયા) નહતા. આથી (એમ કહ્યું છે કે તેમની) પ્રતિષ્ઠા થાય તે માટે તેમને હણનારા તરીકે સ્થાપ્યા; કારણ કે લૌકિક વિગેરે પ્રકારથી[૮] બ્રાહ્મણ વેદ અને શિવના ભક્ત થએલા, ત્રણ માર્ગમાં રહેનારા તે, (કાલ વિગેરે ત્રણ), ભક્તોની કામનાઓમાં વિઘ્ન કરતા હતા. તે (વિઘ્ન) અટકાવનાર ત્રણે મૂર્તિવાળા૯ ભગવાન્ ત્રણ પ્રકારની કામનાઓના અધિપતિ છે. ૧૦.

૧. કરેલી લીલાનો ક્રમ તજી, સાધનના ક્રમે કરેલી લીલા કહેવાનું તાત્પર્ય અહિં કહેલું છે. (પ્ર).

૨. 'ઇન્દ્રિય' એટલે આનંદ કરાવનાર ઇન્દ્રિય. (પ્ર)
૩. 'સ્પર્શ' એટલે ત્વચા. અહિં એમ જણાય છે કે શ્લોક ૯ માં કામ ઉત્પન્ન કરનાર ઇન્દ્રિય કહી. શ્લોક ૮ માં ત્વચા કહી, કારણ કે પાણિગ્રહણ કરવાનું કહેલું છે. શ્લોક ૭ માં સ્ત્રીઓની દૃષ્ટિને લીધે ભગવાનની તેમના ઉપર દૃષ્ટિ પડ્યાનું કહેલ હોવાથી ચક્ષુઃઇન્દ્રિય કહી. શ્લોક. ૩।૪।૫ માં કાન કહ્યા. શ્લોક ૬ માં દૃષ્ટિ જ કહી. અહિં મન કહેલ નહિ હોવાથી ભગવાનની સાંખ્ય પેઠે એટલે આસક્તિવિનાની સ્થિતિ કહી છે. તેથી તે ઇન્દ્રિયોનું રક્ષણ પણ આસક્તિ વિના કરે, એટલે રક્ષણ કરનારા પણ બહારના છે. તેમાં મુચકુંદ કાલને (કાલયવનને) હણનાર હોઈ કાલના આવેશવાળો સંવત્સરરૂપ છે માગધ વિગેરેને હણનાર રુદ્રરૂપ છે. પાંડવોમાં પાલક છે. અને સૂર્યો તો યાદવોજ છે એમ આગળ સ્પષ્ટ કહેશે. (પ્ર)
૪. કામ અને ક્રોધનાં સાત સાત શ્લોકો કહેલા તે છ ગુણ અને સ્વરૂપ એવા આશયથી કહેલ નથી. (પ્ર).
૫. લોભમાં પણ સ્વરૂપે કર્તા તરીકે પ્રવેશ કરેલો નથી. આના છ શ્લોકો( ૧૬ થી ૨૧ ) છે. કામ-લીલાનો છેલ્લો ૧૬મો શ્લોક બે ઓરડા વચ્ચેનો દીવો બંનેમાં પ્રકાશ આપે છે તેમ લોભનો પણ જાણવો. 'તે' એટલે શ્લોકો. (પ્ર) લોભના ૧૭ થી ૨૧ એ પાંચ શ્લોકોજ કહેલા જણાય છે. 'ગુણસંખ્યાઃ' એટલે ગુણો જેટલા. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ ગુણો હોવાથી પાંચજ લોભના શ્લોકો છે. અહિં 'તે' શબ્દ જૂદો પાડવો યોગ્ય જણાતું નથી, પણ 'ગુણસંખ્યા આસ્તે' ગુણોની સંખ્યા પાંચ છે, એવો અર્થ યોગ્ય જણાવાથી તે પ્રમાણે અનુવાદ કરેલો છે.
૬. 'સાત પ્રકારે' એટલે ૨૨ થી ૨૮ શ્લોકોથી. અહિં ચાર પ્રકારની લીલા કહી તેથી ચાર ( વ્યૂહની ) મૂર્તિઓનું નિરૂપણ કરેલું છે.
૭. 'તેમાં' એટલે ક્રોધ લીલામાં. (પ્ર)
૮. કાલ, માગધ અને શાલ્વ અનુક્રમે પ્રવાહ, મર્યાદા અને પુષ્ટિ માર્ગના હતા. કાલ ગર્ગનો પુત્ર હોવાથી લૌકિક રીતે બ્રાહ્મણનો ભક્ત હતો, માગધ મર્યાદાથી વેદમાં આસક્તિવાળો હતો અને શાલ્વ પુષ્ટિથી શિવનો ભક્ત હતો, એવો અર્થ છે. (પ્ર) શાલ્વ પુષ્ટિમાર્ગનો હોવાનું સંભવતું નથી. મર્યાદા ભકિતમાર્ગનો હોઈ શકે.
૯. મુચુકુંદ, ભીમ અને પ્રદ્યુમ્નરૂપ ત્રણ મૂર્તિવાળા ભગવાન્ સાત્ત્વિક વિગેરે ત્રણ પ્રકારના ભક્તોની કામના પૂરનાર છે. સ્કંધના વિચારથી આ શ્લોકમાં વ્યાસજીએ આનંદ ઉત્પન્ન કરનાર ઇન્દ્રિયનું નિયમન કરનાર દેવતા જણાવેલ છે. (પ્ર)

એ પ્રમાણે (ભક્તોનો દ્રોહ કરવા) તત્પર થએલા ત્રણ પ્રકારનાને હણીને, પોતાની મેળે જેમણે (તેવો) ઉદ્યમ કર્યો ન હતો તેવા કેટલાકને બીજાની દ્વારા જ મરાવ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**શમ્બરં દ્વિવિદં બાણં મુરં બલ્વલમેવ ચ ।।**
**અન્યાંશ્ચ દન્તવક્ત્રાદીનવધીત્કાંશ્ચ ઘાતયન્ ।।૧૧।।**

શંબર, દ્વિવિદ, બાણ, મુર અને વળી બલ્વલ તથા દંતવક્ત્ર વિગેરે બીજા કેટલાકને (બીજા પાસે) મરાવતાં, (કેટલાકને પોતે) હણ્યા. ૧૧.

શંબરને પ્રદ્યુમ્ને હણેલો. દ્વિવિદને બલભદ્રે (હણેલો). બાણના હાથ ભગવાનેજ કાપેલા. બલ્વલને પણ બલભદ્રેજ (હણેલો). દંતવક્ત્ર વિગેરેને ભગવાનેજ હણેલા. 'આદિ' 'વિગેરે' શબ્દથી તેના પક્ષમાં રહેલા વિદૂરથ વિગેરે કહેલા છે. આ કેટલાકને મરાવતાં, કેટલાકને પોતે હણ્યા. (આ શ્લોકમાં) હસ્ત કહ્યા[1], કારણ કે ભગવદીઓએ ભગવાનનું કાર્ય ભગવાનની આજ્ઞાથી કરવાનું[2] હોય છે. ૧૧.

૧. સ્કંધના અર્થનો વિચાર કરીને કહેલું છે. સંસ્કાર કરવા યોગ્ય હાથ છે. (પ્ર)
૨. આ વાક્યથી સંસ્કાર કરવાનો પ્રકાર કહેલો છે. (પ્ર)

એ પ્રમાણે દોષ દૂર કરવા માટે (પોતાની મેળે દ્રોહ કરવા) તત્પર થએલા અને (તેવી રીતે) નહિ તત્પર થએલા દૈત્યોને હણીને, શસ્ત્ર મૂકી દઈને, ભૂમિનો ભાર ઉતાર્યો, એમ નીચેના (શ્લોકથી આરંભી) બે (શ્લોકો)થી કહે છેઃ

**અથ તે ભ્રાતૃપુત્રાણાં પક્ષયોઃ પતિતાન્ નૃપાન્ ।।**
**ચચાલ ભૂઃ કુરુક્ષેત્રં યેષામાપતતાં બલૈઃ ।।૧૨।।**

પછી જેમનાં ધસી આવતાં સૈન્યોથી કુરુક્ષેત્રની ભૂમિ કંપી ઉઠેલી તે તારા ભાઈઓના પુત્રોના પક્ષોમાં આવેલા રાજાઓને (હણાવેલા). ૧૨.

**ભક્તાનામેવ યદ્દુઃખં દોષરૂપં ન્યવારયત્ ।।**
**ભૂમેસ્તુ દેહજો ભારો ન શસ્ત્રેણ નિવાર્યતે ।।૬।।**

ભક્તોનેજ[1] જે દોષરૂપ દુઃખ હતું તેને (ભગવાને) નાશ કર્યો[2], પરંતુ ભૂમિને દેહથી[3] થએલો ભાર શસ્ત્રથી દૂર કરવામાં આવ્યો નથી. કા.૬.

**ઉત્તારિતસ્તુ ભૂભારઃ કણ્ડૂયાં જનયેદ્ધ્રુવમ્ ।।**
**તતસ્તસ્યા નિવૃત્ત્યર્થં નખરૂપૈર્હિ પાણ્ડવૈઃ ।।૭।।**
**પ્રયત્નપ્રેરિતૈર્બાહ્યાં સ્વયમેવ ન્યવારયત્ ।।**

ઉતારેલો ભૂમિનો ભાર જરૂર ચળ ઉત્પન્ન કરે,[4] તેથી તે દૂર કરવા માટે, પ્રયત્નથી પ્રેરણા કરેલા નખરૂપ પાંડવોથી તે બહારની ચળ પોતેજ દૂર કરાવી. કા. ૭ ૧/૨.

**અન્તરન્યાં ચ તામેવ પૂર્વસ્પર્શસમદ્ભવામ્ ।।૮।।**
**કૃમિકીટકરૂપાં તાં તન્નાશેનાવધીત્પુનઃ ।।**

વળી પહેલાના સ્પર્શથી ઉત્પન્ન થએલી અંદર બીજી[5] તે (ચળ) જ હતી. જંતુ અને કીડારૂપ તે (ચળ)નો તેના[6] નાશથી ફરી નાશ કર્યો. કા. ૮ ૧/૨.

'અથ' 'પછી' શબ્દ સારથિપણાની સ્થિતિથી કરેલો જૂદો આરંભ જણાવવા (યોજેલો છે). તારા ભાઈઓના પુત્રો પાંડવો અને દુર્યોધન વિગેરેના બે પક્ષના મદદ

કરનાર મિત્રો તરીકે આવેલા, ધર્મની દરકાર કર્યા વિના સ્નેહના આગ્રહની લાગણીથી આવેલા (રાજા)ઓને મરાવતાં–એમ ગયા (શ્લોક) સાથે સંબંધ છે. ઉત્તરાર્ધથી તેઓનું અધિકપણું કહેલું છે. કુરુક્ષેત્રરૂપ ભૂમિ (તેમનાં સૈન્યોથી) કંપી ઉઠી; કારણ કે ધર્મના સ્થલ ( કુરુક્ષેત્ર )માં તેઓએ અધર્મની સ્થિતિ પ્રાપ્ત કરેલી. અધર્મથી (ભૂમિ) કંપી, કારણ કે તે બધા માત્ર અધર્મમાંજ મચ્યા રહેનાર, (પોતાની) જાતનાને હણનારા હતા. તેથીજ 'જેમનાં સૈન્યોથી ભૂમિ કંપી ઉઠેલી' એમ (કહેલું છે). (ભગવાને આ) દેવેન્દ્રનું કાર્ય કર્યું[7] એવો અર્થ છે. ૧૨.

૧. આ સાડાત્રણ કારિકાઓથી 'અથ' 'પછી' શબ્દથી જૂદો આરંભ કર્યો તેનું તાત્પર્ય કહેલું છે. તેમાંથી પહેલી અડધીથી પહેલાં કહેલું તે ફરી કહ્યું છે. ( પ્ર )

૨. 'નાશ કર્યો' એટલે પોતે ઉદ્યમ કરીને નાશ કર્યો. ( પ્ર )

૩. 'દેહથી' એટલે રાજાઓના વિગેરે ( સૈન્યોના ) દેહથી. ( પ્ર )

૪. શસ્ત્રોથી એ ભાર ન ઉતારવાનું કારણ આથી કહેલું છે. ( પ્ર )

૫. આગળ ચૌદમા શ્લોકમાં જણાવેલ છે તે. ( પ્ર )

૬. 'તેના નાશથી' એટલે 'યદુકુલના નાશથી'. આ ભાવ જણાવવા 'અથ' શબ્દથી જૂદો આરંભ કહેલો છે એવો અર્થ છે. ( પ્ર )

૭. આ સ્કંધના અર્થના વિચારથી કહેલું છે. સારથિના રૂપથી કરેલી આ લીલાનું સ્મરણ વિગેરે કરવાથી હસ્તની દેવતાનો સંસ્કાર થાય છે, એવો અર્થ છે. ( પ્ર )

વળી મુખ્ય ન હતા, તેમનો વધ કહીને, મુખ્ય ( દુર્યોધન)નો વધ કહે છેઃ

**સકર્ણદુઃશાસનસૌબલાનાં કુમન્ત્રપાકેન હતશ્રિયાયુષામ્ ।।**
**સુયોધનં સાનુચરં શયાનં ભગ્નોરુમુર્વ્યાં ન નનન્દ પશ્યન્ ।।૧૩।।**

દુર્યોધન, કર્ણ, દુઃશાસન અને શકુનિની દુષ્ટ મંત્રણાના પાકથી જેમનાં લક્ષ્મી અને આયુષ્યનો નાશ થએલો તેવા (રાજાઓને હણાવેલા. શ્લોક ૧૧). ભૂમિ ઉપર ભાંગેલા સાથલવાળા દુર્યોધનને અનુચર સાથે સૂતેલો જોતાં (ભગવાનને) સંતોષ થયો નહિ. ૧૩.

'જીવવાનું અદષ્ટ હતું, ત્યારે બધા ભેગા થઈને કેમ મરણ પામ્યા ? કારણકે બધાનું એક અદષ્ટ નહિ હોય' એવી શંકા થાય, તેથી દુર્યોધનના પક્ષપાતને લીધેજ બધાનાં આયુષ્યનો ક્ષય થએલો એમ (પૂર્વાર્ધથી) કહે છે. 'સકર્ણઃ' એટલે કર્ણસહિત દુર્યોધન, દુઃશાસન (દુર્યોધનનો) ભાઈ, 'સૌબલિઃ' (તેનો) મામો શકુનિ, આ ચાર દુષ્ટ હતા. આમની દુષ્ટ મંત્રણાનો જે પાક, (તે) પાકથીજ જેઓ તે દુષ્ટ મંત્રણામાં રહેલા તેમનાં લક્ષ્મી અને આયુષ્યનો નાશ થએલો એમ 'હતશ્રિયાયુષામ્' શબ્દથી કહેલું છે. નાશ થએલો છે લક્ષ્મી અને આયુષ્યનો જેમનાં, એવો (અર્થ છે). 'જેમનાં' એ વિશેષણ[1] છે.

દુર્યોધન પણ હણાયો, એવો ( વાક્યનો ) સંબંધ છે. 'ભાંગેલા સાથળવાળો અનુચર સાથે સૂતેલો' એ 'જોતાં'નું કર્મ છે. એવી રીતે બધું કાર્ય કરીને પણ, ભાર દૂર કરવા પધારેલા ( ભગવાન્ ભાર ) દૂર કરનારાઓથી ભાર ઉત્પન્ન થતાં, પહેલાંનો ભાર દૂર કરીને પણ ન 'નનન્દ' સંતોષ પામ્યા નહિ. ભગવદીઓની સ્પર્શ કરનારી ઈન્દ્રિય જ્ઞાનજ ઉત્પન્ન કરે છે, પણ સુખ ઉત્પન્ન કરતી નથી, એવું સ્પર્શનું રૂપ કહ્યું[2]. ૧૩.

૧. ગયા શ્લોકમાં 'યેષામ્' 'જેમનાં' આવેલ છે તે વિશેષણ છે. ( પ્ર )

૨. સ્કંધના અર્થના વિચારથી આ કહેલું છે. ત્વચા ઈન્દ્રિયનું કાર્ય કરનાર તરીકે તેવું ભગવાનનું રૂપ કહ્યું, એવો અર્થ છે, 'ભગવદીઓની સ્પર્શ કરનારી ઈન્દ્રિય... કરતી નથી' એ વાક્યથી સંસ્કાર થએલી ત્વચા ઈન્દ્રિયનું કાર્ય કહેલું છે.( પ્ર )

બીજો ભાર દૂર કરવા માટે નીચેના શ્લોકમાં ભગવાનનો અસંતોષજ કહે છેઃ

**કિયાન્ ભુવોઽયં ક્ષપિતોરુભારો[1]+ યદ્દ્રોણભીષ્માર્જુનભીમમૂલૈઃ ॥**
**અષ્ટાદશાક્ષૌહિણિકો મદંશૈરાસ્તે બલં દુર્વિષહં યદૂનામ્ ॥૧૪॥**

દ્રોણ ભીષ્મ અર્જુન અને ભીમ જેમનામાં મુખ્ય છે તેવા મારા અંશોએ અઢાર અક્ષૌહિણીનો ભૂમિનો આ ભાર ઉતાર્યો તે કેટલો ભારે (ભાર ?) મારા અંશો (હોવાને) લીધે જરાએ સહન થઈ ન શકે તેવું યાદવોનું સૈન્ય છે. ૧૪.

અધમનો નાશ કરવા અધમના ગામમાં જો મહારાજ આવે તો તેમની સેનાથી જ ગામનો નાશ થાય છે. ત્યાં રહેનાર અધમ તો અલ્પજ નાશ કરે છે, પરંતુ સૈનિકો સર્વનો નાશ કરે છે. એ નિયમ પ્રમાણે કહે છે કે સાધનરૂપ મારા અંશોથી મેં ભૂમિનો કેટલો ભાર 'ક્ષપિતઃ' ઉતાર્યો ? 'દ્રોણ, ભીષ્મ, અર્જુન અને ભીમ જેમનામાં મુખ્ય છે તેવા' શબ્દથી તે અંશો કહેલા છે. બંને (સેના)માં બે બે (મુખ્ય હતા). તેમનો આધાર બનેલા (મારા) પોતાના તેજોથી જ (કેટલો ભાર ઉતાર્યો) ?, કારણ કે એવા ચારે પ્રકારના તેજોથી ચાર અંગોવાળી સેનારૂપ અઢાર અક્ષૌહિણીનો, એટલે અઢાર અક્ષૌહિણીથી થએલો ભાર ઉતાર્યો, (પણ) તેથી પણ અધિક ભાર (હજી) છે એમ '(યાદવોનું) સૈન્ય છે' શબ્દોથી કહેલું છે. તે (અઢાર અક્ષૌહિણીથી) અધિક હોવાનું કારણ 'સહન થઈ ન શકે તેવું' વિશેષણથી કહેલું છે. કોઈથી પણ સહન થઈ શકે તેવું નથી. સહન થઈ ન શકે તેવું હોવાનું કારણ 'મારા અંશો (હોવાને) લીધે' શબ્દથી કહેલું છે. બધાએ ભગવાનના અંશો હોવા છતાં,-યદુના સંબંધવાળા મારા અંશો હોવાને લીધે-એમ ભક્ત ઉપરના પક્ષપાતને લીધે (તે) સહન થઈ ન શકે તેવું હોવાનું કહેલું છે. અહિં બલનો અધિષ્ઠાતા વાયુ છે[2] તે ભગવાનના સંબંધવાળુંજ સ્પર્શથી થતું જ્ઞાન ઉત્પન્ન કરે (ત્યારે) તેમાં પૂર્ણ સુખ થાય[3] છે. તે હદવાળાથી ગ્રહણ કરી શકાતું નહિ

હોવાથી, હદવાળાની સમાનતાથી થએલું જ્ઞાન ભગવાનનું ઈચ્છેલું નથી, એવો સ્પર્શ દેવતાનો નિર્ણય (જણાવ્યો). ૧૪.

૧. 'ક્ષપિતઃ ઉરુભારઃ' એવા શબ્દો છે. પહેલા વિસર્ગનો લોપ કરેલ છે. ( પ્ર ). સંધિ વૈદિક નિયમ પ્રમાણે કરી જણાય છે.

૨. આ સ્કંધના અર્થના વિચારથી કહેલું છે. યાદવોમાં આવું બલ છે, તેનો અધિષ્ઠાતા વાયુ બીજાને સહન ન કરતાં, ભગવાનના સંબંધવાળું જ સ્પર્શનું જ્ઞાન ઉત્પન્ન કરે છે. એમ હોવાથી ભગવાનને નમન કરાવતાં, બીજાને સહન ન થઈ શકે તેવા બલવાળા જે રૂપ તે સ્પર્શદિવતા, એવો અર્થ છે. ( પ્ર )

૩. 'ત્યારે તે ( સ્પર્શદિવતા )થી આનંદ કેમ થાય ?' એવી શંકા થાય, તેથી આ કહે છે. 'તેમાં' એટલે ભગવાનમાં ( તેમનો સ્પર્શ થતાં ) સુખ થાય છે. જ્યારે તેવું રૂપ ભગવાનથી ( પ્રાપ્ત થતું ) સુખ હદવાળાં જેવું હોવાનું જ્ઞાન ઉત્પન્ન ન કરે ત્યારે જ ઉદ્ધવમાં થયો તેમ તેનાથી અધિકારીમાં રહેલ સ્પર્શ દેવતાનો સંસ્કાર થાય છે. હદવાળું હોવાનું જ્ઞાન ઉત્પન કરે ત્યારે તે સંસ્કાર કરનાર હોતું નથી એવો અર્થ છે. ( પ્ર )

તે ભારને પણ ઉતારવાનો ઉપાય નીચેના શ્લોકમાં કહે છેઃ

**મિથો યદૈષાં ભવિતા વિવાદો માધ્વ્યા મદાતામ્રવિલોચનાનામ્ ।।**
**નૈષાં વધોપાય ઈયાનતોઽન્યો મય્યુદ્યતેઽન્તર્દધતે સ્વયં સ્મ ।।૧૫।।**

જો મદિરાના મદથી સ્હેજ લાલ થએલ નેત્રવાળાઓમાં આમનાઓમાં પરસ્પર વિવાદ થાય, એટલો આમના વધનો ઉપાય છે. આથી બીજો નથી, (કારણ કે બીજો ઉપાય) હું ઉદ્યોગી થતાં પોતાની મેળે નાશ પામે છે. ૧૫.

જો આ યાદવોમાં પરસ્પર કજીઓ થાય, (અને) તે વિવાદ પણ મૂર્ખાઈને લીધે વિવેકવિનાનો નાશ કરાવે તેવો થાય, એવા અભિપ્રાયથી 'મદિરાના મદથી સ્હેજ લાલ થએલ નેત્રવાળાઓમાં' એમ કહેલું છે. 'માધ્વી' એટલે મદિરા. ઘણી પીવાય તે માટે તેને મધુર રસવાળી (માધ્વી) કહેલી છે. તેનાથી જે 'મદ' એટલે દેહ વિવેક વિગેરેને ભુલાવનારો અહંકાર (થાય), તેનાથી સ્હેજ લાલ થએલાં છે નેત્રો જેમનાં (તેવા થાય).

''એક બીજાને હણવાથી અને મદિરાથી શાસ્ત્રમાં મના કરેલ પ્રકારે થએલ મરણથી ભગવાનની મદદ માટે આવેલા ભગવદીઓની અયોગ્યતા થાય (ગણાય)'' એવી શંકા થાય, તેથી બીજો કોઈ (તેમનો નાશ થવાનો) પ્રકાર નહિ હોવાથી એમ કરવામાં આવે છે, એમ 'એટલો આમના વધનો ઉપાય છે. આથી બીજો નથી' એમ કહેલું છે. આમના વધનો ઉપાય આટલો (આ) જ છે, પણ બીજો નથી. તેનું કારણ 'હું ઉદ્યોગી થતાં (પોતાની મેળે નાશ પામે છે)' શબ્દોથી કહેલ છે. મારા અંશમાં[1] હું ઉદ્યોગી થતાં, બીજો ઉપાય તો પોતાની મેળેજ નાશ પામે છે, કારણ કે અંધકાર

સૂર્યોનો નાશ કરી શકતો[2] નથી, અને (બે) સમાન હોવાથી એકથી (બીજાનો નાશ) થતો નથી. 'સ્મ' શબ્દ (આ વૃત્તાંતની) પ્રસિદ્ધિ જણાવવા (યોજેલો છે). જ્યારે જ્યારે યાદવોનો નાશ કરવા જરાસંઘ વિગેરેએ પ્રવૃત્તિ કરેલી, ત્યારે મેં તેઓને હણવાનો ઉદ્યમ કરેલો. તે સમયે હું ઉદ્યમ કરતો ત્યારે બીજા ઉપાયો[3] નાશ પામતા.

''ભગવાનની આ કઈ લીલા જે પોતાની સાથે આવેલા, બીજાનો જેમને આશ્રય નથી તેવા પોતાના સેવકોનો પોતેજ અન્યાયથી નાશ કરે છે ?'' એવી શંકા થાય, તો કહીએ છીએ કે સૃષ્ટિ માટેજ (તેમ કરે છે)[4]. વળી તેમને (સેવકોને) પોતાની સમાન કરે[5] છે, તેથી ભક્તિનો બહુ વિરોધ થતો નથી.[6] પોતાની મેળે પ્રકટ થવાનું તેમનામાં સામર્થ્ય નહિ હોવાથી,[7] માયાથીજ (તેમના) આવિર્ભાવ અને તિરોભાવ થાય છે. (તેમને) દુઃખ ન થાય તે માટે (તેમની) તેવી સ્થિતિ[8] (થાય છે). ઉત્પત્તિની લીલા માટે (તેમ કરે છે) તેથી લીલાનો વિરોધ થતો નથી. આ જે પ્રકારે સૃષ્ટિનું કારણ થાય છે, તે આગળ કહેશે. વળી તેમની દુર્ગતિ થતી નથી, કારણ કે આ (જણાવવા) માટેજ મુક્તિમાં (અગીયારમા સ્કંધમાં) (આ વૃત્તાંત) કહેલો છે. સૃષ્ટિના (ત્રીજા સ્કંધના) આરંભમાં અને મુક્તિના અંતમાં (આ વૃત્તાંત) કહેલો હોવાથી[9] એમ સૂચવેલું છે કે સર્વ પ્રસંગે તેમના વિના આશ્રય જણાવી શકાય તેમ નથી. તેથી પોતે પ્રકટ થાય ત્યારે તેમને પ્રકટ કરીને, (અને) પોતે તિરોહિત થાય ત્યારે તેમને તિરોહિત કરીને તેમને પોતાની સમાન કરે છે,[10] તેથી આ જરાએ ભક્તો પ્રતિ તિરસ્કાર (દર્શાવનારી) લીલા નથી. એ રીતે[11] વિસર્ગ ઇન્દ્રિયનું નિરૂપણ કર્યું. ૧૫.

પ્રદ્યુમ્નનું નિરૂપણ કરીને[12], તે (વિસર્ગ)ના દેવતા મિત્રનું નિરૂપણ કરતાં, છ શ્લોકોથી વાસુદેવનું નિરૂપણ કરે છે. ઉપર ઉપરથી ભક્તોનું અહિત થવાનું જે ભાન થાય છે, તે ભક્તિમાર્ગ તેવો[13] છે એમ જણાવવા થાય છે.

**દશલીલાપરે વ્યાપિવૈકુણ્ઠે નિત્યવત્સ્થિતિઃ ॥૯॥**
**રૂપાન્તરેણ ભજનં સ્વામિસેવકયોર્હિ તે ॥**

દશલીલાવાળા વ્યાપિવૈકુંઠમાં નિત્યના જેવી સ્થિતિ હોય[14] છે. ભજન જૂદા રૂપથી થાય. તે (બે) સ્વામી અને સેવકનાં રૂપ.[14]. કા. ૯ $^{૧}/_{૨}$.

**સ્વામિત્વં સેવકો હન્તિ સેવકત્વં તથાઽપરઃ ॥૧૦॥**
**અન્યથા સફલો ન સ્યાદ્ભક્તિમાર્ગઃ સસાધનઃ ॥**

સેવક સ્વામિપણાને તજે છે. તેવી રીતે બીજા (સ્વામી) સેવકપણાને તજે છે.[15] તેમ ન કરે તો સાધનવાળો ભક્તિમાર્ગ ફલ આપનારો ન થાય.[16] કા.૧૦ $^{૧}/_{૨}$.

**સેવાદશાયાં ચેત્સ્વામી વિરસઃ સિદ્ધ્યભાવતા ।।૧૧।।**
**પશ્ચાચ્ચેત્સેવકત્વં સ્યાત્ફલમીશશ્ચ નો ભવેત્ ।।**

સેવાની અવસ્થામાં સ્વામી જો રસરહિત થાય તો ફલ પ્રાપ્ત ન થાય[૧૭]. પછી જો સેવકપણું ફલ તરીકે પ્રાપ્ત થાય તો જરુર (સેવક) સ્વામી ન થાય[૧૭]. કા. ૧૧ ૧/૨.

**યાવત્સાધનમાત્માનં સર્વશાસ્ત્રવિરોધિનમ્ ।।૧૨।।**
**કૃત્વાઽન્તે પૂર્વધર્મસ્ય નાશં ચ કુરુતે ફલે ।।**

જ્યાં સુધી સાધન હોય છે, ત્યાં સુધી (ભગવાન્) પોતાને સર્વ શાસ્ત્રોના વિરોધી બનાવી, છેવટે ફલના સંબંધમાં પહેલાના ગુણનો નાશ પણ કરે છે[૧૮]. ૧૨ ૧/૨.

**અતઃ સ્થિતિદશાયાં હિ તદ્વિચિન્ત્ય હરિઃ સ્વયમ્ ।।૧૩।।**
**સ્વાનભિપ્રેતવિષયાન્ ભોજયત્યેવ નાન્યથા ।।**

તેથી સ્થિતિની અવસ્થામાં હરિ તે (ફલ)નો ખરેખર વિચાર કરીને પોતે પોતાના નહી ઈચ્છેલા પદાર્થોનો ભોગ કરાવે છે જ,[૧૯] બીજા પ્રકારે[૨૦] કરાવતા નથી.[૨૦] કા.૧૩ ૧/૨.

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'સ્વાંશે' પાઠ લીધો છે 'મારો અંશ' એટલે યાદવ.
૨. આથી બીજો ઉપાય નહિ હોવાનું કારણ કહેલું છે. (પ્ર)
૩. 'બીજા ઉપાયો' એટલે માગધ વિગેરેના યાદવોનો નાશ કરવાના પ્રયાસો.
૪. અહિંથી શંકાનું સમાધાન કરે છે. બીજા (ધારણ કરેલા) રૂપનો ત્યાગ કરીને સ્વરૂપ પ્રાપ્ત કરવું એ અમુક પ્રકારનો સર્ગ (સૃષ્ટિ) જ છે. (પ્ર)
૫. ''એવા સર્ગના કારણની (બીજું રૂપ ધારણ કરેલી) દશા હોય ત્યારે તેમનામાં અવિદ્યા કર્મ વિગેરે હોય'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. તેમની મુક્તિ થતી હોવાથી પોતાની સાથે ઘણી સમાનતા છે, તેથી એ દોષ તેમનામાં નથી, એવો અર્થ છે. (પ્ર)
૬. ભક્તિનો વિરોધ ઉપર ઉપરથી જણાતો હોવા છતાં, ફલથી વિરોધ નથી એમ જણાય છે, એવો અર્થ છે. (પ્ર).
૭. ''મુક્તિ થાય ત્યારે ભગવાનની સમાન થાય. તે થઈ ન હોય ત્યાં સુધી તો ભક્તિનો વિરોધ રહે છેજ'' એવી શંકા થાય, તેથી આ કહે છે. હમણાં પણ તેઓ ભગવાનના અંશ હોવાથી તેમને નથી કર્મ કે નથી ઉત્પત્તિ કે નાશ. તેથી હમણાં પણ તેઓ (ભગવાનની) સમાનજ છે. તેથીજ 'વૈષ્ણવોને કર્મનું બંધન તથા જન્મ હોતાં નથી' એવા પદ્મપુરાણના વાક્યો ઘટે છે.
૮. (પરસ્પર) યુદ્ધમાં તેમને દુઃખ ન થાય તે માટે ભગવાને તેમની તેવી સ્થિતિ કરેલી. (પ્ર)
૯. આરંભમાં અને અંતે આ વૃત્તાંત કહ્યો, તેથી બધી લીલાઓમાં તેઓ ભગવાનની સાથે હતા, એવો અર્થ છે. (પ્ર)
૧૦. ઉપર ઉપરથી તેઓ દુઃખી હોય તેમ દેખાય, પણ વસ્તુતઃ તેમને દુઃખ નથી, તેથી સ્વરૂપથી પણ (મુક્તિમાં) વિરોધ નથી, એવો અર્થ છે. (પ્ર)

૧૧. આ સ્કંધના અર્થના વિચારથી કહેલું છે. આ રૂપના સ્મરણથી વિસર્ગ કરનારી ઈન્દ્રિયનો સંસ્કાર થાય છે, એવો અર્થ છે. (પ્ર)

૧૨. કાલલીલા વિધિ-એ યોજેલી હોવાથી તેનાથી અનિરુદ્ધનું નિરૂપણ કરીને, પછી ક્રોધલીલા અને તિરોહિત થવાના વિચારની લીલા મોક્ષરૂપ સર્ગમાં ઉપયોગી હોવાથી, તેનાથી પ્રદ્યુમ્નલીલાનું નિરૂપણ કરીને, એવો અર્થ છે (પ્ર) આ અધ્યાયના પહેલા આઠ શ્લોકોથી અનિરુદ્ધનું અને ૯ થી ૧૫ એ સાત શ્લોકોથી પ્રદ્યુમ્નનું નિરૂપણ કરેલું છે.

૧૩. ''મદિરાનું પાન કરવા પ્રેરણા કરનાર પ્રદ્યુમ્ન મિત્ર કેમ ગણાય ?'' એવી શંકા થાય, તેથી તે વિચારનું તાત્પર્ય કહેતાં આરંભમાં ભક્તોના અહિતનું ભાન દેખાવાનું પ્રયોજન કહે છે. 'તેવો' એટલે નિત્યની સ્થિતિથી વિરુદ્ધ ભક્તિમાર્ગ તેવો કેમ છે એ નીચેની પાંચ કારિકાઓથી દર્શાવે છે. (પ્ર)

૧૪. જ્ઞાનનો આશ્રય આત્મા છે. 'હે અર્જુન ! સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેલો આત્મા હું છું' (ભ.ગી. ૧૦।૨૦) વાક્ય પ્રમાણે તે વિભૂતિરૂપથી દશમી લીલા કરે છે. 'દશથી અક્ષર પર છે''અને તે અક્ષર ભગવાનનું ઉત્તમ ધામ વ્યાપિવૈકુંઠ છે. ત્યાં સર્વ પરબ્રહ્મરૂપ જ છે. તેથી બધાની નિત્ય જેવી એક સરખી સ્થિતિ હોવાથી ત્યાં સેવક અને સેવ્યનો ભેદ નથી. ભજન તો જૂદાં રૂપથી થાય. તે સ્વામી અને સેવકનાં રૂપ. એક સ્વામી અને બીજો સેવક. (પ્ર)

૧૫. ત્યાં સેવક પોતાની અંદર રહેલા સ્વામિપણાનો ત્યાગ કરે છે. સ્વામી પોતાની અંદર રહેલા સેવકપણાનો ત્યાગ કરે છે, એટલે ત્યાં સ્વામી અને સેવકપણાની સ્થિતિ નહિ હોવાથી નિત્યના જેવી એક સરખી સ્થિતિ છે. (પ્ર).

૧૬. સાધનવાળી ભક્તિનું ફલ અણુ ગતિ છે. જો એવી એકસરખી સ્થિતિ ન હોય તો તે અણુ ગતિ ન કહેવાય, એટલે સાધનવાળી ભક્તિનું ફલ ન ગણાય. તેવી ભક્તિ ફલવિનાની થાય. સાધનરહિત ભક્તિમાર્ગમાં આવો પ્રકાર નથી. (પ્ર)

૧૭. ઉપર ફલની દશા કહી. સાધનવાળી દશા અહિં કહે છે. સ્વામી જો રસરહિત થાય તો ફલ પ્રાપ્ત ન થાય. ફલ મળે તો પણ ન મળ્યા જેવું. તેથી આ સાધન દશામાં સ્વામી રસવાળા હોય તે જરુરી છે. પછી ફલની દશા થાય ત્યારે જો ફલ તરીકે સેવકપણું થાય, તો સેવક પછી સ્વામી થતો નથી જ.

૧૮. વળી (સાધનવાળી ભક્તિમાં) ફલદશામાં તેને સ્વામી થવાનું જરુરી છે. તેથી સાધનદશા અને ફલદશા એવી બે સ્થિતિ થાય તે માટે જ્યાં સુધી સાધનદશા રહે ત્યાં સુધી પોતાનેજ સર્વ શાસ્ત્રના વિરોધવાળા બંધનરહિત સ્વરૂપવાળા કરી, પછી છેવટે તે દશા પૂરી થાય અને ફલ આપવાનું હોય ત્યારે પહેલાનાં સેવકપણું વિગેરે ગુણોનો નાશ પણ કરે છે. (પ્ર)

૧૯. તેથી બંધનરહિત પ્રકારે પોતે પ્રવેશ કરેલ હોય તેવી સેવકની સ્થિતિમાં ભગવાન્ નિશ્ચયપૂર્વક તેનાં ફલનો વિચાર કરીને પોતે નહિ ઈચ્છેલા મદિરા વિગેરે પદાર્થોનો ભોગ કરાવે છે. એટલે એવી રીતે પ્રવેશ કરેલા રૂપથી પોતે તેવા પદાર્થનો ભોગ કરતાં સેવકોને પણ ભોગ કરાવે છે. (પ્ર)

૨૦. 'બીજા પ્રકારે' એટલે સેવકોનું અનિષ્ટ થાય તેવી રીતે એવા ન ઈચ્છેલા પદાર્થોનો ભોગ કરાવતા નથી, (પણ ફલ આપવાનો વિચાર કરીને જ ભોગ કરાવે છે). તેથી એ પ્રમાણે

યાદવોને પ્રેરણા કરવાનો વિચાર કરનાર પ્રદ્યુમ્ન ( વ્યૂહ ) મિત્ર જ છે, એવો અર્થ છે. ( પ્ર )

તે (અર્થ) કહે છેઃ

**એવં સંચિન્ત્ય ભગવાન્ સ્વરાજ્યે સ્થાપ્ય ધર્મજમ્ ।।**
**નન્દયામાસ સુહૃદઃ સાધૂનાં વર્ત્મ દર્શયન્ ।।૧૬।।**

એ પ્રમાણે વિચાર કરીને ભગવાને ધર્મના પુત્રનું પોતાના રાજ્યમાં સ્થાપન કરીને, સત્પુરુષોનો માર્ગ દર્શાવતાં મિત્રોને આનંદ કરાવ્યો. ૧૬.

એ પ્રમાણે સારી રીતે વિચાર કરીને, 'સ્વરાજ્યે' બાપદાદાથી પ્રાપ્ત થએલા અથવા પોતાનાજ રાજ્યમાં, અથવા 'શાસ્ત્રમાં (કહેલું) ફલ (કાર્ય) કરાવનારને પ્રાપ્ત થાય છે' એ નિયમ પ્રમાણે ભગવાનના જ રાજ્યમાં (યુધિષ્ઠિરનું સ્થાપન કર્યું). તેમ કરવાની શક્તિ તેમનામાંજ છે એમ જણાવવા 'ભગવાને' શબ્દ (યોજેલો છે). 'ધર્મના પુત્રનું' શબ્દથી તેવી રીતે (તે) સ્થાનમાં સ્થાપન થવાનો (યુધિષ્ઠિરનો) અધિકાર કહેલો છે. 'નન્દયામાસ' એટલે બધાએ મિત્રોને સર્વ પ્રકારે આનંદવાળા કર્યા. (તેઓને) માત્ર લૌકિક વિષયોથીજ પૂર્ણ કર્યા નહતા, પરંતુ વૈદિક માર્ગથી પણ (પૂર્ણ કરેલા) એમ 'સત્પુરુષોનો માર્ગ દર્શાવતાં' શબ્દોથી કહેલું છે. સત્પુરુષોનો માર્ગ વૈદિક માર્ગ છે, તેના ધર્મોમાં (તેમની) શ્રદ્ધા (થઈ) તે (માર્ગ) દર્શાવતાં, પોતે યજ્ઞ વિગેરે ધર્મો આચરતાં, વૈદિક માર્ગથી પણ તેમને આનંદવાળા કર્યા. આથી એમ કહેલું છે કે પ્રવાહ અને મર્યાદા (માર્ગ)ને સ્થિર કર્યા. ૧૬.

તેટલા સમયમાં (ભગવાને) પુષ્ટિમાર્ગને પણ સ્થિર કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઉત્તરાયાં ધૃતો પૂરોર્વંશઃ સાધ્વભિમન્યુના ।।**
**સ વૈ દ્રૌણ્યસ્ત્રસચ્છિન્નઃ પુનર્ભગવતા ધૃતઃ ।।૧૭।।**

પૂરુના વંશને અભિમન્યુએ સારી રીતે ઉત્તરામાં મૂકેલો તે અશ્વત્થામાના અસ્ત્રથી સંપૂર્ણ કપાઈ જ ગએલો. ભગવાને પાછું (તેનું) રક્ષણ કર્યું. ૧૭.

પૂરુના વંશને અભિમન્યુએ શાસ્ત્ર પ્રમાણે ઉત્તરામાં મૂકેલો. અર્જુનના પુત્રે પોતાની પત્નીમાં શાસ્ત્ર પ્રમાણે ગર્ભાધાન કર્યું. આ (શાસ્ત્રની) મર્યાદાનો પ્રવાહે નાશ કર્યો, એમ 'તે અશ્વત્થામાના અસ્ત્રથી સંપૂર્ણ કપાઈ જ ગએલો' શબ્દોથી કહેલ છે. બ્રહ્માસ્ત્ર નિષ્ફલ થતું નહિ હોવાથી, આ વિષયમાં (એવો) નિશ્ચય થાય છે. તેથી જ તે સંપૂર્ણ કપાઈ ગએલો. ભવિષ્યની પરંપરા કપાઈ ગઈ. કપાઈ ગયા પછી તે જ ગર્ભનું પાછું ભગવાને રક્ષણ કર્યું, કારણ કે કપાઈ ગએલો[૧] પહેલાંનો ભાગ[૨] પાછલના (ભાગ)ને ધારણ કરતો નથી. વંશ દીપકની સંતતિ (પરંપરા) જેવો છે. જેમ તેલ અને

વાટરૂપ નિમિત્ત (કારણ)નો આધાર લઈ સદાએ ઉત્પન્ન થતા તેજના અવયવો પોતે અંદર આવીને બહાર નીકળીને આંગળીની ટોચ જેટલી દીપકની શિખાને સરખી રાખે છે, તેમ પહેલાના દેહમાં[3] અન્ન અને આયુષ્ય પ્રાપ્ત કરીને શરીરને ઉત્પન્ન કરનારા અવયવો (પોતે શરીરની) અંદર આવીને (તેમાંથી) બહાર નીકળીને સ્થૂલરૂપથી દેખાતા દેહને સરખોજ રાખતાં, (પોતે) વસ્ત્રની પેઠે સૂક્ષ્મ વિસ્તારવાળા હોવાથી તે (દેહ)ની અંદર એક પછી એક ઘણાજ સૂક્ષ્મ વીર્ય સુધીના સાત કોશ (ધાતુ) ઉત્પન્ન કરે છે. પછી સૂક્ષ્મ વસ્ત્રની પેઠે (દેહની) અંદર રહેલો ઘણા ઢીલા અવયવોવાળો સૂક્ષ્મ કોશ વીર્ય), સ્ત્રીરૂપ અગ્નિના સંબંધથી બધા (દેહ)માંથી ખેંચાઈ પીંડ જેવું થઈ (સ્ત્રીની) યોનિમાં પ્રવેશ કરે છે. ત્યાં પણ અન્ન અને આયુષ્ય નિમિત્ત (કારણ)નો આધાર લઈ, પહેલાંની[4] પેઠે ત્યાં પણ સાત ધાતુઓને ઉત્પન્ન કરીને અંદર સૂક્ષ્મ સૂક્ષ્મ અમુક રૂપો (ધાતુઓ) ઉત્પન્ન કરે છે એવી બ્રહ્માથી આરંભી ખંડના તરખલાં સુધીના (દેહો)ની વ્યવસ્થા છે. તે (ઉત્તરાના ગર્ભ)માં તેની પરંપરા કપાઈ જતાં, પહેલાં પૂર્ણ કરેલા પિંડનો નાશ કરનારા (અશ્વત્થામાના અસ્ત્ર)થી નાશ થતાં, તે પછીની સંતતિ ઉત્પન્ન કરવાની શક્તિવિનાનો થતાં, ભગવાને પોતે (તેમાં) પ્રવેશ કરી તે સંતતિનું (ન કપાએલ હોય) તેવીજ રીતે રક્ષણ કર્યું,[5] પરંતુ ખેતી વિગેરેની પેઠે બીજું બીજ મૂકીને જૂદીજ સંતતિ (ઉત્પન્ન) ન કરી. શાસ્ત્રની સંમતિથી (સંમતિ થાય તેમ) પહેલાંની સંતતિ (ચાલુ) કરી, એવો અર્થ છે. આથી એમ સૂચવેલું છે કે પ્રવાહથી મર્યાદાનો ભંગ થાય, ત્યારેજ પુષ્ટિમાર્ગની પ્રવૃત્તિ થાય છે. ૧૭.

૧. 'કપાઈ ગયેલો ( ભાગ ન કપાયેલો ) હોય તેવો પાછો કેમ થાય ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી આ ભાગથી વંશનું અને તેનો છેદનું સ્વરૂપ જણાવે છે. ( પ્ર )

૨. 'પહેલાંનો ભાગ' એટલે મૂલ ભાગ. ( પ્ર )

૩. 'પહેલાના દેહમાં' એટલે પિતાના દેહમાં. ( પ્ર )

૪. 'પહેલાંની પેઠે' એટલે પિતાના દેહમાં થતું તેમ. ( પ્ર )

૫. 'તેવીજ રીતે રક્ષણ કર્યું' એટલે જેમ કપાએલાં વસ્ત્રને સીવીને એક કરે, તેમ કપાએલા ભાગ એક ( ભેગા ) કરી રક્ષણ કર્યું. ( પ્ર )

તે પુષ્ટિમાર્ગ જો મર્યાદાને તેના યોગ્ય સ્થાનમાં રહેલી ન કરે, તો પ્રવાહની પેઠે તે પણ (મર્યાદાનો) ભંગ કરનાર જ થાય, તેથી તેમ નહતું એમ જણાવવા નીચેનો શ્લોક કહે છેઃ

**અયાજયદ્ધર્મસુતમશ્વમેધૈસ્ત્રિભિર્વિભુઃ ।।**
**સોઽપિ ક્ષ્મામનુજૈ રક્ષન્ રેમે કૃષ્ણમનુવ્રતઃ ।।૧૮।।**

શક્તિમાન (ભગવાને) ધર્મના પુત્રને ત્રણ અશ્વમેધ કરાવ્યા. તે પણ નાના

ભાઈઓ સાથે પૃથ્વીનું રક્ષણ કરતાં શ્રીકૃષ્ણનો સેવક થઈ રહ્યો. ૧૮

બ્રાહ્મણોની પોતાની (મેળે યજ્ઞ કરાવવાની) પ્રવૃત્તિ થતી નહતી, એટલે ભગવાનની પ્રેરણાથી જ યજ્ઞ કરાવતા હોવાથી, અથવા (ભગવાન્ યજ્ઞોમાં) મંત્રો સાથે દેવતાને હાજર કરતા હતા તેથી 'ભગવાને (અશ્વમેધ) કરાવ્યા' એમ કહેલું છે. 'મૃત્યુને તરે છે, પાપને તરે છે, બ્રહ્મહત્યાને તરે છે' એ શ્રુતિ પ્રમાણે કાયિક વિગેરે સર્વ (દુઃખ) ટાળવા ત્રણ પ્રકારનાં ફલ પ્રાપ્ત થાય તે માટે, જૂદા જૂદા આહારથી (જૂદું જૂદું ફલ પ્રાપ્ત થાય) એ નિયમ પ્રમાણે ત્રણ અશ્વમેધ કર્યા. (ભગવાનમાં) યજ્ઞ કરાવવાની વિગેરે શક્તિ હતી એમ જણાવવા 'શક્તિમાન' શબ્દ યોજેલો છે. એ પ્રમાણે દોષરહિત થએલા (યુધિષ્ઠિર)નું ત્યારપછીનું કાર્ય ઉત્તરાર્ધથી કહેલું છે. 'ક્ષ્માં' પૃથ્વીનું નાના ભાઈઓ સાથે રક્ષણ કરતાં બે પ્રકારનો[1] ધર્મ પ્રાપ્ત કરેલો. (તે) શ્રીકૃષ્ણનો ભક્ત થયો, એવો અર્થ છે. દેવતા સાથે ચરણોનું (૧૭|૧૮ શ્લોકોથી) નિરૂપણ[2] કર્યું. ૧૮.

૧. 'બે પ્રકારના' એટલે વૈદિક અને ભગવાનસંબંધી (પ્ર). યજ્ઞ કર્યા એ વૈદિક અને પૃથ્વીનું રક્ષણ કર્યું એ લૌકિક બે ધર્મ હોવાનું જણાય છે. ભગવાન્ સંબંધી ધર્મ (ભક્ત થયો તે) ત્યાર પછી કહેલો છે, તેથી તેનો આ બેમાં સમાવેશ કરવાનું યોગ્ય જણાતું નથી.

૨. સ્કંધના વિચારથી આ વાક્ય કહેલું છે. ગતિના સાધન બનેલા વૈદિક અને ભગવાનસંબંધી ધર્મ બે ચરણો છે, અને તેમનું પોષણ કરનાર દેવ વિષ્ણુ છે. આ લીલાવાળા સ્વરૂપનું સ્મરણ કરવાથી ચરણોનો તેમના દેવસહિત સંસ્કાર થાય છે. (પ્ર) વૈદિક અને લૌકિક ધર્મો બે ચરણો હોય, એમ જણાય છે.

એ પ્રમાણે ભગવાન્ ભક્તનું હિત કરીને, ધર્મ સ્થાપન કરવાનું ફલ હોય તેની પેઠે પોતાને માટે કરેલી સૃષ્ટિનો ભોગ કરવા લાગ્યા એમ નીચેના (શ્લોકથી આરંભી) ત્રણ (શ્લોકો)થી કહે છેઃ

**ભગવાનપિ વિશ્વાત્મા લોકવેદપથાનુગઃ ॥**
**કામાન્ સિષિવે દ્વાર્વત્યામસક્તઃ સાંખ્યમાસ્થિતઃ ॥૧૯॥**

લોક અને વેદના માર્ગને અનુસરતા, વિશ્વ અને આત્મારૂપ ભગવાન્ પણ સાંખ્યનો પ્રયોગ કરતાં આસક્તિ વિના દ્વારકામાં ઈચ્છેલા પદાર્થો ભોગવતા હતા.

ભગવાનના સેવક યુધિષ્ઠિર વિગેરે પણ ભગવાને આપેલું રાજ્ય ભોગવતા હતા. ભગવાન્ પણ ઈચ્છેલા પદાર્થો ભોગવતા હતા, જૂદા-જૂદા પ્રકારના વિષયોનો ભોગ કરતા હતા, એવો અર્થ છે. 'તે (ભગવાન્) પોતાના માટે રચેલા જગતનો ભોગ કરે તો જીવની સમાન થાય', તેથી 'વિશ્વ અને આત્મારૂપ' વિશેષણ યોજેલ છે. ભગવાન્ વિશ્વનો વિષય તરીકે ભોગ કરતા નહતા, પરંતુ આત્મા તરીકે (ભોગ કરતા

હતા), કારણ કે ત્રણ પ્રકારની હદ વિનાના[1] હોવાથી તે વિશ્વરૂપ અને આત્મારૂપ છે, પણ માત્ર વિશ્વરૂપથી (ભોગ કરતા) ન હતા.

''તેમને સર્વ સ્થલે વિષયોનો ભોગ પોતાની મેળેજ[2] પ્રાપ્ત થાય છે. આમ અમુક પ્રકારથી (ભોગ કરે છે) એમ કેમ કહેવામાં આવે છે ?'' એવી શંકા થાય, તેથી 'લોક અને વેદના માર્ગને અનુસરતા' વિશેષણ યોજેલું છે; કારણકે (૧) બ્રહ્મ તરીકે તે સદા બધા વિષયોનો ભોગ કરે છે. (૨) અહિં (દ્વારકામાં) તો લોકને અનુસરીને લૌકિક સાધનથી લૌકિક ક્રિયાના પ્રકારથી લૌકિક વિષયોનો ભોગ કરે છે. (૩) વેદને અનુસરીને તો વૈદિક ક્રિયાથી વૈદિક પુત્રોને ઉત્પન્ન કરીને તેમનો અનુભવ કરે છે. તેથી અહિં (દ્વારકામાં) ત્રણે પ્રકારથી (ભોગનો) અનુભવ કરે છે, એવો અર્થ છે.

''ઈચ્છેલા પદાર્થોનો ભોગ કરવામાં આવે ત્યારે (કર્મમાંથી) છૂટવાનો માર્ગ રહેતો નથી, એટલે તે (માર્ગ) સર્વ ઢાંકી દેનારો હોવાથી ભગવાને જીવની પેઠે ઈચ્છેલા પદાર્થોનો ભોગ કેમ કર્યો ?'' એવી શંકા થાય, તેથી 'દ્વારકામાં' શબ્દ યોજેલો છે. આથી (ભોગનો) કર્મ સાથેનો વિરોધ દૂર કરેલો છે. જેમ છૂટવાનો ઉપાય કરતાં કર્મનાં ફલનો ભોગ કરે તેમ (ભોગ કરેલો) એવો (અર્થ છે). જ્ઞાનનો વિરોધ ન થાય તે માટે 'આસક્તિવિના' શબ્દ યોજેલ છે, કારણ કે આસક્તિવિનાના ભોગ જ્ઞાનથી વિરુદ્ધ નથી. પોતાને માટે રચેલી સૃષ્ટિનો અનુભવ કરતા, એમ જણાવવા 'સાંખ્યનો પ્રયોગ કરતાં' શબ્દો યોજેલા છે; કારણ કે સંખ્યા તત્ત્વોની હોય છે. જેમાં (તત્ત્વોની) જૂદા તરીકે ગણના (પોતાના) સાક્ષિપણામાં પરિણમતી,[3] એમ જૂદી સૃષ્ટિ (રચવાનું) પ્રયોજન કહેલું છે. આથી[4] ભક્તિનો વિરોધ પણ દૂર થયો. ભગવાન્ ભોગ કરે છે, જીવ પણ ભોગ કરે છે. ભગવાન્ જીવ દ્વારા ભોગ કરે છે એવા મતમાં ભક્તિમાર્ગનો વિરોધ થાય છે.[5] (આ શ્લોકમાં) નાક (ઈન્દ્રિય) કહી. ૧૯.

૧. 'વિશ્વાત્મા' માં કર્મધારય સમાસ છે એમ આ વિશેષણ જણાવે છે. ભગવાન્ વિશ્વરૂપ હોઈ, તેમને વિષયની હદ નથી. આત્મા હોવાથી તે સર્વત્ર હોવાથી તેમને દેશની હદ નથી; અને નિત્ય હોવાથી તેમને કાલની હદ નથી. (પ્ર) આત્મા નિત્ય હોવાથી, ભગવાન્ આત્મા હોઈ કાલની હદ વિનાના છે. (પ્ર)

૨. શ્રીમદ્ભાગવત ૨।૧।૩૯ પ્રમાણે (સર્વ ભોગ પોતાની મેળેજ પ્રાપ્ત થાય છે). (પ્ર)

૩. તત્ત્વો દેહરૂપ થવાને લીધે, તેમની સંખ્યા બીજાને માટે છે, એવો અર્થ છે. (પ્ર) તત્ત્વોથી જીવના દેહ બને છે. તેથી તે બીજાને માટે છે. ભગવાન્ આ તત્ત્વોની સૃષ્ટિમાં સાક્ષી જ છે. તેમના ભોગ માટે જૂદી સૃષ્ટિ છે. એવો ભાવ જણાય છે. (પ્ર)

૪. 'આથી' એટલે જીવ અને ઈશ્વરને સમાન રીતે આ સૃષ્ટિ બીજાને માટેની હોવાથી (પ્ર) 'આથી' એટલે જીવ અને ઈશ્વર માટે જૂદી જૂદી સૃષ્ટિ હોવાથી, એવો અર્થ જણાય છે.

૫. કારણકે તે ભગવાન્ માટે ભોગ કરતો નથી. (પ્ર) ભગવાને કરવાના ભોગ જીવ કરે, એ ભક્તિમાર્ગથી વિરુદ્ધ હોવાથી ભક્તિમાર્ગનો વિરોધ થાય છે, એવો ભાવ હોવાનું જણાય છે.

(ભગવાન્) પુરુષોત્તમરૂપથી અને પુરુષરૂપથી રમણ કરે છે. તેથી બીજા (પુરુષરૂપના રમણ)માં ભોગ (કરે છે એમ) કહેતાં રમણ કરાવે છે એ (વિષય)નો નીચેના બે શ્લોકોથી વિસ્તાર કરે છેઃ

**સ્નિગ્ધસ્મિતાવલોકેન વાચા પીયૂષકલ્પયા ।।**
**ચરિત્રેણાનવદ્યેન શ્રીનિકેતેન ચાત્મના ।।૨૦।।**
**ઈયં લોકમમું ચૈવ રમયન્ સુતરાં યદૂન્ ।।**
**રેમે ક્ષણદયા દત્તક્ષણઃ સ્ત્રીક્ષણસૌહૃદઃ ।।૨૧।।**

(૧) સ્નેહવાળી અને હાસ્યવાળી દૃષ્ટિથી (૨) અમૃતના જેવી વાણીથી (૩) દોષરહિત ચરિત્રથી (૪) અને લક્ષ્મીના ધામરૂપ (પોતાના) દેહથી (૧) આ લોકને તેમજ (૨) પરલોકને આનંદ કરાવતાં (અને) (૩) યાદવોને ઘણોજ (આનંદ કરાવતાં) (૪) સ્ત્રીઓના સુખમાં પ્રેમ રાખનાર (ભગવાન્ સ્ત્રીઓને) રાત્રીએ અવસર આપતાં રમણ કરતા હતા. ૨૦।૨૧.

ચાર (સાધન)થી ચાર પ્રકારનાં પ્રાણીઓનો ભોગ કહે છે. ત્રણ માર્ગમાં રહેનારા ત્રણ પ્રકારના જીવો અને વ્યાપિવૈકુંઠમાં રહેનારા (એવા) ચાર પ્રકારના અહિં પ્રાણીઓ છે. તે પૈકી (૧) આ લોકને ભગવાન્ સ્નેહવાળી અને હાસ્યવાળી દૃષ્ટિથી આનંદ કરાવતા, કારણ કે ‘આ લોકમાં પ્રાણીઓની બે (પ્રકારની) સૃષ્ટિ છે’ (ભ.ગી. ૧૬।૬) એ વાક્ય પ્રમાણે અહિં (આ લોકમાં) બે પ્રકારનાં જીવો છે. તે પૈકી દૈવી (જીવો)ને ‘સ્નિગ્ધાવલોકેન’ સ્નેહવાળી દૃષ્ટિથી આનંદ કરાવ્યો. આસુરીઓને તો ‘સ્મિતેન’ મંદ હાસ્યથી એટલે અર્ધા માયાના મોહથી (આનંદ કરાવ્યો). શુદ્ધ દૈત્યો સંપૂર્ણ પ્રકારે મોહ પામેલા હોય છે. તેઓ દોષરૂપ અને મલરૂપ છે. અર્ધ મોહ પામેલા લૌકિક (જીવો) તો ભગવાનની પ્રસન્નતાથી બધાએ વિષયો પ્રાપ્ત કરે છે, એ તેમના ઉપર હાસ્યવાળી દૃષ્ટિ (કરવા)નું કારણ છે. (૨) પરલોકના (જીવો)ને અમૃત જેવી વાણીથી આનંદ કરાવ્યો, કારણ કે તેઓ મર્યાદાવાળા (મર્યાદા માર્ગના) (અને) વૈદિક ફલનો ભોગ કરનારા છે; કેમકે તે (ફલ) સ્વર્ગ તથા મુક્તિરૂપ છે. ભગવાનની વાણી વેદથી તે સ્વર્ગ નામનું (ફલ) પ્રાપ્ત થાય છે, અને અમૃતના જેવા ઉપનિષદો, ભાગવત વિગેરેથી પરલોકનું (મુક્તિરૂપ) ફલ પ્રાપ્ત થાય છે. (૩) દોષરહિત ચરિત્રથી બધાએ પુષ્ટિમાર્ગમાં રહેલા ભક્તોને (આનંદ કરાવ્યો) અને યાદવોને ઘણોજ આનંદ કરાવ્યો, કારણ કે ભક્તો ચરિત્રથીજ આનંદ પામે છે. લોકમાં નિંદા ન થાય તેવા (ચરિત્ર)થી તો કુલવાન યાદવોને ઘણોજ આનંદ થાય છે. (૪) વૈકુંઠમાં રહેનારાઓને

લક્ષ્મીના ધામરૂપ આનંદવાળા સચ્ચિદાનંદરૂપ (પોતાના) દેહથી (આનંદ કરાવ્યો). 'ચ' 'અને' શબ્દ હોવાથી, લક્ષ્મી વિગેરે વિભૂતિથી (આનંદ કરાવ્યો). 'ક્ષણદયા દત્તક્ષણઃ' રાત્રિએ અવસર આપેલા (ભગવાને આનંદ કરાવ્યો). સ્વપ્ન અને સુષુપ્તિમાં નિદ્રાથી સુખ થાય છે, એમ રાત્રિ લૌકિક સુખ આપનારી છે. તે (લૌકિક સુખ)થી અહિં (આ સુખમાં) ઉત્તમપણું છે એમ કહેવા સ્ત્રીઓના સંબંધવાળા 'ક્ષણે' સુખમાં પ્રેમ છે જેમનો, એમ કહેલું છે, કારણ કે વૈકુંઠ (માં રહેનારા)ના સુખમાં પ્રપંચરહિત સ્વરૂપમાં રહેલા (ભગવાન્) રમણ કરે છે, તેવી રીતે અવતાર ધારણ કરેલા પણ (ભગવાન્) રાત્રે સ્ત્રીઓના સુખમાં રમણ કરે છે. એ પ્રમાણે ચાર (સાધન)થી બધાનું રમણ કહ્યું. વીસમા શ્લોકમાં નાકના દેવતા[1] (કહેલા છે). એકવીસમા શ્લોકમાં વાણી[2] (ઈન્દ્રિય) (કહેલી છે). તેથીજ[3] બાવીસમા શ્લોકમાં અગ્નિ (વાણીની દેવતા) (કહેલી છે). ૨૦।૨૧.

૧. આ સ્કંધના અર્થના વિચારથી કહેલું છે. (આ લોક) ભૂમિમાં ગંધ મુખ્ય (ગુણ) છે, તેથી ત્યાંના લોકોનું રમણ કહેલ હોવાથી નાકના દેવતા કહ્યા. (પ્ર)

૨. પરલોકમાં વાણી મુખ્ય છે તેથી આમ કહેલ છે. (પ્ર) 'વાણી' એટલે વેદ.

૩. 'તેથીજ' એટલે વાણીની સમીપ હોવાથી જ. (પ્ર)

નીચેના શ્લોકથી (આરંભી) સંકર્ષણનું ચરિત્ર કહે છેઃ

**તસ્યૈવં રમમાણસ્ય સંવત્સરગણાન્ બહૂન્ ।।**
**ગૃહમેધેષુ યોગેષુ વિરાગઃ સમજાયત ।।૨૨।।**

એ પ્રમાણે ઘણાં વર્ષો સુધી રમણ કરતાં તેમને ઘરમાં બુદ્ધિ કરાવનાર ઉપાયોમાં વૈરાગ્ય થયો. ૨૨.

એ પ્રમાણે બે પ્રકારથી[1] રમણ કરતાં, ભોગનો વિરોધી ભગવાનનો છઠ્ઠો ગુણ વૈરાગ્ય પ્રકટ થયો, એમ કહેલું છે. વૈરાગ્ય બે પ્રકારનો છે (૧) લૌકિક (પુરુષો)ને શાસ્ત્રની દૃષ્ટિથી ભોગવવાના (પદાર્થ)માં દોષ જોવાથી (તેમના) ત્યાગથી થતો સાધારણ અને (૨) ઘણા ભોગથી (થએલો). ભગવાનને તે વૈરાગ્ય અમુક પ્રકારનો[2] થયો એમ કહેવા, 'ઘણો વર્ષો સુધી (રમણ કરતાં)' શબ્દોથી તેનું કારણ કહેલું છે. વર્ષોના સમૂહો, પ્રભવ વિગેરે સમૂહો, તેઓ પણ ઘણા થયા, કારણ કે ઘણા સ્વરૂપથી (ભગવાન્) રમણ કરતા હતા. 'ઘરમાં બુદ્ધિ કરાવનાર ઉપાયોમાં' શબ્દોથી જેમાં વૈરાગ્ય થયો તે કહેલું છે. ઉપાયોમાં વૈરાગ્ય થયો, પરંતુ પોતાના રૂપથી ભોગ કરવામાં (વૈરાગ્ય) થયો નહતો. ઉપાય બે પ્રકારનો ઉપર કહેલો છે (૧) લૌકિક અને (૨) વૈદિક. તે પૈકી લૌકિક (ઉપાયો)માં સારી રીતે વૈરાગ્ય થયો, કારણ કે ઘરમાં જ 'મેધા' બુદ્ધિ થાય છે જેમનાથી તેવા તે (ઉપાયો) છે. વૈરાગ્ય એટલે રાગ (પ્રીતિ) ન

હોવી તે, અથવા પ્રીતિને દૂર કરનાર. ૨૨.

૧. 'બે પ્રકારથી' એટલે લૌકિક અને વૈદિક પ્રકારથી. (પ્ર).

૨. 'અમુક પ્રકારનો' એટલે ઘણા ભોગથી થએલો. (પ્ર)

(૧) (વિષયો) પ્રાપ્ત થઈ શકે તેવા ન હોવાનું જ્ઞાન (૨) અને તે દુઃખકારી હોવાનું જ્ઞાન બંને પ્રીતિને દૂર કરનારાં છે. તે પૈકી દુઃખકારી હોવાનું જ્ઞાન લૌકિક (વિષયો)માં શાસ્ત્રથી અને વૈદિકમાં પરમાર્થથી થતાં હોવાથી, (બંને) સમાન બલવાળા ન હોવાથી[1] લોકમાં (તેઓ) થઈ શકે તેવા ન હોવાનું જ્ઞાન (પ્રીતિને) દૂર કરનારું છે એમ માનતાં, ભગવાનનો વૈરાગ્ય (ગુણ) કહીને, (ભગવાનના) પુરુષરૂપને વૈરાગ્ય થાય તેમાં કહેવુંજ શું ? એ ધોરણે નીચેના શ્લોકમાં વૈરાગ્ય (થયાનું) કહે છેઃ

**દૈવાધીનેષુ કામેષુ દૈવાધીનઃ સ્વયં પુમાન્ ।।**
**કો વિસ્રમ્ભેત યોગેન યોગેશ્વરમનુવ્રતઃ ।।૨૩।।**

જ્યારે ઈચ્છેલા પદાર્થો દૈવને અધીન છે, ત્યારે યોગથી યોગેશ્વરને અનુસરનાર પોતે દૈવને અધીન રહેલો ક્યો પુરુષ (તેમનામાં) વિશ્વાસ રાખે ? ૨૩.

જેમાં પોતાના પ્રયત્નથી પ્રાપ્ત થવાપણું નથી, તે અંશથી પણ તેમાં પ્રીતિ થતી નથી. જાણવામાં હોય તેજ પ્રયત્નથી પ્રાપ્ત થઈ શકે, ન જણાએલ હોય તે (પ્રયત્નથી પ્રાપ્ત) ન થઈ શકે; અને અહિં બધુંએ અદષ્ટરૂપ કર્મથી પ્રાપ્ત થાય તેવું છે. તેમાં (૧) દેહ ભોગનું સ્થાન છે (૨) તેના આધારવાળા વિષયો ભોગવવાના પદાર્થો છે અને (૩) ભોગવનાર તેનો અભિમાની (જીવ) છે. ત્રણે દૈવને અધીન છે. (૧) પોતે (જીવ) પુરુષ અથવા (૨) આથી (આની) સમાન (ગણાતો) દેહ. અને (૩) માલા વિગેરે વિષયો. (ત્રણે દૈવને અધીન છે).

'તેથી શું ?' એવો પ્રશ્ન થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. ભોગ (પ્રાપ્ત) થશે એવો વિશ્વાસ કોણજ કરે ? કીડાઓએ (કાષ્ઠમાં) કોરેલા અક્ષરો પ્રમાણે કોઈવાર (ભોગ પ્રાપ્ત) થાય, (કીડાએ કોરેલા અક્ષર કાષ્ઠમાં જોવામાં આવે) એટલાથી 'કાષ્ઠમાંના કીડાને અક્ષર લખતાં આવડે છે' એમ માની કોઈએ કીડાએ ખાધેલા કાષ્ઠ ઉપરના અક્ષરો વાંચવાનો કોઈ વિચાર કરતું નથી. તે પ્રમાણે દૈવની ગતિથી કોઈ પ્રસંગે સ્વપ્નની પેઠે ભોગ (પ્રાપ્ત) થાય, ત્યારે તે સદા (પ્રાપ્ત) થશે, એવો વિશ્વાસ કોણજ કરે ? એવો અર્થ છે. ''જગત્ જરૂર વિશ્વાસ કરે છે. શા માટે (વિશ્વાસ કરવાની) ના પાડો છો ?'' એવી શંકા થાય, તેથી 'યોગથી યોગેશ્વરને અનુસરનાર' શબ્દો યોજેલ છે. શાસ્ત્રમાં જણાવેલા પ્રકારથી શાસ્ત્રને જાણી, જે શાસ્ત્રમાં કહેલા ભક્તિમાર્ગના ઉપાયથી સર્વ ઉપાયોથી પ્રવૃત્તિ કરાવનાર યોગેશ્વરની સર્વ ભાવથી સેવા કરે છે, તે વિશ્વાસ કરતો નથી, એવો અર્થ છે. ૨૩.

૧. વૈરાગ્યની ઉપાધિવાળાની અને પ્રીતિની ઉપાધિવાળાઓની સમાનરીતે આચરવાની આજ્ઞા અને નિંદા જોવામાં આવતી હોવા છતાં, પરમાર્થનો વિચાર કરતાં તેમનાં બલ સરખાં નથી તેથી (પ્ર) આ અર્થ બંધબેસતો જણાતો નથી, કારણ કે પ્રીતિને દૂર કરનારાં બે, આની પહેલાં કહ્યાં તેની સાથે આને કાંઈ સંબંધ રહેતો નથી. વળી બેનાં બલ સરખાં છે એવું કાંઈ સુબોધિનીમાં કહેલું નથી, તેમજ 'પરમાર્થતઃ' પછી 'ચ' 'અને' શબ્દ છે તે ભાવાર્થ વિનાનો થઈ જાય છે. તેથી જૂદી રીતે અર્થ કરેલ છે. આ શ્લોકમાં વાણી ઈન્દ્રિયના દેવ અગ્નિનો સંસ્કાર જણાવ્યાનું ગયા શ્લોકમાં કહી દીધેલું છે.

એ પ્રમાણે વૈરાગ્ય કહીને, (ભગવાનના) વિચાર સત્ય થાય છે એમ જણાવવા નીચેના શ્લોકમાં તે (વિચાર) પ્રમાણે બહારથી વૈરાગ્ય ઉત્પન્ન કરનાર શાપ (થયાનું) જણાવે છેઃ

**પુર્યાં કદાચિત્ક્રીડદ્ભિર્યદુભોજકુમારકૈઃ ।।**
**કોપિતા મુનયઃ શેપુર્ભગવન્મતકોવિદાઃ ।।૨૪।।**

કોઈ સમયે શહેરમાં રમતા યદુ અને ભોજના કુમારોએ કોપાવેલા, ભગવાનનો વિચાર જાણનાર મુનિઓએ શાપ આપ્યો. ૨૪.

'શહેરમાં' એટલે દ્વારકામાં. સમીપના અર્થમાં સાતમી વિભક્તિ યોજી છે. (તેથી) દ્વારકા નજીક, 'કોઈ સમયે' એટલે ભગવાને વિચાર કર્યો તે સમયે (રમતા કુમારોએ કોપાવ્યા). 'રમતા' વિશેષણથી એમ (જણાવેલું છે કે) તેઓ સ્વભાવથી દુષ્ટ ન હતા. 'યદુ અને ભોજના કુમારોએ' શબ્દથી એમ સૂચવેલું છે કે (તે) બધાએ (ભગવાન્) ઉપર નભનારા ભગવાનના બાલકો હતા, અને તેમાં પણ કુમારો હોવાથી, 'બાલકોમાં ગુણ અથવા દોષનું સ્થાન નથી', એ નિયમ પ્રમાણે (તેમનામાં) દોષ ન હતો. તેમણે કોપાવેલા 'મુનયઃ' મનન કરવાના સ્વભાવવાળા બ્રહ્મર્ષિઓએ 'શેપુઃ' શાપ આપ્યો. તેનું કારણ 'ભગવાનનો વિચાર જાણનાર' વિશેષણથી કહેલું છે. તેઓ ભગવાનનો (કુલનો નાશ કરવાનો) અભિપ્રાય જાણતા હોવાથી તેમનો કોઈ પણ દોષ ન હતો. ૨૪.[1]

૧. સ્કંધના અર્થ પ્રમાણે આ શ્લોકોનો વિચાર છેલ્લા શ્લોકમાં કહેલ હોવાથી ત્યાં જુઓ.

પછી (યાદવોએ) ત્રણ ત્યાગ કર્યા એમ નીચેના (શ્લોકથી આરંભી) ત્રણ શ્લોકથી કહે છેઃ

**તતઃ કતિપયૈર્માસૈર્વૃષ્ણિભોજાન્ધકાદયઃ ।।**
**યયુઃ પ્રભાસં સંહૃષ્ટા રથૈર્દેવવિમોહિતાઃ ।।૨૫।।**

પછી કેટલાક માસે દેવે મોહ પમાડેલા વૃષ્ણિઓ, ભોજો, અંધકો વિગેરે હર્ષ પામતા રથો વડે પ્રભાસ ગયા. ૨૫.

પ્રીતિ ન રહેવાનાં બે (કારણો) અને તેમનું કારણ બનેલ શાપ ત્રણ

(ત્યાગ)માં પરિણમતા હોવાથી, (યાદવોએ) (૧) ઘરનો ત્યાગ (૨) પ્રવાહનો ત્યાગ અને (૩) (પોતાની) સર્વ મિલ્કતનો ત્યાગ એવા (ત્રણ ત્યાગ કર્યા). તે પૈકી (૧) પહેલો (ત્યાગ) 'કેટલાકજ માસે' શબ્દથી કહેલો છે. ત્રણ માસમાં બધાએ યાદવો (દ્વારકાની) બહાર નીકળી ગયા, એવો (અર્થ છે). 'વૃષ્ણિઓ, ભોજો, અંધકો' શબ્દથી સાત્ત્વિકો રાજસો અને તામસો કહેલા છે, કારણ કે તેઓ વિગેરે બધાઓનો ત્રણમાં સમાવેશ થાય છે. તેથીજ તેઓ 'હર્ષ પામતા' ગયા, કારણકે ગુણવાળાઓ ભગવાનનો અભિપ્રાય જાણતા નથી. 'પ્રકર્ષેણ' સંપૂર્ણ રીતે 'ભાનસ્થાનં' ભાનના સ્થાનને 'સંહર્તુઃ' હરી લેનાર સંકર્ષણનું સ્થાન 'પ્રભાસ' (ગયા). 'રથોથી' શબ્દથી એમ સૂચવેલું છે કે યુદ્ધનાં સાધનો લઈને ગયા. એમ જવાનું કારણ 'દેવરૂપ ભગવાને મોહ પમાડેલા' શબ્દથી (કહેલું છે). મનુષ્યની સ્થિતિનો ત્યાગ કરી દેવની સ્થિતિ પ્રાપ્ત કરવી, એવા (અભિપ્રાયથી ગયા). આથી એમ કહેલું છે કે શાપ અહિં (યાદવોને) ઉલટો (આશીર્વાદરૂપ) થયો, કારણકે શાપ હલકી સ્થિતિ કરાવે, પરંતુ ઉત્તમ સ્થિતિ કરાવતો નથી, (જ્યારે) આ (યાદવો) તો શાપથી દેવની સ્થિતિ પ્રાપ્ત કરશે એમ (કહેલું છે). ૨૫.

(તેમણે) લૌકિક ક્રિયા પ્રવાહનો ત્યાગ કર્યો એમ જણાવવા કહે છેઃ

**તત્ર સ્નાત્વા પિતૄન્ દેવાનૃષીંશ્ચૈવ તદમ્ભસા ।।**
**તર્પયિત્વાઽથ વિપ્રેભ્યો ગાવો બહુગુણા દદુઃ ।।૨૬।।**

ત્યાં સ્નાન કરીને, તેનાં જલથી પિતૃઓ દેવો તેમજ ઋષિઓનું તર્પણ કરીને પછી બ્રાહ્મણોને ઘણા ગુણવાળી ગાયો આપી. ૨૬.

અથવા આ જ (તેમનો) ઘણો મોહ (કહેલો છે); કારણ કે તેઓ ભગવાનના ભક્તો હોવાથી તેઓએ ભગવાનની ભક્તિથી જ સર્વનું સમાધાન કરવું યોગ્ય હતું, છતાં પણ તેમણે સ્નાન વિગેરે જ કર્યાં. 'ત્યાં' સરસ્વતીમાં અથવા અગ્નિકુંડમાં સ્નાન કરીને, દેવો ઋષિઓ તથા પિતૃઓનું તર્પણ કરીને તેમણે બ્રાહ્મણોને ઘણા ગુણવાળી ગાયો આપી. ઘણું દૂધ, ઉત્તમ દૂધ, સાઘડી વિગેરે ઘણા ગુણો (જે ગાયોમાં હતા તેવી આપી). આથી એમ કહેલું છે કે તેમણે આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક સંતોષ પ્રાપ્ત કર્યો. ૨૬.

તેમણે ધનનો ત્યાગ કર્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**હિરણ્યં રજતં શય્યાં વાસાંસ્યજિનકમ્બલાન્ ।।**
**હયાન્ રથાનિભાન્ કન્યાં ધરાં વૃત્તિકરીમપિ ।।૨૭।।**
**અન્નં ચોરુરસં તેભ્યો દત્ત્વા ભગવદર્પણમ્ ।।**
**ગોવિપ્રાર્થાસવઃ શૂરાઃ પ્રણેમુર્ભુવિ મૂર્ધભિઃ ।।૨૮।।**

ભગવાનની પ્રીતિ માટે તેઓને સુવર્ણ, રૂપું, શય્યા, વસ્ત્રો, મૃગચર્મ, કામળા, ઘોડા, રથો, હાથીઓ, કન્યા, ભૂમિ, વળી આજીવિકા કરાવનારી (ભૂમિ) અને ઘણાં રસોવાળું અન્ન આપીને, ગાયો અને બ્રાહ્મણો માટે પ્રાણ ધારણ કરનાર શૂરા (યાદવોએ) ભૂમિ ઉપર માથાં રાખી તેમને પ્રણામ કર્યા. ૨૭।૨૮.

'હિરણ્યમ્' એટલે સુવર્ણ. સુવર્ણ અને રૂપું એ દેવોની અને પિતૃઓની પ્રીતિ માટે દક્ષિણામાં આપવાના પદાર્થો છે. શય્યા અને વસ્ત્રો એ રાત્રે અને દિવસે સુખ આપનારા (પદાર્થો) છે. મૃગચર્મ અને કામળા એ પાથરવાના અને ઓઢવાના (પદાર્થો) છે. સત્ત્વ, રજઃ અને તમઃ (ગુણો)ના ભેદવાળા આ ત્રણ પ્રકારના (પદાર્થો) સાધારણ (યાદવોએ) આપવા યોગ્ય હતા. 'હયાન્' એકલા ઘોડાઓ, 'રથાન્' ઘોડાઓવાળા રથો, 'ઈભાઃ' પુખ્ત વયના હાથીઓ. કન્યા અને ભૂમિ એ રાજસ દાન, ઘોડાઓ સાત્ત્વિક (દાન) વળી આજીવિકા કરાવનારી એટલે એકલી (સીમની) ભૂમિ. પહેલાં 'ભૂમિ' (કહી તે) ગામ વિગેરે રૂપ (ભૂમિ). વધારે કહેવાથી શું ? જેમની પાસે જે હતું, જે કાંઈ લાવવામાં આવેલ તે બધાનો બ્રાહ્મણ દ્વારા ત્યાગ કર્યો (બ્રાહ્મણોને દાનમાં આપ્યું), એવો અર્થ છે. ૨૭.

એ પ્રમાણે દાન કરી શુદ્ધ થઈ ભગવાનને પ્રીતિ થાય એવું કર્મ તેમણે કર્યું એમ અઠાવીસમા શ્લોકમાં કહે છે. અનેક પ્રકારના મસાલાવાળું અન્ન શ્રીકૃષ્ણની પ્રીતિ થાય તે માટે ઉપર કહેલા બ્રાહ્મણોને જ આપીને, પાપરહિત થઈ, તેમણે ભક્તિના આવેશથી સાત્ત્વિક સ્થિતિ પ્રાપ્ત કરી. 'ગાયો અને બ્રાહ્મણો માટે પ્રાણ ધારણ કરનાર, શૂરા' વિશેષણથી એમ કહેલું છે કે (તેમનામાં) તેમનો ગુણ જાગ્રત થતાં તેઓ રાજસ સાથે ભળેલા સાત્ત્વિક (ગુણવાળા) થયા. ગાયો (અને) વિપ્રોને માટેજ (હતા) 'અસવઃ' પ્રાણો જેમના, એ સાત્ત્વિકપણું, (અને) 'શૂરા' એ રાજસ (પણું), 'ભૂમિ ઉપર માથાં રાખી પ્રણામ કર્યા' શબ્દોથી તેવા (યાદવો)એ બધું પ્રાયશ્ચિત કર્યું એમ કહેલું છે. જેમણે શાપ આપેલો તેમનેજ અથવા તેમના (અનુયાયી)ઓને જ ભૂમિ ઉપર (માથાં રાખી) સાષ્ટાંગ પ્રણામ કર્યા. બાકીના (શ્લોકો)માં બાકીની (ઇન્દ્રિયો કહેલી છે[1]). એ પ્રમાણે મર્યાદાથી અહિં ચાર પ્રકારનું ચરિત્ર,[2] અને જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયના તથા શાસ્ત્રમાં જણાવેલ અને લૌકિક એવા ભેદ કહેલા છે[3].

**અષ્ટભિઃ સપ્તભિશ્ચૈવ ષડ્ભિઃ સપ્તભિરેવ ચ ।।૧૪।।**
**ચતુર્મૂર્તેર્ભગવતશ્ચરિત્રં ખમિહોચ્યતે ।।**

આઠથી, તેમજ સાતથી, છથી અને સાતથી જ ચાર મૂર્તિવાળા ભગવાનનું

ઇન્દ્રિયરૂપ[૪] ચરિત્ર અહિં (આ અધ્યાયમાં) કહેલું છે. કા.૧૪[૧]/૨.

**એતદ્રૂપાણીન્દ્રિયાણિ નાન્યં ગૃહ્ણન્તિ ચ ક્વચિત્ ।।૧૫।।**
**સર્ગાર્થં હેતવશ્ચોક્તા જન્મહેતુસ્વભાવતઃ ।।**

વળી આવા પ્રકારની ઇન્દ્રિયો કોઈ પ્રસંગે (ભગવાન્ સિવાય) બીજાને ગ્રહણ કરતી નથી. વળી સૃષ્ટિ માટે જન્મ હેતુ અને સ્વભાવથી (યોગ્ય) જીવો[૫] કહ્યા. કા. ૧૫[૧]/૨. ૨૮.

૧. આથી છેલ્લા છ શ્લોકોનું તાત્પર્ય કહેલું છે. ૨૩મા શ્લોકમાં ઇચ્છેલા ભોગની પ્રાપ્તિમાં વિશ્વાસ રાખવાનું ચક્ષુનું કાર્ય છે. ૨૪મા શ્લોકમાં ભગવાનનો અભિપ્રાય જાણી શાપ આપવાની પ્રેરણા કરવી તે ચક્ષુના દેવતા સૂર્યનું કાર્ય. ૨૫મા શ્લોકમાં ભગવાનની આજ્ઞા સાંભળી યાદવો પ્રભાસ ગયા તે શ્રોત્ર (કાન)નું કાર્ય. ૨૬મા શ્લોકમાં જણાવેલ સ્નાન, તર્પણ વિગેરે અમુક દિશામાં કરવાનું ચોક્કસ હોવાથી કાનની દેવતા દિશાનું કાર્ય. ૨૭મા શ્લોકમાં આજીવિકા કરાવનારી ભૂમિનું દાન કરવાની પ્રેરણા કરવી એ જીભની દેવતાનું કાર્ય. ૨૮મા શ્લોકમાં બહુ રસવાળું અન્ન આપ્યું એ રસન (જીભ) ઇન્દ્રિયનું કાર્ય સ્પષ્ટ છે. એ પ્રમાણે દેવતાસહિત ઇન્દ્રિયો જણાવી. (પ્ર)

૨. આ અધ્યાયમાં અનુક્રમે ૧।૮, ૯।૧૫, ૧૬।૨૧ તથા ૨૨ થી ૨૮ શ્લોકોથી જણાવેલ છે.

૩. બહારની અને અંદરની એવી બે પ્રકારની ઇન્દ્રિયોનું તેમનાં કાર્યથી અનુમાન કરવાનું હોવાથી, કાર્ય દ્વારા તેમનો ભેદ જણાવ્યો. વચ્ચે મદિરાથી થએલ મદરૂપ લૌકિક કાર્ય કહ્યું. તેથી શાસ્ત્રમાં જણાવેલી અને લૌકિક ઇન્દ્રિયનો ભેદ પણ કહ્યો. (પ્ર)

૪. 'ખમ્' એટલે ઇન્દ્રિય. ઇન્દ્રિયોની સૃષ્ટિ રચનાર ભગવાન્ ચાર વ્યૂહનું ચરિત્ર ઇન્દ્રિયરૂપ સાધન છે. તે સાધનથી ભગવાનનું સ્મરણ વિગેરે કરવાથી જ્યારે ભગવાન્ અધિકારી ઇન્દ્રિયો આવી (સંસ્કાર પામેલી) કરે છે, ત્યારે તે ભગવાન્ સિવાય બીજા કોઈનું ગ્રહણ કરતી નથી. તેથી લૌકિક પદાર્થોમાં કાર્યોમાં જે જ્યારે ચતુર્મૂર્તિના ચરિત્ર તરીકે તે સર્વનું ગ્રહણ કરે, ત્યારે તેની ઇન્દ્રિયો સંસ્કાર પામેલી જાણવી. (પ્ર).

૫. આવો ઇન્દ્રિયોનો સંસ્કાર ક્યા જીવોને થયો છે એ જણાવવા યાદવોનું ચરિત્ર કહેલું છે. લીલાસૃષ્ટિમાં ફરીથી અહિં આવનાર, અવિદ્યા કર્મ વિગેરે કરાવવાના કારણ બનેલ જીવ અધિકારી કહેલા છે. આવા (યાદવો જેવા) સ્વભાવવાળા, લીલાસૃષ્ટિમાં અવતાર લેવા યોગ્ય જીવોને અધિકારી કહેલા છે. તેવાની ઇન્દ્રિયોનેજ સંસ્કાર થાય છે. કાલયવન, જરાસંધ વિગેરેને પણ ક્રોધને લીધે ભગવાનનું સ્મરણ થએલ હોવાથી, તેઓ પણ મુક્તિ પ્રાપ્ત કરવા અવતરેલા હોવાથી, તેમની ઇન્દ્રિયોનો પણ સંસ્કાર થએલો જણાવેલ છે. તેથી કામ, (ક્રોધ) વિગેરેથી તથા સર્વાત્મભાવથી પોતપોતાના અધિકાર પ્રમાણે જે કાર્ય કરવાનું હોય તે પ્રમાણે ઇન્દ્રિયોનો સંસ્કાર થએલો જાણવો. (પ્ર)

**ઇતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના ત્રીજા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અધ્યાય ચોથો ।।

**ચતુર્થે અધિકારાર્થં બુદ્ધિર્ભગવતોચ્યતે ।।**
**પઞ્ચધા સાऽત્ર સંપ્રોક્તા પઞ્ચપર્વાધિકારિણામ્ ।।૧।।**
**સ્વરૂપં ચ ગુણાઃ પ્રોક્તાઃ ફલમત્ર નિરૂપ્યતે ।।**

ચોથા અધ્યાયમાં અધિકાર સિદ્ધ થાય તે માટે ભગવાન્[૧] બુદ્ધિ કહે છે જણાવે છે. તે અહીં પાંચ પ્રકારની[૨] કહેલી છે. પાંચ વિભાગવાળી અવિદ્યાના સંબંધ વાળા અધિકારીઓનાં સ્વરૂપ અને ગુણો કહ્યા. અહીં ફલ[૩] કહેવામાં આવે છે. કા. ૧.

**એતાદશે હિ પુરુષે ભગવાનાવિશેદ્યતઃ ।।૨।।**
**તદૈવ તદ્ગતાઃ સર્વે બુદ્ધ્યન્તે નાન્યથા યથા ।।**

કારણ કે જ્યારે આવા પુરુષમાં ભગવાન્ આવેશ કરે, ત્યારેજ તેમનામાં રહેલા સર્વનું વાસ્તવિક[૪] જ્ઞાન થાય છે, બીજા પ્રકારે થતું નથી. કા. ૨ ૧/૨.

**અતો ભગવતઃ સર્ગે હેતુશ્ચાયં નિરૂપ્યતે ।।૩।।**

અને તેથી ભગવાને કરેલા સર્ગમાં આ હેતુ[૫] પણ કહેવામાં આવે છે. કા. ૩.

૧. 'ભગવાન્' એટલે વ્યાસ અથવા શુક. (પ્ર)
૨. 'પાંચ પ્રકારની' એટલે (૧) સ્મૃતિ (૨) નિશ્ચય (૩) સંશય અને (૪|૫) બે પ્રકારના ખોટા જ્ઞાન કરાવનારી. (પ્ર).
૩. ગયા અધ્યાયમાં સ્વરૂપ અને ગુણ કહ્યા. તેથી ફલ કહેવું જરુરી હોવાથી આ અધ્યાયમાં કહેવામાં આવે છે. (પ્ર)
૪. (યાદવો) ભગવાનનો આવેશ થવા યોગ્ય છે એમ જણાવવા ગયા અધ્યાયમાં તેમનાં સ્વરૂપ અને ગુણ કહ્યા. જ્યારે આવેશ થાય ત્યારે ગુણો સારી રીતે જણાય, તેથી ગુણો જણાવવા ભગવાનના આવેશરૂપ ફલ કહેવું એ તે કહેવાનું પ્રયોજન છે. (પ્ર)
૫. યાદવોનો લીલા માટે પોતાની સાથે અવતાર કરાવવાનો હોવાથી ભગવાને કરવાની અધિકારીની બુદ્ધિની સૃષ્ટિમાં આવેશ કરવાનો આ હેતુ પણ કહ્યો. (પ્ર)

ભગવાનની ઈચ્છાથી તે પૈકી પ્રથમ તેમને સ્મૃતિરૂપ બુદ્ધિ ઉત્પન્ન થઈ એમ નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી કહે છેઃ

।। ઉદ્ધવ ઉવાચ ।।

**અથ તે તદનુજ્ઞાતા ભુક્ત્વા પીત્વા ચ વારૂણીમ્ ।।**
**તયા વિભ્રંશિતજ્ઞાના દુરૂક્તૈર્મર્મ પસ્પૃશુઃ ।।૧।।**

પછી તે (બ્રાહ્મણોએ) અનુમતિ આપેલા તે (યાદવોએ) ભોજન કરી તથા વારૂણીનું પાન કરી, તેનાથી જ્ઞાનનો નાશ થતાં દુષ્ટ વચનોથી (એકબીજાના) મર્મને સ્પર્શ કર્યો. ૧.

**તામસી રાજસી ચૈવ સાત્ત્વિકી ચેતિ સા ક્રમાત્ ।।**

(ત્રણ શ્લોકોથી કહે છે) કારણ કે તે (બુદ્ધિ) અનુક્રમે તામસી તેમજ રાજસી અને સાત્ત્વિકી છે. કા.૩[૧]/૨

પહેલાં આવા હોવા છતાં (યાદવો) સર્વ દોષોથી મુક્ત થયા. ભગવાનની ઈચ્છથી થાક ઉતારવો એવો તેમને વિચાર થયો. પછી પહેલાની વાસનાથી તેમને દુષ્ટ બુદ્ધિ થઈ એમ (આ શ્લોકમાં) કહે છે. 'અથ' 'પછી' શબ્દ જુદો આરંભ (દર્શાવે છે). ઉપર કહેલા બ્રાહ્મણોએ અનુમતિ આપેલા તે (યાદવોએ) ભોજન કરી,ત્યાં સુધીનું (વાકય) પહેલાના (ત્રીજા અધ્યાયના) સંબંધવાળું[૧] છે. 'વારૂણીનું પાન કરી' શબ્દોથી (તેઓનું) શાસ્ત્રમાં મના કરેલું આચરણ (જણાવેલું છે). 'તેનાથી જ્ઞાનનો નાશ થતાં' શબ્દોથી તેનું ફલ કહેલું છે.

**સર્વં હિ સાધનં વ્યર્થં યદિ બુદ્ધિર્વિનશ્યતિ ।।૪।।**
**અકર્તવ્યં તદા નાસ્તિ મહતામપિ નિશ્ચિતમ્ ।।**

કારણ કે જો બુદ્ધિનો નાશ થાય તો બધું સાધન વ્યર્થ થાય[૨] છે. તેવા સમયે મોટા પુરુષોને પણ નક્કી ન કરવા યોગ્ય કાંઈ રહેતું નથી. કા. ૪[૧]/૨.

**તસ્માદેવં ન કર્તવ્યમિતિ બુદ્ધિરિહોચ્યતે ।।૫।।**
**અતોઽત્ર શાસ્ત્રે સર્વત્ર હ્યપ્રામાણ્યં સ્મૃતેઃ સદા ।।**

તેથી એ પ્રમાણે ન કરવું એવી બુદ્ધિ અહિં જણાવવામાં આવે છે. તેથી આ શાસ્ત્રમાં સ્મૃતિ સદા અપ્રમાણ છે.[૩] કા.૫[૧]/૨.

'દુષ્ટ વચનોથી મર્મને સ્પર્શ કર્યો' શબ્દોથી બુદ્ધિનો નાશ થવાનું ફલ કહેલું છે. 'દુરુક્તાનિ' એટલે હલકાઈ જણાવનારાં દુષ્ટ વચનો. જેનું જે (કાર્ય) યોગ્ય નથી, (તેના) દોષથી થએલું તે 'મર્મ' કહેવાય છે. હલકાઈ જણાવનારાં વચનોથી તેવાં (મર્મને સ્પર્શ કરનારાં) કહ્યાં, એવો અર્થ છે.

જ્ઞાન પણ[૪] આ શાસ્ત્રમાં સ્થિર છે,[૪] ત્રણ ક્ષણ સુધી રહેનારું નથી. નાકથી ગંધ ગ્રહણ થાય તેમ મનથી તે (જ્ઞાન) ગ્રહણ થતાં[૫] સૂઝે છે. ભગવાનમાં તે (જ્ઞાન) નિત્યજ છે, બીજાઓમાં તો ઉત્પન્ન થએલું હોય[૬] છે. જેમ અન્ન શરીરનું પોષણ કરનારું છે, તેમ લોક શાસ્ત્ર વિગેરે તે (જ્ઞાન)નું પોષણ કરનારા[૭] છે, ઈન્દ્રિયો (તેને) ઉત્પન્ન કરનારી છે, અભ્યાસ (તેને) દઢ[૮] કરાવનાર છે. વળી સાત્ત્વિક[૯] વિગેરેના ભેદથી તે ત્રણ પ્રકારનું છે. દેશ વિગેરે છ મના કરેલા પદાર્થો તેનો નાશ કરનારા[૧૦] છે. અંતઃકરણને શુદ્ધ કરનારા શાસ્ત્રમાં દર્શાવેલા (પદાર્થો) તો (તેનું) પોષણ કરનારા છે.

જીવના પ્રયત્નથી ત્યાં[૧૧] રાખેલું (જ્ઞાન) જેમ ઘરમાં પદાર્થો રહે છે તેમ રહે છે. શબ્દો અને પદાર્થો ઉત્પન્ન થએલા (જ્ઞાન)ને સતેજ કરનારા છે, અને ન ઉત્પન્ન થએલાને ઉત્પન્ન કરાવવામાંજ સામગ્રીરૂપ થાય છે. ચેતના વિગેરે બુદ્ધિ, તેનાંજ નામ છે.

ભગવદ્રૂપ તે (જ્ઞાન) એક છે. તેની ઉત્પત્તિ[૧૨] અનેક પ્રકારે થાય છે. (ઉત્પત્તિના પ્રકાર) અનંત હોવા છતાં લીલાની પેઠે તેના દશ પ્રકાર કહેવામાં આવે છે[૧૩] (૧) વિકારવિનાનું સર્વે ઉપાસના કરવા યોગ્ય, સર્વનો આત્મા બનેલું મુખ્ય[૧૪] આશ્રયરૂપ (જ્ઞાન) છે. (૨) પ્રકાશ કરનાર ગુણના રૂપથી પ્રકટ થતું વિકારવિનાનુંજ તે જ (જ્ઞાન)[૧૫] ભગવાનનો ગુણ કહેવાય છે. (૩) પાછું તે જ[૧૬] (જ્ઞાન) સૃષ્ટિ[૧૭] કરવા વેદરૂપ શરીર ગ્રહણ કરે છે. (તેનું) તે (વેદરૂપ) શરીર પણ વિરાટની પેઠે અનંત[૧૮] છે. પછી (૪) અમુક શરીરવાળું તે બીજની સ્થિતિ પણ પ્રાપ્ત કરે છે. ત્યારે જૂદા જૂદા દેહો પેઠે બધા શબ્દો વિકારવાળા થાય છે.[૧૯] તે જ પાછું જ્ઞાન પ્રાપ્ત કરનાર (પુરુષ) અને જેનું જ્ઞાન થવાનું છે તે (પદાર્થ)ના આધારવાળું થાય છે. તે પૈકી (૫) જેનું જ્ઞાન થવાનું છે તે પદાર્થો અનંત હોવાથી, તેમના આધારવાળું[૨૦] અનંતજ (પ્રકારનું) છે, પરંતુ જ્ઞાન થવાના પદાર્થના રૂપથી એક પ્રકારનું હોવાથી તેને એકજ કહેલું છે. (૬।૧૦) જ્ઞાન પ્રાપ્ત કરનાર (પુરુષ)માં[૨૧] ત અંતઃકરણ અને ઈન્દ્રિયોનો આશ્રય કરતું હોવાથી પાંચ પ્રકારનું છે. અંતઃકરણમાં તો ચાર પ્રકારનું છે (અને) (૬) ઈન્દ્રિયોમાં એક[૨૨] પ્રકારનું છે. વિષયો તો વિષયના આધારવાળા જ્ઞાનથી થતી બેવડાઈથી પુષ્ટ થએલા હોય છે.[૨૩] તેમાં (૭) મનથી ઉત્પન્ન થએલું (જ્ઞાન) સંશયરૂપ હોય છે. અહિં પણ અમુક પદાર્થો (નું જ્ઞાન) પદાર્થોથી થએલું હોય છે. (૮) બુદ્ધિ સાથે ભળેલો અહંકાર સ્વપ્ન જૂએ છે, તેથી સ્વપ્નમાં થતું જ્ઞાન અહંકારના આધારવાળું છે. (૯) શરીરનું અભિમાન તો અહંકારથી થાય છે (અને) બુદ્ધિના આશ્રયવાળું છે. (૧૦) ચિત્ત તો સુષુપ્તિમાં આત્માનેજ જુએ છે બીજા સમયે[૨૪] લય પામેલું હોય છે.

તે (જ્ઞાન)ની સ્થિતિ શાસ્ત્ર વિગેરેમાં જણાવેલી હોવાથી, (તેના) નાશ (નો પ્રકાર) પણ વિસ્તારથી[૨૫] જણાવવામાં આવે છે. સામાન્ય રીતે ઉપર જણાવેલી મર્યાદાનો અભાવજ[૨૬] (તેનો) નાશ છે. તેનું[૨૭] કારણ જ્ઞાનનેજ ઢાંકી દેનારી માયા છે. કલિ, માગધ, મદિરા વિગેરે, દૈત્યો, શાક્તો અને શાસ્ત્રમાં ન કરવાની કહેલી ક્રિયાઓ-એ કાલ વિગેરે છ તેનો આધાર બનેલા હોય છે. તેઓ યોગ્ય પ્રકારે[૨૮] સ્વરૂપથી સ્થાનથી અને ગુણથી જ્ઞાનનો થોડો થોડો નાશ કરે છે. જેઓને જ્ઞાન થાય છે

તેઓનું જ્ઞાન પણ નાશ પામે છે.

તેથી જેને જ્ઞાન થાય છે તેની બુદ્ધિના આધારવાળું[૨૯] પહેલાં તેમને (યાદવોને) જે જ્ઞાન થએલું હતું, તે અહિં મદિરાથી નીચે પડી[30] જવાથી, (તેમના) જ્ઞાનનો નાશ થયો. વળી માયા ન હોય તેવા પદાર્થોને બુદ્ધિમાંજ મૂકે છે. તે પદાર્થોના સહકારથી થએલું બુદ્ધિના આધારવાળું જ્ઞાન સ્મૃતિરૂપ છે. તેને લીધે તે પદાર્થોના સંબંધવાળા વચનો 'દુષ્ટ વચનો' થાય છે, અને (તે) પદાર્થોની સાથેનાં તે (વચનો) વિષયોના આધારવાળો જેનો આધાર છે[31] તેવા મર્મને સ્પર્શ કરે છે. 'મૃ' 'મરવું' ધાતુ પ્રાણનો ત્યાગ (કરવા)ના અર્થવાળો છે, મરણ જરૂર થાય તે માટે તેને બેવાર લઈ 'ડન્' પ્રત્યય લગાડતાં 'મર્મ' શબ્દ થાય છે. તે (મર્મ)માં થોડો પણ પ્રહાર-શબ્દથી કરેલો હોવા છતાં-ઘણી પીડા કરે છે. (યાદવો મદિરાથી) નિશાવાળા હોવાથી માત્ર સ્પર્શ ( ર્ક્યાનું) કહેલું છે, પરંતુ પ્રહાર (કર્યાનું) કહેલ નથી. ૧.

૧. 'અથ' શબ્દનો આ ( પછી ) પણ અર્થ છે. ( પ્ર )

૨. ( મના કરેલા આચરણથી ) જ્ઞાનનો નાશ થયો એમ જણાવી, તેવું આચરણ ન કરવું એવી બુદ્ધિ આ શ્લોકથી સૂચવેલી છે. તેથી તે જણાવવું તથા પોતાની સરસાઈનું અનુસંધાન દુષ્ટપણું જણાવનારું છે. એમ જણાવવું એ ( આ શ્લોકનું ) પ્રયોજન છે. ( પ્ર )

૩. મના કરેલ આચરણ ન કરવાની બુદ્ધિ સૂચવવી છે અને તે જ પ્રમાણ છે. તેથી તેનાથી વિરુદ્ધ મના કરેલ આચરણમાં પ્રવૃત્તિ કરાવનારી સ્મૃતિ સદા અપ્રમાણ છે. ( પ્ર )

૪. અનુભવથી ઉત્પન્ન થએલા સંસ્કારથી સ્મૃતિ ઉત્પન્ન થાય છે અને તેને ઉત્પન્ન કરનારો સંસ્કાર પ્રમાણ છે, છતાં સ્મૃતિ અપ્રમાણ છે એમ સિદ્ધ કરવા જ્ઞાન સ્થિર છે એમ સિદ્ધ કહે છે. 'ચ' એટલે 'પણ'. ( પ્ર )

૫. જ્ઞાન સ્થિર હોવા છતાં તેનું ભાન સદા થતું નથી તેનું કારણ કહે છે. ઘરમાં પ્રસરી રહેલી ( અને તેથી ) નાક સાથે સંબંધવાળી ગંધનું ભાન પણ સંયોગથી તેનું ગ્રહણ કરવામાં આવે ત્યારે જ થાય છે, પણ સદા થતું નથી, કારણ કે ઘણા સંબંધને લીધે ગ્રહણ કરનાર કાર્ય અટકી પડે છે; તેમ મન સાથે સંબંધ થતાં મનથી જ્ઞાન ગ્રહણ થાય ત્યારેજ તેનું ભાન થાય છે. ઘણા સંબંધને લીધે ગ્રહણ કરવાપણું અટકી પડતાં ભાન થતું નથી તેથી સદા જ્ઞાન થતું નથી. ( પ્ર )

૬. ભગવાનને સર્વ વિષયનું જ્ઞાન નિત્ય છે એમાં બધા સંમત છે બીજાઓમાં તે ઉત્પન્ન થતું હોવાથી તેમાં પદાર્થો જેવા વિકાર થાય છે, એટલે તે ઉત્પન્ન થાય, પોષાય અથવા દઢ થાય ત્યારે ભાન થાય છે. પણ તેમ થતું ન હોય ત્યારે ભાન થતું નથી. ( પ્ર )

૭. 'પોષણ થવું' એટલે પોતાની જાતનાઓ સાથે ભળવું. ( પ્ર )

૮. 'દઢ કરાવનાર' એટલે પોતાની જાતનાની સ્થિતિ કરાવનારી મજબૂતાઈ. આ મત પ્રમાણે સ્મૃતિ ઉત્પન્ન કરવા સંસ્કારની જરુર નથી. જ્ઞાન ઈન્દ્રિયોથી ઉત્પન્ન થાય, લોક શાસ્ત્ર વિગેરેથી પુષ્ટ થાય, અભ્યાસથી દઢ થાય અને તેને જાગ્રત કરનારા પદાર્થોથી તેનું ભાન થાય, એટલે તેનાથીજ જૂદા સમયે ( ભવિષ્યમાં ) સ્મૃતિ થાય એ સંભવે છે. સંસ્કારની જરુર રહેતી

હોય, તો અનંત સંસ્કારોની તેમની ઉત્પત્તિ અને નાશની કલ્પના કરવી પડે એટલે ઘણો ગૂંચવાડો થાય. તેથી વિરુદ્ધ કાર્યથી ઢંકાઈ જતું, સૂક્ષ્મ અવસ્થામાં રહેલું જ્ઞાનજ સંસ્કાર છે. ધારાની પેઠે ચાલુ જ્ઞાન થયા કરતું હોય ત્યાં તે એકજ જ્ઞાન પ્રકાશે છે એમ સિદ્ધ થાય છે. ( પ્ર )

૯. જ્ઞાન સ્થિર છે એમ સિદ્ધ કરીને તેનું પોષણ કરનારા અને નાશ કરનારા પદાર્થો જણાવવા ગીતામાં જણાવેલા તેના પ્રકારો કહેલા છે. ( પ્ર )

૧૦. નાશ અને પોષણ કરનારા પદાર્થો હોવાથી તે સ્થિર રહેનારું હોવાનું સિદ્ધ થાય છે. ( પ્ર )

૧૧. 'ત્યાં' એટલે અંતઃકરણમાં. ( પ્ર )

૧૨. 'ઉત્પત્તિ' એટલે આવિર્ભાવ. જ્ઞાન એકજ હોય તો દરેક શરીરવાળાને જૂદું કેમ થાય છે, તેનું સમાધાન આ વાક્યથી કરે છે. આથી તે સર્વત્ર રહેલું હોવાનું સિદ્ધ થાય છે. તે એક હોવા છતાં આકાશની પેઠે ઉપાધિઓને લીધે જૂદું જૂદું તથા હદવાળું જણાય છે. એમ પણ આથી સિદ્ધ થાય છે. ( પ્ર )

૧૩. સમૂહોના વિભાગથી તેવું જ્ઞાન સહેલાઈથી સિદ્ધ થાય છે એવો અર્થ છે. ( પ્ર )

૧૪. 'મુખ્ય' એટલે ( બધા જ્ઞાનોનું ) બનેલ. આ એક નિર્વિષય જ્ઞાન છે. ( પ્ર )

૧૫. આ જ્ઞાન પણ નિત્ય છે, પણ સવિષય ( વિષયોના સંબંધનું ) છે. ( પ્ર )

૧૬. 'તે જ' એટલે ભગવાનના ગુણરૂપ જ્ઞાન. ( પ્ર )

૧૭. 'સૃષ્ટિ' એટલે નામરૂપ સૃષ્ટિ, અથવા વૈદિક સૃષ્ટિ. ( પ્ર )

૧૮. 'વેદો અનંત છે' એ શ્રુતિ પ્રમાણે. ( પ્ર )

૧૯. 'તે મહેશ્વરે બધાનાં નામો તથા રૂપો જૂદાં જૂદાં આરંભમાં વેદના શબ્દોથી જ કર્યાં' એ સ્મૃતિ પ્રમાણે. ( પ્ર )

૨૦. સર્વત્ર વ્યાપેલું હોવાથી આ પદાર્થોથી જેની હદ જણાય તેવું. ( પ્ર )

૨૧. આથી આ પાંચે પ્રકારનાં સર્વત્ર વ્યાપેલાં નથી એમ જણાવ્યું. ( પ્ર )

૨૨. વિકલ્પો વિનાનું હોવાથી એક પ્રકારનું. ( પ્ર )

૨૩. "બહારની ઈન્દ્રિયો પાંચ છે અને તે જાતજાતનું વિકલ્પવિનાનું જ્ઞાન ઉત્પન્ન કરે છે, છતાં તેને એક પ્રકારનું કેમ કહ્યું ?" એવી શંકા થાય, તેથી આ કહેલું છે. વિકલ્પરૂપ પદાર્થો તે પદાર્થોના આધારવાળાં જે જ્ઞાનને ઉત્પન્ન કરે છે, તેનાથી જે બેવડાઈ થાય છે-એટલે પહેલાં સંયોગથી જ્ઞાન થાય અને પછી પદાર્થનો વિચાર કરતાં જે અમુક પ્રકારનું જ્ઞાન થાય-તેવી બેવડાઈથી તેના રૂપનો પ્રકાશ થાય છે. તેથી તેમને ઉત્પન્ન કરનાર બીજું હોઈ, ઈન્દ્રિયોથી તો એકજ પ્રકારનું જ્ઞાન થાય છે, એવો અર્થ છે. ( પ્ર )

૨૪. 'બીજા સમયે' એટલે જાગતાં હોઈએ ત્યારે અથવા સ્વપ્ન થતું હોય ત્યારે. આવા સમયે ચિત્તનો લય કેવા પ્રકારે થાય છે તે સત્તાવીસમા ( અધ્યાય )માં કહેશે. ( પ્ર )

૨૫. કારણ જણાવીને. ( પ્ર )

૨૬. 'મર્યાદાનો અભાવ' એટલે શાસ્ત્રમાં કરેલી આજ્ઞાઓના સંબંધનો અભાવ. ( પ્ર )

૨૭. 'તેનું' એટલે મર્યાદાના અભાવનું અથવા સામાન્ય પ્રકારના નાશનું. ( પ્ર )

૨૮. 'યોગ્ય પ્રકારે' દેશ (માગધ) અને કાલ (કલિ) સ્વરૂપથી નાશ કરનારાં છે. દ્રવ્ય (મદિરા વિગેરે) અને કર્તા (દૈત્યો) સ્થાનથી નાશ કરનારા છે અને મંત્રો (શાક્ત મંત્રો) અને કર્મો (ન કરવાની કહેલી ક્રિયાઓ) ગુણથી નાશ કરનારા છે. (પ્ર)

૨૯. 'બુદ્ધિના આધારવાળું' એટલે શરીરના અભિમાનરૂપ. (પ્ર)
૩૦. 'નીચે પડી જવાથી' એટલે બુદ્ધિના મલિન તામસ ભાગમાં થોડું પડવાથી એમ શરીરનું અભિમાન મલિન દેશમાં પડતાં, કાલે તેનો સ્વરૂપથી થોડો નાશ કર્યો, મદિરાપાને ગુણથી થોડો નાશ કર્યો એટલે તેમને પોતે ઉત્તમ હોવાની અને બીજા હલકા હોવાની બુદ્ધિ થઈ, એટલે બીજાઓના દોષ દેખાયા. (પ્ર)
૩૧. 'વિષય' એટલે દોષ, તેના આધારવાળો પુરુષ, તે છે આધાર જેનો તેવું મર્મ. પહેલાં દોષનો અંશ જણાયો, પછી માયાએ ન હતા તેવા (દોષના) સમૂહો બુદ્ધિમાં મૂક્યા, એટલે તેવાં વચનોથી મર્મનો સ્પર્શ કર્યો. તેથી સત્ય જ્ઞાનથી ઉત્પન્ન થએલ હોવા છતાં, માયાએ તેમાં જૂદા પ્રકારનું (અસત્ય પદાર્થોનું ભાન) ભેળવ્યું, એટલે સત્યના અંશો દૂર થતાં, જે સ્મૃતિ થઈ તે અપ્રમાણ થઈ. સ્વરૂપથી, ગુણથી અને ફલથી અપ્રમાણ થઈ એવો અર્થ છે. (પ્ર)

એવી રીતે સ્વરૂપનું વિસ્મરણ થયા પછી વિપરીત પદાર્થોના સ્મરણને લીધે શબ્દના સ્પર્શથી ખળભળાટ ઉત્પન્ન કરી, શસ્ત્ર વિગેરેથી પણ યુદ્ધ કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તેષાં મૈરેયદોષેણ વિષમીકૃતચેતસામ્ ।।**
**નિમ્લોચતિ રવાવાસીદ્વેણૂનામિવ મર્દનમ્ ।।૨।।**

સૂર્ય અસ્ત થયો ત્યારે મદિરાના દોષથી દુષ્ટ થએલ બુદ્ધિવાળાઓનું તેમનું વાંસોની પેઠે ઘર્ષણ થયું. ૨.

મદિરા દ્રવ્યથી થએલા, પહેલાનાં જ્ઞાનનો નાશ કરીને (તેથી) ઉલટું જ્ઞાન ઉત્પન્ન કરવારૂપ દોષથી, (તેમની) ચેતનારૂપ બુદ્ધિ સ્વસ્થ હોવા છતાં, (એક બીજા ઉપરના) સ્નેહને લીધે ઘણી સારી હોવા છતાં, દુષ્ટ થઈ. પદાર્થના આધારવાળાં જ્ઞાનને પણ તેજના પ્રકાશની જરુર રહેતી[1] હોવાથી, તે (તેજનો પ્રકાશ) જતો રહેતાં તે પણ ઈન્દ્રિયોનું પોષણ કરનારું ન રહ્યું, એવા અભિપ્રાયથી 'સૂર્ય અસ્ત થયો ત્યારે (ઘર્ષણ) થયું' એમ કહેલું છે. બધામાં દોષ સરખો થયો (પ્રસર્યો) એમ 'વાંસોની પેઠે' શબ્દોથી કહેલું છે. ઘર્ષણ એટલે નાશ. ૨.

૧. પદાર્થ અને તેજનો સંબંધ થવાથી અંધકારનો (અજ્ઞાનનો) નાશ થતો હોવાથી, (તે જ્ઞાનને) તેજના પ્રકાશની જરુર રહે છે. (પ્ર)

એવી રીતે તેઓની પહેલાંની સ્થિતિ સાધન અને સાધ્યના પ્રકારથી દૂર કરીને,[1] પોતાનાં અનીશ્વરપણાને પણ દૂર કરવાનાં સાધન અને સાધ્ય[2] કહે છેઃ

**ભગવાન્ સ્વાત્મમાયાયા ગતિં તામવલોક્ય સઃ ।।**
**સરસ્વતીમુપસ્પૃશ્ય વૃક્ષમૂલમુપાવિશત્ ।।૩।।**

પોતાની માયાની તે ગતિ જોઈને, તે ભગવાન્ સરસ્વતીમાં સ્નાન કરીને વૃક્ષના મૂળ પાસે બેઠા. ૩.

અનીશ્વરપણું દૂર કરવાનું કારણ 'ભગવાન્' શબ્દથી (કહેલું છે). પોતાનો જે ચિતના અંશવાળો આત્મા, તેની[3] માયાની ગતિ એટલે પ્રવૃત્તિ, કાર્યનું કરવું એવો અર્થ છે. 'તે' ઉપર કહેલી[4] ગતિ, 'જોઈને' શબ્દથી આગળ કહેશે તે (કાર્ય)નું સાધન (કહ્યું). 'તે' (ભગવાન્) એટલે જેમણે તે (કાર્ય) માટે પ્રવૃત્તિ કરી છે તેવા. (૧) વેદો અને (૨) (વૈષ્ણવો) બેથી[5] અનીશ્વરપણું દૂર થાય છે. તે બંને (સાધનો) કર્યાં એમ ઉત્તરાર્ધથી કહેલું છે. (૧) સરસ્વતી વેદરૂપ છે, તે જ નદી છે. તેમાં 'ઉપસ્પર્શનં' સ્નાન કર્યું. આથી એમ કહેલું છે કે (ભગવાને) વેદોમાં પોતાનું સ્થાપન કર્યું. (૨) 'વૃક્ષનાં મૂળ (પાસે બેઠા)' શબ્દથી બીજું (સાધન) કહેલું છે, કારણ કે 'વનસ્પતિઓ વૈષ્ણવો છે' એમ શ્રુતિ (કહે છે). તેનું મૂલ એટલે જે રૂપથી વિષ્ણુએ તેમને ઉત્પન્ન કરી તે બીજરૂપ મૂલ. તે બીજરૂપ વિષ્ણુમાં અર્થરૂપ[6] અંશનું સ્થાપન કર્યું, એવો અર્થ છે. એ પ્રમાણે એક સ્થલે ઐશ્વર્ય વિગેરે ગુણોને (અને) બીજે સ્થલે સ્વરૂપનું સ્થાપન કરીને, આશ્રય ન રહેવાથી અનીશ્વરપણાને દૂર[7] કર્યું, એવો અર્થ છે.

''ભગવાને એવી રીતે (સ્વરૂપનું) બીજમાં[8] કેમ સ્થાપન કર્યું ? કારણ કે (તે) વૈકુંઠમાં સ્થાપન કરવું જોઈએ'' એવી શંકા થાય, તેથી 'ઉપાવિશત્' 'પાસે બેઠા' શબ્દ કહેલો છે. 'ઉપ' એટલે પાસે, વૈકુંઠમાં રહેલાથી સર્ગલીલા થઈ શકે નહિ, તેથી તેની પાસેજ 'આ' સર્વ તરફથી સંપૂર્ણ પ્રકારે સૃષ્ટિ (રચવા) માટે તેમાં પ્રવેશ કર્યો. ભગવાન્ જે પ્રકારે ઐશ્વર્યથી બીજમાં પ્રવેશ કરે છે, આ (જણાવવા) માટેજ આરંભમાં આ કથા કહેલી છે. વળી આ[9] જ અધિકાર છે. માહાત્મ્ય, રૂપ, [10]લીલા, વિષય, [11]ચરિત્ર, ઈન્દ્રિયો, પોતાના અંશથી કારણમાં પ્રવેશ કરવો, બુદ્ધિ-એવી આ બીજરૂપ સૃષ્ટિ છે. વિષ્ણુથી ઉત્પન્ન થએલા (તે) વૈષ્ણવો. અને વિષ્ણુના આ (સેવકો) (તે) વૈષ્ણવો. તેથી ભગવાને પોતે વૃક્ષના મૂલ પાસે બેસીને, સૃષ્ટિના કારણરૂપ બીજને ઉત્પન્ન કરીને મોક્ષના કારણરૂપ બીજને પણ ઉત્પન્ન કરવા માટે પહેલેથીજ વૈષ્ણવ ઉદ્ધવનો એવો વિચાર કર્યો[12] કે નવ લીલાઓ[13] પૈકી પહેલી મારે (ભગવાને પોતે) કરવી, પણ છેલ્લી અણિ (ઉદ્ધવે કરવી), (અને) વચલી તો કાલ વિગેરેએ કરવી. વળી 'મને પણ (આપના) પોતાના ધામમાં લઈ જાઓ' એવી ઉદ્ધવની ઈચ્છા હતી. તેથી જ્યાં જ્યારે (ભગવાન્) વિરાજે તે (તેમનું) પોતાનું ધામ. આ સમયે કારણરૂપ બીજ બનેલા વિષ્ણુમાં (ભગવાને) પોતે સ્થિતિ કરી, (અને) તે (ઉદ્ધવ) પણ[14] મોક્ષના એકજ સાધનરૂપ તપની સમીપ ('વ'='વ'=અમૃત) અમૃતની ('દરી') ગુફારૂપ 'બદરી' માં આનંદનો અનુભવ કરવા રહે એમ તેમણે

વિચાર્યું, અને તેની પણ પહેલાંની સ્થિતિનો વિનાશજ થતો હોવાથી, તે પણ વિનાશના સ્થાન પ્રભાસમાં આવે એવી ઈચ્છા કરી. ૩.

૧. યાદવો ( પરસ્પર ) પ્રેમથી રહેતા તે સ્થિતિ, મદિરાપાનરૂપ સાધનથી અને તેનાથી ઉલટી સ્મૃતિરૂપ અમુક પ્રકારની ( દુષ્ટ ) બુદ્ધિરૂપ સાધ્યથી દૂર કરીને. ( પ્ર )

૨. યાદવોને ચાલુ સમયમાં રાખવાનું સામર્થ્ય દૂર કરવા, અનીશ્વરપણાને દૂર કરવાનું સાધન પોતાના આત્માના માર્ગની ગતિને જોવાનું, અને તેનાથી પ્રાપ્ત કરવાનો પોતાની અશક્તિનો તિરોભાવ કહે છે, એવો અર્થ છે. ( પ્ર ) આ

અર્થ સમજાતો નથી. ભગવાને મનુષ્યદેહ ધારણ કરેલો હોવાથી અનીશ્વર હોય તેવા દેખાય છે. તે અનીશ્વરપણું દૂર કરવાનાં સાધન ( વેદોમાં અને વનસ્પતિના મૂલમાં પોતાના ગુણો અને સ્વરૂપનું સ્થાપન ) અને તેથી સાધ્ય ( સર્ગલીલા કરવી તે ) કહે છે એવો અર્થ જણાય છે.

૩. 'તેની' એટલે 'તેને ઘણો મોહ કરનારી'. ( પ્ર )

૪. 'ઉપર કહેલી' એટલે. ૩।૩. ૧૫ માં કહેલી. ( પ્ર )

૫. 'બેથી' એટલે ગુણોનું તથા સ્વરૂપનું સ્થાપન કરવાથી. ( પ્ર ) અહિં બે વેદ અને વૈષ્ણવ કહેલા છે તેથી બીજો અર્થ કરવો યોગ્ય નથી. વેદમાં ગુણોનું અને વૈષ્ણવ વનસ્પતિના મૂલ પાસે સ્વરૂપનું સ્થાપન કરે છે.

૬. 'અર્થ' એ વિષ્ણુનું નામ પણ છે. 'અર્થરૂપ અંશ' એટલે પોતે ધારણ કરેલો દેહ, એવો અર્થ યોગ્ય જણાય છે. 'વેદના અર્થ' એવો અર્થ થઈ શકે પણ અહિં ભગવાન્ પોતે વનસ્પતિના મૂળ પાસે જઈ વિરાજે છે તેથી તેમણે ધારણ કરેલો દેહ, એ અર્થ જ યોગ્ય લાગે છે.

૭. જ્યારે ભગવાન્ સ્વરૂપ અને લીલા બંનેનો તિરોભાવ કરવા ઈચ્છે છે, ત્યારે ચિત્ અંશને મોહ કરનારી માયા વિસ્તારે છે, કારણ કે માયાથીજ તિરોભાવ થાય છે. તેના છ કાલ વિગેરે આધાર પહેલા ( ૩।૪।૨ ના સુબોધિનીમાં ) કહેલા છે. તે પૈકી દેશ, કર્તા અને મંત્ર આ પ્રસંગે નહિ હોવાથી કાલ, દ્રવ્ય અને ક્રિયામાંથી માયાને ઉપાડી લીધી. પછી તેનાથી જૂદા જૂદા યાદવોની બુદ્ધિમાં મોહ ઉત્પન્ન કર્યો. પછી તે મોહના સહકારથી તેમની બુદ્ધિમાં વિરુદ્ધ વિષયો સત્ય જણાવા લાગ્યા, પછી લીલામાં રહેલા મોહ પામેલા તેઓના શસ્ત્રોથી તેમના પ્રાકૃત દેહોનો નાશ કરી, તે દેહોમાંથી વૈકુંઠવાસીઓનો ઉદ્ધાર કરી તેમને પોતાના સ્થાનમાં પહોંચાડ્યા. તેઓ ( સદા ) છે એ લીલા છે. તેનું નિત્યપણું સિદ્ધ કરનાર વેદના વચનોથી અને તેનો અર્થ જાણનાર વૈષ્ણવોના સંગથી તેનું જ્ઞાન થાય છે. તેથી વેદોમાં ગુણનું સ્થાપન કરી ઐશ્વર્ય સિદ્ધ કર્યું અને વૈષ્ણવોમાં સ્વરૂપનું સ્થાપન કરી ઐશ્વર્યનો આધાર સિદ્ધ કર્યો અને ઐશ્વર્યનો આધાર ન રહેવાથી પ્રાપ્ત થતું અનીશ્વરપણું ભગવાનપણાથી દૂર કર્યું, એવો અર્થ છે. ( પ્ર ) આ અર્થ પણ બંધબેસતો જણાતો નથી. ભગવાને પોતાના ગુણોનું વેદોમાં સ્થાપન કર્યું અને સ્વરૂપનું ( દેહનું ) વનસ્પતિના મૂલમાં સ્થાપન કર્યુ. અનીશ્વરપણું આ દેહ ધારણ કરેલો તેથી તેમાં જણાતું. હવે તેના આધારરૂપ દેહ ન રહેવાથી અનીશ્વરપણું જતું રહ્યું, જણાતું બંધ થયું, એવો અર્થ જણાય છે.

૮. 'બીજમાં' એટલે શુદ્ધ સત્ત્વરૂપે પ્રકટ થએલ અક્ષરમાં ( પ્ર ) વનસ્પતિનાં મૂલ બીજમાં.

૯. 'આ' એટલે બુદ્ધિમાં રહેલો. ( પ્ર )

૧૦. 'રૂપ' એટલે મહાભૂતો.
૧૧. 'વિષય' એટલે તન્માત્રાઓ (પ્ર).
૧૨. વૈષ્ણવો બે પ્રકારના હોવાથી, અધિકારસૃષ્ટિનું કારણ બનેલું બીજ પોતાની વૃક્ષના મૂલ પાસે બેસવાની ચતુરાઈવાળી ક્રિયાથી પોતાથી ઉત્પન્ન થએલા વૈષ્ણવોમાં સ્થાપન કર્યું, અને મોક્ષના કારણરૂપ બીજ પોતે જેમના સ્વામી છે તેવા વૈષ્ણવોમાં ઉપદેશરૂપ ક્રિયાથી સ્થાપન કરવા તેવો વિચાર કર્યો, એવો અર્થ છે. (પ્ર)
૧૩. આ બીજરૂપથી જેનો અનુભવ કરવામાં આવે છે તેવી લીલાઓ જાણવી. (પ્ર)
૧૪. 'ચ' શબ્દ 'અપિ' 'પણ' ના અર્થમાં યોજાએલો છે. (પ્ર)

તેથી બીજા બીજનું[1] નિરૂપણ કરતાં ઓગણીસ શ્લોકોથી નિશ્ચયરૂપ બુદ્ધિ કહે છે (જણાવે છે), કારણ કે અઢાર વિદ્યાનાં સ્થાનો ઓળંગીને બુદ્ધિ નિશ્ચયનો આશ્રય કરે છે. તે પૈકી મીમાંસા સહિત સાત (વેદના) અંગો છે અને સ્વતંત્ર રીતે પ્રકાશ કરનારો હોવાથી બાર આકારવાળો[2] (સૂર્ય) છે. આથીજ પહેલાની અવસ્થા જતી રહે છે એમ જણાવેલું છે. મુક્તિમાં[3] તો કારણ કહેવા યોગ્ય ન રહેવાથી અને બીજમાંથી ફલ (પ્રાપ્ત) થતાં વિસ્તાર થતો હોવાથી આ જ લીલા જૂદા પ્રકારે કરેલી છે. તેથી આરંભમાં ભગવાને (તે ઉદ્ધવને) કહેલું તે નીચેના શ્લોકમાં કહે છે.

**અહં ચોક્તો ભગવતા પ્રપન્નાર્તિહરેણ હ ।।**
**બદરીં ત્વં પ્રયાહીતિ સ્વકુલં સઞ્જિહીર્ષુણા ।।૪।।**

અને શરણ આવેલાનાં દુઃખ હરનાર પોતાનું કુલ (પોતાની) સાથે લઈ જવા ઈચ્છનાર ભગવાને મને કહ્યું કે 'તું ઝટ બદરી જા'. ૪.

પોતાના બીજા (સેવકો)ને પ્રભાસ જવાનું કહ્યું, અને મને કહ્યું કે 'તું બદરી જા'. 'ચ' 'અને' શબ્દ તેનો એવો ગૂઢ અર્થ હોવાનું (જણાવે છે કે) પ્રભાસ જઈને (બદરી જા). 'ભગવાન્' શબ્દથી એમ જણાવેલું છે કે તેમના વચનમાં જણાવેલું કાર્ય અવશ્ય પાર પડવાનું. "(ભગવાને) એવું કેમ કહ્યું ?" એવી શંકા થાય, તેથી 'શરણ આવેલાનાં દુઃખ હરનાર' વિશેષણ યોજેલું છે. શરણ આવેલાનું 'આર્તિમ્' સર્વ દુઃખ સૃષ્ટિમાં (તેમને) સર્વ ઐશ્વર્યનું દાન કરીને હરીશ, એવી ઈચ્છાથી તેમ કહ્યું. વિરુદ્ધ સાધનથી (કાર્ય) પાર પાડવાનું છે એવું આશ્ચર્ય 'હ' શબ્દ (જણાવે છે). બદરી પણ અરણ્યરૂપ[4] છે અને ફલના પ્રયોજન માટે અમૃતરૂપ છે, કારણ કે 'વ' અમૃતની 'દરી' ગુફા એ બદરી 'તું જા' એમ (મને) ખાસ આજ્ઞા કરી પદના અર્થનું વિસ્મરણ[5] ન થાય તે માટે 'ઝટ' જવાનું (કહ્યું), બીજું (પ્રયોજન) તો (એ હતું કે) પોતાનું કુલ એટલે પોતાનો સમૂહ, તેઓનો સૃષ્ટિમાંજ ઉપયોગ હતો, તેથી પોતાને માટે (પોતાની સાથે) સારી રીતે લઈ જવાની ઈચ્છાવાળા હતા, (કારણ કે) તેમ ન કરે તો અનંત

પ્રકારની સૃષ્ટિ થાય નહિ. ૪.

૧. એવા પ્રકારની (મારી ઉદ્ધવ દ્વારા મોક્ષનો ઉપદેશ કરાવવાની) ઈચ્છા હોવાથી, આજ્ઞા પ્રમાણેજ વર્તવું એવું મોક્ષના નિશ્ચયરૂપ બીજ. (પ્ર)

૨. 'આ જે આદિત્યની અંદર સુવર્ણમય પુરુષ છે' એ શ્રુતિમાં કહેલો. (પ્ર).

૩. 'મુક્તિમાં' એટલે અગીઆરમા અધ્યાયમાં. (પ્ર).

૪. '' 'અર' નામનો અમૃતનો સમુદ્ર છે અને 'ણ્ય' નામનો અમૃતનો સાગર છે'' એ સ્મૃતિ પ્રમાણે અરણ્ય બ્રહ્મલોક હોઈ, બદરી અમૃતરૂપ છે. (પ્ર) આ અર્થ યોગ્ય જણાતો નથી, કારણ કે વિરુદ્ધ સાધનથી કાર્ય પાર પાડવાનું કહેલું છે, 'અરણ્ય' અટલે જંગલ, વન એવા વિરુદ્ધ સાધનથી અમૃત જેવું ફલ (બદરીફલ=બોર) પ્રાપ્ત થાય એવો ભાવાર્થ જણાય છે.

૫. 'બદરી' શબ્દના વ્યુત્પત્તિથી થતા અર્થનું વિસ્મરણ. (પ્ર)

જો કે ભગવાને મુખથી એમ કહેલું, છતાં પણ પ્રભાસ આવીને (બદરી) જવું, એવો તેમના હૃદયનો અભિપ્રાય હતો, કારણ કે તેમ કરવામાં (પ્રભાસ જવામાં) ન આવે, તો પહેલાની અવસ્થાનો ત્યાગ ન થાય. તે (અર્થ) નીચેના શ્લોકમાં કહે છેઃ

**અથાપિ તદભિપ્રેતં જાનન્નહમરિન્દમ ॥**
**પૃષ્ઠતોન્વગમં ભર્તુઃ પાદવિશ્લેષણાક્ષમઃ ॥૫॥**

છતાં પણ હે શત્રુઓને દમનાર ! તેમનો અભિપ્રાય જાણનાર હું સ્વામીના ચરણથી વિખૂટો થવા અશક્ત હોવાથી તેમની પાછલ ગયો. ૫.

તેમનો ઉપર કહ્યો તે અભિપ્રાય મેં જાણ્યો, કારણ કે (તેમણે કરેલા) ઉપદેશના જ્ઞાનથી હું સર્વજ્ઞ થયો હતો. ભગવાનની કૃપાથી તે (અભિપ્રાય) પણ જાણ્યો, પણ મેંજ જાણ્યો. 'હે શત્રુઓને દમનાર!' એ સંબોધન (વિદુરને) અભિપ્રાયનું જ્ઞાન થાય તે માટે કરેલું છે. રાજનીતિ પ્રમાણે પણ સ્વામીનું ઈચ્છેલું કરવું જોઈએ. તેટલાથી (તેમ કરવાથી) આજ્ઞાનું ઉલ્લંઘન થતું નથી. છતાં પણ હું (ભગવાનની) સાથે ન ગયો. પહેલાંજ મેં બદરિકાશ્રમ જવાનું કર્યું. ગિરિદુર્ગ (ગિરનાર સુધી આવીને પછી (વિદુર) પ્રભાસ ગએલો એમ જણાય[1] છે. (ભગવાનના) અભિપ્રાયમાં સંદેહ હોય તો પણ પહેલાની (પ્રેમની) અવસ્થા હોવાથી, સ્નેહને લીધે પણ ગએલો, એમ કહેલું છે. (ભગવાનના) ચરણોથી વિખૂટા થવું એટલે (તેમનો) વિયોગ, અથવા પહેલાની અવસ્થાનો ત્યાગ, તે કરવા હું (વિદુર) અશક્ત હતો. (તેથી પાછલ પ્રભાસ ગયો). ૫.

૧. 'પાછલ' શબ્દથી પોતાનો અર્થ જેમાં તજાતો નથી તેવી લક્ષણાથી જણાય છે. (પ્ર)

(ભગવાનના) ઈચ્છેલા વિષયનું[1] અનુમાન કરેલ હોવા છતાં તે સાચો ઠર્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અદ્રાક્ષમેકમાસીનં વિચિન્વન્દયિતં પતિમ્ ॥**

**શ્રીનિકેતં સરસ્વત્યાં કૃતકેતમકેતનમ્ ।।૬।।**

શોધતાં મેં સરસ્વતીનો આશ્રય કરેલા, આશ્રયવિનાના, લક્ષ્મીના ધામરૂપ પ્રિય સ્વામીને એકલા બેઠેલા જોયા. ૬.

તે સમયે ભગવાનનું ઐશ્વર્ય પ્રકટ થએલું હોવાથી, મેં ભગવાનમાં સોળે કલાઓ ત્યારે જોઈ. તે (સોળ કલાવાળા) પૂર્ણ છે. તેથી અહિં ભગવાનનાં સોળ વિશેષણો (કહેલાં) છે. આ જ (વિશેષણો) ગુણોનો સમૂહ જણાવતાં[૨] સોળ અધિકરણોથી સિદ્ધ કરેલાં છે. એ પ્રમાણે સર્વ ગુણોવાળા સર્વફલરૂપ (ભગવાન)નો સાક્ષાત્કાર થયો, એમ 'મેં જોયાં' શબ્દથી કહેલું છે, કારણ કે બ્રહ્મનો સાક્ષાત્કાર થાય ત્યારેજ પહેલાની અવસ્થાનો ત્યાગ થાય છે. તે પૈકી (૧) આરંભમાં આ ભગવાનનો અસાધારણ ગુણ છે કે સર્વ પ્રપંચનું અતિક્રમણ કરેલા, સર્વને (પોતાની અંદર) સમાવીને એક એક (થએલા) હોય છે અને કારણરૂપ હોય છે. વળી (૨) ભગવાન્ બધેએ (અને) ખાસ કરીને વૈષ્ણવોની સમીપ બેઠેલા જ હોય છે. (કાંઈ) કરવાનું ન હોવાથી, વ્યગ્ર ન હતા એમ કહેલું છે, અને એમ જણાવેલું છે કે બેઠેલા જ (ભગવાન્) સૃષ્ટિ કરે છે. વળી આથી[૩] લોકોમાં (પોતાના) અવયવો સંકોચી લીધાનું જણાવ્યું. ભગવાનનાં દર્શન પણ ભગવાનની ઈચ્છાથી જ થયાં એમ 'શોધતાં' શબ્દથી કહેલું છે. સરસ્વતીના તીર ઉપર સર્વ સ્થલે ગરુડની ધજાવાળો રથ શોધતાં, (ભગવાન્) ક્યાં છે એમ વિચારતાં, જ્યાં તે બેઠેલા હતા ત્યાં તેમનાં દર્શન થયાં, એવો અર્થ છે. આથી[૪] (એમ જણાવ્યું કે) ચિંતનના સમયે, સર્વ પ્રાણીઓમાં રહેલા એકલા (ભગવાન)નું જ ચિંતન કરવું. ત્યાર પછી (૩) (તે) આત્મા હોવાથી 'પ્રિય' તરીકે જણાય છે (અને) ત્યારપછી પણ (૪) (ચિંતન કરતાં) બ્રહ્મ જાણનાર તરીકે બ્રહ્મ આત્મા છે એવું ભાન થાય ત્યારે તે પતિ તરીકે જણાય છે, કારણ કે પુરુષોત્તમ અક્ષરના પણ પતિ છે. એ પ્રમાણે સાધન અને ફલના ભેદથી પ્રમેય (ભગવાન)નાં ચાર ગુણો (પૂર્વાર્ધથી) કહ્યા.

પ્રમાણરૂપ તેમના (ભગવાનના) ત્રણ ગુણો કહે છે, કારણ કે તે (પ્રમાણ)માં અર્થ શબ્દ અને ફલ મુખ્ય છે. તે પૈકી (૫) અર્થ 'લક્ષ્મીના ધામરૂપ' ગુણથી કહેલો છે. આથી ભગવાનને પ્રપંચ યજ્ઞ અને સૌભાગ્યવાળા[૫] કહેલા છે. (૬) 'સરસ્વતીનો આશ્રય કરેલા' વિશેષણથી (એમ જણાવ્યું છે કે તે) માત્ર વેદથી[૬] પ્રાપ્ત થાય તેવા છે. (૭) 'આશ્રય વિનાના' વિશેષણથી ફલ (કહેલું છે), કારણ કે કોઈનો પણ આશ્રય ન હોવાથી સ્વરૂપમાં રહેલા છે (અને) સ્વરૂપમાં[૭] તેવાજ કહેલા છે.

વળી અહિં શ્રીવત્સ ઉપર લક્ષ્મીને[૮] બેઠેલી જોઈ અને સરસ્વતીના શુદ્ધ તીર

ઉપર ઉપદેશ આપવા બેઠેલા (ભગવાનને) જોયા. (તે) આશ્રય વિનાના હોવાથી સર્વ વિવાદો[9] અને વિરોધો દૂર[9] થએલા છે, અને (તેમની પાસે) ઘર રથ આસન વિગેરે (કાંઈ) નથી. એ રીતે એક (શ્લોક)થી પ્રમાણ અને પ્રમેય (રૂપ ભગવાન)નો નિર્ણય થયો. (તેમને) ચાર મૂર્તિવાળા અને ત્રણ મૂર્તિવાળા કહ્યા. 'એકલા' (હોવાથી) સંકર્ષણ, 'બેઠેલા' હોવાથી વાસુદેવ, 'પ્રિય' હોવાથી પ્રદ્યુમ્ન અને 'પતિ' હોવાથી અનિરુદ્ધ (રૂપ છે) 'લક્ષ્મીના ધામરૂપ' વિષ્ણુ છે, બીજા બે (છઠ્ઠા અને સાતમા ગુણવાળા) બ્રહ્મા[૧૦] અને શિવ છે[૧૦] ૬.

૧. 'ઈચ્છેલા વિષયનું' એટલે 'પોતાના કુલનો સંહાર કરવાનું'. (પ્ર) બદરી જવાનું કહ્યું, પણ પ્રભાસ થઈને પછી જવું એમ ભગવાને ઈચ્છેલ તે, એવો પણ અર્થ જણાય છે.

૨. બ્રહ્મસૂત્રના ત્રીજા અધ્યાયમાં ત્રીજા પાદમાં.(પ્ર)

૩. 'આથી' એટલે વ્યગ્રતા વિના બેઠેલા હોવાથી. (પ્ર)

૪. બ્રહ્મસૂત્રના બીજા અધ્યાયના પહેલા બે પાદોમાં સાંખ્ય વિગેરે મતો ખોટા ઠરાવીને ત્રીજા તથા ચોથા પાદથી આકાશ વિગેરે બધાના કારણ ભગવાન્ હોવાનું સિદ્ધ કરેલું છે. તેમાં પણ ૨।૩।૧૩ સૂત્રમાં એમ સિદ્ધ કરેલું છે કે ભગવાન્ આકાશ વિગેરે રચી, તેમનામાં તે તે (પદાર્થના) રૂપથી રહી, તેમનાં કાર્યો પોતે કરે છે. તેથી તે 'એકલા' અને 'બેઠેલા' હોવાનું સ્પષ્ટ પ્રકારે સિદ્ધ થાય છે. તે પૈકી ઐક્યનો વિચાર કરતાં, જીવ પણ ભગવદ્રૂપ હોવાનું ભગવાન્ ભાન કરાવે, એટલે ઉપાધિરહિત 'પ્રિય' ભગવાનજ ઠરે. (ભગવાનની) 'સ્થિતિ'નો વિચાર કરતાં ભગવાન્ જુદી જુદી વસ્તુઓને નિયમમાં રાખનારા છે એમ સિદ્ધ થાય, અને તે અક્ષરથી પણ પર હોવાથી અક્ષરને પણ નિયમમાં રાખનાર અક્ષરના 'પતિ' સિદ્ધ થાય. એમ ચાર રૂપો જણાવ્યાં. (પ્ર)

૫. બે પ્રકારના (લૌકિક અને વૈદિક ?) પ્રપંચ રચનાર હોવાથી વિરાજ અને સૌભાગ્યનાં ધામ હોવાથી સૌભાગ્યવાળા. આથી તે ઉત્તમફલરૂપ છે એમ કહ્યું. (પ્ર)

૬. આથી શબ્દના ફલરૂપ કહ્યાં. (પ્ર)

૭. આથી આનંદ ફલરૂપ કહ્યા, કારણ કે ભૂમાના સ્વરૂપમાં તેમને 'પોતાના મહિમામાં પ્રતિષ્ઠાવાળા' એમ આનંદરૂપ કહેલા છે. (પ્ર)

૮. પ્રત્યક્ષ દેખાતો અર્થ કહેલો છે. (પ્ર)

૯. વિવાદો દૂર થવાથી પ્રમેયનો નિર્ણય થાય છે, વિરોધો દૂર થવાથી પ્રમાણનો નિર્ણય થાય છે. (પ્ર)

૧૦. પ્રવાહ અને વેદમાર્ગમાં રહેલ હોવાનું વિશેષણથી જણાતું હોવાથી બ્રહ્મા અને (સાતમા વિશેષણથી) ઘરવિનાના વૈરાગ્યવાળા સિદ્ધ થતા હોવાથી શિવ, એવો અર્થ છે. (પ્ર)

એ પ્રમાણે પ્રમેય અને પ્રમાણ (રૂપ અને ભગવાન)નું નિરૂપણ કરીને, નીચેના શ્લોકમાં પાંચ પ્રકારના ફલરૂપ ભગવાનનું નિરૂપણ કરે છેઃ

**શ્યામાવદાતં વિરજં પ્રશાન્તારુણલોચનમ્ ।।**
**દોર્ભિશ્ચતુર્ભિર્વિદિતં પીતકૌશામ્બરેણ ચ ।।૭।।**

શ્યામ અને તેજસ્વી, રજવિનાના, ઘણાં શાંત અને લાલ લોચનવાળા, ચાર બાહુઓથી અને પીળાં રેશમી વસ્ત્રથી જણાતા (સ્વામીને જોયા... શ્લોક ૬.) ૭.

(૮) (તે) શ્યામ અને તેજસ્વી, એટલે મધ્યાહ્નના સૂર્યના મંડલમાં રહેનાર (પુરુષ) જેવા[૧] પ્રકાશતા હતા, એવો અર્થ છે, કારણકે (ભગવાન્) આદિત્યના જેવા વર્ણવાળા, 'અંધકારની પેલે પાર છે' એમ શ્રુતિ (કહે છે) આથી[૨] સારૂપ્ય નામની મુક્તિ પણ કહેવાઈ. (૯) 'વિરજં' 'રજવિનાના' એટલે નિર્મલ. વ્યાપિવૈકુંઠમાં રજ હોતી નથી. આથી સાલોક્ય (મુક્તિ) પણ કહેવાઈ. અને ઉત્પત્તિ કરાવનાર (રજ અથવા કર્મ)ના સંસ્કારવાળા[૩] મહાભૂતો[૩] પણ ન હોવાનું (કહ્યું). તેથી સાલોક્યમાં પણ ફરીથી ઉત્પત્તિ ન થવાનું (જણાવ્યું). મુક્તિનો ઉપદેશ કરનાર આ (ઉદ્ધવ)ને ફલ (પ્રાપ્ત) થાય તે માટે (ભગવાન્) પોતાને તેવા દેખાડે[૪] છે. આથી એમ સૂચવેલું છે કે આ (ભગવાન્) સોળ કલાવાળા, મનોમય વેદરૂપ છે (૧૦) 'ઘણાં શાંત અને લાલ લોચનવાળા' એટલે ઘણાં શાંત, (અને) લાલ છે બે લોચનો જેમનાં, જ્ઞાનશક્તિ[૫] અને ક્રિયાશક્તિ[૫] (એ) બે છે લોચનો જેમનાં તેવા કહ્યા. 'ઘણાં' એટલે સાધન (બે શક્તિઓ) અહિત. આથી[૬] સાર્ષ્ટિ (મુક્તિ) કહી. સરખું ઐશ્વર્ય (જણાવ્યું) આ જ સામીપ્ય છે, કારણકે જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિવાળો હોય તે જ તેવો (ભગવાનની સમીપ રહેનારો) હોય છે. આથી એમ સૂચવેલું છે કે વેદનો અર્થ પણ આટલોજ[૭] અહિં પ્રસિદ્ધ છે. (૧૧) 'ચાર બાહુઓથી જણાતા' વિશેષણનો (અર્થ નીચે પ્રમાણે છે.) 'વિદિતમ્' એટલે જણાતા. બંનેના[૮] ચાર બાહુઓ જણાવેલા હોય તેમ આથી સાયુજ્ય કહ્યું. અહિં ('ચાર', 'બાહુઓથી', 'જણાતા' એવા) જે ત્રણ શબ્દો યોજ્યા તે એમ જણાવવા કે ક્રિયાથી ભક્તિથી અને જ્ઞાનથી સાયુજ્ય (પ્રાપ્ત) થાય છે. 'બાહુઓથી' એટલે ક્રિયાઓથી. 'ચારથી' એટલે પાદ સેવનથી આરંભી (ચાર પ્રકારની ભક્તિથી). 'વિ' સારી રીતે 'દિતં' કપાએલું છે (અજ્ઞાન) જેને લીધે તે ('વિદિતં' એટલે) સર્વ અજ્ઞાનને દૂર કરનારું અથવા કાલને દૂર કરનારું જ્ઞાન. તેમ (તેવો ભાવાર્થ) ન હોત[૯] તો ચાર ભુજાવાળા એમજ કહેત. અથવા ચાર ભુજાઓ પ્રકટ થઈ એમ જણાવવા (તેમ કહેલું છે). (૧૨). 'અને પીળાં રેશમી વસ્ત્રથી જણાતા' વિશેષણનો (અર્થ નીચે પ્રમાણે છે). અને 'પીતં' પીળું 'કૌશં' રેશમી જે 'અમ્બરમ્' વસ્ત્ર, તેનાથી જણાતા. બ્રહ્મની સ્થિતિ (પ્રાપ્ત થવા)માં પણ જ્ઞાન અંગ હોવાથી, આથી તે જ વિશેષણ કહેલું છે. 'પીળાં' શબ્દથી અહંતા અને મમતા નો અભાવ (કહ્યો). 'કૌશમ્' 'રેશમી' શબ્દથી કુશ (ઘાસ)ના સંબંધવાળા યમ, નિયમ વિગેરે (કહ્યા). 'અમ્બરમ્' (આકાશ, વસ્ત્ર) શબ્દથી ત્રણ અવસ્થાનો[૧૦] ત્યાગ કરી કોઈથી ન

લેપાવાનું કહ્યું. બ્રહ્મની સ્થિતિ (પ્રાપ્તિ કરવા)માં આ જ્ઞાનરૂપ સાધનો છે.

**વૈરાગ્યં ચ તપશ્ચૈવ સમાધિરિતિ સાધનમ્ ।।૬।।**

વૈરાગ્ય અને તપ તેમજ સમાધિ એ સાધન છે. કા. ૬.

આ (ત્રણ) એકજ (સાધન) છે, દરેક સાધન થતું નથી. (શ્લોકમાંનો) 'ચ' 'અને' શબ્દ ન કહેલાં બધાં ફલનો સમાવેશ કરાવા માટે (યોજેલો છે). ભગવાન્ સર્વ ફલરૂપ છે, એવો અર્થ છે. ૭.

૧. શ્યામ હોવાથી પ્રકાશરહિત થાય, તેથી તેમ નહતું એમ જણાવવા 'તેજસ્વી' કહેલ છે. તેજસ્વી હોવાનું પ્રમાણ શ્રુતિથી દર્શાવ્યું છે. (પ્ર)

૨. ભગવાનને તેની સમાન કહ્યા, તેથી તેનામાં પણ ભગવાનના ગુણો આવ્યા તેથી સારૂપ્ય મુક્તિને પણ ભગવદ્રૂપ કહી (પ્ર) આ અર્થ સમજાતો નથી. સૂર્યમંડલમાં રહેનાર પુરુષ જેવું ભગવાનનું રૂપ કહ્યું, તેથી 'સારૂપ્ય' સમાનરૂપ કરાવનારી મુક્તિરૂપ ફલ આપનાર ભગવાન્ છે એમ સૂચવેલું છે એવો અર્થ જણાય છે.

૩. ઉત્પત્તિ કરાવનાર રજ (રજોગુણ), તેનાથી થતું અદષ્ટરૂપ કર્મ, તેના સંસ્કારવાળા મહાભૂતો (ભગવાનના દેહમાં) નથી.

૪. પોતાના આ ગુણો ઉદ્ધવને દર્શાવવાનું પ્રયોજન આ વાક્યથી કહેલું છે. (પ્ર)

૫. 'શાંત' વિશેષણથી જ્ઞાનશક્તિ અને 'લાલ' વિશેષણથી ક્રિયાશક્તિ જણાવી. (પ્ર)

૬. 'આથી' એટલે ઘણાં શાંત અને લાલ કહ્યાં તેથી. આધિક્ય સમાન ઐશ્વર્ય કરાવનારું છે. (પ્ર).

૭. 'આટલો જ' એટલે ઘણીજ જ્ઞાન અને ક્રિયાશક્તિવાળો, પણ તેથી અધિક રસરૂપ નહિ. (પ્ર)

૮. 'બંનેના' એટલે ડાબી અને જમણી બાજુના. (પ્ર) આ અર્થ પણ યોગ્ય લાગતો નથી. આથી 'સાયુજ્ય' એટલે ભગવાનમાં મળી જવારૂપ મુક્તિ દર્શાવે છે. મળી જાય ત્યારે ભક્ત અને ભગવાન્ ભેગા થાય, તેથી બેના ચાર બાહુ હોય 'તેમ' ભગવાન્ ભક્તને સાયુજ્ય આપનાર છે એમ જણાવવા દર્શાવે છે, એવો અર્થ જણાય છે.

૯. 'તેમ ન હોત તો' એટલે અહંતામમતા હોત તો (પ્ર) અહંતામમતા વૈરાગ્યનો અભાવ દર્શાવે છે. આ તો નીચે બારમા વિશેષણનો અર્થ કરતાં કહેલ છે. તેથી 'તેમ ન હોત તો' એટલે, ચારથી, બાહુઓથી અને વિદિત શબ્દોના ઉપર અર્થ કર્યા તેવા ન હોત તો, એવો અર્થ જણાય છે.

૧૦. 'ત્રણ અવસ્થા' એટલે જાગ્રત્, સ્વપ્ન અને સુષુપ્તિની અવસ્થાઓ. (પ્ર)

એ પ્રમાણે ફલરૂપ (ભગવાન)નું નિરૂપણ કરીને, નીચેના શ્લોકમાં ચાર પ્રકારના સાધનરૂપ (ભગવાન)નું નિરૂપણ કરે છેઃ

**વામ ઊરાવધિશ્રિત્ય દક્ષિણાઙ્ઘ્રિસરોરુહમ્ ।।**

**અપાશ્રિતાર્ભકાશ્વત્થમકૃશં ત્યક્તપિપ્પલમ્ ।।૮।।**

ડાબા સાથળ ઉપર જમણું ચરણકમલ સ્થાપન કરેલા, અર્ભક (નાના) પીપળાનો આશ્રય કરેલા, અકૃશ (પૂર્ણ), (અને) કર્મના ફલનો ત્યાગ કરેલા (સ્વામીને જોયા... શ્લો.૬). ૮.

(૯) ડાબા સાથળ ઉપર જમણું ચરણકમલ સ્થાપન કરીને રહેલા (હતા), અથવા (ડાબા સાથળ ઉપર) જમણું ચરણકમલ હતું જેમનું (તેવા સ્વામીને જોયા). આથી[1] ભક્તિને સાધન કહી. 'વામાઃ' ભગવાનની પ્રતિમા જેવા જે મનોહર (ભક્તો), તેઓમાં કમલના જેવા સુંદર, અને સર્વને પુષ્ટ કરનાર ભગવદ્ ભક્તિમાર્ગને[2] સ્થાપન કરેલા (સ્વામીને જોયા). 'કમલ' શબ્દથી એમ સૂચવેલું છે કે પ્રેમથીજ તે (ભક્તિમાર્ગ)નો ઉદય થાય છે. 'દક્ષિણ' 'જમણું' શબ્દથી એમ સૂચવેલું છે કે : ભક્તિમાર્ગમાં.

**ચાતુર્યં દક્ષિણો દેશઃ પાષણ્ડાભાવ એવ ચ ।।**

(૧) ચતુરાઈ, (૨) દક્ષિણ પ્રદેશ અને (૩) પાખંડનો અભાવ (કા. ૬ $^{૧}/_{૨}$) એ ત્રણ વિશેષણો છે. ભક્તિનું 'ઉરુ' ('ડાબું' 'ઘણું') વિશેષણ કહ્યું તે (એમ જણાવવા કે) કુટુંબ સાથે (ભક્ત) ભક્તિમાં રચ્યોપચ્યો (રહે) છે, અથવા (તેને) સ્ત્રી અને પુત્ર વિગેરેને ઠેકાણે પણ ભક્તિજ છે. સર્વને ઉપયોગી થાય તેવી રીતે (ભક્તિ) પરિપક્વ થાય તે માટે 'અધિશ્રયણમ્' ઉપર સ્થાપન કરવાનું કહેલું છે, કારણ કે વૈષ્ણવોથી સંસ્કાર પામેલો ભક્તિમાર્ગ (ભગવાનની પ્રાપ્તિનું) સાધન થાય છે.

એ રીતે ભક્તિને સાધન તરીકે જણાવીને, (૧૦) 'અર્ભક પીપળાનો આશ્રય કરેલા' વિશેષણથી કર્મોને સાધન તરીકે જણાવે છે. આશ્રય[3] કરેલો છે અર્ભક પીપળાનો જેમણે અથવા પીઠથી આશ્રય કરેલો છે (અર્ભક પીપળાનો જેમણે) તેવા (સ્વામીને જોયા). (અર્ભક એટલે) 'અર્ભાણાં' બાલકોને 'કં' સુખ છે જેનાથી, એટલે બાલકોને સુખ આપનાર,[4] અથવા 'અર્ભક' એટલે (બાલકરૂપ) કોમલ પીપળો. તેનીજ બે અરણિઓ[4] થાય છે. તેજ બધાં કર્મોનું સાધન છે. વળી 'અપાશ્રય'[5] '(પીઠથી આશ્રય)' શબ્દથી એમ સૂચવેલું છે કે (ભક્તિના) સાધન તરીકેજ કર્મની જરુર છે, પણ તેનાથી પ્રાપ્ત થતાં ફલની જરૂર નથી. 'અપાશ્રિતાઃ' આશ્રય કરેલો છે 'અર્ભકાઃ' બાલકોએ જેનો, એમ (આ શબ્દથી) કર્મમાં બાલકોનો અધિકાર (હોવાનું) સૂચવેલું છે.

(૧૧) 'અકૃશ' વિશેષણથી (ભગવાન્) પૂર્ણ હોવાથી (અને) બીજા હદવાળા હોવાથી જ્ઞાન (સૂચવેલું છે). આથી એમ (જણાવેલું છે કે) પૂર્ણ જ્ઞાનજ સાધન છે, પરંતુ શાંકર ભાષ્ય વિગેરે ખામીવાળા બ્રહ્મજ્ઞાન સાધન નથી. બધા ભક્તોનો (પોતામાં) લય કરેલો હોવાથી તેઓ દુર્બલ હશે એવી શંકા થાય, તેને ખોટી જણાવેલી છે, કારણકે ભક્તોનો તેમનામાં (ભગવાનમાં)જ પ્રવેશ થએલ હોય છે. આથી બીજા પણ દેહના ધર્મો (ભગવાનમાં) ન હોવાનું કહેલું છે. વળી (તે ભગવાન્)

અક્ષરની સમાન જણાવેલા હોવાથી, ઉત્પત્તિ, પ્રયોજન, તપના સંબંધવાળા વિગેરે (તેમને) ન હોવાનું કહ્યું 'અસ્' ધાતુ 'હોવું'ના અર્થવાળો, 'કૃ' 'કરવું'ના અર્થવાળો અને 'શમ્' શાંતિના અર્થવાળો છે, તે ધાતુઓના પહેલા અક્ષરો=અ+કૃ+શ) લીધેલા છે, (એટલે અનુક્રમે) પ્રપંચ કર્મ અને જ્ઞાનને જ્ઞાનના સાધનો (કહેલાં છે). તેથી સાધનો સાથે જ્ઞાન કહ્યું.

(૧૨) 'કર્મના ફલનો ત્યાગ કરેલા' (સ્વામીને જોયા). 'ત્યક્તં' ત્યાગ કરેલો છે 'પિપ્પલં' કર્મના[૬] ફલનો જેમણે (તેવા સ્વામીને જોયા). આ વૈરાગ્ય (કહ્યો). 'પિપાન્' કર્મોને 'લાતિ' કરાવે તે 'પિપ્પલમ્'. 'પિપઃ' કાલનું 'પાન્તિ' રક્ષણે કરે તે 'પિપ્પાઃ' (કર્મો). 'પિબતિ' પાન કરે છે તે 'પિઃ' એટલે કાલ, કારણ કે તે સર્વનું ભક્ષણ કરે છે. તેનું રક્ષણ કરનારાં કર્મો છે, કારણ કે તે અમુક કાલે કરવાનાં હોય છે. વળી કર્મ ફલને જ ગ્રહણ કરે છે, કારણ કે ફલ (પ્રાપ્ત કરવા)ની ઈચ્છાથીજ કર્મ કરવામાં આવે છે. બધાં (કર્મનાં ફલ) એક સરખાં ત્યાગ કરવા યોગ્ય છે એમ જણાવવા તે (પિપ્પલં=કર્મનું ફલ)[૭] એક વચનમાં યોજેલું છે. આથી (એમ જણાવ્યું છે કે) વૈરાગ્ય થાય ત્યારે વૈરાગ્યવાળાને લૌકિક, દેહના[૮] અથવા ભક્તિમાર્ગમાં કરવાનાં (કર્મો) કરવાની મના નથી. તેમજ નિત્ય (કર્મો) કરવાની મના નથી, કારણ કે ફલથી તે પણ (ચિત્તને) લોભાવનારાં નથી. અમુક કારણ કે પ્રસંગોએ કરવાનાં (કર્મો) કરવાની અર્ધી મના છે, કારણ કે તે કાલનું પોષણ કરનારાં છે. અગ્નિહોત્ર વિગેરે પણ મુકરર કરેલા સમયે કરવાનાં હોવાંથી અમુક પ્રસંગોએ કરવાનાં (કર્મો)જ છે. સદા કરી શકાય તે જ નિત્ય (કર્મો) છે, જેવાં કે યોગથી આત્માનું દર્શન, દાન વિગેરે બીજા માટે કરવામાં આવતી ક્રિયા, ભગવાનનું ભજન વિગેરે. આ કાલનું રક્ષણ કરનારાં નથી. તેથી વૈરાગ્ય થાય ત્યારે નિત્ય (કર્મો) કરવાં જ જોઈએ. અમુક પ્રસંગોએ કરવાનાં કર્મો) કરવાં કે ન કરવાં એ ઈચ્છાની વાત છે, પરંતુ કામ્ય (ફલની ઈચ્છાથી કરવાનાં કર્મો)નો તો ત્યાગ કરવોજ જોઈએ, એમ સૂચવેલું છે. ગીતામાં પણ 'યજ્ઞ, દાન તથા તપરૂપ કર્મનો ત્યાગ ન કરવો' (૧૮.૫) એવું જે ભગવાનનું વચન છે, તેમાં પણ નિત્ય અથવા ઘડપણ સુધી કરવાનાં યજ્ઞો (કહેલાં છે), દાન પણ અક્ષય હોવાથી સદા આપી શકાય તેવાં જ્ઞાનનો ઉપદેશ વિગેરે (કહેલાં છે) અને તપ પણ બ્રહ્મચર્ય વિગેરેરૂપ જે સદાએ કરવાનું સંભવે તે કહેલું છે, પરંતુ દુઃખથી થાય તેવાં વિગેરે કહેલ નથી, કારણ કે તે સદા કરી શકાય તેવાં નથી. એ પ્રમાણે સોળ કલાવાળા ભગવાનનાં મને દર્શન થયાં.

**પ્રમેયે સાધને ચૈવ ચતુર્મૂર્તિઃ ફલે પુનઃ ।।૭।।**

**પઞ્ચાત્મકસ્ત્રિમૂર્તિસ્તુ પ્રમાણ ઈતિ નિશ્ચયઃ ।।**

પ્રમેયમાં તેમજ સાધનમાં ચારમૂર્તિવાળા, પરંતુ ફલમાં પાંચરૂપવાળા અને પ્રમાણમાં ત્રણ રૂપવાળા (ભગવાન્) છે, એવો નિશ્ચય છે. કા. ૭[૧]/૨.

૧. 'આથી' એટલે ડાબા સાથળ ઉપર જમણું ચરણકમલ સ્થાપન કર્યું તેથી. પછીના ભાગથી આ સ્પષ્ટ કરે છે. (પ્ર)

૨. ચરણ ગતિનું સાધન હોવાથી તેને માર્ગ કહ્યો. (પ્ર)

૩. 'આશ્રય કરેલો' એટલે છાયા માટે આશ્રય કરેલો. (પ્ર)

૪. આ વિશેષણથી કર્મ કેમ જણાવ્યા એ કહેલું છે. બાલકને સુખ આપનાર અને અરણિઓ ઉત્પન્ન કરનાર હોવાથી, કર્મ જણાવે છે. (પ્ર) અરણિઓથી અગ્નિ પ્રકટ કરી તેથી કર્મ કરવામાં આવે છે.

૫. 'અપ' ઉપસર્ગનો અર્થ 'તજવું' થાય છે. તેથી તજવાના તરીકે તેનો આશ્રય કર્યો (પીઠથી આશ્રય કર્યો), એટલે કર્મ ઈચ્છેલાં નથી એમ સૂચવ્યું, એવો અર્થ છે. (પ્ર)

૬. 'કર્મનો (એને) ફલનો ત્યાગ કરેલો છે જેમણે' એવો અર્થ લેવો. અહિં કર્મનો ત્યાગ સ્હેલાઈથી સમજાતો નથી. તેથી આગળ વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ કરેલા છે. (પ્ર) અહિં કર્મના ફલનોજ ત્યાગ કહેલો હોવાનું જણાય છે. ફલની કામના વિનાના કર્મ કરવાનું કહેલ છે.

૭. અહિં 'પિપ્પલં' અને 'પિઃપલમ્' એવા બે પ્રયોગ જણાય છે. બંનેમાં 'પિપ્' અથવા 'પિઃ' નો અર્થ કાલ છે. 'પિપઃ પાન્તિ', અથવા 'પીન્ પાન્તિ' એમ બંનેમાં 'પિપ્પ' શબ્દનો અર્થ 'કર્મ' થાય છે. 'પિપ્પાનિ લાતિ' કર્મોને મંજુર રાખે અથવા કરાવે તે 'પિપ્પલમ્' (એટલે કર્મનું ફલ). (પ્ર)

૮. 'દેહનાં' કર્મો એટલે પ્રાણ ટકાવવામાં ઉપયોગી ભીખ માગવી વિગેરે કર્મો. (પ્ર)

જ્યારે મને (ઉદ્ધવને) ભગવાનનાં દર્શન થયાં, તેજ સમયે મૈત્રેય પણ આવ્યો, કારણ કે (ભગવાન્) તેને વિદુરનો ઉદ્ધાર કરવા લાવેલા. તેથીજ મૈત્રેયે કહેલું ભાગવત પણ મુખ્ય છે, કારણ કે તે બ્રહ્માની સમાન[૧] થયો. તેથી શુકે કહેલું પણ પાછળ[૨] રાખીને, (વ્યાસે) મૈત્રેયે કહેલું જ કહેલું છે. વચ્ચે એકજ (રહેલ) હોવાથી, વિદુર બે લીલાઓ (નાં શ્રવણ)થી કૃતાર્થ થયો. બીજા કલ્પમાં ઉદ્ધવે કહેલા (ભાગવત)થી પણ એમ થશે. માત્ર થોડી લીલાનાં શ્રવણથીજ બ્રહ્મા ઉદ્ધવ અને મૈત્રેય કૃતાર્થ થયા, અને 'ઉત્તમ સ્થિતિ' (શ્લો. ૧૯) શબ્દ હોવાથી તે લીલા આશ્રયરૂપ છે. તે (મૈત્રેય)નું આવવું પણ ભગવાનની ઈચ્છાથી થયું. પહેલાં પણ તે વેદવ્યાસની સમાન હતો, શુકની પણ સમાન છે (અને) નારદની પણ સમાન છે. તેથી બ્રહ્માની પરંપરામાં જેટલા તે (ભાગવતના વક્તા)ઓ છે, તેટલો મૈત્રેય એકલો જ છે, તેથી બે પરંપરાઓમાં જરાએ ભેદ નથી, તેથી તેવા ગુણવાળો મૈત્રેય આવ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તસ્મિન્ મહાભાગવતો દ્વૈપાયનસુહૃત્સખા ।।**

**લોકાનનુચરન્ સિદ્ધ આસસાદ યદચ્છયા ।।૯।।**

દ્વૈપાયનનું હિત કરનાર અને મિત્ર, મોટો ભક્ત સિદ્ધ (મૈત્રેય) લોકમાં ફરતાં સ્વેચ્છાથી ત્યાં આવ્યો. ૯.

'તસ્મિન્' એટલે તે સ્થલમાં અને (તે) સમયે. ભક્તોને પણ કૃતાર્થ કરાવાનું (મૈત્રેયમાં) સામર્થ્ય હોવાથી, તેને 'મોટો ભક્ત' (કહેલ છે). 'દ્વૈપાયન' નામથી (એમ જણાવ્યું કે) તે (ભાગવત રચવા) માટેજ પુષ્ટિથી ભગવાનનો અવતાર થએલો, તેવો આ (મૈત્રેય) પણ છે એમ જાણવું. (મૈત્રેય) પણ પરાશરનો શિષ્ય હોવાથી તે (વ્યાસ)ના 'સુહૃત્' એટલે તેનું પણ હિત કરનાર અને (તેના) મિત્ર છે. આથી એમ સૂચવેલું છે કે આ (મૈત્રેય) પરંપરાથી પરાશર પાસેથી વ્યાસની પેઠે પુરાણજ ભણેલ, પણ ભાગવત ભણેલ નહિ. વ્યાસે પણ નારદ પાસેથીજ ભાગવતનું જ્ઞાન પ્રાપ્ત કરેલ. આથી (એમ જણાવ્યું કે) મૈત્રેયે પણ ભગવાનની આજ્ઞાથી પુરાણ કહ્યું તે, અધિકારવાળા વ્યાસ સાથે વિરોધ થવાનું કારણ નથી, કારણ કે તેના પુત્રને ઉપદેશ પણ કરેલો. આ માટેજ (વ્યાસનો) મિત્ર કહેલ છે. 'લોકમાં ફરતાં' વિશેષણથી તેને શુકના જેવો સિદ્ધ કહેલો છે, કારણ કે શુક પણ (લોકમાં) ફરતાંજ સિદ્ધ થએલ. 'સ્વેચ્છાથી આવ્યો' શબ્દોથી (તેને) નારદની સમાન જણાવેલ છે, કારણ કે તે (નારદ) ઈચ્છા પ્રમાણે ફરનાર હતો. ૯.

૧. બ્રહ્માને જેમ આશ્રયલીલાનો ભગવાને ઉપદેશ કર્યો, તેવો હવે ઉદ્ધવને પણ ઉપદેશ કરવાનો હોવાથી, તે શ્રવણ કરવાનો અધિકારી હોવાથી બ્રહ્માની સમાન છે. ( પ્ર ) ભગવાને પોતે બ્રહ્માને ભાગવત કહેલું, તેવું આને પણ ભગવાન્ પોતેજ કહેશે. તેથી ભગવાન્ પાસેથી બારોબાર શ્રવણ કરનાર હોવાથી બ્રહ્માની સમાન કહેલો જણાય છે.

૨. શુકે પરિક્ષિતને શું કહેલું તે નહિ કહેતાં, મૈત્રેયે ઉદ્ધવને શું કહ્યું તે જ કહે છે.

એ પ્રમાણે ભગવાને સર્વની હાજરી[૧] કરાવીને, પહેલાંની અવસ્થાનો ત્યાગ કરાવવા, તેનાં અસાધારણ કારણરૂપ પોતાની કૃપા પોતેજ પ્રાપ્ત કરાવી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તસ્યાનુરક્તસ્ય મુનેર્મુકુન્દઃ પ્રકૃષ્ટમોદાનતકન્ધરસ્ય ।।**
**આશૃણ્વતો મામનુરાગહાસસમીક્ષયા વિશ્રમયન્નુવાચ ।।૧૦।।**

પ્રેમવાળા, ઘણા આનંદથી ગરદન નમાવેલા તે મુનિના સાંભળતાં, પ્રેમ અને હાસ્યવાળી દષ્ટિથી મારો થાક ઉતરાવતાં મુકુંદે મને (નીચે પ્રમાણે) કહ્યું. ૧૦.

**ગોપ્યા દયોપદેશશ્ચ ઉપદેશો ન હિ દ્વયોઃ ।।૮।।**
**ભિન્નપ્રકારયોર્જાત્યા સ્વરૂપેણ ગુણેન ચ ।।**

દયા અને ઉપદેશ ગુપ્ત રાખવા યોગ્ય છે, તેથી જાતિથી સ્વરૂપથી અને ગુણથી

જૂદા પ્રકારના બે પુરુષ હોય તેમને એકસાથે ઉપદેશ (આપવો જોઈએ) નહિ. કા. ૮.

એવી શંકા થાય, તેથી 'પ્રેમવાળા' વિશેષણ યોજેલું છે. પ્રેમવાળા પ્રસિદ્ધ મૈત્રેયના સાંભળતાં મને કહ્યું, એવો (વાક્યનો) સંબંધ છે. બીજે તે કહેશે નહિ એમ જણાવવા 'મુનિ' શબ્દ (યોજેલો છે). કૃપાથી કહેવાનું કારણ 'મુકુન્દ' નામથી કહેલું છે, કારણ કે તે જેમ જગતના રચનારા છે તેમ સર્વને મોક્ષ આપનારા છે, તેથી તેમણે તેમ કહ્યું.

''ત્યારે (મૈત્રેય અને વિદુર) બંનેને મુખ્ય (શ્રવણ કરનારા) કેમ ન કહ્યા ?'' એવી શંકા થાય, તેથી 'ઘણા આનંદથી ગરદન નમાવેલા' વિશેષણ કહેલું છે. ઘણો જે આનંદ, તેનાથી નમેલી છે ગરદન જેની તેવો (મૈત્રેય હતો), કારણ કે પ્રેમના ભારથી વશ થએલો તે, જ્ઞાનના આધાર (નયન)ને નીચું કરી, પ્રેમના આંસુઓ પાડતાં, ચરણનેજ નીહાળતો રહેલો. તેથી બરોબર ઉપદેશ (લેવાનો) અધિકારી નહતો, અને ભક્તિથી કૃતાર્થ થએલો હતો, તેથી તેના સાંભળતાંજ, (મુકુંદે) મને સંબોધીનેજ કહ્યું. ચિત્ત સ્વસ્થ હોય ત્યારે ઉપદેશ (કરવો) યોગ્ય, અને દેશ તથા કાલ વિરોધી જોવાથી તથા શ્રમ વિગેરેને લીધે (મારામાં) સ્વસ્થતા હોવાનું સંભવતું નહતું. તેથી 'પ્રેમ અને હાસ્યવાળી દૃષ્ટિથી (થાક ઉતરાવતાં)' શબ્દ યોજેલ છે. (ભગવાનનો) પ્રેમ હોવાથી ભય દૂર થાય છે, કારણ કે પ્રેમવાળા ભગવાન્ હણે નહિ, અને હાસ્યથી મોહ થાય છે. (તે મોહ) ભગવાને પૂરો કરેલ જોવા છતાં, (તેનું) અનુસંધાન રહેતું નથી. 'સમ્યક્' સંપૂર્ણ 'ઈક્ષા' દૃષ્ટિ તે 'સમીક્ષણમ્' દયા સાથેની દૃષ્ટિ. તે(વી દૃષ્ટિ)થી બધાએ દેશ અને કાલના ભયો દૂર થયા. થાક ઉત્તમ પ્રકારે ઉતરી ગયો; કારણ કે પ્રેમ સાથેનું જે હાસ્ય, તેવા હાસ્ય સાથે દયાની દૃષ્ટિ કરી. ૧૦.

૧. 'સંનિધાનમ્' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે. નાથદ્વારાવાળી પ્રતમાં 'સંવિધાનમ્' પાઠ છે. તેનો અર્થ 'ગોઠવણ' છે.

પહેલાં 'ત્રણ ફલનું ઉલ્લંઘન કરીને માત્ર મને પ્રાપ્ત કરીશ' (૧૧।૨૯।૪૪) એમ ભગવાને (ઉદ્ધવને) કહેલું, તે ઉદ્ધવનું સર્વપ્રકારે હિત કરનારા જેવું હતું, કારણ કે તે ભગવાનને જ પ્રાપ્ત કરવા અને (તેમની) સમીપ સદા રહેવા ઈચ્છતો હતો, અને સાધનો કરવા ઈચ્છતો નહતો. તેવા (ઉદ્ધવ)ને બદરિકાશ્રમ મોકલવામાં આવે તે (તેને) બહુ ઈષ્ટ ન હતું, તેથી તેની ઈચ્છા ફરીથી જણાવતાં, બીજું દેવાનું (ફલ) કહે છે. આ (બીજું ફલ) દેવામાં આવશે ત્યારે તે અને આ[1] બીજાના (લાભ) માટે થશે. હું (કરું) તેવું તે (ઉદ્ધવ) કરશે એવા અભિપ્રાયથી ભગવાન્ (તેને નીચે પ્રમાણે) કહે છેઃ

॥ શ્રીભગવાનુવાચ ॥

**વેદાહમન્તર્મનસીપ્સિતં તે દદામિ યત્તદુરવાપમન્યૈઃ ॥**

**સત્રે પુરા વિશ્વસૃજાં વસૂનાં મત્સિદ્ધિકામેન વસો ત્વયેષ્ટઃ ।।૧૧।।**

તારા મનમાં જે ઈચ્છેલું છે તે હું જાણું છું. બીજાઓથી ન પ્રાપ્ત થઈ શકે તેવું તે તને હું આપું છું. હે વસુ! પહેલાં વિશ્વ રચનારા વસુઓના યજ્ઞમાં મને પ્રાપ્ત કરવાની ઈચ્છાથી તેં (મારું) પૂજન કરેલું. ૧૧.

તારા મનમાં જે ઈચ્છેલું છે તે હું જાણું છું. 'તેનું ફલ હું આપીશ' એમ (કહેવાના) પ્રયોજનથી, આ વાક્ય અર્થ જાણનારું છે. આમ કહેવામાં આવે ત્યારે આરંભથીજ આશ્વાસન થાય. તેમ (કહેલ) ન હોય તો અકસ્માતથી (ફલ મળ્યું) એવી શંકા થાય, અને જૂદા અભિપ્રાયથી (આપેલ હોવા)ની શંકા થાય.

લોક અને વેદ ના સાધનથી ન અપાય તેવું ભગવદ્રૂપ તે ફલ કેમ આપશે? એવી શંકા થાય, તેથી 'જે (તારા મનમાં છે) તે આપું છું' એમ કહેલું છે. જે તેં મનમાં વિચારેલું છે તે જ આપીશ, એવો અર્થ છે. તે અસાધારણ છે એમ 'બીજાઓથી ન પ્રાપ્ત થઈ શકે તેવું' વિશેષણથી કહેલું છે. તારા સિવાયના બધાઓથી (કોઈક) પણ પ્રાપ્ત ન થઈ શકે તેવું છે. તે (ઉદ્ધવની) ભૂલાએલી જેવી કામનાનું ઉત્તરાર્ધથી સ્મરણ કરાવે છે. 'પહેલા વિશ્વ રચનારાઓએ યજ્ઞ કર્યો'[૨] એ શ્રુતિમાં (જણાવેલા) એક હજાર વર્ષના યજ્ઞમાં વિશ્વ રચનારાઓની અંદર વસુઓ પણ હતા. તે (વસુ)ઓની અંદર તું એકલો મને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળો હતો, બધા (તેવા) નહતા. 'આનાથી ખરેખર વિશ્વ રચનારાઓએ આ વિશ્વ રચ્યું' એ શ્રુતિ અને 'બ્રહ્માનું સાયુજ્ય અને તેમની સાથેનો લોક પ્રાપ્ત કરે છે' એ શ્રુતિ પ્રમાણે (તેમને) વિશ્વ (રચવા)નું સામર્થ્ય (પ્રાપ્ત થયું) પછી વિશ્વ રચીને બ્રહ્માનું સાયુજ્ય પ્રાપ્ત કરે એ (તે) બધાનું ફલ. તે વિશ્વ રચવાનું સામર્થ્ય અમુક અધિકારીઓને પ્રાપ્ત થએલું, (અને) સુવર્ણના પક્ષીરૂપ બ્રહ્માની ઉત્પત્તિ એ યજ્ઞનું પોતાનું સામર્થ્ય. તે સમયે વિશ્વ રચીને તેઓએ બ્રહ્માનું સાયુજ્ય પ્રાપ્ત કર્યું. તેં તો તે બંને (ફલ)ની ઈચ્છા કરી ન હતી, પણ સંગને અનુસરી યજ્ઞમાં પ્રવૃત્ત થઈ, મનેજ પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખી. મારી પ્રાપ્તિ એટલે 'પુરુષોત્તમ મારા થાઓ, અથવા હું (પુરુષોત્તમ) થાઉં' એવી મારી સ્થિતિ, અને યજ્ઞથી તે સંપૂર્ણ રીતે પ્રાપ્ત ન થાય તેવું (ફલ) છે, તેથી (યજ્ઞનું) મુકરર થએલ ફલ ઈચ્છેલું નહિ હોવાથી તે યજ્ઞે આપ્યુ નહિ, અને આ ફલ દેવાની તેનામાં શક્તિ ન હોવાથી, તને આવા પ્રકારનો (યાદવ) ઉત્પન્ન કરાવી, (તારી પાસે) મારી સેવા કરાવી. તેથી સેવાનું પુરુષોત્તમની પ્રાપ્તિરૂપ ફલ જે પ્રકારે બદરિકાશ્રમમાં પ્રાપ્ત થાય, તેવો મેં ઉપાય (તને) કહ્યો. યજ્ઞનું ફલ તો આપેલ ન હતું, તે હવે આપીશ, એવો અર્થ છે. આ અર્થનું અનુસંધાન ભગવાનની કૃપાથી તે (ઉદ્ધવ)ને થયું એમ જણાવવા 'હે વસુ!' એવું સંબોધન કરેલું છે. ફલ માટેજ યજ્ઞ (કરેલો), એટલે તેં મારુંજ પૂજન

કરેલું. ૧૧.

૧. 'તે અને આ' એટલે સાધન કરવું તે અને બદરિકાશ્રમ મોકલવાનું. (પ્ર) 'તે' એટલે યજ્ઞનું ફલ અને 'આ' એટલે જે બીજું ફલ દેવાનું કહ્યું તે, એવો અર્થ જણાય છે.

૨. આ શ્રુતિ તૈત્તિરીય બ્રાહ્મણના ત્રીજા અષ્ટકના બારમા પ્રપાઠકના સાતમા અનુવાકમાં છે. (પ્ર)

ત્યારે શું (ફલ) આપવાનું છે ? કેવી રીતે આપવાનું છે ? એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**સ એષ ભાવશ્ચરમો ભવાનામાસાદિતસ્તે મદનુગ્રહો યત્ ।।**
**યન્ માં નૃલોકાન્ રહ ઉત્સૃજન્તં દિષ્ટ્યા દદશ્વાન્ વિશદાનુવૃત્ત્યા ।।૧૨।।**

આ (જન્મ)માં તેં મારી કૃપા પ્રાપ્ત કરી છે. (તેથી) (તારા) ભવોમાં આ છેલ્લો જન્મ છે. કારણ કે તને નિર્મલ સેવાથી નરલોકોનો એકાંતમાં ત્યાગ કરવાના સમયે મારાં દર્શન ભાગ્યથી થયાં. ૧૨.

તે આ 'ભાવઃ' જન્મ તારા ભવોમાં છેલ્લો છે. જો અત્યારે (તને ફલ) આપવામાં ન આવે તો ભવિષ્યમાં તારો જન્મ થવાનો નહિ હોવાથી (તને) ફલ મળે જ નહિ. 'તેથી શું ?' એવો પ્રશ્ન થાય, તેથી કહે છે કે 'યદ્' જે (આ) જન્મમાં (તેં) મારી કૃપા પ્રાપ્ત કરી છે. મારી કૃપા ફલ સૂચવે છે. છેલ્લો જન્મ ન હોય તેને પણ તે છેલ્લો (જન્મ) કરે છે. એ પ્રમાણે છેલ્લા જન્મમાં (મારી) કૃપા થઈ, તેથી ફલ (આપવું) જરૂરી છે. વળી (તારામાં ફલની) માત્ર યોગ્યતા નથી, પરંતુ તે ફલ આપવાને તૈયારજ થએલું છે એમ ઉત્તરાર્ધથી કહે છે. એકાંતમાં રહીને બધાએ નરલોકોનો ત્યાગ કરવાના સમયે તને મારાં 'દદશ્વાન્' દર્શન થયાં છે. વળી આ દર્શન (તારી) નિર્મલ સેવાથી થએલ છે, તેથી સાધનથી થએલ હોવાથી સ્થિર છે, અકસ્માત થએલ નથી. 'ઉત્સૃજન્તમ્' શબ્દના (૧) તજતાં (તજવાના સમયે) અને (૨) 'ઊર્ધ્વં સૃજન્તં' ઉંચેથી સૃષ્ટિ કરતાં એવા બે અર્થ ઈચ્છેલા છે. તેથી યજ્ઞનું પ્રયોજન અને મારી (પુરુષોત્તમની) સ્થિતિ એકસરખાં થાય છે. ૧૨.

મારી સ્થિતિ (પ્રાપ્ત) થતાં પણ (૧) છૂપાં રહીને વિશ્વ ઉત્પન્ન કરવું અને (૨) સર્વ લોકનો ત્યાગ કરવો, એ બે કરવાનાં છે. તારો (આ) જન્મ છેલ્લો હોવાથીજ (સર્વ લોકનો) ત્યાગ થઈ ગયો. મારી સ્થિતિમાં રહી, જગતની ઉત્પત્તિ કરવાની બાકી રહે છે. તેમાં 'જેમ બધાં જલોનું સમુદ્ર એક સ્થાન છે' એવી ભળી જવાનું (દર્શાવતી) શ્રુતિ પ્રમાણે મારું સાયુજ્ય પ્રાપ્ત થાય ત્યારે જગતની ઉત્પત્તિ (તારાથી) ખોટી રીતે થએલી (ગણાય). (મારાથી) જૂદા રહીને બ્રહ્મની સ્થિતિ (પ્રાપ્ત) થાય, ત્યારે 'જગતના કાર્ય વિના' એ (૪।૪।૧૭) બ્રહ્મસૂત્ર પ્રમાણે જગત્ રચનાર થવાતું નથી. તેથી સર્વનો (કોઈનો) વિરોધ ન થાય તેમ મારી સ્થિતિવાળા રહીને જે પ્રકારે જગતની

ઉત્પત્તિ થાય, તે હું કહીશ એવા અભિપ્રાયથી, (અને) એવા આશયથી નીચેના શ્લોકમાં તે (બ્રહ્માને પહેલાં કહેલું) જ્ઞાન કહે છે કે-બ્રહ્માને પણ મેં આજ (પહેલાં) કહેલું, તેથી બ્રહ્માનો ક્રિયા વડે તેવો અધિકાર હોવાથી તેણે જેમ મારા ગુણવાળા થઈ આ વિષયના જ્ઞાનથી મારા રૂપવાળું જગત્ રચ્યું, તેમ તું પણ આના જ્ઞાનથી મારા ગુણવાળો થઈ મારા રૂપવાળું જગત્ જ્ઞાનથી કરીશ.

**પુરા મયા પ્રોક્તમજાય નાભ્યે પદ્મે નિષણ્ણાય મમાડડદિસર્ગે ।।**
**જ્ઞાનં પરં મન્મહિમાવભાસં યત્સૂરયો ભાગવતં વદન્તિ ।।૧૩।।**

મારા મૂળ સર્ગમાં (મારી) નાભિમાંથી નીકળેલા કમલ ઉપર બેઠેલા અજને જેમાં મારો મહિમા પ્રકાશે છે (અને) જેને સૂરિઓ ભાગવત કહે છે તે ઉત્તમ જ્ઞાન મેં પહેલાં કહેલું. ૧૩.

આ જે કહેવામાં આવશે તે જ્ઞાન મારી નાભિમાંથી નીકળેલા કમલ ઉપર બેઠેલા અજ (બ્રહ્મા)ને મૂળ સર્ગમાં (મેં) કહેલું, કારણ કે તે સમયે કૃતયુગમાં બધા બ્રહ્મ જાણનારા બ્રહ્મરૂપ હતા. 'જ્યારે આરંભમાં કૃતયુગના સમયમાં (પુરુષો) વિવેકને લીધે નિપુણ હતા' એ ભગવાનનાં વચન પ્રમાણે મારા બોધથી બ્રહ્માએ (તેમને) પુરુષોત્તમરૂપ કર્યા. 'નાભૌ' નાભિમાં 'ભવં' ઉત્પન્ન થએલું તે 'નાભ્યમ્' નાભિમાંથી નીકળેલું. 'અજ' શબ્દથી એમ (કહ્યું છે કે બ્રહ્મા) યોનિ દ્વારા જન્મ્યા ન હતા. તેમને સંબંધ ન હોવાથી (તે) (જીવોના) સમૂહરૂપ ન હતા, તેમજ દેહ સાથે સંબંધ ન હોવાથી (એક) જીવરૂપ નહતા.[૧] તેમનું સ્વરૂપ આગળ કહેવામાં આવશે. 'રજોગુણવાળા ભગવાનની આ લીલા છે' એ વાક્ય પ્રમાણે આ (બ્રહ્મા) અજ[૨] છે.

'બ્રહ્માને જે કહ્યું તે ક્યું ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી (ઉત્તરાર્ધથી તે) 'ઉત્તમ જ્ઞાન' કહેલું છે. જ્ઞાન તો આત્મા(જીવ)ના સંબંધવાળું પણ હોય. તે ન હતું એમ 'ઉત્તમ' શબ્દથી કહેલું છે. તે ઉપનિષદોથી થતું પણ હોય, તેથી આ તેનાથી પણ ઉત્તમ હતું એમ 'જેમાં મારો મહિમા પ્રકાશે છે' વિશેષણથી કહેલું છે. મારા મહિમાનો પ્રકાશ છે જેમાં, એટલે જે જ્ઞાનમાં મારું પુરુષોત્તમપણું પ્રકાશે છે તે કહેલું. ભગવાનનું માહાત્મ્ય જણાવનારા ગુણો, કર્મો અને શક્તિઓ તથા અલૌકિક સામર્થ્ય આ સર્વ જેમાં પ્રકાશે તે 'ભાગવત' નામથી લોકમાં પ્રસિદ્ધ છે. સૂરિઓ તેમ કહે છે. તેથી[૩] આ શાસ્ત્રમાં પણ વાદીઓનો પણ માત્ર વાદ[૪] હોય છે. ૧૩.

૧. 'બ્રહ્મા પોતે પુરુષોત્તમરૂપ ન હતા, તો તેમણે પુરુષોને એવા કેમ બનાવ્યા ?' એ જાણવાની ઈચ્છા થાય તેથી આ સર્વ કહેલ છે. કારણ સાથે સંબંધવાળુંજ કાર્ય ઉત્પન્ન થાય. બ્રહ્માને સાક્ષાત્ સંબંધ ન હતો. માત્ર નાભિમાંથી નીકળેલા કમલ ઉપર તે બેઠા હતા, એટલે ભગવાન્ સાથે સમવાય સંબંધવાળા કમલનો તેમને સંયોગ હતો, છતાં સમવાય સંબંધ ન હતો. તેથી તે

સર્વ જીવના સમૂહરૂપ અથવા એક જીવરૂપ ઉત્પન્ન થએલ નથી, એવો અર્થ છે. (પ્ર)
૨. 'અજ' એટલે પુરુષોત્તમરૂપ. (પ્ર)
૩. 'તેથી' એટલે વિદ્વાનો તેમાં સંમત હોવાથી. (પ્ર) 'સૂરી' એટલે વિદ્વાન્.
૪. વાદીઓ માત્ર વાદ કરે છે. તેમના વાદ ખોટા છે એવો ભાવાર્થ જણાય છે.

'તે (જ્ઞાન) હું (તને) કહીશ' એમ તો (ભગવાને) કહ્યું નહિ, પરંતુ માત્ર વિષયજ જણાવ્યો. 'પૂછ્યા વિના કોઈને કહેવું નહિ' એવી શાસ્ત્રની મર્યાદા છે. વિષય જણાવ્યો એજ, 'તું પૂછ' એમ આ (ઉદ્ધવ)ને જણાવનારું છે. તેથી અધિકારી (ઉદ્ધવે) 'પૂછે ત્યારે કહેવું' એવો ભગવાનનો અભિપ્રાય જાણીને (તેમને) પૂછ્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈત્યાદતોક્તો પરમસ્ય પુંસઃ પ્રતિક્ષણાનુગ્રહભાજનોઽહમ્ ।।**
**સ્નેહોત્થરોમા સ્ખલિતાક્ષરસ્તં મુઞ્ચન્ શુચઃ પ્રાઞ્જલિરાબભાષે ।।૧૪।।**

એ પ્રમાણે આદર કરાએલા અને કહેવાએલા, ક્ષણે ક્ષણે પરમ પુરુષની કૃપાનું પાત્ર થએલા, સ્નેહને લીધે જેના રુંવાડાં ઉભા થએલા અને જેના અક્ષરોનો ભંગ થતો હતો તેવા મેં આંસુ પાડતાં બે હાથ જોડી તેમને (નીચે પ્રમાણે) કહ્યું. ૧૪.

'આદર કરાએલો અને કહેવાએલો' એટલે 'હે વસુ!' વિગેરે સંબોધન કરીને પહેલાં કરેલી સેવા જણાવીને આદર કરેલો, અને વિષય જણાવવાથી કહેવાએલો. અથવા આદર કરેલાનેજ (મને) કહ્યું કે તું પૂછ. તેમ ન હોય તો ઉત્તર વાણીના વ્યયરૂપ હોઈ દુઃખરૂપ હોવાથી ભક્તે પ્રશ્ન કરવો યોગ્ય નથી. તે અર્થ) 'કહેવાએલો' શબ્દથી કહેલો છે. આદર તો (શું પૂછવું તે) સૂઝે તે માટે (કરેલો). આથી એમ કહેલું છે કે (ઉદ્ધવને) પ્રમાણબલ અને પ્રમેયબલ આપ્યાં.

'પછી શું થયું?' એવો પ્રશ્ન થાય, તેથી 'ક્ષણે ક્ષણે પરમ પુરુષની કૃપાને પાત્ર' હું થયો એમ કહેલું છે. આટલા સમય સુધી હું કાલનો (ભક્ષ્ય) હતો, હવે પરમ[1] (ઉત્તમ)નો થયો. ''કાલ પણ પર (મોટો)જ છે'' એવી શંકા થાય, તેથી 'પુરુષ' શબ્દ યોજેલો છે. અથવા જ્ઞાનને લીધે 'પર' શબ્દથી અક્ષરની સ્થિતિ પ્રાપ્ત થાય, તે 'પુરુષ' શબ્દથી દૂર કરી છે. વળી (હું) માત્ર સંબંધી ન હતો, પરંતુ ક્ષણે ક્ષણે કૃપાને પાત્ર થયો. ભક્તને જોઈને ભગવાનની કૃપાનાં મોજાંઓ ઉછળે છે, તેઓનું 'ભાજનં' પાત્ર હું જ થયો; પરંતુ જેમ જડ સમુદ્રમાં મોજાંઓનો લય થાય છે, તેમ કૃપાનો ભગવાનમાંજ લય ન થયો, અથવા સદા મારા ઉપરજ (કૃપા) થઈ, એવો (અર્થ છે).

ત્યારે ભગવાનની કૃપાનું પરિણામ પણ મારામાં થયું, એમ 'જેના રુંવાડાં ઉભાં થએલાં' વિશેષણથી કહેલું છે. (દેહની) અંદર ભક્તિરસ ભરાયો, ત્યારે સ્નેહને લીધે અવયવે અવયવમાંથી બધાંએ રુંવાડાં ઉભાં થયાં. દેહમાં બધાએ સ્થલે

રુંવાડે રુંવાડે દેવતાઓ છે. ભગવાન્ પ્રસન્ન થતાં તે બધા પ્રસન્ન થઈનેજ ઉભા થઈ ગયા; અને તે પણ 'આને ઘણું સુખ કરવું (આપવું)' એવા વિચારથી સ્નેહથી (ઉભા થયા). વળી (મારા) અક્ષરોનો ભંગ થવા લાગ્યો. શબ્દ અથવા વાક્ય બોલવાનું તો દૂર રહ્યું, કારણકે બોલવા માટે તૈયાર કરેલા અક્ષરો પણ ખરવા લાગ્યા. આથી (એમ કહ્યું કે) વાણીએ (બોલવાના) પ્રયત્નનો ત્યાગ કરેલ હોવાથી મર્યાદા સંપૂર્ણ રીતે અટકી પડી. વળી (હું) 'આંસુઓ પાડવા' લાગ્યો. નેત્રોમાંથી શોકના આંસુઓ પાડવા લાગ્યો. આથી એમ જણાવેલું છે કે પહેલાં હતું તે સાધન સાથેનું જ્ઞાન જતું રહ્યું. ઉત્તમ પ્રકારે હાથ જોડેલા જેણે, તેવો થયો. (મેં) આગળ બે હાથ જોડીનેજ વિનતિ કરી. આથી તે (ઉદ્ધવ)નો પ્રશ્ન કરવાનો અધિકાર સૂચવેલો છે. 'આ' થોડું મેં કહ્યું. ઘણી મુશ્કેલીથી (મારા) મુખમાંથી અક્ષરો નીકળ્યા, એવો અર્થ છે. ૧૪.

૧. 'પરમસ્ય' નો પદચ્છેદ 'પરમ્ અસ્ય' કરવો. (પ્ર) આમ કરવાથી, 'પરંતુ હવેથી હું આપનો થયો' એવો અર્થ થાય છે. આવો અર્થ ઇચ્છેલો હોત તો પછી તરત 'કાલ પણ પર છે' એવી શંકા ન દેખાડત. તેથી એ પ્રમાણે અર્થ કરેલ નથી.

પોતાનું ઈચ્છેલું માગવા, ઉદ્ધવ નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી) બીજાં (ફલ)ની ના પાડે છે અને તેનાં કારણ કહે છેઃ

**કો ન્વીશ તે પાદસરોજભાજાં સુદુર્લભોઽર્થેષુ ચતુર્ષ્વપીહ ।।**
**તથાપિ નાહં પ્રવૃણોમિ ભૂમન્ ભવત્પદામ્ભોજનિષેવણોત્સુકઃ ।।૧૫।।**

હે ઈશ ! આપનાં ચરણકમલની જેમને પ્રાપ્તિ થએલી છે તેમને આ લોકમાં, ખરેખર, ચારે પુરુષાર્થોમાંથી કયો દુર્લભ છે ? છતાં પણ હે ભૂમન્ ! આપનાં ચરણકમલની સેવા કરવાની ઉત્કણ્ઠાવાળો હું તેમાંથી કોઈને પસંદ કરતો નથી. ૧૫.

(ભગવાન્) સર્વશક્તિમાન છે એમ જણાવવા 'હે ઈશ !' એવું સંબોધન (કરેલું છે). આપનાં ચરણકમલની પ્રાપ્તિવાળાઓનો જેમને સંબંધ છે, તેમને ચારે પુરુષાર્થોમાંથી ખરેખર, કયો દુર્લભ છે ? પૃથ્વી (આપના) ચરણરૂપ છે. બ્રહ્માંડ પણ પૃથ્વીરૂપજ છે. તેને તો પ્રાપ્ત કરીને તે દૂધ (માતાના ધાવણ)ની પેઠે ભોગવે છે. તેમાં પણ (ચરણ) 'સરોરુહમ્' જલમાં ઉત્પન્ન થએલું કમલ, જલનાં પણ ફલરૂપ છે. આથી (એમ જણાવ્યું કે) આપના ભજનથી બ્રહ્માંડમાં રહેલું બધુંએ ફલ અને દુઃખનો નાશ એની મેળેજ થાય છે. આ લોકમાં (૧) તીર્થના સ્થાનમાં (રહેવાથી) મુક્તિ (થવાનું) પ્રસિદ્ધ છે. (૨) લક્ષ્મીના સ્થલમાં (રહેવાથી) ધન (મળવાનું) પ્રસિદ્ધ છે. (૩) સેવા કરવાથી ફલ તરીકે ઇચ્છેલા પદાર્થ (કામ) (પ્રાપ્ત થવાનું) પ્રસિદ્ધ છે. (૪) (આપનું ભજન કરવાની) શાસ્ત્રની આજ્ઞા હોવાથી (તેથી) ધર્મ થવાનું તો પ્રસિદ્ધ છેજ. તેથી તેઓને કયો (પુરુષાર્થ) દુર્લભ છે ? 'હે ઈશ !' એ સંબોધન (એમ

જણાવે છે કે) ન પ્રાપ્ત થઈ શકે તેવું હોય તે પણ પ્રાપ્ત થાય છે. 'ચારે (પુરુષાર્થો)માંથી' શબ્દ (આ) નિશ્ચય કરેલું વચન (હોવાનું જણાવે છે). એમ સૂચવેલું છે કે પેટા-ભેદથી બધાંએ (ફલ)નો આ (ચાર)માં સમાવેશ થાય છે.

''છતાં સૂક્ષ્મપ્રકારે પ્રાપ્ત થએલું (ફલ) પણ સ્થૂલપ્રકારે પ્રાપ્ત કરવું જોઈએ'' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. જો (આપ) ભગવાનની ઈચ્છા તેવીજ હોય તો (તે) કોનાથી રોકી શકાય તેમ છે ? છતાં પણ તે મારે ઈચ્છવા યોગ્ય નથી, તેમજ માગવા યોગ્ય નથી. વળી બ્રહ્માપણું દુર્લભ નથી. ઘણા બ્રહ્માઓ થાય છે, કારણ કે (આપ) ભૂમા ભગવાનના દેહમાં કરોડો બ્રહ્માંડો છે. તે પૈકી એક બ્રહ્માંડમાં રહેલા બ્રહ્માથી શું ફલ થવાનું ? કારણ કે (આપના) સંપૂર્ણ (દેહ)ને તજી એક કરોડમા ભાગનું તે ગ્રહણ કરે છે. તેથી હું આપના ચરણકમલની સેવા કરવાની ઉત્કણ્ઠાવાળોજ છું. ચિંતામણિની[1] પેઠે બધાં ફલ કરતાં (તે પ્રાપ્ત કરવાનું) સાધનજ અધિક છે. કારણ કે ચિંતામણિ વસ્ત્ર આપે છે તેથી કોઈપણ ચિંતામણિ તજી વસ્ત્ર (લેવા) ઈચ્છતું નથી. તેથી બ્રહ્મા થવાથી શું (લાભ) ? એવો અર્થ છે. ૧૫.

૧. જે ફલ પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય તે ફલ તરત આપે તેવો મણિ, કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણિ એ બધાં એ પ્રમાણે ઈચ્છેલાં ફલ આપે છે.

'ત્યારે એમ હોય તો કાંઈપણ માગવા જેવું નથી, એવું (પરિણામ) આવે છે' એવો વિચાર થાય, તે સંબંધમાં નીચેનો શ્લોક કહે છેઃ

**કર્માણ્યનીહસ્ય ભવોઽભવસ્ય તે દુર્ગાશ્રયોઽથારિભયાત્પલાયનમ્ ।।**
**કાલાત્મનો યત્પ્રમદાયુતાશ્રયઃ સ્વાત્મન્રતેઃ ખિદ્યતિ ધીર્વિદામિહ ।।૧૬।।**

આપ સ્પૃહારહિતનાં કર્મો, જન્મરહિતનો જન્મ, કાલરૂપ આપે કરેલ કિલ્લાનો આશ્રય, પછી શત્રુના ભયથી પલાયન, (આપ) આત્મામાં રમણ કરનારે કરેલ જે હજારો સ્ત્રીઓનો આશ્રય-આ વિષયમાં જાણનારાઓની બુદ્ધિને ગ્લાનિ થાય છે. ૧૬.

આ (આપના) ચરણના ભજનમાં, દોષ ન રહે એ એક માગવા જેવું છે. તેમાં દોષ બે પ્રકારનો છે. (૧) (આપ) ભગવાનનું ભજન કરવામાં આવતાં એક દોષ એની મેળે ઉત્પન્ન થાય છે, અને (૨) (આપ) ભગવાન્ બીજો ઉત્પન્ન કરો છો. તે બંને (દોષ) જેમ ન થાય તેવો ઉપાય કહો. જો ભાગવત તે (દોષ દૂર કરનારું) હોય તો કહો, એવો (અર્થ છે). આરંભમાં બે દોષજ કહે છે. ભાગવત દોષ દૂર કરનારું ન હોય તો તેનું પણ પ્રયોજન નથી, કારણકે ભગવાનના ચરણારવિંદથી બીજું (કાંઈ) ફલ નથી. તેની સેવા કરનારાઓએ તે (સેવા)માં વિઘ્નો કરનારને દૂર કરવાનુંજ માગવા યોગ્ય છે, અને તે વિઘ્ન કરનારનું બધાએ પોષણજ કરે છે, પણ (કોઈ) દૂર કરતું

નથી. તેથી આ (વિઘ્ન કરનારાને દૂર કરવાનું) ઘણું ઇચ્છેલું છે, એમ જણાવવા પ્રથમ ફલથી[1] (ઉત્પન્ન થતો દોષ), 'સ્પૃહારહિતનાં કર્મો' શબ્દોથી કહે છે. આથી[2] એમ જણાવ્યું છે કે આ (ઉદ્ધવ) ઉત્તમ અધિકારી છે. પોતાની બુદ્ધિમાં સૂઝેલાં ભગવાનનાં વિરુદ્ધ કર્મો (સેવામાં) વિઘ્ન કરનારાં છે. સામાન્ય દોષ બે છે અને વિશેષ (અમુક) દોષ ત્રણ છે એમ (કહે છે). (૧) ભગવાન્ સેવા કરવા યોગ્ય છે એમ સિદ્ધ કરવા, પોતાનાં જન્મ વિગેરે દુઃખ દૂર થાય તે માટે જન્મરહિત હોય તે સેવા કરવા યોગ્ય હોવાથી, ભગવાન્ જન્મરહિત છે એમ સ્વીકારવું જોઈએ, (૨) પોતાને કર્મથી જાતજાતનાં દુઃખો થાય છે, તે ન થાય તે માટે ભગવાનની સેવા કરવાની હોવાથી તેમને તે કર્મ નથી એમ સ્વીકારવું જોઈએ, અને તે ભજનનાં પ્રત્યક્ષ મૂલકારણ[3] વિરુદ્ધ છે, કારણકે તેમણે વસુદેવના ઘેર જન્મ લીધો છે અને સદા કર્મ કરેલ છે. પ્રત્યક્ષ (નજરે જોએલું) તો તર્કરૂપ અનુમાનથી ઘણું બલવાન છે. ચરણનું ભજન તો પોતેજ ઘણો રસ આપે છે, એટલે ફલથી (ચરણનું) ઉદારપણું પ્રત્યક્ષથી સિદ્ધ થાય છે, પરંતુ અંતે વિઘ્ન થાય છે. જ્યારે ભગવાનજ જન્મ લે છે, અને એ પ્રમાણે (કર્મ) કરે છે, ત્યારે તેમના આશ્રયે રહેનારનું આપણનું શું થવાનું ? કારણ કે ભગવાનજ ફલ આપનારા છે, જો છેવટે આપણે તે (ભગવાન)જ થઈએ, તો પણ તેવા પ્રકારના (જન્મ લેનાર અને કર્મ કરનાર થવાના), તેથી જન્મ વિગેરે દુઃખ રહેવાનું હોવાથી ભજનથી શું વળવાનું ? એવી અશ્રદ્ધા ભાસે છે.

વળી સાધારણ સ્વામી કરતાં પણ ( ભગવાન્) જૂદા પ્રકારના જણાય છે. વાસ્તવિક રીતે બ્રહ્મા વિગેરેથી પણ સેવવા યોગ્ય છે એમ પ્રત્યક્ષથી સિદ્ધ થએલ હોવાથી, આ (ભગવાન્) મોટાજ છે એમ સૂઝે છે, છતાં પણ ત્રણ દોષો બુદ્ધિમાં સ્ફૂરે છે. (૧) ભગવાને પોતાનાં સ્થાન મથુરાને તજીને, શત્રુના ભયથી ભાગીને, 'દ્વારકા' નામના કિલ્લાનો કેમ આશ્રય કર્યો ? વળી (૨) કાલયવનથી શામાટે નાઠા ? વળી (૩) સ્વરૂપથી આનંદરૂપ (તેમણે) પોતાના ભોગ માટે હજારો સ્ત્રીઓ કેમ ગ્રહણ કરી અને તેમનો ભોગ કેમ કર્યો ? તેથી બધી જીંદગી સુધી જૂદા પ્રકારનું ભાન થતું હોવાથી, ભજનમાં વિઘ્ન કરનારી, ભગવાન્ ન હોય તેવી સ્થિતિજ જણાય છે. હવે જો મોહ કરાવવા (ભગવાન્) એમ કરે છે એવા મતની કલ્પના કરવામાં આવે, તોપણ અવતાર રહ્યો ત્યાં સુધી મોહ કરાવવાથી તે સેવા કરવા યોગ્ય કેમ હોય ? હવે જો સેવા કરનારને મોહ કરાવતા નથી, એવી કલ્પના કરવામાં આવે, તો તે પણ સંભવતું નથી; (કારણકે) પોતે સર્વ જાણનાર હોવા છતાં, સર્વ જાણનાર ન હોય તેમ મંત્રણાઓમાં મને બોલાવીને શું કરવું એમ પૂછતા અને ( મારું) કહેલું કરતા. તેથી

હરકોઈ પ્રકારે ચરિત્ર વિગેરે જોવાથી ભગવાનનું ભજન કરવાની બુદ્ધિનો નાશજ થાય છે. જેઓને મોહ (તેમનાથી) થએલો છે, તેમનાં વચનોનું તો કહેવું જ શું ? જો આ દોષો ભાગવતમાં દૂર કરેલા હોય તો તે કહેવું એવા અભિપ્રાયથી, છેવટની (આસુરવ્યામોહ) લીલા જોતાંજ, અંત સુધી દૂષણોજ સિદ્ધ થતાં હોવાથી તે દશાને જોતાં, પહેલાનાં દૂષણોજ કહે છે, અને સિદ્ધાંતનો વિચાર થાય તે માટે સ્વરૂપનું કીર્તન કરે છે.

(૧) સ્પૃહારહિત પૂર્ણબ્રહ્મનાં પૂતનાના પ્રાણરૂપ ધાવણનું પાન વિગેરે કર્મો. (૨) જન્મરહિત નિર્વિકારી (ભગવાનનો) 'ભવઃ' સર્વ વિકારોના કારણરૂપ જન્મ. (૩) સર્વનો સંહાર કરનાર અને સર્વને વશ રાખનાર કાલરૂપ (ભગવાન્) પોતાનું રક્ષણ કરનાર તરીકે, દુઃખથી ગતિ કરવાના કારણરૂપ દુર્ગ (કિલ્લા)ને પોતાનું રક્ષણ કરનાર માને (૪) 'અથ' પછી જૂદા આરંભથી (ભાગે). આથી એમ સૂચવેલું છે કે કિલ્લાનો આશ્રય કરીને પણ ભાગે અને સ્વતંત્ર રીતે પણ ભાગે. વળી (૫) આત્મામાં રમણ કરનાર હજારો સ્ત્રીઓનો આશ્રય કરે. આ પાંચ લીલાઓ (કહી). આપને બ્રહ્મ તરીકે જાણનાર અને (આ) પાંચ લીલાઓ જોનારની સપટમાં પડેલી બુદ્ધિને 'ઇહ' આ વિષયમાં ગ્લાનિ થાય છે. ૧૬.

૧. 'ફલ' એટલે સેવા, અથવા સ્વરૂપનું જ્ઞાન. તેથી થતા દોષ કહે છે. (પ્ર)
૨. 'આથી' એટલે વિઘ્ન કરનારને દૂર કરવાની પ્રાર્થના કરી તેથી. (પ્ર)
૩. 'મૂલ કારણ' એટલે ભગવાનપણું. (પ્ર)

આપનાં દેહનાં (કાર્યો)થી મોહ પામેલો હું (આપનાં) વચનોથી પણ મોહ પામ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**મન્ત્રેષુ માં વા ઉપહૂય યત્ત્વમકુણ્ઠિતાખણ્ડસદાત્મબોધઃ ।।**
**પૃચ્છેઃ પ્રભો ! મુગ્ધ ઈવાપ્રમત્તસ્તન્નો મનો મોહયતીવ દેવ ।।૧૭।।**

હે પ્રભો ! સદા પોતાથી થતા તીક્ષ્ણ અને એકધારા જ્ઞાનવાળા, સાવધાન આપ મંત્રણાઓમાં મને બોલાવીને ભોળાની પેઠે જે પૂછતા, તે હે દેવ ! અમારાં મનને જાણેકે મોહ પમાડે છે. ૧૭.

જરાસંધનો વધ કરવા રાજાઓએ પ્રાર્થના કરી, અને યજ્ઞ કરવા યુધિષ્ઠિરે પ્રાર્થના કરી ત્યારે, (આપ) પોતે ઉપાય જાણતાજ હોવા છતાં મને બોલાવીને (પૂછ્યું). 'મંત્રણાઓમાં' એ બહુવચનના પ્રયોગથી એમ જણાય છે કે બીજા સમયે પણ સ્યમંતક વિગેરેના સંબંધમાં પૂછેલું. 'વા' શબ્દ (ઉદ્ધવની સલાહનો) અનાદર દર્શાવે છે. 'બોલાવીને' શબ્દથી (એમ જણાવ્યું છે કે) અકસ્માતથી પૂછ્યું ન હતું. 'આપ' શબ્દથી એમ સૂચવેલું છે કે અહિં (આપમાં)થી કાંઈ જતું રહેલું નથી.

(આપનું) પોતાથી થતું જ્ઞાન સર્વ શાસ્ત્રો પ્રમાણે બૂઠું થએલું નથી. તીક્ષ્ણપણાનો પણ ત્યાગ કર્યા વિના જે પોતાનું કાર્ય કરે તે તીક્ષ્ણ (બૂઠું નહિ). 'એકધારું' એટલે તેલની ધાર પેઠે છેદવિનાનું (એકસરખું). કાલ વિગેરેથી ભંગ થવાના ભય વિનાનું પોતાથી થતું જ્ઞાન છે જેમનું તેવા આપ 'પૂછતા', મંત્રણા કરીને પૂછતા. 'પૃચ્છેઃ' એ વિધ્યર્થના પ્રયોગથી એમ સૂચવેલું છે કે (આપને ઉત્તર આપવાનું) તજી શકાય તેમ પણ ન હતું. 'હે પ્રભો !' એ સંબોધનથી એમ સૂચવેલું છે કે (આપ) પહેલાંની સ્થિતિનો પણ નાશ કરો, એવા ભયથી પણ (ઉત્તર) કહેલ. 'ભોળાની પેઠે' શબ્દથી (એમ જણાવ્યું છે કે) તે સમયની (ભગવાનની) ચેષ્ટાથી તે નથીજ જાણતા એવું ભાન થતું; તેમ થતું ન હોત તો (ઉદ્ધવ) યુક્તિ સાથે (ઉત્તર) ન કહેત. ઘણાનાં વચન હોવા છતાં, (અને) તર્કથી (તે ઉત્તર) સર્વથી બલવાન હોવાનું જ્ઞાન થતું હોવા છતાં, (ભગવાનનો) જૂદો મત હોય ત્યારે તે પોતાનુંજ ઈચ્છેલું કરતા, તેથી 'સાવધાન' વિશેષણ કહેલું છે. તેથી આપનું આવું ચરિત્ર 'નઃ' અમો બધાએ ભક્તોના મનને, જાણેકે મોહ પમાડે છે. (આપની) સમીપ રહેતા હોવાથી અને ભજનને લીધે (આપનું) માહાત્મ્ય જણાય છે, તેથી 'ઈવ' 'જાણેકે (મોહ પમાડે છે)' શબ્દ યોજેલ છે. 'હે દેવ !' એ સંબોધન પૂર્વપક્ષ (ભગવાનમાં જણાતા દોષ)ની સમાપ્તિ સૂચવે છે, કારણકે (તેથી ) એમ સૂચવેલું છે કે મનુષ્યની બુદ્ધિથી દેવનાં ચરિત્રનો નિર્ધાર થઈ શકતો નથી. ૧૭.

તેથી તે માટે ભાગવત કહો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**જ્ઞાનં પરં સ્વાત્મરહઃપ્રકાશં પ્રોવાચ કસ્મૈ ભગવાન્સમગ્રમ્ ।।**
**અપિ ક્ષમં નો ગ્રહણાય ભર્તર્વદાગ્જસા યદ્ વૃજિનં તરેમ ।।૧૮।।**

(આપ) ભગવાને પોતાનાનાં અને પોતાનાં મર્મનો પ્રકાશ કરનારું (તે) સમગ્ર ઉત્તમ જ્ઞાન બ્રહ્માને કહેલું. હે ભર્તા ! અમારાથી જો તે ગ્રહણ થઈ શકે તેવું હોય તો કહો, (કે) જેથી અમે સ્હેલાઈથી દુઃખ તરી જઈએ. ૧૮.

ઉપર જણાવેલો જે અમારો મોહ તે અજ્ઞાનથી થએલ હોવાથી જ્ઞાનથીજ તે દૂર થાય. તેથી માત્ર જ્ઞાનનોજ ઉપદેશ કરનારું આવું ભાગવત કહો. ''જાગતાં હોવાની અને સ્વપ્નની (સ્થિતિ) પેઠે જ્ઞાન અને અજ્ઞાન એકબીજાનાં વિરોધી છે, તેમજ (તે) બંને સમાન હોવાથી એકબીજાને દબાવી દે તેવું સંભવતું હોવાથી, જ્ઞાનથી શું વળશે ?'' એવી શંકા થાય, તેથી 'ઉત્તમ' વિશેષણ કહેલું છે. (ઉત્તમ એટલે) પ્રકૃતિ વિગેરેને વશ કરનારું, અજ્ઞાન દૂર કરવાની શક્તિવાળું. ''ભગવાનની ઈચ્છા મુખ્ય હોવાથી 'આનાં જ્ઞાનનો નાશ થાઓ' એવી (ભગવાનની) ઈચ્છાથી, અથવા 'તે ભગવતી દેવી મહામાયા જ્ઞાનીઓનાં ચિત્તોને પણ બલથી ખેંચીને મોહને સોંપે છે' એ

વાક્ય પ્રમાણે ભગવાને પ્રેરણા કરેલી માયાથી અજ્ઞાન વિગેરેને દૂર કરનારાં જ્ઞાનનો પણ નાશ થશે જ. (તેથી) ઉત્તમ જ્ઞાનથી પણ શું (વળવાનું) ?'' એવી શંકા થાય, તેથી ફરીથી 'પોતાનાનાં અને પોતાનાં મર્મનો પ્રકાશ કરનારું' વિશેષણ કહેલું છે. પોતાની માયા વિગેરે શક્તિઓનો અને પોતાનો એટલે ભગવાનનો 'રહઃ' જે મર્મ, એટલે બંધન કરવાની અને મુક્ત કરવાની લીલામાં ભગવાનનો અને તેમની (શક્તિઓ)નો કેવો અભિપ્રાય છે એવું (મર્મ). જે જ્ઞાનમાં આ રહસ્યનો પ્રકાશ છે તેવાં જ્ઞાનરૂપ (ભાગવત્) ભગવાને બ્રહ્માને કહેલું એમ સાંભળેલું છે. 'કસ્મૈ' (બ્રહ્માને, (અને) કોને) એવા બે અર્થવાળો શબ્દ (યોજેલ હોવા)થી કોને ( ભગવાને) કહેલું તે જાણવામાં નથી. તેમ ન હોત (તે જાણવામાં હોત) તો તેને જરુર પૂછત, એવો (અર્થ) સમજાય છે. ભગવાનના અભિપ્રાયો અનંત હોવાથી તે (જ્ઞાનરૂપ ભાગવત)માં પણ પેટા-ભેદો છે. તેથી જેમાં (ભગવાનનો) બધોએ અભિપ્રાય જણાય તે 'સમગ્ર'. 'ભગવાન્' શબ્દથી ચિંતન થઈ ન શકે તેવું ઐશ્વર્ય (તેમનામાં) હોવાથી, કદાચ તેવું પણ જ્ઞાન હોય, અને તે કદાચ કહે એવો સંભવ (જણાવેલો) છે.

'તે જ્ઞાન અમુક પુરુષનેજ થાય છે' એમ કહેવામાં આવે, તો કહે છે કે જો તે જ્ઞાન 'નઃ' અમારાથી ગ્રહણ થઈ શકે તેવું હોય તો કહો. 'અપિ' શબ્દ સંભવ દર્શાવે છે. મારા ઉપર ભગવાનની કૃપા છે તેથી, અને ભગવાને (તે) વિષય (મને) કહેલો હોવાથી, મને પણ તે (જ્ઞાન થાય) તેવો સંભવ છે.

''તે જ્ઞાન મારારૂપ છે, બીજાને થવાનું કેમ સંભવે ? તે બ્રહ્મા તો મારો અવતાર હતા'' એવી શંકા થાય, તેથી 'હે ભર્તા !' એમ કહેલું છે. ભાર્યા અધિકારી ન હોવા છતાં પતિને અને તેમનામાં રહેલા ધર્મોને ધારણ કરે છે. તેથી આપ અમારા પતિ હોવાથી, (તે જ્ઞાન આપનું) સ્વરૂપ હોય તોપણ તે (મને થાય તે) યોગ્ય છે. તેથી તે સંપૂર્ણ પ્રકારે કહેવા યોગ્ય હોવાથી, 'કહો' એમ કહે છે. પ્રાર્થના કરવા ('વદ' એ) આજ્ઞાર્થનું રૂપ (યોજેલું છે). (કહેવાનો) આગ્રહ કરવાનું કારણ 'જેથી અમે સ્હેલાઈથી દુઃખ તરી જઈએ' શબ્દોથી (જણાવેલું છે). 'વૃજિનં' એટલે ઉપર કહેલું દુઃખ, તે સ્હેલાઈથી જ તરી જઈએ, એવો (અર્થ છે). ૧૮.

એવી રીતે (મેં) પોતાનો અભિપ્રાય પ્રકટ કર્યો ત્યારે 'આ અધિકારી છે' એમ વિચારીને ભગવાને (મને) તે કહ્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈત્યાવેદિતહાર્દાય મહ્યં સ ભગવાન્ પરઃ ।।**
**આદિદેશારવિન્દાક્ષ આત્મનઃ પરમાં સ્થિતિમ્ ।।૧૯।।**

એવી રીતે હૃદયનો અભિપ્રાય જાહેર કરેલાને મને કમલ જેવાં નયનવાળા તે શ્રેષ્ઠ ભગવાને પોતાની ઉત્તમ સ્થિતિનો ઉપદેશ કર્યો. ૧૯.

'હાર્દ' એટલે હૃદયમાં રહેલ, અભિપ્રાય એવો અર્થ છે. ત્યારે ભગવાને જેમ કાંઈક સંપૂર્ણ વસ્તુજ 'આ (લે)' એમ આપવામાં આવે તેમ-મને તે જ્ઞાનનો ઉપદેશ આપ્યો. (ભગવાને ઉદ્ધવને આ જ્ઞાનનો લોકને ઉપદેશ કરવાની) આજ્ઞા પણ આપેલી હોવાથી (તેને આપેલું જ્ઞાન તેના) પોતાના તથા બીજાના વ્યવહારમાં ઉપયોગી થશે. તેમ ન હોય તો માત્ર (જ્ઞાન) જણાવવું નકામું થાય. ભગવાનમાં જ રહેલા તે જ્ઞાનનો ઉદ્ધવે વ્યવહાર કરવાનો છે, પરંતુ જેમ બ્રહ્માને આપેલું તેમ આને આપેલું નથી, કારણકે (ઉદ્ધવમાં) તેવી શક્તિ[1] છે. 'ત્યારે બધુંએ (જ્ઞાન) કેમ જણાવ્યું ?' એવો પ્રશ્ન થાય, તેથી 'કમલ જેવાં નયનવાળા' વિશેષણ યોજેલું છે. કમલના જેવાં છે બે નયનો જેમનાં તેવા (ભગવાન્ છે). આથી (એમ કહ્યું છે કે) (ભગવાન્) દુઃખ હરનારા હોવાથી, તેમણે દૃષ્ટિથી જ તેની અધિકારની ખામી દૂર કરી. 'ભગવાનના વિચાર પ્રમાણે તે સંપૂર્ણ (જ્ઞાન) કેવા પ્રકારનું છે ?' તે જાણવાની ઈચ્છા થાય, 'તેથી પોતાની ઉત્તમ સ્થિતિ' શબ્દો કહેલા છે. ભગવાનની સ્થિતિ ઉત્તમમાશ્રયરૂપ છે. તેનાથી સારું બીજું (કાંઈ) નથી. તે સર્વોપર શિખરરૂપ છે. ૧૯.

૧. ઉદ્ધવને ગુણોથી વ્યથા થતી નહિ હોવાથી ભગવાનમાં રહેલ જ્ઞાનનો વ્યવહાર કરવાની તેનામાં શક્તિ છે. (પ્ર)

'પછી તેં (ઉદ્ધવે) શું કર્યું ?' એ જાણવાની ઈચ્છા થાય તેથી કહે છેઃ

**સ એવમારાધિતપાદતીર્થાદધીતતત્ત્વાત્મવિબોધમાર્ગઃ ।।**
**પ્રણમ્ય પાદૌ પરિવૃત્ય દેવમિહાગતોઽહં વિરહાતુરાત્મા ।।૨૦।।**

જેમનાં ચરણની પૂજા કરેલી તેવા ગુરુ પાસેથી વાસ્તવિક સ્વરૂપના વિશેષ જ્ઞાનનો માર્ગ ભણેલો તે હું, ચરણમાં પ્રણામ કરી, દેવની પરિક્રમા કરી અહિં આવીને વિરહને લીધે દુઃખી અંતઃકરણવાળો થયો છું. ૨૦.

એવા પ્રકારે ભગવાને જેને અર્થ જણાવેલો છે તેવો હું, ચરણમાં પ્રણામ કરી, પ્રદક્ષિણા કરી, વિરહને લીધે દુઃખી અંતઃકરણવાળો થઈ, અહિં આવેલો છું, અથવા અહિં આવીને વિરહને લીધે દુઃખી અંતઃકરણવાળો થયો છું, એવો (વાક્ય)નો સંબંધ છે. તે 'ભાગવત' નામનું શબ્દરૂપ બ્રહ્મ મેં સ્વાધીન કરેલું છે, અને તે ગુરુની સેવા વિના થાય નહિ તેથી પ્રભુ તરીકે સેવા કરેલા ભગવાનની (મેં) ગુરુ તરીકે પણ સેવા કરી, તે (અર્થ) 'જેમનાં ચરણની પૂજા કરેલી તેવા ગુરુ પાસેથી' શબ્દથી કહેલું છે, જેમનાં ચરણની પૂજા કરેલી છે તે અને તીર્થરૂપ, (એવો તેનો અર્થ છે). અહિં 'તીર્થ' શબ્દથી ગુરુ કહેલ છે. પૂજા કરેલી છે ચરણોની જેમના, એ વિશેષણથી ગુરુના ચરણોની સેવા કરી એમ સમજાય છે. તેવા ગુરુરૂપ ભગવાન્ પાસેથી જ્ઞાનના માર્ગનો અભ્યાસ કરેલો છે જેણે તેવો (હું છું). વળી જ્ઞાનમાર્ગો પણ ઘણા પ્રસિદ્ધ છે, તેથી

વિપરીત (જ્ઞાનમાર્ગ) ભણ્યો નહતો એમ જણાવવા 'આત્મા' શબ્દ યોજેલો છે. આત્માના સંબંધવાળો જ્ઞાનમાર્ગ, એવો અર્થ છે. તેમાં પણ જીવાત્મા વિગેરે મતો હોવાથી, તેવા (માર્ગ) ભણ્યો નહતો એમ જણાવવા 'તત્ત્વ' શબ્દ (યોજેલો છે). 'તત્ત્વ' એટલે પરમાર્થરૂપ (વાસ્તવિક), તેનો જે કુદરતી ભાવ છે તે, એવો (અર્થ છે). (ભગવાન્) સ્વરૂપથીજ પ્રકટ થએલા, તેથી અહિં 'આત્મા' શબ્દથી સ્વરૂપજ કહેલ છે. વિશેષ જ્ઞાન એટલે પહેલાના સંદેહો દૂર કરનારું (જ્ઞાન). ત્યારપછી વિદ્યા પૂરી થતાં, ચરણમાં પ્રણામ કરી, પછી તેમનામાં ગુરુ હોવાની બુદ્ધિ (થએલી તે)નો ત્યાગ કરીને, સેવા કરવા યોગ્ય તે 'દેવં' સ્વામીની 'પરિવૃત્ય' પ્રદક્ષિણા કરીને, હું અહિંજ આવેલો છું. ભગવાનની પ્રદક્ષિણા કર્યા પછી મને અહિંજ, 'હું આ છું' એવી આત્માની પ્રાપ્તિ થઈ. ભગવાનની ઈચ્છાથી ત્યાંથી હું અહિં એકજ પગલાંથી આવ્યો, અથવા ધીરે ધીરે આવ્યો તે હું જાણતો નથી, પરંતુ (ભગવાનની મેં કરેલી) પ્રદક્ષિણાનું અને આ સ્થાનનું (મને) સ્મરણ છે. તેથીજ હવે હું વિરહને લીધે દુઃખી થએલા અંતઃકરણવાળો થયો છું. તેમ ન હોત તો, આટલે દૂર આવવાનુંજ ન બનત. આથી એમ કહેલું છે કે ત્યાંની (પ્રભાસની) ત્યારપછીની વાત પણ જાણવામાં નથી; પરંતુ આ સમયે વિરહને લીધે 'આત્મા' અંતઃકરણ દુઃખી થએલું છે. ૨૦.

ત્યારે હવે પછી શું કરવાનું છે ? એ જાણવાની ઈચ્છા થાય, તેથી કહે છેઃ

**સોઽહં તદ્દર્શનાહ્લાદવિયોગાર્તિયુતઃ પ્રભોઃ ।।**
**ગમિષ્યે દયિતં તસ્ય બદર્યાશ્રમમણ્ડલમ્ ।।૨૧।।**

તે તેમનાં દર્શનના આનંદ અને વિયોગની પીડાવાળો હું તે પ્રભુના પ્રિય બદરી આશ્રમના મંડલે જઈશ. ૨૧.

તેમનાં દર્શનથી આનંદ થયો, અને વિયોગથી પીડા થઈ. તે બંનેવાળો થએલો–ભગવાને (મારા) બધા સંદેહો દૂર કરેલા હોવાથી, અને સ્વામી ભગવાનની આજ્ઞા અવશ્ય પાળવી જોઈએ તેથી–દ્વારકા કરતાં પણ 'દયિતમ્' ઘણુંજ પ્રિય, ઋષિરૂપ ભગવાનનું બદરી સ્થાનજ આશ્રમ હોવાથી હું બદરી આશ્રમજ જઈશ. 'મંડલ' શબ્દથી તે (સ્થાન)નો વધારાનો ઉત્તમ ગુણ કહેલો છે. જેમ નારાયણ સવિતાના મંડલના મધ્યમાં રહે છે, તેવું આ બદરી આશ્રમ મંડલ હોવાથી ભગવાન્ ત્યાં સદા વિરાજે છે એમ જણાવેલું છે. ૨૧.

નીચેના શ્લોકમાં (ભગવાન્ સદા વિરાજતા હોવાનું) દર્શાવે પણ છેઃ

**યત્ર નારાયણો દેવો નરશ્ચ ભગવાનૃષિઃ ।।**
**મૃદુ તીવ્રં તપો દીર્ઘં તેપાતે લોકભાવનૌ ।।૨૨।।**

જ્યાં લોકનો આદર કરનારા ભગવાન્ નારાયણ દેવ અને નર ઋષિ મૃદુ,

તીવ્ર અને દીર્ઘ તપ કરે છે. ૨૨.

'જ્યાં' બદરિકાશ્રમમાં ભગવાન્ બંને રૂપથી (રહેલા) છે. આશ્રમમાં ઋષિ અને નર (રૂપથી રહે છે). 'ચ' 'અને' શબ્દ હોવાથી ભગવાન્ (રહે છે એમ કહેલું છે). ભગવાન્ આશ્રમમાં નરના પ્રધાનપણાથી ઋષિ (થઈ રહે છે), અને મંડલમાં નારાયણના પ્રધાનપણાથી નરસાથે દેવ (થઈ રહે છે) તેથી સૂર્યના મંડલ કરતાં પણ તે સ્થાન વધારે સારું છે, અને (નર અને નારાયણ) બંને ભગવાન્ ઋષિ અને દેવ છે, એમ કહેલું છે. તેથી (તેઓ) મૃદુ, તીવ્ર અને દીર્ઘ તપ કરે છે. 'દેવ' હોવાથી મૃદુ તપ કરે છે, કારણકે તેઓ (દેવો) સાત્ત્વિક હોવાથી ઘણું ઉગ્ર તપ કરવા યોગ્ય નથી. 'ભગવાન્' હોવાથી તીવ્ર (તપ) કરે છે. 'ઋષિ' હોવાથી દીર્ઘ તપ કરે છે, કારણકે તેઓ (ઋષિઓ) જીંદગી સુધી તપ કરે છે. ભગવાન્ તો વિલંબ કરવાનું કારણ ન હોવાથી તરત ફલ થાય તેવું કર્મ કરે છે, તેથી (તેમનાં તપને) તીવ્ર કહેલું છે. આહારનો ત્યાગ કરીને કરેલી સમાધિને અહિં તપ કહેલું છે.

'આવું તપ કરવાનું શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી 'લોકનો આદર કરનારા' વિશેષણ (યોજેલું છે). (તે બંને) લોકનો આદર કરે છે. લોક તો ત્રણ પ્રકારના છે, તેથી સર્વનું હિત કરવા ત્રણ પ્રકારનું તપ કરે છે, એવો અર્થ છે. ૨૨.

એ પ્રમાણે[૧] 'નિશ્ચયરૂપ' બુદ્ધિ જણાવીને[૨], વિપર્યય (ઉલટી બુદ્ધિ) આ વિષયમાં કાર્ય કરનારી નહિ[૩] હોવાથી, તે ત્યાગ કરવા યોગ્ય છે એમ કહેતાંજ નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોક)થી સંશય કહે છેઃ

॥ શ્રીશુક ઉવાચ ॥

**ઈત્યુદ્ધવાદુપાકર્ણ્ય સુહૃદાં દુઃસહં વધમ્ ॥**

**જ્ઞાનેનાશમયત્ક્ષત્તા શોકમુત્પતિતં બુધઃ ॥૨૩॥**

એ પ્રમાણે ઉદ્ધવ પાસેથી સ્નેહીઓનો સહન ન થઈ શકે તેવો વધ થએલ હોવાનું સાંભળીને તેનાથી ઉછળી આવેલો શોક જ્ઞાની ક્ષત્તાએ જ્ઞાનથી શમાવ્યો. ૨૩

આ વિષયમાં પ્રથમ (૧) સ્નેહીઓનો વધ (થએલ હોવાનું) સાંભળીને અને (૨) ભગવાનની ઈચ્છા સાંભળીને, (તે) બેનાં ફલ શોક અને તેનું (શોકનું) દૂર થવું થયાં, ત્યારપછી જ્ઞાની થઈને સંદેહ[૪] દૂર કરવા માટે તે જ વિષય ઉદ્ધવને પૂછે છે. એટલે (૧) પોતાનો અધિકાર (૨) વક્તા અને (૩) કહેવાનું (એ) ત્રણ કહેવાનાં હોવાથી ત્રણ વાક્યો (શ્લોકો) (કહે છે). આગળનું (શ્લોક ૨૫નું) વાક્ય સંદેહનું સ્થાપન કરનારું હોવાથી (વિદુરનો) સંદેહ દૂર થયો નથી તેથી પદાર્થનો નિર્ણય થએલ નહિ હોવાથી[૫] આ નિશ્ચયરૂપ બુદ્ધિ નથી. ઉપાયનો નિશ્ચય કરવાનો છે એવા મત

પ્રમાણે તો સંશય કાર્ય કરનારો નહિ હોવાથી, સાધનના નિશ્ચયરૂપજ તે[૬] કહેવામાં આવે છે. આવી રીતે ઉપર જણાવેલા પ્રકારે મદિરાપાન વિગેરેથી સ્નેહીઓનો વધ (થએલ હોવાનું), શોક વિગેરે પોતાનાં કાર્ય તે અવશ્ય કરાવે તેવું હોઈ, સાંભળી પણ ન શકાય તેવું ઉદ્ધવ પાસેથી સાંભળીને, ઉદ્ધવ પાસેથી (તે) સાંભળેલું હોવાથી (તે) ખોટું હોવાની શંકા ન રહેવાથી, (અને) સહન ન થઈ શકે તેવું હોવાથી દૂરથી અગ્નિ (આવી પડે) તેમ તેના હૃદયમાં શોક આવી ચડ્યો. ત્યાંથી ઉછળીને અહિં (વિદુરના હૃદયમાં) જ આવ્યો, એવો અર્થ છે. તેણે તે શોકને જ્ઞાનથી શમાવ્યો. 'ક્ષત્તા' (સંયમી) શબ્દથી (એમ) કહેલું છે કે તે જ્ઞાન તેને પહેલાંથીજ હતું. જે જ્ઞાનથી પહેલાં તેણે ઈન્દ્રિયો ઉપર વિજય મેળવીને આસક્તિ દૂર કરી, તેનાથીજ શોકને દૂર કર્યો. 'ઉછળી આવેલો' વિશેષણથી આ (શોક)નો કામથી ભેદ કહેલો છે. તેણે ઉદ્યોગ કરતા કામને અટકાવેલો નહિ, પરંતુ તે ઉત્પન્ન ન થાય તે માટેજ પ્રયત્ન કરેલો; પણ શોકને તો ઉત્પન્ન થએલાને પણ અટકાવ્યો; કારણકે આ જ્ઞાની હતો. ભગવાનનાં સ્મરણથી તેને જ્ઞાન ઉત્પન્ન થવાથી ભગવાનેજ આને ઉપદેશ આપેલો. ૨૩.

૧. સ્કંધના અર્થના વિચાર પ્રમાણે, (હવે) આગળ કઈ બુદ્ધિ કહે છે તે જાણવાની ઈચ્છા થાય, તેથી આ કહેલું છે. (પ્ર)

૨. 'જણાવીને' એટલે ઉત્પન્ન કરવા યોગ્ય કહીને. ( પ્ર )

૩. 'કાર્ય કરનારી નહિ હોવાથી' એટલે અધિકારમાં અનુકૂલ હોવાથી ( પ્ર ) અધિકાર પ્રાપ્ત કરવામાં નડતી નહિ હોવાથી, એવો અર્થ જણાય છે. પ્રકાશકારનો પણ અર્થ તેવોજ છે. નંદકિશોર શાસ્ત્રીની ફૂટનોટ તેથી ઉલટી છે. ઉલટી બુદ્ધિ અહિં થઈ નહતી, એમ આગળ 'ઉદ્ધવ પાસેથી સાંભળેલું હોવાથી તે ખોટું હોવાની શંકા ન રહેવાથી' કહેલું છે તેથી જણાય છે.

૪. આગળ પાંચમા અધ્યાયના શ્લોક ૨।૩માં કહેલા સંદેહ. ( પ્ર ).

૫. અહિં 'સંશય' ( સંદેહ )રૂપ બુદ્ધિ કહેલી છે એમ જણાવવા આ વાક્ય યોજેલ છે. ( પ્ર )

૬. 'તે' એટલે બુદ્ધિનું અમુક વલણ. ( પ્ર ) 'ઉપાય' એવો અર્થ પણ લઈ શકાય તેમ જણાય છે.

એ પ્રમાણે ભગવાનનો શિષ્ય પણ થઈને, શોકને અટકાવીને, (ઉદ્ધવ) સ્પષ્ટતાથી કહે તે માટે તેને પૂછે છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ તં મહાભાગવતં વ્રજન્તં કૌરવર્ષભ ।।**
**વિશ્રમ્ભાદભ્યધત્તેદં મુખ્યં કૃષ્ણપરિગ્રહે ।।૨૪।।**

હે ઉત્તમ કૌરવ ! તેણે જતા શ્રીકૃષ્ણના સેવકોમાં મુખ્ય તે મોટા ભગવદીયને વિશ્વાસથી આ (નીચે પ્રમાણે) કહ્યું. ૨૪.

(ઉદ્ધવ) મોટો ભગવદીય હોવાથી (તેને) પ્રાર્થના કરી. ભગવાનની જેના ઉપર કૃપા હોય તેની સાથે ભગવાનની પેઠે વાત કરવી જોઈએ. 'તેણે તે' એ બે શબ્દોથી પ્રશ્ન કરવાનું એવું પ્રયોજન (જણાવેલું છે) કે-ભગવાનેજ આ મેળાપ

કરેલો હોવાથી ઘણું કરીને તે આ (ઉદ્ધવ) દ્વારાજ વિશેષ કહેશે. 'જતા' વિશેષણથી (એમ કહેલું છે કે) સેવા વિગેરેથી (ઉદ્ધવના) મનને આનંદ કરાવ્યા પછી પૂછવું એવો અભિપ્રાય ખોટો છે. પોતાનો[1] અધિકાર જણાવવા 'હે ઉત્તમ કૌરવ' એમ કહેલું છે. (બંને) એક સ્વામી (શ્રીકૃષ્ણ)ના સેવક હોવાથી અને (તેમનામાં) પહેલાંનો પ્રેમ હોવાથી, પૂછવામાં આવે ત્યારે (ઉદ્ધવ) કહેશે. એવો (વિદુરે) 'વિશ્રમ્ભઃ' વિશ્વાસ કર્યો, અથવા સ્નેહને લીધે (એવો) નિશ્ચય કર્યો, (અને) 'આ' એટલે શ્લોક ૨૫માં) કહેવામાં આવશે તે કહ્યું.

'છતાં પણ ભગવાનનો ભક્ત (વિદુર) બીજાની કેમ પ્રાર્થના કરે ?' એવી શંકા થાય, તેથી 'શ્રીકૃષ્ણના સેવકોમાં મુખ્ય' શબ્દો કહેલા છે. ભગવાને જેટલા સેવકોને સ્વીકાર્યા તેઓમાં ઉદ્ધવ મુખ્ય હોવાથી, તેવાની પ્રાર્થના કરવામાં ભક્તિનો કોઈ પણ (જરાએ) વિરોધ થતો નથી, એવો અર્થ છે. ૨૪.

૧. 'પોતાનો' એટલે પરીક્ષિતનો. (પ્ર) અહિં પરિક્ષિત્ માટે શુક 'સ્વ' 'પોતાનો' શબ્દ યોજે તે બરાબર જણાતું નથી. એ શબ્દ વિદુર માટે યોજ્યો હશે. 'કૌરવર્ષભ' ને બદલે 'કૌરવર્ષભઃ' પાઠ પણ શ્રીભાગવતની પ્રતોમાં છે. 'કૌરવર્ષમેત્યુક્તમ્' ને બદલે 'કૌરવર્ષભ ઇત્યુક્તમ્' એવો પાઠ હોવો જોઈએ એમ જણાય છે. 'ઇતિ સંબોધનમ્' એમ સામાન્ય રીતે કહે છે તેમ અહિં ન કહેતાં 'ઇત્યુક્તમ્' એમ જ કહેલું છે.

નીચેના શ્લોકમાં પૂછવાનું પૂછે છે.

॥ વિદુર ઉવાચ ॥

**જ્ઞાનં પરં સ્વાત્મરહઃપ્રકાશં યદાહ યોગેશ્વર ઈશ્વરસ્તે ॥**
**વક્તું ભવાન્નોઽર્હતિ યદ્ધિ વિષ્ણોર્ભૃત્યાઃ સ્વભૃત્યાર્થકૃતશ્ચરન્તિ ॥૨૫॥**

યોગેશ્વર ઈશ્વરે પોતાનાનાં અને પોતાનાં મર્મનો પ્રકાશ કરનારું જે ઉત્તમ જ્ઞાન તમને કહ્યું તે તમે અમને કહેવા યોગ્ય છો, કારણ કે વિષ્ણુના સેવકો પોતાના સેવકો માટે કાર્ય કરતાં વિચરે છે. ૨૫.

( ૧.પોતાનાનાં અને પોતાનાં મર્મનો પ્રકાશ કરનારું ૨.ઉત્તમ ૩.જ્ઞાન એ ) ત્રણ શબ્દોનું વ્યાખ્યાન પહેલાંની (શ્લો. ૧૮માં કર્યું તેની) પેઠે છે. આવું જે (જ્ઞાન) ભગવાને તેમને કહ્યું તે તમે 'નઃ' અમને કહેવા યોગ્ય છો. એવો (વાક્યનો) અન્વય છે. ''વ્યાસ વિગેરે ઘણાએ જ્ઞાનીઓ છે, મનેજ શામાટે એમ પ્રાર્થના કરે છે ?'' એવી શંકા થાય, તેથી આ (જ્ઞાન) કોઈપણ જાણતું નથી એવાં (પ્રાર્થના કરવાનાં) કારણ બનેલ 'યોગેશ્વર ઈશ્વરે' એ બે શબ્દો કહેલા છે. સાધનથી (યોગેશ્વર) અને સ્વરૂપથી (ઈશ્વર) જે સર્વના ઈશ્વર છે, તેમણેજ તમને એવા પ્રકારથી કહેલું છે, તે ઘણું દુર્લભ છે, કારણકે વ્યાસ વિગેરે ઈશ્વર નથી. અનિરુદ્ધ વિગેરે નવ યોગેશ્વરો છે (તે) બંને

સ્થિતિનો આશ્રય કરીનેજ જેનો ભગવાને તમને ઉપદેશ કરેલો છે, તેથી આ (જ્ઞાન) અવશ્ય કહો, એવો તે (અર્થ) 'તમે અમને કહેવા યોગ્ય છો' શબ્દોથી કહેલો છે. જેવા ભગવાન્ તેવા તમે, જેવા તમે તેવો[1] હું. તેથી જેમ તેવો (ભગવાનનો અને તમારો) સંબંધ થતાં ભગવાને ન કહેવા જેવું (જ્ઞાન) પણ તમને કહ્યું, તેમ તમે પણ (મને) કહો, એવો અર્થ છે.

'ભગવાન્ ભક્તોના ઉદ્ધાર માટેજ પ્રયાસ કરે છે અને સ્વતંત્ર છે તેથી તે ભલે ઉપદેશ કરે. મારાથી તો તે કેમ થઈ શકે ?' એવો પ્રશ્ન થાય, તેથી '(વિષ્ણુના) સેવકો પોતાના સેવકો માટે કાર્ય કરતાં વિચરે છે' શબ્દો કહેલા છે. 'યત્' કારણ કે સેવકોમાં સ્વામીની સમાન ગુણો હોવાથી વિષ્ણુના સેવકો-જેમ સ્વામી સેવકોનો ઉદ્ધાર કરનારા છે એવી રીતે-સેવકો પણ પોતાના સેવકો માટેજ કાર્ય છે જેમનાં, તેવાજ થઈને પોતાના સેવકોને શોધવા વિચરે છે. તેમ ન હોય તો (તેઓ) ભગવદીય હોવાથીજ કૃતાર્થ થએલા હોઈ, શામાટે તેમ સર્વ તરફ ભમ્યા કરે ? ભગવાનનું સ્મરણ થવાથી વિદુરના મનમાં એમ સૂઝેલું છે કે ભગવાને જ્ઞાનનો ઉપદેશ કરવાજ ઉદ્ધવનું મુસલથી રક્ષણ કરેલું છે. તેથી ભગવાનની આજ્ઞાથી જ ત્યાં આવતાં (આવેલા) ઉદ્ધવને પણ 'પોતાના સેવકો માટે કાર્ય કરતાં વિચરે છે' એમ તેણે કહ્યું. ૨૫.

૧. જેવા ભગવાન્ ઉપદેશ કરનાર હતા તેવા તમે ઉપદેશ કરનાર, અને જેવા તમે જ્ઞાન ગ્રહણ કરનાર હતા તેવો હું છું, એવો અર્થ છે.

વિદુરે કહેલા અભિપ્રાયને સ્વીકારીને, સામાન્ય નિયમ આ (વિદુરે કહ્યો તે)જ છે એમ વિચારીને, ભગવાનનાં વચનનું પાલન થાય તેમાટે નીચેના શ્લોકમાં જૂદા આરંભથી (ઉદ્ધવ તેને) સૂચના આપે છેઃ

॥ ઉદ્ધવ ઉવાચ ॥

**નનુ તે તત્ત્વસંરાધ્ય ઋષિઃ કૌષારવોઽન્તિ મે ॥**
**સાક્ષાદ્ભગવતાદિષ્ટો મર્ત્યલોકં જિહાસતા ॥૨૬॥**

તમારે તત્ત્વજ્ઞાન માટે ખરેખર કૌષારવ ઋષિનું આરાધન કરવું. મર્ત્યલોકને તજવા ઈચ્છતાં સાક્ષાત્ ભગવાને (તેમને) મારી સમીપ આજ્ઞા કરેલી છે. ૨૬.

ભગવાને તત્ત્વનો ઉપદેશ તો (મને) કરેલોજ છે. 'આચાર્યવાળો પુરુષ જાણે છે' એ શાસ્ત્રની આજ્ઞાનું માત્ર પાલન થાય તે માટે જો કોઈ ગુરુ (તમારે) સેવા કરવા યોગ્ય હોય, તો ભગવાનેજ આજ્ઞા કરેલ 'કૌષારવઃ' મૈત્રેયનું તમારે તત્ત્વજ્ઞાન (પ્રાપ્ત કરવા) માટે આરાધન કરવું; કારણકે તે ઋષિ છે. ભગવદીય હોવા ઉપરાંત ઋષિપણું તેમનામાં અધિક છે, એવો અર્થ છે. વળી ભગવાને (તેમને) આજ્ઞા કરેલી હોવાથી તે અવશ્ય તમને (તત્ત્વજ્ઞાન) કહેશે, તે (અર્થ) 'સાક્ષાત્ ભગવાને આજ્ઞા કરેલી છે'

શબ્દોથી કહેલો છે. તેવા સમયે આજ્ઞા કરેલી છે કે જ્યારે સંદેહ અથવા ફરી પ્રશ્ન કરવાપણું ઘટતું જ ન હતું, તે (અર્થ) 'મર્ત્યલોકને તજવા ઈચ્છતાં' શબ્દોથી કહેલો છે. હવે પછી આ લોકમાં રહીને જો તેમની આજ્ઞા પ્રમાણે ન કરે, તો તે પણ લોકની પેઠે ત્યાગ કરવા યોગ્યજ થાય. તેથી બધાનો ત્યાગ કરતાં, ભગવાને તેનો સ્વીકાર કરી, 'ઉદ્ધવને ઉપદેશ કરજે' એમ (તેને) કહ્યું. તેથી તે (તમને) સંપૂર્ણ રીતે ઉપદેશ કરશે. વળી ભગવાનની આજ્ઞા પ્રમાણે તમારે અને મારે પણ કરવું જોઈએ. તેથી તમે ત્યાં જાઓ, એવો અર્થ છે. ૨૬.

પ્રસંગને લીધે બીજી કથા કહેવા માટે, નીચેના શ્લોકમાં ઉપસંહારના બાનાથી વિદુરને એ પ્રમાણે કહીને તે (ઉદ્ધવ) ગયો, એમ કહે છેઃ

॥ શ્રીશુક ઉવાચ ॥

**ઈતિ સહ વિદુરેણ વિશ્વમૂર્તેર્ગુણકથયા સુધયાऽऽપ્લુતોરુતાપઃ ॥**
**ક્ષણમિવ પુલિને યમસ્વસુસ્તાં સમુષિત ઔપગવિર્નિશાં તતોऽગાત્ ॥૨૭॥**

એવી વિદુર સાથેની વિશ્વ જેમના દેહમાં છે તેવા (ભગવાન)ના ગુણોની કથારૂપ અમૃતથી જેનો ઘણો તાપ સર્વ તરફથી ડૂબી ગયો હતો તેવો ઔપગવિ યમની બેનના કિનારા ઉપર તે રાત ક્ષણની પેઠે સારીરીતે રહીને ત્યાંથી ગયો. ૨૭.

સંધ્યાકાલે યમુનાના કિનારા ઉપર જોવામાં આવેલા ઉદ્ધવે પ્રાતઃકાલ સુધી જે જે પ્રકારે જે સમયે ભગવાને પુષ્ટિ વિગેરે (પ્રકારની) લીલાથી પોતાના ઉપર કૃપા કરેલી–તે ભગવાનની કથા જ કહી. એ રીતે વિદુર પણ ઉદ્ધવને ભગવાનની કૃપાની કથા કહેતો હતો તે અર્થ 'વિદુર સાથેની...' શબ્દોથી કહેલો છે. 'એવી' શબ્દથી ઉપસંહાર (જણાવેલો છે). 'પ્રસંગને લીધે બીજી કથા પણ તે બે કહેતા હશે' એવી શંકા થાય, તેથી તેમ થયું ન હતું એમ જણાવવા 'વિશ્વ જેમના દેહમાં છે તેવા' વિશેષણ કહેલું છે. વિશ્વ જ છે દેહમાં જેમના તેવા ભગવાન્ છે. અથવા ભગવાનની અનંત મૂર્તિઓ છે, તેથી પ્રસંગને લીધે કહેલી કથા પણ ભગવાનના સંબંધવાળીજ હતી. તેથી અનંત ગુણોવાળા તે (ભગવાન્)નું સર્વથી ઉત્તમપણું સિદ્ધ કરનારા જે ગુણો, તેમની કથાથીજ બંનેના ભૂખ, તરસ, શ્રમ વિગેરે, બધા તાપ જતા રહ્યા.

ભૂખ તરસ વિગેરે (દોષો) કથાથી કેમ જાય ? કારણકે દોષો સ્વાભાવિક છે અને કથા તેમને દૂર કરનારી તરીકે લોકમાં પ્રસિદ્ધ ન હોવાથી સ્વાભાવિક નથી. તેથી 'કથા (તેમને) કેવી રીતે દૂર કરે ?' એવી શંકા થાય, તેથી 'અમૃતથી' શબ્દ કહેલો છે. (કથાથી દોષો દૂર થાય), કારણ કે તે અમૃતરૂપ છે. અમૃત તેવું (દોષો દૂર કરનારું) છે એવું લોકમાં પ્રસિદ્ધ છે. તે કાલથી થતાં ઘડપણ, મરણ વિગેરેને પણ દૂર કરે છે, તો પછી કાલને વશ રહેનાર કર્મ તથા સ્વભાવે કરેલા (દોષો)ને દૂર કરે તેમાં કહેવું જ શું ?

વળી થોડાં પણ કથારૂપ અમૃતથી લોક અમર થાય છે. અહિં તો અમૃતનું મોટું પૂર આવેલું, જેનાથી 'આ' સર્વ તરફથી 'પ્લુતઃ' ડૂબી ગયો હતો 'ઉરુતાપઃ' ઘણો તાપ જેનો તેવો ('ઔપગવિ' એટલે ઉદ્ધવ) થયો. તેથીજ (તે રાત) 'ક્ષણની પેઠે (રહીને)' શબ્દોથી એમ કહેલું છે કે કાલનું પણ તેને ભાન રહેલું નહિ. 'યમની બેનના કિનારા ઉપર' શબ્દોથી એમ કહેલું છે કે દેશથી થતો દોષ પણ તેને સ્ફૂર્યો નહિ, કારણ કે યમની બેન કાલિંદીનો મઘર વિગેરે સર્વ દુષ્ટ જંતુઓએ આશ્રય કરેલો (હોવાથી), તેનાં કિનારા ઉપર રાત્રે બધા દોષો (થવાનું) સંભવે, તે પણ (તેને) સ્ફૂર્યા નહિ. તેથી જ તે તે રાત (ત્યાં) સારી રીતે રહ્યો.

ઉંઘથી પીડાતાએ વાર્તા કેવી રીતે કરી ? એવી શંકા થાય, તેથી 'ઔપગવિ' શબ્દ કહેલો છે. 'ઉપગુ'નો પુત્ર ઔપગવ, તેનો પુત્ર ઔપગવિ. અથવા 'ગોત્રમાં (પુત્રપણું દર્શાવનાર પ્રત્યય) એકજ હોય છે' (પાણિનિ ૪।૧।૯૩) એવો આગ્રહ હોય તો ('ઉપગુ' શબ્દ) બાહુ આદિ ગણનો હોવાથી (પાણિનિ ૪।૫।૯૬ પ્રમાણે) 'ઈ' જ લાગેલ[૧] છે. 'ઉપ' નજીકમાં છે (ગો) ગાયો જેની તે ઉપગુ, ગાયોનું રક્ષણ કરનારો હોવાથી રાત્રે જાગવાના અભ્યાસવાળો હતો, અને તેનો આ પુત્ર હોવાથી તેવાજ સ્વભાવનો હતો. તેથી તે રાત્રિ વાર્તા કરતોજ રહ્યો. પ્રાતઃકાલે તે કિનારેથી બદરિકાશ્રમ ગયો, એવો અર્થ છે, ભગવાનનો વિયોગ હોવા છતાં ભગવાનની કથા કરતોજ રહ્યો, તેથી સારી રીતે રહ્યો. સિદ્ધાંત એવો છે કે જ્યાં બીજો વિષય ન થતાં ભગવાનની કથાથીજ (સમય) જાય તેજ નિવાસ ઉત્તમ છે. ૨૭.

૧. ઉપગુ+ઈ=ઔપગવ્+ઈ=ઔપગવિ. આ અર્થ પ્રમાણે ઉપગુનો પુત્ર તે ઔપગવિ.

નીચેના શ્લોકથી આરંભી છ શ્લોકોથી ઉલટી બુદ્ધિ[૧] અને માયા (સ્વપ્ન)ને ભેગા કરી પ્રશ્ન અને ઉત્તરના રૂપથી જણાવે છેઃ

।। રાજોવાચ ।।

**નિધનમુપગતેષુ વૃષ્ણિભોજેષ્વધિરથયૂથપયૂથપેષુ મુખ્યઃ ।।**
**સ તુ કથમવશિષ્ટ ઉદ્ધવો યદ્ધરિરપિ તત્યાજ આકૃતિં ત્ર્યધીશઃ ।।૨૮।।**

વૃષ્ણિઓ અને ભોજો મરણ પામ્યા ત્યારે અધિરથીઓના સેનાપતિઓનાં સૈન્યનું રક્ષણ કરનારાઓમાં મુખ્ય તે ઉદ્ધવ કેમ બાકી રહ્યો ? કારણકે ત્રણના સ્વામીએ હરિએ પણ આકૃતિનો ત્યાગ કર્યો ?

**વિપર્યયઃ પ્રશ્ન એવ માયા સિદ્ધાન્તગોપને ।।૯।।**
**સિદ્ધાન્તકથનેઽપ્યસ્ય બુદ્ધિઃ પર્યવસાનગા ।।**

પ્રશ્નમાંજ ઉંધી બુદ્ધિ છે. સિદ્ધાંત છૂપાવવામાં માયા છે. સિદ્ધાંત કહેવામાં આવેલ હોવા છતાં આ (પરીક્ષિત)ની બુદ્ધિ પરિણામમાં[૨] ગઈ. કા. ૯ ૧/૨.

બધી કથા શુક રાજાને કહેશે એવો સિદ્ધાંત હોવાથી, સાત અર્થવાળી[3] (કથા) રાજા સમજ્યો નહિ. તેમજ આ શબ્દો પણ સમજ્યો નહિ, પરંતુ બીજા શબ્દોથી અને આ શબ્દોથી બની શક્યું તેટલી કથાજ (તેણે) સાંભળી. તેથી આને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન નહિ હોવાથી, આ પ્રકારનો પ્રશ્ન (કરે તે) યોગ્યજ છે; કારણ કે તે એમ માનતો હતો કે જેમ પોતાનું તક્ષકથી (મૃત્યુ થવાનું છે), તેમ આ બધું (બધાનું મૃત્યુ) શાપથીજ થયું. તેથી આ શ્લોકથી પ્રશ્ન કરે છે. છ (પ્રકારના)નું સાત્ત્વિકપણું વિગેરે જણાવવા 'વૃષ્ણિઓ અને ભોજો' એમ બહુવચનના[4] પ્રત્યયોવાળા બે શબ્દો કહ્યા. એ છ (પ્રકારના) યાદવો 'નિધનં' મરણ પામ્યા. 'વૃષ્ણિઓ અને ભોજો મરણ પામ્યા ત્યારે ઉદ્ધવ કેમ બાકી રહ્યો ?' એવો પ્રશ્ન છે.

''નમાલા ઘણાએ હોય છે, અને શાપ મુખ્યોને લાગુ પડે છે. તેથીજ 'સ્ત્રીઓ, બાલકો અને વૃદ્ધો' (૧૧|૩૦|૬) એવું ભગવાનનું વચન છે. તેવી રીતે આ (ઉદ્ધવ) પણ સન્યાસી હોવાથી બાકી રહ્યો'' એવી શંકા થાય, તેથી 'અધિરથીઓના સેનાપતિઓનાં સૈન્યનું રક્ષણ કરવામાં મુખ્ય' એ વિશેષણ કહેલું છે. અધિરથીઓના મુખ્ય પ્રધાન જેવા સેનાપતિઓ, તેઓનાં સૈન્યનું રક્ષણ કરનારા જરાસંધ વિગેરે મહારાજાઓ (હોય છે), કારણકે ક્ષત્રિયોની સરસાઈ અધિક બલને લીધેજ હોય છે. તે (મહારાજા)ઓમાં પણ મુખ્ય એટલે ઘણોજ બલવાન, એવો અર્થ છે. તેથી તે કેમ બાકી રહ્યો ? કારણકે નામથી પણ તે તેવો છે એમ 'કારણકે ઉદ્ધવ' શબ્દોથી કહેલ છે કારણકે 'ઊર્ધ્વમ્' ઉપરથી છે 'હવઃ' યુદ્ધ જેનું (તે) ઉદ્ધવ. બધા કરતાં તેનું યુદ્ધ ઉપરથી થતું. (ઉદ્ધવનો) 'ઉત્સવ' અર્થ લઈએ તોપણ ક્ષત્રિયોને યુદ્ધથીજ ઉત્સવ થાય છે.

'આ (શાપ યાદવોના) ઘણા ભાગને લાગુ પાડનારો હતો' એમ કહો, તો તેમ હોય તો શાપ વ્યર્થ થાય. 'ઉદ્ધતોને લાગુ પડતો હતો' એમ કહો, તો 'હરિએ પણ (આકૃતિનો ત્યાગ કર્યો)' એમ કહેલું છે, જેમનામાં (હરિમાં) ઉદ્ધતપણું હોવાનો શક પણ નથી. (હરિએ) યાદવની આકૃતિનો (ત્યાગ કર્યો). જેમ માણસ અને વાનર વિગેરે એક અન્નથી ઉત્પન્ન થએલાં બીજ હોવા છતાં પહેલાનાં બીજની પરંપરા પડવાથી (તેમની) જાતિમાંજ ભેદ થાય છે, તેમ બ્રાહ્મણ અને ક્ષત્રિયની, તથા યાદવ અને અયાદવની (જાતિમાંજ) ભેદ હોય છે. તેથી યાદવોમાં કોઈક ગુણ છે કે જેનાથી તેઓ (યાદવો છે એમ) ઓળખાય છે. તે (ગુણ) દૂર થાય તે માટેજ શાપ (થએલો). તેથી (પોતે) યાદવ છે એમ પ્રસિદ્ધ કરવા ભગવાને (પોતાનાં) સ્વરૂપમાં તે ગુણ દેખાડેલો, તેજ 'આકૃતિ' શબ્દથી કહેલો છે. તેનો (તેમણે) ત્યાગ કર્યો એવી

પોતાની[5] બુદ્ધિ (માન્યતા) હતી. ત્રણના સ્વામી, એટલે ત્રણ ગુણોના સ્વામી, બધું ફેરવી નાખવાની શક્તિવાળા (ભગવાન્ છે). તેવા હોવા છતાં તેમણે શાપને ફેરવ્યો નહિ, એવો અર્થ છે. ૨૮.

૧. સ્કંધના અર્થનો વિચાર કરતાં આગળ કયા પ્રકારની બુદ્ધિ કહેલી છે તે જણાવવા આ કહેલ છે. (પ્ર)

૨. પરીક્ષિતનો જોઈએ તેવો અધિકાર નહિ હોવાથી, માયાને સિદ્ધાંત છૂપાવતા, શુકે સિદ્ધાંત કહેલો હોવા છતાં, પણ, વિદુરે પૂછેલા ભગવાનના ચરિત્રમાંજ તેની ઉંધી બુદ્ધિ થઈ. તેથી તેને મરણ થયાનું સૂઝયું (પ્ર) આ શ્લોકના પ્રશ્નથી રાજાને ઉંધી બુદ્ધિ થઈ છે, એટલે ભગવાનનું સ્વરૂપ તે સમજ્યો નથી એમ જણાય છે. તેથી હવે શુક સિદ્ધાંત છૂપાવી માયાથી તેને ઉત્તર આપે છે. તેને બધો સિદ્ધાંત શુકના કહેવાથી સમજાશે. ( વિદુર અને મૈત્રેયના સંવાદથી સમજાશે નહિ એવો સિદ્ધાંત હોવાનું જણાય છે ).

૩. ભગવાન્ (૧) સ્પૃહાવિનાના, (૨) ભવરહિત (૩) કાલાત્મા (૪) આત્મામાં રમણ કરનારા (૫) સદા પોતાથી થતા તીક્ષ્ણ અને એકધારા જ્ઞાનવાળા (૬) સાવધાન અને (૭) દેવ છે એ સાત અર્થવાળી કથા. (પ્ર)

૪. સંસ્કૃતમાં ઓછામાં ઓછા ત્રણ હોય ત્યારે બહુવચનનો પ્રયોગ થાય છે.

૫. 'પોતાની' એટલે પરિક્ષિતની. (પ્ર)

તેની બુદ્ધિનેજ અનુસરીને, તે બુદ્ધિનું લોકમાં સ્થાપન કરવા ભગવાનની પેઠે શુક નીચેના શ્લોકોથી તેનું જૂદા પ્રકારે સમાધાન કરે છેઃ

।। શ્રીશુક ઉવાચ ।।

**બ્રહ્મશાપાપદેશેન કાલેનામોઘવાઞ્છિતઃ ।।**
**સંહૃત્ય સ્વકુલં નૂનં ત્યક્ષ્યન્ દેહમચિન્તયત્ ।।૨૯।।**
**અસ્માલ્લોકાદુપરતે મયિ જ્ઞાનં મદાશ્રયમ્ ।।**
**અર્હત્યુદ્ધવ એવાદ્ધા સમ્પ્રત્યાત્મવતાં વરઃ ।।૩૦।।**
**નોદ્ધવોઽણ્વપિ મન્ન્યૂનો યદ્ગુણૈર્નાર્દિતઃ પ્રભુઃ ।।**
**અતો મદ્વયુનં લોકે ગ્રાહયન્નિહ તિષ્ઠતુ ।।૩૧।।**

જેમની ઈચ્છા ખોટી થતી નથી તેવા (ભગવાને) બ્રાહ્મણના શાપના વેષવાળા કાલથી પોતાના કુલનો સંહાર કરીને, ખરેખર દેહ ત્યાગ કરતાં વિચાર કર્યો કેઃ 'હું આ લોકમાં કાર્ય કરતો બંધ થઈશ ત્યારે ખરેખર ઉદ્ધવજ આ સમયે સંયમીઓમાં ઉત્તમ હોવાથી મારામાં રહેલું જ્ઞાન (પ્રાપ્ત કરવા) યોગ્ય છે. ઉદ્ધવ મારાથી જરાએ ન્યૂન નથી, કારણકે ગુણોથી પીડાતો નથી (અને) સમર્થ છે. તેથી લોકને મારું જ્ઞાન આપતાં તે ભલે અહિં રહે'. ૨૯।૩૦।૩૧.

બ્રાહ્મણોનો શાપ એ માત્ર ખોટો વેષ હતો, પરંતુ પોતાની આજ્ઞા પ્રમાણે

વર્તનાર કાલથી (પોતાના) બધા કુલનો સંહાર કરીને (વિચાર કર્યો). (કાલને કરેલી) આજ્ઞા પણ (ભગવાને પોતાની) ઈચ્છાથીજ કરેલી. પછી પોતેજ બધાએ લોકનો ત્યાગ કરતાં, બીજની સ્થિતિથી પ્રવેશ કરતાં[1] એ (જે) પ્રમાણે વિચાર કર્યો તે ત્રીસમા તથા એકત્રીસમા શ્લોકથી કહે છે. ''મારે જરૂર આ લોકનો ત્યાગ કરવાનો છે. તેમાં (મારા) પાંચ ગુણોનું કાર્ય થએલ હોવાથી, જ્ઞાનનું કાર્ય (થવું) બાકી રહે છે. તે તો માત્ર ગ્રંથોથી નથી થતું, કારણકે તેમાં નવા સંદેહો દૂર કરેલા ન હોય. તેથી તે (જ્ઞાન)ની પ્રવૃત્તિ કરાવનાર કોઈક પુરુષે (અહિં) રહેવું જોઈએ. મારામાં અનંત ગુણો હોવા છતાં, તે વિષયમાં (એટલે) જ્ઞાનનો પ્રચાર કરવાનો હોય ત્યારે હું અથવા ઉદ્ધવ (તેનો) પ્રચાર કરવાની શક્તિવાળા છીએ, કારણકે તે જ્ઞાન મારા સંબંધનુંજ છે; કેમકે મને બીજો કોઈ જાણતો નથી. હું જાણું અથવા 'ભક્તિથી મને જાણે છે' એ વાક્ય પ્રમાણે પૂર્ણ જ્ઞાનવાળો ભક્ત જાણે. તેથી ઉદ્ધવને પૂર્ણ જ્ઞાનવાળો ભક્ત જાણીને (ભગવાને) પોતાનાં સ્થાને તેને મૂક્યો.

''વળી તે જ્ઞાન મારામાં રહેલું છે, મારોજ આશ્રય કરીને રહે છે, કારણકે 'ભગ' શબ્દથી જણાતા ગુણોમાં (તેનો) સમાવેશ થાય છે. શબ્દના આધારથી રહેલું જ્ઞાન તો વાક્ય સાંભળવાથી બધાએ અધિકારીઓને થાય છે, આ તો હુંજ હૃદયમાં રહું ત્યારે મારા સંગથી આવે છે. નારદ વિગેરે પણ શાસ્ત્રના આધારવાળાં જ્ઞાનનેજ ધારણ કરે છે. આ તો પુષ્ટિરૂપ જ્ઞાન છે. હું તો (મારા) પોતામાં અથવા ભક્તમાં રહું છું, તેથી ઉત્તમ ભક્ત હોવાથી ઉદ્ધવજ સ્પષ્ટ રીતે (તે ગ્રહણ કરવા) યોગ્ય છે''.

''બીજા પણ જ્ઞાની અને ભક્ત છે. આ (ઉદ્ધવ)માં શું ઉત્તમ છે ?'' એવી શંકા થાય, તેથી 'આ સમયે સંયમીઓમાં ઉત્તમ' વિશેષણ કહેલું છે. 'હાલમાં મારું જ્ઞાન ધારણ કરનારો કોઈ પણ નથી. આમાં (મારું જ્ઞાન ધારણ કરવામાં) ત્રણ સહાયક (ગુણો)ની જરુર છે. (૧) જ્ઞાન (૨) ભક્તિ અને (૩) ઘણું જીતેન્દ્રિયપણું. તે ત્રણ કોઈનામાં પણ નથી. એક અથવા બે (હોય તો તે)થી આ જ્ઞાન રહેતું નથી. વળી આ કાલે બધાઓને સંયમરહિતજ કરેલા છે. તેથી આ સમયે ઉદ્ધવજ સંયમીઓમાં ઉત્તમ છે'.

વળી ઉદ્ધવ મારાથી જરાએ ન્યૂન નથી. જ્ઞાનના આધારરૂપ થવા માટે જે ગુણોની જરૂર છે તે મારામાંજ છે. ઉદ્ધવમાં પણ બધા સર્વ પ્રકારથી છે. તેથી તે 'મારાથી જરાએ ન્યૂન નથી'. તેનું પ્રમાણ 'કારણકે ગુણોથી પીડાતો નથી' શબ્દોથી કહેલું છે. 'જેને ગુણોથી ખળભળાટ ન થાય તેજ મારા જ્ઞાનનો અધિકારી છે', કારણકે ગુણો ઘણા પ્રકારે હૃદયમાં ખળભળાટ ઉત્પન્ન કરે છે. વધારે કહેવાનું શું

પ્રયોજન ? બ્રહ્મા પણ તેમનાથી થતા ખળભળાટ વગરના નથી. તેથી આજ ગુણોથી પીડાએલો નથી'. તેનું કારણ 'સમર્થ' વિશેષણથી કહેલું છે. 'પ્રભુઃ' એટલે સમર્થ, સ્વભાવને વશ રાખનાર તેજ 'શૂર' કહેવાય છે, કારણકે લોકમાં શૂર (હોય તે)જ સમર્થ થાય છે. તેમ આ શાસ્ત્રમાં જે સ્વભાવને એવી રીતે જીતે છે, તે જ સમર્થ છે, અને ઉદ્ધવ તેવો છે. (તે) ક્ષત્રિય, શૂર, સગો, કાકો હોવા છતાં નીચથી પણ નીચ સ્થિતિવાળો થઈનેજ (મારી) સેવા કરે છે. આ જ સ્વભાવ ઉપરનો વિજય છે. ભગવાને આનેજ સમર્થપણું માનેલું છે. તેથી 'મારુ 'વયુનં' જ્ઞાન, અધિકારી લોકને આપતાં, અને ભક્તિ તથા જ્ઞાનના ઉપદેશથી સંયમીપણું શીખવતાં તે ભલે અહિં રહે' એમ ભગવાને વિચાર્યું, એવો વાક્યનો સંબંધ છે. ૩૧.

૧. 'પ્રવેશ કરતાં' એટલે 'અધિકારીની બુદ્ધિમાં પ્રવેશ કરતાં'. (પ્ર)

પછી ભગવાને આજ્ઞા કરેલા (ઉદ્ધવે), તેમ (ભગવાનની આજ્ઞા પ્રમાણે) જ કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવં ત્રિલોકગુરુણા સંદિષ્ટઃ શબ્દયોનિના ।।**
**બદર્યાશ્રમમાસાદ્ય હરિમીજે સમાધિના ।।૩૨।।**

વેદ રચનાર ત્રણ લોકના ગુરુએ એ પ્રમાણે આજ્ઞા કરેલા (ઉદ્ધવે) બદરી આશ્રમ જઈને હરિનું સમાધિથી પૂજન કર્યું. ૩૨.

એવીજ રીતે જ્ઞાનનો બોધ કરીને 'તું રહે' એવી (હરિએ) આજ્ઞા કરેલા (ઉદ્ધવે), ગુરુઓની આજ્ઞામાં વિચાર કરવો યોગ્ય નહિ હોવાથી આ (કાર્ય) મારાથી થઈ શકે તેવું નથી એમ જાણ્યા છતાં, જગદ્‌ગુરુની આજ્ઞા પોતાની શક્તિ પ્રમાણે પાળવી જોઈએ તેથી, તે (આજ્ઞા) પ્રમાણે કર્યું.

'બધાએ અધિકારી નથી એમ જાણવા છતાં, ભગવાનેજ ઉદ્ધવને કેમ એવી રીતે (અહિં) રાખ્યો ?' એવી શંકા થાય, તેથી 'વેદ રચનાર' વિશેષણ કહેલું છે; કારણકે તે વેદ રચનાર (ભગવાન્) બધાના અધિકાર પ્રમાણે (તેમને) શબ્દોના અર્થ જણાવે છે. જેનામાં તેના અધિકાર પ્રમાણે પોતે આવેશ કરે છે, તે જ (તેવો) અધિકારી થાય છે, તેથી આ (ભગવાન)ને (કોઈ) અધિકારી અથવા ન અધિકારી હોવાનો કોઈપણ વિચાર હોતો નથી 'પ્રજાપતિએ પોતાની ચરબી ખેંચી કાઢી' વાક્યથી આરંભ કરી 'તે આ પ્રજાપતિનો બનેલો બોકડો પ્રાપ્ત કરે છે' એમ કહેલું છે, આવો બોકડો કોઈથી પણ ઉત્પન્ન કરી શકાતો નથી, છતાં પણ સર્વ પ્રકારથી ક્રીડા કરતાં, આ (અમુક) કર્મમાં જેને યજમાન કરીને ક્રીડા કરવાની (ભગવાન્) ઈચ્છા કરે છે, (તેમાં) પોતાનો પ્રવેશ કરીને તેનેજ તેવો કરે છે. તેથી અહિં પણ (ઉદ્ધવને) વેદ રચનારે આજ્ઞા કરેલી હોવાથી, બદરિકાશ્રમમાં જઈને, ભગવાને કહેલું કાર્ય સિદ્ધ થાય

તેમાટે બીજું સાધન પ્રાપ્ત ન થતાં, સર્વનાં દુઃખ હરનાર ભગવાન્ પોતાનાં મનનાં દુઃખને પણ દૂર કરશે એવા વિચારથી, તેણે સમાધિથી તેમનું પૂજન કર્યું. તેથી તે ભગવાનની આજ્ઞાથી (અહિં) રહેલો હોવાથી શાપ[1] વિગેરે (તેને) નડતા ન હતા, તેમજ (તેનું કાર્ય) સિદ્ધ કરાવતા ન હતા. વાસ્તવિક રીતે યાદવની સ્થિતિનો ત્યાગ પણ થયો ન હતો, કારણકે હજી પણ ભગવાન્ યાદવ છે, કારણકે ભક્તોને તેવોજ અનુભવ થાય છે. લીલામાં પણ (ભગવાન્) પોતાની ઈચ્છાથીજ લોકની દૃષ્ટિમાં તેવા (યાદવ) જણાય છે. ૬૨.

૧. શાપ તેને રહેવામાં નડ્યો નહિ, તેમ કાલે તેને રહેવાનું કરાવેલ નહિ, એવો અર્થ છે. (પ્ર) શાપ, કાલ વિગેરે (ભગવાનની ઈચ્છા સિવાય બીજું) કોઈ અહિં રહેવામાં નડ્યું નહિ કે અહિં રહેવાનું કરાવી શક્યું નહિ, એવો અર્થ હોવાનું જણાય છે.

એ રીતે પ્રસંગથી પ્રાપ્ત થએલી કથા પડતી મૂકી ચાલુ (કથા) કહે છેઃ

**વિદુરોઽપ્યુદ્ધવાચ્છ્રુત્વા કૃષ્ણસ્ય પરમાત્મનઃ ।।**
**ક્રીડયોપાત્તદેહસ્ય કર્માણિ શ્લાઘિતાનિ ચ ।।૩૩।।**
**દેહન્યાસં ચ તસ્યૈવં ધીરાણાં ધૈર્યવર્ધનમ્ ।।**
**અન્યેષાં દુષ્કરતમં પશૂનાં વિક્લવાત્મનામ્ ।।૩૪।।**
**આત્માનં ચ કુરુશ્રેષ્ઠ કૃષ્ણેન મનસા ધૃતમ્ ।।**
**ધ્યાયન્ ગતે ભાગવતે રુરોદ પ્રેમવિહ્વલઃ ।।૩૫।।**
**કાલિન્દ્યાઃ કતિભિઃ સિદ્ધ અહોભિર્ભરતર્ષભ ।।**
**પ્રાપદ્યત સ્વઃસરિતં યત્ર મિત્રાસુતો મુનિઃ ।।૩૬।।**

ક્રીડાથી ધારણ કરેલ દેહવાળા પરમાત્મા શ્રીકૃષ્ણના પ્રશંસા પામેલા કર્મો, અને ધીર (પુરુષો)નાં ધૈર્યને વધારનાર તથા બીજા પશુઓ અને ભયભીત અંતઃકરણવાળાઓથી થઈ ન શકે તેવો તેમનો એ પ્રકારનો દેહનો ત્યાગ, અને હે ઉત્તમ કૌરવ ! પોતાને શ્રીકૃષ્ણે મનમાં રાખેલ તે, ઉદ્ધવ પાસેથી સાંભળીને, (શ્રીકૃષ્ણે મનમાં રાખેલ તેવા) પોતાનો વિચાર કરતાં, વિદુર પણ ભક્ત (ઉદ્ધવ) જતાં પ્રેમને લીધે આકુલ થઈ રડ્યો; અને હે ઉત્તમ ભારત ! કેટલાક દિવસે સિદ્ધ થઈ કાલિંદીથી જ્યાં મિત્રાનો પુત્ર મુનિ હતો ત્યાં દેવનદીએ ઉત્તમ પ્રકારે ગયો. ૩૩થી૩૬.

સિદ્ધાંત કહેલો નહિ હોવાથી, ઉંધા જ્ઞાનનો અને માયાનો સંબંધ તેને (વિદુરને) પણ થએલો છે. તેથી તેના[1] બાકીના ભાગ તરીકે વિદુરની પણ કથા કહેવામાં આવે છે. તેથીજ ભવિષ્યમાં 'આપણા બધાનો આ તે ભગવાન્ કાલ આવેલ છે' (૧।૧૩।૧૮) એમ વિદુર ખોટું કહેશે. જેમ ઉદ્ધવ બદરિકાશ્રમ ગયો, એવી રીતે વિદુર પણ 'દેવનદીએ ગયો' એવો (વાક્યનો) સંબંધ છે. વચ્ચે (દેવનદીએ જતાં

પહેલાં) પોતાને યથાર્થ જ્ઞાન થયું નથી એમ જણાવવા, ભક્ત ઉદ્ધવ ગયો, ત્યારે વિદુર પોતે પ્રેમને લીધે આકુલ થઈ રડ્યો, અને રડવાનાં કારણો ૧.ભગવાનનાં ચરિત્રનું શ્રવણ ૨.ભગવાનની મોહ કરાવનારી લીલાનું શ્રવણ અને ૩.ભક્તો ઉપર ભગવાનની કૃપાનું શ્રવણ (હતાં). આ (ત્રીજું) સાત્ત્વિક છે. પહેલું રાજસ છે. તેથી ત્રણે (કારણો)થી ત્રણ પ્રકારનો પ્રેમ બહાર નીકળવાથી રડવું (આવ્યું). ઉદ્ધવના મુખથી (આ કથા) સાંભળેલ હોવાથી (તે) ખોટી હોવાની શંકા ન હતી.

વળી '(પરમાત્મા) શ્રીકૃષ્ણના (કર્મો)... વિગેરે' શબ્દોથી લોકની પ્રસિદ્ધિ પ્રમાણે પદાર્થોનું નિરૂપણ કરે છે. ચરિત્રો ભક્તિ ઉત્પન્ન કરનારાં છે એમ જણાવવા 'પરમાત્મા' શબ્દથી સ્વરૂપનું માહાત્મ્ય કહેલું છે. વિદુરના અધિકાર પ્રમાણે એમ કહેલું છે, કારણકે સ્મરણ પ્રમાણેજ તેને ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન હતું. પરમાત્મા એટલે પુરુષોત્તમ. આત્મા હોઈ તે જ સર્વથી ઉત્તમ છે. લોકની માન્યતા પ્રમાણે ચિંતામણિ વિગેરે ઉત્તમ હોવા છતાં આત્મા નથી, તેમજ જીવ ઉત્તમ નથી. તેથી (ઉત્તમ અને આત્માએ) બંને પ્રકારથી ભગવાનજ જાણવામાં આવતા હોવાથી, તે પ્રમાણે કહેલું છે. (ભગવાને) ક્રીડાથી બાલક નટની પેઠે મનુષ્યનો કપટથી વેષ ધારણ કરેલો, તે જ 'ધારણ કરેલ દેહ' કહેલો છે. તેવા (ભગવાન)ના બધાએથી પ્રશંસા પામેલા ભૂમિનો ભાર હરવો, ગોવર્ધનને ઉંચે ધારણ કરવો વિગેરે કર્મો, (અને) 'ચ' 'અને' શબ્દ હોવાથી છૂપાં પણ કર્મો અથવા ગોપિકાઓ સાથેના રમણરૂપ અદ્ભુત ચરિત્ર (વિદુર પાસેથી સાંભળ્યાં). ૩૩.

'દેહન્યાસમ્' એટલે દેહનું 'ન્યાસઃ' કારણમાં સ્થાપન, અથવા શબ્દના છલથી નટની પેઠે (કરેલો) ત્યાગ (સાંભળ્યો). 'એ પ્રકારનો' એટલે (ઉદ્ધવ પાસેથી) સાંભળ્યો તેવા પ્રકારનો. ધીર (પુરુષો)નાં એટલે વૈરાગ્યનું અનુસંધાનવાળાઓનાં ધૈર્ય એટલે-સર્વનો ત્યાગ કરીને આવી રીતે યોગથીજ આ શરીર ત્યાગ કરવા યોગ્ય છે એવા, સ્વરૂપ પધારી ગયું, એટલે ફલનું દર્શન થવાથી મધ્યમાં થતા દુઃખનું અનુસંધાન ન રાખવું જોઈએ એવા, સાહસરૂપધૈર્યને (વધારનાર તે ત્યાગ સાંભળ્યો). બીજા વિવેકવિનાના દેહને આત્મા માનનારાથી તે જરાએ થઈ શકે તેવો નથી, કારણકે એમ કરવાને કોઈપણ શક્તિમાન નથી. તેમાં પણ ભવિષ્યનું હિત અથવા અહિતના વિવેકના અનુસંધાનવિનાના પશુઓથી, અને તેમાં પણ 'વિક્લવાત્મનામ્' ભય છે આત્મા જેઓનો, ભયજ જેમના અંતઃકરણનો સ્વાભાવિક ગુણ છે, એટલે મૂર્ખાઈથી પણ જેઓથી સાહસ થતું નથી તેવાઓથી (તો થઈજ શકે નહિ તેવો એ ત્યાગ છે એમ) પશુઓથી પણ તેઓનો ભેદ જણાવેલો છે. ૩૪.

વળી પોતાને ભગવાને મનમાં રાખેલ તે (વિદુરે) સાંભળ્યું. 'હે ઉત્તમ

કૌરવ !’ એ (પરીક્ષિતનું) સંબોધન એમ જણાવવા કરેલું છે કે તેના વડવાઓએ કરેલાં પુણ્યો એ પ્રમાણે (તેમના) વંશમાં ઉત્પન્ન થએલાઓને ઉપયોગી થાય છે. ‘ચ’ ‘અને’ શબ્દ હોવાથી (પોતાને) ઉપદેશ આપવા મૈત્રેયને આજ્ઞા કરી તે (સાંભળ્યું). (ઉદ્ધવનું ભગવાને) માત્ર સ્મરણ કર્યું નહતું, પરંતુ (તેને મનમાં રાખેલો. ‘જેઓ મને જે પ્રકારે ભજે છે’ એ નિયમ (લાગુ પડતો) ન હોવા છતાં, ભક્ત બહિર્મુખ હોવા છતાં, નાસી જતાને પણ મનમાં રાખ્યો. તેવો પોતે (ભગવાનનો) કૃપાપાત્ર બન્યો છે એમ વિચારતાં, બીજા (ભગવાનના) ગુણો (ઉદ્ધવે) કહેલ ન હોવાથી, (તે) ભક્ત જતાં રડ્યો અને પ્રેમને લીધે આકુલ થયો, એટલે મૂર્ચ્છા પામ્યો, એવો અર્થ છે. ૩૫.

પછી મૂર્ચ્છામાં ભગવાન્ પધારીને (તેને) સર્વ ઉપદેશ આપીને ગયા, તેથી સિદ્ધજ થઈ, જ્ઞાન વિગેરે પ્રાપ્ત કરેલો મૂર્ચ્છામાંથી ઉઠી, પુરુષાર્થ પ્રાપ્ત કરેલો તે નિધિના સ્થલ કાલિંદીના કાંઠેથી કેટલાક દિવસેજ દેવનદીએ ગયો. આ મોહની સ્થિતિ મનુષ્યોનીજ હોય છે, પરંતુ દેવોની હોતી નથી, અને ગંગા દેવપણું પ્રાપ્ત કરાવનારી છે, તેથી અહિં (ભૂમિ ઉપર) હોવા છતાં પણ તે દેવનદીજ છે. ‘હે ઉત્તમ ભારત’ સંબોધન એમ સૂચવનારું છે કે અંતે ફલ પ્રાપ્ત કરાવે તેવો વિવેક (પરીક્ષિતે) પ્રાપ્ત કરેલો હોવાથી, તેને માયાથી મોહ થએલો નથી. વિઘ્ન કરનાર કાલ જતો રહ્યો એમ જણાવવા ‘કેટલાક દિવસે’ શબ્દો કહેલા છે. ‘ઉત્તમ પ્રકારે ગયો’ શબ્દથી એમ કહેલું છે કે માર્ગમાં તેને દુઃખ થયું નહતું. ‘જ્યાં મિત્રાનો પુત્ર મુનિ હતો’ શબ્દોથી ત્યાં જવાનું પ્રયોજન કહેલું છે. જગતના મિત્ર (રૂપ સ્ત્રી)નો પુત્ર પણ તેવોજ (હોવાથી), પોતાના સ્વભાવથીજ બધાને કૃતાર્થ કરશે એવા પ્રયોજનથી (ત્યાં ગયો). ‘મુનિ’ શબ્દથી તે (મૈત્રેય) બીજે ગયો હશે એવી શંકા દૂર કરેલી છે, કારણકે તે વિચાર કરવાના સ્વભાવવાળો (હોઈ), વિદુર (અહિં) આવશે એમ જાણતો હતો. એમ જણાવેલું છે કે આવાજ પ્રદેશ અને (કથા) કહેનાર ભગવાનની કથામાં ફલ પ્રાપ્ત કરાવનાર છે. ૩૬.

૧. ‘તેના’ એટલે ઉંધા જ્ઞાનના, એ પ્રમાણે અહિં (વિદુરમાં) પોતાના અંશથી ભગવાને પ્રવેશ કરીને તેની બુદ્ધિનો સંસ્કાર કર્યો, એ બુદ્ધિની સૃષ્ટિ કહી. (પ્ર) ‘તેના’ એટલે ઉંધા જ્ઞાનના અને માયાના, એવો અર્થ જણાય છે.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના ચોથા અધ્યાયનું વિવરણ (સમાપ્ત).**

# || અધ્યાય પાંચમો ||

**ચતુર્ણાં સર્ગ આદ્યોઽત્ર હ્યધિકારે નિરૂપિતઃ ||**
**પુરુષત્વાય કૃષ્ણસ્ય ચતુર્ભિઃ સર્ગ ઈર્યતે ||૧||**

અહિં[1] અધિકારના વિષયમાં ચારની સૃષ્ટિ કહી. શ્રીકૃષ્ણ[2] પુરુષ (રૂપથી પ્રકટ થાય તે) માટે ચારથી સૃષ્ટિ કહેવામાં આવે છે. કા. ૧.

**સ એવ ભગવલ્લીલાં શ્રોતુમર્હતિ તત્ત્વતઃ ||**
**અન્યથાઽન્યો હિ મનુતે હ્યધિકારસ્તતો હિતઃ ||૨||**

તે[3] જ વાસ્તવિક રીતે ભગવાનની લીલાનું શ્રવણ કરવા યોગ્ય છે, કારણ કે બીજો તેને કલ્પિત માને. તેથી અધિકાર હિત કરનારો[4] છે. કા. ૨.

**કૃષ્ણાર્થસૃષ્ટૌ ભૂતાનિ જાતાન્યેવેતિ નિશ્ચયઃ ||**
**વેદે પઞ્ચભિરેવાસ્ય પુરુષત્વકથોદિતા ||૩||**

શ્રીકૃષ્ણ માટેની સૃષ્ટિમાં ઉત્પન્ન થએલાં[5] જ મહાભૂતો છે એવો નિશ્ચય છે. વેદમાં પાંચથીજ[6] આમનાં પુરુષપણાની કથા કહેલી છે. કા.૩.

**ત એવ બહુધા વ્યસ્તાસ્તસ્માત્તત્ત્વાનિ તાનિ વૈ ||**
**ભોગઃ શરીર એવેતિ માત્રાસ્તત્ર નિરૂપિતાઃ ||૪||**

તેમનેજ જૂદા- જૂદા ઘણા પ્રકારથી[7] લીધેલા છે. તેથી તેઓજ તત્ત્વો છે. ભોગ શરીરમાંજ[8] થતો હોવાથી, તે અધ્યાયમાં માત્રાઓનું[9] નિરૂપણ કરેલું છે.કા.૪.

**નાનાવિધાનિ શાસ્ત્રાણિ તૈઃ સન્દેહવિનિશ્ચયૌ ||**
**મનો ભગવતો હ્યુક્તં તેનૈવેન્દ્રિયસંકથા ||૫||**

શાસ્ત્રો જાતજાતના છે. તેમનાથી સંદેહ અને નિશ્ચય થાય છે (તેમને) ભગવાનનું મન કહેલું છે. તેનાથીજ[10] ઈન્દ્રિયોની કથા (કહેલી) છે. કા. ૫.

**બુદ્ધિર્ભગવતો બ્રહ્મા તત્કાર્યં ચ નિરૂપ્યતે ||**
**સ્તુતિપ્રસાદૌ કાર્યાણાં ભૂતાનીત્યેવ નિશ્ચયઃ ||૬||**

બ્રહ્મા ભગવાનની બુદ્ધિ છે અને તેનું કાર્ય[11] કહેલું છે. કાર્યોની[12] સ્તુતિ અને પ્રસન્નતા (કહેલાં છે, તેથી તેઓ) મહાભૂતોજ છે એવોજ નિશ્ચય[13] થાય છે.કા. ૬.

**તતસ્તેષાં શરીરાણિ માત્રા એવ હરેર્યથા ||**
**કાલ એવેન્દ્રિયાણ્યેષાં તત્રાસક્તો મ્રિયેત વૈ ||૭||**

તેથી જેમ હરિનાં તેમ તેઓનાં શરીરો[14] તન્માત્રાઓ છે. કાલજ આમની ઈન્દ્રિયો છે.[15] તેમાં આસક્તિવાળો મરવાનોજ. કા. ૭.

**બુદ્ધિસ્તેષાં મહાત્માનો વેદા મન્વાદયસ્તથા ।।**
**તત્રોક્તૈરેવ યદ્યુક્તમુક્તં તેષાં હિતાય તત્ ।।૮।।**

વેદો તેમજ મનુ વિગેરે મહાત્માઓ તેઓની બુદ્ધિ છે. તેમાં કહેલા (વેદ વિગેરે)એ જે કહેલું છે તે યોગ્ય છે અને તેમનું હિત કરનારું છે.[૧૬]

**કાર્યોપયોગિતત્ત્વાનાં પઞ્ચમે વિનિરૂપ્યતે ।।**
**ઉત્પત્તિર્યાદશૈઃ કાર્યં તદ્ભાવશ્ચ નિરૂપ્યતે ।।૯।।**

અને જેવાં કાર્યમાં[૧૭] ઉપયોગી તત્ત્વોથી કાર્ય થાય, તેવાં (તે તત્ત્વોની ઉત્પત્તિ અને તેમની (તેવી[૧૮]) સ્થિતિ પાંચમા (અધ્યાય)માં કહેલ છે. કા. ૯.

**પ્રશ્નાભિનન્દને ચાઙ્ગં સર્વત્રૈવ હરેઃ કૃતૌ ।।**
**અતોઽત્ર ભગવત્પ્રશ્નઃ ષડ્વિધો વિનિરૂપ્યતે ।।૧૦।।**
**વૈરાગ્યાદિઃ સૃષ્ટિમાર્ગે વિપરીતપ્રવેશતઃ ।।**

હરિના કાર્યમાં સર્વ સ્થલે પ્રશ્ન અને (તેનું) અભિનંદન અંગ[૧૯] છે. તેથી સૃષ્ટિનાં માર્ગમાં ઉલટો[૨૦] પ્રવેશ હોવાથી વૈરાગ્ય વિગેરેના સંબંધવાળો ભગવાન્ સંબંધી છ પ્રકારનો પ્રશ્ન અહિં કહેલો છે. કા. ૧૦ $^{1}/_{2}$ .

૧. 'અહિં' એટલે સૃષ્ટિનું નિરૂપણ કરનાર ( આ ત્રીજા ) સ્કંધમાં. ( પ્ર ).
૨. પુરુષોત્તમ શ્રીકૃષ્ણ પ્રથમ પુરુષરૂપથી પ્રકટ થાય તે માટે આ બીજી સૃષ્ટિ કહેવામાં આવે છે. ( પ્ર )
૩. 'તે' એટલે અધિકારી. ( પ્ર )
૪. 'હિત કરનારો' હોઈ ઘણોજ જરુરી છે. ( પ્ર )
૫. આગળ જે બે સૃષ્ટિ ( અધ્યાય ૫ થી ૧૨ થી ) કહેવાની છે, તેમાં જેમની સૃષ્ટિ થવાની તેમના સંસ્કાર થવાનું નથી, પણ સ્વરૂપનીજ ઉત્પત્તિ થવાની છે એમ જણાવવા, પાંચમાં અધ્યાયમાં કહેલા મહાભૂતોનું સ્વરૂપ જણાવે છે. અહિં ઉત્પન્ન થવાથીજ મહાભૂતપણું છે, પરંતુ પૃથ્વી વિગેરેમાંના એક હોવાથી મહાભૂતપણું નથી. ( પ્ર )
૬. આકાશ વિગેરે પાંચ ( મહાભૂતો )થીજ. ( પ્ર )
૭. 'ઘણા પ્રકારથી' એટલે તેવીસ તત્ત્વોના રૂપથી. ( પ્ર )
૮. 'શરીરમાં' એટલે બ્રહ્માંડરૂપ શરીરમાં. ( પ્ર )
૯. તે અધ્યાયમાં ( છઠ્ઠામાં ) જણાવેલા પદાર્થો તન્માત્રાઓ છે. 'ભેદાએલાં તાળવામાં વરુણે પ્રવેશ કર્યો' ( ૩।૬।૧૩ ) વિગેરેથી ભોગ કહેલો હોવાથી અહિં તન્માત્રા એટલે પુરુષે ભોગ કરવા યોગ્યપણું છે, પરંતુ સૂક્ષ્મ મહાભૂતપણું અથવા શબ્દ વિગેરે ( મહાભૂતના ગુણો ) પૈકી એક હોવાપણું નથી. ( પ્ર )
૧૦. 'તેનાથી' એટલે ઈન્દ્રિયોને પ્રેરણા કરનાર મનથી. સંદેહ અને નિશ્ચયરૂપ કાર્યોથી શાસ્ત્ર મન છે એવું અનુમાનથી જણાવી, તેજ નિયમ લાગુ પાડી બીજાને ઈન્દ્રિયો કહેલી છે, એવો અર્થ છે. ( પ્ર )

૧૧. ૩।૮।૧૧ માં વિચારરૂપ બુદ્ધિનું કાર્ય કહેલું છે. તેથી બ્રહ્મા બુદ્ધિનું કાર્ય ( વિચાર ) કરનાર હોવાથી તે ભગવાનની બુદ્ધિ છે. ( પ્ર )

૧૨. હવે કાર્યસૃષ્ટિના મહાભૂત વિગેરે ચારનું સ્વરૂપ કહે છે. નવમા અધ્યાયમાં કહેલાં સ્તુતિ અને પ્રસન્નતા બ્રહ્માંડમાં રહેનાર વ્યક્તિઓ ઉત્પન્ન થએલી હોવાથી અને ભેગી મળતી હોવાથી ( મહાભૂત છે ). ( પ્ર )

૧૩. 'નિશ્ચય' એટલે સૂક્ષ્મ દૃષ્ટિથી કરેલો નિર્ધાર. ( પ્ર )

૧૪. શરીરો ભોગ કરવા યોગ્ય હોવાથી તન્માત્રાઓ છે. ( પ્ર )

૧૫. પહેલાંના પ્રકરણ પેઠે પોતામાં જેની આસક્તિ હોય તેનું મૃત્યુ કરાવે તેવો કાલ હોવાથી, કાલજ તેમની ( કાર્યોની ) ઈન્દ્રિયો છે. ( પ્ર )

૧૬. વેદ વિગેરેએ ૩।૧૨।૩૦ માંજે કહ્યું તે કાર્યોનાં હિત માટેજ કહેલું હોવાથી તે મહાત્માઓ બુદ્ધિરૂપ છે એવો અર્થ છે. મહાભૂત વિગેરેની ઉત્પત્તિ સર્ગ છે એવું સર્ગનું લક્ષણ કહેલ. પાંચમા અધ્યાયમાં મહત્તત્ત્વ વિગેરે સર્વ તત્ત્વોની ઉત્પત્તિ કહેલી છે, પછી બ્રહ્માંડની ઉત્પત્તિ કહેલી છે, પછી શાસ્ત્રમાં થતાં સંદેહ અને નિશ્ચય કહેલા છે અને પછી બ્રહ્માની ઉત્પત્તિ કહી છે. પછી બ્રહ્માએ કરેલી સ્તુતિ વિગેરે કહ્યાં. પછી પાછો મહત્તત્ત્વ વિગેરેનો સર્ગ કહ્યો પછી કાલ અને પછી બ્રહ્મ ( શબ્દસૃષ્ટિ ) કહી. પછી વરાહાવતાર વિગેરેની કથા કહેશે. તેથી એમ જણાય છે કે સર્વમાં હોય તેવા મહાભૂતોની સૃષ્ટિને અહિં સર્ગ કહેલી નથી, અને તેમને મહાભૂત કહેવાનો અહિં આશય પણ નથી; પરંતુ અહિં લીલારૂપ સર્ગ કહેલો છે અને તેમાં ઉપયોગી તરીકે તેના જેવા મહાભૂતો માત્ર વિચારેલાજ છે. તેથી પૃથ્વી વિગેરેમાંથી કોઈને મહાભૂત કહેલાં નથી, શબ્દ વિગેરેમાંથી કોઈને તન્માત્રા કહેલ નથી, ચક્ષુ વિગેરે કોઈને ઈન્દ્રિય કહેલ નથી તેમજ ચિત્ત વિગેરે કોઈને બુદ્ધિ કહેલ નથી, પરંતુ અમુક દેહ વિગેરે સ્થૂલ કાર્ય ઉત્પન્ન કરે તેને મહાભૂત, સૂક્ષ્મ મહાભૂત હોઈ ભોગ કરવા યોગ્ય હોય તેને તન્માત્રા, જ્ઞાન અથવા ક્રિયા પૈકી હરકોઈ કરનાર અને જાણી ન શકાય તેવું હોય તેને ઈન્દ્રિય અને ઈન્દ્રિય ઉપર ઉપકાર કરનાર હોય તેને બુદ્ધિ કહેલ છે. તેથી પ્રયાસ વિના મહાભૂત વિગેરેનાં કાર્ય કરનાર ભગવાનજ મહાભૂત વિગેરે બને છે, અને ભગવાન્ જૂદાં જૂદાં એવાં રૂપ ધારણ કરે તેજ સર્ગ છે. એવો પાંચમાથી બારમા અધ્યાય સુધીનો ટૂંકમાં અર્થ છે. ( પ્ર )

૧૭. 'કાર્ય' એટલે 'વિરાટનું શરીર'. ( પ્ર )

૧૮. ( તેવી ) સ્થિતિ' એટલે જેવી સ્થિતિથી તે કાર્ય થાય તેવાં સામર્થ્યવાળી સ્થિતિ પાંચમા અધ્યાયમાં કહે છે એવો અર્થ છે. ( પ્ર )

૧૯. ભગવાનની કૃતિ જણાવવામાં પ્રશ્ન અને તેનું અભિનંદન અંગરૂપ છે. ( પ્ર )

૨૦. સૃષ્ટિરૂપ ભગવાનનું જ્ઞાન ( થવા )ના ઉપાયમાં ભગવાનના ગુણો ઉલટા પ્રકારથી પ્રવેશ કરે છે એટલે વૈરાગ્ય થયો હોય તેને જ્ઞાન થાય છે. જ્ઞાનીને શ્રી પ્રાપ્ત થાય છે, શ્રીવાળાને યશ પ્રાપ્ત થાય છે, યશવાળાને ભગવાનનાં વીર્યોનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય છે, અને વીર્યોનું જ્ઞાન થાય ત્યારે ઈશ્વરને ઓળખે છે. તેવો છ પ્રકારનો ભગવાન્ સંબંધી પ્રશ્ન તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરવા કરેલ છે. તેથી પ્રશ્ન તથા અભિનંદન ઉપોદ્ઘાત તરીકે ઉપયોગી છે. ( પ્ર )

તે પૈકી આરંભમાં તે બે (મૈત્રેય અને વિદુર)ની કથા કહેવા, નીચેના શ્લોકમાં

તેઓનો સંબંધ (થયાનું) કહે છેઃ

।। શ્રીશુક ઉવાચ ।।

**દ્વારિ દ્યુનદ્યા ઋષભઃ કુરૂણાં મૈત્રેયમાસીનમગાધબોધમ્ ।।**
**ક્ષત્તોપસૃત્યાચ્યુતભક્તિશુદ્ધઃ પપ્રચ્છ સૌશીલ્યગુણાભિતૃપ્તઃ ।।૧।।**

અચ્યુતભક્તિથી શુદ્ધ થએલા, સંયમી ઉત્તમ કૌરવે અગાધ જ્ઞાનવાળા દેવનદીના દ્વારે બેઠેલા મૈત્રેય પાસે જઈ, (તેમના સારા સ્વભાવના ગુણોથી પૂર્ણ સંતોષ પામી (તેમને નીચે પ્રમાણે) પૂછ્યું. ૧.

સર્વ દેવપણું પામે તેવા પ્રયોજનથી જે દેવનદી પ્રવૃત્ત થએલી, તે આરંભથીજ યોગ્ય કાર્ય કરશે, એમ (વિચારી), ભગવાનની આજ્ઞાથી મૈત્રેય ત્યાંજ રહેલો. 'દેવનદીના દ્વારે' એટલે ગંગા અને યમુના વચ્ચેના પ્રદેશમાં ભગવાન્ રહેતા હોવાથી બ્રહ્મકુંડ પાસેજ, એમ હું માનું છું. 'ઉત્તમ કૌરવે' શબ્દથી ફલમાં પરિણમે તેવો તેનો ભારે ઉદ્યમ જણાવેલો છે. મૈત્રેય હિત કરનારો, બેઠેલો હોવાથી ચિંતારહિત હતો. 'અગાધ છે જ્ઞાન જેનું' તે (અગાધ જ્ઞાનવાળા) વિશેષણથી એમ સૂચવેલું છે કે પોતાની (વિદુરની) બુદ્ધિ તેમાં ડુબી જાય એવો સંભવ હતો. તેમ ન હોય તો (વિદુરના) બધા સંદેહો દૂર ન થાય. 'સંયમી' એટલે મૂલથીજ ઇન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરેલો અને ચતુર (વિદુર), અચ્યુતા (સ્થિર) જે અચ્યુત (ભગવાન્)માં ભક્તિ, તેનાથી શાપ, અધિકાર વિગેરે, બીજનું પડવું, યોનિનો દોષ વિગેરે સર્વ અશુદ્ધિઓ દૂર થવાથી શુદ્ધ થયો હતો. (તેણે મૈત્રેયની) સમીપ જઈ, અથવા શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે (સમીપ જઈ), મૈત્રેયની સરલતા, દયા વિગેરે સારા સ્વભાવના ગુણોથી પૂર્ણ સંતોષ પામી-(મૈત્રેય ઉત્તર) કહેશે કે નહિ એવા સંદેહરૂપ ભૂખ (મૈત્રેયના) ગુણોથી દૂર થતાં-તેવો (સંતોષ પામેલો) થઈ, પૂછ્યું, એવો અર્થ છે. ૧.

છ પ્રશ્નો પૈકી, વૈરાગ્ય માટે શું ઉપાય કરવો ? એ પ્રશ્ન કરતાં, સ્વભાવથી વૈરાગ્યનાં કારણો (તેમાં) પ્રવૃત્તિ કરાવનારાં નથી એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

।। વિદુર ઉવાચ ।।

**સુખાય કર્માણિ કરોતિ લોકો ન તૈઃ સુખમન્યદુપારમં વા ।।**
**વિન્દેત ભૂયસ્તત એવ દુઃખં યદત્ર યુક્તં ભગવાન્ વદેન્નઃ ।।૨।।**

લોક સુખ (પ્રાપ્ત કરવા) કર્મો કરે છે. તેમનાથી સુખ અને દુઃખનો નાશ પ્રાપ્ત કરતો નથી. તેથીજ વધારે દુઃખ પ્રાપ્ત કરે છે. આ વિષયમાં જે (કરવા) યોગ્ય હોય તે (આપ) ભગવાન્ અમને કહો. ૨.

લોકમાં સુખ (૧) દુઃખનો અભાવ અને (૨) સુખ એવા બે પ્રકારનું હોય છે. દુઃખ સુખને અટકાવનારું હોવાથી પણ દુઃખનો અભાવ સુખ (થવા)નુંજ કારણ છે.

તેથી લોક બધી ક્રિયા સુખ (પ્રાપ્ત કરવા) માટેજ કરે છે, પરંતુ તેનાથી કોઈપણ સમયે સુખ પ્રાપ્ત કરતા નથી. 'લોક' શબ્દથી (આ વિષયનું) પ્રમાણ કહેલું છે. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) પહેલાંનું સુખ પણ જતું રહે છે. વળી 'અન્યદુપારમં' દુઃખનો નાશ પણ થતો નથી. કોઈ સમયે (ફલને) રોકનારનો નાશ (કરવા)માં જ સાધનનો અંત જોવામાં આવતો હોવાથી, તે (કાર્ય) પણ (સુખ પ્રાપ્ત કરવાના સાધનથી) થતું નથી. તેમ થતું હોય તો કુદરતથી (પ્રાપ્ત) થતું સુખ થાય. વળી તે (સાધનો)થીજ ઉલટું 'ભૂયઃ' કુદરતી (હતું તે)થી પણ વધારે દુઃખ થાય છે. (વધારે દુઃખ થવાનું) બીજું સાધન જોવામાં આવતું નહિ હોવાથી 'તેથીજ' શબ્દથી (દુઃખ થવાનું) બીજું સાધન (કારણ) ન હોવાનું કહેલું છે. 'જે જેની અંદર છે તે તે કહેલું છે' એ વાક્ય પ્રમાણે સુખનું સાધનજ દુઃખ કરાવનારું છે. (તે) સુખનું સાધન હોવાનું જ્ઞાન તો આંધળાની પરંપરાથી થાય છે. આપણા (સંબંધી)ઓએ તેમજ કરેલ હોવાથી, પોતાના (તે સુખનું સાધન છે એવા) આગ્રહને લીધે, (તે કરતાં) અટકતાં નથી. વારંવાર નિયમનો ભંગ જોવામાં આવવા છતાં પરંપરાની શ્રદ્ધા હઠતી નથી. આવા વિષયમાં ઉલટું ફલ જોવા છતાં પણ જ્યારે (સુખનું માનેલું સાધન) કરતાં અટકતા નથી ત્યારે માત્ર કહેવાથી કેમ અટકે ? તેથી વૈરાગ્ય (થાય તે) માટે શું કરવું ? એવો પ્રશ્ન છે, અથવા જે (સાધન)થી સ્થિર સુખજ થાય તે કહો એવો (અર્થ છે). તે (મૈત્રેય) લોકથી ઉત્તમ પ્રમાણ છે એમ 'ભગવાન્' શબ્દથી કહેલું છે. મારે તો ભગવાને કહેલ હોય તેજ પ્રમાણ છે. તેથી હું પોતાને માટેજ પૂછતો હોવાથી (આ પ્રશ્ન) પ્રસંગરહિત નથી. 'વદેત્' 'કહો' શબ્દ પ્રાર્થનાના અર્થમાં (કહેલો છે). ૨.

'મને તો તત્ત્વોનો ઉપદેશ કરવાની ભગવાને આજ્ઞા કરેલી છે, પરંતુ આવો વિષય કહેવા (આજ્ઞા કરેલી) નથી' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**જનસ્ય કૃષ્ણાદ્વિમુખસ્ય દૈવાદધર્મશીલસ્ય સુદુઃખિતસ્ય ।।**
**અનુગ્રહાયેહ ચરન્તિ નૂનં ભૂતાનિ ભવ્યાનિ જનાર્દનસ્ય ।।૩।।**

ખરેખર ! દૈવને લીધે શ્રીકૃષ્ણથી વિમુખ, અધર્મ (કરવા)ના સ્વભાવવાળા ઘણા દુઃખી જન ઉપર અનુગ્રહ કરવા જનાર્દનના ભાગ્યવાન જીવો આ લોકમાં ફરે છે. ૩.

ભગવાનની (૧) સામાન્ય આજ્ઞા અને (૨) ખાસ આજ્ઞા એવી બે (આજ્ઞાઓ) આપને હોવાથી, સામાન્ય આજ્ઞાને લીધે આ(નો ઉત્તર) કહો, કારણ કે ભગવાને આપને આ માટેજ ઉત્પન્ન કરેલા છે. તેમ ન હોત, તો ભગવદીઓને (પોતાના) સ્વાર્થનું પ્રયોજન નહિ હોવાથી, તેઓ ઉત્પન્નજ ન થાય. તેથીજ તેમને માટે 'ભૂતાનિ' શબ્દ યોજેલો છે, (તેનો) 'જન્મેલા' એવો અર્થ છે. એમ જણાવેલું છે કે શબ્દના છલથી[૧] સંબંધમાં આવી તેઓ (દુઃખી જનને) પોતાની સમાન કરે છે. જો

લોકોનું તેવું ભાગ્ય પણ ન હોય તોપણ તેઓજ ભાગ્યરૂપ થઈ તેઓની પોતાની સમાન કરે છે, એમ જણાવવા 'ભાગ્યવાન' વિશેષણ કહેલું છે. તેથી લોકના ઉપર ઉપકાર કરવા આવેલા આપે આ (કરવું) જરૂરી છે, એવો (અર્થ છે). 'જનસ્ય' પ્રાણિમાત્રના જન્મથીજ જણાય છે કે આ ભગવાનની વિમુખ છે. તેવો ન હોત, તો (તેનો) જન્મજ ન થાત. અથવા[2] (તેની) પ્રવૃત્તિથી[3] (તે ભગવાનથી વિમુખ હોવાનો) નિશ્ચય થાય છે. 'શ્રીકૃષ્ણથી' એટલે મૂલ સચ્ચિદાનંદરૂપથી વિમુખપણું ઘણું આશ્ચર્યકારક છે, એવો (અર્થ છે). છતાં પણ (તેમનાથી) વિમુખ, જન્મ થયા પછી પણ 'દૈવને' એટલે પહેલાનાં આસુર કર્મને લીધે વિમુખ (રહે છે), દૈવને લીધેજ અધર્મ (કરવા)ના સ્વભાવવાળો હોય છે, એટલે સ્વભાવથીજ (તેને) અધર્મ ગમે છે, કારણ કે કોઈથી પણ સ્વાભાવિક (પરિણામ) અટકાવી શકાતું નથી. તેથીજ (તે) ઘણો દુઃખી હોય છે. તેમ ન હોય તો તેમના અનુગ્રહની પણ દરકાર ન[4] કરે. 'ઈહ' આ લોકમાં તેમનાથી (જનાર્દનના જીવોથી) બીજો કોઈ દુઃખ દૂર કરાવનાર નથી. ૧.ભગવદીઓથી દુઃખનો નાશ થાય છે ૨.બીજાથી થતો નથી, એ બંનેમાં સંદેહ નથી એમ 'નૂનમ્' 'ખરેખર' શબ્દથી જણાવેલું છે. તેનું કારણ 'જનાર્દન' શબ્દથી કહેલું છે. 'જનામ્' સર્વ લોકને ઉત્પન્ન કરનારીને 'અર્દયતિ' પીડે (દૂર કરે) તે, અથવા 'જનાયાઃ' જનાનું 'અર્દનં' પીડાવું થાય છે જેમનાથી તે 'જનાર્દન', કારણ કે તે (દુઃખનાં) મૂલ જન્મનેજ અટકાવે છે, અને તેમના સેવકો તે (કાર્ય) કરનારા છે. ૩.

૧. 'શબ્દના છલથી' એટલે 'ભૂતાનિ' જન્મેલા એ શબ્દથી 'જન' જન્મેલાના જેવા હોવાનું છલ કરીને, એવો અર્થ જણાય છે.

૨. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'વા' પાઠ લીધો છે. નાથદ્વારવાળી પ્રતમાં 'ચ' 'અને' પાઠ છે.

૩. ભગવદીયના અને ભગવાનથી વિમુખના જન્મ થવાનું કહ્યું. તેથીજ જન ભગવાનથી વિમુખ હોવાનું સિદ્ધ ન થાય, તેથી આ કહેલ છે.

૪. આ વાક્યથી જન દુઃખી થવાનું કારણ કહેલું છે. જો તે દુઃખી ન થાય તો થોડું સુખ મળ્યું હોય તેના મદને લીધે સત્કુલમાં જન્મ વિગેરેરૂપ ભગવાનના અનુગ્રહનું પણ તેને ભાન ન રહે. (પ્ર)

જો આનો ઉત્તર એવો હોય કે 'ભગવાનનું ભજન કરવું, કારણ કે તે સ્થિર સુખ કરાવનારું છે'. તો તેવાં ભજનનો ઉપાય કહો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તત્સાધુવર્યાદિશ વર્ત્મ શં નઃ સંરાધિતો ભગવાન્ યેન પુંસામ્ ।।**
**હૃદિ સ્થિતો યચ્છતિ ભક્તિપૂતો[1] જ્ઞાનં સતત્ત્વાધિગમં પુરાણમ્ ।।૪।।**

હે ઉત્તમ સાધો! અમને તે કલ્યાણરૂપ માર્ગ દર્શાવો,જેનાથી પ્રસન્ન કરાએલા ભગવાન્ પુરુષોના હૃદયમાં રહેલ ભક્તિથી પવિત્ર થઈ તત્ત્વોના જ્ઞાન સાથે પુરાણ જ્ઞાન આપે છે. ૪.

'તત્' એટલે તા. જો ભગવાનનાં ભજનથીજ પ્રાણી કૃતાર્થ થતો હોય, તો તે (તેવાં ભજન) નો માર્ગ દર્શાવો. ભગવાનની પ્રેરણાથી અથવા ભગવાનની આજ્ઞારૂપ વેદ પ્રમાણે (સાધન) કરવાથી પણ ભગવાન્ પ્રસન્ન થતા નથી, કારણકે દુઃખ દૂર થતું નથી[2]. તેથી જે માર્ગથી સારી રીતે પ્રસન્ન કરાએલા ભગવાન્ જ્ઞાન આપે તેવો સ્થિર, ઘણો હિતકારી સર્વ લોકમાં પ્રસિદ્ધ ઉપાય કહો, એવો પ્રશ્ન[3] છે. 'કલ્યાણરૂપ' એટલે વિમાનરૂપ વાહન પેઠે સાધનની દશામાં પણ સુખરૂપ. (આ માર્ગ) ગૂઢ ઘણો ઈષ્ટ હોવા છતાં પણ (તે) જણાવવાનું કારણ 'હે ઉત્તમ સાધો !' એ સંબોધનથી (કહેલું છે). સાધુ પણ માત્ર હિતકારી (હોય તે) કહે છે. આવું તો જે ભગવાનનો ભક્ત બ્રહ્મ જાણનાર હોય તે જ કહે, કારણ કે તે સર્વને પોતાના આત્મા જેવા જાણે છે. જે માર્ગથી પ્રથમ ભગવાન્ સારી રીતે પ્રસન્ન થાય (તે કહો). 'આપ ગરુડરૂપ આસનવાળાને શું આસન (આપવું ?)' એ વાક્ય પ્રમાણે ભગવાન્ પોતે હદવગરના હોવાપણું વિગેરે ગુણોવાળા હોવાથી, અને 'ભગવાન્' હોવાથી (તેમને) પ્રસન્ન કરવાનું કઠણ છે. 'પુરુષોના' શબ્દથી (એમ જણાવ્યું છે કે) કાગડાનું બેસવું અને તાડનું પડવું એવો (અકસ્માતથી થતો) ઉપાય ઘણાનો માર્ગ હોતો નથી. વળી ભગવાન્ અંતર્યામી (હૃદયમાં રહેનાર) હોઈ બધાઓને પોતાના સ્વભાવથી અથવા જીવના સ્વભાવને અનુસરીને જૂદા જૂદા પ્રકારે પ્રેરણા કરે છે. બંને પ્રકારે પણ પ્રેરણા કરતાં,જેને પ્રેરણા કરવાની છે તેના ગુણવાળા થાય છે. ત્યાં (હૃદયમાં) જો પહેલાંની પેઠેજ પ્રેરણા કરે, તો કરેલું ભજન પણ નકામું થાય. તેથી તેવો ઉપાય કહો કે જેથી તે (હૃદયમાં રહેનાર) અંતર્યામીજ ભક્તિથી પવિત્ર થાય. 'પૂતઃ' પવિત્ર થએલજ પ્રેરણા કરે છે. ભક્તિથી પવિત્ર થએલ ભક્તિ (કરવા)નીજ પ્રેરણા કરે, કારણ કે તે (તેના) કુદરતી ગુણ પ્રમાણે પ્રવાહ નભાવવાજ યોજેલો હોવાથી જેમ પ્રવાહ ચાલુ રહે તેવીજ પ્રેરણા કરે છે. આ તેનો કુદરતી ગુણ છે. તેમ કરતો હોવાથી તે લોકમાં અપવિત્ર (હોય) તેમ પ્રસિદ્ધ છે. જેમ એક હાથથી પકડવામાં આવે અને બીજાથી મારવામાં આવે તેવું તેનુંજ બહારનું સ્વરૂપ કાલ છે. તે બંનેને પવિત્ર કરવા બે માર્ગો રચેલા છે, કાલને (પવિત્ર કરવા) વેદ (અને) અંતર્યામીને (પવિત્ર કરવા) ભક્તિ. તે માર્ગથી પ્રવેશ કરેલ (તે) સોમની પેઠે[4] પવિત્ર થાય છે. વેદથી પવિત્ર થએલો કાલ મારતો નથી, ભક્તિથી પવિત્ર થએલ અંતર્યામી અવળી પ્રેરણા કરતો નથી. વળી આ પવિત્ર કરવાનું અશુદ્ધને શુદ્ધ કરવાનું નથી, પરંતુ સોમની પેઠે તે માર્ગથી બહાર નીકળવાનું છે, એકબીજાનો પરસ્પર આધાર હોવાથી આ કાર્ય થતું નથી તેથી પ્રશ્ન (કરેલો છે).

વળી ગુરુના ઉપદેશથી આ કાર્ય થશે નહિ, એમ 'હૃદયમાં રહેલ' શબ્દથી

કહેલું છે. જો હૃદયમાં રહેલ તે પોતાની ઈચ્છાથી પ્રેરણા કરે તો બહારના ઉપદેશનું શું પ્રયોજન ? તેથી ભગવાને જે (આપને) કહ્યું કે આ જ્ઞાન વિદુરને કહેવું, અંતર્યામીની પ્રસન્નતા વિના થવાનું નથી. તેથી તેની પ્રસન્નતા માટે આરંભમાં ભગવાનને પ્રસન્ન કરવા જોઈએ, પછી ભગવાનને સંતોષ થાય, ત્યાર પછી ભગવાને આપેલ પ્રેમ પ્રાપ્ત થાય, પછી પ્રેમ ભક્તિથી તે જ અંતર્યામી જ્ઞાન (પ્રાપ્ત કરવા)ની પ્રેરણા (કરશે). પહેલાં પ્રાપ્ત કરેલાં જાતજાતનાં જ્ઞાનો (મને) હોવાથી[૫], તેમને ભૂલી જઈને પછી વાક્ય (ઉપદેશ)થી જે પ્રકારે જ્ઞાન ઉત્પન્ન થાય તેવી રીતે (તે) પ્રેરણા (કરશે) પહેલાંની થએલી (પ્રેરણા) હોવાથી, તેનાથી ઉત્પન્ન થયેલું જ્ઞાન (યોગ્ય) પરિણામ આપતું નથી. તેથીજ ભારે સાધનથી પણ, વાક્ય (ઉપદેશ)થી જ્ઞાન ઉત્પન્ન થતું નથી, પરંતુ જ્યારે તે જ અંતર્યામી પોતાનાંજ ગુણરૂપ જ્ઞાન તેને આપશે, ત્યારે વાક્ય (ઉપદેશ) પવિત્ર હોય તેમ જ્ઞાન પ્રાપ્ત કરાવશે. તે જ્ઞાન ત્રણ પ્રકારનું છે ૧.દેહમાં રહેલ આત્માનો બ્રહ્મ તરીકે અનુભવ થવો ૨.સર્વ તત્ત્વોના વિવેકરૂપ સાંખ્ય અને ૩.સર્વ જૂદા જૂદા પ્રકારથી ભગવાનનું સ્વરૂપ જણાવનારું (જ્ઞાન) તે ત્રણે પ્રકારનું જ્ઞાન સાધન, સાધ્ય અને ફલરૂપ ભક્તિથી પવિત્ર થએલ ભગવાન્ (અંતર્યામી) આપે છે, એવો અર્થ છે. ૧.જ્ઞાન એટલે બ્રહ્મભાવ; અને ૨.તે સર્વ તત્ત્વોનાં જ્ઞાન સાથેનો, અને (૩) તે પણ તત્ત્વોનાં મૂલ બનેલ (ભગવાન)નું સર્વપદાર્થરૂપ પુરાણ જ્ઞાન. ૪.

૧. શ્રીસુબોધિની પ્રમાણે આચાર્યશ્રીનો ‘ભક્તિપૂતો’ પાઠ ઈષ્ટ હોવાનું જણાય છે.

૨. ભગવાનની અપ્રસન્નતા જણાવનારું કારણ આથી કહેલું છે. (પ્ર)

૩. આ બીજો જ્ઞાનસંબંધી પ્રશ્ન કહ્યો.

૪. જેમ વૈદિક માર્ગથી સંસ્કાર કરેલો સોમનો વેલો પવિત્ર થાય છે, તેની પેઠે. (પ્ર)

૫. ‘જ્ઞાન પ્રાપ્ત કરવા અંતર્યામી પ્રેરણા કરે છેજ. તેમ ન હોત તો તે પ્રાપ્ત કરવાની ઈચ્છા તને કેમ થાત ? તેથી તેવી પ્રેરણા થાય તેવો પ્રશ્ન શામાટે કરે છે ?’ એવી શંકા થાય, તેથી આ કહેલ છે. આ જ્ઞાનના નિયમ પ્રમાણે વૈરાગ્ય પણ આ જાતનું પૂછેલું જાણવું. (પ્ર)

‘આ (જ્ઞાન) સદા ભગવાનના ગુણોનું શ્રવણ કરવાથી થશે’ એમ કહેવામાં આવે, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**કરોતિ કર્માણિ કૃતાવતારો યાન્યાત્મતન્ત્રો ભગવાંસ્ત્ર્યધીશઃ ।।**
**યથા સસર્જાગ્ર ઈદં નિરીહઃ સંસ્થાપ્ય વૃત્તિં જગતો વિધત્તે ।।૫।।**

ત્રણ (ગુણો)ના ઈશ્વર, સ્વતંત્ર ભગવાન્ અવતાર લઈને જે કર્મો કરે છે, (સૃષ્ટિ) પહેલાં ચેષ્ટારહિત તેમણે આ જે પ્રકારે રચ્યું, (અને) જગત્‌ને સ્થાપન કરીને તેની (જે પ્રકારે) આજીવિકા કરાવે છે (તે કહો). ૫.

વળી આ[૧] ત્રીજો પ્રશ્ન છે, કારણ કે આ[૨] ભગવાનની શ્રી છે. સાત પ્રકારની

ભક્તિ પ્રાપ્ત થાય તે માટે, ભગવાનના અવતારો અને કર્મો, જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય (એ) ત્રણ, પ્રવેશ કરી જૂદાં જૂદાં રૂપો કરવાં, (અને) જગત્‌ના પ્રકારો[3] એ સાત પદાર્થો અહિં પૂછેલા છે. સાત (અનુક્રમે) પહેલા પહેલાનાને સિદ્ધ કરનારા છે[4].

તે પૈકી ભગવાનના અવતારો અને કર્મો ક્યા પ્રયોજનથી થાય છે એ જાણવાની ઈચ્છા થતાં, '(તે) મોક્ષ (આપવા) માટે થાય છે' એમ કહેવામાં આવે, તો 'શું ઉત્પત્તિ નકામી નથી થતી[5]?' એવો સંદેહ થાય છે. પછી જો તે (મોક્ષ આપવા) માટેજ ઉત્પત્તિ કરતા હોય, તો અવતારો અને કર્મો નકામા થાય છે, કારણ કે[6] બંને એક (પ્રયોજનવાળાં) છે, અને મોહ ન કરવાથીજ કાર્ય સફલ[7] થાય છે તેથી ઉત્પત્તિ કરવાની લીલા પણ જાણવી જોઈએ.

વળી માત્ર ઉત્પત્તિ કરવાથી કાર્ય પતતું ન હોવાથી, (મોક્ષથી) યોગ્યતા પ્રાપ્ત થાય તે માટે, (મોક્ષ થાય) ત્યાં સુધીની સ્થિતિનો પણ વિચાર કરવો જોઈએ. જો ભગવાન્ તેનો[8] નાશ કરે તો શાસ્ત્રમાં કરવાની આજ્ઞા કરેલાં (કર્મ) કરવાથી પણ કાર્ય પતવાનું હોવાથી, (ભગવાનને) અવતાર (લેવા)નું પ્રયોજન (રહેતું) નથી. વળી જો આ ભગવાન્ ઘણા પ્રકારે (પ્રકટ) ન થાય, તો (તેમના) અવતારથી બધાની મુક્તિજ થાય. તેથી જૂદા પોતાનાં રૂપથી પ્રેરણા કરવાને લીધે, અને જૂદાં જૂદાં રૂપ (લેવા)ને લીધે, બધી વ્યવસ્થા થાય.[9]

ભગવાને બનાવેલ લોકો જો એક પ્રકારના હોય, અથવા બ્રહ્માંડમાંથી (તેમને) બહાર નીકળવાનું[10] ન હોય, તો પણ અવતારો અને કર્મોનો લોપ થાય છે (તે નકામા થાય છે). (બધા લોકો) એકરૂપ હોય ત્યારે જો એકનું સાધન બીજાનું (સાધન) થતું હોય, તો પણ (અવતારો અને કર્મ) નકામા થાય, તેથી જૂદા બનાવેલા હોવાનું પણ જાણવાનું છે તેથી શ્રીના[11] સાત વિભાગો હોવાથી, સાત (વિષયો)નો એક પ્રશ્ન છે.

ભગવાન્ અવતાર લઈને જે કર્મો કરે છે (તે કહો). 'યાનિ' 'જે' શબ્દથી પ્રસિદ્ધિ કહેલી[12] છે. (કર્મો) પણ ઘણાં કહેવાનાં છે, અને તે કર્મ હોવાનું[13] પણ કહેવાનું છે. વળી તે ભગવાનનાં કર્મો છે કે નથી તે, અને ભગવાને (તે) કરવાં જોઈએ કે નહિ તે (પણ કહેવાનું છે). (કર્મો કરવામાં) ત્રણ દોષો ન હોવાનું તો હું પણ જાણું છું એમ જણાવવા ત્રણ વિશેષણો કહેલાં છે, (૧) ભગવાન્ કાલને અધીન રહીને અથવા કાલ માટે કાંઈ પણ કરતા નથી, તે 'સ્વતંત્ર' વિશેષણથી કહેલું છે. 'સ્વતંત્ર'

એટલે કાલને અધીન નહિ તે, એવો અર્થ છે. કર્મ અને સ્વભાવનો પોતામાં સમાવેશ થતો હોવાથી, તે (મને અધીન) ન હોવાનું જૂદી રીતે (જૂદા શબ્દોથી) કહે છે. (૨) 'ભગવાન્' શબ્દથી કર્મને અધીન ન હોવાનું કહેલું છે, કારણકે સંપૂર્ણ જ્ઞાનવાળાને કર્મો બંધન કરતાં નથી. (૩) 'ત્રણના ઈશ્વર' શબ્દથી ત્રણ ગુણોને વશ રાખનાર કહેલા છે, તેથી (તે) સ્વભાવને અધીન નથી. તેથી આવા ભગવાને જે કર્મો કર્યાં છે, તે સ્વભાવને લીધે (કરેલાં) નથી, અદષ્ટને લીધે (કરેલાં) નથી, (તેમજ) કાલની પ્રેરણાથી (કરેલાં) નથી. તે કર્મો અલૌકિકજ હોવાથી શ્રવણ કરવા યોગ્ય છે.

વળી 'અગ્રે' સૃષ્ટિ પહેલાં તેમણે આ જે પ્રકારે રચ્યું (તે કહો. તેમાં) એક દોષ નથી એ તો જાણેલું છે, કે આ (ભગવાન્) ચેષ્ટાથી કરતા (સૃષ્ટિ રચતા) નથી. મનની ચેષ્ટા પણ કરતા નથી એમ કહેલું છે. (કરવાની) ઈચ્છા (છે કે નહિ તે)નો સંદેહ છે. કરવામાં પ્રયત્ન (કરતા) નથી, અને (કરવાનું) જ્ઞાન છે એ તો નિશ્ચય છે.

વળી ઉત્પન્ન કરેલું બધું(જગત્) સારી રીતે સ્થાપન કરીને તેની આજીવિકા કરાવે છે, બધાઓને આજીવિકા આપે છે. પ્રાણીઓ એક બીજાનો આહાર કરતા હોવાથી, આમાં[૧૪] દોષ વિગેરે ન હોવાનું સાંભળેલું નથી, (તેમ) જાણવામાં નથી.૫.

૧. પાંચમાથી નવમા સુધીના પાંચ શ્લોકોથી કરેલો આ ત્રીજો 'શ્રી' ગુણ સંબંધી પ્રશ્ન છે, એવો અર્થ છે. (પ્ર)

૨. 'આ' એટલે જે પૂછવામાં આવે છે તે. (પ્ર)

૩. તત્ત્વોના ભેદથી, તથા સ્વરૂપના ભેદથી એવા બે જાતના પ્રકારો. (પ્ર) સાતને બદલે છ જણાતા હોવાથી પ્રકારોને બે ગણવા એવો પ્રકાશકારનો મત છે. અવતારો અને કર્મોને જૂદા ગણીએ તોપણ સાત થઈ રહે છે.

૪. વસ્તુઓ સ્વરૂપથી જુદી હોવાનું પ્રત્યક્ષ દેખાય છે. તેમનાં કારણોમાં ભેદ ન હોય તો તેમ બને નહિ, તેથી તેમનાં કારણ બનેલ તત્ત્વોમાં ભેદ હોવાનું સિદ્ધ થાય છે. તત્ત્વોમાં ભેદ હોવાથી, ભગવાને તેમનામાં જૂદાં જૂદાં રૂપોથી પ્રવેશ કરેલ હોવાનું સિદ્ધ થાય છે. તેમ ન હોય તો ભગવાન્ એક હોવાથી તત્ત્વોમાં ભેદ ન હોય. જૂદાં જૂદાં રૂપથી પ્રવેશ કરેલ હોવાથી પ્રલય સિદ્ધ થાય છે. પ્રલય થતો ન હોય તો બધા કલ્પોમાં એક પ્રકારનુંજ બ્રહ્માંડ હોય. પ્રલયથી સ્થિતિ અને સ્થિતિથી ઉત્પત્તિ સિદ્ધ થાય છે. 'આ જગતનાં જન્મ વિગેરે જેમનામાંથી થાય છે' (૧।૧।૨) એ સૂત્ર પ્રમાણે ઉત્પત્તિ વિગેરેથી ભગવાન્ સિદ્ધ થાય છે(પ્ર). ઉત્પત્તિ વિગેરેથી ભગવાનનાં કર્મો સિદ્ધ થાય છે અને તેમના જૂદાં જૂદાં કર્મોથી જૂદા જૂદા અવતારો સિદ્ધ થાય છે.

૫. ઉત્પત્તિ સંસાર ચલાવવા કરેલી છે. તેથી જો અવતાર અને કર્મોથી ભગવાન્ મોક્ષ આપે તો તે નકામી થાય. (પ્ર)

૬. જીવની ઉત્પત્તિ, તથા (ભગવાનના) અવતાર અને કર્મો, એ બેમાંથી એકથીજ કાર્ય પતતું હોવાથી બીજું નકામું છે, એવો અર્થ છે. (પ્ર) ઉત્પત્તિ મોક્ષ આપવા કરે છે, તો પછી તેજ પ્રયોજનથી અવતાર લઈ કર્મો કરવા એ નકામું છે, એવો ભાવ જણાય છે.

૭. તેથી અવતારના કર્મો નકામાં છે, એવો અર્થ છે. (પ્ર) મોહ ન કરવાથીજ મુક્તિ થાય. તેથી અવતાર અને કર્મો નકામાં છે.
૮. ''સ્થિતિ કરાવીનેજ મોક્ષ અપાવવા ઉત્પત્તિ કરે છે'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. 'તેનો' એટલે સ્થિતિ હોય ત્યારે થતા મોહનો. (પ્ર)
૯. તેથી અંતર્યામીઓના સ્વભાવનો ભેદ પણ તેના કારણો સાથે જાણવો જોઈએ, એવો અર્થ છે.
૧૦. 'નિર્ગમનં' એટલે તત્ત્વના ભેદથી અને સ્વરૂપના ભેદથી ભેદ. આવો ભેદ ન હોય તો અવતારો અને કર્મો જૂદા જૂદા ન થાત. (પ્ર) 'નિર્ગમનં' નો અર્થ ભેદ થતો નથી. તેનો અર્થ 'બહાર નીકળવું' છે. જો લોકને બ્રહ્માંડમાંથી બહાર નીકળવાનું ન હોય એટલે તેમનો મોક્ષ થવાનો ન હોય, તો ભગવાનના અવતારો અને કર્મોનો લોપ થાય. અવતાર લે નહિ, અને કર્મો કરે નહિ, એવો અર્થ જણાય છે. એવો અર્થ કરવાથી 'ન સ્યુઃ' 'ન થાત' શબ્દો પ્રકાશકાર અધ્યાહાર રાખે છે, તેમ કરવાની પણ જરુર રહેતી નથી.
૧૧. 'શ્રી' એટલે 'વાસુદેવની માયા'. (પ્ર)
૧૨. તેથી ભગવાન્ કર્મો કરતા નથી એમ કહી શકાય તેમ નથી, એવો અર્થ છે. (પ્ર)
૧૩. 'કર્મ હોવાપણું' એટલે કેવા રૂપથી તે કરવાનું ભગવાનને ઈષ્ટ છે તે. (પ્ર)
૧૪. 'આમાં' એટલે વિવિધ આજીવિકામાં. (પ્ર)

વળી,

**યથા કિલ સ્વે ખ ઈદં નિવેશ્ય શેતે ગુહાયાં સ નિવૃત્તવૃત્તિઃ ।।**
**યોગેશ્વરાધીશ્વર એક એતદનુપ્રવિષ્ટો બહુધા યથાસીત્ ।।૬।।**

જે પ્રકારે વૃત્તિરહિત થએલા તે પોતાના (હૃદયરૂપ) આકાશમાં આ (જગત્) ને મૂકીને ગુફામાં ખરેખર શયન કરે છે, (અને યોગેશ્વરોના એકજ અધીશ્વર પાછલથી આમાં પ્રવેશ કરી જે પ્રકારે ઘણા થાય છે (તે કહો). ૬.

અને જે પ્રકારે આ સર્વ (જગત્)ને સંકેલી લઈ, 'સ્વે ખે' પોતાનાં હૃદયરૂપ આકાશમાં આ સર્વ મૂકીને, પોતે પણ છૂપાં સ્થાનરૂપ ગુફામાં ખરેખર શયન કરે છે (તે કહો). આ સંબંધમાં એક દૂષણનો ત્યાગ જાણવામાં આવેલ છે, કે (તે) જતી રહેલી છે વૃત્તિઓ જેમની તેવા છે, એટલે તેમનામાં જાગ્રત્ સ્વપ્ન અને સુષુપ્તિની વૃત્તિઓ (સ્થિતિ) હોતી નથી. ગુફા કઈ તથા કોનાથી છૂપા રહેવાનું[1] છે તે અમે જાણતા નથી; પરંતુ હૃદયમાં બધું (જગત્) તેમણે મૂકેલું. વળી યોગેશ્વરોના પણ એકજ અધીશ્વર, રચેલાં આ સર્વ (જગત્)માં પાછલથી પ્રવેશ કરી જે પ્રકારે ઘણા થાય છે, તે કહો. યોગી યોગ વડે (પોતાનાં) જૂદાં જૂદાં રૂપો કરે છે.જેમ કર્મથી (કરવામાં આવે) તેમ તેઓ ઉપાય વડે પોતાનાં યોગનો વ્યય કરીને તેવા (ઘણાં રૂપવાળા) થાય છે. પણ કર્મથી ધીરે ધીરે (ઘણાં રૂપવાળા) થાય છે, (જ્યારે) યોગથી તો એકજ સમયે થાય છે. આ (ભગવાન્) તો તે (યોગી)ઓના પણ અધીશ્વર છે. 'અધિ' ઉત્સર્ગથી યોગ અને ઐશ્વર્ય પણ અધીક હોવાનું જણાવેલ છે. આથી એમ કહ્યું કે (ભગવાન્) ઘણા

(રૂપવાળા) થાય તે સંભવે છે, પણ અખંડ રહીને, અથવા અવયવોના સમૂહથી અથવા અવયવોથી તેવા થાય છે, એ વિષયનો સંદેહ છે. ૬.

૧. 'સંગોપ્યઃ' એટલે (કોણ) સ્વરૂપ ન જણાવવા યોગ્ય છે. (પ્ર)

'આવું (ભગવાનનું) ચરિત્ર તમે ઘણા પ્રકારથી ભારત વિગેરેમાં સાંભળેલું છે. ફરીથી એવો પ્રશ્ન કેમ કરો છો' એમ પૂછવામાં આવે, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**ક્રીડન્વિધત્તે દ્વિજગોસુરાણાં ક્ષેમાય કર્માણ્યવતારભેદૈઃ ।।**
**મનો ન તૃપ્યત્યપિ શ્રૃણ્વતાં નઃ સુશ્લોકમૌલેશ્ચરિતામૃતાનિ ।।૭।।**

બ્રાહ્મણો, ગાયો અને દેવો નાં કલ્યાણ માટે જૂદાં જૂદાં પ્રકારના અવતારોથી ક્રીડા કરતાં (કર્મો) કરે છે. ઉત્તમ કીર્તિ જેમના મુકુટ ઉપર છે તેવા (ભગવાન)નાં ચરિતામૃતોનું શ્રવણ કરતાં અમારા મનને તૃપ્તિ થતી નથીજ. ૭.

બ્રાહ્મણો, ગાયો અને દેવોનાં કલ્યાણ માટે જૂદા જૂદા પ્રકારના અવતારોથી ક્રીડા કરતાં (ભગવાન્) કર્મો કરે છે. 'એમ હોય તેથી શું ?' એવો પ્રશ્ન થાય, તેથી તે કર્મો 'શ્રવણ કરતાં અમારાં મનને તૃપ્તિ થવા છતાં પણ અમારાં મનને તૃપ્તિ થતી નથી', તેનું કારણ 'ઉત્તમ કીર્તિ જેમના મુકુટ ઉપર છે તેવાનાં ચરિતામૃતો' શબ્દોથી કહેલું છે, એક કર્તાનું વિશેષણ છે, બીજું કર્મોનું (વિશેષણ) છે. 'સુશ્લોકા' ઉત્તમ કીર્તિ છે 'મૌલૌ' મુકુટ ઉપર જેમના તેવા (ભગવાન્ છે). જ્યારે ભગવાનનાં દર્શન થાય છે, ત્યારે જેમ દૂરથી પુરુષનો મુકુટ દેખાય તેમ, દૂરથીજ તેમની કીર્તિ દેખાય છે. તેથી ભગવાન (ના સંયોગ)ની ઈચ્છા દૂર થાય, ત્યારપછીજ (તેમની) કીર્તિની[1] ઈચ્છા દૂર થાય છે. જે ભગવાનનો આદર કરતો હોય તે (તેમનાં) મસ્તકના ભૂષણથી કેમ દૂર રહે ? વળી આ (ભગવાનનાં) કર્મો અમૃતરૂપ હોઈ ચરિતામૃતો છે. ચરિત્રોજ કર્મો છે. ચરિત્રો ભૂખ તરસ વિગેરે મટાડનારાં અને મરણને દૂર કરનારાં[2] હોવાથી અમૃત છે એ અનુભવથી સાબિત થએલું છે. 'ચરિત્ર' શબ્દથી માત્ર પ્રયત્ન (જણાવેલ) છે, અને ભક્ષણનો અર્થ દર્શાવનાર તરીકે (અમૃતનો) વિરોધ થતો[3] હોવાથી, (કર્મો) અદ્‌ભુત કર્મપણાને લીધે અમૃતરૂપ છે. વળી ચરિત હોવાને લીધેજ કર્મો અમૃત છે, કારણકે ઉત્પન્ન થતાંજ તેઓ નિત્ય (અવિનાશી) હોય છે. માત્ર પ્રયત્નરૂપ હોવાથી તેઓ નિત્ય હોવાથી, પ્રયત્નના સંબંધવાળાં હોવા છતાં (તે ચરિતોનાં) શ્રવણ વિગેરે નિત્ય હોવાથી બધી ઈન્દ્રિયોની ક્રિયાઓથી ભરપૂર થઈ આ લોકનાં અને પરલોકનાં દુઃખને મટાડનારાં થાય, ત્યારે બંને (લોક)નાં અમૃત બને છે.

'બ્રાહ્મણો, ગાયો અને દેવો' શબ્દથી યજ્ઞમાં મુખ્ય બનેલા (૧) હોમ કરવાના પદાર્થો (૨) મંત્રો અને (૩) દેવતાઓ એ ત્રણ પદાર્થો કહેલા છે. તેમનાં

કલ્યાણ માટે (ભગવાન્) કર્મ કરે છે. આથી એમ કહેલું છે કે ભગવાનનાં કર્મો ધર્મરૂપ છે, અને તેથી મનથી વિચારેલા તે (કર્મો) મનના યજ્ઞો થાય છે, કીર્તન કરેલા (તે) વાણીના યજ્ઞો અને શ્રવણ કરેલા (તે) જ્ઞાનના યજ્ઞો થાય છે, એવો (અર્થ છે). 'અવતારર્ભેદૈઃ' એટલે જૂદા જૂદા પ્રકારના અવતારોથી. (અવતારોમાં) ભેદ કહ્યો તેથી એમ સમજાય છે કે લોકમાં તેમને અવતાર તરીકે જાણવાનું અશક્ય છે. મત્સ્ય વિગેરે અવતારો જૂદા જૂદા પ્રકારનાં હોવાથી, (તે) જૂદા જૂદા હોવાનું કહેલું છે. અથવા જ્ઞાનવાળા અને ક્રિયાવાળા એવા ભેદથી ત્રણ (પ્રકારના) અવતારો થાય છે. તેમના ભેદો (એવા છે કે) (૧) વ્યાસ વિગેરે જ્ઞાનની કલાવાળા અવતારો છે, (૨) વરાહ વિગેરે ક્રિયાની કલાવાળા અવતારો છે (૩) શ્રીકૃષ્ણ (જ્ઞાન અને ક્રિયા) બંનેના (અવતાર) છે. અથવા 'અવતારોથી અને જૂદાં રૂપોથી' એવો (અર્થ લેવો). (એવો અર્થ કરીએ) ત્યારે જૂદાં રૂપો આવેશવાળા છે. અવતારોથી અને આવેશવાળા (રૂપો)થી યજ્ઞોનું પાલન કરે છે, તેથી (કર્મો) કરવાનું પ્રયોજન રક્ષણ છે. ચરિત્રો (નું શ્રવણ કરતાં) તૃપ્તિ ન થવાથી અમૃત છે. તેથી ચરિત્રો કહોજ, એવો અર્થ છે. ૭.

૧. 'કીર્તિની' એટલે ચરિત્રોનું શ્રવણ વિગેરે કરવાની; એવો અર્થ જણાય છે.

૨. 'ભૂખ ખરેખર મનુષ્યની વિરોધી છે' શ્રુતિ પ્રમાણે ભૂખ વિરોધી હોવાથી તેનો નાશ કરનાર ચરિત્રો અમૃત છે. (પ્ર)

૩. ચરિત્ર મરણને દૂર કરનાર હોવાનું અનુભવથી સાબિત થએલ ન હોવાથી 'અ+મૃતાનિ' એવો સમાસ કરી બીજો અર્થ કરે છે. કર્મો શ્રવણનું સિંચન કરનારાં હોવાથી, તેમની હાનિ થવાનો સંભવ નથી, તેથી તેઓ અમૃત છે એવો અર્થ છે. (પ્ર) ચરિત્રનો અર્થ પાછલ કહ્યો. અહિં 'અમૃત'નોજ અર્થ કરતાં હોય તેમ જણાય છે. અમૃત ભક્ષણ કરવા યોગ્ય છે. ચરિત્રો તેવાં નથી. તેથી તે વિરોધ દૂર કરવા કર્મો તેમનાં અમૃતપણાને લીધે અમૃત છે એમ કહેલ હોવાનું જણાય છે.

વળી,

**યૈસ્તત્ત્વભેદૈરધિલોકનાથો લોકાનલોકાન્ સહલોકપાલાન્ ।।**
**અચીક્લૃપદ્યત્ર હિ સર્વસત્ત્વનિકાયભેદોઽધિકૃતઃ પ્રતીતઃ ।।૮।।**

જે જૂદાં જૂદાં તત્ત્વોથી લોકનાથના અધિપતિએ લોકપાલોસહિત-જેમની અંતર અધિકારવાળા સર્વ પ્રાણીઓના સમૂહોનો ભેદ જોવામાં આવે છે તેવા-લોકોને (અને) અલોકોને ઉત્પન્ન કર્યાં (તે કહો). ૮.

જે જૂદાં જૂદાં તત્ત્વોથી લોકપાલો સહિત લોકોને અને અલોકોને ઉત્પન્ન કર્યા તે કહો, એમ કહેલું છે. કેટલાં તત્ત્વોનો લોક ઉત્પન્ન કરવામાં અને કેટલાનો અલોક ઉત્પન્ન કરવામાં ઉપયોગ કરેલો છે ? જો બધાંએ તત્ત્વોથી બધાઓને ઉત્પન્ન કર્યાં હોત, તો લોક, અલોક એવો ભેદ ન હોત. 'લોક્યતે' જોવામાં આવે છે તે લોક,

નજરે જોવાય તેવા છે. લોકાલોક (પર્વત)ની પેલી તરફના ભાગો તો નજરે જોવાય તેવા નથી. આનો અર્થ આ (નીચે પ્રમાણે) છે.[1] લોકો સ્વભાવથીજ લોકરૂપ અને અલોકરૂપ છે, પરંતુ તેજથી પ્રકાશિત નથી, કારણ કે મનુષ્યોને[2] જ તે (તેજ)ની જરુર છે. તેના[3] અભાવનું કારણ શું ? કારણકે આ લોકમાંજ મેઘો, કાષ્ઠ, સૂર્ય વિગેરે ઉત્પન્ન થાય છે, અને તેઓ બીજે (બીજા લોકમાં) કેમ હોતા નથી ? તેથી કેટલાક (પ્રદેશ) પોતેજ અલોક હોય છે. ત્યાં પણ[4] લોકપાલો હોય છે. ત્યાં ચક્ષુથી પદાર્થનું ગ્રહણ કરવા માટે તેજની જરુર નથી, અથવા ચક્ષુજ[4] હોતાં નથી.

અથવા (૧) સ્વર્ગ વિગેરે લોકોને, (૨) લોક વિનાના ઉજ્જડ પ્રદેશરૂપ અલોકોને અને (૩) લોકમાં પણ લોકપાલો સાથેના, એવા ત્રણને (ઉત્પન્ન કર્યાં), એવો અર્થ છે. જ્યાં ઉત્પન્ન કર્યાં, તે કહો એવો પ્રશ્ન છે. 'રાજસ લોકો, તામસ અલોકો અને સાત્ત્વિક લોકપાલો, એવા ત્રણ ભેદો કેમ ગણાવ્યા ?' એવી શંકા થાય, તેથી 'જેમની અંદર અધિકારવાળા સર્વ પ્રાણીઓના સમૂહોનો ભેદ' છે અને 'જોવામાં આવે છે' એમ કહેલું છે. વળી બધાં પ્રાણીઓ જૂદી જૂદી યોનિમાં ઉત્પન્ન થએલા જીવો છે, તેઓનો 'નિકાયઃ' સમૂહ, તેનો ભેદ એટલે સાથે ન રહેવું તે. સમૂહો પણ જૂદા જૂદા રહે છે એમ (કહેલું છે), કારણકે કીડીઓ અને પક્ષીઓ એકસ્થલે રહેતા નથી. તે (સમૂહ) પણ અધિકારવાળો છે. તેમાં પણ અધિકારીઓ[5] હોય છે. તેમ ન હોત તો ('ઉપદિકા' જાતની) કીડીના મુખમાં જલ ન હોત, કાગડાઓને એક આંખ ન હોત અને પશુઓમાં શીંગડાંવાળા અને શીંગડા વિનાનાનો ભેદ ન હોત. વળી આ બધોએ ભેદ જોવામાં આવે છે. જ્યાં બધાએ ભેદો દેખાય છે અથવા ત્યાં કેટલા (ભેદો) જણાયા વિનાના છે તે (કહો). મોટા (જગત્)ની રચના કરવામાં આવે, તેમાં તત્ત્વોનો ભેદ હોય તે યોગ્યજ છે, એવો (શ્લોકમાંના) 'હિ' શબ્દનો અર્થ છે. આથી એવો પ્રશ્ન થયો કે કારણ સાથે બ્રહ્માંડની રચના કહો. ૮.

૧. અલોકમાં પણ લોકપાલો હશે એમ 'લોકપાલોસહિત' શબ્દથી જણાય છે પરંતુ લોકાલોકની પેલી તરફના પ્રદેશોમાં લોકપાલો ન હોવાથી, તે અલોક પ્રદેશ ન ગણાય, તેવા આશયથી આ કહેલ છે. ( પ્ર ) લોકપાલો સહિત એ અલોકનું પણ વિશેષણ હોવાથી આ સમજાય તેવું નથી.
૨. 'મનુષ્યોને' એટલે મનુષ્ય જેવાં ચક્ષુવાળાઓને. ( પ્ર )
૩. 'તેનો 'અભાવ' એટલે ઘુવડ વિગેરેને તેજની જરુરનો અભાવ. ( પ્ર ) 'તેના અભાવનું' એટલે 'અલોકમાં તેજ ન હોવાનું' એવો અર્થ જણાય છે.
૪. 'ત્યાં પણ' એટલે ઘૂવડ 'વિગેરેમાં પણ'. ( પ્ર ) 'અલોકમાં પણ' એવો અર્થ જણાય છે.
૫. 'અધિકારીઓ' એટલે 'અમુક કાર્ય કરવા મુકરર કરેલા ( જીવો )'. ( પ્ર )

વળી,

**યેન પ્રજાનામુત આત્મકર્મરૂપાભિધાનાં ચ ભિદાં વ્યધત્ત ।।**
**નારાયણો વિશ્વસૃગાત્મયોનિરેતચ્ચ નો વર્ણય વિપ્રવર્ય ।।૯।।**

અને જેનાથી વિશ્વ રચનાર, આત્મયોનિ નારાયણે પ્રજાઓનાં સ્વરૂપ, કર્મ, રૂપ અને નામનો ભેદ કર્યો–અને હે ઉત્તમ વિપ્ર ! આ અમને કહો. ૯.

પ્રજાઓનાં દરેકના 'આત્મા' સ્વરૂપ, કર્મ, રૂપ, 'અભિધા' નામ આમનો જે પ્રયોજનને લીધે ભેદ કર્યો (તે કહો). એક યોનિમાં પણ અનંતજ ભેદો હોય, અને તેઓમાંનો એક સ્વરૂપ વિગેરે કોઈ (પ્રકાર)થી પણ બીજા કોઈના જેવો હોતો નથી, તે શામાટે ? એવો પ્રશ્ન છે.

'(કારણ વિના) આ કરતજ નહિ' એવી શંકા થાય, તેથી 'વિશ્વ રચનાર, આત્મયોનિ નારાયણે' એમ કહેલું છે. આ વિષયમાં ત્રણ કારણ હોવાનું અમારી જાણમાં છે, બીજા જાણવામાં નથી. તે (ત્રણ કારણો) કહે છે. (૧) ''નરમાંથી ઉત્પન્ન થએલાં તત્ત્વોને ડાહ્યા પુરુષો 'નાર' (જલ) કહે છે''. તે (નાર = જલ) 'અયનં' સ્થાન છે જેમનું તેવા (નારાયણ છે), કારણકે તે તેમનામાં બધામાં છે. એક અંશથી બે (કાર્યો) કરવામાં આવતાં નહિ હોવાથી, તે અંશથી (તે પદાર્થમાં) રહેતા ભગવાનજ તેટલો (પદાર્થ) જૂદો થવાનું કારણ છે એવો એક મત છે. (૨) વળી ભગવાન્ વિશ્વના રચનાર, સર્વના કર્તા છે. આમને બધાઓના ઉપાદાનનું ઈન્દ્રિયોથી થતું પ્રત્યક્ષ જ્ઞાન છે. તેમ (તેવું જ્ઞાન) ન હોત, તો તેટલા (પદાર્થો) રચત નહિ. તેથી ભગવાનનું જ્ઞાનજ (પદાર્થોના) તેટલા ભેદ થવાનું કારણ છે એ બીજું (કારણ કહ્યું) (૩) વળી (ભગવાન્) 'આત્મયોનિ' એટલે 'આત્મા' પોતેજ છે 'યોનિઃ' કારણ જેમનું તેવા છે. આ પોતે પોતામાંથીજ ઉત્પન્ન થાય છે. તેથી ભગવાનનો કોઈક તેવો ગુણ છે, કે જેનાથી (તે) પોતેજ પોતામાંથી ઉત્પન્ન થાય છે, એટલે ભેદવાળા થાય છે. એવીજ રીતે આ અનંત આકારવાળા થએલા હોવાથી, પોતેજ તેટલા રૂપવાળા છે, એમ (કહ્યું). એ પ્રમાણે સ્વરૂપ અને જ્ઞાનથી એવાં (ભેદ થવાનાં) ત્રણ કારણો જાણવામાં છે. બીજું કહો, એવો અર્થ છે. 'એતચ્ચ' 'અને...આ' એમ 'ચ' શબ્દ હોવાથી પહેલાં કહેલાં[1] (કારણો) પણ પૂછવાનાં છે, એમ કહેલું છે. તેમ ન હોત, તો સર્વ સ્થલે (પ્રશ્નોમાં) (વિદુરે) ઉત્તરજ કહેલો થાય. સર્વ સ્થલે 'અમને' એ બહુવચન એવું (મૈત્રેયને) જણાવવા (યોજેલો છે) કે (વિદુર) એક શિષ્ય હોવાથી (આ) કહેવા યોગ્ય નથી એવું નથી, કારણ કે (આ જ્ઞાનનો) પ્રચાર કરવાની પરંપરા થવાની હોવાથી ઘણા (શિષ્યો) છે. 'હે ઉત્તમ વિપ્ર !' સંબોધનથી સર્વ કહેવાનું એવું કારણ જણાવેલું છે કે–(વિપ્ર શબ્દમાં) 'પ્રા' પૂર્ણ કરવાના અર્થવાળો ધાતુ હોવાથી (વિપ્ર) ઉત્તમ

પ્રકારે પૂર્ણ કરતો હોવાથી, (તે) સર્વ ગુણોથી ભરપૂર હોવાનું જણાવેલ છે, (અને મૈત્રેય) તેઓમાં પણ ઉત્તમ હોવાથી આ (મૈત્રેય)માં ભગવાનના પૂર્ણ ગુણો છે.૯.

૧. 'પહેલાં કહેલાં' એટલે નારાયણ વિગેરે ત્રણ શબ્દોથી કહેલાં ત્રણ આ શ્લોકમાં ઐશ્વર્ય પૂછેલું છે, કારણ કે યશ અને વીર્ય આગળ સ્પષ્ટ પૂછેલાં જણાય છે. અથવા આ શ્લોકમાં યશ પૂછેલું છે, તેમ ગણીએ તો શ્લોક ૧૫માં વીર્ય અને ૧૬માં શ્લોકમાં ઐશ્વર્ય પૂછેલું છે. (પ્ર) ઉલટા ક્રમથી પ્રવેશ થવાનું પહેલાં કહેલું હોવાથી શ્રી પછી યશ પૂછેલ હોવાનો મતજ યોગ્ય જણાય છે.

'આ બધું ભારતમાં કહેલું જ છે, અને તેથી ફરીથી શામાટે પૂછે છે ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**પરાવરેષાં ભગવન્ વ્રતાનિ શ્રુતાનિ મે વ્યાસમુખાદભીક્ષ્ણમ્ ।।**
**અતૃપ્નુમ ક્ષુલ્લસુખાવહાનાં તેષામૃતે કૃષ્ણકથામૃતૌઘાત્ ।।૧૦।।**

હે ભગવાન્ ! મેં વ્યાસના મુખથી વારંવાર મોટા અને નાનાઓના વ્રતો સાંભળેલાં છે. શ્રીકૃષ્ણની કથારૂપ અમૃતના પૂર સિવાયના અલ્પ સુખ આપનારા તેમનાથી અમે ધરાઈ ગયા છીએ. ૧૦.

સાંભળેલ હોવા છતાં સાંભળવામાં શું દોષ છે ? 'પદાર્થો અનંત હોવાથી, અંત આવે નહિ (એ દોષ છે)' એવી શંકા થાય, તેથી કહું છું કે બ્રહ્માથી આરંભી સ્થાવર સુધીના મોટા અને નાનાના 'વ્રતો' એટલે મુકરર કરેલા ધર્મો અને કર્મો (મેં) સાંભળેલાંજ છે. વ્યાસના મુખથી તે વારંવાર સાંભળેલા છે, કારણકે વ્યાસ નીતિનું જ્ઞાન થાય તે માટે બધાના ધર્મો ઘણા પ્રકારે કહેતા, કારણકે તેમ ન (કહેતા) હોય, તો રાજ્યમાં બુદ્ધિ સ્થિર ન થાય, પરંતુ (હવે) રાજ્યજ તજેલું હોવાથી તે (ધર્મો)નો બુદ્ધિને અણગમો થયો છે. અણગમો થવાનું કારણ 'અલ્પ સુખ આપનારા' વિશેષણથી કહેલું છે. તે (ધર્મોવાળા)ઓનું શ્રવણ કરવાથી, હૃદયમાં તેવા વિચાર થતાં, છેવટમાં છેવટ તેવા (ધર્મોવાળા) થવાય,અથવા તે દોષમાંથી છૂટકારો થાય. બંને પ્રકારે ફલનો વિચાર કરતાં અલ્પ સુખ થાય. સ્વરૂપથી તો તે (ફલ) દુઃખરૂપજ છે. તેથી 'અલ્પ સુખ આપનારા' છે એમ કહેલું છે. તેથી અમે તેમનાથી ધરાઈ ગયા છીએ, હવે પછી તેમનું શ્રવણ કરવાની ઈચ્છા થતી નથી, એવો અર્થ છે. 'તેમનાથી' એટલે તે પ્રસિદ્ધ (ધર્મોવાળાઓ)થી, શ્રીકૃષ્ણની કથારૂપ અમૃતના પૂર સિવાયનાથી (ધરાઈ ગયા છીએ), પરંતુ શ્રીકૃષ્ણની કથાજ અમૃતૌઘઃ અમૃતનું પૂર છે, તેનાથી ધરાયા નથી. વળી અલ્પસુખથી ધરાવું, અને અમૃતના પૂરથી ન ધરાવું, એવો વિરોધાભાસ સૂચવેલો છે. (તેનો) આ (નીચે પ્રમાણે) અર્થ છે. 'ઈચ્છા[૧] વિષય પ્રમાણે થાય છે, અને તે પ્રાપ્ત થતાં મટી જાય છે. વળી તે વિષયની સમાન (વિષયના પ્રમાણમાં) થાય છે, વળી વિષય અલ્પ હોવાથી તે સર્વત્ર (સર્વ વિષયના સંબંધમાં)

કીડીની ભૂખની પેઠે અલ્પજ થાય છે, કારણકે કીડી હાથીએ ખાવાયોગ્ય પદાર્થનો ભોગ કરવા યોગ્ય નથી. તેથી તે (કીડીની ભૂખ) થોડાથીજ દૂર થાય છે. હાથી તો કરોડો કીડીઓના (કીડીઓએ ખાવાના) અન્નથી પણ ધરાતો નથી. તેથી ભગવાનના સંબંધવાળી જે ઈચ્છા, તે ભગવાન્ અનંત ગુણોવાળા હોવાથી ઘણા સમયે પણ (તેમના) સર્વ (ગુણ)ને ગ્રહણ કરવાની શક્તિવાળી ન હોવાથી, પૂરી થતી નથી. તેથી તે દૂર થતી નથી.'

શ્રીકૃષ્ણ એટલે સદાનંદ, તેમની કથા તેવા રૂપવાળી (સદાનંદ) છે, કારણકે ભગવાનના ગુણો ભગવદ્રૂપ છે, વળી રસવાળો (આનંદવાળો) પદાર્થ ઘણો લેવાય, અને અલ્પરસવાળો થોડોજ લેવાય, એવો (આપણો) અનુભવ છે. ૧૦.

૧. 'ઈચ્છા' એટલે અમુક પદાર્થ પ્રાપ્ત કરવાની ઈચ્છા.

આ વિષયમાં અધિકારીઓના ભેદથી વ્યવસ્થા થતી હશે એવી શંકા કરી, તેને નીચેના શ્લોકમાં ખોટી ઠરાવે છેઃ

**કસ્તૃન્પુયાત્તીર્થપદોऽભિધાનાત્ સત્રેષુ વઃ સૂરિભિરીડ્યમાનાત્ ।।**
**યઃ કર્ણનાડીં પુરુષસ્ય યાતો ભવપ્રદાં ગેહરતિં છિનત્તિ ।।૧૧।।**

જે પુરુષના કાનની નાડીમાં પ્રવેશ કરીને સંસાર ઉત્પન્ન કરાવનારી ઘર ઉપરની આસક્તિનો નાશ કરે છે, (અને) જેમના ચરણમાં તીર્થો છે તેવા આપના, યજ્ઞોમાં ઋત્વિજોએ પ્રશંસા કરાતા નામથી કોણ તૃપ્ત થાય ? ૧૧.

આ (ભગવાનનું નામ લેવા)ની ઈચ્છાજ ઉત્પન્ન થતી નથી. જો ઉત્પન્ન થઈ, તો જેમ આહુતિઓથી અગ્નિ તૃપ્ત થતો નથી, તેમ કોઈ પણ સમયે તૃપ્ત થતી નથી, કારણકે તે (ભગવાનના નામ)ના ગુણો ઈચ્છાનીજ વૃદ્ધિ કરે છે, એમ પહેલાં કહેલું છે. આ વિષય યોગ્યજ છે. આસુરી (જીવો)ને ઈચ્છા થતી નથી, (અને) દેવોમાં કોણ તેનાથી તૃપ્ત થાય ? કારણકે શાસ્ત્રમાં આજ્ઞા કરેલી હોય તેવા વિષયમાંજ તેઓની પ્રવૃત્તિ થાય છે. ત્યાં (શાસ્ત્રમાં) વૈરાગ્યવાળા અને વૈરાગ્યવિનાના ભેદથી, અથવા બ્રાહ્મણ અને ક્ષત્રિયના ભેદથી યજ્ઞો અને તીર્થો કરવાની આજ્ઞા છે, (અને) તે ચિત્તની શુદ્ધિ કરાવી મોક્ષરૂપ ફલ આપનારાં છે. તેઓ સ્વરૂપથી દુઃખરૂપ હોવા છતાં, ફલથી સારાં છે. ભગવાનના ગુણો તો ચાર પ્રકારના છે. (૧) સ્વરૂપથી પણ અમૃતના પૂરો છે. (૨) ફલમાં મોક્ષરૂપ ફલ આપનારા છે (૩) યજ્ઞરૂપ છે અને (૪) તીર્થરૂપ છે. તેથી (તેમનાથી) કોણ તૃપ્ત થાય ? તીર્થો છે ચરણમાં જેમના તેવા (ભગવાન્ છે). 'વાયુએ કહ્યું કે સ્વર્ગમાં, ભૂમિ ઉપર અને અંતરિક્ષમાં સાડાત્રણ કરોડ તીર્થો છે, તે ખરેખર ગંગાના જલમાં છે' એ વાક્યમાં જણાવેલી પ્રસિદ્ધ ગંગા ભગવાનના ચરણમાં છે, તેવા (ભગવાન)નાં નામ(થી કોણ તૃપ્ત થાય ?) આ (ભગવાનનું નામ)

માત્ર શબ્દરૂપ છે એવો મત ખોટો હોવાનું આગળ જણાવશે. આ નામની યજ્ઞોમાં ભગવાનના ગુણ જાણનાર ઋત્વિજોએ પ્રશંસા કરેલી છે. જેમ અશ્વમેધ યજ્ઞમાં 'વીણાથી કથા કહેનાર બે બ્રાહ્મણો ગાન કરે' એ વાક્ય પ્રમાણે, અથવા જેમ નારદને ગાન કરવા બોલવેલ, તેમ યજ્ઞોમાં હરિની કથાનું ગાન કરવામાં આવે છે, કારણકે 'વિષ્ણુના કર્મો જૂઓ' વિગેરે શ્રુતિ પ્રમાણે તે (હરિની કથાનાં ગાન)થી યજ્ઞ પૂર્ણ થાય છે.

વળી જે ભગવાન્ પુરુષના કાનની નાડીમાં પ્રવેશ કરીને, પોતે (તેના) હૃદયમાં રહે તે માટે, હૃદયમાં રહેલી સંસાર ઉત્પન્ન કરાવનારી અનિષ્ટરૂપ ઘર ઉપરની આસક્તિનો નાશ કરે છે, કારણકે (પોતે) અમૃતરૂપ છે. (ભગવાનનું નામ) પ્રિય હોવાનું પહેલાંજ (ગયા શ્લોકમાં) કહેલું છે, અને અનિષ્ટ દૂર કરનારું હોવાનું કહ્યું. યજ્ઞરૂપપણું પણ જણાવ્યું. 'પુરુષના કાનની નાડીમાં પ્રવેશ કરીને' શબ્દોથી એમ કહેલું છે કે માત્ર (નામરૂપ) શબ્દજ (પ્રવેશ કરતો) નથી. ભગવાન સાથે (નામ) પ્રવેશ કરે, ત્યારે તો તીર્થો પણ થયાંજ. ૧૧.

'એમ છે ત્યારે વ્યાસે બીજું ( બીજાના ધર્મો ) કેમ કહ્યું ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**મુનિર્વિવક્ષુર્ભગવદ્ગુણાનાં સખાઽપિ તે ભારતમાહ કૃષ્ણઃ ।।**
**યસ્મિન્નૃણાં ગ્રામ્યસુખાનુવાદૈર્મતિર્ગૃહીતા નુ હરેઃ કથાયામ્ ।।૧૨।।**

ભગવાનના ગુણો કહેવાની ઈચ્છાવાળા મુનિ કૃષ્ણ અને વળી તમારા મિત્રે ભારત કહેલું છે, જેની અંદર માણસોની બુદ્ધિનું નિશ્ચય ગામડીઆ સુખની કથાઓથી હરિની કથા તરફ આકર્ષણ કરેલું છે. ૧૨.

કારણકે ભગવાનના ગુણોજ કહેવાની ઈચ્છાવાળા તેમણે (વ્યાસે), તેમને (માણસોને તેમનું શ્રવણ કરવાનો) અધિકાર પ્રાપ્ત થાય તે માટે, આપ (મૈત્રેય)ની પેઠે ભગવાનની આજ્ઞા પ્રાપ્ત કરીને, ભરતવંશમાં ઉત્પન્ન થએલાઓનુંજ ચરિત્ર કહેલું છે, કેમકે તે દુષ્યંતનો પુત્ર (ભરત) માયાને તરી ગએલો હોવાથી, તેના વંશમાં ઉત્પન્ન થએલાઓ તેવાજ છે. તેઓનાં (ચરિત્રનું) શ્રવણ કરવાથી દેવની માયાથી મોહ ન થાય, તો ભગવાનના ગુણોનું શ્રવણ કરી શકાય. તેથી (શ્રવણ કરવાના) અધિકાર વિનાનાઓ પણ ભગવાનના ગુણોનું શ્રવણ કરે તે માટે આપના મિત્રે (તે) માત્ર ભગવાનના ગુણ કહેનાર હોવા છતાં, નામથી પણ 'કૃષ્ણ' હોવા છતાં, ભારત કહ્યું, જે ભારતમાં માણસોની બુદ્ધિનું ઉપાયથી આકર્ષણ થાય છે. તે બધાનું ચિત્ત તેમાં ગામડીઆ (સુખ)ની કથાઓમાંજ પ્રવેશેલું હોય છે, અને (ચિત્તની) પ્રવૃત્તિ પોતાની રુચિથીજ થાય છે. તેથી તેઓની બુદ્ધિનું આકર્ષણ થાય તે માટે

ગામડીઆની કથાઓમાં ભગવાનની કથાઓ દાખલ કરેલી છે. તે (ભગવાનની) કથાઓ ગામડીઆ તરીકે વિચારેલી હોય તોપણ પોતાનું પ્રયોજન સિદ્ધ કરે છે, તેથી પ્રયત્ન સફલ થાય છે. તે (અર્થ) 'નુ' નિશ્ચય શબ્દથી કહેલો છે. ૧૨.

'તેથી શું થાય?' (એ જાણવાની ઈચ્છા થાય), તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**સા શ્રદ્ધાનસ્ય વિવર્ધમાના વિરક્તિરન્યત્ર કરોતિ પુંસઃ ।।**

**હરેઃ પદાનુસ્મૃતિનિર્વૃતસ્ય સમસ્તદુઃખાત્યયમાશુ ધત્તે ।।૧૩।।**

શ્રદ્ધાવાળા હરિનાં ચરણના સ્મરણથી આનંદ પામેલા પુરુષની તે (બુદ્ધિ) વધતી (જતી) બીજા (વિષયો)માં અણગમો ઉત્પન્ન કરે છે (અને) તરત જ સર્વ દુઃખોનો નાશ કરે છે. ૧૩.

શ્રદ્ધા એટલે આસ્તિકપણાવાળી બુદ્ધિ. કથા આરંભમાં પોતાનાં કાર્ય શ્રદ્ધાનેજ ઉત્પન્ન કરે છે. ગામડીઆ પદાર્થોમાં ઉંચા તથા નીચા હોય, તેમાંથી રસનો અનુભવ થવાથી ઉત્તમ હોય તે જ ગ્રહણ કરે છે, હલકાને ગ્રહણ કરતી નથી. તેથી શ્રદ્ધાવાળાની વધતી જતી તે બુદ્ધિ, શ્રદ્ધાથી સદા શ્રવણ થવાથી વધતાં વધતાં, બીજા (પદાર્થો) ખીચડી (ભેળસેળવાળા) તરીકે પ્રાપ્ત થાય તેમાં અણગમો (ઉત્પન્ન) કરે છે, કારણકે ઉત્તમ અન્ન પ્રાપ્ત થતું હોય, ત્યારે કોઈ પણ ખોળ વિગેરે ખાતું નથી; પરંતુ એકજ ગુણ સ્વતંત્રપણું જરુરનો છે. તે (અર્થ) 'પુરુષ' શબ્દથી કહેલ છે.

'તેથી પણ શું (થાય)?' એવો પ્રશ્ન થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. વધતી જતી (આસક્તિપણાંની) બુદ્ધિથી સદા ભગવાનનું સ્મરણ કરે છે, ત્યારે ભગવાનનું સ્મરણ સદા ચિત્તમાં રહેતું હોવાથી, ચિત્ત આનંદવાળું થાય છે, કારણકે આનંદમય ભગવાને તેમાં પ્રવેશ કરેલો હોય છે. ત્યારે (ભગવાનને) પ્રાપ્ત કરેલું થતાં, તે ચિત્ત તેમનાથી પાછું ફરતું નથી. પછી તેથી પણ વધેલી બુદ્ધિ તરતજ સર્વ દુઃખોનો 'અત્યયં' નાશ કરે છે. તેથી ભારતમાં સાધન સહિત પરમ પુરુષાર્થ દર્શાવેલ છે. ૧૩.

એ પ્રમાણે ઉપાય કરવા છતાં પણ, જેઓનું ચિત્ત ભગવાનમાં પ્રવેશ કરતું નથી, તેઓ માટેજ હું શોક કરું છું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તાન્ શોચ્યશોચ્યાનવિદોડનુશોચે હરેઃ કથાયાં વિમુખાનઘેન ।।**

**ક્ષિણોતિ દેવોડનિમિષસ્તુ યેષામાયુર્વૃથાવાદગતિસ્મૃતીનામ્ ।।૧૪।।**

પાપને લીધે હરિની કથાથી વિમુખ રહેનારા, શોક કરવા યોગ્યે પણ શોક કરવા યોગ્ય તેમનો અજ્ઞાનીઓનો હું શોક કરું છું, જેમનાં નિરર્થક વાદ ગતિ અને સ્મૃતિવાળાઓનાં આયુષ્યનો તો સાવધાન દેવ ક્ષય કરે છે. ૧૪.

ભગવાને પોતાની સેવા (કરવા) માટે ઈન્દ્રિયો આપેલી છે. કેટલાકને નથી

આપી. જેમને નથી આપી તેઓ શોક કરવા યોગ્ય છે, કારણકે જો તેઓને ઈન્દ્રિયો હોય તો તેઓ તેમનાથી ભગવાનનું ભજન કેમ ન કરે ? વળી (ઈન્દ્રિયોનું) દાન થયું તે સમયે જેઓને આસુરી ઈન્દ્રિયો પ્રાપ્ત થઈ, તેઓ તે (ભગવાનની) કથા શ્રવણ કરીને પણ તેના રસને જાણતા ન હોવાથી ભજતા નથી. તેઓ શોક કરવા યોગ્યે પણ શોક કરવા યોગ્ય છે. અથવા જેઓ (સત્પુરુષોનો) સંગ ન હોવાને લીધે (ભગવાનને) જાણતાજ નથી, તેઓનો હું શોક કરું છું. તેઓ પણ જો દૈવની ગતિથી ભગવાનને સન્મુખ થાય, તો પણ શોક કરવા યોગ્ય ન રહે; (પણ) જો સંપૂર્ણ રીતે વિમુખ રહે, તો શોક કરવા યોગ્ય છે. તેવા હોવાનું કારણ 'પાપને લીધે' શબ્દથી કહેલું છે. પાપજ પોતાનો નાશ થવાના ભયથી ભગવાનથી વિમુખપણું કરાવે છે. પછી કાલ પણ તેમને ખાઈ જાય છે, એમ ઉત્તરાર્ધથી કહે છે, કારણકે તે (કાલ) સર્વ જાણનાર 'દેવ' હોઈ, બધાને ઓળખે છે અને ખાઈ જવા માટે 'અનિમિષઃ' સાવધાન રહે છે. ભગવાનથી વિમુખ હોય તેનો બીજા દેવથી અથવા બીજા માર્ગથી મોક્ષ થાય છે, એવો મત છે, તે જૂદો મત 'તું' 'તો' શબ્દથી ખોટો હોવાનું જણાવે છે. (કાલ) તે બધાઓનું આયુષ્ય હરે છે, કારણકે તેનું તે એકજ કાર્ય છે.

'કાયા, વાણી તથા મનથી તેઓ કાંઈક ભલું કરશે' એવી શંકા થાય, તેથી 'નિરર્થક વાદ ગતિ અને સ્મૃતિવાળાઓનાં' વિશેષણ કહેલું છે. (તેઓના) વાદ વિગેરે ત્રણે પુરુષાર્થરહિત હોય છે. જેમ ઘૂવડોને અંધકાર (ગમે છે), તેમ તે (પુરુષાર્થરહિત વાદ વિગેરે)જ તેમને ગમે છે. ગતિ કાયાની (ક્રિયા)[1] છે. તેથી તેઓનો સર્વસ્વનો નાશ થતો હોવાથી, અને પુરુષાર્થનું સાધન હોવા છતાં (તેમને) પુરુષાર્થ પ્રાપ્ત થતો ન હોવાથી, તેઓ શોક કરવા યોગ્યે પણ શોક કરવા યોગ્યજ છે. ૧૪.

૧. વાદ વાણીની અને સ્મૃતિ મનની ક્રિયાઓ છે.

એવી રીતે અન્વય[1] અને વ્યતિરેકથી[1] ભારતનું તાત્પર્ય કહીને, નીચેની શ્લોકમાં એમ કહે છે કે, તે (ભારત)થી જેનું ચિત્ત ભગવાનની કથામાં પરોવાએલું છે તેવા મને માત્ર ભગવાનની કથાજ કહોઃ

**તદસ્ય કૌષારવ શર્મદાતુર્હરેઃ કથામેવ કથાસુ સારમ્ ।।**
**ઉદ્ધૃત્ય પુષ્પેભ્ય ઈવાર્તબન્ધો ! શિવાય નઃ કીર્તય તીર્થકીર્તેઃ ।।૧૫।।**

તેથી હે દુઃખીઓના બંધુ કૌષારવ ! પુષ્પોમાંથી સાર (મધ) કાઢીને (આપે) તેમ કથાઓમાં સારરૂપ, તીર્થરૂપ કીર્તિવાળા સુખ આપનાર (અને) દુઃખ હરનાર આમનીજ કથા-કાઢીને અમારા કલ્યાણ માટે કહો. ૧૫.

ઉપરના ચાર પ્રશ્નો અજ્ઞાનને તથા ખોટા જ્ઞાનને દૂર કરનારા પૂછેલા. આ પ્રશ્ન તો જાણેલાજ છે પણ દરરોજના ભોજનની પેઠે જરુરી હોવાથી, તેની જરુર

છે, 'તત્' તેથી 'આ (આમની)' એટલે સામે જેમનાં દર્શન થાય છે તે, સ્વભાવથી સર્વને સુખ આપનાર અને (સર્વનાં) દુઃખ હરનાર, ભગવાનની કથાજ કહો.

'હરિની કથા લૌકિક (કથા) સાથે ભળેલી છે, છૂટી હોય તેમ તે એકલી કેમ કહી શકાય ?' એવો પ્રશ્ન થાય, તેથી 'કથાઓમાં સારરૂપ (હરિની કથા) કાઢીને' શબ્દોથી તેનો ઉપાય કહેલો છે. સૃષ્ટિનાં પ્રકારો ઘણા છે, તે પૈકી ભગવાને રચેલી સૃષ્ટિજ કહેવી. પાલન ઘણા પ્રકારનું, કાલ કર્મ વિગેરેથી (પણ) થતું હોય છે. તે પૈકી ભગવાનથી થતું હોય તેજ કહેવું. પ્રલય પણ તેવોજ કહેવો.જે સૃષ્ટિમાં ભગવાનજ પ્રવેશ કરીને જૂદાં જૂદાં (રૂપવાળા) થાય છે (તે સૃષ્ટિ કહેવી), પરંતુ (જેમાં) જીવ અથવા પુરુષ અથવા બીજો કોઈ (તેમ કરતો હોય તે) ન (કહેવું). ચરિત્ર પણ પ્રકૃતિ વિગેરે સાથે ભળેલું ન હોય તે કહેવું, એવો (અર્થ છે). વધારે કહેવાથી શું ? ભક્તોની ઈચ્છા પૂર્ણ કરવી અને દુઃખને હરવું એવુંજ માત્ર જેનું પ્રયોજન હોય, તેવુંજ ભગવાનનું ચરિત્ર સર્વમાંથી સાર કાઢીને કહો. આ સાર કાઢવાનું બુદ્ધિથીજ થાય. 'પુષ્પોમાંથી (સાર કાઢીને આપે) તેમ' શબ્દોથી યથાર્થ (સાર) કાઢવાનું દૃષ્ટાંત કહેલું છે. જેમ પુષ્પમાંજ મકરંદ (રસ) અંદર રહેલો હોય છે, પણ ભ્રમરજ તેનું પાન કરે છે અને મધમાખ બહાર કાઢીને રાખે છે, તેમ જોકે ભ્રમરની પેઠે (આપ તેનું) પાન કરો છો, છતાં પણ (તેમ કરવાથી) પરોપકાર થતો ન હોવાથી, મધમાખની પેઠે (તે) બહાર કાઢીને કહો.

'પાન કરેલી (કથા) પાછી બહાર કાઢવાની હોવાથી, આ તો દુઃખરૂપ થાય' એવી શંકા થાય, તેથી 'હે દુઃખીઓના બંધુ !' એમ કહેલું છે. લોક ઉપર ઉપકાર કરવા દુઃખ પણ સહન કરવું જોઈએ. વાસ્તવિકરીતે તો (કથાનું) પાન કરવાની પેઠે (તેને) બહાર કાઢવામાં પણ, ઈન્દ્રિયોને (તેનો) સંબંધ સરખોજ થતો હોવાથી, અને (કથા) વિકારવિનાની હોવાથી, પરોપકાર કરતાં, વાગોળવામાં થાય છે તેમ રસનો સ્વાદ (પ્રાપ્ત) થાય છે. તેથી 'નઃ' અમારા કલ્યાણ માટે કહો. (અમારો) અધિકાર નથી એમ ન માનશો, (કારણકે) જેમની કીર્તિ તીર્થરૂપ છે તેવા (ભગવાન્) હોવાથી, તે (તીર્થરૂપ કથા)થીજ અધિકાર પણ (પ્રાપ્ત) થશે. ૧૫.

૧...૧. કથાના શ્રવણથી સુખની પ્રાપ્તિ અને દુઃખનો નાશ થાય છે એમ શ્લોક ૧૩માં ભારતનું તાત્પર્ય અન્વયથી કહ્યું, અને કથા ન સાંભળનારની દશા શ્લોક ૧૪માં કહી, તે વ્યતિરેકથી ભારતનું તાત્પર્ય કહેવાયું.

એ પ્રમાણે તારવી કાઢેલી ભગવાનની કથા પૂછીને, મૂલપુરુષ (ભગવાન)નું બીજું ચરિત્ર પણ નીચેના શ્લોકથી પૂછે છેઃ

**સ વિશ્વજન્મસ્થિતિસંયમાર્થે કૃતાવતારઃ પ્રગૃહીતશક્તિઃ ।।**

**ચકાર કર્માણ્યતિપૂરુષાણિ યાનીશ્વરઃ કીર્તય તાનિ મહ્યમ્ ।।૧૬।।**

વિશ્વના જન્મ, સ્થિતિ અને સંયમ માટે અવતાર ધારણ કરેલા તે ઈશ્વરે શક્તિઓ ગ્રહણ કરીને જે ઘણાંજ પુરુષાતનવાળાં કર્મો કરેલાં છે તે મને કહો. ૧૬.

જે (ભગવાન્) ઉપર કહ્યા, તેમણેજ બીજાં કાર્ય માટે અવતાર લીધેલ, તેમનું ચરિત્ર મેં આરંભમાં પૂછેલું છે. બધાએ વિશ્વનાં જન્મ સ્થિતિ અને સંયમ માટે જે પરમ પુરુષે અંતે અવતાર ધારણ કરેલો, અથવા જેમણે વ્યક્તિ (જૂદા જૂદા પુરુષ)ના જન્મ વિગેરે માટે અવતાર ધારણ કરેલો, પરંતુ જેમણે કાલ વિગેરેને આજ્ઞા કરેલી નહિ, પણ પોતેજ (અહિં) પધારીને જેમણે (બધાના જન્મ વિગેરે) કરેલ (તેમનાં કર્મો કહો).

'ભગવાને કરેલ (કર્મ)માં પણ આ લોકમાં (કરાએલ હોવાનો) વિગેરે અનુભવ થતો હોવાથી, તે માત્ર ભગવાને કરેલું કેમ થાય (ગણાય) ?' એવી શંકા થાય, તેથી 'શક્તિઓ ગ્રહણ કરીને' શબ્દ યોજેલ છે. 'પ્ર' સારી રીતે 'ગૃહીતાઃ' ગ્રહણ કરેલી છે કાલ વિગેરે શક્તિઓ જેમણે તેવા (ભગવાન્ છે), કારણ કાલ વિગેરે તે (શક્તિ)ઓ ત્યાં જોવામાં આવતી હોવા છતાં, ભગવાને (તેમને) વશ રાખેલી છે, (અને) તેઓ પોતાની મેળે કાર્ય કરતી નથી. માત્ર જોવામાં આવે તેથી દોષ થતો નથી. (વિશ્વના) જન્મ વિગેરે માટેજ અવતાર (ધારણ કરેલ) હોવાથી, (ભગવાન્) જન્મ વિગેરે કરવાનાજ, પરંતુ બીજા પુરુષો કરતાં ઘણાં વધારે પુરુષાતનવાળાં જે (કર્મો) તેમણે કર્યાં (તે કહો). (તે) ઈશ્વર હોવાથી સાધારણ (કર્મ) તો નહિ કરે. (ઘણાંજ પુરુષાતનવાળાં તેમનાં) તે (કર્મો) માત્ર મનેજ કહો. પરંપરા (ચાલુ રહે તે) માટે પણ મારે તે બીજાને કહેવાનાં નહિ, એવો ભાવ છે. ૧૬.

આવો પ્રશ્ન કરનાર બીજો થશે (છે) નહિ, તેમજ પ્રશ્ન વિના કથા કહી શકાય નહિ. તેથી આ પ્રશ્નોથી આ (વિદુર)નો અધિકાર જણાવ્યો. આ પ્રશ્ન સાથેજ બીજા (પ્રશ્નો ભળેલા હોવાથી, પરિણામે એકજ પ્રશ્ન થયો તેનો ઉત્તર (મૈત્રેય) બે અધ્યાયોથી કહેશે, કારણકે અવતાર વિગેરેમાં પુરુષાતન (કરવા)ના પ્રયોજનો જૂદાં હોય છે. તેથી આ બે અધ્યાયો આ (મૈત્રેયે) પોતેજ (કથા) તારવીને કહેલા છે. જો (વિદુર) આથી તૃપ્ત ન થતાં બીજા પ્રશ્નોના (ઉત્તર) જાણવા ઈચ્છા કરશે, તો ઉપર જણાવેલા[1] બીજા વિષયોને પણ ખીચડામાં નાખી, જીવના સંદેહો દૂર કરવા (કથા) કહીશ, એવો મૈત્રેયનો અભિપ્રાય (થયો). તેથી (તેણે કરેલ) પ્રશ્નનું અભિનંદન કહેવા, શુક નીચેના શ્લોકમાં એમ કહે છે કે આ પ્રશ્ન તે (મૈત્રેય)ને પ્રિય લાગ્યોઃ

।। શ્રીશુક ઉવાચ ।।

**એવં સ ભગવાન્ પૃષ્ટઃ ક્ષત્રા કૌષારવિર્મુનિઃ ।।**
**પુંસાં નિઃશ્રેયસાર્થેન તમાહ બહુ માનયન્ ।।૧૭।।**

એ પ્રમાણે સંયમી (ઉદ્ધવે) પૂછેલા ભગવાનના આવેશવાળા કૌષારવિ મુનિએ તેનો બહુ આદર કરતાં પુરુષોના કલ્યાણ માટે તેને (નીચે પ્રમાણે) કહ્યું.૧૭.

મૈત્રેય (કૌષારવિ)માં ભગવાને આવેશ કરેલો હોવાથી (તે) 'સભગવાન્' ભગવાનના આવેશવાળો છે. એકલા (ભગવાનના આવેશવિનાના)થી આ જાણવું અથવા કહેવું અશક્ય છે. 'સંયમી'નો અર્થ પહેલાંની પેઠે (કરવો), 'કૌષારવિ' શબ્દથી પિતાના નામથી (મૈત્રેયનું) વિવેકીપણું (કહેલું છે). 'મુનિ' શબ્દનું એવું પ્રયોજન છે કે તેણે કહેલા વિષયનું (વિદુરને) અનુસંધાન રહેશે. આ ઘણું પવિત્ર ચરિત્ર એક પ્રયોજન માટે કહેવું યોગ્ય ન હોવાથી 'પુરુષોના કલ્યાણ માટે' શબ્દો કહેલા છે. છતાં તે (વિદુર)ને લક્ષમાં રાખીનેજ (કહેલું છે) એમ 'તેને કહ્યું' શબ્દોથી (જણાવેલું છે). (મૈત્રેયે) ઘણો આદર કરીને તેના હૃદયમાં પ્રવેશ કર્યો, એટલે તે ભગવદીય હોવાથી તેનું ઘણું સન્માન કર્યું, એવો અર્થ છે. ૧૭.

૧. બીજા સ્કંધમાં આનંદશક્તિ તરીકે કહેલા. (પ્ર)

તે પૈકી ચાર (શ્લોકો)થી તે (વિદુર)નું સન્માન કરે છે.

**પૃષ્ટાર્થદેહજીવાનાં સમ્બન્ધસ્યાપિ સર્વતઃ ।।૧૧।।**
**જ્ઞાત્વા કથનબોધાય તૈરુત્કર્ષો નિરૂપ્યતે ।।૧૧ ૧/૨।।**

(વિદુરને) કહેવામાં આવે તેનું જ્ઞાન થાય તે માટે (તેણે) પૂછેલા વિષયને (૧૯) (તેના) દેહને (૨૦) જીવને (૨૧) અને (ભગવાન્ સાથેના) સંપૂર્ણ સંબંધને (૨૨) જાણીને, તેમનાથી (તેનું) ઉત્તમપણું જણાવવામાં આવે છે. કા. ૧૧ ૧/૨.

।। મૈત્રેય ઉવાચ ।।

**સાધુ પૃષ્ટં ત્વયા સાધો લોકાન્ સાધ્વનુગૃહ્ણતા ।।**
**કીર્તિં વિતન્વતા લોકે આત્મનોઽધોક્ષજાત્મનઃ ।।૧૮।।**

હે સત્પુરુષ ! લોકો ઉપર સારી રીતે અનુગ્રહ કરતાં, (અને) ઇન્દ્રિયોથી જ્ઞાન થઈ ન શકે તેવા (ભગવાન્)માં અંતઃકરણવાળાની તમારી કીર્તિ લોકમાં વિસ્તારતાં તમે સારો પ્રશ્ન કર્યો. ૧૮.

ઘણાએ પ્રશ્ન કરે છે, (પણ) કોઈએ આવો પ્રશ્ન કરતું નથી, તેથી 'તમે (સારો પ્રશ્ન કર્યો)' એમ કહેલું છે. વળી તમારો આ પ્રશ્ન અકસ્માતથી થએલો નથી, પરંતુ (તમે) જાણીનેજ કરેલો છે. ઉત્તર પણ (તમે) જાણો છો. 'ત્યારે પ્રશ્ન નકામો (કર્યો)?' એવી શંકા થાય, તેથી 'લોકો ઉપર સારી રીતે અનુગ્રહ કરતાં' એમ કહેલું છે.

જાણવા છતાં તમે લોકોનો ઉદ્ધાર થાય તે માટેજ પ્રશ્ન કરેલો છે. આથી એમ કહેવાયું છે કે આ શાસ્ત્રમાં પરોપકાર મુખ્ય સાધન છે. 'કીર્તિ લોકમાં વિસ્તારતાં' શબ્દોથી એમ કહેલું છે કે તમને પણ એક પ્રાસંગિક ફલ (પ્રાપ્ત) થશે. આ લોકમાં તમારી કીર્તિ વિસ્તારતાં તમે પ્રશ્ન કરેલો છે. 'પોતાની કીર્તિ માટે તેમ કરવું યોગ્ય નથી' એમ કહેવામાં આવે, તેથી 'ઇન્દ્રિયોથી જ્ઞાન થઈ ન શકે તેવામાં અંતઃકરણવાળાની' વિશેષણ કહેલું છે. ઈન્દ્રિયોથી જેમનું જ્ઞાન થઈ શકતું નથી તેવામાંજ છે અંતઃકરણ જેનું તેવા (તમે છો). દેવાલયની પ્રતિષ્ઠાથી દેવની પ્રતિષ્ઠા થાય છે એમ એક બીજા ઉપર આધાર રાખવાનું તો (એવું કારણ છે કે) ઈન્દ્રિયોથી સાક્ષાત્ ભગવાનનું જ્ઞાન થતું નથી. તે અર્થ 'ઇન્દ્રિયોથી જ્ઞાન થઈ ન શકે તેવા' શબ્દથી કહેલ છે. એ રીતે આ પ્રશ્ન પોતાને અને બીજાઓને હિતકારી હોવાથી સારો છે. ૧૮.

(વિદુરમાં) શૂદ્રયોનિનો દોષ નથી એમ જણાવવા નીચેના શ્લોકમાં (તેના) દેહની સરસાઈ કહે છેઃ

**નૈતચ્ચિત્રં ત્વયિ ક્ષત્તર્બાદરાયણવીર્યજે ।।**
**ગૃહીતોऽનન્યભાવેન યત્ત્વયા હરિરીશ્વરઃ ।।૧૯।।**

હે સંયમી ! બાદરાયણના વીર્યથી ઉત્પન્ન થએલા તમારામાં આ આશ્ચર્ય-કારક નથી, કારણકે તમે હરિ ઈશ્વરનો અનન્ય ભાવથી આદર કરેલો છે. ૧૯.

કેટલાક ક્ષેત્ર (માતા)ની પ્રશંસા કરે છે, બીજા બુદ્ધિવાળાઓ વીર્ય (પિતા)ની પ્રશંસા કરે છે. તે બેમાં બીજજ ઉત્તમ છે, કારણકે બીજના ક્ષુદ્ર જંતુઓ પણ ઋષિઓ થએલા છે. તેથી બાદરાયણના વીર્યથી ઉત્પન્ન થએલા તમારામાં (આવો પ્રશ્ન કરવાનું) આશ્ચર્યકારક નથી. તેવા (કથા) કહેનારનો પુત્ર (કથા) કહેવાનીજ શક્તિવાળો હોય છે, તોપછી પ્રશ્ન કરે તેમાં શું આશ્ચર્ય ? તેથીજ આશ્ચર્ય થતું નથી. તે બીજનું ફલ પણ (તમને પ્રાપ્ત) થયું છે, એમ ઉત્તરાર્ધથી કહે છે. આથી બીજ ભૂલથી પહેલ હોવાની શંકા દૂર કરેલી છે, કારણકે સૃષ્ટિ ભગવાને રચેલી હોવાથી, ખરાબ પ્રકારથી ઉત્પન્ન થએલ (હોય તે) ભગવાનનો ભક્ત ન હોય. તેથીજ બીજામાં ભાવ રાખ્યા વિના માત્ર ભગવાનમાં પ્રેમ રાખીને (તમે) ભગવાનનો આદર કરેલો છે. તે દુઃખનો પણ નાશ કરે છે, અને યોનિ વિગેરેના દોષોને પણ દૂર કરે છે, કારણકે (તે) ઈશ્વર છે. (તેમ) કરવાનું પ્રયોજન 'હરિ' શબ્દથી કહેલું છે. લાચારો પ્રતિ દયાલુ હોવાથી તેમ કરે છે, એવો અર્થ છે. ૧૯.

નીચેના શ્લોકમાં (વિદુરના) જીવની સરસાઈ કહે છેઃ

**માણ્ડવ્યશાપાદ્ભગવાન્ પ્રજાસંયમનો યમઃ ।।**
**ભ્રાતુઃ ક્ષેત્રે ભુજિષ્યાયાં જાતઃ સત્યવતીસુતાત્ ।।૨૦।।**

માંડવ્યના શાપથી સત્યવતીના પુત્રથી (તેમના) ભાઈની શૂદ્ર ભોગપત્નીમાં ઉત્પન્ન થએલા (તમે) પ્રજાનો સંયમ કરનાર ભગવાન્ યમ (છો). ૨૦.

કારણકે તે (વિદુર) માંડવ્યના શાપથી વ્યાસ દ્વારા ક્ષત્રિયની ભોગપત્નીમાં ઉત્પન્ન થએલ ધર્મરાજ (યમ)જ (હતા); કેમકે યમે અજ્ઞાનથી માંડવ્યને શિક્ષા કરેલી. કોઈકના રાજ્યમાં તપ કરનાર માંડવ્ય નામના ઋષિને ચોરો સાથે શૂળીએ ચઢાવેલ. તે યમને પૂછવા ગયો. તેણે પૂછેલ યમે કહ્યું કે 'તેં બાલપણમાં પક્ષીની પીઠમાં સળી ખોસેલી'. પછી ક્રોધ પામેલા મુનિએ શાપ આપ્યો કે – 'બાલપણમાં કરેલું માતપિતાનું (કાર્ય) ગણાય, તેથી તેં મને અજ્ઞાનથી શિક્ષા કરેલી હોવાથી તું શૂદ્ર થા'. તે દેવને શાપ થવાની યોગ્યતાનું કારણ 'પ્રજાનો સંયમ કરનાર' શબ્દથી કહેલું છે. તે પ્રજાનો સંયમ કરે છે એટલે તેમને મારે છે, તેથી તેમ થયું (શાપ થયો). તેથી તે કાર્યને લીધે દેવને પણ પાપ ચોંટ્યું. તેથી '(મારો) જન્મ દૈત્યોમાં ન થાઓ' એવા વિચારથી જેને જરાએ દૈત્યોનો સંબંધ ન હતો તેવા ભગવાન્ વ્યાસમાં, (અને તેની દ્વારા) તેનાજ ભાઈની 'ભુજિષ્યાયાં ક્ષેત્રે' શૂદ્ર ભોગપત્નીમાં પ્રવેશ કર્યો. વ્યાસ પણ સંક્રમણ કરાવવા યોગ્ય[1] હતા એમ જણાવવા 'સત્યવતીના પુત્ર' કહેલ છે. સત્યવતી ઉપરિચર વસુના બીજથી મત્સ્યની યોનિમાં ઉત્પન્ન થએલી, (અને) માછીમારના રાજા માછીમારે પાળેલી, તેના પુત્ર વ્યાસથી (વિદુર) ઉત્પન્ન થએલો. ૨૦.

૧. વ્યાસ માછલીની કન્યાના પુત્ર હોવાથી, પોતામાં વિદુરનો પ્રવેશ કરાવી પોતાની દ્વારા શૂદ્ર સ્ત્રીમાં પ્રવેશ કરાવવા યોગ્ય હતા, એવો અર્થ જણાય છે. )

વિદુર ભગવદીય હોવાથી, ચાલતા વિષયમાં ઉપયોગી થાય તેવી તેની સરસાઈ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ભવાન્ ભગવતો નિત્યં સંમતઃ સાનુગસ્ય ચ ।।**
**યજ્જ્ઞાનદેશાય ચ મામાદિશદ્ભગવાન્ વ્રજન્ ।।૨૧।।**

અને જેને જ્ઞાનનો ઉપદેશ આપવા પધારી જતાં ભગવાને મને આજ્ઞા કરી, તે તમે ભગવાનને અને (તેમના) સેવકોને સદા પ્રિય છો. ૨૧

તમે ભગવાનને સદા પ્રિય છો, સેવકો સાથેના (ભગવાન્)ને પણ, એટલે વૈષ્ણવોને પણ ઘણા પ્રિય છો, તે (અર્થ) 'સાનુગસ્ય' શબ્દથી કહેલો છે. તે (પધારી જવાના) સમયે (ભગવાને તમારું) સ્મરણ કર્યું, તેથી સદા પ્રિય હોવાપણાનો નિશ્ચય થાય છે. 'મહાત્મા વિદુરે' એ વાક્ય પ્રમાણે ભીષ્મ વિગેરે (ભગવાનના) સેવકો પણ તમારો આદર કરે છે. તે (પ્રિય હોવાના નિશ્ચય)નું કારણ ઉત્તરાર્ધથી કહેલું છે. જે તમને જ્ઞાનનો ઉપદેશ આપવા ભગવાને મને આજ્ઞા કરી. 'ચ' 'અને' શબ્દથી (એમ જણાવેલું છે કે ભગવાને) પોતે પણ સ્મરણ કરીને (તમને)[1] ઉપદેશ આપેલ છે.

'ભગવાન્' શબ્દથી (એમ જણાવ્યું છે કે) સ્મરણ કરવાનું તેમને પ્રયોજન નહતું. 'પધારીજતાં' શબ્દથી તે (જ્ઞાન આપવા)ની જરુરીયાત (દર્શાવેલી છે). દીઅરથી પુત્રની ઉત્પત્તિ કરવાની શાસ્ત્રમાં આજ્ઞા હોવાથી વ્યાસે ભાઈની પત્ની સાથે સંબંધ કર્યો તેમાં દોષ ન હતો. તેમ કરવામાં કામનો વિકાર ન હોવો જોઈએ, તેથી અગ્નિહોત્રની પેઠે કલિમાં (તેમ કરવાની) શાસ્ત્રમાં મના (કરેલી) છે. ૨૧.

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે. નાથદ્વારાવાળી પ્રતમાં 'હેતુભાવઃ' પાઠ છે. તેનો અર્થ '(સ્મરણ કરવાનું) કારણ હોવાનું (કહેલું છે)' થાય.

એ પ્રમાણે તેનું અભિનંદન કહીને, નીચેના શ્લોકથી આરંભી તેણે પૂછેલી ભગવાનની લીલા કહે છેઃ

**અથ તે ભગવલ્લીલા યોગમાયોપબૃંહિતાઃ ।।**
**વિશ્વસ્થિત્યુદ્ભવાન્તાર્થા વર્ણયામ્યનુપૂર્વશઃ ।।૨૨।।**

હવે યોગમાયાના સંબંધવાળી, વિશ્વની સ્થિતિ, ઉત્પત્તિ અને લયના પ્રયોજનવાળી ભગવાનની લીલાઓ હું તને અનુક્રમે કહીશ. ૨૨.

લોકમાં પ્રસિદ્ધિ છે તેથી જૂદો પ્રકાર હોવાથી, 'અથ' 'હવે' શબ્દ (યોજી જૂદો આરંભ કરેલો છે). માત્ર ભગવાને કરેલું ચરિત્ર વેદમાંજ છે, છતાં પણ તને તે કહેવાનું યોગ્ય નહિ હોવાથી[1] યોગમાયાના સંબંધવાળી ભગવાનની લીલાઓ કહીશ, એમ 'યોગમાયાના સંબંધવાળી તને (કહીશ)' શબ્દોથી કહેલું છે. પહેલાં કહેલી સાધન બનેલી ભગવાનની માયા યોગમાયા છે, તેના સંબંધવાળી (લીલાઓ તને કહીશ), કારણકે શુદ્ધ (એવા સંબંધવિનાની) તને (કહેવી) યોગ્ય નથી. ત્યાં છેલ્લા પ્રશ્નમાં[2] પણ (શંકાનો) ત્યાગ (સમાધાન) કરેલ છે, એમ વિશ્વની સ્થિતિ, ઉત્પત્તિ અને લયજ છે 'અર્થાઃ' પ્રયોજનો જેમનાં તેવી એ વિશેષણથી કહેલ છે. 'અનુક્રમે' એટલે ક્રમ પ્રમાણે કહીશ.

ભગવાનની લીલા મનનું અનુરંજન કરીને, સ્નેહ ઉત્પન્ન કરે છે. યોગમાયાના સંબંધવાળી હોવાથી આશ્ચર્યરૂપ હોવાથી અદ્ભુત છે. ભિન્ન (પ્રકારની) બુદ્ધિનું વિસ્મરણ થાય, તે માટે આ કહેલ છે. વિશ્વની ઉત્પત્તિ વિગેરે તો (ભગવાનનાં) માહાત્મ્યનું જ્ઞાન થાય તે માટે (કહેલ છે). અનુક્રમ તો સ્હેલાઈથી જ્ઞાન થાય તે માટે (જરુરી છે). એમ હોવાથી (લીલાનાં શ્રવણથી) ભક્તિ થાય છે. આથી (એમ જણાવ્યું કે) ભગવાન્ લીલાથીજ (વિશ્વની સ્થિતિ વિગેરેના) કર્તા થાય છે, તેથી કોઈ દોષ[3] નથી (ભગવાનનું) પુરુષોત્તમપણું જણાય[4] તે માટે લીલા ઉપાયથી[5] (તેમની સાથે) સંબંધમાં આવેલી હોવાથી, તે છૂટી પડતી નથી. તે (યોગમાયા) (વિશ્વની સ્થિતિ વિગેરેની) કર્તા બનતી નથી, પણ માત્ર (તે કાર્ય કરવામાં ભગવાન્)

સાથે રહે છે. તેમ (સાથે રહેતી) ન હોય, તો સર્વને વશ કરવાનું ન[6] બને. વિશ્વનું સ્વરૂપ કહેવાનું છે. તે ભગવાનનું એક રૂપ છે. તેની ઉત્પત્તિ વિગેરે પદાર્થો તે (યોગમાયાના સંબંધવાળી) લીલાઓથી થએલાજ[7] છે. હું તો માત્ર (તે) કહું છું, પણ કવિ પેઠે તેમનું વર્ણન કરતો નથી, એવો અનુક્રમ જણાવ્યો. ૨૨.

૧. વિદુર શૂદ્ર ભોગસ્ત્રીમાં ઉત્પન્ન થએલ હોઈ શૂદ્ર હોવાથી વેદનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો તેને અધિકાર નથી, તેથી તે તેને કહેવાય તેવું નથી.
૨. પાછળ ૧૬મા શ્લોકમાં એવી શંકા કરી છે કે 'કાલ વિગેરે શક્તિઓથી વિશ્વના જન્મ વિગેરે થવાનું સંભવતું હોવા છતાં, ભગવાને પોતે તે કેમ કર્યાં ?' તેનું સમાધાન કરેલું છે. તે (જન્મ વિગેરે)નેજ પ્રયોજન કહેલ હોવાથી, તે લીલાઓ હોવાનું કહેલું છે. (પ્ર)
૩. પાછલ શ્લોક ૫માં 'ભગવાનના અવતારો અને કર્મોનું શું પ્રયોજન ?' વિગેરે વિચારતાં તે વ્યર્થ છે વિગેરે દોષ કહ્યા, તેવો કોઈ દોષ નથી. (પ્ર)
૪. જો ભગવાન્ લીલા ન કરે, તો નાના મોટા ન રહેતાં બધા એકરૂપ રહેતાં, તેમનું પુરુષોત્તમપણું ન રહે, તેથી ભગવાન્ લીલા કરે છે, એવો અર્થ છે. (પ્ર)
૫. લીલા યોગમાયાના સંબંધવાળી હોવાનું પ્રયોજન કહેલું છે. સર્વની મુક્તિ થયા પછી, માત્ર આશ્રયલીલા હોય, ત્યારે પુરુષોત્તમપણું પણ આકસ્મિક થાય. તેથી તેવું ન થાય તેમાટે તે લીલા પણ સંબંધ માટેજ ઉપાયરૂપ રહે છે. તેથી તે (યોગમાયા)થી ભગવાનના સંબંધમાં આવેલી લીલા ભગવાનથી કોઈ સમયે છૂટી પડતી નથી, એટલે તેમનું પુરુષોત્તમપણું નિત્ય છે, એવો અર્થ છે. (પ્ર)
૬. મોક્ષ પ્રાપ્ત કરવા ઈચ્છનારા, મોક્ષ પ્રાપ્ત કરેલા અને ભક્તોને વશ કરવાનું. (પ્ર)
૭. આ વાક્યથી અનુક્રમે કહેવાનું પ્રયોજન કહેલું છે. (પ્ર)

એ પ્રમાણે પ્રતિજ્ઞા કરી, શ્રવણ કરનારને સાવધાન કરીને, વિશ્વની ઉત્પત્તિ કહેવા માટે, નીચેના શ્લોકમાં (તે) પહેલાંની સ્થિતિ કહે છેઃ

**ભગવાનેક આસેદમગ્ર આત્માત્મનાં વિભુઃ ।।**
**આત્મેચ્છાનુગતાવાત્મા નાનામત્યુપલક્ષણઃ ।।૨૩।।**

આ પહેલાં આત્માઓના આત્મા સમર્થ ભગવાન્ એકજ હતા. આત્માના ધર્મો પાછલ (તેમનામાં) જતાં જૂદી-જૂદી બુદ્ધિથી આત્મા તરીકે જણાતા હતા. ૨૩.

આ સર્વ જગત્ પહેલાં ભગવાનજ હતા, કારણકે શુદ્ધ લીલા તો ભગવાન્જ એવા પ્રકારે[1] (જગદ્રૂપ) થાય તે છે. યોગમાયાના સંબંધવાળી (લીલા) તો (એવી છે કે) આ જગત્-પ્રવાહ અનાદિ હોવાના પ્રકારે આવિર્ભાવ અને તિરોભાવવાળું આરંભવિનાનું (અને) અંતવિનાનું ભગવાનનું એક રૂપ છે. (તેનો) તિરોભાવ થાય, ત્યારે જેમ મીઠું જલજ બને છે, છતાં પણ તે બે સ્વરૂપથી એક બનતાં નથી-તે (જલ)નો રસ મીઠો છે, અને આ (મીઠાં)નો ખારો હોય છે-તેમ તે (જગત્)

ભગવાન્‌જ થાય છે, પણ (તેમનાથી) છૂટું જાણી શકાતું નથી એ ભગવાનપણું[2] છે. તે (અર્થ) 'આ જગત્ સૃષ્ટિની 'અગ્રે' પહેલાં ભગવાન્‌જ હતું' એમ કહેલો છે. વળી અનંતરૂપવાળા ભગવાનમાં તેનો તિરોભાવ થયો ન હતો, પરંતુ (ભગવાનના) એકજ (રૂપ)માં થયો હતો. 'હતું' શબ્દથી (એમ જણાવેલું છે કે) તે (જગતનો લય થવા)માં ભગવાનની કાંઈ પણ ક્રિયા ન હતી. મીઠું પોતેજ જલમાં લય પામે છે, પણ તેમાંથી તેને છૂટું પડવાનું (કાર્ય) ઘણું કઠણ છે. તેથી માત્ર ભગવાનથી થઈ શકે તેવું આ (જગતને ભગવાનથી છૂટું પાડવું એટલે તેની ઉત્પત્તિ કરવી તે) ભગવાનનું ચરિત્ર કહેલું[3] છે. (ભગવાન્) પોતે તેવા (જગદ્રૂપ) થાય તેમાં, અથવા (તેને પોતાથી) જુદું ઉત્પન્ન કરે તેમાં યોગીની પેઠે અથવા મણિની પેઠે (તેમને) જરાએ પ્રયાસ (કરવો પડતો) નથી.

'તે સમયના જીવો ચિદ્રૂપ હોવાથી, (તેઓનો) એક (ભગવાન્)માં લય કેમ થાય ?' એવી શંકા થાય, તેથી 'આત્માઓના આત્મા' એમ કહેલું છે, કારણકે પ્રસિદ્ધ ભગવાન્ બધાએ જીવોના આત્મા છે, સમષ્ટિની[4] પેઠે મૂલ બનેલ ચિદ્રૂપજ છે. તેનામાંજ[5] આ મુખ્ય રીતે સત્ (જગત્)નો લય થાય છે. તેમ (લય) થતો ન હોય, તો (જગતને ભગવાનથી છૂટું પાડવામાં) કઠણતા[5] ન થાય. જો (જગતનો) સત્‌માં લય થતો હોય, તો (તે) સત્‌જ થાય. જેમની મુક્તિ થએલી નથી તેવા[6] જીવોનો પ્રલય થતાં, જીવોના આધારવાળાં જગત્‌નો તેમાંજ લય થયો. (ભગવાનમાં) તેની ઉત્પત્તિ કરવાની શક્તિ છે એમ જણાવવા 'સમર્થ' વિશેષણ કહેલું છે, કારણકે સર્વ (કરવા)ની શક્તિવાળા તેમણે આરંભમાં જીવોને પહેલાં પોતાની અંદર મૂકીને તેમનામાંજ જગતનો લય કરાવ્યો. આથી એમ કહ્યું કે તેમને (ભગવાનને) (જગત્‌નો) સંબંધ નથી. એમ (જગત્ અને ભગવાનનું) એકપણું હોવા છતાં, (તેમનો) સંબંધ ન થવાનું કારણ સમર્થપણું છે.

'જીવોને ઇચ્છા વિગેરે ગુણો હોવાથી, (તેમની ભગવાન્ સાથે) એકપણાંથી સ્થિતિ કેમ થાય?', એવી શંકા થાય, તેથી 'આત્માનાં ધર્મો પાછલ (તેમનામાં) જતાં' એમ કહેલું છે. આત્માઓની જે 'ઇચ્છા' એટલે બધાએ ધર્મો, તેઓ પણ તેમનામાંજ પાછલ જાય છે, અથવા જ્યારે ભગવાનની ઇચ્છાથી ત્યાં જગતની પાછલ જાય છે (જગતમાં તેમનો લય થાય છે), ત્યારે તેનો (તેમની અંદર) લય થાય છે, એવું પહેલાનો પ્રલય થવાનું કારણ કહેલું છે. ત્યારે આ ભગવાન્ 'આત્મા' એવા નામથીજ ઓળખાય છે. અથવા આત્મા હોવાથી તેની (તેનો પોતાની અંદર લય થવાની) ઇચ્છા (થાય છે) અને તેથી તે (જગત્) તેમના રૂપવાળું (ભગવદ્રૂપ) થયું તે

સમયે ભગવાન્ બીજી સૃષ્ટિ પેઠે એકસરખા થતા (જણાતા) નથી, પરંતુ જૂદી જૂદી બુદ્ધિથી (જૂદા જૂદા)જ જણાય છે. અથવા જેમ[૭] પરસ્પર જૂદી જૂદી જાતના એક હજાર મીઠાં (ના કટકા), હદવાળા એક જલમાં નાખેલા અને એકરસ પણ થએલાં (હોય તે) જૂદી જૂદી બુદ્ધિથી જોતાં એક થાય છે ( જણાય છે ), (અને) જેમ કોઈથી 'સીંધાલુન વિગેરે ક્યાં છે ?' એમ પૂછેલો (પુરુષ) બધા (પ્રકારનાં મીઠાં) માટે જલજ દેખાડે છે, તેમ બધીએ બુદ્ધિથી (ભગવાન્) એકજ જણાય છે. અથવા (ભગવાનની) પોતાની ઈચ્છા સર્વમાં જતી હોવાથી, (તે સર્વના) આત્મા છે. તેથી ભગવાનના એક ભાગમાંજ વિશ્વનો લય (થએલ) કહ્યો, 'હું એક અંશથી (આ સર્વ) જગતને (વ્યાપીને) રહેલો છું' (ભ.ગી. ૧૦।૪૨) એ ભગવાનનું વાક્ય તેવા અર્થવાળુંજ છે. (જગત્નો) આવિર્ભાવ પણ તે પ્રમાણે (ભગવાનના એક અંશથી) થાય છે. ૨૩.

૧. 'એવા પ્રકારે' એટલે કુંડાળું વળેલા સર્પની પેઠે ભગવાન્ પોતેજ સર્વ જગત્રૂપ થાય છે. ( પ્ર )
૨. 'જેમ મીઠાંનો કટકો જલમાં નાખેલો ( જલરૂપ થાય છે )' એવો લયનો પ્રકાર કહેલ છે, તેમાં લય થવા માટે પ્રવેશ કરવા સમયે સત્ય ભેદ જણાવેલો છે. તેના આધારે રામાનુજાચાર્યે વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત કહેલો છે, તેનું મૂલ આ લીલા જણાવેલી છે. ( પ્ર )
૩. ઘણાં પુરુષાતનવાળાં ચરિત્ર તરીકે કહેલું છે. ( પ્ર )
૪. 'સમષ્ટિ' એટલે સર્વ જીવોનો સમૂહ.
૫. 'તેનામાં' એટલે સમષ્ટિમાં. જો ચિત્માં ( સમષ્ટિમાં ) લય થતો ન હોય તો તેને છૂટું પાડવામાં પ્રયાસ થાય. ( પ્ર )
૬. જીવનો આધાર ન હોય તેવાં જગતનો સત્માં લય થાય છે એમ સ્વીકારવામાં આવે છતાં પણ, જીવના આધારવાળું ( જગત્ ) જીવથી છૂટું પડતાં, જીવોની મુક્તિજ થાય, તેથી તેમના આધાર વાળાં જગતનો ચિત્માંજ લય થાય છે એમ માનવું જોઈએ. તેથી મુક્તિ પામેલા જીવોના સંબંધવાળા જગતનો સત્માં અને બાકીનાનો ચિત્માં લય થાય છે, એવો ભાવ છે. ( પ્ર )
૮. જૂદી જૂદી બુદ્ધિ થતી હોવાથી લય સારી રીતે થયો હશે એમ જણાય, તેથી તે ન પસંદ પડતાં, બીજા પ્રકારે તેવો લય થવાનું કહે છે. ( પ્ર )

એ પ્રમાણે પહેલાંની સ્થિતિ કહીને, આરંભમાં નીચેના શ્લોકમાં જીવોની ઉત્પત્તિ કહે છેઃ

**સ વા એષ તદા દ્રષ્ટા નાપશ્યદ્દૃશ્યમેકરાટ્ ।।**
**મેનેઽસન્તમિવાત્માનં સુપ્તશક્તિરલુપ્તદૃક્ ।।૨૪।।**

તે જ ત્યારે આ જોનાર થયા, (તે) એકલા પ્રકાશનારે જોવાનું (કાંઈ) ન ભાળ્યું. જેની શક્તિઓ પ્રકટ થએલી ન હતી (અને) જ્ઞાનશક્તિનો લોપ થયો ન હતો તેવા તેણે પોતાને અસત્ જેવો માન્યો. ૨૪.

(જેમની) પોતાની અંદર સર્વ હતું તે ભગવાન્જ 'વૈ' નિશ્ચય દેવદત્ત વિગેરે

રૂપથી જણાતા 'એષ' આ જીવ થયા. પછી તે (ઐશ્વર્ય વિગેરે ગુણોના) તિરોભાવના પ્રકારથી[1] જીવ થઈને પ્રકટ થયા. ત્યારે તે પહેલાના સંસ્કારને લીધે જોનાર થયો, 'હું જોનાર છું' એવી (પોતાની) પહેલાની સ્થિતિનું (તેને) સ્મરણ થયું. ત્યારે (પોતાનાં) જોનારપણાંને પુષ્ટિ મળે તે માટે જોવાના (પદાર્થ) માટે શોધ કરતાં, (તે) જોયો નહિ, કારણકે સર્વ જીવોનો આત્મા બનેલ તે એકલોજ (ભગવાનમાંથી) નીકળેલો પ્રકાશતો હોવાથી તે એકલોજ પ્રકાશનાર હતો. જો કે (તે) પોતાને પણ તે જોઈ શકત, છતાં પણ પહેલાની વાસનાને લીધે તે બહિર્મુખજ બહાર નીકળેલો હોવાથી, પોતાથી જૂદોજ જોવાનો (પદાર્થ) શોધતાં, તેવો ન હોવાથી, તેણે પોતાનેજ અસત્ જેવો માન્યો. 'જેવો' શબ્દથી અર્ધ અસત્ (કહેલો છે). 'આત્મા'નો અંશ હતો, જોવા યોગ્ય અંશ ન હતો, તેથી ઉપાધિ ન હોય ત્યારે ઉપાધિના સંબંધવાળા ગુણો[2] ગુણો રહેતા નથી. તેથી જોનારે (તેણે) પોતાને ન જોનારજ માન્યો. 'પહેલાં જોવાનો (પદાર્થ) હતો, અને આ (જોનાર)ની પેઠે તેનો લય થયો હતો. તેથી (આનો) પોતે પ્રકટ થયો ત્યારે જોવાનો (પદાર્થ) પણ કેમ પ્રકટ ન થયો ?' એવી શંકા થાય, તેથી 'જેની શક્તિઓ પ્રકટ થએલી ન હતી' એ વિશેષણ કહેલું છે. સૂતેલી છે શક્તિઓ જેની તેવો (જોનાર હતો), એટલે જે પ્રપંચને જાગ્રત કરનારી (શક્તિઓ) હતી, તે હજી સુધી (તેને) પ્રાપ્ત થઈ ન હતી. 'એમ હોય તો જ્ઞાનશક્તિ પણ જાગ્રત થઈ નહિ હોય' એવી શંકા થાય, તેથી 'જેની જ્ઞાનશક્તિનો લોપ થયો ન હતો' એમ કહેલું છે; આની જ્ઞાનશક્તિનો પહેલાં પણ 'ન લુપ્તા' લોપ થયો ન હતો; આત્મા (પોતા)ની પેઠેજ રહેલી; પોતે પ્રકટ થયો ત્યારેજ પ્રકટ થઈ, એવો અર્થ છે. ૨૪.

૧. બ્રહ્મસૂત્ર. ૩।૨।૫ માં કહેલા પ્રકારથી. (પ્ર)

૨. 'જોવાનો પદાર્થ કેમ ન હતો' એ જાણવાની ઈચ્છા થાય, તેથી આ કહેલ છે. જે પદાર્થોના ગુણો ઉપાધિવાળા છે, તેમના ગુણો ઉપાધિ ન હોય ત્યારે રહેતા નહિ હોવાથી તેવા પદાર્થ ન હતા, એવો અર્થ છે. (પ્ર)

તેણે જ્યારે પોતાને અસત્ જેવો માન્યો ત્યારે પોતાને અસત્ જણાવનારાં આ[1] જ્ઞાનોજ એકઠાં થઈ માયારૂપે ઉત્પન્ન થયાં એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સા[1] વા એતસ્ય સંદ્રષ્ટુઃ શક્તિઃ સદસદાત્મિકા ।।**
**માયા નામ મહાભાગ ! યયેદં નિર્મમે વિભુઃ ।।૨૫।।**

હે મહાભાગ્યવાન ! તે ખરેખર આ સારી રીતે જોનારની સત્ અને અસત્ સ્વરૂપવાળી માયા નામની શક્તિ છે, જેનાથી સમર્થે (ઈશ્વરે) આ (જગત્) રચેલું છે. ૨૫.

જે કારણથી તેણે પોતાને જૂદા પ્રકારે (અસત્) જાણ્યો, આ જ માયા. તે

પહેલાં કહેલી[2] સત્ અને અસત્ સ્વરૂપવાળી, પ્રસિદ્ધ, મોહ કરનારી છે. સ્વભાવથી (તે) સત્ છે. ખોટી રીતે તેનો અંગીકાર કરેલ હોવાથી (તે) અસત્ છે. આવુંજ તેનું સ્વરૂપ છે. આ (જોનાર)જ આત્મા છે. તે ગુણરૂપ છે, અથવા આત્માજ (તેને) તેનું સ્વરૂપ પ્રાપ્ત[3] કરાવે છે, અથવા ત્રણના સમૂહરૂપ[4] (તેનું) સ્વરૂપ છે. 'આ સારી રીતે જોનારની શક્તિ' શબ્દોથી તે ગુણરૂપ હોવાનું કહેલું છે. આ સારી રીતે જોનાર જીવની (તે શક્તિ છે), એટલે (જોવાના પદાર્થને) શોધતાં તે પોતાનેજ જૂએ છે, એવો (અર્થ છે). 'શક્તિ' એટલે ભવિષ્યનું કાર્ય કરવાનું સામર્થ્ય. તેનું નામ 'માયા' છે. 'મયા' મારી સાથે 'વર્તતે' રહે (તે 'માયા'), એવો પ્રત્યય રહેવાથી (શબ્દ થએલો છે), અથવા વિભક્તિના પ્રત્યય જેવો આ અનિયમિત શબ્દ થએલો છે. પછી 'અ' પ્રત્યય લાગ્યો છે, તેની જાતનો ('મયા'માંનો 'અ') દીર્ઘ થયો છે. 'ઈ' પ્રત્યય લાગ્યો નથી. 'હે મહાભાગ્યવાન્ !' એ સંબોધન છે. (તેથી) એમ સૂચવેલું છે કે આ અર્થ જાણવો ઘણો કઠણ હોવાથી તેનું જ્ઞાન થતાં ઘણું ભાગ્ય થાય છે. 'જેનાથી સમર્થે આ રચેલું છે', એટલે જે સાર ખેંચ્યા વિનાની જીવની શક્તિરૂપ માયાથી (ઈશ્વરે) આ બધું જગત્ રચેલું છે. જેના ગુણરૂપ (તે) શક્તિ છે, તે (જગતનો) કર્તા નથી, એમ 'વિભુઃ' 'સમર્થે' શબ્દથી કહેલું છે. ભગવાને રચેલા જગતમાંજ, જીવના પ્રયોજન માટે તેની માયાથીજ ભગવાને જગત્[5] રચ્યું. હરકોઈ (સાધન)થી જગત્ રચે છે, તેથી 'સમર્થ' (કહેલા છે). ૨૫.

૧. 'જગત્ રચ્યું તે પહેલા ભગવાન્ સિવાય કોઈ ન હતું. તેથી 'સા' 'તે' શબ્દથી કઈ જાગ્રત શક્તિ જાણવી ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી તે શક્તિનું સ્વરૂપ આભાસથી જણાવતાં શ્લોકનું અવતરણ કરેલ છે. (પ્ર)
૨. બીજા સ્કંધમાં ચિત્શક્તિ તરીકે કહેલી. (પ્ર)
૩. સત્માંથી અસત્રૂપ ઉત્પન્ન થએલી છે એવા અભિપ્રાયથી આ વાક્ય કહેલું છે. તે અજ્ઞાનરૂપ છે એવો અર્થ છે.(પ્ર)
૪. આ બીજો મત કહેલો છે. આત્મા, અસત્યપણું અને જ્ઞાનના બનેલ પિંડ જેવી તે છે. (પ્ર)
૫. પહેલાં કહેલ જગતથી જૂદા પ્રકારનું, વ્યાવહારિક જગત્ રચ્યું. એવો અર્થ છે. (પ્ર)

જે સૃષ્ટિ (તેં વિદુરે) સામાન્ય રીતે કહી, તે નીચેના શ્લોકથી આરંભી વિસ્તારથી કહે છેઃ

**કાલવૃત્ત્યા તુ માયાયાં ગુણમય્યામધોક્ષજઃ ।।**
**પુરુષેણાત્મભૂતેન વીર્યમાધત્ત વીર્યવાન્ ।।૨૬।।**

જેમનું ઇન્દ્રિયોથી જ્ઞાન થઈ શકતું નથી તેવા વીર્યવાળા (ભગવાને) તો કાલની ક્રિયાથી ગુણવાળી થએલી માયામાં પોતાનાં અંશરૂપ પુરુષથી વીર્યનું આધાન

કર્યું. ૨૬.

'તુ' 'તો' (જીવ જગત્ રચે છે એવા) મતને ખોટો ઠરાવે છે, કારણકે જીવ (જગત્નો) કર્તા નથી, તેમજ બીજા વડે રચતો નથી. 'કાલની ક્રિયા' એટલે કાલ ત્યાં આવીને ફર્યો, તેણે પ્રદક્ષિણા કરી. (તે) કાલની ક્રિયાથી માયામાં ગુણોનો ખળભળાટ થયો. કાલનું અધિષ્ઠાન થએલી તે ખળભળેલા ગુણોવાળી થઈ, એવો અર્થ છે. ત્યારે મોહ પામેલી થતાં તે પુરુષની પેઠે કામથી અંધ થઈ, ત્યારે ભગવાને ઇન્દ્રિયોથી જેમનું જ્ઞાન થઈ શકતું નથી તેવાજ રહીને, તેનાથી અજાણ્યા રહીનેજ, પોતામાંથી તેનો પતિ થવા યોગ્ય એક પુરુષ બનાવ્યો. ભગવાનનો અંશ, પુરુષોત્તમરૂપજ તે પતિ થવા યોગ્ય હતો. તેની પોતાની મેળે પ્રવૃત્તિ થતી ન હોવાથી, તેને નિમિત્ત બનાવીને ભગવાને પોતેજ તેના અંતર્યામી થઈ તે (માયા)માં વીર્યનું આધાન કર્યું, કારણકે પુરુષ અને જીવને શરીરની અંદરજ વૃષણ હોવાનું સંભવતું હોવાથી, તેઓને વૃષણ ન હોવાથી વીર્ય ન હતું (અને ભગવાન્) પોતેજ વીર્યવાળા હતા. પછી પુરુષને નિમિત્ત બનાવીને ભગવાને સ્થાપન કરેલું વીર્ય માયામાં રહેલું, (તેમાં) જીવનો પ્રવેશ થતાં તે મહત્તત્ત્વ થયું. ૨૬.

**તતોઽભવન્મહત્તત્ત્વમવ્યક્તાત્કાલચોદિતાત્ ।।**
**વિજ્ઞાનાત્માત્મદેહસ્થં વિશ્વં વ્યઞ્જંસ્તમોનુદઃ ।।૨૭।।**

પછી કાલે ખળભળાવેલી માયામાંથી પોતાના દેહમાં રહેલાં વિશ્વનો પ્રકાશ કરતું અંધકારનો, નાશ કરનાર વિજ્ઞાનરૂપ મહત્ તત્ત્વ ઉત્પન્ન થયું. ૨૭.

તે (માયા)માંજ રહેલું બીજ મહત્ તત્ત્વ ન હોવાથી, પ્રસવ થાય તે માટે કાલે (માયામાં) ખળભળાટ કરતાં પ્રસવ કરનારી તે (માયા)માંથી મહત્ તત્ત્વ ઉત્પન્ન થયું એમ 'કાલે ખળભળાવેલી માયામાંથી...' શબ્દોથી કહેલું છે[1] જીવના ગુણમાંથીજ અને ભગવાનના અંશમાંથી બધું ચેતન કાર્ય ઉત્પન્ન થાય છે. અહિં સમૂહનીજ ઉત્પત્તિ ઇચ્છેલી છે, અને લય પણ સમૂહમાંજ થાય છે, કારણકે તે જ્ઞાનરૂપજ ઉત્પન્ન થયું. 'મહત્' એ તેનું નામ છે, (અને) ભગવાન્ (તેનું) કારણ હોવાથી, (તે) તત્ત્વ છે, તેથી (તે) 'મહત્ તત્ત્વ' છે. ઉત્પન્ન થવામાં તે ગુણની સ્થિતિવાળું હોવા છતાં, પાછળથી તે મુખ્ય સ્થિતિવાળું થતું હોવાથી, તત્ત્વપણાનો ત્યાગ કરી તેને 'મહાન્' એમ પુરુષ તરીકે જણાવેલ છે, કારણકે તે વિવિધ જ્ઞાનરૂપ ઉત્પન્ન થએલ છે, અને ક્રમ પ્રમાણે સૃષ્ટિ થાય છે એવો મત હોવાથી તેની દ્વારાજ સર્વજગત્ ઉત્પન્ન થએલું છે. (તે ઉત્પન્ન થયું) તે સમયે તેના જ્ઞાનથી (તેની) પોતાની અંદર રહેલું જગત્ પ્રકાશવાળું થયું, અને તેના ઉપરનું ઢાંકણ અંધકાર દૂર થયું. તે (અર્થ) 'પોતાના દેહમાં વિશ્વનો પ્રકાશ કરતું, અંધકારનો નાશ કરનાર વિજ્ઞાનરૂપ' તે ઉત્પન્ન

થયું શબ્દોથી કહેલો છે. ૨૭.

૧. શ્રીભાગવત્ સર્વ વેદો અને ઈતિહાસના સારરૂપ હોવાથી બીજા પુરાણોમાં કહેલી શક્તિની નાભિમાંથી નીકળેલા કમલમાંથી બ્રહ્માની ઉત્પત્તિ આ સૃષ્ટિની સમાન છે એમ જણાવેલું છે. (પ્ર)

**સોऽપ્યંશગુણકાલાત્મા ભગવદ્દૃષ્ટિગોચરઃ ।।**
**આત્માનં વ્યકરોદાત્મા વિશ્વસ્યાસ્ય સિસૃક્ષયા ।।૨૮।।**

ભગવાનની દૃષ્ટિ પડતાં અંશ ગુણ કાલ અને જીવરૂપ તે વિશ્વના આત્માએ પોતાને પણ આ વિશ્વનું સર્જન કરવાની ઈચ્છાથી કાર્યમાં નિમગ્ન કર્યો. ૨૮.

કાલ પણ આવ્યો, સત્ત્વ વિગેરે કારણના ગુણો પણ આવ્યા, અંશ પુરુષ પણ આવ્યો, (અને) 'આત્મા' જીવ પણ (આવ્યો). આ (ચાર) જેમાં છે તેવો ચાર મૂર્તિવાળો થઈ, ભગવાનની દૃષ્ટિ પડતાં તેણે પોતાને 'વિવિધમકરોત્' કાર્યમાં નિમગ્ન કર્યો, કારણકે આ વિશ્વનો પણ આત્મા છે. તેમ ન હોય તો પોતાનો આત્મા (આત્મા પોતે કાર્યમાં) નિમગ્ન ન થાય. 'તેણે તે પ્રમાણે કેમ કર્યું ?' એવી શંકા થાય, તેથી 'આ વિશ્વનું સર્જન કરવાની ઈચ્છાથી' એમ કહેલું છે, કારણકે પહેલાં તે બ્રહ્મ જાણનારની પેઠે (તટસ્થ) રહેલો, પછી કાર્યમાં નિમગ્ન થયો, એવો અર્થ છે. ૨૮.

નીચેના શ્લોકમાં (તેનું) કાર્ય કહે છેઃ

**મહત્તત્ત્વાદ્વિકુર્વાણાદહન્તત્ત્વં વ્યજાયત ।।**
**કાર્યકારણકર્ત્રાત્મા ભૂતેન્દ્રિયમનોમયઃ ।।૨૯।।**

કાર્યમાં વિશેષ નિમગ્ન થએલા મહત્ તત્ત્વમાંથી કાર્ય, કારણ અને કર્તારૂપ, ભૂત; ઈન્દ્રિયો અને મનવાળો અહંકાર ઉત્પન્ન થયો. ૨૯.

સ્વતંત્રતા ન હોવાને લીધે, (મહત્ તત્ત્વને) પાછી કારણની સ્થિતિ પ્રાપ્ત થઈ, એમ 'મહત્ તત્ત્વમાંથી...' થી કહેલું છે. જ્યારે તે કાર્યમાં વિશેષ નિમગ્ન થયું, (એટલે) તેણે પોતાને માટે કાર્ય કરવાની ઈચ્છા કરી, ત્યારે તેમાંથી અહંકાર ઉત્પન્ન થયો. પહેલાંની પેઠે તે (અહંકાર) ત્રણ પ્રકારનો હોવાનું ઉત્તરાર્ધથી જણાવે છે. કાર્ય આધિભૌતિક છે, કારણ આધ્યાત્મિક છે (અને) કર્તા આધિદૈવિક છે. તે ત્રણના સમૂહરૂપ થઈને ભૂત, ઈન્દ્રિયો અને મનવાળો થયો; ભૂતો, ઈન્દ્રિયો અને મનને ઉત્પન્ન કરનારો ત્રણ પ્રકારનો અહંકાર થયો, એવો અર્થ છે. ૨૯.

નીચેના શ્લોકથી (આરંભી) તે ભેદો ગણાવે છેઃ

**વૈકારિકસ્તૈજસશ્ચ તામસશ્ચેત્યહં ત્રિધા ।।**
**અહન્તત્ત્વાદ્વિકુર્વાણાન્મનો વૈકારિકાદભૂત્ ।।**
**વૈકારિકાશ્ચ યે દેવા અર્થાભિવ્યઞ્જનં યતઃ ।।૩૦।।**

અહંકાર વૈકારિક, તૈજસ અને તામસ એવા ત્રણ પ્રકારનો છે. અહંકાર કાર્યમાં વિશેષ નિમગ્ન થતાં, વૈકારિક (અહંકાર)માંથી મન અને જે વૈકારિક દેવો જેમનાથી પદાર્થનું ભાન થાય છે તેઓ ઉત્પન્ન થયા. ૩૦

'વૈકારિક' એટલે સાત્ત્વિક, તૈજસ એટલે રાજસ અને ભૂતોના કારણરૂપ તામસ (અહંકાર) છે. 'વૈકારિક અહંકારમાંથી...' શબ્દોથી સાત્ત્વિક (અહંકાર)માંથી થએલી સૃષ્ટિ કહેલી છે. 'જે વૈકારિક દેવો' શબ્દોથી (એમ જણાવેલું છે કે) ગંધર્વો વિગેરે દેવો તેમાંથી ઉત્પન્ન થએલા નથી. સાત્ત્વિક અહંકારમાંથી જે દેવો ઉત્પન્ન થયા, તેઓ પણ સાત્ત્વિક થયા, એવો અર્થ છે. તેઓ જૂદા હોવાનું પ્રમાણ 'જેમનાથી પદાર્થનું ભાન થાય છે' શબ્દોથી કહેલું છે. દેવોના રહેઠાણ વિના, માત્ર ઈન્દ્રિયોથી શબ્દોનું જ્ઞાન વિગેરે થતાં નથી, તેથી (જ્ઞાન કરાવવાની) શક્તિ દેવોનીજ છે. જો શાસ્ત્ર બનાવી કાઢેલું હોત, તો ઈન્દ્રિયોજ તેવી (શક્તિવાળી) હોવાની કલ્પના કરાત.જેવો નિર્ણય થએલો છે તેવું અહિં કહેવામાં આવે છે, તેથી પદાર્થનો પ્રકાશ કરવાની શક્તિ દેવોનેજ અધીન છે. ૩૦.

નીચેના શ્લોકમાં રાજસ (અહંકાર)માંથી થએલી સૃષ્ટિ કહે છેઃ

**તૈજસાનીન્દ્રિયાણ્યેવ જ્ઞાનકર્મમયાનિ ચ ।।**
**તામસો ભૂતસૂક્ષ્મ્યાદિર્યતઃ ખં લિંગમાત્મનઃ ।।૩૧।।**

વળી જ્ઞાન અને કર્મવાળી ઈન્દ્રિયો તૈજસજ છે. તામસ ભૂતોનું અને સૂક્ષ્મોનું કારણ છે, જેમાંથી ભગવાનને બોધ કરનારું આકાશ (ઉત્પન્ન થએલું) છે. ૩૧.

'એવ' 'જ' શબ્દ (એમ જણાવે છે કે ઈન્દ્રિયો) સાત્ત્વિક અથવા તામસ નથી. જ્ઞાનમાં સત્ત્વ (ગુણ) મુખ્ય છે, (અને) ક્રિયામાં તમઃ (ગુણ) મુખ્ય છે, તેથી બંને પ્રકારની ઈન્દ્રિયો રાજસ હોવાનો તર્ક પહેલાં[1] કહેલોજ છે. 'ચ' 'વળી' શબ્દથી બુદ્ધિ અને પ્રાણ (કહેલા છે). ઉત્તરાર્ધમાં તામસમાંથી થએલી સૃષ્ટિ કહેલી છે. ભૂતોના સૂક્ષ્મનું કારણ એટલે શબ્દતન્માત્રા તેને કારણ તરીકેજ સ્વીકારેલ હોવાથી 'તામસઃ' 'તામસ' એમ નરજાતિનો પ્રયોગ કરેલો છે, અથવા ('તામસ' એ) અહંકારનું વિશેષણ છે. (વિશેષણ લઈએ) ત્યારે તે ભૂતોનું અને સૂક્ષ્મોનું કારણ હોવાથી, તેનું કાર્ય સામાન્ય રીતે કહેલું છે[2]. જે અહંકારમાંથી અથવા (જે) શબ્દતન્માત્રામાંથી 'આત્મનઃ' ભગવાનનો 'લિંગ' બોધ કરનારું અથવા શરીર 'ખમ્' આકાશ (ઉત્પન્ન થએલું છે), કારણકે (ભગવાન્) આકાશની પેઠે સર્વત્ર રહેલા અને લેપાયા વિનાના છે; અથવા જેમ આકાશમાં વાદળાં, અંધકાર અને પ્રકાશ થાય છે

અને જતાં રહે છે પણ આકાશ તેમનાથી લેપાતું નથી, તેવા ભગવાન્ છે. વળી 'આકાશ જેનું શરીર છે તેવું બ્રહ્મ છે' એવી શ્રુતિ પણ છે. (ભગવાનનું) માહાત્મ્ય જણાવવા તેમ કહેલું છે. તેમ ન હોય તો તામસ (માંથી ઉત્પન્ન થએલી) સૃષ્ટિ અધમ હોવાથી કહેવા યોગ્ય ન હોય. ૩૧.

૧. 'પહેલાં' એટલે બીજા સ્કંધમાં (પ્ર) જુઓ ૨।૫।૩૧ તથા તેના ઉપરનાં શ્રીસુબોધિની.

૨. આ અર્થ લેતાં અહંકારમાંથીજ તન્માત્રાઓ અને ભૂતોની જુદી ઉત્પત્તિ થએલી છે, એમ આ વાક્યથી કહેલું છે(પ્ર)

નીચેના શ્લોકમાં આકાશમાંથી (થએલી) વાયુની સૃષ્ટિ કહે છેઃ

**કાલમાયાંશયોગેન ભગવદ્વીક્ષિતં નભઃ ।।**
**નભસોઽનુસૃતં સ્પર્શં વિકુર્વન્નિર્મમેઽનિલમ્ ।।૩૨।।**

ભગવાનની દૃષ્ટિ પડેલું આકાશ કાલ, માયા અને જીવના સંબંધથી ( કાર્યમાં નિમગ્ન થયું ), આકાશમાંથી સ્પર્શ ઉત્પન્ન થયો. (તેણે) કાર્યમાં નિમગ્ન થતાં વાયુ ઉત્પન્ન કર્યો. ૩૨.

પહેલાંની પેઠે ગુણોમાં ખળભળાટ કરાવનાર કાલ, ગુણરૂપ માયા અને 'અંશઃ' એટલે પુરુષ અથવા જીવ (ના સંબંધથી આકાશ કાર્યમાં નિમગ્ન થયું) અહિં પણ પહેલાંની પેઠે ભગવાનની દૃષ્ટિ (પડી). 'આકાશ ભગવાનની દૃષ્ટિ પડેલું થયું' એ જુદું (વાક્ય) છે. ઉત્તરાર્ધથી કાર્ય કરવા તત્પર થએલા (આકાશ)માંથી થએલી સૃષ્ટિ કહેલી છે. આકાશમાંથી સ્પર્શ એટલે સ્પર્શતન્માત્રા 'અનુસૃતમ્' ઉત્પન્ન થઈ. તેણે પાછું કાર્યમાં નિમગ્ન થતાં વાયુ ઉત્પન્ન કર્યો. ૩૨.

**અનિલોઽપિ વિકુર્વાણો નભસોરુબલાન્વિતઃ ।।**
**સસર્જ રૂપતન્માત્રં જ્યોતિર્લોકસ્ય લોચનમ્ ।।૩૩।।**

આકાશથી ઘણા બલવાન થએલા વાયુએ પણ કાર્યમાં નિમગ્ન થતાં રૂપતન્માત્રા ઉત્પન્ન કરી. (તેમાંથી) લોકના લોચનરૂપ તેજ (ઉત્પન્ન થયું). ૩૩.

એવી રીતે વાયુ પણ પોતાના કારણરૂપ આકાશને લીધે ઘણો બલવાન થયો, ત્યારે તેણે રૂપતન્માત્રા ઉત્પન્ન કરી. તેમાંથી તેજ ઉત્પન્ન થયું. તે (તેજ)નું મહાત્મ્ય 'લોકના લોચનરૂપ' શબ્દોથી કહેલું છે. તેજ ન હોય તો આંખ હોવા છતાં આપણે વિગેરે લોક કાંઈ જોઈએ નહિ. તેથી 'લોકના લોચનરૂપ' એમ કહેલું છે. ૩૩.

**અનિલેનાન્વિતં જ્યોતિર્વિકુર્વત્પરવીક્ષિતમ્ ।।**
**આધત્તામ્ભો રસમયં કાલમાયાંશયોગતઃ ।।૩૪।।**

ભગવાનની દૃષ્ટિ પડેલું વાયુ સાથેનું તેજ કાર્યમાં નિમગ્ન થતાં, (તેણે) કાલ, માયા અને જીવના સંબંધથી રસવાળું જલ ઉત્પન્ન કર્યું. ૩૪.

'વાયુ સાથેનું તેજ' શબ્દોથી (એમ જણાવેલ છે કે તેણે) ઉપર જણાવ્યા પ્રમાણે (પોતાનાં) કારણમાંથી બલ પ્રાપ્ત કરેલું. (તે) 'પરેણ' ભગવાનની દૃષ્ટિ પડેલું થતાં, (તેણે) રસવાળું જલ (ઉત્પન્ન કર્યું). રસતન્માત્રા જલથી જૂદી જણાતી નથી, તેથી (જલ તેની સાથે) ભળેલુંજ ઉત્પન્ન થયું એમ કહેલું છે; અથવા આ વિષયમાં પણ આરંભમાં રસતન્માત્રા અને પછી જલ (ઉત્પન્ન થયાં) એવો ક્રમ યોજવો. 'કાલ, માયા અને જીવના સંબંધથી' શબ્દથી 'તેજ' એ આ (પદાર્થ)નું સાધન[1] (કહેલું છે). આગળ પણ એ પ્રમાણે (જાણવું). ૩૪.

૧. 'જ્યોતિ' શબ્દથી જણાવેલ, જલના કારણરૂપ પદાર્થનું સહાયક અથવા પોષણ કરનાર (પ્ર) જ્યોતિને રસ અને જલની ઉત્પત્તિ કરવામાં સાધનરૂપ, એવો અર્થ છે.

**જ્યોતિષામ્ભોઽનુસંસ્પૃષ્ટં વિકુર્વદ્‌બ્રહ્મવીક્ષિતમ્ ॥**
**મહીં ગન્ધગુણામાધાત્કાલમાયાંશયોગતઃ ॥૩૫॥**

બ્રહ્મની દૃષ્ટિ પડેલું, તેજથી સામર્થ્ય પ્રાપ્ત કરેલું જલ કાર્યમાં નિમગ્ન થતાં, (તેણે) કાલ, માયા અને જીવના સંબંધથી ગંધના ગુણવાળી પૃથ્વી ઉત્પન્ન કરી. ૩૫.

તેજથી 'અનુસંસ્પૃષ્ટામ્ભઃ' સામર્થ્ય પ્રાપ્ત કરેલા જલે ગંધના ગુણવાળી પૃથ્વી (ઉત્પન્ન કરી) એમ ઉપર પ્રમાણે (જાણવું). આરંભમાં ગંધતન્માત્રા, (અને) તેમાંથી પૃથ્વી (ઉત્પન્ન) કર્યાં. ૩૫.

નીચેના શ્લોકમાં તેમના ગુણો કહે છે.

**ભૂતાનાં નભઆદીનાં યદ્ભાવ્યાવરાવરમ્ ॥**
**તેષાં પરાનુસંસર્ગાદ્યથાસંખ્યં ગુણાન્વિદુઃ ॥૩૬॥**

આકાશ વિગેરે ભૂતોમાં જે પાછલ પાછલથી ઉત્પન્ન થનારાં છે, તેમને કારણનો સંબંધ હોવાથી તેમનામાં સંખ્યા પ્રમાણે ગુણો (છે એમ) જાણે છે. ૩૬.

આકાશ છે આરંભમાં જેમના, તેવા વાયુ વિગેરે ભૂતોમાં જે એક પછી એક પાછલથી ઉત્પન્ન થાય છે, તેમાંજ અધિક ગુણો હોય છે, તેનું કારણ 'તેમને કારણનો સંબંધ હોવાથી' શબ્દોથી કહેલું છે. કારણનો સંબંધ હોવાથી 'સંખ્યા પ્રમાણે' એટલે સંખ્યાનું ઉલ્લંઘન ન થાય તેમ (તેમનામાં અધિક ગુણો છે). આકાશનો એક ગુણ 'શબ્દ' છે, વાયુના શબ્દ અને સ્પર્શ બે, તેજના શબ્દ, સ્પર્શ અને રૂપ ત્રણ, જલના શબ્દ સ્પર્શ રૂપ અને રસ ચાર અને પૃથ્વીમાં (એ ચારથી) અધિક ગંધ (ગુણો છે), 'જાણે છે' શબ્દથી (તેનું) પ્રમાણ કહેલું છે. ૩૬.

જીવતાં પ્રાણીઓને કાર્ય કરવામાં ઉપયોગી થાય તેવું રૂપ પ્રાપ્ત થવા માટે આ તત્ત્વોએ ભગવાનનું ભજન કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એતે દેવાઃ કલા વિષ્ણોઃ કાલમાયાંશલિંગિનઃ ॥**

નાનાત્વાત્ સ્વક્રિયાડનીશાઃ પ્રોચુઃ પ્રાઞ્જલયો વિભુમ્ ॥૩૭॥

કાલ, માયા અને જીવના ચિહ્નવાલા આ દેવો વિષ્ણુની કલાઓ છે. જૂદાજૂદા હોવાથી પોતાનું કાર્ય કરવાની શક્તિરહિત તેઓએ બે હાથ જોડી શક્તિમાનને (નીચે પ્રમાણે) કહ્યું. ૩૭.

(ઈન્દ્રિયોના) દેવો અને ઈન્દ્રિયોને એક ગણતાં (તેઓ) દશ, અને મહાભૂતો અને તન્માત્રાઓ દશ, (અને) મહત્ (તત્ત્વ) અહંકાર અને મન (એ) ત્રણ. એવી રીતે ત્રેવીસનો સમૂહ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થએલો છે. (સ્તુતિ કરવાનું) સામાન્યરીતે કહેલ હોવાથી એમ જણાય છે કે કાલ, માયા વિગેરે પણ સ્તુતિ કરે છે. બધા દેવો 'વિષ્ણુની કલાઓ' (એટલે) ભગવાનના ગુણો છે એવો અર્થ છે. કાલ માયા અને જીવ (એ) ચિહ્નો છે જેમનામાં, તેવા (પોતાના) કારણો સાથે (તત્ત્વો રહેલા) હોવા છતાં, (તેઓ) ત્રણ ગુણોના પરિણામરૂપ હોવાથી જૂદા જૂદા રહ્યા. તેથી જૂદા જૂદા હોવાથી જૂદાઈને લીધે બ્રહ્માંડ રચવાનું પોતાનું કાર્ય કરવાની શક્તિરહિત થયા. ત્રણ પ્રકારના હોવાથી ભેગા ન થયા. એક એક (છૂટા છૂટા) તો (બ્રહ્માંડ રચવા) શક્તિરહિત હતા. તેથી બે હાથ જોડી તેમણે 'વિભું' શક્તિમાન (ભગવાન્)ને (નીચે પ્રમાણે) કહ્યું, એટલે (તેમની) સ્તુતિ કરી, એવો અર્થ છે.

આમનાં દેહ, વચનો વિગેરેનો વિચાર કરવામાં આવે[૧] છે. આ તત્ત્વો ભગવાનના સ્વાભાવિક ગુણ બનેલાં છે. સર્વનાં સામાન્ય રીતે કારણ હોવાપણું[૨] એ (ભગવાનનો) સ્વાભાવિક ગુણ કહેવાય છે. ભગવાનનું કારણપણું પચ્ચીસપ્રકારે[૩] કહેવાએલું થયું, કારણકે ગુણના પ્રધાનપણાને લીધે ગુણવાળાનું પ્રધાનપણું હોતું નથી[૪]. (ભગવાનના) સત્, ચિત્ અને આનંદના ગુણો પણ અદશ્ય થએલા ગુણો થાય છે. ભગવાન્ માત્ર જેટલા ગુણો પ્રકટ કરે છે, તેવા (તેટલા ગુણવાળા)જ (તત્ત્વો)[૫] થાય છે. ભગવાન્ સર્વસ્થલે હાથપગવાળા હોવાથી, જેમના અંશરૂપ આ (તત્ત્વો) પ્રતિનિધિ તરીકે નીકળેલા છે, તે (ભગવાન્)ને બધાએ સ્થલે કારણને યોગ્ય[૬] હાથપગ વિગેરે હોવાથી, તે (કારણયોગ્ય હાથપગ વિગેરે)થીજ તેઓ (તત્ત્વો)નો વ્યવહાર થાય છે. દેહ તો ઉત્પન્ન થએલોજ છે. (દેહમાં) અભિમાન રાખનારાઓ[૭] પણ ચિત્ના અંશરૂપ અમુક દેવોજ છે. તેથીજ (તેઓ) ઘણા બલવાળા નથી[૮].

વેદમાં તો તત્ત્વોને સ્થાને પ્રજાપતિજ છે, કારણકે સમૂહની (ઉત્પત્તિ) પછીજ તેમાંના પદાર્થો જણાવેલા છે. 'બે (પ્રકારના) પ્રાજાપત્ય[૯] છે' એ વાક્ય પ્રમાણે પણ સૃષ્ટિના ભેદથી બંને પ્રકારની ઈન્દ્રિયો તેમાં[૧૦] હોવાથી તેઓનું પણ આ જ સ્વરૂપ હોવાથી,[૧૧] 'ચક્ષુ બહાર નીકળ્યું' વિગેરે (વાક્યો) ઘટે છે. જેવું અહિં મહત્

તત્ત્વ છે, તેવો વેદમાં પ્રજાપતિ છે, જેવો અહિં પુરુષ છે, તેવો (વેદમાં) વિરાટ્ છે, જેવો (અહિં) કાલ છે, તેવો (વેદમાં) પરમેષ્ઠી છે, (અને અહિં) જેવી માયા છે, તેવો (વેદમાં) તેઓનો[12] પ્રયત્ન છે. ઉત્તરકાંડમાં તો યજ્ઞને ઠેકાણે બ્રહ્મ છે. જેવી અહિં (તત્ત્વોએ કરેલી) ભગવાનની સ્તુતિ છે, તેવું (ત્યાં) સામવેદનું ગાન છે. તેઓ (પ્રાજાપત્યો તથા તત્ત્વો) આધિદૈવિક[13] હોવાથી તેઓ આપણે વિગેરે (જીવોના દેહો)ની ઈન્દ્રિયોના અધિષ્ઠાતા કહેવાએલા છે. તેમ ન હોય તો દોષ, ગુણ વિગેરેના નિયમો અને ભગવાનની આજ્ઞા દરેકને (માટે) કરવા પડત[14]. તેથી તત્ત્વોમાં ભગવાનની ઈન્દ્રિયોની પ્રતિનિધિરૂપ ઈન્દ્રિયો હોવાથી (અને) મોક્ષમાં[15] જીવોમાં પણ તેમ હોવાથી કોઈ પ્રકારની અયોગ્યતા નથી. ૩૭.

૧. 'જ્ઞાન અને ક્રિયા (ઈન્દ્રિયોના) દેવ, ઈન્દ્રિય અને ગોલક ને અધીન છે. આ તત્ત્વોને તે ત્રણે નથી. તેથી તેઓ સ્તુતિ કેવી રીતે કરે ?' એવી શંકા થાય, તેથી એ ત્રણ તેમને હોવાનું અહિંથી આરંભી સિદ્ધ કરે છે. (પ્ર)

૨. સાંખ્યના તત્ત્વોથી આ તત્ત્વોનું સ્વરૂપ જૂદા પ્રકારનું હોવાનું અહિં કહે છે. તેનો ભાવ તે 'તત્ત્વ' એવો 'તત્ત્વ' શબ્દનો વ્યુત્પત્તિ પ્રમાણેનો અર્થ અહિં લેવાનો છે. (પ્ર)

૩. ત્રેવીસનો સમૂહ ઉપર જણાવ્યો. તે ઉપરાંત કાલ અને માયા ગણતાં પચ્ચીસ થાય છે. ગુણનું પ્રધાનપણું હોવાથી ગુણવાળો જીવ પ્રધાન ન હોવાથી ગણેલ નથી, એમ જણાય છે.

૪. 'તત્ત્વો ભગવદ્રૂપ હોવાથી સચ્ચિદાનંદરૂપ ભગવાનનો દેહ વિગેરે તેમનામાં હોયજ' એવી શંકા થાય, તેથી આ કહે છે. (પ્ર)

૫. સચ્ચિદાનંદરૂપ દેહ વિગેરે કેવી રીતે તિરોહિત થાય છે, તે અહિં કહેલ છે ભગવાન્ આમનામાં તત્ત્વપણું, જડપણું વિગેરે સામાન્ય ગુણો અને માયાપણું વિગેરેરૂપ અમુક ખાસ ગુણજ પ્રકટ કરે છે.જેટલા ગુણો ભગવાન્ પ્રકટ કરે, તેટલા ગુણવાળાજ તેઓ હોય છે. (પ્ર)

૬. 'ત્યારે તેમને દેહ, વાણી વિગેરે કેમ હોય ?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (પ્ર)

૭. તત્ત્વો દેવતા હોવાનો નિર્ણય અહિં કરે છે. (પ્ર)

૮. 'દેવો હલકા છે' એ શ્રુતિ પ્રમાણે તેઓ ઓછા બલવાળા છે. (પ્ર)

૯. 'પ્રાજાપત્ય' એટલે પ્રજાપતિમાંથી ઉત્પન્ન થએલ ઈન્દ્રિયદેવો.

૧૦. 'તેમાં' એટલે પ્રજાપતિમાં (પ્ર)

૧૧. વેદમાં ચક્ષુ વિગેરે બહાર નીકળવાના સંબંધમાં કરેલ વિચાર પ્રમાણે, તેમને પણ (ઈન્દ્રિયોના) અભિમાનવાળા દેવની ઈન્દ્રિયોના ગોલક જણાવેલા છે. ઉપર જણાવ્યું તે પ્રમાણે ઈન્દ્રિયો અને ગોલકની કલ્પના કરીને, દેવતાના ઠેકાણે (ઈન્દ્રિયોના) અભિમાનવાળાજ તેવા (ઈન્દ્રિય અને ગોલકવાળા) કલ્પેલા છે. તે જ ધોરણ અહિં પણ છે, (પ્ર) (એમ વેદ સાથે સરખામણી કરી નીચે દર્શાવેલ છે).

૧૨. પ્રજાપતિ, (વિરાટ્ યજ્ઞ અને પરમેષ્ઠી) એ ચારના પ્રયત્નથી જગતનો આકાર ઘડાય છે, એવો અર્થ છે. (પ્ર)

૧૩. 'જેમ તત્ત્વોના (દેહના) અભિમાનવાળાઓજ તેમના દેહ ઈન્દ્રિય વિગેરેને વશ રાખે છે, તેમ

આપણા જીવોના દેહમાં પણ તે ( આપણી )જ ઈન્દ્રિયો અને તેમના અભિમાન-વાળાઓથી કાર્ય સિદ્ધ થાય, તેથી તેમને વશ રાખનાર બીજા દેવ કલ્પવાની શી જરૂર ?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. આપણી ઈન્દ્રિયોના મૂલરૂપ ઈન્દ્રિયોના અભિમાનવાળા તેઓ છે. ( તેથી આપણી ઈન્દ્રિયોને નિયમમાં રાખનારા છે. ) ( પ્ર )

૧૪. 'જો આપણી ઈન્દ્રિયોને તેઓજ નિયમમાં રાખનારા હોય, તો આપણી ઈન્દ્રિયો પેઠે બીજા દેવોની પણ સર્વ ઈન્દ્રિયોના તેઓ અભિમાની હોય' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. એમ હોય તો સારું, ઉછાંછળું વિગેરે ગુણ તથા દોષ અને ઈન્દ્રિયોને વશ રાખવાનું દરેક માટે કરવું પડે. વળી ભગવાનની સૃષ્ટિ રચવા સંબંધી આજ્ઞા પણ દરેકને પાળવી પડે. દરેક ( અભિમાની દેવ )માં બધી શક્તિ હોવાથી દરેક બ્રહ્માંડ રચવા શક્તિમાન હોત; પરંતુ તેવું નથી. તેથી તેઓ પોતાના ( પોતે જેના અભિમાની છે તે ) દેહમાંજ તેવી શક્તિવાળા છે. બીજા ( ના દેહ )માં તો અમુક કાર્ય કરનારજ હોય છે, એવો અર્થ છે. ( પ્ર )

૧૫. 'વિસર્ગે જીવેષુ' એટલે 'પુરુષમાંથી ઉત્પન્ન થએલા બ્રહ્માંડના બ્રહ્મા વિગેરે દેવોના દેહોમાં' ( પ્ર ) આ દેવોના પણ હાથ પગ વિગેરે કલ્પેલા હોય તે યોગ્ય લાગતું નથી. પણ 'વિસર્ગે' મોક્ષમાં પણ જીવોના દેહ હાથ પગ વિગેરે તેવા કલ્પેલા હોઈ શકે. તેથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

**સૃષ્ટૌ તુ સાધકં રૂપં ભક્ત્યાદેર્વિનિરૂપ્યતે ।।૧૨।।**
**તત્ત્વાદિસ્તોત્રરૂપેણ સર્વલીલાસુ તત્સ્થિતૌ ।।**
**તત્ત્વૈસ્તુ ભક્તિનિર્ધારો જ્ઞાનસ્ય બ્રહ્મણા તથા ।।૧૩।।**
**ઋષિભિર્યજ્ઞનિર્ધારસ્ત્રિતયં સૃષ્ટિહેતુકમ્ ।।**

તત્ત્વ વિગેરેની સ્તુતિના પ્રકારથી[1] સૃષ્ટિમાં તો[2] ભક્તિ વિગેરે (મોક્ષ) પ્રાપ્ત કરાવનારું સ્વરૂપ જણાવવામાં આવે છે. તત્ત્વોએ ભક્તિનો નિર્ણય કરેલો છે, બ્રહ્માએ તે પ્રમાણે જ્ઞાનનો અને ઋષિઓએ યજ્ઞનો નિર્ણય કરેલો છે. બધી લીલાઓમાં સ્થિતિના[3] સંબંધમાં તો તે ત્રણે સૃષ્ટિના કારણરૂપ છે. કા. ૧૩ $^{૧}/_{૨}$ .

**ભગવત્કાર્યસિદ્ધ્યર્થં કામાદિરહિતં તથા ।।૧૪।।**
**સાધકં નાન્યથારૂપમિત્યગ્રે નાશ ઉચ્યતે ।।**

ભગવાનનું કાર્ય થાય તે માટે કામ વિગેરે વિનાનું (ભક્તિનું સ્વરૂપ) તેવું[4] છે. બીજા પ્રકારનું (ભક્તિનું) સ્વરૂપ (મોક્ષ) પ્રાપ્ત કરાવનારું નથી[5]. તેથી આગળ નાશ[5] કહેલો છે. કા. ૧૪ $^{૧}/_{૨}$.

**કાલપ્રયુક્તા ભક્તિર્હિ ત્રયોદશવિધા યતઃ ।।૧૫।।**
**અન્યથા સૃષ્ટિકરણં શુદ્ધયા નૈવ તદ્ભવેત્ ।।**

કારણકે કાલેથી થતી ભક્તિ તેર પ્રકારની[6] છે. તેવી (આ) ન હોય તો શુદ્ધ ભક્તિથી સૃષ્ટિ રચવાનું તે (કાર્ય) નજ થાય[7]. કા.૧૫ $^{૧}/_{૨}$.

**ભક્તિપ્રપત્તી પ્રત્યક્ષં ભક્તિજ્ઞાને પરોક્ષતઃ ।।૧૬।।**

**સાત્ત્વિકીયં સમાખ્યાતા વાસન્તગ્રૈષ્મભાવતઃ ।।**

ભક્તિ અને શરણાગતિ પ્રત્યક્ષ રીતે (મોક્ષ પ્રાપ્ત કરાવનારાં છે); ભક્તિ અને જ્ઞાન ન જણાય તેવી રીતે (તેવાં છે). વસંતના[૮] અને ગ્રીષ્મના[૮] ભાવથી આ સાત્ત્વિક (પ્રક્રિયા) કહી. કા. ૧૬[૧]/[૨].

**રાજસે ભક્તિરાહિત્યાત્તદર્થં પ્રાર્થના પુરા ।।૧૭।।**
**શરણાગમનં પશ્ચાન્નિન્દયા સાધનં ફલે ।।**

રાજસ (પ્રકાર)માં ભક્તિ ન હોવાથી, પહેલા[૯] તેને માટે પ્રાર્થના (કરે છે), પછી[૧૦] શરણ જાય છે, પછી નિંદાના પ્રકારથી સાધન[૧૧] (અને પછી) બે ફલ[૧૨] કહેલાં છે. કા. ૧૭[૧]/[૨].

**તામસે જ્ઞાનનિંદાતઃ પરોક્ષે ભજનં સ્તુતમ્ ।।૧૮।।**
**ભગવત્કાર્યરાહિત્યહેતૂક્ત્યા સ્વસ્ય સાધનમ્ ।।**

તામસ (પ્રકાર)માં જ્ઞાનની નિંદાથી વિયોગમાં (કરેલા) ભજનની પ્રશંસા કરેલી[૧૩] છે. ભગવાનનાં કાર્યમાં નકામા હોવાનું કારણ જણાવીને પોતે સાધનરૂપ (થવા પ્રાર્થના કરે છે)[૧૪]. કા. ૧૮[૧]/[૨].

**મલવત્પ્રાર્થના પ્રોક્તા દ્વિવિધા સા નિગદ્યતે ।।૧૯।।**

મલ જેવી પ્રાર્થના કહેલી છે. તે બે પ્રકારની કહેલી છે[૧૫] છે. કા.૧૯.

૧. તત્ત્વોએ કરેલી સ્તુતિ અને તે પછી બ્રહ્માએ કરેલી અને ઋષિઓએ કરેલી સ્તુતિઓનું તાત્પર્ય કહેતાં, આ વિષય ચાલુ પ્રસંગમાં કેવી રીતે ઉપયોગી છે તે જણાવે છે. ( પ્ર )

૨. 'તત્ત્વોને સૃષ્ટિ રચવાનું સામર્થ્ય જોઈએ છીએ. તેમાં ભક્તિ વિગેરેનું નિરૂપણ શા માટે કરે છે ?' એવી શંકા દૂર કરવા 'તુ' 'તો' શબ્દ યોજેલ છે. ( પ્ર )

૩. સ્થિતિના વિષયમાં બધી લીલાઓમાં આ ત્રણે ( તત્ત્વો, બ્રહ્મા અને ઋષિઓએ કરેલા ) નિર્ણય સૃષ્ટિના કારણરૂપ છે. તેથી તે ( નિર્ણયોથી ) સૃષ્ટિમાંથી અને સૃષ્ટિમાંથી મોક્ષ પ્રાપ્ત કરાવનાર સ્વરૂપ જણાવવા ભક્તિ વિગેરે કહેલાં છે એવો અર્થ છે. ( પ્ર )

૪. 'તેવું' એટલે મોક્ષ પ્રાપ્ત કરાવનારું ( પ્ર )

૫....૫. ભક્તિ વિગેરેમાં કામ ( કામના ) વિગેરે હોય તો તે દોષરૂપજ હોવાથી આગળ કર્મ વિગેરેનો નાશ કહેલો છે. તેથી કામના વિગેરે વિનાનીજ ભક્તિનું સ્વરૂપ મોક્ષ પ્રાપ્ત કરાવનારું છે એવો અર્થ છે. ( પ્ર )

૬. તેર શ્લોકોથી તત્ત્વો સ્તુતિ કરે છે, તેનું કારણ આથી કહેલું છે. ( પ્ર )

૭. બ્રહ્મકલ્પની સૃષ્ટિથી જૂદા પ્રકારે આ સૃષ્ટિ રચવાની છે. તે શુદ્ધ ભક્તિથી ન થઈ શકે તેથી કાલથી થતી તેર પ્રકારની ભક્તિનો નિર્ણય કરે છે. ( પ્ર )

૮. આ કારિકાથી પહેલા ચાર ( ૩૮ થી ૪૧ ) શ્લોકનો અર્થ કહેલ છે. ( પ્ર ) ૩૮-૩૯ શ્લોકોમાં છાયા અને ઈચ્છા જણાવેલ હોવાથી, તેમાં વસંતનો ભાવ છે. ૪૦-૪૧ માં નદી કહેલી

હોવાથી, તેમાં ગ્રીષ્મ (ઋતુ)નો ભાવ છે. (પ્ર)
૯. 'પહેલાં' એટલે (રાજસના પહેલાં). ૪૨મા શ્લોકમાં 'તેને માટે' એટલે સ્મૃતિ વિગેરે માટે પ્રાર્થના કરે છે.(પ્ર)
૧૦. તેતાલીસમા શ્લોકમાં. (પ્ર)
૧૧. ચુમાલીસમા શ્લોકમાં. (પ્ર)
૧૨. પીસ્તાલીસમા શ્લોકમાં. ૪૨મા શ્લોકમાં કહેલી પ્રાર્થના અને ૪૫મા શ્લોકમાં કહેલાં ફલ રાજસપણું દર્શાવનારાં છે. જ્ઞાનની પ્રાપ્તિ અને વૈકુંઠની પ્રાપ્તિરૂપ બે ફલ અહિં કહેલાં છે. રાજસ પ્રકારના પહેલા બે (૪૨।૪૩) શ્લોક વર્ષાઋતુ જણાવનારાં અને છેલ્લા બે (૪૪।૪૫) શરદ્ઋતુ જણાવનારા છે. (પ્ર)
૧૩. તામસ પ્રકારના પહેલા (૪૬મા) શ્લોકમાં જ્ઞાનની નિંદા કરેલી છે તે તામસપણું જણાવે છે. બાકીના ત્રણ (૪૭।૪૯) શ્લોકમાં જ્ઞાનનો અભાવ જણાવેલ છે. (પ્ર)
૧૪. પહેલા બે (૪૬।૪૭) શ્લોકમાં અનુક્રમે બલ, અને જૂદાં રહેવાથી થએલી અશક્તિ જણાવ્યાં તે હેમંતઋતુનો ભાવ સૂચવનારાં છે. બીજા બે (૪૮।૪૯) શ્લોકમાં અનુક્રમે અન્ન ખાવાનું અને ગર્ભાધાન કહ્યાં, તે શિશિરઋતુનો ભાવ જણાવનારાં છે. (પ્ર)
૧૫. આ અર્ધ કારિકાથી ૫૦મા શ્લોકનો અર્થ કહેલો છે. ચક્ષુ(જ્ઞાન)નું દાન અને સાથે ક્રિયાશક્તિ નું દાન મેળવવા બે પ્રકારની પ્રાર્થના છે. આ મલમાસ (અધિકમાસ) સૂચવનાર છે. (પ્ર)

તે પૈકી આરંભમાં (ભગવાન્) પ્રત્યક્ષ હોય, ત્યારે (કરવા યોગ્ય) ઉત્તમ[1] સાત્ત્વિક ભક્તિનું નીચેના શ્લોકમાં નિરૂપણ કરે છેઃ

॥ દેવા ઉચુઃ ॥

**નમામ તે દેવ પદારવિન્દં પ્રપન્નતાપોપશમાતપત્રમ્ ॥**
**યન્મૂલકેતા યતયોઽઞ્જસોરુ સંસારદુઃખં બહિરુત્ક્ષિપન્તિ ॥૩૮॥**

હે દેવ! શરણ આવેલાઓના તાપનો નાશ કરનાર છત્રરૂપ આપનું ચરણારવિંદ જેની નીચે રહેનારા યોગીઓ બહારના સંસારના ઘણાં દુઃખને સહેલાઈથી ફગાવી દે છે તેને અમે નમન કરીએ છીએ. ૩૮.

(ભગવાન્) પ્રત્યક્ષ હોય ત્યારે **નમન** સિવાયનું ભજન થતું ન હોવાથી, અને 'વારંવાર **નમસ્કાર** (કરવા), એટલોજ ઉત્તમ બોધ છે' એવું વાક્ય હોવાથી, 'હે સ્વામિ! અમે આપના ચરણારવિંદને **નમન** કરીને છીએ' એમ કહે છે. **નમન** કરવા કારણરૂપ સ્વાભાવિક ગુણ 'હે દેવ!' સંબોધનથી કહેલો છે. જેમનામાં દેવનો ગુણ જણાય તેજ **નમસ્કાર** કરવા યોગ્ય છે. ગુરુ વિગેરેમાં પણ દેવપણુંજ **નમન** કરાવનારું છે, ગુરુપણું તો સેવા (કરાવનારું) છે.

વળી તે **નમન** (૧) લૌકિક (૨) વૈદિક અને (૩) ભક્તિમાર્ગમાં થતું એવા ત્રણ પ્રકારનું છે. તે પૈકી આ ભક્તિમાર્ગમાં થતું (**નમન**) છે એમ જણાવવા 'ચરણારવિંદને' શબ્દ યોજેલ છે. ચરણ સહેલાઈથી સેવા થઈ શકે તેવું છે એમ

જાણીને, પ્રેમથી ચરણારવિંદમાં જે નમન કરવું તે ભક્તિ. સ્વરૂપને જે નમન કરવું તે વૈદિક. તે (સ્વરૂપ)માં રહેલા ઐશ્વર્ય વિગેરે ગુણોને જે નમન (કરવું) તે લૌકિક (નમન). (તત્ત્વો) અપ્રકટ સ્વરૂપને નમન (કરતા) હોવાથી 'ચરણારવિંદને' એમ એકવચન યોજેલું છે. (તેઓ) સગુણ હોવાથી[૨], સૃષ્ટિ (રચવા)ના સાધન હોવાથી[૨], (સૃષ્ટિ રચવાનું) સામર્થ્ય (પ્રાપ્ત) થાય તો (તે રચવામાં) દુઃખ ન થાય તેથી, ભક્તિ અને શરણગતિના ભેદથી બે પ્રકારે ચરણારવિંદ દુઃખનો નાશ કરનારું છે એમ જણાવે[૩] છે. તેમાં પણ શરણાગતિના અધિકારીઓ ત્યાગ કરવાની શક્તિવિનાના છે, જ્યારે ભક્તિના અધિકારીઓ તો ત્યાગ કરવાની શક્તિવાળા છે, એમ (જણાવે છે). તેથી આરંભમાં 'શરણ આવેલાઓના તાપનો નાશ કરનાર છત્રરૂપ' શબ્દથી (ચરણારવિંદનો) તાપનો નાશ કરનાર હોવાપણાંનો ગુણ કહે છે. 'પ્રપન્નાનાં' શરણ આવેલાઓના જે અંદરના અને બહારના તાપો, તેમનો નાશ કરવા માટે એટલે નજીક (ના સમય)માંજ તેને દૂર કરવા માટે ભગવાનનું ચરણારવિંદ છત્રરૂપ થાય છે. 'આતપાત્' તાપમાંથી 'ત્રાયતે' રક્ષણ કરે તેવું ભગવાનનું ચરણારવિંદ ધ્રુવની પેઠે શરણ આવેલાઓના ઉપર રહે છે. જ્યાં જ્યાં પણ તે જાય છે, ત્યાં ત્યાંજ તેમનું ચરણારવિંદ (તેના) તાપનો નાશ કરતુંજ જાય છે, એમ આથી ભક્તને વશ રહેવાનો ચરણનો ગુણ જણાવ્યો. આ તાપ કાલે કરેલો હોવાથી (ચરણ) છત્ર હોવાપણુંજ કહ્યું. સ્વભાવે (તાપ) કરેલ હોય ત્યારે તો ચરણના અમૃતપણું વિગેરે (ગુણો) કહે છે. કર્મે (તાપ) કરેલ હોય ત્યારે તો (ચરણને) દવા વિગેરેની સ્થિતિવાળું જણાવે છે. શરણ આવેલાને માટે ભગવાન્ પોતે પધારે છે, અને તેની સાથે ફરે છે એમ પણ કહ્યું.

ઉત્તરાર્ધથી સર્વ તરફથી વૈરાગ્યવાળા ભક્તો પ્રતિ ચરણનું માહાત્મ્ય કહેલું છે. જેમના ચરણના મૂલ એટલે નીચેના ભાગ (ની નીચે રહેનારા તેઓ છે).જેઓ સર્વદા ભગવાનના ચરણારવિંદની નીચેજ રહે છે, ઘરમાં અથવા વૃક્ષ વિગેરેની નીચે (રહેતા) નથી, તેઓ (ચરણારવિંદની) નીચે રહેનારા છે. 'કેતઃ' એટલે રહેઠાણ, સ્થાન એવો અર્થ છે. પોતાની ઈચ્છા પ્રમાણે (તેઓ) વ્યવહાર કરતા નથી, તેથી ('કેતઃ' શબ્દ પહેલાં) ઉપસર્ગ યોજેલો નથી. 'ત્યારે પાંચ અગ્નિ ધારણ કરનારના તપની પેઠે તેમને માટે બીજું ઘર બાંધવું જોઈએ' એવી શંકા થાય, તેથી 'યોગીઓ' શબ્દ યોજેલ છે. તેઓ ભગવન્માર્ગમાં પ્રયાસ કરનારા[૪] છે. તેમાં પહેલાની અવસ્થાનો ત્યાગ એ પહેલું સાધન છે, ત્યાં સુધીજ પહોંચેલા તેઓ વરુ વિગેરેના ભક્ષ્યજ થાય છે. ત્યાગ દોષરહિત ન થાય, તો પાખંડીપણુંજ હોય છે, પરંતુ જેઓએ ભગવાનને માટે (સંસારનો) ત્યાગ કરેલો છે, તેઓ ભૂખ તરસ વિગેરેથી થતું બહારનું[૫] સંસારનું

'ઉરુ' અધિક દુઃખ 'અઞ્જસા' સહેલાઈથીજ ફગાવી દે છે. પરલોકનું દુઃખ તો બહારનુંજ[6] હોવાથી, (ભગવાનના ચરણની) નીચે રહેનારાઓમાં તે રહેતુંજ નથી. તેથી ચરણારવિંદ સર્વ પુરુષાર્થરૂપ હોવાથી, અમે તેને નમન કરીએ છીએ, એવું મુખ્ય પ્રયોજન[7] કહ્યું. જેમને માટે ભગવાન્ પધાર્યા, તેઓને ૧.ભગવદીય, ૨.શરણ આવેલા અને ૩.ભક્તો, એમ ત્રણ પ્રકારના કહેલા[8] છે. ૩૮.

૧. અહિં 'યોગ્ય' શબ્દ અધ્યાહાર છે. (પ્ર)
૨. આ બોલનાર (સ્તુતિ કરનાર તત્ત્વો)ના બે ગુણો કહ્યા, તેમનો સંબંધ આગળના 'બે પ્રકારે' શબ્દ સાથે લેવાનો છે. (પ્ર)
૩. 'જણાવે છે' એટલે 'વ્યાસ જણાવે છે'. (પ્ર)
૪. અહિં 'યતિ' શબ્દનો અર્થ વ્યુત્પત્તિ પ્રમાણે કરવાનો છે, એમ જણાવવા આ કહેલ છે. (પ્ર)
૫. સંસારનું દુઃખ આરંભની દશામાંજ હોય છે એમ જણાવવા તેને 'બહારનું' કહેલ છે. (પ્ર)
૬. 'બહિઃ' એટલે 'બહિર્મુખપણું હોય ત્યારે' (પ્ર) બહિર્મુખપણું હોય ત્યારેજ પરલોકનું દુઃખ થાય છે, એવો અર્થ પ્રકાશકાર કરે છે. બે ઠેકાણે પાસે પાસેજ આ શબ્દ છે, તેના જૂદા જૂદા અર્થ કરવા યોગ્ય ન લાગવાથી, પહેલાંનોજ અર્થ અહિં પણ કરેલ છે.
૭. 'પ્રયોજન' એટલે 'નમન કરવાનું પ્રયોજન'. (પ્ર)
૮. આ વાક્યનું અનુસંધાન નવરત્ન શ્લોક ૪ સાથે કરવું. (પ્ર)

બીજાને માટે પધારેલા (ભગવાન્)નું જેઓ ભજન કરે છે, તેઓનું સ્વરૂપ નીચેના શ્લોકમાં કહેતાં, મધ્યની સ્થિતિથી આશ્રય (કરવાનું) કહે છેઃ

**ધાતર્યદસ્મિન્ભવ ઈશ ! જીવાસ્તાપત્રયેણાભિહતા ન શર્મ ।।**
**આત્મંલ્લભન્તે ભગવંસ્તવાઙ્ઘ્રિચ્છાયાં સવિદ્યામત આશ્રયેમ ।।૩૯।।**

હે પિતા! હે ઈશ! ત્રણ તાપથી દુઃખી થએલા જીવોને આ સંસારમાં આત્માની શાંતિ પ્રાપ્ત થતી નથી. તેથી હે ભગવન્! આપના ચરણની વિદ્યાયુક્ત છાયાનો અમને આશ્રય થાઓ. ૩૯.

બીજાને માટે એટલે સૃષ્ટિ (રચવા) માટે (ભગવાન્) પધારેલા છે, એમ જણાવેલું છે. 'ધાતા' એટલે રચનાર, કર્તા, પિતા એવો અર્થ છે. આ 'ભવે' સંસારમાં 'યદ્' જે કારણને લીધે જીવો ત્રણ તાપથી દુઃખીજ થાય છે (અને) ક્યાંય પણ શાંતિ પ્રાપ્ત કરતા નથી. 'હે ઈશ!' એ સંબોધન તે (તાપ) દૂર કરવાની શક્તિ જણાવવા આરંભમાંજ કરેલું છે. એક તાપથી પણ દુઃખી થએલ (જીવ)ને સ્વાભાવિક[1] શાંતિ પ્રાપ્ત થતી નથી. તો પછી બીજા સુખનું તો કહેવુંજ શું? ત્રણ (તાપ)થી દુઃખી થએલાને તો જરાએ શાંતિ પ્રાપ્ત થતી નથી. તેથી અમને આરંભમાંજ સંસારમાં પ્રવેશ કર્યા વિનાજ આપનાં ચરણની છાયાનોજ આશ્રય થાઓ. પ્રાર્થનાના અર્થમાં વિધ્યર્થ (યોજેલ છે). સર્વ તાપનો નાશ કરીને, સર્વ ઈચ્છેલા (પદાર્થ ભગવાનથી)

પ્રાપ્ત થાય તેમ છે એમ જણાવવા, 'હે ભગવન્' એવું સંબોધન (કરેલું છે). બહારનો તાપ છાયાથી જતો રહે છે. અંદરના તાપનો નાશ કરવા 'વિદ્યાયુક્ત' વિશેષણ યોજેલું છે. જેમ છત્ર જલવાળું હોય (તેમ ચરણચ્છાયા વિદ્યાવાળી છે)[૨]. ભગવાનનો અભિપ્રાય મુખ્ય છે એમ જણાવવા છાયાને એવા વિચારથી મુખ્ય (કહેલી છે) કે સૂર્ય વિગેરેને લીધે કોઈ સમયે છાયા ચરણારવિંદના સ્થલથી જૂદા સ્થલે પડે, ત્યારે (તે) જૂદા સ્થલે રહીનેજ (છાયાનો) આશ્રય કરવો. ચરણની નીચે તો ઘામજ થાય. (ચરણની અથવા ભગવાનની) સમીપ ન રહેવું એવી ભગવાનની ઈચ્છા હોય, ત્યારે સમીપ ન રહેવું જોઈએ, એવો ભાવ છે૨. હમણાં તેમ (સમીપ ન રહેવું એવી ભગવાનની ઈચ્છા) હોવાથી, એ કારણને લીધે અમને (આપનાં ચરણની) છાયાનોજ આશ્રય હો. 'વિદ્યા' એટલે ઉપાસના અથવા જ્ઞાન. ભગવાનના ગુણોનું અનુસંધાન કરતાં અથવા ભગવાનની સેવા કરતાં કોઈક સ્થલે રહેવું, એવો અર્થ છે. એ પ્રમાણે ભગવાનનો સાક્ષાત્ સંબંધ થાય ત્યારે, (કરવા યોગ્ય[૩]) ભક્તિ અને શરણ જવાનું જણાવ્યાં. ૩૯.

૧. શ્લોકમાંના 'આત્મન્' 'આત્માની' શબ્દનું આ વિવરણ છે. આત્મામાં રહેલી એવો તેનો અર્થ છે. (પ્ર)

૨...૨. 'ચરણનો આશ્રય થાઓ' એમ ન કહેતાં 'છાયાનો આશ્રય થાઓ' એમ જે કહ્યું તેનું તાત્પર્ય આ ભાગથી કહેલું છે. (પ્ર)

૩. અહિં 'યોગ્ય' શબ્દ અધ્યાહાર છે. (પ્ર)

તેવો અધિકાર ન હોય ત્યારે, (લોકની) દૃષ્ટિ ન પડે તેવી રીતે ગંગાના કાંઠે રહી, વેદના તાત્પર્યનો વિચાર કરી, ભગવાનના ચરણની શોધ કરતાં રહેવું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**માર્ગન્તિ યત્તે મુખપદ્મનીડૈશ્છન્દઃસુપર્ણૈર્ઋષયો વિવિક્તે ।।**
**યસ્યાઘમર્ષોદસરિદ્વરાયાઃ પદં પદં તીર્થપદઃ પ્રપન્નાઃ ।।૪૦।।**

કારણકે તીર્થો જેમનાં ચરણમાં છે તેવા જે આપનાં, પાપનો નાશ કરનાર જલવાળી ઉત્તમ નદીના સ્થાનરૂપ ચરણને વશ રહેનારા ઋષિઓ આપના મુખકમલરૂપ માળાવાળા વેદરૂપ ગરુડોથી એકાંતમાં તે (ચરણ)ને શોધે છે. ૪૦.

'યદ્' કારણકે મંત્રોને જાણનાર ઋષિઓ આપના મુખકમલરૂપ માળાવાળા વેદરૂપ ગરુડોથી આપના ચરણને શોધે છે, એટલે તેનો વિચાર કરે છે, કારણકે વેદો ગરુડ જેવા પક્ષીઓ છે (અને) તેમની ઉત્પત્તિનું સ્થાન ભગવાનનું મુખકમલજ છે[૧]. જેમ મકરંદ વિગેરેનું પાન કરવા આવી ચડેલા પક્ષીઓ પણ કમલ ઉપર રહે છે. આ (ગરુડો)નો તો તે માળોજ છે, કારણકે તેઓ ત્યાંજ જન્મેલા હોય છે અને ત્યાંથીજ

બહાર નીકળે છે. 'વેદો મારો રથ થાએ[2]' એ વાક્યમાં તેમનેજ રથ કહેલા છે. 'વેદો ગરુડ છે' એ શ્રુતિ પ્રમાણે, અને સુપર્ણ (સારી પાંખવાળા) શબ્દથી ગરુડના જેવા ગુણવાળા (જણાવેલા) હોવાથી (એમ કહેલું છે કે) ભગવાન્ (તેમની) ઉપર વિરાજેલા હોય ત્યારેજ તેમનો લોકમાં પ્રચાર થાય છે, એટલે લોકમાં તેઓ યજ્ઞરૂપ ભગવાનને જણાવે છે. ઋષિઓ મંત્રોને જાણનાર હોવાથી ભગવાનના મંત્રને જાણે છે કે આવા પ્રકારથી ગંગાના તીરે રહીએ ત્યારે ભગવાન્ પોતાનાં ચરણની પ્રાપ્તિ કરાવશે. તેથીજ તેઓ એકાંતમાં એકલાજ રહે છે, કારણકે ઘણા (સાથે રહેવાથી ભગવાનનાં ચરણની) પ્રાપ્તિ થતી નથી, એવો અર્થ છે.

'તીર્થપદઃ' જેમનાં ચરણમાં તીર્થો છે તેવા આપ 'જે' પ્રસિદ્ધ છો. (આપ) પ્રસિદ્ધ હોવાથી (આપના ચરણમાં તીર્થો હોવામાં) સંદેહ નથી. (આપના) ચરણમાં તીર્થો હોવાથી, (જીવોને) અધિકાર પ્રાપ્ત થતાં (આપ તેમનાં) સર્વ પાપોનો નાશ કરાવનારા છો. 'પાપનો નાશ કરનાર જલવાળી ઉત્તમ નદીના સ્થાનરૂપ' શબ્દોથી (ભગવાનનાં) ચરણમાં તીર્થો હોવાનુંજ સાબિત કરે છે. 'અઘસ્ય' પાપનો નાશ થાય જેનાથી, તેવું જલ છે જેનું, તેવી જે ઉત્તમ નદી ગંગા, તેનું 'પદમ્' સ્થાનરૂપ એ (ભગવાનના) ચરણનું વિશેષણ છે. ગંગાના કાંઠે કાંઠે જતાં (માણસ ભગવાનનાં) ચરણ સુધી પોહોંચે છે. પછી વેદના તાત્પર્યનો વિચાર કરતાં ભગવાનનાં ચરણનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. જલથી પાપનો નાશ થવાનું સામાન્ય ફલ તરીકે કહેલું છે. ચરણમાંથી બીજે સ્થલે જતી હોવા છતાં ગંગા વેદની પેઠે પાછી તે (ચરણ)માંજ પ્રવેશ કરવાની છે એમ વેદોનું દષ્ટાંત સમજાવવા કહેલું છે. જેમ ગંગાનું માહાત્મ્ય (ભગવાનનાં) ચરણના સંબંધને લીધે છે. તેમ વેદનું પ્રમાણપણું પણ અને મંત્ર અને આયુર્વેદની પેઠે તેનું પ્રમાણપણું સત્યવક્તાના પ્રમાણપણાંને લીધે છે'–એ સ્મૃતિ પ્રમાણે ભગવાનનાં પ્રમાણપણાંને લીધેજ છે. અહિં (ચરણની) શોધ કરનારા (ચરણને) વશ રહેનારાજ હોય છે બીજાઓથી (તેની) શોધ થઈ શકતી નથી. ૪૦.

૧. આ ભાગથી 'કમલ' શબ્દનું તાત્પર્ય કહેલું છે વેદોને ગરુડ કહેવા એ તત્ત્વો માટે પણ ઉપયોગી છે એમ જણાવવા તે કહેલું છે. (પ્ર)

૨. તૈત્તિરીય બ્રાહ્મણની આ શ્રુતિ તત્ત્વો પ્રજાપતિના સ્થાને છે એમ જણાવવા આપેલી છે. (પ્ર)

વળી એમ કરવાની પણ શક્તિવિનાના બીજાઓ માત્ર જ્ઞાનમાર્ગથી ચરણારવિંદનો આશ્રય કરીને રહે છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યચ્છ્રદ્ધયા શ્રુતવત્યા ચ ભક્ત્યા સંમૃજ્યમાને હૃદયેઽવધાર્ય ।।**
**જ્ઞાનેન વૈરાગ્યબલેન ધીરા વ્રજેમ તત્તેઽઙ્ઘ્રિસરોજપીઠમ્ ।।૪૧।।**

જેમના ઉપરની શ્રદ્ધા અને શ્રવણવાળી ભક્તિથી શુદ્ધ થતાં હૃદયમાં

આપનાં ચરણકમલનાં આસનનો નિશ્ચય કરીને વૈરાગ્યના બલવાળા જ્ઞાનથી ધીર થઈ, અમે તેને પ્રાપ્ત કરીએ. ૪૧.

'જે' ભગવાનના ઉપરની શ્રદ્ધા એટલે આસ્તિકપણાંવાળી બુદ્ધિ અને 'શ્રુતવતી' શ્રવણ વિગેરેથી પુષ્ટ થએલી ભક્તિ (થી હૃદય શુદ્ધ થાય છે). જ્ઞાનમાર્ગમાં શ્રદ્ધા અને ભક્તિ અંતઃકરણને શુદ્ધ કરનારાં છે. 'ચ' અને શબ્દથી 'જેમ જેમ આ અંતઃકરણ શુદ્ધ થાય છે' એ વાક્યથી (સૂચવેલી) કીર્તનરૂપ ભક્તિથી પણ 'સંમૃજ્યમાને' સારી રીતે શુદ્ધ થતાં અંતઃકરણમાં (આપનાં) ચરણકમલનાં આસનનો નિશ્ચય કરીને, વૈરાગ્યથી જેને બલ પ્રાપ્ત થાય છે તેવા તે નિશ્ચયરૂપ જ્ઞાનથી અમે ધીર થઈએ, (અને) આપનાં તેવાં ચરણકમલનાં આસનને 'વ્રજેમ' પ્રાપ્ત કરીએ. તેનાં પણ અમે અધિકારી નથી તેના (ધીરના) હૃદયમાં રહેલા (હોવાનો) નિશ્ચય કરેલાં (આપનાં ચરણકમલનાં આસન)ને અમે ભજીએ.

શ્રદ્ધા, શ્રવણ વિગેરેથી વૈરાગ્ય સાથે આત્માનું જ્ઞાન થાય ત્યારે આત્માનું તત્ત્વ જાણનાર બ્રહ્મરૂપ થાય છે, ત્યારે ભગવાનનાં ચરણનું આસન અક્ષર તેની અંદર પ્રકટ થાય છે. પછી તે (તેવા જ્ઞાની)ના ઉપદેશથી, અથવા તેના હૃદયમાં પ્રવેશ કરીને, અથવા તેના સ્વભાવની સ્થિતિ પ્રાપ્ત કરીને તત્ત્વો તેને શરણ જાય છે. તેથી ભક્તિમાર્ગમાં આ ચોથી કક્ષા છે. (૧) પોતે હૃદયમાં ભજન કરવું અથવા (૨) ભક્તનો આશ્રય કરવો એવા બે પ્રકારની[1] તે છે. જ્ઞાનીઓને (ભગવાનનું) ચરણ પ્રકટ થતું ન હોવાથી 'આસન' એમ કહેલું છે. પોતપોતાને ઉપયોગી (થાય તેવું) રૂપ જણાવવા, 'ચરણકમલ' શબ્દ યોજેલ છે. તેમાં ધીર થવું એજ ફલ છે. વાસ્તવિક રીતે ભગવાન્ અથવા ભગવાનની આજ્ઞાથી કાલ વિગેરે (સર્વ) કરે છે, અને બીજા પ્રકારે (ભગવાનની આજ્ઞા સિવાય અથવા તેથી વિરુદ્ધ) કરતા નથી. તેથી ભય (રાખવા)નું કારણ ન હોવાથી પ્રાણી ધૈર્ય ન હોવાને લીધે નકામાંજ દુઃખોનો અનુભવ કરે છે. તેથી ઉપર કહેલ સ્થિતિ ન હોય ત્યારે ધૈર્યરૂપ ફલ આપનારી આ જ સ્થિતિ સારી છે. એ પ્રમાણે સાત્ત્વિક પ્રકારમાં પાંચ[1] સ્થિતિ જણાવી. ૪૧.

૧. ૩૮-૪૦ શ્લોકોથી એક- એક મળી ત્રણ અને આ શ્લોકમાં ચોથી કક્ષાના પ્રકારની બે મળી પાંચ સ્થિતિ જણાવી.

રાજસ પ્રકારથી પણ કહે છે. તેમાં પ્રથમ નીચેના શ્લોકમાં સકામપણાથી શરણ જવાનું કહે છેઃ

**વિશ્વસ્ય જન્મસ્થિતિસંયમાર્થે કૃતાવતારસ્ય પદામ્બુજં તે ।।**
**વ્રજેમ સર્વે શરણં યદીશ ! સ્મૃતિં પ્રયચ્છત્યભયં સ્વપુંસામ્ ।।૪૨।।**

વિશ્વના જન્મ સ્થિતિ અને લય માટે અવતાર ધારણ કરેલ આપના

ચરણારવિંદને અમે બધા શરણ આવીએ છીએ, કારણકે હે ઈશ ! (તે) પોતાના ભક્તોને સ્મૃતિ (અને) અભય આપે છે. ૪૨.

જે ભગવાને અક્ષરના અમુક રૂપથી વિશ્વનાં જન્મ વિગેરે માટેજ અવતાર ધારણ કરેલ છે, જે ભગવાને 'પહેલાં પરમાત્મા પ્રકૃતિ અને પુરુષ બંને થએલા' એમ નિબંધમાં કહેલા પ્રકારે અવતાર ધારણ કરેલો છે, તેમનાં ચરણકમલને અમે શરણ આવીએ છીએ, કારણકે તે અમને અનુકૂલ છે. તમારો સારી રીતે અવતાર કરાવેલજ છે, 'તેથી હવે શરણ જવાથી શો (લાભ) ?' એવી શંકા થાય, તેથી 'સ્મૃતિ (અને અભય) આપે છે' એમ કહેલું છે. 'યદ્' જે કારણથી 'સ્વપુંસામ્' પોતાના ભક્તોના સંબંધી અભય અથવા જેનાથી ભય ન રહે તેવું સ્વરૂપ આપે છે, અને સ્મૃતિ આપે છે. અમે અવતરેલા હોવા છતાં 'આ (ભગવાન્) પોતાના સેવકોને અથવા અમને તે (સ્મૃતિ અને અભય) આપશે' એવી સ્મૃતિ અને અભય વિનાના હોઈએ, તો બધું નકામું થાય; અથવા (ભગવાનથી) ભગવદીઓનું સ્મરણ થાય; અથવા ભગવાનનું સ્મરણ એટલે પહેલાં પ્રાપ્ત થએલ સ્વરૂપનું સ્મરણ, અથવા ચાલતા (સૃષ્ટિ રચવાના) વિષયમાં ઉપયોગી કાર્યનું સ્મરણ (થાય). વિશ્વ રચનાર ભગવાન્ સ્મૃતિ અને અભયનું દાન કરનારા છે, તેમના ચરણને શરણ જવાથી જન્મના આરંભમાં સુખ થાય, એવા વિચારથી ફલ પ્રાપ્ત કરવા ક્રિયામાં કામે લાગનારની ભક્તિ ઉત્તમ રાજસ પ્રકારની છે. ૪૨.

નીચેના શ્લોકમાં બીજી[1] કહે છેઃ

**યત્સાનુબન્ધેઽસતિ દેહગેહે મમાહમિત્યૂઢદુરાગ્રહાણામ્ ।।**
**પુંસાં સુદૂરં વસતોઽપિ પુર્યાં ભજેમ તત્તે ભગવન્ પદાબ્જમ્ ।।૪૩।।**

હે ભગવન્ ! દુષ્ટ પરંપરાવાળા દેહ અને ઘરમાં 'હું મારું' એવો જેમનો દુરાગ્રહ વધી ગએલ છે તેવા પુરુષોના હૃદયમાં (આપ) રહેતા હોવા છતાં આપનું જે ચરણારવિંદ (તેમનાથી) ઘણું દૂર રહે છે તેનો અમે આશ્રય કરીએ. ૪૩.

જગત્ રચનાર ભગવાન્ બધું રચીને, બધે પ્રવેશ કરીને, સર્વના હૃદયમાં પ્રકાશે છે; છતાં પણ દોષને લીધે તે દેખાતા નથી. તેમને જોયા વિનાજ, માત્ર (તે) હૃદયમાં છે એમ જાણીને, તેવા (ભગવાન)નેજ શરણ જવું, એ બીજું (બીજા પ્રકારનું રાજસ ભજન) છે. અથવા દોષનો નાશ થાય તે માટે દોષ કહેલો છે.

તે દોષ ત્રણ પ્રકારનો હોવાનો કહે છે. 'અસતિ' દુષ્ટ પરંપરાવાળા પુત્ર વિગેરે સાથેના, દેહ અને ઘરમાં 'હું મારું' એવો દુષ્ટ આગ્રહ. તે આગ્રહ ત્રણ પ્રકારનો છે[2]. (૧) માત્ર આગ્રહ હોય ત્યારે હરકોઈ પ્રકારે તેમનો નિર્વાહ (કરાય છે). (૨) ધર્મ

(કરવા) માટે (અને ૩) ભગવાનનું ભજન કરવા માટે (આગ્રહ) હોય છે. અથવા (૧) દેહ[3] અને ઘર (બંને) દુષ્ટ ન હોય (૨) બેમાંથી એક દુષ્ટ ન હોય અને (૩) બંને દુષ્ટ હોય, એમ (આગ્રહના) ત્રણ પ્રકાર થાય છે. અથવા[4] (આગ્રહને દુષ્ટ કહ્યો તે) પુનરુક્તિ છે, દેહ અને ઘર) બંને સદા દુષ્ટજ હોય છે. વળી તેમાં રહેવાથી આગ્રહ વધી જાય છે[5] એટલે તેવા (આગ્રહવાળા)ના હૃદયથી (આપનું) ચરણકમલ ઘણું દૂર રહે છે. જોકે ભગવાન્ (તેવાના) હૃદયમાંજ રહે છે, છતાં પણ ત્યાં ચરણારવિંદો હોતાં નથી. માત્ર (તેનાં) અંતઃકરણને પ્રેરણા કરવા માટે (ભગવાન્ તેમાં પોતાના) હસ્તો અથવા માત્ર ઈચ્છાને પ્રકટ કરે છે. તેથી જેઓને અભિમાન છે તેઓમાં ભક્તિ નથી એવો મુખ્ય મત છે. સંસારના અભિમાન વિના માત્ર ભગવદીય હોવાનું અભિમાન હોય, તેનામાં ગૌણ (પ્રકારે), ઈચ્છા પ્રમાણે ભગવાન્ હોય છે એવો અર્થ છે. સંપૂર્ણ પ્રકારે અભિમાન ન હોય, તેનામાં સંપૂર્ણ રીતે ભગવાન્ છે એવો સિદ્ધાંત છે. તેથી ચાલુ વિષયમાં તેવા પ્રકારથી કોઈ કોઈ પ્રસંગે (હૃદયમાં) પ્રકાશ અથવા અપ્રકાશ કરનાર ભગવાનના ચરણકમલને અમે શરણ આવીએ, એવો અર્થ છે. ૪૩.

૧. 'બીજી' એટલે શરણ આવવાની બીજી કક્ષા. (પ્ર)

૨. શ્લોકમાં આગ્રહનો વિષય ત્રણ પ્રકારનો કહ્યો અને બંનેમાં (આગ્રહમાં અને તેના વિષયમાં) દોષ કહ્યો. તેથી સ્વરૂપ અને વિષયના ભેદથી આગ્રહ ત્રણ પ્રકારનો હોવાનું બે રીતે જણાવ્યું. તેમાં પ્રથમ સ્વરૂપના ભેદથી આગ્રહના ત્રણ પ્રકાર કહે છે. (પ્ર)

૩. અહિંથી વિષયના ભેદથી આગ્રહના ત્રણ પ્રકાર કહે છે. (પ્ર)

૪. આવી કલ્પના કરવામાં ક્લેશ થાય, તેથી જૂદા પ્રકારે અર્થ કરે છે. (પ્ર)

૫. આગ્રહ દુષ્ટ હોવાની પુનરુક્તિ કરવાનું કારણ આથી કહેલ છે. (પ્ર)

આવા પણ જો ભગવાનના ભક્તોના સેવકો થાય, અને જો તે ભક્તો[1] પણ ભગવાનનું ચરિત્ર જાણનારા હોય, તો ભક્તના ભક્તોની પેઠે તેઓ (આવાઓ)ને પણ ત્રીજી રાજસી ભક્તિ (પ્રાપ્ત) થાય. 'આ પક્ષ સહેલાઈથી થઈ શકે તેવો છે, તેથી તેનો આશ્રય કેમ કરતા નથી ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**તાન્વૈ હ્યસદ્વૃત્તિભિરક્ષિભિર્યે પરાહૃતાન્તર્મનસઃ પરેશ ।।**
**અથો ન પશ્યન્ત્યુરુગાય નૂનં યે તે પદન્યાસવિલાસલક્ષ્યાઃ ।।૪૪।।**

હે મોટાઓના ઈશ ! હે ઘણાથી ગવાતી કીર્તિવાળા ! આપનાં ચરણના પડવાના વિલાસથી જેઓ ઓળખાય છે, તેમને ખરેખર, દુષ્ટ (પદાર્થો) પ્રતિ વલણવાળી ઈન્દ્રિયોએ જેમનાં અંતઃકરણ અને મન વશ કરેલાં છે તેઓ તે કારણથી જોતા પણ નથીજ. ૪૪.

'તેમને' એટલે (તેવા) ભગવાનના ભક્તોને તેઓ જોતા પણ નથી, તો પછી

(તેમનું) ભજન તો ક્યાંથીજ કરે ? તેનું કારણ 'દુષ્ટ (પદાર્થો) પ્રતિ વલણવાળી ઈન્દ્રિયોએ જેમનાં અંતઃકરણ અને મન વશ કરેલાં છે' શબ્દોથી કહેલું છે. દુષ્ટ (પદાર્થો) પ્રતિજ વલણ છે જેમનું તેવી ઈન્દ્રિયો આસુરી છે. જેમ માખી અપવિત્ર (પદાર્થ)ને ગ્રહણ કરે છે, પરંતુ ચંદન ગ્રહણ કરતી નથી, તેમ આસુરી (ઈન્દ્રિયો) સ્વભાવથી દુષ્ટ પદાર્થોનેજ ગ્રહણ કરે છે. તેથીજ તેવી 'અક્ષિભિઃ' ઈન્દ્રિયોએ 'પરાહ્રતં' વશ કરેલ છે અંતઃકરણ અને મન જેમનાં, (તેઓ ભક્તોને જોતા પણ નથીજ). 'વિષયોએ આકર્ષણ કરેલી ઈન્દ્રિયોએ...' એ નિયમ પ્રમાણે વિષયો ઈન્દ્રિયોનું આકર્ષણ કરે છે, અને ઈન્દ્રિયો મનનું આકર્ષણ કરે છે. મનનાં અંદરનું અને બહારનું એવા બે રૂપ[૨] છે. અંદરનું (રૂપ) જેને અધીન હોય છે, તેને વશ પુરુષ રહે છે, એમ 'વશ કરેલ છે અંતઃકરણ અને મન જેમનાં' શબ્દથી કહેલું છે.

'ત્યારે તેઓ પણ સ્વતંત્ર અને સુખી હોવાથી, તેઓ આ (ભક્તો)ને ન જૂએ તેથી શું ?' એવી શંકા થાય, તેથી 'હે મોટાઓના ઈશ' એવું સંબોધન કહેલું છે. બ્રહ્મા વિગેરે[૩] મોટાઓ છે, તેમના પણ ઈશ, એવું સંબોધન એમ જણાવે છે કે તેઓનો નાશ કરવા ભગવાન્ તેમ કરે છે. 'અથો' હવે તે કારણથી તેઓ તે (ભક્તો)ને જોતા નથી, એમ પહેલાં ('તાન્' 'તેમને' શબ્દ કહ્યો તે)ની સાથે સંબંધ છે. 'જોતા નથી એમ કેમ કહે છે ? જોઈને પણ પછી ભજતા નથી એમજ માનવું જોઈએ'. એવી શંકા થાય, તેથી 'હે ઘણાથી ગવાતી કીર્તિવાળા !' એમ કહેલું છે, ઘણા (ભગવાનની કીર્તિનું) ગાન કરે છે, તેથી જો તેઓ તે (ભક્તો)ને જૂએ તો જેમ બધાએ આપ (ભગવાન)નું ગાન કરે છે, તેમ તેઓ પણ (આપનું) ગાન કરત. તેમ તેઓ કરતા નથી, તેથી એમ સમજાય છે કે તેઓએ ખરેખર તે (ભક્તો)ને જોયા નથી તે (ભક્તો) સાધારણ ગુણવાળા નથી એમ જણાવવા 'આપનાં ચરણના પડવાના વિલાસથી જેઓ ઓળખાય છે' એવો તેમનો ખાસ ગુણ કહેલો છે, આપનાં ચરણનું પડવું, તેનો જે વિલાસ તેનાથી (તેઓ) ઓળખાય છે. ભગવાનનાં ચરણના પડવાનો વિલાસ એ તેમનો અસાધારણ ગુણ છે. જ્યારે ભગવાન્ તેમનાં સ્થાને જવા માટે અને તેમને પોતાનો વિલાસ જણાવવા માટે વિલાસથી (તેમના સ્થાનમાં) પગલાં પાડે ત્યારેજ તેઓ ઓળખાય છે, અથવા (જ્યારે ભગવાન્) તેમનાં હ્રદયમાં ચરણ સ્થાપન કરવા પ્રેમ વિગેરે વિલાસ કરે, ત્યારે તેઓ ઓળખાય છે, એવો અર્થ છે. જેમનું ઉત્તમપણું ભગવાનના ચરણના સંબંધથીજ છે, બીજા પ્રકારે નથી, તેથી ઓળખાવનાર પદાર્થ ગુપ્ત હોવાથી, તેમને જોતા નથી, એમ કહેલું છે. 'વિલાસલક્ષ્મ્યાઃ' એવો પાઠ હોય ત્યારે, વિલાસની જે લક્ષ્મી એટલે શોભા, તેના તેઓ છે, તેઓ વિલાસની શોભાના

સંબંધથીજ પ્રસિદ્ધ છે, એમ ઉપર પ્રમાણે (અર્થ કરવો). આથી (એમ કહ્યું કે) તેવા ભગવાનના ભક્તને ઓળખતાં, તેમની દ્વારા ભગવાનનું ભજન (કરવું એ) ત્રીજું રાજસ (ભજન થયું).૪૪.

૧. જેમના સેવકો થાય તે ભક્તો.

૨. વિષયો ઈન્દ્રિયોનું અને ઈન્દ્રિયો મનનું આકર્ષણ કરે છે, એ કામિનીના કુચરૂપ કુંભોનું દર્શન થાય ત્યારે, તથા દર્શન થતું ન હોય (પણ સ્મરણ થાય) ત્યારે પ્રત્યક્ષથી તેમજ શાસ્ત્રથી પ્રસિદ્ધ છે. જો મનનું એકજ રૂપ હોય તો તેનું આકર્ષણ થતું હોય ત્યારે બીજા વિષયનું ભાન ન થાય....યોગથી આત્મા સર્વત્ર છે એવું જ્ઞાન પણ ન થાય. તેથી મનનાં બે રૂપજ છે. (પ્ર)

૩. 'તેમ કરે છે' એટલે તેમનાં અંતઃકરણ અને મન ઈન્દ્રિયોને વશ રાખે છે એવો અર્થ જણાય છે.

અથવા તેમનેજ જ્ઞાન (પ્રાપ્ત) થાય છે, (એવું) ચોથું (ચોથા પ્રકારનું ભજન) નીચેના શ્લોકમાં કહે છેઃ

**પાનેન તે દેવ કથાસુધાયાઃ પ્રવૃદ્ધભક્ત્યા વિશદાશયા યે ।।**
**વૈરાગ્યસારં પ્રતિલભ્ય બોધં યથાઞ્જસાન્વીયુરકુણ્ઠધિષ્ણ્યમ્ ।।૪૫।।**
**તથા પરે ચાત્મસમાધિયોગબલેન જિત્વા પ્રકૃતિં બલિષ્ઠામ્ ।।**
**ત્વામેવ ધીરા પુરુષં વિશન્તિ તેષાં શ્રમઃ સ્યાન્ન તુ સેવયા તે ।।૪૬।।**

હે દેવ! આપની કથારૂપ સુધાના પાનથી વધેલી ભક્તિ વડે જેઓ શુદ્ધ અંતઃકરણવાળા થઈ વૈરાગ્યના સારરૂપ જ્ઞાન પ્રાપ્ત કરીને જેમ એકસાથે કૃત્રિમવૈકુંઠમાં જાય છે, તેવી રીતે બીજા ધીર (પુરુષો) પણ આત્માની સમાધિયોગના બલથી બલવાન પ્રકૃતિ ઉપર વિજય પ્રાપ્ત કરી પુરુષરૂપ આપમાંજ પ્રવેશ કરે છે. તેમને શ્રમ થાય છે, પરંતુ આપની સેવાથી (શ્રમ) થતો નથી. ૪૫-૪૬.

હે દેવ! આપની કથારૂપ સુધાના પાનથી વધેલી ભક્તિ વડે જેઓ શુદ્ધ અંતઃકરણવાળા થએલા છે, તેઓ વૈરાગ્યના સારરૂપ જ્ઞાન પ્રાપ્ત કરીને જેમ એકસાથે આપના કૃત્રિમ વૈકુંઠમાં જાય છે, તેમ બીજાઓ પણ જાય છે, એવો (વાકયનો) સંબંધ છે. જેઓ અંતઃકરણ શુદ્ધ થાય તે માટે, અંતઃકરણના ત્રણ તાપ દૂર કરવા માટે, ભગવાનની કથાનું પાન કરીને તેનાથી શુદ્ધ અંતઃકરણવાળા થાય છે, અને તેને શુદ્ધ કરવા વચ્ચે ભક્તિ કરીને તેનાથી પણ શુદ્ધ અંતઃકરણવાળાજ થાય છે, (તેવા) આ રાજસો તો રાજસોમાં પણ સર્વથી હલકા છે. એવી રીતે જેઓ સાધન અને તેથી પ્રાપ્ત થતી ભક્તિનો અંતઃકરણની શુદ્ધિ માટેજ ઉપયોગ કરે છે તેઓ કર્મમાર્ગવાળા જેવા રાજસોમાં સરખામણી થઈ ન શકે તેવા છે; અને અંતઃકરણ શુદ્ધ થાય ત્યારે વૈરાગ્યજ જેનું સાર બનેલું છે તેવું (જ્ઞાન)-જે જ્ઞાનથી વિષયોમાં વૈરાગ્ય થાય તેવું જ્ઞાન-પ્રાપ્ત કરીને 'અઞ્જસા' એકસાથે (એકદમ) આપના 'અકુણ્ઠધિષ્ણ્યમ્' કૃત્રિમ

વૈકુંઠમાં જાય છે. 'હે દેવ !' એવું સંબોધન હોવાથી, તેઓ વિષ્ણુલોકમાં અથવા ધ્રુવના સ્થાનમાં જાય છે, એમ કહેવાયું. 'અકુણ્ઠમ્' એટલે કોઈપણ સમયે પ્રતિબંધ વિનાનું, ત્યાં સદા ભોગ પ્રાપ્ત થએલોજ રહે છે. અથવા તેઓ અક્ષરની સાથે સાયુજ્ય પ્રાપ્ત કરે છે. ૪૫.

તેવુંજ માત્ર જ્ઞાનીઓ પણ પ્રાપ્ત કરે છે એમ છેતાલીસમા શ્લોકમાં કહે છે. (આ જ્ઞાનીઓ) ફલથી પણ ભગવદીય થતા હોવાથી ભક્તો છે[૧]. 'પરે' 'બીજા' જેઓ હમણાં ભગવદીય નથી, (અને) 'ચ' 'પણ' શબ્દ હોવાથી કેટલાક ભગવદીઓ પણ (આવું સ્થાન પ્રાપ્ત કરે છે). સ્વભાવના ગુણો સર્વથી બલવાન હોવાથી, આત્મામાં પરિણમે તેવી અથવા આત્માના સંબંધવાળી[૨], ''જ્યાં જ્યાંથી (ચંચલ અને અસ્થિર મન) બહાર જાય''(ભ.ગી. ૬-૨૬)માં કહેલા પ્રકારે (આત્મામાં) સદાની સ્થિતિરૂપ-સમાધિ સુધીના જ્ઞાનથી પહેલાંની તામસ વાસના[૩] ઉપર વિજય પ્રાપ્ત કરી આપમાંજ-પરંતુ પુરુષરૂપ (આપમાંજ) પ્રવેશ કરે છે, એટલે વિરાટ્ સાથે સાયુજ્ય પ્રાપ્ત કરે છે એવો અર્થ છે, અથવા આજ કૃત્રિમ વૈકુંઠ છે; અથવા ચોવીસ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થએલા (પદાર્થો)ના સંબંધથી મુક્ત થઈ, પ્રકૃતિના પતિ પુરુષને પ્રાપ્ત કરે છે. 'આપમાંજ' શબ્દથી (એમ જણાવેલું છે કે) બીજા પુરુષને પ્રાપ્ત કરતા નથી. 'તેમને શ્રમ થાય છે' શબ્દોથી એમ કહેલું છે કે સાધનભક્તો કરતાં ફલભક્તો[૪] હલકા છે, કારણકે સાધનમાં ભક્તિનો પ્રવેશ નથી. ૪૬.

૧. 'અહિં જ્ઞાનીઓનું નિરૂપણ થતું હોવાથી, ભક્ત કેમ કહે છે ?' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. (પ્ર)

૨. અહિં 'સમાધિ' શબ્દ અધ્યાહાર છે. (પ્ર)

૩. આ 'પ્રકૃતિ' શબ્દનું વિવરણ છે. (પ્ર)

૪. 'ફલભક્તો' એટલે ફલની દશામાં ભક્તો. (પ્ર) સાધનભક્તો એટલે સાધનદશામાં પણ ભક્તિ કરનારા. 'ફલભક્તો' એટલે સાધનદશામાં માત્ર સમાધિ કરનાર જ્ઞાનીઓ. તેઓ સાધન દશામાં ભક્તિરહિત હોવાથી સાધનભક્તો કરતાં હલકા છે. ફલદશામાંજ તેઓ ભક્ત થાય છે.

એ પ્રમાણે સર્વને કહીને, પોતાને તામસ પ્રકારના માનનારા (તત્ત્વો) નીચેના શ્લોકથી આરંભી ત્રણ પ્રકારના પોતાનુંજ નિરૂપણ કરે છેઃ

**તત્તે વયં લોકસિસૃક્ષયાદ્ય ત્વયાનુસૃષ્ટાસ્ત્રિભિરાત્મભિઃ સ્મ ।।**
**સર્વે વિયુક્તાઃ સ્વવિહારતન્ત્રં ન શક્નુમસ્તત્પ્રતિહર્તવે તે ।।૪૭।।**

તેથી હમણાં લોક રચવાની ઈચ્છાથી ત્રણ ગુણો વડે પાછલથી રચેલા આપના (સેવકો) અમે બધા જૂદાં પડેલા હોઈ આપનું પ્રસિદ્ધ વિહારનું ધામ આપને સમર્પણ કરવાની શક્તિવિનાના છીએ. ૪૭.

'તત્' તે કારણને લીધે અમે 'તે' આપના (સેવકો) અથવા તામસો લોક રચવાની ઈચ્છાથી આપે હમણાં, ત્રણ 'આત્મભિઃ' એટલે આત્માના સ્થાને રાખેલા ત્રણ ગુણોથી અથવા અહંકારોથી રચેલા છીએ. કેટલાક 'ત્રણ પ્રકારના જીવોથી રચેલા છીએ' એમ કહે છે. આ મત પ્રમાણે દરેક (તત્ત્વ)ના ત્રણ પ્રકાર થાય. 'અનુ' પાછલથી રચેલા હોવાથી, આપની દૃષ્ટિ ન પડે તેમ રચાએલા હોવાથી અમે જ્ઞાનવિનાના થયા. 'હમણાં' શબ્દથી (એમ જણાવેલું છે કે) બીજી સૃષ્ટિસંબંધી આ કહેલું નથી. બીજા સમયે તો 'આપનામાંથી પ્રાણ, મન અને બધી ઈન્દ્રિયો આકાશ, વાયુ, તેજ, જલ (અને) સર્વને ધારણ કરનારી પૃથ્વી ઉત્પન્ન થાય છે' એ વાક્ય પ્રમાણે ભગવાનમાંથીજ બારોબાર સર્વ (ઉત્પન્ન) થાય છે, તેથી તેમ અહિં નથી એમ જણાવવા 'હમણાં' એમ કહેલું છે. તેથીજ 'ત્રણ ગુણો વડે (રચેલા)' એમ કહેલું છે. તેથી બધાં (તત્ત્વો) જૂદાં પડેલાં છે. 'ચ'[1] 'અને' શબ્દથી (એમ કહ્યું છે કે) અમારી બધી સામગ્રી પણ ભગવાને ત્રણ પ્રકારની રચેલી છે, તેથી પણ અમે જૂદાં પડેલાં છીએ તેથીજ 'સ્વસ્ય'[2] આપનું વિહારનું ધામ, વિહારની સામગ્રી 'તે' આપને 'પ્રતિહર્તવે' સમર્પણ કરવાની શક્તિવિનાના છીએ. 'તુમર્થે સે સે' એ નિયમ પ્રમાણે 'તવે' પ્રત્યય ('તુમ્' ના અર્થમાં યોજેલો) છે. તે સમર્પણ કરવા, જેને માટે અમને રચેલા છે તે પ્રયોજન 'પ્રતિહર્તુમ્' આપવાની એટલે સમર્પણ કરવાની (શક્તિ વિનાના છીએ). 'તે ક્યું (પ્રયોજન) ?' એ જાણવાની ઈચ્છા થતાં, તે પ્રસિદ્ધ આપના વિહારનું ધામ, એમ (તેનો) સંબંધ છે. તે આપના વિહારનું ધામ સમર્પણ કરવાની શક્તિવિનાના અમે છીએ, એવો અર્થ છે. આ (તત્ત્વો) તામસોમાં મધ્યમ છે. ભગવાને જેને માટે રચેલા, તે ભગવાનનું કાર્ય કર્યા વિના પણ પોતપોતાના અભિમાનથી અશક્ત થઈ તે દુરાત્માઓ રહ્યા, તેથી આવા ભક્તો તામસોમાં મધ્યમ મધ્યમ છે. ભગવાને જૂદાં જૂદાં રચ્યાં, તેથી તેઓ મધ્યમ છે. તેમ ન હોત[3] તો તેઓ અધમજ હોત.

૧. આ શ્લોકમાં પૂર્વાર્ધના અંતે 'સ્મ' છે તેને બદલે 'ચ' પાઠ આચાર્યશ્રીને સંમત હોય તેમ જણાય છે.
૨. 'સ્વ' એટલે પોતાને ( ભગવાનને ) કરવાનો ( વિહાર ). ( પ્ર )
૩. 'તેમ ન હોય તો' એટલે 'ભગવાને રચેલાં ન હોય તો' ( પ્ર ) 'જૂદાં જૂદાં રચ્યા ન હોય તો' એવો અર્થ પણ લઈ શકાય તેમ છે. જૂદાં જૂદાં રચ્યા, તેથી બ્રહ્માંડ રચવાની શક્તિવિનાના હોવાથી ભગવાનનું તે કાર્ય કર્યા વિના રહ્યા. તેમ ન રચ્યા હોય તો શક્તિ હોવા છતાં કાર્ય કર્યા વિના રહે તો અધમજ ગણાય.

અમે પણ તેવા થયા છીએ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યાવદ્‌બલિં તેડજ હરામ કાલે યથા વયં ચાન્નમદામ યત્ર ।।**
**યથોભયેષાં ત ઈમે હિ લોકા બલિં હરન્તોડન્નમદન્ત્યનૂહાઃ ।।૪૮।।**

હે અજ ! જ્યાં સુધી અમે આપને યોગ્ય સમયે બલિ ધરીએ, ત્યાં સુધી જેવી રીતે જ્યાં અમે અન્ન ખાઈએ અને જેવી રીતે આપના આ લોકો (આપણ) બંનેને બલિ ધરતાં અડચણ વિના અન્ન ખાય, (તેવા પ્રકારનું ચક્ષુ આપો. શ્લોક. ૫૦). ૪૮.

હે અજ ! ( (ભગવાનનો) જન્મ થતો ન હોવાથી (આ) સંબોધન કરેલું છે ) બ્રહ્મા વિગેરેથી ઉત્તમ ! જ્યાં સુધી અમે આપને બલિ ધરીએ ત્યાં સુધી જેવી રીતે અમે અન્ન ખાઈએ, તે પ્રમાણે આપે કરવું યોગ્ય છે એવો અભિપ્રાય છે. 'જ્યાં સુધી' શબ્દથી પ્રલય સુધીનો સમય કહેલો છે, માત્ર સૃષ્ટિ સુધીનો નહિ. 'યોગ્ય સમયે' એટલે પોતપોતાના સમયે. જેવી રીતે અમે અન્ન ખાઈએ, અને જ્યાં અન્ન ખાઈએ, અથવા જેવી રીતે આપના અને અમારા સર્જેલા આ લોકો બલિ ધરે (અને) અડચણ વિનાના રહી પોતે અન્ન ખાય, તેવા પ્રકારનું ચક્ષુ આપો, એમ આગળના (શ્લોક. ૫૦ના શબ્દો) સાથે સંબંધ છે. તેથીજ[1] આ (તત્ત્વો)ને દુઃખ થાય છે. કેટલાક સ્વાર્થની દરકાર ન રાખતાં ભગવાન્ માટેજ કાર્ય કરવા ઈચ્છે છે. કેટલાક સ્વાર્થની દરકાર રાખનારા હોવા છતાં પણ ભગવાન્ માટેજ એવા વિચારથી કાર્ય કરે છે કે ભગવાનજ પાછલથી (આપણા ઈચ્છેલા પદાર્થનું) દાન કરશે, જ્યારે કેટલાક પોતાનું, પોતાના સેવકોનું અને ભગવાનનું કાર્ય એક સરખી રીતે કરવા ઈચ્છે છે. આ (તત્ત્વો) તેવાં છે. ૪૮.

૧. 'તેથીજ' એટલે ચક્ષુ ન હોવાથીજ. (પ્ર) ભગવાનનું કાર્ય પોતાનાં કાર્યની તથા પોતાના સેવકોના કાર્યની સરખી રીતે કરવા ઈચ્છે છે તેથીજ, એવો અર્થ લેવો વધારે યોગ્ય લાગે છે.

'શા માટે એવી રીતે પ્રાર્થના કરો છો? પહેલાં અમારા(ભગવાન્) માટે બ્રહ્માંડ રચો, પછી પોતાના માટે (પ્રાર્થના કરો)' એવી શંકા થાય તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**ત્વં નઃ સુરાણામસિ સાન્વયાનાં કૂટસ્થ આદ્યઃ પુરુષઃ પુરાણઃ ।।**
**ત્વં દેવ શક્ત્યાં ગુણકર્મયોનૌ રેતસ્ત્વજાયાં કવિમાદધેડજઃ ।।૪૯।।**

પરિકર સહિતના અમો દેવોના આપ વિકારરહિત મૂળ પુરાણ પુરુષ છો. હે દેવ ! ગુણ અને કર્મની યોનિવાળી અજાશક્તિમાં આપ અજે તો વીર્ય કવિને સ્થાપન કરેલું છે. ૪૯.

'નઃ' અમો 'સુરાણામ્' દેવોના પરિકર સહિતના આપજ 'મૂળ' ઉત્પન્ન કરનાર છો. જો કે અમે પણ અમારાં કાર્યોને ઉત્પન્ન કરનારાં છીએ, છતાં પણ અમે વિકારવાળા છીએ, જ્યારે આપ 'કૂટસ્થઃ' વિકારરહિત છો. વળી આપ 'પુરુષ'

સ્વતંત્ર છો, અમે હલકા અસ્વતંત્ર છીએ. વળી આપ 'પુરાણ' પહેલાંના સર્વ વૃત્તાંતને જાણનારા છો, અમે નવા (ઉત્પન્ન થએલા) આ સમયના છીએ. તેથી આપેજ અમારું સર્વ કરવું યોગ્ય છે. વળી અમે આપના પુત્રરૂપ હોવાથી આપે પ્રથમ અમારું પાલન કરવું જોઈએ, એમ 'હે દેવ' એ સંબોધનથી કહેલું છે. હે દેવ! દેવરૂપ શક્તિ માયા, જેની ગુણો અને કર્મો યોનિ છે-ગુણો અને કર્મરૂપ (તેની) યોનિ છે, કારણકે તેમાંથી ગુણરૂપ અને કર્મરૂપ (કાર્યો) ઉત્પન્ન થાય છે-તે અજા (શક્તિ)માં બકરાં વિગેરે ઉત્પન્ન કરવા આપે વીર્ય સ્થાપેલું છે. અહિં 'અજા' શબ્દનો અર્થ વ્યુત્પત્તિ પ્રમાણે થતો નથી, તેમ રૂઢિ પ્રમાણે પણ થતો નથી, પરંતુ કલ્પનાથી સમજવાનો છે. બ્રહ્મસૂત્ર ૧।૪।૧૦ એ અધિકરણથી આ અર્થનું સમર્થન થાય છે. તેમ ન હોય તો અહિં (બ્રહ્મસૂત્ર ૧।૪।૯ તથા ૧૦ માં) માયાની ઉત્પત્તિ થએલી કહેલી હોવાથી, વ્યુત્પત્તિનો વિરોધ થાય છે. (અજાની) આકૃતિ (માયામાં) ન હોવાથી રૂઢિ (વાળા અર્થ)નો પણ (વિરોધ થાય છે) સૃષ્ટિમાં કામ મુખ્ય હોવાથી, તે જણાવવા માટે અહિં 'અજ' શબ્દ કલ્પનાથી[1] યોજેલ છે. 'કવિ' એટલે મહત્ તત્ત્વ. (તેની) પહેલાંની સ્થિતિ વીર્ય (અને) પાછલની સ્થિતિ કવિ (મહત્તત્ત્વ) હોવાથી બંને એક જાતના ન હોય તો, કાર્ય એક પ્રકારનું (બંનેના જેવું) થાય નહિ, તેથી ભગવાનને પણ 'અજ' કહેલા છે. ભગવાનનું જે આવા પ્રકારથી નિરૂપણ કરવું,-આજ તામસભક્તિની હલકી સ્થિતિ છે. ૪૯.

૧. 'અતસ્તદર્થસાધકં' એવો વૃંદાવનપ્રેસવાળી પ્રતનો પાઠ લઈ અર્થ કરેલો છે.

તેમાંથી અમે તેના જેવાજ ઉત્પન્ન થએલા છીએ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તતો વયં સત્પ્રમુખા યદર્થે બભૂવિમાત્મન્ કરવામ કિં તે ।।**

**ત્વં નઃ સ્વચક્ષુઃ પરિદેહિ શક્ત્યા દેવ ક્રિયાર્થે યદનુગ્રહાણામ્ ।।૫૦।।**

હે આત્મન્! સાત્ત્વિક (અહંકાર) જેઓમાં મુખ્ય છે તેવા અમે તેમાંથી જેમના કાર્ય માટે ઉત્પન્ન થએલા છીએ, તે આપનું કયું કાર્ય કરીએ ? હે દેવ! ક્રિયા (કરવા) માટે આપના અનુગ્રહવાળા અમને આપ શક્તિ સાથે આપનું ચક્ષુ (જ્ઞાન) આપો. ૫૦.

'સત્પ્રમુખાઃ' સાત્ત્વિક અહંકાર જેઓમાં મુખ્ય છે તેવા (અમે) 'યસ્ય' જે (આપ) ભગવાનના કાર્ય માટે 'બભૂવિમ' ઉત્પન્ન થએલા છીએ. 'ત્યારે હું બીજાઓને ઉત્પન્ન કરીશ' એવી શંકા થવાથી 'હે આત્મન્' એવું સંબોધન કરે છે. આપ સર્વના આત્મા છો. કાર્યો આપમાંથીજ ઉત્પન્ન થએલ હોવાથી, અને આપરૂપ હોવાથી, તેમનો સ્વભાવથી કોઈ પણ ગુણ અથવા દોષ નથી. તેથી બીજાઓને ઉત્પન્ન કરીને,

તેમને (આપની) શક્તિ આપશો, ત્યારે તેઓ પણ ઉપયોગી થશે. તેથી સહેલાઈ થાય તે માટે અમનેજ તે શક્તિ આપવી યોગ્ય છે, એવો ભાવ છે.

'તમે આજ્ઞા પ્રમાણે વર્તતા નથી, કારણકે પ્રવૃત્તિ કર્યા વિનાજ શાંત રહ્યા છો' એમ કહેવામાં આવે, તેથી 'આપનું કયું કાર્ય કરીએ ?' એમ કહે છે. 'તે' આપને માટે શું કરીએ ? (અમને) આજ્ઞા કરેલી નહિ હોવાથી, અથવા અમને સારી રીતે જ્ઞાન ન હોવાથી અમે શાંત રહેલા છીએ, તેથી અમે ખરેખર દુષ્ટ નથી. 'ત્યારે હવે બ્રહ્માંડ રચો' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલ છે. અમારા સર્વ કાર્યમાં આપજ (આધાર) છો. તેથી તે કાર્ય[1] થઈ શકે તેવું આપનું ચક્ષુ (જ્ઞાન) આપો, કારણકે જે ચક્ષુ વડે અમને ઉત્પન્ન કરેલા છે, તેનાથી ક્રિયાશક્તિજ અમારામાં મૂકાએલી છે, જ્ઞાનશક્તિ મૂકાએલી નથી. તેથી આપનું ચક્ષુ (અમને) સારી રીતે આપો. 'સારી રીતે આપવું' એટલે ક્રિયાશક્તિ સાથે બધાને ફરીથી આપવું. છૂટાં છૂટાં બંને પ્રાપ્ત થશે તો પણ કાર્ય થઈ શકશે નહિ. તેથી આપની શક્તિ સાથે આપનું ચક્ષુ આપો.

'બંને આપવાં, અને (બંને) સાથે આપવાં, એ અશક્ય છે, કારણકે એકસાથે બંને રહેતાં નથી. એક (જ્ઞાન) શબ્દમાં અને બીજું (ક્રિયાશક્તિ) ક્રિયામાં રહે છે' એવી શંકા થાય, તેથી 'હે દેવ !' એમ કહેલું છે. જો કે લૌકિક નિયમ પ્રમાણે અથવા લૌકિક (પુરુષ)થી એમ કરી શકાય તેવું નથી, છતાં પણ આપ દેવ છો, તેથી (આપમાં) અલૌકિક શક્તિ હોવાથી આપ (બંને) ભેગા પણ આપી શકો છો.

'નિયમપૂર્વક તમનેજ આપવું એવો આ (તમારો) કેવો આગ્રહ ?' એમ કહેવામાં આવે, તેથી 'ક્રિયા (કરવા) માટે આપના અનુગ્રહવાળા' વિશેષણ યોજેલું છે. બ્રહ્માંડ રચવા માટેજ 'યસ્ય' જે (આપ) ભગવાનનો અનુગ્રહ છે જેમના ઉપર તેવા (અમે છીએ). જે અનુગ્રહથી અમને ઉત્પન્ન કરેલા છે, તે જ અનુગ્રહથી આપની શક્તિ સાથે ચક્ષુ (અમને) આપો, એવો અર્થ છે. ૫૦.

૧. 'અતસ્તદર્થસાધકં' એવો વૃંદાવનપ્રેસવાળી પ્રતનો પાઠ લઈ અર્થ કરેલો છે.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના પાંચમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ॥ અધ્યાય છઠ્ઠો ॥

**એવં ભગવતઃ સૃષ્ટૌ ભૂતોત્પત્તિર્નિરૂપિતા ॥**
**કાલોત્પત્ત્યર્થમધુના બ્રહ્માણ્ડોત્પત્તિરુચ્યતે ॥૧॥**

એવી રીતે ભગવાનની[૧] સૃષ્ટિમાં ભૂતોની ઉત્પત્તિ કહી. હવે કાલની ઉત્પત્તિ માટે બ્રહ્માંડની ઉત્પત્તિ કહેવામાં આવે છે[૨]. કા.૧.

**સ્વશક્તિદાનભોગૌ તુ વિષયત્વાર્થમુચ્યતે ॥**
**વિષયાનન્ત્યસિદ્ધ્યૈ હિ માહાત્મ્યં વિનિરૂપ્યતે ॥૨॥**

પોતાની શક્તિનું દાન અને ભોગ તો (ભોગના) વિષય (પ્રાપ્ત) થાય તે માટે કહેવામાં આવે છે[૩]. અનંત વિષયો સિદ્ધ થાય તે માટે માહાત્મ્ય[૪] કહેવામાં આવે છે. કા. ૨.

**એવં ભગવતો માત્રાશ્ચતુર્ધા વિનિરૂપિતાઃ ॥**
**સ્પર્શો ભગવતો નાસ્તિ તદ્‌ભાવાદ્દેહવદ્ભુજિઃ ॥૩॥**

એ રીતે ભગવાનની તન્માત્રાઓનું ચાર પ્રકારે નિરૂપણ કર્યું.[૫] ભગવાનને સ્પર્શ હોતો નથી.[૬] તે (બ્રહ્માંડમાં) સર્વત્ર હોવાથી (તેમના) દેહની પેઠે (તેમનો) ભોગ થાય છે[૭]. કા. ૩.

૧. વેદમાં કહેલી ભૂતોની ભગવાનના ધર્મરૂપ તરીકેની ઉત્પત્તિ ભગવાને રચેલી સૃષ્ટિમાં ગયા અધ્યાયમાં કહી. (પ્ર)
૨. હવે આ અધ્યાયમાં ભોગ કરવા યોગ્ય તન્માત્રાઓ જણાવવાની છે, તેથી ભોગ પ્રાપ્ત કરાવનાર (ભગવાનની) ચેષ્ટારૂપ કાલની ઉત્પત્તિ થાય તે માટે તેના આધારરૂપ બ્રહ્માંડની ઉત્પત્તિ કહેવામાં આવે છે. (પ્ર)
૩. ''તત્ત્વો ભોગ કરવા યોગ્ય હોવાથી, ભગવાન્ તેમનો ભોગ કરે છે એમજ કહેવું જોઈએ, છતાં તેમને ભગવાન્ શક્તિનું દાન કરે છે અને તેઓ ભોગ કરે છે એમ શામાટે કહેલું છે ?'' એવી શંકા થાય, તેથી કહે છે કે બ્રહ્માંડની ઉત્પત્તિ કહેવામાં આવે છે, તે આ (તત્ત્વો) ભગવાનના (ભોગ કરવાના) વિષયો છે એમ જણાવવા કહેશે. આ (તત્ત્વો) બ્રહ્માંડના અવયવો છે, અને અવયવો દ્વારા અવયવીનો ભોગ થાય, અને તે (તેઓમાં) શક્તિ ન હોય તો ન થાય. તેથી (તેમને શક્તિ આપવાનું અને તેમનો ભોગ) કહેલા છે. (પ્ર).
૪. (તત્ત્વોને) લોકપાલ કહેવામાં આવે છે તે તેમનું માહાત્મ્ય તેઓ ભોગના વિષય છે એમ જણાવવા કહેલ છે. (પ્ર)
૫. 'બ્રહ્માંડ તો શરીર હોઈ, ભોગ કરવાનું સ્થાન છે, અને તેમાં આ તત્ત્વોએ પ્રવેશ કરેલો છે. તેઓ તન્માત્રારૂપ થાય ત્યારે ભોગ્ય થાય તે કેવા પ્રકારે થાય છે ?' એ જાણવાની ઇચ્છા થાય, તેથી આ કહેલ છે. (૧) બ્રહ્માંડની ઉત્પત્તિ (૨) શક્તિનું દાન (૩) ભોગ અને (૪) માહાત્મ્ય એવા

ચાર પ્રકારે તેઓ તન્માત્રા થવાનું કહેલું છે. બ્રહ્માંડમાં પૃથ્વી મુખ્ય હોવાથી, ગંધ તન્માત્રા છે. (૫) શક્તિદાન થતાં એકબીજા ભેગાં થતાં રસ મુખ્ય થાય છે, એટલે રસતન્માત્રા છે. ભોગ કરતાં રૂપથી પ્રવેશ થતો હોવાથી, રૂપ તન્માત્રા છે, માહાત્મ્યમાં શબ્દ મુખ્ય હોવાથી શબ્દ તન્માત્રા છે. એ પ્રમાણે તેઓ ભોગ્ય થાય છે. (પ્ર)

૬. ''સ્પર્શ (તન્માત્રા) કેમ ન કહી ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. જે સ્પર્શથી થતા ભોગો છે, તે દુઃખના કારણ જ છે, એ વાક્યપ્રમાણે સ્પર્શ દુઃખ કરાવનાર હોઈ, અને ભગવાનને દુઃખ ન હોવાથી, તેમને સ્પર્શ નથી હોતો. (પ્ર)

૭. ''સ્પર્શ ગાઢ સંબંધ કરાવનારો છે એમ બીજા સ્કંધમાં કહેલ હોવાથી, તેના વિના બીજા ભોગ કેમ થઈ શકે ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. ભગવાન્ બ્રહ્માંડમાં સર્વત્ર છે. તેથી જેમ ભગવાનનો દેહ સર્વત્ર છે, તેમ તેમનો ભોગ પણ સર્વત્ર સિદ્ધ થાય છે જ. તેથી તેમને (ભોગ કરવા) ગાઢ સંબંધની જરૂર નથી એવો અર્થ છે. (પ્ર)

એ પ્રમાણે ગયા અધ્યાયમાં તત્ત્વોની પ્રાર્થના કહી. તે પ્રાર્થનાનો નીચેના શ્લોકમાં ઉપસંહાર કરે છેઃ

**ઈતિ તાસાં સ્વશક્તીનાં સતીનામસમેત્યઃ ।।**
**પ્રસુપ્તલોકતન્ત્રાણાં નિશામ્ય ગતિમીશ્વરઃ ।।૧।।**
**કાલસંજ્ઞાં તદા દેવીં બિભ્રચ્છક્તિમુરુક્રમઃ ।।**
**ત્રયોવિંશતિતત્ત્વાનાં ગણં યુગપદાવિશત્ ।।૨।।**

એ પ્રમાણે ભેગી થયા વિના રહેલી, અને જેમનામાં લોકના સમૂહ જડ થઈ રહેલા તેવી તે પોતાની શક્તિઓની સ્થિતિ જોઈને, તે મોટાં પગલાં ભરનાર ઈશ્વરે પછી કાલ નામની દૈવી શક્તિને ધારણ કરતાં ત્રેવીસ તત્ત્વોના સમૂહમાં એકસાથે પ્રવેશ કર્યો. ૧।૨.

આટલી જ (તત્ત્વોની) પ્રાર્થના (થઈ). તેમની સ્થિતિ 'નિશામ્ય' જોઈને, શક્તિ ધારણ કરતાં એકસાથે પ્રવેશ કર્યો, એવો (શ્લો.૨ સાથે) સંબંધ છે. ''તેમનામાં ભગવાનનો પ્રવેશ[૧] (થાય તે) યોગ્ય નથી'' એવી શંકા થાય, તેથી 'પોતાની શક્તિઓની' કહેલ છે. 'તાસાં' 'તે (તેમની)' (શબ્દથી એમ જણાવ્યું છે કે) સ્ત્રીઓ હોવાથી તેઓ વિજ્ઞપ્તિ કરે તેમાં દોષ નથી. (તેઓ) પોતાનીજ શક્તિરૂપ હોવાથી, તેઓ કાર્ય ન કરે ત્યારે પોતાની શક્તિ ન હોવાનું જ થાય (ગણાય). વળી તેઓ સ્ત્રીરૂપ[૨] છે. ભાર્યાને સોંપેલું (કાર્ય) પોતે જ કરે અને કરાવે. શક્તિઓ હોવાથીજ તેઓ જૂદી જૂદી[૩] રહે તેમાં દોષ નથી, કારણ કે તેઓ વચનથી ભેગી ન થાય, પણ પોતાનાની સાથેજ ભેગી થાય. પુરુષે આલિંગન કરેલીજ તેઓ ભેગી થાય, સ્વભાવથી (ભેગી) ન થાય. (ભેગી થવામાં) સમાન લાભ હોવાથી તેમને શોક ન થાય. તેથીજ સ્વભાવથી 'અસમેત્ય' ભેગી થયા વિના સતીનામ્' રહેલી (હતી). વળી

પોતે (ભગવાન્) પ્રવેશ ન કરે ત્યાંસુધી તેમનામાં રજ રહેલ હોવા છતાં તે પ્રકટ ન થાય. તે (અર્થ) ‘જેમનામાં લોકના સમૂહ જડ થઈ રહેલા તેવી’ એ વિશેષણથી કહેલો છે. સારી રીતે જડ થઈ રહેલ હતા લોકોની ‘તન્ત્રાણિ’ રચનાઓ જેમનામાં, અથવા ‘તંત્ર’ એટલે સમૂહ (જેમનામાં), તેવી (તે હતી). અથવા જે લોકો જડ થઈ રહેલા, જે જીવોનું કર્મ જાગ્રત થયું ન હોય તેમને તે (શક્તિઓ) અધીન છે. પ્રાણીઓનું અદષ્ટ પ્રેરણા કરે ત્યારે જ તેઓ કાર્ય કરે છે. સમૂહ ઘરરૂપ હોવાથી, વ્યક્તિઓ (જૂદી જૂદી શક્તિ)જ મુખ્ય છે એવો મત છે. બંને[૪] મતો ભગવાન્ પુરુષના બે રૂપો ધારણ કરે છે એમ જણાવવા અહિં કહેલ છે. તે (અર્થ) ‘ભેગી થયા વિના રહેલી’, (અને) ‘જેમનામાં લોકના સમૂહ જડ થઈ રહેલા તેવી’ શબ્દોથી કહેલ છે. તેઓ પરસ્પર મળે ત્યારે બ્રહ્માંડ ઉત્પન્ન થાય, કર્મને જાગ્રત કરવામાં આવે ત્યારે વ્યક્તિઓ ઉત્પન્ન થાય. આ સર્વ ‘નિશામ્ય’ જાણીને અને ભવિષ્યમાં જે પ્રકારની સ્થિતિ (થવાની) છે તે જોઈને (દૈવી શક્તિને ધારણ કરતાં પ્રવેશ કર્યો). સર્વ પ્રકાર(નાં કાર્ય) કરવાની શક્તિ છે એમ જણાવવા ‘ઈશ્વર’ એમ કહેલું છે. ૧.

એ પ્રમાણે સર્વ (કરવાની) શક્તિવાળાએ નિશ્ચય કરીને જે કર્યું તે બીજા શ્લોકમાં કહેલું છે. ‘કાલ’ એવું નામ છે જેનું (તે શક્તિને ધારણ કરી). કાલ પણ ભગવાનની એક શક્તિ છે[૫]. તેમ ન હોય તો શક્તિઓમાં બે પુરુષોનો પ્રવેશ થતાં રસાભાસ થાય, અથવા ‘કાલ’(શબ્દ)થી ‘સંજ્ઞા’ એટલે જ્ઞાન થાય છે જેનું, તે(શક્તિ)ને (ધારણ કરી) મર્યાદારૂપ તે શક્તિ સૃષ્ટિ સમયે જાગ્રત થાય છે, બીજીઓને તો ભગવાન્ જગાડે છે. તે (કાલશક્તિ)ની સાથે ભગવાનનાં દર્શન થવાથી તેઓ (બીજી શક્તિઓ)ને દ્વેષ ન થાય, તે માટે ‘દૈવી’ એમ કહેલું છે; કારણ કે તે (કાલશક્તિ) દેવતારૂપ ઘણી સૂક્ષ્મ છે. તેના વિના કર્મને જાગ્રત કરવું ઘણું કઠણ છે. કર્મ કાલનેજ અધીન છે, તેથીજ (અમુક) કાલે (અમુક) કર્મ કરવાની શાસ્ત્રની આજ્ઞા છે. તે (ભગવાનને) ઉત્સાહ[૬] કરાવનારી નથી એમ ‘શક્તિ’ શબ્દથી જણાવેલ છે. જેની અંદર પ્રવેશ થાય તેવું તેનું રૂપ નથી એમ જણાવવા ‘ધારણ કરતાં’ વિશેષણ કહેલું છે. તેની અંદર ભગવાનનું ઘણું સામર્થ્ય (હોવાનું) કહેવા, તેવું સામર્થ્ય ભગવાનમાં છે એમ ‘મોટાં પગલાં ભરનાર’ શબ્દથી જણાવે છે. મોટા પગલાં ભરનારમાં અદ્‌ભુત ચરિત્ર સિદ્ધ થએલું છે. તે જ અદ્‌ભુત ચરિત્રથી (ભગવાને) ત્રેવીસ તત્ત્વોના સમૂહમાં એકસાથે પ્રવેશ કર્યો. (પચ્ચીસ તત્ત્વોમાંથી) પ્રકૃતિ અને પુરુષને ન ગણતાં બાકીનાં ત્રેવીસ થાય છે. એકસાથે (ત્રેવીસમાં) પ્રવેશ કરવો એ અદ્‌ભુત ચરિત્ર છે. બે તપાવેલાં (લોઢાં) સંધાય છે તેમ, એકમાં પ્રવેશ કરવાથી કાર્ય

થતું નથી[૭]. સમૂહથીજ કાર્ય થવાનું છે એમ સૂચવવા સમૂહમાં પ્રવેશ (કહેલો છે). અહિં જલ વિગેરેના (પ્રવેશ) જેવો પ્રવેશ નથી, પણ જેમ લોઢાના ગોળા વિગેરેમાં અગ્નિનો આવેશ થાય છે તેવો (પ્રવેશ) છે, કે જેથી (તત્ત્વોના) સમૂહે કરેલું કાર્ય ભગવાનનું કાર્ય થાય. તેમ ન હોય તો આ સૃષ્ટિ ભગવાનનું ચરિત્ર ન થાય (ગણાય) તે (અર્થ) 'પ્રવેશ કર્યો' શબ્દથી કહેલો છે. ૨.

૧. (તત્ત્વો) પ્રાકૃત હોવાથી અને પુરુષરૂપ હોવાથી યોગ્ય નથી. (પ્ર)

૨. પહેલાં પોતે કાર્ય (ઉત્પન્ન) થયાં ત્યારે પુરુષરૂપ હોવા છતાં, આગળનું કાર્ય કરવાની શક્તિ ન હોવાથી સુદ્યુમ્નની પેઠે સ્ત્રીરૂપ થયાં. (પ્ર) નોટ ૧ માંથી 'અને પુરુષરૂપ હોવાથી' શબ્દો કાઢી નાખીએ તો આવો ખુલાસો કરવાની જરુર રહેતી નથી. સુદ્યુમ્નના વૃત્તાંત માટે જુઓ સ્કંધ ૯ અધ્યાય ૧.

૩. 'જૂદી જૂદી' એટલે શોકો પેઠે એક બીજીની વિરુદ્ધ પ્રકારે. (પ્ર)

૪. સમૂહ મુખ્ય છે, અને વ્યક્તિ મુખ્ય છે એવા બે મતો. (પ્ર)

૫. પુરુષ નથી. પુરુષ હોય તો તત્ત્વરૂપ શક્તિઓમાં ભગવાન્ અને કાલ એવા બે પુરુષોનો પ્રવેશ થતાં રસાભાસ થાય,

એવો ભાવ જણાય છે.

૬. 'પ્રયોજકત્વં નિરાકરોતિ' એવો વૃંદાવનપ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે. 'અપ્રયોજકત્વં' પાઠ નાથદ્વારાવાળી પ્રતમાં છે.

૭. બે અડધીઆ (લોઢાના કટકા) તપાવેલ હોય તો ભેગાં થઈ શકે છે, પણ એક તપાવેલ હોય તો તેમ થતું નથી, તે પ્રમાણે અહિં છે, એવો અર્થ છે. (પ્ર)

'તેથી શું થાય ?' એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોકથી કહે છેઃ

**સોऽનુપ્રવિષ્ટો ભગવાંશ્ચેષ્ટારૂપેણ તં ગણમ્ ।।**
**ભિન્નં સંયોજયામાસ સુપ્તં કર્મ પ્રબોધયન્ ।।૩।।**

જડ થએલાં કર્મને જાગ્રત કરતાં તે સમૂહમાં પાછલથી ચેષ્ટારૂપથી પ્રવેશ કરેલા તે ભગવાને જૂદાં રહેલાં (તે તત્ત્વોના સમૂહ)ને એકઠો કર્યો. ૩.

જો કે તેમણે ક્રિયા સાથે જ્ઞાન માટેજ પ્રાર્થના કરેલી, (પોતાની) સાથે પ્રવેશ કરવાની (પ્રાર્થના) કરી ન હતી, છતાં પણ માત્ર ભગવાનથી થઈ શકે તેવું કાર્ય તેમનાથી થઈ નહિ શકે એમ (વિચારી), ભગવાને પોતેજ (તેમનામાં) પ્રવેશ કર્યો. ત્યારપછી (તેમણે) જે માગેલ તેનું પ્રયોજન ન રહેવાથી, (તેમનું) માગેલું[૧] આપ્યું નહિ. ''સ્વભાવથીજ સર્વ વસ્તુઓમાં વસ્તુના સ્વરૂપરૂપ ભગવાન્ છે, છતાં પણ જો (તે વસ્તુઓ = તત્ત્વોથી) કાર્ય થયું નહિ, તો પ્રવેશથી પણ શું થવાનું ?'' એવી શંકા થાય, તેથી 'ચેષ્ટારૂપથી' શબ્દ યોજેલ છે. ચેષ્ટા એટલે પ્રયત્ન. કાર્ય (કરવા)માં ઉપયોગી જ્ઞાન ઇચ્છા અને પ્રયત્નના રૂપથી, અથવા માત્ર પ્રયત્નના રૂપથી (ભગવાને)

તેમનામાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને પછી જૂદા રહેલા તે સમૂહને એકઠો કર્યો. સૃષ્ટિમાંજ કાર્ય ઉત્પન્ન કરવાની શક્તિવાળા તેમને રચેલા, પરંતુ તેઓ જૂદાં જૂદાં હોવાથી, એકઠાંજ કરવાના હતા. જે પ્રકારે કાર્ય ઉત્પન્ન થાય તેવી રીતે સારી રીતે એકઠાં કરવાનું હતું. 'જડ થએલાં કર્મને જાગ્રત કરતાં' શબ્દોથી સાથે આણેલી શક્તિનું પ્રયોજન કહેલું છે. પ્રાણીઓનું કર્મ જે જડ થએલું તેને કાલશક્તિથી જાગ્રત કરતાં (ભગવાને તત્ત્વોમાં પ્રવેશ કર્યો). જાગ્રત કરવાનું અને પ્રવેશ એક સમયે થાય, ત્યારે બંને પ્રકારનાં[2] કાર્ય એક સમયે પાર પડે. જાગ્રત કરવાનું પ્રયોજન જૂદું હોવાથી, તે (કાર્ય)ને મુખ્ય ક્રિયા (એકઠો કર્યો) સાથે સંબંધ[3] નથી. ૩.

૧. 'માગેલું' એટલે જ્ઞાન. ( પ્ર )

૨. 'બંને પ્રકારનું' એટલે સમૂહરૂપ અને વ્યક્તિરૂપ. ( પ્ર )

૩. કર્મને જાગ્રત કરનારી કાલ નામની ચેષ્ટા હોવાથી, તે કાર્યનો મૂલ ક્રિયા સાથે સંબંધ નથી. બંને પ્રકારનાં કાર્ય ભગવાને તેવી રીતે કાલથીજ કર્યાં એવો અર્થ છે. ( પ્ર )

પછી જે થયું, તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**પ્રબુદ્ધકર્મા દૈવેન ત્રયોવિંશતિકો ગણઃ ।।**
**પ્રેરિતોઽજનયત્સ્વાભિર્માત્રાભિરધિપૂરુષમ્ ।।૪।।**

દૈવે જેનાં કર્મને જાગ્રત કરેલ છે તેવા પ્રેરણા કરાએલ ત્રેવીસના સમૂહે પોતાના અંશોથી બ્રહ્માંડ ઉત્પન્ન કર્યું. ૪.

જડ થએલાં હોય તેમની સાથે (કાર્ય) કરવું પણ અશક્ય છે. જાગ્રત થાય તો તે સાહાય્ય પણ કરે. 'દૈવેન' દેવતારૂપ શક્તિએ (કાલે જાગ્રત કરેલ). સ્ત્રી જાગ્રત કરે તો (પોતાના) સ્વાર્થ માટે (જાગ્રત કરેલ) હોય, તેથી ('દૈવેન' એમ) નપુંસક (શબ્દ) કહેલ છે. અથવા તે (શક્તિ) સાથેનું ભગવાનનું રૂપ 'દૈવ' શબ્દથી કહેલું છે. બધામાં કર્મ જાગ્રત કર્યું એમ જણાવવા 'ત્રેવીસના સમૂહે' એમ ફરીથી કહેલું છે. 'પ્રેરણા કરાએલા' શબ્દથી પાછું ભગવાનનું બીજું કાર્ય કહેલું છે. એકઠાં કરવાં અને પ્રેરણા કરવી એ ભગવાનનાં કાર્ય છે. ભગવાને તે સમૂહમાં પ્રવેશ કર્યો એટલે તે વ્યાપક (સર્વત્ર રહેનાર) થયો. તેથી થોડાજ (તે) સમૂહના અંશોથી બ્રહ્માંડ રચાયું, એમ 'પોતાના અંશોથી' શબ્દોથી કહેલું છે. 'અધિપૂરુષમ્' એટલે બ્રહ્માંડ. ( બ્રહ્માંડ ) પુરુષનું શરીર હોવાથી પુરુષથી અધિક છે. 'પૂરુષ' શબ્દ પણ છે. અથવા ઢાંકણો પણ ઉત્પન્ન થએલાં હોવાથી, (બ્રહ્માંડ) પુરુષથી અધિક છે. ભગવાનની પ્રેરણાથી (તત્ત્વોના) સમૂહે (બ્રહ્માંડ) કરેલું હોવાથી, (તે) ભગવાનનું રચેલુંજ છે. ૪.

એ પ્રમાણે બ્રહ્માંડ રચ્યાનું કહીને બીજા પુરુષની ઉત્પત્તિ જણાવી, ત્રીજાની[1] ઉત્પત્તિ કરવા તેમાંજ ફરીથી કાર્ય થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**પરેણ વિશતા સ્વસ્મિન્ માત્રયા વિશ્વસૃંગણઃ ।।**
**ચુક્ષોભાન્યોન્યમાસાદ્ય યસ્મિઁલ્લોકાશ્ચરાચરાઃ ।।૫।।**

ભગવાને પોતાની અંદર પ્રવેશ કરતાં, વિશ્વ રચનારો સમૂહ એક બીજા સાથે ભળીને અંશથી ખળભળ્યો. તેમાં સ્થાવર જંગમ લોકો (રહેલા) છે. ૫.

'પરેણ' ભગવાને પોતાની અંદર પ્રવેશ કર્યો તે કારણને લીધે વિશ્વ રચનારો સમૂહ ખળભળ્યો, પરંતુ 'માત્રયા' અંદર રહેલા અમુક ભાગથી (ખળભળ્યો). તેમ ન હોય તો[2] બ્રહ્માંડના વિભાગ થાય. ભગવાને કાર્ય (કરવા) માટેજ પોતાની (સમૂહની) અંદર પ્રવેશ કર્યાનું કહેલું છે. તેમ ન હોત તો 'ભગવાનના પ્રવેશથી ખળભળ્યો' એમ કહેત. તેથી (ભગવાનના) પ્રવેશથી ક્ષોભ થયો ન હતોજ. ત્યારે[3] એક બ્રહ્માંડ ઉત્પન્ન થએલું; પરંતુ જ્યારે ભગવાને ફરીથી વશ રાખનારાં રૂપ સાથે અથવા જૂદાં રૂપથી તે જ સમૂહનો સ્પર્શ કર્યો ત્યારે મધ્યમાં હજારો કટકા થએલો તે ખળભળ્યો. તેમ ન થાય તો વ્યક્તિઓના દેહો રચાય નહિ. 'એક બીજા સાથે ભળીને (ખળભળ્યો)' શબ્દોથી ખળભળાટનું ફલ કહેલું છે. તે વિશ્વ રચનારો સમૂહ છે. વિશ્વ રચવું એ તેનું પોતાનું કાર્ય છે. તેથી એક તત્ત્વમાં પણ બધાં તત્ત્વોનું કાર્ય ઉત્પન્ન થાય તે માટે, એક બીજા સાથે ભળીને ખળભળ્યો, (એટલે) એક (દરેક) તત્ત્વમાં પણ (બાકીનાં) બાવીસ તત્ત્વોનો પ્રવેશ થયો. એ પ્રમાણે વિસ્તાર થતાં આકૃત્યધિકરણના નિયમ[4] પ્રમાણે અનંતપણું (અનંત કાર્યો) થાય છે. તેથી તે માટેજ એકબીજા સાથે ભળેલા. તેમાંથી જે ઉત્પન્ન થયું તે કહે છે (કે) 'તેમાં' એટલે એકબીજા સાથે ભળીને ખળભળેલા તે સમૂહમાં તરતજ સ્થાવર જંગમ લોકો રહેલા થયા. ૫.

૧. 'ત્રીજાની' એટલે સમૂહરૂપ અને વ્યક્તિરૂપ એવા જીવના ભેદોમાં ત્રીજો. (પ્ર).
૨. આખો ખળભળ્યો હોય તો, તત્ત્વો જૂદી જૂદી જાતના હોવાથી, જૂદી જૂદી જાતના બ્રહ્માંડો (ઉત્પન્ન) થાય, એવો અર્થ છે. (પ્ર)
૩. 'ત્યારે' એટલે સમૂહ એક ભાગમાં પોતાની મેળે ખળભળ્યો ત્યારે. (પ્ર)
૪. આ અધિકરણ પૂર્વતંત્રના સ્મૃતિપાદમાં છે, વ્યક્તિઓ અનંત અને એક બીજાથી જૂદા પ્રકારની હોવાથી, એકને શબ્દનો સંબંધ થાય ત્યારે બીજીનું ભાન થતું નથી, તેથી સર્વ વ્યક્તિઓમાં સામાન્ય રીતે રહેલ એક (પ્રકારની) આકૃતિ સાથે તેનો સંબંધ હોવાનું એ અધિકરણમાં સ્વીકારેલું છે. તે શબ્દનો જેમ આકૃતિ મારફત બધી વ્યક્તિઓ સાથે સંબંધ થાય છે, તેમ એકબીજા સાથે ભળેલાં ત્રેવીસ તત્ત્વોનો એ નિયમ પ્રમાણે અનંત વ્યક્તિઓ સાથે સંબંધ થાય છે, એવો અર્થ છે. (પ્ર)

એ પ્રમાણે સમૂહના અને વ્યક્તિના દેહોની ઉત્પત્તિ કહીને, નીચેના શ્લોકમાં એમ કહે છે કે તે સર્વમાં ભગવાન્ પ્રવેશ કરે તે માટે જીવોએ પ્રવેશ કર્યો નહિ, (અને) તત્ત્વો પણ ભગવાનનો પ્રવેશ થાય તે માટે સર્વ સામગ્રી તૈયાર કરતા રહ્યાઃ

**હિરણ્મયઃ સ પુરુષઃ (સપુરુષઃ) સહસ્રપરિવત્સરાન્ ।।**
**આણ્ડકોશ ઉવાસાપ્સુ સર્વસત્ત્વોપબૃંહિતઃ ।।૬।।**

તે સુવર્ણમય પુરુષે, અથવા જીવસહિત સુવર્ણમય પુરુષે સર્વ સત્ત્વોના સંબંધમાં રહી એક હજાર વર્ષસુધી બ્રહ્માંડના કોશમાં જલમાં વાસ કર્યો. ૬.

કારણ કે તે બ્રહ્માંડનો આત્મા 'હિરણ્મયઃ' સુવર્ણમય હતો. પૃથ્વી જલ અને તેજના સરખા અંશોથી એટલે એકબીજાનો પરાભવ ન થાય તેવી રીતે જે કાર્ય થાય છે, તે 'સુવર્ણ' કહેવાય[1] છે. જલ અધિક હોય ત્યારે રૂપું, (અને) પૃથ્વી અધિક હોય ત્યારે બીજી ધાતુઓ થાય છે. બે[2] કારણ તરીકે (પૃથ્વીમાં) પ્રવેશ કરે ત્યારે માટીનાં (કાર્ય) થાય છે. માટીને તેજથી ઘણો તાપ લગાડતાં રેતી, મધ્યમ તાપ લગાડતાં પથરા અને થોડો તાપ લગાડતાં ઈંટો થાય[3] છે. (માટીને) જીવના સંબંધથી સ્થાવરનાં કાષ્ઠ વિગેરે જૂદાં જૂદાં સારરૂપ ભાગો થાય છે.

ત્યાં તે સુવર્ણમય વિરાટ્ પુરુષ સોનાની મૂર્તિ પેઠે (રહ્યો). તે જ પુરુષે દેહરૂપથી–અથવા પુરુષ (જીવ) સાથે–પોતે નાળીએરના ફલની પેઠે બ્રહ્માંડથી જૂદા રહીનેજ, એક હજાર વર્ષસુધી તે જ બ્રહ્માંડના કોશમાં (તેની) નીચે રહેલા તેથી અંદરના જલમાં, (પોતાના) દેહમાંથી એની મેળે નીકળેલા જલમાં અથવા પોતે રચેલા જલમાં શયન કર્યું, એમ 'જલમાં વાસ કર્યો' શબ્દોથી કહેલું છે. વ્યક્તિઓ પણ તે સમયે શયનજ કરતી હતી એમ 'સર્વ સત્ત્વોના સંબંધમાં રહી' શબ્દોથી કહેલું છે. સર્વ સત્ત્વો એટલે દેહોમાં જીવની પેઠે સત્‌નો અંશ હોવાથી, (તેમને) 'સત્ત્વો' કહેલાં છે. તેમની સાથે 'ઉપબૃંહિતઃ' સંબંધમાં રહી (વાસ કર્યો). નારાયણના ઉદરમાંજ સર્વ ભૂતો રહેલા છે એવો અર્થ છે. આ મત પ્રમાણે પહેલાંજ ભગવાને (તેમાં) પ્રવેશ કરેલો હોવાથી, તે થોડા સમય સુધી (પણ) આત્મા (જીવ) વિના રહેલ ન હતો. રચ્યા પછી (ભગવાને) પ્રવેશ કર્યો એવા મત પ્રમાણે તો જીવ વિના રહેલ (જાણવો). તેથીજ 'સપુરુષઃ' 'પુરુષ સાથે' એમ કહેલું છે, અહિં (આ મત પ્રમાણે) તો એક હજાર વર્ષ સુધી (બ્રહ્માંડની) અંદર તેણે કાંઈ કાર્ય કરેલ ન હોવાથી, તે સત્ત્વોના સંબંધમાં રહી, માત્ર કાર્યના પ્રકારનો વિચાર કરવા રહેલો. ૬.

૧. એક બીજાં તત્ત્વો ભેગાં થયા પછી કાર્ય થએલું હોવાનું કહેલ હોવાથી સુવર્ણ તેજ છે, એવો મત અહિં સ્વીકારેલો નથી. (પ્ર)
૨. જલ અને તેજ એ બે આ જ 'આત્મકત્વાનુભૂયસ્ત્વાત્' એ સૂત્રમાં કહેલું છે. (પ્ર)
૩. 'ત્યારે માટીનાં જૂદા જૂદા પ્રકારો કેમ થાય છે ?' એવો પ્રશ્ન થાય તેથી આ કહેલ છે. (પ્ર)

પછી તેણે કાર્ય કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ વૈ વિશ્વસૃજાં ગર્ભો દૈવકર્માત્મશક્તિમાન્ ।।**

**વિબભાજ આત્મનાત્માનમેકધા દશધા ત્રિધા ।।૭।।**

દૈવ કર્મ અને આત્મા ની શક્તિવાળા વિશ્વ રચનારાઓના તે ગર્ભે પોતે પોતાના એક દશ અને ત્રણ વિભાગ કર્યા. ૭.

વિશ્વ રચનારાં તત્ત્વોનો (તે) 'ગર્ભ' એટલે બાલક, અથવા અંદરની શક્તિરૂપ હતો. તે ત્રણ પ્રકારનાં કર્મવાળો થયો. (૧) ચેષ્ટારૂપ ભગવાનના પ્રવેશથી ક્રિયાશક્તિવાળો થયો (૨) કર્મને પ્રેરણા કરનારી કાલશક્તિના પ્રવેશથી દૈવશક્તિવાળો થયો. (૩) વિશ્વ રચનારાંઓની કુદરતી શક્તિથી એટલે (પોતાનાં) કારણના ગુણને લીધે આત્મા (પોતા)ની શક્તિવાળો થયો. તેથી ત્રણ પ્રકારની શક્તિવાળાએ (તેણે) પોતાનાજ વિભાગ કર્યા. (૧) કેટલાક આત્માને અધીન કર્યા તે આધ્યાત્મિક (૨) કેટલાક દૈવને અધીન કર્યા તે આધિદૈવિક એટલે કાલને અધીન, એવો અર્થ છે. (૩) કેટલાક ક્રિયાને અધીન (કર્યા), તે આધિભૌતિક. તેથી ક્રિયારૂપ ભગવાનનો પ્રવેશ થએલો હોવાથી, ક્રિયાથી ભગવાનનું કાર્યજ કરવું જોઈએ. ભગવાનની ક્રિયા વડે બીજાનું (કાર્ય) કરવામાં આવે ત્યારે તો સ્પષ્ટ દોષ થાય. તે અર્થ ઉત્તરાર્ધથી કહેલો છે. હવે પછી તેને બીજા કોઈ સાધનની જરુર ન હતી એમ 'પોતે પોતાના (વિભાગ કર્યા)' શબ્દોથી કહેલું છે. (તેના) પેટા ભેદો કહેતાં (તે) ત્રણ પ્રકારના હોવાનું 'એક, (દશ અને ત્રણ)' શબ્દથી કહે છે, કે પહેલો દૈવ સાત્ત્વિક ભેદ કરતાં એકજ વિભાગ કર્યો, બીજો રાજસ ભેદ (કરતાં) દશ વિભાગ કર્યા (અને) ત્રીજો તામસ (ભેદ કરતાં) ત્રણ વિભાગ કર્યા. ૭.

''આટલાજ વિભાગોથી બધું કાર્ય કેમ સિદ્ધ થશે ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**એષ હ્યશેષસત્ત્વાનામાત્માંશઃ પરમાત્મનઃ ।।**
**આદ્યોઽવતારો યત્રાસૌ ભૂતગ્રામો વિભાવ્યતે ।।૮।।**

ખરેખર ! આ સર્વ પ્રાણીઓનો આત્મા, પરમાત્માનો અંશ, (અને) પ્રથમ અવતાર છે, જેમાં આ ભૂતોનો સમૂહ જોવામાં આવે છે. ૮.

(આ) સર્વ પ્રાણીઓનો આત્મા છે. 'હિ' 'ખરેખર' શબ્દથી (એમ જણાવેલું છે કે) આ વૃત્તાંત યોગ્યજ છે કે જેવું બીજ હોય તેવુંજ કાર્ય થવાનું. વળી આ એકથી શું ? આવા ભગવાનના કરોડો અંશો છે. તેથી ભગવાનથી પણ અનેક વિભાગો થશે, એવા અભિપ્રાયથી 'પરમાત્માનો અંશ' શબ્દો કહેલા છે. આ ગર્ભ પુરુષોત્તમનો અંશ છે, કરોડમા અંશનો પણ અંશ છે, છતાં આ આનંદનો અંશ છે, એમ 'પ્રથમ અવતાર' શબ્દથી કહેલું છે. જીવો તો ચિત્‌ના અંશો છે. બ્રહ્માંડની અંદર થતા બધા અવતારોમાં આ પ્રથમ અવતાર છે, કારણ કે અક્ષરથી પર રહેનાર તે

ભગવાને પહેલાં આ વિરાટમાં અવતાર ધારણ કરી, પછી મધ્યમાં (બીજા અવતાર લીધા). આ જ અવતાર છે, અને તેમનો જગત્ સાથે સંબંધ અગ્નિના જેવો છે; એમ ઉપર[1] કહેલું છે. આ અવતારની કોઈપણ અંશથી સ્વરૂપથી હાનિ થતી નથી, એવા અભિપ્રાયથી 'જેમાં આ ભૂતોનો સમૂહ જોવામાં આવે છે' એમ કહેલું છે, પ્રપંચના આધાર હોવાપણું એજ ભગવાન્ હોવાપણું છે. તેથી આ નારાયણ પ્રપંચનો આધાર હોવાથી ભગવાનજ છે. 'આ' સર્વ તરફ જોવામાં આવતો ભૂતોનો સમૂહ જે પુરુષમાં ઉત્તમ પ્રકારે જોવામાં આવે છે, એટલે જૂદો જૂદો રહેલો છે, એવો અર્થ છે. ૮.

૧. આ અધ્યાયના બીજા શ્લોક ઉપરના શ્રીસુબોધિનીમાં.

નીચેના શ્લોકમાં ઉપર કહેલા વિભાગો ગણાવે છે, કારણ કે તેમ ન કરે તો બીજો ( તેમનું ) ખોટું વર્ણન કરે.

**સાધ્યાત્મઃ સાધિદૈવશ્ચ સાધિભૂત ઈતિ ત્રિધા ॥**
**વિરાટ્પ્રાણો દશવિધ એકધા હૃદયેન ચ ॥૯॥**

સાધ્યાત્મ, સાધિદૈવ અને સાધિભૂત એવા ત્રણ પ્રકારના, વિરાટનો પ્રાણ દશ પ્રકારનો અને હૃદયથી એક પ્રકારના (વિભાગ છે). ૯.

આરંભમાં ત્રણ પ્રકાર કહે છે, કારણ કે આ જગતમાં તામસનું મુખ્યપણું છે, એટલે દેહનું મુખ્યપણું છે એવો અર્થ છે. તેમાં (૧) એક સાધ્યાત્મ વિભાગ છે. (૧) આત્માના સંબંધથી જે (થાય) તે 'આધ્યાત્મ' એટલે દેહ, અથવા તે (દેહ)માં રહેલો આત્મા એટલે જીવ અથવા ભગવાનનો અંશ. તે આધ્યાત્મ સાથે (રહેલો) વિરાટના દેહનો અંશ 'સાધ્યાત્મ' છે. (૨) એવી રીતે સાધિદૈવ (વિભાગ) છે. દિશા વિગેરે અંતર્યામી દેવો છે, તેમના સંબંધથી જે ઈન્દ્રિયોનો સમૂહ, અથવા તે (ઈન્દ્રિયો)ના અભિમાનવાળા જીવો અથવા ભગવાનના અંશો, તે અથવા ઈન્દ્ર વિગેરે દેવો અધિદેવો છે. તેમની સાથે (રહેલો) વિરાટના દેહનો અંશ, (વિરાટનો) ઉપરનો ભાગ 'સાધિદૈવ' છે. (૩) એવી રીતે અધિભૂત (વિભાગ) પણ છે. અહિં 'ચ' 'પણ' શબ્દ પેટા-વિભાગોમાં પણ આધ્યાત્મિક વિગેરે (વિભાગો)નો સમાવેશ કરવા (યોજેલો છે). વિરાટનો નીચેનો ભાગ સાધિભૂત છે. 'ઈતિ' 'એવા પ્રકારના' ત્રણ વિભાગ છે, કારણ કે આ સમૂહના ત્રણ પ્રકાર (કહેલા છે).

'વિરાટનો પ્રાણ દશ પ્રકારનો' શબ્દોથી દશ વિભાગ કહેલા છે. વિરાટનો આસન્યરૂપ જે પ્રાણ (તેના દશ વિભાગ છે). (વિરાટનો એમ) છઠ્ઠી (વિભક્તિ)થી (દર્શાવેલ) સંબંધથી એમ કહેલું છે કે વિરાટ આસન્યનો અવતાર છે. મહત્તત્ત્વનીજ ક્રિયાશક્તિનો સૂત્રરૂપ અંશ, તે જ વિરાટ્. પ્રાણ[1] વિગેરે પાંચ, તેમજ 'નાગ અને કૂર્મ

કૃકલ દેવદત્ત (અને) ધનંજય' એ વાક્યમાં (જણાવેલ) નાગ વિગેરે પાંચ. 'ઉધરસ, છીંક, તેમજ ઓડકાર, બગાસું તથા શોષણ' (એવું) દેહમાં તેઓનું કાર્ય મુકરર થએલું છે.

તેનો એક પ્રકાર હૃદયથી (થાય છે). (તેનો એક પ્રકાર) 'હૃદય' એમ કહેવું જોઈએ, (ત્યાં) 'હૃદયથી' એમ (કાર્યના) સાધન તરીકે જણાવ્યું તે મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત એવા પેટા-વિભાગો કહેવા (જણાવેલ છે). 'ચ' 'અને' શબ્દથી તેના અધિભૂત વિગેરે ભેદોનો સમાવેશ કરેલો હોવાથી હૃદય, મન વિગેરે (ચાર), અને તેમના દેવો, એવો (અર્થ છે). ૯.

૧. પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન.

એ પ્રમાણે તે વિરાટનું અને તેની અંદર રહેલાઓનું સ્વરૂપ એક પ્રકારે કહીને, પોતાના પ્રવેશથીજ વિશ્વ રચનારા (તત્ત્વો)નું કાર્ય કરીને, જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ ન આપતાં 'જેવી રીતે જ્યાં અમે અન્ન ખાઈએ' (૩।૫।૪૮) એવી (તેમણે) જે વિજ્ઞપ્તિ કરી તે પણ (ભગવાન્) ન આપે તો તત્ત્વોનો નાશ થાય, અથવા (તેમને) દુઃખ થાય, તેથી (ભગવાને) તેમની વિજ્ઞપ્તિ સાચી કરી, એમ નીચેના શ્લોકમાં કહે છે:

**સ્મરન્વિશ્વસૃજામીશો વિજ્ઞાપિતમધોક્ષજઃ ।।**
**વિરાજમતપત્સ્વેન તેજસૈષાં વિવૃત્તયે ।।૧૦।।**

જેમને ઈન્દ્રિયોનું કાર્ય પહોંચી શકતું નથી તેવા ઈશ્વરે વિશ્વ રચનારાઓની વિજ્ઞપ્તિનું સ્મરણ કરતાં, એમના જાતજાતના રહેઠાણ થાય તે માટે પોતાના તેજથી વિરાટને તપાવ્યો. ૧૦.

'વિશ્વ રચનારાઓ' એ શબ્દથી તેમનું ઉત્તમપણું અને ઉપકાર સૂચવેલ છે. દાન કરવાનું કારણ 'વિજ્ઞપ્તિ' શબ્દથી (જણાવેલું છે). (પોતાના) સ્વાર્થ માટે તો (દાન) કર્યું ન હતું, એમ 'જેમને ઈન્દ્રિયોનું કાર્ય પહોંચી શકતું નથી' શબ્દથી કહેલું છે. 'અધઃ' નીચે છે (પહોંચતું નથી) 'અક્ષજં' ઈન્દ્રિયોનું કાર્ય જેમનાથી તે (અધોક્ષજ). જે કાંઈ જ્ઞાન અથવા ક્રિયા ઈન્દ્રિયોથી ઉત્પન્ન થાય છે, તે ભગવાનને પહોંચ્યા વિનાજ પાછીજ ફરે છે. તેથી (કરેલું દાન) પોતાને ઉપયોગનું ન હોવાથી અને (ભગવાનને અને તત્ત્વોને) બંનેને ઉપયોગનું હોય તો ભક્તિનો વિરોધ થાય તેથી, તેમના ઉપરજ ઉપકાર કર્યો. 'શું (ઉપકાર) કર્યો ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'વિરાટને તપાવ્યો' એમ કહેલું છે. તે (ભગવાન્) સર્વ (કરવાની) શક્તિવાળા છે. કાર્ય (વિરાટ્) થઈ ગયું છતાં, તેમના ઉપયોગ માટે પાછું તે કાર્યને સારી રીતે તપાવ્યું. પોતાના તેજથી (તેને) તપાવેલું હોવાથી, નકામો નાશ થાય તેવી રીતે તે તૂટી ગયું

નહિ, પરંતુ એ તત્ત્વોને જાતજાતના રહેઠાણ પ્રાપ્ત થાય તે માટે (તપાવ્યું). જે પ્રકારે તેઓ રહે તે માટે વચ્ચે છિદ્રો એટલે (રહેવાનાં) સ્થાનો થાય તેવી રીતે તાપ કર્યો, એવો અર્થ છે. ૧૦.

તે છિદ્રોનો પોતાને (ભગવાનને) ઉપયોગ નહિ હોવાથી, નીચેના શ્લોકમાં જૂદાં આરંભથી (તે) કહે છેઃ

**અથ તસ્યાભિતપ્તસ્ય કતિ ચાયતનાનિ હ ।।**
**નિરભિદ્યન્ત દેવાનાં તાનિ મે ગદતઃ શૃણુ ।।૧૧।।**

પછી અહો ! સારી રીતે તપેલા તેમાંથી દેવોનાં કેટલાં સ્થાનો દેખાયાં ? તેમને હું કહું છું. સાંભળ. ૧૧.

ભગવાનના તેજથી સારી રીતે તપેલા તે વિરાટમાંથી કેટલાં સ્થાનો દેખાયાં ? તેમને જો તું જાણતો હોય તો હું ન કહું, અને ન જાણતો હોય તો કહું, એવા અભિપ્રાયથી 'કેટલાં' એમ કહેલું છે. 'ચ' 'અને' શબ્દથી જીવને માટે અને પોતાને[1] માટે, એવા તેમાંના પ્રકારોનો સમાવેશ કરેલો છે. 'છિદ્રથી (વિરાટનો) નાશ થયો હશે' એવી શંકા 'સ્થાનો' શબ્દથી ખોટી ઠરાવેલી છે, કારણ કે છિદ્રો પણ તત્ત્વોના ઘરરૂપ જ થયાં. 'હ' 'અહો' શબ્દ આશ્ચર્ય દર્શાવે છે. (તે) દેવોનાં સ્થાનો હોવાથી અંગમાં (કાંઈ) ખોટ થઈ નહિ, તે (સ્થાનો)ને તું ન જાણતો હોય તો હું કહું છું તે સાંભળ. હું કહું ત્યારે સાંભળ. હું તારા માટેજ કહું છું, તેથી દેવોનું રહસ્ય ખુલ્લું કરવાથી દોષ નહિ થાય; પરંતુ હું દેવોનાં સ્થાનનું સ્વરૂપ કહું છું. આજ્ઞા વિના (સાંભળવાથી) ચોરી થાય, તેથી તારે પણ સાંભળવું (એવી આજ્ઞા કરૂં છું). ૧૧.

૧. 'પોતાને' એટલે 'વિરાટ પુરુષને'. (પ્ર)

નીચેના શ્લોકથી આરંભી તે સ્થાનો કહે છેઃ

**તસ્યાગ્નિરાસ્યં નિર્ભિન્નં લોકપાલોऽવિશત્પદમ્ ।।**
**વાચા સ્વાંશેન વક્તવ્યં યયાऽસૌ પ્રતિપદ્યતે ।।૧૨।।**

તેનું મુખ દેખાયું. લોકપાલ અગ્નિએ પોતાના અંશ વાણી સાથે (તે) સ્થાનમાં પ્રવેશ કર્યો, (કે) જે (વાણી)થી આ વાણીની ક્રિયા પ્રાપ્ત કરે છે. ૧૨.

તે વિરાટનાં દેખાએલાં 'આસ્ય' મુખમાં અગ્નિએ પ્રવેશ કર્યો. વાણીમાં ઉત્પન્ન થતો ભોગ અગ્નિનો છે. તત્ત્વરૂપ અગ્નિની વિજ્ઞપ્તિ સિદ્ધ થાય[1] તે માટે 'લોકપાલ' એવું (તેનું) વિશેષણ (કહેલું છે). આગ્નેય દિશા (અગ્નિખૂણા)માં જે લોકો છે તેઓનું રક્ષણ કરવાનું (અગ્નિને) આપેલું છે, અને મુખમાં સ્થાન આપેલું છે, તે (તેનું) સ્થાન છે. લોકો તો તેનાથી 'પાલ્યાઃ' રક્ષણ કરવા[2] યોગ્યજ છે. (તેનો)

ભોગ તો વાણીમાંજ છે. 'પોતાનાં અંશ વાણી' શબ્દોથી (એમ જણાવેલું છે કે) વાણી ઈન્દ્રિય અગ્નિનું આધ્યાત્મિક રૂપ છે. સંગદોષ[3] સાથેનો અગ્નિ 'વાણી' કહેવાય છે. તેથીજ વાણી અગ્નિનો પોતાનો અંશ[4] છે. આથી[5] એમ જણાવ્યું કે (આ) અગ્નિ પૂજા કરવા યોગ્ય સ્વરૂપવાળો નથી. 'તે દેવતા અથવા વાણીથી શું થાય ?' એવો પ્રશ્ન થાય તેથી કહે છે કે જે વાણીથી 'આ' વિરાટ પુરુષ 'વક્તવ્યં' વાણીની ક્રિયા–એટલે શબ્દોના ઉચ્ચાર કરવાનું એવો અર્થ છે–તે દેવતાનું સ્થાન બનેલી ઈન્દ્રિયથી પ્રાપ્ત કરે છે. ૧૨.

૧. 'લોકો બલિ ધરે' એવી ઉપર ૩।૫।૪૮ માં કરેલી વિજ્ઞપ્તિ સિદ્ધ થાય. (પ્ર)

૨. ભોગ કરવા યોગ્ય નથી, તેમજ આધાર બનેલા નથી, એવો અર્થ છે. આવા બધા શ્લોકોમાં નીચે પ્રમાણે જાણવું. 'જ્યાં અન્ન ખાઈએ' એ વિજ્ઞપ્તિનું ફલ મુખ વિગેરે સ્થાન છે. 'જે પ્રકારે અન્ન ખાઈએ' એ વિજ્ઞપ્તિનું ફલ વાણી વિગેરે ઈન્દ્રિયો સાથે (ભોગ કરવાનું) છે. વાણી વિગેરે તે દેવોની સ્ત્રીઓ બનેલ છે. અન્ન તો બધાને જીવાડનારું છે. બલિ ધરવાનું તો વિરાટને માટે વાણીની ક્રિયા વિગેરે સાધનારું છે. સ્તુતિ વિગેરે ભગવાન્ માટે કરવાનાં છે. અગ્નિખૂણો વિગેરે દિશાઓ અને દેહો તો લોકોનાં સ્થાનો છે. સર્વ દેવતા, ઈન્દ્રિયો અને ઈન્દ્રિયોનાં સ્થાન સાથે (લોકોને તે સ્થાનોમાં રહેવાનો) પ્રકાર છે. અન્ન તો તે તે દેશોમાં ઉત્પન્ન થતું પોતપોતાના અદષ્ટથી પ્રાપ્ત થતું (ખાવાનું છે). તે તે દેવોની અને ભગવાનની પૂજા કરવી તે બલિ ધરવાનું છે. (પ્ર)

૩. 'સંગદોષ' એટલે ગોલકના સંબંધરૂપ દોષ આસક્તિને લીધેજ શરીરના સંબંધથી રહેતા હોવાથી આધ્યાત્મિક થાય છે. આસક્તિ વિના રહે ત્યારે દેવતા છે. રાજસપણાંને લીધે આસક્તિવાળા થાય છે. સાત્ત્વિકપણું હોય તો આસક્તિ થતી નથી. (દેવતા અને ઈન્દ્રિય) બંને વાસ્તવિક રીતે અહંકારમાંથી ઉત્પન્ન થએલ હોવાથી અંશી અને અંશનો સંબંધ છે. (પ્ર)

૪. જેનામાં અભિમાન રાખવાનું છે તેવો અંશ. તે પ્રમાણે જે રાજસ જે સાત્ત્વિકને અભિમાન રાખવા ભગવાને આપેલ હોય, તે (રાજસ) તે (સાત્ત્વિક)નો અંશ છે. (પ્ર)

૫. 'આથી' એટલે અગ્નિને વાણીમાં અભિમાન રાખનાર કહ્યો તેથી. (પ્ર)

**નીચેના શ્લોકમાં બીજું સ્થાન કહે છેઃ**

**નિર્ભિન્નં તાલુ વરુણો લોકપાલોડવિશદ્વિભોઃ ।।**
**જિહ્વયાંશેન ચ રસં યયાડસૌ પ્રતિપદ્યતે ।।૧૩।।**

વિરાટનાં દેખાએલા તાળવામાં લોકપાલ વરુણે (પોતાના) જીભ અંશ સાથે પ્રવેશ કર્યો કે જેનાથી આ રસ પ્રાપ્ત કરે છે. ૧૩.

તે મુખમાંજ–જે મુખની સમાન આકાશ (દેખાયું) તેમાં–અગ્નિ દેવતા, અને વાણી ઈન્દ્રિય રહ્યાં. વળી તે (મુખ)માં જ તાળવાના પ્રદેશમાં 'જીહ્વા' શબ્દથી ઓળખાતું ગોલક દેખાયું. તે દેખાએલાં તાળવામાં વરુણ દેવતાએ પ્રવેશ કર્યો. 'લોકપાલ' શબ્દનો ઉપર પ્રમાણે[1] (અર્થ કરવો). 'વિભોઃ' એટલે વિરાટનાં

(તાળવામાં પ્રવેશ કર્યો), તે વિરાટને જાતજાતના રસો પૂરા પાડી ગ્રહણ કરાવે છે. તેથી વરુણ પ્રભુ (વિરાટ)ના ભોગના સ્થાનમાં રહેલ હોવાથી, તેને ત્યાં મોટો ભાગ પ્રાપ્ત થાય છે. 'જીભ અંશ સાથે' (તે ત્યાં રહે છે). જીભ ઈન્દ્રિય પણ વરુણનો અંશ છે, (કે) જે જીભથી આ વિરાટ્ રસ પ્રાપ્ત કરે છે. ૧૩.

૧. અગ્નિ જેમ અગ્નિખૂણાનો લોકપાલ છે, તેમ આ પશ્ચિમ દિશાનો લોકપાલ છે, એવો અર્થ છે. (પ્ર)

નીચેના શ્લોકમાં બીજાં બે સ્થાનો કહે છેઃ

**વિનિર્ભિન્નેઽશ્વિનૌ નાસે વિષ્ણોરાવિશતાં પદમ્ ।।**
**ઘ્રાણેનાંશેન ગન્ધસ્ય પ્રતિપત્તિર્યતો ભવેત્ ।।૧૪।।**

વિષ્ણુનાં દેખાએલાં બે નસ્કોરારૂપ સ્થાનમાં બે અશ્વિનીકુમારોએ (પોતાના) અંશ નાક સાથે પ્રવેશ કર્યો કે જેનાથી ગંધનું જ્ઞાન થાય છે. ૧૪.

દેખાએલાં બે નસ્કોરાંરૂપ સ્થાનમાં બે અશ્વિનીકુમારોએ[1] પ્રવેશ કર્યો. 'વિષ્ણુ' એટલે વિરાટનાં બે નસ્કોરાં ગોલક છે. નાક ઈન્દ્રિય છે. નાક અને તેના દેવતા (એ) બે સાધનથી ભગવાનને 'ગન્ધસ્ય પ્રતિપત્તિઃ' ગંધનું જ્ઞાન થાય છે. બધે સ્થલે છિદ્ર ગોલક એટલે દેવતા(ને રહેવા)નું સ્થાન છે, દેવતા ઈન્દ્રિયને પ્રેરણા કરનાર છે, અને ઈન્દ્રિય તે (દેવતા)નો અંશ છે, અને ઈન્દ્રિય તથા (તેના) દેવતા વડે (દેહના) અભિમાનવાળાને વિષયનો અનુભવ થાય છે. ૧૪.

૧. અહિં અશ્વિનીકુમારોને લોકપાલ કહેલા નથી, છતાં બધે એવોજ પાઠ હોવાથી અને (તત્ત્વો) બધાએ સાથે વિજ્ઞપ્તિ કરેલી હોવાથી, અશ્વિનીકુમારો ઉત્તર દિશાના લોકપાલો છે એમ જાણવું, કારણ કે ઉત્તર દિશા શાંત છે અને આ બે વૈદ્યો હોઈ દોષની શાંતિ કરનારા છે. આજ અર્થ સર્વનિર્ણય (નિબંધ)માં 'ઉત્તરથી અશ્વિનીકુમારો' વાક્યથી કહેલા છે.

નીચેના શ્લોકમાં બીજી ઈન્દ્રિય આંખનો વિષય કહે છેઃ

**નિર્ભિન્નેઽક્ષિણી ત્વષ્ટા લોકપાલોઽવિશદ્વિભોઃ ।।**
**ચક્ષુષાંશેન રૂપાણાં પ્રતિપત્તિર્યતો ભવેત્ ।।૧૫।।**

વિરાટની દેખાએલી બે આંખોમાં લોકપાલ ત્વષ્ટાએ (પોતાના) અંશ આંખ સાથે પ્રવેશ કર્યો કે જેનાથી રૂપોનું જ્ઞાન થાય છે. ૧૫.

બે આંખો બે ગોલક (ઈન્દ્રિયને રહેવાનું સ્થાન) છે. 'ત્વષ્ટા' એટલે સૂર્ય. આંખ ઘણાં ભાગે આસુરી છે એમ જણાવવા અભિમાનવાળો (ત્વષ્ટા) કહેલો[1] છે. આંખ ઈન્દ્રિય છે. ૧૫.

૧. અસુરો નાશ કરનારા હોઈ, દુબળા કરવાનું તેમનું કાર્ય છે. 'ત્વષ્ટા' શબ્દ 'તક્ષ' ધાતુ ઉપરથી બનેલો છે, અને તે ધાતુનો અર્થ પણ 'દુબળા કરવું' એવો છે. તેથી અભિમાની ત્વષ્ટા (દુબળા કરનારો) હોવાથી આંખને આસુરી કહેલી છે. આ પૂર્વદિશાનો લોકપાલ છે. (પ્ર)

**નિર્ભિન્નાન્યસ્ય ચર્માણિ લોકપાલોऽનિલોऽવિશત્ ।।**
**પ્રાણેનાંશેન સંસ્પર્શં યેનાસૌ પ્રતિપદ્યતે ।।૧૬।।**

આનાં દેખાએલાં ચામડીનાં છિદ્રોમાં લોકપાલ વાયુએ (પોતાનાં) અંશ પ્રાણ સાથે પ્રવેશ કર્યો, કે જેથી આને સ્પર્શનું જ્ઞાન થાય છે. ૧૬.

ચામડીના ખાડાના છિદ્રો અનંત હોવાથી બહુવચન યોજેલું છે. આ ત્વચારૂપ (ઈન્દ્રિય)[૧] છે અને (શ્લોક ૧૮ ના) ત્વચા શબ્દથી ઉપરનો સૂક્ષ્મ અંશ કહેલો છે. તેથી અહિં બે ઈન્દ્રિયો છે[૧]. જે ચામડી ઉપર સૂક્ષ્મ અંશ છે, તે 'ત્વચા ચામડી' એવો ક્રમ હોવાથી ત્વચા છે. તે ચામડી(ના છિદ્રો)માં વાયુ દેવતા છે, લોકમાં 'ત્વચા' શબ્દથી ઓળખાતો પ્રાણ ઈન્દ્રિય છે, પ્રાણ આધારરૂપ હોવાથી તે (ત્વચા) શબ્દથી (લોકમાં) ઓળખાય[૨] છે. ૧૬.

૧. ''બીજા સ્કંધમાં બહારની દશ ઈન્દ્રિયોમાં 'ત્વચા' કહેલી છે, તેથી અહિં ચામડીના છિદ્રોથી શું કહેલું છે ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. આને જે બીજા સ્કંધમાં 'ત્વચા' કહેલ છે. ઉપરના અને નીચેના ભાગના ભેદથી અહિં 'ત્વચા' અને 'ચામડી' રૂપ બે ગોલકો છે, અને તેમાં પ્રાણ અને રોમ એવી બે ઈન્દ્રિયો છે. (પ્ર)

૨. ''લોકમાં ત્વચાથી ઓળખાય છે, તેને અહિં પ્રાણ કેમ કહેલ છે ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે 'આકાશ જલ અને વાયુ વડે પ્રાણ', એમ બીજા સ્કંધમાં (૨।૧૦।૩૧) કહેલ હોવાથી, પ્રાણ આખા દેહમાં રહેનાર, તૃપ્ત કરનાર અને વાયુરૂપ એવા ત્રણ પ્રકારનો હોવાથી, જેવો તે બધા દેહમાં રહે છે, તેમ આ (ત્વચા) સર્વ દેહના આધારરૂપ છે તેથી પ્રાણ ત્વચા શબ્દથી લોકમાં ઓળખાય છે. (પ્ર)

**કર્ણાવસ્ય વિનિર્ભિન્નૌ ધિષ્ણ્યં સ્વં વિવિશુર્દિશઃ ।।**
**શ્રોત્રેણાંશેન શબ્દસ્ય સિદ્ધિં યેન પ્રપદ્યતે ।।૧૭।।**

આના બે કાનરૂપ દેખાએલા પોતાના સ્થાનમાં દિશાઓએ (પોતાના) 'શ્રોત્ર' અંશ સાથે પ્રવેશ કર્યો, કે જેનાથી શબ્દનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.૧૭.

આ શ્લોકમાં દિશાઓ દેવતા છે. શ્રોત્ર ઈન્દ્રિય છે. 'શબ્દસ્ય સિદ્ધિઃ' એટલે શબ્દનું જ્ઞાન. બે કાન ગોલક છે. ૧૭.

**ત્વચમસ્ય વિનિર્ભિન્નાં વિવિશુર્ધિષ્ણ્યમોષધીઃ ।।**
**અંશેન રોમભિઃ કણ્ડૂં યૈરસૌ પ્રતિપદ્યતે ।।૧૮।।**

આની દેખાએલી ત્વચારૂપ સ્થાનમાં ઓષધીઓએ (પોતાના) અંશ રુંવાડાંઓ સાથે પ્રવેશ કર્યો, કે જેમનાથી આને ચળ પ્રાપ્ત થાય છે.૧૮.

ત્વચા ગોલક છે, ઓષધિઓ[૧] દેવતા છે, રુંવાડાં ઈન્દ્રિયો છે. ચળ એટલે ચામડીને ઘસવાથી થતું સુખ. ૧૮.

૧.ઔષધિઓ વાયુના અંશરૂપ છે. રુંવાડાં ત્વચાના અંશ છે. તે (વાયુ)ને બે ગોલકોમાં બે રૂપોથી ભોગ પ્રાપ્ત થાય છે. ઓષધિઓ અને રુંવાડાં જૂદાં (દેવતા અને ઈન્દ્રિય) કહી શકાય નહિ, કારણ કે સમૂહ ત્રેવીસનોજ છે. (પ્ર)

**મેઢ્રં તસ્ય વિનિર્ભિન્નં સ્વધિષ્ણ્યં ક ઉપાવિશત્ ।।**
**રેતસાંશેન યેનાસાવાનન્દં પ્રતિપદ્યતે ।।૧૯।।**

તેના દેખાએલા લિંગરૂપ પોતાના સ્થાનમાં પ્રજાપતિએ (પોતાના) વીર્ય[1] અંશ સાથે પ્રવેશ કર્યો, કે જેનાથી આને આનંદ પ્રાપ્ત થાય છે.૧૯.

લિંગ ગોલક છે, પ્રજાપતિ દેવતા છે, વીર્ય ઈન્દ્રિય છે. આનંદ એટલે સ્ત્રીના સંભોગનું સુખ. ૧૯.

૧. 'વીર્ય' શબ્દથી ઉપસ્થ શબ્દથી ઓળખાતી ઈન્દ્રિય જાણવી. (પ્ર)

**ગુદં પુંસો વિનિર્ભિન્નં મિત્રો લોકેશ આવિશત્ ।।**
**પાયુનાંશેન યેનાસૌ વિસર્ગં પ્રતિપદ્યતે ।।૨૦।।**

પુરુષની ગુદા દેખાઈ. (તેમાં) લોકનાં ઈશ મિત્રે (પોતાના) અંશ પાયુ સાથે પ્રવેશ કર્યો, કે જેનાથી વિસર્ગ કરે છે. ૨૦.

ગુદા ગોલક છે, મિત્ર દેવતા છે, પાયુ ઈન્દ્રિય છે. વિસર્ગ એટલે મલનો ત્યાગ. ૨૦.

**હસ્તાવસ્ય વિનિર્ભિન્નાવિન્દ્રઃ સ્વર્પતિરાવિશત્ ।।**
**વાર્તયાંશેન પુરુષો યયા વૃત્તિં પ્રપદ્યતે ।।૨૧।।**

આના દેખાએલા બે હાથમાં સ્વર્પતિ ઈન્દ્રે (પોતાના) અંશ વાર્તા સાથે પ્રવેશ કર્યો, કે જેનાથી પુરુષ વૃત્તિ પ્રાપ્ત કરે છે. ૨૧.

બે હાથ ગોલક છે, ઈન્દ્ર દેવતા, છે, સ્વર્પતિ એટલે લોકપાલ, 'વાર્તા'[1] એટલે કાર્ય કરવાની શક્તિ બલ એવો અર્થ છે. (તે) ઈન્દ્રિય છે. 'વૃત્તિ' એટલે હાથની ક્રિયા. ૨૧.

૧. લોકમાં 'વાર્તા' શબ્દના બે અર્થો પ્રસિદ્ધ છે. (૧) વૈશ્યોની આજીવિકા અને (૨) વૃત્તાંત. અહિં તે અર્થ નથી. 'હાથમાં ઈન્દ્રે બલસાથે પ્રવેશ કર્યો' એમ આગળ કહેશે, તેથી અહિં તેનો અર્થ 'બલ' જ છે. (પ્ર)

**પાદાવસ્ય વિનિર્ભિન્નૌ લોકેશો વિષ્ણુરાવિશત્ ।।**
**ગત્યા સ્વાંશેન પુરુષો યયા પ્રાપ્યં પ્રપદ્યતે ।।૨૨।।**

આના દેખાએલા બે પગમાં લોકના ઈશ વિષ્ણુએ (પોતાના) અંશ ગતિ સાથે પ્રવેશ કર્યો, કે જેનાથી પુરુષ જવાના સ્થલે પહોંચે છે. ૨૨.

બે પગ ગોલક છે, વિષ્ણુ દેવતા છે, ગતિ ઈન્દ્રિય છે. 'પ્રાપ્ય' એટલે

ચરણનું કાર્ય, (જવાના) ગામ વિગેરે સાથે સંબંધ, એવો અર્થ છે[1].૨૨.

૧. એ પ્રમાણે બહારની દશ ઈન્દ્રિયોના અગીઆર સ્થલે ભોગ કહ્યા (પ્ર)

**બુદ્ધિં ચાસ્ય વિનિર્ભિન્નાં વાગીશો ધિષ્ણ્યમાવિશત્ ।।**
**બોધેનાંશેન બોદ્ધવ્યપ્રતિપત્તિર્યતો ભવેત્ ।।૨૩।।**

આનાં દેખાએલાં બુદ્ધિરૂપ સ્થાનમાં વાણીના ઈશે (પોતાના) 'બોધ' અંશ સાથે પ્રવેશ કર્યો, કે જેનાથી જે જાણવાનું છે તેનું જ્ઞાન થાય છે. ૨૩.

ચાર અંતઃકરણનું 'હૃદય' એક ગોલક છે. તે[1] જ (પોતાના) અંશના ભેદથી 'બુદ્ધિ' વિગેરે શબ્દથી ઓળખાય છે. બુદ્ધિ ગોલક છે વાણીનો ઈશ બ્રહ્મા દેવતા છે. બોધ ઈન્દ્રિય છે. ઘટ વિગેરે જે જાણવાનાં છે તેમનું 'પ્રતિપત્તિઃ' જ્ઞાન, એ ઈન્દ્રિયની ક્રિયા છે. ૨૩.

૧. 'તે જ' શબ્દથી એમ જણાવ્યું કે રાજસી બુદ્ધિ ગોલક નથી. 'બોધ અંશ સાથે' એમ 'બોધ' શબ્દથી તે જણાવેલી છે. (પ્ર) પ્રકાશ પ્રમાણે બુદ્ધિ ગોલક છે અને રાજસ બુદ્ધિ ઈન્દ્રિય છે.

**હૃદયં ચાસ્ય નિર્ભિન્નં ચન્દ્રમા ધિષ્ણ્યમાવિશત્ ।।**
**મનસાંશેન યેનાસૌ વિક્રિયાં પ્રતિપદ્યતે ।।૨૪।।**

વળી આના દેખાએલાં હૃદયરૂપ સ્થાનમાં ચંદ્રમાએ (પોતાના) અંશ મન સાથે પ્રવેશ કર્યો, કે જેનાથી આને વિક્રિયા થાય છે. ૨૪.

હૃદય ગોલક છે, ચંદ્રમા દેવતા છે, મન ઈન્દ્રિય છે, વિક્રિયા એટલે સંકલ્પ તથા વિકલ્પરૂપ જાતજાતની ક્રિયા ઈન્દ્રિયની ક્રિયા છે. ૨૪.

**આત્માનં ચાસ્ય નિર્ભિન્નમભિમાનોઽવિશત્પદમ્ ।।**
**કર્મણાંશેન યેનાસૌ કર્તવ્યં પ્રતિપદ્યતે ।।૨૫।।**

આના દેખાએલ આત્મારૂપ સ્થાનમાં અભિમાને (પોતાના) અંશ કર્મ સાથે પ્રવેશ કર્યો, કે જેનાથી આને કર્તવ્ય પ્રાપ્ત થાય છે. ૨૫.

'આત્મા' એટલે અંતઃકરણનો અંશ અહંકાર. અભિમાન દેવતા છે. કેટલાક રુદ્રરૂપ[1] (અહંકાર)ને (દેવતા) કહે છે. (આ) નવી[1] સૃષ્ટિ (રચાતી) હોવાથી તે શબ્દથી ઓળખાતાજ તેઓ તેવા પ્રકારના છે. 'કર્મ' એટલે અભિમાન, દેહ વિગેરેમાં 'આ હું છું' એવી બુદ્ધિ ઈન્દ્રિય છે. 'કર્તવ્ય' એટલે અહંકારનું કાર્ય. ૨૫.

૧...૧. 'રુદ્રે અભિમાન સાથે હૃદયમાં (પ્રવેશ કર્યો)' એમ આગળ કહેવાનું હોવાથી કેટલાક આમ કહે છે, પરંતુ તે પોતાને ઈષ્ટ નથી, કારણ કે ત્યાં 'ચિત્ત (અંશ) સાથે ચૈત્યે હૃદયમાં (પ્રવેશ કર્યો)' એમ કહેશે, અહિં આગલા (૨૬મા) શ્લોકમાં 'મહત્તત્ત્વે ચિત્ત અંશ સાથે પ્રવેશ કર્યો' એમ કહે છે. તેથી ત્યાં અને અહિં કહેલા દેવતા જૂદા છે, એવો અર્થ છે. (પ્ર)

**સત્ત્વં ચાસ્ય વિનિર્ભિન્નં મહાન્ધિષ્ણ્યમુપાવિશત્ ।।**

**ચિત્તેનાંશેન યેનાસૌ વિજ્ઞાનં પ્રતિપદ્યતે ।।૨૬।।**

વળી આનાં સત્ત્વરૂપ દેખાએલાં સ્થાનમાં મહત્તત્વે (પોતાના) 'ચિત્ત' અંશ સાથે પ્રવેશ કર્યો, કે જેનાથી આને ચેતનપણું પ્રાપ્ત થાય છે. ૨૬.

સત્ત્વ ગોલક છે, મહત્તત્વ દેવતા છે, ચિત્ત ઈન્દ્રિય છે, 'વિજ્ઞાનં' ચેતનપણું[1] ઈન્દ્રિયની ક્રિયા છે. એ પ્રમાણે સાત્ત્વિક અહંકારના કાર્યરૂપ મન અને મહત્તત્ત્વ અહંકાર તથા બુદ્ધિ એક છે એમ કહેવાના પ્રયોજનથી, તેઓ[2] પણ ઈન્દ્રિય હોય એવી કલ્પના કરીને તેમનામાં જૂદા જૂદા દેવતા વિગેરે હોવાનું કહ્યું. ૨૬.

૧. 'ચેતનપણું' એટલે આખા દેહમાં પ્રસરેલું ચૈતન્ય. (પ્ર).

૨. 'તેઓ' એટલે 'બોધ'માં અભિમાન રાખનારા. આ વિષયમાં નીચે પ્રમાણે જાણવું. (તત્ત્વોએ) વિજ્ઞપ્તિ કરી ત્યારે બહારની દશ ઈન્દ્રિયોના સંબંધમાં, ઈન્દ્રિયોજ મુખ્ય હતી, દેવો ગૌણ હતા. અંદરની (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર = હૃદય) ઈન્દ્રિયોના સંબંધમાં, મહત્તત્ત્વ અને અહંકાર એ બે દેવતા મુખ્ય છે, બુદ્ધિ તૈજસ (અહંકાર)નું જૂદું રૂપ છે. ચંદ્રમા મનની સાથે રહેનાર હોવાથી, વિકારવાળાનુંજ કાર્ય છે. ચારેનું ગોલક (રહેવાનું સ્થાન) સ્થૂલ રીતે એકજ છે. તેથી જો આ ચારે એકમતના ન હોય તો કાર્ય થઈ શકે નહિ. વાયુ વાયવ્ય કોણનો લોકપાલ છે, દિશાઓ દક્ષિણ દિશાની લોકપાલ છે, પ્રજાપતિ વચલી દિશાનો, મિત્ર નૈઋત્ય ખૂણાનો, વિષ્ણુ પાતાલનો, ચંદ્ર મધ્ય ભાગનો, અભિમાન ઈશાન ખૂણાનો, અને બ્રહ્મા ઉપરના લોકનો લોકપાલ છે. પ્રાણ પણ તૈજસ (અહંકાર)નો વિભાગ હોવાથી, તેનું મુખ્ય ગોલક હૃદયજ છે. જૂદા જૂદા પ્રાણના ગોલક તો 'હૃદયમાં પ્રાણ, ગુદામાં અપાન, નાભિમાં સમાન, કંઠમાં ઉદાન અને સર્વ શરીરમાં વ્યાન' એમ જૂદા જૂદા કહેલા છે. એ રીતે (દશ બહારની ઈન્દ્રિયો, મન, મહત્તત્વ અને અહંકાર) તેરના સ્થાન વિગેરેના વિભાગ કહ્યા. પાંચ તન્માત્રાઓ અને પાંચ મહાભૂતો બાકી રહ્યા. તન્માત્રાઓ ભોગ કરવા યોગ્ય હોવાથી, સ્ત્રીઓની પેઠે ભોગથીજ તેમનું પોષણ થાય છે. મહાભૂતો રહેવાનાં સ્થાન હોવાથી, ઘરની પેઠે રહેઠાણથી (સ્થાનથી)જ તેમનું પોષણ થાય છે; કારણકે જેમાં વાસ થતો હોય તેવાંજ ઘર હોય, ઉજ્જડ નહિ. (પ્ર)

હવે નીચેના શ્લોકથી આરંભી મધ્યે અવયવોથી લોકની સૃષ્ટિ[1] કહે છેઃ

**શીર્ષ્ણોઽસ્ય દ્યૌર્ધરા પદ્ભ્યાં ખં નાભેરુદપદ્યત ।।**
**ગુણાનાં વૃત્તયો યેષુ પ્રતીયન્તે સુરાદયઃ ।।૨૭।।**

આના માથામાંથી સ્વર્ગ, બે પગમાંથી પૃથ્વી (અને) નાભિમાંથી અંતરિક્ષ ઉત્પન્ન થયાં કે જેમની અંદર ગુણોની વૃત્તિઓ જોવામાં આવે છે, જેમની અંદર દેવો વિગેરે જોવામાં આવે છે. ૨૭.

'આ' વિરાટના માથામાંથી સ્વર્ગ ઉત્પન્ન થયું. નાભિમાંથી 'ખમ્' અંતરિક્ષ ઉત્પન્ન થયું. 'બે પગમાંથી' એ પાંચમી (વિભક્તિ) છે, 'ધરા' પૃથ્વી (ઉત્પન્ન થઈ). ઉલટો (ક્રમ) કહેવાનું પ્રયોજન કહેવાનું[2] છે. ''આ શા માટે કહે છે ? વિજ્ઞપ્તિ કરી,

ત્યારે સંતાપ કર્યો અને તત્ત્વોના ભોગ માટે સ્થાન રચ્યાનું કહ્યું. પૃથ્વી વિગેરે રચવાનો ક્યાં ઉપયોગ છે ?'' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. પહેલાં અહંકારના અથવા માયાના ગુણો, કહેલા છે. તેમની દરેક ક્રિયાનું સ્થાન કહેવું જોઈએ. તે (ગુણો)ના અભિમાનવાળા દેવોને ચોક્કસ ભોગ (પ્રાપ્ત) થાય તે માટે (તેમની) 'વૃત્તિઓ' એટલે વિલાસના પ્રકારો જેમાં છે, તેવા સ્વર્ગ વિગેરે સ્થાનો છે. ''ગુણોના વિલાસના કેવા પ્રકાર ? વિલાસ ચેતનોને થાય છે'' એવી શંકા થાય, તેથી 'જેમની અંદર દેવો વિગેરે જોવામાં આવે છે' એમ કહેલું છે. 'જેમની અંદર જોવામાં આવે છે' શબ્દો ફરી લેવાના છે. 'સુરાઃ' એટલે દેવો. 'વિગેરે' શબ્દથી મનુષ્યો અને પ્રાણીઓ (કહેલાં છે). ૨૭.

૧. અગ્નિથી આરંભી મહત્તત્ત્વ સુધીનાને તેમણે જેની વિજ્ઞપ્તિ કરેલ તે ફલ આપ્યાનું કહીને, હવે તન્માત્રાઓ અને મહાભૂતના દેવોને ફલનું દાન કરે છે એમ કહેવા આ કહે છે, એવો અર્થ છે. (પ્ર)

૨. 'કહેવાનું છે' એટલે આ પછીના ૨૮ મા શ્લોકમાં કહેવાનું છે. (પ્ર)

નીચેના શ્લોકમાં તે જ વિભાગ પાડીને સ્પષ્ટ કરે છેઃ

**આત્યન્તિકેન સત્ત્વેન દિવં દેવાઃ પ્રપેદિરે ।।**
**ધરાં રજઃસ્વભાવેન પણયો યે ચ તાનનુ ।।૨૮।।**

અધિક સત્ત્વને લીધે દેવોએ સ્વર્ગ પ્રાપ્ત કર્યું. મનુષ્યોએ અને જેઓ તેમની પાછલના છે તેમણે રાજસ સ્વભાવને લીધે પૃથ્વી (પ્રાપ્ત કરી). ૨૯.

'અત્યન્તમ્' બીજા ગુણના સ્પર્શવિનાના (સત્ત્વગુણને લીધે), અથવા અધિક (સત્ત્વ ગુણને લીધે), પહેલાં કહેલા અને બીજા (દેવોએ સ્વર્ગ પ્રાપ્ત કર્યું). પહેલાં પણ આધ્યાત્મિક, અને બીજા તેત્રીસ (દેવો) કહેલા છે. તે બધા ઘણા સાત્ત્વિક હોવાથી તેમણે સત્ત્વના વિલાસનું સ્થાન સ્વર્ગ પ્રાપ્ત કર્યુ. ઉત્તરાર્ધથી ઉલટો (ક્રમ) કહેવાનું પ્રયોજન કહેતાં ઉલટા ક્રમથી કહે છે. અહિં ગુણોના ક્રમજ ક્રમ છે, પરંતુ અવયવોનો ક્રમ (ક્રમ) નથી. 'પણયઃ' મનુષ્યોએ રાજસ સ્વભાવને લીધે પૃથ્વી પ્રાપ્ત કરી; કારણ કે તેઓ કર્મનો વેપાર કરે છે, એટલે કર્મ આપીને ફલ લે છે. કર્મથીજ વ્યવહાર કરતા હોવાથી મનુષ્યો 'પણયઃ' (વેપાર કરનારા) છે. તેમની પાછલના જે ગાયો વિગેરે (પ્રાણીઓ) છે, તેઓ તામસ હોવા છતાં મનુષ્ય ઉપર ઉપકાર કરનારા હોવાથી ભૂમિ ઉપરજ રહે છે. ૨૮.

નીચેના શ્લોકમાં ત્રીજા સ્થાનમાં (રહેવાનું) પ્રયોજન કહે છેઃ

**તાર્તીયેન સ્વભાવેન ભગવન્નાભિમાશ્રિતાઃ ।।**
**ઉભયોરન્તરં વ્યોમ યે રુદ્રપાર્ષદા ગણાઃ ।।૨૯।।**

જે ગણો રુદ્રના પાર્ષદો છે તેઓ ત્રીજા સ્વભાવને લીધે ભગવાનની નાભિરૂપ બંનેની વચ્ચેના શૂન્ય સ્થાનમાં રહ્યા. ૨૯.

'તાર્તીય' એટલે ત્રીજો (તમોગુણ), પ્રકૃતિનો ગુણ હોવાથી, 'સ્વભાવ' શબ્દથી કહેલો છે. ભગવાનની નાભિ એટલે અંતરિક્ષ. 'બંનેની વચ્ચેના શૂન્ય સ્થાન' શબ્દોથી તામસને વચ્ચે રાખવાનું પ્રયોજન કહેલું છે. અંતરિક્ષ શૂન્ય છે, તે તેમનું (રહેવાનું) સ્થાન છે. રુદ્રો હત્યા કરનારા છે અને રહેઠાણ વિનાના છે. તેથી (સ્વર્ગ અને પૃથ્વી) વચ્ચેનું સ્થાન ત્રીજું હોવા છતાં શૂન્ય (ખાલી) હોવાથી, રુદ્રોએ તે સ્થાન લીધું, એટલે આધાર (રુદ્રો) અને આધેય (રુદ્રના પાર્ષદો) ઘણા બલવાન હોવાથી વચલુંજ (તેમનું) સ્થાન છે. 'જે રુદ્રના પાર્ષદો છે' શબ્દોથી તેમાં રહેલાને જણાવેલા છે. રુદ્રની 'પર્ષદિ' સભામાં રહેવાયોગ્ય, તે (રુદ્રના પાર્ષદો). કોઈવાર ત્યાં રુદ્રની સભામાં સનક વિગેરે દેવો પણ આવે છે, તેથી તેઓનો સમાવેશ ન થાય તે માટે 'ગણો' એમ કહેલું છે. જેઓ મહાદેવના ગણો હોઈ, (તેમના) પાર્ષદો છે, તેઓ વચમાં રહે છે. એવી રીતે વ્યક્તિઓની સૃષ્ટિમાં ગુણોથી થએલા જૂદાં જૂદાં રહેઠાણો કહ્યાં. ૨૯.

વર્ણના ભેદો પણ ગુણોથીજ થએલા હોવાથી, ભજન કરે તેમાટે અવયવો- માંથી ઉત્પન્ન થએલા વર્ણો નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી કહે છેઃ

**મુખતોઽવર્તત બ્રહ્મ પુરુષસ્ય કુરૂદ્વહ ।।**
**યસ્તૂન્મુખત્વાદ્વર્ણાનાં મુખ્યોઽભૂદ્બ્રાહ્મણો ગુરુઃ ।।૩૦।।**

હે ઉત્તમ કૌરવ ! પુરુષના મુખમાંથી બ્રહ્મ નીકળ્યું. પાછો બ્રહ્મ તરફ દષ્ટિ રાખનાર હોવાથી જે વર્ણોમાં મુખ્ય બ્રાહ્મણ થયો તે ગુરુ થયો.

ભગવાનના મુખમાંથી, દેવતારૂપ[1], શુદ્ધ સત્ત્વનું કાર્ય બનેલ બ્રહ્મ, જેનો આશ્રય કરવાથી બ્રાહ્મણો થયા, તે નીકળ્યું. પુરુષના એટલે ભગવાન્ નારાયણના મુખમાંથી 'નીકળ્યું' એટલે હતું તે જ પ્રકટ થયું. 'હે ઉત્તમ કૌરવ' એ સંબોધન (પરીક્ષિતને) વિશ્વાસ રહે તે માટે અથવા (તેનો) આ શ્રવણ કરવાનો અધિકાર દર્શાવવા (કરેલું છે). પાછો જે વર્ણોની અંદર મુખ્ય, બ્રહ્મ તરફ દષ્ટિ રાખનાર હોવાથી બ્રાહ્મણ થયો તે ગુરુ થયો. 'તુ' 'પાછો' શબ્દથી (એમ જણાવેલ છે કે) બ્રાહ્મણ પોતાની મેળે (બ્રહ્મનું) મુખ નથી[2] કારણ કે ૧.બ્રહ્મમાં રહે તે બ્રાહ્મણ અથવા ૨.બ્રહ્મમાં થએલો બ્રાહ્મણ અથવા ૩. તેનો (બ્રહ્મનો) આ (બ્રાહ્મણ) એવો[3] 'અણ્' (પ્રત્યય છે). 'ઉન્મુખઃ' એટલે આગળ પ્રવૃત્તિ કરનાર. મુખ્ય વર્ણ[4] ઉંચું મુખ રાખનાર હોય છે. ઉંચું મુખ છે જેનું તેવો (તે છે). ઉપદેશ વિગેરે (કરવા) માટે, પહેલા

(વર્ણ)નું ઉંચું મુખ થાય છે. બ્રહ્મ પણ ઉંચા મુખવાળું છે, કારણ કે ભગવાનનાં મુખમાંથી ઉંચે નીકળેલું છે. ઉંચું મુખ છે જેનાથી તેવું (બ્રહ્મ છે), કારણ કે બ્રહ્મની ઉત્પત્તિ થાય તે માટેજ ભગવાનનું મુખ ઉંચું થએલું છે. તેથી સમૂહ (બ્રહ્મ) અને વ્યક્તિ (બ્રાહ્મણ)નું બીજ અને અંકુરની સ્થિતિને લીધે એકપણું હોવાથી, ઉંચું મુખ હોવાના સરખા ગુણને લીધે મુખમાં ઉત્પન્ન થએલો અને પ્રથમ ઉત્પન્ન થએલો બ્રાહ્મણ વર્ણોની અંદર મુખ્ય થયો. તેથીજ (તે) ગુરુ થયો. ભગવાનજ ગુરુ છે, અને તે મુખથી ઉપદેશ કરે છે. તેથી તેમનામાંથી ઉપદેશ કરવા માટેજ આધિભૌતિક બ્રહ્મ નીકળેલું છે. વેદ આધ્યાત્મિક બ્રહ્મ છે. (અને) અક્ષર તો આધિદૈવિક (બ્રહ્મ છે). તેથી ભૌતિક બ્રહ્મનો આવિર્ભાવ થવાથી, ઉંચું મુખ હોવાના સમાન (ગુણ)ને લીધે તે બ્રહ્મે (અક્ષરે) પહેલા વર્ણમાં પ્રવેશ કર્યો, તેથી બ્રાહ્મણજ બીજા આધ્યાત્મિક બ્રહ્મ વેદનો ત્રીજા બ્રહ્મ (અક્ષર)નું જ્ઞાન થાય તે માટે ઉપદેશ કરનાર થતો હોવાથી ગુરુ છે. ૩૦.

૧. મુખમાંથી ઉત્પન્ન થએલ બ્રહ્મનું સ્વરૂપ બીજા સ્કંધમાં કહેલું છે, તેનું આ શબ્દથી સ્મરણ કરાવે છે. (પ્ર)

૨. બ્રાહ્મણમાં બ્રાહ્મણપણું હોવાનું કારણ કહેતાં, 'બ્રાહ્મણ આનું મુખ હતો' એ શ્રુતિમાં તે મુખ હોવાનું કહેલ છે, તે પોતાની મેળે મુખરૂપ નથી, પરંતુ બ્રહ્મ તરફ દષ્ટિ રાખનાર હોવાથીજ મુખરૂપ છે એવો નિર્ણય કરે છે. એવો અર્થ છે. (પ્ર)

૩. વ્યુત્પત્તિથી બ્રાહ્મણ ત્રણ પ્રકારે બ્રહ્મનું મુખ હોવાનું કહે છે. પહેલા પ્રકાર પ્રમાણે આચરણથી, બીજા પ્રમાણે સંસ્કારથી અને ત્રીજા પ્રમાણે માત્ર જન્મથી એમ ત્રણથી (જન્મ, સંસ્કાર અને આચરણથી) ઉત્તમ, (બેથી જન્મ અને સંસ્કારથી) મધ્યમ અને એકથી (જન્મથી) અધમ પ્રકારથી બ્રહ્મનો વિસ્તાર થએલ હોવાથી બ્રાહ્મણપણું અનેક પ્રકારનું છે એમ જણાવેલ છે.(પ્ર)

૪. અહિંથી બ્રાહ્મણ ગુરુ થવાનાં કારણ કહે છે. (પ્ર).

નીચેના શ્લોકમાં બીજા વર્ણની ઉત્પત્તિ કહે છેઃ

**બાહુભ્યોઽવર્તત ક્ષત્રં ક્ષત્રિયસ્તદનુવ્રતઃ ।।**
**યો જાતસ્ત્રાયતે વર્ણાન્ પૌરુષઃ કણ્ટકક્ષતાત્ ।।૩૧।।**

બે બાહુઓમાંથી ક્ષત્ર નીકળ્યું (અને) તેને અનુસરનારો ક્ષત્રિય (નીકળ્યો), જે પૌરુષ હોઈ વર્ણોનું કાંટાના ભયથી રક્ષણ કરે છે. ૩૧.

ભગવાનનું લોકના રક્ષણરૂપ કાંઈક વીર્ય 'ક્ષત્ર' કહેવાય છે. તે બે બાહુઓ માંથી નીકળ્યું, અંદર રહેલું હતું તે બહાર નીકળ્યું, એવો અર્થ છે. વર્ણોમાંનો બીજો (ક્ષત્રિય) તેને અનુસરનારો છે. ક્ષત્રની સાથે 'વ્રતં' કાર્ય છે જેનું તેવો (તે છે), કારણ કે જેમ ક્ષત્ર રક્ષણ કરવા તૈયાર થએલું છે, તેવો આ પણ (તેની) સાથે ઉત્પન્ન થએલો હોવાથી[1] અને એક ઉપાદાન કારણવાળો હોવાથી[2] છે. (તે) ક્ષત્રનો સેવક હોવાથી 'ક્ષત્રાદ્ઘઃ'(પાણિનિ.૪।૧।૧૩૮) એમ ચોક્કસ ગુણ જણાવનાર (પ્રત્યય) થી,

જાતિ જણાવવા જ 'ઘ' પ્રત્યય લાગતો હોવાથી, તે (પ્રત્યય)થી 'અનુસરનારો' અર્થ થાય છે. ઉત્તરાર્ધથી તે જ[3] સ્પષ્ટ કરે છે. 'ક્ષતાત્' ભયમાંથી 'ત્રાયતે' રક્ષણ કરે તે ક્ષત્રિય; જે જન્મતાંજ પોતાના સિવાયના ત્રણ વર્ણોનું કાંટાના ભયથી રક્ષણ કરે છે. રોગમાંથી રક્ષણ કરતો નથી એમ જણાવવા 'કાંટાથી' એમ કહેલું છે. 'કાંટા' એટલે દૈત્યના અંશો, કારણ કે તેઓ ભૂમિ ઉપર કાંટા જેવા, ગતિને અટકાવનારા, એટલે ધર્મમાં વિઘ્નરૂપ છે, એવો અર્થ છે. તેમ ન હોય તો, (ક્ષત્રિયો) હણનારા હોવાથી પ્રતિકૂલ થાય. આથી એમ જણાવેલું છે કે કાંટા (દૈત્યાંશો) વર્ણ નથી. 'ભયમાંથી' (ભયનો) સંભવ હોય ત્યારે (રક્ષણ કરે છે). આ ક્ષત્રિય પૌરુષ છે. 'પૌરુષ' એટલે પુરુષમાંથી ઉત્પન્ન થએલો. શક્તિ જણાવવા માટે 'પૌરુષ' એમ કહેલું છે. ૩૧.

૧. 'ક્ષત્રિય' શબ્દનો વ્યુત્પત્તિ પ્રમાણે થતો અર્થ વિચારેલ છે. (પ્ર).
૨. ક્ષત્રિય ક્ષત્રનો સેવક હોવાનાં બે કારણો આથી કહેલાં છે. (પ્ર)
૩. 'તે' એટલે વ્યુત્પત્તિથી થતો અર્થ. (પ્ર)

નીચેના શ્લોકમાં ત્રીજા વર્ણની ઉત્પત્તિ કહે છેઃ

**વિશોઽવર્તન્ત તસ્યોર્વોર્લોકવૃત્તિકરીર્વિભોઃ ।।**
**વૈશ્યસ્તદુદ્ભવો વાર્તાં નૃણાં યઃ સમવર્તયત્ ।।૩૨।।**

તે સમર્થના બે સાથળોમાંથી વિશો નીકળી. તે લોકોની આજીવિકા કરનારી છે. તેમાંથી વૈશ્ય નીકળ્યો, કે જે મનુષ્યોની આજીવિકા સારી રીતે ચલાવે છે. ૩૨.

'વિશો' એટલે ખેતી વિગેરે, બધાએ વર્ણોની આજીવિકાના ધંધાઓ. ખેતરમાં રહી ગયેલા દાણા વીણવા વિગેરેનું મૂલ પણ તે છે, દાન પણ તેમાંથીજ ઉત્પન્ન થાય છે એવો[1] (અર્થ છે). તેમાં ખેતી અને ગોરક્ષા (એ) બે (ધન) ઉત્પન્ન કરનારાં છે. વેપાર અને ધીરધાર (એ) બે (ધનની) વૃદ્ધિ કરાવનારાં છે. જો કે ધાતુઓથી વ્યવહાર થાય, તેમાં વૈશ્ય પ્રવૃત્તિ કરાવનાર નથી, છતાં પણ ધાતુઓથી જીવન થતું (નભતું) ન હોવાથી, અન્નની ઉત્પત્તિ કરવા અને રસની ઉત્પત્તિ કરવા ખેતી અને ગોરક્ષાજ ઉપયોગી છે. ક્ષત્રિયોનું કાંટાથી રક્ષણ કરવાનુંજ (કાર્ય) છે. તેમાંથીજ[2] ઉત્પન્ન થએલું (અન્ન વિગેરે) બ્રાહ્મણ ઉપદેશથી પ્રાપ્ત કરે છે, ક્ષત્રિય રક્ષણથી (પ્રાપ્ત કરે છે). જો કે વનમાં ઉગતાં મૂલ ફલ વિગેરે પણ જીવન માટે ઉપયોગી છે, છતાં પણ બધાને તેમનો સદા ઉપયોગ હોતો નથી.

તે ભગવાનના 'ઊર્વોઃ' બે સાથળમાંથી વાર્તા ઉત્પન્ન થઈ. 'લોકોની આજીવિકા કરનારી' વિશેષણથી તેમનું પ્રયોજન કહેલું છે કે તે લોકોની 'વૃત્તિં' આજીવિકા કરે છે. ''વાર્તા આકારવિનાની છે, અને પદાર્થો ચોક્કસ થએલા (અમુક

આકારના) છે. વળી હાનિ વિગેરે પણ જોવામાં આવે છે. તેથી તે (વાર્તા–ધંધા) સર્વનું નિર્વાહ કરનારી કેમ હોય ?'' એવી શંકા થાય, તેથી 'સમર્થના' શબ્દ યોજેલ છે. તે (ભગવાન્) સમર્થ છે. માત્ર ધંધા વિગેરેનો આશ્રય કરવાથીજ બધાએ દોષોને દૂર કરીને તેને જીવાડે છેજ. તે આકારવિનાની (વાર્તા)ઓના આધાર માટે તેઓમાંથીજ નીકળેલો ત્રીજો વર્ણ વૈશ્ય મનુષ્યોની વાર્તા એટલે આજીવિકાને સારી રીતે ચલાવે છે. 'જે' એટલે પ્રસિદ્ધ (વૈશ્ય).

અથવા[3] 'તેમાંથી વૈશ્ય નીકળ્યો' એ જૂદું (વાક્ય લેવું). 'જે' શબ્દથી (વૈશ્યનો) અનુવાદ (કરેલો છે). દેવ વિગેરેની (આજીવિકા ચલાવતો) નથી એમ જણાવવા 'મનુષ્યોની' શબ્દ યોજેલ છે. આથી એમ (કહેલું છે કે) સાધારણ પુરુષોજ તે ધંધાથી નભે છે, પરંતુ જેમણે પરમાર્થ પ્રાપ્ત કરેલો છે તેઓ (તેથી નભતા) નથી. 'સારી રીતે ચલાવવું' એટલે પ્રયાસ વિના સદા ચલાવવું. ૩૨.

૧. આ 'વિશો' શબ્દનો અર્થ કહેલો છે. 'વિશ' શબ્દથી આજીવિકારૂપ દેવતા કહેલી છે, એવો અર્થ છે. (પ્ર)

૨. 'તેમાંથી' એટલે 'વૈશ્ય (દેવતા)માંથી'. (પ્ર) 'તેમાંથી' એટલે ક્ષત્રિયે કરેલા રક્ષણમાંથી એવો અર્થ યોગ્ય જણાય છે.

૩. આકારવિનાના (વિશોમાં)થી આકારવાળા પદાર્થો કેવી રીતે ઉત્પન્ન થાય ? તેથી ઉપરનો અર્થ ન રુચતાં બીજા પ્રકારે અર્થ કરે છે. આ મતપ્રમાણે 'તેમાંથી' એટલે 'પુરુષમાંથી' વૈશ્ય નીકળ્યો એવો અર્થ થાય છે. (પ્ર)

નીચેના શ્લોકમાં ચોથા (વર્ણ)ની ઉત્પત્તિ કહે છેઃ

**પદ્ભ્યાં ભગવતો જજ્ઞે શુશ્રૂષા ધર્મસિદ્ધયે ।।**
**તસ્યાં જાતઃ પુરા શૂદ્રો યદ્વૃત્ત્યા તુષ્યતે હરિઃ ।।૩૩।।**

ભગવાનના બે ચરણોમાંથી ધર્મ થાય તે માટે શુશ્રૂષા ઉત્પન્ન થઈ. તેમાં પહેલાં શૂદ્ર ઉત્પન્ન થયો, કે જેની વૃત્તિથી હરિ પ્રસન્ન થાય છે. ૩૩.

જ્ઞાન, રક્ષણરૂપ ક્રિયા, આજીવિકા (અને) સેવા[1] (એ) ચાર પદાર્થો સર્વરૂપ ભગવાનને વહાલા છે. પછી ભગવાનના બે ચરણોમાંથી ભગવાનની ભક્તિરૂપ કોઈક અંતરંગ શક્તિ, 'શુશ્રૂષા' નામની કોઈક સેવારૂપ ઉત્પન્ન થઈ. 'ધર્મ થાય તે માટે' શબ્દથી તેનું પ્રયોજન કહેલું છે. ગુરુની સેવા, દેવતાની સેવા, અરણ્યની સેવા, આત્માની સેવા, એવી સેવાથીજ ધર્મ થાય છે. વધારે કહેવાથી શું ? પતિવ્રતાપણું વિગેરે બધાએ ધર્મો પણ સેવામાંજ પરિણમે છે, તેથી ધર્મ થાય તે માટે ગતિ આપનારી સેવા ભગવાન્ પ્રતિ ગતિ થાય તે માટે ઉત્પન્ન થઈ. આથી[2] પહેલાંના વર્ણો બીજા પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારા હોવાનું વસ્તુતઃ કહેલું છે, જેમકે વૈશ્ય અર્થ પ્રાપ્ત

કરાવનાર, ક્ષત્રિય કામ પ્રાપ્ત કરાવનાર અને બ્રાહ્મણ મોક્ષ પ્રાપ્ત કરાવનાર છે. તેથીજ બ્રાહ્મણને જ મુક્તિ, ક્ષત્રિયને ભોગ, વૈશ્યને અર્થ (અને) શૂદ્રને ધર્મ (પ્રાપ્ત) થાય છે. પાછલનું પહેલાનાને પ્રાપ્ત કરાવનારું હોવાથી, પાછલનું દૂર થાય તે માટેજ[3] પહેલાનું ગ્રહણ કરે છે. તેથી[3] બ્રાહ્મણ મોક્ષ (પ્રાપ્ત કરવા) માટેજ ધર્મ વિગેરે બીજા ધર્મો આચરે છે. તેવી રીતે ક્ષત્રિય ભોગ માટેજ ધર્મ વિગેરે કરે છે. તે પ્રમાણે વૈશ્ય ધન માટેજ ધર્મ કરે છે. શૂદ્ર તો ધર્મ માટેજ સેવાધર્મ આચરે છે. તેથી[૪] બીજા (પુરુષાર્થ) માટે ધર્મ કરતો નહિ હોવાથી આ (શૂદ્ર) ઉત્તમ છે. તેથીજ 'જેની વૃત્તિથી હરિ પ્રસન્ન થાય છે' એમ (કહેલું છે). વળી હરિ સર્વનાં દુઃખ હરનારા છે, અને સેવા (કરવા)થી દુઃખ જાય છે. તેથી પોતે કરવાનું (શૂદ્ર) કરે છે તેથી પણ (હરિ) પ્રસન્ન થાય છે. તેવી સેવામાં, અથવા તેનો નિર્વાહ થાય તે માટે શૂદ્ર 'પહેલાં' કલ્પના આરંભમાં ઉત્પન્ન થએલો છે. હમણાના (શૂદ્રો) તો તે (શૂદ્ર)માંથી ઉત્પન્ન થએલા છે.

'શુશ્રૂષાયાં' શુશ્રૂષામાંથી 'ભવઃ' ઉત્પન્ન થએલો, એમ ('શુશ્રૂષા' શબ્દમાંના) બે 'શ' અને બે 'ઉ' બે ભેગા થતાં, (અને) તેમાંના એક બાકી રહેતાં 'શૂ' થાય છે અને 'સન્[૫]' પ્રત્યયનો (તે) 'જશ્' હોવાથી 'દ્' થાય છે, અને રેફ ('શ્રૂ'માંનો 'ર્')નો પરોક્ષનો અર્થ દર્શાવવા અદલોબદલો થાય છે. 'અપ્રત્યયાત્' (પાણિનિ. ૩।૩।૧૦૨) એ સૂત્ર પ્રમાણે અંતે 'સન્' પ્રત્યય હોવાથી 'અ' થાય છે; અને સ્ત્રીલિંગ ન હોવાથી 'ટાપ્'(પ્રત્યય) લાગતો નથી('આ' થતો નથી). ('શૂ+દ્+ર્+અ= શૂદ્ર' શબ્દ થયો). અથવા તદ્ધિત 'અણ્' પ્રત્યય લાગે છે, (અને) પરોક્ષનો અર્થ જણાવવા વૃદ્ધિ થતી નથી[૬]. 'તે (હંસ)થી અનાદર (થવાનું) સાંભળતાં આને શોક (થયો), ત્યારપછી ગળવા લાગ્યો' (બ્ર.સૂ. ૧।૩।૩૪) એ સૂત્રમાં તો સંબંધથી બીજા પ્રકારે 'શૂદ્ર' શબ્દની ઉત્પત્તિ કરેલી છે, તે જાતિ (વર્ણ)માં ઉપયોગી નથી[૬]. અથવા 'પહેલાં[૭] શૂદ્ર (ઉત્પન્ન થયો)' શબ્દોથી કાલના ભેદથી તે વ્યુત્પત્તિનું સ્થાપન કરે છે, કારણ કે તે (શૂદ્ર) જ્યાં સુધી સેવા કરતો નથી, ત્યાંસુધી શોકથીજ ગળે છે, કારણ કે તેને અર્થ વિગેરે (પુરુષાર્થો) (પ્રાપ્ત) થતા ન હોવાથી, જો ધર્મ પણ (પ્રાપ્ત) ન થાય, તો શોક થાય અને તેથી તે ગળે. પહેલાં આ શૂદ્ર થાય છે, પરંતુ પાછલથી માત્ર (શૂદ્ર) વર્ણ થાય છે. (પાછલથી) શોક ન થવાનું કારણ 'જેની વૃત્તિથી હરિ પ્રસન્ન થાય છે' શબ્દોથી કહેલું છે. હરિની પ્રસન્નતાથી બધુંએ પ્રાપ્ત થાય છે, એવો અર્થ છે[૭]. ૩૩.

૧. 'સેવા' એટલે કાયાની ક્રિયારૂપ પરિચર્યા. (પ્ર).
૨. 'આથી' એટલે શૂદ્ર વર્ણને ધર્મ પ્રાપ્ત કરાવનાર કહ્યો તેથી. (પ્ર)

૩..૩. પાછલનો પુરુષાર્થ પહેલાંના પુરુષાર્થને પ્રાપ્ત કરાવનારો હોવાથી, પાછલના 'અર્થ' દૂર થવું જેનાથી છે તેવા પહેલાના પુરુષાર્થને ગ્રહણ કરે છે, માત્ર પહેલાના (પુરુષાર્થ) માટેજ આદર હોય છે, એવો અર્થ છે. (પ્ર)

૪...૪. આ ભાગથી ઉપર નોટ ૩માં કહેલા અર્થનું વિવેચન કરેલું છે. (પ્ર)

૫. 'શુશ્રૂષા' માં છેલ્લા 'ષ' છે તે 'સ્' પ્રત્યયનો થએલ છે તેનો પાણિનિ 'ઝલાં જશોઽન્તે' ૮।૨।૩૯ પ્રમાણે 'દ્' થાય છે.

૬...૬. 'શૂદ્ર' શબ્દથી વ્યુત્પત્તિ ઉપર જણાવી, તે શ્રુતિ તથા સૂત્રથી વિરુદ્ધ છે એવી શંકા થાય, તે આ ભાગથી દૂર કરે છે. ત્યાં (સૂત્રમાં) જૂદું પ્રકરણ (ક્ષત્રિયને શોક થએલ તેને માટે 'શૂદ્ર' શબ્દ યોજેલ) હોવાથી, તે સ્વીકારીએ નહિ તો તેમાં દોષ નથી એવો અર્થ છે. (પ્ર)

૭...૭. એ સૂત્રમાં કરેલી વ્યુત્પત્તિ લઈ, શ્રુતિ સૂત્રનો વિરોધ ન આવે તે પ્રમાણે અર્થ કરે છે. (પ્ર)

એ પ્રમાણે વર્ણોની ઉત્પત્તિ કહીને, નીચેના શ્લોકમાં ભગવાન્ માટે તેમનો ઉપયોગ (થવાનું) કહે છેઃ

**એતે વર્ણાઃ સ્વધર્મેણ યજન્તિ સ્વગુરું હરિમ્ ।।**
**શ્રદ્ધયા આત્મવિશુદ્ધ્યર્થં યજ્જાતાઃ સહ વૃત્તિભિઃ ।।૩૪।।**

આ વર્ણો અંતઃકરણની શુદ્ધિ માટે પોતાના ગુરુ હરિનું પોતાના ધર્મ વડે શ્રદ્ધાથી પૂજન કરે છે, કારણ કે ધંધાઓ સાથે ઉત્પન્ન થએલા છે. ૩૪.

'પોતાના ધર્મ વડે' એટલે વાણી વિગેરેની ક્રિયાથી, કારણ કે તે તેમનો પોતાનો કુદરતી ધર્મ છે, જેમકે વાણીની ક્રિયાથી ભગવાનનું પૂજન બ્રાહ્મણનો રક્ષણ વિગેરેથી ભગવાનનું ભજન ક્ષત્રિયનો, સેવામાં ઉપયોગી પદાર્થોના દાનથી (ભગવાનનું ભજન) વૈશ્યનો, અને સેવાથી (ભગવાનનું ભજન) શૂદ્રનો. તે પૈકી સેવા સર્વને સહેલાઈથી પ્રાપ્ત થાય તેવો પ્રથમ ક્રમ છે. જો બધાએ માત્ર ભગવાનની પ્રસન્નતાનીજ ઈચ્છા રાખતા હોય, તો (તેમણે) સેવાજ કરવી જોઈએ. જો પોતાના ધર્મ પ્રમાણે (ભગવાનની) સેવા કરવા ઈચ્છતા હોય, તો પોતાનો ધર્મ થઈ શકે તે માટે (તેમણે) સેવા કરવી જોઈએ. (તેમ કરે) ત્યારે પોતાના ધર્મનું ફલ કહેવા, તે માટે ઉપયોગી ભગવાનના ગુણો 'પોતાના ગુરુ હરિ' શબ્દોથી કહેલા છે. જે આવશ્યક હોય (જેમના વિના ચાલીજ ન શકે), તે જ પોતાના ધર્મથી ઉપાસના કરવા યોગ્ય છે. તેમાં ભગવાન્ ધર્મનો ઉપદેશ કરનારા હોવાથી, તે જ ઉપાસના કરવા યોગ્ય છે, કારણ કે તેમણે ધર્મની સાથે (વર્ણને) ઉત્પન્ન કરેલ હોવાથી, તે પોતાના ગુરુ છે. સત્ય જણાવતાં જે શબ્દનો ઉચ્ચાર કરાવે તે ગુરુ છે. ભગવાન્ એમજ (કરે છે) કારણ કે ધંધો એટલે પોતાનો ધર્મ પ્રથમ ઉત્પન્ન કરીને પછી તે (કરવા) માટે (આપણ) પોતાને ઉત્પન્ન કરે છે. વળી તે પ્રમાણેજ કરવાથી આનું દુઃખ જતું રહેશે એવો નિયમ હોવાથી, તેમ કરનાર હરિ (દુઃખ હરનાર) છે. 'પૂજન કરે છે' શબ્દથી (પૂજન) થએલું

(થતું) હોય તેમ જણાવેલું છે. ઉત્પત્તિથીજ (પોતાનો) ધર્મ અને (તેનો) પ્રકાર જાણેલા હોવાથી, (પૂજન કરવામાં) વિલંબ થતો ન હોવાથી અને (તે) પૂરું થએલ ન હોવાથી ભગવાનનું ભજન સદાએ ચાલુ હોય છે. 'પૂજન કરે છે' શબ્દથી એમ સૂચવેલું છે કે તેમની (ભગવાનની) પ્રીતિ ઉત્પન્ન થાય તે પ્રકારે પોતાનો ધર્મ આચરવો જોઈએ. 'શ્રદ્ધાથી' શબ્દથી સર્વ (કાર્ય)માં સાધન કહેલું છે. 'આત્મવિશુદ્ધિઃ' એટલે અંતઃકરણની શુદ્ધિ, (એ) સર્વ સ્થલે પાખંડી ન હોય તેમનું ચોક્કસ ફલ (કહેલું છે). અંતઃકરણ શુદ્ધ થાય ત્યારે તો સર્વત્ર (સર્વ કાર્ય કરવા માટે) અધિકારી થાય છે, પછી સર્વ (ફલ) સહેલાઈથી પ્રાપ્ત થાય છે. 'સદા ચાલુ સેવાનો આ કેવો આગ્રહ ?' એવો પ્રશ્ન થાય, તેથી કહે છે કે 'યત્' કારણ કે પોતાના ધંધાઓ સાથે ઉત્પન્ન થએલા છે, ભજન કરવામાં ન આવે તો અમુક સમય પછી ધંધા વિનાના કરશે એવો (અર્થ છે). ૩૪.

એ પ્રમાણે ભગવાને (૧) સમૂહ અને વ્યક્તિઓનાં સ્વરૂપ ઉત્પન્ન કર્યા (૨) તેમાં સર્વ દેવોના ભોગ કર્યા (૩) પોતાને માટે ચાર વર્ણો ઉત્પન્ન કર્યા અને (૪) તેમણે કરવાનાં ભગવાનના ભજનનો પ્રકાર (ઉત્પન્ન કર્યો) એ ચાર કહીને, નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છેઃ

**એતત્ક્ષત્તર્ભગવતો દૈવકર્માત્મરૂપિણઃ ।।**
**કઃ શ્રદ્દધ્યાદુપાકર્તું યોગમાયાબલોદયમ્ ।।૩૬।।**

હે સંયમી ! દૈવ, કર્મ અને સ્વભાવરૂપ ભગવાનના યોગમાયાના બલના ઉદયવાળા આ (ચરિત્રનો) આરંભ કરવાની શ્રદ્ધા કોણ કરે ? ૩૫.

આ ચારજ મેં સૂચન કરવા માટે કહેલાં છે. વધારે તો પોતેજ જાણવું જોઈએ, એવી ચતુરાઈ (વિદુરમાં) છે એમ જણાવવા ''હે સંયમી ! એવું સંબોધન (કરેલું છે). (ભગવાનના) એક વીર્યનો અંશ બનેલી ક્રિયાશક્તિના કરોડમા ભાગમાંથી થોડો કહ્યો, બાકીના પૂરેપૂરાજ ભગવાન્ (કહેવાના રહ્યા), તે (અર્થ) 'ભગવાનના' શબ્દથી કહેલ છે. તેમાં પણ 'દૈવ, કર્મ અને સ્વભાવરૂપ' શબ્દથી ત્રણનો સંયોગ કહેલો છે. 'દૈવ' એટલે કાલ, પ્રાણીઓનાં કર્મ, અને 'આત્મા' એટલે સ્વભાવ. આ પણ (ભગવાનના) પોતાનાંજ રૂપો છે. તે રૂપો છે જેમના તેવા (ભગવાન્ છે). જ્યારે એક રૂપ પણ અનંત થાય છે, ત્યારે તે ચારરૂપવાળા એટલે ચાર અનંત રૂપવાળાનું વર્ણન કોણજ કરે ? વળી યોગમાયાના બલનો ઉદય છે જેમાં, આવું (ભગવાનનું) ચરિત્ર છે, કારણ કે યોગમાયા એક ક્ષણમાંજ કરોડો બ્રહ્માંડો રચવાની શક્તિવાળી છે, તેનું પણ બલ ભગવાનના ગુણોને લીધેજ છે. અથવા યોગમાયા સાધન છે. યોગમાયાથી જે બલનો ઉદય થાય છે, (તેવા બલના ઉદયવાળાં ચરિત્રનો આરંભ

કરવાની શ્રદ્ધા કોણ કરે ?) 'આરંભ કરવાની' (શબ્દથી એમ કહેલું છે કે) જેમ વેદોનો ઉપાકરણથી આરંભ કરવામાં આવે છે, અને ઉત્સર્ગથી પૂરા કરવામાં આવે છે તેવી રીતે ભગવાનના ગુણો પણ મુખ્ય વિદ્યા હોવાથી તેમનું ઉપાકરણ (આરંભ) કરવું યોગ્ય છે. સમાપ્તિ (થવી) દૂર રહી, આરંભ કરવાની પણ, કોઈનીએ શક્તિ નથી. આરંભ થવો પણ દૂર રહ્યો, 'હું (આરંભ) કરીશ' એવો પ્રારંભ પણ કોણ કરે ? (પ્રારંભની) નજીક જઈને (તે કરવાની) શ્રદ્ધા પણ કોણ કરે ? તેથી મેં ચાર મૂર્તિવાળા ભગવાનના ઉપર ઉપરથી ગુણો કહેલા છે. ૩૫.

વળી આટલાથી હું અટક્યો નથી, પરંતુ (ભગવાનના) ગુણોજ અનંત છે, તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**અદ્યાપિ કીર્તયામ્યંગ! યથામતિ યથાશ્રુતમ્ ।।**
**કીર્તિં હરેઃ સ્વાં સત્કર્તું ગિરમન્યાભિધાસતીમ્ ।।૩૬।।**

હે ભાઈ ! બીજાના વર્ણનથી દુષ્ટ થએલી પોતાની વાણીને પવિત્ર કરવા હજી પણ હું મારી મતિ પ્રમાણે મેં સાંભળ્યું છે તેવું હરિની કીર્તિનાં ગાન કરું છું. ૩૬.

(મૈત્રેય) છેતરતો નથી એમ જણાવવા 'હે ભાઈ !' એવું કોમલ સંબોધન કરેલું છે. 'હજી પણ' એટલે જ્યારથી હું ઉત્પન્ન થયો ત્યારથી હજી સુધી મરણ સુધી હું (હરિની કીર્તિનું તે) પોતાનો ધર્મ હોવાથી કીર્તનજ કરીશ, પરંતુ હું નાનો જીવ હોવાથી ખાસ ગુણ એ છે કે (મારી) મતિ પ્રમાણે, એટલે મતિનું ઉલ્લંઘન કર્યા વિના, જેટલું હું જાણું છું તેટલુંજ કહું છું પણ કલ્પના કરીને કહેતો નથી, તે પણ 'મેં સાંભળ્યું છે તેવું' ગુરુ પાસેથી સાંભળેલું તેનું ઉલ્લંઘન કર્યા વિના કહું છું. આથી એમ કહેવાયું કે ભગવાનના ગુણો ફરી ફરી (કહું છું). તે(મ કરવા)નું પ્રયોજન 'હરિની કીર્તિનું' શબ્દોથી કહેલું છે. નવું સાંભળવાની શક્તિ તેમજ ઉપાય નથી, અને પ્રયોજન પણ નથી; કારણ કે (ભગવાનનો ગુણ) હદ વિનાનો[1] છે અને (નવું સાંભળવાનો) પોતાનો ધર્મ[2] નથી. તેથી જેટલાનું કીર્તન થઈ શકે તેટલુંજ સાંભળવું. તેથી થોડું શ્રવણ કરીને તેનુંજ કીર્તન કરું છું, તે (અર્થ) એકવચનથી[3] કહેવો છે. કીર્તિ 'હરિની[4]' હોવાથી તેટલાથીજ ભગવાન્ દુઃખ દૂર કરશે તેથી (નવું સાંભળવાનું પ્રયોજન નથી). 'પોતાની વાણીને પવિત્ર કરવા' વારંવાર કીર્તન કરવાનું તો પ્રયોજન છે. બીજા પદાર્થોનાં 'અભિધયા' વર્ણનથી આ મારી વાણી દુષ્ટ થએલી છે. ભગવાને પોતાને માટેજ આપણને ઉત્પન્ન કરેલા છે, અને વાણી પોતાની સેવા કરવા આપેલી છે. તેના પતિ ભગવાન્ છે. ભગવાનના વિષયમાં (તેને તે) પોતે પ્રેરે છે, અને તેમ (હોવાથી) પોતાની મેળે અથવા મારી પ્રેરણાથી બીજા (વિષય)નું વર્ણન કરીને વાણી

વ્યભિચારિણી થઈ. પવિત્ર કરેલી તે ભગવાનમાં યોજવાની હોવાથી તેને હમણાં હું પવિત્ર કરું છું. તેથી (તે) પવિત્ર થાય તે માટે (ભગવાનની કીર્તિનું) ઘણા પ્રકારે ગાન કરું છું. આથી એમ (કહેલું છે કે) જેને જેને ભગવાને પોતાના માટે જે સાધન આપેલું છે, તેણે તેણે તેનો બીજામાં ઉપયોગ કર્યા પછી, તે શુદ્ધ થાય તે માટે તેને વારંવાર ભગવાનમાં યોજવું. ૩૬.

૧.ભગવાનનો એક ગુણ પણ હદવિનાનો છે. આથી નવું સાંભળવાની અશક્તિ હોવાનું કારણ કહ્યું. (પ્ર)

૨. ગુરુ પાસેથી સાંભળવું એ પોતાનો ધર્મ છે, અને મતિ થોડી હોવાથી તે થઈ શકે તેમ નથી, કારણ કે શ્રવણ કરવું એટલે શબ્દના અર્થ અને તાત્પર્યને જાણવું. તેથી મતિ નહિ હોવાથીજ, નવું શ્રવણ કરવાનો પોતાનો ધર્મ નથી તેથીજ નવું સાંભળવાનો ઉપાય પણ નથી. (પ્ર)

૩. 'હરિની કીર્તિ' એમ 'કીર્તિ' શબ્દ એકવચનનો હોવાથી. (પ્ર)

૪. 'હરિ' શબ્દથી નવું સાંભળવાનું પ્રયોજન ન હોવાનું કહેલું છે. (પ્ર)

એ પ્રમાણે ઉપસંહાર કરીને, નીચેના શ્લોકમાં બધાનું નિશ્ચિત કરેલું જન્મનું ફલ કહે છેઃ

**એકાન્તલાભં વચસો નુ પુંસાં સુશ્લોકમૌલેર્ગુણવાદમાહુઃ ।।**
**શ્રુતેશ્ચ વિદ્વદ્ભિરુપાકૃતાયાં કથાસુધાયામુપસંપ્રયોગમ્ ।।૩૭।।**

ઉત્તમ કીર્તિ જેમના મુકુટમાં છે તેમના ગુણોનું ગાન ખરેખર ! પુરુષોનો અને વાણીનો સંપૂર્ણ લાભ કહેલો છે, અને વિદ્વાનોએ આરંભ કરેલી કથારૂપ સુધામાં નજીકથી સારી રીતે ઘણો ઉપયોગ કાનનો અને પુરુષોનો સંપૂર્ણ લાભ કહેલો છે. ૩૭.

બીજી ઈન્દ્રિયો માત્ર ભગવાનના કાર્ય માટે યોજી શકાય તેવી નથી, કારણ કે દેહને માટે તેમનો ઉપયોગ જરુરી છે, અને દુષ્ટ (ઈન્દ્રિયો) ભગવાનમાં યોજવા યોગ્ય નથી. બે હાથ સદા અમંગલ (પદાર્થો)નો સ્પર્શ કરનારા છે. તેવી જ બે આંખો છે. તેવી રીતે બીજી (ઈન્દ્રિયો) પણ જો દેહના નિભાવ માટે અવશ્ય બીજાના ઉપયોગમાં યોજવાની હોય, તો ભગવાન્ માટે પોતેજ શુદ્ધ હોય તેવું, અથવા શુદ્ધ કરીને કાંઈક રાખવું જોઈએ, તે સંજોગોમાં વાણી ઈન્દ્રિય અને કાન બે રાખવા યોગ્ય છે. આ બેને દેહના ઉપયોગમાં લેવાનું જરુરી નથી. તેથી જો આ બે ભગવાનની કૃપાથી પોતાને (ભગવાનને) માટે પ્રાપ્ત થએલાં હોય, તો ભગવાનના ગુણો ગાવા અને સાંભળવા જોઈએ, બીજું કાંઈ બોલવું અથવા સાંભળવું ન જોઈએ, તે (અર્થ) (આ શ્લોકમાં) કહે છે. 'વચસઃ' વાણી ઈન્દ્રિયનો 'એકાંતલાભઃ' 'સંપૂર્ણ લાભ' એક ભગવાન્ અથવા પોતાનું (ભગવાનનું) કાર્યજ અંત છે જેનો (તેવો છે). લાભ ભગવાનની પ્રાપ્તિથીજ સંપૂર્ણ થાય છે. 'તે કયો લાભ ?' એ જાણવાની ઈચ્છા થાય,

તેથી 'ઉત્તમ કીર્તિ જેમના મુકુટમાં છે તેમના ગુણોનું ગાન' શબ્દો કહેલા છે. કીર્તિનું સ્થાપન કરનારા ભાગવત વિગેરેરૂપ ઉત્તમ શ્લોકો, અથવા તેમાં સિદ્ધ કરેલી કીર્તિ છે મુકુટમાં જેમના તેવા (ભગવાન્ છે). આથી એમ કહેલું છે કે તેમની કીર્તિ મુકુટરૂપ છે, જો આ (પુરુષ) તેનું માર્જન કરે તો 'બધા અંગોમાં શિર મુખ્ય છે' એ (નિયમ) પ્રમાણે, શિરનુંજ ભૂષણ ધરાવેલું થાય. તેવા ભગવાનના ગુણોનું ગાન, એટલે (તેમની) સરસાઈ સિદ્ધ કરનારા ગુણો પ્રેમસહિત કહેવા, તેને લાભ કહેલો છે, એવો (વાક્યનો) સંબંધ છે. 'કહેલો છે' શબ્દથી પ્રમાણ (જણાવેલું છે). આ માત્ર વાણીનોજ લાભ નથી, પરંતુ 'અનુ' પાછલથી 'નુ' ખરેખર પુરુષોનો પણ લાભ છે. તે (વાણી)ના ઉપયોગ માટે બીજી ઈન્દ્રિયોની ક્રિયા કરવાથી પોતાનો પણ ઉપયોગ થતાં, પોતાનો તેમાં ઉપયોગ થવાથી, કીર્તન દ્વારા બધીએ ઈન્દ્રિયો અને (પુરુષ) પોતે પણ સફલ થાય છે.

વળી કાનનો પણ આજ લાભ છે. 'ચ' 'અને' શબ્દથી (એમ જણાવેલું છે કે) તેમને અનુસરનારા પુરુષોનો પણ (આ લાભ છે). વિદ્વાનોએ 'ઉપાકૃતાયામ્' આરંભ કરેલી ભગવાનની કથામાં 'ઉપસંપ્રયોગમ્' નજીકથી સારી રીતે ઘણો સંબંધ થાય છે જેનો તેવો કાન, એટલે અમૃતરૂપ કથાનું શ્રવણ એવો અર્થ છે. તે કાનનો લાભ છે. કાનનો ખાસ ગુણ કહેવામાં આવે છે કે–''ભગવાનની કથાનુંજ શ્રવણ કરવું, તેમાં પણ પ્રેમથી કહેલી અમૃતરૂપ, (અને) તે પણ વિદ્વાનોએજ કહેલી (કથા સાંભળવી). તેમ ન હોય તો અજ્ઞાનીઓ ખોટી (કથા) કહે તેવો સંભવ હોવાથી, તે (તેમણે કહેલા) પદાર્થો વાસ્તવિક રીતે ભગવાનના સંબંધવાળા ન હોવાથી, ભગવાનની કથામાં તે સાંભળવામાં કાનનો વ્યભિચારજ થાય. તેથી ભગવાનના સંબંધવાળા પદાર્થોનું શ્રવણ થાય તે માટે વિદ્વાનોએજ કહેલું સાંભળવું. તેઓ પણ બીજો વિષય કહેવાનો આરંભ કરે, ત્યારે પ્રયોજન ન હોવાથી તે ન સાંભળવું. તે (અર્થ) 'આરંભ કરેલી' વિશેષણથી કહેલો છે. કથા એટલે સંબંધવાળી વાર્તા. તે જ સુધારૂપ રસ ઉત્પન્ન કરનારી અને મૃત્યુને હઠાવનારી છે. તે શ્રવણ પણ દૂરથી કરવાનું નથી. અંતઃકરણની શુદ્ધિ દ્વારા જ્ઞાન પ્રાપ્ત થશે એવો દ્રવિડમંડકનો ન્યાય[૧] ભગવાનના ગુણો વિષે ન કરવો. પોતામાં પરિણમે (પોતાનો પણ થાય) (તેવો ઉપયોગ), એ 'સારી રીતે (ઉપયોગ)' ભૂલાય નહિ તેવો (ઉપયોગ, તે) 'ઘણો (ઉપયોગ)'. જો એ પ્રમાણે શ્રવણ કરે તો કાન અને પોતે ભગવાનના કાર્યમાં આવેલા થાય, તેમ ન કરે તો નકામો અથવા કાલના ઉપયોગનો અથવા કાગડાના ઉપયોગનો (થાય). ૩૭.

૧. દ્રવિડ દેશમાં ઘઉં નહિ હોવાથી માલપૂવાં થતાં નથી. તેથી ત્યાંના રહીશોને તે બનાવતાં અને ખાતાં આવડતા નથી. મધ્યદેશમાં આવેલા કોઈક દ્રવિડવાસીએ પૂછ્યું કે 'માલપૂવાં કેમ ખવાય ?' ત્યારે કોઈએ તેની મશ્કરી કરી કે બે પગની વચ્ચેથી તથા પાછલથી હાથ વાળીને મોઢામાં મૂકી ખાવા. એ રીતે ખોટો ક્રમ જણાવે તે દ્રવિડમંડકન્યાય.(પ્ર)

'થોડુંજ કહીને ઉપસંહાર કેમ કર્યો ?' અથવા સ્વાર્થ માટે કહેવામાં આવે છે એમ કેમ કહ્યું ? અથવા 'ભગવાનનું માહાત્મ્ય જાણવું જોઈએ, તેથી ભક્તિ (પ્રાપ્ત) થાય, (અને) તેથી ભગવાન્ સાથે સાયુજ્ય (પ્રાપ્ત) થાય', એવો આ ક્રમ તજીને, 'વાણીની શુદ્ધિ થાય તે માટે ગુણોનું ગાન કરવું અને ઈન્દ્રિયોનો લાભ થાય તે માટે શ્રવણ અને કીર્તન કરવાં' એમ એવું કેમ કહ્યું ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**આત્મનોઽવસિતો વત્સ! મહિમા કવિનાઽઽદિના ।।**
**સંવત્સરસહસ્રાન્તે ધિયા યોગવિપક્વયા ।।૩૮।।**

હે વત્સ ! આત્માનો મહિમા એક હજાર વર્ષના અંતે યોગથી પરિપક્વ થએલી બુદ્ધિથી આદિકવિએ જાણ્યો છે ? ૩૮.

'આત્માનો' એટલે ભગવાન્ વાસુદેવનો મહિમા આદિકવિ બ્રહ્માએ પણ, એક હજાર વર્ષ સુધી તપ અને યોગ આચરીને તે પરિપક્વ થયાં ત્યારે એક હજાર વર્ષ પછી યોગથી પરિપક્વ થએલી બુદ્ધિથી પણ જાણ્યો છે ? ખરેખર ! નથીજ જાણ્યો. બ્રહ્મા જેમની કથા આગળ કહેવાની છે, તેમણે પણ, તપ કરીને પણ, ઘણા સમયે પણ (ભગવાનનો) મહિમા જાણ્યો નથી, તો પછી બીજો કોણ જાણવાનો છે ? આ માટેજ તેમની (બ્રહ્માની) કથા કહીશ, એવો ભાવ છે, તેથી ઈન્દ્રિયોનો લાભ થાય ત્યારેજ, ભગવાનના ગુણનું કીર્તન કરતાં ધીરેધીરે બધોએ દેહ સ્વાધીન થાય ત્યારે, સાક્ષાત્ વૈકુંઠમાં સુખથી ભગવાનની સેવા કરી શકાય છે, એવો મૈત્રેયનો સિદ્ધાંત છે. આ મતને ખોટો જણાવીને જે ઉલટું કહેશે તેને (મૈત્રેય) ભૂલેલા તરીકે આગળ ખોટો (હોવાનું) કહેશે. 'આત્માનો' એટલે આત્મા (પોતે) તરીકે પણ પ્રકાશનારનો, (એ) શબ્દથી વસ્તુની પ્રાપ્તિ થતી ન હોવાથી (તે) દુર્લભ છે એવા વિચારને ખોટો જણાવેલો છે. 'કિમ્' 'શું' શબ્દ અધ્યાહાર રાખીને[1], અથવા ઉલટો અર્થ સૂચવવા અવાજ બદલવાની કલ્પના કરીને[1], તેવો (અર્થ) કરવો.

અથવા બ્રહ્માએજ જાણ્યો છે. તેને ત્રણ સાધન હતાં. ૧.આરંભમાં ભગવાન્ આત્મા તરીકે પ્રકટ થએલા ૨.તે પોતે પણ વેદ જેની અંદર છે તેવા આદિકવિ છે. આથી એમ કહેલું છે કે પ્રમેય અને પ્રમાણ (તેને) પ્રાપ્ત થએલાં. ૩.એક હજાર વર્ષનાં અંતે વિગેરે સાધન છે. આવાં ત્રણ સાધન થાય ત્યારે ફલ થવું યોગ્ય છે, એવો અર્થ છે,

અથવા તો પણ તેને ફલ મળ્યું નથી એમ શંકા પડતું છે. ૩૮

૧. 'કિમ્' 'શું' શબ્દ પ્રશ્ન પૂછવા ઉપયોગમાં આવે છે. તે અધ્યાહાર હોય તો આદિકવિ (બ્રહ્મા)એ મહિમા જાણ્યો છે ? એવો પ્રશ્ન થાય. આ શબ્દ અધ્યાહાર ન રાખતાં અવાજ બદલી બોલવાથી પણ બ્રહ્માએ મહિમા જાણ્યો નથી એમ સૂચવાય.

બ્રહ્માની કથા ભલે ગમે તેવી હોય, પરંતુ બીજાઓ જેઓ (ભગવાનના) મહિમાનું જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રયાસ કરે છે, અને તે (જ્ઞાન) દ્વારા ભક્તિ માટે પ્રાર્થના કરે છે, તેઓને માત્ર ભગવાનની માયાએ મોહમાં નાખેલા છે. જો કે તેઓ બીજાઓને મોહ પમાડવા તે પ્રમાણે કહે છે, છતાં પણ ભગવાનની બલવાન માયા તેમને પણ ઘણો મોહ પમાડે છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અતો ભગવતો માયા માયિનામપિ મોહિની ।।**
**યત્સ્વયં ચાત્મવર્ત્માત્મા ન વેદ કિમુતાऽપરે ।।૩૯।।**

તેથી ભગવાનની માયા માયાવાળાઓને પણ મોહ કરનારી છે, કારણ કે આત્મા પોતે પણ પોતાનો માર્ગ જાણતા નથી, તો બીજાઓ ક્યાંથીજ(જાણે) ? ૩૯

કારણ કે તેઓએ (ભગવાનનું) માહાત્મ્ય જાણવાની[1] પ્રવૃત્તિ કરી, 'અતઃ' (તે) કારણથી (તેમને મોહ કર્યો), આ જ ભગવાનની માયા, તેઓએ સંસારને ઘણો મોહ પમાડી મોક્ષ (પ્રાપ્ત કરવા) માટે પ્રવૃત્તિ કરી, તેમને પણ મોહ કર્યો. 'ભગવાનનું માહાત્મ્ય જાણવા જેમણે પ્રવૃત્તિ કરી તેઓ કેમ મોહ પામે ?' એવો પ્રશ્ન થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. આ 'આત્મા' ભગવાન્ પોતાનો માર્ગ પોતે પણ જાણતા નથી તો પછી બીજાઓ ક્યાંથીજ (જાણે) ? કારણ કે તે જેટલું કરે છે તેટલું તેમને અદશ્ય થાય છે[2], કેમકે કોઈ પણ દૂર ગએલો વટેમાર્ગુ પોતે ચાલી કાઢેલો બધોએ માર્ગ જોતો નથી. જો જોતો હોય, તો (તે પરથી) ચાલી ગએલોજ ન હોય. ઘણો ચતુર પુરુષ પણ આગલે દિવસે જેટલું કરે તેટલું ફરીથી કરવાને અથવા જાણવાને શક્તિમાન હોતો નથી. તેથી[3] (ભગવાન્) દરેક ક્ષણે નવાં અનંત બ્રહ્માંડો રચતા હોવાથી, પહેલા જે માર્ગે (જવા)થી હાલ સૃષ્ટિ (રચવા) તૈયાર થયા છે, તે માર્ગ (તે) પોતે પણ જાણતા નથી એમ કહેલું છે[4]. તો પછી, બ્રહ્માંડરૂપ કોઈક ઉંબરા(ના ફલ)માં કીડા પેઠે રહેલા બીજા તેમના સેવકો (જે) પોતાનીજ ગતિ જાણતા નથી તેઓ ભગવાનની ગતિ ક્યાંથી જાણે ? ઉત્પ્રેક્ષા[5] તો પ્રમાણ નથી.

અથવા ''ભગવાનનાં માહાત્મ્યનું જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રવૃત્તિ કરનારને ભગવાનની માયા મોહ કેમ કરે ? તેમ (મોહ કરતી) હોય તો સત્પુરુષોનો માર્ગ વ્યર્થ થાય. બીજાઓને તે મોહ કરે છે એ પ્રસિદ્ધજ છે. ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન પ્રાપ્ત

કરવાની પ્રવૃત્તિ કરવામાં આવે ત્યારે પણ જો (તે) મોહ કરે, તો પ્રમાણો તિલાંજલિ આપેલાં (નાશ પામેલાં) થાય'' એવી શંકા થાય, તેથી 'પોતાને યોગ્ય ન હોય તેવું ઈચ્છનાર પુરુષ પડે છેજ (તેમાં) સંશય નથી' એ નિયમ પ્રમાણે 'માયાનો શું દોષ ?' એમ કહેતાં, ભગવાનનાં માહાત્મ્યનું જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રવૃત્તિ કરનારનું સ્વરૂપ ઉત્તરાર્ધથી કહે છે. પોતે જીવ એટલે આત્મા હોવા છતાં પણ 'હું આદિકલ્પમાં કોણ હતો ? આટલે સુધી કેવી રીતે આવ્યો ?' એવી પોતાની ગતિ જાણતો નથી. સર્વ જાણનારાઓ પણ ત્રણ અથવા ચાર જન્મ(નાં વૃત્તાંત) જાણે છે. એકબીજા જાણી લેશે એ દૂરની કથા છે. શબ્દથી થતું જ્ઞાન આંધળાઓની પરંપરાના નિયમની સમાન હોવાથી બહુ પ્રમાણ નથી. તેથી મેં કહેલો માર્ગજ યોગ્ય છે. વાસ્તવિક રીતે (આ શ્લોકનો) આ જ અર્થ[૬] છે. ઉપર જે અર્થ કર્યો તે બીજાના મત પ્રમાણે[૭] (કરેલો છે). જે હોય તેનું અજ્ઞાન સર્વજ્ઞપણાની હાનિજ કરનારું છે. 'જો ન જાણતા હોય તો' 'કોણ તે જાણે ?' એની પેઠે વેદમાં તો સંદેહ ન હોય, ત્યાં સંદેહના વચન કહેલાં છે. તેથી જે કાંઈ પણ પોતાને કીર્તન કરવામાં ઉપયોગી હોય તેટલું વારંવાર કહેવું, એવો (અર્થ છે). ૩૯.

૧. 'માહાત્મ્ય જાણવાની' એટલે 'માહાત્મ્ય આટલું છે એમ જાણવાની'. (પ્ર)

૨. ભગવાન્ પોતાનો માર્ગ જાણતા નથી, તેનું કારણ અહિં કહેલું છે. 'માર્ગ' શબ્દના બલથી આ વ્યાખ્યાન કરેલું છે. બીજા સ્કંધમાં 'જેમ આકાશ પોતાનો છેડો (જોતું નથી)' એમ અંત ન હોવાથી, તેનું જ્ઞાન ન હોવાનું કહેલું છે, તેમ અહિં પણ માર્ગનો અંત ન હોવાથીજ માર્ગનું અજ્ઞાન કહેલું છે. (પ્ર)

૩. આથી (કાર્યના) પ્રકારો પણ અનંત છે, તેથી અંતનું અજ્ઞાન કહેલું છે. (પ્ર)

૪. 'ઉક્તમ્' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે. આ અર્થ આચાર્યશ્રીને ઈષ્ટ નથી એમ તેમણે 'અથવા'થી આરંભ કરી કરેલા બીજા અર્થમાં સ્પષ્ટ કહેલું હોવાથી 'યુક્તમ્' પાઠ ન લેતાં 'ઉક્તમ્' પાઠ લીધો છે.

૫. 'ઉત્પ્રેક્ષા' એટલે મનની કલ્પના. ભગવાનનો માર્ગ કેવો હોવો જોઈએ, એમ મનથી વિચારી નક્કી કરે તે પ્રમાણ નથી, એવો અર્થ જણાય છે.

૬. આ પેરામાં 'અથવા'થી આરંભી બીજો અર્થ કરેલ છે, તેનું સ્થાપન થાય તે માટે આ કહેલ છે. (પ્ર)

૭. 'બીજાના મત પ્રમાણે' એટલે બીજાના મતના આધારે. (પ્ર) શ્રીધરે એવો અર્થ કરેલ છે.

વળી તે[૧] પણ બીજા ઉપર આધાર રાખનારું હોવાથી અશક્ય છે. તેથી (ભગવાનને) નમનજ કરવું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યતોઽપ્રાપ્ય ન્યવર્તન્ત વાચશ્ચ મનસા સહ ।।**
**અહં ચાન્ય ઈમે દેવાસ્તસ્મૈ ભગવતે નમઃ ।।૪૦।।**

જેમને પ્રાપ્ત કર્યા વિના મન સાથે વાણીઓ, અહંકાર અને આ બીજા દેવો પાછા ફરેલા છે, તે ભગવાનને નમસ્કાર (હો).૪૦.

વાણી અને મન જે ભગવાનને પ્રાપ્ત કર્યા વિનાજ[2] આ તરફ પાછા ફરે છે, અને અહંકાર દેવ, અને ઈન્દ્રિયોના અધિષ્ઠાતા બીજા આ દેવો તેમને પ્રાપ્ત કર્યા વિનાજ પાછા ફરેલા છે. અહિં વાણીઓ વેદરૂપ છે, (અને) તેઓની પણ પહેલાંની ભગવાનના સંબંધવાળી સ્થિતિ મન છે. 'જ્યાંથી (પ્રાપ્ત કર્યા વિના મન સાથે) પાછી ફરે છે' એ શ્રુતિનો પણ આ જ[3] અર્થ છે. તેની પછી અહંકાર, જેનું શ્રુતિમાં તો ''ભગવાને 'હું' એમજ પોતાને જાણ્યા. તે અહંકાર નામનો થયો'' એવું (વર્ણન કરેલું) છે. તે જગતનો રચનાર પોતે પણ આત્મા (ભગવાન્)ને જાણતો નથી[4] અને તેણે જગત્ રચવામાં કામે લગાડેલાં આ તત્ત્વોરૂપ દેવો જાણતા નથી. તેથી (ભગવાનનાં) માહાત્મ્યનું જ્ઞાન દુર્લભ હોવાથી, તેને માટે પ્રયાસ ન કરતાં, માત્ર ભગવાનને નમન કરવું યોગ્ય છે, તે (અર્થ) 'તે ભગવાનને નમસ્કાર (હો)' શબ્દોથી કહેલો છે. હે હરિ ! હે કૃષ્ણ ! આપ જેવા હો તેવાને વારંવાર નમસ્કાર (હો). હે હરિ ! હે કૃષ્ણ ! હું જેવો હોઉં તેવાનું મારું રક્ષણ કરો. ૪૦.

૧. 'તે' એટલે જ્ઞાન પણ ગુરુ ઉપર આધાર રાખનારું હોવાથી અશક્ય છે, એવો અર્થ છે. (પ્ર) 'તે' એટલે પોતે કરવાના કીર્તન માટે ઉપયોગી હોય તેટલું ભગવાનના ગુણનું જ્ઞાન, એવો અર્થ જણાય છે.

૨. 'પ્રાપ્ત કર્યા વિના' એટલે 'ભગવાન્ આટલા છે એમ સારી રીતે જાણ્યા વિના'. (પ્ર)

૩. 'આ જ' એટલે આટલા છે એવું જ્ઞાન ન થાય તે જ. (પ્ર)

૪. 'જાણતો નથી' એટલે 'હું આટલો છું એમ જાણતો નથી'. (પ્ર)

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના છઠ્ઠા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ||અધ્યાય સાતમો ||

**હરેરિન્દ્રિયવર્ગસ્ય મનસઃ સર્ગ ઉચ્યતે ||**
**સંકલ્પેન વિકલ્પેન દ્વિધા તદ્વિનિરૂપ્યતે ||૧||**

હરિની ઈન્દ્રિયોના સમૂહમાં મનની સૃષ્ટિ[1] કહેવામાં આવે છે. સંકલ્પથી અને વિકલ્પથી બે પ્રકારે તે કહેવામાં આવે છે. કા.૧.

**સંકલ્પો નિશ્ચયઃ પ્રોક્તઃ સ ચ સન્દેહપૂર્વકઃ ||**
**અન્યથા જ્ઞાનમેવ સ્યાત્ તદર્થં પ્રથમો દ્વિધા ||૨||**
**વિકલ્પો વિવિધઃ પક્ષસ્તે પ્રશ્ના ઈહ રૂપિતાઃ ||**

સંકલ્પને નિશ્ચય કહેલો છે અને તે સંદેહ પછી (થાય છે). તેમ ન હોય[2] તો (તે) જ્ઞાન જ થાય (ગણાય). તેથી પહેલો (સંકલ્પ) બે પ્રકારે (કહેલો છે). વિકલ્પ એટલે જૂદો જૂદો વિચાર. (તે સંબંધી) તે પ્રશ્નો અહીં કરેલા છે. કા.૨ $^{1}/_{2}$ .

**અત્ર સર્વાણિ કાર્યાણિ પૃષ્ટાનિ ભગવત્કૃતિમ્ ||૩||**
**જ્ઞાતું સા મનસા ભાવ્યા પૂર્વં ચાપિ કૃતૌ મનઃ ||**

અહિં ભગવાનની કૃતિ જાણવા માટે સર્વ કાર્યો પૂછેલાં છે. તે (કૃતિ) પહેલાં મનથી વિચારવી, અને કૃતિમાં પણ મન (પરોવવું). કા.૩ $^{1}/_{2}$ .

||શ્રી શુક ઉવાચ ||

**એવં બ્રુવાણં મૈત્રેયં દ્વૈપાયનસુતો બુધઃ ||**
**પ્રીણયન્નિવ ભારત્યા વિદુરઃ પ્રત્યભાષત ||૧||** [3]

એ પ્રમાણે કહેનાર મૈત્રેયને દ્વૈપાયનના જ્ઞાની પુત્ર વિદુર વાણીથી પ્રસન્ન કરતા હોય તેમ કહેવા લાગ્યા.૧.

૧. મન દ્વારા ઈન્દ્રિયોનું નિરૂપણ એ આ અધ્યાયનો અર્થ છે. (પ્ર)
૨. 'તેમ ન હોય તો' એટલે સંકલ્પ તેવો ન હોય તો. (પ્ર)
૩. આ શ્લોક ઘણા ભાગે ઘૂસાડેલો જણાય છે. (પ્ર) આચાર્યશ્રીએ આના પર ટીકા લખી નથી.

'પુષ્પોમાંથી સાર કાઢીને....' (૩|૫|૧૫) એવો પ્રશ્ન થતાં, પોતાની બુદ્ધિથી જેટલો (સાર) કાઢેલો, તેટલું ગયા અધ્યાયના અંતે (અંત સુધી) કહ્યું. તેમાં 'કારણ કે આત્મા પોતે પણ પોતાનો માર્ગ જાણતા નથી' (૩|૬|૩૯) એવું વચન હોવાથી, ભગવાનનું અલૌકિક સામર્થ્ય ઘણા ભાગે આને[1] સંમત નથી એવા વિચારથી, તે અભિપ્રાય[2] પ્રમાણે જીવમાં અને ભગવાનમાં સંદેહ પડતા બે વિષયોના પ્રશ્ન (વિદુર) કરે છે. તે પૈકી આરંભમાં ભગવાન સંબંધી ચાર સંદેહ અને જીવ સંબંધી

બે (સંદેહ)ના પ્રશ્નો કરે છેઃ

॥ વિદુર ઉવાચ ॥

**બ્રહ્મન્! કથં ભગવતશ્ચિન્માત્રસ્યાવિકારિણઃ ॥**
**લીલયા ચાપિ યુજ્યેરન્નિર્ગુણસ્ય ગુણાઃ ક્રિયાઃ ॥૧॥**

હે બ્રહ્મન્! વિકારરહિત નિર્ગુણ માત્ર ચેતનરૂપ ભગવાનને લીલાથી પણ ગુણો અને ક્રિયાઓ[3] હોવાનું કેમ (સંભવે ?)૧.

તમે (મૈત્રેયે) સાધન વગેરેની ક્રિયાઓ[3] એક પ્રકારની કહી, તે પણ ગુણાતીત જ છે એમ કહી શકાય નહિ. જો ગુણવાળી હોય તો કાર્ય (ક્રિયાઓ) અને કારણ (ભગવાન્) જૂદા પ્રકારના થાય. નિશ્ચિત જ્ઞાન થયેલું હોય ત્યારે જ બ્રહ્મની સ્થિતિ (પ્રાપ્ત) થતી હોવાથી, તેમને (મૈત્રેયને) તો નિશ્ચિત (જ્ઞાન) છે જ, પરંતુ (મને) બોધ થાય તે માટે પૂછું છું એમ ઉદ્ધતપણું હોવાની શંકા દૂર થાય તે માટે 'હે બ્રહ્મન્!' એવું સંબોધન (કરેલું છે). 'કેમ (હોઈ શકે) ?' એ પ્રકાર સંબંધી પ્રશ્ન છે. 'માત્ર ચેતનરૂપ ભગવાનને' શબ્દોથી (એમ જણાવેલું છે કે) ભગવાન્ શબ્દ(નો અહિં અર્થ) વ્યુત્પત્તિ પ્રમાણે નથી, પરંતુ રૂઢિથી બ્રહ્મના અર્થવાળો છે, અને તે (બ્રહ્મ) માત્ર ચેતનરૂપ હોવાથી (તેને) ધર્મ[4] શક્તિ[4] વિશેષ[4] તથા સ્વરૂપ[4] ન હોવાથી, અર્થ અને શબ્દનો સંબંધ ન હોવાથી[5], અને વર્ણન ન થઈ શકે તેવું (તે) હોવાથી, તેવું (બ્રહ્મ) જગત્ રચનાર કેમ હોય? વળી કર્તા હોવું વિગેરે વિકારવાળા ગુણો વિકારવાળાના હોય. તેથી પ્રયોજન સંબંધી સંદેહ અને પૂર્વપક્ષ ન હોવા છતાં પણ વિકારવિનાના નિર્ગુણ ભગવાનને ગુણો અને ક્રિયાઓ કેમ હોય ? એવો બીજના સંદેહ સંબંધી પ્રશ્ન છે, કારણ કે બીજ[6] અને પ્રયોજન[7] વિના કાર્ય થતું નથી. તે પૈકી પરમાનંદ (ભગવાન્)ને જગતમાં કોઈ પ્રયોજન છે જ નહિ. 'લોકની પેઠે માત્ર લીલા' (બ્ર.સૂ. ૨।૧।૩૩) એ નિયમ પ્રમાણે પ્રયોજન ન હોવા છતાં (ભગવાન્) લીલાથી (જગત્) રચે છે' એમ કહો તો, લીલા પણ સંભવતી નથી એમ આગળ કહેશે. અથવા લીલા ભલે હોય, છતાં પણ ભગવાન્ જગતનું બીજ નથી, કારણ કે જૂદા પ્રકારના છે. (૧) જગત્ જડ વિકારવાળું અને જૂદા જૂદા આકારવાળું છે, જ્યારે ભગવાન્ માત્ર ચેતનરૂપ અને વિકારવિનાના છે. વળી (૨) જગત્ સગુણ છે જ્યારે ભગવાન્ નિર્ગુણ છે. તેથી કાર્ય અને કારણ જૂદા પ્રકારના થતાં હોવાથી, જગત્ ભગવાનનું કાર્ય નથી. જો કે ચિંતામણિમાંથી તેનાથી જૂદા પ્રકારનું બધુએ કાર્ય ઉત્પન્ન થાય છે, છતાં પણ પૂર્વપક્ષીના મત પ્રમાણે માત્ર ચિંતામણિમાંથી કાર્ય ઉત્પન્ન થતું નથી, નહિ તો (માત્ર તેમાંથી ઉત્પન્ન થતું હોત તો) સદાએ ઉત્પન્ન થયા કરત, પરંતુ કામના

કરનારની હાજરીમાં 'ઘડો થાઓ' 'વસ્ત્ર થાઓ' એવી જેમ જેમ તેની કામના ઉત્પન્ન થાય છે, તેમ તેમ મણિની પાસેથી મનમાં વિચારેલા તે પદાર્થો કાયાથી બનાવેલા હોય તેમ (ઉત્પન્ન) થાય છે. આ તે (મણિ)ની અલૌકિક શક્તિ છે. ભગવાન્ પાસે તો બીજો (કોઈ) ન હોવાથી, આ પ્રકારે પણ (તેમનાથી) કાર્ય ઉત્પન્ન થવાનું સંભવતું નથી. તે (અર્થ) 'માત્ર ચેતનરૂપ[૮]' શબ્દથી કહેલો છે. ૧.

૧. 'આને' એટલે મૈત્રેયને. (પ્ર)
૨. 'તે અભિપ્રાય' એટલે મૈત્રેયનો અભિપ્રાય. (પ્ર)
૩...૩. કહેવાનું જાણવું વિગેરે બધીએ ક્રિયાઓ દેવતા, ઈન્દ્રિય અને ગોલકથી થઈ શકે તેવી કહી, એટલે લોકના જેવી જણાવી, એવો અર્થ છે. (પ્ર)
૪. 'ધર્મ' એટલે પોતે અસત્ જેવા હોવાનું માનવું, 'શક્તિ' એટલે કાલ વિગેરે રૂપ માયા, 'વિશેષ' એટલે આકાર વિગેરે બીજાથી ભેદ દર્શાવનાર ખાસ ગુણ, 'સ્વરૂપ' એટલે દેહ. (પ્ર) 'ધર્મ' એટલે ગુણ. આ ગુણ બીજામાં પણ હોય. 'વિશેષ' ખાસ ગુણ બીજામાં ન હોય.
૫. દ્રવ્ય, જાતિ, ગુણ તથા ક્રિયાનો સંબંધ હોય, તો તેને જણાવવા શબ્દની પ્રવૃત્તિ થાય. બ્રહ્મને તેવો કોઈનો સંબંધ ન હોવાથી, કોઈ શબ્દ બ્રહ્મ જણાવી શકે નહિ. (પ્ર)
૬. 'બીજ' એટલે સમવાયિ કારણ, (જે પદાર્થનું કાર્ય બને તે). (પ્ર)
૭. 'પ્રયોજન' એટલે કાર્ય કરનારે ઈચ્છેલું ફલ. (પ્ર)
૮. આ શબ્દથી બ્રહ્મ સમવાયિ કારણ હોવા સંબંધી અને તે અલૌકિક શક્તિવાળું હોવા સંબંધી શંકાઓ જણાવી. (પ્ર)

એ પ્રમાણે (ભગવાન્) બીજ હોવાના વિષયમાં દૂષણ કહીને, નીચેના શ્લોકમાં ફલની સ્થિતિ પ્રાપ્ત કરેલી લીલામાં[૧] દૂષણ કહે[૧] છેઃ

**ક્રીડાયામુદ્યમોઽર્ભસ્ય કામશ્ચિક્રીડિષાઽન્યતઃ ।।**
**સ્વતસ્તૃપ્તસ્ય ચ કથં નિવૃત્તસ્ય સદાન્યતઃ ।।૨।।**

બાલકને કામ, બીજાથી (બીજા સાથે) રચવાની ઈચ્છા (અને) રમત (કરવા)નો ઉદ્યમ હોય છે. જે પોતાથી જ તૃપ્ત છે અને સદા બીજાના સંબંધવિનાના છે તેમને (તે) કેમ થાય ? ૩.

લીલા એટલે વિલાસ (કરવા)ની ઈચ્છા, પ્રયોજન વિના જ (કરેલી) એકલી કૃતિ તે કૃતિથી બહારનું કાર્ય ઉત્પન્ન થતું નથી, ઉત્પન્ન થએલ હોય તો પણ (તે) કાર્ય ઈચ્છેલું નથી, તેમજ (ઉત્પન્ન થવામાં) કરનારને શ્રમ કરાવતું નથી, પરંતુ અંતઃકરણમાં પૂર્ણ આનંદ થતાં, તેના ઉલ્લાસથી જેવી લોકમાં રાજાને થાય છે તેવી કાર્યને ઉત્પન્ન કરતી હોય તેના જેવી કોઈક ક્રિયા ઉત્પન્ન થાય છે, તે (ક્રિયા) લીલા. તે પણ (ભગવાનને હોવાની) ઘટતી નથી, કારણ તે (કરવા)માં પ્રયોજન ન હોવા છતાં, (તે કરવાનું) કારણ હોય છે, અને લોકના નિયમ પ્રમાણે (ભગવાનની) લીલા

હોવાનું કહો છો, તેથી લોકમાં પ્રસિદ્ધ જ (હોય તેવું) તે કારણ કહેવું જોઈએ.

વળી તે લીલા બાલકમાં પ્રસિદ્ધ છે. બાલકને પણ કામથી જ રમવાની ઈચ્છા થાય છે. તેમ ન હોય તો સદાએ રમવાની ઈચ્છા થાય. કામનું પણ કારણ હોય છે, તેમ ન હોય તો (કામ) સદા થાય. તે (અર્થ) કહે છે કે બાલકને આરંભમાં[૨] રમત (કરવા)નો ઉદ્યમ થાય છે, અને તે પહેલાં બાલકના કામને લીધે થાય છે. તે સંબંધમાં વાક્યની રચના એવી છે કે: 'આ પુરુષ કામથી ભરપૂર જ છે' એ શ્રુતિ પ્રમાણે આરંભમાં બાલકને વાસનાને લીધે કામ થાય છે. ત્યાર પછી 'ચિક્રીડિષા' બીજાની સાથે, બીજા બાલકને નિમિત્ત બનાવીને રમવાની ઈચ્છા થાય છે, કારણ કે એકલાની રમત સંભવતી નથી, કેમકે તે (બીજો) ન હોય તો કામ હોવા છતાં રમવાની ઈચ્છા[૩] જતી રહે છે. અહિં 'કામ' એટલે રમતનું જ્ઞાન[૩] કારણ કે રમત ફલરૂપ છે. વળી (તે) સાધનરૂપ હોવાથી કામ અને પ્રયત્નનો વિષય એક જ છે; પરંતુ સ્વર્ગ(ની પ્રાપ્તિ) વિગેરેમાં જ્યાં સાધન અને ફલ જૂદાં હોય છે, ત્યાં સ્વર્ગ માટે કામ, અને કરવાની ઈચ્છા યજ્ઞની હોય છે. તેથી અહિં પુનરુક્તિ (દોષ) નથી.

ત્યાર પછી રમત કરવાનો ઉદ્યોગ થાય છે, રમત કરવા તૈયાર થાય છે, એવો અર્થ છે. કેટલાક તો ઉદ્યમ કામનું જ વિશેષણ હોવાનું કહે છે. 'ઉદ્યમ કરાવે તે ઉદ્યમ, કામ જ પુરુષને ઉદ્યમ કરાવે છે, (એટલે) બીજા સાથે રમવાની (તેની) ઈચ્છા થાય છે' એમ (તે[૪] કહે છે). તે વિચારવા જેવું[૪] છે. આવો વિચાર પણ ભગવાનના સંબંધમાં સંભવતો નથી. પોતાથી જ તૃપ્ત હોય તેમનામાં કામ (હોવાનું) સંભવતું નથી; કારણ કે અપૂર્ણને જ કામ હોય છે. તેમ ન હોય તો ફલ[૫] પ્રાપ્ત થાય. ત્યારે પણ કામ હોય રહે (રહે). જે તૃપ્ત થએલ છે તે પોતે જ સર્વ ફલરૂપ હોવાથી અને (તેને સર્વ ફલ) પ્રાપ્ત થએલ હોવાથી તેને કામ હોતો નથી એ લોકમાં પ્રસિદ્ધ છે. જો (લોકથી) જૂદા પ્રકારે જ (ભગવાનના) કામની તૃપ્તિ થતી હોય, તો ભગવાન્ તૃપ્ત થયા વિનાના જ રહે, અને પછી પોતાને માટે જ (કાર્ય) કરે. 'આવી તૃપ્તિ દોષ નથી' એમ કહો, તો (તેમનો) પોતાનો આનંદ હદવાળો થાય. તેથી તર્કથી (ભગવાનના) કામનું નિરૂપણ થઈ શકતું ન હોવાથી, 'તેમણે કામના કરી' એ શ્રુતિ બીજાના[૬] સંબંધવાળી છે. જો કામ નિત્ય (સદાનો) હોય, તો સદાએ કાર્ય થયા કરે. (કામ) ઉત્પન્ન થાય તેવો છે એવા મત પ્રમાણે તો તેને ઉત્પન્ન કરનાર બીજો કોઈ ન હોવાથી, તે ઉત્પન્ન જ ન થાય. 'કાલ વિગેરે તે (ભગવાનના કામ)ને જાગ્રત કરે છે' એ મત પ્રમાણે પણ ભગવાનને કાલ વિગેરેનો સંબંધ હોય, અને તે નથી, એમ 'સદા બીજાના સંબંધ વિનાના' શબ્દોથી કહેલું છે. તે સદા બીજાના સંબંધ વિનાના છે. તેથી (ભગવાન્)

બીજ ન હોવાથી અને (તેમને) પ્રયોજન ન હોવાથી તેમનાથી કાર્ય (જગત્) થવાનો મત બરાબર નથી. ૨.

૧. સૃષ્ટિ કરવાનું પ્રયોજન લીલાજ હોવાથી, તે ફલરૂપ (ફલની સ્થિતિ પ્રાપ્ત કરેલી) છે. (પ્ર)

૨. પ્રથમ કામ, પછી રમવાની ઈચ્છા અને પછી ઉદ્યમ થાય છે એમ આગળ કહે છે. તેથી જાણી શકાય તેવો પ્રથમ ગુણ ઉદ્યમ છે એવો અર્થ જણાય છે, કારણ કે કામ અને ઈચ્છા બીજાથી જાણી શકાતા નથી.

૩. કામ ઈચ્છારૂપ હોવાથી, રમવાની ઈચ્છા એમ ફરી કહે છે. તેથી પુનરુક્તિ થાય તે નથી એમ જણાવવા આ કહેલ છે. (પ્ર)

૪. આ શ્રીધરનો મત કહેલો છે. તે પોતાને ઈષ્ટ નથી એમ પછીના વાક્યથી જણાવે છે. કામ અભિધ્યારૂપ છે એમ વ્યાસજીએ સ્વીકારેલું છે અને ૨।૩।૧૩ માં અભિધ્યાનો અર્થ 'આ જ કરવું એવું નિશ્ચયરૂપ જ્ઞાન' કરેલો છે. તે અહિં રમતનાં સંબંધમાં લેવું યોગ્ય છે. તેથી કામનો અર્થ અહિં ઈચ્છા કરવો એ તેમના અભિપ્રાયથી વિરુદ્ધ છે, એવો અર્થ છે. (પ્ર)

૫. 'ફલ' એટલે 'રમતરૂપ ફલ'. (પ્ર)

૬. 'બીજાના' એટલે 'જીવના અથવા શબલ (સગુણ બ્રહ્મ?)ના'. (પ્ર)

વળી, જો કે માયાનો સ્વીકાર કરવામાં આવતાં ઉપર કહેલા બધા દોષો દૂર થાય છે, પરંતુ તેનો જ સ્વીકાર કરી શકાય તેમ નથી, કારણ કે ભગવાનને માયાનો સંબંધ હોવાનું કહેવું અશકય છે; કેમકે માયા અજ્ઞાનરૂપ છે અને જ્ઞાન ન હોય ત્યાં તે હોય. ભગવાનને તો જ્ઞાન ન હોવાનું સંભવતું નથી, એમ નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકથી કહે છેઃ

**અસ્રાક્ષીદ્ભગવાન્વિશ્વં ગુણમય્યાત્મમાયયા ।।**
**તયા સંસ્થાપયત્યેતદ્ભૂયઃ પ્રત્યપિધાસ્યતિ ।।૩।।**

ભગવાને ગુણોથી ભરેલી પોતાની માયાથી આ વિશ્વ રચ્યું, આનું તેનાથી સ્થાપન કરે છે, અને ફરીથી (આનો તેનાથી) લય કરશે. ૩.

માયા ચેતનના સંબંધવાળી જ છે એમ માનનાર (વિદુર) આ પ્રશ્ન કરે છે. ભગવાને પોતાની ગુણોથી ભરેલી માયાથી આ વિશ્વ રચ્યું, અને તેનાથી જ (આનું) સ્થાપન કરે છે, અને તેનાથી જ ફરીથી 'પ્રત્યપિધાસ્યતિ' (આનો) લય કરશે. ૩.

એ પ્રમાણે વિશ્વનાં ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય માયાથી ભગવાને કરેલા છે એ મત કહીને, નીચેના શ્લોકમાં કહે છે કે તે (ભગવાન્) પૂર્ણ જ્ઞાનવાળા હોવાથી તેમને માયાનો સંબંધ હોવાનું જ સંભવતું નથીઃ

**દેશતઃ કાલતો યોઽસાવવસ્થાતઃ સ્વતોઽન્યતઃ ।।**
**અવિલુપ્તાવબોધાત્મા સ યુજ્યેતાજયા કથમ્ ।।૪।।**

આ જે દેશથી કાલથી અવસ્થાથી પોતાથી અથવા બીજાથી જેમના જ્ઞાનનો

નાશ થતો નથી તેવા આત્મા છે, તેમનો માયા સાથે સંબંધ કેવી રીતે થાય ? ૪.

જ્ઞાનનો નાશ થવાનું પાંચ પ્રકારે સંભવે છે. ભગવાન્ તો પાંચે પ્રકારે જેમના જ્ઞાનનો નાશ થતા નથી તેવા આત્મા છે. નથી નાશ થતો 'અવબોધઃ' જ્ઞાનનો જેમના તેવા, અને વળી આત્મા છે. અથવા બોધ (જ્ઞાન)જ આત્મા (છે જેમનો તેવા છે). તેમનો માયા સાથે સંબંધ કેમ થાય ? તે પૈકી[1] (૧) કોઈકના જ્ઞાનનો દેશથી નાશ થાય છે, જેમકે ઘડાનું જ્ઞાન ઘડાની હદવાળું હોવાથી વસ્ત્રને (પોતાનો) વિષય કરતું (જાણવા દેતું) નથી, તેથી દેશને લીધે તે (વસ્ત્રનું જ્ઞાન) થતું નથી (૨) કાલથી પણ જ્ઞાનનો નાશ થાય છે, કારણ કે બીજા સમયે તે ભૂલાઈ જવાય છે (૩) અવસ્થાથી પણ (જ્ઞાનનો) નાશ થાય છે, કારણ કે સ્વપ્નમાં જાગતાંની અવસ્થાવાળી વસ્તુઓનું જ્ઞાન હોતું નથી. (૪) પોતાથી પણ નાશ થાય છે, કારણકે ધ્યાન વિનાનું (જ્ઞાન) (મગજમાં) સંસ્કાર પાડતું નથી. (૫) બીજા વિરોધી ગુણ[2] પ્રકટ કરતા હોવાથી, તેમનાથી પણ (જ્ઞાનનો) નાશ થાય છે. ભગવાનના જ્ઞાનને તે પાંચે (પાંચ પૈકી કોઈએ) પ્રકારના દોષનો સંબંધ નથી. તે પૈકી (૧) (તે ભગવાનનું જ્ઞાન) સર્વ વિષયોનું હોવાથી, તેને દેશની હદ નથી (૨) નિત્ય હોવાથી કાલથી (તેનો નાશ થતો) નથી, (૩) ભગવાનને અવસ્થા ન હોવાથી, અવસ્થાથી (તેનો નાશ થતો) નથી. (૪) તે વિષયરહિત[3] હોવાથી (તેનો) પોતાથી (નાશ થતો) નથી (૫) ભગવાનને વિરોધી ગુણો ન હોવાથી[4], બીજાથી (તેમના જ્ઞાનનો નાશ થતો) નથી. તેથી 'અજયા' માયા અથવા પ્રકૃતિ સાથે તેમનો સંબંધ થતો નથી. તેથી પોતાની મેળે અથવા માયાના સંબંધથી ભગવાન્ જગત્ રચતા હોય તે ઘટતું નથી. ૪.

૧. 'તે પૈકી' અટલે જ્ઞાનનો નાશ થવાના પાંચ પ્રકાર પૈકી.

૨. જૂદા જૂદા વિષયોની ઈચ્છા, સુખ દુઃખ વિગેરે વિરોધી ગુણો છે. (પ્ર)

૩. વિષયો માયિક હોવાથી વાસ્તવિક રીતે નથી. તેથી તે તેવું છે (પ્ર). આ પ્રકાશનો અર્થ વિચારવા જેવો જણાય છે.

૪. નિર્ણય હોવાથી અને નિત્ય સર્વ વિષયોના સંબંધનું હોવાથી ગુણ વગરનું હોવાથી વિરોધી ગુણ નથી. ભગવાન્ સંબંધી આ રીતે નીચે પ્રમાણે સંદેહ કર્યા. (૧) નિર્ગુણ હોવાથી તેમને ગુણો કેમ હોય ? (૨) અવિકારી હોવાથી ક્રિયા કેમ હોય ? (૩) પોતાથી તૃપ્ત હોવાથી કામ કેમ હોય ? (૪) બીજાના સંબંધ વિનાનાને ક્રીડા કેમ હોય ? (૫) આ ચારનું મૂલ માયાનો સંબંધ હોય તો તે જ કેવી રીતે થાય ? (પ્ર)

વળી જીવ પણ ભગવાનજ હોવાનું આપે કહેલું છે. તે (જીવ)ના માટે જગત્ રચતા હોય, તો (તેનું) હિત ન કરવું વિગેરે દોષ[1] થાય (એવો) બીજો દોષ પણ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ભગવાનેક એવૈષ સર્વક્ષેત્રે વ્યવસ્થિતઃ ।।**
**અમુષ્ય દુર્ભગત્વં વા ક્લેશો વા જન્મભિઃ કુતઃ ।।૫।।**

આ એકજ ભગવાન્ સર્વ દેહોમાં રહેલા છે. આવાને દુર્ભાગીપણું અથવા જન્મો વડે દુઃખ કેમ થાય ? ૫.

એકજ ભગવાન્ 'સર્વક્ષેત્રેષુ' સર્વ દેહોમાં રહેલા છે; અથવા સર્વ દેહોમાં રહેલા એકજ છે. આવાને દુર્ભાગીપણું અથવા જન્મો વડે દુઃખ કેમ થાય ? અને દુઃખ (થતું હોવાનું) અનુભવથી સિદ્ધ થએલ છે. અજ્ઞાનને લીધે (દુઃખ થાય છે) એમ સ્વીકારીએ, તો પણ તે જ[૨] દોષ રહે છે. વળી વારંવાર જન્મો (થવાનું) સાંભળવામાં આવે છે. તેથી ભગવાન્ જીવની સ્થિતિમાં આવે તે અયોગ્ય છે, અને જગત્ રચે તે અયોગ્ય છે એવો (અર્થ છે). ૫.

૧. શ્લોક ૪ ઉપરની નોટ જમાં પાંચ સંદેહ કહ્યા) આથી છઠ્ઠો સંદેહ કહેલો છે. (પ્ર)
૨. 'તે જ' એટલે 'અજ્ઞાનનો સંબંધજ' (પ્ર)

આ વિષયમાં મારા મનને ખેદ થાય છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એતસ્મિન્ મે મનો વિદ્વન! ખિદ્યતે જ્ઞાનસંકટે ।।**
**તન્ નઃ પરાણુદ વિભો! કશ્મલં માનસં મહત્ ।।૬।।**

હે વિદ્વન ! આ જ્ઞાનના સંકટમાં મારું મન ખેદ પામે છે. હે સમર્થ તે અમારા મનના ભારે ખેદને આપ દૂર કરો.૬.

'જ્ઞાનનું સંકટ' એટલે શબ્દથી થતા જ્ઞાનનું (સંકટ). તર્કરૂપ વિશાલ માર્ગ ન હોવાથી જ્ઞાન પ્રસરી શકતું નથી, તેથી તર્ક ન હોવો એ 'સંકટ'; અથવા ખોટું જ્ઞાન એ 'સંકટ'. તેમાં નિશ્ચય કરવા પ્રવૃત્ત થએલું મન, તર્ક ન હોવાથી પ્રસરતું ન હોવાથી ખેદ પામે છે. તે 'નઃ' અમારા હૃદયમાં રહેતા ખેદને આપ તર્ક વડે દૂર કરો. 'ભલે રહે' એમ (કહેશે એવી) શંકા કરીને કહે છે કે 'મનનો ભારે ખેદ' (છે). મોટા પુરુષોએ તેને દૂર કરવોજ જોઈએ. તેમ ન કરે તો, હવે કહેવાનું અને ઉપર કહ્યું તે જ્ઞાન દુષ્ટ મનમાં રહે નહિ. તેથી જે વિષય કહેવામાં આવે છે તે (મને) સમજાય તે માટે આને દૂર કરો, એવો અર્થ છે.

**ઐશ્વર્યં પ્રથમે ત્યક્તં દ્વિતીયે વીર્યમેવ ચ ।।૪।।**
**યશઃશ્રિયૌ તથા દ્વાભ્યાં વૈરાગ્યં જ્ઞાનમન્ત્યયોઃ ।।**

ઐશ્વર્યનો પહેલા (શ્લોક)માં ત્યાગ કર્યો, અને બીજામાં વીર્યનો પણ (ત્યાગ કર્યો), તે પ્રમાણે (ત્રીજા અને ચોથા) બેથી યશ અને શ્રીનો (ત્યાગ કર્યો) અને છેલ્લા બે (પાંચમા તથા છઠ્ઠાથી) વૈરાગ્ય અને જ્ઞાનનો (ત્યાગ કર્યો) કા.૪ ૧/૨ .

**સ્વયુક્ત્યા ભ્રમસમ્પત્ત્યા ભગવત્ત્વં નિરાકૃતમ્ ।।૫।।**

**તતોઽત્ર ભગવદ્વાદઃ સર્ગેઽપિ વિનિરાકૃતઃ ।।**
**તસ્મિન્નિરાકૃતે પ્રશ્નો ન પૂરિત ઈતિ સ્થિતમ્ ।।૬।।**

પોતાના તર્કથી ભ્રમ પ્રાપ્ત થવાથી (વિદુરે) ભગવત્પણાંનું ખંડન કર્યું. તેથી અહિં સૃષ્ટિ(ના પ્રકરણ)માં પણ ભગવદ્વાદનું સારી રીતે ખંડન થયું. તેનું ખંડન થતાં પ્રશ્નનો ઉત્તર અપાયો નથી[૧], એવી સ્થિતિ થઈ. કા.૬.

**અતસ્તયોત્તરં વાચ્યં સ્વોક્તાર્થસ્થાપનાય હિ ।।**

તેથી પોતે કહેલા અર્થનું સ્થાપન કરવા, ખરેખર, તેનો ઉત્તર કહેવો જોઈએ. કા. $૬^{૧}/_{૨}$ .

૧. પહેલા છ શ્લોકથી સિદ્ધ થએલો અર્થ આ કારિકાઓથી કહે છે. (પ્ર)
૨. છઠ્ઠા શ્લોકમાં વિદુરે પોતાને જ્ઞાન ન હોવાનું કહ્યું. પાંચમા શ્લોકમાં એકજ ભગવાન્ સર્વ દેહોમાં રહેલા છે એમ કહ્યુ, એટલે વિદુરના દેહમાં રહેલા (ભગવાન્)નેજ જ્ઞાન ન હોવાનું થયું. એ રીતે જ્ઞાનનો ત્યાગ થયો. (પ્ર)

તે મૈત્રેય સર્વની અપેક્ષારહિત (કોઈની જરુર ન હોય તેવો) હોવાથી, ચિત્ત શુદ્ધ થાય તે માટે જે કહ્યું તે ગ્રહણ કરીને વારંવાર (તેનું) કીર્તન કરવું એમ કહીને, જ્યારે (વિદુરે) પૂર્વપક્ષ કર્યો ત્યારે (તે) ઉત્તર આપશે કે નહિ, એવા સંદેહને દૂર કરવા, શુક નીચેના શ્લોકમાં ઉત્તર આપશે એવો પક્ષ કારણ સહિત સ્થાપન કરે છેઃ

।। શ્રીશુક ઉવાચ ।।

**સ ઈત્થં ચોદિતઃ ક્ષત્રા તત્ત્વજિજ્ઞાસુના મુનિઃ ।।**
**પ્રત્યાહ ભગવચ્ચિત્તઃ સ્મયન્નિવ ગતસ્મયઃ ।।૭।।**

તત્ત્વ જાણવાની ઈચ્છાવાળા સંયમીએ આ પ્રમાણે પ્રેરણા કરેલા મુનિએ ભગવાનમાં ચિત્ત પરોવી ગર્વરહિત થઈ, હસતો હોય તેમ (નીચે પ્રમાણે) ઉત્તર આપ્યો. ૭.

વિદુર ભગવદીય હોવાથી પ્રેરણા કરનાર હતો, મૈત્રેયને ભગવાનની આજ્ઞા મળેલી હોવાથી, તેને કહેવાની ઈચ્છા ઉત્પન્ન થતી હતી. 'સંયમી' શબ્દથી (એમ જણાવ્યું છે કે) વિદુર નિપુણ હોવાથી પોતાની મેળે પણ પ્રેરણા કરતો હતો, તેમાં પણ (તે) તત્ત્વ જાણવાની ઈચ્છાવાળો એટલે માત્ર જ્ઞાન ગ્રહણ કરનાર હતો, તેથી 'તત્ત્વ જાણવાની ઈચ્છાવાળાને બોધ કરવો' એ (નિયમ પ્રમાણે પણ કહેવા યોગ્ય હતો). વળી આ (મૈત્રેય) મુનિ હોવાથી નિશ્ચિત કરેલો અને જે થવાનું છે તે વિષય જાણતો હતો. ભગવાનની આજ્ઞાનું સંપૂર્ણ રીતે પાલન થાય તે માટે, દોષનું પણ સમાધાન કરવું જોઈએ એવા વિચારથી, અથવા ભગવાનજ તે (વિદુર)ના ચિત્તમાં નિશ્ચિત કરેલા (વિષય)નું જ્ઞાન કરો એવી પ્રાર્થના કરવા, તેણે ભગવાનમાં ચિત્ત

પરોવ્યું. 'હસતો હોય તેમ' એટલે 'આમણે આટલા સમય સુધી ભારત વિગેરેમાં શું જાણ્યું ?' એમ મજાક કરતો હોય તેમ ભગવાનની માયા મોહ કરનારી હોવાથી 'ઈવ' '(હસતો હોય) તેમ' (એમ કહેલું છે). જતો રહેલો છે 'સ્મયઃ' ગર્વ જેનો તેવો (તે થયો) તેથી (વિદુરને) અધિકાર ન હોવાથી અજ્ઞાન રહે, અથવા તે ફરીથી પ્રશ્ન કરે તો શાંત રહેવું, આ વિચારથી આ ગૂઢ રીતે કહેશે. નિબંધમાંજ[૧] આ વિષયનું સમાધાન સ્પષ્ટ રીતે કરેલું છેઃ

**ગુણાતીતાત્સૃષ્ટિકથા[૨] સર્વથા નોપપદ્યતે ।।૭।।**
**કાર્યકારણવૈજાત્યાલ્લોકહેતોરભાવતઃ ।।**

કાર્ય અને કારણ જૂદા પ્રકારનાં હોવાથી[૩] અને લોકના જેવું પ્રયોજન ન હોવાથી[૪] ગુણાતીત ભગવાનથી સૃષ્ટિ રચાયાની કથા જરાએ ઘટતી નથી. કા. ૭[૧]/૨ .

**નિરુપાધિકરૂપે હિ સન્દેહદ્વયમીરિતમ્ ।।૮।।**
**સોપાધિત્વે પરીહારસ્તદેવ ન ભવેદિતિ ।।**
**તૃતીયો બ્રહ્મણઃ સિદ્ધઃ.................. ।।**

ઉપાધિરહિત (બ્રહ્મના) સ્વરૂપમાં બે સંદેહો કહ્યા. ઉપાધિવાળું (બ્રહ્મ હોય તો), (તે સંદેહો) દૂર થાય છે, (પણ) તે (ઉપાધિવાળું)જ ન હોય એવો ત્રીજો બ્રહ્મમાં (દોષ) સિદ્ધ થાય છે[૫]. કા.૮[૩]/૪

**........................જીવેઽપ્યેવમભેદતઃ ।।૯।।**
**માયાસંબંધકાર્યે હિ પરિહાર્યે તયોઃ ક્રમાત્ ।।**
**પ્રથમસ્ય પરીહારઃ ષષ્ઠ્યા નિત્યતયોદિતઃ ।।૧૦।।**
**ભગવત્ત્વાવિરોધત્વં પ્રકૃત્યૈવ ચ સૂચિતમ્ ।।**
**અસમાસાત્ પ્રધાનત્વં તેન નોપાધિસમ્ભવઃ ।।૧૧।।**

જીવ પણ (બ્રહ્મથી) ભિન્ન ન હોવાથી, તે(ના સંબંધ)માં પણ એમ (એવો સંદેહ)જ છે[૬], કારણ કે તે બે (બ્રહ્મ અને જીવ) માં અનુક્રમે માયાનો સંબંધ અને માયાનાં કાર્યનો નિરાસ કરવાનો છે. પહેલા (સંદેહ)નો નિરાસ છઠ્ઠી[૭] (વિભક્તિ)થી નિત્યનો (સંબંધ દર્શાવી) કહેલો છે, અને ભગવત્પણાંથી તે વિરુદ્ધ નથી એમ 'ભગવાનની' શબ્દ પહેલો મૂકીનેજ સૂચવેલું છે[૮], સમાસ કરેલ ન હોવાથી (ભગવાનનું) પ્રધાનપણું[૯] છે. તેથી ઉપાધિનો સંભવ નથી. કા.૧૧.

**દ્વિતીયસ્ય પરીહારે વિરોધાત્કાર્યબાધનમ્ ।।**
**વિરોધમાત્રમાહોસ્વિત્.................. ।।**

બીજાનો નિરાસ કરતાં, વિરોધને લીધે કાર્ય થતું નથી (એમ માનવું ?) અથવા માત્ર વિરોધ[10] (માનવો ?) કા.૧૧ $^{3}/_{4}$.

**................આદ્યે સેયં દશિર્યતઃ ॥૧૨॥**
**દ્વિતીયે ભૂષણં તસ્યા વિરોધો ન તુ દૂષણમ્ ॥**

પહેલો (પક્ષ યોગ્ય નથી), કારણ કે તે આ જોવામાં આવે છે. બીજા (પક્ષમાં) વિરોધ તે (માયા)નું ભૂષણ છે, પણ દૂષણ નથી. કા.૧૨ $^{1}/_{2}$.

**વિરુદ્ધકાર્યસમ્બન્ધસ્તત્કૃતસ્તેન વર્ણ્યતે ॥૧૩॥**
**વિરોધોઽપિ પ્રતીત્યૈવ ન વસ્તુનિ યતો બૃહત્ ॥**

તેથી તેણે કરેલા વિરુદ્ધ કાર્યના સંબંધનું વર્ણન કરવામાં આવે[11] છે. વિરોધ પણ દેખાવમાંજ છે, વસ્તુ (જીવ)માં નથી, કારણ કે તે બૃહત્ (બ્રહ્મ) છે[12]. કા.૧૩ $^{1}/_{2}$. એવું (સંદેહોનું સમાધાન છે). ૭.

૧. નિબંધ. ૩-૩-૪૯ થી ૫૬ કારિકાઓજ અહિં આપેલી છે. નિબંધમાં એ કારિકાઓ ઉપર આચાર્યશ્રીનોજ પ્રકાશ હોવાથી, તે પ્રમાણે આ કારિકાઓનો અર્થ કરવામાં આવે છે. ગો. શ્રી. પુરુષોત્તમજી મહારાજનો આવરણભંગ તે પ્રકાશ ઉપર છે. આચાર્યશ્રીનો પ્રકાશ નિબંધનો જ ભાગ હોઈ ('નિ') નિશાનીથી દર્શાવેલ છે, અને ગો. શ્રી. પુરુષોત્તમજીનો આવરણભંગ ('આ') નિશાનીથી દર્શાવેલ છે.

૨. તર્કથી પદાર્થનો નિર્ણય કરવો એ લૌકિક છે. શ્રીભાગવતનો અર્થ તો અલૌકિક છે. છતાં અધિકાર ન હોય તેને તે અર્થ સમજાતો નથી એટલે સંદેહ થાય છે. તે દૂર કરવો જોઈએ. તેમાં જેવી જેની માન્યતા હોય તે પ્રકારે તેને સમજાવવું જોઈએ. તેથી મૈત્રેય પણ વિદુરની બુદ્ધિના આધારે તેના સંદેહનું સમાધાન કરે છે. જેમ બાલક પુરુષે કરેલા નિષેકથી (પોતાનો) જન્મ થયાનું જાણતો નથી, પણ (પિતાની) ભોજન, મેહન (ક્રિયાઓ)જ જૂએ છે, અને પોતાનો જન્મ થવાનું તે જ કારણ હોવાની કલ્પના કરે છે, પણ તે પણ કારણ હોવા યોગ્ય નથી એમ માની સંશયમાં પડે છે, ત્યારે કોઈ ઉપદેશ આપનાર તેને (જન્મનું કારણ) જેમ તેમ સમજાવે છે, પરંતુ વાસ્તવિક રીતે તે સિદ્ધાંત નથી, (તેમ અહિં મૈત્રેય કહે છે તે વાસ્તવિક સિદ્ધાંત નથી), પરંતુ 'પહેલાં આ સર્વ ભગવાનજ હતું' ૩।૫।૨૩ માં કહ્યો તે જ સિદ્ધાંત છે. (નિ)

૩. અહિં વિદુરના સંશયનાં કારણો કહેલાં છે. કારણ (બ્રહ્મ) ગુણવિનાનું છે, અને કાર્ય (જગત્) ગુણવાળું છે તેથી બે જૂદા પ્રકારના છે. (નિ)

૪. લોકમાં (કાર્ય કરવાનું) પ્રયોજન કામ છે (બ્રહ્મમાં તે નથી). નોટ ૩ તથા ૪ માં કહેલ બે સંદેહો ગુણાતીત બ્રહ્મના સંબંધમાં (વિદુરને થયા). (નિ)

૫. એ બે સંદેહો દૂર થાય તે માટે જગત્ રચનાર ઉપાધિવાળાજ છે એમ કહેવામાં આવે, તો એ બે દોષો દૂર થાય. પણ તે ઉપાધિવાળા હોવાનુંજ સંભવતું નથી એ ત્રીજો દોષ થાય છે. આ દોષનું સમાધાન પણ નથી. (નિ)

૬. બ્રહ્મજ જીવની સ્થિતિ પ્રાપ્ત કરે છે એમ માનવામાં પણ ઉપર નોટ ૫ માં કહેલ દોષજ છે.

( નિ )

૭. 'આ ભગવાનની તે જ માયા છે, જે ન્યાયશાસ્ત્રથી વિરુદ્ધ છે' એમ આગળના (૮ મા) શ્લોકમાં 'ભગવાનની માયા' કહી છઠ્ઠી વિભક્તિથી બંનેનો સંબંધ નિત્ય કહેલો છે. ( નિ )

૮. ''એમ હોય, તો ભગવાનપણું ન રહે'' એવી શંકા થાય, તેથી કહે છે કે 'ભગવાન્' શબ્દ પહેલાં મૂકીનેજ સૂચવેલું છે કે ભગવાનપણાંની હાનિ થતી નથી. ( નિ )

૯. ''માયાવાળા ભગવાનમાં એવી શક્તિ છે એમ માનીએ તો પણ ભગવાનપણાંની હાનિ નહિ થાય'' એવી શંકા થાય, તેથી કહેલ છે કે 'ભગવતઃ' ભગવાનની 'માયા' માયા એવા બે શબ્દો યોજેલા છે, સમાસ કરેલ નથી. તેથી તે બે એક અર્થના નથી. (ભગવાનનું પ્રધાનપણું છે). માયા ભગવાનનો ગુણ નથી, પરંતુ દાસીની પેઠે તે ભગવાનથી જૂદીજ રહે છે. (તેથી માયા ઉપાધિ નથી). ( નિ )

૧૦. બીજા (ઉપાધિવાળું બ્રહ્મ જગત્ ઉત્પન્ન કરે છે) એ મતનું ખંડન ઉપર (નોટ ૯) માં કર્યું. જીવના સંબંધમાં કહે છે કે (જીવનું) બ્રહ્મપણું અને માયાના કાર્ય ખરાબ નશીબ, દુઃખ વિગેરેમાં વિરોધ હોવાથી, તે કાર્યો થતાં નથી એમ માનવું ? કે બ્રહ્મપણું અને ખરાબ નશીબ વિગેરે વિરોધવાળાં છે એમ માનવું ? ખરાબ નશીબ વિગેરે કાર્યો થતાં નથી એમ ન માની શકાય, કારણ કે તે તો જોવામાં આવે છે તે કાર્યો થતાં ન હોય તો સંસારપણ ન થાય. 'કાર્યો જોવામાં આવે છે તેથી બ્રહ્મ જીવનાં રૂપે બધાં દેહોમાં રહેલ હોવું ન જોઈએ, પણ જીવો બ્રહ્મથી જૂદાજ માનવા જોઈએ' એમ કહો, તો તે પણ યોગ્ય નથી, કારણ કે પરસ્પર વિરોધ જણાય તેવો ભ્રમ ઉત્પન્ન કરનારી માયાજ એવો વિરોધ દર્શાવે છે. તેથી જીવ બ્રહ્મરૂપ હોવા છતાં તેનામાં કૃપણતા વિગેરે જોવામાં આવે છે. (નિ+આ)

૧૧. 'છતાં પણ તર્કનો વિરોધ થાય છે' એમ કહો, તો તે વિરોધ દૂષણ નથી પણ માયાનું ભૂષણ છે; કારણ કે માયા જીવતા માણસનું માથું કપાય તેવાં, આંતરડાં બહાર કાઢવા છતાં માણસ સ્વસ્થ રહે તેવાં વિરુદ્ધ કાર્યો દેખાડે છે ('નિ') ઈન્દ્રજાલ (જાદુની વિદ્યા) આવું દેખાડે છે. ('આ')

૧૨. આમ માનવામાં તર્ક શું ? એ જાણવાની ઈચ્છા થાય, તેથી કહેલ છે કે બ્રહ્મ સર્વ થવાની શક્તિવાળું છે અને માયા તેની તે શક્તિ છે. તેથી માયાને લીધે જીવ બ્રહ્મરૂપ હોવા છતાં, કૃપણ (ગરીબડો) વિગેરે જણાય છે. ('નિ')

બ્રહ્મવાદમાં આ વિષયમાં પૂર્વપક્ષનું સમાધાન 'દૃશ્યતે તુ' (બ્ર.સૂ. ૨।૧।૬) 'પરંતુ (કારણ અને કાર્ય જૂદા પ્રકારના હોવાનું લોકમાં) જોવામાં આવે છે' એ અધિકરણમાં સ્પષ્ટજ કહેલું છે. વિકારવિનાનાજ ભગવાન્ સર્વ કરે છે. શ્રુતિ પ્રમાણ હોવાથી, જેવું ભગવાનનું સ્વરૂપ સ્વીકારવાથી સર્વ (શ્રુતિઓ)નું સમાધાન થાય, તેવુંજ તે છે. તેથી તે (ભગવાનનાં સ્વરૂપ)માં માયા વિગેરેની કલ્પના (કરવાની) નથી. જે તર્કનો વિરોધ માયાથી દૂર કરવામાં આવે છે તે પણ (ભગવાનનાં) સ્વરૂપથી જ[1] દૂર થાય છે. એમ હોવાથી શ્રુતિ ઉપયોગી થાય છે. એમ ન હોય, તો (તે) અપ્રમાણ થાય[2], કારણ કે મનસ્વીપણે માની લીધેલ ગણાય. 'બ્રાહ્મણવર્ણ દેવનો છે' 'શૂદ્ર

આસુરી છે' એ શ્રુતિઓ અને 'માયા એ અસુરો છે' એ વાક્ય પ્રમાણે, તે મત (બ્રહ્મવાદ) (પહેલા) ત્રણ વર્ણનો ન હોય તેને કોઈ સમયે કહેવો ન જોઈએ[3]. આરંભમાં પણ 'હવે તને યોગમાયાના સંબંધવાળી ભગવાનની લીલાઓ હું કહીશ' (૩|૫|૨૨) એવી પ્રતિજ્ઞા (મૈત્રેયે) કરેલી હોવાથી, નીચેના શ્લોકથી (આરંભી) અહિં પણ માયાથીજ (વિદુરના સંદેહોનું) સમાધાન કહે છે (કરે છે):

|| મૈત્રેય ઉવાચ ||

**સેયં ભગવતો માયા યન્નયેન વિરુદ્ધ્યતે ||**
**ઈશ્વરસ્ય વિમુક્તસ્ય કાર્પણ્યમુત બન્ધનમ્ ||૮||**

આ તે જ ભગવાનની માયા છે કે જેમાં ઈશ્વર અને (સંસારથી) મુક્તનું કૃપણપણું અને બંધન, (એવો) ન્યાયનો વિરોધ છે. ૮.

**કાર્યકારણવૈજાત્યં માયયૈવ સમાહિતમ્ ||૧૪||**
**ક્ષણમધ્યે તયા સર્વમન્યથૈવાન્યથા ભવેત્ ||**

કાર્ય અને કારણ જૂદાં હોવાનું સમાધાન માયાથીજ કરેલું છે. એક પ્રકારનું હોય તે સર્વ તેનાથી એક ક્ષણમાં જૂદાજ પ્રકારનું થાય છે[4]. કા.૧૪ $^{1}/_{2}$.

**તાદશ્યેવ હિ સા શક્તિઃ સ્વીકર્તવ્યાઽન્યથા ન સા ||૧૫||**
**ક્રીડાસૃષ્ટિસ્તથા જ્ઞાનં જ્ઞાનેઽપ્યજ્ઞાનસંભવઃ ||**

કારણ કે તે શક્તિ તેવીજ (હોવાનું) સ્વીકારવું જોઈએ. તેમ ન હોય (સ્વીકારીએ), તો તે ક્રીડા માટેની સૃષ્ટિ[5], તેમજ જ્ઞાન અને જ્ઞાનમાં અજ્ઞાન હોવાનું સંભવતું નથી. કા.૧૫ $^{1}/_{2}$.

**અભેદેઽપિ યથા જીવસ્તથા માયૈવ સા તથા ||૧૬||**

(બ્રહ્મ અને જીવમાં) ભેદ ન હોવા છતાં, જેમ જીવ તેવા પ્રકારનો છે તેવી રીતે તે માયા તેવાજ પ્રકારની છે[6]. કા.૧૬.

આ ભગવાનની તે જ માયા છે કે જે મેં જગતનું કારણ (હોવાનું) કહેલ છે. તારા (વિદુરના) વાક્યમાં પણ તે જ (જણાવેલી છે). તેથી જે મેં કહેલું છે, તે જ તેં તે (માયા)નો વિરુદ્ધ ગુણ જણાવીને કહેલું હોવાથી, અહિં કાંઈપણ સમાધાન કરવાપણું (રહેતું) નથી, કારણ કે તે માયાને 'નયેન' ન્યાયશાસ્ત્રનો વિરોધ છે. તે વિરોધ તેંજ કહેલો હોવાથી મારે તે જણાવવો (રહેલ) નથી. (આનું) એવું તાત્પર્ય છે કે આ જ સિદ્ધાંત હોવાથી, આનું સમાધાન હું કહેવાનો છું તે પૂર્વપક્ષ જ માનવું.

ઉત્તરાર્ધથી વિરોધ જ સ્પષ્ટ કરે છે. 'તે તું છે'. 'આ આત્મા બ્રહ્મ (છે).' 'વિજ્ઞાનમય' વિગેરે શ્રુતિ પ્રમાણે, આ જીવ ઈશ્વર જ છે. તેથીજ સર્વ શક્તિમાન

સંસારથી તદ્દન મુક્ત ઈશ્વરનું 'કાર્પણ્યં' કૃપણપણું અથવા વગર વિચારેલું માગવું (એ) ઐશ્વર્યથી વિરુદ્ધ છે, અને (તેનું) બંધન મુક્તિથી વિરુદ્ધ છે.

'માયાનું સ્વરૂપ એવું કેમ હોય? તેવું (તેનું સ્વરૂપ) હોય, તો પ્રમાણો જૂઠાંજ ગણાય, અને સત્પુરુષોનો માર્ગ (તેમનાથી) વિરુદ્ધ હોય' એમ કહેવામાં આવે, તો (તે) સત્ય છે, એમજ થાય; પરંતુ જે પ્રકારે તે માયા હઠી જાય તેવો ઉપાય હું (તને) કહીશ. તે હઠી જાય એ જ મુખ્ય સમાધાન હોવાથી તે હઠી જશે ત્યારે કોઈપણ વિરોધ સૂઝશે નહિ એવો (અર્થ છે). તેથી વિરોધનું સમાધાન કરવા પ્રયત્ન ન કરવો, પરંતુ માયાને દૂર કરવાજ પ્રયત્ન કરવો. તે દૂર થશે ત્યારે ભગવાનનો સાક્ષાત્કાર થતાં, બધાએ સંદેહો જતા રહેશે એટલે જૂદા પ્રકારે જ્ઞાનનો ઉપદેશ થએલો હશે, તેથી તે સમયે (તને) પોતાની મેળેજ બ્રહ્મવાદનું જ્ઞાન થશે, અથવા આસુરપણું જતું રહેતાં શૂદ્રપણું પણ જતું રહેશે, તેથી તે (માયા) દૂર થાય ત્યારે પોતાની મેળે (તને) જ્ઞાન થશે અથવા હું બોધ આપીશ, એવું તાત્પર્ય છે. ૮.

૧. બ્રહ્મ સિવાય બીજું કોઈ ન હોવાથી, માયાનો પણ (બ્રહ્મના) સ્વરૂપમાંજ સમાવેશ થતો હોવાથી, સ્વરૂપથીજ (વિરોધ દૂર થાય છે). (પ્ર).

૨. માયાનો સ્વરૂપમાં સમાવેશ કરવાનો આગ્રહ રાખવાનું કારણ આ વાક્યથી કહેલું છે. (પ્ર)

૩. બ્રહ્મવાદનો બોધ કરી વિરોધનું સમાધાન ન કરવાનું કારણ આથી કહેલું છે. (પ્ર)

૪. માયાથી વિરોધનું સમાધાન કેવી રીતે થાય છે તે આથી કહેલું છે. જેમ જૂદા જૂદા રંગના દર્પણો સાથે (સૂર્યનાં) કિરણોનો સંબંધ થતાં, એક ક્ષણમાં પ્રકાશ જૂદા પ્રકારનો થાય છે, તેમ ભગવાનના અંશોને માયાનો સંબંધ થતાં કાર્ય પણ જૂદા પ્રકારનું થાય છે. વળી જેમ દર્પણ દેખાતું ન હોવા છતાં જૂદા જૂદા પ્રકારનાં પ્રકાશરૂપ તેનું કાર્ય જોવાથી દર્પણ તેવું (જૂદા જૂદા રંગનું) હોવાનું સ્વીકારવામાં આવે છે, તેમ માયા પણ તેનું કાર્ય જોવાથી તેવા સ્વભાવવાળી હોવાનુંજ સ્વીકારવું જોઈએ. તેવી ન હોય તો તેનાં કાર્ય જૂદા પ્રકારનાં ન થાય. (પ્ર).

૫. જેમ લોહચુંબક પાસે ભમવાનું લોઢાને પ્રયોજન ન હોવા છતાં, તે તેની સમીપમાં ભમ્યા કરે છે, તેમ પ્રયોજન ન હોવા છતાં (ભગવાન્) ક્રીડા માટેની સૃષ્ટિ કરે છે, તેમજ ૩।૫।૨૪ માં જણાવ્યા પ્રમાણે જ્ઞાન તથા અજ્ઞાન થાય છે. (પ્ર)

૬. બ્રહ્મથી જૂદો ન હોવા છતાં જેમ જીવ બ્રહ્મથી વિરુદ્ધ ગુણવાળો છે, તેમ માયા પણ બ્રહ્મથી જૂદી ન હોવા છતાં તેથી વિરુદ્ધ ગુણવાળી છે. તેથી માયાનાં સ્વરૂપ અને સ્વભાવના બલથીજ વિરોધોનું સમાધાન થાય છે. એવો અર્થ છે. (પ્ર)

નિદ્રા વિગેરેનાં દૃષ્ટાંતથી માયા વિગેરે એવા[૧] પ્રકારની હોવાનું નીચેના શ્લોકથી (આરંભી) કહે છેઃ

**યદર્થેન વિનાઽમુષ્ય પુંસ આત્મવિપર્યયઃ ।।**
**પ્રતીયત ઉપદ્રષ્ટુઃ સ્વશિરશ્છેદનાદિકઃ ।।૯।।**

જેમ (સ્વપ્નમાં) આ નજીકથી જોનાર પુરુષને અર્થ વિના પોતાના શિરનું

કપાવું વિગેરે આત્માથી વિપરીતપણું જોવામાં આવે છે. ૯.

'યત્' જે કારણથી આ 'પુરુષ' જીવને, બંધન કરનાર વિગેરે અર્થ વિનાજ 'આત્મવિપર્યયઃ' આત્માનું વિપરીતપણું જોવામાં આવે છેજ, માત્ર જોવામાં આવે છે, પરંતુ વસ્તુતઃ નથી, કારણ કે આ 'ઉપ' નજીકથી જોનાર છે, પરંતુ જોવાનો (પદાર્થ) નથી. વળી આ સર્વત્ર રહેનાર અને અંદરથી જાણી શકાય તેવો છે, અને બીજું (સર્વ) હદવાળું અને બહારનું છે. જેમ દર્પણ નજીક હોય ત્યારે, મુખ તેમાં પડેલું હોવાથી ઉલટું[2] દેખાય છે તેમ માયા નજીક હોવાથી આત્મા બહારનો અને હદવાળો દેખાય છે, જેમ સ્વપ્નમાં (પોતાનું) શિર કપાતું દેખાય છે તેમ તે (આત્મા) જૂદા પ્રકારનો દેખાવાનું કારણ માયાજ છે, કારણ કે જોનારનું શિર કપાએલ હોવાનું સંભવતું નથી, તેમ (તે) જોઈ શકાતું નથી, કારણ કે ચક્ષુ તે (શિર)માં જ રહેલું છે, અને (તેવું) ભાન થાય છે, અને આ વિષય (પરસ્પર) વિરુદ્ધ છે. વળી (તેમાં) તર્ક નથી. એવુંજ અહિં (માયાના સંબંધથી) છે, એવો ભાવ છે. ૯.

૧. 'વિગેરે' શબ્દથી અહિં ખરાબ ભાગ્ય હોવું વિગેરેનો સમાવેશ કરેલો છે. (પ્ર)
૨. ડાબું અંગ જમણું અને જમણું અંગ ડાબું દેખાય છે.)

''માયામાં આ આત્મા પ્રવેશ કરે છે તેથી આત્માના ગુણો માયામાં આવે તે યોગ્ય છે, પરંતુ '(આત્મા) તમઃથી પર છે' એ શ્રુતિ પ્રમાણે માયા આત્મામાં પ્રવેશ કરતી ન હોવાથી, માયાના ગુણો આત્મામાં આવે (તે યોગ્ય) નથી. તેથી બંધન વિગેરે માયાના ગુણો આત્મામાં કેમ (જોવામાં આવે છે) ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**યથા જલે ચન્દ્રમસઃ કમ્પાદિસ્તત્કૃતો ગુણઃ ।।**
**દશ્યતેઽસન્નપિ દ્રષ્ટુરાત્મનોઽનાત્મનો ગુણઃ ।।૧૦।।**

જેમ જલની અંદર હાલવું વિગેરે તેણે (જલે) કરેલો ચંદ્રમાનો ગુણ ન હોવા છતાં જોવામાં આવે છે, તેમ જોનાર આત્મામાં જડનો ગુણ (દેખાય છે). ૧૦.

જો કે માયા આત્મામાં પ્રવેશ કરતી નથી, પરંતુ આત્માજ (માયામાં) પ્રવેશ કરે છે, છતાં પણ પ્રવેશ કર્યા પછી (આત્માને) તે (માયા)ના ગુણોનો સંબંધ થાય છે, પણ પ્રવેશ કર્યો ન હોય ત્યાં સુધી થતો નથી. જેમ જલમાં ચંદ્ર પ્રતિબિંબથી પ્રવેશ કરે છે, તેમ (આત્માનો માયામાં) પ્રવેશ પણ દેખાવનોજ છે. જલના હાલવાથી તે (ચંદ્ર(નું પ્રતિબિંબ)) હાલે છે, પણ સ્વભાવથી હાલતો નથી, તેવી રીતે માયાના સંબંધને લીધે આત્મામાં નથી તેવો પણ ગુણ દેખાય છે. તે (અર્થ) ઉત્તરાર્ધથી કહે છે. (જડનો ગુણ) ન હોવાનું કારણ 'જોનાર' શબ્દથી કહેલું છે. આ 'આત્મા' (શબ્દ)થી જણાવેલ ભેદ છે. 'જડનો ગુણ' શબ્દોથી 'માયા' (શબ્દ)થી જણાવેલ ભેદ કહેલો

છે. 'અનાત્મનઃ' પ્રકૃતિ દેહ વિગેરે જડનો, જોવાનો (પદાર્થ) હોવું વિગેરે ગુણ (આત્મામાં ન હોવા છતાં દેખાય છે.)૧૦.

તેથી માયામાં દેખાવનો સંબંધ હોવાથી, તે (તેવો) સંબંધ દૂર થાય તે માટેનો ઉપાય નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ વૈ નિવૃત્તિધર્મેણ વાસુદેવાનુકમ્પયા ।।**
**ભગવદ્ભક્તિયોગેન તિરોધત્તે શનૈરિહ ।।૧૧।।**

તે ખરેખર નિવૃત્તિના ગુણથી, વાસુદેવની કૃપાથી અને ભગવાનની ભક્તિના યોગથી આ જન્મમાં ધીરે ધીરે દૂર થાય છે. ૧૧.

'તે' માયાનો સંબંધ ત્રણ ગુણોથી દૂર થાય છે. જેમ ત્રિદોષથી પુરુષ મરણ પામે છે, તેમ ત્રણ ગુણોનો સંબંધ થતાં તે જ દેહમાં દેખાવરૂપ (દેખાતો) માયાનો સંબંધ દૂર થાય છે. 'નિવૃત્તિના ગુણથી' વિગેરે શબ્દોથી તે (ત્રણ) ગુણો કહે છે. તે પૈકી પ્રથમ (૧) નિવૃત્તિના ગુણો કરવા, માત્ર નિવૃત્તિ (કાર્ય ન કરવું તે) નહિ. તેમ (માત્ર નિવૃત્તિ) કરવાથી ભગવાનની કૃપા થાય નહિ.

**વિધાનેન પરિત્યાગઃ પુનસ્ત્યક્ત્વા પરિગ્રહઃ ।।**
**એકાકિત્વં તીર્થસેવા મૌનં કૃષ્ણાનુચિંતનમ્ ।।૧૭।।**

(શાસ્ત્રની) આજ્ઞા હોવાથી ત્યાગ કરવો, ત્યાગ કરીને પાછું સ્વીકારવું, એકલા રહેવું, તીર્થમાં રહેવું, મૌન રાખવું, શ્રીકૃષ્ણનું ચિંતન કરવું. કા.૧૭.

**કાલાદિપ્રાપ્તદુઃખસ્ય સહનં ચાપ્રતિક્રિયા ।।**
**દયાસંતોષાત્મજયા મુખ્યા ધર્મા નિવૃત્તિતઃ ।।૧૮।।**

કાલ વિગેરેથી થતું દુઃખ સહન કરવું, અને સામો અપકાર ન કરવો, દયા, સંતોષ અને અંતઃકરણ ઉપરનો વિજય-(આ) નિવૃત્તિથી (પ્રાપ્ત થતા) મુખ્ય ગુણો છે. કા.૧૮.

(૨) પછી ભગવાનની કૃપા, સત્ત્વરૂપ અંતઃકરણમાં સ્ફૂરેલા ભગવાનની કૃપાદષ્ટિ, (૩) પછી ભગવાનની ભક્તિનો યોગ. ભક્તિ ભગવાનના સંબંધવાળી હોવાથી સાધનરૂપ થાય છે. 'યોગ' એટલે સદા આચરણ, સદા શ્રવણ વિગેરે ભગવાનની કૃપા વિના થતાં નથી, તેથી ભગવાનની ભક્તિનો યોગ પાછલથી કહેલો છે. એવા ત્રણ ગુણોથી માયાનો સંબંધ ધીરે ધીરે આ જન્મમાંજ દૂર થાય છે. 'ધીરે ધીરે' સાધનના બલને અનુસરીને (દૂર થાય છે). ૧૧.

નીચેના શ્લોકમાં એકદમ સર્વ દુઃખોનો નાશ કરવાનો ઉપાય કહે છેઃ

**યદેન્દ્રિયોપરામોઽથ દ્રષ્ટાત્મનિ પરે હરૌ ।।**
**વિલીયન્તે તદા ક્લેશાઃ સંસુપ્તસ્યેવ કૃત્સ્નશઃ ।।૧૨।।**

જ્યારે ઈન્દ્રિયો (વિષયોથી) શાંત થાય છે, ત્યારે વશ રાખનાર હરિ આત્માની અંદર જોનાર થાય છે, ત્યારે સુષુપ્તિમાં રહેલાના દુઃખોની પેઠે (તેના) સર્વ દુઃખોનો નાશ થાય છે. ૧૨.

જ્યારે બધી ઈન્દ્રિયો પોતાની મેળેજ પોતપોતાના વિષયોથી શાંત થાય છે, 'અથ' ત્યારે જૂદા પ્રકારથી આત્માની અંદર જોનાર થાય છે, (એટલે) જોનાર આત્મા તરીકે સ્ફૂરે છે, (તે) પ્રકૃતિ વિગેરેને વશ રાખનાર તરીકે સ્ફૂરે છે, અને પોતે હરિ હોવાનું (સ્ફૂરે છે) ત્યારે (તેનાં) અવિદ્યા વિગેરે સર્વ દુઃખોનો નાશ થાય છે. તે (દુઃખો) પાંચમા સ્કંધમાં કહેશે. 'સંસારરૂપ વનમાં (ઈન્દ્રિયોની) શાંતિ સંભવતી નથી' એવો મત ખોટો ઠરાવવા 'સુષુપ્તિમાં રહેલાના દુઃખોની પેઠે' એવું દષ્ટાંત કહેલું છે. 'જેમ સ્ત્રીથી સારી રીતે આલિંગન કરાએલો (સૂએ છે), તેમ આ દેહમાં રહેલો આત્મા જ્ઞાની આત્માથી આલિંગન કરાએલો સૂએ છે' એ શ્રુતિપ્રમાણે 'સુષુપ્તિમાં રહેલાના' એટલે આત્માની સાથે ઐક્ય પ્રાપ્ત કરેલાના (સર્વ) દુઃખોનો નાશ થાય છે. 'જ્યારે' એવું વચન હોવાથી આ સાધનથી (ફલની) પ્રાપ્તિ થવાનો સમય નિશ્ચિત નથી. ૧૨.

તેથી ( ફલ પ્રાપ્ત થવાનું ) નિશ્ચિત સાધન નીચેના શ્લોકમાં કહે છેઃ

**અશેષસંક્લેશશમં વિધત્તે ગુણાનુવાદશ્રવણં મુરારેઃ ।।**
**કુતઃ પુનસ્તચ્ચરણારવિન્દપરાગસેવારતિરાત્મલબ્ધા ।।૧૩।।**

મુરારિના ગુણોના અનુવાદનું શ્રવણ સર્વ દુઃખોનો નાશ કરે છે. તો પછી પોતેજ પ્રાપ્ત કરેલી તેમના ચરણારવિંદની રજની સેવામાં પ્રીતિ (તેમનો નાશ) કરે તેમાં કહેવું જ શું ? ૧૩.

ભગવાનનું માહાત્મ્ય જણાવનાર (તેમના) ગુણોનાં કીર્તન પછી થએલું (તે ગુણોનું) શ્રવણ સર્વ દુઃખોનો નાશ કરે છે. (૧) ગુણોના અનુવાદનું શ્રવણ અને (૨) દુઃખોના નાશની (અનુક્રમે) કારણ અને કાર્ય હોવાની સ્થિતિ, કારણ હોય ત્યાં સુધીની અવસ્થામાંજ [૧] છે. તેથી જ્યારે દુઃખોનો નાશ થાય, ત્યાં સુધી ગુણોના અનુવાદનું શ્રવણ કરવું. તેથી[૨] એક (વારના) શ્રવણથી દુઃખોનો નાશ ન થયો, એવો વિરોધ ન માનવો, પરંતુ[૩] અહિં (દુઃખોના નાશનું) નિશ્ચિત કારણ કહેલું છે. 'મુરારિના' (ગુણોનું શ્રવણ) હોવાથી, તે (શ્રવણમાંના) વિઘ્નો પોતાની મેળેજ દૂર થવાના. જ્યારે શ્રવણ આ (દુઃખોનો નાશ) કરે છે, ત્યારે ભગવાનના ચરણારવિંદ પરની પ્રીતિ કરે તેમાં કહેવુંજ શું ? તે (અર્થ) ઉત્તરાર્ધથી કહેલો છે. 'તો પછી (પ્રીતિ કરે)' એમ કહેવાનું હતું, તેને બદલે 'કુતઃ' 'ક્યાંથી' વચન છે. (તેથી) એમ જણાવ્યું

છે કે પ્રીતિ પ્રાપ્ત કરાવનારાં શ્રવણ (કરવાની) સ્થિતિમાંજ દુઃખોનો નાશ થએલો હોવાથી, પ્રીતિ તેમનો નાશ ક્યાંથી કરશે ? 'ચરણારવિંદ' શબ્દથી (એમ જણાવ્યું છે કે આ ઉપાય) ભક્તિમાર્ગ પ્રમાણેનો છે. ઉપર જણાવેલ ચરણારવિંદનાં રજકણો ગંગામાં અને ભગવદીય શરીરમાં હોય છે, તેથી ત્યાં (તેમની) સેવા કરવામાં પ્રીતિ (રાખવી), અથવા મથુરા વિગેરેમાં રહેલ (ભગવાનનાં ચરણારવિંદની) રજનીજ સેવા કરવી. ચરણની સેવા રસરૂપ છે. ભજનાનંદ પોતે પુરુષાર્થરૂપ છે, તેના સંબંધવાળી સેવા, (અને) તે (તેવી સેવા)માં 'રતિઃ' પ્રીતિ, તે પણ પોતેજ પ્રાપ્ત કરેલી, અકસ્માત પ્રાપ્ત થએલી અથવા અંતઃકરણમાં પ્રાપ્ત થએલી. સ્વતઃ પુરુષાર્થરૂપ સેવામાં સ્વભાવથી જે પ્રીતિ (હોય), તે બધાએ દુઃખનો નાશ કરે છે, એવો અર્થ છે. એ રીતે ૧. કર્મમાર્ગ પ્રમાણે ૨.જ્ઞાનમાર્ગ પ્રમાણે અને ૩.ભક્તિમાર્ગ પ્રમાણે ત્રણ સાધનો જણાવ્યાં. ૧૩.

૧. ભગવાનના ગુણોના અનુવાદનું શ્રવણ અને દુઃખોનો નાશ એ અગ્નિ અને તેનાં કાર્યરૂપ દાઝવાનું એ બેનાં જેવા કારણ અને કાર્ય છે, (અગ્નિ ન હોય ત્યારે દઝાતું નથી), પણ (ઘડો બનાવવામાં ઉપયોગી) દંડ અને ઘડો એ બે જેવાં કારણ અને કાર્ય નથી, એવો અર્થ છે. (પ્ર)

૨. 'તેથી' એટલે દુઃખો ઘણાં હોવાથી, નાશ ઘણાંનો કરવાની જરૂર હોવાથી. (પ્ર)

૩. ઉપર જણાવેલ વિરોધ ન માનવાનું કારણ આ વાક્યથી કહેલ છે. (પ્ર)

એ રીતે માયા દૂર થાય ત્યારેજ સર્વ સંદેહો દૂર થાય છે એમ મૈત્રેયે કહેલું સાંભળીને, (તેણે કહેલ) સાધનના વાક્યથી ભગવાન્ પરની પ્રીતિ સાધન હોવાનું સ્મરણ કરીને, તે (પ્રીતિ) ઉત્પન્ન થતાં સંદેહ પોતાની મેળે દૂર થવાથી તેણે (મૈત્રેયે) કહેલું ફલ (પ્રાપ્ત) થયું તેથી પોતાના (વિદુરના) હૃદયમાં સંદેહ રહ્યો નથી, (તે) તે (મૈત્રેય)ની રુબરુ નીચેના શ્લોકમાં કહે છેઃ

॥ વિદુર ઉવાચ ॥

**સંચ્છિન્નઃ સંશયો મહ્યં તવ સૂક્તાસિના વિભો ।**
**ઉભયત્રાપિ ભગવન્ મનો મે સંપ્રધાવતિ ॥૧૪॥**

હે સમર્થ ! મારા માટે યોજેલા આપનાં ઉત્તમ વાક્યરૂપથી મારો સંશય કપાઈ ગયો. હે ભગવન્ ! મારું મન બંને (વિષયો)માં સારી રીતે ઘણું પહોંચે છે. ૧૪.

તેમ થયું ન હોય[1], તો ગુરુએ કહેલાં શાસ્ત્રથી સંદેહ દૂર થયાનું ન થાય (ગણાય). 'મહ્યં' મારા માટે યોજલું જે આપનું 'સૂક્તાસિઃ' ઉત્તમ વાક્યરૂપ ખડ્ગ, તેનાથી સંદેહ કપાઈ ગયો, પણ તર્કથી છૂટેલો નથી. વળી આપનું વચન સાધન દર્શાવનાર પ્રકારનું હોવાથી ખડ્ગરૂપ છે, અને તેથી હવે પછી તર્ક કહેવાનો નથી. ભગવાનની માયાનાં અંશને બલ તરીકે સ્વીકારીને તેની સાથે જ્યાં બુદ્ધિને

મોકલવામાં આવે છે, ત્યાંજ ધનુષ્યમાં યોજેલા બાણની પેઠે તે વિઘ્ન વિના પહોંચે છે, તે (અર્થ) ઉત્તરાર્ધથી કહે છે. ભગવાનની સ્વતંત્રતા અને જીવની પરતંત્રતાના વિષયમાં (ભગવાન્) જગતનું બીજ હોવાના અને (તેમને જગત્ રચવાના) પ્રયોજનના વિષયમાં, જ્ઞાનનો અને માયાનો સંબંધ હોવાના વિષયમાં મારો સંશય કપાઈ ગએલો હોવાથી, મારું મન (પરસ્પર વિરુદ્ધ જણાતા) બંને (વિષયો)માં સારી રીતે ઘણું પહોંચે છે. પોતાની (વિદુરની) અંદર તેવું જ્ઞાન ઉત્પન્ન કરવાની શક્તિ (મૈત્રેયમાં) છે એમ જણાવવા 'હે ભગવન્' એવું સંબોધન કરેલું છે. 'સારી રીતે પહોંચવું' એટલે તર્કની જરુર વિના, વિઘ્ન વિના પહોંચવું. 'ઘણું (પહોંચવું)' એટલે પ્રયાસ વિના પહોંચવું. ૧૪.

૧. 'તેમ થયું ન હોય' એટલે (ચરણારવિંદ પરની) પ્રીતિનું ફલ થયું ન હોય તો. (પ્ર)

ઉપર પ્રશ્નો કર્યા, તેમના સંબંધમાંજ માત્ર મારો સંદેહ ગયો એમ નહિ, પરંતુ બીજા વિષયોમાં સર્વત્ર કાર્યસંબંધી સંદેહ દૂર થયો છે, એમ નીચેના શ્લોકમાં કહે છે:

**સાધ્વેતદ્વ્યાહૃતં વિદ્વન્નાત્મમાયાયનં હરેઃ ।।**
**આભાત્યપાર્થં નિર્મૂલં વિશ્વમૂલં ન યદ્બહિઃ ।।૧૫।।**

હે વિદ્વન્! હરિના સંબંધવાળા જીવોને (મોહ કરનારી) માયાએ (રચેલું) મૂલવિનાનું જગત્ નિરર્થક ભાસે છે એમ આપે બરાબર કહેલું છે. જે વિશ્વનું મૂલ છે તે બહારના (પદાર્થો)માં નથી.૧૫.

આ માયાને જણાવનારું વચન જે આપે કહ્યું તે બરાબરજ કહેલું છે. 'હે વિદ્વન્!' એ સંબોધનથી એમ જણાવેલું છે કે આપનો આ વિષયમાં અનુભવ પણ છે, પણ માત્ર શાસ્ત્રની દૃષ્ટિથી (આપે કહેલું) નથી. 'શું કહ્યું?' એ જાણવાની ઇચ્છા થાય, તેથી 'આત્મમાયાયનં હરેઃ' શબ્દો યોજેલા છે. હરિના સંબંધવાળા જે 'આત્માનઃ' જીવો, તેમને મોહ કરનારી જે માયાનું નિરૂપણ ઉપર ચાર [1]શ્લોકમાં કરેલું છે, તે માયાનું 'અયનં' સ્થાન વિષયરૂપ બ્રહ્મ, જડ તરીકે, (અથવા) જીવ તથા જડ તરીકે જે સ્ફૂરે છે તે નિરર્થકજ ભાસે છે. અથવા માયાજ છે સ્થાન જેનું એવું માયાએ વચ્ચે જે જગત્ રચેલું છે, તે તો નિરર્થકજ ભાસે છે.

વસ્તુને દૂર કરીને વિષયરહિતજ[2] જ્ઞાન માયાથી વીંટાઈ હરકોઈ વિષય તરીકે ભાસે છે. ''ત્યારે (તે) સદાએ ભાસવાનું, અને તેથી મોક્ષ થવાનો નહિ એવી ઘટના થશે'' એવી શંકા થાય, તેથી 'મૂલવિનાનું' વિશેષણ યોજેલું છે. (તેને) માયા સિવાય મૂલ ન હોવાથી, અંદર (જ) ભાસતું હોવાથી, તાત્પર્ય જોતાં બ્રહ્મનુંજ ભાન થતું હોવાથી, ત્યારેજ તે દૂર થતું હોવાથી મૂલવિનાનું છે, કારણ કે એવીજ રીતે છીપમાં રૂપાનો ભાસ અંદરથી થાય છે,

અને તાત્પર્ય જોતાં (તે) દૂર થાય છે. આ જ અર્થ 'જેણે આ ઉત્પન્ન કર્યું તેમને તમે જાણતા નથી, (કારણ કે) તમારી અંદર બીજું છે' એ મંત્રમાં પણ કહેલો છે. વળી જગતના સંબંધનું ભગવાનનું કર્તાપણું શ્રુતિથી સાબિત થએલું હોઈ સત્યજ છે. બ્રહ્મસ્વરૂપ જગત્ રચાએલું તેવું દેખાય, તેમાં મધ્યે મોહ કરનારી માયા (તેને) જૂદાજ પ્રકારનું દેખાડે છે[૩]. કાર્ય (જગત્) કારણ (બ્રહ્મ) અને કૃતિ (વેચવાની ક્રિયા) વિકાર વિનાનાં છે. 'તમારી (અંદર)[૪]' શબ્દ હોવાથી આ (જગત્ જૂદા પ્રકારનું જોવું તે) બધાનો અનુભવ નથી.

વળી પ્રમેયાધ્યાયમાં[૫] પૂર્વપક્ષમાં (કાર્ય અને કારણનો) અવિરોધ દર્શાવતાં (જગત્ બ્રહ્મથી) જૂદા પ્રકારનું હોવાનું '(જગત્) જૂદા પ્રકારનું હોવાથી, (ચેતન) (આનું કારણ) નથી' અને 'આ શબ્દ (વેદ) પ્રમાણે તેવું (જૂદા પ્રકારનું) છે' (બ્ર.સૂ.૨।૧।૪) એમ સિદ્ધ કરેલું છે[૬]. વાદીની બુદ્ધિને અનુસરીને (તેને) બ્રહ્મવાદ કહેવો યોગ્ય ન હોવાથી, સિદ્ધાંતમાં આડકતરી રીતે 'પરંતુ જોવામાં આવે છે[૭]'-(બ્ર.સૂ.૨।૧।૬)થી તેનો નિરાસ કરેલો છે. (જગત્ બ્રહ્મથી) જૂદા પ્રકારનું જોવામાં આવે છે, પરંતુ વાસ્તવિક રીતે (જૂદા પ્રકારનું) નથી, એવો અર્થ છે. શ્રુતિ તો 'તે પાછલા બે હોવાથી નાની છે' એ પૂર્વકાંડની શ્રુતિમાં જેમ લૌકિક દોહવાનાં કાર્યનો અનુવાદ કરેલો છે, તેમ તાત્પર્યનું જ્ઞાન થાય તે માટે[૮] લોકમાં પ્રસિદ્ધ અર્થજ કહે છે. તેથીજ[૯] 'સત્ય અને અસત્ય સત્ય થયું' એમ બંને પ્રકારે ભાસતું વાસ્તવિક રીતે સત્યજ થયું, એવો બોધ કરે છે. તે પણ આને[૧૦] ભગવાનનાં ધ્યાનને લીધે તેવું સૂઝયું તેથી (આણે) તે કહેલ છે, અથવા માયાવાદીની પેઠે (આ) માત્ર મધ્યે રહેલાનું વચન છે. વળી ભગવાન્ માયાથી પર હોવાથી વિશ્વનું જે મૂલ છે તે બહારના પદાર્થોમાં નથી, પરંતુ બુદ્ધિમાંથી નીકળેલી[૧૧] વચગાળામાંજ ભાસે છે. ૧૫.

૧. આ અધ્યાયના ૮ થી ૧૧ સુધીના શ્લોકોથી.

૨. વસ્તુ (બ્રહ્મ)ના સારી રીતે સંબંધવાળું હોવા છતાં, વિષયને ન ગ્રહણ કરનારું પ્રમેયના આશ્રયવાળું (આ) જ્ઞાન હોવાથી, તે સ્થલ માયાથી વીંટાએલ હોઈ 'જગદ્ગતભગવત્કર્તૃત્વં' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલો છે માયાના આધારવાળું છે, એવો અર્થ છે. (પ્ર)

૩. જ્ઞાનનો વિષય થતાં વિકારવાળાં જગતને કરીને, બ્રહ્મરૂપ જગતમાં જડ મોહરૂપ તુચ્છ જગત્ દેખાડે છે, અને જડ (દેહ વિગેરેને) આત્મા તરીકે દેખાડે છે, એવો અર્થ છે. (પ્ર)

૪. ''જગત્ જડ સર્વને દેખાય છે, તેથી તે ભ્રમ ન હોઈ શકે, તેથી તે જગત્ મૂલવિનાનું કેમ હોય ?'' એવી શંકા થાય, તેથી જડપણું વિગેરે સર્વને દેખાતાં નથી એમ દર્શાવવા ઉપરની શ્રુતિ (મંત્ર)માં 'તમારી અંદર (બીજું છે)' એમ કહેલું છે. (પ્ર)

૫. બ્રહ્મસૂત્રના બીજા અધ્યાયમાં.

૬. સાંખ્ય વિગેરે બ્રહ્મ અને જગતમાં ભેદ માનનારાઓ 'વિજ્ઞાન અને અવિજ્ઞાન' એ શ્રુતિના બલે તે બેમાં ભેદ માને છે, અને બ્ર.સૂ. ૨।૧।૪. માં પણ તે કહેલ છે. તેથી કાર્ય(જગત્) વિકારવિનાનું કેમ મનાય ? એવી શંકા થાય, તે દૂર કરવા તેનો ઉલ્લેખ કર્યો છે, ને પછીના વાક્યથી દૂર કરે છે. આ સૂત્રનો અર્થ નીચે પ્રમાણેઃ ''બ્રહ્મ જગતથી જૂદા પ્રકારનું જડ હોવાથી, બ્રહ્મ તેનું ઉપાદાન કારણ ન હોય, કારણ કે લોકમાં કાર્ય અને કારણ એક જ પ્રકારનાં હોવાનું ઘડો, વસ્ત્ર વિગેરેમાં જણાય છે. તેથી તર્કથી વિરુદ્ધ વેદ પણ તેમને કારણ અને કાર્ય હોવાનું કહી ન શકે. તમે એમ કહો કે 'તર્ક પ્રત્યક્ષ ઉપર આધાર રાખે છે અને પ્રત્યક્ષમાં ભ્રમ દેખાય છે તેથી તર્ક ઉપર અમે આધાર રાખતા નથી' તો વેદમાં પણ જગતને 'વિજ્ઞાન અને અવિજ્ઞાન' શબ્દોથી ચેતન તેમજ જડ કહેલ છે. તેથી તેનું ઉપાદાન કારણ ચેતન (જ્ઞાનરૂપ બ્રહ્મ) હોઈ ન શકે'. (પ્ર)
૭. આ સિદ્ધાંત જણાવનાર સૂત્રનો અર્થ નીચે પ્રમાણે : તાત્પર્યના જ્ઞાનરહિત (બુદ્ધિની) અંદરની સૃષ્ટિમાંજ જેમની મતિનો અંત આવે છે, તેમને જગત્ માયાને લીધે જડ જણાય છે, પણ વસ્તુતઃ બ્રહ્મથી જૂદા પ્રકારનું નથી, જૂદા પ્રકારનું હોવાનું દેખાય છે તે પણ ચેતન ઉપાદાન હોવાનો નિરાસ કરનારું નથી, કારણ કે લોકમાં પણ કારણ અને કાર્ય જૂદા પ્રકારનાં જોવામાં આવે છે. ચેતન પુરુષના દેહમાંથી જડ, કેશ, નખ વિગેરે, અને જડ છાણમાંથી ચેતન વીંછી વિગેરે ઉત્પન્ન થતાં જોવામાં આવે છે. તેમ હોવાથી બ્રહ્મના 'સત્' અંશમાંથી સત્ જ જગત્ ઉત્પન્ન થાય છે એટલે કારણ અને કાર્ય પણ એક પ્રકારનાં છે. કાર્ય અને કારણ સર્વ અંશે એક પ્રકારના લોકમાં પણ દેખાતા નથી, કારણ કે ઘડામાં માટીનો પિંડો જોવામાં આવતો નથી. વાસ્તવિક રીતે તો જગતમાં ચેતનથી ભેદ જુઓ છો તે જ ભ્રાંતિ છે. (પ્ર)
૮. ''જો પ્રપંચ ચેતનથી જૂદા પ્રકારનો ન હોય તો શ્રુતિ 'વિજ્ઞાન અને અવિજ્ઞાન' એમ કેમ કહે ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે 'સત્' અંશમાંથી જડોની અને 'ચિત્' અંશમાંથી જીવોની ઉત્પત્તિ થઈ છે એવું તાત્પર્ય જણાવવા શ્રુતિમાં એમ કહેલું છે. (પ્ર)
૯. 'તેથીજ' એટલે જૂદા પ્રકારનાં દેખાતાં હોવા છતાં, બ્રહ્મજ કારણ છે એવો શ્રુતિનો અભિપ્રાય હોવાથીજ. (પ્ર)
૧૦. 'આને' એટલે 'વિદુરને'. (પ્ર)
૧૧. પ્રકરણને અનુસરી બીજો મત કહે છે. (બુદ્ધિમાંથી) માયારૂપ વિષયતા નીકળી, (જોવામાં આવતો પદાર્થ બનેલી માયા નીકળી). (પ્ર)

તેથી આ શાસ્ત્રમાં અજ્ઞાનરહિત અને સંકટરહિત બે જ સુખી છે, તે બે નીચેના શ્લોકમાં જણાવે છેઃ

**યશ્ચ મૂઢતમો લોકે યશ્ચ બુદ્ધેઃ પરં ગતઃ ।।**
**તાવુભૌ સુખમેધેતે ક્લિશ્યત્યન્તરિતો જનઃ ।।૧૬।।**

જે ઘણો મૂઢ લોકમાં રહે છે અને જે બુદ્ધિથી પર ગએલો છે તે બંને સુખથી રહે છે. વચ્ચે રહેનાર મનુષ્ય દુઃખી થાય છે. ૧૬.

(૧) જેણે જ્ઞાન માટે તો જરાએ પ્રવૃત્તિ કરી નથી, તે લોકની રીતે રહેતાં, માયા દૂર કરવા માટેજ પ્રયત્ન કરતાં, ભગવાનની કૃપાથી તે દૂર થાય ત્યાર પછી

સંદેહરહિત બધુંએ જાણે છે (૨) અથવા સારા ગુરુને લીધે ભગવાનની કૃપાવાળો (પુરુષ) મોહ ન પામતાં, મોહ[1] કરનારી બુદ્ધિનો ત્યાગ કરી, બુદ્ધિથી પર ગએલો એટલે સ્વરૂપમાં સ્થિતિ કરનારો થઈ (તેનાં) દુઃખો પહેલાંજ દૂર થએલાં હોવાથી સુખમાં રહે છે; પરંતુ 'અંતરિતઃ' વચ્ચે રહેનાર તો થોડું જ્ઞાન અને થોડી ભક્તિવાળો હોઈ નિશ્ચયરહિત હોવાથી અને (જ્ઞાન અને ભક્તિ) બેમાંથી એકનાં જ્ઞાન અથવા આધારવિનાનો હોવાથી, બે નાવમાં બેઠેલા (પુરુષ)ની પેઠે દુઃખી થાય છે. 'લૌકિક મૂઢ' એવો અર્થ લઈએ, તો બંનેને સમાન સુખવાળા કહેવામાં વિરોધ થાય, અને વળી મૂઢો (મૂર્ખાઓ)ને સુખ હોતું નથી. ૧૬.

૧. 'અવ્યામોહિતો વ્યામોહિકાં બુદ્ધિં ત્યક્ત્વા' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલ છે.

એવી રીતે શાસ્ત્રાર્થ કહીને, પોતાને કાંઈક (ફલ) પ્રાપ્ત થયું છે અને કાંઈક નથી થયું, તે બંને નીચેના શ્લોકમાં કહે છેઃ

**અર્થાભાવં વિનિશ્ચિત્ય પ્રતીતસ્યાપ્યનાત્મનઃ ।।**
**તાં ચાપિ યુષ્મચ્ચરણસેવયાઽહં પરાણુદે ।।૧૭।।**

જડ દેખાતું હોવા છતાં વાસ્તવિક સ્થિતિવાળું નથી એવો નિશ્ચય કરીને, આપના ચરણની સેવાથી હું તે (દેખાવ)ને પણ દૂર કરીશ. ૧૭.

દેખાતો (પદાર્થ) વાસ્તવિક સ્થિતિવાળો નથી એમ શાસ્ત્રથી સૂચવેલું છે. 'આ સર્વ આત્મા છે' એ શ્રુતિથી જડ વાસ્તવિક સ્થિતિવાળું ન હોવાનું સિદ્ધ થએલું છે. હવે તેનો (જડ તરીકે) દેખાવ (બાકી) રહ્યો, પદાર્થથી થતું દુઃખ દૂર થયું. તે દેખાવને પણ હું આપણા ચરણની સેવાથી એટલે ગુરુના ચરણની સેવાથી દૂર કરીશ. જો કે સ્વભાવથી ગુરુ ઉપદેશ કરતા નથી, છતાં પણ સેવા કરવામાં આવતાં, તે (સેવા)ના ગુણથી અથવા તેમના (ગુરુના) ઉપદેશથી તાત્પર્યનું જ્ઞાન થશે એટલે અર્ધ (પદાર્થથી થતું દુઃખ) જ્ઞાનમાર્ગ પ્રમાણેજ દૂર થએલું હોવાથી, તે (દેખાવ)ને પણ 'અપનુદે' હું દૂર કરીશ. તેમ (અર્ધ જ્ઞાનમાર્ગ પ્રમાણે દૂર થયું) ન હોત, તો ભગવાનના ચરણની સેવાથીજ તે (દેખાવ)ને દૂર કરત. 'હું' શબ્દથી પોતાનો અધિકાર (જણાવેલો છે), કારણ કે ભગવાને તેવીજ[1] આજ્ઞા કરેલી. તેમ ન હોત, તો તે (દેખાવને) ભક્તિમાર્ગ પ્રમાણેજ દૂર કરત. વળી (ભક્તિમાર્ગ પ્રમાણે દૂર કરવા) અધિકાર ફરીથી પ્રાપ્ત કરવો જોઈએ. ૧૭.

૧. 'તેવીજ' એટલે ગુરુ દ્વારાજ અધિકાર પ્રાપ્ત કરવાની. (પ્ર)

વળી ભગવન્માર્ગમાં પણ ગુરુસેવા ભક્તિ (પ્રાપ્ત કરવા)માં ઉપયોગી થાય છે, તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**યત્સેવયા ભગવતઃ કૂટસ્થસ્ય મધુદ્વિષઃ ।।**

**રતિરાસો ભવેત્તીવ્રઃ પાદયોર્વ્યસનાર્દનઃ ॥૧૮॥**

જેમની સેવાથી મધુના દ્વેષી વિકારરહિત ભગવાનના ચરણોમાં વ્યસનોનો નાશ કરનાર તીવ્ર રતિરાસ થાય છે. ૧૮.

ત્રણ માર્ગનો વિરોધ (થતો) નથી એમ જણાવવા ભગવાનનાં ત્રણ વિશેષણો (યોજેલાં છે), તેમ ન હોય (બીજા માર્ગનો વિરોધ થતો હોય), તો ગુરુની સેવામાં પ્રેમ થતાં બીજા માર્ગનો વિરોધ થાય તો ભગવાનમાં ભક્તિ ન થાય. તે પૈકી (૧) 'ભગવાનના' શબ્દથી ભક્તિમાર્ગને અનુસરનારા ભગવાન્ (જણાવ્યા). (૨) 'વિકારરહિત' વિશેષણથી જ્ઞાનમાર્ગને અનુસરનારા (અને) (૩) 'મધુના દ્વેષી' વિશેષણથી દૈત્યોના દ્વેષી (કર્મમાર્ગને અનુસરનારા) (જણાવ્યા). બધાએ 'સુમનસામ્' દેવોના અથવા પુષ્પોના રસને લઈને, પોતાના મુખથી તે બહાર કાઢી તૈયાર કરેલું મધ થાય છે, તેમ સર્વ દેવોનાં બલને લઈને, દૈત્યોથી તેનામાં (દૈત્યનો) ખાસ ગુણ મૂકીને સર્વ ધર્મોના વિરોધી તરીકે બ્રાહ્મણોની હત્યા કરનાર મધુને ઉત્પન્ન કરેલો. કૈટભ તો જ્ઞાનના અંશનો વિરોધ કરનાર હતો, તેથીજ કપિલે (ભગવાન્ વિષે) 'કૈટભનો નાશ કરનાર' એમ કહેલું છે. તેવા ભગવાનના (ચરણમાં) 'રતિરાસ' એટલે પ્રેમનો વિલાસ થાય. 'વિલાસ (રાસ)' શબ્દથી ચરણને વશ કરવાનું કહેલું છે; અથવા સર્વ ઇન્દ્રિયોના વિષયોના સંબંધવાળી ઘણા પ્રકારોની 'રતિ'ઓ (આનંદો)નો 'રાસ' એટલે રસનો સમૂહ (થાય છે). 'ચરણોમાં' શબ્દ અવતાર (ધારણ કરેલ ભગવાન્)ના અભિપ્રાયથી (કહેલો છે), કારણ કે તેથી લૌકિક મોહ પણ દૂર થાય છે. (રતિરાસ) 'તીવ્ર' હોવાથી તરતજ તાત્પર્યનું જ્ઞાન કરાવે છે. વચલાં દુઃખ(નો નાશ) તો તેના પ્રસંગથી થાય છે એમ 'વ્યસનોનો નાશ કરનાર' વિશેષણથી કહેલું છે. જાતજાતનાં લૌકિક વ્યસનો (દુઃખો)નો 'અર્દયતિ' નાશ કરે છે એવું તે (રતિરાસ)નું વિશેષણ છે. તેથી દુઃખો દૂર થવાં એ રાસનું પ્રાસંગિક (ફલ) છે. તેથી (જ્ઞાન અને ભક્તિ) બે માર્ગ પ્રાપ્ત કરાવનારી હોવાથી, ગુરુસેવા બધાઓનું હિત કરનારી છે. ૧૮.

''ત્યારે બધા કેમ (ગુરુસેવા) કરતા નથી ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**દુરાપા હ્યલ્પતપસઃ સેવા વૈકુણ્ઠવર્ત્મસુ ।**
**યત્રોપગીયતે નિત્યં દેવદેવો જનાર્દનઃ ॥૧૯॥**

જેઓ નિત્ય દેવોના દેવ જનાર્દનનું ગાન કરે છે, તેવા વૈકુંઠના માર્ગરૂપોની સેવા અલ્પ તપવાળાને પ્રાપ્ત થવી કઠણ છે. ૧૯.

અલ્પ છે તપ જેઓનું, તેમને વૈકુંઠના માર્ગરૂપોની સેવા 'દુરાપા' દુઃખથી પ્રાપ્ત થઈ શકે તેવી છે. (તેમની સેવા) દુર્લભ છે એમ જણાવવા એકવચન યોજેલું

છે. ભગવાનના ભક્તોનું માહાત્મ્ય દર્શાવવા (તેમને) 'વૈકુંઠના માર્ગરૂપ' કહેલા છે. (તેઓ) 'વૈકુંઠના' એટલે વ્યાપિવૈકુંઠના અથવા ભગવાનના માર્ગ બનેલા છે, કારણ કે તેમના માર્ગે જનારો ત્યાં પહોંચે છે. ઉત્તરાર્ધથી તેઓ વૈકુંઠનાં માર્ગરૂપ હોવાનું સિદ્ધ કરે છે. 'નિત્ય' શબ્દથી (એમ કહેલું છે કે) જે ભગવાનના ભક્તો નિત્ય ભગવાનનું ગાન કરે છે. આથી ધીરેધીરે ત્યાં (તેમની સમીપ) જવાનું સૂચવેલું છે[1]. પુષ્પોની ગંધોની પેઠે ભગવાનના ગુણો ભગવાનના માર્ગ ઉપર આવ્યા કરે છે, તેથી જ તેઓ ગાન કરે છે. હૃદયમાં રહેલા અને તેમાંજ ખીલી ઉઠેલા (ભગવાનના ગુણો)નું ગાન કરે છે. ઘણા ખીલી ઉઠેલા હોવાથી માર્ગની નજીકજ છે. નિત્ય ખીલેલા હોવાથી વાયુની પેઠે (વાયુથી ઉડાડેલ પુષ્પ લેવા વાયુ દૂર લઈ જાય છે તેમ) શ્રવણ દૂર લઈ જતું નથી. વળી તે (ભગવાન્) દેવોના પણ દેવ હોઈ દેવોની ઉપર છે. તેથી દેવોના માર્ગ કરતાં એટલે યજ્ઞના કરતાં પણ આ માર્ગ ઉત્તમ છે. વળી આ 'જનાર્દન' જના (અવિદ્યા)નો 'અર્દયતિ' નાશ કરે છે, એટલે જ્ઞાનનું કાર્ય કરનારા છે. તેથી જડને દૂર કરનાર કરતાં એટલે જ્ઞાનમાર્ગ કરતાં પણ ભગવાનના ગુણોનું ગાન કરનારાઓની સેવા ઉત્તમ છે એવો અર્થ છે. ૧૯.

૧. આ 'નિત્ય' શબ્દનું તાત્પર્ય કહેલું છે. (પ્ર)

એ પ્રમાણે પૂર્વપક્ષ અને સિદ્ધાંતના મતો જણાવીને, બીજા (ભગવાનના) ખાસ ગુણો જાણવા નીચેના શ્લોકથી આરંભી પ્રશ્ન કરે છેઃ

**સૃષ્ટ્વાઽગ્રે મહદાદીનિ સવિકારાણ્યનુક્રમાત્ ।।**
**તેભ્યો વિરાજમુદ્ધૃત્ય તમનુ પ્રાવિશદ્વિભુઃ ।।૨૦।।**
**યમાહુરાદ્યં પુરુષં સહસ્રાઙ્ઘ્ર્યૂરુબાહુકમ્ ।।**
**યત્ર વિશ્વ ઈમે લોકાઃ સવિકાશં સમાસતે ।।૨૧।।**

પહેલાં વિકારો સાથે મહત્ (તત્ત્વ) વિગેરેને અનુક્રમે ઉત્પન્ન કરીને, તેમનાથી વિરાટને છૂટા પાડીને, પછી સમર્થે (ભગવાને) તેમાં પ્રવેશ કર્યો, કે જેમને એક હજાર ચરણ, હજાર સાથળ અને હજાર બાહુવાળા આદ્ય પુરુષ કહે છે (અને) જેમાં આ બધા લોકો છૂટથી રહે છે. ૨૦।૨૧.

તે પૈકી આરંભમાં અર્ધાથી અધિક સાથેના બે (પોણા ત્રણ) શ્લોકોથી ઉપર (મૈત્રેયે) કહેલું ફરી કહે છે. તેમ ન કરે તો, કહેલો વિષય ભૂલાએલ હોવાથી, વધારે કહેવું યોગ્ય ન થાય. વળી નિશ્ચિત થએલો (વિષય) થોડા (શ્લોક)થી જ કહે છે. મહત્ વિગેરે ત્રેવીસ તત્ત્વો,-તેમના વિકારો એટલે પેટાભેદો, સાત્ત્વિક વિગેરે ભેદો અથવા આધ્યાત્મિક વિગેરે ભેદો-અને તેઓની ક્રમ પ્રમાણે સૃષ્ટિ-અને પુરુષ ઉત્તમ અંશ છે એમ જણાવવા તેઓથી વિરાટને છૂટો પાડવો-પછી તેમાં પ્રવેશ કર્યો એ અર્થ

પ્રમાણે કહેલું (આ) ફરી કહેવામાં સ્પષ્ટ કરેલું છે. તેમાં (ભગવાનનો) પ્રવેશ (થયા) વિના બ્રહ્માંડની અંદરના કાર્યો ન થાય. 'સમર્થે' શબ્દથી (એમ જણાવ્યું છે કે ભગવાને) સામર્થ્યરૂપથી (પ્રવેશ કરેલો). ૨૦.

ભગવાન્ સાથેના વિરાટનું નામ 'આદ્ય પુરુષ' છે. આપણે વિગેરે (પુરુષો) કરતાં તે આદ્ય (મૂળ, પ્રથમના) છે. જો કે પહેલાના અધ્યાયમાં હરતા ફરતા રૂપથી (પ્રવેશ કર્યાનું કહેલ) નથી, છતાં પણ પુરુષનું સ્વરૂપ તેવું હોવાથી, તે ગુણવાળા તરીકે જણાવેલ છે, અથવા પોતાને (વિદુરને) સંપૂર્ણ જ્ઞાન થાય તે માટે ભગવાનની કૃપાથી બીજા (મૈત્રેયે ન કહેલા) ગુણો સ્ફૂરેલા છે, (અને) તે પણ ગુરુએ કહ્યું (બોધ આપ્યો) તેને લીધેજ (સ્ફૂરેલા છે) એમ જણાવવા (તે) અનુવાદ કરે છે. વળી જે પુરુષમાં આ બધા લોકો-સર્વ પ્રાણીઓ-છૂટથી એટલે ઘણી વિશાલ ભૂમિ ઉપર સુખથી રહે છે. ૨૧.

વળી,

**યસ્મિન્ દશવિધઃ પ્રાણઃ સેન્દ્રિયાર્થેન્દ્રિયસ્ત્રિવૃત્ ।।**
**ત્વયેરિતા યતો વર્ણાસ્તદ્વિભૂતીર્વદસ્વ નઃ ।।૨૨।।**

જેનામાં ઈન્દ્રિયો અને ઈન્દ્રિયોના વિષયો સાથે દશ પ્રકારનો પ્રાણ ત્રણ પ્રકારે રહેલા છે, (અને) જેમાંથી વર્ણો (થયાનું) તમે કહેલું છે, તેની વિભૂતિઓ અમને કહો. ૨૨.

જે પુરુષમાં દશ પ્રકારનો પ્રાણ (હોવાનું) કહેલું છે, ઈન્દ્રિયો અને ઈન્દ્રિયોના વિષયો (હોવાનું) કહેલું છે, અને ઈન્દ્રિયો, ઈન્દ્રિયોના વિષયો અને પ્રાણો ત્રણ પ્રકારના (હોવાનું) કહેલું છે, જેમાંથી વર્ણો પણ (થયાનું) તમે કહેલ છે, એ પ્રમાણે કહેલું જણાવી, વધારે પૂછે છે. જો આ (પુરુષ)ની વિભૂતિઓ હોય, તોજ આ ભગવાનનું રૂપ અને ભગવાનનું ચરિત્ર થાય (ગણાય). ભગવાનના અસાધારણ ગુણોમાં વિભૂતિ પણ એક (ગુણ) છે. કથાનો વિચાર કરતાં પણ આગળ બ્રહ્મા વિગેરે કહેવાનાં છે, તેઓ 'વિસર્ગ' (હોવાનું) ઈચ્છેલું નથી, પણ વિભૂતિજ (હોવાનું) ઈચ્છેલું છે, તેથી વિભૂતિ સાથે સર્ગ કહેલો છે. ધર્મ વિગેરે સાથે વિસર્ગ તો આગળ કહેવામાં આવશે. વ્યક્તિઓમાં પણ સમૂહ અને વ્યક્તિના ભેદની કલ્પના કરવામાં આવે છે, તેમાં બ્રહ્મા સમૂહ (અને) પ્રજા વ્યક્તિઓ છે. ૨૨.

કદાચ પ્રજાના કર્તા (ભગવાન્) ન હોય, તેથી તે (જાણવા) માટે પ્રથમ તેમના (પ્રજાના) સંબંધી પ્રશ્ન નીચેના શ્લોકોમાં કરે છેઃ

**યત્ર પુત્રૈશ્ચ પૌત્રૈશ્ચ નપ્તૃભિઃ સહ ગોત્રજૈઃ ।।**
**પ્રજા વિચિત્રાકૃતય આસન્ યાભિરિદં તતમ્ ।।૨૩।।**

**પ્રજાપતીનાં સ પતિશ્ચક્લૃપે કાન્ પ્રજાપતીન્ ।।**
**સર્ગાંશ્ચૈવાનુસર્ગાંશ્ચ મનૂન્મન્વન્તરાણિ ચ ।।૨૪।।**
**એતેષામપિ વંશાંશ્ચ વંશાનુચરિતાનિ ચ ।।**
**ઉપર્યધશ્ચ યે લોકા ભૂમેર્મિત્રાત્મજાઽઽસતે ।।૨૫।।**
**તેષાં સંસ્થાં પ્રમાણં ચ ભૂર્લોકસ્ય ચ વર્ણય ।।**
**તિર્યઙ્માનુષદેવાનાં સરીસૃપ્મૃગપક્ષિણામ્ ।।**
**વદ નઃ સર્ગસંવ્યૂહં ગાર્ભસ્વેદાણ્ડજોદ્ભિદામ્ ।।૨૬।।**

કે જે (વિભૂતિઓ)માં, પુત્રો અને પૌત્રો તથા નપ્તૃઓ અને પિતરાઈઓ સાથે વિચિત્ર આકૃતિવાળી પ્રજાઓ (ઉત્પન્ન) થઈ કે જે (પ્રજા)ઓથી આ (જગત્) ભરપૂર છે. ૨૩.

પ્રજાપતિઓના તે પતિએ ક્યા પ્રજાપતિઓને સર્ગોને અને અનુસર્ગોને, મનુઓને તથા મન્વંતરોને ઉત્પન્ન કર્યા ? ૨૪.

હે મિત્રના પુત્ર ! આમના પણ જે વંશો અને વંશાનુચરિતો અને ભૂમિની ઉપર અને નીચે જે લોકો રહેલા છે, ૨૫.

તેમનાં અને ભૂલોકનાં મર્યાદા અને માપનું વર્ણન કરો. ક્ષુદ્ર જંતુઓ મનુષ્યો તથા દેવોના, સર્પો પશુઓ અને પક્ષીઓના, અને ગર્ભમાંથી, પરસેવામાંથી, ઈંડામાંથી તથા બીના અંકુરોમાંથી ઉત્પન્ન થનારોના સર્ગોનો સમૂહ અમને કહો. ૨૬

વિભૂતિ (જણાય તે) માટે સર્વત્ર ચાર ભેદો કહેવાના છે. 'નપ્તૃઓ' એટલે પૌત્રના પુત્રો અથવા કન્યાના પુત્રો. 'પુત્ર' શબ્દમાં કન્યાનો અને પૌત્રમાં પુત્રની પુત્રીનો સમાવેશ થાય છે. આ બંને 'નપ્તૃ' શબ્દ સૂચવે છે. 'પિતરાઈઓ' એટલે દૂરના કુટુંબીઓ. ૨૩.

'સર્ગો' એટલે કારણ (બનતા) પદાર્થોની ઉત્પત્તિઓ. 'અનુસર્ગો' એટલે કાર્ય (બનતા પદાર્થોની ઉત્પત્તિઓ). મનુઓ ચૌદ અને છ પ્રકારના મન્વંતરો. ૨૪.

'આમના' એટલે મનુઓના. 'વંશાનુચરિત' એટલે તે (વંશ)માં ઉત્પન્ન થએલાનાં વંશની વૃદ્ધિનાં કારણરૂપ ચરિત. 'ચ' 'અને' શબ્દથી બીજા પણ ચરિતો(નો સમાવેશ કરેલો છે). ભૂમિની ઉપર સ્વર્ગ વિગેરે લોકો કેટલા છે ? અને (ભૂમિની) નીચે કેટલા છે ? એવો (પ્રશ્ન છે). 'રહેલા છે' એટલે સ્થિર ઉત્પન્ન થએલા છે. 'હે મિત્રના પુત્ર !' એ સંબોધનથી એમ સૂચવેલ છે કે ઘણા પ્રશ્ન પૂછાવા છતાં (તેને) ખળભળાટ થયો નથી. ૨૫.

તે લોકોની 'સંસ્થાં' એટલે કયા કયા લોકોમાં કયા વ્યવહારો છે એવી મર્યાદા, (અને) 'માપ' એટલે પરિમાણ (કદ). 'ચ' 'અને' શબ્દથી (એમ પૂછેલ છે

કે) ત્યાંના લોકોની વ્યવસ્થા પણ (કહો). ઉપરનાં અને નીચેના લોકોજ પૂછેલા હોવાથી, મુખ્ય ભૂલોક સંબંધી પ્રશ્ન '(અને) ભૂલોકનાં' શબ્દથી કરે છે. ભૂલોકની મર્યાદા અને માપ (કહો), એવો અર્થ છે. 'ચ' 'અને' શબ્દથી પેટા ભેદો સંબંધી (પ્રશ્ન કરેલો છે). 'ક્ષુદ્ર જંતુઓ' વિગેરેથી જીવોની યોનિના ભેદો સંબંધી પ્રશ્ન કરે છે. 'ક્ષુદ્ર જંતુઓ મનુષ્યો તથા દેવો' (અનુક્રમે) તામસ, રાજસ અને સાત્ત્વિક છે. બીજી કક્ષામાં સર્પો, પશુઓ અને પક્ષીઓ પણ તામસ વિગેરે (રાજસ અને સાત્ત્વિક) છે. તેમનાં સર્ગોનો સારા પ્રકારનો વ્યૂહ અથવા સમૂહ એટલે કોણ કોણ કેટલા ક્યાંથી ઉત્પન્ન થયા તે (કહો). 'ગર્ભમાંથી' વિગેરેથી એમ કહેલું છે કે ચારે પ્રકારના પ્રાણીઓના ભેદો કહો. (૧) ગર્ભમાં ઉત્પન્ન થએલા 'ગાર્ભ' એટલે ઑરમાંથી ઉત્પન્ન થએલા, અથવા 'ગર્ભ' 'ઑર' શબ્દથી ઓળખાય છે. (૨) મચ્છર વિગેરે પરસેવામાંથી ઉત્પન્ન થએલા (૩) પતંગીયું વિગેરે ઈંડામાંથી ઉત્પન્ન થએલા, (૪) વૃક્ષો વિગેરે (બીજના) અંકુરમાંથી ઉત્પન્ન થએલા, (કહો). પરસેવામાંથી ઉત્પન્ન થએલા (જીવો)ને પરસેવા માનનાર (વિદુર) 'સ્વેદ' 'પરસેવો' વિગેરે શબ્દોથીજ તેમાંથી ઉત્પન્ન થએલા (જીવો) સંબંધી પ્રશ્ન કરે છે. ૨૬.

**ગુણાવતારૈર્વિશ્વસ્ય સર્ગસ્થિત્યપ્યયાશ્રયમ્ ।।**
**સૃજતઃ શ્રીનિવાસસ્ય વ્યાચક્ષ્વોદારવિક્રમમ્ ।।૨૭।।**

ગુણાવતારોથી વિશ્વની સૃષ્ટિ સ્થિતિ અને લય કરનાર, લક્ષ્મીના ધામરૂપ (ભગવાને) સૃષ્ટિ રચતાં (કરેલાં) ઉદાર પરાક્રમો કહો. ૨૭.

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરથી વિશ્વની 'સર્ગઃ' ઉત્પત્તિ સ્થિતિ અને 'અપ્યયઃ' નાશ (કરનારનાં પરાક્રમો કહો). ઉત્પત્તિ વિગેરે 'આશ્રય' ક્રિયા અથવા ભાવ (છે જેમનો તેવા તે) છે. કેટલાક (તે વિશ્વના) બ્રહ્માંડરૂપ આધાર (હોવાનું) કહે છે. લક્ષ્મીના ધામરૂપે (સૃષ્ટિ રચતાં) શબ્દોથી (વિશ્વનાં) મૂલ કારણ વિષ્ણુ કહેલા છે. 'લક્ષ્મીના ધામરૂપ' શબ્દથી બ્રહ્માનંદથી ભરપૂર કહેલા છે. તેમના 'ઉદાર પરાક્રમો' એટલે અવતારના ચરિત્રો (કહો). આ છૂટા છૂટા પ્રશ્નો ભગવાનની વિભૂતીઓના ભેદ જાણવા કરેલા છે. ૨૭.

**વર્ણાશ્રમવિભાગાંશ્ચ રૂપશીલસ્વભાવતઃ ।।**
**ઋષીણાં જન્મકર્માણિ વેદસ્ય ચ વિકર્ષણમ્ ।।૨૮।।**

રૂપ શીલ અને સ્વભાવ પ્રમાણે વર્ણોના અને આશ્રમોના વિભાગો, ઋષિઓના જન્મ અને કર્મો અને વેદનું વિકર્ષણ (કહો. શ્લો.૨૭). ૨૮.

વર્ણોના ચાર પ્રકારના વિભાગ, અને આશ્રમોના (ચાર પ્રકારના) વિભાગ (એ) આઠેના રૂપ શીલ અને સ્વભાવ જૂદા જૂદા કહો. 'રૂપ' એટલે આકૃતિ 'શીલ'

એટલે આચાર, 'સ્વભાવ' એટલે અંતઃકરણનો ધર્મ. ભૃગુ વિગેરે ઋષિઓના 'જન્મ' ઉત્પત્તિના પ્રકાર, (અને) મંત્ર જોનાર હોવાપણું વિગેરે કર્મ, (અને) વેદનું 'વિકર્ષણ' એટલે શાખાના ભેદ પ્રમાણે વિભાગ કહો. ૨૮.

**યજ્ઞસ્ય ચ વિતાનાનિ યોગસ્ય ચ પથઃ પ્રભો ।।**
**નૈષ્કર્મ્યસ્ય ચ સાંખ્યસ્ય તન્ત્રં ભાગવતં સ્મૃતમ્ ।।૨૯।।**

હે પ્રભો! વળી યજ્ઞના પ્રકારભેદો અને યોગના માર્ગો, નિવૃત્તિમાર્ગ, સાંખ્યનું તંત્ર (અને) સ્મૃતિમાં જણાવેલ ભાગવતતંત્ર (કહો. શ્લોક ૨૭) ૨૯.

સત્તર યજ્ઞના 'વિતાનાનિ' પ્રકારભેદો, 'ચ' 'અને' શબ્દથી (જણાવેલ) યજ્ઞના ભેદોના (પ્રકારો), 'યોગસ્ય ચ પથઃ' યોગના માર્ગો (અને) 'ચ' 'અને' શબ્દથી (જણાવેલ યોગના) અંગોના માર્ગો, (કહો). 'હે પ્રભો!' એ સંબોધન (મૈત્રેયને તે સર્વનું) જ્ઞાન છે એમ જણાવવા કરેલું છે. 'નૈષ્કર્મ્યમ્' નિવૃત્તિમાર્ગ, 'સાંખ્યનું તંત્ર' એટલે સાંખ્યશાસ્ત્ર, 'ભાગવતતંત્ર' એટલે ભાગવતશાસ્ત્ર (કહો). 'સ્મૃતિમાં જણાવેલ' વિશેષણથી એમ સૂચવેલું છે કે સ્મૃતિઓમાં[1] આ (ભાગવતશાસ્ત્ર)જ પ્રમાણ છે. ૨૯.

૧. તંત્રરૂપ સ્મૃતિઓમાં આ સંપૂર્ણ પ્રકારે પ્રમાણ હોવાનું સૂચવેલું છે. (પ્ર)

**પાષણ્ડપથવૈષમ્યં પ્રતિલોમનિવેશનમ્ ।।**
**જીવસ્ય ગતયો યાશ્ચ યાવતીર્ગુણકર્મજાઃ ।।૩૦।।**

પાખંડી માર્ગોથી ભેદ, પ્રતિલોમોનું નિવેશન, અને ગુણ તથા કર્મોથી જે અને જેટલી જીવની ગતિઓ થએલી તે (કહો શ્લો.૨૭). ૩૦.

બધાએ શાસ્ત્રોમાં 'પાષણ્ડપથવૈષમ્યં' પાખંડી માર્ગોથી ભેદ કહો. ચંડાલ વિગેરે પ્રતિલોમોને 'નિવેશન' એટલે શાસ્ત્રોનો ઉપયોગ અથવા (તેમની) ઉત્પત્તિ; સ્વરૂપથી અને પ્રકારથી ગુણથી અને કર્મથી (થએલી) જીવોની ગતિઓ એટલે જન્મો થવાના પ્રકારો (કહો). ૩૦.

**ધર્માર્થકામમોક્ષાણાં નિમિત્તાન્યવિરોધતઃ ।।**
**વાર્તાયા દંડનીતેશ્ચ શ્રુતસ્ય ચ વિધિં પૃથક્ ।।૩૧।।**

બીજા (પુરુષાર્થ)નો વિરોધ ન થાય તેવી રીતે ધર્મ, અર્થ, કામ અને મોક્ષનાં સાધનો, વાર્તાનો તથા દંડનીતિનો અને વેદનાં અધ્યયનનો પ્રકાર જૂદો જૂદો (કહો. શ્લો.૨૭). ૩૧.

બીજા (પુરુષાર્થ)નો વિરાધ ન થાય તેવી રીતે ચાર પ્રકારના પુરુષાર્થોનાં સાધનો કહો. 'વાર્તા' એટલે આજીવિકાના અધિકારીઓના ભેદથી (થતા) નવ પ્રકારો કહો અને એ પ્રમાણે દંડનીતિનો એટલે રાજાના ધર્મોનો 'વિધિઃ' પ્રકાર કહો.

'શ્રુતસ્ય' વેદના અધ્યયનનો, 'ચ' 'અને' શબ્દથી (જણાવેલ વેદના) અંગોનો અથવા (તેના) અર્થના જ્ઞાનનો (પ્રકાર કહો). (આ પ્રકાર) અધિકારીઓના ભેદ પ્રમાણે 'જૂદા જૂદા' (કહો). ૩૧.

**શ્રાદ્ધસ્ય ચ વિધિં બ્રહ્મન્ પિતૃણાં સર્ગમેવ ચ ।।**
**ગ્રહનક્ષત્રતારાણાં કાલાવયવસંસ્થિતિમ્ ।।૩૨।।**

હે બ્રહ્મન્ ! શ્રાદ્ધની વિધિ અને વળી પિતૃઓની સૃષ્ટિ, ગ્રહ, નક્ષત્રો અને તારાઓની જ્યોતિશ્ચક્રમાં સંસ્થિતિ (કહો. શ્લોક ૨૭). ૩૨.

શ્રાદ્ધની 'વિધિ' એટલે પ્રકાર કહો. પિતૃઓની સૃષ્ટિ પણ કહો. બુધ વિગેરે ગ્રહો, અશ્વિની વિગેરે નક્ષત્રો અને બીજા નક્ષત્રરૂપ તારાઓની કાલના અવયવરૂપ જ્યોતિશ્ચક્રમાં સારા પ્રકારની સ્થિતિ (કહો).૩૨.

**દાનસ્ય તપસો વાપિ યચ્ચેષ્ટાપૂર્તયોઃ ફલમ્ ।।**
**પ્રવાસસ્ય યો ધર્મો યશ્ચ પુંસ ઉતાપદિ ।।૩૩।।**

દાનનું અને વળી તપનું, અને જે યજ્ઞનું તથા પૂર્તનું ફલ (છે તે), પરદેશ ગએલાનો જે ધર્મ અને વળી પુરુષનો આપત્તિમાં જે ધર્મ (હોય તે) (કહો. શ્લોક ૨૭).૩૩.

દાન વિગેરેનાં ફલ અને પ્રકાર કહો. 'અને વળી' શબ્દો અનાદર દર્શાવવા (યોજેલ છે એટલે) તેમનાં જે ભેદો આપને માન્ય હોય તે જ કહો, એમ (કહેલું છે). 'યજ્ઞ' એટલે અગ્નિથી થઈ શકે તેવા યજ્ઞ વિગેરે. 'પૂર્ત' એટલે માટી અને જલથી થઈ શકે તેવાં ખોદકામ વિગેરે. 'પ્રવાસસ્થસ્ય' પરદેશ ગએલાનો જે ધર્મ, ઉપર કહ્યો તે છે અથવા તે કયો (ધર્મ)[1] છે ? એવો (પ્રશ્ન છે). પુરુષનો આપત્તિમાં જે ધર્મ (હોય તે કહો). ૩૩.

૧. 'સ કો વા' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલ છે.

**યેન વા ભગવાંસ્તુષ્યેદ્ધર્મયોનિર્જનાર્દનઃ ।।**
**સંપ્રસીદતિ વા યેષામેતદાખ્યાહિ મેઽનઘ ।।૩૪।।**

હે પાપરહિત ! જે (પ્રકારે) ધર્મ કરનાર જનાર્દન ભગવાન્ સંતુષ્ટ થાય અને જે અધિકારીઓ ઉપર પ્રસન્ન થાય છે, આ મને કહો. ૩૪.

વળી જે પ્રકારે ધર્મ કરનાર અને ('જનાર્દન') જ્ઞાન આપનાર ભગવાન્ સંતુષ્ટ થાય (તે કહો). 'સંતુષ્ટતા' એટલે તેમનું સ્વભાવથી પ્રસન્ન થવું. 'પ્રસન્ન થાય છે' એટલે સંતોષ થવાથી વરદાન વિગેરે કરવા તત્પર થાય છે. વળી જે અધિકારીઓ ઉપર ભગવાન્ પ્રસન્ન થાય છે તે કહો. 'હે પાપરહિત !' એ સંબોધન (મૈત્રેયને) ભગવાનના અભિપ્રાયનું જ્ઞાન છે એમ જણાવવા (કરેલું છે). ૩૪.

ન પૂછેલ હોય તે પણ કહેશો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અનુવ્રતાનાં શિષ્યાણાં પુત્રાણાં ચ દ્વિજોત્તમ ।।**

**અનાપૃષ્ટમપિ બ્રૂયુર્ગુરવો દીનવત્સલાઃ ।।૩૫।।**

હે ઉત્તમ બ્રાહ્મણ ! (પોતાની) ઈચ્છા પ્રમાણે ચાલનારા શિષ્યોને અને પુત્રોને ગરીબડાઓ ઉપર પ્રેમ રાખનાર ગુરુઓએ ન પૂછેલું પણ કહેવું જોઈએ. ૩૫.

કારણ કે ગૂઢ (વિષય)નો પ્રશ્ન કરતાં બાલકોને આવડતું નથી. 'અનુ' પાછલ છે 'વ્રતં' વ્રત જેમનું તેવા, ગુરુની ઈચ્છા પ્રમાણે ચાલનારા 'શિષ્યોને' એટલે અધીનતાની સ્થિતિ પ્રાપ્ત કરેલા અથવા જ્ઞાનની ઈચ્છાવાળાઓને (કહેવું જોઈએ). 'અને પુત્રોને' શબ્દો દષ્ટાંત આપવા (યોજેલા છે) 'હે ઉત્તમ બ્રાહ્મણ !' એ સંબોધન એમ જણાવવા (કરેલું છે) કે, જેમ આપના પિતા વિગેરેએ આપને બોધ આપ્યો, એવી રીતે મને બોધ આપો. 'ન પૂછેલું પણ કહેવું જોઈએ'. એ વાક્યમાં સદાચાર પ્રમાણ છે. તે પણ બલથી નહિ, પણ દયાથી (કહેવું જોઈએ), તે (અર્થ) 'ગરીબડાઓ ઉપર પ્રેમ રાખનાર' વિશેષણથી કહેલો છે. ૩૫.

પ્રલય સંબંધી જૂદા પ્રકારે નીચેના શ્લોકથી (આરંભી) પ્રશ્ન કરે છેઃ

**તત્ત્વાનાં ભગવન્નેષાં કતિધા પ્રતિસંક્રમઃ ।।**

**તત્રેમં ક ઉપાસીરન્ ક ઉ સ્વિદનુશેરતે ।।૩૬।।**

હે ભગવન્ ! આ તત્ત્વોનો કેટલા પ્રકારે પ્રલય થાય છે ? તેમાં કોણ આમની ઉપાસના કરે છે અને કોણ લય પામે છે ? ૩૬.

આ તત્ત્વોના કેટલા પ્રકારે 'પ્રતિસંક્રમઃ' પ્રલય થાય છે ?, કારણ કે શાસ્ત્રોમાં ચાર પ્રકાર વિગેરે ઘણા પ્રકારના ભેદો પ્રસિદ્ધ છે. વળી તે પ્રલયમાં 'આ' ભગવાનની કોણ ઉપાસના કરે છે અને કોણ 'અનુશેરતે' લય પામે છે ? ૩૬.

**પુરુષસ્ય ચ સંસ્થાનં સ્વરૂપં વાડપરસ્ય ચ ।।**

**જ્ઞાનં ચ નૈગમં યત્તદ્‌ગુરુશિષ્યપ્રયોજનમ્ ।।૩૭।।**

વળી પુરુષના અને બીજાના નાશ અને સ્વરૂપ, અને જે વેદમાં કહેલું છે તે જ્ઞાન (અને) ગુરુ તથા શિષ્યનું પ્રયોજન (કહો). ૩૭.

જીવ અને દેહના તત્ત્વોમાં 'પુરુષ' એટલે વિરાટના, અને 'ચ' 'અને' શબ્દથી (જણાવેલ) બીજાઓના 'સંસ્થાનં' નાશ, અને સ્વરૂપ કહો. 'ચ' 'અને' શબ્દથી (એમ જણાવ્યું છે કે તેમની) ચોક્કસ સ્થિતિ પણ (કહો). અને 'બીજાના' એટલે વ્યક્તિઓના સંબંધમાં પણ આ ત્રણે ભેદો (કહો). વળી 'નૈગમં' વેદમાં કહેલું જ્ઞાન, અને 'ચ' 'અને' શબ્દથી (જણાવેલ) વૈરાગ્ય પણ (કહો), અને ગુરુ તથા શિષ્ય આવશ્યક હોવાનું પ્રયોજન કહો. ૩૭.

**નિમિત્તાનિ ચ તસ્યેહ પ્રોક્તાન્યનઘ સૂરિભિઃ ।।**
**સ્વતો જ્ઞાનં કુતઃ પુંસાં ભક્તિર્વૈરાગ્યમેવ ચ ।।૩૮।।**

અને હે પાપરહિત ! તેનાં અહિં સાધનો જ્ઞાનીઓએ કહેલાં (કહો). પુરુષોને પોતાની મેળે જ્ઞાન, ભક્તિ અને વળી વૈરાગ્ય કેવી રીતે પ્રાપ્ત થાય (તે કહો). ૩૮.

અને 'ઇહ' 'અહિં' એટલે આ દેહમાં અથવા આવા પ્રકારથી 'તેનાં' એટલે જ્ઞાન (પ્રાપ્ત કરવા)નાં સાધનો કહો. 'ચ' 'અને' શબ્દથી (એમ જણાવ્યું છે કે જ્ઞાન પ્રાપ્ત કરવામાં થતી) અડચણો પણ (કહો). 'જ્ઞાનીઓએ કહેલાં' એટલે પરંપરાથી પ્રાપ્ત થએલાં (સાધનો અને અડચણો કહો). બીજાં તો પક્ષપાતવાળાં હોય છે. વળી ગુરુ ન હોય ત્યારે પોતાની મેળે જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થાય, તે ઉપાય કહો. તેવી રીતે ભક્તિ અને વૈરાગ્ય પોતાની મેળે (કેવી રીતે પ્રાપ્ત થાય, તે ઉપાય કહો). ૩૮.

''આ પદાર્થો ઉપયોગના નથી. શા માટે એ પ્રમાણે પૂછે છે ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**એતાન્ મે પૃચ્છતઃ પ્રશ્નાન્ હરેઃ કર્મવિધિત્સયા ।।**
**બ્રૂહિ મેઽજ્ઞસ્ય મિત્રત્વાદજયા નષ્ટચક્ષુષઃ ।।૩૯।।**

માયાથી જેનાં જ્ઞાનનો નાશ થએલો છે તેવા અજ્ઞાનીના મારા (આપ) મિત્ર હોવાથી હરિના કર્મોનું (હૃદયમાં) સ્થાપન કરાવાની ઇચ્છાથી પૂછેલા આ પ્રશ્નોનો મને ઉત્તર કહો. ૩૯.

આ પ્રશ્નોનો મને ઉત્તર કહો. 'હરિના કર્મોનું (હૃદયમાં) સ્થાપન કરવાની ઇચ્છાથી પૂછેલા' શબ્દોથી (ઉત્તર) કહેવાનું કારણ કહેલું છે. ભગવાનનાં કર્મોનું મનથી 'વિધાતવ્યાનિ' ચિંતન કરવું જોઈએ અથવા (તેમને) સારી રીતે રાખવા જોઈએ, એટલે હૃદયમાં સ્થાપન કરવા જોઈએ. 'અજ્ઞાનીના મારા (આપ) મિત્ર હોવાથી' એ જૂદું વાક્ય છે. જોકે આપ સર્વના મિત્ર છો, છતાં પણ આપની મૈત્રી તેમને ઉપયોગી નહિ હોવાથી, આપ 'મે' મારા માટેજ મિત્ર થાઓ, એમ કહેલ છે. 'માયાથી જેનાં જ્ઞાનનો નાશ થએલો છે તેવા અજ્ઞાનીના મારા (આપ) મિત્ર હોવાથી ઉત્તર કહો' એવો (વાક્યનો) સંબંધ છે. 'મોહ કરનારી માયાથી મારા જ્ઞાનનો નાશ થયો છે' એમ દીનતા (જણાવેલી છે). ૩૯.

સર્વ દાનો કરતાં જ્ઞાનનું દાન ઉત્તમ છે એમ કહેવા, જ્ઞાનથી જીવનો ભય દૂર થાય છે એવી ફલથી જ્ઞાનની સ્તુતિ નીચેના શ્લોકમાં કરે છેઃ

**સર્વે વેદાશ્ચ યજ્ઞાશ્ચ તપો દાનાનિ ચાનઘ ।।**
**જીવાભયપ્રદાનસ્ય ન કુર્વીરન્ કલામપિ ।।૪૦।।**

હે પાપરહિત ! બધા વેદો અને યજ્ઞો અને તપો તથા દાનો, જીવને અભય

આપનારની કલાને પણ પ્રાપ્ત કરતા નથી. ૪૦.

ભણેલા અને ભણાવેલા બધા વેદો, અને કરેલા અને કરાવેલા બધા યજ્ઞો, તપો, દાનો, 'ચ' 'અને' શબ્દથી (જણાવેલ) યમો, નિયમો વિગેરે,-જીવને અભય આપનાર જ્ઞાનની કલાથી પણ જે ફલ પ્રાપ્ત થાય છે તે-(આ) બધા ભેગા થઈને પણ આપી શકતા નથી, એવો અર્થ છે. 'હે પાપરહિત!' એ સંબોધન (આ શ્લોકમાં) જણાવેલા અર્થમાં (મૈત્રેયની) સંમતિ માટે (કરેલું છે). ૪૦.

એ રીતે અનેક પ્રકારનો પ્રશ્ન થતાં, (તેનો) ઉત્તર આપવામાં મૈત્રેયની સંમતિ છે કે નહિ એવો સંદેહ થતાં, નીચેના શ્લોકથી (શુક) એમ કહે છે કે બધા પ્રશ્નો ભગવાનના ચરિત્રના સંબંધના હોવાથી તેને (મૈત્રેયને) ઘણો જ હર્ષ થયોઃ

॥ શ્રીશુક ઉવાચ ॥

**સ ઈત્થમાપૃષ્ટપુરાણકલ્પઃ કુરુપ્રધાનેન મુનિપ્રધાનઃ ॥**
**પ્રવૃદ્ધહર્ષો ભગવત્કથાયાં સંચોદિતસ્તં પ્રહસન્નિવાહ ॥૪૧॥**

મુખ્ય કૌરવે આ પ્રમાણે જેને લગભગ પુરાણ જેવો સંપૂર્ણ પ્રકારે પ્રશ્ન કરેલ તે મુખ્ય મુનિએ ભગવાનની કથામાં (પોતે) પ્રેરાએલો હોઈ ઘણા હર્ષવાળા થઈ, હસતો હોય તેમ તેને (નીચે પ્રમાણે) કહ્યું. ૪૧.

'આ' સંપૂર્ણ પ્રકારે (જેને) લગભગ પુરાણ જેવો પ્રશ્ન કરેલ, જે (પ્રશ્ન)ને લીધે પુરાણ બનાવે છે-આ (પ્રશ્નો)ના ઉત્તર આપવા એક પુરાણ કહેવું જોઈએ પરંતુ માત્ર કથાથી અથવા માત્ર પ્રકરણથી આ (પ્રશ્નો)ના ઉત્તર કહી શકાય નહિ, એવો અર્થ છે. 'મુખ્ય કૌરવે મુખ્યમુનિ' શબ્દોથી શ્રવણ કરનાર અને કહેનારની સરસાઈ જણાવેલી છે. 'પ્રેરાએલા હોઈ ઘણા હર્ષવાળો' થયો, કારણ કે ભગવાનની કથા કહેવાની હતી. તે જ (અર્થ) 'ભગવાનની કથામાં' શબ્દથી કહેલો છે. પરિકર સાથેનો, પ્રશ્ન (કરેલ) હોવાથી (તે ભગવાનની કથામાં) સારી રીતે પ્રેરાએલો હતો. 'હસતો હોય તેમ' શબ્દોથી (તેના) મુખની પ્રસન્નતા (કહેલી છે), અથવા પુરાણ કહેવાનો પ્રસંગ પ્રાપ્ત થવાથી તેણે (પ્રશ્નનું) અભિનંદન કરીને ઉત્તર કહ્યો, એવો અર્થ છે. એ પ્રમાણે ભગવાનનાં સંકલ્પ તથા વિકલ્પરૂપ મનનું નિરૂપણ કર્યું. ૪૧.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાવગતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના સાતમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અધ્યાય આઠમો ।।

**અષ્ટમે ભગવદ્બુદ્ધિર્યાદશી સાઽત્ર વર્ણ્યતે ।।**
**આધારાધેયરૂપાણાં તદીયાનાં તથોદ્ગમઃ ।।૧।।**

ભગવાનની જે પ્રકારની બુદ્ધિ છે, તેનું અહિં[૧] આઠમા (અધ્યાય)માં વર્ણન કરવામાં આવે છે, અને તેવી રીતે તેના સંબંધવાળા આધાર અને આધેયરૂપ (પદાર્થો)[૨]નું (વર્ણન કરવામાં આવે છે). કા.૧.

**ષડ્વિધા ભગવદ્બુદ્ધિઃ સ્વરૂપે રતિરૂપિણી ।।**
**જગદ્વિષયિણી ચૈવ કૃતિયુક્તેતિ વૈ ત્રિધા ।।૨।।**
**હરેરેવ, તથાઽન્યાપિ ભગવદ્વિષયા ત્રિધા ।।**

ભગવાનની બુદ્ધિ છ પ્રકારની છે[૩]. (૧) સ્વરૂપમાં પ્રીતિવાળી[૪] તેમજ (૨) જગતના સંબંધવાળી[૫] અને (૩) ક્રિયાવાળી[૬] એવી ત્રણ પ્રકારની (બુદ્ધિ) ખરેખર હરિની જ છે. તેવી રીતે બીજી પણ ભગવાનના સંબંધવાળી ત્રણ પ્રકારની છે. કા.૨.

**લૌકિકોપાયજનિતા પ્રથમા સા દ્વિધા પુનઃ ।।૩।।**
**તર્કક્રિયાવિભેદેન દ્વિતીયા વૈદિકી સ્મૃતા ।।**
**સાક્ષાત્કારસ્તૃતીયસ્તુ ષટ્સુ સર્વં પ્રતિષ્ઠિતમ્ ।।૪।।**

(૪) પહેલી લૌકિક ઉપાયથી ઉત્પન્ન થએલી[૭] (૫) પછી બીજી તે તર્ક અને ક્રિયાના વિભાગથી બે પ્રકારની થએલી વૈદિક મનાએલી[૮] અને (૬) ત્રીજો તો સાક્ષાત્કાર થયો[૯]. (આ) છમાં સર્વ રહેલું[૧૦] છે. કા.૪.

**સામાન્યતો ગ્રન્થરૂપા ભગવદ્બુદ્ધિરીર્યતે ।।**
**સર્વોપયોગિની, યસ્માત્તામસાદુદ્ગતા હિ સા ।।૫।।**

સામાન્ય રીતે[૧૧] સર્વને ઉપયોગવાળી ગ્રંથરૂપ[૧૨] ભગવાનની બુદ્ધિ કહેલી છે, કારણ કે તે તામસમાંથી[૧૩] નીકળેલી છે. કા. ૫.

**અનેકધા ભાગવતપ્રવૃત્તિરુપયુજ્યતે ।।**
**દશલીલાયુતાઃ સર્વાઃ કલ્પભેદૈર્વ્યવસ્થિતા ।।૬।।**
**ભગવદ્બુદ્ધિરેષેતિ સૈવ લીલાદ્વયે તતા ।।**

ભાગવતની પ્રવૃત્તિ અનેક પ્રકારે[૧૪] ઉપયોગી છે. (તે) સર્વ દશલીલાવાળી[૧૫] છે અને કલ્પના ભેદથી નિર્ણય કરેલી છે. આ ભગવાનની બુદ્ધિ હોવાથી તેનેજ બે[૧૬] લીલાઓમાં વિસ્તારેલી છે. કા. ૬ $^{1}/_{2}$.

૧. 'બુદ્ધિ વિજ્ઞાનરૂપ છે' એ વાક્ય પ્રમાણે તે ઉત્તમ જ્ઞાનરૂપ છે અને તે 'જ્ઞાનશક્તિ' છે એ વાક્ય પ્રમાણે જ્ઞાન ઉત્પન્ન કરવું એ તેનું કાર્ય છે. તેવી બુદ્ધિ સર્ગલીલામાં કહેવાની છે, તેનું આ અધ્યાયમાં વર્ણન કરવામાં આવે છે. (પ્ર)
૨. તે જ્ઞાનના વિષયો બરાબર જણાય તે માટે, તેના સંબંધવાળા આધાર અને આધેય (જેમનો તે આધાર છે તે) પદાર્થોનું વર્ણન કરેલું છે. આ આખા અધ્યાયનો અર્થ આ કારિકાથી કહ્યો. (પ્ર)
૩. અહિંથી અધ્યાયના ભાગોના અર્થ કહે છે. (પ્ર)
૪. શ્લોક ૧૦થી આ જણાવેલી છે. (પ્ર).
૫. શ્લોક ૧૨થી આ જણાવેલી છે. (પ્ર)
૬. શ્લોક ૧૩થી આ જણાવેલી છે. (પ્ર)
૭. શ્લોક ૧૬થી આ જણાવેલ છે. (પ્ર)
૮. શ્લોક ૧૮થી આ બે પ્રકારની જણાવેલ છે. (પ્ર)
૯. શ્લોક ૨૨થી આ જણાવેલ છે. (પ્ર)
૧૦. જો કે (૪ થી ૬) બ્રહ્માની બુદ્ધિ કહેલી છે, છતાં શ્લોક ૧૫માં 'તેમાં વેદમય વિધાતાએ પોતે (પ્રવેશ કર્યો)' એમ કહેલ હોવાથી. તે પણ હરિનીજ બુદ્ધિ છે. તેવીજ રીતે પહેલાં કહેલી ત્રણ પ્રકારની બુદ્ધિના સારરૂપ પણ તેના આધિદૈવિક બ્રહ્માનો પણ બુદ્ધિમાંજ સમાવેશ થતો હોવાથી, તેની બુદ્ધિ પણ ભગવાનનીજ બુદ્ધિ છે. તેથી છ બુદ્ધિમાં જગત્ રહેલું છે. (પ્ર)
૧૧. શ્લોક. ૧૦ માં. (પ્ર)
૧૨. 'ગ્રંથ' એટલે શ્રીભાગવતપુરાણ. (પ્ર)
૧૩. 'તામસમાંથી' એટલે 'સંકર્ષણમાંથી'. (પ્ર)
૧૪. ''ભગવાને કહેલું તે ભાગવત. સંકર્ષણ તો પ્રલય કરનાર છે. તેથી તેમનાથી ઉત્પન્ન થએલ (બુદ્ધિ) સર્ગમાં ઉપયોગી કેમ હોય ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. ભાગવતની પ્રવૃત્તિ અનેક પ્રકારે થાય છે. કોઈવાર ભગવાન્ પોતે કરે છે, કોઈવાર બીજાની મારફત કરે છે. એ પ્રમાણે અનેક પ્રકારે ભાગવત કહે છે અને સૃષ્ટિ રચવા પ્રવૃત્તિ કરે છે. તેથી આ ભગવાનની (બુદ્ધિ) હોવાનું અને સર્વને ઉપયોગી હોવાનું ઘટે છે. (પ્ર)
૧૫. તે પ્રવૃત્તિઓ ઉપર ઉપરથી બીજાની જણાય, છતાં દશલીલાવાળી હોવાથી ભગવાનનનીજ હોવાનું સિદ્ધ થાય છે. (પ્ર).
૧૬. 'બે લીલા' એટલે સર્ગની બે પ્રકારની લીલામાં (પ્ર) સર્ગ બે પ્રકારનો છે. સ્વાર્થ અને પરાર્થ. તે બેમાં. (પ્ર)

એ પ્રમાણે ભગવાનનાં ચરિત્રનું જ્ઞાન થાય તે માટે ગયા અધ્યાયમાં (વિદુરે) ઘણા પ્રશ્નો કર્યા. તે પ્રસંગમાં ભગવાનની ક્રિયાનું જ્ઞાન પ્રાપ્ત કરવા આ (વિદુર)નો ભારે ઉદ્યમ છે એવા વિચારથી તેને ઉત્સાહ કરાવવા (મૈત્રેય) નીચેના શ્લોકમાં તેની પ્રશંસા કરે છેઃ

॥ મૈત્રેય ઉવાચ ॥

**સત્સેવનીયો બત પૂરુવંશો યલ્લોકપાલો ભગવત્પ્રધાનઃ ॥**

**બભૂવિથેહાજિતકીર્તિમાલાં પદે પદે નૂતનયસ્યભીક્ષ્ણમ્ ॥૧॥**

અહો ! પૂરુવંશ સત્પુરુષોએ સેવવા યોગ્ય છે, કારણ કે અહિં (ઉત્પન્ન થએલ) તું લોકપાલ પણ ભગવાનને મુખ્ય ગણનાર થયો અને ક્ષણે ક્ષણે અજીતની કીર્તિમાલાને સદા તાજી કરે છે. ૧.

'વત' 'અહો !' શબ્દ હર્ષ દર્શાવવા (યોજેલ છે). સત્પુરુષોએ એટલે ઉત્તમ પુરુષોએ પણ (પોતાનાં) ઉત્પત્તિ માટે, સ્થાન માટે અને જ્ઞાન માટે સેવવા યોગ્ય છે, 'યદ્' કારણ કે આ વંશમાં ઉત્પન્ન થએલ (તું) લોકપાલ યમ પણ ભગવાનના ગુણોથી વિરુદ્ધ ગુણોવાળો હોવા છતાં પણ ભગવાનને મુખ્ય ગણનાર થયો. ભગવાનજ છે મુખ્ય જેને તેવો તું થયો, કેમકે તું અજીતની કીર્તિમાલાને 'પદે પદે' ક્ષણે ક્ષણે 'અભીક્ષ્ણં[1]' સદા તાજી કરે છે. સત્પુરુષો સ્વભાવ ઉપર વિજય પ્રાપ્ત કરવા ઘણો પ્રયત્ન કરે છે, તે જો અગાઉથી માત્ર સંબંધથી (પ્રાપ્ત) થાય (એમ ઈચ્છે), તો સત્પુરુષોએ બીજો પ્રયત્ન તજી દઈને, પૂરુવંશજ સેવવા યોગ્ય છે. (આ) ઘણું આશ્ચર્ય જોવાથી, પ્રમેયબલનું ઉત્તમપણું પ્રસિદ્ધ કરવા 'બત' 'અહો' શબ્દ (યોજેલ છે), કારણ કે અધિકાર પ્રાપ્ત થતાં, ભગવદ્બુદ્ધિનો[2] સંપૂર્ણ પ્રકારે નાશ થાય છે, (અને) લોકપાલનો અધિકાર પ્રાપ્ત થાય ત્યારે તો કાંઈ મણાજ રહેતી નથી. જે 'આ અમે બાર જાણીએ છીએ' (૬।૩।૨૧) એમ (યમે) કહેલું છે, તે પણ (કોને) શિક્ષા ન કરવી એ અધિકારીએ જાણવું જોઈએ તેથી તે જાણે છે, પરંતુ ભક્તિમાર્ગ પ્રમાણે જાણતો નથી. તેમાં પણ ચાલુ પ્રસંગમાં ઉત્તમપણું જણાવવા 'બભૂવિથ' 'તું થયો' એમ બીજા પુરુષનો પ્રયોગ કરેલો છે; તેથી એમ સૂચવેલું છે કે યમ ઘણો ક્રૂર સર્વને હણનારો છે. તેવો પણ તે (પૂરુના) વંશના સંબંધને લીધે ભગવાનમાં આસક્તિવાળો થયો, અને તે સંબંધ પણ (વિદુર) વ્યાસથી ન પરણેલી સ્ત્રીમાં ઉત્પન્ન થએલ હોવાથી અભિમાનથી માની લીધેલો જ.

'ન' નથી કોઈથી પણ 'જિતઃ' જીતાએલા તેવા 'અજીત' શબ્દથી એમ જણાવેલું છે કે ભગવાનની સરસાઈ તે (વિદુર)ના મનને ગમે છે. તેથી સંપૂર્ણ પ્રકારે ઈર્ષ્યા ન હોવાનું સૂચવેલું છે. 'કીર્તિ' શબ્દથી એમ જણાવેલું છે કે કર્મને મુખ્ય માનનાર યમ માત્ર પ્રસિદ્ધિ (કીર્તિ)ની દરકાર કરતો નથી છતાં તે[3] (કીર્તિ) પણ આ (વિદુર)ના હૃદયમાં આવેલી (ઉતરેલી) છે. વળી માલા એ કંઠનું ભૂષણ છે. કીર્તિ (કીર્તિમાલા)ને કંઠમાં ધારણ કરી એ ભક્તોથી પણ સરસાઈ[4] (જણાવી). તાજી કરવાનું (કહ્યું) તેથી ઘણી શક્તિ (જણાવી). (વિદુર તેને) ક્ષણે ક્ષણે પ્રેમથી તાજી કરે છે. એ પ્રમાણે એમ સૂચવેલું છે કે આ (વિદુર)ને (ભગવાનમાં) માહાત્મ્યનાં જ્ઞાન

સાથે ઘણો સ્નેહ છે. 'અભીક્ષ્ણમ્' 'સદા' આ શબ્દથી (એમ કહેલું છે કે વિદુરનો) પ્રેમ અંતરાય વિનાનો અને સર્વથી અધિક છે. ૧.

૧. 'ક્ષણે ક્ષણે' આવી ગએલ હોવાથી પુનરુક્તિ (ફરી તેજ કહેવું તે) દોષ ન થાય તે માટે 'અભીક્ષ્ણમ્'નો 'સદા' અર્થ કરેલ છે. (પ્ર)
૨. અહિંથી પ્રમેયબલનું ઉત્તમપણું સ્પષ્ટ કરે છે. (પ્ર) 'ભગવદ્બુદ્ધિનો નાશ કરે છે' એટલે (અધિકાર) ભગવાનમાં બુદ્ધિ રહેવા દેતો નથી.
૩. 'તે' એટલે 'પ્રસિદ્ધિ' (પ્ર).
૪. કારણ કે ભક્તો (ભગવાનની કીર્તિને) પોતાની અંદર જ રાખે છે. આ વિદુરે તો બહાર પણ રાખી. તેથી તે ભક્તોથી ઉત્તમ છે. (પ્ર)

એવી રીતે સર્વ દોષ દૂર થયા પછી ભગવાનના સંબંધવાળા સર્વ ગુણો ઉત્પન્ન થએલા હોવાથી આ (પુરુનો) વંશ ઉત્તમ છે. પાંડવો વિગેરે ભક્તોનો તિરસ્કાર ન થાય અને પોતાનો ગર્વ ન રહે તે માટે (તે વંશનું) તે પ્રમાણે વર્ણન કર્યું. (વિદુરે) છૂટા છવાયા પ્રકારે પૂછેલા બધા પ્રશ્નો ભગવાનનું ચરિત્ર જણાવનારા ન થાય, તે (તેઓ) તેવા પ્રકારના હોવાનું જણાવવા અને ન પૂછેલ (વિષય) કહેવા, હવે પુરાણજ કાંઈક મૂલથી કહીશ એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સોઽહં નૃણાં ક્ષુલ્લસુખાય દુઃખં મહદ્ ગતાનાં વિરમાય તુભ્યમ્ ।।**
**પ્રવર્તયે ભાગવતં પુરાણં યદાહ સાક્ષાદ્ભગવાનૃષિભ્યઃ ।।૨।।**

નજીવા સુખ માટે ઘણું દુઃખ પામેલા મનુષ્યોનું (તે દુઃખ) દૂર થાય તે માટે, જે ભાગવત પુરાણ સાક્ષાત્ ભગવાને ઋષિઓને કહેલું તેનો તે (તેં પ્રશ્ન કરેલો) હું તારા માટે આરંભ કરું છું. ૨.

'સુખ (પ્રાપ્તિ) માટે લોક કર્મો કરે છે' (૩।૫।૨) વિગેરેથી તે જે ઉપર પ્રશ્નો કર્યા, તેઓનો પણ આથી ઉત્તર આવી જશે, એવો (અર્થ છે), તે પૈકી 'નજીવાં સુખ માટે ઘણું દુઃખ પામેલા મનુષ્યનું તે (દુઃખ) દૂર થાય તે માટે' શબ્દોથી ફલ તરીકે પહેલો પ્રશ્ન કહેલો છે. આથી એમ જણાવેલું છે કે પૂછેલા બધાએ પદાર્થો સામાન્ય રીતે ભગવાનના કર્મના સંબંધવાળા[1] છે, કારણે કે નજીવાં સુખની ઈચ્છાથી કરેલાં કર્મો સ્વભાવથી ઘણું દુઃખ ઉત્પન્ન કરે છે, (પરંતુ) તે જ કર્મો ભગવાનનાં સંબંધવાળાં હોય તો ભગવાનનાં સંબંધવાળાં તરીકે કરેલાં (હોવાથી) દુઃખને દૂર કરી ઘણાં સુખરૂપ ફલ આપનારાં થાય છે. આ વિષયનું શ્રવણ કરવામાં તું (વિદુર)જ અધિકારી હોવાથી, 'તારા માટે' એમ કહેલું છે. 'ભાગવત' શબ્દથી (એમ જણાવ્યું છે કે) ભગવાને જણાવેલાં પોતાનાં કર્મો પોતા (ભગવાન્)રૂપજ ફલ આપનારા છે. પરંપરાથી (ભગવાને જણાવેલાં) હોય ત્યારે પણ, ભગવાને કહેલા પદાર્થોને દોષનો

સંબંધ થતો નથી, (અને) કહેનાર તથા શ્રવણ કરનાર સ્વરૂપથી અને અવસ્થાથી ઘણા શુદ્ધ હતા, એમ જણાવવા, 'જે સાક્ષાત્ ભગવાને ઋષિઓને કહેલું' શબ્દોથી શુદ્ધ પરંપરા કહેલી છે. 'જે' ભાગવત ભગવાને પરંપરાથી કહેલું નથી, પરંતુ પોતેજ કહેલું છે. અથવા (ભાગવત કહેનારમાં) ભગવાનની કૃપાથી પ્રાપ્ત થએલું ભગવત્પણું ન હતું, પણ સાક્ષાત્ (પોતાનુંજ) હતું (એમ જણાવવા એ શબ્દ યોજેલ છે.) 'ઋષિઓને' શબ્દથી જ્ઞાનમાં શ્રદ્ધાવાળા ઋષિઓ, જેમની બુદ્ધિમાં મંત્રો પોતાની મેળે સ્ફૂરે છે, તેમને (શ્રવણ માટે) ઘણા યોગ્ય જણાવેલા છે. તે (તેવી) બુદ્ધિ ઉત્તમજ છે. ૨

૧. 'ભગવત્કર્મપરત્વમ્' એટલે 'ભગવાન્ સંબંધી કર્મ કરવામાં ઉપયોગી હોવાપણું'. (પ્ર)

ભગવાને પણ ક્રીડા કરતાં અથવા લક્ષ્મી સાથે રહીને ભાગવત કહેલું નથી, પરંતુ આત્માના ધ્યાનમાં રોકાએલાએ એકાગ્ર ચિત્ત થઈ તેમ (તે) કહેલું છે એમ (જણાવવા), ઉપદેશ કરનાર ભગવાનનું નીચેના શ્લોકથી (આરંભી) વર્ણન કરે છેઃ

**આસીનમુર્વ્યાં ભગવન્તમાદ્યં સંકર્ષણં દેવમકુણ્ઠસત્ત્વમ્ ।।**
**વિવિત્સવસ્તત્ત્વમતઃ પરસ્ય કુમારમુખ્યા મુનયોઽન્વપૃચ્છન્ ।।૩।।**

જેમનું સત્ત્વ અંતરાય વિનાનું છે તેવા, ભૂમિ ઉપર બેઠેલા આદ્ય દેવ ભગવાન્ સંકર્ષણને તેમનાથી ઉત્તમનું સ્વરૂપ જાણવાની ઈચ્છાવાળા, સનત્કુમાર જેમનામાં મુખ્ય હતો તેવા મુનિઓએ પાછલથી પૂછ્યું. ૩.

'બેઠેલા' વિશેષણથી એમ સૂચવેલું છે કે બીજું કાર્ય નહિ હોવાથી લૌકિક રીત પ્રમાણે પણ (તે) વ્યગ્ર[1] ન હતા. 'ભૂમિ ઉપર' શબ્દથી (એમ) સૂચવેલું છે કે ભૂમિ ઉપર બેઠેલા હોવાથી (તે) યજ્ઞના સંબંધવાળા હતા, તેમ ન હોય તો ભગવાન્ ભૂમિ ઉપર શા માટે રહે ? આ ભૂમિ (જલમાંથી) બહાર કાઢેલી ન હતી, પરંતુ મૂલરૂપજ[2] હતી, કારણ કે સ્થાન (ફેણોરૂપ) ચિહ્નો[3] અને નાગકન્યાના પૂજનથી પાતાલથી નીચે હોવાનું જણાવેલું છે. 'આદ્ય' શબ્દથી પિતા વિગેરેથી જન્મેલા હોવાનો દોષ દૂર કરેલો છે. 'સંકર્ષણ' શબ્દથી એમ કહેલું છે કે ચાર મૂર્તિવાળા ભગવાનની જે સંહાર કરનારી મૂર્તિ તે (વાસુદેવનું સ્વરૂપ) જણાવે છે. તેથી એમ સૂચવેલું છે કે ભગવાને પદાર્થોનું નિરૂપણ કરતાં દૃષ્ટાંત (આપવા) માટે પણ જો બીજા પદાર્થો જણાવેલા હોય, તો તેઓ પણ સંકર્ષણને પ્રાપ્ત કરીને, (પોતાની) પહેલાંની અવસ્થાનો નાશ કરીને[4] નવા ભગવાનના સંબંધવાળાજ થાય છે. તામસ તરીકે પ્રાપ્ત થતાં દૂષણને 'દેવ' શબ્દથી દૂર કરેલ છે. ''દેવો પણ જુદા જુદા પ્રકારના હોવાથી (તે શબ્દથી) તામસપણું દૂર થતું નથીજ'' એવી શંકા થાય, તેથી 'અકુણ્ઠસત્ત્વમ્' વિશેષણ યોજેલું છે. નથી 'કુણ્ઠં'

અંતરાયવાળું 'સત્ત્વં' સત્ત્વગુણ અથવા આસન તરીકે અક્ષરરૂપ[૫] (સત્ત્વ) જેમનું તેવા (તે છે). તે તો સંહાર કરનારા હોવાથી ગુણથીજ તામસ છે, અને તે પણ પ્રલય (કરવા)ના સમયે, આ સમયે તો સર્વે ઉપાસન કરવા યોગ્ય દેવજ છે. વળી દૃષ્ટા (જોનાર) અને દૃશ્ય (જોવાનાં પદાર્થો) બંનેનું સારી રીતે આકર્ષણ કરનાર હોવાથી, (તે) 'સંકર્ષણ[૬]' છે, તેથી તે જ સંસાર પ્રાપ્ત કરાવતા હોવાથી 'આદ્ય' છે. તેથી (તેમનું) ભજન કરવાનું જરુરી હોવાનું, અને (તે) પિતા હોવાથી ઉપદેશ કરનાર હોવાનું ઘટે છે. આ તો જ્ઞાનીઓજ જાણે છે, તેથી સનક વિગેરે શ્રોતાઓ છે. મોક્ષ (પ્રાપ્ત કરવા) માટે પણ આ જ સેવા કરવા યોગ્ય છે, કારણ કે સારા પ્રકારનું આકર્ષણ તેમનાથીજ દૂર થાય છે[૭], અને આમનું સ્વરૂપ આગળ[૮] કહેવામાં આવશે.

''સનક વિગેરેને જ્ઞાન હોવાથી, તેઓ સંકર્ષણના સ્થાનમાં શા માટે ગએલા?'' એવી શંકા થાય, તેથી '(તેમનાથી ઉત્તમનું સ્વરૂપ) જાણવાની ઈચ્છાવાળા' શબ્દ યોજેલ છે. 'અતઃ' (આ) સંકર્ષણથી ઉત્તમ વાસુદેવનું 'તત્ત્વં' સ્વરૂપ 'વિવિત્સવઃ' જાણવાની ઈચ્છાવાળા સનક વિગેરે 'કુમારમુખ્યાઃ' જેમનામાં સનત્કુમાર મુખ્ય હતો તેવા, 'સંકર્ષણ જ જાણે છે, વાસુદેવ(નાં સ્વરૂપ)ને જાણવા તે જ શક્તિમાન છે, બીજો નથી' એવા જ્ઞાનવાળા 'મુનિઓ'એ-બ્રહ્માએ તે (સંકર્ષણ)જ પૂછવા યોગ્ય છે એમ કહ્યું 'તમન્વપૃચ્છન્' ત્યાર પછી તેમને પૂછ્યું, જો કે બ્રહ્મા (વાસુદેવનું સ્વરૂપ) જાણે છે, છતાં પણ તે ભક્તિમાર્ગને મુખ્ય માનનાર હોવાથી, સનક વિગેરેને તેવા માનતા નથી, તેથી સંકર્ષણને પણ જ્ઞાન (માર્ગ)માં મુખ્ય માનનાર હોવાથી, (બ્રહ્માએ તેમને) તેમ કહ્યું. ૩.

૧. ઉપદેશ કરનારના ગુણથી વિજાતીયપણું વિરુદ્ધ છે. તેથી તે ન હતું. અથવા 'વૈયગ્ર્યાભાવઃ' પાઠ લેવો. પ્રકાશે સૂચવેલ પાઠ લઈનેજ અર્થ કરેલ છે.

૨. 'મૂલરૂપ' એટલે 'ઈંડારૂપ'. (પ્ર)

૩. શ્લોક ૬ ના ઉત્તરાર્ધમાં જણાવેલી ફેણોરૂપ (ચિહ્નો). (પ્ર)

૪. સ્થિતિના સમયમાં પણ દોષનો નાશ કરીને પ્રલય કરનારા છે એમ સૂચવેલું છે. (પ્ર)

૫. 'અક્ષરરૂપ' એટલે 'સત્' અંશરૂપ (પ્ર)

૬. આ વ્યુત્પત્તિથી દર્શાવેલ ગુણ તેમનામાં સદાનો છે, એ પ્રમાણે સર્વનો સ્વરૂપમાં લય કરાવે છે અને બહાર કાઢે છે તેથી તે ગુણ સદાનો હોવાથી, તેમનું નામ 'સંકર્ષણ' છે. (પ્ર)

૭. પાંચમા સ્કંધમાં. (પ્ર)

૮. 'તેવા' એટલે અધિકારીઓ. (પ્ર)

તે સંકર્ષણ અભિમાનના અધિદેવ હોવાથી, અભિમાન તેમનામાં પ્રવેશ કરતું નથી; તેથી તે પોતાથી પણ ઉત્તમ વાસુદેવનું ધ્યાન કરતાંજ સદા રહે છે. અથવા જ્યારે તે (વાસુદેવનું) ધ્યાન કરતા હતા ત્યારે તેઓ (કુમારો ત્યાં) ગએલા હોવાથી,

નીચેના શ્લોકમાં તેમની ધ્યાનની અવસ્થા જણાવે છેઃ

**સ્વમેવ ધિષ્ણ્યં બહુ માનયન્તં યં વાસુદેવાભિધમામનન્તિ ।।**
**પ્રત્યગ્ધૃતાક્ષામ્બુજકોશમીષદુન્મીલયન્તં વિબુધોદયાય ।।૪।।**

જેમનો 'વાસુદેવ' નામથી (લોકો) આદર કરે છે, તે પોતાનાજ આધારનો બહુ આદર કરતા, અને દેવોના ઉદય માટે (પોતાનાં) અંદર રાખેલ નયનકમલની કળીને સહેજ ખુલ્લી કરતા (સંકર્ષણને પૂછ્યું શ્લોક ૩) ૪.

'ધિષ્ણ્યમ્' એટલે સ્થાન, આધાર, પરંતુ (તેનો અર્થ) આસન નથી. વાસુદેવ નામના તે (આધાર)નું ધ્યાન કરતાં તેમનો બહુ આદર કરતા (સંકર્ષણને પૂછ્યું). ધ્યાન કરનાર પોતે જેમનું ધ્યાન કરે છે તેમનો બહુ આદર કરે છેજ. જેમને 'ધ્યેય' (જેમનું ધ્યાન કરે છે તે) તરીકે જણાવ્યા, તેમને લોકો 'વાસુદેવ' એમ કહે છે. (એમ) તે ધ્યેયનું સ્વરૂપ કહેલું છે. જેમને 'ધ્યેય' તરીકે કહ્યા, તેમને (વાસુદેવ કહે છે) એવો અર્થ છે. 'વાસુદેવ' એવું નામ છે જેમનું તેવા (તે છે). વાસ્તવિક રીતે તો પોતાના (સંકર્ષણના)જ આધાર બનેલ આત્મા છે, લોકો બીજા શબ્દથી તેમને જણાવે છે.

''ધ્યાનમાં તલ્લીન થએલને બહારનું ભાન ન હોવાથી, તે ઉપદેશ કરનારા કેમ હોય ?'' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલ છે. અંદરના આત્માના સ્વરૂપમાં રાખેલું છે નયન તેવા (સંકર્ષણ હતા). 'પાછા (અંદર) ફેરવેલ ચક્ષુવાળા કોઈક ધીર (પુરુષે) અંદરના આત્માને જોયા' એ શ્રુતિ પ્રમાણે જો કે તે નયનને અંદર લઈ ગએલા, છતાં પણ ભગવાન્ કમલનયન હોવાથી તે કમલ જલની બહાર દેખાયજ, તેમ ભગવાન્ પણ ધ્યાનમાં તલ્લીન થએલા હોય તો પણ બહાર જૂએ છે, એમ જાણવું. વળી તે નયન કમલની કળીરૂપ છે. કળી બીડાએલાં પાંદડાવાળી હોય છે, તેમ આ પણ બીડેલ નયનવાળા હતા; છતાં પણ આવેલા સનક વિગેરે દેવોના 'ઉદયાય' ઉદય માટે, તેમને ઉદયવાળા કરવા માટે, સહેજ (નયન) ખુલ્લું કરીને જોતા હતા, કારણ કે કળી અર્ધી ખીલેલી હોવાનું સંભવે છે. ૪.

તેઓ પણ બહારથી પણ શુદ્ધ થઈને આવેલા, એમ નીચેના શ્લોકમાં કહે છે; ભગવદીય શરીર પ્રાપ્ત થાય તે માટે તે શ્લોક કહેલો છેઃ

**સ્વર્ધુન્યુદાર્દ્રૈઃ સ્વજટાકલાપૈરુપસ્પૃશન્તશ્ચરણોપધાનમ્ ।**
**પદ્મં યદર્ચન્ત્યહિરાજકન્યાઃ સપ્રેમ નાનાબલિભિર્વરાર્થાઃ ।।૫।।**

ચરણ ધરવાનાં સ્થાનરૂપ કમલ જેનું વર પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળી સર્પરાજની કન્યાઓ પ્રેમસહિત જૂદા જૂદા બલિઓથી પૂજન કરતી હતી, તેનો ગંગાના જલથી ભીંજાવેલી પોતાની જટાઓના સમૂહથી સ્પર્શ કરતા (મુનિઓએ

પૂછ્યું શ્લોક.૩). ૫.

જ્યાં સુધી ગંગાના જલથી ભીંજાએલો દેહ રહે, ત્યાં સુધી દૈત્યો આક્રમણ ન કરે, તેથી પાતાલમાં દૈત્યો ઘણા હોવાથી તેમનો સ્પર્શ (પોતાને) ન થાય તે માટે જટાઓ ભીંજાએલા જેવી કરી, અને સૂકવી નહિ. કેટલાક[1] એમ કહે છે કે તેઓ ગંગાના દ્વારથી (પાતાલમાં) ગએલા, તેમ હોય તો તેઓ સંપૂર્ણ ભીંજાએલા[2] હોવાનું કહેત. 'યોગેશ્વરોની ગતિ (ન જણાય તેવી) કહેલી છે' એ ધોરણે તેઓ હરકોઈ માર્ગથી[3] જવાની શક્તિવાળા હતા. વળી 'ગંગા' શબ્દમાં એવો અર્થ કરતાં લક્ષણા થાય. અથવા ઘણું પવિત્રપણું પ્રાપ્ત કરવા ભલે તેમ (ગએલા) હોય[4], 'જટાઓ' એટલે સંસ્કાર કર્યા (ઓળ્યા) વિનાના કેશો; તેમના 'કલાપૈઃ' સમૂહોથી સંકર્ષણના ચરણના 'ઉપધાનં' સ્થાનનો સ્પર્શ કરતાં પૂછ્યું, એવો (વાક્યનો) સંબંધ છે. પહેલાં નમસ્કાર કરેલ હોવા છતાં પણ વાસુદેવનાં સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવા ફરીથી તેમણે સાષ્ટાંગ નમસ્કાર કર્યા, એવો અર્થ છે.

'પોતાની ભીંજાએલી જટાઓના સમૂહોથી તેનો સ્પર્શ કરવાનું શું પ્રયોજન ?'' એવો પ્રશ્ન ઉદ્ભવે તેથી ઉત્તરાર્ધ કહેલો છે. 'સર્પરાજની કન્યાઓ' એટલે વાસુકિની કન્યાઓ વર પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળી હોઈ, પ્રેમસહિત જે પ્રકારે થાય તે પ્રકારે જૂદા જૂદા બલિઓથી એટલે જૂદા જૂદા પૂજાના પ્રકારોથી જે કમલનું પૂજન કરતી હતી. કેટલાક એમ કહે છે કે તેમને[5] સ્પર્શનો દોષ ન લાગે તે માટે (એ પ્રમાણે પૂજા કરતી હતી). (તે યોગ્ય નથી), કારણ કે ગંગા કરતાં પણ તેમનું ચરણજ ઉત્તમ છે; પરંતુ તેનો સંબંધ થતાં ઈચ્છેલો પદાર્થ પ્રાપ્ત થતો હોવાથી, તેના સંબંધમાં આવવાનું પ્રયોજન 'પૂજન કરતી હતી' શબ્દથી કહેલું છે. મોટાઓને પણ તે ફલ આપનારા હોવાથી પોતાનું ઈચ્છેલું પ્રાપ્ત થશે એમ સૂચવેલું છે. (તે) કન્યાઓ હોવાથીજ બીજો વિકાર થવાનો સંભવ ન હતો, અને બીજી કામના કહેલી હોવાથી, તેમની (સંકર્ષણની) કામના ન હતી. તેથી સર્વ પ્રકારે દોષરહિત, સર્વ કામનાઓ પૂર્ણ કરનાર, તે જ ભગવાન્ (વાસુદેવ)નું ધ્યાન કરનાર (સંકર્ષણ) તેમનું (વાસુદેવનું) સ્વરૂપ સારી રીતે કહેશે, એમ સૂચવેલું છે. ૫.

૧. શ્રીધરસ્વામીએ એમ કહેલ છે. (પ્ર)

૨. એટલે 'જટાઓ' શબ્દ વ્યર્થ થાય, એવો અર્થ છે. (પ્ર)

૩. તેથી કયા માર્ગે ગયા તે આપણા જાણવામાં ન આવે, એવો અર્થ છે. (પ્ર)

૪. પોતાનો અર્થ (જટા) ત્યાગ ન કરે તેવી લક્ષણા દોષરૂપ નથી, વળી ગંગાના માર્ગે ગયા એમ પણ કહી શકાય, અને 'જટા' શબ્દ ઘણું પવિત્રપણું દર્શાવવા યોજેલ હોવાનું હરકોઈ પ્રકારે કહી શકાય, તેથી તેમનો મત સ્વીકારવામાં વાંધો નથી, એમ જણાવેલ છે. (પ્ર)

૫. 'તેષામ્' નાન્યતર જાતિનો પ્રયોગ કરેલ છે, તે સર્પજાતિના બધા માટે કરેલ છે. (પ્ર) સ્પર્શથી દોષ ન થાય તે માટે એ પ્રમાણે બલિઓથી દૂરથી પૂજન સૂચવેલ છે. તેમ સ્ત્રીઓજ કરે. 'તાસામ્' પાઠ હોવો જોઈએ એમ જણાય છે. તે જ પ્રમાણે સ્થલે 'મહતામ્' છે ત્યાં 'મહતીનામ્' પાઠ હોવો જોઈએ. 'મહતામ્' તો સામાન્ય રીતે ચાલી શકે.

તેઓને સંકર્ષણ સુધીનું જ્ઞાન પ્રાપ્ત થએલું એમ જણાવવા, અને વાસુદેવનું જ્ઞાન (પોતાને) ઘણું ઈચ્છેલું હોવાથી વિજ્ઞપ્તિ કરવા, તેઓએ (સંકર્ષણની) સ્તુતિ કરી એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**મુહુર્ગૃણન્તો વચસાનુરાગસ્ખલત્પદેનાસ્ય કૃતાનિ તજ્જ્ઞાઃ ।।**
**કિરીટસાહસ્રમણિપ્રવેકપ્રદ્યોતિતોદ્દામફણાસહસ્રમ્ ।।૬।।**

હજાર મુકુટોના સમૂહમાં રહેલા ઉત્તમ મણિઓથી ઘણી પ્રકાશતી હતી નિરંકુશ હજાર ફેણો જેમની, તેવા આમનાં કૃત્યો જાણનારાઓએ પ્રેમને લીધે ખડતા અક્ષરોવાળી વાણીથી તે કૃત્યોની વારંવાર સ્તુતિ કરતાં (પૂછ્યું). ૬.

ઘણી ભક્તિને લીધે વારંવાર પ્રશંસા કરી. જ્ઞાનમાં શ્રદ્ધાવાળાઓ મનથી સ્તુતિ કરે તેવું સંભવતું હોવાથી, પ્રેમથી થએલ આનંદ જણાવવા 'વાણીથી (સ્તુતિ કરી)' એમ કહેલું છે. તેથી પણ (સ્તુતિનું) ઉત્તમપણું દર્શાવવા 'ખડતા અક્ષરોવાળી' વિશેષણ યોજેલું છે 'જેની દેવમાં ઉત્તમ ભક્તિ છે, (અને) ''જેવી દેવમાં તેવી ગુરુમાં (છે), તેવા મહાત્માને કહેલા આ અર્થો પ્રકટ થાય છે'' એવું વાક્ય[૧] હોવાથી, વાસુદેવની પેઠે આ (સંકર્ષણ)માં પણ પ્રેમ હોવાનું, 'પ્રેમને લીધે ખડતા હતા અક્ષરો જેમાં તેવી' શબ્દોથી કહેલું છે. 'આમનાં કૃત્યો' શબ્દોથી એમ (કહેલું છે કે) કવિની પેઠે નવી કલ્પના કરીને સ્તુતિ કરી ન હતી. આ સંકર્ષણનાં કૃત્યો એટલે ચરિત્રોની તેમને (ચરિત્રોને) જણાવનારી વાણીથી સ્તુતિ કરતાં પૂછ્યું એવો (વાક્યનો) સંબંધ છે. (તેમને સંકર્ષણનો) નવો પરિચય ન હતો એમ જણાવતાં, તે (કૃત્યો) જાણનારા' શબ્દોથી (તેમનું) સંકર્ષણમાંજ તલ્લીનપણું કહેલું છે. સંકર્ષણના કૃત્યો જાણે છે તેથી (તેઓ) તેવા (કૃત્યો જાણનારા) છે. ઉપર જણાવેલાં લક્ષણવિનાના બીજાને ભાગવત કહેવું યોગ્ય નથી, તેથી તે પ્રમાણે[૨] કહેલું છે. ઉત્તરાર્ધથી એમ કહેલું છે કે તે સંકર્ષણની સ્થિતિ અવતારની પેઠે જૂદા સ્વરૂપથી ન હતી. મુકુટોનો જે 'સાહસ્રં' હજારનો સમૂહ, તેમાં જે 'મણિપ્રવેકાઃ' ઉત્તમ મણિઓ, તેમનાથી ઘણી પ્રકાશતી જે નિરંકુશ ફેણો, તે હતી જેમની તેવા (તે હતા). મુકુટોનો અનાદર દર્શાવવા 'સાહસ્રં' 'હજારનો સમૂહ' શબ્દ યોજેલ છે. તેથી એમ જણાવેલું છે કે નિત્ય નવા મુકુટો થતા (ધરાવતા) ઉત્તમ મણિઓથી ઘણી પ્રકાશતી હોવાથી, એક હજાર ફેણોનું સ્પષ્ટ દર્શન જણાવેલું છે. આ દર્શનથી પણ (સંકર્ષણ) ગુણોથી પર છે એમ જણાવવા

ભયનો નાશ કરેલો છે. (ફેણો) પ્રલય કરાવનારા છે એમ જણાવવા 'નિરંકુશ' વિશેષણ યોજેલું છે. (પ્રલય સિવાયના) બીજા સમયે તે દોરડાં જેવાંથી બાંધેલી હોવાનું સંભવે છે, તેવું પણ એમ (આ વિશેષણથી) કહેલ છે. ત્યાં રહેલી સ્ત્રીઓ વિગેરે સમીપ ન આવે તે માટે તેમ (ફેણો મણિઓથી પ્રકાશિત) કરેલ છે 'ફણા' 'ફેણ' શબ્દ પ્રસારેલી ફેણ જણાવનારો છે. અથવા (મુકુટોમાં રહેલા મણિઓનો પ્રકાશ) જેમની એક હજાર સુધીની ફેણોમાં પ્રસરીને રહેલો હતો તેવા (તે હતા). ૬.

૧. શ્વેતાશ્વતર ઉપનિષદ્‌નું આવું વાક્ય હોવાથી. (પ્ર)

૨. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'તથા' પાઠ લીધો છે. 'તદા' પાઠનો અર્થ 'તે સમયે' છે.

એ પ્રમાણે શ્રવણ કરનાર અને કહેનારનું સ્વરૂપ જણાવીને, નીચેના શ્લોકમાં ચાલતો વિષય કહે છેઃ

**પ્રોક્તં કિલૈતદ્ભગવત્તમેન નિવૃત્તિધર્માભિરતાય તેન ।।**
**સનત્કુમારાય સ ચાહ પૃષ્ટઃ સાંખ્યાયનાયાંગ ધૃતવ્રતાય ।।૭।।**

તે મોટા ભગવાને ખરેખર આ નિવૃત્તિધર્મમાં પ્રેમવાળા સનત્કુમારને કહ્યું, અને હે ભાઈ ! તેને પૂછ્યું ત્યારે વ્રત જેણે ધારણ કરેલ તેવા સાંખ્યાયનને તેણે કહ્યું. ૭.

''પોતે કહેવાના છે તે ભાગવતનું માહાત્મ્ય જણાવવા (મૈત્રેય) આટલું બધું કેમ કહે છે ?'' એવી શંકા થાય, તેથી 'કિલ' 'ખરેખર' શબ્દ યોજેલ[1] છે. 'મોટા ભગવાન્' શબ્દથી એમ કહેલું છે કે (સંકર્ષણનું) ભગવત્પણું ઉપાધિ વિનાનું નથી અને તે બીજાઓથી મોટા છે. આથી એમ જણાવેલું છે કે તેમણે (સંકર્ષણે) પણ (તે) વાસુદેવ પાસેથી જાણેલું. 'નિવૃત્તિધર્મમાં પ્રેમવાળા' વિશેષણથી આ (સનત્કુમાર)નો શ્રવણ કરવાનો અધિકાર કહેલો છે. નિવૃત્તિધર્મમાં એટલે સંન્યાસના ધર્મમાં પ્રેમ હતો જેનો તેવો, તે હતો 'તેન' 'તે' શબ્દથી ફરી સંકર્ષણ કહેલા છે, તે એમ જણાવવા કે ઉપર વર્ણવેલા એક હજાર ફેણવાળા સ્વરૂપથીજ તેમણે ઉપદેશ કરેલો. 'સનત્કુમારને' એમ દુર્લભ[2] અધિકારી તરીકે સનત્કુમારનેજ ઉપદેશ કરેલો છે, બીજાઓ તો તેની સાથેના હતા; તેનું કારણ (સનત્કુમાર) 'નિવૃત્તિધર્મમાં પ્રેમવાળો' હતો એમ ઉપર કહેલું છે. 'અને (સાંખ્યાયનને) તેણે કહ્યું' શબ્દોથી તેનાથી (ચાલેલી) પરંપરા કહેલી છે. તેણે સાંખ્યાયનને કહ્યું. યોગમાં રચ્યા પચ્યા રહેનાર સનત્કુમારે સાંખ્યમાં શ્રદ્ધાવાળાને કહ્યું. સાંખ્યમાં વ્યવહાર ખોટો ભાસે છે, તેથી તે (તેને કહેવા)નું પ્રયોજન 'વ્રત જેણે ધારણ કરેલ' વિશેષણથી કહેલું છે. ધારણ કરેલાં છે વ્રતો જેણે તેવો સાંખ્યાયન હતો. તેવો અધિકાર હોય ત્યારે ભાગવતનું જ્ઞાન પ્રાપ્ત થતું હોવાથી, વિદુર પણ તેવો થાય તે માટે 'હે ભાઈ !' એ સંબોધન કરેલું છે. ૭.

૧. એટલે અંધશ્રદ્ધાથી ભાગવતની આ પ્રશંસા કરેલી નથી, પણ તેનું ખરેખરું માહાત્મ્ય કહેલું છે,

એવો અર્થ છે. (પ્ર)
૨. છાંદોગ્ય ઉપનિષદ્‌માં તેને પૂર્ણ જ્ઞાનવાળો કહેલ હોવાથી, તે દુર્લભ અધિકારી છે. (પ્ર)

સાંખ્યાયને તો પરાશરને ભક્ત માનીને, પ્રસંગને લીધે તેને (ભાગવત) કહ્યું, એમ નીચેના શ્લોકમાં (મૈત્રેય) પોતાના ગુરુનું ઉત્તમપણું કહેવા, કહે છેઃ

**સાંખ્યાયનઃ પારમહંસ્યમુખ્યો વિવક્ષમાણો ભગવદ્વિભૂતીઃ ।।**
**જગાદ સોऽસ્મદ્‌ગુરવેऽન્વિતાય પરાશરાયાથ બૃહસ્પતેશ્ચ ।।૮।।**

પરમહંસના ધર્મોને મુખ્ય માનનાર તે સાંખ્યાયને ભગવાનની વિભૂતિઓ કહેવાની ઈચ્છા કરતાં ભેગા થએલા મારા ગુરુ પરાશરને અને બૃહસ્પતિના (સ્થાનમાં) કહ્યું. ૮.

કારણ કે તે (સાંખ્યાયન) પરમહંસના ધર્મોમાં ધર્મો પાળવામાં મુખ્ય હતો. પરમહંસોએ શ્રવણ અને કીર્તન અવશ્ય કરવાં જોઈએ. તેથી ભગવાનની વિભૂતિઓ 'વિવક્ષન્' કહેવાની ઈચ્છા કરતાં, 'અન્વિતાય' ભેગા થએલા મારા ગુરુ પરાશરને કહ્યું. અથવા 'અન્વિતઃ' એટલે યોગ્ય (પરાશરને કહ્યું), અને બૃહસ્પતિના સ્થાનમાં જઈને તેને કહ્યું. દેવલોકમાં ભાગવતનો પ્રચાર છે એમ જણાવવા અહિં બૃહસ્પતિ(ને કહ્યાનું) કહેલ છે. બ્રહ્મા અને સનક વિગેરે (ભાગવત કહેનારા) ઉપરના લોકમાં છેજ. ધ્રુવ(લોક) સુધી બૃહસ્પતિ છે. ભૂમિ ઉપર પરાશર (અને) પાતાલમાં સંકર્ષણ પોતેજ છે. તેથી ચૌદ લોકમાં ભગવાનનું ચરિત્ર ભાગવત પ્રસરેલું છે, એમ કહેલું છે. ૮.

પરાશરથી ભૂમિ ઉપર પ્રચાર થયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**પ્રોવાચ મહ્યં સ દયાલુરુક્તો મુનિઃ પુલસ્ત્યેન પુરાણમાદ્યમ્ ।**
**સોऽહં તવૈતત્કથયામિ વત્સ ! શ્રદ્ધાલવે નિત્યમનુવ્રતાય ।।૯।।**

પુલસ્ત્યે (વરદાન) કહેલા તે દયાલુ મુનિએ મને આદ્ય પુરાણ કહ્યું. તે હું, હે વત્સ ! નિત્ય (મને) અનુસરનાર અને શ્રદ્ધાલુને તને આ કહું છું. ૯.

'મને' મૈત્રેયને કહ્યું. 'દયાલુ' વિશેષણથી પોતાનો તેવો (ભાગવત શ્રવણ કરવાનો) અધિકાર ન હોવાનું કહેલું છે. 'મુનિ' શબ્દથી (પરાશરનું) ભવિષ્યમાં (ભાગવતનો) પ્રચાર થવાનું જ્ઞાન (જણાવેલું છે). 'તે' એટલે પ્રસિદ્ધ પરાશર, જે સાત વર્ષનો હોવા છતાં માર્કંડેય કરતાં પણ વયમાં વૃદ્ધ હતો,અને ગર્ભમાં વેદનો અભ્યાસ કરનાર પૂર્ણ જ્ઞાનવાળો હતો. પુલસ્ત્યે કહેલા, એટલે 'પુરાણ કહેવું' એવી આજ્ઞા કરેલા પોતાના પિતા શક્તિને રાક્ષસ ખાઈ ગએલો તે સાંભળીને પરાશરે રાક્ષસયજ્ઞમાં બધાએ રાક્ષસોને મારી નાખ્યા. તેથી પોતાના વંશનું રક્ષણ કરવા પુલસ્ત્યે આવી રાક્ષસયજ્ઞ બંધ કરાવવા પ્રાર્થના કરી[1]. પછી (યજ્ઞ) બંધ રાખનાર પરાશરને 'તું પુરાણાચાર્ય થા' એવું વરદાન આપ્યું. તેમ થયું ન હોત, તો અધિકાર ન

પ્રાપ્ત કરેલ (પરાશર) પુરાણ કહી ન શકત. તેથી 'પુલસ્ત્યે (વરદાન) કહેલા' એવું (વિશેષણ) કહેલું છે. 'આદ્ય' એટલે પુરાણની પ્રવૃત્તિ થતાં, પહેલાં ઉત્પન્ન થએલા બ્રહ્માને ભગવાને પહેલાંજ કહેલું ભાગવત. વિષ્ણુપુરાણ તો, જેમ (વેદનો) વિભાગ થતાં જૂદી જૂદી શાખાઓ થઈ, તેમ ભાગવતના સંબંધવાળા પ્રમેયવાળુંજ [૨] છે. વિષ્ણુપુરાણમાં[૩] મૈત્રેય અને પરાશરની કથા કહેલી છે, તેનું નિરાકરણ કરવા 'આદ્ય (પુરાણ)' એમ કહેલું છે. વિષ્ણુપુરાણ[૩] આ પરંપરા જૂદા પ્રકારે કહે છે. ગુરુની કૃપાનો પ્રસાદ પ્રાપ્ત કરેલો તે હું શ્રોતા તરીકેના સંબંધવાળા તને આ ભાગવત કહું છું. વર્તમાનની સમીપ(ના ભવિષ્ય)માં વર્તમાનનો પ્રયોગ (પાણિનિ ૩।૩।૧૩૧) કરેલો છે. 'હે વત્સ !' એ સંબોધનથી (જણાવેલો) સ્નેહ કહેવાનું કારણ છે. ભગવાનની આજ્ઞા તો માત્ર તેટલાનીજ[૪] હતી. મર્યાદાનું રક્ષણ થાય તે માટે (શ્રવણ કરવાનો) અધિકાર હોવા માટે 'નિત્ય અનુસરનાર, શ્રદ્ધાલુ' એ બે વિશેષણો કહેલાં છે. (૧) શ્રદ્ધા મુખ્ય અધિકાર છે, અને (૨) નિત્ય અનુસરનાર હોવું એટલે ઈચ્છા પ્રમાણે સદા સેવા કરવી, (એ બે) શ્રદ્ધા અને સેવા અંદરથી અને બહારથી અધિકાર પ્રાપ્ત કરાવનારાં છે. ૯.

૧. સાક્ષાત્ (પોતે) અને વસિષ્ઠ દ્વારા પ્રાર્થના કરી એમ બીજા પુરાણમાં છે. (પ્ર)

૨. શ્રીભાગવતમાં જે કહેલ હોય, તેટલું વિષ્ણુપુરાણમાં કહેલું પ્રમાણ છે, એવો અર્થ જણાય છે. (પ્ર)

૩. 'વિષ્ણુપુરાણ શ્રીભાગવતની જૂદી શાખા હોવાનું શાથી જણાય ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી આ કહેલ છે. વિષ્ણુપુરાણમાં આ પરંપરા જણાવી નથી અને જેમાં પ્રમેય જૂદું ન હોય તે બીજાની શાખા ગણાય તે નિયમ પ્રમાણે તે જૂદું પુરાણ (જૂદી શાખા) છે. (પ્ર)

૪. 'તેટલાંનીજ' એટલે આ પહેલા જેટલું કહ્યું તેટલુંજ કહેવાની. (પ્ર)

એ પ્રમાણે પરંપરા અને પ્રતિજ્ઞા જણાવીને, નીચેના શ્લોકથી પુરાણનો[૧] આરંભ કરે છેઃ

**ઉદપ્લુતં વિશ્વમિદં તદાસીદ્યન્નિદ્રયા મીલિતદઙ્ન્યમીલયત્ ।।**
**અહીન્દ્રતલ્પેઽધિશયાન એકઃ કૃતક્ષણઃ સ્વાત્મરતૌ નિરીહઃ ।।૧૦।।**

જેમની જ્ઞાનશક્તિનો લોપ થએલ ન હતો તેવા, શેષરૂપ પલંગ ઉપર પોઢેલા, સ્વરૂપમાં રમણ કરવાની ઈચ્છા કરતાં એકલા, ક્રિયારહિત (ભગવાને) જ્યારે નિદ્રાને લીધે નયન બંધ કર્યાં ત્યારે આ વિશ્વ જલમાં ડૂબેલું હતું. ૧૦.

[૧]પુરાણ (ભગવાનની) દશ લીલાઓવાળું હોય છે, તે પૈકી આરંભમાં 'સર્ગ' કહેવો જોઈએ અને તે (સર્ગ) ભગવાનના સંબંધવાળો હોવાથી ભગવાને કરેલો છે. તે પૈકી તેણે (વિદુરે) પૂછેલા પદાર્થો બ્રહ્મકલ્પમાં ન હોવાથી, બીજા કલ્પ પ્રમાણે કહેવું

જોઈએ. જે ભગવાને (પોતે)જ કરેલું હોય, તે ચરિત્ર પદ્મકલ્પમાં હોવાથી, તે (બીજા કલ્પનું) કહેવા માટે પહેલાના (બ્રહ્મ) કલ્પના પ્રલય પછીની સ્થિતિ, બધુએ 'વિશ્વ જલમાં ડૂબેલું હતું' શબ્દોથી કહેલી છે. પ્રલયો ઘણા પ્રકારના[૨] છે. તામસ કલ્પોમાં તામસ પ્રાણિઓને ભવિષ્યની સૃષ્ટિ રચવા માટે બાળવામાં આવે છે. રાજસ (કલ્પો)માં તો (પ્રાણિઓ) પ્રલયના જલથી ડૂબી જાય છે. સાત્ત્વિક કલ્પોમાં રહેલા પદાર્થો તો, જો ત્યાર પછી પણ સાત્ત્વિકજ કલ્પ થવાનો હોય તો, થોડા ભાગથી નાશ પામી બાકી રહે છેજ. તે પૈકી પદ્મકલ્પની પહેલાંનો કલ્પ રાજસ હોવાથી 'જલમાં ડૂબેલું હતું' એમ કહેલું છે. આ વિશ્વ પહેલાં જલમાં ડૂબેલું હતું. વિશ્વ સદા એકજ પ્રકારનું હોવાથી 'આ' શબ્દથી વૃક્ષની પેઠે પ્રવાહને અનાદિ[૩] કહેલો છે. 'ત્યારે' એટલે (આ સૃષ્ટિની) પહેલાના પ્રલયમાં. 'જ્યારે નિદ્રાને લીધે (નયન બંધ કર્યા)' શબ્દોથી તે પ્રલયનું કારણ કહેલું[૪] છે. 'યદ્' જ્યારે ભગવાનની શક્તિ નિદ્રાથી 'અમીલિતદક્' જેમની જ્ઞાનશક્તિનો લોપ થયો ન હતો તેવાજ (ભગવાને) 'ન્યમીલયત્' નયન બંધ કર્યાં; બંધ કરેલ નયનવાળા જાગતા હતા, એવો અર્થ છે.

''એવી સ્થિતિમાં રહેવાથી શો લાભ ?'' એવી શંકા થાય, તેથી 'સ્વરૂપમાં રમણ કરવાની ઇચ્છા કરતા' વિશેષણ[૫] કહેલું છે. 'કોઈ પ્રસંગે સ્વરૂપમાં રમણ કરે છે, અને કોઈ પ્રસંગે પ્રપંચમાં પણ સુખ થાય છે'. એવું સૃષ્ટિ અને પ્રલય કરવાનું પ્રયોજન કહેલું છે. 'આત્મરતૌ' આત્માની અંદર ક્રીડા કરવામાં, સ્વરૂપના આનંદમાં રમણ કરવામાં (આનંદ લેતા હતા). સ્વરૂપનો આનંદ પૂરેપૂરો આનંદ છે, (અને) અક્ષરનો આનંદ તો લક્ષ્મીરૂપ છે એમ પહેલાં કહેલું છે. વળી તે ભગવાન્ કોઈ સમયે વ્યાપિવૈકુંઠમાં પણ લક્ષ્મી સાથે ક્રીડા કરે છે, (અને) કોઈ સમયે પોતાનાજ આનંદનો અનુભવ કરે છે[૬]. બીજનો ગુણજ કાર્યોની પરંપરામાં સર્વ સ્થલે ઘાસના તણખલાં સુધી(નાં કાર્યોમાં જોવામાં આવે છે[૭]). છતાં પણ અંશના[૮] કાર્યોમાં જેવું બહારનું રમણ, હોય છે તેવુંજ અંદરનું રમણ હોય છે. ક્રિયા બહારના રમણમાં સફલતા કરનારી હોય છે, જ્યારે જ્ઞાન અંદરના રમણમાં (સફલતા કરનારૂં હોય છે), અને (તે બે) એક બીજાને દબાવી દેનારાં હોય છે. સ્વરૂપના આનંદનો અનુભવ કરવામાં સર્વ ક્રિયા બંધ કરવી એ જરુરી ગુણ છે. તે 'ક્રિયારહિત' વિશેષણથી કહેલ છે. (ભગવાન્ તે સમયે) સર્વ ક્રિયા વિનાના હતા. જેમ પુરુષપણું સરખું હોવા છતાં, ગરીબના અને મહારાજાના બહારના ભોગમાં ઘણોજ ભેદ હોય છે તેમ આત્માની અંદરના (રમણમાં પણ છે). જ્યાં સુધી (સર્વને) આત્મા તરીકે જાણે છે, ત્યાં સુધીજ આત્માની અંદરનું સુખ વધે છે. જેમ જેમ ભેદ કરતો જાય છે, તેમ તેમ હલકો થતો જાય છે[૮], ભગવાન્

સૃષ્ટિ અને પ્રલય વડે આ જ જણાવે છે[૯]. તે અખંડ સુખનો અનુભવ એકલાથીજ થાય છે, એમ 'એકલા' શબ્દથી કહેલું છે. (ભગવાન્) ક્રિયા કરવાનો પ્રયત્ન કરતા ન હતા એમ જણાવવા 'પોઢેલા' હતા[૧૦]. શય્યાથી થતું દુઃખ (તેમને) ન હતું એમ જણાવવા 'અહીન્દ્રતલ્પે' શેષરૂપ પલંગ ઊપર પોઢેલા હતા; કારણ કે તે શેષ ભગવાનના શ્વાસથી ઉત્પન્ન થતા વાયુનું પાન કરીને દરેક ક્ષણે ઉંચો અને કોમલ થાય[૧૧] છે. તેથી જ (ભગવાન્) ઘણા સમય સુધી પોઢેલા રહે છે. ૧૦.

૧. શુકનો આશય નીચે પ્રમાણે જાણવો. ૨।૮।૮ થી આરંભી હિરણ્યગર્ભને ઉત્પન્ન કરનાર સર્વરૂપ હોવા સંબંધી જે સંશયો કર્યા, તેનું સમાધાન એ જ સ્કંધના નવમા અધ્યાયમાં ચતુઃશ્લોકી (શ્લો. ૩૨ થી ૩૫ થી) કરેલું છે તેમાં બ્રહ્મકલ્પ કહેલો છે પછી ૨।૯।૪૫ માં વિરાટમાંથી આ જગત્ કેવી રીતે થયું તે તથા બીજા પ્રશ્નોના ઉત્તર આપવાની પ્રતિજ્ઞા કરી, અને દશમા અધ્યાયના આરંભમાં મહાપુરાણનાં દશ લક્ષણો કહીને વિરાટમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ કહેતાં, બ્રહ્મકલ્પ વિકલ્પ સાથે ૨।૧૦।૪૬ સુધી કહ્યો, એટલે સામાન્ય રીતે બધા પ્રશ્નોના ઉત્તર આવી ગયા. છતાં વિગતવાર ઉત્તર ન આવ્યા, તેથી ૨।૧૦।૪૭ માં પદ્મકલ્પ કહેવાની પ્રતિજ્ઞા કરી અને ૩।૧।૧ માં વિદુર અને મૈત્રેયના સંવાદની વાત કરી, મૈત્રેયના મુખથી આદ્ય પુરાણ કહેવા માંડ્યું. તેથી પદ્મકલ્પના સંબંધવાળા તે પ્રશ્નોના ઉત્તરો કહેલા છે, તે અહિં 'પુરાણનો આરંભ કરે છે' શબ્દથી કહે છે. 'પુરાણ' એટલે મહાપુરાણ. (પ્ર)

૨. ૨।૮।૧૦માં ભગવાનની પણ જીવના જેવી અવસ્થા હોવાથી, તે જીવતુલ્ય થાય છે એમ ઈશ્વરપણાં સંબંધી શંકા કરેલી, તેનું અહિં વિગતવાર સમાધાન પ્રથમ કરે છે, (પ્ર)

૩. 'અનાદિ' એટલે આદિ વગરનો, જેનો આરંભ અથવા જેનું મૂલ નથી તેવો.

૪. ઉપર નોટ ૪ માં જણાવેલ સમાધાન કરવા, આથી ભગવાનની અને જીવની સુષુપ્તિનો ભેદ જણાવે છે. સુષુપ્તિમાં જીવનો તમોગુણથી પરાભવ થાય છે. ભગવાનનો થતો નથી, એવો એક ભેદ જણાવ્યો. (પ્ર)

૫. પોતાની અંદરજ રહેવું, એ જ લાભ છે, એવો અર્થ છે. જીવ સુષુપ્તિમાં ભગવાનને પ્રાપ્ત કરીનેજ આનંદ પામે છે, પોતાથીજ પામતો નથી. વળી તેને પૂર્ણ સુખ મળતું નથી, તેમજ તેનું તે સુખ નિત્ય નથી. ભગવાન્ તો પોતેજ પૂર્ણ છે, એ બીજો ભેદ છે. (પ્ર)

૬. 'કૃતક્ષણઃ' શબ્દનો અર્થ અહિં 'ઈચ્છા કરતા' છે. એમ જણાવવા આ કહેલ છે. (પ્ર)

૭. એ રીતે ભેદ જણાવી, ભેદ હોવા છતાં સમાન અવસ્થા દેખાવાનું કારણ આથી કહેલું છે. (પ્ર)

૮..૮. અવસ્થા સરખી દેખાવા છતાં, તેમાં પણ ભગવાનનાં મહાત્મ્યને લીધેજ ભેદ છે, એવો અર્થ છે. (પ્ર)

૯. સૃષ્ટિ અને પ્રલય કરવાનું પ્રયોજન આથી જણાવેલું છે. (પ્ર)

૧૦. 'નિદ્રા ભગવાનને નડતી નથી, ત્યારે પોઢવાનું શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી પોઢવાનું પ્રયોજન કહેલું છે. (પ્ર)

૧૧. પોઢવાનાં સાધન (પલંગ) પણ (જીવના સાધનથી) જૂદા પ્રકારનું કહેલું છે. ભગવાનના શ્વાસથી શેષ ઊંચો અને કોમલ થતો હોવાથી તે (ભગવાનના નિઃશ્વાસ) વેદરૂપ છે એવી યુક્તિ

પણ જણાવી. (પ્ર)

ત્યારે પછી સૃષ્ટિ નહિ થાય, એવી[1] શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**સોऽન્તઃશરીરેऽર્પિતભૂતસૂક્ષ્મઃ કાલાત્મિકાં શક્તિમુદીરયાણઃ ।।**
**ઉવાસ તસ્મિન્સલિલે પદે સ્વે યથાऽનલો દારુણિ રુદ્ધવીર્યઃ ।।૧૧।।**

શરીરની અંદર સૂક્ષ્મ પ્રાણીઓને રાખેલા છે જેમણે તેવા તે (પોતાની) કાલરૂપ શક્તિને પ્રેરણા કરતાં-જેમ રુંધાએલાં વીર્યવાળો અગ્નિ કાષ્ઠમાં રહે તેમ-પોતાના સ્થાનરૂપ તે જલમાં રહ્યા. ૧૧.

શરીર તો પહેલાં આનંદથી ભરપૂર અથવા સત્ અને આનંદ (સદાનંદ)થી[2] ભરપૂર હોવાનું કહેલું છે[3]. (તે) સત્ ચિત્ અને આનંદથી ભરપૂર છે એવી વાસ્તવિક સ્થિતિ[3] છે. પુરુષને સત્ બહારથી છે, મધ્યે જ્ઞાન છે અને આનંદ તો અંદર હોય છે[4]. સ્ત્રીને તો (તેથી) ઉલટું હોય છે[5]. તેને સત્માંજ પ્રીતિ હોય છે[6], પરંતુ કોઈ પણ પ્રસંગે[7] આનંદમાં પ્રીતિ હોતી નથી. તેને અંદરથી સાંખ્ય અને યોગના જ્ઞાનનોજ અધિકાર હોય છે અને બહારથી ભક્તિનો (અધિકાર હોય છે)[8]. પુરુષને તો (આથી) વિરુદ્ધ હોય છે[8]. તેને આનંદનો અનુભવ અંદરનોજ થવો યોગ્ય છે, બહારનો નહિ; કારણ કે (તેમ હોય તો) (આનંદને પ્રીતિથી) છૂટો પાડવાનો સમય આવે અથવા આનંદના પોતાના સ્થાનનો ત્યાગ થાય[9] તેવો આનંદ (બહાર) અનુભવ થવા યોગ્ય નથી[10]. ભગવાનમાં પણ તેમજ છે[11], કારણ કે (ભગવાન્) બીજ છે. તે ભાવ ત્રણ (અવસ્થાઓ)માં ફર્યા કરતો હોવાથી, સત્, ચિત્ અને આનંદ પૈકી એકમાંજ રહેતો નથી[12]. તેમ ન હોય તો (એકમાંજ રહેતો હોય તો), તેવું સ્વરૂપ વ્યર્થ થાય[13]. સદાના સંબંધમાં આવેલો તો તેના સ્વરૂપનોજ હોઈ સદા પૂર્ણ હોય છે[14]. તેથી સત્માં[15] રમણ કરતાં, અક્ષરના આનંદને છૂટો પાડી લક્ષ્મી સાથે રમણ કરે છે; ચિત્માં[16] રમણ કરતાં, સત્ અને આનંદને તેની અંદર અને બહાર રાખીને[17] બહારના અને અંદરના ભેદથી રમણ કરે છે. તેમાં[18] પ્રપંચ અને વેદો[19] રમણનાં સાધન છે. પોતે[20] રચેલા પ્રપંચમાં પણ આ બંને[21] કરે છે. તેઓ[22] 'કલ્પના પ્રલયો' એમ કહેવાય છે.

તેમાં અધિકારી કાલ નિયમન કરનાર હોવાથી, અને માત્ર ભગવાનનો ભોગ પ્રાપ્ત કરાવનાર હોવાથી, અંશોને ભોગ[23] (પ્રાપ્ત) ન થાય તે માટે તેના વિષયોને (પોતાની) અંદર રાખીને (ભગવાન્) શયન કરે છે. તે (અર્થ) 'શરીરની અંદર સૂક્ષ્મ પ્રાણીઓને રાખેલા છે જેમણે' શબ્દથી કહેલો છે. બધાએ ચિત્ના અંશોને યોગ્ય સ્થાને[24] રાખીને પોતાના સ્વરૂપનો અનુભવ કરતા હોવાથી, તેઓ અનાદર ન કરે તે

માટે[૨૫] (પોતાની) સંહાર કરનારી કાલરૂપ શક્તિને 'ઉદીરયાણઃ' બહાર કાઢતાં એટલે પ્રેરણા કરતાં (ભગવાન્) 'સ્વે પદે' પોતાના સ્થાનરૂપ તે જલમાં એટલે ઉપર કહેલાં તે જલમાં 'ઉવાસ' રહ્યા. આ ભાગ[૨૬] ઉપર કહેલાથી જૂદો છે. (આ) વચગાળાનો કલ્પ હોવાથી, થોડા પ્રયત્નવાળી ક્રિયા હોવાથી, અને નામ[૨૭] કરાવનારું હોવાથી, જલ ઉપર કૃપા કરી. તેથી આપણે વિગેરે પોતાના સત્ ચિત્ અથવા આનંદમાં રમણ કરીએ તો તરત પરમ પુરુષાર્થ પ્રાપ્ત થતો ન હોવાથી, (રમણનું) કારણ હોય ત્યારે રમણ કરવું[૨૮].

''બહાર રહેલા પદાર્થોને અંદર મૂક્યા તેથી, અને કાલ પણ હયાત હોવાથી, બધું જગત્ (ભગવાનના દેહની) બહાર નીકળશે'' એવી શંકા થાય, તેથી 'જેમ રુંધાએલાં વીર્યવાળો અગ્નિ કાષ્ઠમાં રહે તેમ' એમ કહેલું છે. કારણમાં તેવું[૨૯] રૂપ છે એમ જણાવવા કાર્યમાંનાં તેવા રૂપનું દૃષ્ટાંત આપેલું છે. જેમ તેની (અગ્નિની) બાળવાની શક્તિ રુંધાએલી છે, તેમ કાલ વિગેરેને પણ પોતાની શક્તિ પણ રુંધાએલી છે. ૧૧.

૧. ''એ પ્રમાણે ભગવાન્ આત્મામાં રમણ કરતાં વિઘ્ન વિના ઘણું સુખ અનુભવતા હોવાથી, હવે તેમને સૃષ્ટિ રચવાનું પ્રયોજન ન રહેવાથી, સૃષ્ટિ રચશે નહિ'', એવી શંકા થાય, તેથી આ શ્લોકમાં શયન કરવાનું કારણ, તેનાં સાધન અને પ્રયોજન કહેલાં છે, એવો અર્થ છે. (પ્ર)
૨. 'જે આનંદસ્વરૂપ અમૃત પ્રકાશે છે' એ શ્રુતિપ્રમાણે ભગવાન્ માત્ર આનંદરૂપ હોવાથી તેમનામાં બહારની અને અંદરની એવી સ્થિતિ ન હોવાથી, તેમના શરીરમાં શું હોય ? તે જાણવાની ઈચ્છા થાય, તેથી તે કહેવા માટે આથી પ્રથમ સ્વરૂપની સ્થિતિ કહે છે. 'પહેલાં' એટલે બ્રહ્મકલ્પમાં તે આનંદમય હતું. તે કલ્પના વિકલ્પમાં સદાનંદરૂપ હતું. (પ્ર)
૩. 'બ્રહ્મ સત્ય જ્ઞાન અનંત છે' એવું સ્વરૂપનું લક્ષણ હોવાથી તેમ છે. તેથી જ્યારે જે પ્રકારે પ્રકટ થવાની ઈચ્છા કરે છે ત્યારે તે પ્રકારે પ્રકટ થાય છે. તેથી સત્ વિગેરે તેમની ઈચ્છાથીજ તેમની અંદર રહે છે એમ જણાવવા, 'તેમણે પોતાનાજ બે વિભાગ કર્યા અને પછી પતિ અને પત્ની થયા' એ શ્રુતિ પ્રમાણે બે પ્રકારનું શરીર કરેલું હોવાથી, ચાલુ પ્રસંગમાં યોગમાયાએજ વ્યવસ્થા કરેલી લીલાઓ કહેવાની હોવાથી, અને યોગમાયા સ્ત્રી હોવાથી, બંને (પુરુષ અને સ્ત્રી)ના શરીરમાં સત્, ચિત્ અને આનંદ રહેવાની વ્યવસ્થા અહિં કરેલી છે. (પ્ર).
૪. (અન્નમય વિગેરે) પાંચ કોશ જણાવનારી શ્રુતિનો વિચાર કરતાં પુરુષના દેહમાં તેમજ હોવાનું સિદ્ધ થાય છે. (પ્ર)
૫. સ્ત્રીનો દેહ પણ સામાન્ય રીતે તેવોજ હોવા છતાં પુરુષની બુદ્ધિ હરવાજ સ્ત્રીને બનાવેલી હોવાનું કહેલ હોવાથી, પ્રીતિ વિના મન હરવાનું બને તેમ ન હોવાથી, અને પ્રીતિ આનંદનો ગુણ હોઈ આનંદરૂપ હોવાથી, સ્ત્રીમાં (પુરુષથી) ઉલટા ગુણો છે, એવો અર્થ છે. (પ્ર)
૬. સ્ત્રીની પ્રીતિ પણ જૂદા પ્રકારની છે એમ કહેલું છે. સ્ત્રીની અંદર સત્નો અંશ હોવાથી, તેને તેમાંજ પ્રીતિ હોય છે. અંદરના ગુણ તરીકે તેનામાં તે જ દેખાય છે. (પ્ર)

૭. 'કોઈપણ પ્રસંગે' એટલે કોઈ પણ બુદ્ધિની અવસ્થામાં તેથી પુરુષને જાગ્રત અવસ્થામાં સ્ત્રીના શરીર સંબંધના આનંદમાં બહારથી પ્રીતિ હોય છે, સુષુપ્તિમાં ભગવાનની પ્રીતિ થતાં અંદરના આનંદમાં પ્રીતિ હોય છે. સ્વપ્નમાં પણ બહારના પદાર્થમાં અભિમાન હોવાથી આનંદજ હોય છે. સ્ત્રીને તો જાગતાં અને સ્વપ્નમાં પુરુષના દેહરૂપ સત્‌માં પ્રીતિ હોય છે. અને સુષુપ્તિમાં પ્રાજ્ઞ (ભગવાન્)રૂપ સત્‌માં પ્રીતિ હોય છે. (પ્ર)

૮. એ પ્રમાણે બંધનની અવસ્થાની વ્યવસ્થા કહી, આ બે વાક્યોથી મુક્તિની સ્થિતિમાં પણ જૂદા પ્રકારનો અનુભવ થવાના સાધન કહે છે. સ્ત્રીનો આવો અધિકાર હોવાનું પ્રયોજન આગળ કહેશે. (પ્ર)

૯. આત્મામાં પ્રીતિ હોવી ઉત્તમ છે એમ આ વાક્યથી કહે છે. પુરુષને અંદરનો આનંદ છે, અને પ્રીતિ આનંદનોજ ગુણ હોવાથી, તેના સંબંધવાળી હોવાથી, બંને અંદરના હોવાથી એકજ સ્થલમાં રહે છે; તેથી અધિક આનંદ થાય છે. આનંદ અને પ્રીતિ ધર્મી અને ધર્મ હોવાથી, પ્રીતિને બહાર કાઢવામાં આવે તો આનંદને તેથી છૂટો પાડવાનો પ્રસંગ આવે, અને આનંદને પણ બહાર કાઢવામાં આવે તો તેનાં સ્થાનનો તેનાથી ત્યાગ થાય, તે યોગ્ય નથી. (પ્ર)

૧૦. 'જેમ પ્રિયાથી આલિંગન કરાએલો બહારનું અથવા અંદરનું કાંઈ જાણતો નથી, તેવી સ્થિતિમાં રહેલો કોઈ કામના કરતો નથી, (અને) કાંઈ સ્વપ્ન જોતો નથી' એ શ્રુતિ જેવો અંદરનો આનંદ હોવાનું કહે છે, તેવો આનંદ બહાર અનુભવ કરવા યોગ્ય નથી, એમ પ્રત્યક્ષથી જ સિદ્ધ થાય છે. (પ્ર)

૧૧. એ પ્રમાણે આત્માની અંદરની પ્રીતિ ઉત્તમ હોવાનું સિદ્ધ કરે છે, ચાલુ પ્રસંગમાં તે નિયમ લાગુ પડે છે. (પ્ર)

૧૨. તે રમણ કરનારરૂપ ભાવ (જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ) ત્રણ અવસ્થાઓમાં ફર્યા કરતો હોવાથી, પ્રીતિ સત્, ચિત્ અને આનંદ પૈકી એકમાંજ રહેતી નથી પરંતુ રમણ કરનારની જેમાં (રમણ કરવાની) ઈચ્છા થાય તેમાંજ રહે છે. (પ્ર)

૧૩. જો રમણ કરાવનારી ઈચ્છા પ્રમાણે પ્રીતિ ફરતી ન હોય, તો નિદ્રા જ્ઞાનનો પરાભવ કરનારી હોવાથી, (ભગવાન્) શયન ન કરે. આમ હોવાથી જાગતાં સત્, સ્વપ્નમાં ચિત્ અને સુષુપ્તિમાં આનંદ રમણ કરનાર હોવાથી પ્રીતિ પણ (એ ત્રણમાં) ફર્યા કરે છે. (પ્ર)

૧૪. ''એમ હોય તો રમણ કરનારનો ભાવ તેમાં સદાનો ન હોવાથી, લીલા પણ નાશવંત હોય'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. 'તેના સ્વરૂપનો' એટલે આનંદરૂપ તેવી રીતે ફરતો હોવા છતાં, સદાનો છે. તેથી લીલા પણ સ્વરૂપથી તથા પ્રવાહથી સદાનીજ છે. (પ્ર)

૧૫. 'સત્‌માં રમણ' એટલે જાગતાં રમણ. (પ્ર)

૧૬. 'ચિત્‌માં રમણ' એટલે સ્વપ્નમાં રમણ. (પ્ર)

૧૭. ચિત્ અંશની અંદર સત્ અને બહાર આનંદને રાખીને એટલે તેને સ્ત્રી જેવો કરીને, રમણ કરે છે. આથી તે સમયે યોગમાયા સાથે રમણ કરે છે એમ કહેલું છે. (પ્ર).

૧૮. 'તેમાં' એટલે ચિત્‌ની અંદરના રમણમાં. (પ્ર)

૧૯. 'વેદો' ભગવાનના નિઃશ્વાસરૂપ (વેદો). (પ્ર)

૨૦. અહિં સુધી સામાન્ય વ્યવસ્થા કહી, હવે પોતે કરેલા પ્રપંચ (જગત્)માં ભેદ જણાવે છે. (પ્ર)

૨૧. 'આ બંને' એટલે વેદોથી અંદરનું અને પ્રપંચથી બહારનું રમણ. (પ્ર)
૨૨. 'તેઓ' એટલે બે પ્રકારના રમણમાં ઉપયોગી પદાર્થો. (પ્ર)
૨૩. 'ભોગ' એટલે સુખ તથા દુઃખનો અનુભવ. તેથી અંશો (જીવો)ને સમાન સુખ અને ઘણું દુઃખ અનુભવવાથી દુઃખ થતાં સુષુપ્તિ ન થાય, તેથી ભગવાન્ વિષયોને પોતાની અંદર રાખે છે, અને આત્મામાં રમણ કરવામાં એ સાધન થાય છે.
૨૪. 'યોગ્ય સ્થાને' એટલે જેઓ જ્યાંથી ઉત્પન્ન થએલા હોય તેમને ત્યાં રાખીને. (પ્ર)
૨૫. જીવોને (ભોગના) વિષયો ન હોવાથી, ભગવાનનો ભોગ જોતાં વાસનાને લીધે ક્ષોભ થવાથી, તેઓ ભગવાનનો અનાદર કરે, તેવું ન કરે તે માટે. (પ્ર)
૨૬. 'આ ભાગ' એટલે કાલને પ્રેરણા કરવાનો ભાગ, ઉપરના શ્લોકમાં 'ક્રિયારહિત' હોવાનું કહેલું છે તેથી જૂદો છે. બાકીનું બધું સમાન છે એવો અર્થ છે. (પ્ર)
૨૭. 'નારાયણ' એ નામની વ્યુત્પત્તિ (પ્રમાણે અર્થ) કરવામાં ઉપયોગી હોવાથી. એ પ્રમાણે (સૃષ્ટિના) સાધનના પ્રકાર કહ્યા (પ્ર)
૨૮. આ વાક્યથી (સૃષ્ટિ રચવાનું) પ્રયોજન કહે છે. પુરુષનો દેહ અને સ્ત્રીનો દેહ પોત પોતાના અધિકાર પ્રમાણે અંદરના અને બહારના સાધનોથી પ્રીતિ કરે એવો બોધ આપવા પ્રકાર સૂચવેલો છે, અને જીવોને સુખ થાય તે માટે (ભગવાન્) શયન કરે છે, એવો અર્થ છે. (પ્ર)
૨૯. 'તેવું' એટલે શક્તિને રુંધનારું થતાં ચત્તાં સૂવા માટે શેષનો ઉપયોગ કરે છે. એ રીતે શયનની સ્થિતિ કહી તેમાં પણ જીવથી ભેદ દર્શાવેલ છે. જીવની અવસ્થા કાલથી બીજાના સ્થાન બનેલ દેહ અને તેની નાડીઓના સંબંધથી થાય છે. જ્યારે ભગવાનની પોતાની ઈચ્છાથી કાલને પ્રેરણા કરતાં પોતાના સ્થાનરૂપ જલના સંબંધથી થાય છે. એ રીતે બે શ્લોકથી બે પ્રકારની સુષુપ્તિ કહી. (પ્ર)

ભગવાન્ એ પ્રમાણે કેટલો સમય રહ્યા તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**ચતુર્યુગાનાં ચ સહસ્રમપ્સુ સ્વપન્ સ્વયોદીરિતયા સ્વશક્ત્યા ।।**
**કાલાખ્યયાऽऽસાદિતલોકતન્ત્રો લોકાનપીતાન્ દદૃશે સ્વદેહે ।।૧૨।।**

અને એક હજાર ચાર યુગો સુધી જલમાં શયન કરતાં, પોતે પ્રેરેલી પોતાની પ્રામાણિક શક્તિને લીધે કાલ નામની પોતાની શક્તિ લોક રચવામાં સાધન જેમની પાસે લાવી હતી, તેવા (ભગવાને) લય પામેલા લોકોને પોતાના દેહમાં જોયા. ૧૨.

ચાર યુગોનું સ્વરૂપ આગળ[1] કહેવાનું છે. તેઓ એક હજાર વાર થઈ જાય ત્યારે બ્રહ્માનો દિવસ થાય છે. (બ્રહ્માની) રાત્રી પણ તેટલીજ હોવાથી, તેટલા સમય સુધી (ભગવાને) શયન કર્યું. 'ચ' 'અને' શબ્દથી બે સંધ્યાના ભાગોનો સમાવેશ કરેલો છે, અને જૂદી સંખ્યા[2] લેવાની નથી એમ જણાવવા (તે શબ્દ યોજેલો છે). કાલશક્તિના બે વિભાગ હોવાથી, એક વિભાગ[3] પૂરો કરીને, જ્યારે તે બીજા વિભાગમાં આવે છે, તે જ સમયે આનંદનો તિરોભાવ કરવા, અથવા (એક વિભાગ) પૂરો થયો તે જણાવવા (ભગવાન્) જ્ઞાનશક્તિને પ્રકટ કરે છે. તેથીજ[4] આ કલ્પમાં

(ભગવાન્) જીવ દ્વારાજ ભોગ કરે છે. તેથી શયન કરતાંજ ભગવાને પોતેજ પ્રેરણા કરેલી 'સ્વકીયયા' પ્રામાણિક પોતાની ઈચ્છારૂપ શક્તિએ (લોક રચવાનાં સાધન લાવી આપેલ) પરંતુ (પોતાથી) જૂદા તરીકે રહેલ કાલે (તે લાવી આપ્યાં ન હતા). કોઈ સમયે ભગવાનની ઈચ્છાથી તે (ભગવાનથી જૂદા તરીકે રહેલો કાલ) પણ (ભગવાનના દેહની) અંદર પ્રવેશ કરીને તેમ કરે (સાધનો લાવી આપે), અને તેવા પ્રસંગે (ભગવાને) તેનો નિગ્રહ કરેલો ન હોવાથી કાલથી અનાદર પણ થાય, અને (ભગવાનની) બીજી શક્તિઓ પણ ઉત્સાહવાળી થવાનો પ્રસંગ થવાથી આ સૃષ્ટિ કાલને અધીન ન રહે. તેથી ભગવાનની ઈચ્છાને અનુસરીને તેમની પોતાનીજ કાલ નામની શક્તિએ 'આસાદિતં' લાવી આપેલ હતાં લોક 'તન્ત્રં' રચવાનાં સાધન જેમને તેવા (ભગવાન્ થયા). (કાલે) ચિતમાં માત્ર આવવાથીજ વિષય અને (લોક) રચવાનાં સાધન પાસે રજુ કર્યાં, એવો અર્થ છે. તે સમયે 'લય પામેલા' એટલે જેમનો મોક્ષ થયો ન હતો તેવા લોકો એટલે જનોને ભગવાને પોતાના દેહમાં જોયા. વાસનાને લીધે વિષયોના સંબંધવાળા થએલા પોતાના અંશથી ભગવાનમાં ચિત્ (અંશ)માં પ્રવેશ કરેલા, લોકોને પોતાની અંદર રહેલા અંશનો[૫] તેમનામાં પ્રવેશ કરાવવા (ભગવાને) જોયા. તે સમયે સત્ અંશમાં બધો અંશ પીંડો ચિત્ થઈ રહેલો હતો. ૧૨.

૧. 'આગળ' એટલે ૩।૧૧।૧૮ માં.

૨. 'બ્રહ્માના એટલે વર્ષનો શિવનો એક દિવસ કહેવાય છે. શિવના એકસો વર્ષને વિષ્ણુનો એક નિમેષ (પલ) કહે છે' એમ મત્સ્યપુરાણમાં કહેલી જૂદી સંખ્યા. (પ્ર)

૩. 'એક વિભાગ' એટલે અર્ધ રાત્ર. (પ્ર) આખી રાત અર્થ હોય એમ જણાય છે. બે વિભાગ એટલે રાત અને દિવસ.

૪. 'તેથીજ' એટલે જ્ઞાનશક્તિ પ્રકટ થવાથીજ. (પ્ર)

૫. 'અંશનો' એટલે ચિત્ અંશનો. આ શ્લોકમાં સ્વપ્નની અવસ્થા કહી છે. અહિં પણ પોતાના દેહમાં રહેલાજ સત્ અને ચિત્ અંશોને પોતે પ્રેરેલો કાલ પોતાની પાસે લાવે ત્યારે ભગવાન્ જૂએ છે. કાલ અને કર્મને અધીન જીવને તો માયિક પદાર્થોજ ભગવાનથી જૂદા ન હોય તેવા ભાસે છે. (પ્ર)

નીચેના શ્લોકમાં તેની ઉત્પત્તિ કહે છેઃ

**તસ્યાર્થસૂક્ષ્માભિનિવિષ્ટદષ્ટેરન્તર્ગતોઽર્થો રજસા તનીયાન્॥**
**ગુણેન કાલાનુગતેન વિદ્ધઃ સૂષ્યંસ્તદાભિદ્યત નાભિદેશાત્॥૧૩॥**

સૂક્ષ્મ અર્થમાં દષ્ટિ રાખેલા તેમની અંદર રહેલો અર્થ રજોગુણથી સૂક્ષ્મરૂપવાળો થયો, (અને) પછી કાલથી પ્રાપ્ત કરેલા ગુણથી પ્રેરાઈ પ્રસવ પ્રાપ્ત કરતાં નાભિના પ્રદેશમાંથી બહાર નીકળ્યો. ૧૩.

તે ભગવાને 'સૂક્ષ્મ અર્થમાં' એટલે જીવોએ ભોગ કરવા યોગ્ય રૂપમાં દષ્ટિ

રાખી[1] ત્યારે તેમની અંદર રહેલો અર્થ ચિત્ અને જડરૂપ હતો તે સૂક્ષ્મરૂપવાળો[2] થયો. રૂપવિનાનો[3] સૂક્ષ્મરૂપવાળો થયો એ મોટા ફેરફાર થયો. તે ફેરફાર પણ રજોગુણથીજ થયો, ભગવાનથી થયો ન હતો. તેમ ન હોય (ભગવાનથી થયો હોય), તો પુરુષની પેઠે (તે) ભગવદ્રૂપ થાય. ત્યાર પછી કાલથી પ્રાપ્ત કરેલા તે જ રજોગુણથી ત્યાંથી પ્રેરાઈ પછી 'સૂષ્યન્' પ્રસવ પ્રાપ્ત કરતાં નાભિના પ્રદેશમાંથી બહાર નીકળ્યો. નાભિના પ્રદેશને ભેદીને બહાર નીકળ્યો ન હતો, પરંતુ ઘણો સૂક્ષ્મ હોવાથી, અને આકાશ (ભગવાનનું) શરીર હોવાથી, તે (નાભિના) પ્રદેશમાંથી (પોતે) સજીવ પદાર્થ હોવાથી પ્રસવ થાય છે તે પ્રકારે બહાર નીકળ્યો, એવો અર્થ છે. ૧૩.

૧. અહિં જાગવાના આરંભની સ્થિતિ કહેલી છે. ભગવાનની અંદર રહેલો પિંડા જેવો અંશ 'અર્થ' હતો. તે ચિત્ અને જડ હતો. તેમાં વિકાર થયો. (પ્ર)

૨. સૂક્ષ્મરૂપવાળો' એટલે અંકુરની આરંભની સ્થિતિવાળો. (પ્ર)

૩. 'રૂપવિનાનો' એટલે 'રૂપવિનાનો સત્ અંશ'. (પ્ર)

બહાર નીકળેલાનું સ્વરૂપ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ પદ્મકોશઃ સહસોદતિષ્ઠત્કાલેન કર્મપ્રતિબોધિતેન ।।**
**સ્વરોચિષા તત્સલિલં વિશાલં વિદ્યોતયન્નર્ક ઈવાત્મયોનિઃ ।।૧૪।।**

ભગવાનમાંથી જેનો જન્મ થએલ તેવી તે કમલની કળી કર્મે જાગ્રત કરેલા કાલને લીધે, પોતાના તેજથી તે વિશાલ જલનો સૂર્યની પેઠે પ્રકાશ કરતી એકાએક બહાર નીકળી. ૧૪.

નારાયણ તો જલરૂપ છે, તેથી જલનાં કાર્યોમાં ઉત્તમ કમલની કળીજ તેમાંથી બહાર નીકળી. 'એકાએક' એટલે વિકાસ વિનાજ. ત્યારે બહાર રહેલો કાલ અને પ્રાણીઓનું કર્મ તેના સંબંધમાં આવ્યાં. કળીની ઉત્પત્તિથી જાગ્રત થએલાં કર્મે બહાર રહેલા કાલને તે (કળી)ની અંદર પ્રવેશ કરાવ્યો, એટલે માત્ર કાલેજ ત્યાર પછીનું કાર્ય કર્યું, એમ 'કાલને લીધે (જલના પ્રકાશ કરતી બહાર નીકળી)' શબ્દથી કહેલું છે. કાલ ત્રણ રૂપવાળો[1] હોવાથી, પ્રકાશ કરનારું તેનું રૂપ તેણે (કળીએ) ગ્રહણ કર્યું, (અને) 'સ્વરોચિષા' પોતાનાં તેજ (તેજસ્વી) રૂપથી તે બધા વિશાલ જલનો પ્રકાશ કરતીજ (બહાર નીકળી) (તેની) ઉત્પત્તિ થવામાં અને (તેણે જલનો) પ્રકાશ કર્યો તેમાં વિલંબ થએલ ન હોવાથી, (તેનું) તેવું સામર્થ્ય જણાવવા 'સૂર્યની પેઠે' એવું (દૃષ્ટાંત કહેલું છે). 'આત્મા' ભગવાનજ 'યોનિઃ' (ઉત્પત્તિનું) કારણ હતું જેનું, તેવી તે બહાર નીકળી, એવો (વાક્યનો) સંબંધ છે. ૧૪.

૧. તેજ, જલ અને અન્ન (પૃથ્વી)નું ઉપાદાન કારણ હોવાથી ત્રણ રૂપવાળો. (પ્ર)

એકાએક (કળી) નીકળેલી હોવાથી, તેનો વિકાસ કરવા તે જ ભગવાને તેમાં

પ્રવેશ કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તલ્લોકપદ્મં સ ઉ એવ વિષ્ણુઃ પ્રાવીવિશત્સર્વગુણાવભાસમ્ ।।**
**તસ્મિન્સ્વયં વેદમયો વિધાતા સ્વયંભુવં યં સ્મ વદન્તિ સોऽભૂત્ ।।૧૫।।**

હે ભાઈ ! સર્વ ગુણોનો પ્રકાશ કરનારાં તે લોકરૂપ કમલમાં તે જ વિષ્ણુએ પ્રવેશ કર્યો. તેમાં વેદમય વિધાતા જેને લોકો સ્વયંભૂ કહે છે તે પોતે પ્રકટ થયા. ૧૫.

કારણે પ્રવેશ કર્યા વિના, જૂનાં સારવિનાનાં કાર્ય (કમળ)નો ઉપયોગ થાય નહિ, તેથી નારાયણે તેમાં પ્રવેશ કર્યો. 'ઉ' 'હે ભાઈ !' એ શબ્દથી કોમલ સંબોધન (કરેલું છે). પહેલાં નારાયણ હોવા છતાં તે (ક્મલ)માં પ્રવેશ કરવાથી 'વિષ્ણુ' થયા[1], અથવા 'વિષ્ણુ' એટલે સર્વ સ્થલે રહેલા[2]. પહેલાંજ તેમાં રહેલા, તે તેમાં પ્રકટ થયા, એવો અર્થ છે. તે (પ્રકટ થવા)નું પ્રયોજન સર્વ ગુણોનો પ્રકાશ થાય જેમાં એમ કહેલું છે. ભગવાનના બધા ગુણોને પ્રકટ કરનાર કાર્યરૂપ પ્રાકટ્યનું સ્થાન (તે) હોવાથી, 'ભગવાન્ સાથેજ બધા (તેમના) ગુણો (તેમાં) પ્રકટ થાઓ' એવા વિચારથી આ (કાર્ય) માટે ભગવાને (તેમાં) પ્રવેશ કર્યો, એવો અર્થ છે. આ પદ્મકલ્પમાં ભેદ છે[3]. તે (કમલ)માં બધા જીવો ભેગા થઈ, સમૂહરૂપ થઈ, એક રૂપથી પ્રકટ થયા, એમ ઉત્તરાર્ધથી કહેલું છે. 'પોતે' ભગવાન્ (એ રૂપથી પ્રકટ થયા), કારણ કે આમાં ચિતનો ભેદ નથી[4]. તેમાં પણ બંને (પ્રકારની) ક્રીડા થાય તે માટે 'વેદમય વિધાતા' શબ્દો યોજેલા છે. 'વેદમય' હોવાથી આત્મામાં રમણ કરતાં[5], (અને) 'વિધાતા' હોવાથી બહાર રમણ કરતા, એવો (અર્થ છે), સ્વયંભૂ' શબ્દથી પ્રકટ થએલાનું તેમનું નામ કહેલું છે. ત્યાં રહેનાર લોકોએ તેમના પિતાને ન જોવાથી, 'બ્રહ્મા પોતેજ ઉત્પન્ન થયા છે' એવા વિચારથી (તેમને) 'સ્વયંભૂ' કહ્યા. એ પ્રમાણે લોકોથી 'સ્વયંભૂ' તરીકે તે પ્રસિદ્ધ થયા. ૧૫.

૧. 'વિશતિ' પ્રવેશ કરે તે'વિષ્ણુઃ' વિષ્ણુ, એ વ્યુત્પત્તિથી વિષ્ણુ થયા, એવો અર્થ છે. (પ્ર)
૨. નોટ ૧ માં જણાવેલી વ્યુતપત્તિ શિવપુરાણમાં હોવાથી અહિં બીજી વ્યુતપત્તિ કહી છે. (પ્ર)
૩. બ્રહ્મકલ્પમાં (ભગવાનનું) સર્વરૂપપણું પહેલેથીજ પ્રસિદ્ધ હતું, તેના વિકલ્પોમાં (સર્વરૂપપણું) વીર્યદ્વારા હતું. અહિં કહેલા પ્રકારે પદ્મકલ્પમાં છે, એવો ભેદ છે. (પ્ર)
૪. ચિતનો ભેદ નથી એટલે (૧) આનંદથી છૂટા ન પાડવાથી બાધ થતો નથી અથવા (૨) બ્રહ્મા વિષ્ણુ અને શંકરના ચૈતન્યમાં આ કલ્પમાં ભેદ નથી. (પ્ર) બીજો અર્થ વધારે યોગ્ય જણાય છે. વસ્તુતઃ સર્વ જીવો એકત્ર થઈ 'બ્રહ્મા' રૂપથી સમૂહમાં પ્રકટ થએલ હોવાથી, એક બીજા ચિતમાં ભેદ નથી એવો અર્થ જણાય છે.
૫. આથી (પાછલ) શ્લોક ૧૧ ઉપરનાં શ્રીસુબોધિનીમાં પોતે રચેલા પ્રપંચમાં રમણ કરવાનું કહેલું છે તે રૂપ જણાવ્યું છે. (પ્ર)

પછી જે થયું, તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**તસ્યાં સ ચામ્ભોરુહકર્ણિકાયામવસ્થિતો લોકમપશ્યમાનઃ ।।**
**પરિક્રમન્વ્યોમ્નિ વિવૃત્તનેત્રશ્ચત્વારિ લેભેઽનુદિશં મુખાનિ ।।૧૬।।**

તે કમલની ખીલેલી કલીમાં રહેલા તેમણે લોકને ન જોતાં નયનો ખુલ્લાં રાખી આકાશમાં ફેરવતાં દિશાઓ પ્રમાણે ચાર મુખો પ્રાપ્ત કર્યાં. ૧૬.

ઉપર કહેલાં કમલમાંજ, ભગવાનના પ્રવેશથી ખીલેલા કમલમાં (ખીલેલી) કળીમાં રહેલા, પોતે પણ ઉપર જણાવેલાજ બ્રહ્માએ પોતાના સિવાયના લોકને ન જોયા. પ્રાણીરૂપ (લોક) પોતાની અંદરજ હતા, લોકરૂપ[1] (લોકો) તો કમલમાં હતા, તે બંનેનો વિચાર (કરેલ) ન હોવાથી લોકોને જોયા નહિ. તેથી ઉલટી રીતે[2] જોવા લાગ્યા, એમ ઉત્તરાર્ધમાં કહે છે. 'આકાશમાં' એટલે ઉપરના ભાગમાં 'પરિતઃ' ચારે તરફ 'આક્રમન્' માથું પ્રસારતાં, પિંડ[3] પહેલાંજ ઉત્પન્ન થએલ હોવાથી 'વિવૃત્તનેત્રઃ' નયનો ખુલ્લાં રાખીને, જે ભાગ દેખાતો ન હતો ત્યાંજ લોક હશે એવી માન્યતાથી, સર્વ બાજુએ (પોતાને) મુખ હોવાની ઈચ્છા થતાં, સર્વ ગુણોનો પ્રકાશ (તેમનામાં) રહેલો હોવાથી, દિશાઓ પ્રમાણે તેમણે ચાર મુખો પ્રાપ્ત કર્યાં. તે સમયે બ્રહ્મા ચાર મુખવાળા થયા, એવો અર્થ છે. ૧૬.

૧. ભૂઃ ભુવઃ સ્વર્ગ વિગેરે, ભૂમિ તથા પાતાલો વિગેરેરૂપ લોકો, એવો અર્થ જણાય છે.
૨. પોતાની અંદર, તેમજ કમલમાં ન જોતાં, આસપાસ ઉપર જોવા લાગ્યા, એ ખોટી રીતે જોવા લાગ્યા; એવો અર્થ જણાય છે.
૩. 'પિંડ' એટલે બ્રહ્માનો દેહ, એવો અર્થ જણાય છે. તેથી તેમને નયન હતાં.

ચારે મુખથી એ પ્રમાણે બધીએ દિશાઓ જોવા છતાં, જ્યારે તેમણે લોકોને જોયા નહિ, ત્યારે તેમને ભય અને ચિંતા થયાં, એવા અભિપ્રાયથી નીચેનો શ્લોક કહેલ છેઃ

**તસ્માદ્યુગાન્તશ્વસનાવઘૂર્ણજલોર્મિચક્રાત્સલિલાદ્વિરૂઢમ્ ।।**
**અપાશ્રિતઃ કઞ્જમુ લોકતન્ત્રં નાત્માનમદ્ધાવિદદાદિદેવઃ ।।૧૭।।**

યુગના અંતના વાયુથી ઘૂમરી ખાતા જલના મોજાઓનાં કુંડાળાવાળા તે સલિલમાંથી ઉંચા નીકળેલા કમલના આધારવાળા આદિદેવે પોતે લોકના કારણરૂપ કમલને તેમજ પોતાને પણ જાણ્યાં નહિ.૧૭.

યુગના અંતે જે 'શ્વસનઃ' વાયુ (વાય છે), તેનાથી ઘૂમરી ખાતું જે જલ, તેમાંથી ઉત્પન્ન થએલાં જે મોજાંઓ, તેમનું કુંડાળું હતું જેમાં તેવા સલિલમાંથી ઘણાં ઉંચા નીકળેલા કમલના આધારવાળા (બ્રહ્મા) હતા, એવું (તેમના) ભ્રમનું કારણ કહ્યું. અહિં સલિલ સદાનું છે, જલ બનાવટી છે; અને વાયુ જલનેજ ઘૂમરી ખવરાવે છે.

તેથી તેનું કુંડાળું સલિલમાં થાય છે, એટલે પુનરુક્તિ (દોષ) નથી. (કમલ) સદાના સલિલમાંથી ઉત્પન્ન થએલું હોવાથી ડૂબતું નહતું, તેમજ (તેનો) દાંડો ભાંગતો ન હતો, તેથી (તે) ઘણું ઉંચુ નીકળેલું હતું. 'અપાશ્રિતઃ' (એવા કમલના) 'આધારવાળા' હોવાથી (બ્રહ્મા) અસ્થિર આસનવાળા હતા. તેથીજ (તેમની) બુદ્ધિ કમલનો વિચાર કરવામાં અથવા પોતાનો વિચાર કરવામાં ચાલતી ન હતી. લોકોનું 'તન્ત્રં' દેહ વિગેરે બધી સામગ્રી હતી જેમાં, તેવું કમલ અને (બ્રહ્મા) પોતે, બંનેને તે પોતે આદિદેવ હોવા છતાં પહેલાંનાં જ્ઞાન વિગેરેવાળા હોવા છતાં, 'નાવિદત્' (તેમણે) જાણ્યાં નહિ. ૧૭.

ત્યારે પહેલાની વાસનાથી તેમને તે વિષયમાં (તે જાણવાની) ઈચ્છા ઉત્પન્ન થઈ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ક એષ યોઽસાવહમબ્જપૃષ્ઠ એતત્કુતો વાબ્જમનન્યદપ્સુ ।।**
**અસ્તિ હ્યધસ્તાદિહ કિઞ્ચનૈતદધિષ્ઠિતં યત્ર સતા નુ ભાવ્યમ્ ।।૧૮।।**

જે હું તે આ કોણ ? જેની સપાટી ઉપર હું છું તે આ કમલ જલોમાં એકલું કયાંથી થયું? આ જેના આધારે રહેલ છે તે અહિં નીચે કાંઈક હશે, તે ખરેખર સત્ હોવું જોઈએ. ૧૮.

જે હું તે આ કોણ ? જાણવાની ઈચ્છા થતાં આત્મા (પોતા)નો વિચાર કરવાની પ્રવૃત્તિ કરી, એટલે પહેલાં વિચારના આરંભમાં જે વિચાર કરનાર તરીકે જણાતા હતા, તે જ વિચારના સમયે જૂદા જણાયા તેથી 'આ' એમ કહેલું છે. પોતાને (પોતાનાં) સ્વરૂપનું જ્ઞાન ન હોવાથી 'કોણ ?' એવો પ્રશ્ન (કરેલો છે). વળી જે કમલની સપાટી ઉપર હું છું, તે આ કયાંથી થયું ? એવો (પ્રશ્ન છે). 'જલમાં કમલ હોય છેજ, (તેમાં) શું આશ્ચર્ય?' એવો પ્રશ્ન થાય, તેથી 'એકલું' શબ્દ (યોજેલ છે).'જલોમાં' શબ્દથી ઘણાં જલોનો (તેને) સંબંધ હોવાનું (કહેલું છે), અને તેવા (ઘણા જલના સંબંધવાળા પ્રદેશ) માં કમલ થતું નથી. વળી નીચે આ મૂલવિનાનું ન હોય. તેથી આ જેના 'અધિષ્ઠિતં' આધારે રહેલું છે તે 'સત્' હશે, કારણ કે સત્ ન હોય તે આધાર થતું નથી. તેથી આ કમલની નીચે કાંઈક છે. 'કિઞ્ચન' શબ્દ 'કાંઈક પદાર્થ' ના અર્થમાં યોજેલો છે, કે જેના આધારે આ કમલ રહેલું છે. ૧૮.

**સ ઈત્થમુદ્વીક્ષ્ય તદબ્જનાલનાડીભિરન્તર્જલમાવિવેશ ।।**
**નાર્વાગ્ગતસ્તત્ખરનાલનાભિં વિચિન્વંસ્તદવિન્દતાજઃ ।।૧૯।।**

આ પ્રમાણે વિચાર કરીને તે કમલમાં દાંડાની પોલાણો દ્વારા તેમણે જલમાં પ્રવેશ કર્યો. તે કમલના દાંડાનો આધાર શોધતાં નીચે ગએલ અજને તે જડ્યો નહિ.

એ પ્રમાણે નૈયાયિકની પેઠે અનુમાનથી (તેમને) આટલું જ્ઞાન થયું. પછી

તર્કની સાહાય્યવાળા તે જ્ઞાનથી (જલ નીચે) પદાર્થ છે એવો નિશ્ચય કરીને, 'હું પુરુષ છું અને મારા જન્મના આધારરૂપ કમલ છે. માત્ર જડ (કમલ)થી (પુરુષની) ઉત્પત્તિ થાય નહિ, તેથી મારો કોઈક પિતા નીચે છે, તેમને હું શોધીશ' એવો નિશ્ચય કરીને, (પોતાનો) આકાર સૂક્ષ્મ કરીને, તે કમલના પોલાણવાળાં છિદ્રોમાં પ્રવેશ કરીને, તેમણે જલમાં પ્રવેશ કર્યો, છતાં પણ તે નીચેના ભાગમાં જઈ શક્યા નહિ, એમ ઉત્તરાર્ધથી કહે છે. તે 'ખરનાલસ્ય' કમલનો જે દાંડો, તે વડે તેનું મૂલ બનેલ આધારને શોધવા છતાં, તે સમયે (તે પોતે) 'અજોઽપિ' બ્રહ્મા હોવા છતાં પણ, તે તેમને જડ્યો નહિ. અથવા (બ્રહ્માએ) તે દાંડોજ જાણ્યો, કારણ કે આ અજ બહિર્મુખ[૧] હતા. ૧૯.

૧. 'અજા' એટલે માયા, માયામાં પડેલા 'અજ' બહિર્મુખ હતા, એવો અર્થ જણાય છે. આવો અર્થ કરતાં 'ન' 'અર્વાગ્ગતઃ' સાથે લેવાય, એટલે નીચે (મૂલ સુધી) ગયા (જઈ શક્યા) નહિ, એવો અર્થ થાય.

પછી જે થયું, તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**તમસ્યપારે વિદુરાત્મસર્ગં વિચિન્વતોઽભૂત્સુમહાઁસ્ત્રિણેમિઃ ।।**
**યો દેહભાજાં ભયમીરયાણઃ પરિક્ષિણોત્યાયુરજસ્ય હેતિઃ ।।૨૮।।**

હે વિદુર ! અપાર અંધકારમાં પોતાને ઉત્પન્ન કરનારને શોધતાં તેમને ઘણો કાલ થયો, જે દેહીઓને ભય ઉત્પન્ન કરતાં ( તેમના અને ) અજના આયુષ્યનો નાશ કરનારો છે. ૨૦.

'હે વિદુર !' એ સંબોધન એમ સૂચવવા (કહેલું છે) કે : મોટાઓને પણ (આ વિષયનું) જ્ઞાન નથી. 'અપાર અંધકારમાં' શબ્દોથી એમ કહેલું છે કે તેજ ન હોવાથી, દૂર હોવાને લીધે જ્ઞાન થતું નથી. 'આત્મસર્ગં' પોતાના પિતાને શોધતાં (બ્રહ્માને) ઘણો સમય થયો, એમ 'ત્રિણેમિઃ' 'કાલ' શબ્દથી કહેલું છે. (કાલ) ચક્રરૂપ હોવાથી તે ઝડપથીજ ફરે છે. ટાઢ, તાપ અને વરસાદના સમયો છે ચક્રો જેમાં તેવો (તે છે). 'કેટલો સમય થયો ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. 'પુરુષનું આયુષ્ય એકસો વર્ષનું છે' એ શ્રુતિ પ્રમાણે એકસો વર્ષનો તે કાલ થયો. એકસો વર્ષ પછી, તે (૧૦૦ વર્ષ જેટલો કાલ) મરણ ઉત્પન્ન કરનાર હોવાથી, દેહીઓને અવશ્ય ભય થાય છે, તેનું કારણ 'અજના પણ આયુષ્યનો નાશ કરનારો' શબ્દોથી કહેલું છે; કારણ કે કાલચક્ર (બ્રહ્માના આયુષ્યનો પણ) અવશ્ય નાશ કરે છે, તો પછી તે બીજા દેહવાળાઓને ભય ઉત્પન્ન કરે તેમાં શું સંદેહ ? એવો અર્થ છે. ૨૦.

તેથી પોતાનું પણ નિરર્થક મરણ થશે, એવા ભયથી તે ત્યાંથી પાછા ફર્યા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તતો નિવૃત્યાપ્રતિલબ્ધકામઃ સ્વધિષ્ણ્યમાસાદ્ય પુનઃ સ દેવઃ ।।**
**શનૈર્જિતશ્વાસવિવૃત્તચિત્તો ન્યષીદદારૂઢસમાધિયોગઃ ।।૨૧।।**

ઈચ્છેલું પ્રાપ્ત કર્યા વિના ત્યાંથી પાછા ફરીને, ફરીને પોતાનાં આસને આવી, તે દેવ ધીરે ધીરે શ્વાસ રોકી, શાંત ચિત્તવાળા થઈ, સમાધિ સુધીનો યોગ આચરી બેઠા. ૨૧.

ઈચ્છેલું પ્રાપ્ત કર્યા વિનાજ ત્યાંથી પાછા ફરીને, ફરીથી પોતાનાં આસનનો આશ્રય કરીને, જ્ઞાનવાળા થઈ તે 'દેવ' થયા. પછી ધીરે ધીરે શ્વાસ રોકવાથી શાંત ચિત્તવાળા થઈ 'ન્યષીદત્' તે સ્થિરપણે બેઠા. પછી આચર્યો છે સમાધિ સુધીનો યોગ જેમણે તેવા (થયા). યોગથી ચિત્ત એકાગ્ર કરી, તે જ વિષયનો વિચાર કર્યો, એવો અર્થ છે. ૨૧.

આવો યોગ પણ તેમણે ઘણા કાલ સુધી કર્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**કાલેન સોઽજઃ પુરુષાયુષાઽભિપ્રવૃદ્ધયોગેન વિરૂઢબોધઃ ।।**
**સ્વયં તદન્તર્હૃદયેઽવભાતમપશ્યતાપશ્યત યન્ન પૂર્વમ્ ।।૨૨।।**

પુરુષના આયુષ્ય જેટલા કાલ સુધી ઘણા વધેલા યોગથી સ્થિર થએલ જ્ઞાનવાળા તે બ્રહ્માએ, જેમને પહેલાં જોએલા નહિ તેમને પોતાની મેળે તેમના હૃદયમાં પ્રકાશતા જોયા. ૨૨.

પુરુષના આયુષ્ય જેટલા સમય સુધી ઘણો વધેલો હતો યોગ જેમાં, તેવા સમયે 'વિરૂઢબોધઃ' ઘણું પુષ્ટ એટલે સ્થિર થએલ હતું જ્ઞાન જેમનું તેવા (બ્રહ્મા થયા). ત્યારે તેમણે પોતેજ ભગવાનને જોયા, એમ ઉત્તરાર્ધથી કહેલ છે. પહેલાં પ્રયત્ન કરવા છતાં (ભગવાનનાં) દર્શન થયાં ન હતાં, હવે ચિત્ત શુદ્ધ થતાં ભગવાન્ પોતેજ માયાના પડદાને દૂર કરી બ્રહ્માના હૃદયમાં પ્રકાશ્યા પહેલાં મનથી કલ્પેલી (ભગવાનની) મૂર્તિથી (જેમનાં દર્શન થયાં તેમનાથી) ભેદ 'જેમને પહેલાં (જોએલા નહિ)' શબ્દોથી કહેલ છે. (આવા પહેલાં) કોઈ પણ સમયે જોયા ન હતા, જો કે બ્રહ્મકલ્પમાં હૃદયમાં ભગવાનને જોએલા, અને દરેક કલ્પે વૈકુંઠમાં હોય ત્યારે (ભગવાનને) જોતા, (કારણ કે) તેમ ન હોય (જોતા ન હોય), તો સૃષ્ટિ (રચવા)ની શક્તિ (પ્રાપ્ત) ન થાય, છતાં પણ આવા પ્રકારના કોઈ પણ સમયે જોએલા નહિ; કારણ કે જ્યારે ભગવાન્ પોતાના મનમાં પ્રકાશતા હોય, ત્યારે તેમની (ભગવાનની) નાભિમાંથી નીકળેલા કમલ ઉપર પોતે રહી શકે નહિ, તેમજ જ્યારે (બ્રહ્માની) નીચે નાળમાં (કમલના દાંડામાં) (ભગવાન્) રહેલા હોય ત્યારે (તે) નાળ છેદાયા વિનાના (ભગવાન્ બ્રહ્માની) અંદર પ્રવેશ કરે નહિ, તેમજ પોતાના (બ્રહ્માના) હૃદયમાં પ્રસન્ન થઈને પધારેલા (ભગવાન્), કોઈ સમયે શેષ ઉપર શયન કરતા ન હોય. તેથી

'પહેલાં જેમને કોઈપણ સમયે જોએલા નહિ' એમ જે કહ્યું તે યોગ્યજ[1] છે. ૨૨.

૧. અપૂર્વ દર્શન થયાં, તેથી (ભગવાનનાં) ઐશ્વર્ય સંબંધી સંદેહ તે અવસ્થામાં પણ ગયો, એમ જીવથી ભેદ હોવાનું જણાવ્યું. (પ્ર).

પહેલાં નહિ જોએલું તે સ્વરૂપ સૃષ્ટિ (રચવા)માં ઉપયોગી હોવાથી નીચેના શ્લોકથી આરંભી નવ (શ્લોકો)થી તેનું વર્ણન કરે છેઃ

**અવસ્થામુપમાનં ચ સ્વરૂપં ચ ત્રિભિઃ ક્રમાત્ ।।૭।।**
**શાસ્ત્રપ્રત્યક્ષભેદેન ફલસાધનમેવ ચ ।।**

ત્રણ (શ્લોકો)થી અનુક્રમે અવસ્થા, ઉપમાન[1] અને સ્વરૂપ (કહેલાં છે). અને (ચોથા તથા પાંચમાંથી) શાસ્ત્ર અને પ્રત્યક્ષના ભેદથી ફલ તથા સાધન કહેલાં છે[2]. કા.૭ $^{1}/_{2}$.

**સર્વતત્ત્વાશ્રયેણાપિ સર્વસૌન્દર્યમેવ ચ ।।૮।।**
**એવં ષડ્ગુણમાહાત્મ્યમ્ એકરૂપેણ વર્ણિતમ્ ।।**

વળી સર્વ તત્ત્વોના આધાર થવાથી પણ સર્વ સૌંદર્યજ (કહેલું છે). એ રીતે એક સ્વરૂપ વડે છ ગુણોના માહાત્મ્યનું વર્ણન કરેલું છે. કા.૮ $^{1}/_{2}$.

**પુનર્ગુણાનાં પ્રાધાન્યાદ્ ઉપમારૂપતત્ત્વભિઃ ।।૯।।**
**તસ્ય બ્રહ્મત્વસંસિદ્ધ્યૈ તજ્જ્ઞાને સર્વબોધનમ્ ।।**

(સૃષ્ટિમાં) ગુણોનું[3] પ્રધાનપણું હોવાથી ફરીથી ઉપમા, રૂપ અને તત્ત્વોથી (નિરૂપણ કરેલું છે). તે બ્રહ્મ હોવાનું સિદ્ધ થાય તે માટે તેમનું જ્ઞાન થતાં સર્વનું જ્ઞાન (બ્રહ્માને) થાય[4] છે. કા.૯ $^{1}/_{2}$.

**તતો યુક્તં યદેવાત્ર તદન્ત્યેન નિરૂપ્યતે ।।૧૦।।**

પછી જે આ પ્રસંગે કરવું યોગ્ય છે તે છેલ્લા (શ્લોક)થી[5] કહેલું છે. કા.૧૦.

તે પૈકી અવસ્થાવાળા તરીકે જોએલા ભગવાનનું પ્રથમ નીચેના શ્લોકથી વર્ણન કરે છેઃ

**મૃણાલગૌરાયતશેષભોગપર્યંક એકં પુરુષં શયાનમ્ ।।**
**ફણાતપત્રાયુતમૂર્ધરત્નદ્યુભિર્હતધ્વાન્તયુગાન્તતોયે ।।૨૩।।**

ફેણરૂપ છૂટાં છત્રોવાળા માથાં ઉપરના મણિઓની કાંતિથી જેના અંધકારનો નાશ થએલો છે તેવાં યુગના અંતના જલમાં કમલના દાંડા જેવા શ્વેત અને લાંબા શેષના દેહરૂપ પલંગ ઉપર પોઢેલા એક પુરુષને (જોયા શ્લો. ૨૨). ૨૩.

કમલના દાંડા જેવો શ્વેત અને લાંબો જે 'શેષભોગઃ' શેષનો દેહ, તે જ પલંગ; તેના ઉપર એકજ પુરુષ પોઢેલ હતા. આ ભારે આશ્ચર્ય છે કે સર્પરૂપ શય્યા

ઉપર પોઢેલ છે. વળી ફેણરૂપ છત્રોનું જે 'અયુતમ્' છૂટા રહેવું, તેવાં (છત્રો)વાળું જે માથું, તેનાં ઉપર જે રત્નો હતાં, તેમની કાંતિથી જેનાં અંધકારનો નાશ થએલો હતો, તેવા યુગના અંતના જલમાં એટલે પ્રલયના સમુદ્રમાં શેષરૂપ પલંગ ઉપર (પોઢેલ હતા). તે જ શેષની જે ફેણો, તે જ પ્રસરેલી હોઈ છત્રો જેવી હતી, અને તે (છત્રો) પાછાં કમલનાં પાંદડાઓ પેઠે આરંભમાં અને અંતે ભેગાં મળેલાં ન હતાં. ત્યાં ફેણની નીચેના ભાગમાં સર્વે સ્થલે (બધી ફેણો નીચે) (શેષ) દેવતા છે એમ સિદ્ધ થાય તે માટે (તેનું) માથું હતું. ફેણો તો માત્ર શોભા માટે હતી. અથવા તે (ફેણ નીચેનાં) માથાંઓ છૂટાં છૂટાં હતા. તે બધાઓની ઉપર ઉત્તમ મણિઓ હતા, (અને) તેમનાથીજ ત્યાંના બધાંએ અંધકારનો નાશ થયો હતો. તેથી ભગવાનનાં સ્પષ્ટ દર્શન થતાં હતાં. બ્રહ્માની બુદ્ધિ બહારથી પ્રકટ થઈ હતી[૬], પણ અંદરથી (પ્રકટ થઈ) ન હતી. તેથી (આ) અધ્યાય બુદ્ધિ દર્શાવનારો હોવાથી ભગવાન્ પણ (બ્રહ્માને) બહારથીજ પ્રકટ થયા. (બ્રહ્મા) ભગવાનનો અલૌકિક પ્રભાવ જાણતા નહિ હોવાથી, ભગવાનના તેજથી (ત્યાંનો) અંધકાર દૂર થયો ન હતો, પરંતુ (બ્રહ્માને) પ્રમાણથી (યોગથી) જ્ઞાન થએલ હોવાથી શેષના માથાં ઉપરના મણિઓથીજ (ત્યાંનો અંધકાર દૂર થયો હતો એવાં બ્રહ્માને દર્શન થયાં). ૨૩.

૧. જે પદાર્થ સાથે કોઈને સરખાવવામાં આવે તે પદાર્થ 'ઉપમાન' કહેવાય છે.

૨. શાસ્ત્ર પ્રમાણે ભજન કરતા હોય, તેમનાં ફલ અને સાધન ચોથા (૨૬મા) શ્લોકથી, અને પ્રત્યક્ષ ભજન કરતા હોય, તેમનાં ફલ અને સાધન પાંચમા (૨૭ મા) શ્લોકથી (કહેલાં છે), એવો અર્થ છે. (પ્ર)

૩. 'ગુણોનું' એટલે (શય્યામાંથી) ઉઠેલા ભગવાનની અવસ્થામાં ગુણોનું (પ્ર)

૪. તે (બ્રહ્માએ) જોએલું સ્વરૂપ બ્રહ્મ છે એમ જણાવવા 'જે જાણવામાં આવતાં આ સર્વ જણાએલું થાય છે' એ શ્રુતિ પ્રમાણે (બ્રહ્માને) સર્વનું જ્ઞાન થાય છે, એમ દશમા (બત્રીસમા) શ્લોકમાં કહેલું છે. (પ્ર)

૫. 'છેલ્લા' એટલે અગીઆરમા (તેત્રીસમા) (પ્ર) અધ્યાયના છેલ્લા.

૬. ''પહેલાં હૃદયમાં ભગવાન્ પ્રકટ થયાનું કહેલું, હવે સમુદ્રમાં પ્રકટ થયાનું કેમ કહે છે ?'' એવી શંકા થાય, તેથી આ કહેલું છે. (પ્ર)

તેમની (બ્રહ્માની) બુદ્ધિમાં (આ) લોક જેવું જણાયું, તેથી નીચેના શ્લોકમાં ભગવાનના સંબંધમાં લૌકિક ઉપમાનું વર્ણન કરે છેઃ

**પ્રેક્ષાં ક્ષિપન્તં હરિતોપલાદ્રેઃ સન્ધ્યાભ્રનીવેરુરુક્મમૂર્ધ્નઃ ।।**
**રત્નોદધારૌષધિસૌમનસ્યવનસ્રજો વેણુભુજાંઘ્રિપાંઘ્રેઃ ।।૨૪।।**

સંધ્યાના વાદળાંઓરૂપ કટિવસ્ત્રવાળા, માથાં ઉપર ઘણા સુવર્ણ(ના મુકુટો)વાળા, રત્નો જલની ધારાઓ ઔષધિઓ પુષ્પોના સમૂહ તથા વનની

માલાઓવાળા, વાંસરૂપ ભુજાઓ અને વૃક્ષરૂપ ચરણોવાળા મરકતમણિઓના પર્વતની દૃષ્ટિનો તિરસ્કાર કરતા (ભગવાનને જોયા. શ્લો. ૨૨). ૨૪.

'કેવા (ભગવાન્)ને જોયા ?' એવી સર્વત્ર[1] આકાંક્ષા[2] છે. મરકતમણિઓના પર્વતની દૃષ્ટિનો તિરસ્કાર કરતા (ભગવાનને જોયા). જેમ કોઈ મરકતમણિઓનો પર્વત ક્ષીરસમુદ્રમાં હોય, તેવા ભગવાન્ શેષરૂપ પલંગ ઉપર (દેખાતા) હતા. તેથીજ શેષ કમલના દાંડાની સમાન (કહેલો), કારણ કે શ્વેતસ્વરૂપમાં શીતલપણું ચીકાશ અને કાંતિ તે (કમલના દાંડા)માંજ રહેલાં છે. 'પ્રેક્ષા' એટલે દૃષ્ટિ. સમાન હોય તે (પોતાની) સમાન વિષયના સંબંધવાળી દૃષ્ટિને દૂર કરે, પરંતુ ભગવાન્ હોવાથી (મરકતમણિની દૃષ્ટિને દૂર કરતા) ન હતા.[3] તેમના (ભગવાનના) સંબંધમાં સર્વની દૃષ્ટિનો તિરસ્કાર કરે છે, એમ કહેવું જોઈએ[4] મરકતમણિઓના પર્વત(ની દૃષ્ટિનો તિરસ્કાર કરતા બ્રહ્માએ જોયા).

'તેની દૃષ્ટિનો (ભગવાન્) તિરસ્કાર કરે તે યોગ્યજ છે, કારણકે તે અલંકાર વિનાનો હતો અને ભગવાન્ અલંકારવાળા હતા' એવી શંકા થાય, તેથી 'સંધ્યાના વાદળાંઓરૂપ કટિવસ્ત્રવાળા.'એમ કહેલું[5] છે. સંધ્યાસમયના 'અભ્રાણિ' વાદળાંઓ પીળાં અને લાલ હોય છે, તેઓ 'નીવી' કટિવસ્ત્ર એટલે પીતાંબર હતાં જેનાં, ઘણાં 'રુક્માણિ' મુકુટરૂપ સુવર્ણો હતાં માથાંઓ ઉપર જેનાં; વળી (૧) પદ્મરાગ વિગેરે રત્નો, (૨) 'ઉદધારાઃ' જલના પ્રવાહો, (૩) રાત્રે તેજસ્વી (જણાતી) વનમાં રહેલી ઓષધિઓ, (૪) 'સૌમનસ્યં' પુષ્પોના સમૂહ અને (૫) વનો, તેમની માલાઓ હતી જેને, તેવો (તે પર્વત છે). જેમ ઈન્દ્રધનુષ્યમાં રંગો હોય છે, તેમ ભગવાનની માલા પાંચ રંગવાળી છે. (૧) રત્નોની માલા જેવી એક સહેજ લાલ રત્નોની માલા. (૨) મોતીઓના હાર જેવી જલની ધારાઓની માલા (૩) અલૌકિક દિવ્ય રત્નોની કાંતિની માલા જેવી અથવા દીવા જેવા મણિઓની માલા જેવી. ઓષધિઓની માલા (૪) પુષ્પોની માલા જેવી પુષ્પોની માલા, અને (૫) તુલસીની માલા જેવી વનોની માલા વળી વાંસોજ હતા ભુજાઓ જેની (અને) વૃક્ષોજ હતા ચરણો જેના, તેવો વાંસરૂપ ભુજાઓ અને વૃક્ષોરૂપ ચરણોવાળો (તે પર્વત છે). ૨૪.

૧. 'સર્વત્ર' એટલે (૨૩ થી ૩૧ સુધીના) નવે શ્લોકોમાં. (પ્ર)

૨. અર્થ પૂરો કરવા જોઈતા શબ્દો, 'આકાંક્ષા' કહેવાય છે.

૩. બ્રહ્માની બુદ્ધિ પ્રમાણે ભગવાનનાં તેમને દર્શન થયાં તે અહિં કહેલ છે. તેમને ભગવાન્ લૌકિક જણાયાથી લૌકિક પદાર્થની ઉપમા આપેલી છે, એમ પાછલ આવી ગયું છે.

૪. ભગવાન્ તો સર્વની દૃષ્ટિ કરે એમ 'તેમની સમાન (તથા તેમનાથી અધિક કોઈ દેખાતો) નથી' એ શ્રુતિ પ્રમાણે કહેવું જોઈએ. તેમ કહેલું નથી, તેથી ભગવાન્ હોવાથી તિરસ્કાર કરે છે એમ

નથી. (પ્ર)

૫. તેવી શંકા દૂર કરવા પર્વતના અલંકારો કહેલા છે. (પ્ર)

**નીચેના શ્લોકમાં (બ્રહ્માએ જોએલા ભગવાનનું) સ્વરૂપ કહે છેઃ**

**આયામતો વિસ્તરતઃ સ્વમાનદેહેન લોકત્રયસંગ્રહેણ ।।**

**વિચિત્રદિવ્યાભરણાંશુકાનાં કૃતશ્રિયાપાશ્રિતવેષદેહમ્ ।।૨૫।।**

ત્રણ લોકોનો જેમાં સમાવેશ થાય તેવા લંબાઈમાં અને પહોળાઈમાં માપવાળા પોતાના દેહથી ઓળખાતા, (અને) વિચિત્ર દિવ્ય આભરણો તથા વસ્ત્રોથી થતી શોભાએ જેનો આશ્રય કરેલો તેવા વેષયુક્ત દેહવાળા (ભગવાનને જોયા. શ્લો. ૨૨). ૨૫.

'આયામઃ' એટલે લંબાઈ, 'વિસ્તારઃ' એટલે પહોળાઈ. ત્રણ લોકનો સમાવેશ થાય જેમાં, એવું પોતાના (ભગવાનના) દેહનું માપ હતું. જેટલી પહોળાઈ અને લંબાઈની કલ્પના કરવાથી ત્રણ લોક તેમાં સમાય, તેવા દેહથી ઓળખાતા ભગવાનને (જોયા), એવો અર્થ છે. વળી વિચિત્ર દિવ્ય આભરણો અને વસ્ત્રો હતાં જેમનાં, તે (વસ્ત્રો અને આભરણો)થીજ થતી શોભાએ આશ્રય કરેલો-સર્વ તરફ તેજના સમૂહ પેઠે ફરી રહેતો વેષ એટલે ઉત્તમ આકૃતિ હતી જેની, તેવો દેહ હતો જેમનો તેવા (ભગવાનને જોયા). (ભગવાન્) ત્રણ લોકના આશ્રય છે એમ જણાવનારું તેમનું સચ્ચિદાનંદરૂપ સ્વરૂપ છે. આભરણો વિગેરેથી થતી શોભા ભગવાનના વેષનોજ આશ્રય કરે છે, પરંતુ આભરણોથી ભગવાનનો વેષ શોભતો નથી. આભરણોના આભરણ હોવું એ ભગવાનનો ગુણ[૧] છે. ૨૫.

૧. વિશેષણો આ બ્રહ્મ છે એમ જણાવવા કહેલાં છે. તેમાં 'વિચિત્ર દિવ્ય આભરણો તથા વસ્ત્રોથી થતી શોભાએ જેનો આશ્રય કરેલો તેવા વેષયુક્ત દેહવાળા' એ વિશેષણ કહેવાનું પ્રયોજન આ વાક્યથી કહેલું છે. (પ્ર)

પરોક્ષ રીતે (દર્શન કર્યાં વિના) (ભક્તિ)માર્ગ પ્રમાણે ભજનારાઓને ફલનું દાન કરવું, તેનો પોતાને (ભગવાનને) ઉપયોગ ન હોવાથી તે બ્રહ્મનો ગુણજ છે. તેથી તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**પુંસાં સ્વકામાય વિવિક્તમાર્ગૈરભ્યર્ચતાં કામદુઘાંઘ્રિપદ્મમ્ ।।**

**પ્રદર્શયન્તં કૃપયા નખેન્દુમયૂખભિન્નાંગુલિચારુપત્રમ્ ।।૨૬।।**

પોતાની કામનાઓ સિદ્ધ કરવા જૂદા જૂદા માર્ગોથી પૂજન કરનાર પુરુષોને કૃપાથી નખરૂપ ચંદ્રના કિરણોથી જૂદાં જણાતાં આંગળીઓરૂપ સુંદર પાનવાળું કામનાઓ આપનારું પોતાનું ચરણકમલ દેખાડતા ભગવાનને જોયા (શ્લો.૨૨) ૨૬.

'સ્વકામાય' પોતાની કામાનાઓ સિદ્ધ કરવા 'વિવિક્તમાર્ગૈઃ' એક બીજાના

સંબંધ વિનાના, અથવા લોકથી પર, અથવા માત્ર એકનું જ પૂજન કરવાના પ્રકારવાળા માર્ગોથી જેઓ પૂજન કરે, તેઓની કામનાઓ આપનારું જે (પોતાનું) ચરણકમલ, તેને તેઓનાં કાર્ય માટે દેખાડતા (ભગવાનને જોયા). વળી કેવા પ્રકારનું ચરણકમલ (છે) તે જાણવાની ઈચ્છા થાય, તેથી 'નખરૂપ ચંદ્રના કિરણોથી જૂદાં જણાતાં આંગળીઓરૂપ સુંદર પાનવાળું' એમ કહેલું છે. નખોજ ચંદ્રો છે, તેમના કિરણોથી 'ભિન્નાઃ' આખા દેહથી જૂદી જણાતી જે આંગળીઓ, તે જ સુંદર પાન છે જેનાં તેવું (ચરણકમલ છે). ચરણકમલ સ્વભાવથી વિકસેલું છે. નખો ચંદ્રો હોવાથી પાંદડાં ચંદ્રનું રક્ષણ કરવા માટે દરેક (તેની) ચારે તરફ સંકોચાએલાં છે, (માત્ર) આગળથી (સંકોચાએલો) નથી. કમલનાં પાંદડાંઓ ચંદ્રના કિરણોથી સંકોચાય છે, અને આડા સંકોચાય છે તેથી, (નખરૂપ ચંદ્ર) અલૌકિક હોવાથી હૃદયના અલૌકિક અંધકારનો પણ નાશ કરે છે. (આથી) ચરણ કમલ હોવાનું પ્રયોજન પણ કહેવાયું. (ચરણ) સર્વ દેહથી જૂદા પ્રકારનો હોવાથી, ભક્તિમાર્ગ સર્વ (માર્ગો)માં ઉત્તમ છે. એમ પણ કહેવાયું. ભક્તિજ સ્વતંત્ર પ્રકારે ફલ આપનારી હોવાથી, (ભગવાન્) પોતે ફલ ન આપતાં તેમની (પૂજન કરનારાઓની) કામનાઓ પૂર્ણ થાય અને (તેમને) દુઃખ ન રહે તે માટે તેઓએ ઉપાસના કરવા યોગ્ય ચરણજ (તેમને) દેખાડે છે. ૨૬.

એ રીતે માર્ગપ્રમાણે ભજનારાઓનું ફલ કહીને, નીચેના શ્લોકમાં પ્રત્યક્ષ ભજન કરનારાઓનું ફલ કહે છેઃ

**મુખેન લોકાર્તિહરસ્મિતેન પરિસ્ફુરત્કુણ્ડલમણ્ડિતેન ।।**
**શોણાયિતેનાધરબિમ્બભાસા પ્રત્યર્હયન્તં સુનસેન સુભ્ર્વા ।।૨૭।।**

૧. લોકોનું દુઃખ હરનાર સ્મિતવાળા ૨. સર્વ તરફ પ્રકાશતા કુંડલોથી શોભતા ૩. સહેજ લાલ ૪. અધરમાં સ્વરૂપની કાંતિવાળા ૫. શોભિતા નસ્કોરાંવાળા, (અને) ૬. શોભિતી ભ્રમરવાળા મુખથી સામો આદર કરતા (ભગવાનને જોયા. શ્લો. ૨૨). ૨૭.

મુખથી, 'પ્રત્યર્હયન્તમ્' જેઓ પૂજન કરે છે તેમનો, 'જેઓ મને જે પ્રકારે ભજે છે, (તેમને હું તે જ પ્રકારે ભજું છું)' એ વાક્યપ્રમાણે સામો આદર કરતા (ભગવાનને જોયા). ''તેઓ (ભક્તો) પોતાના સર્વસ્વથી પણ ભગવાનનું પૂજન કરે છે, ભગવાન્ તો તેઓનું કેવી રીતે ભજન કરે ?'' એવી શંકા થાય, તેથી (કહે છે કે) ભગવાનમાં છ ગુણો છે, તે ગુણોવાળા મુખથી તેઓનો આદર કરે છે, (અને) મુખના બધાએ ગુણોનો તેમને સંબંધ કરાવે છે. તે વિષયમાં મુખમાં છ ગુણો હોવાનું 'લોકોનું દુઃખ હરનાર સ્મિતવાળા' વિગેરે છ વિશેષણોથી સિદ્ધ કરે છે. ભગવાનના મુખના બે ગુણો સર્વ ઉપર ઉપકાર કરનારા છે, (અને) ચાર ભક્તો ઉપરજ (ઉપકાર કરનારા

છે).

(૧) લોકોનું દુઃખ હરે છે, તેથી તેવું સ્મિત છે જેના ઉપર (તેવું મુખ છે). 'સ્મિત' એટલે મંદ હાસ્ય. 'વળી હાસ્ય માણસોને ઉન્માદ કરનારી માયા છે'. સૃષ્ટિની લીલા કરનાર ભગવાન્ બ્રહ્માંડમાં રહેલા જીવોને સંપૂર્ણ પ્રકારે પોતાની ઈચ્છા પ્રમાણે કામમાં લગાડે છે. તે સંબંધમાં તેઓ (જીવો) પ્રમાણબલનો આધાર લઈને (ભગવાને સોંપેલા કાર્યને) ફેરવવા પ્રયાસ કરે, ત્યારે તેઓ નિરર્થક દુઃખ પામશે એવા વિચારથી, (ભગવાન્) તેમને મોહ કરે છે. તેથી તેઓ દુઃખી ન થાય તે માટેજ (ભગવાન્) હાસ્ય કરે છે; અને તે (હાસ્ય) એવા વિચારથી મંદ કરે છે કે તેઓ સંપૂર્ણ રીતે મોહ પામે[1] તો દુષ્ટ માર્ગમાં પ્રવૃત્ત થઈ પરલોકનું દુઃખ પામે. 'લોક' શબ્દથી સદાચારી જીવો કહેલા છે. વળી (૨) (મુખ) સર્વ તરફ પ્રકાશતા કુંડલોથી શોભતું છે. સર્વ તરફ પ્રકાશતા જે બે કુંડલો, તેઓથી શોભતું છે. સાંખ્ય અને યોગ બે કુંડલો છે. (જીવોના) આ લોકનાં અને પરલોકનાં કાર્યો સિદ્ધ થાય તે માટે તેઓ સર્વ તરફ પ્રકાશે છે. તેથી એમ કહેલું છે કે 'વૈદિક માર્ગ પ્રમાણે પણ જે દુઃખ થાય તે યોગથી દૂર કરે છે (અને) સાંખ્યથી સ્વરૂપાનંદનો અનુભવ કરાવે છે. અથવા આ ઉલટું છે, અથવા બંને બંનેમાં છે.[2] તેથી (ભગવાન્) દુઃખ દૂર કરી, ઈચ્છેલું પ્રાપ્ત કરાવીને (જીવોનો) આદર કરે છે'. આ ભક્તોને બહુ પુરુષાર્થરૂપ નથી.

(૩) (મુખ) સહેજ લાલ છે. સહેજ લાલ એટલે જરા શ્વેત, પીતાંબર સરખો (રંગ). આથી એમ કહ્યું છે કે તેમને (જીવોને) ભક્તિ આપે છે. વળી (૪) (મુખ) અધરમાં સ્વરૂપની કાંતિવાળું છે. અધરમાં સ્વરૂપની 'ભાઃ' કાંતિ છે જેમાં, તેવું છે. અધર લોભરૂપ છે. તેમાં જે 'બિમ્બં' એટલે અર્થને લીધે શબ્દના બલથી બિંબના જેવું ભગવાનનું સ્વરૂપ[3] છે. લોભમાં સ્થાપન કરેલું તે (સ્વરૂપ) (ભગવાન્) ભગવાનના ભક્તોને આપે છે એટલે સામો[4] આદર કરતાં તે (સ્વરૂપ)ની કાંતિ, તેનો સાક્ષાત્કાર (ભક્તને) પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે ભક્તિ આપીને સર્વને દુર્લભ (પોતાનું) સ્વરૂપ તેમને આપે છે, એમ કહેલું છે. વળી (૫।૬) (મુખ) શોભિતાં નસ્કોરાંવાળું અને શોભિતી ભ્રમરવાળું છે. શોભિતાં બે નસ્કોરાં છે જેમાં, (અને) શોભિતી બે ભ્રમરો છે જેમાં તેવું છે. બે નસ્કોરાં બે અશ્વિનીકુમારો (દેવોના વૈદ્યો) છે, અને ભ્રમર કાલ છે. (ભગવાન્) રોગ અને કાલને દૂર કરે છે, એવો અર્થ છે. એ રીતે પ્રત્યક્ષ ભજન કરવાથી (ભગવાન્) સર્વ પુરુષાર્થોનું દાન કરનારા હોવાનું જણાવ્યું. ૨૭.

૧. હાસ્ય મંદ ન કરતાં વધારે કરે, તો જીવોને સંપૂર્ણ મોહ થતાં, તેઓ દુષ્ટ માર્ગમાં પ્રવૃત્ત થઈ,

પરલોકમાં દુઃખી થાય. તેવું ન થાય તે માટે મંદ હાસ્ય કરે છે.

૨. 'ઉલટું છે' એટલે યોગથી સ્વરૂપાનંદનો અનુભવ કરાવે છે અને સાંખ્યથી દુઃખ દૂર કરે છે. અથવા યોગ અને સાંખ્ય બંનેથી આ બંને કાર્ય કરે છે.

૩. આ બધો પરોક્ષવાદ હોવાથી, અહિં લક્ષણાથી અર્થ કરવામાં દોષ નથી. વળી જેમ 'બિંબ' શબ્દ સૂર્ય વિગેરેના સ્વરૂપ માટે યોજાય છે, તેમ અહિં તેનો અર્થ 'ભગવાનનું સ્વરૂપ' કરવામાં આવે તેમાં લક્ષણા પણ નથી.

૪. ભક્ત પૂજન કરે ત્યારે ભગવાન્ તેમનો સામો આદર કરે, સામે રહી આદર કરે ત્યારે અધરમાં રહેલ સ્વરૂપની કાંતિ ભક્તમાં આવે, અને તેમને સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે, એવો અર્થ જણાય છે.

સર્વ તત્ત્વોના આધાર હોવાથી પણ (થતું) ભગવાનનું સર્વ સૌંદર્ય નીચેના શ્લોકમાં કહે છેઃ

**કદમ્બકિઞ્જલ્કપિશંગવાસસા સ્વલંકૃતં મેખલયા નિતમ્બે ।।**
**હારેણ ચાનન્તધનેન વત્સશ્રીવત્સવક્ષસ્થલવલ્લભેન ।।૨૮।।**

કદંબના કેસરના જેવા પીળાં વસ્ત્રથી, નિતંબ ઉપર મેખલાથી અને ચિહ્નરૂપ શ્રીવત્સવાળાં વક્ષસ્થલ ઉપર વલ્લભ ઘણાં કિંમતી હારથી શણગારાએલા (ભગવાનને જોયા શ્લો. ૨૨). ૨૮.

કદંબના જેવા કેસર હોય છે, તેવા તે લીંટીના આકારવાળા અને મુક્તાવાળા[૧] પિતાંબર ઉપર દેખાય છે. તેથી મુક્ત[૧] સર્વ તત્ત્વો સાથેની ભક્તિથી ભગવાન્ ઢંકાએલા છે, એવું ભગવાનનું ગોપ્ય રૂપ કહેલું છે. તેનાથીજ તે પ્રદેશમાં (ભગવાનની) શોભા છે, પરંતુ રૂપથી (શોભા) નથી[૨] તેથીજ (ભગવાન્) પીતાંબરથી સારી રીતે શણગારાએલા છે. વળી તે (પીતાંબર) વેદરૂપ છે. તેનાથી (ભગવાનનું) ઢંકાવું સ્પષ્ટજ છે. વળી નિતંબ ઉપર મેખલાથી શણગારાએલા છે. ભૂમિ ઉપર ભગવાનની કીર્તિ, ભગવાનના ગુણોનું વર્ણન એ મેખલા (કંદોરો) છે. વળી તે ગુણવાળી છે. તે ભગવાનનું કાર્ય કરતી હોવાથી, કાર્ય માટે પણ ભગવાનને શોધવાના નથી. એવી રીતે કોઈ પ્રદેશમાં ભગવાનનું સ્વરૂપ પ્રત્યક્ષ (દર્શન થાય તેવું) ન હોય, તો પણ (તે) સર્વ સૌંદર્યવાળું છે એમ કહીને, પ્રકટ (સ્વરૂપ) તેથી પણ વધારે (સર્વ સૌંદર્યવાળું) છે એમ ઉત્તરાર્ધથી કહે છે. હાર સર્વ રત્નોનો (બનેલો) છે તેથીજ તે ઘણો કિંમતી છે. 'વત્સરૂપ' એટલે ચિહ્નરૂપ જે આ શ્રીવત્સ એટલે જમણી બાજુએ વળતી વાળની હાર, તે (હાર)વાળું જે વક્ષઃ (છાતી), તે જ સર્વ સૌંદર્યોનો આધાર બનેલું, અથવા સર્વ પ્રાણીઓનો આધાર બનેલું સ્થલ (છે), તેના ઉપર વલ્લભ (હાર), અને તેનાથી શણગારાએલા (ભગવાનને જોયા) એક સ્થલે રહેલા નવ[૩] ગુણોથી, અથવા હારોના

સમૂહથી એટલે ભૃગુ વિગેરે જે સમૂહમાં છે તેવા મુક્ત જીવોના સૂમહથી (શણગારાએલા ભગવાનને જોયા). તેથીજ અનંતજ છે ધન જેનું તેવો (તે હાર છે), કારણ કે તેમને (મુક્ત જીવોને) અધિકાર પ્રાપ્ત થયા પછીજ (ભગવાનના) સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. 'અનંત' એટલે કાલ. શ્રીવત્સ (ભગવાનનો) અસાધારણ ગુણ હોવાથી (તેમને) જણાવનારું ચિહ્ન છે, (તેથી) તેનાથી બ્રહ્મપણું જણાવેલું છે. (ભગવાન્ જણાવનારું) ચિહ્ન હોવું એ જોકે શ્રીવત્સનો સ્વભાવજ છે, છતાં પણ (તે) પ્રિય છે એમ જણાવવા તેમ કહેલું છે[૪]. (ભગવાનના) નામમાં તો શ્રીનું પ્રિયપણું જણાય છે. તેનાથી પણ હાર પ્રિય છે એમ જણાવવા 'વલ્લભ' વિશેષણ યોજેલું છે. એ રીતે બંને પ્રકારનાં[૫] તત્ત્વોથી ભગવાનનું સૌંદર્ય જણાવ્યું. ૨૮.

૧. 'મુક્તાઃ' એટલે મુક્ત જીવો અને મોતીઓ.
૨. પીતાંબરથી રૂપ ઢંકાએલ હોવાથી, તે પ્રદેશની શોભા પીતાંબરથી છે, રૂપથી નથી, એવો અર્થ જણાય છે.
૩. હારના નવ સૂત્રોથી. (પ્ર)
૪. ઉત્તમ જીવો (ભૃગુ વિગેરે) તેમાં રહેલા હોવાનું કહેલું છે. (પ્ર)
૫. વૈદિકમાર્ગના અને ભક્તિમાર્ગના. (પ્ર)

વળી સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરવામાં ઉપયોગી તરીકે અને સર્વે આશ્રય કરવા યોગ્ય તરીકે ભગવાનનું નિરૂપણ કરે છે. તે પૈકી નીચેના શ્લોકમાં ભગવાનનું કલ્પવૃક્ષ તરીકે વર્ણન કરે છેઃ

**પરાર્ધ્યકેયૂરમણિપ્રવેકપર્યસ્તદોર્દણ્ડસહસ્રશાખમ્ ।।**
**અવ્યક્તમૂલં ભુવનાંઘ્રિપેન્દ્રમહીન્દ્રભોગૈરધિવીતવલ્શમ્ ।।૨૯।।**

બાજુબંધના ઘણાં કિંમતી ઉત્તમ મણિઓથી વીંટાએલા હાથરૂપ દંડોથી એક હજાર શાખાવાળાં, ન જણાય તેવા મૂલવાળા, શેષની ફેણોથી સ્પર્શાએલ સ્કંધવાળા ભુવનરૂપ ઉત્તમવૃક્ષ (ભગવાનને જોયા શ્લો. ૨૨) ૨૯.

બાજુબંધ ઉપર 'પરાર્ધ્યાઃ' ઘણાં કિંમતી જે ઉત્તમ મણિઓ, તેમનાથી વીંટાએલા જે હાથરૂપ દંડો, તેમને લીધે એક હજાર હતી શાખાઓ જેની (તેવા વૃક્ષરૂપ ભગવાનને જોયા). પહેલાં તે જ શયન કરતાં રૂપને જોઈને, (બ્રહ્મા) ફરી જોતા હતા ત્યારે તે સ્થિતિનો ત્યાગ કરી (ભગવાને) બીજાં રૂપથી[૧] દર્શન કરાવ્યાં. 'એક વૃક્ષના જેવા નિશ્ચલ આકાશમાં રહે છે, તે પુરુષથી આ સર્વ ભરપૂર છે' એ શ્રુતિ પ્રમાણે (ભગવાને પોતે) બ્રહ્મ છે એમ જણાવવા તેવું સ્વરૂપ દેખાડ્યું, તેથી તેનું વર્ણન કરેલું છે. વૃક્ષ હોવા છતાં પણ આ વૃક્ષ અલૌકિક છે. કંકણના ઉપરનું હાથનું આભરણ બાજુબંધ છે, તેનાથી (ભગવાનના) હાથો શણગારેલા છે. તે (બાજુબંધ)માં જડેલા

મણિઓનું તેજ બધાએ હાથ ઉપર પ્રસરતું હોવાથી મણિઓ મુખ્ય રીતે કહેલા છે. એકસો શાખાવાળા બધા વૃક્ષો હોય છે, તેથી તેવું (આ વૃક્ષ) નથી એમ જણાવવા 'એક હજાર શાખાવાળા' એમ કહેલું છે. વળી આ (વિશેષણ)થી પ્રમાણરૂપ હોવાનું જણાવ્યું. આ ભગવાન્ વૃક્ષરૂપ હોવાથી ઉઠેલા છે, પરંતુ પોઢેલા નથી. (હાથો) 'વીંટાએલા' હોવાથી જાતજાતનું કાર્ય કરનારા છે, તેથી આ (રૂપ)નો સૃષ્ટિ (રચવા)માં ઉપયોગ છે. હાથો મર્યાદારૂપ હોઈ (સર્વને) વશ રાખનારા છે એમ જણાવવા, તેમને 'દંડ' (કહેલા છે). અહિં આભરણો કર્મો છે. તેમનાં સદાનું ઉત્તમપણું અને અમૂલ્યપણું એ 'પ્રવેક' ઉત્તમપણું છે, કારણ કે તેઓ પોતાની મેળે ધ્યાનમાં (બ્રહ્માને) પ્રાપ્ત થએલાં છે, તેમ ન હોય તો દાનમાં પ્રાપ્ત થએલ (પદાર્થ) કરતાં ખરીદ કરી પ્રાપ્ત કરેલ હોય તે ઉત્તમ જ હોય છે.

એ રીતે (તેમના) હાથોને શાખાઓ કહીને (તેમનું) વૃક્ષ તરીકે નિરૂપણ કરીને, 'ન જણાય તેવા મૂલવાળા' વિશેષણથી મૂલથી વૃક્ષપણું કહેલું છે. આથી પણ આગળ શોધખોળ ન કરવી, કારણ કે તેમનું મૂલ ન જણાય તેવું છે, કેમકે અપ્રકટ જ (ભગવાન્) પ્રકટ થયા છે. કેટલાક ('અવ્યક્ત'નો અર્થ) પ્રકૃતિ કહે છે. (તેવો અર્થ કરવામાં આવે) ત્યારે પણ અવ્યક્તનું મૂલ (ભગવાન્ છે), એવું વ્યાખ્યાન કરવું. આથી વધારે (શોધખોળ) ન (કરવી), એવો અર્થ છે. 'ભુવનાંઘ્રિપેન્દ્રમ્' એટલે 'અંઘ્રિપાનાં' વૃક્ષોના 'ઈન્દ્રઃ' ઈન્દ્ર, વૃક્ષોમાં શ્રેષ્ઠ (છે). ભુવનો જ વૃક્ષો છે, તેઓના ઈન્દ્ર એટલે શ્રેષ્ઠ વૃક્ષ છે. આમનાથી જ[2] દરેક વર્ષે જૂદા જૂદા કલ્પો થાય છે. આ (વેદના) ઉત્તરકાંડની મર્યાદા છે. 'ન જણાય તેવા મૂલવાળા' શબ્દથી પ્રમાણ (જણાવેલું છે). બીજું પ્રમેય (કહેલું છે). ત્રીજું[3] ફલ (કહેલું છે). એમ કલ્પવૃક્ષપણું, જગતના કર્તા હોવાપણું, અને જાણી ન શકાય તેવા હોવાપણું[4] કહેલ છે. 'અહીન્દ્રભોગૈઃ' શેષની ફેણોથી સ્પર્શાએલ છે સ્કંધ જેમનો તેવા (ચંદનવૃક્ષરૂપ ભગવાનને જોયા), ચંદનના વૃક્ષ ઉપર સર્પો રહે છે, તેમ અહિં પણ શાખા અને સ્કંધો ઉપર જ (સર્પ(ની ફેણો)) છે, પરંતુ બ્રહ્મના ઉપર નથી. ૨૯.

૧. 'બીજાં રૂપથી' એટલે 'ઉઠેલા' અથવા 'બેઠેલા' સ્વરૂપથી. (પ્ર) શ્લો. ૩૦ નો આભાસ જોતા અહિં 'ઉઠેલા' રૂપનું જ વર્ણન કરેલું જણાય છે.

૨. 'આમનાથી' એટલે આ પુરુષમાંથી જ. (પ્ર)

૩. 'ત્રીજું' એટલે 'શેષોની ફેણોથી સ્પર્શાએલ સ્કંધવાળા' વિશેષણથી કહેલું. શેષ પ્રમાણ છે, તેનો શાખા વિગેરેથી સંબંધ હોવાથી આને ફલ જાણવું. (પ્ર)

૪. દરેક કલ્પે જાતજાતનાં બ્રહ્માંડરૂપ વૃક્ષો બનાવતા હોવાથી તે સ્વરૂપથી પણ જાણી ન શકાય તેવા છે. (પ્ર) (૧) ઉત્તરાર્ધમાં 'શેષની ફેણોથી સ્પર્શાએલ સ્કંધવાળા' વિશેષણથી 'ફલ' એટલે

કલ્પવૃક્ષપણું કહ્યું. (૨) 'ભુવનરૂપ ઉત્તમવૃક્ષ' શબ્દથી પ્રમેય એટલે જગતના કર્તા હોવાપણું કહ્યું અને (૩) 'ન જણાય તેવા મૂલવાળા' વિશેષણથી પ્રમાણ એટલે જાણી ન શકાય તેવા હોવાપણું કહેલ હોવાનું જણાય છે.

એ પ્રમાણે ઉઠેલા ભગવાનનું નિરૂપણ કરીને, નીચેના શ્લોકમાં બેઠેલા (રૂપ)નું વર્ણન કરે છે :

**ચરાચરૌકો ભગવન્મહીધ્રમહીન્દ્રબન્ધું સલિલોપગૂઢમ્ ।।**
**કિરીટસાહસ્રહિરણ્યશૃંગમાવિર્ભવત્કૌસ્તુભરત્નગર્ભમ્ ।।૩૦।।**

સ્થાવર જંગમ (પદાર્થો)ના આધાર, ઉત્તમ સર્પના બંધુ, જલનું અવલંબન કરેલા, એક હજાર મુકુટરૂપ સુવર્ણના શિખરવાળા, (અને) કૌસ્તુભ રત્ન જેમની અંદર પ્રકટ થતું હતું તેવા ભગવાનરૂપ પર્વતને (જોયા.શ્લો.૨૨) ૩૦.

(૧) બેઠેલા (પદાર્થો)માં પર્વત સ્થિર છે અને તે સ્થાવર જંગમ (પદાર્થો)નો આધાર છે.(૨) ભગવાન્ જ 'મહીધ્રઃ' (પૃથ્વીને ધારણ કરનાર) પર્વત (જણાયા). (૩) ભૂમિને ધારણ કરવાનું (શેષને અને તેમને) સમાન હોવાથી, તે ઉત્તમ સર્પના બંધુ છે, અથવા ઉત્તમ સર્પ (વાસુકિ) જ 'બંધુઃ' બંધનરૂપ હતો જેમનો તેવા (ભગવાન્) મંદર (પર્વત) (જણાયા). (૪) સમુદ્રના જલનું અવલંબન કરેલા મૈનાક વિગેરે (પર્વત) છે. એ રીતે બેઠેલા ભગવાન્ (૧) સર્વના આધાર (૨) જીવનના કારણરૂપ[૧] (૩) સંસારમાંથી સર્વનો ઉદ્ધાર કરનાર[૨] અને (૪) અલૌકિક ભક્તિરસનું પાન કરાવનાર તથા ભય પામેલાઓને શરણ આપનાર, અથવા સહેલાઈથી સેવા કરી શકાય તેવા[૩] (એવા) ચાર રૂપવાળા હોવાનું કહ્યું. વળી (૫) ઉપરના ભાગમાં શિખરો ઉપર રહેલા સુવર્ણને લીધે મુકુટવાળા હોય તેવા (જણાતા હતા). મુકુટોના એક હજારરૂપ સુવર્ણનાં શિખરો હતાં જેમનાં[૪], (૬) પ્રકટ હતું કૌસ્તુભ રત્ન અંદરના ભાગમાં જેમના, એમ ઉપરના અને વચલા ભાગોનું વર્ણન કર્યું, અને (ભગવાન્) મહારાજા છે અને રત્નના નિધિ છે એમ જણાવવા (તેમનાં) ઐશ્વર્ય અને લક્ષ્મીનું[૫] (અનુક્રમે) વર્ણન કર્યું. ૩૦.

૧. 'જીવનનાં કારણરૂપ' એટલે અન્ન વિગેરે આપીને જીવાડનારા. (પ્ર)
૨. વારાહ અવતારની પેઠે સર્વનો ઉદ્ધાર કરનાર. (પ્ર).
૩. સમુદ્ર ભય પામેલાઓને શરણ આપે છે પણ તેમનો આધાર થતો નથી, તેથી આ બીજો પક્ષ કહેલો છે. (પ્ર)
૪. 'પુરુષ એક હજાર માથાવાળો છે' એ શ્રુતિમાં કહેલું સ્વરૂપ જણાવ્યું. (પ્ર)
૫. ઐશ્વર્ય અને શ્રીગુણો અને છેલ્લાં બે વિશેષણોથી કહ્યા, તેથી પહેલાના ચાર વિશેષણોથી યશ, વીર્ય, વૈરાગ્ય અને જ્ઞાન અનુક્રમે જણાવેલા જાણવા. (પ્ર)

એ પ્રમાણે બહારના સ્થાનમાં પોઢેલા, ઉઠેલા તથા બેઠેલા (સ્વરૂપ)નું વર્ણન કરી, અને ત્રણ માર્ગનાં રૂપો જણાવી,[1] નીચેના શ્લોકમાં અંદર રહેલું સ્વરૂપ જણાવતાં, મૂલ સ્વરૂપનું નિરૂપણ કરે છેઃ

**નિવીતમામ્નાયમધુવ્રતશ્રિયા સ્વકીર્તિમય્યા વનમાલયા હરિમ્ ।।**
**સૂર્યેન્દુવાય્વગ્ન્યગમં ત્રિધામભિઃ પરિક્રમત્પ્રાધનિકૈર્દુરાસદમ્ ।।૩૧।।**

વારંવાર પાઠ કરાતા વેદરૂપ ભ્રમરોની કાંતિવાળી, પોતાની કીર્તિથી ભરપૂર વનમાલા કંઠે ધારણ કરેલા, ત્રણ અવસ્થાઓ વડે સૂર્ય, ચંદ્ર, વાયુ અને અગ્નિને લીધે (સમીપ) જઈ ન શકાય તેવા, આસપાસ ફરતા નાશ કરનારાઓને લીધે પ્રાપ્ત થઈ ન શકે તેવા હરિને (જોયા.શ્લો.૨૨). ૩૧.

જૂદા જૂદા પ્રકારે (ભગવાનનાં બ્રહ્માને) દર્શન થવાથી[2] જૂદા જૂદા પ્રકારે વર્ણન કરેલું છે. 'વારંવાર પાઠ કરાતા વેદરૂપ ભ્રમરોની કાંતિવાળી વનમાલા કંઠે ધારણ કરેલા' (હરિને જોયા). ભગવાનનું પુરુષરૂપ[3] મૂલ છે. તેણે (વનમાલા) ધારણ કરેલી; એટલે (માલા ધારણ કરવી તે) મનુષ્યનો ગુણ હોવાથી 'નિવીતમ્' (માલા) ધારણ કરેલું (સ્વરૂપ હતું). 'આમ્નાયઃ' વારંવાર પાઠ કરાતા વેદ, તેઓ જ ભ્રમરો હતા, તેમની કાંતિ જેમાં હતી તેવી (માલા ધારણ કરેલી). તેઓ (ભ્રમરાઓ) તામસોના જેવા કાળા હોય છે. પોતાની કીર્તિ (વનમાલા) શ્વેત અથવા સાત્ત્વિક છે. 'તુલસી અને પુષ્પોની રચેલી નવ રત્નોથી શોભતી ચરણ સુધી લંબાતી માલા 'વનમાલા' કહેવાય છે'. (તેથી તે) રંગને લીધે રાજસી જેવી છે. આ[4] પ્રવાહ કરાવનારી માયા છે. કીર્તિથી ભરપૂર હોવાથી ભક્તિ કરાવનારી છે, અને પહેલાંની (પહેલાં કહેલ ગુણવાળી) મર્યાદા કરાવનારી છે. મર્યાદા અને પુષ્ટિએ પ્રવાહનો આશ્રય કરેલો હોવાથી, (તેઓ) ગુણરૂપ છે. મૂલ સ્વરૂપ આવું[5] છે એમ જાણવામાં આવે, ત્યારે તેની અંદર અંગોથી ભજન થઈ શકે[5] છે. આ તેમના (ભગવાનના) કુદરતી ગુણો નથી, પરંતુ પ્રમાણના બલથી કલ્પેલા જ છે. કુદરતી (ગુણ)તો બધાનાં દુઃખ હરનાર હોવાનો છે. તે (અર્થ) 'હરિ' શબ્દથી કહેલો છે.

જગતમાં રહેલ (જીવ) ત્યાં (ભગવાન્ પાસે) પહોંચે[6] નહિ, તેનાં કારણરૂપ 'સૂર્ય, ચંદ્ર, વાયુ અને અગ્નિને લીધે (સમીપ) જઈ ન શકાય તેવા' વિશેષણ કહેલું છે. આ સૂર્ય વિગેરે કમલની કલિમાં ઢાંકણરૂપ છે. આ હોય ત્યાં સુધી ભગવાનની પ્રાપ્તિ થતી નથી, એટલે કાલ વીતે તે માટે દિવસ અને રાતની વ્યવસ્થાથી[7] (થતી) ત્રણ અવસ્થાઓથી, તથા યોગ અથવા કર્મથી ભગવાન્ પ્રાપ્ત થતા નથી, એવો (અર્થ છે). તેવી રીતે સાંખ્યથી તત્ત્વોને લીધે પણ (ભગવાન્ પ્રાપ્ત થતા નથી), તે (અર્થ)

'આસપાસ ફરતા નાશ કરનારાઓને લીધે પ્રાપ્ત થઈ ન શકે તેવા' વિશેષણથી કહેલો છે. (તત્ત્વો) આસપાસ ફરે છે, તેથી તેઓ પણ ઢાંકણરૂપ હોવાનું કહેલું છે. 'પ્રધને' નાશ કરવામાં 'ઉપયુક્તાનિ' યોજેલા, ચક્ર વિગેરે 'પ્રાધનિક' 'નાશ કરનારાં' છે. તેમને લીધે (ભગવાન્) પ્રાપ્ત થઈ ન શકે તેવા છે. કાલનું ઉલ્લંઘન અને (ત્રણ) અવસ્થાઓનું ઉલ્લંઘન જ્ઞાનથી થાય છે, વાયુનું ઉલ્લંઘન યોગથી, અને અગ્નિનું ઉલ્લંઘન કર્મથી થાય છે. જ્ઞાન અને ભક્તિથી પૃથ્વી અને જલનું ઉલ્લંઘન થતું હોવાનું તો કહેલું જ છે. તત્ત્વોનું ઉલ્લંઘન સાંખ્યથી થાય છે. એ રીતે પાંચ વિભાગવાળી વિદ્યાથી સર્વ (ઢાંકણો)નું ઉલ્લંઘન થાય છે. માત્ર આમનાથી[૮] (ભગવાનની) પ્રાપ્તિ થતી નથી એમ કેટલાક કહે છે. તેમ હોય ત્યારે આ પાંચેનો ત્યાગ કરવો, (અને) સ્વરૂપ પ્રાપ્ત કરી, પછી ભગવાન્ પ્રાપ્ત કરવા. ૩૧.

૧. પાછલ શ્લોક ૨૬ તથા ૨૭ થી જણાવી. (પ્ર)

૨. જૂદા જૂદા પ્રકારે વર્ણન કરેલું છે, તેનું તાત્પર્ય આથી કહેલું છે. પહેલાં બ્રહ્માએ ભગવાનને જગતના ઉપાદાન કારણ તરીકે જોએલા, હવે મૂળ સ્વરૂપથી જૂએ છે તેથી એ પ્રમાણે વર્ણન કરેલાં છે. (પ્ર)

૩. 'પુરુષરૂપ' એટલે મનુષ્યના આકારવાળું રૂપ (પ્ર).

૪. 'આ' એટલે 'માલા'. (પ્ર)

૫. વનમાલાનું સ્વરૂપ ત્રણ પ્રકારના પ્રવાહ ઉત્પન્ન કરનારું છે એમ જાણવામાં આવે, ત્યારે 'તેની' એટલે તે પ્રવાહની અંદર, 'અંગોથી' એટલે મર્યાદા અને પુષ્ટિના ધર્મોથી ભજન થઈ શકે છે, તેવાં પ્રયોજનથી વનમાલા તેવી હોવાનું અહિં કહેલું છે, એવો અર્થ છે. (પ્ર)

૬. સંઘાતમાં રહેલ જીવનો ભગવાનમાં પ્રવેશ થાય તે માટે. (પ્ર) 'તત્ર+આગમનાર્થં' એવો પદચ્છેદ પ્રકાશકારે કરેલ છે, પરંતુ અહિં જીવો ભગવાન્ પાસે જઈ ન શકે તેના કારણ તરીકે સૂર્ય વિગેરે કહેલાં છે. તેથી 'તત્ર+અગમનાર્થં' પદચ્છેદ કરી અર્થ કરેલો છે.

૭. 'દિવસ અને રાત' શબ્દ સૂર્ય અને ચંદ્રને ઉદ્દેશી યોજેલા છે, કારણ કે તે બે દિવસ અને રાત કરે છે. દિવસ અને રાતમાં જાગ્રત્, સ્વપ્ન અને સુષુપ્તિની ત્રણ અવસ્થાઓ થાય છે.

૮. જ્ઞાન, યોગ, કર્મ, ભક્તિ અને સાંખ્ય એ પાંચ વિદ્યાના પર્વો અહિં કહ્યાં. કર્મને બદલે 'તપ' નિબંધમાં કહેલ છે. તે બે એક જ છે. જ્ઞાનને બદલે નિબંધમાં 'વૈરાગ્ય' કહેલ છે. જ્ઞાનથી સંસારમાં વૈરાગ્ય થાય છે. જૂઓ તત્ત્વદીપ શાસ્ત્રાર્થ પ્રકરણ શ્લો. ૪૫।૪૬. આ પાંચથી જ ભગવાનની પ્રાપ્તિ થતી નથી, એવો કેટલાકનો મત હોવાનું કહેલ છે.

એ પ્રમાણે ભગવાનનું જ્ઞાન થતાં, (બ્રહ્માને) બીજું સર્વ પોતાની મેળે જણાયું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તર્હ્યેવ તન્નાભિસરઃસરોજમાત્માનમમ્ભઃ શ્વસનં વિયચ્ચ ।।**
**દદર્શ દેવો જગતો વિધાતા નાતઃ પરં લોકવિસર્ગદષ્ટિઃ ।।૩૨।।**

તે જ ક્ષણે દેવે તેમની નાભિરૂપ સરોવરમાં ઉગેલાં કમલને પોતાને, જલને,

વાયુને અને આકાશને જોયાં. તે જગત્ રચનાર (થયા). હવેથી (ઉત્પન્ન થએલા) ન હતા. લોક રચવામાં જેમની નજર પડી તેવા થયા. ૩૨.

તે જ ક્ષણે તેમની (ભગવાનની) સરોવરરૂપ નાભિમાં ઉગેલાં 'સરોજં' કમલને, તેના ઉપર રહેલા પોતાને, (તેની) બહાર રહેલાં જલને અને વાયુને અને 'વિયત્' આકાશને તેમણે જોયાં. પૃથ્વી કમલ જ હતી. પોતાની અંદર રહેલા ભગવાનજ તે જ હતા. તે સમયે બ્રહ્માએ પાંચ મહાભૂતોને જોયાં, અને તેમણે પણ પોતાના દેહમાં જ જોયા. એ પ્રમાણે દેહમાં સર્વ જોઈને, તે જગતના રચનાર થયા. હવેથી તે બ્રહ્મરૂપ થયા, ઉત્પન્ન થએલા ન હતા, એવો અર્થ છે. આ સ્વરૂપ[1] બંનેના[2] કારણરૂપ થયું, કારણ કે આ બ્રહ્મા લોક રચવામાં નજર પડી જેમની તેવા થયા. ૩૨.

૧. 'આ સ્વરૂપ' એટલે ભગવાનનાં જે સ્વરૂપનાં બ્રહ્માને દર્શન થયાં તે સ્વરૂપ.
૨. 'બંનેનાં' એટલે (૧) સર્વનું જેમાં દર્શન થાય તેવી બ્રહ્માની સ્થિતિના અને (૨) તે પહેલાંની જેમાં જ્ઞાન ન હતું તે સ્થિતિના. (પ્ર)

પછી (બ્રહ્માએ) શું કર્યું તે નીચેના શ્લોકમાં કહેલ છેઃ

**સ કર્મબીજં રજસોપરક્તઃ પ્રજાઃ સિસૃક્ષન્નિયદેવ દૃષ્ટ્વા ।।**
**અસ્તૌદ્વિસર્ગાભિમુખસ્તમીડ્યમવ્યક્તવર્ત્મન્યભિવેશિતાત્મા ।।૩૩।।**

પ્રજાઓ રચવાની ઈચ્છાવાળા, રજોગુણથી રંગાએલા તેમણે આટલું જ કર્મનું બીજ જોઈને, સૃષ્ટિ રચવા તત્પર થઈ, અસ્પષ્ટ માર્ગમાં અંતઃકરણ સ્થાપન કરી સ્તુતિ કરવા યોગ્ય તેમની (નીચે પ્રમાણે) સ્તુતિ કરી. ૩૩.

આટલું જ કર્મનું બીજ જોઈને સ્તુતિ કરી, એવો (વાક્યનો) સંબંધ છે. 'કર્મ' એટલે જગત્ રચવાના કાર્યનું ભગવાન્ અને પાંચ મહાભૂતો–આટલું જ બીજ છે. (એ) છને (એકબીજાથી) ગૂંથતાં જગત્ બને છે. 'ચેતન બનાવવાની ઈચ્છાથી (બ્રહ્માએ) પ્રવૃત્તિ કરેલી હોવાથી, માત્ર બીજથી કામ થશે નહિ, પરંતુ રજોગુણની પણ જરુર રહેશે' એવી શંકા થાય, તેથી 'રજોગુણથી રંગાએલા' વિશેષણ કહેલું છે. રજોગુણથી 'ઉપ' સમીપમાં રંગાએલા, એટલે પોતે પણ રજોગુણ બનેલા (બ્રહ્મા) થયા, એવો અર્થ છે. 'આટલું જ જોઈને' શબ્દોથી એમ (કહેલું છે કે) તે (બ્રહ્મા)ને ક્રિયાનું જ્ઞાન થયું ન હતું, કારણ કે રજોગુણ અને બીજથી જ કાંઈ પણ (કાર્ય) થતું નથી. (૧) 'વપનં' વાવવું એ પહેલું અંગ છે (૨) ન જણાય તેવી રીતે ફેરફાર થવો (૩) વધવું અને (૪) જીવ મૂકવો (એ) જ્યાં સુધી જાણવામાં ન આવે ત્યાં સુધી કામ થવાનું નહિ, તેથી ચાર પદાર્થો માગવા જોઈએ, અને (ભગવાન્) તેમનું દાન કરે તેમાં સ્તુતિ કારણરૂપ હોવાથી, (બ્રહ્માએ) સ્તુતિ કરી.

'સૃષ્ટિ રચવા તત્પર થઈ' શબ્દથી (એમ જણાવેલું છે કે) મોક્ષ (આપવા)નું

(બ્રહ્માને) પ્રયોજન ન હતું. ભગવાને તેમને સૃષ્ટિ રચવાના સ્વભાવવાળા, એટલે 'હું સૃષ્ટિ રચીશ' એવા જ નિશ્ચયવાળા બનાવેલા. તેથી જ 'તેમની' એટલે જેમણે આમને એવા બનાવેલા તેમની જ (સ્તુતિ કરી).

''ત્યારે સ્તુતિ શા માટે કરી ?'' એવી શંકા થાય, તેથી 'સ્તુતિ કરવા યોગ્ય' એમ કહેલું છે, તે (ભગવાન્) બધાએ સ્તુતિ કરવા યોગ્ય છે. સ્તુતિ કર્યા પછી પ્રસન્ન થાય ત્યારે જ પ્રાર્થના કરવી જોઈએ.

''બીજું (બ્રહ્મા) પોતે જાણી લે. વળી વેદો સાધનનો ઉપદેશ કરનારા છે, (તેથી) ભગવાનનું શું પ્રયોજન ?'' એવી શંકા થાય, તેથી 'અસ્પષ્ટ માર્ગમાં અંતઃકરણ સ્થાપન કરી' એમ કહેલું છે. (બ્રહ્માએ) અસ્પષ્ટ માર્ગમાં જ (પોતાનું) અંતઃકરણ સ્થાપન કર્યું હતું; કારણ કે તે કુંભારની પેઠે સ્પષ્ટ પ્રકારે (જોવાઈ શકે તેમ) જગત્ બનાવવા ઈચ્છતા ન હતા, પરંતુ યોનિમાં બીજનું સ્થાપન કરીને, તેમાં જ સર્વ કરવા ઈચ્છતા હતા. આ (કાર્ય) ભગવાનની કૃપા વિના થવાનું સંભવતું નથી. વળી ચિત્ત તેમાં જ (જગત્ તેવી રીતે રચવામાં જ) પેઠેલું, એટલે જે બીજા પ્રકારે રચવા ઈચ્છતા ન હતા, એવો અર્થ છે[૧]. ૩૩.

૧. 'પુરુષનો નાશ અને સ્વરૂપ' સંબંધી ૩।૭।૩૭ ના પહેલા પાદથી વિદુરે પ્રશ્ન કરેલો, તેનો મૈત્રેયે આ અધ્યાયથી ઉત્તર આપેલો જાણવો. તે જ શ્લોકના બાકીના ત્રણ પાદોથી કરેલા પ્રશ્નોનો ઉત્તર આવતા (નવમા) અધ્યાયથી આપશે એમ જાણવું. (પ્ર)

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના આઠમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। નવમો અધ્યાય ।।

**જીવસર્ગે ભૂતસૃષ્ટૌ બ્રહ્મજ્ઞાનં તદુચ્યતે ।।**
**પઞ્ચવિંશતિતત્ત્વાનાં સ્વરૂપસ્ય ચ બોધતઃ ।।૧।।**

જીવો માટેની સૃષ્ટિમાં મહાભૂતોની સૃષ્ટિ (કહેતાં), પચીસ તત્ત્વો અને (ભગવાનના) સ્વરૂપના બોધથી તે[૧] બ્રહ્મજ્ઞાન કહેવામાં આવે છે. કા. ૧.

**અતોऽત્ર નવમેऽધ્યાયે સ્તુતિસંપ્રાર્થને પુરા ।।**
**તતઃ સર્વોપદેશશ્ચ ભગવત્કૃત ઈર્યતે ।।૨।।**

તેથી અહિં નવમા અધ્યાયમાં પહેલાં (બ્રહ્માએ કરેલી) સ્તુતિ અને પ્રાર્થના, (અને) પછી ભગવાને કરેલો સર્વનો ઉપદેશ કહેલાં છે. કા. ૨.

**જ્ઞાનમાર્ગસ્ય નિર્દ્ધારઃ સ્તોત્રેऽસ્મિન્ક્રિયતે સ્ફુટઃ ।।**
**વિષયઃ સાધનં રૂપં બાધાભાવસ્તથૈવ ચ ।।૩।।**
**પ્રકીર્ણકં ચ સ્તોત્રેऽસ્મિન્ જ્ઞાનાર્થં વિનિરૂપ્યતે ।।**

આ સ્તુતિમાં વિષય, સાધન, રૂપ તેમ જ વિઘ્નોનો અભાવ (એમ) જ્ઞાનમાર્ગનો નિર્ણય સ્પષ્ટ કરેલો છે, અને આ સ્તુતિમાં જ્ઞાન થાય તે માટે પ્રકીર્ણ (વિષયો) પણ કહેલ છે[૨]. કા. ૩ ૧/૨.

ગયા અધ્યાયના અંતમાં (શ્લો. ૩૨માં) 'જોયાં' એમ જે કહ્યું, તે ભગવાનનું સ્વરૂપ સૃષ્ટિ (રચવા)માં ક્યાં ઉપયોગી છે તે કહેવાનું છે. જો આ (સ્વરૂપ) બ્રહ્મ હોય, તો મૂલ કારણ તરીકે તે ઉપયોગમાં આવે, અને (જગતનું) રચનાર તે ન થાય, કારણ કે તે (જગત્ રચવાનું) પોતાને[૩] સોંપેલું છે, તેથી આરંભમાં નીચેના શ્લોકમાં – 'આ ભગવાન જ બ્રહ્મ છે, (અને) બ્રહ્મનું જ્ઞાન જગત(ની ઉત્પત્તિ)નું કારણ[૪] હોવાથી, જ્ઞાન જણાવવા માટે પોતાને (આ ભગવાનનો) સાક્ષાત્કાર (એટલે) જ્ઞાન થએલ જ છે' એમ કહે છે :

।। બ્રહ્મોવાચ ।।

**જ્ઞાતોऽસિ મેऽદ્ય સુચિરાન્નનુ દેહભાજાં ન જ્ઞાયતે ભગવતો ગતિરિત્યવદ્યમ્ ।।**
**નાન્યત્ત્વદસ્તિ ભગવન્નપિ તન્ન શુદ્ધં માયાગુણવ્યતિકરાદ્યદુરુર્વિભાસિ ।।૧।।**

હે ભગવન્ ! લાંબા સમય પછી મેં આપને આજ જાણ્યા. ભગવાનની ગતિ દેહવાળાઓથી જણાતી નથી એ મોટો દોષ છે. આપથી બીજું કાંઈ નથી. જો હોય તો તે શુદ્ધ નથી, કારણ કે માયાના ગુણોની સેળભેળથી આપ ઘણા જણાઓ છો. ૧.

હે ભગવન્ ! આજ જ 'મે' મેં આપને જાણ્યા, પણ ઘણા લાંબા સમય

પછી. લાંબા સમય પછી પણ (આપનું) જ્ઞાન થયું ત્યારે જ જન્મ સફલ થયો. તેમ (જ્ઞાન) ન થાય, તો (જન્મ સફલ) થતો નથી એમ '(ભગવાનની ગતિ દેહવાળાઓથી જણાતી નથી એ મોટો દોષ છે)' શબ્દોથી અજ્ઞાનની નિંદા કરે છે. આ બંને વિષયમાં સંમતિ કરનાર (આપનાર) ભગવાન જ છે. 'નનુ' શબ્દથી કોમલ સંબોધન (કરેલું છે). દેહવાળાઓથી ભગવાનની ગતિ જણાતી નથી એ 'અવદ્યં' મોટો દોષ છે, કારણ કે 'આ ઋષિને જાણીને નગરમાં પ્રવેશ કરવો નહિ' એ શ્રુતિ[૫] (ભગવાનનું જ્ઞાન થયા પછી દેહ ધારણ કરવાની) મના કરે છે. ભગવાન્ તો કોઈક પ્રકારથી જાણવામાં આવે છે જ, પરંતુ તે કયા પ્રકારથી ક્યારે ક્યાં કેવી રીતે કયા સાધનથી જાય છે એવી (તેમની) ગતિ જાણવામાં આવતી નથી. આ (ભગવાનની ગતિ) જાણવામાં આવે, ત્યારે જાણવાનું (કાંઈ) બાકી રહેતું નથી. ''માત્ર ગતિ જાણવાથી કૃતાર્થ કેમ થવાય ? કારણ કે ઈચ્છેલું સ્વરૂપનું જ્ઞાન હોતું નથી'', એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. આપથી બીજું કાંઈ નથી જ કે જે જાણવા યોગ્ય હોય; પરંતુ આપ જ તેવા (બીજા પદાર્થો) થાઓ છો. તેથી આપની ગતિ જાણવી જોઈએ. 'હે ભગવન્ !' એ સંબોધન છે. (તેથી) એમ જણાવેલું છે કે (આપના) છ ગુણોમાં આપની પેઠે સર્વ રહેલું છે.

''બુદ્ધિને ભમાવનારી માયા વચ્ચે બીજું (બીજા પદાર્થો) કરે છે એમ કહેલું છે. તેથી 'બીજું નથી' એમ કેમ કહેવાય ?'' એવી શંકા થાય, તેથી 'હોય તો તે[૬] શુદ્ધ નથી' એમ કહેલું છે. મુખ્ય જ્ઞાન જેમાં છે તેવા બ્રહ્મવાદ પ્રમાણે તે (બીજું) નથી જ, છતાં પણ દૈવબ્રહ્મવાદ[૭] પ્રમાણે તે (બીજું) હોય. તે (વાદ)માં 'તેમને તમે જાણતા નથી...' વિગેરે, મંત્રોમાં ભગવાનની શક્તિનું માહાત્મ્ય દર્શાવવા સૂચવેલું[૮] છે, તે મુખ્ય બ્રહ્મવાદ નથી. 'ઈન્દ્ર માયાઓ વડે ઘણા રૂપવાળા છે' એ વાક્યમાં પણ (બીજું હોવાનું કહેલું) નથી, કારણ કે મધ્યાહ્ને સોમ કાઢતાં મહેન્દ્રના ઘરમાં મહેન્દ્રની સ્તુતિનું (આ વાક્ય) હોવાથી, તે શક્તિઓ ઈન્દ્રની માયાઓ જ છે. તેમ ન હોય તો બહુવચન ઘટે નહિ. બધું સામર્થ્ય ભગવાનનું જ છે એમ જણાવવા ઉપનિષદોમાં પણ તે (બીજું હોવાનું) કહેલું છે. ઈન્દ્ર પણ જે કરે છે, તે ભગવાને જ કરેલું છે, એવો દેવતા બ્રહ્મવાદનો સંચિત અર્થ છે એમ કેટલાક[૯] કહે છે. તેથી માયાથી થતી સૃષ્ટિ વેદમાં નથી જ. સ્વપ્ન સિવાય (માયાની સૃષ્ટિ નથી[૧૦]) એમ કેટલાક કહે છે. છતાં પણ ભાગવત સિદ્ધાંતમાં પણ માયા જો વચમાં (કોઈ પદાર્થની) કલ્પના કરે તો તે (પદાર્થ) શુદ્ધ નથી, કારણ કે (તેને) ઉત્પન્ન કરનાર ભ્રમ દોષ છે.

''એક (ભગવાન્) અનેક કેવી રીતે થાય ? કારણ કે કારણ એક હોવાનો વિરોધ આવે તેને લીધે (કાર્યની) અનેક સંખ્યા હોવાનું સંભવતું નથી'' એવી શંકા

થાય, તેથી ‘માયાના ગુણોની સેળભેળથી’ શબ્દ યોજેલ છે. માયાના ગુણો એટલે સત્ત્વ રજઃ અને તમઃ ગુણોના ‘વ્યતિકરાત્’ અન્યોઅન્ય સંબંધ (સેળભેળ)ને લીધે, તેઓ હદવાળા હોઈ, તાપમાં જેમ ઘરો કરે છે તેમ જૂદા જૂદા (પદાર્થો) કરે છે, ત્યારે આપ ઘણા જણાઓ છો. તેથી[11] આપનું જ્ઞાન થાય, ત્યારે (કાંઈ પણ) જાણવાનું બાકી રહેતું નથી. ૧.

૧. ‘તે’ એટલે મહાભૂતો જેનાથી ઉત્પન્ન થાય છે તેવું. સમૂહના જ્ઞાન વિના વ્યક્તિઓનું જ્ઞાન થઈ શકે નહિ, તેથી (પુરુષ) આધારરૂપ હોવાથી પહેલાં (અધ્યાય ૫ થી ૮ સુધીનાથી) પુરુષ પ્રકરણ કહ્યું, અને હવે જીવ પ્રકરણ કહે છે. (પ્ર)

૨. આ દોઢ કારિકાથી વિદુર અને મૈત્રેયના સંવાદમાં (કથાની) સંગતિ જણાવી છે. તેમાં જ્ઞાનનો વિષય ૧ થી ૭ સુધીના, સાધન ૮ થી ૧૩ સુધીના, ભગવાનનું રૂપ ૧૪ થી ૨૧ સુધીના અને વિઘ્નોનો અભાવ ૨૨ થી ૨૫ સુધીના સ્તુતિના શ્લોકોથી કહેલ છે. તેમાં ઉપયોગી પ્રકીર્ણ વિષયોનો એ ચારેમાં સમાવેશ કરેલ છે. (પ્ર)

૩. ‘પોતાને’ એટલે ચારમુખવાળા (બ્રહ્મા)ને. (પ્ર)

૪. ઉપાદાન (જે પદાર્થોનું જગત્ બને છે તે)નું પ્રાપ્ત થાય તેવું અને પ્રત્યક્ષ જ્ઞાન હોવાથી જગતનું કારણ છે. (પ્ર)

૫. દેહવાળાઓને ભગવાનની ગતિનું જ્ઞાન હોતું નથી એ વિષયમાં શ્રુતિનું પ્રમાણ કહે છે. આ શ્રુતિ તૈત્તિરીય આરણ્યકમાં છે. અહિં ‘આંધળાને મણિ મળ્યો’ વિગેરેથી ભગવાનની ગતિ ઘણા પ્રપંચથી પ્રાપ્ત કર્યા પછી, નગરમાં પ્રવેશ કરવાની મના કરેલી છે. આનો અર્થ નીચે પ્રમાણેઃ‘આ ઋષિને’ એટલે પહેલાં જણાવેલા વિવેક પ્રાપ્ત કરાવનારા મંત્રોથી સમૂહથી પ્રાપ્ત થતાં પરમાર્થ તત્ત્વને જાણીને, ‘નગર’ એટલે શરીરમાં પ્રવેશ કરવો નહિ, એટલે દેહને આત્મા માનવાનો ભ્રમ ન કરવો. તેથી (ભગવાનની) ગતિ જાણવાથી મોક્ષ પ્રાપ્ત થવાનો સંભવ હોવાથી, ગતિના અજ્ઞાનને લીધે જ મોક્ષ પ્રાપ્ત થતો નથી, એ જ મોટો દોષ છે. અહિં ‘ગતિ’નો અર્થ ક્રિયાનો પ્રકાર છે. (પ્ર)

૬. ‘તે’ એટલે માયાથી બીજા (પદાર્થ)ને રચવાનું. સાંસારિક પદાર્થરૂપ જગત્ બનાવવાનું, એવો અર્થ છે. (પ્ર)

૭. ‘પોતાના ગુણોથી છૂપાએલી દેવોની પોતાની શક્તિ’ વિગેરે શ્વેતાશ્વેતરના મંત્રો અને નૃસિંહતાપનીયમાં કહેલો વાદ છે. (પ્ર)

૮. ‘સૂચવેલું છે’ એટલે બીજું કરવાનું સૂચવેલું છે. (પ્ર) બીજું હોવાનું સૂચવેલું છે. એવો અર્થ જણાય છે.

૯. ‘કેટલાક’ એટલે કેટલાક ઉપનિષદનું વ્યાખ્યાન કરનારા. (પ્ર)

૧૦. ‘નથી’ એટલે તાત્પર્ય જોતાં જણાતી નથી. (પ્ર)

૧૧. ‘તેથી’ એટલે આપ (ભગવાન) જ સર્વરૂપ હોવાથી. (પ્ર)

‘‘બ્રહ્મનું જ્ઞાન થાય, ત્યારે કાંઈ પણ જાણવાનું બાકી રહેતું નથી એ બરાબર છે, પરંતુ મારું જ્ઞાન થાય, ત્યારે (તેમ હોતું) નથી’’ એવી શંકા થાય, તેથી આપ જ

બ્રહ્મ છો એમ નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી પ્રમાણ અને તર્કથી સિદ્ધ કરે છે. તે પૈકી (૧) ચાલુ પ્રસંગમાં આધાર દર્શાવવા અને (૨) (આપ બ્રહ્મ) સિવાયના નથી એમ જણાવવા બે (શ્લોકો)થી પ્રમાણ[1] (કહે છે). તે પૈકી નીચેના શ્લોકથી ચાલુ પ્રસંગમાં આધાર દર્શાવે છે :

**રૂપં યદેતદવબોધરસોદયેન શશ્વન્નિવૃત્તતમસઃ સદનુગ્રહાય ।।**
**આદૌ ગૃહીતમવતારશતૈકબીજં યન્નાભિપદ્મભવનાદહમાવિરાસમ્ ।।૨।।**

જેમનાથી તમઃ નિત્ય દૂર રહેલું છે તેવા આપનું આ જે રૂપ છે તે અનુભવના રસના ઉદયથી સત્પુરુષો ઉપર કૃપા કરવા થએલું છે. (તે આપે) આરંભમાં ધારણ કરેલું છે, (અને આપના) સેંકડો અવતારોનું એક જ બીજ છે, કે જેની નાભિમાંથી નીકળેલા કમલરૂપ ભવનમાંથી મારો આવિર્ભાવ થએલો છે. ૨.

આ જે રૂપ આપે ધારણ કરેલું છે તે બ્રહ્મ જ છે, કારણ કે અનુભવના રસના ઉદયથી તે થએલું છે. માત્ર અનુભવ (જ્ઞાન)થી, અને તેના પણ વિષય વિનાના ઉત્તમ સ્વરૂપથી, અને તેમાં પણ, તેના ઉદયથી (થએલું છે). (આપનું આ રૂપ) સચ્ચિદાનંદરૂપ[2] છે. એમ પણ કહેવાયું.

‘‘દેહ ધારણ કરવાનાં કારણરૂપ અજ્ઞાન પણ (તેમાં) હશે’’ એવી શંકા થાય, તેથી ‘જેમનાથી તમઃ નિત્ય દૂર રહેલું છે તેવા આપનું’ વિશેષણ કહેલું છે. ‘શશ્વત્’ નિત્ય દૂર રહેલું છે તમઃ જેમનાથી, તેવા આપનું આ રૂપ છે. ‘અનુભવના રસના ઉદયથી થએલું’ ‘જેમનાથી તમઃ નિત્ય દૂર રહેલું છે તેવા આપનું’ એ (બે વિશેષણો)થી જ્ઞાન અને અજ્ઞાન ન હોવું એ બેની કાર્ય અને કારણની સ્થિતિ કહેલી છે, એમ (કેટલાક) કહે છે[3], તે ખોટું છે એમ જણાવવા ‘નિત્ય’ શબ્દ યોજેલો છે, કારણ કે નિત્ય દૂર થએલ હોય તેવાં અનિષ્ટને (દૂર કરનારાં) સાધનની જરૂર હોતી નથી; કેમકે જે પ્રાપ્ત કરવાનું છે અને જે (સાધન)થી તે પ્રાપ્ત થઈ શકે તેવું છે તેમની સ્થિતિ અનિત્ય જ[4] હોય છે. ‘એ પ્રમાણે (રૂપ) ધારણ કરવાનું શું પ્રયોજન ?’ એવો પ્રશ્ન થાય, તેથી ‘સત્પુરુષો ઉપર કૃપા કરવા’ એમ કહેલું છે. આથી[5] પણ (સ્વરૂપ) બ્રહ્મ વિના (બીજું) કાંઈ નથી એમ કહેલું છે, કારણ કે સત્પુરુષોને બ્રહ્મ ન હોય તેવાનું કાંઈ પણ પ્રયોજન હોતું નથી. વળી આ રૂપ (આપે) આરંભમાં ગ્રહણ કરેલું છે. આરંભમાં શુદ્ધ બ્રહ્મ જ હોય, તે સિવાયનું બીજું કાંઈ પણ કારણ ન હોય. બ્રહ્મ જ તે પ્રકારે (તેવા રૂપથી) પ્રકટ થએલ છે એવો અર્થ છે. વળી (આ રૂપ) ‘સેંકડો અવતારોનું એક જ બીજ છે’. સેંકડો અવતારોનું આ જ એક બીજ છે, (અને) બીજા અવતારો આના જ અંશો છે, એવો (અર્થ છે). વળી અવતારો બ્રહ્મરૂપ છે એમ આગળ

કહેવામાં આવશે, અને (તે તેવા હોવાનું) કહેલું છે. આનું કારણ અને કાર્ય બ્રહ્મ છે, (તો પછી) વચ્ચે આ જ બ્રહ્મ કેમ ન હોય ? વળી 'બ્રહ્મ જગતનું કારણ છે' એવું બ્રહ્મનું લક્ષણ છે, તે આમાં જ દેખાય છે એમ 'જેની નાભિમાંથી નીકળેલા કમલરૂપ ભવનમાંથી મારો આવિર્ભાવ થએલો છે' શબ્દોથી કહેલું છે. 'ભવન' શબ્દથી કમલનું વિશાલપણું જણાવેલું છે. 'હું' એટલે સગુણ (જગતનો) રચનાર. '(મારો) આવિર્ભાવ થએલો' હોવાથી મારો જન્મ પણ અલૌકિક છે. તેથી સર્વ પ્રકારે આ (રૂપ) બ્રહ્મ જ છે. ૨.

૧. 'પ્રમાણ' એટલે અનુમાનરૂપ અને પ્રત્યક્ષરૂપ પ્રમાણ. (પ્ર)
૨. આ વિચાર પ્રમાણે 'ઉદય' શબ્દથી 'સત્' રૂપ કહેલું જાણવું. (પ્ર) 'અવબોધ' શબ્દથી જ્ઞાન અને 'રસ' શબ્દથી આનંદ કહેલા છે.
૩. આ શ્રીધરનો મત છે. તે 'નિત્ય' શબ્દથી વિરુદ્ધ હોવાથી ખોટો હોવાનું આચાર્યશ્રી નીચે દર્શાવે છે. (પ્ર) વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં શ્રીધરની ટીકા છપાએલી છે તેમાં આવો મત દર્શાવેલ નથી.
૪. જે સાધ્ય છે તે અનિત્ય છે જેમ કે ઘડો વિગેરે. જે અનિત્ય નથી તે સાધ્ય નથી, જેમ કે નિત્ય વસ્તુ, એવી રીતે સાધ્ય અનિત્ય હોવાનું સિદ્ધ થાય છે. (પ્ર)
૫. 'આથી' એટલે 'સત્પુરુષો ઉપર કૃપા કરવાથી'. એ રીતે આ રૂપ બ્રહ્મ છે. એમ સિદ્ધ કરનારા છ હેતુ આ શ્લોકમાં કહેલા છે. આ બ્રહ્માએ જોએલું રૂપ બ્રહ્મ જ છે. (૧) તેમાં સત્ ચિત્ અને આનંદ સ્પષ્ટ જણાએલા હોવાથી. (૨) તેનાથી અજ્ઞાન સદા દૂર રહેલ હોવાથી. (૩) તે સત્પુરુષો ઉપર કૃપા કરનારું હોવાથી. (૪) આરંભમાં પ્રકટ થએલું હોવાથી. (૫) વિકારરહિત રહી કાર્ય કરનારું હોવાથી અને (૬) જગતને ઉત્પન્ન કરનારું હોવાથી. જે એવાં નથી તે બ્રહ્મ નથી. એવું અનુમાનરૂપ પ્રમાણ આ વિષયમાં છે. (પ્ર)

નીચેના શ્લોકમાં તે (રૂપ) બ્રહ્મ નથી એવી માન્યતા ખોટી ઠરાવે છે :

**નાતઃ પરં પરમ યદ્ભવતઃ સ્વરૂપમાનન્દમાત્રમવિકૃતમવિદ્ધવર્ચઃ ।।**
**પશ્યામિ વિશ્વસૃજમેકમવિશ્વમાત્મન્ ભૂતેન્દ્રિયાત્મકમદસ્ત ઉપાશ્રિતોસ્મિ ।।૩।।**

હે શ્રેષ્ઠ (પુરુષ) ! આપનાં (આ) માત્ર આનંદરૂપ, વિકારરહિત, ન ઢંકાએલ તેજવાળા સ્વરૂપથી જૂદું હોય તેવું કાંઈ નથી. હે આત્મન્ ! (આ સ્વરૂપને) હું વિશ્વ રચનારું, એક, વિશ્વથી જૂદું, ભૂતો અને ઈન્દ્રિયોના આત્મારૂપ જોઉં છું. હું આપનાં તે સ્વરૂપનો આશ્રય કરું છું. ૩.

'અસ્માત્ પરં' આ સ્વરૂપથી 'પરં' જૂદું અથવા આને નિયમમાં રાખનારું આપનું સ્વરૂપ નથી. 'બ્રહ્મ આનંદ શરીરવાળું છે' એ શ્રુતિ પ્રમાણે બ્રહ્મનું આનંદ સ્વરૂપ છે, તે જ આ છે, પરંતુ આથી જૂદું માત્ર આનંદરૂપ વિગેરે ગુણોવાળું (બ્રહ્મનું) સ્વરૂપ નથી. ''તે (સ્વરૂપ) આનંદનું બનેલું હશે અને બીજું (આનંદ સિવાયનું) સાહાય્ય કરનારું હશે''[1] એવી શંકા ('માત્ર આનંદરૂપ' વિશેષણથી) દૂર કરેલી છે.

"ત્યારે તે (સ્વરૂપ) જ વિકારવાળું હશે" એવી શંકા થાય, તેથી 'વિકારરહિત' વિશેષણ યોજેલું છે. 'ત્યારે (તેનું) તેજ ઢંકાએલું હશે' એવી શંકા થાય, તેથી 'ન ઢંકાએલ તેજવાળું' વિશેષણ કહેલું છે. નથી ઢંકાએલું કોઈથી પણ તેજ જેનું, તેવું (આ સ્વરૂપ) છે. 'હું જોઉં છું' શબ્દથી (બ્રહ્મથી) જૂદું ન હોવામાં પ્રમાણ કહેલું છે. બ્રહ્માનો અનુભવ પ્રમાણ છે. આ બ્રહ્મ હોવા(ના વિષય)માં તો બધાએ બ્રહ્મના ગુણો (આમાં) છે. 'વિશ્વ રચનારું, એક, વિશ્વથી જૂદું' વિશેષણોથી તે ગુણો કહેલા છે. 'જેમાંથી આ (ભૂતો) ઉત્પન્ન થયાં' એ શ્રુતિ પ્રમાણે બ્રહ્મ વિશ્વ રચનારું છે. '(બ્રહ્મ) એક, અદ્વિતીય છે' એ શ્રુતિ પ્રમાણે બ્રહ્મ એક છે. 'જે આથી અને બીજાથી ઉત્તમ છે' એ શ્રુતિ પ્રમાણે બ્રહ્મ 'અવિશ્વં' વિશ્વથી જૂદું છે. એ રીતે (આ સ્વરૂપમાં) બ્રહ્મના ઘણા ગુણો હોવાથી આ બ્રહ્મ જ છે. 'હે આત્મન્!' એ સંબોધન છે[2]. કેટલાક એમ કહે છે કે બ્રહ્મા વિગેરેએ આત્મા તરીકે ઉપાસના કરવા યોગ્ય, એવો (તેનો અર્થ છે). 'આ વિજ્ઞાનમય આત્મા બ્રહ્મ છે' એ શ્રુતિ પ્રમાણે (આ સ્વરૂપ) આત્મા ન હોય તો બ્રહ્મ ન હોય, તેથી (આ સંબોધન કરેલું છે).[2]

'આમાં નયન, કર્ણ વિગેરે દેખાતા હોવાથી (આ) ઈન્દ્રિયોવાળું હોવાથી બ્રહ્મ કેમ હોઈ શકે ?' એવો પ્રશ્ન થાય, તેથી 'ભૂતો અને ઈન્દ્રિયોના આત્મારૂપ' એમ કહેલું છે. આ ભૂતો અને ઈન્દ્રિયોના આત્મા છે. 'નયનનું નયન, કર્ણનું કર્ણ...' વિગેરે શ્રુતિ પ્રમાણે (આ) ભૂતો અને ઈન્દ્રિયોના આત્મા હોવાથી, ભૂતો અને ઈન્દ્રિયો તરીકે દેખાય છે, પરંતુ તેને ભૂતો (શરીરમાંના પાંચ મહાભૂતો) તથા ઈન્દ્રિયો નથી, એવો અર્થ છે. 'બ્રહ્મ દર્શન ન થઈ શકે તેવું છે' એવી શંકા થાય, તેથી 'તે' શબ્દ યોજેલ છે. આ (સ્વરૂપ) દેખાતું હોવા છતાં, આપની ઈચ્છાથી જ તેનાં દર્શન થતાં હોવાથી, (અદ એવ) દર્શન ન થઈ શકે તેવું જ છે, એવો અર્થ છે.[3] 'હું આપના તે સ્વરૂપનો આશ્રય કરું છું' એવો (વાક્યનો) સંબંધ છે. 'હું જોઉં છું' એ જૂદું વાક્ય છે. તેથી 'આપનાં, આપનાં' (બે વાર આવેલ છે તેમાં) તે જ વિષય ફરી કહેવારૂપ (દોષ) નથી. ૩.

૧. 'માત્ર આનંદરૂપ' વિશેષણમાં 'માત્ર' શબ્દનું પ્રયોજન, આ શંકા અને તેના સમાધાનથી દર્શાવેલ છે. (પ્ર)

૨ – ૨. 'હે આત્મન્!' એ સંબોધનના અર્થ વિષે બીજાનો મત કહી, શ્રુતિ પ્રમાણે તેનો અર્થ જણાવી, બીજાના મતનો દોષ આ ભાગથી દર્શાવેલ છે. ગયા શ્લોકમાં 'આ સ્વરૂપ બ્રહ્મ છે' એવું સિદ્ધ કરેલ છે, તેનો આ બીજાના મતવાળા અર્થથી વિરોધ થાય છે, એવો અર્થ છે. (પ્ર)

૩. (૧) માત્ર આનંદરૂપ હોવાથી, (૨) વિકારરહિત હોવાથી, (૩) ન ઢંકાએલ તેજવાળું હોવાથી, (૪) ભૂતો અને ઈન્દ્રિયો વિનાનું હોવાથી અને (૫) 'ન જણાએલું જાણે છે' એ

શ્રુતિમાં કહેલા ગુણવાળું હોવાથી આ સ્વરૂપ બ્રહ્મ સિવાયનું નથી, એમ સિદ્ધ કરનારા પાંચ હેતુઓ આ શ્લોકમાં કહેલા છે. (પ્ર)

નીચેના શ્લોકમાં તર્ક કહે છે :

**તદ્વા ઈદં ભુવનમંગલ મંગલાય ધ્યાને સ્મ નો દર્શિતં ત ઉપાસકાનામ્ ।।**
**તસ્મૈ નમો ભગવતેऽનુવિધેમ તુભ્યં યોऽનાહતો નરકભાગ્ભિરસત્પ્રસંગૈઃ ।।૪।।**

હે ભુવનોના મંગલરૂપ ! આ નિશ્ચય તે (સ્વરૂપ) છે. આપની ઉપાસના કરનારા અમોને આપે ધ્યાનમાં (અમારાં) મંગલ માટે દેખાડેલું છે. તે ભગવાનને નમસ્કાર. આપ(ની પ્રાપ્તિ) માટે દુષ્ટોના સંગવાળા નરકમાં જનારાઓ જેમનો અનાદર કરે છે, તેવા આપની આજ્ઞામાં અમે રહીએ. ૪.

હે 'ભુવનમંગલ !' ત્રણે લોકના મંગલરૂપ ! આ 'વૈ' નિશ્ચય તે જ (સ્વરૂપ) છે. તેનું કારણ 'અમોને ધ્યાનમાં (અમારાં) મંગલ માટે દેખાડેલું છે' શબ્દોથી કહેલું છે. 'તેથી શું ?' એવો પ્રશ્ન થાય, તેથી 'આપની ઉપાસના કરનારાને' શબ્દ યોજેલ છે. અમે બ્રહ્મનો સાક્ષાત્કાર થાય તે માટે ધ્યાન ધરેલું, કારણ કે (અમે) આપની ઉપાસના કરનારા છીએ, કેમકે પરબ્રહ્મની ઉપાસના કરનારા પરબ્રહ્મ સિવાય બીજાનું ધ્યાન ધરતા નથી, તેમ જ તેવાનાં ધ્યાન માટે ભગવાન્ (પરબ્રહ્મ સિવાય) બીજું દેખાડતા નથી, કારણ કે તેવાઓને બીજાથી પુરુષાર્થ (પ્રાપ્ત) થતો નથી. તે કારણને લીધે તર્ક પ્રમાણે પણ આ (સ્વરૂપ) બ્રહ્મ જ છે.

એ પ્રમાણે તે બ્રહ્મ છે એવો નિર્ણય કરીને 'તે (ભગવાન)ને નમસ્કાર' એમ તેને નમસ્કાર કરે છે. તે સ્વરૂપ ભગવાનજ હોવાથી, 'ભગવાનને' એમ કહેલું છે. ઉદાસીન[1] હોય તે પણ માત્ર નમન કરે, તેથી પોતે મુખ્ય સેવક છે એમ જણાવવા, 'તુભ્યમનુવિધેમ' એમ કહેલું છે. આપની પ્રાપ્તિ થાય તે માટે આપની આજ્ઞામાં અમે રહીએ, એવો (તેનો) અર્થ છે. 'નમોऽનુ વિધેમ' એમ શબ્દો લઈએ ત્યારે, વૈદિક પ્રયોગ (ગણવા) કરતાં 'નૃસિંહને 'નમસ્કુર્મઃ' અમે નમન કરીએ છીએ' એ વાક્ય પેઠે ઉપપદ વિભક્તિ લેવી એ વધારે યોગ્ય છે. ''એમ હોય, તો વાદીઓ આ વિષયમાં સંદેહ કેમ કરે છે, અને ભજતા કેમ નથી ?'' એવી શંકા થાય, તેથી '(નરકમાં જનારાઓ) જેમનો અનાદર કરે છે' એમ કહેલું છે. જે દૈત્યો અવશ્ય નરકમાં પડવાના છે, તેઓ આમનો (આ સ્વરૂપનો) અનાદર કરે છે. ''તેઓ મના કરેલ આચરણ કરતા ન હોવાથી, માત્ર (આ સ્વરૂપનો) અનાદર કરવાથી નરકમાં કેમ પડે ?'' એવી શંકા થાય, તેથી 'દુષ્ટોના સંગવાળા' વિશેષણ યોજેલું છે. તેઓ દુષ્ટો સાથે ઘણા જ સંગમાં (આવેલા) છે, કારણ કે ભગવાન્ આત્મા હોવાથી અને આનંદરૂપ શરીરવાળા હોવાથી, સ્વભાવથી જ કોઈપણ તેમને આદર ન કરે તેવું હોતું નથી, પરંતુ દુષ્ટોના

સંગથી (તેની) બુદ્ધિ બગડી તેથી તેમના સંગવાળા થવાના દોષને લીધે તે પણ પાંચમો મહાપાપી થયો. જો પહેલાનાં પુણ્યને લીધે અથવા બીજા પ્રકારે તે ભગવાનનો આદર કરે તો નરક (તેને પ્રાપ્ત) ન થાય. તેથી નરક અવશ્ય (પ્રાપ્ત) થવાનું હોવાથી, તેવાઓ ભગવાનનો આદર કરતા નથી. ૪.

૧. 'ઉદાસીન' એટલે સેવક નહિ તેમ દ્વેષી પણ નહિ તેવો.

એ રીતે પ્રમાણ અને તર્કથી 'આ જ બ્રહ્મનું સ્વરૂપ છે' એવો નિશ્ચય કરીને, આ (સ્વરૂપ)ના સાક્ષાત્કારથી જ બ્રહ્મનો સાક્ષાત્કાર થતો હોવાથી, 'ભક્તિથી મને જાણે છે' એ વાક્ય પ્રમાણે (તેમનો) સાક્ષાત્કાર થાય તે માટે (બ્રહ્મા) નીચેના શ્લોકમાં (આ સ્વરૂપની પ્રાપ્તિના સાધન તરીકે) ભક્તિ કહે છે[1], અને (પ્રાપ્ત કરવાના) સાધન દ્વારા પણ (સ્વરૂપ) બ્રહ્મ હોવાનું સિદ્ધ કરે છે :

**યે તુ ત્વદીયચરણાંબુજકોશગન્ધં જિઘ્રંતિ કર્ણવિવરૈઃ શ્રુતિવાતનીતમ્ ।।**
**ભક્ત્યા ગૃહીતચરણઃ પરયા ચ તેષાં નાપૈષિ નાથ હૃદયાંબુરુહાત્સ્વપુંસામ્ ।।૫।।**

પરંતુ હે નાથ! જેઓ વેદરૂપ વાયુએ આણેલી આપના ચરણકમલની કળીની ગંધ કાનરૂપ છિદ્રોથી સૂંઘે છે, અને (જેમની) ઉત્તમ ભક્તિ વડે ચરણથી પકડાએલા છો તે પોતાના પુરુષોના હૃદયકમલમાંથી આપ ખસતા નથી. ૫.

'તુ' 'પરંતુ' શબ્દથી ચરણની ઉપાસના ન કરનારા પુરુષાર્થના દ્વેષીઓને બાતલ કરેલા છે. જેઓ (આપના) સેવકોના ચરણમાં રહેલ કમલની કળીની ગંધ કાનરૂપ છિદ્રોથી સૂંઘે છે, તેમના હૃદયમાંથી આપ ખસતા નથી, એવો (વાક્યનો) સંબંધ છે. તેનું કારણ 'ભક્તિ વડે ચરણથી પકડાએલા' વિશેષણથી કહેલું છે. (આપના) સેવકોના ચરણોમાં ભગવાનના (ચરણની) પેઠે રેણુઓ હોતી નથી[2], પરંતુ પોતાના ભક્તોનું (આપ) રક્ષણ કરનાર હોવાથી (તેમના ચરણોમાં) કળી હોય છે, અને તેનો ગુણ ગંધ (રહેલો) હોય છે. અથવા આપના જ ચરણકમલ(માં કળી) છે. જો તેઓ (ભક્તો) ભગવદીયપણું પ્રાપ્ત કરાવનાર શરીરના કારણ બનેલ સંસ્કારવાળા મહાભૂતો પ્રાપ્ત કરે[3], તો આ જન્મમાં તેઓ આપના જ (સેવકો) થાય; પણ જો હમણાં તેવું શરીર (પ્રાપ્ત કરેલ) ન હોય તો પણ બીજા દેહમાં પણ શ્રુતિ વિગેરેનો વિચાર કરવાથી (આપનું) માહાત્મ્ય જાણવામાં આવે[4] તો ભક્તિ (પ્રાપ્ત) થાય. તેવા પ્રસંગે[5] ભગવદીય પદાર્થનું ગ્રહણ થાય તે માટે ઈન્દ્રિયોમાં ફેરફાર[6] થાય છે. ગંધ (દેહની) અંદર પ્રવેશ કરવાની શક્તિવાળી હોવાથી ચિત્તમાં ખળભળાટ કરાવનારી છે[7], પરંતુ શબ્દ તેવો નથી. તેથી[8] (કીર્તિના શબ્દોનું) શ્રવણ થતાં પણ ગંધનો અનુભવ થવાનું કહેલું છે કે જેથી તે (દેહની) અંદર પ્રવેશ કરીને ખળભળાટ

કરે[૯]. ભગવાનના સંબંધવાળા પદાર્થો[૧૦] બધા ગુણોવાળા હોય છે, અને વેદો થોડો સ્પર્શ કરનારા[૧૧] હોવાથી ગંધ લઈ જનારા છે. અહિં 'ગંધ' શબ્દનો અર્થ પુણ્ય કર્મની ગંધની પેઠે યશ[૧૨] છે. ભગવાનનું માહાત્મ્ય શ્રવણ કરનારાઓના કાન દેવતારૂપ હોવાથી, (તેમાં) ગંધ પણ હોય છે[૧૩] (પ્રવેશ કરે છે). એવું (ભગવાનનું) માહાત્મ્ય સિદ્ધ કરવા એવા પ્રકારની કથા[૧૩] (કહેલી છે). 'કાનરૂપ છિદ્રોથી' શબ્દથી (એમ સૂચવેલું છે કે) મૂર્ત[૧૪] શબ્દો (તેમાં) પ્રવેશ કરે છે. સૂંઘવાથી જ પ્રેમલક્ષણા અને 'ચ' 'અને' શબ્દ હોવાથી સાધનરૂપ ભક્તિ (પ્રાપ્ત થાય છે). ત્યારે તેઓ (આપના) 'પોતાના પુરુષો' થાય છે. પછી ભગવાન્ (તેમના) હૃદયમાંથી ખસતા નથી, પછી (ભગવાનનો) સાક્ષાત્કાર અને (તેમના હૃદયમાં) પ્રવેશ ચોક્કસ થાય છે, એવો અર્થ છે. આ[૧૫] બ્રહ્મનું જ કાર્ય છે, બીજાનું નથી. તેથી કાર્ય દ્વારા પણ (આ સ્વરૂપ) બ્રહ્મ હોવાનું દઢ કરેલું છે. ૫.

૧. મુખ્ય ભક્તિ વિનાનાઓની ભક્તિ કહે છે, એવો અર્થ છે. (પ્ર)
૨. અહિં 'ચરણકમલની પરાગ' ન કહેતાં આ પ્રમાણે કહ્યું, તેનું કારણ જણાવેલું છે. 'હોતી નથી' એટલે ભગવદીય શરીર પ્રાપ્ત કરાવે તેવી હોતી નથી. (પ્ર)
૩. 'ભગવાનનું ચરણકમલ' એવો અર્થ લેવામાં આવે, ત્યારે 'પરાગ' વિગેરે ન કહેવાનું કારણ આ વાક્યથી કહેલું છે. એટલે તેમનો તેવો અધિકાર ન હોવાથી તેમને તેની પ્રાપ્તિ થતી નથી, તેથી કહેલ નથી, એવો અર્થ છે. (પ્ર)
૪. તેવાઓને પણ ભક્તિ પ્રાપ્ત થવાનું કારણ આ વાક્યથી કહેલું છે. (પ્ર)
૫. 'તેવા પ્રસંગે' એટલે ભક્તિ પ્રાપ્ત થાય ત્યારે. (પ્ર)
૬. 'ફેરફાર' એટલે પહેલાં હતી તે કરતાં જૂદા પ્રકારના સામર્થ્યવાળી હોવાપણું. (પ્ર)
૭. 'ફેરફાર' સ્પષ્ટ કરવા 'સૂંઘે છે' શબ્દનું તાત્પર્ય આ વાક્યથી કહેલું છે. (પ્ર)
૮. 'તેથી' એટલે અંદર ખળભળાટ કરનાર હોવાથી. (પ્ર)
૯. ''શબ્દથી એવું કાર્ય થવાનું ક્યાંય જોવામાં આવતું નથી, તેથી માત્ર શબ્દથી કેમ એમ થાય ?'' એવી શંકા થાય, તે દૂર કરવા આ વાક્ય (વિગેરે) કહેલાં છે. (પ્ર)
૧૦. 'પદાર્થો' એટલે (ભગવાનના યશનું) શ્રવણ વિગેરે. (પ્ર)
૧૧. 'થોડો સ્પર્શ કરનારા' એટલે (ભગવાનનું) થોડું માહાત્મ્ય જણાવનારા. (પ્ર)
૧૨. શ્રુતિમાં 'પુણ્ય કર્મની ગંધ' એમ કહેલ હોવાથી અહિં પરોક્ષ રીતે (શબ્દની ગંધ) કહેવામાં દોષ નથી. (પ્ર)
૧૩ – ૧૩. 'અહિં પરોક્ષ શું કહ્યું ?' એવી શંકા થાય, તે દૂર કરે છે. 'સર્વ સર્વમય છે' એ શ્રુતિ પ્રમાણે આમ થાય છે. તેથી (ગંધનું) પ્રકટ થવું એ જ ભેદ છે. આમાં લક્ષણા પણ નથી, એવો અર્થ છે. (પ્ર)
૧૪. 'મૂર્તિભૂતાનામ્' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલ છે.
૧૫. 'આ' એટલે 'ભક્તિથી પ્રાપ્ત થવાપણું'. (પ્ર)

(આ સ્વરૂપ બ્રહ્મ છે એ નિર્ણયને) બીજા ગુણથી પણ નીચેના શ્લોકમાં દૃઢ કરે છે :

**તાવદ્ભયં દ્રવિણદેહસુહૃન્નિમિત્તં શોકઃ સ્પૃહા પરિભવો વિપુલશ્ચ લોભઃ ।।**
**તાવન્મમેત્યસદવગ્રહ આર્તિમૂલં યાવન્ન તેઽઙ્ઘ્રિમભયં પ્રવૃણીત લોકઃ ।।૬।।**

જ્યાં સુધી લોક આપના અભય ચરણને વરતા નથી, ત્યાં સુધી (તેમને) ધન, દેહ તથા સગાઓને લીધે ભય, શોક, ઈચ્છા, પરિભવ તથા ઘણો લોભ અને દુઃખનાં મૂલરૂપ 'મારું' એવો ખોટો આગ્રહ (રહે છે). ૬.

'જનક ! તેં ખરેખર અભય પ્રાપ્ત કરેલું છે' એ શ્રુતિ પ્રમાણે બ્રહ્મ પ્રાપ્ત થયા પછી જ અભય થતું હોવાથી, ભગવદીય તરીકે અભયપણું જણાવતાં (સ્વરૂપ) બ્રહ્મ હોવાનું દર્શાવે છે. જ્યાં સુધી લોક આપના અભય ચરણને વરતા નથી, ત્યાં સુધી (તેમને) ભય રહે છે, એવો (વાક્યનો) સંબંધ છે. 'ન' નથી 'ભયં' ભય જેને લીધે તે (અભય). તે (આપના ચરણ)ને લીધે બંને પ્રકારે ભય (રહેતો) નથી. (૧) 'બીજાથી ખરેખર ભય થાય છે' એ શ્રુતિ પ્રમાણે (ચરણ) આત્મા હોવાથી (તેનાથી ભય નથી). (૨) તે શક્તિવાળું હોવાથી બીજો (બીજાથી) ભય પણ દૂર થાય છે. તેનું સામર્થ્ય અલૌકિક હોવાથી જૂદા જૂદા (તેનાથી દૂર થતા) ભયો ગણાવે છેઃ–મુખ્ય ભય ધનને લીધે હોય છે, કારણ કે બધાએ તેની ઈચ્છા રાખે છે. પછી 'દેહ પડશે' એવો દેહને લીધે ભય (રહે છે). પછી પુત્ર વિગેરેને (સગાંને) લીધે ભય (રહે છે). અથવા પત્ની અને પુત્રને દેહ તરીકે ગણીને, પછી બીજાં સગાંઓ ગણેલા છે. (ધન વિગેરે) હોય ત્યારે ભય (રહે છે), જતા રહે ત્યારે શોક (થાય છે). અથવા 'દેહ' શબ્દથી દેહનો અમુક ભાગ લેવો, કારણ કે તેમ ન હોય તો શોક ન થાય[૧]. અથવા (દેહ શબ્દનો અર્થ) પુત્રો વિગેરે (લેવો). (દેહને બદલે) 'ગેહ' 'ઘર' પાઠ હોય, ત્યારે (અર્થ) સ્પષ્ટ જ છે. (તે ગયા પછી) ફરી પ્રાપ્ત કરવાં જોઈએ, એવી ઈચ્છા (થાય છે). પછી (ફરી પ્રાપ્ત કરવા) માણસો પાછળ દોડવાથી, અથવા તે (માણસો)થી જ પરિભવ (થાય છે). પછી જો દૈવની ગતિને લીધે કોઈપણ પ્રકારે પ્રાપ્ત થાય, ત્યારે ઘણો લોભ થાય છે. 'ત્યાં સુધી' શબ્દનો (ધન વિગેરે) બધાં સાથે સંબંધ છે. વળી 'હું મારું' એવો ખોટો આગ્રહ ત્યાં સુધી જ રહે છે.

આ[૨] પણ બ્રહ્મપણું સિદ્ધ કરાવનારું એક (લક્ષણ) છે, કારણ કે બ્રહ્મ (પોતાનો) આત્મા હોવાની સ્થિતિ થાય ત્યારે તે (ભય વિગેરે) દૂર થાય છે. ''મિથ્યા આગ્રહ લોકની દૃષ્ટિ પ્રમાણે સુખ કરાવનાર છે'' એવી શંકા થાય, તેથી 'દુઃખના મૂલરૂપ' શબ્દથી (તેને) દુઃખ કરાવનાર કહેલ છે. 'મૂલ' એટલે ચોક્કસ ચિહ્ન[૩]. 'તે

વિષ્ણુનું ઉત્તમ પદ છે' શ્રુતિ પ્રમાણે ભગવાનનું ચરણ જ બ્રહ્મ છે. તેથી બ્રહ્મજ્ઞાનથી અપવાદ થતો[૪] નથી. 'વરતા' શબ્દથી (એમ કહેલું છે કે) જેમ કન્યા વરને વરે છે, પોતાનું ઈચ્છેલું આપનાર (તે) હોવા છતાં પોતે જ તેની થઈ રહે છે, પરંતુ તે પોતાનો (કન્યાનો) થતો નથી, (તેમ ચરણને વરવું જોઈએ). 'લોક' શબ્દથી ઉત્તમ અધિકારી કહેલો છે. ૬.

૧. દેહ જાય, એટલે મૃત્યુ થાય, ત્યારે મરનારને શોક ન થાય.
૨. 'આ' એટલે ('ભય' વિગેરે) સર્વ દુઃખનો નાશ કરવો તે. (પ્ર)
૩. 'દુઃખનું મૂલ' એટલે ચોક્કસ દુઃખ કરાવશે એવું ચિહ્ન.
૪. કઠ ઉપનિષદમાં 'તે વિષ્ણુનું ઉત્તમ પદ છે' એમ અક્ષર બ્રહ્મને વિષ્ણુનું પદ કહેલું છે, તેમ જ અહિં ભગવાનનું 'ચરણ' કહેલ છે. તેથી માત્ર નામફેર થવાથી વ્યભિચાર થતો નથી. (પ્ર) બ્રહ્મજ્ઞાનથી એટલે અક્ષરના જ્ઞાનથી પણ ભય વિગેરે દૂર થાય છે, પણ 'અક્ષર' એ જ ભગવાનનું ચરણ હોવાથી, આ શ્લોકમાં સ્વરૂપ બ્રહ્મ છે એમ સિદ્ધ કરવા જે અનુમાન કર્યું તેમાં વ્યભિચાર હેત્વાભાસ નથી એવો અર્થ છે.

'એમ હોય, તો બધા કેમ ભજતા નથી ?' એવી શંકા થાય, તે પહેલાં અમુક પ્રકારનું રૂપ૧ હોવાથી દુષ્ટોના સંગવાળા (ભજતા નથી), એમ દૂર કરેલી હોવા છતાં ફરીથી સામાન્ય રીતે નીચેના શ્લોકથી દૂર કરે છે :

**દૈવેન તે હતધિયો ભવતઃ પ્રસંગાત્સર્વાશુભોપશમનાદ્વિમુખેન્દ્રિયા યે ।।**
**કુર્વન્તિ કામસુખલેશલવાય દીના લોભાભિભૂતમનસોઽકુશલાનિ શશ્વત્ ।।૭।।**

સર્વ અશુભનો નાશ કરનારા આપના પ્રસંગથી જેમની ઈન્દ્રિયો વિમુખ છે, (અને) જે લોભે વશ કરેલ મનવાળા કંગાલો થોડા કામના સુખની કણકા માટે સદા અકુશલ (કર્મો) કરે છે, તેઓની બુદ્ધિ દૈવે હણેલી છે. ૭.

આપના પ્રસંગથી જેમની ઈન્દ્રિયો વિમુખ છે, તેઓ દૈવે એટલે પ્રાચીન કર્મે હણેલી છે બુદ્ધિ જેમની તેવા છે. વિષય સર્વથી ઉત્તમ હોવા છતાં, વિચાર કરનાર (જીવ[૨])ને (આપ) સર્વ ઈચ્છેલું આપનાર હોવા છતાં (અને તેના) આત્મા હોવા છતાં પણ, જેઓ ભજતા નથી, તેઓ ભજતા ન હોવામાં ગ્રહણ કરનાર ઈન્દ્રિયો અને પ્રેરણા કરનારી બુદ્ધિનો જ દોષ હોવાનો નિશ્ચય થાય છે. તે પૈકી પ્રેરણા કરનારી બુદ્ધિ દૈવે હણેલી છે. (૧) દૈવ તે બુદ્ધિનું જ ભગવદિચ્છારૂપ આધિદૈવિક છે એમ કેટલાક કહે છે. (૨) બ્રહ્મવાદ પ્રમાણે પ્રવાહની વ્યવસ્થા કરનાર કર્મ જ તે (દૈવ) છે. અધિકાર આપેલો કાલ પોતાના અધિકારમાં પડેલો તે જીવ ભગવાનના પ્રસંગથી જૂદા પ્રકારનો[૩] ન થાય તે માટે તેની બુદ્ધિનો નાશ કરે છે. (૩) બીજાઓ કાલ જ (દૈવ છે) એમ કહે છે. ત્રણે મત પ્રમાણે તેઓ (જીવો) પોતે દોષવાળા નથી. પહેલાં

તો તેઓનો દોષ કહેલો. આ (તેમનો દોષ ન હોવાનું) કારણ તરીકે જણાવીને, પછી પોતાની (તેમના ઉપર) દયા જણાવી, તેઓના ઉપર વસ્તુતઃ ભગવાનની કૃપા માટે પ્રાર્થના કરશે. પ્રસંગ એટલે વાર્તા. બધાએ (ભગવાનના) સંબંધવાળી કથા ઘણી સાંભળે છે, તેનાથી પણ (આ લોકો) વિમુખ રહે છે. બીજાની કથામાં જો પ્રસંગને લીધે ભગવાનની કથા આવે, તો ત્યાંથી જતા રહે છે, અથવા (તેમને) ઉંઘ આવે છે, અથવા તેમનું ચિત્ત બીજે જાય છે એવો અર્થ છે. તેઓની બુદ્ધિ દૈવે હણેલી છે એમ સિદ્ધ કરવા, 'સર્વ અશુભનો નાશ કરનારા' વિશેષણથી ભગવાનના પ્રસંગના ગુણો કહે છે. તેઓએ ખરેખર બીજા સાથેના પ્રસંગને લીધે ઘણુંએ પાપ કરેલું, તે બધું પ્રસંગથી[૪] જતું રહે, ફલ આપવા તત્પર થએલ કર્મનું થતું અશુભ ફલ પણ શાંત થઈ જાય, અને પોતાની અંદર રહેલી અવિદ્યા પણ મોટા અગ્નિમાં (પડેલાં) લીલાં લાકડાંની પેઠે પોતાની અંદર જ શાંત થઈ જાય. 'ઈન્દ્રિયો' શબ્દથી (એમ જણાવ્યું છે કે) તેઓ પણ ઘણી દુષ્ટ હોવાથી, ઈન્દ્રિયો પણ સ્વભાવથી ભગવાનને સન્મુખ થાય તેવી નથી[૫]. તેથી પ્રવાહમાં પડેલા આ જીવો કામ અને લોભથી ઘેરાએલા છે, એમ ઉત્તરાર્ધથી કહે છે. ઈચ્છેલા થોડા સુખની કણકા માટે તેઓ કંગાલ થઈ અકુશલ કર્મો કરે છે. પાંચે ઈન્દ્રિયોથી ભોગ થઈ શકે તે કામનું સુખ પૂર્ણ છે. એક ઈન્દ્રિયથી ભોગ થઈ શકે તેવું તે સુખ થોડું છે. તેનો 'લવઃ' ઘણો અલ્પ ભાગ(કણકા),–જેમ કામિનીને પ્રસન્ન કરવા ઘણું ભારે પાપ કરે છે–તે માત્ર એક ક્ષણ ભોગ થઈ શકે તેવો છે.

'સુખ પ્રાપ્ત કરવા તેમ કરવું યોગ્ય છે' એવી શંકા થાય, તેથી 'કંગાલો' વિશેષણ યોજેલું છે. કંગાલપણું ભોગ કરનારનું વિશેષણ છે. તેથી કંગાલપણું હોય ત્યારે સ્વતંત્રપણું ન હોવાથી, તે (ભોગ કરવાની) ક્ષણે પણ દુઃખ થવાનું પ્રસિદ્ધ છે, તેથી ભોગ થતો નથી. 'છતાં પણ અભિમાનથી ભોગ થાય' એવી શંકા થાય, તેથી 'લોભે વશ કરેલ મનવાળા' વિશેષણ કહેલું છે. લોભે મન વશ કરેલું હોવાથી, 'મેં ફોકટ જ દ્રવ્ય ખરચ્યું' એવો પશ્ચાત્તાપ થતો હોવાથી, અભિમાનથી પણ ભોગ થતો નથી. 'ન' નથી 'કુશલં' કુશલ જેને લીધે, એવી વ્યુત્પત્તિવાળા 'અકુશલ' શબ્દથી એમ સૂચવેલું છે કે હતું તેવું કુશલ પણ જતું રહે છે. ૭.

૧. 'અમુક પ્રકારનું રૂપ' એટલે દુષ્ટોના સંગવાળા હોવાપણું. (પ્ર) 'હાથ પગ વિગેરે ઈન્દ્રિયોવાળું પુરુષનું રૂપ' એવો અર્થ હોવાનું જણાય છે.
૨. માત્ર સંબંધ દર્શાવવા છઠ્ઠી વિભક્તિ (ચોથીના અર્થમાં) યોજેલી છે. (પ્ર)
૩. 'જૂદા પ્રકારનો' એટલે ભગવદીય, એવો અર્થ જણાય છે.
૪. 'પ્રસંગથી' એટલે (ભગવાનની) કથા વિગેરેના પ્રસંગથી. (પ્ર)

૫. ઉલટી ઈન્દ્રિયો ભગવાનથી વિમુખ હોય છે. (પ્ર)

નીચેના શ્લોકમાં તેવાઓ ઉપર કૃપા માટે પ્રાર્થના કરતાં પોતાની દયા હોવાનું કહે છે :

**ક્ષુત્તૃટ્ત્રિધાતુભિરિમા મુહુરર્દ્યમાનાઃ શીતોષ્ણવાતવર્ષૈરિતરેતરાચ્ચ ।।**
**કામાગ્નિનાઽચ્યુત રુષા ચ સુદુર્ભરેણ સંપશ્યતો મન ઉરુક્રમ સીદતે મે ।।૮।।**

હે મોટા ડગ ભરનાર ! ભૂખ તરસ તથા ત્રણ ધાતુઓથી, ટાઢ તાપ વાયુ તથા વરસાદથી, અને એક બીજાથી, કામરૂપ અગ્નિથી અને સહન થઈ ન શકે તેવા ક્રોધથી વારંવાર પીડાતી આ પ્રજાઓને જોતાં, હે અચ્યુત! મારું મન ખિન્ન થાય છે.૮

હે મોટા ડગ ભરનાર ! મારાથી ઉત્પન્ન થનારી તરીકે જણાએલી આ પ્રજાઓ અસ્વતંત્ર છે, તેમનું સ્વરૂપ જોતાં મારું મન ખિન્ન થાય છે, પારકાનું દુઃખ જોઈને દુઃખી થાય છે, એવો અર્થ છે. ('હે મોટા ડગ ભરનાર !' એ) સંબોધનથી તે (દુઃખ) દૂર કરવાનું સામર્થ્ય સૂચવેલું છે. આ જ પ્રાર્થના છે. બાર પ્રકારના રોગોથી ઘેરાએલો બાર પ્રકારનો પુરુષ કોઈપણ અંશથી સુખી થતો નથી. તે દૂર થઈ ન શકે તેવા બાર દોષો 'ભૂખ' વિગેરે શબ્દોથી કહેલા છે. (૧।૨) ભૂખ અને તરસ સહન થઈ શકે તેવાં નથી એ પોતાના અનુભવથી સાબિત થએલ છે. (૩।૪।૫) વાત, પિત્ત અને કફ એ ત્રણ ધાતુઓ પણ તેવી જ છે. 'વારંવાર પીડાતી' એટલે ઘણા પ્રકારે ઉપાય કરતી હોવા છતાં (પીડાતી). (૬।૭।૮।૯) ટાઢ વિગેરે ચાર પણ તેવાં છે. (૧૦) એક બીજાથી પણ દુઃખ થાય છે. 'ઈતરેતર' 'એક બીજા' વિગેરે શબ્દો અનિયમિતરૂપના હોવાથી, એક (શબ્દ) બાકી રહેતો નથી; તેમ જ (તે) સર્વનામ નથી. 'ચ' 'અને' શબ્દ હોવાથી તેમના (એક બીજાના) શસ્ત્રોથી પણ (પીડાય છે). (૧૧) કામ તૃપ્ત થતો નહિ હોવાથી અગ્નિરૂપ છે. 'અગ્નિથી સ્વરૂપનો નાશ જ થશે' એવી શંકા થાય, તેથી સ્વરૂપનું રક્ષણ કરવા, 'હે અચ્યુત' એવું સંબોધન કરેલું છે. (૧૨) કેટલાક ક્રોધ અચ્યુત (નાશ ન પામે તેવો) છે એમ કહે છે. જેનો કોઈપણ સમયે નાશ થતો નથી તેવો ક્રોધ છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી લોભ વિગેરેથી પણ (પ્રજા પીડાય છે). એક ક્ષણ પણ તે સહન થઈ શકે તેમ નથી, અને તેનો ઉપાય (કરવાનું) સદા અશક્ય છે એમ 'સહન થઈ ન શકે તેવા' વિશેષણથી કહેલું છે. તેથી (પ્રજાઓ) દુઃખી છે. અર્થ અલૌકિક હોવાથી 'સીદતે' ખિન્ન થાય છે ક્રિયાપદ આત્મનેપદવાળું યોજેલું છે. ૮.

''ત્યારે જ્ઞાનના ઉપદેશથી તે પ્રજાઓને કેમ કૃતાર્થ કરતા નથી ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**યાવત્પૃથક્ત્વમિદમાત્મન ઈન્દ્રિયાર્થમાયાબલં ભગવતો જન ઈશ પશ્યેત્ ।।**
**તાવન્ન સંસૃતિરસૌ પ્રતિસંક્રમેત વ્યર્થાઽપિ દુઃખનિવહં વહતી ક્રિયાર્થા ।।૯।।**

હે ઈશ ! જ્યાં સુધી ભગવાનનું ઈન્દ્રિયોના અર્થરૂપ માયાનું બલ જેમાં છે તેવું આત્માનું 'આ' એવું જૂદાપણું જન જૂએ, ત્યાં સુધી કર્મરૂપ મૂલવાળો દુઃખનો સમૂહ લાવતો આ સંસાર વ્યર્થ હોવા છતાં અટકતો નથી. ૯.

જ્યાં સુધી આત્મા જૂદો હોવાનું જૂએ, ત્યાં સુધી જ્ઞાનનો ઉપદેશ કરવામાં આવે તો પણ સંસાર અટકતો નથી. 'જ્યાં સુધી' એ શબ્દથી (સંસારની) હદ કહેલી છે. વચ્ચે (વચલા સમયમાં) દુઃખ દૂર થાય તે માટે પ્રાર્થના (કરેલી છે). 'આ' શબ્દથી આત્માનું જૂદાપણું જણાવેલું છે. હરકોઈ (વસ્તુ)ને જ્યાં સુધી 'આ (વસ્તુ)' એમ માને ત્યાં સુધી (તેનાથી આત્માનું) જૂદાપણું હોય છે. ભગવાનનું સાયુજ્ય (થાય ત્યારે) જ એનો અંત આવે છે. બ્રહ્મભાવ પણ તે જ[૧] છે. દેહ ધારણ કરવાથી અને (દેહ) ન હોવાથી (સંસાર અને તેનો અંત થાય છે એવો) બીજો મત તો સંપૂર્ણ રીતે અયોગ્ય[૨] છે. 'ઈન્દ્રિયોના અર્થરૂપ માયાનું બલ જેમાં છે' એ વિશેષણથી આ આત્માથી જૂદા હોવાપણું દર્શાવે છે. ઈન્દ્રિયોના અર્થરૂપ ભગવાનની માયાનું બલ છે જેમાં તેવો 'આ' (સંસાર) છે. વચ્ચે ઉત્પન્ન થએલા પદાર્થો માયિક જ છે, અને ઈન્દ્રિયોના જ માટે ઉત્પન્ન કરેલા છે. ભગવાનની[૩] પેઠે જ્યારે ઈન્દ્રિયો અહંકારથી લોકનું હિત કરવા પ્રવૃત્તિ કરે છે, ત્યારે ભગવાનની આજ્ઞાથી ભગવાનની માયા સ્વરૂપભૂત[૪] પદાર્થો ઉત્પન્ન કરે છે. તેથી 'ભગવાનના' એવું વિશેષણ પણ[૫] (કહેલું છે). વિશેષણ સાથેના (નામ)નો[૬] ભગવાન્ સાથે સંબંધ કહેલો છે; કારણ કે તે (માયા) આધાર (બ્રહ્મ)નું જ્ઞાન થાય ત્યારે દૂર થાય છે, પરંતુ તે (તેવું જ્ઞાન) જેમ ન થાય તેવી રીતે, બુદ્ધિશાસ્ત્ર વિગેરેથી ઘણો મોહ ઉત્પન્ન કરીને ઘણું જ બલ કરે છે. તેનાં બલનું આ જ દૃષ્ટાંત છે કે જો આ (જૂદાપણું) દેખાય તો (તે માયાનું) બલ છે. (તે) ભગવાનની હોવાથી[૭] ભગવાનની કૃપાથી હઠે છે એમ જણાવેલું છે. (જૂદાપણું) દેખાવાનું કારણ 'જન' શબ્દથી કહેલું છે. જો જન્મે છે–શરીર ગ્રહણ કરે છે, તો આ જૂએ છે, એવો નિયમ જ છે. 'શા માટે એમ જન્મે છે ?' એવી શંકા થાય, તેથી 'હે ઈશ !' એ સંબોધન કરેલું છે, જ્યારે 'હું ઈશ થાઉં' એવી ભગવાનની ઈચ્છા થાય ત્યારે શાસન કરવાના (પદાર્થ)ની જરૂર હોવાથી, જન્મ લે છે, એવો અર્થ છે. 'સંસૃતિઃ' એટલે સંસાર, ઘણા પ્રકારે દેહનો ત્યાગ અને ગ્રહણ કરવું તે. 'આ' એટલે સર્વ તરફ દેખાતો. (સંસારનું) 'પ્રતિસંક્રમઃ' અટકવું' એટલે ઉલટા વહેવું. 'મરણને પાત્રનો અન્નમાં લય થાય છે' વિગેરે પ્રકારથી તે ભગવાનનું સાયુજ્ય પ્રાપ્ત કરાવશે. તે (સંસારનું અટકવું) (આત્માનું જૂદાપણું જૂએ) ત્યાં સુધી થતું નથી. 'સંસારનું મૂલ શું અને પ્રયોજન શું અને તે કેમ અટકતો નથી ?' એવો પ્રશ્ન થાય, તેથી કહે છે કે

સંસારનું મૂલ કર્મ છે. તે (અર્થ) 'કર્મરૂપ મૂલવાળો' વિશેષણથી કહેલો છે. (તેનું) પ્રયોજન તો નથી જ. તે (અર્થ) 'વ્યર્થ હોવા છતાં' શબ્દોથી કહેલો છે; અથવા 'વ્યર્થા' એટલે 'વિઃ' કાલ, તે જ 'અર્થઃ' 'અર્થ' છે (જેનો, તેવો સંસાર છે). કાલના પ્રયોજનવાળો સંસાર, વચલા (સમય)માં દુઃખનો સમૂહ લાવતો, દુઃખનો પ્રવાહ થયા કરે તે માટે જ રહેલો છે; અને ક્યારેય પણ દૂર થતો નથી. તેથી બીજ પ્રયોજન અને પેટા-પ્રયોજન[૮] હોવાથી (તે) કોઈપણ સમયે દૂર થતો નથી એવો અર્થ છે. ૯.

૧. 'તે જ' એટલે 'અમુક પ્રકારનું સાયુજ્ય જ'. (પ્ર)
૨. (જીવ દેહમાંથી) બહાર નીકળે છે તેનો વિચાર કરતાં જીવો ઘણા હોવાનું સિદ્ધ કરેલું છે. તેથી એક જ જીવ બધા દેહોમાં છે એવો આ મત શ્રુતિ અને સૂત્ર વિગેરેથી વિરુદ્ધ હોવાથી અયોગ્ય છે, એવો અર્થ છે. (પ્ર)
૩. 'ભગવાનની' એટલે ભગવાનના સંબંધવાળી હોય તેવી. (પ્ર)
૪. 'સ્વરૂપભૂત' એટલે 'સ્વરૂપ બનેલા' સ્વરૂપમાંથી થએલા, એવો અર્થ જણાય છે.
૫. ભગવાને (માયાને) આજ્ઞા કરેલી હોવાથી, 'ઇન્દ્રિયોના અર્થરૂપ' એ માયાનું વિશેષણ છે. તેથી (ભગવાનની આજ્ઞાથી માયાએ બનાવેલા ઇન્દ્રિયોના અર્થ) ભગવાનના સંબંધવાળા છે. એવો અર્થ છે. (પ્ર)
૬. 'માયાનું બલ'નામ છે. 'ઇન્દ્રિયોના અર્થરૂપ'તેનું વિશેષણ છે. 'ભગવાનનું' શબ્દથી ભગવાન નો સંબંધ એ નામ અને વિશેષણ બંને સાથે હોવાનું જણાવેલું છે એવો અર્થ જણાય છે.
૭. ભગવાનનો સંબંધ હોવાનું જણાવવાનું પ્રયોજન આ વાક્યથી કહે છે. (પ્ર)
૮. (સંસાર થવામાં) ભગવાનની ઇચ્છા બીજ છે. ('ઈશ' શબ્દથી, દર્શાવેલ) કાલ પ્રયોજન છે, અને દુઃખનો પ્રવાહ થયા કરે એ પેટા-પ્રયોજન છે એમ જણાય છે.

''અધિકારીને ગુરુની કૃપાથી વાક્યના સહકારવાળા વિચારથી આત્મા બ્રહ્મ છે એવું જ્ઞાન થાય, ત્યારે આ (સંસાર) કેમ દૂર ન થાય ? કારણ કે 'આ સર્વ આત્મા છે' 'આ સર્વ બ્રહ્મ છે' એવાં વાક્યો હોવાથી, સર્વમાંથી તેની અહંબુદ્ધિ જતી રહેલી હોય છે,'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**અહ્ન્યાપૃતાર્તકરણા નિશિ નિઃશયાના નાનામનોરથધિયા ક્ષણભગ્નનિદ્રાઃ ।।**
**દૈવાહતાર્થરચના ઋષયોऽપિ દેવ યુષ્મત્પ્રસાદવિમુખા ઇહ સંસરન્તિ ।।૧૦।।**

હે દેવ ! દિવસે જેમની ઇન્દ્રિયો કામે લાગેલી હોવાથી પીડાએલી હોય છે, રાત્રે જેઓ સૂતેલા રહે છે, જૂદા જૂદા મનોરથોના વિચારથી જેમની નિદ્રાનો ક્ષણમાં ભંગ થાય છે, દૈવે જેમની અર્થની વ્યવસ્થાનો નાશ કરેલો છે, તેવા ઋષિઓ પણ આપના પ્રસાદથી વિમુખ રહેવાથી આ સંસારમાં ભમ્યા કરે છે. ૧૦.

જેઓ પહેલાના જન્મમાં 'ઋષિઓ' એટલે આત્મા બ્રહ્મ છે એવો વિચાર કરવામાં મશ્ગુલ હતા, અને તેવો વિચાર કરતાં જ જેમના દેહનો અંત આવેલો, તેઓ

પણ આપના પ્રસાદથી વિમુખ રહેવાથી આ સંસારમાં જ ભમ્યા કરે છે. સંસારમાં પણ તેમનો ખાસ ગુણ એવો હોય છે કે 'અહ્નિ' દિવસે કામે લાગેલી (અને) તેથી જ પીડાએલી 'કરણાનિ' ઈન્દ્રિયો છે જેમની તેવા, (એને) 'નિશિ' રાત્રે સારી રીતે સૂતેલા એટલે ઘણા મોહમાં ડૂબેલા હોય છે. એ રીતે (તેમનો) સમય નકામો (જાય છે). નિદ્રાથી ઉત્પન્ન થતું પ્રાસંગિક સુખ પણ તેમને હોતું નથી, એમ 'જેમની નિદ્રાનો ક્ષણમાં ભંગ થાય છે' વિશેષણથી કહેલું છે. માત્ર ક્ષણમાં જ ભંગ થાય છે નિદ્રાનો જેમની (તેવા તેઓ હોય છે). ભંગ થવાનું કારણ 'જૂદા જૂદા મનોરથોના વિચારથી' શબ્દથી કહેલું છે. જૂદા જૂદા મનોરથોના સંબંધવાળી જે બુદ્ધિ, તે મનોરથ પ્રમાણે સ્વપ્ન જૂએ છે. તે સ્વપ્નમાં ભય વિગેરે જોવાથી, અથવા સગાંનો વિયોગ થવાથી–સ્વપ્નમાં દેખાતો પદાર્થ અસ્થિર હોવાથી–દુઃખી થએલાની નિદ્રાનો ભંગ થાય તે સ્પષ્ટ છે. 'દૈવે જ નાશ કરેલો છે અર્થની વ્યવસ્થાઓનો જેમની' વિશેષણથી તેઓની ક્રિયા પણ વ્યર્થ હોવાનું સૂચવેલું છે. જો તેઓ ભોગ કરવા ઘર વિગેરે બનાવે, તો તેનો પણ કાલથી નકામો નાશ થાય છે, એવો અર્થ છે. 'ઋષિઓ' એટલે મંત્ર જોનારાઓ. તેઓ ભગવાને કહેલા નિવૃત્તિ માર્ગનું આચરણ કરતા હોવાથી, ભગવાન્ તેઓના ઉપર પ્રસન્ન થઈ, સત્યલોકમાં અથવા આ લોકમાં (તેમને) કાંઈક પ્રસાદ આપે, ત્યારે 'આ અમારો ઈચ્છેલો નથી' એવા વિચારથી જો તેઓ તેનાથી વિમુખ[1] રહે, તો તેઓ આ સંસારમાં જ ભમ્યા કરે છે; કારણ કે તેઓ[2] મૂર્ખ હોઈ વાક્યના અર્થનો જ વિચાર કર્યા કરે છે, પરંતુ 'આ જીવને બ્રહ્મની સ્થિતિ કેમ (પ્રાપ્ત) થાય' એવી તેની યોગ્યતા વિગેરે વિચારતા નથી. તેઓ વાક્યનું તાત્પર્ય જાણતા ન હોવાથી, આ બ્રહ્માંડમાં તેમનામાં આનંદ અંશ પ્રકટ થતો નથી જ, કારણ કે (ભગવાને) સર્વ પદાર્થોમાં માયારૂપ પડદો પ્રસારેલો છે. તેવી જ રીતે (તેમને) ભગવાનનું સાયુજ્ય પણ (થતું નથી), કારણ કે જ્ઞાનમાર્ગ ભગવાનને વશ કરનારો ન હોવાથી (તેમનાથી) ભગવાનનું પ્રાકટ્ય થતું નથી. 'અહિં જ પ્રાણો લઈ જવામાં આવે છે' 'બ્રહ્મ જ થઈ બ્રહ્મને પ્રાપ્ત કરે છે' એમ જે તરત મુકિત થવાનું કહેલું છે, તે પણ સ્વતંત્ર ભક્તિથી ભગવાનનું સાયુજ્ય થાય ત્યારે (થાય છે). તેથી જ સર્વ વેદોના અર્થને જાણનાર વેદવ્યાસે જ્ઞાનનાં ફલ તરીકે તરત મુક્તિ થવાનું કહેલ નથી, પરંતુ બ્રહ્મ જાણનારને તેજ વિગેરેના માર્ગથી બ્રહ્મલોકમાં સ્થિતિ પ્રાપ્ત થવાનું જ અને ફરી (સંસારમાં) ન આવવાનું જ (જ્ઞાનનાં) ફલ તરીકે કહેલ છે, તે[3] જ (પ્રસન્ન થતાં) ભગવાને આપેલું ફલ છે. તે અંગીકાર કરવામાં ન આવે, તો મનને લીધે અથવા (બીજાના) સંબંધને લીધે સંસારમાં ભમવાનું જ થાય છે. તેથી બ્રહ્મના વિચારથી પણ સંસાર દૂર થતો

નથી. ૧૦.

૧. 'ઋષિઓની આવી દશા કેમ થાય ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી આ વાક્ય કહેલું છે. (પ્ર)

૨. 'શ્લોકમાંના કયા શબ્દથી આવો અર્થ નીકળે છે ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'ઋષિ' શબ્દથી જ એવો અર્થ થાય છે એમ અહિંથી જણાવે છે. (પ્ર)

૩. શ્લોકમાંના 'પ્રસાદ' શબ્દથી જણાવેલું ફલ આજ છે, એવો અર્થ છે. (પ્ર)

"એ પ્રમાણે હોય તો ભક્તોનો સંસાર પણ દૂર ન થાય. ઉત્તમ ભક્તોને પણ વિષ્ણુલોક[1] પ્રાપ્ત થાય, અથવા કૃત્રિમ વૈકુંઠમાં જવાનું થાય, કારણ કે માયારૂપ પડદો રહેલો છે. યોગથી બ્રહ્માંડનો ભેદ (થવાનું કહ્યું છે તે) તો આ ફલ પ્રાપ્ત કરવાનો પ્રકાર કહેલો છે, પરંતુ તેનો કોઈપણ અધિકારી હોવાનું સંભવતું નથી. બ્રહ્માની સાથે તો બ્રહ્માંડનો નાશ થાય ત્યારે (ફલ[2] પ્રાપ્ત થવાનું). તેથી મુખ્ય ભક્તિમાર્ગ પણ ઝડપથી પુરુષાર્થ પ્રાપ્ત કરાવે તેવો નથી," એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ત્વં ભાવયોગપરિભાવિતહૃત્સરોજ આસ્સે શ્રુતેક્ષિતપથો નનુ નાથ પુંસામ્ ।।**
**યદ્યદ્ધિયા ત ઉરુગાય વિભાવયન્તિ તત્તદ્વપુઃ પ્રણયસે સદનુગ્રહાય ।।૧૧।।**

હે નાથ ! જે પુરુષોએ શ્રવણથી આપના માર્ગની તપાસ રાખેલી છે તેમના પ્રેમના સંબંધથી શુદ્ધ થએલાં હૃદયકમલમાં આપ રહો છો. હે ઘણાથી ગવાએલા ! જેવી જેવી બુદ્ધિથી (ભક્તો આપના રૂપનો) વિચાર કરે છે તેવો તેવો દેહ ઉત્તમ અનુગ્રહ કરવા આપ પ્રકટ કરો છો. ૧૧.

'દેવ વિગેરેના સંબંધમાં પ્રેમ તે ભાવ' એ વાક્ય પ્રમાણે એકત્ર કરેલો અર્થ લેવાનો હોવાથી 'ભાવ' એટલે પ્રેમલક્ષણા ભક્તિ. પ્રેમ તો (ભગવાનનાં) માહાત્મ્યનું જ્ઞાન થવાથી જ (થાય છે). તે જ 'યોગઃ' (સંબંધ) શાસ્ત્રમાં જણાવેલા ઉપાયરૂપ છે. બીજો (ભગવાનની પ્રાપ્તિનો) કામ વિગેરેથી થએલો (ઉપાય) તો ઉપાય નથી. તેમાં[3] પ્રમેયનું બલ છે એમ કહેવામાં આવશે[4]. પ્રમાણ બલ પ્રમાણે તો આ જ વ્યવસ્થા છે. તેથી પ્રેમના સંબંધથી હૃદય 'પરિભાવિતં' સર્વ તરફથી શુદ્ધ થએલું થાય-જો હૃદયમાં ભગવાનનાં સંબંધવાળાં માહાત્મ્યનું પ્રથમ જ્ઞાન થઈ, (ભગવાન્ ઉપરનો) પ્રેમ (તેનો) કુદરતી ગુણ થાય-તો તે હૃદય કમલ બને છે. પ્રેમરૂપ જલની ઉપર આવેલું તે જ આપના આસન માટે ઉપયોગી કમલ થાય છે, અને તે જણાવનારૂં એ છે કે જો કોઈપણ વિષયના (પદાર્થો) સ્ફૂરે નહિ, અને જો તે (હૃદય) પણ પહેલાથી પેઠે પ્રેમથી શુદ્ધ હોય, તો ભગવાન્ તેમાં રહે છે. 'શ્રુતેન' (ભગવાનના) ગુણોના શ્રવણથી, અથવા શ્રવણ સાથેની ઈન્દ્રિયથી[5] તપાસ રાખેલી છે (આપના) માર્ગની જેણે (તેના હૃદયમાં આપ રહો છો). જ્યારે શ્રવણ બંધ થાય, ત્યારે ભગવાને (હૃદયમાંથી) બહાર

નીકળી જવાનો માર્ગ જોએલો જ છે. 'નનુ' શબ્દથી નિશ્ચય જણાવવા કોમલ સંબોધન કરેલું છે. 'હે નાથ !' સંબોધનથી યુક્તિ (જણાવેલી છે કે) ભગવાન્ તેમના પતિ છે, તે તો પત્નીના ઘરમાં રહે છે જ; પરંતુ ભેદ આટલો છે કે આ (ભગવાન્) પુરુષોના પતિ છે.

'તેમને બ્રહ્મનું સાયુજ્ય થતું નથી એમ (ઉપર) દર્શાવ્યું, ત્યારે હૃદયમાં ભગવાનની સ્થિતિનો શું ઉપયોગ ?' એવો પ્રશ્ન થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. હે ઘણાથી ગવાએલા ! ઘણાથી ગવાતા હોવાથી, અનેક પ્રકારે અનંત મૂર્તિઓ દર્શાવનાર ! તે આપનાં બ્રહ્મરૂપ વૈકુંઠરૂપ અવતારરૂપ જેવાં જેવાં રૂપનો ભક્તો વિચાર કરે છે, તેવો તેવો દેહ, તે જ (રૂપ) આપ પ્રકટ કરો છો. તેનું પ્રયોજન 'ઉત્તમ અનુગ્રહ કરવા' શબ્દથી કહેલું છે. 'સન્' ઉત્તમ અને તે અનુગ્રહ. જ્ઞાનીઓ પ્રતિ (આપ) માત્ર અનુગ્રહ (કરો છો), અહિં (ભક્તો પ્રતિ) ઉત્તમ અનુગ્રહ–અંતરાય વિનાનો અનુગ્રહ (કરો છો), ત્યારે ભક્તોની ઇચ્છા પ્રમાણે આ લોકમાં જ ભગવાન્ સાથે સાયુજ્ય વિગેરે સર્વ (તેમને) થવાનું ઘટે છે.૧૧.

૧. 'વિષ્ણુલોક' એટલે સત્ત્વના અભિમાનવાળો લોક. ( પ્ર )

૨. મુક્તિ પ્રાપ્ત થવાનું ( પ્ર ) વિષ્ણુલોક અથવા કૃત્રિમ વૈકુંઠરૂપ ફલ પ્રાપ્ત થવાનું, એવો અર્થ જણાય છે.

૩. કામ વિગેરેથી ( ભગવત્પ્રાપ્તિ ) થાય તેને ઉપાય ગણવામાં આવે તો તેમાં ( પ્ર )

૪. ( ફલ પ્રાપ્ત થવાનાં ) કારણ તરીકે કહેવામાં આવશે. ( પ્ર )

૫. શ્રવણ સાથેના મનથી અથવા કાનથી ( પ્ર ) થ

એ પ્રમાણે જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ જણાવીને સાધનો જણાવતાં, ભક્તિનાં સાધન કરતાં ભગવાનને પ્રસન્ન કરાવનારું જ્ઞાનમાર્ગનું સાધન ઉત્તમ ( સાધન ) છે એમ નીચેના શ્લોકમાં કહે છે :

**નાતિપ્રસીદતિ તથોપચિતોપચારૈરારાધિતઃ સુરગણૈર્હૃદિ બદ્ધકામૈઃ ।।**
**યત્સર્વભૂતદયયાઽસદલભ્યયૈકો નાનાજનેષ્વવહિતઃ સુહૃદન્તરાત્મા ।।૧૨।।**

દુષ્ટોને પ્રાપ્ત ન થાય તેવી સર્વ પ્રાણીઓ ઉપરની દયાથી ભગવાન્ જેવા અતિ પ્રસન્ન થાય છે, તેવા હૃદયમાં જેમણે કામનાઓ બાંધી રાખેલી છે તેવા દેવોના સમૂહોએ ઘણા ભેગા કરેલા પૂજનથી પ્રસન્ન થતા નથી, કારણ કે (તે) એકલા જૂદા જૂદા પુરુષોમાં (તેમના) મિત્ર અંતરાત્મા હોઈ સાવધાન રહેલા છો. ૧૨.

સાધનભક્તિમાં દેવો મુખ્ય અધિકારીઓ છે, અને દિવ્ય પુષ્પો વિગેરે સાધનો છે. તેમનાથી (ભગવાન્) પ્રસન્ન થતા નથી. પ્રસન્ન થવા છતાં, તેમને ઇચ્છેલું ફલ આપતા હોવા છતાં, અતિ પ્રસન્ન થતા નથી, તેનું કારણ 'હૃદયમાં

જેમણે કામનાઓ બાંધી રાખેલી છે' શબ્દોથી કહેલું છે. જો ભગવાન્ તેઓના હૃદયમાં આવીને રહે, અને તેમને પોતાના માને, તો પ્રસન્નતા તો થાય (થએલી ગણાય). ત્યાં ભગવાનનાં સ્થાન હૃદયમાં તો તેમણે બલપૂર્વક બાંધીને રાખેલો કામ જ રહેલો છે. જો કુદરતી કામ હોય, તો તો આખરે ભગવાન્ પણ તેને દૂર કરે. તે કામ બાંધેલો હોઈ કોઈકનો નાશ કરીને દૂર થાય, કારણ કે બાંધેલો (છૂટો થવા) પોતાનું સર્વસ્વ આપે છે. તેથી દૈત્યોનો વધ કરવાની ઈચ્છાથી પૂજેલા ભગવાન્ દૈત્યોનો વધ કરીને પણ પ્રસન્ન થતા નથી, તેનું કારણ 'જૂદા જૂદા પુરુષોમાં (તેમના) મિત્ર અને અંતર્યામી હોઈ સાવધાન રહેલા છે' શબ્દોથી કહેલું છે. 'ત્યારે ભગવાન્ શાથી પ્રસન્ન થાય ?' એવી શંકા થાય, 'તેથી જેવા સર્વ પ્રાણીઓ ઉપરની દયાથી' શબ્દો યોજેલા છે. 'યદ્' જેવા સર્વ પ્રાણીઓ ઉપરની દયાથી ભગવાન્ પ્રસન્ન થાય છે. સર્વ પ્રાણીઓ ઉપર સામાન્ય દયા (કહેલી છે), દરેક ઉપર જૂદી જૂદી અશક્ય હોવાથી (કહેલી) નથી. પોતાના ચિત્તમાં તેઓનું કલ્યાણ વિચારવું. (તેઓ માટે) ભગવાનની કૃપાની પ્રાર્થના કરવી, તથા શાસ્ત્રમાં મના કરેલ ન હોય તેવો દેહનો (સંબંધ રાખવો એવું) જે એક કાર્ય બધાએનું હિત કરનારું હોય તે ભગવાનની પ્રસન્નતા કરાવનારું છે. ''ત્યારે બધા તે જ કેમ કરતા નથી ? કારણ કે (તે) વળી સ્હેલાઈથી થઈ શકે તેવું છે'' એવી શંકા થાય, તેથી 'દુષ્ટોને પ્રાપ્ત ન થાય તેવી' વિશેષણ કહેલું છે. આ સર્વ પ્રાણીઓ ઉપરની દયા દુષ્ટોને પ્રાપ્ત થતી નથી જ, તેઓનાં હૃદયમાં કોઈપણ સમયે દયા ઉત્પન્ન થતી નથી, એવો અર્થ છે. આજ દુષ્ટનું ચિહ્ન છે. બંનેના[1] ત્રણ કારણો છે. (૧) (પહેલું) કારણ કે આ ભગવાન્ સાત્ત્વિક વિગેરે જૂદા જૂદા પ્રકારથી ભેદવાળા જૂદા જૂદા પુરુષોમાં 'અવહિતઃ' સાવધાન થઈ તેનામાં રહેલા છે. જો તે ભગવાન્ કોઈક સમયે જ (ત્યાં) રહેતા હોય, તો કોઈ સમયે (કરેલી તેમની) પૂજાથી પ્રસન્ન થાય; પરંતુ કોઈ સમયે તેમનો અપરાધ અને કોઈ સમયે પૂજન કરવાથી તો પ્રસન્ન થતા નથી; કારણ કે પગ ઉપર પ્રહાર કરેલો અને શિર ઉપર પૂજન કરેલો (કોઈ) પ્રસન્ન થતો નથી. (૨) વળી આ (ભગવાન્) બધાના મિત્ર છે. તેથી કોઈ સમયે પણ (કોઈનો) અપરાધ કરવાથી પણ પ્રસન્ન થતા નથી. (૩) વળી આ અંતઃકરણથી જ કરેલાં પૂજાનાં સાધનોથી પ્રસન્ન થાય છે, બહારથી (કરેલાં) સાધનોથી પ્રસન્ન થતા નથી. તેથી જે પ્રકારથી ભગવાન્ પ્રસન્ન થાય, તે જ સાધન છે. બીજું (સાધન) તો પરંપરાથી (સાધન થાય છે). જેનાથી (ભગવાન્) પ્રસન્ન થતા નથી, તે તો સાધન નથી જ, એવો નિશ્ચય છે. ૧૨.

૧. 'બંનેના' એટલે (ભગવાન્) પ્રસન્ન થવાનાં અને પ્રસન્ન ન થવાનાં (પ્ર)

નીચે આ જ ( અર્થ ) કહેતાં પહેલાં કહેલા નિર્ણયનો ઉપસંહાર કરે છે :

**પુંસામતો વિવિધકર્મભિરધ્વરાદ્યૈર્દાનેન ચોગ્રતપસા વ્રતચર્યયા ચ ।।**
**આરાધનં ભગવતસ્તવ સત્ક્રિયાર્થો ધર્મોઽર્પિતઃ કર્હિચિદ્ ધ્રિયતે ન યત્ર ।।૧૩।।**

તેથી પુરુષો યજ્ઞ વિગેરે, દાન અને ઉગ્ર તપ તથા વ્રતનું આચરણ (એ) જાતજાતના કર્મોથી આપ ભગવાનનું પૂજન કરે એ કર્મનું ઉત્તમ ફલ છે, (કારણ કે) ત્યાં (આપને) અર્પણ કરેલો ધર્મ કોઈ સમયે નાશ પામતો નથી. ૧૩.

તે કારણથી પુરુષોની ક્રિયાનું આ જ ઉત્તમ ફલ છે કે જાતજાતના લૌકિક અને વૈદિક કર્મોથી આપ ભગવાનનું પૂજન (કરવું). 'યજ્ઞ વિગેરે' શબ્દથી યજ્ઞો, કૂવા ખોદાવવા વિગેરે દેવોની પ્રસન્નતા કરાવનારાં (કર્મો) કહેલાં છે. 'દાન' શબ્દથી મનુષ્યોની પ્રીતિ કરાવનારો, 'ઉગ્રતપ' શબ્દથી પોતાની જ અથવા દેહની પ્રસન્નતા કરાવનારાં, (અને) 'વ્રતનું આચરણ' શબ્દથી અંતઃકરણની (પ્રસન્નતા કરાવનારાં કર્મો કહેલાં છે). એ રીતે લૌકિક અને અલૌકિકના ભેદથી બધાંએ કર્મો આપનાં પૂજનરૂપ અથવા તેનાં[1] કારણરૂપ થાય તો કર્મનું ઉત્તમ ફલ આપનારાં થાય, એટલે શાસ્ત્રમાં કરવાની આજ્ઞા કરેલાં કર્મોનાં ફલરૂપ થાય છે.

'ધર્મ પુરુષાર્થ હોવાથી, અથવા સંપત્તિ અને કલ્યાણ કરાવનારો હોવાથી સ્વતંત્ર ફલરૂપ છે, તેથી એમ કેમ કહો છો કે બધાં (કર્મો)થી ભગવાનનું પૂજન થાય તો (તે) ફલરૂપ છે ?' એવી શંકા થાય, તેથી 'ત્યાં (આપને) અર્પણ કરેલો ધર્મ (કોઈ સમયે નાશ પામતો નથી)' એમ કહેલું છે. 'યત્ર' ભગવાનને 'અર્પિતઃ' સમર્પણ કરેલો ધર્મ કોઈપણ સમયે 'ન ધ્રિયતે' નાશ પામતો નથી. જો ધર્મ ફલ પ્રાપ્ત કરવા અથવા સ્વતંત્ર રીતે (ભગવાનના સંબંધ વિના) (કરેલો હોય), તો 'કીર્તન કરવાથી ધર્મનો નાશ થાય છે' 'પહેલાં કરેલાં પુણ્યનો નાશ થાય છે' 'એક વર્ષનું પુણ્ય નાશ પામે છે' વિગેરે વાક્યો પ્રમાણે તેનો નાશ થવાનું શાસ્ત્રમાં કહેલું છે. જો તે (ધર્મ)થી ભગવાનનું પૂજન થાય, તો ભગવાનનાં કાર્યમાં યોજેલો (ધર્મ) ભગવાનના સંબંધને લીધે નિત્ય (નાશરહિત) થાય છે, (અને) અક્ષય ફલ આપવા માટે તે (તેવા ધર્મ)ની જરૂર હોવાથી, તેનો કોઈપણ સમયે નાશ થતો નથી. ૧૩.

૧. 'તેનાં' એટલે ( ભગવાનના ) પૂજનનાં ( પ્ર )

એ રીતે સર્વ શાસ્ત્રાર્થ કહીને, નીચેના શ્લોકથી આરંભી છ (શ્લોકો)થી ભગવાનને નમન કરે છે :

**શશ્વત્સ્વરૂપમહસૈવ નિપીતભેદમોહાય બોધધિષણાય નમઃ પરસ્મૈ ।।**
**વિશ્વોદ્ભવસ્થિતિલયેષુ નિમિત્તલીલારાસાય તે નમ ઈદં ચકૃમેશ્વરાય ।।૧૪।।**

સદા સ્વરૂપના તેજથી જ જેમણે ભેદ અને મોહનો લય કરેલો છે, જેમની

જ્ઞાનમાં જ બુદ્ધિ છે, વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ અને લયનાં નિમિત્ત બનેલી લીલામાં જેમને રસનો સમૂહ છે તેવા નિયામક આપ આ ઈશ્વરને અમે નમન કરીએ છીએ. ૧૪.

આ[1] બ્રહ્માની પહેલાનાં ભગવાનનાં નમન કરવા યોગ્ય છ રૂપો છે. તેમાંનું ૧. આ જ એક રૂપ શેષ ઉપર શયન કરનાર નારાયણ છે. ૨.બીજું પુરુષ ૩.ત્રીજું સર્વ તત્ત્વો સાથેનો પ્રકૃતિનો પતિ પુરુષ ૪.ચોથું કાલ ૫.પાંચમું યજ્ઞ (અને) ૬.છઠ્ઠું પુરુષોત્તમ. તે પૈકી હૃદયમાં દેખાતા આ સ્વરૂપને તેના આવશ્યક ગુણો કહેતાં નમન કરે છે, (અને) કદાચ આ પોઢતું સ્વરૂપ મોહરૂપ હશે એવી શંકા થતાં, તેમાં મોહ વિગેરે નથી એમ કહે છે. અથવા[2] આ રૂપ અક્ષર (બ્રહ્મ) છે. પોઢતું સ્વરૂપ તો આગળ બે શ્લોકોથી કહેશે.

'શશ્વત્' સદા 'સ્વરૂપમહસૈવ' નિરંતર પ્રકાશતા પોતાના તેજથી જ સંપૂર્ણ રીતે લય કરેલો છે ભેદ અને મોહનો જેણે તેવું (આ રૂપ છે). ભેદ અને મોહ એ બે જ જીવપણું (પ્રાપ્ત) કરાવનારા છે. જીવ (બ્રહ્મથી) વિખૂટો અને મોહ પામેલો હોય છે. તેથી (આ સ્વરૂપમાં) દોષ ન હોવાથી, (તે) જીવથી જૂદા પ્રકારનું હોવાનું કહેલું છે. 'જેમની જ્ઞાનમાં જ બુદ્ધિ છે' વિશેષણથી ગુણને લીધે (જીવથી) જૂદા પ્રકારનું હોવાનું કહેલું છે. જ્ઞાનમાં જ છે 'ધિષણા' બુદ્ધિ જેમની તેવું (આ છે). જીવોની બુદ્ધિ તો જડરૂપ છે, તેથી જ (આ) 'પરસ્મૈ' નિયામકને (નમસ્કાર કરીએ છીએ). અહિં નમન કરવાનું કારણ નિયામક હોવાપણું છે. એ પ્રમાણે સ્વરૂપ કહીને, (આનું) કાર્ય કહે છે કે વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લયમાં નિમિત્ત બનેલી જે લીલા, તેનાથી 'રાસઃ' ક્રીડા છે જેમની, અથવા તેમાં રસનો સમૂહ છે જેમને, (તેવું આ છે). તે અક્ષરરૂપ આપ જ છો, બીજો (કોઈ) નથી, એમ કહેતાં 'આપ આને અમે નમન કરીએ છીએ' શબ્દોથી નમસ્કાર કરે છે. સાષ્ટાંગ નમસ્કાર કરતાં 'ઈદમ્' 'આ' એમ આ (રૂપ) દેખાડે છે. 'અમે (નમન) કરીએ છીએ' શબ્દથી એમ જણાવે છે કે (મારી) પોતાની અંદર રહેલા બધાએ જીવો સાથે હું નમન કરું છું. બોધ પ્રાપ્ત કરવા આ નમન છે એમ જણાવવા 'ઈશ્વરને' શબ્દ યોજેલો છે, (કારણ કે) તેજ સર્વ (કરવા) શક્તિવાળા છે. તેમ ન થાય, (ઈશ્વર બોધ ન કરે), તો તેમની કૃપા વિના જીવ (બ્રહ્મા) તેમનું (સૃષ્ટિ રચવાનું) કાર્ય કેવી રીતે કરે ? ૧૪.

૧. 'આ' એટલે ચાર મુખવાળા (પ્ર)

૨. (શેષ ઉપર) પોઢેલા સ્વરૂપની કથા ચાલતી હોવાથી, આ પોઢેલાં સ્વરૂપનું પહેલાં વર્ણન કરે છે એમ સ્વીકારીને, અહિં જે લક્ષણો (વિશેષણો) કહેલાં છે તેના બલથી આ અક્ષરરૂપ છે એવો જૂદો મત જણાવે છે. આ મત પ્રમાણે પોઢેલું સ્વરૂપ (બે શ્લોકોથી કહેલ હોવાથી), તેનાં બે રૂપ

ગણવામાં આવે, તો પાંચ જ સ્વરૂપ થાય. (પ્ર)

**નીચેના શ્લોકમાં પુરુષને નમન કરતાં, પુરુષના બધાએ અવતારોને નમન કરે છે. અથવા**[1]**, ગયા શ્લોકમાં ભગવાનનાં સામાન્ય રૂપનું વર્ણન કરીને (તેમને) નમન કર્યું. જૂદા જૂદા તો છ ઉત્તમ રૂપો છે. તે પૈકી પહેલા પુરુષ વિગેરે અવતારો છે. તેઓ જન્મેલા છે એવો કોઈકને ભ્રમ થાય, તે દૂર કરવા, નીચેના શ્લોકમાં તે (પુરુષ)ના દોષો દૂર કરતાં (તેને જ) નમન કરે છે :**

**યસ્યાવતારગુણકર્મવિડમ્બનાનિ નામાનિ યેઽસુવિગમે વિવશા ગૃણન્તિ ।।**
**તેઽનેકજન્મશમલં સહસૈવ હિત્વા સંયાન્ત્યપાવૃતમૃતં તમજં પ્રપદ્યે ।।૧૫।।**

જેમના અવતાર ગુણ અને કર્મનું અનુકરણ કરનારાં નામો, જેઓ પ્રાણ જતી વખતે નિરાધાર હોઈ બોલે છે, તેઓ અનેક જન્મનું પાપ તરત જ તજી ખુલ્લા દ્વારવાળાં બ્રહ્મને પ્રાપ્ત કરે છે, તે જન્મરહિતને હું શરણ જાઉં છું. ૧૫.

અવતારો ગુણો અને કર્મોનું 'વિડમ્બયન્તિ' અનુકરણ કરે, તેવાં- 'દેવકીનંદન ! દયાલો ! ગોવર્દ્ધનોદ્ધરણ ધીર' એવાં જે નામો, જે પ્રાણીઓ 'અસુવિગમે' પ્રાણ જતી વખતે નિરાધાર થઈને પણ બોલે છે, તેઓ પહેલાં એકઠાં કરેલાં અનેક પાપને પણ તરત જ તજી 'અપાવૃતં' ખુલ્લાં દ્વારવાળાં 'ઋતં' બ્રહ્મરૂપને પ્રાપ્ત કરે છે. એ પ્રમાણે સર્વને સર્વ પુરુષાર્થ પ્રાપ્ત થાય તેવું કાર્ય કરનારને[2] હું નમન કરું છું, એમ 'તે (જન્મરહિતને હું શરણ જાઉં છું)' શબ્દથી કહેલ છે. 'અજ' એટલે જન્મરહિત. 'તે' એટલે ગુણ અને કર્મ વિનાના[3]. એક જાતના[4] પોતાની જાતનાનો જ આદર કરે છે, તેથી ઉત્પન્ન થએલા, ગુણવાળા, કર્મ કરનારાઓને પોતાના જેવો જ ગમે, તેથી (ભગવાન્ પોતાનાં) તેવાં જન્મ ગુણ અને કર્મો દેખાડી, તેઓને મુક્ત કરાવે છે, પરંતુ તેમનાં તેવાં જન્મ ગુણ અથવા કર્મો નથી[4]. તેથી દોષવિનાના અને ગુણથી ભરપૂર દેહવાળા તેમને 'પ્રપદ્યે' હું શરણ જાઉં છું, એમ (કહે છે). **નમન અને શરણ જવાનું એક અર્થવાળાં છે. ૧૫.**

૧. ગયા શ્લોકમાં 'નિયામક' કહેલ છે તેનો અર્થ 'સંગરહિત, ઉદાસીન, એકલા' એવો કરી, જૂદો મત અહિંથી કહે છે. આ મત પ્રમાણે રૂપ જણાવનારા શ્લોકોથી આરંભી સાત છે. (પ્ર)
૨. પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારાં જે કર્મો અને ગુણો, તે કરનારને (પ્ર)
૩. તે (ગુણ અને કર્મો)નાં રૂપથી (ભગવાન્) પોતે જ પ્રકટ થાય છે, તેથી માત્ર અનુકરણ થતું હોવાથી ગુણો અને કર્મો હોતાં નથી, એવો અર્થ છે. (પ્ર)
૪ – ૪. આ ભાગથી નોટ ૩માં જણાવેલ અર્થ જ સ્પષ્ટ કરેલો છે. (પ્ર)

**એ પ્રમાણે પુરુષને૧ નમન કરીને, નીચેના શ્લોકમાં સર્વ તત્ત્વો સાથેના પુરુષને નમન કરે છે :**

**યો વા અહં ચ ગિરિશશ્ચ વિભુઃ સ્વયં ચ સ્થિત્યુદ્ભવપ્રલયહેતવ આત્મમૂલમ્ ।।**
**ભિત્ત્વા ત્રિપાદ્વવૃધ્ધ એક ઉરુપ્રરોહસ્તસ્મૈ નમોભગવતે ભુવનદ્રુમાય ।।૧૬।।**

જે આત્માના મૂલને ભેદીને જગતની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયના કારણરૂપ હું અને શંકર અને વિષ્ણુ પોતે (એમ) ત્રણ ચરણવાળા થઈ વધ્યા, (અને) એકલા ઘણા વધ્યા તે ભુવનવૃક્ષરૂપ ભગવાનને નમસ્કાર. ૧૬.

જે ભગવાન્ ત્રણ ચરણવાળા થઈ વધ્યા, તે ભુવનવૃક્ષરૂપને નમસ્કાર, એવો વાક્યનો સંબંધ છે. ત્રણ ચરણો કહે છે ૧. હું બ્રહ્મા, 'ચ' 'અને' શબ્દથી જણાવેલાં તપ વિગેરે. ૨.'ગિરિશઃ' શંકર 'ચ' 'અને' શબ્દથી જણાવેલા અધર્મ વિગેરે. ૩. 'વિભુઃ' શક્તિવાળા પાલન કરનાર વિષ્ણુ[2] પોતે. 'ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયના કારણરૂપ' શબ્દથી આમનાં કાર્યો કહેલાં છે. જે પુરુષ જ 'વૈ' નિશ્ચય આ ત્રણ થઈ, ત્રણ ચરણવાળા થઈ, આત્માના મૂલ એટલે પ્રકૃતિને ભેદીને મહત્ (તત્ત્વ) વિગેરે રૂપથી, અથવા મરીચિ વિગેરેના રૂપથી વધ્યા, 'ઉરવઃ' ઘણી વૃદ્ધિઓ છે જેમની તેવા થયા. (તેમને નમસ્કાર) તેમની વૃદ્ધિ નીચે અને ઉપર થએલી છે. બ્રહ્માંડની અંદર નીચે પૃથ્વી વિગેરે, કશ્યપ વિગેરે થએલા છે. ઉપર આવરણો (થયા છે). એ પ્રમાણે ભુવનવૃક્ષરૂપ સર્વ શબ્દોથી જણાતા ભગવાન્ કલ્પવૃક્ષ છે, તેમને નમસ્કાર. ૧૬.

૧. 'પુરુષને' એટલે અક્ષરરૂપ બીજા પુરુષને ( પ્ર ) વિરાટ્ પુરુષને, એવો અર્થ જણાય છે.
૨. અહિં પણ 'ચ' 'અને' શબ્દ છે તે ધર્મ જણાવનારો જાણવો. ( પ્ર )

**નીચેના શ્લોકમાં કાલરૂપ (ભગવાન)ને નમન કરે છે :**

**લોકો વિકર્મનિરતઃ કુશલે પ્રમત્તઃ કર્મણ્યયં ત્વદુદિતે ભવદર્ચને સ્વે ।।**
**યસ્તાવદસ્ય બલવાનિહ જીવિતાશાં સદ્યચ્છિનત્ત્યનિમિષાય નમોડસ્તુ તસ્મૈ ।।૧૭।।**

આ લોક નિંદિત કર્મમાં મશ્ગુલ (અને) આપે કહેલા આપના પૂજનરૂપ (તથા) પોતાના (ધર્મરૂપ) કલ્યાણકારી કર્મમાં ગફલતવાળો થાય છે, તેટલામાં જે બલવાન નજીકના સમયમાં તરત જ આના જીવનની આશાનો નાશ કરે છે તે કાલને નમસ્કાર હો. ૧૭.

'વિકર્મ' એટલે નિંદિત કર્મ, તેમાં (લોક) મશ્ગુલ રહે છે, માત્ર તેમાં જ રચ્યોપચ્યો રહે છે, એવો અર્થ છે. કલ્યાણકારી ધર્મમાં ગફલતવાળો રહે છે. 'મારામાં મન રાખ, મારો ભક્ત થા' (ભ.ગી. ૧૮।૬૫) વિગેરે આપે કહેલાં કર્મમાં ઘણો જ, 'ભવદર્ચને' આપની પૂજારૂપ (કર્મ)માં, તથા 'સ્વે' પોતાના ધર્મરૂપ (કર્મ)માં સંપૂર્ણરીતે ગફલતવાળો હોય છે. તે (લોક)ની જીવનની આશાનો પણ જે નાશ કરે છે (તેને નમસ્કાર હો). 'તાવત્' એટલે (તે લોક) નરક પ્રાપ્ત કરે તે પહેલાં (જીવનની આશાનો નાશ કરે છે), અને પછી નરકમાં પણ નાખે છે એવો અર્થ છે. 'ઈહ' એટલે

નજીકના સમયમાં, ભગવાનનો અપરાધ કરીને જે મોટો પણ (થએલ) હોય, તેને પણ મારી નાખે છે, એમ જણાવવા 'બલવાન' વિશેષણ કહેલું છે. (કાલ) તેવો ઉપાય કરે છે કે તે જીવતો હોવા છતાં જીવનની આશાનો ત્યાગ કરે છે. એવી રીતના અલૌકિક કાલરૂપ (ભગવાન)ને નમસ્કાર. ૧૭.

નીચેના શ્લોકમાં યજ્ઞરૂપ (ભગવાન)ને નમન કરે છે :

**યસ્માદ્બિભેમ્યહમપિ દ્વિપરાર્ધધિષ્ણ્યમધ્યાસિતઃ સકલલોકનમસ્કૃતં યત્ ।।**
**તેપે તપો બહુસવોऽવરુરુત્સમાનસ્તસ્મૈ નમો ભગવતેऽધિમખાય તુભ્યમ્ ।।૧૮।।**

જેને સર્વ લોકોએ નમસ્કાર કરેલ છે તેવાં બે પરાર્ધ (વર્ષ) સુધીના આસન ઉપર બેઠેલો હું પણ જેનાથી ભય પામું છું, (અને) જેને પ્રાપ્ત કરવા મેં ઘણા યજ્ઞો કરી તપ કરેલું છે તે આપ યજ્ઞના આધિદૈવિક ભગવાનને નમસ્કાર. ૧૮.

(૧) યજ્ઞની પ્રવૃત્તિ કરાવનારો યજ્ઞરૂપ અને (૨) લૌકિક એવો કાલ બે પ્રકારનો છે. તે પૈકી લૌકિક (કાલ) ઉપર કહ્યો. હવે (આ શ્લોકમાં) યજ્ઞરૂપ (કાલ) કહે છે. 'એકસો જન્મો સુધી પોતાના ધર્મમાં રચ્યોપચ્યો રહેનાર પુરુષ બ્રહ્માનું સ્થાન પ્રાપ્ત કરે છે, અને ત્યાર પછી મને પ્રાપ્ત કરે છે' એ વાક્ય પ્રમાણે જે એક હજાર અશ્વમેધરૂપ યજ્ઞરૂપ (ભગવાને) મને બ્રહ્માના સ્થાન ઉપર બેસાડેલો છે, અને હમણાં પણ ઘણાં યજ્ઞો અને તપો કરીને હું તેમને (તેમનું સ્થાન) જ પ્રાપ્ત કરવા ઈચ્છું છું એટલે તેમનું સાયુજ્ય જ ઈચ્છું છું. એ રીતે જો કે તે (યજ્ઞરૂપ ભગવાન્) મારું પ્રિય કરનારા છે, છતાં પણ 'તે (મને) મારશે' એવા વિચારથી હું તેમનાથી ભય પામું છું. જો કે હું બે પરાર્ધ (વર્ષ) સુધીના આસન ઉપર બેઠેલો છું – તે આસનની સ્થિતિની હદ બાંધનારા બે પરાર્ધ (વર્ષો) છે–(હું) જેનાં આસનનો સમય પણ (એવો) મુકરર કરેલો છે, (અને) હું પણ તેવો મુકરર કરેલા સમયવાળો છું–છતાં પણ ઈશ્વરની ગતિ જાણી શકાય તેવી નહિ હોવાથી હું ભય પામું છું જ. જો કે મારું આસન સર્વ લોકોએ નમસ્કાર કરેલું હોવાથી મોટું છે, છતાં પણ (ઈશ્વર) મહાન હોવાથી તે (મારો) ત્યાગ ન કરે તે માટે મને ભય (રહે છે). સ્વભાવથી જ હું 'બહુસવઃ' ઘણા યજ્ઞો કરનારો છું, છતાં પણ તપ કરું છું. એ રીતે સમીપ ન જઈ શકાય તેવા આપ, યજ્ઞના અધિષ્ઠાતા દેવને નમસ્કાર. ૧૮.

નીચેના શ્લોકમાં પુરુષોત્તમને નમસ્કાર કરે છે :

**તિર્યઙ્મનુષ્યવિબુધાદિષુ જીવયોનિષ્વાત્મેચ્છયાऽऽત્મકૃતસેતુપરીપ્સયા યઃ ।।**
**રેમે નિરસ્તરતિરપ્યવરુદ્ધદેહસ્તસ્મૈ નમો ભગવતે પુરુષોત્તમાય ।।૧૯।।**

વિષયોનો નિગ્રહ કરેલ હોવા છતાં પણ જે પોતાની ઈચ્છાથી પોતે કરેલી

મર્યાદાનું પાલન કરવા હલકાં પ્રાણીઓ, મનુષ્યો, દેવો વિગેરે જીવોની યોનિમાં દેહ ધારણ કરી રમણ કરે છે તે ભગવાન્ પુરુષોત્તમને નમસ્કાર. ૧૯.

હલકાં પ્રાણીઓ, મનુષ્યો અને દેવો (અનુક્રમે) તામસ રાજસ અને સાત્ત્વિક[1] દેહવાળા છે; તે વિગેરે બીજા પણ ત્રણ પ્રકારના (જીવો) છે. 'જીવોની યોનિમાં' જીવોની ઉત્પત્તિના સ્થાનોમાં 'આત્મેચ્છયા' પોતાની ઈચ્છાથી જ દેહ ધારણ કરીને, લીલા માટે દેહ જેમણે સ્વીકારેલો છે તેવા થઈને, 'આત્મકૃતસેતુપરીપ્સયા' પોતે કરેલી મર્યાદાનું પાલન કરવા જે રમણ કરે છે; મનુષ્યો વિગેરેને પોતાની સમાન કરીને, પોતે રચેલા ધર્મનું રક્ષણ કરવા માટે જ શ્રીકૃષ્ણ સ્વરૂપ ધારણ કરીને હલકાં પ્રાણીઓ વિગેરે હરકોઈમાં, વિષયોનો નિગ્રહ કરેલો હોવા છતાં જે રમણ કરે છે–આવા (પુરુષોત્તમને નમસ્કાર). (આ) અક્ષરથી પણ ઉત્તમ છે. લોકને બોધ કરવા, લોકની દષ્ટિએ એ રીતે દેહ ધારણ કરવાનું કહેલું છે. અથવા 'અવરુદ્ધાઃ' નિગ્રહ કરેલો છે 'દેહાઃ' દેહોનો જેમણે તેવા (પુરુષોત્તમ છે). તેમને વિષયોની ઈચ્છા પણ નથી, દેહ પણ નથી, છતાં પણ સ્વરૂપથી જ આનંદરૂપ હોઈ રમણ કરે છે. ૧૯.

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'તામસરાજસસાત્ત્વિકદેહાઃ' પાઠ લીધો છે.

નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી કારણ અને કાર્યની અવસ્થાનાં બે સ્વરૂપના વર્ણનથી નારાયણને નમસ્કાર કરે છે :

**યોઽવિદ્યયાઽનુપહતોઽપિ દશાર્ધવૃત્ત્યા નિદ્રામુવાહ જઠરીકૃતલોકયાત્રઃ ।।**
**અન્તર્જલેઽહિકશિપુસ્પર્શાનુકૂલાં ભીમોર્મિમાલિનિ જનસ્ય સુખં વિવૃણ્વન્ ।।૨૦।।**

જે દશના અર્ધ કાર્યવાળી અવિદ્યાના અંતરાય વિનાના હોવા છતાં, લોકના સમૂહને (પોતાનાં) ઉદરમાં રાખી, જનને સુખ સમજાવતાં, ભયંકર મોજાંઓની હારવાળા જલની અંદર સર્પની શય્યાના સ્પર્શને લીધે સુખ કરનારી નિદ્રા કરે છે (તેમને નમસ્કાર. શ્લો.૨૧) ૨૦.

જે દશનાં અર્ધ કાર્યવાળી એટલે પાંચ કાર્યવાળી અવિદ્યાના અંતરાય વિનાના હોવા છતાં નિદ્રા કરે છે (તેમને નમસ્કાર); કારણ કે કોઈપણ પોતાનું વિસ્મરણ થયા વિના નિદ્રા કરવા યોગ્ય નથી. 'પાંચ કાર્યવાળી' એમ કહેવાનું હતું ત્યાં 'દશના અર્ધ કાર્યવાળી' એવું વચન વિદ્યા અને અવિદ્યા સરખા વિભાગોવાળી છે એમ જણાવવા (કહેલું છે). જેમ વિદ્યાએ સાહાય્ય ન કરવા છતાં પણ જાગે છે, એવી રીતે અવિદ્યાથી થતા અંતરાય વિનાના રહીને પણ નિદ્રા કરે છે; તેથી ભગવાનમાં વિદ્યા અને અવિદ્યાનાં કાર્ય (થતાં) નથી; પરંતુ તે (કાર્ય) જેવી લીલા હોય છે એમ

જણાવવા (એવું વચન કહેલું છે). વળી ઉદરમાં રાખેલો છે લોકનો સમૂહ જેમણે તેવા છે. બધાએ લોકોને પોતાનાં ઉદરમાં રાખી શયન કરે છે. જેમ લોકને સ્વપ્ન થાય છે, તેમ અત્યારે આમનામાં (નારાયણમાં) લોકો છે. આજ નિદ્રા સાથે સ્વપ્ન કરનારા છે. તેથી સ્વપ્નમાં કાર્ય કરવા છતાં પણ માયિક જ કાર્ય કરે છે. જો હમણાં પણ નિદ્રામાં રહેલા જ કાર્ય કરે તો ભવિષ્યમાં ઉત્પન્ન થનારું કાર્ય પણ–તેનું મૂલ અસત્ હોવાથી–બી વિનાના ફલનાં વૃક્ષની પેઠે અસત્ જ થાય. વળી જે ૨ભયંકર મોજાંઓની હારવાળા જલની અંદર સર્પની શય્યાના સ્પર્શને લીધે સુખ કરનારી નિદ્રા કરે છે, (તેમને નમસ્કાર); કારણ કે કોઈપણ જલમાં સૂતું નથી, તેમાં પણ મોજાંઓને લીધે ખળભળતાં (જલ)માં (સૂતું નથી), તેમાં પણ સર્પના દેહ ઉપર સૂવું એ તામસી અવસ્થા છે. જલમાં સૂવાનું સંપૂર્ણ રીતે અયોગ્ય છે. ખળભળાટવાળા સ્થલમાં શયન ઘણો શ્રમ સૂચવનારું છે, અને સર્પ ઉપર શયન મૃત્યુના કારણોની પણ દરકાર કર્યા વિના શયન (કરવાનું) સૂચવનારું છે. 'શા માટે એવા પ્રકારે શયન કરે છે ?' એવી શંકા થાય, તેથી 'જનને સુખ સમજાવતાં' એમ કહેલું છે. 'જનને' એટલે જન્મ લેનારને, આવી સ્થિતિ જો હોય તો સુખ થાય છે, એમ લોકને 'વિવૃણ્વન્' સમજાવતાં (શયન કરે છે). તેથી જો (તે) આમ જ રહ્યા હોય ત્યારે જો સૃષ્ટિ થાય, તો જે ઉત્પન્ન થાય તેમને મોક્ષ વિગેરે (પ્રાપ્ત) થવાનું ન બને; તેથી આ અવસ્થાનો ત્યાગ કરવાની પ્રાર્થના કરવાના વિચારથી (બ્રહ્માએ) આ અવસ્થાનું એ પ્રમાણે વર્ણન કરેલું છે. ૨૦.

નીચેના શ્લોકમાં સૃષ્ટિના આરંભમાં તેમની કાર્ય કરવાની અવસ્થા કહે છે :

**યન્નાભિપદ્મભવનાદહમાસમીડ્ય ! લોકત્રયોપકરણો યદનુગ્રહેણ ।।**
**તસ્મૈ નમસ્ત ઉદરસ્થભવાય યોગનિદ્રાવસાનવિકસન્નલિનેક્ષણાય ।।૨૧।।**

હે સ્તુતિ કરવા યોગ્ય ! જેમની નાભિરૂપ કમલના ભવનમાંથી હું (ઉત્પન્ન) થયો, જેમની કૃપાથી (હું) ત્રણ લોકરૂપ ઘરવખરીવાળો થયો, તેવા આપ, જેમના ઉદરમાં જગત્ રહેલું છે અને યોગનિદ્રાના અંતે જેમનાં કમલ જેવાં નયનો વિકસે છે તેમને નમસ્કાર. ૨૧.

જેમની નાભિરૂપ કમલના ભવનમાંથી હું બ્રહ્મા (ઉત્પન્ન) થયો, તેમને નમસ્કાર, એવો (વાક્યનો) સંબંધ છે. ''(નારાયણ) પિતા હોવાથી, નમન જ કરવું જોઈએ. સ્તુતિનું શું પ્રયોજન ?'' એવી શંકા થાય, તેથી 'હે સ્તુતિ કરવા યોગ્ય !' એવું સંબોધન કરેલું છે. જે સ્તુતિ કરવા યોગ્ય છે, તેમની સ્તુતિ કરીને જ કાંઈપણ કરવું જોઈએ. જેમ પુરુષનો ઘડો વસ્ત્ર વિગેરે ઘરવખરી છે. તેમ ત્રણ લોક જેની ઘરવખરી છે તેવો (હું છું). (મારી) આવી સ્થિતિ તેમની કૃપાથી જ થઈ છે. એમ

'જેમની કૃપાથી' શબ્દથી કહેલ છે. જેમની કૃપાથી (હું) ત્રણ લોકરૂપ ઘરવખરીવાળો થયો, એવો સંબંધ છે. તેવા 'તે' આપને નમસ્કાર. નમન કરવાનું પ્રયોજન 'જેમના ઉદરમાં જગત્ રહેલું છે' વિશેષણથી કહેલું છે. બધુંએ વિશ્વ તેમના ઉદરમાં રહેલું છે. તે જો (તે) આપે, તો સૃષ્ટિ થાય એવો (અર્થ છે). ''ત્યારે સૂતેલાને નમસ્કાર (કરવા) યોગ્ય નથી'' એવી શંકા થાય, તેથી 'યોગનિદ્રાના અંતે જેમનાં કમલ જેવા નયનો વિકસે છે' એમ કહેલું છે. યોગનિદ્રાના અંતે વિકસતાં છે કમલનાં જેવાં બે નયનો જેમના (તેવા છે). યોગનિદ્રા સૃષ્ટિના જેવી કોઈ એક શક્તિ છે. બંને સરખા કાલવાળી (સરખા સમય સુધી રહેનારી) બેનો છે. તે (યોગનિદ્રા) પ્રલય સમયે ભગવાનમાં રહે છે. (પ્રલયના) આરંભની ક્ષણે તેના પહેલા અંશનો (ભગવાનને) સંબંધ થાય છે, (અને) પ્રલયના અંતે તો તેના છેલ્લા અંશને (ભગવાનનો સંબંધ હોય છે). આ જ તે (પ્રલય)નો અંત છે. તેથી આ નિદ્રાના અંતનો સમય છે, તેથી (અત્યારે) નમન કરવું યોગ્ય છે, એવો અર્થ છે. ૨૧.

એ રીતે નમન કરીને, નીચેના શ્લોકથી આરંભી ચાર (શ્લોકો)થી પોતાના ઈચ્છેલા પદાર્થો માટે પ્રાર્થના કરે છે. (૧) (બ્રહ્માને) સૃષ્ટિ રચવા ભગવાને ઉત્પન્ન કરેલ હોવાથી, તેનો બીજામાં અધિકાર નથી, અને સૃષ્ટિ[૧] (રચવા)માં પદાર્થોનાં જ્ઞાનની જરૂર છે. તેમ (જ્ઞાન) ન હોય, તો જ્ઞાન અને બુદ્ધિનો સંબંધ[૨] કરી જ ન શકાય અને (જગત્ કેમ રચાય તે) જાણીને કરવું જોઈએ. (૨) વળી ચિત્ત ભગવાનનાં ચરિત્રમાં પરોવાએલું હોય તે જરૂરી છે, કારણ કે ભગવાનને ઉપયોગમાં આવે તેવી સૃષ્ટિ રચવાની છે. (૩) વેદો ભૂલાય નહિ તે પણ જરૂરી છે. તેમ થાય (વેદો ભૂલાય), તો પાપીએ કરેલું કાર્ય પુરુષાર્થ (પ્રાપ્ત કરવા) માટે ઉપયોગી ન થાય. (૪) વળી કાર્યમાં ઉપયોગી થાય તે માટે સંતોષ રાખીને શોક દૂર કરવાની પણ જરુર છે. તેથી ચાર વર માટે (બ્રહ્મા) પ્રાર્થના (કરે છે). તે[૧] પૈકી આરંભમાં નીચેના શ્લોકથી ભગવાનનાં જ્ઞાનનો પોતાને સંબંધ થાય તેવી પ્રાર્થના કરે છે, કારણ કે પહેલાં (તેમનામાં) સૃષ્ટિ (રચવા)નું સામર્થ્ય હોવા છતાં, બુદ્ધિના ઉદ્વેગને લીધે તેની સ્ફૂર્તિ થતી ન હતી, અને (તેથી) પ્રતિકૂલ (જગત્) થાય (રચાય) :

**સોઽયં સમસ્તજગતાં સુહૃદેક આત્મા સત્ત્વેન યન્મૃડયતે ભગવાન્ ભગેન ।।**
**તેનૈવ મે દૃશમનુસ્પૃશતાદ્યથાહં સ્રક્ષ્યામિ પૂર્વવદિદં પ્રણતપ્રિયોઽસૌ।।૨૨।।**

સર્વ જગતના મિત્ર, એકલા, આત્મા તે આ ભગવાન્, ભગરૂપ સત્ત્વથી જે (જગત્) ને સુખી કરે છે તેનાથી જ-હું જેમ પહેલાંની પેઠે આ (જગત્) રચું તે પ્રકારે-મારી દૃષ્ટિનો સ્પર્શ કરો. પ્રણામ કરનાર જેમને પ્રિય છે તેવા આ છે. ૨૨.

તે આ ભગવાન્ જે સત્ત્વથી જગત્‌ને સુખી કરે છે, તેનાથી જ મારી દૃષ્ટિનો સ્પર્શ કરો, એવો (વાક્યનો) સંબંધ છે. (ભગવાન્) બધાનું હિત કરનારા હોવાથી, આદર વિનાના રહેતા ન હોવાથી અને આવશ્યક હોવાથી, ભગવાનનું જ્ઞાન સૃષ્ટિ (રચવા)માં જરૂરી છે. તે માટે 'સર્વ જગત્‌ના મિત્ર, એકલા, આત્મા' એવા ત્રણ વિશેષણો કહેલાં છે. (ભગવાન્) એકલા હોવાથી સર્વને સમાન, એક સ્વભાવવાળા છે, એવો અર્થ છે. 'આત્મા' હોવાથી (સર્વને) જરૂરી છે. 'યત્' જે કારણથી 'સત્ત્વેન' જ્ઞાન અને સુખનાં કારણ બનેલ સત્ત્વગુણથી 'મૃડયતે' સુખી કરે છે, અથવા 'યત્' એટલે (જે) પ્રસિદ્ધ (જગત્‌ને સુખી કરે છે, તેથી મારી દૃષ્ટિનો સ્પર્શ કરો). જગત્ રચવાનું સ્પષ્ટ હોવાથી[3] કહેલું નથી. 'ભગરૂપ' શબ્દથી એમ કહેલું છે કે તે સત્ત્વ ભગરૂપ એટલે ઐશ્વર્ય વિગેરે (ભગવાનના) છ ગુણોરૂપ છે, 'તેનાથી મારી દૃષ્ટિનો સ્પર્શ કરો' એમ ઐશ્વર્ય વિગેરે છ ગુણોની પ્રાર્થના કરી, 'તેથી શું ?' એવો પ્રશ્ન થાય, તેથી 'હું જેમ પહેલાની પેઠે રચું' એમ કહેલું છે. ઉદ્વેગ, અજ્ઞાન અને વિષમપણું જશે, ત્યારે પહેલાંની પેઠે (જગત્) રચીશ . આટલું (બધું ભગવાન્) કેમ આપશે ? એવી શંકા થાય, તેથી 'પ્રણામ કરનાર જેમને પ્રિય છે તેવા આ છે' એમ કહેલું છે. આ 'પ્રણતપ્રિયઃ' પ્રણામ કરનાર જેમને પ્રિય છે તેવા છે. પ્રિય હોય તેને બધુંએ આપવામાં આવે છે. આ (ભગવાન્) જ આવા છે, બીજો કોઈ (આવો) નથી, એવો અર્થ છે. ૨૨.

૧..૧. જે જે પદાર્થની જરૂર છે, તે તે સ્પષ્ટ કરી તેને માટે પ્રાર્થના કરેલી છે એમ આ ભાગથી કહે છે. (પ્ર)

૨. જ્ઞાન ભગવાનના સંબંધવાળું સત્ત્વરૂપ છે, તેનો ભગવદીય સર્વ પદાર્થો અને ભગવાનના સ્વરૂપનું પોતાને જ્ઞાન થાય ત્યાં સુધી સંબંધ કરાવવો એટલે બુદ્ધિમાં તે જ્ઞાન ઉતારવું તે (પ્ર)

૩. જગત્ સુખી કરવાનું કહ્યું, પણ રચવાનું કહ્યું નથી, તેનું કારણ આથી જણાવ્યું.

નીચેના શ્લોકમાં (પોતાનું) ચિત્ત ભગવાનના ચરિત્રમાં પરોવાએલું રહે તે માટે પ્રાર્થના કરે છે :

**એષ પ્રપન્નવરદો રમયાऽऽત્મશક્ત્યા, યદ્યત્કરિષ્યતિ ગૃહીતગુણાવતારઃ ॥**
**તસ્મિન્સ્વવિક્રમમિદં સૃજતોऽપિ ચેતો યુઞ્જીત કર્મશમલં ચ યથા વિજહ્યામ્ ॥૨૩॥**

શરણ આવેલાને વર આપનાર આ (ભગવાન્) ગુણાવતાર ધારણ કરીને પોતાની શક્તિ રમા વડે જે જે કરે છે તેમાં (તેમનાં) પોતાના પરાક્રમરૂપ આ (જગત્) રચતાં પણ જે પ્રકારે કર્મના પાપનો હું ત્યાગ કરું તેવી રીતે (મારું) ચિત્ત પરોવાએલું રહો. ૨૩.

જો ચિત્ત ભગવાનનાં ચરિત્રમાં પરોવાએલું ન હોય, તો અહંકાર થવાથી ગર્વ

થાય, ગફલતને લીધે કઠોર કાર્ય કરવાથી દોષ અને નાશ થાય. સત્ત્વના અંશથી કરેલું, અથવા જ્ઞાન સાથેના (સત્ત્વના અંશ)થી અથવા અમુક પ્રકારના (તેના) વિભાગથી કરેલું ચરિત્ર તેવો આનંદ ઉત્પન્ન કરતું નથી. તેથી બ્રહ્માનંદરૂપ 'રમયા' લક્ષ્મીથી–(પોતાથી) જૂદી નથી એમ જણાવવા પોતાની શક્તિરૂપ (લક્ષ્મીથી)–શરણ આવેલાને વર આપવા માટે (ભગવાન્) જે જે કરે છે, અને તે પણ પોતપોતાના અધિકાર પ્રમાણે જીવ ગ્રહણ કરે તે માટે ગુણાવતાર ધારણ કરીને કરે છે (તેમાં આ જગત્ રચતાં મારું ચિત્ત પરોવાએલું રહો). ધારણ કરેલા છે ગુણાવતારો જેમણે તેવા (થઈ ભગવાન્ કાર્ય કરે છે). ધર્મરૂપ ગુણોના અવતારો પહેલાં ૨|૭|૧ વિગેરેથી કહેલા છે. અથવા પુરુષમાં રહેલાં ભગવાનના બધા ગુણો પ્રકટ થયા તે ગુણાવતારો છે, તેમને લઈ ભગવાન્ જે જે કરશે તેવા–કાલ કર્મ અને સ્વભાવે કરેલા (પદાર્થો)થી જૂદા–ઘણાએ ભગવદીય પદાર્થો થવાના. સામાન્ય રીતે (સૃષ્ટિ) રચવાનો અધિકાર મને આપેલો હોવાથી તેમનો પણ કર્તા હું જ છું. તેથી આપના 'તસ્મિન્' તે ચરિત્રમાં આપના પરાક્રમરૂપ 'ઈદં' આ જગત્ રચતાં પણ મારું (ચિત્ત) પરોવાએલું રહો–આપનાં ચરિત્રમાં જ (મારું) ચિત્ત સદા પરોવાએલું રહો.

''જો કે કાલ વિગેરેથી થતી સૃષ્ટિમાં ગર્વ ન થાય તે માટે અને ભગવાનનું સ્મરણ રહે તે માટે ચિત્ત (ભગવાનનાં) ચરિત્રમાં પરોવાએલું રહે તે યોગ્ય છે, પરંતુ ભગવાનના (પદાર્થો)ની સૃષ્ટિમાં તેની જરૂર નથી, કારણ કે ઉપર જણાવેલા દોષો (તેમાં) સંભવતાં નથી''. એવી શંકા થાય, તો (કહીએ છીએ કે) આ (સૃષ્ટિ)માં પણ બે દોષો સંભવતા હોવાથી (ચિત્ત) ચરિત્રમાં પરોવાએલું રહે તે યોગ્ય જ છે (૧) આ (સૃષ્ટિ)માં રચાનારા (પદાર્થો) ભગવદીય હોવાથી જો જરા પણ રચના ભગવાનની ઈચ્છાથી વિપરીત રીતે થાય, તો ભગવાનનો દ્રોહ થાય, અને (૨) રચાનારા (પદાર્થો)નો શાપ લાગે. તે બંને (દોષ) દૂર થાય તે માટે (ભગવાનનાં) પોતાનાં પરાક્રમરૂપ આ (જગત્) રચતાં પણ (મારું) ચિત્ત (તેમનાં ચરિત્રમાં) પરોવાએલું રહો. વળી કર્મથી સંપૂર્ણ રીતે પાપ થાય છે, કારણ કે રચાનારા (પદાર્થો)નું સંપૂર્ણ પ્રકારે હિત થતું નથી; અને તે પાપનો હું જે પ્રકારે ત્યાગ કરું (તેવી રીતે ચિત્ત ચરિત્રમાં પરોવાએલું રહો). ૨૩.

અને રૂપસૃષ્ટિ નામને અધીન હોવાથી (પ્રજાને) કર્મનું જ્ઞાન કરાવવા માટે વેદની જરૂર હોવાથી નીચેના શ્લોકમાં વેદ જે પ્રકારે ભૂલાય નહિ તેવી પ્રાર્થના કરે છે :

**નાભિહ્રદાદિહ સતોઽમ્ભસિ યસ્ય પુંસો વિજ્ઞાનશક્તિરહમાસમનન્તશક્તેઃ ।।**
**રૂપં વિચિત્રમિદમસ્ય વિવૃણ્વતો મે મા રીરિષીષ્ટ નિગમસ્ય ગિરાં વિસર્ગઃ ।।૨૪।।**

અહિં જલમાં રહેલા જે અનંતશક્તિવાળા પુરુષની નાભિરૂપ ઉંડાણમાંથી જ્ઞાનશક્તિરૂપ હું (ઉત્પન્ન) થયો તે હું આમનું આ વિચિત્ર રૂપ વિસ્તારું, ત્યારે મારું વેદની વાણીનું ઉચ્ચારણ નાશ ન પામો. ૨૪.

અહિં જલમાં રહેલા (જે) પુરુષની નાભિરૂપ ઉંડાણમાંથી હું (ઉત્પન્ન) થયો, તે અનંતશક્તિવાળાનું જ વિચિત્ર રૂપ હું વિસ્તારું ત્યારે, મારી વાણીનું ઉચ્ચારણ વેદ 'મા રીરિષીષ્ટ' નાશ ન પામો. 'અહિં રહેલાં' શબ્દથી (એમ જણાવ્યું છે કે) ભવિષ્યમાં તિરોહિત થશે તેથી [1]પ્રશ્ન થઈ શકશે નહિં. આપ (ભગવાન્)માંથી જ હું ઉત્પન્ન થએલો હોવાથી બીજાને [1]પ્રશ્ન કરેલ નથી. (હું) જ્ઞાનશક્તિરૂપ હોવાથી (વેદો) ભૂલું તે અયોગ્ય છે. 'વિચિત્ર રૂપ (જગત્)' શબ્દથી ભૂલવાનું કારણ (કહેલું છે). 'નાભિરૂપ ઉંડાણમાંથી' શબ્દથી શોધી કાઢવાનું દુઃખ સૂચવેલું છે. 'અનંતશક્તિવાળા' વિશેષણથી ભૂલાય નહિ તેવું દાન કરવાની શક્તિ (જણાવેલી છે). 'હું' શબ્દથી એમ સૂચવેલું છે કે જે કૃપા વડે આટલી (મારી ઉન્નતિ) કરી, તે કૃપા ભવિષ્યમાં પણ ચાલુ રાખશો. 'આમનું (આ) રૂપ[2]' શબ્દોથી 'હલ લેતાં બ્રહ્મનું તેજ જતું રહે છે' એ નિયમ પ્રમાણે વેદ સ્ફૂરવાના કારણરૂપ ધર્મનો નાશ સૂચવેલો છે. વળી 'ચ' 'અને[3]' શબ્દથી ભગવાનનો અપરાધ (થવાનું સૂચવેલ છે). ('વિસર્ગઃ' એટલે) સારી રીતે વાસના[4] સાથે તે[4] જવું (બહાર નીકળવું), પ્રાયશ્ચિત્તની પેઠે નહિ. 'રિષ્' ધાતુ 'હિંસા' અર્થવાળો છે, તેનાં ઈચ્છાર્થકનું અદ્યતન ભૂતકાલનું ('રીરિષીષ્ટ') રૂપ છે. 'મા' શબ્દનો સંબંધ હોવાથી (અદ્યતન ભૂતકાલનો) 'અ' નથી. અથવા 'ૠ' ધાતુ 'ગતિ' અર્થવાળો છે, તેના આશીર્લિઙ્માં 'ૠ' ને બદલે 'રી' કરવાથી (આ) રૂપ (થએલું છે). થોડા પણ અંશથી સર્વ પ્રકારે અનિયમિતપણું છે; (કારણ કે) પાણિનિ ૬।૪।૧૧૨ પ્રમાણે ('રિ') હ્રસ્વ કરવામાં આવે તો પણ ('રી' માંનો) 'ઈ' અનિયમિત છે. પાણિનિ ૮।૨।૨૬ પ્રમાણે ('રિષ્' ધાતુનું રૂપ કરતાં) 'ષ્' નો લોપ થાય છે.

('વિસર્ગઃ' એટલે) વિવિધ ઉચ્ચાર વેદનો, અથવા બ્રહ્માનું બધુંએ વાક્ય વેદરૂપ છે. વેદના બીજા શબ્દોનું (ઉચ્ચારણ) નાશ ન પામવાનું માગ્યું નથી એમ જણાવવા 'નિગમસ્ય' વેદની વાણીનું (ઉચ્ચારણ) એમ કહેલું છે. 'વેદ (હું) ભૂલું નહિ' એમ કહેવાનું હતું, તે જે જૂદા પ્રકારે કહ્યું, તે એમ જણાવવા (કહ્યું છે) કે જેમ બીજાનાં (વચન)નું પણ સ્મરણ રહે છે તેમ (આપ ભગવાનના) વરથી માત્ર (વેદનું) સ્મરણ રહે એવી પ્રાર્થના નથી. તેથી જ 'નાશ ન પામો' એવો પ્રશ્ન[1] કરેલ છે. ૨૪.

૧. જુઓ નોટ ૫.

૨. 'આપનું આ રૂપ' એટલે 'આમનું આ રૂપ વિસ્તારું' એમ કહેલું હોવાથી શ્લોકમાં 'અસ્ય' પ્રપંચનો આકાર 'વિવૃણ્વતઃ' સારી રીતે સ્વીકારતાં, એવો અર્થ જાણવો ( પ્ર ) 'અસ્ય' શબ્દ ભગવાન્ માટે જ યોજેલો જણાય છે, કારણ કે શ્રીસુબોધિનીમાં આરંભમાં 'અનન્તશક્તેઃ વિચિત્રં રૂપં વિવૃણ્વતઃ' એમ લખેલું છે. 'ઇદમ્' સર્વનામ 'જગત્' માટે યોજેલું છે.
૩. 'વિચિત્રં' ને બદલે 'ચ ચિત્રમ્' પાઠ લઈ આવો અર્થ કરેલો છે. ( પ્ર )
૪. જગત્નું રૂપ સ્વીકારવાથી થએલ દોષ કહેલો છે. 'વાસના સહિત વાણીનો ત્યાગ થયો' એ દોષ થયો, એવો અર્થ છે. ( પ્ર ) અહિં દોષ કહેલ હોવાનું જણાતું નથી. 'વિસર્ગઃ' દોષ નથી. દોષ હોય તો તે 'મા રીરિષીષ્ટ' 'નાશ ન પામો' એમ ન કહે. 'વાસના' એટલે સ્મરણથી થતું જ્ઞાન. તેવા જ્ઞાનથી વેદનું ઉચ્ચારણ થયા કરો, નાશ ન પામો, એવો અર્થ જણાય છે.
૫. 'પ્રશ્ન'ને બદલે 'પ્રાર્થના' પાઠ હોય તેમ જણાય છે ( પ્ર ) નોટ ૧માં 'પ્રશ્ન' શબ્દ છે ત્યાં પણ એમ જ જાણવું.

**નીચેના શ્લોકમાં સંતોષ આપીને શોક દૂર કરવાની પ્રાર્થના કરે છે :**

**સોઽસાવદભ્રકરુણો ભગવાન્ વિવૃદ્ધપ્રેમસ્મિતેન નયનામ્બુરુહં વિજૃમ્ભન્ ।।**
**ઉત્થાય વિશ્વવિજયાય ચ નો વિષાદં માધ્વ્યા ગિરાઽપનયતાત્પુરુષઃ પુરાણઃ ।।૨૫।।**

તે આ ઘણા દયાળુ પુરાણ પુરુષ ભગવાન્ ઘણા વધેલા પ્રેમવાળા મંદ હાસ્યથી નયનકમલને વિકસાવતાં ઉભા થઈને વિશ્વમાં વિજય અને (અનુકૂલતા) થાય તે માટે અમારા શોકને મધુર વાણીથી દૂર કરો. ૨૫.

આ (ભગવાન્) ઉભા થઈને મધુર વાણીથી મારા શોકને દૂર કરો, એવો (વાક્યનો) સંબંધ છે. પ્રાર્થના કરેલું આપવાની (તેમની) શક્તિ હોવાનું જણાવવા 'તે' શબ્દથી ઉપર કહેલા (ભગવાન્) જણાવેલા છે. 'અદભ્રા' ઘણી છે કરુણા જેમની (તેવા તે છે). પ્રાર્થના કરેલું આપવાનું કારણ દયા જ છે. 'ભગવાન્' હોવાથી પ્રાર્થના કરવા યોગ્ય છે. 'ઘણા વધેલા પ્રેમવાળા મંદહાસ્યથી' શબ્દથી (એમ જણાવેલું છે કે) ભક્તના દુઃખનું સ્મરણ થવાથી ભગવાનની પ્રીતિ ભક્ત ઉપર ઘણી વધે છે. (ભક્તને) દુઃખ ન થાય અને (તે) શાસ્ત્રનો આગ્રહ તજે તે માટે (ભગવાન્ તેને) કાંઈક મોહ પણ (ઉત્પન્ન) કરે છે. ત્યારે કઠોરતા ન રહે તે માટે ભગવાનની જ્ઞાનશક્તિ (નયન) શીતલ જલ સાથે એટલે વિષયસુખ સાથે સંબંધમાં આવતી હોવાથી, જીવને પણ વિષયસુખનો સ્પર્શ થાય છે. તે (અર્થ) 'નયન જ કમલ' (નયન કમલ) શબ્દથી કહેલો છે. તેની 'વિજૃમ્ભા' એટલે ઉત્તમ પ્રકારનો વિકાસ. ઘણા વિકાસવાળી થએલી જ્ઞાનશક્તિ સર્વ વસ્તુઓનું સત્ય સ્વરૂપ જણાવતી સંપૂર્ણ રીતે દુઃખ દૂર કરે છે જ, અને ઉત્તમ વિકાસ કાર્યમાં[૧] પણ તે પ્રમાણે (જ્ઞાનની) ઉત્પત્તિ કરનારો છે. ઉભી થએલી જગત્ની સૃષ્ટિ આલસરહિત હોય છે, તેથી 'ઉભા થઈને' એમ કહેલું છે. 'વિશ્વમાં વિજય થાય તે માટે' એટલે સ્વભાવ વિગેરે દૂર કરીને પોતાનું ઈચ્છેલું

રચવાની ઇચ્છા (તે) વિશ્વમાં વિજય, તે વિશ્વમાં જ[2] (થાય તે માટે). 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) વિશ્વ પોતાને અનુકૂલ થાય તે માટે ( શોકને દૂર કરો ). 'નો વિષાદં' એટલે ઉપર જણાવેલા અમારા શોકને પોતાની અંદર રહેલા પ્રાણીઓના (શોક) સાથે (શોક દૂર કરો), એવા અભિપ્રાયથી 'અમારા' એમ (કહેલ છે). ઈશ્વરની આજ્ઞા કઠણ હોય છે, એવા ભયથી 'મધુર વાણીથી' એટલે સ્નેહ દર્શાવિનારાં વચનથી, એમ કહેલું છે. (ભગવાન્) પિતામહ તરીકે (સર્વને) સમાન છે, એમ જણાવવા 'પુરાણપુરુષ' એમ કહેલું છે. (૧) નયનકમલનો વિકાસ અને (૨) વાણી, વિશ્વમાં વિજયરૂપ ઇચ્છેલું પ્રાપ્ત થવામાં અને શોક દૂર કરવામાં કારણ છે, પરંતુ એક ( પહેલું ) કર્તામાં[3] પ્રવેશ કરી તે અલૌકિક મારફત તે બંને[4] ( કાર્ય ) કરે છે, અને બીજું[5] તો લૌકિક મારફત ( કરે છે ). કાર્યમાં મશ્ગુલ થએલા ( ભગવાન્ ) આ સર્વ કરશે કે નહિ તેવો સંદેહ થવાથી, તે પુરુષોત્તમની સ્થિતિવાળા છે એમ 'પુરાણ' વિશેષણથી કહે છે. ૨૫.

૧. 'કાર્યમાં' એટલે 'વ્યક્તિઓના વર્ગમાં' ( પ્ર )
૨. 'વિશ્વમાં જ' એટલે 'સર્વમાં જ' ( પ્ર ) વિશ્વ રચવામાં જ, એવો અર્થ જણાય છે.
૩. 'કર્તામાં' એટલે 'ચાર મુખવાળા ( બ્રહ્મા )માં' ( પ્ર )
૪. ઇચ્છેલાંની પ્રાપ્તિ અને શોક દૂર કરવાનું ( પ્ર )
૫. 'બીજુ' એટલે 'વાણી' ( પ્ર )

(૧) (બ્રહ્માએ) પોતાના માટે બધી પ્રાર્થના કરી તેથી, (૨) બ્રહ્મકલ્પની પેઠે ભક્તિને લીધે નમ્રતા હોવાને લીધે (અને) (૩) ઘણા સમય સુધીના ભોગને લીધે મધ્યે અપરાધ (થયાનો) સંભવ હોવાથી, નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી ત્રણ ગુણોથી થએલ અંતરાય જણાવતાં (ભગવાને) ઘણા સમય પછી (તેમને) ઉત્તર આપ્યો, એમ (મૈત્રેય) કહે છે :

**સ્વસંભવં નિશામ્યૈવં તપોવિદ્યાસમાધિભિઃ ।।**
**યાવન્મનોવચઃ સ્તુત્વા વિરરામ સ ખિન્નવત્ ।।૨૬।।**

તપ વિદ્યા અને સમાધિથી પોતાના પિતાને એ પ્રમાણે જાણી, મન અને વાણી ચાલ્યાં ત્યાં સુધી સ્તુતિ કરીને તે ખેદ પામેલાની પેઠે અટક્યા. ૨૬.

તપથી, ઉપાસનાથી અને સમાધિ સુધીના યોગથી બ્રહ્માને જેટલું ભગવાન્ સંબંધી જ્ઞાન થયું (તેટલા) 'સ્વસંભવં' પોતાના પિતાને 'એ પ્રમાણે' એટલે ઉપર કહેલા પ્રકારથી 'નિશામ્ય' જાણીને, પોતાના મનની જેટલી શક્તિ હતી તેટલી કલ્પના કરીને, વાણીથી જેટલું બની શક્યું તેટલી સ્તુતિ કરીને, ભગવાન્ શાંત રહેતાં 'આ કસમય છે કે શું ?' એવો સંદેહ કરીને, (બ્રહ્મા) પોતે પણ શાંત રહ્યા. ભગવાનને

પ્રસન્ન મુખવાળા જોઈને અને પહેલાંનો (બ્રહ્માનો) ખેદ પણ ચાલુ રહેવાથી 'ખેદ પામેલાની પેઠે અટક્યા' એમ કહેલું છે. જેમ જેમ બ્રહ્મા સ્તુતિ કરતા ગયા, તેમ તેમ ભગવાનનું તેમને (જ્ઞાન થતું ગયું, તેથી છેવટે જ્ઞાન) (થયાનું[1]) પણ કહેલું છે. ૨૬.

૧. 'નિશામ્ય' 'જાણી' શબ્દથી કહેલું છે. (પ્ર)

મધ્યે ભગવાનનો વિચાર પણ (ઉત્તર આપવાના) સમયમાં વિલંબ થવાનું કારણ થયો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**અથાભિપ્રેતમન્વીક્ષ્ય બ્રહ્મણો મધુસૂદનઃ ।।**
**વિષણ્ણચેતસં તેન કલ્પવ્યતિકરામ્ભસા ।।૨૭।।**
**લોકસંસ્થાનવિજ્ઞાન આત્મનઃ પરિખિદ્યતઃ ।।**
**તમાહાગાધયા વાચા કશ્મલં શમયન્નિવ ।।૨૮।।**

પછી બ્રહ્માના અભિપ્રાયનો નિશ્ચય કરીને તે કલ્પનો નાશ કરનાર જલથી ખેદ પામેલા ચિત્તવાળા, પોતાને માટે લોકોની બરાબર સ્થિતિનું જ્ઞાન થાય તે માટે દુઃખી થતા તેમને મધુસૂદને (તેમનું) દુઃખ દૂર કરતા હોય તેમ અગાધ વાણીથી (નીચે પ્રમાણે) કહ્યું. ૨૭ – ૨૮.

'પછી' શબ્દથી કાલના વિલંબને લીધે પછીપણું (જણાવેલું છે.) (બ્રહ્મા) પોતાની સમાન જ્ઞાન અને ઐશ્વર્ય (પ્રાપ્ત કરવાની) પ્રાર્થના કરે છે એવો (તેમનો અભિપ્રાય હોવાનો ભગવાને) 'અન્વીક્ષણં' નિશ્ચય કર્યો, અથવા તે (પોતાની સમાન જ્ઞાન અને ઐશ્વર્ય) આપવામાં આવે તો સમય જતાં (બ્રહ્મા) દુષ્ટતા કરશે નહિ, એવો નિશ્ચય (કર્યો). 'બ્રહ્માના' શબ્દથી તે અધિકારી હોવાનું (જણાવેલું છે), તેથી (તે) તેવી પ્રાર્થના કરે તો પણ અપરાધ થતો નથી. 'મધુસૂદન' નામથી એમ (જણાવ્યું છે કે) ભગવાન્ તેમનું હિત કરે તે સ્વાભાવિક છે. જેમ દુઃખ દૂર કરે છે, તેમ ઈચ્છેલું પ્રાપ્ત કરાવે છે, એવો અર્થ છે. 'ખેદ પામેલા ચિત્તવાળા' વિશેષણથી (બ્રહ્મા ઉપર) દયા જણાવેલી છે. બ્રહ્મા અધિકારી હોવાથી અને તેમનાથી (સૃષ્ટિ રચવાનું) થઈ શકે તેવું હોવાથી સાધનનો ઉપદેશ જ (કરવાનો છે). 'તે' એટલે ઉપર જણાવેલ ભગવાન્ વિનાનું (જલ). (જલ) ભગવદીય હોત, તો તેમને (બ્રહ્માને) ઉદ્વેગ ન થાત, અને ભગવાનનાં કાર્યમાં (તે) અનુકૂલ થાત. ભગવદીય ન હતું એમ જણાવવા 'કલ્પનો નાશ કરનાર જલથી' એમ કહેલું છે. કલ્પનો 'વ્યતિકરઃ' નાશ, તે કરાવનાર જલથી (બ્રહ્મા ખેદ પામેલા ચિત્તવાળા થએલા). તેથી હવે પછીનું ભગવાનનું ચરિત્ર તેમનું દુઃખ દૂર કરનારું પણ છે, એમ જણાવવા આ કહેલું છે. ૨૭.

અને આ (બ્રહ્માનું) દુઃખ પોતાને માટે હતું. ભગવાનનાં કાર્ય માટે જે દુઃખ હતું તે તો (ભગવાન્) પોતે જ દૂર કરે છે એમ અઠ્ઠાવીસમાં શ્લોકમાં કહે છે. લોકોનું

બરાબર સ્થાન, એટલે જેમ ઉપયોગી થાય તેવી રીતે દેહ વિગેરેમાં સ્થિતિ, તે વિષયના જ્ઞાન માટે પોતાના જ કારણથી 'પરિખિદ્યતઃ' સર્વ તરફથી ( બ્રહ્મા ) દુઃખ પામતા હતા. સાધન કરવાથી કાર્ય સિદ્ધ થાય છે, એમ જાણવામાં છે જ. સાધન કર્યા વિના જ કાર્ય સિદ્ધ કરવા ઈચ્છનાર દુઃખી થાય છે જ. તપ પણ તરત જ બંધ કર્યું, તેથી ભગવાને ( ઉત્તર આપવામાં ) વિલંબ કર્યો. તે કારણથી જ સૂતેલા જ ભગવાન્ પ્રકટ થએલા. તે ( બ્રહ્મા ) તો તે[1] કર્યા વિના જ ઉતાવળા થઈ, સ્તુતિ અને પ્રાર્થના કરી શાંત રહ્યા. આવા પણ તેમને ભગવાને કહ્યું ( ઉત્તર આપ્યો ). ભગવાનની વાણી 'અગાધ' છે, કારણ કે તેમનો અભિપ્રાય જણાતો નથી. બંને પ્રકારનું ( બ્રહ્માનું ) દુઃખ સાધનના ઉપદેશથી દૂર કરતા હોય, તેમ ( તેમને ઉત્તર આપ્યો ). ૨૮.

૧. 'તે' એટલે 'તપ'. ( પ્ર )

તે પૈકી આરંભમાં નીચેના શ્લોકથી આરંભી દશ શ્લોકોથી જ્ઞાન અને બુદ્ધિનો સંબંધ ( કરાવવાના વિષય )માં ઉત્તર આપે છે. ચોથી ( પ્રાર્થના )નો ઉત્તર વાક્યો ( વાણી )થી જ થાય[1] છે. બીજું ( પ્રાર્થેલું[2] ) તો વર આપવાથી જ ( પ્રાપ્ત ) થાય છે. ત્રીજું[3] ( આપવા )માં તો થોડો જ પ્રયાસ છે. તેથી પરિકર સાથે પહેલું[4] ( પ્રાર્થેલું ) જ પ્રાપ્ત કરાવે છે.

**આલસ્યાભાવતપસી ભગવજ્જ્ઞાનસાધને ।।૪।।**
**સર્વત્રાઽન્વીક્ષણં ચૈવ જ્ઞાનેનૈવ મલક્ષતિઃ ।।**

આળસનો અભાવ અને તપ ( એ ) બે ભગવાનનું જ્ઞાન પ્રાપ્ત કરાવનારાં છે, અને સર્વ સ્થલે ( ભગવાન્ માટે ) તપાસ કરવી, તેવું જ ( સાધન ) છે. જ્ઞાનથી જ મલનો નાશ થાય છે[5]. કા. ૪ ૧/૨

**ચરિત્રપરતા હેતુર્મલાભાવે વિચારિતઃ ।।૫।।**
**સ જ્ઞાનેનૈવ સંસિદ્ધો હ્યતસ્તત્ફલમીર્યતે ।।**

દોષ ન રહે ત્યારે (ભગવાનનાં) ચરિત્રમાં મશ્ગુલ રહેવાનું સાધન ( ભગવાને ) વિચારેલું છે. તે જ્ઞાનથી જ પ્રાપ્ત થાય છે, તેથી તેનું ફલ ( હોવાનું ) કહેલું છે[6]. કા. ૫ ૧/૨.

**સુખે હેતુશ્ચ તજ્જ્ઞાનં સ્વસંબંધવિશેષણાત્ ।।૬।।**
**ગર્વાભાવે વરદાનાન્નાન્યથેતિ નિરૂપિતમ્ ।।**

અને ગર્વ ન રહે તે માટે વર આપેલો હોવાથી, અને તે ફોકટ થએલ નહિ હોવાથી, તે[7] જ્ઞાન પોતાના (ભગવાનના) સંબંધનું ચિહ્ન હોવાથી સુખ કરનારું છે, એમ કહેલું છે. કા. ૬ ૧/૨.

**સ્વાભાવિકસ્ય દોષસ્ય નિવૃત્તિશ્ચાપ્યનુગ્રહાત્ ।।૭।।**
**મત્સ્વરૂપસ્ય વિજ્ઞાનં જાતમેવ તદેવ તત્ ।।**

વળી (ભગવાનની) કૃપાથી સ્વાભાવિક દોષ[૮] પણ દૂર થશે. મારાં (ભગવાનનાં) સ્વરૂપનું જ્ઞાન થયું છે જ. તે જ[૯] તે છે. કા. ૭ ૧/૨.

**મયા તથૈવ ચ કૃતમાવિષ્કારઃ સ્તુતૌ કૃતઃ ।।૮।।**
**મમૈવાનુગ્રહાત્સર્વમિત્યેષા ઉપસંહૃતિઃ ।।**

અને મેં તેમ જ કરેલું. સ્તુતિ કરી ત્યારે પ્રકટ થયો[૧૦]. મારી કૃપાથી જ સર્વ થાય છે એવો આ ઉપસંહાર[૧૧] (કરેલો છે). કા. ૮ ૧/૨.

**દ્વિતીયસ્યોત્તરં વેદૈશ્ચચતુર્થોઽપ્યુક્ત એવ હિ ।।૯।।**
**ભવેદિતિ કૃતં સ્તોત્રં ચરિત્રં ભક્તિહેતુકમ્ ।।**

બીજાનો ઉત્તર ચાર (શ્લોકો)થી કહ્યો[૧૨]. ચોથાનો તો કહેલો જ[૧૩] છે. તે માટે સ્તુતિ એટલે ભક્તિ ઉત્પન્ન કરનારું ચરિત્ર કરેલું[૧૪] છે. કા. ૯ ૧/૨.

**નાન્યત્ર નિયોક્તવ્યં ભક્તિર્નિત્યા ન સાધનમ્ ।।૧૦।।**

(આનો) બીજામાં ઉપયોગ ન કરવો. નિત્ય ભક્તિ સાધન નથી. કા. ૧૦.

**વેદાવિસ્મરણે હેતુર્દેહ એવ કૃતઃ પુરા ઃ ।।**
**તદાહૈકેન તેનૈતે કલાઃ શ્લોકા નિરૂપિતાઃ ।।૧૧।।**

વેદો ભૂલાય નહિ તેનું કારણ દેહ પહેલાં કરેલો જ છે. તે (અર્થ) એક (શ્લોક)થી કહેલો છે. તેથી આ પંદર શ્લોક કહેલા છે. કા. ૧૧.

તે પૈકી આરંભમાં નીચેના શ્લોકમાં આળસ ન રાખવાનું કહે છેઃ

।। શ્રીભગવાનુવાચ ।।

**મા વેદગર્ભ ગાસ્તન્દ્રીં સર્ગે ચોદ્યમમાવહ ।।**
**તન્મયાઽઽપાદિતં હ્યગ્રે યન્માં પ્રાર્થયતે ભવાન્ ।।૨૯।।**

હે વેદગર્ભ (બ્રહ્મા) ! તું આળસ ન કર, અને સૃષ્ટિ (રચવા)નો ઉદ્યમ કર; કારણ કે જેની તું મને પ્રાર્થના કરે છે, તે મેં આગળથી કરી રાખેલું છે. ૨૯.

હે વેદગર્ભ ! 'તન્દ્રીં મા ગાઃ' તું આળસ ન કર, એવો અર્થ છે. 'સર્ગે ઉદ્યમં ચાવહ' સૃષ્ટિ રચવાનો ઉદ્યમ કર. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) સાધન (કરવા)માં બુદ્ધિ રાખ. 'હું સાધન જ જાણતો નથી' એમ કહે, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. જે સાધનની તેં મને પ્રાર્થના કરી, તે મેં આગળથી જ કરી રાખેલું છે. 'હિ' 'કારણ કે' શબ્દથી (એમ જણાવ્યું છે કે) આ અર્થ યોગ્ય છે, તેમ ન હોય તો આટલે દૂર સુધી[૧૫] સાધનની પરંપરા ન થાય. તેથી સાધન તૈયાર હોવાથી, આળસ તજવી

જોઈએ, એવો ભાવ છે. ૨૯.

૧. બ્રહ્માએ ચાર પદાર્થો માટે પ્રાર્થના કરેલી, તે પૈકી પહેલી પ્રાર્થનાનો ઉત્તર (૨૯ થી ૩૮) દશ શ્લોકોથી આપે છે. ચોથીનો ઉત્તર ભગવાનની વાણીથી મળે છે (શોક દૂર થાય છે) (પ્ર)
૨. 'બીજું પ્રાર્થેલું' એટલે ચિત્ત ભગવાનમાં પરોવાએલું રહે તે. (પ્ર)
૩. ત્રીજું એટલે વેદો ભૂલાય નહિ તે. (પ્ર)
૪. 'પહેલું' એટલે જ્ઞાન અને બુદ્ધિનો સંબંધ થવાનું (પ્ર)
૫. આ કારિકાથી પહેલા ચાર શ્લોકો (૨૯ થી ૩૨)નો અર્થ કહે છે. આળસ તજવી એ ૨૯માનો, તપ કર એ ૩૦માનો, સર્વ સ્થલે યુક્તિથી પરીક્ષા કરી ભગવાન્ માટે તપાસ કરવી એ ૩૧માનો અને તેનાથી દોષ દૂર કરવા એ ૩૨માનો અર્થ છે. (પ્ર)
૬. આ કારિકાથી ૩૩મા શ્લોકનો અર્થ કહેલો છે. ચિત્ત ભગવાનમાં પરોવાએલું રહેવાનું સાધન અમુક પ્રકારનું દર્શન છે. તેવું દર્શન દોષ ન હોય ત્યારે થાય એમ ભગવાને વિચારેલું છે, દોષ ન રહેવાનું જ્ઞાનથી થએલ છે. તેથી જ્ઞાનનું ફલ સ્વારાજ્ય આ શ્લોકમાં કહેલું છે. (પ્ર)
૭. 'તે' એટલે ઉપર જણાવેલ દોષ દૂર કરનારું જ્ઞાન ભગવાનના સંબંધનું ચિહ્ન હોવાથી સુખ કરનારું છે. તેનું કારણ એ છે કે બ્રહ્મકલ્પમાં ગર્વ ન રહે તે માટે ભગવાને બ્રહ્માને વર આપેલ, અને તે હજી ફોકટ થએલો નથી, એમ ભગવાનની ઉત્તમ કૃપા હોવાનું કહી જણાવેલ છે. આ કારિકાથી ૩૪મા શ્લોકનો અર્થ કહ્યો. (પ્ર)
૮. 'સ્વાભાવિક દોષ' એટલે રજો ગુણ. આ અર્ધ કારિકાથી ૩૫મા શ્લોકનો અર્થ કહ્યો. (પ્ર)
૯. બુદ્ધિનો સંબંધ કરાવવા જે જ્ઞાનની પ્રાર્થના કરી, તે જ્ઞાન જ થયું. મેં તેનો તારી બુદ્ધિ સાથે સંબંધ કરાવ્યો. એમ ૩૬મા શ્લોકનો અર્થ કહ્યો. (પ્ર)
૧૦. ૩૬મા શ્લોકમાં કહ્યું તે સિદ્ધ કરનારું કથન ૩૭મા શ્લોકમાં છે. તે આ અર્ધ કારિકાથી કહેલું છે. (પ્ર)
૧૧. આ અર્ધ કારિકાથી ૩૮મા શ્લોકનો અર્થ કહેલો છે. જ્ઞાનનો બુદ્ધિને સંબંધ કરાવવાના વિષયનો અહિં ઉપસંહાર કરેલો છે. (પ્ર)
૧૨. બીજી પ્રાર્થનાનો ઉત્તર (૩૯ થી ૪૨ સુધીના) ચાર શ્લોકોથી કહ્યો. (પ્ર)
૧૩. આશ્વાસન સર્વત્ર કરેલું હોવાથી ચોથી પ્રાર્થનાનો ઉત્તર થઈ ગયો. (પ્ર)
૧૪. (૩૯ થી ૪૨ સુધીના) ચાર શ્લોકોનું તાત્પર્ય કહેલું છે, કે જેથી ચોથી પ્રાર્થનાનો ઉત્તર કેવી રીતે કહેવાઈ ગયો તે જણાય. (પ્ર)
૧૫. 'આટલે દૂર સુધી' એટલે (ભગવાનનાં) દર્શન થયાં ત્યાં સુધી (પ્ર)

અને જ્ઞાન (પ્રાપ્ત થાય તે) માટે તપ કર, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ભૂયસ્ત્વં તપ આતિષ્ઠ વિદ્યાં ચૈવ મદાશ્રયામ્ ।।**
**તાભ્યામન્તર્હૃદિ બ્રહ્મન્ લોકાન્દ્રક્ષ્યસ્યપાવૃતાન્ ।।૩૦।।**

તું ફરી ભારે તપ કર, અને મારા સંબંધવાળું જ્ઞાન (પ્રાપ્ત) કર. હે બ્રહ્મા ! તે બેથી તું આવરણવિનાના લોકોને હૃદયમાં જોઈશ. ૩૦.

જેમ તેં પહેલાં તપ કર્યું, તેવી જ રીતે તેથી પણ ભારે તપ કરવું જોઈએ.

'પુનઃ' 'ફરીથી' શબ્દ ન યોજતાં 'ભૂયઃ' શબ્દ યોજ્યો, તેથી તેના બે અર્થો (ફરીથી, વધારે ભારે) ઈચ્છેલા છે, એમ જણાય છે. તપમાં શ્રદ્ધા રાખવી, અને મારી ઉપાસના થાય તે માટે જ્ઞાન (પ્રાપ્ત) કરવું, અને તે ઉપાસના મારી જ (થવી જોઈએ). તે બ તપ અને ઉપાસનાથી હૃદયમાં જ તું આવરણ વિનાના લોકોને જોઈશ. તેનો[1] અધિકાર દર્શાવવા 'હે બ્રહ્મા !' એવું સંબોધન કરેલું છે, કારણ કે બ્રહ્માની સ્થિતિ પ્રાપ્ત કર્યા વિના કોઈ પણ તેમાં (હૃદયમાં) લોકો જોવા યોગ્ય થતું નથી. આવરણ વિનાના મારા (લોકોને જોઈશ). બીજા તો ત્રણ પ્રકારના[2] જીવો કાલ વિગેરેથી ઘેરાએલા જ હોય છે. બધાયે જીવો આવરણ વિનાના હોય, તો (જીવો) ત્રણ પ્રકારના ન હોય, એમ કેટલાક[3] કહે છે, અથવા વાસ્તવિક રીતે બધાએ આવરણ વિનાના છે. ૩૦.

૧. 'તેનો' એટલે બ્રહ્માની સ્થિતિનો (પ્ર) બ્રહ્માનો.
૨. 'ત્રણ પ્રકારના' એટલે કાલ કર્મ અને સ્વભાવથી થએલા (જુઓ પાછલ શ્લો. ૨૩ ઉપરના શ્રીસુબોધિની). અથવા સાત્ત્વિક, રાજસ અને તામસ.
૩. આ શ્રીધરનો મત નથી (પ્ર)

**તત આત્મનિ લોકે ચ ભક્તિયુક્તઃ સમાહિતઃ ।।**
**દ્રષ્ટાઽસિ માં તતં બ્રહ્મન્ મયિ લોકાંસ્ત્વમાત્મનઃ ।।૩૧।।**

હે બ્રહ્મા ! પછી પોતામાં અને લોકમાં ભક્તિવાળો સાવધાન થઈ, (તેમાં) વ્યાપેલા મને જોઈશ અને આત્માના સંબંધવાળાની મારી અંદર લોકોને જોઈશ. ૩૧.

પછી તું પોતાને અને પ્રજાની પેઠે પોતાની અંદર (રહેલા) લોકોને જોઈને, 'આત્મા' તરીકે જ્ઞાન થવાને લીધે, પોતાના અને લોકના વિષે ભક્તિવાળો થઈશ. સ્નેહનો અંશ તો (તારામાં) છે જ, (અને) માહાત્મ્ય જોવાથી સ્નેહ અને માહાત્મ્ય ભેગાં થઈ ભક્તિ થશે. (લોકનું) આવરણ વિનાનું દર્શન થવાથી માહાત્મ્ય જાણવામાં આવશે[1], અને (લોક તારી) પોતાની અંદર રહેલાં હોવાથી સ્નેહ છે. એ રીતે (પોતામાં અને લોકમાં) બંનેમાં ભક્તિવાળો (થઈશ). તેમાં ભગવાનની સમાનતા (જણાવાનો) એક દોષ સંભવે છે. તે ન થાય તે માટે સાવધાન રહેવું[2]. આ બંને 'આત્મા' છે એવું જ્ઞાન અને ભક્તિ સ્વતંત્ર નથી, પરંતુ ભગવાનનું જ્ઞાન થાય તે માટે (થએલાં છે). તેથી (તે) જ્ઞાન ક્યારે થશે એમ (વિચારી) સાવધાન[2] (રહીશ), ત્યારે (તારી) પોતાની અંદર લોકોનાં અને લોકોની અંદર મારાં તને દર્શન થશે. જેનામાં ભક્તિ હોય તેની અંદર (લોકો) રહેલા જોવામાં આવે છે. તેથી[3] 'તે તું છે' વિગેરેનો બોધ પણ બ્રહ્મના સ્વરૂપમાં ભક્તિ થાય તે માટે છે, કે જેથી ત્યાર પછી (જેને બોધ થયો હોય) તે પોતાની અંદર જ રહેલા ભગવાનનાં દર્શન કરે[3].

"પોતાની અંદર અને લોકમાં ભક્તિ થતાં, ભગવાનનો સાક્ષાત્કાર કેમ થાય ?" એવી શંકા થાય, તેથી 'વ્યાપેલા' વિશેષણ યોજેલું છે. (ભગવાન્) સર્વમાં વ્યાપેલા છે. ચાલુ પ્રસંગમાં ઉપયોગી અધિકાર સૂચવવા માટે 'હે બ્રહ્મા !' એવું સંબોધન ફરીથી કરેલું છે. પછી મારામાં ભક્તિ થશે જ, ત્યારે તેમને જ (તે લોકોને જ) મારી અંદર રહેલા પણ તું જોઈશ, એમ 'આત્માના સંબંધવાળાની મારી અંદર (લોકોને જોઈશ)' શબ્દોથી કહેલું છે. ૩૧.

૧. લોકો પોતાના અવયવરૂપ છે એવા જ્ઞાનથી તેમનામાં સ્નેહ હોય, છતાં પણ તેમનું માહાત્મ્ય જણાતું ન હોવાથી તેમનામાં ભક્તિ કેમ થાય? એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. (પ્ર)

૨....૨. આ ભાગથી સાવધાનપણાનું સ્વરૂપ કહેલું છે. (પ્ર)

૩....૩. આ ભાગથી 'તે તું છે' એ વેદવાક્યનું સમર્થન કરનારો આ શ્લોક હોવાનું દર્શાવે છે. (પ્ર)

'એવા જ્ઞાનનું શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકથી (આરંભી) કટકે[1] કટકે જ્ઞાનનાં પ્રયોજનો કહે છે. તે સંબંધમાં લોકમાં વ્યાપેલા ભગવાનનું જ્ઞાન સર્વ દોષોને દૂર કરનારૂં છે. સર્વ ભગવાનનાં રહેઠાણ તરીકે જ જણાએલાં હોવાથી, ભવિષ્યમાં કોઈ પણ દોષ થવાનું સંભવતું નથી. 'જે મને જન્મરહિત અને આરંભરહિત (જાણે છે)' (ભ.ગી. ૧૦-૩) એ વાક્યથી ભગવાનનું જ્ઞાન થતાં સર્વ પાપોનો નાશ થવાનું સાબિત થએલું છે. તેથી પાપ દૂર કરવામાં (ભગવાન્) વ્યાપેલા હોવાનું જે પ્રકારનું જ્ઞાન જરૂરી છે, તેવા (જ્ઞાનનું) સ્વરૂપ નીચેના શ્લોકમાં કહે છે :

**યદા તુ સર્વભૂતેષુ દારુષ્વગ્નિમિવ સ્થિતમ્ ।।**
**પ્રતિચક્ષીત માં લોકો જહ્યાત્તર્હ્યેવ કશ્મલમ્ ।।૩૨।।**

જેમ કાષ્ઠોમાં અગ્નિ રહેલો છે તેમ જ્યારે લોક મને સર્વ પ્રાણીઓમાં રહેલો જૂએ, ત્યારે જ પાપથી મુક્ત થાય છે. ૩૨

જેમ કાષ્ઠોમાં અગ્નિ (છે), તેમ સર્વ પ્રાણીઓમાં વ્યાપેલા આત્માને જૂએ (ત્યારે પાપથી મુક્ત થાય છે), પરંતુ આકાશની પેઠે (જૂએ ત્યારે મુક્ત થતો નથી); કારણ કે તે (આકાશ) લોકોથી વીંટાએલ (છે અને) તે (લોક)ના માત્ર દૂર થવાથી જ દેખાય છે, પરંતુ અગ્નિની પેઠે મથન કરવાથી (દેખાતું) નથી. વળી આ[2] ઘસવાથી પ્રકટ થાય છે,તેમ યોગથી અથવા નિત્યના ચિંતનથી મન વડે આત્મા સમીપ જવાથી અને બહારથી કોમળપણું દૂર કરનાર તપથી તે[3] પ્રકટ થાય છે. (પ્રાણીઓમાં) રહેલ પહેલેથી જ હતું. બધાએ કાષ્ઠોમાંથી, તેમજ એક કાષ્ઠના પણ દરેક અવયવમાંથી નીકળેલ અગ્નિ સરખો જ[4] છે, અને તે જૂદો હોવાનું જણાવનાર પ્રમાણ ન હોવાથી એક જ છે. એ પ્રમાણે વિચાર કરીને યોગથી ભગવાનને સર્વ સ્થલે જૂએ છે.

'પ્રતિચક્ષણં' 'જોવું' એટલે પરીક્ષા કરીને જોવું. ત્યારે (એમ જોવાથી) જ બધા લોકોનું બધું પાપ દૂર થાય છે. તેથી લોકમાં પણ આ વૃત્તાંત પ્રસિદ્ધ હોવાથી, તારું પાપ દૂર થવામાં શું સંદેહ ? એવો અર્થ છે. 'ત્યારે જ' શબ્દથી વચલા (એ પ્રમાણે ભગવાનને જૂએ તે પહેલાના) સમયમાં પાપ દૂર થતું ન હોવાનું જણાવેલું છે. ૩૨.

૧. જાતજાતના સખંડ બ્રહ્મના જ્ઞાનોનાં ફલ બે શ્લોકથી કહે છે (પ્ર) જ્ઞાનનાં પ્રયોજન જૂદાં જૂદાં કહે છે, એવો અર્થ જણાય છે. અહિં સખંડ બ્રહ્મનું જ્ઞાન કહેલું જણાતું નથી, તેથી જૂદી રીતે અર્થ કરેલો છે.

૨. 'આ' એટલે 'આત્મા' (પ્ર) 'અગ્નિ' માટે 'આ' યોજેલ જણાય છે.

૩. 'તે' એટલે બ્રહ્મ. (પ્ર)

૪. એક (કાષ્ઠમાં)થી પણ નીકળેલો અગ્નિ (તેના) બધા અવયવોમાં સમાન છે, એવી (વાક્યની) યોજના છે. (પ્ર) બધા કાષ્ઠોમાંથી નીકળતા અગ્નિ સરખા છે, તેમજ એક કાષ્ઠમાંથી પણ તેના હરકોઈ અવયવમાંથી નીકળતા અગ્નિ સમાન છે એવો અર્થ જણાય છે.

બીજાં બે જ્ઞાન છે. (૧) પોતે બ્રહ્મ હોવાનું જ્ઞાન અને (૨) પોતાની અંદર પ્રજા હોવાનું જ્ઞાન. ભગવાનમાં પ્રજાઓ હોવાનું જ્ઞાન બધાએને છે, તેથી તે અહિં કહેલું નથી. બીજાં બેનું ફલ સ્વારાજ્ય છે એમ નીચેના શ્લોકમાં કહે છે :

**યદા રહિતમાત્માનં ભૂતેન્દ્રિયગુણાશયૈઃ ।।**
**સ્વરૂપેણ મયોપેતં પશ્યન્ સ્વારાજ્યમૃચ્છતિ ।।૩૩।।**

જ્યારે મહાભૂતો, ઈન્દ્રિયો, ગુણો તથા અંતઃકરણ વિનાનો (અને) સ્વરૂપથી મારી અંદર રહેલો આત્માને જૂએ ત્યારે સ્વારાજ્ય પ્રાપ્ત કરે છે. ૩૩.

મહાભૂતો, ઈન્દ્રિયો, ગુણો તથા અંતઃકરણ વિનાનો, (અને) ઔડુલોમિના મતની પેઠે ચેતનરૂપ સ્વરૂપથી મારી અંદર રહેલો આત્માને જૂએ (ત્યારે) 'સ્વારાજ્ય' એટલે સ્વરૂપાનંદનો અનુભવ અથવા પોતાની અંદર રહેલા (જીવો) ઉપરનું અધિપતિપણું પ્રાપ્ત કરે છે. ૩૩.

જો પોતાની અંદર રહેલા લોકોને પુત્રની પેઠે ઉત્પન્ન કરીશ તો તારા હૃદયમાં આળસ વિગેરે કોઈપણ દોષ ઉત્પન્ન થશે નહિ, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**નાનાકર્મવિતાનેન પ્રજા બહ્વીઃ સિસૃક્ષતઃ ।।**
**નાત્માઽવસીદત્યસ્મિંસ્તે વર્ષીયાન્મદનુગ્રહઃ ।।૩૪।।**

જાતજાતનાં કર્મો પ્રસારીને ઘણી પ્રજાઓ ઉત્પન્ન કરતાં તારા અંતઃકરણને ખેદ નહિ થાય. આ (કાર્ય)માં તારા ઉપર મારી ઘણી કૃપા છે. ૩૪.

જેમ ઘણાં કાર્ય કરનારો ઘણા કાષ્ઠો વિગેરે પ્રસારીને પોતાના ઉપયોગ પ્રમાણે સર્વ કરે છે, તેવી રીતે દેવો, હલકાં પ્રાણીઓ, મનુષ્યો વિગેરેની સ્થિતિ કરાવનારાં કર્મને પ્રસારીને યોગ્યતા પ્રમાણે જો તું પ્રજાઓ ઉત્પન્ન કરીશ, તો કર્મ

પ્રમાણે (ઉત્પન્ન) કરવાથી, તારાં 'આત્મા' અંતઃકરણને ખેદ નહિ થાય. માત્ર જ્ઞાનથી આ (કાર્ય) થશે નહિ, તેથી સાહાય્ય કરનારું બીજું કહે છે કે-આ કાર્યમાં 'તે' તારા ઉપર મારી ઘણી જ કૃપા છે[1]. એવો અર્થ છે. ૩૪.

૧. બ્રહ્મકલ્પમાં આપેલો વર હજી ચાલુ જ છે. (પ્ર)

નીચેના શ્લોકમાં તે કૃપાનું સ્વરૂપ કહેતાં, તેનું કાર્ય પણ સ્પષ્ટ કરે છે :

**ઋષિમાદ્યં ન બધ્નાતિ પાપીયાંસ્ત્વાં રજોગુણઃ।।**
**યન્મનો મયિ નિર્બદ્ધં પ્રજાઃ સંસૃજતોઽપિ તે ।।૩૫।।**

ઘણો પાપી રજોગુણ તને આદ્ય ઋષિને બંધન કરશે નહિ, કારણ કે પ્રજા ઉત્પન્ન કરતાં હોવા છતાં તારું મન મારામાં લાગેલું રહેશે. ૩૫.

ઘણો પાપી ગર્વ ઉત્પન્ન કરનારો અથવા ઉત્પત્તિ વિગેરેથી ઉદ્વેગ કરનારો રજોગુણ આદ્ય ઋષિ તને બ્રહ્માને બંધન કરશે નહિ, એવી (મારી) કૃપા છે. તેનું કારણ (કહે છે કે)-'યત્' કારણ કે તેમાં (પ્રજા ઉત્પન્ન કરવામાં) મન મારામાં લાગેલું રહેશે. ગુણોથી પર અથવા શુદ્ધ સત્ત્વવાળા ભગવાનમાં લાગેલું મન રજોગુણથી ઘેરાતું નથી. 'પ્રજા ઉત્પન્ન કરતાં' શબ્દોથી (બ્રહ્માનું) કર્મ[1] જણાવે છે. સારી રીતે અભિપ્રાય પૂર્વક પ્રજાઓ ઉત્પન્ન કરનારનું મન કર્મના સ્વભાવને લીધે રજોગુણથી ઘેરાય છે જ. જેમ કૂવાની બહાર સ્થિર ઉભા રહેલાનો કૂવામાં લટકતો પગ કોઈપણ સમયે (કૂવામાં) પડતો નથી, તેમ મારામાં લાગેલું મન કોઈપણ સમયે રજોગુણથી ઘેરાતું નથી, એવો અર્થ છે. ૩૫.

૧. 'કર્મ' એટલે '(મન) રજોગુણથી ઘેરાય તેમ કરનારું કર્મ,' એવો અર્થ છે. (પ્ર)

'આ જ્ઞાનથી પ્રાપ્ત થાય ત્યારે થાય. મને તો જે આપના સંબંધનું જ્ઞાન થએલું છે તે ખોટું જ્ઞાન છે, અથવા (આપના) સ્વરૂપનું જ્ઞાન છે' એવો સંદેહ થતાં, તે દૂર કરવા નીચેનો શ્લોક કહે છે :

**જ્ઞાતોઽહં ભવતા ત્વદ્ય દુર્જ્ઞેયોઽપિ દેહિનામ્।।**
**યન્માં ત્વં મન્યસે યુક્તં ભૂતેન્દ્રિયગુણાત્મભિઃ।।૩૬।।**

હું દેહીઓને જ્ઞાન થઈ ન શકે તેવો હોવા છતાં પણ આજે તો તને મારું જ્ઞાન થયું છે, કારણ કે તું મને (પહેલાં) મહાભૂતો, ઈન્દ્રિયો, ગુણો અને અંતઃકરણવાળો જાણતો હતો. ૩૬.

'તુ' 'તો' શબ્દ (પહેલાની) માન્યતા[1] ખોટી થયાનું જણાવે છે. 'આજે' શબ્દ પહેલાનું જ્ઞાન ખોટું હોવાનું જણાવે છે, કારણ કે પહેલા (બ્રહ્મા) એમ જાણતા કે (પોતાની) બહાર રહેલા ભગવાનને ક્રિયાથી પ્રાપ્ત કરવાના છે. ભગવાન્ (તેમની) અંદર રહેલા છે. તપ અને ભક્તિથી પ્રકટ થએલા ભગવાનને જોઈને, બ્રહ્માએ જે

(તેમને) વિચારપૂર્વક જાણ્યા, (તે) આ જ્ઞાન. તે (અર્થ) 'તને મારું જ્ઞાન થયું છે' શબ્દોથી કહેલો છે.

'(એમાં) આશ્ચર્ય શું ? ઘણાએ બ્રહ્મ જાણનારાઓ આપને જાણે છે.' એમ કહેવામાં આવે, તે વિષયમાં '(દેહીઓને) જ્ઞાન ન થઈ શકે તેવો' એમ કહેલું છે. હું દેહીઓને જ્ઞાન ન થઈ શકે તેવો જ છું. પોતાના દેહને જોનારા અને મને પણ જોનારા દેહનો અભિમાનવાળાઓ કોઈપણ સમયે મને બ્રહ્મ તરીકે જાણી શકવાના નથી, કારણ કે અંદર કામ રહેલો હોય ત્યારે કામિનીનો સ્પર્શ કામ જાગ્રત ન કરે તેવું ન બને. તે (કામ) ન હોય ત્યારે તો કામિની પણ બીજા પુરુષ જેવી જણાય છે. એ રીતે ભગવાન્, સચ્ચિદાનંદ દેહવાળા ભગવાન્ પણ–પ્રાકૃત દેહ હોય ત્યારે તેના અભિમાનવાળો પુરુષ (તેનો) બીજામાં[૨] પ્રયોગ કરતો હોવાથી, તેનાથી–આત્મા તરીકે જણાતા નથી; પરંતુ પોતાના (તેમનામાં) પ્રયોગ કરેલો હોવાથી તે (પ્રાકૃત દેહવાળો) ભગવાનને પણ (પ્રાકૃત) દેહવાળા જ જાણે છે, તેથી હું દેહીઓને જ્ઞાન ન થઈ શકે તેવો છું. વળી (તે) કારણથી તું પણ પહેલાં મને મહાભૂતો, ઈન્દ્રિયો, ગુણો અને અંતઃકરણવાળો જાણતો હતો. પૃથ્વી વિગેરે દેહ બનાવનારાં મહાભૂતો, બંને પ્રકારની ઈન્દ્રિયો, 'ગુણો' એટલે (ઈન્દ્રિયોના) વિષયો, 'આત્મા' એટલે ચાર અંતઃકરણ–એ બધાંએ તત્ત્વોવાળો (તું મને જાણતો હતો). તેમ ન હોય તો (મારા માટે) બહાર તપાસ (કરી તે) સંભવે નહિ. ૩૬.

૧. 'માન્યતા' એટલે ખોટી માન્યતા ( પ્ર ) પહેલાંની માન્યતા ખોટી હતી.

૨. 'બીજામાં' એટલે દેહ વિગેરેનાં સુખ માટે ( પ્ર ) બીજા જેને જૂએ તેનામાં, એવો અર્થ જણાય છે. પોતાનો જેવો દેહ છે, તેવો બીજાઓનો પણ હોવાથી, ભગવાનને પણ પ્રાકૃત દેહવાળા જૂએ છે, એવો અર્થ જણાય છે.

તેથી જ મેં તને મારું સ્વરૂપ દેખાડ્યું ન હતું, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તુભ્યં મદ્વિચિકિત્સાયામાત્મા મેઽદર્શિતો વહિઃ ।।**
**નાલેન સલિલં મૂલં પુષ્કરસ્ય વિચિન્વતઃ ।।૩૭।।**

મારાં સ્વરૂપનાં જ્ઞાનની ઈચ્છા થતાં તું કમલના દાંડાદ્વારા જલની અંદર કમલના મૂલને શોધતો હતો ત્યારે મેં તને બહાર મારા પોતાનાં દર્શન કરાવ્યાં નહિ. ૩૭.

'મદ્વિચિકિત્સાયાં' મારાં સ્વરૂપનાં જ્ઞાનની ઈચ્છા થતાં મારા પોતાનાં મેં તને બહાર દર્શન કરાવ્યાં નહિ. તેમ ન હોત (દર્શન કરાવ્યાં હોત), તો તને ખોટું જ્ઞાન થએલું તે તારી બુદ્ધિ સાથે મળતું આવતું થવાથી તને (મારાં) સ્વરૂપનું જ્ઞાન થાત જ નહિ. તેથી હું (તારી) અંદર અને બહાર રહેલો હોવા છતાં પણ, તને તેવું (ખોટું) જ્ઞાન

ન થાય તે માટે બહાર મેં તને મારાં દર્શન કરાવ્યાં નહિ. 'મેં ભૂલ કરી ન હતી' એમ તારાથી કહેવાય તેમ નથી, કારણ કે તેમ ન હોત (ભૂલ કરી ન હોત), તો (મને) શોધવા તું જલમાં જાત નહિ. તે (અર્થ) ઉત્તરાર્ધથી કહેલો છે. દાંડા દ્વારા જલની અંદર કમલના મૂલને તું શોધતો હતો, ત્યારે તને (બહાર મારાં દર્શન ન કરાવ્યાં) એવો (વાક્યનો) સંબંધ છે. ૩૭.

'ત્યારે હાલ મને જ્ઞાન થયું છે એની શી સાબિતી ?' એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**યચ્ચકર્થાન મત્સ્તોત્રં મત્કથાભ્યુદયાપિતમ્ ।।**
**યદ્વા તપસિ તે નિષ્ઠા સ એષ મદનુગ્રહઃ ।।૩૮।।**

હે પુત્ર ! તેં મારી કથા અને મારા અભ્યુદયના લક્ષણવાળી જે સ્તુતિ કરી અને તારી જે તપમાં નિષ્ઠા છે, તે આ મારી કૃપા છે. ૩૮.

હે પુત્ર ! 'યત્' જે કારણથી તેં મારી સ્તુતિ કરી (તે મારી કૃપા છે). 'માત્ર સ્તુતિ (કરવા)થી સ્વરૂપનું જ્ઞાન કેમ થાય ?' એવો પ્રશ્ન થાય, તેથી 'મારી કથા અને મારા અભ્યુદયનાં લક્ષણવાળી' વિશેષણ યોજેલું છે. મારી કથા અને મારો અભ્યુદય, (એ) બંનેનાં લક્ષણવાળી (સ્તુતિ કરી), સ્તુતિથી તેં પોતાનું બધું જ્ઞાન પ્રકટ કર્યું. તે સ્તુતિનો મારી કથા સાથે સંબંધ હતો, મારી જ વાર્તા તેમાં કહેલી. 'મારી કથા' એ વચનથી એમ સૂચવેલું છે કે બીજાની કથા તેમાં નાખીને (ભેળવીને) કહી ન હતી; પરંતુ જે કથા (કહી) તે મારી જ હતી. ખાસ પ્રકારે પણ તને (મારું) જ્ઞાન થએલું, કારણ કે મારા અભ્યુદયના લક્ષણવાળી પણ (સ્તુતિ) હતી. 'અભ્યુદય' એટલે સર્વથી ઉત્તમ સ્વરૂપવાળું ચરિત્ર. 'મને પહેલાં જ્ઞાન કેમ ન થયું અને પછી કેમ થયું ?' એવો પ્રશ્ન થાય, તેથી 'અને તારી જે તપમાં નિષ્ઠા છે' એમ કહેલું છે. 'અને જે' એવાં વચનને લીધે પૂર્વાર્ધનો (અર્થ) ફરીથી પણ ચાલુ છે. તેં જે આવી સ્તુતિ કરી, અને તારી જે તપમાં આવી નિષ્ઠા છે, એ બધીએ મારી કૃપા જ છે. તેથી પહેલાં કૃપા ન હોવાથી (તને) દર્શન ન થયાં, પછી કૃપા થવાથી દર્શન થયાં એમ (કહેલું છે); પરંતુ તપથી દર્શન થયાં નથી. તપ તો કૃપા સૂચવનારું છે. ૩૮.

તેને (બ્રહ્માને) જ્ઞાન અને બુદ્ધિનો સંબંધ પહેલાં થએલો જ, એમ એ પ્રમાણે કહીને, તે (પ્રાર્થેલું) આપ્યું. ચિત્ત ભગવાનના ચરિત્રમાં પરોવાએલું રહે, એવી જે પ્રાર્થના કરેલી, તેના સંબંધમાં નીચેના શ્લોકથી આરંભી ચાર (શ્લોકો)થી ઉત્તર આપે છેઃ

**પ્રીતોઽહમસ્તુ ભદ્રં તે લોકાનાં વિજયેચ્છયા ।।**
**યદસ્તૌષીર્ગુણમયં નિર્ગુણં માઽનુવર્ણયન્ ।।૩૯।।**

હું પ્રસન્ન છું. (તેમ) થાઓ. તારું કલ્યાણ (હો), કારણ કે લોકો ઉપર વિજય (પ્રાપ્ત કરવા)ની ઈચ્છાથી નિર્ગુણ (અને) ગુણવાળા તરીકે મારું વર્ણન કરતાં તેં મારી સ્તુતિ કરી. ૩૯.

ચિત્ત ભગવાનનાં ચરિત્રમાં ત્યારે જ પરોવાએલું રહે, કે જ્યારે ભગવાન્ પ્રસન્ન થાય. (ભગવાન્) શાથી પ્રસન્ન થાય, એ સંદેહવાળું છે. તે સંબંધમાં '(તેમ) થાઓ' એમ ભગવાન્ કહે છે. ભગવાન્ જો શુભ ઈચ્છા (પ્રકટ) કરે, તો પ્રસન્ન થએલા હોય. સર્વથી વહાલા હોય તે શુભ ઈચ્છા (પ્રકટ) કરે. તેથી સંપૂર્ણ રીતે પૂજન કરેલા (ભગવાન્) જો સર્વથી વહાલા થાય, તો પ્રીતિને અનુસરીને કાર્ય કરવા છતાં, જો કાલ વિગેરેના પરવશપણાને લીધે કોઈપણ અંશથી કાર્યથી તેમની અનુકૂલતા ન થાય. તો ત્યાર પછી પણ ભજન કરતાં ફરીથી એ પ્રમાણે કરતાં, ફરી ભજન કરતાં, એ પ્રમાણે (ભગવાનને પ્રસન્ન કરવાનું) અશક્ય જેવું છે એમ માનતાં, જેમની વાણી (સદા) સત્ય છે અને જેમનો સંકલ્પ (સદા) સત્ય છે તેવા ભગવાન્ તેનું ઈચ્છેલું કહે છે (આપે છે), ત્યારે તેમની વાણી સદા સત્ય હોવાથી ભગવાનની પ્રસન્નતા (પ્રાપ્ત કરવા)માં ઉપયોગી હોય તેવું જ તેનું સર્વ (કાર્ય) સર્વ વિઘ્નોને દૂર કરીને સિદ્ધ થાય છે, પછી પ્રસન્ન થાય છે[૧]. તેથી એક બીજા ઉપર આધાર રાખવારૂપ[૧] દોષ નથી. 'તારું કલ્યાણ થાઓ' એવી (વાક્યની) યોજના કરવામાં આવે, તો પણ આ જ અર્થની જરૂર રહે છે[૨], પરંતુ 'અસ્તુ' 'થાઓ' એ (કલ્યાણનો) અનુવાદ હોય તો પ્રાર્થના ઘટતી નથી[૩]. (પ્રાર્થેલું આપવાનો) સમય થયો હોય તો પણ ('અસ્તુ' એ) આજ્ઞાર્થનો અર્થ (કલ્યાણનો) અનુવાદ જ થાય[૪].

તેથી તારું કલ્યાણ જ (હો), એટલે તારી બુદ્ધિ (ભગવાનના) ચરિત્રમાં પરોવાએલી રહેશે, એવો અર્થ છે. લોકો પોતાને અધીન કરવાનું તેં ઈચ્છેલું છે તે પ્રાપ્ત થશે, એવો (અર્થ છે). '(ચિત્ત ભગવાનનાં) ચરિત્રમાં પરોવાએલું રહે, એ જ મેં ઈચ્છેલું, પરંતુ લોકો ઉપર વિજય થવાનું (ઈચ્છેલું) ન હતું' એમ કહેવામાં આવે, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. જો લોકો ઉપર વિજય થવાની ઈચ્છા ન હોત, તો આટલી સ્તુતિ (તેં) કરી ન હોત, તેમજ એવા પ્રકારથી કરી ન હોત. 'ગુણવાળા' એટલે અનંત ગુણોથી ભરપૂર. 'નિર્ગુણ' એટલે સત્ત્વ વિગેરે પ્રાકૃત ગુણોથી પર, દોષવિનાનો અને પૂર્ણ ગુણોવાળો દેહ હોવાના પ્રકારથી મારું વર્ણન કરતાં તેં જે મારી સ્તુતિ કરી, તેથી જણાય છે કે તું તેવા ગુણોની ઈચ્છા રાખે છે. ૩૯.

૧. 'પ્રસન્ન થાય છે' એટલે પોતાનું કાર્ય પાર પડેલું હોવાથી પોતાની મેળે જ પ્રસન્ન થાય છે. (ભગવાનની) કૃપાથી (તેમનું) પૂજન કરે, તેનાથી (ભગવાન્) વહાલા થાય, અને વહાલા

થવાથી શુભ ઈચ્છા પ્રકટ કરે, તેનાથી (જીવ) પ્રસન્ન થાય, તેથી એક બીજા ઉપર આધાર રાખવારૂપ દોષ નથી; એવો અર્થ છે (પ્ર) અહિં જીવની પ્રસન્નતા સંબંધી કહેલ હોવાનું જણાતું નથી, પણ ભગવાનની પ્રસન્નતા કહેલી હોય તેમ જણાય છે. ભગવાન્ શુભ ઈચ્છા પ્રગટ કરે ત્યારે તે પ્રસન્ન થયા છે એમ જણાય. ભગવાન્ જીવ ઉપર કૃપા કરે, ત્યારે તે તેમનું પૂજન કરે, તેથી ભગવાન્ તેણે ઘણા વહાલા થાય, અને તેથી શુભ ઈચ્છા તેના સંબંધમાં પ્રકટ કરે, ત્યારે પ્રસન્ન થએલા જણાય, એવો અર્થ જણાય છે.

૨. ચિત્ત ભગવાનમાં પરોવાએલું રહે તેમ માગેલું હોવાથી, તે ભગવાન્ આપે છે એવું વ્યાખ્યાન જરૂરી છે. પ્રસન્ન થયા હોય તો જ તે આપે, તેથી પ્રસન્ન થયાનું કહેવા માટે શુભ ઈચ્છા પ્રકટ કરવાની જરૂર છે. તેથી તે જ અર્થની જરૂર છે. (પ્ર)

૩. '' '(તેમ) હો' 'અસ્તુ' શબ્દથી 'કલ્યાણ થાઓ' એમ જ કહેલું છે, શુભ ઈચ્છા પ્રકટ કરી નથી'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. 'ચિત્ત ભગવાનમાં પરોવાએલું રહે' એવી પ્રાર્થના કરેલી તે ઘટે નહિ. (પ્ર)

૪. ''કલ્યાણ થવાનો સમય થવાથી ભગવાને 'કલ્યાણ થાઓ' એમ કહેલું છે'' એવી શંકા પણ યોગ્ય નથી. કારણ કે ભગવાનનાં દર્શન થયાં તેથી જ કલ્યાણ થવાનો સમય પ્રત્યક્ષ રીતે સિદ્ધ થઈ ગએલ હોવાથી, એ આજ્ઞાર્થ નકામું થાય. (પ્ર)

''ત્યારે માત્ર સ્તુતિથી આટલું ફલ કેમ (પ્રાપ્ત) થશે ? કારણ કે માત્ર પોતાનું ઈચ્છેલું કહેવાથી ઈચ્છેલું પ્રાપ્ત થતું નથી,'' એવી શંકા થાય તેથી કહે છે :

**ય એતેન પુમાન્નિત્યં સ્તુત્વા સ્તોત્રેણ માં ભજેત્ ।।**
**તસ્યાશુ સંપ્રસીદેયં સર્વકામવરેશ્વરઃ ।।૪૦।।**

જે પુરુષ નિત્ય આ સ્તોત્રથી મારી સ્તુતિ કરીને મારું પૂજન કરે તેના ઉપર સર્વ ઈચ્છેલા પદાર્થો આપનારો હું તરત પ્રસન્ન થાઉં છું. ૪૦.

એ સ્તોત્રથી જો બીજો પણ (મારી) સ્તુતિ કરે, તો તેના ઉપર પણ હું પ્રસન્ન થાઉં છું, તો તારા ઉપર થાઉં તેમાં કહેવું જ શું ? આ સ્તોત્રથી સ્વતંત્ર પુરુષે નિયમપૂર્વક નિત્ય મારું પૂજન કરવું. ભગવાનની પરિચર્યા એટલે પૂજામાં વેદરૂપ સ્તોત્ર પોતે કરતો હોય તેમ અર્થને લક્ષમાં રાખીને તારી પેઠે જે સ્તુતિ કરે, અને સ્તુતિ કરીને પૂજન કરે, તેના ઉપર હું તરત પ્રસન્ન થાઉં છું. સ્તુતિ પૂજનનું અંગ નથી. પ્રસન્નતા પૂજનનું ફલ છે, અને તરત (પ્રસન્નતા થાય) એ સ્તોત્રનું ફલ છે. (તેથી સ્તોત્ર) કાલથી થતા દોષનો નાશ કરનારું છે એવું પરિણામ થાય છે. 'તેનાથી શું થાય ?' એવી શંકા થાય, તેથી 'સર્વ ઈચ્છેલા પદાર્થો આપનારો' એ વિશેષણ કહેલું છે. બધી જે 'કામવરાઃ' ઈચ્છેલા પદાર્થોની પ્રાપ્તિઓ, તેમનો પણ ઈશ્વર (હું) છું, તેથી હું પ્રસન્ન થતાં બધા ઈચ્છેલા પદાર્થો તેને પોતાની મેળે પ્રાપ્ત થાય છે, એવો અર્થ છે. ૪૦.

''પરંપરાની શી જરૂર ? 'સ્તોત્રથી ઈચ્છેલા પદાર્થો જ પ્રાપ્ત થાય છે' એમ કેમ કહેતા નથી ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**પૂર્તેન તપસા યજ્ઞૈર્દાનૈર્યોગૈઃ સમાધિના ।।**
**રાદ્ધં નિઃશ્રેયસં પુંસાં મત્પ્રીતિસ્તત્ત્વવિન્મતમ્ ।।૪૧।।**

(કૂવા વિગેરે) ખોદાવવાથી, તપથી, યજ્ઞોથી, દાનોથી, યોગોથી અને સમાધિથી પુરુષોને મોક્ષ (વિગેરે જે ફલ) પ્રાપ્ત થાય છે, તે મારી પ્રીતિ છે એવો તત્ત્વ જાણનારાઓનો મત છે. ૪૧.

(૧) 'પૂર્તે' કૂવા વિગેરે ખોદાવવા, (૨) દેહને કષ્ટ દેવું વિગેરે તપ, (૩) અગ્નિષ્ટોમ વિગેરે સાધન તરીકે કરેલા યજ્ઞો, (૪) પુરુષની ભારોભાર તોળીને સુવર્ણ વિગેરેનાં દાનો, (૫) અંતઃકરણનો સંયમ વિગેરે યોગો, (૬) સમાધિ એટલે ચિત્તનું એકાગ્રપણું, એવી રીતના (૧) બહારના ધર્મથી, (૨) માત્ર ભોગ બંધ કરી કાર્ય ન કરવારૂપ શરીરના (ધર્મથી) (૩) કાયા વાણી અને મનથી કરેલા વૈદિક (ધર્મ)થી (૪) લોકના ઉપર ઉપકાર કરનારા (ધર્મ)થી તથા (૫।૬) ઈન્દ્રિયો અને અંતઃકરણનો સંયમ કરનારા (ધર્મો)થી-બધા પ્રકારના ધર્મથી પણ જે ફલ પ્રાપ્ત થાય છે, તેમાં 'ફલ શું?' એનો વિચાર કરીએ, તો તેજ ફલ છે, કે જે ફલ જ છે; સાધન નથી તેમ અફલ પણ નથી, તેમાં મોક્ષ પણ બધાએ ઈચ્છેલો નથી કારણ કે (તે) વિષયનું સુખ અટકાવનારો છે. તેથી 'હે ગૌતમ ! નિર્જન વૃંદાવનમાં તે શીઆળ થવાનું પણ પસંદ કરે છે, પરંતુ કોઈપણ સમયે વિષયરહિત મોક્ષ પસંદ કરતો નથી' એ વિષયો ઈચ્છનારના શ્લોક પ્રમાણે તે ફલ જ નથી. તેથી જે બધાએને સર્વ ફલરૂપ હોય તેવાં સર્વને સામાન્ય એક (ફલ)નો જ નિર્ણય કરવો જોઈએ. તે વિષયમાં સત્પુરુષોનો આ (એવો) નિર્ણય છે કે 'મારી પ્રીતિ (ફલ છે),' કારણ કે તે જ તેવી છે. તેઓ ખરેખર તત્ત્વ જાણનારા હોઈ સર્વ વસ્તુઓનું સત્ય સ્વરૂપ જાણે છે. તેથી તેઓએ (મારી પ્રીતિ ફલ હોવાનું) અનુમોદન કરેલું છે. ૪૧.

'(આપની) પ્રીતિ ઉત્પન્ન કરનારાં ઘણાં કહેલા હોવાથી, આપની પ્રીતિ ઉત્પન્ન કરનારું મુખ્ય શું છે,' એ જાણવાની ઈચ્છા થાય, તેથી (ભગવાન્) પોતે જીવ આદર કરે તે માટે કારણ સહિત (પોતાની પ્રીતિ કરનારું સાધન) કહે છે :

**અહમાત્માऽऽત્મનાં ધાતઃ પ્રેષ્ઠઃ સન્ પ્રેયસામપિ ।।**
**અતો મયિ રતિં કુર્યાદ્દેહાદિર્યત્કૃતે પ્રિયઃ ।।૪૨।।**

હે ધાતા ! ઘણા જ પ્રિય (પદાર્થો) કરતાં પણ અધિક પ્રિય હોઈ, હું આત્માઓનો આત્મા છું. તેથી જેને માટે દેહ વિગેરે પ્રિય થાય છે તેવા મારામાં પ્રેમ કરવો જોઈએ. ૪૨.

હું સર્વ આત્માઓનો આત્મા છું. (૧) જેમ બધાએ ગંગાજલનો (આત્મા) ગંગા છે, અથવા (૨) જેમ બધીએ માટીનો (આત્મા) સ્થૂલ પૃથ્વી છે, અથવા (૩) જેમ પાંદડાં અને શાખાઓ વિગેરેનો (આત્મા) વૃક્ષ છે, એ[૧] પ્રમાણે હું સર્વ આત્માઓનો આત્મા છું. 'હે ધાતા (રચનાર) !' એ સંબોધન સાવધાન રહીને (એ પ્રમાણે) કરવા[૨] માટે (કરેલું છે).

''(સર્વના) આત્મા હોવાનું જણાવવાથી શું ફલ ? આપને તો તેમના આત્મા થવાથી હાનિ જ છે, કારણ કે (આપ) પૂર્ણ છો, અને તેઓ દુઃખી છે. તેઓના ઉપર પણ ઉપકાર થવાનો નથી, કારણ કે તેઓ પોતાથી જ દુઃખી છે. જે વાસ્તવિક રીતે હિત કરનારું નથી, પોતે ચેતનરૂપ નથી, સ્વતંત્ર પુરુષાર્થરૂપ નથી, સત્ નથી, તે જાણવાથી શું વળે ? જેમકે લોકમાં જે પોતાની મેળે દાન કરનારો ન હોય, તેને જાણવાથી પણ તે દાન કરનાર થતો નથી. તેથી બધોએ ભગવદ્વાદ અનુવાદ[૩] કરવા માટે જ છે'' એવી શંકા થાય. તેથી (કહે છે કે) 'ઘણા જ પ્રિય (પદાર્થો) કરતાં પણ હું (અધિક) પ્રિય છું' તેથી પ્રીતિ કરવા યોગ્ય (પદાર્થ) હોવાથી, મારા ઉપર પ્રેમ કરવો જોઈએ[૪], અને દેહ વિગેરે ઉપર પ્રેમ ન રાખવો જોઈએ. દેહ વિગેરે તો આત્મા સાથેના (તેમના) સંબંધને લીધે પ્રિય છે. હું બધુંએ હિત કરું છું જ, પરંતુ મારા ઉપર સ્નેહ ન હોવાથી લોકો તે સુખ ગ્રહણ કરતા નથી[૫]. તેથી જો મારા ઉપર કોઈ પ્રેમ કરે રાખે તો પ્રેમને લીધે તે સુખ ગ્રહણ કરે, અને પછી કૃતાર્થ જ થાય. જ્ઞાન પણ આ માટે જ છે, કે મારું કરેલું ગ્રહણ કરે[૬]. (મારું) જૂદા તરીકે પૂજન કરતો હોય, તો પણ પૂજનનાં ફલ તરીકે ગ્રહણ કરવું જોઈએ[૭]. તે (તેવી રીતે પૂજન કરવું તે) તેનાં અજ્ઞાનને લીધે (થાય). તેના વિચાર પ્રમાણે (તે) આદર કરવા યોગ્ય હોવા છતાં, મારા વિચાર પ્રમાણે (તે તેવું) નથી, તેથી કહેલું નથી. જ્ઞાન (હોવા) કરતાં પણ પ્રેમ (હોવા)ને લીધે (મારું કરેલું) તરત ગ્રહણ કરે છે તેથી પ્રેમ જ કહેલ[૮] છે. તેમને[૯] (મારું) પોતાનું બધુંએ આપવામાં આવતું હોવાથી, સ્વતંત્રતા પણ આપું છું, તેથી '(પ્રેમ) કરવો જોઈએ' એમ જણાવેલું છે, તેથી પ્રેમ વિગેરે પણ (તેમની) પ્રવૃત્તિ થાય તે માટે જ કહેલ છે. વાસ્તવિક રીતે તો મેં કરેલું ગ્રહણ કરવા માટે મારામાં પ્રેમ જ કરવો જોઈએ. સ્વભાવથી તો હું સદા પ્રસન્ન જ રહું છું. જેમ પોતે પોતાની જ અપકીર્તિ કરે, તેમ (મારું કરેલું) ન ગ્રહણ કરવાથી અપ્રસન્ન જ થાઉં છું. તેવું (થતું) અટકે તે માટે 'પ્રેમ (રાખવાનું)' કહું છું તે નિત્ય પ્રેમના અર્થમાં કહેલ છે. આ (પ્રેમ)થી જ ભગવાનનાં ચરિત્રમાં (ચિત્ત પરોવાએલું) રહે છે. ભગવાન્ કરે તે જ (તેમનું) ચરિત્ર છે. ૪૨.

૧. આ ત્રણ દષ્ટાંતોથી જીવ અને પરમાત્માની અંશ અને અંશી તરીકેની સ્થિતિ કહેલી છે. (પ્ર)

૨. 'કરવા' એટલે 'એ પ્રમાણે કરવા' (પ્ર)
૩. 'અનુવાદ' એટલે 'કર્મથી જે (ફલ) થાય છે તેનો અનુવાદ' (પ્ર)
૪. પ્રેમ રાખવાની આજ્ઞા જણાવવા ભગવદ્‌વાદ છે, (કર્મફલનો) અનુવાદ કરવા નથી, એવો અર્થ છે. (પ્ર)
૫. (સુખથી) વિરુદ્ધ (એટલે દુઃખ) છે, એવો ભ્રમ થવાને લીધે ગ્રહણ કરતા નથી; પરંતુ ઉલટો દ્વેષ કરે છે. (પ્ર)
૬. 'જ્ઞાનથી પણ કૃતાર્થ થવાય' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (પ્ર)
૭. ''(ભગવાનને) આત્મા તરીકે જાણવાથી તેમના ઉપર પ્રેમરૂપ જ ફલ થાય, એમ કેમ કહેવાય ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (પ્ર)
૮. 'કહેલ છે' એટલે કરવા યોગ્ય હોવાથી ઈષ્ટ હોવાનું કહેલ છે. (પ્ર)
૯. 'તેમને' એટલે 'પ્રિય (જીવો)ને'(પ્ર) મારા (ભગવાન્ ઉપર પ્રેમ રાખનારને), એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે બીજો પ્રશ્ન[1] પ્રાપ્ત કરાવી, વેદને ન ભૂલવારૂપ ત્રીજાની નીચેના શ્લોકથી પ્રાપ્તિ કરાવે છેઃ

**સર્વવેદમયેનેદમાત્મનાऽऽત્માऽऽત્મયોનિના ।।**
**પ્રજાઃ સૃજ યથાપૂર્વં યાશ્ચ મય્યનુશેરતે ।।૪૩।।**

આત્મામાંથી ઉત્પન્ન થએલો તુ સર્વ વેદરૂપ (તારા) દેહથી પહેલાંની પેઠે આ (બ્રહ્માંડ અને) પ્રજાઓ અને જે મારા સાથે ગાઢ સંબંધવાળી (પ્રજાઓ) છે તેમને ઉત્પન્ન કર. ૪૩.

આ તારો દેહ વેદરૂપ જ છે, તેનાથી (તારા) દેહનો વિરોધ ન થાય તેમ દેહરૂપ જ સાધનથી સર્વ (ઉત્પન્ન) કર, ત્યાં સુધી જ વેદો રહેશે, એવો ભાવ છે. ''માત્ર વેદરૂપ (દેહ) સાધન કેમ થાય ? કારણ કે માત્ર દેહ સાધન થતો નથી, પરંતુ પ્રયત્ન જેમાં હોય છે તેવો (દેહ સાધન થાય છે). તેથી પોતાના પ્રયત્નનો બીજામાં ઉપયોગ કરાવીને, દંડ વિગેરેને (ઘડો બનાવવાનાં) સાધન કહેવામાં આવે છે, પરંતુ વાસ્તવિક રીતે (પોતાનો) દેહ જ સાધન છે'' એવી શંકા થાય, તે વિષયમાં 'દેહથી' એમ કહેલું છે. આત્મા સાથેના દેહથી, એટલે એકપણું પ્રાપ્ત કરેલા (દેહ અને આત્મા) બંનેથી, 'આત્મા' તું (ઉત્પન્ન કર). આથી એમ કહેલું છે કે મારામાં રહેલી શક્તિ તારા દેહને જ આપેલી હોવાથી, બધું થઈ શકશે. ''જેમ જીવો[2] આત્માઓ છે તેવો હું પણ છું, તેથી મારામાં (મને) શક્તિ કેમ (પ્રાપ્ત) થાય ?'' એવી શંકા થાય, તેથી 'આત્મામાંથી (ભગવાનમાંથી) ઉત્પન્ન થએલો' એ વિશેષણ યોજેલું છે. 'આત્મા' (ભગવાન્) 'યોનિઃ' કારણ છે જેનું તેવો (તું છે). (તું) મારામાંથી ઉત્પન્ન થએલો હોવાથી તને સર્વ શક્તિ પ્રાપ્ત થએલી છે, એવો ભાવ છે. તેથી પહેલાંની પેઠે

પ્રજાઓ ઉત્પન્ન કર; અને જે પ્રજાઓ મારા સાથે ગાઢ સંબંધવાળી છે (તેમને ઉત્પન્ન કર), એમ ભગવદીયોને પણ ઉત્પન્ન કરવાની આજ્ઞા (કરી છે). એવી રીતે ચારે પ્રકારના જીવો તારે ઉત્પન્ન કરવા, એવી (આજ્ઞા છે).૪૩.

૧. પહેલાંની પેઠે 'પ્રશ્ન' શબ્દથી પ્રાર્થેલું કહેલું જણાય છે.

૨. જીવ ભગવાનની સમાન નથી એમ જણાવી, ઈશ્વર જ સાધન છે એમ આ અધ્યાય દર્શાવે છે. (પ્ર)

આટલો ઉપદેશ કરીને ભગવન્ અંતર્હિત થયા એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

॥ મૈત્રેય ઉવાચ ॥

**તસ્મા એવં જગત્સ્રષ્ટ્રે પ્રધાનપુરુષેશ્વરઃ ॥**
**વ્યજ્યેદં સ્વેન રૂપેણ કઞ્જનાભસ્તિરોદધે ॥૪૪॥**

પ્રકૃતિ અને પુરુષના ઈશ્વર, જેમની નાભિમાંથી કમલ નીકળેલું હતું તે, તે જગત્ રચનારને એ પ્રમાણે જણાવીને, પોતાના સ્વરૂપથી આ (જગત્) દેખાડીને, પોતાના સ્વરૂપથી અંતર્હિત થયા. ૪૪.

( બ્રહ્મા ) જગત્ રચનાર હોવાથી જ તેમને કાંઈપણ અધિક આપવા યોગ્ય ન હતું. ''જો તે ( જગત્ રચવા )ના સાધનો તેમને અનુકૂલ ન થાય, તો શું કરવું ?'' એવી શંકા થાય, તેથી 'પ્રકૃતિ અને પુરુષના ઈશ્વર' એમ કહેલું છે. પ્રકૃતિ અને પુરુષ, તે બેના (ભગવાન્) ઈશ્વર છે. ભગવાનની આજ્ઞાથી તે બે પણ (જગત્ રચવાની) સામગ્રી સાથે તેમને અનુકૂલ થશે. ''તેટલાથી પણ તેમનું (બ્રહ્માનું) (જગત્ રચવામાં) અજ્ઞાન હશે'' એવી શંકા થાય, તેથી (તારે જગત્) આ પ્રમાણે રચવું એમ જણાવવા માટે (ભગવાને) એકવાર બધુંએ જગત્ (તેમને) દેખાડ્યું. તે (અર્થ) 'આ (જગત્) દેખાડીને' શબ્દોથી કહેલો છે. આ જગત્ પ્રકટ કરીને (તેમને દેખાડ્યું). પોતાનાં સ્વરૂપથી જ પ્રકટ કરવામાં, ઉત્પત્તિ વિગેરે બીજાં કાંઈ કારણની જરુર ન હતી; પરંતુ પોતાની અંદર જ (પોતાના) દેહમાં રહેલું સાધારણ જગત્ પ્રકટ કર્યું. 'પોતાનાં સ્વરૂપથી' શબ્દોનો આગળ પણ સંબંધ છે. (ભગવાન્) તે સ્વરૂપનું સ્થાપન કરીને તો ન પધારી ગયા, પરંતુ તે સ્વરૂપથી જ અંતર્હિત થયા. 'જેમની નાભિમાંથી કમળ નીકળેલું હતું' એ વિશેષણથી એમ સૂચવેલું છે કે તે (સ્વરૂપ) અંતર્હિત ન થાય, તો (બ્રહ્મા) જગત્ રચી ન શકે, કારણ કે કોઈ પણ ભગવદીય ભગવાનની ઉપર સૃષ્ટિ રચવા શક્તિમાન નથી, એવો (અર્થ છે). ૪૪.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના નવમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। દશમો અધ્યાય ।।

**જગતો ભૂતસર્ગસ્તુ બ્રહ્મા સોऽત્ર નિરૂપિતઃ ।।**
**ભગવત્કૃપયા યુક્તસ્તાદશોऽસ્ય નિદાનતા ।।૧।।**

જગતના મહાભૂતોની સૃષ્ટિ તો બ્રહ્મા છે[૧]. ભગવાનની કૃપાવાળાનું તેમનું અહિં નિરૂપણ કર્યું[૧]. તેવા (રૂપ)થી આ કારણરૂપ (થાય છે)[૨]. કા.૧.

**માત્રાણિ સર્વરૂપાણિ દશ સૃજ્યાન્યતોऽત્ર વૈ ।।**
**દશમે વિનિરૂપ્યન્તે માત્રાત્વં ચાપિ કાલતઃ ।।૨।।**

તેથી[૩] અહિં દશમા (અધ્યાય)માં ખરેખર રચાવાની સર્વરૂપવાળી દશ માત્રાઓનું નિરૂપણ કરવામાં આવે છે. અને માત્રાપણું પણ કાલથી થાય છે[૪]. કા.૨.

**કાલેનૈવ ગૃહીતાસ્તે ભોગ્યાઃ ભોક્તાऽન્યથા તુ સઃ ।।**
**ભૂતાનામત્ર સમ્બન્ધો રૂપણાર્થં કૃતિઃ પુરા ।।૩।।**
**બ્રહ્મણા નિર્મિતા પ્રાહ દ્વયં માત્રેતિ રૂપ્યતે ।।**

કાલે ગ્રહણ કરેલા જ તેઓ ભોગ્ય થાય છે[૪]. તેમ ન હોય તો તો તે ભોક્તા[૫] છે. મહાભૂતોનો આમને સંબંધ છે. તે જણાવવા બ્રહ્માએ પહેલાં કરેલું કાર્ય[૬] (કહેલું છે). (મૈત્રેયે) બે[૭] માત્રા હોવાનું કહેલું છે. કા.૩.

(૧...૧. ''પહેલાં (બ્રહ્માએ કરેલી) સ્તુતિ અને (ભગવાનની) પ્રસન્નતાને મહાભૂત કહેલાં. પછી બ્રહ્માનાં જ્ઞાનને મહાભૂત કહેલ. વળી પહેલાં બ્રહ્માને પુરુષની બુદ્ધિરૂપ કહેલા, અને હવે મહાભૂતરૂપ કહો છો. આમ પરસ્પર વિરુદ્ધ વૃત્તાંત કેમ ઘટે ?'' એવી શંકાનું સમાધાન કરવા આ કહેલ છે. પાછળ ૩।૯।૯ થી શ્રીસુબોધિનીમાં વિશેષણ સાથેના માયાબલને ભગવાનનો સંબંધ હોવાનું કહેલું છે, તે નિયમ પ્રમાણે મહાભૂતપણું (ભગવાનની) કૃપામાં પરિણમે છે. કૃપા પ્રસન્નતારૂપ હોવા છતાં સ્તુતિથી પ્રકટ થએલી. તેથી પહેલાં સ્તુતિ અને પ્રસન્નતાને મહાભૂત કહેલાં. વળી ૩।૯।૪૪ માં જણાવ્યા પ્રમાણે કૃપા જ્ઞાનમાં પરિણમી. તેથી જ્ઞાનને મહાભૂત કહેલ. જ્ઞાન એકલું મહાભૂત થઈ શકતું નથી, પણ આધારવાળું જ્ઞાન થઈ શકે એમ 'દૈનિક અને માનસિક' સૃષ્ટિ (કહેવા)થી જણાય છે. તેથી ભગવાનની કૃપાવાળા બ્રહ્માને જ મહાભૂત કહ્યા. તેથી આ ઘટે છે. બ્રહ્મા બુદ્ધિના અધિદેવ હોવાથી તેમને બુદ્ધિરૂપ કહેલા. તેથી વિરોધ ક્યાંય નથી. (પ્ર)

૨. આ બ્રહ્મા તેવા (જ્ઞાન તથા કૃપાવાળા) રૂપથી કાર્યોના સમૂહોના આદિકારણ થાય છે, પણ (કૃપા વિનાના) કોઈપણ રૂપથી થતા નથી. (પ્ર)

૩. બ્રહ્મા કૃપા અને જ્ઞાનના સંબંધથી કારણરૂપ થાય છે, તેથી. (પ્ર)

૪. માત્રાપણું કાલથી કેવી રીતે થાય છે તે અહિં કહેલ છે. રચવાના પદાર્થો કાલે ગ્રહણ કરવાથી હદવાળા જ થાય છે અને તેથી ભોગ કરવા યોગ્ય થાય છે. (પ્ર)

૫. કાલે ગ્રહણ ન કરેલ હોય તો તે પદાર્થો બ્રહ્મથી જૂદા ન હોવાથી ભોક્તા જ રહે છે. તેથી

ભોગ્યપણું એ માત્રાપણું છે, અને તે કાલથી થાય છે. તેથી માત્રાપણું કાલથી થતું હોવાથી માત્રાનું નિરૂપણ કરતાં કાલનું નિરૂપણ કરેલ છે. (પ્ર)

૬. રચાવાના પદાર્થ સમાન છે એમ જણાવવા બ્રહ્માએ પહેલાં મહાભૂતોનો સંબંધ કરેલો, મહાભૂતોને ઉત્પન્ન કરેલાં. (પ્ર)

૭. તન્માત્રાની સૃષ્ટિ કહેતાં શ્લોક ૧૬માં મૈત્રેય પણ કહેશે કે દ્રવ્યરૂપ શક્તિ ઉત્પન્ન કરનાર તન્માત્રા છે. તેવી શક્તિ ભોક્તા વિના ઘટતી નથી, તેથી ભોક્તાપણું અને દ્રવ્યરૂપ શક્તિ એ બંને ભેગાં થતાં 'તન્માત્રા' કહેવાય છે. (પ્ર)

**બ્રહ્માએ રચેલી માત્રા કહેવામાં આવે તે માટે આરંભમાં ભગવાનના સેવકના ધર્મનું જ્ઞાન થાય તે માટે, 'ભગવાનની આજ્ઞાથી બ્રહ્માએ કેવી રીતે (પ્રજા) ઉત્પન્ન કરી ?' એવો પ્રશ્ન વિદુર પોતે નીચેના શ્લોકમાં ઉલ્લાસથી[1] કરે છે :**

॥ વિદુર ઉવાચ ॥

**અન્તર્હિતે ભગવતિ બ્રહ્મા લોકપિતામહઃ ॥**

**પ્રજાઃ સસર્જ કતિધા દૈહિકીર્માનસીર્વિભુઃ ॥૧॥**

ભગવાન્ અંતર્ધાન થયા, ત્યાર પછી લોકોના પિતામહ સમર્થ બ્રહ્માએ કેટલાક પ્રકારની દૈહિક અને માનસી સૃષ્ટિ રચી ? ૧.

ધર્મી ભગવાન્ અંતર્ધાન થયા, ત્યારે તેમના ધર્મો (ગુણો) પણ અવશ્ય અંતર્હિત થયા, તેથી બ્રહ્મા જગત્ કેવી રીતે રચી શકે એવા (પ્રયોજનથી) પ્રશ્ન (કરેલો છે). લોકોના પિતામહ એટલે (લોકોને) ઉત્પન્ન કરનારના પણ ઉત્પન્ન કરનારા હોવાથી, તેમણે[2] કરેલાં કાર્યનાં દર્શનથી તે પ્રપંચ ઉત્પન્ન થઈ જ ગયો, એવો[3] સંદેહ (પ્રશ્નનું કારણ) છે. ઉત્પન્ન કરવાના બે સાધન છે. (૧) દેહ અને (૨) મન. વાણીનો તો વૈદિક સૃષ્ટિમાં પ્રવેશ થાય છે. તેથી બે જ સાધનો છે. 'કેટલા પ્રકારની' પ્રજાઓ રચી, એવો (પ્રશ્ન છે). જૂદા જૂદા પ્રકાર (કરવા)માં ભગવાનનાં જ્ઞાનની જરૂર રહેતી હોવાથી તે પ્રમાણે કહેલ છે. 'દેહથી જ રચવું યોગ્ય છે, તેથી માનસી શા માટે પૂછવામાં આવે છે ?' એવો પ્રશ્ન થાય, તે સંબંધમાં 'સમર્થ' વિશેષણ કહેલું છે. (બ્રહ્મા) સર્વ પ્રકારથી રચવા સમર્થ છે. ૧.

૧. ભગવાનનાં ચરિત્ર વિગેરેનાં શ્રવણથી ભક્તને ઉલ્લાસ થાય છે એમ જણાવવું, એ આ વિદુરનો પ્રશ્ન મૂકવાનું પ્રયોજન છે. (પ્ર)

૨. ભગવાને પોતાના સ્વરૂપથી બ્રહ્માને જગત્ દેખાડ્યું, તેથી તે ઉત્પન્ન થઈ જ ગયું. હવે કયા પ્રકારે ઉત્પન્ન કરવાનું ? એવો સંદેહ જણાય છે.

૩. 'સંદેહ' એટલે 'પ્રકાર સંબંધી સંદેહ'. બ્રહ્માએ કાર્ય (જગત્) જોયું અને કારણ (ધર્મી ભગવાન)ના ગુણો તિરોહિત થયા, એ બે કારણથી રચવાના પ્રકારનો સંદેહ ઉત્પન્ન થયો, એવો અર્થ છે.(પ્ર)

આગળ જે જગત્‌નું નિરૂપણ કરવાનું છે તે પણ ભગવદીય છે એમ જણાવવા માટે નીચેના શ્લોકથી પહેલાં પૂછેલા પ્રશ્નોનું પણ સ્મરણ કરાવે છે :

**યે ચ મે ભગવન્પૃષ્ટાસ્ત્વય્યર્થા બહુવિત્તમ ।।**
**તાન્ વદસ્વાનુપૂર્વ્યેણ છિન્ધિ નઃ સર્વસંશયાન્ ।।૨।।**

અને હે ભગવન્! હે ઘણું જ જાણનાર! મેં જે અર્થો આપને પૂછેલા છે તેમનો અનુક્રમે ઉત્તર આપો, (અને) અમારા સર્વ સશંયો છેદો. ૨.

(પૂછેલા પ્રશ્નોનું મૈત્રેયને) વિસ્મરણ ન થાય તે માટે 'હે ભગવન્!' એવું સંબોધન (કરેલું છે). 'ત્વયિ' 'આપને' એટલે આપની સમક્ષ. 'અર્થાઃ' 'અર્થો' એટલે તે પ્રશ્નો પ્રયોજનરૂપ છે, તેથી સંપૂર્ણ રીતે જાણવા યોગ્ય છે. 'હે ઘણું જ જાણનાર!' એ સંબોધનથી ઉત્તર આપવાનું કારણ (કહેલું છે). પોતાની બુદ્ધિથી (ઉત્તર) ગ્રહણ થાય તે માટે તેમને અનુક્રમે કહેવાની પ્રાર્થના (કરેલી છે); અને ઉત્તર જેમ સંદેહ ન રહે તે પ્રકારે તે પ્રમાણે કહેશો. તે (અર્થ) 'અમારા સર્વ સંશયો છેદો' શબ્દોથી કહેલો છે, પરંતુ આ જૂદો પ્રશ્ન નથી. ૨.

પૂછેલા બંને પ્રશ્નોના ઉત્તર આદરથી કહ્યા, એમ નીચેના શ્લોકથી કહે છે :

।। સૂત ઉવાચ ।।

**એવં સંચોદિતસ્તેન ક્ષત્રા કૌષારવો મુનિઃ ।।**
**પ્રીતઃ પ્રત્યાહ તાન્ પ્રશ્નાન્ હૃદિસ્થાનથ ભાર્ગવ ।।૩।।**

હે ભાર્ગવ! તે સંયમીએ એ રીતે પ્રેરેલા મુનિ કૌષારવિએ પ્રસન્ન થઈ તે પ્રશ્નોના અને પોતાના હૃદયમાં રહેલા પ્રશ્નોના (ઉત્તર) કહ્યા. ૩.

'પ્રસન્ન થઈ (ઉત્તર)કહ્યા' એ પહેલા શ્લોકમાં પૂછેલા પ્રશ્નનો ઉત્તર કહ્યો. પહેલા પૂછેલા પ્રશ્નો તો ભૂલાયા વિનાના તેના હૃદયમાં જ રહેલા હતા. 'અથ' 'અને' શબ્દથી (એમ જણાવ્યું કે તેના ઉત્તરો) જૂદા આરંભથી (કહેશે), પરંતુ પહેલા (શ્લોકમાં પૂછેલ) પ્રશ્નના અંગ તરીકે કહેશે નહિ. 'હે ભાર્ગવ!' એ સંબોધન એમ જણાવવા (કરેલું છે કે) ભગવાનના અંગ તરીકે સર્વ કહેવાનું છે. ઘણી રીતે વ્યાખ્યાન કરેલા શબ્દોનો (કોઈ) ખાસ અર્થ ન હોય ત્યારે તેમનું ફરી વ્યાખ્યાન કરવામાં આવતું નથી. ૩.

તે પહેલા[૧] પ્રશ્નના સંબંધમાં ભગવાન અંતર્ધાન થએલ હોવા છતાં પોતાના છ ગુણોનું બ્રહ્મામાં સ્થાપન કરીને પધારેલા હોવાથી બ્રહ્માએ કરેલાં કાર્યો (નીચેના શ્લોકથી આરંભી) છ શ્લોકથી કહે છે. તે (કાર્ય) પણ દોષરહિતે કરવું જોઈએ, તેથી (બ્રહ્મા) દોષરહિત થયા એમ જણાવવા (પહેલા) ત્રણ શ્લોકો (કહેલા છે).

**તપો જ્ઞાનં કૃતિશ્ચૈવ દોષાભાવશ્ચ વર્ણ્યતે ।।૪।।**
**આલોચનં કૃતિશ્ચૈતદુપપાદનમેવ ચ ।।**

૧. તપ ૨. જ્ઞાન અને ૩. કાર્ય[1] તેમજ દોષના અભાવનું વર્ણન[2] કરેલ છે. ૪. વિચાર અને ૫.ક્રિયા તેમજ ૬.આ (જગત્)નું ઉત્પાદન (કહેલાં છે). ૪[1]/૨.

ભગવાનની જેવી આજ્ઞા હતી તે પ્રમાણે કર્યું એમ આરંભમાં નીચેના શ્લોકથી ધર્મ કહે છે :

॥ મૈત્રેય ઉવાચ ॥

**વિરિઞ્ચોઽપિ તથા ચક્રે દિવ્યં વર્ષશતં તપઃ ॥**

**આત્મન્યાત્માનમાવેશ્ય યદાહ ભગવાનજઃ ॥૪॥**

બ્રહ્માએ પણ ભગવાનમાં અંતઃકરણ રાખીને જન્મરહિત ભગવાને જે કહેલ તે પ્રમાણે દેવોના એકસો વર્ષ સુધી તપ કર્યું. ૪.

ભગવાન્ અંતર્ધાન થયા. બ્રહ્માએ પણ 'તથા' તેવા થઈ એટલે ત્યાં અંતર્ધાન થઈ, જેમ ભગવાનની આજ્ઞા થઈ હતી તેમ કર્યું. તેવી સ્થિતિનું અંદર તિરોધાન ન થાય, તો બહાર જગત્ રચવાનું સંભવે નહિ તેથી (તેમ કર્યું). વળી તેમણે (ભગવાને) કહેલું હોવાથી પણ (તેમ કર્યું). 'દેવોના એકસો વર્ષ સુધી' શબ્દોથી (એમ સૂચવેલું છે કે) કૃતયુગની સંધ્યાના અંશનો ચોથો ભાગ જણાવ્યો; અને ચોથો (ભાગ) પહેલાં તપ (કરવા)માં અને (ભગવાનને) શોધવામાં ગએલો, ચોથા ભાગમાં તો બધા પદાર્થો બનાવવાનું થશે અને પછી ઉત્પન્ન થએલા બધા (પદાર્થો) માં યુગના ધર્મોની પ્રવૃત્તિ (થશે). આ સર્વ સૂચવવા 'દેવોના એકસો વર્ષ સુધી' એમ કહેલું છે. માત્ર તપ ભગવદીય ધર્મ નથી, તેથી 'ભગવાનમાં અંતઃકરણ રાખીને' તપ કરવાનું ભગવાને કહેલું, તેથી (બ્રહ્માએ) તેમજ કર્યું. તે (અર્થ) 'ભગવાને જે કહેલ તે પ્રમાણે' શબ્દોથી કહેલ છે. ૪.

૧. 'પહેલા' એટલે 'દૈહિક સૃષ્ટિના' (પ્ર)

૨. આ બંને ત્રીજા (છઠ્ઠા) શ્લોકનો અર્થ છે. (પ્ર)

નીચેના શ્લોકમાં ત્યારે પછી જે થયું તે કહે છે :

**તદ્વિલોક્યાબ્જસંભૂતો વાયુના યદધિષ્ઠિતઃ ॥**

**પદ્મમમ્ભશ્ચ તત્કાલકૃતવીર્યેણ કમ્પિતમ્ ॥૫॥**

**તપસા હ્યેધમાનેન વિદ્યયા ચાત્મસંસ્થયા ॥**

**વિવૃદ્ધવિજ્ઞાનબલો ન્યપાદ્વાયું સહામ્ભસા ॥૬॥**

જેના ઉપર પોતે બેઠેલ હતા તે કમલને અને જલને તે સમયના કાલે કરેલ બલવાળા વાયુથી કંપાએલા જોઈને, વધતા જતા તપથી અને અંતઃકરણમાં રહેલી ઉપાસનાથી જેમનાં જ્ઞાનનું બલ ઘણું વધેલું હતું તેવા કમલમાંથી ઉત્પન્ન થએલા (બ્રહ્મા)એ જલ વાયુનું પાન કર્યું. ૫।૬.

તપથી તેમને જ્ઞાન થયું. જેનું જ્ઞાન થયું તે વિષય કહે છે કે 'કમલમાંથી ઉત્પન્ન થએલા' બ્રહ્મા 'જેના ઉપર બેઠેલા હતા', જે કમલ ઉપર બેઠેલા હતા, 'તે કમલ (તેમણે) જોયું'. તેમણે ઉત્તમ પ્રકારથી જોએલું, તેથી તેના સંબંધમાં બધુંએ જાણ્યું, એવો અર્થ છે. તે સમયના કાલે કરેલ બલવાળા વાયુથી કમલ અને જલ કંપાએલા (જોયાં). વાયુથી (તે) કંપાએલા હોવાનું જ્ઞાન થયું, અને વાયુ પ્રલયકાલનો હોવાનું (જ્ઞાન થયું). વાયુને દૈત્યના અંશવાળો જાણ્યો. તેનો નાશ કરવામાં ન આવે તો કાર્ય તથા કારણ સુખકર ન થાય. કાલ પણ દૈત્યોને બલ આપે છે. ૫.

પછી (બ્રહ્માએ) ધર્મ અને જ્ઞાનથી જે કર્યું તે છઠ્ઠા શ્લોકમાં કહેલ છે. વધતા જતા તપથી અને ઉપાસનાથી ઘણું વધેલું હતું જ્ઞાનનું બલ જેમનું, તેવા (બ્રહ્મા)એ જલ સાથે વાયુનું પાન કર્યું. 'ઉપાસના તો પહેલાં જ બંધ થઈ હતી, તેથી તે જ્ઞાનનું બલ કેમ ઉત્પન્ન કરે ?' એવો પ્રશ્ન થાય, તેથી 'અંતઃકરણમાં રહેલી' એવું વિશેષણ કહેલું છે. તે અંતઃકરણમાં સદાને માટે રહેલી. બ્રહ્મા મનથી સદા ભગવાનની સેવા કરે છે એમ કહ્યું. ૬.

એ પ્રમાણે બ્રહ્મામાં દોષ ન હતો એમ જણાવીને, ભય અને કંપ વિગેરેનાં કારણરૂપ વાયુ અને જલ દૂર થયાં ત્યાર પછી ( બ્રહ્માએ ) જે કર્યું તે નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી કહે છે. તે પૈકી આરંભમાં તેમનું પહેલાનું જ્ઞાન જાગ્રત થયું એમ નીચેના શ્લોકથી કહે છે :

**તદ્વિલોક્ય વિયદ્વ્યાપિ પુષ્કરં યદધિષ્ઠિતમ્ ।।**
**અનેન લોકાન્ પ્રાગ્લીનાન્ કલ્પિતાસ્મીત્યચિન્તયત્ ।।૭।।**

જેના ઉપર બેઠેલા હતા, તે કમલને આકાશમાં વ્યાપેલું જોઈને તેમણે પહેલાના દિવસે વિચાર કર્યો કે લય પામેલા લોકોને આનાથી હું ઉત્પન્ન કરીશ. ૭.

જેના ઉપર પોતે બેઠેલા તે કમલને આકાશમાં વ્યાપેલું જોઈને, 'પ્રાક્' પહેલાના દિવસે તેમણે એવો વિચાર કર્યો કે આજ પ્રકારથી અને આજ કમલથી હું લોકોને 'કલ્પિતાસ્મિ' ઉત્પન્ન કરીશ. 'કલ્પિતાસ્મિ' એ અદ્યતન (પહેલા) ભવિષ્યકાળ (નું રૂપ) છે. અહિં 'ચિંતન' શબ્દથી 'વિચાર' (જણાવેલ છે). બ્રહ્માના એકસો વર્ષના એકસો કલ્પો થાય છે, એમ કહેલું છે. તેથી એક એક કલ્પ વર્ષના દિવસ અને રાત્રિઓની સંખ્યા જેટલો છે. (રાત અને દિવસની) વચમાં તો ઘણો થોડો ભેદ જાણી ન શકાય તેવો હોવાથી તેનાથી (તેટલા સમયનું) જૂદું નામ પડેલું નથી. તે પ્રમાણે હોવાથી પદ્મ કલ્પો પણ ત્રણસો અને સાઠ થાય છે. તેવા સંજોગમાં પહેલાના કલ્પમાં પણ કમલથીજ જગત્ બનાવેલું હોવાથી પૂર્વાર્ધમાં કહેલો વિચાર ઘટે છે.

પછી તેમણે પહેલાંની પેઠેજ (લોક ઉત્પન્ન) કર્યા એમ કહે છે :

**પદ્મકોશં તદાવિશ્ય ભગવત્કર્મચોદિતઃ ।।**
**એકં વ્યભાંક્ષીદુરુધા ત્રિધા ભાવ્યં દ્વિસપ્તધા ।।૮।।**

પછી ભગવાનના કર્મથી પ્રેરાએલા (બ્રહ્મા)એ તે કમલની કળીમાં પ્રવેશ કરી (તે) એકના ઘણા પ્રકારે વિભાગ કર્યા. તેના ત્રણ અને ચૌદ વિભાગ થયા. ૮.

'પછી' એટલે જ્ઞાન થયા પછી, (બ્રહ્માએ) તેજ કમલની કળીમાં પ્રવેશ કરીને એક કમલની કળીના ઘણા પ્રકારે વિભાગ કર્યા. ''ભગવાનની નાભિમાંથી નીકળેલા કમલના એવી રીતે વિભાગ (તેમનાથી) કેમ કરાય ?'' એવી શંકા થાય, તેથી 'ભગવાનના કર્મથી પ્રેરાએલા' વિશેષણ યોજેલું છે. આ ભગવાનની સૃષ્ટિમાં ભગવાનનાં એક કર્મે પ્રવેશ કરેલો છે, તેનાથી પ્રેરાએલા (બ્રહ્માએ વિભાગ કર્યા) ત્યારે ભગવાનના કર્મથી પ્રેરાએલા[1] (બ્રહ્મા) ભગવાનના કર્મરૂપ થવાથી તેમનો કયાંય (કોઈ) પણ અપરાધ નથી. 'એકના ઘણા પ્રકારે વિભાગ કર્યા' (વિગેરે) શબ્દોથી તેના[1] વિભાગો કહેલા છે. એકના જ ઘણા પ્રકારે વિભાગ કર્યા. પેટા-લોકના ભેદથી હજારો કટકા કર્યા. જાતિના ભેદથી વિભાગ કરતાં, સત્ત્વ વિગેરે (ગુણો)ને લીધે ત્રણ જ (વિભાગ) થાય. લોકના પ્રસિદ્ધ વ્યવહાર પ્રમાણે વિભાગ કરતાં ચૌદ પ્રકારે વિભાગ કર્યા, એટલે ચૌદ લોકના ભેદથી વિભાગ કર્યા. ૮.

૧...૧. પ્રેરિતસ્ય અને (તત્તસ્ય નહિ પણ) તસ્ય એવા વૃંદાવન પ્રેસવાળી પ્રતના પાઠો લીધેલા છે.

''બધાએ લોકોના જીવોનાં રહેઠાણ કરાતાં હોવાથી, ચૌદ લોકમાં જ કરોડો જીવોના સમૂહો કેવી રીતે રહેશે ?'' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોક કહે છે :

**એતાવાઞ્જીવલોકસ્ય સંસ્થાભેદઃ સમાહિતઃ ।।**
**ધર્મસ્ય હ્યનિમિત્તસ્ય વિપાકઃ પરમેષ્ઠ્યસૌ ।।૯।।**

જીવના લોકનો મર્યાદાથી ભેદ આટલો સ્થાપન કરવામાં આવેલો છે. આ બ્રહ્મા નિષ્કામ ધર્મના ફલરૂપ છે. ૯.

જીવોના[1] રહેઠાણ બનેલા લોકનો 'સંસ્થયા' સારા પ્રકારની મર્યાદાથી 'ભેદઃ' વિભાગ આટલો જ ચૌદ પ્રકારનો જ છે; કારણ કે બધા જીવો ત્રણ પ્રકારના જ છે. અહંકાર ત્રણ પ્રકારનો હોવાથી, મધ્યમાં ત્રણ પ્રકારના રાજસ (જીવો) છે. પાંચ મહાભૂતો, તન્માત્રા અને કાર્ય એમ તામસ (જીવો) સાત પ્રકારના છે. અંતઃકરણ ચાર પ્રકારનું હોવાથી સાત્ત્વિક (જીવો) ચાર પ્રકારના છે. આમાં જ બધા જીવોનો સારી રીતે સમાવેશ કરવામાં આવેલો છે.[1] 'સમ્યગાહિતઃ' એટલે સ્થાનના ભેદથી સારી રીતે સ્થાપન કરવામાં આવેલો ભેદ (છે).

''બ્રહ્માની એવી શક્તિ કેમ થઈ ? કારણ કે ભગવાનની આજ્ઞા થવા છતાં

પણ પોતાની શક્તિની જરૂર છે'' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. આ બ્રહ્મા એકસો જન્મથી પ્રાપ્ત કરેલ એક હજાર અશ્વમેધ (યજ્ઞ)રૂપ 'અનિમિત્તસ્ય' નિષ્કામ ધર્મનું 'વિપાકઃ' ફલ છે. બ્રહ્મા ઘણાં જન્મોથી પ્રાપ્ત કરેલ ધર્મના ફલરૂપ હોવાથી, તે પ્રમાણે કરે તે યોગ્ય છે એવો અર્થ છે. એ પ્રમાણે આધાર બનેલું જગત્ લોકોની માત્રા હોવાનું કહ્યું.[2]. ૯.

૧. લોકો ચૌદ છે, અને પુરુષના અવયવોમાંથી તે કલ્પેલા છે એમ ૨-૫-૩૬ થી ૨-૫-૪૨ સુધીમાં જણાવેલું છે. તે બનાવટી હોવાની શંકા આથી દૂર કરેલી છે. (પ્ર)

૨. આ શ્લોકોનો સાર આ વાક્યથી કહેલો છે. 'માત્રા' એટલે સૂક્ષ્મરૂપ. (પ્ર)

''જેને (બીજાનો) આધાર છે તેવું (જગત્) લોક હોવાથી માત્રારૂપ નહિ હોય'' એવી શંકા થાય, તેથી (કહે છે કે) કાલને લીધે જીવ પણ (ભોગ કરવાનો) વિષય થાય છે. એ રીતે કાલની પ્રસ્તાવના[1] થાય છે. કાલના ભેદથી ભગવાન્ (જગતની) ઉત્પત્તિ વિગેરે કરે છે એમ સાંભળનાર (વિદુર) કાલને જ સર્વનું કારણ માનતાં (તેને) કાલના સંબંધમાં જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા[2] થઈ. ત્યારે વિદુર નીચેના શ્લોકથી પ્રશ્ન કરે છે :

॥ વિદુર ઉવાચ ॥

**યદાત્થ બહુરૂપસ્ય હરેરદ્ભુતકર્મણઃ ॥**

**કાલાખ્યં લક્ષણં બ્રહ્મન્ યથા વર્ણય નઃ પ્રભો ॥૧૦॥**

હે બ્રહ્મન્ ! હે પ્રભો ! ઘણાં રૂપવાળા, અદ્ભુત કર્મ કરનાર હરિનું આપે જે 'કાલ' નામનું લક્ષણ કહ્યું, તેનું અમારા માટે બરાબર વર્ણન કરો. ૧૦.

ઘણાં રૂપવાળા, અદ્ભુત કર્મ કરનાર હરિનું જે આપે લક્ષણ કહ્યું તેનું બરાબર વર્ણન કરો, એવો (વાક્યનો) સંબંધ છે, કારણ કે કાલ ભગવાનનું લક્ષણ એટલે અસાધારણ[3] ગુણ છે. 'જગતના કર્તા હોવું' એટલે જગતની ઉત્પત્તિનો કાલ, એવો અર્થ છે. તે લક્ષણવાળો જે આત્મા, તે ભગવાન્. તેથીજ ભગવાન્ બહારથી પણ ગરુડ[4] ધજા ઉપર રાખે છે. ભગવાન ઘણા સૂક્ષ્મ હોવાથી, (તેમનું) લક્ષણ પણ ઘણું સૂક્ષ્મ, જાણી ન શકાય તેવું છે. 'કલયતિ' ગણત્રી કરે, જાણે, અથવા ગ્રહણ કરે તે કાલ, બધીએ વસ્તુઓને ગણવી, ગ્રહણ કરવી અથવા જાણવી એ ભગવાનનો ગુણ છે જ. તેથી જ 'કાલ' એવું નામ છે જેમના લક્ષણનું, તે અદ્ભુત કર્મ કરનાર હોવાથી, તેમની ગણત્રી સાધારણ નથી. જેમ (૧) ગણત્રી થતાં ભગવાન્ અદ્ભુત કર્મ કરે છે,[5] અથવા (૨) ગ્રહણ કરતાં એક હોઈ ઘણાં સ્વરૂપે થાય છે[5] અથવા (૩) બધાનાં દુઃખ જાણીને, પોતે (તે) દૂર કરે છે[5] અને ત્રણ માર્ગો પ્રકટ કરે છે,[6] તેવા

લક્ષણવાળા કાલનું સ્વરૂપ અવશ્ય જાણવું જોઈએ. તેથી અમને તેનું જ્ઞાન થાય તે માટે, આપ તેનું વર્ણન કરો, કારણ કે આપ (તેનું વર્ણન કરવાની) શક્તિવાળા છો. તે (અર્થ) 'હે પ્રભો !' સંબોધનથી કહેલો છે. ૧૦.

૧. પરીક્ષિતે કાલનું લક્ષણ પૂછેલ નથી, છતાં શુક કાલની પ્રસ્તાવના કેમ કરે છે એ જાણવાની ઈચ્છા થાય, તેથી તેનું તાત્પર્ય અહિં કહેલું છે. ''રચાવાના પદાર્થો (પોતે બ્રહ્મરૂપ હોઈ) ભોક્તા હોવાથી ભોગ્ય નથી અને તેથી તે માત્રા ન હોઈ શકે'' એવી શંકા થાય, તેથી કહે છે કે જીવ પણ કાલને લીધે દેહનો સંબંધ થવાથી ભોગ્ય થાય છે. તેથી રચાવાના પદાર્થો (ભોગ્ય) માત્રા થાય છે એમ દર્શાવવા કાલની પ્રસ્તાવના કરેલી છે. તેથી શાસ્ત્રની સંગતિ થાય તે માટે આ પ્રસ્તાવના કરી છે, રાજાના પ્રશ્નનો ઉત્તર આપવા કરી નથી. (પ્ર)
૨. વિદુરે પ્રશ્ન કરવાનું કારણ આથી જણાવેલું છે. (પ્ર)
૩. 'અસાધારણ' એટલે બીજા કોઈમાં ન હોય તેવો.
૪. ગરુડ કાલરૂપ છે જૂઓ. ૩-૨૮-૨૪ ઉપરના શ્રીસુબોધિની.
૫. આ ત્રણથી અનુક્રમે (૧) અદ્ભુત કર્મ કરનાર, (૨) ઘણા રૂપવાળા અને (૩) હરિ શબ્દના અર્થો કહેલા છે. (પ્ર)
૬. ઘણા રૂપવાળા થઈ કર્મમાર્ગ, દુઃખ હરનાર થઈ જ્ઞાનમાર્ગ અને અદ્ભુત કર્મ કરનાર થઈ ભક્તિમાર્ગ પ્રકટ કરેલા છે. (પ્ર)

એ પ્રમાણે કાલ (ભગવાનનો) અસાધારણ ગુણ હોવાથી અવશ્ય જણાવવા જેવો હોઈ, નીચેના શ્લોકમાં તેનું લક્ષણ કહે છે :

॥ મૈત્રેય ઉવાચ ॥

**ગુણવ્યતિકરાકારો નિર્વિશેષોઽપ્રતિષ્ઠિતઃ ॥**
**પુરુષસ્તદુપાદાનમાત્માનં લીલયાઽસૃજત્ ॥૧૧॥**

(કાલ) ગુણોની સેળભેળરૂપ અભિજ્ઞાનવાળો, વિશેષરહિત, અંતરહિત છે. પુરુષે પોતાને લીલાથી તેનું (જગતનું) ઉપાદાન બનાવેલ (તે કાલ). ૧૧.

કારણ કે કાલ અમૂર્ત[1] ગુણ છે, તેથી જ તે પ્રત્યક્ષ નથી, પરંતુ કાર્યને લીધે અનુમાન કરવા યોગ્ય છે. તેથી 'આ આવો છે' એમ તેનું લક્ષણ કહી શકાય તેવું નથી. જો કાલ ધર્મી (ગુણવાળા પદાર્થ)થી, ગુણોથી અને કાર્યથી જૂદો હોય તો જ તેનું લક્ષણ હોય, ત્યારે જ (તેનામાં) અસાધારણપણું[2] હોય. તેવા સંજોગમાં ત્રણથી[3] (કાલની) જૂદાઈ દર્શાવવા, (તેનાં) લક્ષણમાં ત્રણ વિશેષણો કહેલાં છે). તે પૈકી પહેલું (૧) કાલ 'ગુણોની સેળભેળરૂપ અભિજ્ઞાનવાળો' છે. ગુણોની 'વ્યતિકરઃ' એક બીજા સાથે સેળભેળ 'આકારઃ' અભિજ્ઞાન છે જેનું, તેવો કાલ છે. કાલ અમૂર્ત હોવાથી કાર્ય દ્વારા જ તેનું લક્ષણ થાય, અને કાર્ય એ છે કે જે ભગવાનના ગુણથી સત્ત્વ વિગેરે ગુણોનાં સમાનપણાંની અવસ્થાવાળી પ્રકૃતિના ગુણોની સેળભેળ થાય

છે-(તેથી) આરંભમાં (પ્રકૃતિના ગુણો) સત્ત્વ વિગેરેના રૂપથી છૂટા પડે છે (અને) પછી ખળભળે છે અને એકબીજા સાથે ભળી જાય છે-તે ગુણ કાલ છે,[૪] એવો અર્થ છે. અને આજ[૫] ભગવાનનું આકલન એટલે ક્રિયાશક્તિરૂપ પહેલો મુખ્ય ગુણ છે કે જે પહેલો પ્રકટ થયો[૬]. (૨) તેમનામાં[૭] બીજા પણ ક્રિયાશક્તિના ભેદો છે, (અને) તેમના ખાસ નામો પણ છે. 'તેમણે ઈચ્છયું' વાક્યથી 'ઈચ્છા', 'તેમણે કામના કરી' વાક્યથી 'કામ' (કહેલા છે). તેવી રીતે લોકમાં પ્રસિદ્ધ કાર્યના ગુણનાં સમાનપણાથી[૮] કાર્ય ઉપર આધાર રાખનાર તરીકે તેનું (કાલનું) વિશેષણ પ્રસિદ્ધ નથી. જેમ[૯] ઈચ્છા, કામ વિગેરે મનના ગુણો છે. તે પ્રમાણે કાલ કોઈનો પણ ગુણ નથી, પરંતુ 'આ સમયે' 'હમણાં' વિગેરે શબ્દોથી તે સર્વના આધાર તરીકે જ જણાય છે. તેથી[૧૦] આ 'વિશેષરહિત' છે. જો તે કોઈનો ગુણ હોય તો, 'ઘડામાં કાલ' 'ભૂમિમાં કાલ' એમ તેમાં જોવામાં આવે; પરંતુ 'આ સમયે ઘડો છે' એમ જ જણાય છે[૯]. તેથી[૧૧] ''સર્વ (કોઈપણ) વિશેષ વિનાનો[૧૨], ગુણોનો ખળભળાટ કરાવનારો[૧૩] કાલ એવું (તેનું) લક્ષણ છે[૧૧]. (૩) વળી[૧૪] ઘણાએ ગુણો-આકાશ વિગેરેનું નિવારણ કરનારા ખાસ ગુણો, પોતે વિશેષ વિનાના (હોય તેવા), ભગવાનના ગુણો છે. તેમ ન હોય તો પરમાણુ વિગેરે નિત્ય (અને) ઈન્દ્રિયોથી જેમનું જ્ઞાન ન થઈ શકે તેવા (પદાર્થો)નો બાધ ન થાય[૧૫]. તેમનો બાધ થાય તે માટે 'અંતરહિત' વિશેષણ કહેલું છે. 'પ્રતિષ્ઠા' એટલે સમાપ્તિ, અંત. તેનાથી રહિત, એવો અર્થ છે. ખાસ ગુણો તો અંતવાળા છે. તેમ ન હોય તો પરમાણુઓને હદ ન હોય. તેથી સંસ્થા વિનાનો એટલે અંતરહિત કાલ છે. બધાએ પદાર્થનો અંત આવે છે, પરંતુ કાલનો અંત આવતો નથી[૧૪].

એ પ્રમાણે કાલનું લક્ષણ કહીને, ભગવાને તે ગુણ શા માટે ધારણ કરેલો છે એ જાણવાની ઈચ્છા થતાં, ગુણોના ખળભળાટરૂપ અથવા જગતના આધાર થવારૂપ (કાલનું) પ્રાસંગિક કાર્ય તેમનું (ભગવાનનું) (તેને ધારણ કરવાનું) મુખ્ય પ્રયોજન ન હોવાથી, ઉત્તરાર્ધથી મુખ્ય પ્રયોજન કહે છે. (જગતના) કારણરૂપ પુરુષ ભગવાન્ છે. તે પોતાના જ ગુણોને કર્તાપણું વિગેરે સ્થિતિવાળા કરીને જગત્ રચે છે. તેમાં કર્તાપણું (એ) સ્વરૂપનો ગુણ જ છે. ક્રિયાશક્તિ તેનો નિર્વાહ કરનારી છે, પરંતુ સમવાયિ કારણ શું થાય ? તે (ક્રિયાશક્તિ) વિકારવિનાની જ[૧૬] છે. જેમ ઘડામાં માટીરૂપ પૃથ્વી (વિકારરહિત સમવાયિકારણ છે), તેમ દેખાતાં કાર્યોમાં સર્વત્ર સમવાયિ કારણ વિકાર વિનાનું જ હોય છે[૧૭]. તે (માટી) ખોદી કાઢી માપવાળી લઈ (ઘડો) બનાવનારની ક્રિયાથી સંસ્કૃત થઈ ઉપાદાન બને છે[૧૮], એ પ્રમાણે ભગવાન્

પણ કાલને ઉપાદાન કરીને[૧૯] પોતાને જગત્ બનાવે છે. કુંભાર[૨૦], ચાકડો, ચીથરાં, દંડ અને માટીરૂપ પૃથ્વી એકલી જ પોતાના ગુણોથી જ પોતે ઘડાના આકારવાળી થાય છે. તેમાં કુંભાર વિગેરે બીજા બધા ગુણો જીવનો સંબંધ પ્રાપ્ત કરીને જ કર્તાપણું વિગેરેની સ્થિતિ પ્રાપ્ત કરે છે. કુંભારના દેહમાં દેવદત્ત જીવ છે. દંડમાં સ્થાવર (વૃક્ષ) (જીવ છે). ચીંથરાંમાં પણ કપાસ સ્થાવર (જીવ) જ છે, ચાકડામાં પણ પર્વત (લોઢાંરૂપ) છે[૨૦]. વિકારમાં તો વિકાર જ[૨૧] છે. એ પ્રમાણે સર્વમાં હોય છે. તેથી જે અંશમાં કોઈપણ વિકાર પ્રવેશ કરતો નથી તેવો, કર્તાપણાના ગુણ સિવાયનો, ભગવાનનો ગુણ – 'તેમણે પોતાને પોતાની મેળે કર્યા' એ શ્રુતિ પ્રમાણે[૨૨] કાલ છે. 'લીલાથી' શબ્દથી એમ કહેલું છે કે (ભગવાનને તેમ કરવાનું) ખાસ પ્રયોજન ન હતું. તે ઉપાદાન ઘણું સુંદર, બનાવનારને શ્રમ ન કરાવે તેવું છે, એવો (અર્થ છે). ૧૧.

૧. 'અમૂર્ત' એટલે દેહ વિનાનો, આકૃતિ વિનાનો.
૨. 'અસાધારણપણું' એટલે બીજા કોઈમાં ન હોય તેવો ગુણ.
૩. 'ત્રણ' એટલે ધર્મી, ગુણો (ધર્મ), અને કાર્ય.
૪. રૂના તાંતણાની પેઠે ગુણો પ્રકૃતિથી છુટા પડી, એકબીજા સાથે ભળી, જેમ તાંતણાંનું વસ્ત્ર થાય છે તેવી સ્થિતિ પ્રાપ્ત કરે તે ગુણોની અવસ્થા 'સેળભેળ' છે. ગુણોની તેવી અવસ્થા જેનાથી થાય છે તે કાલ, એવો અર્થ છે. (પ્ર)
૫. 'આ' એટલે ગુણોની સેળભેળ કરવી તે. (પ્ર)
૬. 'પહેલા પ્રકટ થયો' શબ્દોથી તે પહેલો મુખ્ય ગુણ હોવાનું કારણ કહેલું છે. (પ્ર)
૭. 'તેમનામાં' એટલે ભગવાનમાં. અહિંથી બીજા 'વિશેષ રહિત' વિશેષણનું વ્યાખ્યાન કરે છે. (પ્ર)
૮. 'કાર્યધર્મવત્ત્વેન' એટલે કાર્યના ગુણના સમાનપણાથી. (પ્ર)
૯ – ૯. આ ભાગથી ઉપર નોટ ૮ માં કહેલો અર્થ સ્પષ્ટ કરેલ છે. (પ્ર)
૧૦. કાલ જણાય તેવો નહિ હોવાથી તેનામાં કાર્ય (ઘડો વિગેરે)ના ગુણોનું સમાનપણું નથી, અને તે સર્વનો આધાર હોવાથી તેનો કોઈ કાર્ય આધાર નથી. 'તેથી' એટલે એ બંને પ્રકારના વિશેષણ વિનાનો હોવાથી. (પ્ર)
૧૧ – ૧૧. આ ભાગથી પહેલા બે વિશેષણોથી સિદ્ધ થએલો અર્થ કહેલો છે. (પ્ર)
૧૨. ભગવાનની ઈચ્છા વિગેરેને આ (કાલનું) લક્ષણ લાગુ ન પડે, તે માટે આ વિશેષણ યોજેલું છે. (પ્ર)
૧૩. ભગવાનને અને વિશેષોને આ (કાલનું) લક્ષણ લાગુ ન પડે, તે માટે આ વિશેષણ યોજેલું છે. (પ્ર)
૧૪ – ૧૪. આ ભાગથી ત્રીજા વિશેષણનું વ્યાખ્યાન કર્યું છે. વિશેષણ યોજવાનું પ્રયોજન એ છે કે કાલના વિશેષને ઉપરના બે વિશેષણો લાગુ પડે છે. તેથી એટલું લક્ષણ તેનામાં પણ હોવાથી, તેને લક્ષણ લાગુ ન પડે તે માટે આ ત્રીજું વિશેષણ કહેલું છે. (પ્ર)
૧૫. 'બાધ ન થાય' એટલે (કાલના) લક્ષણમાં તેમનો સમાવેશ થાય.

૧૬. જેમ 'રસ' જ ભગવાનની જીહ્વા છે, તેમ જગતનું સમવાયિકારણ જ ભગવાનની ક્રિયાશક્તિ જ છે, એવો અર્થ છે (પ્ર)
૧૭. ''ક્રિયાશક્તિ વિકાર વિનાની હોવાથી જગતનું સમવાયિ કારણ કેમ હોઈ શકે ?'' એવી શંકા દૂર કરવા આ કહેલ છે. (પ્ર)
૧૮. ''ત્યારે વિકાર વિનાનું બ્રહ્મ જ જગતનું ઉપાદાન કારણ ભલે હોય, ક્રિયાશક્તિનું શું પ્રયોજન ?'' એવી શંકા દૂર કરવા આ કહેલ છે. (પ્ર)
૧૯. 'ઉપાદાન કરીને' એટલે પોતાની ક્રિયાની હદવાળો (સંબંધવાળો), પોતાની ક્રિયાથી વ્યાપેલો કરીને. (પ્ર)
૨૦ – ૨૦. 'એક જ (કાલ) ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ કેમ થાય ? કાર્ય અને કારણ એક જ કેમ થાય ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી આ દષ્ટાંત કહેલું છે.
૨૧. કાર્ય અને કારણ એક જ પદાર્થના થતા હોવાથી, કારણની આકૃતિમાં ભેદ થાય તે જ વિકાર (કાર્ય), જેમ એકલી પૃથ્વી જ પોતાના જૂદા જૂદા અંશોથી કર્તા (કુંભાર), કરણ (દંડ, ચાકડો વિગેરે) થાય છે, તેમ બ્રહ્મ પણ થાય છે. એવો અર્થ છે. (પ્ર)
૨૨. શ્રુતિથી પ્રમાણ કહેલું છે. આ શ્રુતિમાં કર્તાપણું કર્મ અને ક્રિયા કહેલાં છે. કર્તાપણું ભગવાનમાં છે, કર્મપણું જગતમાં છે. તેથી તે બે ગુણો સિવાયનો 'કર્યાં' શબ્દથી જે ક્રિયારૂપ અર્થ પ્રાપ્ત થયો તે કાલ છે, એવો અર્થ છે. તેથી એમ સિદ્ધ થાય છે કે ભગવાનની ઈચ્છાની હદવાળી, ભગવાનની બહારની ચેષ્ટારૂપ જે ક્રિયા તે કાલ. (પ્ર)

''આ કાલની ભગવાનને શી જરુર ? (ભગવાનનું) સ્વરૂપ અથવા પ્રકૃતિ (જગતનું) ઉપાદાન કારણ ભલે હો'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહેલ છે :

**વિશ્વં વૈ બ્રહ્મતન્માત્રં સંસ્થિતં વિષ્ણુમાયયા ।।**
**ઈશ્વરેણ પરિચ્છિન્નં કાલેનાવ્યક્તમૂર્તિના ।।૧૨।।**

વિશ્વની ખરેખર બ્રહ્મ તન્માત્રા છે. (તે) વિષ્ણુની માયાથી નભે છે અને નાશ પામે છે. ન દેખાય તેવા રૂપવાળા ઈશ્વર કાલથી તેની હદ બંધાય છે. ૧૨.

બ્રહ્મ જેની તન્માત્રા છે તેવું કાર્ય, વિશ્વ છે. જેમ મહાભૂતોમાં શબ્દ વિગેરે સૂક્ષ્મ અવસ્થાના રૂપમાં રહેલા હોવાથી તેમની તન્માત્રાઓ છે, તેમ વિશ્વની સૂક્ષ્મ અવસ્થાનું રૂપ પણ બ્રહ્મ જ છે, કારણ કે પહેલાંની અવસ્થા બ્રહ્મ છે, અને પછીની અવસ્થા જગત્ છે. 'વિષ્ણુ' એટલે ભગવાનની માયાથી તે (વિશ્વ)નો તિરોભાવ થતાં, તેનો નાશ થાય છે. વિષ્ણુ રક્ષણ કરનારા છે. તેમની જ માયા નાશ કરનારી છે. અથવા વિષ્ણુની માયાથી તે 'સંસ્થિતં' સારી રીતે નભનારું છે. (વિષ્ણુની) અલૌકિક શક્તિથી તે નભે છે અને નાશ પામે છે, એવો અર્થ છે.

તેની[૧,૨] હદ બાંધનાર કોઈક હોવો જરુરી છે. તેવો ન હોય તો બધુંએ (બ્રહ્મ જગત્) થાય, અથવા (બ્રહ્મ) અવયવરહિત છે[૧] એવાં (વાક્ય) ખોટાં ઠરે. તેથી ભગવાનનો જ અસાધારણ પ્રકારનો કોઈ એક ગુણ છે કે જેનાથી ઉત્પન્ન થએલું કાર્ય

હદવાળું થાય છે. તેવું[3] ભગવાનનું એક સ્વરૂપ છે, એમ ઉત્તરાર્ધથી કહેલ છે. ઈશ્વરપણું પણ (ભગવાનનો) એક ગુણ છે, (અને) ભગવાને (તેને) તે (કાલ)માં જ મૂકેલો છે, કારણ કે ફેરફાર કરવાની શક્તિ તેની છે. તેથી જ 'કલયતિ' ગણત્રી કરે[4] તે કાલ અને તેનું સ્વરૂપ એવું છે કે તે ન જણાય તેવો જ[5] રહે છે. તેથી (વિશ્વની) હદ બાંધવા માટે કાલની જરુર છે, એવો અર્થ છે. ૧૨.

૧. 'તેની' એટલે ભગવદ્રૂપ જગત્ની. (પ્ર)
૨ – ૨. જૂઓ બ્રહ્મસૂત્ર ૨।૧।૨૬.
૩. 'તેવું' એટલે હદ બાંધનારું. (પ્ર)
૪. વસ્તુ એક જ હોવા છતાં, હદ બાંધીને જૂદું રૂપ કરે છે. (પ્ર)
૫. ''હદ બાંધનાર ઉત્પન્ન કરનાર કેવી રીતે થઈ શકે ?'' એવી શંકા દૂર કરવા આ કહેલું છે. (પ્ર)

નીચેના શ્લોકમાં કાર્યનું તે ઉપાદાન (કારણ) હોવાનું દર્શાવે[1] છે :

**યથેદાનીં તથાઽગ્રે ચ પશ્ચાદપ્યેતદીદશમ્ ।।**
**(વિશ્વમેતદસંક્ષિપ્તં માયયા દશ્યતેઽન્યથા) ।।૧૩।।**

આ (જગત્) જેવું હમણાં છે, તેવું પહેલાં પણ હતું, પછી પણ આવું જ હશે. (આ વિશ્વ માયાથી જૂદા પ્રકારનું સંકોચ વિનાનું દેખાય છે)[2] . ૧૩.

કાલ નિત્ય હોવાથી, તે જેનું ઉપાદાન છે તેવું જગત્ નિત્ય જ છે, પરંતુ (તેના) ઉપાદાનની પેઠે તે જાણવામાં આવે છે. 'ભૂત[3]' વિગેરે સંજ્ઞાઓ કાલને લીધે થએલી છે, કારણ કે સદા વિદ્યમાન કાલ જલના પ્રવાહની પેઠે (વહેતાં), પછીનો તેની પહેલા પહેલાનાનો લોપ કરે છે, ત્યારે તેના[4] આધારને લીધે જેનામાં વિકાર થાય છે તેવું જગત્ 'ભૂત' તરીકે ઓળખાય છે. '(હાલ) છે' તે પણ કાલ જ છે. (કાલને) દેશની જરુર નહિ હોવાથી, વર્તમાનપણાંને (તેવી) જરુરીઆત નથી[5]. જલ વિગેરેને તો દેશની જરુર હોવાથી, (તેમનાં) વર્તમાનપણાંને (દેશની) જરુરીઆત છે જ. તેથી જેવો કાલ, તેવું જગત્[6] છે. કાલને અધીન જગત્ છે ત્યારે તો આવી જ વ્યવસ્થા છે. જેમ જીવોના આત્મા ભગવાન્ છે, તેમ પેટા-કાલોને વશ રાખનાર મૂલ કાલ છે. તેથી (પેટા-કાલ અને મૂલકાલ) સ્વભાવથી સમાન હોવાથી, પેટા-ભેદ અર્થ[7] પ્રમાણે કહેવામાં આવે છે. જગત્ જેવું હમણાં છે, તેવું જ પહેલાં પણ હતું, અને પછી પણ આ આવું જ હશે. તેથી[8] કાલ આ જગતને વશ રાખતો હોવાથી[9], તે માયિક (અસત્ય) નથી. તેથી[10] સંપૂર્ણ રીતે પ્રકટ સ્વરૂપવાળું હોવાથી જગત્ બ્રહ્મરૂપ[10] છે. ૧૩.

૧. દર્શાવે છે, એટલે (કાલના) અન્વયથી દર્શાવે છે.(પ્ર)
૨. શ્લોકનો આ ભાગ અધિક છે.

૩. કાલ (ભૂત, વર્તમાન, ભવિષ્ય) કેમ કહેવાય છે તે જણાવે છે. (પ્ર)
૪. 'તેના' એટલે પહેલાના કાલની ઉપાધિના, કાલના ભૂત વર્તમાન વિગેરે (ગુણ) તેના આધારવાળા જગતને લાગુ પાડવામાં આવે છે. જેમ પૃથ્વીનો આકાર ઘડાને લાગુ પાડે છે તેવી રીતે (કાલના ગુણ જગતને લાગુ પડાય છે). તે પ્રમાણે ભવિષ્યનું પણ (સમજવું). (પ્ર)
૫. 'હાલનું જગત્' એમ કહીએ તેમાં જગતને કાલ સિવાય બીજા કોઈ આધારની જરુર રહેતી નથી. તેથી વર્તમાનપણું પણ કાલનું જ જગત્‌ને લાગુ પડાય છે.
૬. કાલના ભૂત (ભવિષ્ય) વિગેરે ગુણ જગત્‌માં જણાતા હોવાથી, કાલનો જગત્‌માં અન્વય હોવાથી, કાલ જગત્‌નું ઉપાદાન કારણ છે, એવો અર્થ છે. (પ્ર)
૭. 'અર્થ પ્રમાણે' એટલે (જગત્‌ની અને કાલની) અંશ અને અંશીની સ્થિતિ કહેવાની ઈચ્છા પ્રમાણે. તેથી જગત્ કાલરૂપ હોવા છતાં, કાલ તેનું નિયમન કરતો હોવાથી, (કાલ) ભૂત વિગેરે (પોતાના) ગુણોના સંબંધથી ઉપાધિ દ્વારા જગતનું ઉપાદાન કારણ થાય છે. આથી એમ પણ સિદ્ધ થયું કે બ્રહ્મ જગતની તન્માત્રા છે. (પ્ર)
૮. 'તેથી' એટલે (જગત્) સદા એકરૂપ હોવાથી. (પ્ર)
૯. 'વશ રાખતો હોવાથી' એટલે વ્યવહારના વિષય દ્વારા વશ રાખતો હોવાથી. (પ્ર)
૧૦ - ૧૦. 'તેથી' એટલે સદા એકરૂપ હોવાથી, કાલ વશ રાખતો હોવાથી, અને સંપૂર્ણ રીતે પ્રકટ સ્વરૂપવાળું હોવાથી, એવો અર્થ છે. પાછળ બીજી કારિકામાં 'માત્રાપણું પણ કાલથી થાય છે' એમ કહેલું તે પણ આથી સિદ્ધ થાય છે. (પ્ર)

એ પ્રમાણે કાલ જગતનું ઉપાદાન (કારણ) છે એમ જણાવીને, કાલનું આધિદૈવિક સ્વરૂપ કહીને નીચેના શ્લોકથી આરંભી અધ્યાય પૂરો થાય ત્યાં સુધી, (કાલનું) આધિભૌતિક સ્વરૂપ જણાવે છે. (કાલના) આધ્યાત્મિક (સ્વરૂપ)ના પ્રકારો આવતા અધ્યાયમાં કહેશે. તેટલાથી[1] સાધારણ[2] (જીવો)ની તન્માત્રા અને ઈન્દ્રિયોનું નિયમન કરનાર કાલ જ છે (એમ જણાશે). તેઓની (સૃષ્ટિમાં ઉત્પન્ન થનાર જીવોની) બુદ્ધિ તો વેદ અથવા બ્રહ્મા વિગેરેથી (ઉત્પન્ન થશે), તેથી ભગવાનને અધીન તે (જીવો) ભગવાનની આજ્ઞાથી સંસારમાં પ્રવૃત્તિ કરશે. મહાભૂતની પેઠે તેઓનું મૂલ[3] ભગવાન્ અને ભગવાનની આજ્ઞા છે. વિષય અને ઈન્દ્રિયો તો કાલને જ અધીન હોય છે, અને કાલરૂપ જ છે. તે તન્માત્રાઓ ત્રણ પ્રકારની હોવાથી, નીચેના શ્લોકમાં આધ્યાત્મિક અને આધિભૌતિક જણાવે છે :

**સર્ગો નવવિધસ્તસ્ય પ્રાકૃતો વૈકૃતસ્તુ યઃ ।।**
**કાલદ્રવ્યગુણૈરસ્ય ત્રિવિધઃ પ્રતિસંક્રમઃ ।।૧૪।।**

તે (જગત્)ની પ્રાકૃત અને વૈકૃત જે સૃષ્ટિ તે તો નવ પ્રકારની છે. કાલથી, દ્રવ્યોથી અને ગુણોથી એવા ત્રણ પ્રકારનો આનો પ્રલય છે. ૧૪.

પ્રાકૃત એટલે આધિભૌતિક (સૃષ્ટિ) છ પ્રકારની છે. વૈકૃત એટલે આધ્યાત્મિક (સૃષ્ટિ) ત્રણ પ્રકારની છે. બંને (મળી) નવ પ્રકારની છે. 'તુ' 'તો' શબ્દ

એમ જણાવનારો છે કે વૈકૃત (સૃષ્ટિ)માં બીજો ભેદ છે. આધ્યાત્મિક વૈકૃત (સૃષ્ટિ)થી જૂદા પ્રકારની આધિદૈવિક વિકૃત (સૃષ્ટિ) છે, તેથી જ 'જે' (સૃષ્ટિ) પ્રસિદ્ધ છે. ઉત્પત્તિ નવ પ્રકારની છે, કારણ કે ત્રણે પ્રકારના ગુણો ઉત્પન્ન કરનારા છે. પ્રલય તો ત્રણ પ્રકારનો છે, કારણ કે તામસો જ પ્રલયની અધિષ્ઠાતા હોય છે. કાલ દ્રવ્ય અને ગુણો એ ત્રણ પ્રલયના અધિકારી છે. કાલ પદાર્થોને પ્રકૃતિની પ્રાપ્તિ કરાવે છે. વાયુ દંડ વિગેરે દ્રવ્યોથી અને વિરોધ કરનારા ગુણોથી વિરુદ્ધ ગુણો પ્રકટ થાય છે. શાસ્ત્રમાં[૪] કહેલા પ્રકારના કર્મથી દેવ વિગેરેની સ્થિતિ પ્રાપ્ત થતાં, મનુષ્ય વિગેરેની સ્થિતિ મટી જાય છે, તેથી સત્ત્વ વિગેરે (ગુણો)થી જ પહેલાના (ગુણ)નો પ્રલય થાય છે[૪]. કાલે કરેલો પ્રલય તો ચોક્કસ છે, બીજા બે અચોક્કસ છે. ૧૪.

૧. બે અધ્યાયથી કાલનું નિરૂપણ કરવાનું પ્રયોજન કહેલું છે.

૨. 'સાધારણના' એટલે વ્યક્તિઓના. તન્માત્રા અને ઈન્દ્રિયો બંનેનું નિયમન કરનાર કાલ છે એમ જણાવવા બે અધ્યાયોથી કાલનું નિરૂપણ કરેલ છે. (પ્ર)

૩. 'મૂલ' એટલે તન્માત્રારૂપ. (સૂક્ષ્મ અવસ્થાનું રૂપ). (પ્ર)

૪ – ૪. આ ભાગથી ગુણો પ્રલય કરાવનારા કેવી રીતે થાય છે તે જણાવે છે. ગુણો દેહરૂપ હોવાથી તામસ છે. દ્રવ્ય તામસ હોવાનું તો સ્પષ્ટ જ છે. કાલ તો ગુણોને અનુસરી (તામસ થાય છે) એમ જાણવું. (પ્ર)

નીચેના શ્લોકથી (આરંભી) સૃષ્ટિ નવ પ્રકારની હોવાનું જણાવે છે :

**આદ્યસ્તુ મહતઃ સર્ગો ગુણવૈષમ્યમાત્મનઃ ।।**
**દ્વિતીયસ્ત્વહમો યત્ર દ્રવ્યજ્ઞાનક્રિયોદયઃ ।।૧૫।।**

આત્મામાંથી ગુણોની વિષમતારૂપ પહેલી તો મહત્તત્ત્વની સૃષ્ટિ છે. બીજી તો અહંકાર(ની સૃષ્ટિ છે), જેમાં દ્રવ્ય જ્ઞાન અને ક્રિયાની ઉત્પત્તિ થાય છે. ૧૫.

**સર્ગા અત્ર વિભેદેન કાલતઃ ક્રિયયા તથા ।।૫।।**
**અતસ્તત્ત્વેઽપિ ષડ્ભેદાઃ પારંપર્યં ન દૂષણમ્ ।।**

અહિં[૧] કાલથી તેમજ ક્રિયાથી (પદાર્થો) છૂટા પડવાથી સૃષ્ટિઓ થાય છે. તેથી તેવામાં[૨] પણ છ ભેદો છે. પરંપરા દૂષણ નથી[૩]. કા. ૫ $^{1}/_{2}$.

**મહત્ત્વેન પ્રકારેણ જગત્સર્વં તથોદ્ગતમ્ ।।૬।।**
**અતો જગત એવાત્ર સર્ગો હેતુર્મહાન્ પુનઃ ।।**

મહત્તત્ત્વના પ્રકારથી બધું જગત્ તેવી રીતે ઉત્પન્ન થએલું છે. તેથી અહિં જગતની જ સૃષ્ટિ થઈ છે, પરંતુ (તેનું) કારણ મહત્તત્ત્વ છે. કા. ૬ $^{1}/_{2}$.

**ભૂતમાત્રેન્દ્રિયધિયાં જન્મ સર્ગ ઉદાહૃતઃ ।।૭।।**
**તચ્ચતુષ્ટયમત્રાસ્તિ તેન સર્ગત્વમસ્ય હિ ।।**

મહાભૂતો તન્માત્રાઓ ઈન્દ્રિયો અને બુદ્ધિના જન્મને સૃષ્ટિ કહેલી છે. તે ચાર અહિં છે, તેથી આ સૃષ્ટિ છે. કા. ૭[૧]/૨.

'તુ' 'તો' શબ્દ મતને[૪] ખોટો ઠરાવે છે. મહત્તત્ત્વનો માત્ર જન્મ જ થતો નથી, પરંતુ મહત્તત્ત્વનો જન્મ સૃષ્ટિ છે, અને તે પણ બીજી સૃષ્ટિઓ કરતાં પહેલી સૃષ્ટિ છે. આ સૃષ્ટિ સર્વ (સૃષ્ટિઓ)ને ઉપયોગી છે. મહત્પણાથી બુદ્ધિ કહી. તે મહત્તત્ત્વ યોનિમાંથી ઉત્પન્ન થયું[૫] તેવી સૃષ્ટિ અહિં (કહેવાની) ઈચ્છેલી નથી, પરંતુ આત્મા (ભગવાન્)રૂપ મૂલમાંથી ગુણોની વિષમ (અસમાન) સ્થિતિ (રૂપ સૃષ્ટિ) (કહેલી છે). તેમાં બુદ્ધિ (ઉત્પન્ન થવા)નું કારણ સત્ત્વ (ગુણ) છે. ભગવાન્ બુદ્ધિનું કારણ હોય, ત્યારે સત્ત્વ મનનું[૬] કારણ (હોય છે). વિષયો[૭] રાજસ, છે, (અને) મહાભૂતો તામસ છે. (ગુણોનું) વિષમપણું ન હોય, ત્યારે તો તેઓ સ્થિતિ વિગેરે કરનારા હોય છે. આત્મામાંથી ગુણોનું વિષમપણું (થાય)–આ જ મહત્તત્ત્વની સૃષ્ટિ છે, એવો અર્થ છે.

ઉત્તરાર્ધથી બીજી સૃષ્ટિ કહે છે. અહિં પણ માત્ર જન્મ કહેલ નથી. 'અહમઃ' અહંકારની સૃષ્ટિ બીજી (સૃષ્ટિ) છે. આ પણ ચાર પ્રકારની હોવાનું કહે છે. જેમ સૃષ્ટિમાં ગુણોનાં વિષમપણાંની જરુર છે, એ પ્રમાણે દ્રવ્ય જ્ઞાન અને ક્રિયાની ઉત્પત્તિની પણ જરુર છે. દ્રવ્ય અધિભૂત[૮] છે, જ્ઞાન અધિદૈવ[૮] છે, ક્રિયા આધ્યાત્મિક[૮] છે. પહેલી સ્થિતિ (ગુણોનું) વિષમપણું (અને) બીજી ત્રણ પ્રકારના થવું તે છે. 'યત્ર' 'જેમાં' શબ્દથી, સ્થાન એટલે (આ સૃષ્ટિના) કારણરૂપ મહત્તત્વ બુદ્ધિ (કહેલ) છે. ૧૫.

૧. 'અહિં' એટલે 'પ્રાકૃત સૃષ્ટિમાં' (પ્ર)
૨. 'તેવામાં' એટલે પ્રાકૃત (સૃષ્ટિ) માં (પ્ર)
૩. કાલ અને ક્રિયા બંને હોવા છતાં છએ સૃષ્ટિઓ એક સાથે થતી નથી. શ્રુતિમાં પણ સર્વ કરવા સમર્થ બ્રહ્મ સાક્ષાત્ સૃષ્ટિ રચે છે, તેમ એક પછી એક સૃષ્ટિઓ રચે છે એમ કહેલું છે. તેમાં ભગવાનની ઈચ્છા જ કારણ છે તેથી પરંપરાથી સૃષ્ટિ થાય તે દૂષણ નથી. (પ્ર)
૪. 'મતને' પહેલા કહેલા અનુવાદ મતને (પ્ર) મહત્તત્ત્વનો માત્ર જન્મ થાય છે, તે સૃષ્ટિ નથી, એવા મતને, એવો અર્થ જણાય છે.
૫. 'વીર્યનું આધાત કર્યું' 'તેણે (પ્રકૃતિએ) હિરણ્મય મહત્તત્ત્વને જન્મ આપ્યો' એમ કહેલું છે, તેવી સૃષ્ટિ આ કલ્પમાં ઈચ્છેલી નથી. (પ્ર)
૬. 'મનનું' એટલે 'ઈન્દ્રિયોનું'. બધી ઈન્દ્રિયો માટે 'મન' શબ્દ યોજેલો છે. (પ્ર)
૭. આથી અનુક્રમે તન્માત્રા અને મહાભૂતોની ઉત્પત્તિ કહી.
૮. આથી મહાભૂત, તન્માત્રા અને ઈન્દ્રિયોની ઉત્પત્તિ કહેલી જણાય છે.

નીચેના શ્લોકમાં ત્રીજી (તથા ચોથી) સૃષ્ટિ કહે છે :

**ભૂતસર્ગસ્તૃતીયસ્તુ તન્માત્રો દ્રવ્યશક્તિમાન્ ।।**
**ચતુર્થ ઐન્દ્રિયઃ સર્ગો યસ્તુ જ્ઞાનક્રિયાત્મકઃ ।।૧૬।।**

ત્રીજી તો તન્માત્રારૂપ દ્રવ્યની શક્તિવાળી મહાભૂતોની સૃષ્ટિ છે. ચોથી ઇન્દ્રિયોની સૃષ્ટિ છે, જે (તે) તો જ્ઞાનરૂપ અને ક્રિયારૂપ છે. ૧૬.

અહિં પણ 'તુ' 'તો' શબ્દ ઉપર પેઠે[૧] યોજેલો છે. જેમ[૨] ગુણોના ખળભળાટની જરુર છે, અને જેમ જ્ઞાન ક્રિયા તથા વિષયોની જરુર છે, તેમ વિકાસ કરનાર રૂપની પણ (જરુર છે)[૨], અને તે રૂપ[૩] ભોક્તા અને ભોગ્યની સ્થિતિવાળું (હોવાનું) કહેવું જોઈએ. તેથી ભોગ્ય તન્માત્રા તરીકે કહેલ છે, અને ભોક્તા શરીર પ્રાપ્ત કરાવનાર મહાભૂત તરીકે (કહેલ છે). 'તન્માત્રારૂપ દ્રવ્યની શક્તિવાળી' શબ્દોથી તે બંને કહેલ છે. પાંચ તન્માત્રાઓરૂપ તન્માત્રા છે. દ્રવ્યની શક્તિ[૪] એટલે વિકાસ. તે સાથેની ત્રીજી સૃષ્ટિ છે, એવો અર્થ છે. એ પ્રમાણે ત્રણ સૃષ્ટિઓથી કાર્ય ઉત્પન્ન થાય છે.

અને ત્રણ (સૃષ્ટિઓ)થી (કાર્ય) જાણવામાં આવે છે. તેઓમાં[૫] આરંભમાં ચોથી ઇન્દ્રિયોની સૃષ્ટિ એટલે ઇન્દ્રિયોના સંબંધવાળી સૃષ્ટિ છે. ઇન્દ્રિયોના સ્વરૂપની ઉત્પત્તિ સૃષ્ટિ નથી, પણ કાર્યોમાં ઉપયોગી થવાથી (તે સૃષ્ટિ)છે. તેથી[૬] અનુવાદમાં 'તુ' 'તો' શબ્દ (યોજેલ છે). કાર્યમાં[૭] જૂદા પ્રકારથી ઉત્પતિ થતી નથી એમ જણાવવા 'સૃષ્ટિ' શબ્દ પહેલાંજ યોજેલ છે[૭] 'જે (તે) તો' શબ્દોથી (સૃષ્ટિનો) અનુવાદ સ્વરૂપ અને કાર્યનો ભેદ જણાવવા (કરેલો છે). (આ સૃષ્ટિ) જ્ઞાનરૂપ[૮] અને ક્રિયારૂપ[૮] છે, કારણ કે જ્ઞાન અને ક્રિયા બંને ઇન્દ્રિયોનાં કાર્ય છે. ક્રિયારૂપથી મહાભૂતો અને ઇન્દ્રિયો કહેલી છે, (અને) જ્ઞાનરૂપથી તન્માત્રા અને બુદ્ધિ[૯] કહેલાં છે. ૧૬.

૧. 'ઉપર પેઠે' એટલે માત્ર જન્મ એ સૃષ્ટિ નથી એ જણાવવા. (પ્ર)
૨....૨. આ ભાગથી એમ જણાવેલું છે કે પહેલી અને બીજી તથા ત્રીજી સૃષ્ટિમાં (ઉત્પત્તિના) કારણ સિવાય કાર્ય અને કારણમાં જૂદાપણું નથી.(પ્ર)
૩. 'તે રૂપ' એટલે 'વિકાસ કરનારું રૂપ'. (પ્ર)
૪. 'દ્રવ્યની શક્તિ' એટલે દ્રવ્ય રૂપ શક્તિ. તેથી શ્લોકમાં ભૂત સૃષ્ટિ કહી, તેનો અર્થ 'મહાભૂતરૂપ વિકાસ સાથેની તન્માત્રાની સૃષ્ટિ' છે. (પ્ર)
૫. 'તેઓમાં' એટલે જ્ઞાન કરાવનારી (ત્રણ ચોથી પાંચમી અને છઠ્ઠી) સૃષ્ટિઓમાં. (પ્ર)
૬. 'તેથી' એટલે કાર્ય ઉત્પન્ન થાય તેમાં પણ આ સૃષ્ટિ અનુકૂલ હોવાનું ઇચ્છેલું હોવાથી. (પ્ર)
૭. ...૭. મહાભૂતો તન્માત્રા વિગેરેથી બનેલ શરીરવાળા હોવાને લીધે (ઉત્પત્તિના પ્રકારમાં) ભેદ નથી, એમ જણાવવા ('તુ' શબ્દ અનુવાદમાં કહેલ છે). તેથી સ્વરૂપ (શરીર) મહાભૂત વિગેરેનું

બનેલ છે, તે કાર્ય કરતું ન હોય ત્યારે તે એકલું (જાદું) હોય છે, એમ સ્વરૂપનો (કાર્યથી) ભેદ દર્શાવવા (એમ કહેલ છે.) ( પ્ર )

૮. ..૮.ઈન્દ્રિયો જાદાં જાદાં કાર્યો કરે છે તેનું કારણ આથી કહેલ છે. જ્ઞાનરૂપ ઈન્દ્રિયો જ્ઞાન કરાવે છે અને ક્રિયારૂપ ઈન્દ્રિયો ક્રિયા કરાવે છે. ( પ્ર )

૯.ઈન્દ્રિયો જ્ઞાનરૂપ અને ક્રિયારૂપ હોવાનું જણાવવાનું આથી બીજાું પ્રયોજન કહેલું છે. ( પ્ર )

**નીચેના શ્લોકમાં પાંચમી (અને છઠ્ઠી) સૃષ્ટિ કહે છે :**

**વૈકારિકો દેવસર્ગઃ પઞ્ચમો યન્મયં મનઃ ।।**
**ષષ્ઠસ્તુ તમસઃ સર્ગો યસ્ત્વબુદ્ધિકૃતો વિભોઃ ।।૧૭।।**

મન જેનાથી ભરપૂર છે તેવી પાંચમી દેવોની સાત્ત્વિક સૃષ્ટિ છે. છઠ્ઠી તો તામસ સૃષ્ટિ છે, જે તો સમર્થ (ભગવાને) અજ્ઞાનથી કરેલી છે.૧૭.

દેવોની સૃષ્ટિ 'વૈકારિક' સાત્ત્વિક છે. આ દેવોની સૃષ્ટિમાં ઉત્પત્તિ સ્વરૂપથી થાય છે. (તે) ઈન્દ્રિયોથી જ્ઞાન થઈ ન શકે તેવી અને વ્યવહાર થઈ ન શકે તેવી હોવાથી, (તેનામાં) બે પ્રકાર ન હોવાને લીધે[૧], (કોઈ) મત ખોટો ઠરાવેલ નથી. જેમ[૨] જ્ઞાન (પ્રાપ્ત કરવા)માં અને ક્રિયા (કરવા)માં ઈન્દ્રિયોની જરુર છે, તેમજ દેવની પ્રેરણાની પણ (જરુર છે), કારણ કે તે (દેવની પ્રેરણા) વિના (પદાર્થ) ગ્રહણ થઈ શકતો નથી[૨]. (આ સૃષ્ટિ) સાત્ત્વિક[૩] હોવાથી ત્રણ રૂપવાળી[૪] છે. દેવ બુદ્ધિરૂપ છે. 'આ દેવોનું શું પ્રયોજન? પ્રેરણા તો અંતર્યામી અને જીવથી પણ થઈ શકે' એવી શંકા થાય, તેથી 'મન જેનાથી ભરપૂર છે' એમ કહેલું છે. મન પાંચમી સૃષ્ટિથી ભરપૂર છે. 'મન ન હોવાથી મેં સાંભળ્યું નથી' વિગેરે વચન પ્રમાણે ઈન્દ્રિયો હોવા છતાં જેમ મન વિના જ્ઞાન તથા ક્રિયા ઉત્પન્ન થતાં નથી,-કારણ કે પોતાની જાતનાના નિગ્રહ વિના રાજાની પેઠે માત્ર ચેતનથી સંપૂર્ણ રીતે નિગ્રહ કરી શકતો નથી-તેથી જેમ મન સામાન્ય રીતે નિગ્રહ કરે છે તેમ ઈન્દ્રિયના દેવ પણ (સામાન્ય રીતે નિગ્રહ કરે છે) અને (તે બે) સાત્ત્વિકપણાને લીધે એક[૫] છે, કારણ કે સાત્ત્વિકપણું પહેલાનું રૂપ છે, અને પ્રેરણા કરનાર હોવું એ પાછલનું રૂપ છે.

ઉત્તરાર્ધથી છઠ્ઠી (સૃષ્ટિ) કહે છે. ભગવાનનું ગ્રહણ ઈન્દ્રિયોથી થવાનું સંભવતું ન હોવાથી, મધ્યે ઉત્પત્તિરૂપ અવિદ્યા વિચારમાં આવેલી છે. તે માત્ર તામસી છે. અવિદ્યા પ્રકૃતિ અને માયામાં, પહેલી (અવિદ્યા)નો વિષય પ્રાકૃત (પદાર્થ) હોવાથી, પ્રાકૃતો તેને અથવા તેના કાર્યને ગ્રહણ કરે છે. તેથી ગ્રહણ થાય તે માટે વિષયરૂપ છઠ્ઠી તામસ સૃષ્ટિ[૬] છે. માત્ર તામસપણાંથી જ (ગ્રહણ કરવાનો) વિષય થતી હોય, તો મહાભૂતોની સૃષ્ટિ પણ તેવી થાય. તેથી તેનો (આમાં) સમાવેશ ન થાય તે માટે 'જે' શબ્દથી (તામસપણાંનો) અનુવાદ કરી, 'તુ' 'તો' શબ્દ (યોજેલ

છે) 'અબુદ્ધિકૃતઃ' એટલે 'અજ્ઞાનથી કરેલી'.

''છીપમાં રૂપાંની (ઉત્પત્તિ) પેઠે, અજ્ઞાનથી મિથ્યા હોય તેવું જ કાંઈક ઉત્પન્ન થાય છે. તે સૃષ્ટિ કેમ (કહેવાય) કારણ કે (તેમાં) રચાનારું હોતું નથી.'' એવી શંકા થાય, તેથી 'વિભોઃ' 'સમર્થ' શબ્દ (યોજેલ છે); કારણ કે અજ્ઞાનના પ્રકારથી પણ તે સત્ય (વસ્તુ) પ્રકટ કરવા શક્તિમાન છે. તેથી ગ્રહણ થતો આ વિષય અવિદ્યાથી થએલો હોવા છતાં પણ સૃષ્ટિરૂપ છે. ૧૭.

૧. 'તુ' 'તો' શબ્દ પહેલાં(ની સૃષ્ટિઓમાં) કહેલો, અને પછીનીમાં પણ કહેલો છે, છતાં અહિં તે કહેલ ન હોવાનું તાત્પર્ય આથી કહેલું છે. કાર્ય ઉત્પન્ન કરવા માટે સ્વરૂપનું વિલક્ષણપણું જરુરી ન હોવાથી, આ બે પ્રકારનું તે નથી. (પ્ર)
૨. આ ભાગથી દેવસૃષ્ટિનું પ્રયોજન જણાવેલું છે. કર્મેન્દ્રિયો કર્મ કરતી હોવા છતાં, કર્મ કરવામાં તેમને સાહાય્ય કરનાર તરીકે જેમ જ્ઞાનેન્દ્રિયની જરુર હોય છે, તેમ જ્ઞાનેન્દ્રિયોથી જ્ઞાન થવામાં પણ સહાયક તરીકે દેવની પ્રેરણાની જરુર છે. તે જ નિયમ પ્રમાણે કર્મ (કરવા) માં પણ દેવની પ્રેરણાની જરુર છે, એવો અર્થ છે. (પ્ર)
૩. આથી સૃષ્ટિપણું કરાવનારું રૂપ કહેલું છે. (પ્ર)
૪. 'ત્રણરૂપવાળી' એટલે 'મહાભૂત, તન્માત્રા અને ઈન્દ્રિયના રૂપવાળી'. (પ્ર)
૫. ''દેવની સૃષ્ટિનું પ્રયોજન 'મન જેનાથી ભરપૂર છે' શબ્દોથી કહેલું છે, તેથી મનની સૃષ્ટિ ન કહેવા છતાં થઈ'' એવી શંકા દૂર કરવા આ કહેલ છે. મન દેવના જેવું હોવાથી, 'સાત્ત્વિક' એ વિશેષણથી તેનો પણ સમાવેશ થએલ છે. (પ્ર)
૬. તેથી ભગવાનની શક્તિથી જ તે સૃષ્ટિ થાય છે, પરંતુ (પોતાની) સ્વરૂપનાં બલથી સૃષ્ટિ નથી, એવો અર્થ છે. (પ્ર)

એ પ્રમાણે આધિભૌતિક પ્રકારથી કહેલી છ સૃષ્ટિઓનો નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છે :

**ષડિમે પ્રાકૃતાઃ સર્ગા વૈકૃતાનપિ મે શ્રૃણુ ।।**
**રજોભાજી ભગવતો લીલેયં હરિમેધસઃ ।।૧૮।।**

આ છ પ્રાકૃત સૃષ્ટિઓ છે. મારી પાસેથી વૈકૃત સૃષ્ટિઓનું પણ શ્રવણ કર. રજોગુણ સેવનાર સર્વ દુઃખ દૂર કરવાની બુદ્ધિવાળા ભગવાનની આ લીલા છે. ૧૮.

'આ છ પ્રાકૃત સૃષ્ટિઓ છે' એવો વિભાગ જો ન કરે, તો 'સાતમી' વિગેરે (શબ્દો) યોજેલ હોવાથી બધીએ (સૃષ્ટિઓ) એક પ્રકારની થાય (ગણાય). એ રીતે પ્રાકૃત (સૃષ્ટિઓ)નો ઉપસંહાર કરીને, વૈકૃત (સૃષ્ટિઓ)ના ભેદો સાવધાન રહી જાણવા યોગ્ય છે એમ 'વૈકૃતનું પણ (મારી પાસેથી શ્રવણ કર)' શબ્દોથી કહે છે. વૈકૃત (વિકારવાળું) પ્રાકૃતનું કાર્ય હોવાથી, પ્રાકૃતનું નિરૂપણ થતાં (તેનું) નિરૂપણ થઈ જતું હોવાથી, વૈકૃતના પ્રકારો અથવા સ્વરૂપનો નિર્ણય થતો નથી, તેથી 'મારી

પાસેથી શ્રવણ કર' એમ કહેલું છે.

''આ પ્રાકૃત અને વિકૃત સૃષ્ટિઓ લૌકિક છે. ભગવાનના ભક્તોએ શા માટે (તેમનું) શ્રવણ કરવું ?'' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. જ્યારે ભગવાન્ ઉત્પત્તિ (કરવા) માટે રજોગુણનું, અથવા કામ માટે સ્ત્રીના રજનું સેવન કરે છે, ત્યારે એવી રીતે લીલા કરે છે. તેથી સૃષ્ટિઓ ભગવાનની લીલાઓ હોવાથી તેમનું શ્રવણ કરવું જ જોઈએ. ''બધી ભગવાનની લીલાઓનું શ્રવણ કરવું ન જોઈએ. 'સરોવરમાં જેટલું પ્રયોજન હોય' (ભ.ગી.૨।૪૬) એ નિયમ પ્રમાણે પોતાને ઉપયોગની હોય તેજ લીલા આદર કરવા યોગ્ય છે.'' એવી શંકા થાય, તેથી '(સર્વ દુઃખ) દૂર કરવાની બુદ્ધિવાળા' એ વિશેષણ કહેલું છે. 'હરિઃ' સર્વ દુઃખને હરનારી છે 'મેધા' બુદ્ધિ જેમની, તેવા (ભગવાન્ છે). ભગવાનના સંબંધી જે કોઈ બુદ્ધિ હોય, તે જ સર્વ દુઃખ હરનારી છે, તેથી હરકોઈ પણ ભગવાનની લીલા શ્રવણ કરવા યોગ્ય જ છે. વળી વિષયમાં સ્થિર થએલી બુદ્ધિ અહિં ભગવાનના સંબંધવાળી હોવાનું જણાવવામાં આવે છે. તેથી બીજી લીલાઓ કરતાં, ભૌતિક (સૃષ્ટિ)રૂપ લીલાઓ કાલના સંબંધવાળી હોવાથી પરંપરાથી પ્રાપ્ત થએલાં (દુઃખો)નો નાશ કરનારી છે, (અને) તે[1] દોષ દૂર થાય તે માટે ભગવાનની તરીકે અવશ્ય તેમને જાણવી જોઈએ. આજ ધ્યાનમાં રાખીને 'મેધસ્' 'બુદ્ધિ' શબ્દ યોજેલ છે. જેમ 'મેધા' શબ્દનો અર્થ બુદ્ધિ છે, એવોજ 'મેધસ્' શબ્દ પણ, અંતે 'અસ્' પ્રત્યયવાળો છે. ૧૮.

૧. 'તે' પરંપરાથી થતી સૃષ્ટિનો, એટલે જન્મમરણનો, એવા અર્થ જણાય છે.

તેથી શ્રવણ કરવું જોઈએ, એમ સિદ્ધ કરી, નીચેના શ્લોકમાં વૈકૃત (સૃષ્ટિઓ)માંની પહેલી જણાવે છે :

**સપ્તમો મુખ્યસર્ગસ્તુ ષડ્વિધસ્તસ્થુષાં ચ યઃ ।।**
**વનસ્પત્યોષધિલતાસ્ત્વક્સારા વીરુધો દ્રુમાઃ।।૧૯।।**

વળી વનસ્પતિ, ઓષધિ, લતા, છાલ જેમાં સારરૂપ છે તેઓ, વેલાઓ અને વૃક્ષો, એ છ પ્રકારની જે સ્થાવરોની સૃષ્ટિ તે તો સાતમી મુખ્ય સૃષ્ટિ છે. ૧૯.

વૈકૃત (સૃષ્ટિઓ)માં મુખમાં પ્રાપ્તિ છે જેની તે મુખ્ય છે.

**અન્નં પ્રથમતઃ સૃજ્યમન્નાદાસ્તદનન્તરમ્ ।।૮।।**
**અન્યથા બાધકં ત્વગ્રે વક્ષ્યતે પ્રક્રિયાન્તરે ।।**

અન્ન પહેલાં બનાવવું જોઈએ, (અને) અન્ન ખાનારાઓ ત્યાર પછી (બનાવવા જોઈએ). તેમ કરવામાં ન આવે તો વિઘ્ન (થાય તે) તો આગળ બીજા પ્રકરણમાં કહેવામાં આવશે. કા.૮[1]/૨.

તેથી મુખમાં પ્રાપ્તિ ( જેની થવાની તે ) ભક્ષ્ય તરીકે જ વિચારેલી, સર્વના જીવન માટે ઉપયોગી ( સૃષ્ટિ ) પહેલાં રચી. મન સાથે કર્મેન્દ્રિયો છ હોવાથી ( આ ) પહેલી સૃષ્ટિ છ પ્રકારની છે. તેઓનું ભક્ષણ કરવામાં આવે તેમ છતાં પણ જેમ તે જતા ન રહે, તે માટે, 'જે સ્થાવરોની ( સૃષ્ટિ )' એમ કહેલું છે. સ્થાવરોની જ જે છ પ્રકારની સૃષ્ટિ છે, તે જ અહિં લેવાની છે, એમ 'જે' શબ્દથી જણાવેલ છે, પરંતુ જે જંગમ તરીકે ઉત્પન્ન થઈને સ્થાવરપણું પામેલ હોય તે ( લેવાની ) નથી, કારણ કે તે ભગવાનની લીલા નથી. 'ચ' 'અને' શબ્દને લીધે તેઓ પણ[1] શાસ્ત્રમાં કહેલો હોય તે ( આમાં ) લીધેલા[2] છે, અથવા 'ચ' 'અને' શબ્દથી દૂધ વિગેરે લીધેલા[3] છે. (૧) પીપળો વિગેરે વનસ્પતિઓ છે. વનસ્પતિઓ પહેલી જ લીધેલી છે, કારણ કે 'વનસ્પતિઓ ખરેખર વૈષ્ણવો છે' એ શ્રુતિ પ્રમાણે તેઓ વૈષ્ણવ છે, અને પાલન કરવામાં વિષ્ણુ મુખ્ય છે. વનસ્પતિઓ પુષ્પ વિનાની ફલવાળી હોય છે અને વૈષ્ણવો રજ વિનાના[4] ફલવાળા હોય છે. (૨) ચોખા, જવ વિગેરે ઓષધિઓ ફલ પાકે ત્યાં સુધી રહેનારી હોય છે, કારણ કે તેઓ મુખ્ય અન્ન છે. (૩) કોહોળાં વિગેરે લતાઓ ચરબીરૂપ ( તથા ) મસાલારૂપ છે. (૪) છાલ જેમાં સાર છે તેવા વાંસ અન્નની સ્થિતિરૂપ છે. વાંસના બીજ અન્ન છે, અને વાંસ ઘણા ઉપયોગમાં આવે છે. (૫) સોમ વિગેરે ઘાસ વિગેરે વેલાઓ છે, તેઓ પણ બંને પ્રકારના[5] છે. (૬) જેમને ફલ તથા ફૂલ થાય છે તેવા આંબા વિગેરે વૃક્ષો છે. આ છ પ્રકારના ખાવામાં આવતાં ખાનારાઓ ઘણા પ્રતિષ્ઠિત થાય છે. ૧૯.

૧. 'તેઓ' એટલે જંગમ હોવા છતાં સ્થાવરપણું પામેલા (હણેલા) પશુઓ ( પ્ર )

૨. 'લીધેલા છે' એટલે મુખ્ય સૃષ્ટિ (સાતમી સૃષ્ટિ)માં લીધેલા છે. ( પ્ર )

૩. બર્હિષદના ઉપાખ્યાનમાં જેમાં હિંસા થતી હોય તે યજ્ઞને અધમ કહેલ હોવાથી, અહિં જૂદો મત કહેલો છે. ( પ્ર )

૪. 'રજ વિનાના' એટલે રજોગુણ વિનાના અથવા મેલ વિનાના, એવો અર્થ જણાય છે.

૫. બંને પ્રકારના' એટલે અન્નરૂપ અને અન્નની સ્થિતિ કરાવનારરૂપ. ( પ્ર )

''આ છને ક્યા ગુણને લીધે એક સૃષ્ટિ કહો છો ?'' એવી શંકા થાય, તેથી નીચેના અર્ધ શ્લોકમાં તે ગુણો કહે છે :

**ઉત્સ્રોતસસ્તમઃપ્રાયા અંતઃસ્પર્શાવિશેષિણઃ ।।૨૦।।**

(તેઓ) આહારની ઉંચી ગતિવાળા, ઘણા ખરા અજ્ઞાની, અંદરથી સ્પર્શ જાણનારા, વિશેષ વિનાના છે. ૨૦.

કારણ કે આ સૃષ્ટિરૂપ એટલે મહાભૂત વિગેરે પદાર્થ રૂપ કહેવા જોઈએ. તેઓનું પણ ચાર વિશેષણોથી વર્ણન કરવામાં આવે છે. (૧) 'ઊર્ધ્વં' ઉચે જનારો છે.

'સ્રોતઃ' આહારનો સંચાર જેમનો, તેવા (તેઓ છે). તેઓએ ભક્ષણ કરેલ જલ વિગેરે ઉંચે જ જાય છે. આથી મહાભૂતપણું કહ્યું, અથવા તેથી ઉલટું કહ્યું, કારણ કે સમજી શકાય તેવી ક્રિયા બુદ્ધિ છે. તેઓ 'પાદપ[1]' હોવાથી તેમની બુદ્ધિ જણાવી. (૨) 'ઘણા ખરા અજ્ઞાની' વિશેષણથી (તેમને) જ્ઞાન ન હોવાનું કહ્યું. અજ્ઞાન તેઓમાં જ પૂર્ણ થએલું છે. (૩) 'અંદરથી સ્પર્શ જાણનારા' વિશેષણથી, 'ઘણા ખરા' શબ્દથી જે (અજ્ઞાનના વિષયને) બાતલ કરેલ તે કહેતાં, (તેમનાં જ્ઞાનનો) વિષય કહેલ છે અંદરથી માત્ર સ્પર્શને તેઓ જાણે છે, પરંતુ બીજા વિષયનું (તેમને) જ્ઞાન નથી, એવો અર્થ છે. મહાભારતમાં વૃક્ષોને જે સર્વ ઇન્દ્રિયો હોવાનું અને સર્વનું જ્ઞાન હોવાનું સિદ્ધ કરેલું છે, તે તો તેમના અધિષ્ઠાતા દેવના સંબંધમાં (કહેલું છે), (વૃક્ષના) અભિમાનીઓને તો સ્પર્શ જ (જણાય છે). (૪) 'વિશેષ વિનાના' એટલે હાથ વેંત વિગેરે માપના નિયમ વિનાના, અથવા વિશેષ જ્ઞાન વિનાના. ૨૦.

૧. 'પાદપ' એટલે 'પાદ' પગ, (વૃક્ષનું) થડથી જલનું પાન કરનારા. વૃક્ષો થડથી જલનું પાન કરે છે અને તે જલ ઉપર શાખાઓ તથા પાંદડા વિગેરેને પ્રાપ્ત થાય છે.

એ પ્રમાણે સાતમી સૃષ્ટિ જણાવી, નીચેના શ્લોકથી આઠમી જણાવે છે :

**તિરશ્ચામષ્ટમઃ સર્ગઃ સોऽષ્ટાવિંશદ્વિધોમતઃ ।।**
**અવિદો ભૂરિતમસો ઘ્રાણજ્ઞા હૃદ્યવેદિનઃ ।।૨૧।।**

હલકાં પ્રાણીઓની આઠમી સૃષ્ટિ છે. તે અઠાવીસ પ્રકારની મનાએલી છે. (તેઓ) અજ્ઞાની, ઘણાં તમો ગુણવાળા, સૂંઘવાથી જ્ઞાન પ્રાપ્ત કરનારા (અને) હૃદયમાં સ્મૃતિ વિનાના હોય છે. ૨૧.

'તિર્યક્' આડો છે તેમનાં આહારનો સંચાર, તેઓ 'તિર્યઞ્ચઃ'હલકાં પ્રાણીઓ છે. કારણ કે (તેમનો આહાર) 'તિર્યક્' આડો 'અઞ્ચતિ' જાય છે, કેમકે ગાયો વિગેરેએ ભક્ષણ કરેલ હોય તે આડા ભાગથી જ જાય છે. અન્ન ખાનારને ઉપયોગી હોવાથી, તેમની સૃષ્ટિ આઠમી છે. તે અઠાવીસ પ્રકારનો છે. કારણ કે તત્ત્વો તેટલાં છે (અને) તત્ત્વો જ ખોરાક માટે પ્રાર્થના કરેલી, જો કે (હલકાં પ્રાણીઓના) ઘણા વિભાગો છે, છતાં પણ વિભાગ પાડનારના મુખ્યપણાંને લીધે, (તેમની સૃષ્ટિ) અઠાવીસ પ્રકારની જ મનાએલી છે. બીજા (પ્રાણીઓ)નો[1] આમાં જ સમાવેશ (થવાનું) કહેશે, અથવા તેઓ વૈકૃત (વિકારવાળાં) નથી એમ સિદ્ધ કરશે. આમનું પણ પહેલાંની પેઠે ચાર પ્રકારનું લક્ષણ (ઉત્તરાર્ધથી) કહે છે. (૧) (આ) અજ્ઞાની છે. 'વિદ્' એટલે જ્ઞાન, પોતે શું કરવા યોગ્ય છે અને શું કરવા યોગ્ય નથી તેનું અનુસંધાન, અથવા પરલોકનું જ્ઞાન. તે વિનાના અજ્ઞાનીઓ (છે). (૨) 'ભૂરિ' ઘણો છે 'તમઃ' તમોગુણ જેમનો તેવા (તેઓ છે). તેથી તમોગુણથી વ્યાકુલ થએલા (તેઓ) સત્સંગ

થાય તો પણ જ્ઞાન પ્રાપ્ત કરતા નથી. જેઓ દેવરૂપ પશુઓ છે, અથવા વૈકુંઠ વિગેરેમાં રહેનારા વૃક્ષો છે, તેઓ તો કાલને પરવશ હોતા નથી, તેથી તેમને લીધે લક્ષણમાં[2] અવ્યાપ્તિ થતી નથી. (૩) તેઓને બધી ઈન્દ્રિયો હોવા છતાં પણ તેઓને સૂંઘવાથી જ પદાર્થોનું સારું જ્ઞાન થાય છે, પરંતુ તમોગુણ ઘણો હોવાથી ચક્ષુ વિગેરેથી (પદાર્થનો) નિર્ધાર કરી શકતા નથી. (૪) 'હૃદયમાં સ્મૃતિ વિનાના' એટલે પહેલાં અનુભવ થએલ હોય તેનાં સ્મરણ વિનાના, અથવા ચિંતા વિનાના. 'વેદ' એટલે જ્ઞાન અથવા દુઃખ (ચિંતા); (તે વિનાના હોય છે). તેઓમાં મહાભૂતને ઠેકાણે અજ્ઞાન છે, વિષય (તન્માત્રા) મોહ છે, સૂંઘવામાં જ ઈન્દ્રિયો પરિણમે છે, (અને) બુદ્ધિ તો અનુભવરૂપ જ છે. ૨૧.

૧. 'બીજા' એટલે આમાં નહિ કહેલાં ઉંદર વિગેરે (પ્ર)

૨. વૈકુંઠના વૃક્ષો તથા દેવરૂપ પશુઓ આવાં હલકાં પ્રાણી હોવા છતાં, તેઓમાં તમોગુણ ન હોવાથી આ લક્ષણ તેમને લાગુ પડે નહિ, તો તે લક્ષણમાં 'અવ્યાપ્તિ' દોષ ગણાય. તેથી આ કાલને વશ નથી, તેમનામાં તમોગુણ નથી, તેથી આમનો હલકાં પ્રાણીઓમાં સમાવેશ થતો નથી. તેથી લક્ષણમાં દોષ નથી, એમ જણાવેલ છે.

તેઓ ત્રણ પ્રકારના છે.

**સાત્ત્વિકા દ્વિશફાઃ પ્રોક્તા રાજસાસ્તુ ચતુઃશફાઃ ||**
**તમસા ઈતરે પ્રોક્તા ગુણાનાં હીનતા પરા ||**

બે ખરીઓવાળા (પ્રાણીઓ) સાત્ત્વિક કહેલા છે, રાજસ (પ્રાણીઓ) તો ચાર ખરીઓવાળા હોય છે. બીજા તામસ કહેલા છે. ગુણો ઘણા હલકા છે. કા.૯ $^{1}/_{2}$.

**ગૌરજો મહિષઃ કૃષ્ણઃ શૂકરો ગવયો રુરુઃ ||**
**દ્વિશફાઃ પશવશ્ચેમે અવિરુષ્ટ્રશ્ચ સત્તમ ||૨૨||**

હે ઉત્તમ પુરુષ (૧) ગાય, (૨) બકરી, (૩) ભેંસ, (૪) કાળીઆર, (૫) ભૂંડ, (૬) રોઝ, (૭) ઘણાં શીગડાંવાળો મૃગ, (૮) ઘેટું અને (૯) ઉંટ આ બે ખરીવાળા પશુઓ છે. ૨૨.

ગાય વિગેરે નવ બે ખરીવાળા છે. 'કૃષ્ણઃ' એટલે કાળીઆર. 'ગવયઃ' (રોઝ) ગાયના જેવો હોય છે. 'રુરુઃ' એટલે ઘણાં શીગડાંવાળો મૃગ. આ બે ખરીવાળા છે. વળી આ યજ્ઞના પશુઓ છે. 'તિર્યક્' 'હલકું પ્રાણી' શબ્દથી ઓળખાતા બે ખરીવાળા અને પશુઓ છે. જ્યાં પશુઓ કહેલાં હોય ત્યાં આમને સમજવા. 'અવિઃ' એટલે ઘેટું અને 'ઉષ્ટ્ર' ઉંટ, ભગવાને રચેલી સૃષ્ટિમાં પશુઓની ગણનામાં ખોટું જ્ઞાન ન થાય, તે માટે 'હે ઉત્તમ પુરુષ !' એવું (વિદુરનું) સંબોધન કરેલું છે. ૨૨.

**ખરોઽશ્વોઽશ્વતરો ગૌરઃ શરભશ્ચમરી તથા ।।**
**એતે ચૈકશફાઃ ક્ષત્તઃ શ્રૃણુ પઞ્ચનખાન્ પશૂન્ ।।૨૩।।**

અને (૧) ગધેડો (૨) ઘોડો (૩) ખચ્ચર (૪) ગૌર મૃગ. (૫) શરભ તેમજ (૬) ચમરી. આ એક ખરીવાળા (પ્રાણીઓ) છે. હે સંયમી! પાંચ નખવાળા પશુઓનું શ્રવણ કર. ૨૩.

ગધેડો વિગેરે છ એકખરીવાળા છે. 'ગૌરઃ' એટલે જંગલ ગૌર મૃગ. 'શરભ' એટલે આઠ પગવાળો મૃગ. 'ચમરી' એટલે ગાયના જેવો મૃગ. 'ચ' 'અને' શબ્દથી બીજા પણ જંગલના ન પ્રસિદ્ધ હોય તેવા (પશુઓ કહેલા છે). ગામમાં રહેનાર ચમરી બે ખરીવાળી હોય છે, તેઓને ભગવાને સર્જેલી નથી. 'હે સંયમી!' એ સંબોધન (વિદુરને) નિપુણતા થાય તે માટે (કહેલું છે). આજ ઘણા પ્રકારના (પશુઓ) વિશ્વામિત્ર વિગેરેએ યોગના બલથી બનાવેલા છે, તેઓ (આમાં) ગણવામાં ન આવે તે માટે (કરેલી) 'શ્રવણ કર' એવી આજ્ઞા, પાંચ નખવાળા (પશુઓ)માં ઘણો સંદેહ સૂચવનારી છે. મનુષ્યો પણ પાંચ નખવાળા છે, તેમને ગણવામાં ન આવે તે માટે 'પશુઓનું' શબ્દ યોજેલ છે. જો કે મનુષ્યોનું પણ પશુપણું શ્રુતિમાં પ્રસિદ્ધ છે, છતાં પણ (તે અહિં) કહેવા ઈચ્છેલું નહિં હોવાથી, તેમને ગણવામાં આવ્યા નથી. ૨૩.

**શ્વા શ્રૃગાલો વૃકો વ્યાઘ્રો માર્જારઃ શશશલ્લકૌ ।।**
**સિંહઃ કપિર્ગજઃ કૂર્મો ગોધા ચ મકરાદયઃ ।।૨૪।।**

કૂતરો, શીઆળ, વરૂ, વાઘ, બીલાડો, સસલો, શાહુડી, સિંહ, વાંદરો, હાથી, કાચબો, ગોધા, મઘર વિગેરે. (પાંચ નખવાળા છે). ૨૪.

કૂતરો વિગેરે તેર (પાંચ નખવાળા પ્રાણીઓ છે). તેમાં મઘર વિગેરે બધા ભૂમિ ઉપર નહિ ફરનારા (જલમાં રહેનારા, અથવા આકાશમાં ફરનારા) ઈંડામાંથી ઉત્પન્ન થએલા એક પ્રકારનાં છે. કાચબો જલમાં ફરનારો હોવા છતાં, ઈંડામાંથી ઉત્પન્ન થતો ન હોવાથી, તેને જૂદો ગણેલો છે. 'મઘર વિગેરે'માં 'વિગેરે' શબ્દથી સર્પ વિગેરેનો પણ ઈંડામાંથી ઉત્પન્ન થવારૂપ સમાનપણાને લીધે સમાવેશ કરેલો છે. ૨૪.

તેઓમાં[1] પણ જે મુખ્ય છે તેમને નીચેના શ્લોકમાં જણાવે છેઃ

**કંકગૃધ્રવટશ્યેનભાસભલ્લૂકબર્હિણઃ ।।**
**હંસસારસચક્રાહ્વકાકોલૂકાદયઃ ખગાઃ ।।૨૫।।**

કંક, ગીધ, વટ, બાજ, ભાસ, ભલ્લૂક, મોર, હંસ, સારસ, ચક્રવાક, કાગડો, ઘૂડ વિગેરે પક્ષીઓ છે. ૨૫.

ભલ્લૂક પણ અમુક પક્ષી છે, પરંતુ રીંછ (કહેલ) નથી. કેટલાક વિશ્વામિત્રે

તેને રચેલ હોવાનું કહે છે, અથવા પદ્મકલ્પમાં તે ન હતું. 'વિગેરે' શબ્દથી બધા નાનાં (પક્ષી)ઓનો પણ સમાવેશ કરેલો છે. ૨૫.

૧. 'તેઓમાં' એટલે ઈંડામાંથી ઉત્પન્ન થએલાઓમાં. (પ્ર)

એ રીતે ભોગ કરવા યોગ્ય અને ભોગ કરનારાને વર્ણવીને, નીચેના શ્લોકમાં તે બંનેનું નિયમન કરનારાઓને જણાવે છેઃ

**અર્વાક્સ્રોતસ્તુ નવમઃ ક્ષત્તરેકવિધો નૃણામ્ ।।**
**રજોઽધિકાઃ કર્મપરા દુઃખે ચ સુખમાનિનઃ ।।૨૬।।**

હે સંયમી ! નીચે આહારના સંચારવાળી એક પ્રકારની મનુષ્યોની સૃષ્ટિ તો નવમી છે. તેઓમાં રજોગુણ અધિક હોય છે, તેઓ કર્મ (કરવા)માં તત્પર અને દુઃખમાં સુખ માનનારા હોય છે. ૨૬.

'તુ' 'તો' શબ્દ એમ જણાવે છે કે આ (સૃષ્ટિ)માં ઉપરનીની પેઠે જન્મ થતો નથી. 'અર્વાક્' નીચે જ 'સ્રોતઃ' આહારનો સંચાર છે જેનો, તેવી મનુષ્યોની સૃષ્ટિ એક પ્રકારની જ છે. (તે) બધા પાંચ નખવાળાજ છે. જલમાં ફરનારા (મનુષ્યો) પણ તેવાજ છે; અથવા એક પગવાળા અને જલમાં ફરનારા (મનુષ્યો) તે કલ્પમાં નથી. ઉપરની પેઠે ઉત્તરાર્ધથી તેમનાં લક્ષણ કહેલ છે. તેઓમાં રજોગુણ જ અધિક હોય છે; એટલે તેઓ સાત્ત્વિક હોતા નથી, તેમજ તામસ પણ હોતા નથી. જે ભગવદીઓ છે તેઓ તો ગુણાતીત દેવો જ છે, મનુષ્યો નથી, અથવા બ્રહ્માએ રચેલા નથી; અથવા પદ્મકલ્પમાં તેઓ હોતા નથી. ૧. મહાભૂતને સ્થાને રજોગુણ છે. તેઓ સદા કર્મ કરવામાં તત્પર હોય છે, કર્મ કરતાં જ રહે છે. તેમની જ્ઞાનેન્દ્રિયો ગૌણ છે. આથી ૨.વિષય (તન્માત્રા) અને ૩.ઇન્દ્રિયો જણાવી. ૪.'દુઃખમાં સુખ માનનારા' વિશેષણથી બુદ્ધિ (જણાવી). 'ચ' 'અને' શબ્દથી (એમ જણાવ્યું છે કે) સુખમાં અને દુઃખના સાધનમાં (સુખ માનનારા છે). એવી રીતે આધિભૌતિક વિગેરેના પ્રકારથી ૧. સ્થાવર ૨.જંગમ અને ૩.મનુષ્યો ત્રણનું જ નિરૂપણ કરેલું છે. ૨૬.

બીજાઓ સ્થાન અને સ્વરૂપથી જૂદા હોવા છતાં, સૃષ્ટિમાં ઉત્પન્ન થતાં નથી, તે નીચેના શ્લોકમાં કહે છે :

**વૈકૃતાસ્ત્રય એવૈતે દેવસર્ગશ્ચ સત્તમ ।।**
**વૈકારિકસ્તુ યઃ પ્રોક્તઃ કૌમારસ્તૂભયાત્મકઃ ।।૨૭।।**

હે ઉત્તમ પુરુષ ! આ ત્રણ સૃષ્ટિઓ વૈકૃત છે, અને દેવની સૃષ્ટિ વિકૃત છે. જે વૈકારિક દેવોની સૃષ્ટિ છે, તે તો કહેલી છે. કુમારની સૃષ્ટિ તો બંનેરૂપ છે. ૨૭.

હે ઉત્તમ પુરુષ ! અને દેવની સૃષ્ટિ (વૈકૃત છે). કેટલાક એમ કહે છે કે મનુષ્યોજ પુણ્યનો પાક થવાને લીધે દેવો થાય છે. તેથી સૃષ્ટિઓ નવ જ છે, કારણ કે

ગુણોમાં બીજો (વધારાનો) પ્રકાર થવાનું સંભવતું નથી. ઉત્પત્તિથી[1] (સૃષ્ટિઓ) નવ જ હોવા છતાં પણ, યોગ્યતાથી[2] અને અંતમાં[3] દશ પ્રકારની છે[1]. તેથી 'અને દેવની સૃષ્ટિ' એમ 'અને' શબ્દ યોજેલો છે. દેવો ફલરૂપ છે એમ જણાવવા, 'હે ઉત્તમ પુરુષ !' એવું (વિદુરનું) સંબોધન (કરેલું છે). તે દેવની સૃષ્ટિ બે પ્રકારની છે (૧) એક વૈકારિક એટલે સાત્ત્વિક (૨) બીજી વૈકારિક એટલે વિકારથી થએલી, તે (બીજી) દશમી છે. તે પૈકી પહેલીના સંબંધમાં 'વૈકારિક (દેવોની સૃષ્ટિ) છે તે તો કહેલી છે' શબ્દોથી નિર્ણય કહેલો છે. 'તુ' શબ્દથી આ વૈકારિક (સૃષ્ટિ)થી (તેનું) જૂદાપણું કહેલું છે. જે સાત્ત્વિક વૈકારિક છે, તે (પ્રાકૃત સૃષ્ટિઓમાં) પાંચમી કહેલી છે. કુમારો(ની સૃષ્ટિ) તો દેવ પણ છે અને મનુષ્ય પણ છે; તેથી (દેવની અને મનુષ્યની) બંને(ની સૃષ્ટિનું) નિરૂપણ કરવાથી જ તેનું નિરૂપણ થયું. તેથી તે જૂદી કહેવાની રહેતી નથી એમ (જણાવવા) 'તુ' 'તો' શબ્દ (યોજેલ છે). ૨૭.

૧. આ ભાગથી સિદ્ધાંત કહેલો છે. (પ્ર)
૨. સત્ત્વવૃત્તિ સમાન હોવારૂપ યોગ્યતાથી. (પ્ર)
૩. (નોટ ૨ માં જણાવ્યા પ્રમાણે અર્થ લેતાં) અસુરો વિગેરેના સંબંધમાં ગોટાળો થાય, તેથી તે (પક્ષ) ન રુચવાથી બીજું કારણ કહેલું છે. (પ્ર)

દેવની સૃષ્ટિ એક પ્રકારની હોવા છતાં, પેટા-ભેદોથી આઠ પ્રકારની છે. તે (પ્રકારો) નીચેના શ્લોકમાં ગણાવે છે :

**દેવસર્ગશ્ચાષ્ટવિધો વિબુધાઃ પિતરોઽસુરાઃ ।।**
**ગન્ધર્વાપ્સરસઃ સિદ્ધા યક્ષરક્ષાંસિ ચારણાઃ ।।૨૮।।**
**ભૂતપ્રેતપિશાચાશ્ચ વિદ્યાધ્રાઃ કિન્નરાદયઃ ।।**
**દશૈતે વિદુરાખ્યાતાઃ સર્ગાસ્તે વિશ્વસૃકૃતાઃ ।।૨૯।।**

અને દેવોની સૃષ્ટિ આઠ પ્રકારની છે. (૧) દેવો (૨) પિતૃઓ અને અસુરો (૩) ગંધર્વો અને અપ્સરાઓ (૪) સિદ્ધો (૫) યક્ષો અને રાક્ષસો તથા ચારણો (૬) ભૂત, પ્રેત અને પિશાઓ (૭) વિદ્યાધરો (૮) કિન્નરો વિગેરે. હે વિદુર ! વિશ્વ રચનારે બનાવેલી આ દશ સૃષ્ટિઓ તને કહી. ૨૮-૨૯.

૧. 'વિબુધાઃ' એટલે ઈન્દ્ર વિગેરે દેવો એક (સૃષ્ટિ)માં. ૨.પિતૃઓ અને અસુરો એકમાં ૩. ગંધર્વો અને અપ્સરાઓ એકમાં ૪.સિદ્ધો એકમાં ૫.યક્ષો અને રાક્ષસો એકમાં, ચારણો પણ યક્ષોમાંજ (આવે છે) એમ કેટલાક કહે છે. ૨૮.

(૬) ભૂત, પ્રેત અને પિશાઓ એકમાં (૭) વિદ્યાધરો જૂદા (જૂદી સૃષ્ટિમાં) છે એમ કેટલાક કહે છે. (૮) કિન્નરો, કિંપુરુષો વિગેરે. એ પ્રમાણે સર્વ (સૃષ્ટિઓ) જણાવીને ઓગણત્રીસમા શ્લોકના ઉત્તરાર્ધથી ઉપસંહાર કરે છે. ('હે વિદુર' એ)

સંબોધન સ્નેહ સૂચવનારું છે અને ખોટું કહેલું નથી એમ તેનાથી જણાવેલું છે. વિશ્વ રચનાર બ્રહ્માએ આ સૃષ્ટિઓ કરેલી છે. ૨૯.

આટલું કહીને, 'શાંત રહીશ તો પહેલાંની પેઠે ફરી પ્રશ્ન કરશે' એવા વિચારથી બીજું કહેવા યોગ્ય છે તે નીચેના શ્લોકમાં જણાવે છે :

**અતઃપરં પ્રવક્ષ્યામિ વંશાન્ મન્વન્તરાણિ ચ ||**
**એવં રજઃપ્લુતઃ સ્રષ્ટા કલ્પાદિષ્વાત્મભૂર્હરિઃ ||**
**સૃજત્યમોઘસંકલ્પ આત્મૈવાત્માનમાત્મના ||૩૦||**

હવે પછી હું (તને) વંશો અને મન્વંતરો કહીશ. એ પ્રમાણે કલ્પોના આરંભોમાં પોતામાંથી પોતે જ પ્રકટ થએલા સત્ય સંકલ્પવાળા હરિ રજોગુણથી વ્યાપ્ત થઈ સૃષ્ટિ રચનાર થતાં પોતે જ પોતાથી પોતાને રચે છે. ૩૦.

(હવે હું તને વંશો અને મન્વંતરો) આની પછી તરત નહિ કહું, આમાં બાકી રહેલું કહ્યા પછી, બીજા સમયે કહીશ, એવો અર્થ છે. (૧) ઈન્દ્રિયો અને બુદ્ધિ એવા બે રૂપ (કહેવાનાં) બાકી રહેલાં છે. તે બંને 'વંશો અને મન્વંતરો' શબ્દોથી કહેલાં છે. વંશો ઈન્દ્રિયરૂપ છે. 'ચ' 'અને' શબ્દથી તેના (વંશના) સંબંધીઓને પણ તે (વંશ) તરીકે જ કહેવાની પ્રતિજ્ઞા કરી છે.

''ભગવાન્ એ પ્રમાણે અનેક પ્રકારની (સૃષ્ટિઓ) શા માટે અને ક્યારે કરે છે ?'' એવી શંકા થાય, તેથી 'એ પ્રમાણે રજોગુણથી વ્યાપ્ત થઈ' એમ કહેલું છે. બધાએ કલ્પોનાં આરંભોમાં પોતામાંથી પોતે જ પ્રકટ થએલા ભગવાન્ રજોગુણથી વ્યાપ્ત થઈ સૃષ્ટિ રચવાની પ્રવૃત્તિ કરે છે. બધાનું દુઃખ દૂર કરવા માટે માત્ર (પોતાના) સત્ય સંકલ્પથી કર્તા કર્મ અને સાધનરૂપ થઈ, પોતે જ (સૃષ્ટિ) રચે છે. બ્રહ્મા પણ રજોગુણથી વ્યાપેલા ભગવાનજ છે, એમ કહેવાયું. 'કલ્પોના આરંભોમાં' એમાં બહુવચન છે, તે એમ જણાવે છે કે (ભગવાન્) તત્ત્વો સાથેનાં બ્રહ્માંડો ઘણા પ્રકારે રચે છે. રજોગુણ પણ (ભગવાન્) પોતેજ હોવાથી, પોતેજ સાધન થાય છે. તે પ્રમાણે કર્મ કાલ વિગેરે (સાધન) પણ પોતે જ છે. જગત્ પણ પોતેજ (થાય છે), તેથી પોતેજ કર્મ છે. પુરુષ વિગેરે પણ પોતે જ હોવાથી, પોતેજ કર્તા છે. તેથી (કર્તા કર્મ સાધન) સર્વ હરિ છે એમ સિદ્ધ થયું. ૩૦.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટ પુત્ર શ્રીમદ્વલ્લદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના દશમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અથૈકાદશોધ્યાયઃ ।।

**એકાદશે તુ કાલસ્ય સર્વેષામિન્દ્રિયાણિ યત્ ।।**
**આધ્યાત્મિકં તુ યદ્રૂપં ત્રેધા તદ્વિનિરૂપ્યતે ।।૧।।**

અગીઆરમા (અધ્યાય)માં તો[૧] જે સર્વની ઈન્દ્રિયો[૧] છે (અને) વળી જે આધ્યાત્મિકરૂપ[૧] છે તે કાલનું ત્રણ પ્રકારે નિરૂપણ કરવામાં આવે છે. કા.૧.

**સર્વો હિ ભગવાન્ કાલસ્તદર્થમુપચર્યતે ।।**
**ધર્મપ્રયુક્તો યઃ કાલઃ સ હિ બ્રહ્માણમેયિવાન્ ।।૨।।**

કારણ કે કાલ ભગવાન્ છે. તે સર્વ (કાલ) તે પ્રયોજનથી ગણવામાં આવે છે, કારણકે[૨] તે ધર્મ માટે ઘણો યોગ્ય કાલ બ્રહ્મા પાસે ગએલો[૩]. કા.૨.

**સૂર્યાત્મકસ્તુ યઃ કાલઃ સર્વેષાં સોઽપિ ચ ત્રિધા ।।**
**કાર્યપ્રવેશાપ્રવેશાદ્દર્શનાદર્શનાત્તથા ।।૩।।**
**ભચક્રસ્થાનભાગાભ્યામત્રાઽપ્યુચ્ચાવચં સદા ।।**

વળી સૂર્યરૂપ[૪] જે સર્વનો[૫] કાલ છે. તે પણ (૧) કાર્યમાં[૬] પ્રવેશ કરવાથી અથવા પ્રવેશ ન કરવાથી તેમજ (૨) દેખાવાથી અથવા ન દેખાવાથી (અને ૩) જ્યોતિશ્ચક્રના સ્થાનના વિભાગો વડે ત્રણ પ્રકારનો છે. આમાં પણ સદા ઉંચાં અને નીચાં (સ્થાન) છે. કા.૩ $^{૧}/_{૨}$.

એ પ્રમાણે ગયા અધ્યાયમાં કાલનું સ્વરૂપ અને કાર્ય કહીને, (હવે) તેના પેટા-ભેદો જણાવે છે.

**સૂર્યગત્યા તુ તદ્ભેદાઃ સૂર્યસ્તસ્યાધિદૈવિકમ્ ।।૪।।**
**આધ્યાત્મિકં તુ તદ્ભેદાઃ ક્વચિદિચ્છાપિ ભેદિકા ।।**

તેના વિભાગો[૭] તો સૂર્યની ગતિથી (થાય છે). સૂર્ય તેનું આધિદૈવિક[૮] (રૂપ) છે. આધ્યાત્મિક (રૂપ) તો તે વિભાગો છે. કોઈ પ્રસંગે[૯] ઈચ્છા[૧૦] પણ[૧૧] વિભાગ કરનારી છે. કા.૪ $^{૧}/_{૨}$.

**પૃથિવી ચ જલં તેજો દેવાસ્તુ પિતૃમાનુષાઃ ।।૫।।**
**ઉપાધિત્રિતયં પ્રાહુસ્તતઃ કાલસ્ત્રિધા મતઃ ।।**

પૃથ્વી જલ અને તેજ. (૨) વળી દેવો પિતૃઓ અને મનુષ્યો (એ) ત્રણ ઉપાધિઓ કહેલી છે. તેથી કાલ ત્રણ પ્રકારનો ગણાએલો છે. કા. ૫ $^{૧}/_{૨}$.

૧. 'તુ' 'તો' શબ્દ આ અધ્યાયની સંગતિ જણાવવા યોજેલો છે. સર્વની મનુષ્યથી આરંભી બ્રહ્મા સુધીના બધાની ઈન્દ્રિયોરૂપ પોતપોતાના દેહમાં આસક્તિ ઉત્પન્ન કરાવી હણનારું હોવાથી

'આયુષ્ય' શબ્દથી ઓળખાતું જે કાલનું રૂપ, અને 'આધ્યાત્મિક' એટલે બ્રહ્માના આયુષ્યની હદ બાંધનારું કાલનું જે રૂપ તે ત્રણ પ્રકારે એટલે (૧) પર (૨) પરાર્ધ અને (૩) કલ્પ નામના ત્રણ પ્રકારથી જણાવવામાં આવે છે. તેથી શાસ્ત્રનો વિચાર કરતાં અવસર સંગતિ છે. વળી પરિક્ષિતે 'કલ્પ કેટલા છે ?' એમ ૨।૮।૧૨માં પૂછેલ, અને તેનો ઉત્તર પદ્મકલ્પ કહ્યા પછી આપવાનું શ્રીશુકે ૨।૧૦।૪૭માં તેને કહેલ. તેથી શ્રીશુકે તેવી પ્રતિજ્ઞા કરેલી હોવાથી પદ્મકલ્પ કહ્યા પછી, કલ્પનું સ્વરૂપ કહેવાનો અવસર થયો. મૈત્રેયને વિદુરે કાલના અવયવો સંબધી પ્રશ્ન ૩।૭।૩૨માં કરેલ. તે પ્રશ્નનો સૃષ્ટિના અંગ તરીકે મૈત્રેય ઉત્તર આપે છે એ પ્રસંગથી સંગતિ થાય છે. (પ્ર)

૨. ''આયુષ્યરૂપ કાલને ઈન્દ્રિયો કેમ કહેવાય છે ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. સર્વ કાલ બ્રહ્માના આયુષ્યરૂપ છે, તે સર્વ અક્ષરની હદ બાંધતો નથી એમ જણાવવા તેને અક્ષરના નિમેષ (આંખના પલકારા) રૂપ કહેલો છે. સ્વરૂપથી તો કાલ ભગવાન્ છે, તેથી હદવાળા આયુષ્યરૂપ કાલને ઉપચાર (લક્ષણા)થીજ ઈન્દ્રિય કહેવામાં આવે છે, એવો અર્થ છે. (પ્ર)

૩. 'કાલને બ્રહ્માના આયુષ્યની હદ બાંધનારો કેમ કહે છે ?' તે જણાવવા આ કહેલ છે. ગતિરૂપ ધર્મવાળો તે સદા છે. આ અધ્યાયના ૩૨મા શ્લોકમાં આ સ્પષ્ટ કહેશે. તેથી ગતિથી તે બ્રહ્માના આયુષ્યની હદ બાંધે છે, એવો અર્થ છે. (પ્ર)

૪. આથી કાલની ગતિ દર્શાવે છે (સૂર્ય સદા ફર્યા કરે છે). (પ્ર)

૫. 'સર્વનો' એટલે દેવો, મનુષ્યો તથા પિતૃઓના (આયુષ્યરૂપ). (પ્ર)

૬. 'કાર્ય' એટલે 'જલ'. (પ્ર)

૭. 'વિભાગો' એટલે આધ્યાત્મિક કાલના વિભાગો.

૮. 'તેનું' એટલે આધ્યાત્મિક (કાલ)નું. નિબંધમાં સૂર્ય તેનું આધિભૌતિક રૂપ હોવાનું કહેલું છે તે મૂલભૂતકાલના સંબંધમાં કહેલું હોવાથી વિરોધ નથી. (પ્ર)

૯. 'કોઈ પ્રસંગે' એટલે (૧) ઉપરના લોકમાં અથવા (૨) પ્રલય વગેરે (સમયો)માં. (પ્ર)

૧૦. 'ઈચ્છા' એટલે ભગવાનની ઈચ્છા. (પ્ર)

૧૧. 'પણ' શબ્દથી બ્રહ્માના આયુષ્યના વિભાગો જણાવેલા છે. (પ્ર)

**આરંભમાં મનુષ્યોના દિવસ અને રાત્રિનો નિર્ણય કરવા માટે, પૃથ્વી ઉપરના લોકમાં પૃથ્વી વચ્ચે આવવાથી અથવા વચ્ચે ન આવવાથી સૂર્ય દેખાતો નથી અથવા દેખાય છે, તેથી કાલનાં રાત્રિ અને દિવસનાં રૂપ થાય છે એમ જણાવવા, પૃથ્વીના જ પરમાણુઓથી (થતા) કાલના વિભાગો કહે છે. તેમાં હદરૂપ થતા પરમાણુનું લક્ષણ નીચેના શ્લોકમાં કહે છેઃ**

॥ મૈત્રેય ઉવાચ ॥

**ચરમઃ સદ્વિશેષાણામનેકોઽસંયુતઃ સદા ॥**
**પરમાણુઃ સ વિજ્ઞેયો નૃણામૈક્યભ્રમો યતઃ ॥૧॥**

સત્ (કાર્ય)ના અવયવોમાંનો છેલ્લો, અનેક, (બીજા સાથે) સંબંધમાં સદા ન આવતો (અવયવ હોય), તેને પરમાણુ જાણવો; જેને લીધે મનુષ્યોને (આત્મા

સાથે દેહના) એકપણાંનો ભ્રમ થાય છે. ૧.

ઘડો વિગેરે સત્ કાર્યના 'વિશેષાણામ્' અવયવોમાંનો જે છેલ્લો (અવયવ), જેનો પછી અવયવ થતો નથી, (જે) ઘણો સૂક્ષ્મ હોવાથી છૂટા પાડનારનો પ્રહાર ખમતો નથી તે છેલ્લો (અવયવ છે). તે પણ પોતાની જાતના[૧] (અવયવો)ની સાથે ભેગો રહેલ હોવાની સ્થિતિમાં ન હોય, તે (અર્થ) 'અને' વિશેષણથી કહેલ છે. વળી (બીજાની સાથે) 'સંબંધમાં ન આવતો' એટલે કાર્યની સ્થિતિમાં આવેલ ન હોય. 'સદા' શબ્દથી (એમ જણાવ્યું છે કે) કોઈક સમયે[૨] (બીજાની સાથે) સંબંધમાં આવે છે જ, તેથી (સદા' શબ્દ ન યોજેલ હોય તો) લક્ષણ સંભવે જ નહિ. વળી 'અનેકઃ' એટલે એક સંખ્યાવાળો હોય તેવો નહિ, જ્યાં તે હોય ત્યાં તેની જાતના ઘણાએ હોય[૩], એવું 'અનેકત્વમ્' અનેકપણું છે.

''મહાભૂતનું બનેલ, નિત્ય, ગતિવાળું (હોય તે) 'પરમાણુ' '' એવું પરમાણુનું લક્ષણ કરવામાં આવે, તો પરમાણુઓમાંથી કાર્યની ઉત્પત્તિ થાય, એવો સિદ્ધાંત થાય. સિદ્ધાંત પ્રમાણે તો સ્થૂલ (પદાર્થ)માંથી સૂક્ષ્મની ઉત્પત્તિ થાય છે[૪]. કારણ કે પોતાની સમાન અવયવરૂપ સ્થૂલ અંશ કાર્ય ઉત્પન્ન કરનારો છે[૫]. વસ્ત્ર વિગેરે(ની ઉત્પત્તિ)માં જે ઘણા અવયવો ભેગા કરવામાં આવે છે, તે રૂ વિગેરેના બનેલા દીર્ઘ સ્થિતિ પ્રાપ્ત કરેલા સ્થૂલ (તાણાંવાણાંઓ)ને અમુક આકૃતિ બનાવવા માટે કટકે કટકે જોડવામાં આવે[૬] છે; અને (તેમનો) સમૂહજ (વસ્ત્રનું) ઉપાદાન (કારણ) છે. એવી રીતે કુંડલ[૭], પ્રતિમા વિગેરેમાં પણ તેટલો સમૂહ[૮] જ ઉપાદાન (કારણ) છે. તેમ ન હોય, તો કાર્ય ઘણાં થાય[૯]. એક (કાર્ય)નું ઉપાદાન (કારણ) એક જ હોય, એવો નિશ્ચય છે. કાર્ય પાંચ મહાભૂતોનું બનેલું હોવાથી જલ વિગેરે (મહાભૂતો)નો (તેમાં) સંયોગ થએલો હોય છે, તેથી તેઓ પણ તે (કાર્ય)માંથી જૂદા થતાં પરમાણુઓ થઈ જાય[૧૦]. વળી[૧૧] ભગવાન્ સર્વ (કાર્યો)માં ઉપાદાન (કારણ) હોવાથી, તે છેલ્લા રહેવાનું ઘટતું હોવાથી, તેમનો સમાવેશ ન થાય તે માટે 'અનેક' વિશેષણ યોજેલું છે. તે (ભગવાન્) તો એક જ છે. (વ્યાખ્યા) અસંભવિત ન થાય તે માટે 'સદા' શબ્દ (યોજેલ છે). 'પરમાણુ (વિજ્ઞેયઃ) જાણવો' એમ તેને ઉત્તમ પ્રકારે જાણવાનું કહેલ છે. દુષ્ટ તર્કથી[૧૨] તેને ખોટી રીતે ન જાણવો, એવો અર્થ છે.

તે પરમાણુનું સ્વરૂપ કહીને, 'જેને લીધે મનુષ્યોને એકપણાંનો ભ્રમ થાય છે' શબ્દોથી (તેનું) કાર્ય કહેલું[૧૩] છે. જે પરમાણુઓને લીધે 'નૃણામ્' જીવોને આત્મા સાથે દેહનાં એકપણાંનો ભ્રમ[૧૪] થાય છે. એકપણાનો ભ્રમ કરાવનારા પરમાણુઓ જ

છે; કારણ કે[૧૫] ઘણાં સૂક્ષ્મ તે (પરમાણુ)ઓ ધર્મ અથવા અધર્મના સંસ્કારવાળા થઈ, જીવ સાથે સંબંધમાં આવે છે, ત્યારે (તેઓ) દેહપણું પ્રાપ્ત કરે છે[૧૫]. તેથીજ[૧૬] કાલની ઉપાધિ બનેલા તેઓ દુષ્ટ છે. તેઓનો સંબંધ થતાં જીવનો નાશજ[૧૭] થાય છે. તેથીજ[૧૮] તેઓ ભ્રમ ઉત્પન્ન કરનારા છે. (પરમાણુઓનો) ઢગલો હોવાને લીધે, ઢગલાની ઉત્પત્તિ છે[૧૯] એવા મતનો આધાર લઈને ભ્રમથી (એકપણું જણાવાનું) કેટલાક[૨૦] કહે છે, તેનો વિરોધ કરવો જોઈએ. આ પ્રયોજન માટેજ (પરમાણુ) કાલનો અવયવ હોવાનું કહેલું હોવાથી 'ભ્રમ' શબ્દ યોજેલો છે[૨૧]. મન તો પરમાણુ કદનું જ છે, પરંતુ પરમાણુ[૨૨] નથી. પરમાણુઓ તો ચાર પ્રકારના જ છે. તેમ ન હોય, (મન પરમાણુ હોય) તો પરમાણુઓ પાંચ પ્રકારના હોય. અને તેનાથી (મનથી) તે પરમાણુ હોવાથી કાર્ય થાય[૨૩]. તેથી[૨૪] 'નિત્ય ગતિવાળું' એવું (પરમાણુનું) લક્ષણ નથી. 'તે હાલે છે, તે હાલતું નથી' એ શ્રુતિ પ્રમાણે નિત્ય ભગવાન્ 'પરમાણુ' થાય[૨૫]. વળી તે (પરમાણુ)ઓ મહાભૂત હોવાનું સિદ્ધ કરવું જોઈએ[૨૬], વળી સ્મૃતિ શ્રુતિથી વિરુદ્ધ હોવાથી[૨૭], વૈશેષિક વિગેરેનું (પરમાણુનું) લક્ષણ ખોટું જ ઠરે છે. ચાલુ પ્રસંગમાં[૨૮] તેનો ઉપયોગ પણ નથી. ૧.

૧. આકાશના પરમાણુઓનો સદા સંયોગ હોવાથી, લક્ષણ અસંભવિત ન થાય તે માટે 'પોતાની જાતના' શબ્દ યોજેલ છે. (પ્ર) આકાશ સર્વત્ર છે. તેના વિભાગ થતા નથી. તેથીજ આગળ પરમાણુ ચાર પ્રકારનાજ (પૃથ્વી, જલ, વાયુ અને તેજના જ) હોવાનું કહેલ છે. આકાશના પરમાણુ હોતાજ નથી. તેથી આ યોગ્ય જણાતું નથી. પોતાની જાતના (પરમાણુ) સાથે ભેગો રહેલ હોય, તો તેને છૂટો પાડી શકાય, એટલે છેલ્લો ન રહે તેથી આ કહેલ હશે.

૨. 'કોઈક સમયે' એટલે કાર્યની સ્થિતિમાં. (પ્ર)

૩. 'અનેક વિશેષણથી તે બીજા પોતાની જાતનાની સાથે ભેગો રહેલો નથી એમ કેમ જણાય ?' એવો પ્રશ્ન ઉઠે, તેથી આ કહેલ છે. (પ્ર)

૪. 'કાર્યની સ્થિતિમાં સદા આવેલ ન હોય એ વિશેષણની શી જરુર ?' એવો પ્રશ્ન થાય તેથી આ કહેલ છે. કાલ સર્વનું ઉપાદાન કારણ છે એમ ગયા અધ્યાયમાં કહેલ છે. વળી તે પરમ મહાન છે. તેથી સ્થૂલમાંથી સૂક્ષ્મ (પદાર્થો)ની ઉત્પત્તિ થાય છે એવો સિદ્ધાંત થયો. પરમાણુઓમાંથી કાર્ય ઉત્પન્ન થાય છે, એમ સ્વીકારવામાં આવે તો તેનો વિરોધ થાય, તેથી તેમ ન થાય તે માટે આ વિશેષણ યોજેલ છે. (પ્ર)

૫. ''સૂક્ષ્મ (પરમાણુઓ)માંથી સ્થૂલ કાર્ય ઉત્પન્ન થાય, તેમ સ્વીકારીએ તો સ્પર્શવાળાંથી કાર્યનો આરંભ થાય છે એમ ગણાય. સ્થૂલમાંથી સૂક્ષ્મ કાર્ય થાય છે એમ માનીએ તો કાલ પ્રકૃતિ વિગેરે (સ્થૂલ) સ્પર્શ થાય તેવાં ન હોવાથી તેમનામાં કારણ થઈ શકે તેવો ગુણ નથી. તેથી અગવડ આવે'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. કાર્યની સમાન એટલે કાર્ય ઉત્પન્ન કરવા યોગ્ય જે અવયવો હોય તેમના આકારવાળો સ્થૂલ પદાર્થનો અંશ કાર્ય ઉત્પન્ન કરનારો છે. (પ્ર)

૬. ''એક સ્થૂલ પદાર્થમાંથી સૂક્ષ્મની ઉત્પત્તિ થવાનું પ્રત્યક્ષથી વિરુદ્ધ છે, કારણ કે ઘણાં તાણાં વાણાંઓમાંથી એક વસ્ત્ર ઉત્પન્ન થતું જોવામાં આવે છે'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. 'જોડવામાં આવે છે' એટલે સંયોગ કરી એક કરવામાં આવે છે. 'કટકે કટકે જોડવા' એટલે અવયવોને ભેગા કરવા. આ પ્રમાણે માનવાથી સ્થૂલ અંશ (તાણાંવાણાંઓ)નો એક જ સમૂહ વસ્ત્રનું કારણ થાય છે. વસ્ત્ર તે સમૂહથી ઓછું અથવા તેમની સમાન હોય છે, અધિક હોતું નથી. તેથી સ્થૂલમાંથી જ સૂક્ષ્મ વસ્ત્ર ઉત્પન્ન થાય છે એટલે પ્રત્યક્ષથી વિરુદ્ધ નથી. (પ્ર)

૭. નોટ ૬ માં જણાવેલ ઉત્પત્તિનો પ્રકાર જ કુંડલ પ્રતિમા વિગેરેને લાગુ પાડે છે. (પ્ર)

૮. 'સમૂહ' એટલે (કુંડલમાંના) સુવર્ણનો તથા (પ્રતિમામાંના) મણિઓનો સમૂહ. (પ્ર)

૯. 'સમૂહથી કાર્ય થતું હોય ત્યાં (તાણાંવાણાં વિગેરેનો) સમૂહ જ કારણ છે અને તે બધા (તાણાંવાણાં) કારણ નથી એમ કેમ જણાય?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે. વૈશેષિકોના મત પ્રમાણે કારણના ગુણો કાર્યના ગુણો ઉત્પન્ન કરે છે એવો નિયમ છે. કારણનો દરેક ગુણ કાર્યનો એક એક ગુણ ઉત્પન્ન કરે, તો કાર્યમાં અનેક એક એક (ગુણ) થાય; અથવા કારણના દરેક ગુણો જોવામાં આવે, એટલે કાર્યમાં એકપણું ન રહે. છતાં કાર્ય એક જ જોવામાં આવે છે. તેથી સમૂહ જ તેનું કારણ છે એમ સિદ્ધ થાય છે, એવો અર્થ છે. તેથી ઑરમાં ઉત્પન્ન થતાં દેહોમાં, બીજ અને રજના અંશોનો સમૂહ ઉપાદાન કારણ છે, માંધાતાની ઉત્પત્તિમાં પુંસવન જલ રજને ઠેકાણે છે. ઈંડામાંથી તથા અંકુરોમાંથી ઉત્પન્ન થતા પ્રાણીઓમાં પણ તેમ જ સમજવું. સ્થૂલ પરસેવામાંથી જ સૂક્ષ્મ માંકડ વિગેરે ઉત્પન્ન થાય છે, અને પછી આહાર વિગેરેથી મોટા થાય છે. (પ્ર)

૧૦. 'પરમાણુઓના ઢગલામાંથી જ કાર્ય ઉત્પન્ન થાય છે એમ માનો' એમ કહેવામાં આવે, તેથી આ કહેલ છે. સંયોગથી જે ઉત્પન્ન થાય, તેનો વિભાગ થવાથી નાશ થાય છે. છતાં કાર્ય(નો નાશ થતાં તે) કારણની સ્થિતિમાં રહેલું જોવામાં આવે છે. તેથી જો પરમાણુના ઢગલામાંથી ઉત્પન્ન થયું હોય, તો તેનો નાશ થાય ત્યારે તે પરમાણુઓ થઈ જાય. પણ તેવું જોવામાં કે સાંભળવામાં આવતું નથી. (પ્ર)

૧૧. અહિંથી 'અનેક' વિશેષણ યોજવાનું પ્રયોજન કહે છે. (પ્ર)

૧૨. નૈય્યાયિકો આવા તર્ક કરે છે. પરમાણુ તેમના મત પ્રમાણે નિત્ય અને સંયોગવાળા છે. (પ્ર)

૧૩. ''પરમાણુથી કાર્ય ઉત્પન્ન થતાં ન હોય, તો તેમનું બીજું કાંઈ પ્રયોજન ન હોવાથી તેમનું જ્ઞાન નકામું છે'' એવી શંકા થાય, તેથી તેમનું કાર્ય કહે છે. (પ્ર)

૧૪. '(આત્મા સાથે દેહનાં) એકપણાંનો ભ્રમ' એટલે દેહાધ્યાસ. (પ્ર)

૧૫ – ૧૫. આ ભાગથી પરમાણુઓ દેહાધ્યાસ કેવી રીતે કરાવે છે તે કહેલ છે. 'પુરુષના વીર્યનું બિંદુ સ્ત્રીના ઉદરમાં પ્રવેશ કરી....' એ વાક્ય પ્રમાણે જ્યારે જીવ ગર્ભમાં પ્રવેશ કરે છે, ત્યારે અથવા બીજા સમયે તે જીવના પિતા વિગેરેના ધર્મ અથવા અધર્મના સંસ્કારવાળા પરમાણુઓ પણ આહાર વિગેરે દ્વારા તેમાં પ્રવેશ કરી, જીવ સાથે સ્વરૂપથી સંબંધમાં આવે છે, અને તેને રજવાળા જેવો કરે છે ત્યારે જીવ દેહ પ્રાપ્ત કરે છે, અને તેને દેહાધ્યાસ થાય છે. (પ્ર)

૧૬. 'તેથી જ' એટલે દેહાધ્યાસ કરાવતા હોવાથી જ. (પ્ર)

૧૭. 'નાશ' એટલે સ્વરૂપ વિગેરેના અજ્ઞાનને લીધે મોક્ષપ્રાપ્તિમાં પ્રતિબંધ. (પ્ર)

૧૮. 'તેથી જ' એટલે ધર્મ તથા અધર્મના સંસ્કારથી દુષ્ટ હોવાને લીધે જ. (પ્ર)
૧૯. ઢગલામાં આ અવયવી છે એવો ભ્રમ થવાને લીધે, એકપણાંનો ભ્રમ ઉત્પન્ન થાય છે એમ કેટલાક (શ્રીધર) કહે છે, એવો અર્થ છે. (પ્ર)
૨૦. રહૂગણ અને જડભરતના સંવાદમાં જડભરત પોતાને ભાર લાગતો નથી અને પરમાણુઓ મનથી અવિદ્યા વડે કલ્પેલા છે વિગેરે કહે છે, ત્યાં પૂર્વપક્ષમાં કહેલ છે તેવો ભ્રમ થવાનું ઉપર ઉપરથી જણાય છે, પણ તેનું તેવું તાત્પર્ય નથી; કારણ કે ત્યાં પરમાણુઓ અવિદ્યાથી કલ્પેલા હોવાનું કહેલ હોવાથી, ભ્રમના વિષય હોવાનું કહેલ છે. તેથી કાંઈક વિશેષ ભ્રમ કહેવા ઈચ્છેલો છે. પોતાને દેહાધ્યાસ ન હોવાથી ભાર લાગતો નથી એમ જ કહેવાનો અભિપ્રાય હોવાથી, દેહાધ્યાસને જ ત્યાં પણ ભ્રમ કહેલો છે. (પ્ર)
૨૧. પ્રપંચ નિત્ય છે, છતાં પોતે રચેલા મહાભૂત વિગેરે ગુણોથી તે નાશવંત છે, એવો ભ્રમ કાલ ઉત્પન્ન કરે છે, તેથી કાલ ભ્રમ કરાવનારો છે. તેથી તેના અવયવરૂપ પરમાણુઓ પણ તેવો ભ્રમ કરાવે તેવાં છે એમ જણાવવા જ 'ભ્રમ' શબ્દ યોજેલ છે. (પ્ર)
૨૨. ''પરમાણુઓથી કાર્ય ઉત્પન્ન થાય છે એમ ન સ્વીકારીએ, તો મનથી પ્રજા ઉત્પન્ન ન થાય; કારણ કે મન પણ પરમાણુ છે'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. મનથી જે સૃષ્ટિ થાય છે, તે જેમ ચિંતામણિમાંથી ઈચ્છેલા પદાર્થ ઉત્પન્ન થાય છે, તેમ મનની ઉત્તમ શક્તિથી થાય છે, પરંતુ પોતાની જાતનાઓ સાથે સંયોગ થવાથી થતી નથી. (પ્ર)
૨૩. 'કાર્ય થાય' એટલે પોતાની જાતનાઓની સાથે સંયોગ થવાથી કાર્ય થાય. તેથી (૧) મન મહાભૂત નથી અને (૨) તેનાથી જે સૃષ્ટિ થાય છે તેનું કારણ તે જૂદા જ પ્રકારનું છે. તેથી મન પરમાણુ નથી, એવો અર્થ છે. (પ્ર)
૨૪. 'તેથી' એટલે જે પરમાણુ નથી તેવા મનને તે લાગુ પડતું હોવાથી. (પ્ર)
૨૫. ભગવાન્ પણ નિત્ય છે અને 'હાલે છે' શ્રુતિ પ્રમાણે ગતિવાળા છે. તેમને પણ એ લક્ષણ લાગુ પડે, એટલે તે પરમાણુ ગણાય, એવો તે લક્ષણમાં બીજો દોષ છે. (પ્ર)
૨૬. વૈશેષિક મત પ્રમાણે સૃષ્ટિના આરંભમાં નિત્ય પરમાણુઓ જ હોય છે. તેમના સિવાય મહાભૂત હોતાં નથી. તેથી હરકોઈ સંબંધથી તેઓ મહાભૂત છે એમ સિદ્ધ કરવું જોઈએ. તેમ સિદ્ધ થતું નથી. (પ્ર)
૨૭. 'કણાદે કહેલી સ્મૃતિના આધારે પરમાણુઓ મહાભૂત છે એમ સિદ્ધ થાય છે' એમ કહેવામાં આવે તેથી આ કહેલ છે. 'આમાંથી પ્રાણ મન અને બધી ઈન્દ્રિયો આકાશ, વાયુ, તેજ, જલ અને સર્વને ધારણ કરનારી પૃથ્વી ઉત્પન્ન થાય છે' એ શ્રુતિથી કણાદનું વચન વિરુદ્ધ હોવાથી ખોટું ઠરે છે. (પ્ર)
૨૮. 'ચાલુ પ્રસંગમાં' એટલે કાલના જ્ઞાનમાં, (પ્ર) વૈશેષિક મત પ્રમાણે જે પરમાણુ કહેવામાં આવે છે, તે કાલનું જ્ઞાન થવામાં ઉપયોગી પણ નથી. તેથી અહિં કાલનું જ્ઞાન કરાવવા 'પરમાણુ' કહેલ છે તે તેવું નથી એવો ભાવ જણાય છે.

એ રીતે પરમાણુ (પરમ અણુ)નું લક્ષણ કહીને નીચેના શ્લોકમાં પરમ મહાનનું લક્ષણ કહે છે :

**સત એવ પદાર્થસ્ય સ્વરૂપાવસ્થિતસ્ય યત્ ।।**

**કૈવલ્યં પરમમહાનવિશેષો નિરન્તરઃ ।।૨।।**

સ્વરૂપમાં રહેલા સત્ પદાર્થની જ જે એકતા, જેના સંબંધમાં 'આ અમુક (પદાર્થ) છે' એવી બુદ્ધિ થતી નથી, (અને) જે ભેદરહિત છે તે પરમ મહાન. ૨.

સત્ (પદાર્થ) એટલે સર્વ કાર્યો, સંપૂર્ણ બ્રહ્માંડ, (જે) સ્વરૂપમાં રહેલું હોય, પરંતુ પ્રકટ થઈ[૧] રહેલ ન હોય તેની 'કૈવલ્યં' એકતા[૨], તે પરમ મહાન છે, એમ જેનું લક્ષણ કહેવાનું છે તે (કહ્યું). બધી પૃથ્વી પરમ મહાન છે, એવો મત 'અવિશેષઃ' વિશેષણથી ખોટો ઠરાવે છે. આ[૩] નથી પૃથ્વી કે નથી જલ કે એવું (કાંઈ). 'અવિશેષઃ' એટલે જેના સંબંધમાં 'આ અમુક (પદાર્થ) છે' એવી બુદ્ધિ થતી નથી તેવો, અને 'નિરન્તરઃ' ભેદરહિત (પરમ મહાન છે). 'સત્‌ની જ (એકતા)' શબ્દથી સ્વપ્નના (પદાર્થો)નો[૪] પરિહાર કરેલો છે. 'પદાર્થ' શબ્દથી વેદનો[૫] પરિહાર કરેલો છે. 'સ્વરૂપમાં રહેલા' વિશેષણથી કાર્યનો[૬] પરિહાર કરેલો છે. બ્રહ્માંડમાં રહેલા ભગવાન્ પરમ મહાન[૭] છે, એમ કહેવાયું. બધોએ પદાર્થ, સર્વ સ્થલે 'આ એક છે' એવી બુદ્ધિથી જેનું જ્ઞાન થતું નથી, જેના સંબંધમાં 'આ અમુક છે' એવી કલ્પના થતી નથી અને વળી જે જ્ઞાન પ્રાપ્ત કરનારને જરુરી ભેદ વિનાનો છે[૮], જેટલાનો સૂર્યથી પ્રકાશ થાય છે તે બધો ભેગો થએલો પરમ મહાન[૯] છે. ૨.

૧. 'પ્રકટ થઈ' એટલે લોક વિગેરેના આકારથી પરિણામ પામી. (પ્ર)
૨. 'એકતા' એટલે એકપણાંની સંખ્યા. (પ્ર)
૩. 'આ' એટલે પરમ મહાન. (પ્ર)
૪. સ્વપ્નના (સ્વપ્નમાં દેખાતા) પદાર્થોમાં જાતિ આકૃતિ વ્યક્તિ રૂપ વિગેરેને લીધે (સ્વપ્ન જોનારને) અભિમાન થતું હોવાથી તે પદાર્થો છે અને સ્વરૂપમાં રહેલા છે, તેથી આ લક્ષણ તેમને લાગુ ન પડે તે માટે 'સત્' શબ્દ યોજેલ છે. (પ્ર) સ્વપ્નના પદાર્થો સત્ નથી, પરંતુ અસત્ (માયિક) છે.
૫. વેદ પણ ભગવદ્રૂપ હોઈ સ્વરૂપમાં રહેલ છે અને સત્ છે. તેથી તેને આ લક્ષણ લાગુ ન પડે તે માટે 'પદાર્થ' શબ્દ યોજેલ છે. વેદ 'પર' છે, પણ પદાર્થ નથી. તેથી આ લક્ષણમાં તેનો સમાવેશ થતો નથી. (પ્ર)
૬. પ્રપંચમાં જણાતા પદાર્થો (કાર્યો) સત્ છે અને પદાર્થ છે, પરંતુ તેઓનું પોતાના કારણમાં અધિષ્ઠાન છે, સ્વરૂપમાં રહેલા નથી. તેથી આ વિશેષણ તેમનો આ લક્ષણમાં સમાવેશ ન થાય તે માટે યોજેલું છે. (પ્ર)
૭. 'બ્રહ્માંડ પણ કાર્ય હોવાથી સ્વરૂપમાં રહેલું નથી. તેથી તેને પણ આ લક્ષણ લાગુ પડતું નથી' એવો પ્રશ્ન થાય, તેથી કહે છે કે 'જે પૃથ્વીમાં રહેતાં, પૃથ્વીની અંદર છે' 'મોટાથી પણ મોટા' વિગેરે શ્રુતિઓમાં જણાવેલ ભગવાનજ પરમ મહાન છે. આ બ્રહ્માંડનું લક્ષણ નથી, પણ બ્રહ્માંડમાં રહેલા ભગવાનનું જ લક્ષણ છે. આ જણાવવા જ 'અવિશેષઃ' 'નિરન્તરઃ' એ બે

વિશેષણો યોજેલાં છે. તેથી વાસ્તવિક રીતે પરમાણુઓનું પણ બ્રહ્મમાં જ પર્યવસાન થાય છે, એમ જણાવવા જ અહિં આવો બોધ કરેલો છે. (પ્ર)

૮ – ૮. આ વાક્ય ચાલુ પ્રસંગમાં આનો ઉપયોગ જણાવવા યોજેલું છે. 'સર્વ સર્વમય છે' શ્રુતિ પ્રમાણે સર્વત્ર સર્વ પદાર્થ સત્ છે, છતાં પણ તે સ્વરૂપમાં રહેલ હોવાથી 'આ એક છે' એવી બુદ્ધિથી તેનું જ્ઞાન થતું નથી. તે વિશેષ વિનાનો હોવાથી, 'આ અમુક છે' એવી તેના સંબંધમાં કલ્પના થતી નથી. તે ભેદ રહિત હોવાથી, જ્ઞાન કરનારને જરુરી ભેદ તેમાં નથી. આવી વસ્તુસ્થિતિ હોવા છતાં પણ આગળ ગ્રંથમાં જે કહેવામાં આવે છે તે ઘટે તે માટે સૂર્યનો પ્રકાશ જેટલે જાય છે તે બધું પરમ મહાન છે એમ સમજવું એવો અર્થ છે. (પ્ર)

એ પ્રમાણે પહેલી અને છેવટની હદ જણાવીને, તેમાં સંબંધવાળા કાલનું લક્ષણ નીચેના શ્લોકમાં કહે છે :

**એવં કાલોઽપ્યનુમિતઃ સૌક્ષ્મ્યે સ્થૌલ્યે ચ સત્તમ ।।**
**સંસ્થાનભુક્ત્યા ભગવાનવ્યક્તો વ્યક્તભુગ્વિભુઃ ।।૩।।**

હે ઉત્તમ પુરુષ! જણાય તેવાનો ભોગ કરનાર, ન જણાય તેવા સમર્થ ભગવાન્ કાલનું પણ એ પ્રમાણે સૂક્ષ્મપણામાં અને સ્થૂલપણામાં સ્થાનના ભોગથી અનુમાન કરવું. ૩.

જેમ કાર્યના છેલ્લા અવયવથી અને કાર્યના સમૂહથી (અનુક્રમે) પરમાણુનું અને પરમ મહાનનું અનુમાન કર્યું, એ પ્રમાણે સૂક્ષ્મપણામાં અને સ્થૂલપણામાં તેનો ભોગ કરનાર, તેવી હદ કરનાર કાલનું પણ અનુમાન કરવું[૧]. 'હે ઉત્તમ પુરુષ!' એ સંબોધન (વિદુરને) અનુમાનનું જ્ઞાન થાય તે માટે (કરેલું છે).

''ભગવાનની પેઠે સંગરહિત કાલને પદાર્થનો સંબંધ કેવી રીતે થાય ? અને (તેનું) અનુમાન કેવી રીતે થાય ? નહિ તો (કાલનું અનુમાન થતું હોયતો), ભગવાનનું પણ અનુમાન થાય'' એવી શંકા થાય, તેથી 'સ્થાનના ભોગથી' શબ્દ યોજેલ છે. 'સ્થાન' એટલે પરમાણુપણું પરમ મહાનપણું એવી તેની[૨] સ્થિતિ. વસ્તુ (પદાર્થ)ના સ્વરૂપ તરીકે ભગવાન્ પણ (કાલની) સમાન હોવા છતાં, જે અમુક સ્થાન, અને તેનો જે ભોગ, તે કાલથી જ થતા હોવાથી, કાર્યના સૂક્ષ્મપણાં અથવા સ્થૂલપણાંથી કાલનું પણ સૂક્ષ્મપણું અથવા સ્થૂલપણું (જણાય છે).

''એ પ્રમાણે સ્વરૂપમાં ફેરફાર, અને તેનો ભોગ, પછી ભોગ[૩] (કરવો), એમ શા માટે કરે છે ?'' એવી શંકા થાય, તેથી 'ભગવાન્' શબ્દ યોજેલ છે. (કાલ) એવા સામર્થ્યરૂપ ભગવાન્[૪] છે. જેમ કેટલાક તેવી માયાની અથવા વિદ્યાની પણ કલ્પના કરે છે, તેવો આ શાસ્ત્રમાં કાલ છે. ''ત્યારે એ રીતે સર્વ પદાર્થોના ભોગ કરનાર (કાલ)ને બધા કેમ જોતા નથી ?'' એવી શંકા થાય, તેથી 'ન જણાય તેવા' વિશેષણ યોજેલ

છે. તે કાલ જેનો ગ્રાસ નથી કરતો, તેનું જ્ઞાન થાય તે માટે, 'જણાય તેવાનો ભોગ કરનાર' વિશેષણથી તેનું કાર્ય કહેલું છે[5]. 'પોતે ન જણાય તેવો હોઈ, જણાય તેવાનો ભોગ કેવી રીતે કરે ?' એવો પ્રશ્ન થાય, તેથી 'સમર્થ' વિશેષણ કહેલું છે. તે સર્વ પ્રકારે ભોગ કરવાની શક્તિવાળો છે, એવો અર્થ છે.

૧. જો કે પરમાણુ અને પરમ મહાન આપણાથી જાણી શકાતા નથી, પરંતુ જે પદાર્થો પર તેમનો અધિકાર છે, તે આપણને તેમનો બોધ કરે છે, તેથી આપણે જેમ તેમનું અનુમાન કરીએ છીએ, તેમ તેવા કાલનું પણ તેમની હદ બાંધનાર તરીકે અનુમાન કરવું, એવો અર્થ છે. (પ્ર)
૨. 'તેની સ્થિતિ' એટલે સૂર્યને જ્યાં જવાનું તે (માર્ગ)ની સ્થિતિ. (પ્ર)
૩. 'ભોગ' એટલે આધ્યાત્મિક કાલ દ્વારા ભોગ. (પ્ર)
૪. 'જેના બ્રહ્મ અને ક્ષત્ર (બંને ખોરાક બને છે)' એ શ્રુતિ પ્રમાણે કાલ અત્તા (ખાનાર, ભોગ કરનાર) હોવાથી ભોગ કરે છે, એવો અર્થ છે. આથી તે ચેતન હોવાનું જણાવ્યું. (પ્ર)
૫. તેથી ન જણાય તેવા પદાર્થોનો ગ્રાસ કરતો નથી, એવો અર્થ છે. (પ્ર)

અનુમાન કરેલા કાલનું નીચેના શ્લોકમાં શબ્દથી નિરૂપણ કરે છે :

**સ કાલઃ પરમાણુર્વૈ યો ભુઙ્ક્તે પરમાણુતામ્ ।।**
**સતો વિશેષભુગ્યસ્તુ સ કાલઃ પરમો મહાન્ ।।૪।।**

જે પરમાણુપણાંનો ભોગ કરે છે તે કાલ ખરેખર પરમાણુ છે. જે સત્ (પદાર્થો)ની જાતિનો ભોગ કરનારો છે તે કાલ તો પરમ મહાન છે.૪.

જે પરમાણુપણાંનો ભોગ કરે છે, પરમાણુને વ્યાપે છે, (અને) તેથી પોતે પણ પરમાણુ હોવાનો અનુભવ કરે છે, તે કાલ પરમાણુ છે, એવો અર્થ છે. એ પ્રમાણે જે સત્ (પદાર્થો)ની જાતિનો ભોગ કરનારો છે, બધાએ સત્ (પદાર્થો)ની જાતિનો જે ભોગ કરે છે, અને તે ભોગ વડે પોતે પણ જાતિપણું પ્રાપ્ત કરે છે, તે પરમ મહાન કાલ છે. 'તુ' 'તો' શબ્દ(થી એમ જણાવ્યું છે કે આ કાલ) મહત્તત્ત્વનાં આયુષ્યની હદ બાંધે છે. ૪.

એ પ્રમાણે આરંભના અને છેવટના કાલનું નિરૂપણ કરીને, નીચેના શ્લોકથી આરંભી મધ્યના કાલનું નિરૂપણ કરે છે :

**અણુર્દ્વૌ પરમાણૂ સ્યાત્રસરેણુસ્ત્રયઃ સ્મૃતઃ ।।**
**જાલાર્કરશ્મ્યવગતઃ ખમેવાનુપતન્ન ગામ્ ।।૫।।**

બે પરમાણુઓ અણુ થાય. ત્રણ (અણુ)ને ત્રસરેણુ કહેલ છે. તે જાલીઆમાંથી આવતા સૂર્યના કિરણમાં જણાય છે, આકાશ તરફ જ ઉડતો હોય છે, પૃથ્વી ઉપર પડતો નથી. ૫.

જે માર્ગે સૂર્યના રથનું ચક્ર જાય છે, તે માર્ગમાં તે જેટલા સમયમાં પરમાણુ પ્રદેશનું ઉલ્લંઘન કરે છે, તે પરમાણુ કાલ છે. જેટલા (સમય)માં બે પરમાણુ પ્રદેશનું

ઉલ્લંઘન કરે છે, તે અણુ કાલ છે. આગળ પણ એ પ્રમાણે (સમજવું). જેટલા સમયમાં બાર રાશિઓરૂપ આખાંએ જ્યોતિશ્ચક્રનું ઉલ્લંઘન કરે છે તે સંવત્સરરૂપ[1] પરમ મહાન કાલ છે. ત્રણ અણુઓનું એક ત્રસરેણુ થાય છે. 'કહેલ છે' શબ્દથી તેમાં મોટા પુરુષોની પરંપરાની કથા પ્રમાણ (હોવાનું) (કહેલું છે). તે (ત્રસરેણુ) તો પ્રત્યક્ષ છે, એમ ઉત્તરાર્ધથી કહે છે. જાલીઆંના માર્ગે (ઘરની) અંદર આવેલા સૂર્યનાં કિરણોમાં તે જણાય છે. 'આકાશ તરફ જ ઉડતો' અને 'પૃથ્વી ઉપર ન પડતો' એવાં તેનું જ્ઞાન કરાવનારાં બે ચિહ્નો કહેલાં છે. તે ત્રસરેણુઓ ભૂમિ ઉપર પડતાં નથી, પરંતુ તે જ કિરણમાં આકાશ તરફ ઉડતાં જાય છે. (તેના) પેટા-ભેદો નથી એમ જણાવવા ('ત્રસરેણુ' શબ્દ) એકવચનમાં (યોજેલો છે). ૫.

૧. 'સંવત્સરરૂપ' એટલે મનુષ્યોના વર્ષરૂપ (પ્ર)

**ત્રસરેણુત્રિકં ભુઙ્ક્તે યઃ કાલઃ સ ત્રુટિઃ સ્મૃતઃ ।।**
**શતભાગસ્તુ વેધઃ સ્યાત્તૈસ્ત્રિભિસ્તુ લવઃ સ્મૃતઃ ।।૬।।**

જે કાલ ત્રણ ત્રસરેણુનો થાય છે તેને ત્રુટિ કહે છે. તે વેધનો તો એકસોમો ભાગ છે. તે (વેધ) ત્રણને તો લવ કહે છે. ૬.

ત્રણ ત્રસરેણુનો જેટલો કાલ થાય છે, તેનું નામ ત્રુટિ છે. તે જ ત્રુટિ વેધનો 'શતભાગઃ' એકસોમો ભાગ છે. 'તુ' 'તો' શબ્દથી એમ કહેલું છે કે અહિં 'શતં' 'એકસો' શબ્દનો અર્થ માપ વગરનો (અનંત) નથી. એકસો ત્રુટિઓનો એક વેધ, એવો અર્થ છે. ત્રણ વેધનો લવ. ૬.

**નિમેષસ્ત્રિલવો જ્ઞેય આમ્નાતસ્તે ત્રયઃ ક્ષણઃ ।।**
**ક્ષણાન્ પઞ્ચ વિદુઃ કાષ્ઠાં લઘુ તા દશ પઞ્ચ ચ ।।૭।।**

ત્રણ લવને નિમેષ જાણવો. તે (નિમેષ) ત્રણ ક્ષણ મનાએલ છે. પાંચ ક્ષણને કાષ્ઠા જાણે છે. તે (કાષ્ઠા) પંદર લઘુ (કહેવાય) છે. ૭.

ત્રણ લવનો નિમેષ. ત્રણ નિમેષની ક્ષણ. પાંચ ક્ષણની કાષ્ઠા. પંદર કાષ્ઠાનો લઘુ. ૭.

**લઘૂનિ વૈ સમામ્નાતા દશ પઞ્ચ ચ નાડિકા ।।**
**તે દ્વે મુહૂર્તઃ પ્રહરઃ ષડ્યામઃ સપ્ત વા નૃણામ્ ।।૮।।**

પંદર લઘુ નાડિકા મનાએલ છે. તે (નાડિકા) બેનું મુહૂર્ત, (અને) છ અથવા સાતનો મનુષ્યોનો પ્રહર (અથવા) યામ (થાય છે). ૮.

પંદર લઘુની નાડિકા. બે નાડિકાઓનું મુહૂર્ત. છ અથવા સાત નાડિકાનો 'નૃણામ્' મનુષ્યોનો પ્રહર (થાય છે); કારણ કે નાડિકા ઘટિકા (ઘડી) કરતાં મોટી છે. તેટલા પૂરતી રાત્રિ અથવા દિવસ હરકોઈ પ્રકારે મોટા થાય છે. તે (રાત્રિ અથવા

દિવસ)નો ચોથો ભાગ સાત નાડિકાનો હોય છે, અને ઘટેલ હોય ત્યારે તો છ નાડિકાઓનો હોય છે. એવી રીતે રાત અને દિવસની બાવન નાડિકાઓ થાય છે. એવા પ્રકારથી અહિં સાઠ જ ઘટિકાઓ ગણેલી છે.

છતાં[1] જેઓ બે સંધ્યાઓને તજી (બાવન નાડિકાના રાત્રિ દિવસ કહેલ હોવાનું) કહે છે, તેમણે 'ચાર ચાર યામના મનુષ્યોના રાત અને દિવસ છે' (શ્લો.૧૦) એ વાક્યનું અનુસંધાન કરવું[2]. હવે જો 'સવારની સંધ્યાનો દિવસમાં અને સાંજની સંધ્યાનો રાત્રિમાં (સમાવેશ કરીને), તે બંનેમાં ચાર ઘડીઓ ગણેલી નથી' એમ કહો, તો તેમ ગણત્રી કરવાનું કાંઈ પ્રયોજન ન હોવાથી (તે બરાબર નથી). 'સંધ્યા અને સંધ્યાનો અંશ તજી વચલા (સમય)માં ધર્મ (કરવા) માટે (એવી ગણત્રી કરેલી છે)' એમ કહો, તો એમ હોય[3] તો પણ આયુષ્ય જણાવનાર (કાલના આ વિભાગો) હોવાથી, તે (સંધ્યા અને સંધ્યાના અંશનો) ત્યાગ કરવાનું કાંઈ પ્રયોજન નથી. 'તેમાં[4] ધર્મ કરવાથી આયુષ્ય વધે છે (એ પ્રયોજન છે)' એમ કહો, તો બીજા સમયે[5] ધર્મ કરવાથી આયુષ્ય ન વધે, અને 'ઉગતાં અને આથમતાં[6] તે (સૂર્ય આયુષ્યનો ક્ષય કરે છે)' એ વાક્યનો વિરોધ થાય. વળી (આ શ્લોકમાં) 'મનુષ્યનો' શબ્દ હોવાથી, 'પહેલી (સવારની) સંધ્યાનો સમય દેવોનો અને પાછલની (સાંજની)નો અસુરોનો છે' એમ પણ ન (માનવું), આયુષ્યનું માપ કાઢવા માટે એ પ્રમાણે ગણવું ન જોઈએ. ધર્મ (કરવા) માટેજ તેમ કહેવું યોગ્ય નથી. વળી જે કહેવામાં આવશે તે માપ[7] જો નાડી (ઘડી)ના માપ જેટલું જ હોય, તો એ પ્રમાણે કલ્પના કરવી યોગ્ય છે, પણ આ માપ (ઘડી કરતાં) વધે છે. ૮.

૧. આ પેરામાં શ્રીધરે કરેલ વ્યાખ્યાન જણાવી, તે બરાબર ન હોવાનું કહેલું છે. (પ્ર)

૨. શ્રીધર કહે છે તેવી ગણત્રી હોત, તો 'દિવસ (અને રાત) ચાર યામ અને બે મૂહુર્તના હોય છે' એમ કહેત, પણ માત્ર ચાર યામના હોવાનું ન કહેત. (પ્ર)

૩. 'એમ હોય તો' એટલે ધર્મ કરવા માટે (આ કાલના વિભાગ) કહેલા હોય, તો પણ 'એકસો વર્ષનું મનુષ્યોનું આયુષ્ય છે' (શ્લો.૧૨) એમ કહેલું હોવાથી, આ ગણત્રી આયુષ્યના માપ માટે કરેલી હોવાથી, આયુષ્ય જણાવવામાં ચાર ઘડી તજવાથી તેનું માપ થાય નહિ. તેથી ચાર ઘડી તજવાનું કાંઈ પ્રયોજન નથી. (પ્ર)

૪. 'તેમાં' એટલે દિવસ અને રાત્રિમાં. (પ્ર). સંધ્યાઓની વચલા સમયમાં.

૫. 'બીજા સમયે' એટલે બે સંધ્યાઓના સમયમાં. (પ્ર)

૬. આ વાક્યમાં સંધ્યાનો સમય ગણત્રીમાં લઈને જ સૂર્ય આયુષ્યનો ક્ષય કરે છે એમ કહલું હોવાથી, આયુષ્યના માપમાં સંધ્યાઓનો પણ સમાવેશ કરેલો છે. (પ્ર)

૭. (શ્લોક ૯ માં) કહેલા માપથી પણ શ્રીધરની ગણત્રી સંધ્યા તજવાની ખોટી જણાય છે. (પ્ર)

તે (નાડિકા) (જાણવા) માટે નીચેના શ્લોકમાં માપ કહે છે :

**દ્વાદશાર્ધપલોન્માનં ચતુર્ભિશ્ચતુરંગુલૈઃ ।।**
**સ્વર્ણમાષૈઃ કૃતચ્છિદ્રં યાવત્પ્રસ્થજલાપ્લુતમ્ ।।૯।।**

બારના અર્ધ પલનું ચાર આંગળની સુવર્ણના માષાની બનેલી ચાર (સળીઓ)થી છિદ્ર કરેલું પાત્ર, જેટલા સમયમાં એક પ્રસ્થ જલ ભરાતાં ડૂબે (તે નાડિકા). ૯.

'બારના અર્ધ' એટલે છ. (પાત્રની બે તરફના) બે (ભાગ)નું જ્ઞાન થાય, ત્યારે (કઈ બાજુ) ઓછું અથવા વધારે છે તે જણાય. તેથી (બંને બાજુ) સરખું હોવાનું જાણવા માટે 'બારના અર્ધ (પલ)નું' એમ કહેલું છે. 'પલ' એટલે ચાર સુવર્ણના સિક્કા (ચાર તોલા). સુવર્ણ (તોલો) સોળ માષાનો છે, માષો પાંચ ગુંજાનો હોય છે, અને ગુંજા ત્રણ જવની હોય છે. બારના અર્ધ (એટલે છ) પલ તાંબાનું પાત્ર બનાવી, સુવર્ણની ચાર સળીઓ ભેગી કરી તેમાં છિદ્ર પાડવું, અને તે એક માષ સુવર્ણની, ચાર આંગળની, એટલે ચોત્રીસ તલથી ચાર ઘણી લાંબી (કરવી). તે (અર્થ) 'ચાર આંગળની સુવર્ણના માષાની બનેલી ચાર (સળીઓ)થી' શબ્દોથી કહેલો છે. જેટલા સમયમાં એક પ્રસ્થ[1] જલ તેમાં આવે, અને તેટલું આવતાં ડૂબી જાય, (તે સમય નાડિકા). ૯.

૧. 'પ્રસ્થ' એટલે ચોસઠ તોલા.

એ પ્રમાણે નાડિકાનું માપ કહીને, નીચેના શ્લોકથી આરંભી ત્યાર પછીના (તેથી મોટાં) કાલના માપ કહે છે :

**યામાશ્ચત્વારશ્ચત્વારો મર્ત્યાનામહની ઉભે ।।**
**પક્ષઃ પઞ્ચદશાહાનિ શુક્લઃ કૃષ્ણશ્ચ માનદ ! ।।૧૦।।**

મનુષ્યોના દિવસ અને રાત્રિ બંને ચાર ચાર યામના છે. હે માન આપનાર ! શુક્લ અને કૃષ્ણ (દરેક) પખવાડીયું પંદર દિવસનું છે. ૧૦.

ચાર યામનો દિવસ, અને ચાર યામની રાત્રિ એમ જણાવવા, ('ચાર ચાર' એમ) બે વાર કહેલું છે. 'અહની' એટલે દિવસ અને રાત. ફરી ગણવામાં ન આવે તે માટે 'ઉભે' 'બંને' શબ્દ યોજેલ છે. એ રીતે (તે) બંને મળીને એક દિવસ થાય છે. પંદર દિવસનું પખવાડીયું. તે પખવાડીયું શુક્લ અને કૃષ્ણ એમ બે પ્રકારનું છે. રાતના આરંભમાં જેમાં ચંદ્ર જોવામાં આવે તે શુક્લ, અને આ દ્વિપમાં રાત્રિના આરંભમાં જેમાં ચંદ્ર ન હોય તે કૃષ્ણ. (વિદુર) વચનો સાંભળીને જ સમજે છે, તેથી ગુરુને માન આપનારો છે એમ (જણાવવા), 'હે માન આપનાર !' એવું સંબોધન (કરેલું છે). 'પંદર દિવસનું' એમ કલાના અભિપ્રાયથી[1] (કહેલું છે). ૧૦.

૧. ''ગણિત પ્રમાણે તિથિ વધે અથવા ઘટે ત્યારે (પખવાડીયું) પંદર દિવસનું ન થાય'' એવી શંકા

થાય, તેનું સમાધાન કરવા આ કહેલ છે. સૂર્યની આડે પૃથ્વી આવવાથી વિગેરે કારણોને લીધે (તિથિ) વધે અથવા ઘટે, છતાં (ચંદ્રની) કલાનો વિચાર કરતાં સદા (પખવાડીયાની) પંદર તિથિ થાય છે, એવો અર્થ છે. (પ્ર)

**તયોઃ સમુચ્ચયો માસઃ પિતૃણાં તદહર્નિશમ્ ।।**
**દ્વૌ તાવૃતુઃ ષડયનં દક્ષિણં ચોત્તરં દિવિ ।।૧૧।।**
**અયને ચાહની પ્રાહુર્વત્સરો દ્વાદશ સ્મૃતઃ ।।**
**સંવત્સરશતં નૃણાં પરમાયુર્નિરૂપિતમ્ ।।૧૨।।**

તે બે ભેગા થતાં માસ થાય છે. તે પિતૃઓના દિવસ અને રાત્રિ છે. તે બે (માસ) ઋતુ થાય છે. છ અયન થાય છે. દક્ષિણ અને ઉત્તર (બે અયન) કહે છે. સ્વર્ગમાં બે અયનને રાત્રિદિવસ માનેલા છે. બાર (માસ)ને વર્ષ કહે છે. મનુષ્યોનું મોટામાં મોટું આયુષ્ય એકસો વર્ષનું જણાવેલું છે. ૧૧-૧૨.

તે બેના 'સમુચ્ચયઃ' ભેગાં થવાથી માસ થાય છે. તે (માસ) બે પ્રકારનો[૧] હોવાથી આનાં[૧] (અહિં) બંને ઈચ્છેલા છે. 'પિતૃઓના તે (માસ) દિવસ અને રાત્રિ છે', એનો (એવો અર્થ છે કે) જ્યારે (સૂર્ય) ચંદ્રની પંદર કલાઓમાં પ્રવેશ[૨] કરે છે, ત્યારે ચંદ્ર વચ્ચે આવતો હોવાથી રાત્રિ થાય છે, જ્યારે તે (કલા)ઓમાંથી જતો રહે છે ત્યારે દિવસ થાય છે, કારણ કે પિતૃઓ સૂર્યનાં જલે કરેલાં આવરણને જ માને છે[૩], પણ પૃથ્વીએ કરેલાં (આવરણ)ને માનતા નથી. જેમ ચંદ્ર હોય કે ન હોય, તો પણ સૂર્યના ઉદય અને અસ્તથી જ આપણી દિવસ અને રાત્રિની વ્યવસ્થા થાય છે, તેમ તેઓને સૂર્યની સ્થિતિનું પ્રયોજન નથી, તે ચંદ્રની કલાઓમાં પ્રવેશ કરે અથવા (તેઓમાંથી) બહાર નીકળે તે જ ઉપયોગી છે. (સૂર્ય તે કલાઓમાં) પ્રવેશ કરે ત્યારે જ કલાઓની ઉત્પત્તિ થાય છે, (અને તેમાંથી) બહાર નીકળે ત્યારે જ કલાઓનો ક્ષય થાય છે. (સૂર્ય કલામાંથી) બહાર નીકળે તે દિવસ હોવાથી ચઢેલો દિવસ (મધ્યાહ્ન) થવાથી તેઓનો ભોજન સમય હોય છે. પૂર્ણિમાએ તો તૃપ્ત થઈ સૂએ છે, એવી[૪] તેમની દિવસ અને રાત્રિની વ્યવસ્થા છે. એ પ્રમાણે બે માસની ઋતુ થાય છે, અયન તો છ માસનું થાય છે. વર્ષ બારમાસનું હોવાથી બે અયનનું વર્ષ થાય છે. તેમનાં નામ ઉત્તર અને દક્ષિણ એટલે દક્ષિણાયન અને ઉત્તરાયણ, એવો અર્થ છે.

તે બે અયનોને 'દિવિ' સ્વર્ગમાં રાત્રિદિવસ કહે છે. દક્ષિણાયન રાત્રિ છે. ઉત્તરાયણ દિવસ છે. સ્વર્ગમાં રહેનારાઓ તેજે કરેલા સૂર્યનાં આવરણને જ ગણે છે[૫], પરંતુ ચંદ્રે કરેલા, તેમજ પૃથ્વીએ કરેલા (આવરણ)ને ગણતા નથી. તેમાં 'તેજ' શબ્દથી નક્ષત્રો કહેલાં છે. તેમાં ઉત્તરાષાઢા (નક્ષત્ર)માં (સૂર્ય હોય ત્યારે) ઉત્તરાયણ

દિવસનો અરુણોદય થાય છે. તે (નક્ષત્ર)ના ચોથા ભાગનો (સૂર્ય) ભોગ કરે, ત્યારે સૂર્યોદય થાય છે. તે સમયે મકર(નો સૂર્ય) થાય છે. પુનર્વસુ (નક્ષત્ર)ના ચોથા ભાગનો (સૂર્ય ભોગ કરે ત્યાં) સુધી દિવસ હોય છે. આ નક્ષત્રો એકબીજાની સામે મુખ રાખી માલાના આકારમાં (રહેલાં) છે. તેઓમાં પહેલાના અથવા પાછલના ભાગમાં રહેલા અર્ધ (જ્યોતિશ્ચક્ર)ને જૂએ છે, અર્ધને જોતા[૬] નથી. જેમ વસ્ત્ર બેવડું વાળેલું હોય ત્યારે એક સ્થલે રહેલાઓ દેખાય તેવા અર્ધા (વસ્ત્ર)ને જ જૂએ છે, તેમ દેવોને પણ પુનર્વસુના ચોથા ભાગથી આરંભી ઉત્તરાષાઢા સુધીના નક્ષત્રો (સૂર્યનું) આવરણ કરનારાં છે. આ બધાં ઉપર મુખવાળાં[૭] અને માલાના આકારે (રહેલાં) છે. તેથી જ્યારે દક્ષિણાયનનાં નક્ષત્રોમાં સૂર્ય હોય ત્યારે બંને (પ્રકારના) નક્ષત્રો નીચે મુખવાળાં થવાથી[૮], તેઓથી સૂર્ય દેખાતો જ નથી. 'કહે છે' શબ્દથી (આ વિષયનું) પ્રમાણ (જણાવેલું છે). બાર માસનું વર્ષ થાય છે. અહિં પણ 'માનેલા છે' શબ્દથી પ્રમાણ (જણાવેલું છે). વૃદ્ધિ અથવા ક્ષય ન થાય તો, એકસો વર્ષતો મનુષ્યોનું મોટામાં મોટું આયુષ્ય છે. 'પુરુષ[૯] ખરેખર એકસો વર્ષના આયુષ્યવાળો છે' એ શ્રુતિ પ્રમાણે એક વર્ષે કાલ એક આયુષ્યનો ભોગ કરે છે. ધર્મ કરવામાં આવે તો કાલથી (થતો) આયુષ્યનો ભોગ (ધર્મ) અટકાવે છે, ત્યારે (પુરુષ) એકસો વર્ષથી પણ વધારે જીવે છે. પાપ કરવામાં આવે, તો પાપ પણ–જો તે પાપ કાલની સમાન હોય તો– આયુષ્યનો ભોગ કરે છે, (અને) કાલ પણ (તેનો ભોગ કરે છે). જો (પાપ કાલથી) અધિક બલવાળું હોય, તો (કાલથી) વધારે આયુષ્યનો ક્ષય કરે છે. ઘણા જન્મો કરાવે તેવું ઘણું બલવાન પાપ હોય, તો બીજપાત (ગર્ભાધાન)ની ક્ષણથી આરંભી પચીસ વર્ષો સુધી જૂદી જૂદી યોનિઓ પ્રાપ્ત કરાવે છે. તેથી (પુરુષનું) આયુષ્ય એકસો વર્ષનું જણાવનારી શ્રુતિનો ભંગ થતો નથી[૯]. 'જણાવેલું છે' શબ્દથી પ્રમાણ કહેલું છે. ૧૧–૧૨.

૧. 'અમાસ માસોને જૂએ છે, પૂર્ણિમા માસોને જૂએ છે' એ શ્રુતિ પ્રમાણે (માસ બે પ્રકારનો છે). અહિં શુક્લ અને કૃષ્ણના ભેદથી બે પ્રકારનો કહેલો નથી, પરંતુ ૫।૨૨ શ્લો. ૫ તથા ૮ માં જણાવ્યા પ્રમાણે ચાંદ્રમાસ બે પખવાડીયાનો અને સૌરમાસ સૂર્ય સવા બે નક્ષત્ર (એક રાશિ)નો ભોગ કરે તેટલો કહેલા છે. તેથી ચાંદ્રમાસ અને સૌરમાસ એ બે માસના પ્રકાર જ અહિં મૈત્રેયે જણાવેલા છે. પિતૃઓના રાત્રિદિવસ ચાંદ્રમાસ પ્રમાણે બે પખવાડિયાનાં છે. દેવોના રાત્રિદિવસ સૂર્યના બે અયનોથી થાય છે. (પ્ર)

૨. 'જલમાંથી આ ઉગે છે, પાછો જલમાં પ્રવેશ કરે છે' એ શ્રુતિ પ્રમાણે સૂર્ય જલરૂપ ચંદ્રની કલાઓમાં પ્રવેશ કરે છે. (પ્ર)

૩. 'પિતૃઓ ચંદ્રની ઉપર રહે છે તેથી પૃથ્વીથી પણ આવરણ થાય' એમ કહેવામાં આવે, તેથી આ

વાક્ય કહેલ છે. 'ચંદ્ર જલનું સ્થાન છે' શ્રુતિ પ્રમાણે ચંદ્ર જલમય હોવાથી, પિતૃઓ જલે કરેલાં આવરણને જ માને છે. (પ્ર)

૪. શુક્લ અને કૃષ્ણ પખવાડીયાં ભેગાં થવાથી ચાંદ્રમાસ થાય છે, અને તે પિતૃઓના દિવસ અને રાત્રિ છે એમ કહેલું હોવાથી, આજ તેમના રાત દિવસની વ્યવસ્થા છે, બીજી નથી. આ વિષયમાં એમ જણાય છે કે ભાસ્કરાચાર્યે સિદ્ધાંતશિરોમણિમાં ચંદ્રની કક્ષાથી ઉપર પિતૃલોક હોવાનું કહેલ છે. સૂર્ય અને ચંદ્ર જ્યારે એક રાશિમાં હોય ત્યારે અમાસના દિવસે પિતૃઓનું મધ્યાહ્ન હોય છે. જ્યારે ચંદ્ર અર્ધ જ્યોતિશ્ચક્ર એટલે છ રાશિ દૂર નીચે હોય છે ત્યારે તેનાથી ઢંકાએલ સૂર્યને પિતૃઓ જોતા નથી, ત્યારે તેમની મધરાત હોય છે. જ્યારે ચંદ્ર તેથી આગળ જાય છે, ત્યારે નીચે ખંડિત ચંદ્રને જૂએ છે, તેથી સૂર્ય હોવા છતાં તેમને રાત જ હોય છે. જ્યારે સૂર્ય અને ચંદ્રને નવરાશિનું અંતર થાય છે, ત્યારે સૂર્ય પિતૃલોકના સમાન દેશમાં આવે છે, એટલે તેમનો દિવસ ઉગે છે. એ પ્રમાણે (ત્રણ રાશિનું અંતર રહે ત્યારે) સંધ્યાકાલ પણ થાય છે. એમ અહિં કહેવા ઈચ્છેલું છે. (પ્ર)

૫. જેમ પરોઢે પૂર્વ દિશામાં દાવાગ્નિ પ્રજ્વલતો હોય, ત્યારે પશ્ચિમમાં ઉભેલો (પુરુષ) પૂર્વ તરફ મુખ રાખે તો પણ સૂર્યનો ઉદય થતાં જોતો નથી, કારણ કે દૂર રહેલા સૂર્યનું તેજ નજીકના અગ્નિથી ઢંકાઈ ગએલું હોય છે, તેની પેઠે, એવો અર્થ છે. (પ્ર)

૬. પાછલા ભાગમાં રહેલા આગલા ભાગને જોતા નથી, અને આગલા ભાગમાં રહેલા પાછલા ભાગને જોતા નથી. (પ્ર)

૭. રેંટની ડોલો પેઠે ઉપર મુખવાળા નહિ, પણ વૃક્ષની પેઠે ઉપર મુખવાળા. (પ્ર)

૮. 'નીચે મુખવાળા' એટલે નીચે રહેલાં. આ વિષયમાં એમ જણાય છે કે 'નક્ષત્રો ખરેખર દેવોના ઘરો છે' એ શ્રુતિ પ્રમાણે નક્ષત્રો દેવોનાં ઘરો છે. તેઓ શિશુમારમાં સ્થિર હોવા છતાં, શિશુમાર ફરતું હોવાથી ફરતાં હોય તેમ દેખાય છે, તેથી તેમાં રહેનારા દેવો પણ તેવા જણાય છે. તેથી જ પાંચમા સ્કંધમાં ધ્રુવની પ્રશંસા કરતાં, અગ્નિ, ઈંદ્ર પ્રજાપતિ કશ્યપ ધર્મ માનપૂર્વક તેની આસપાસ ફરે છે એમ કહેલું છે. તે પૈકી ઉત્તરાયણનાં નક્ષત્રોમાં દેવો રહે છે, તેથી સૂર્ય તે નક્ષત્રોમાં હોય ત્યારે તે નિકટ હોવાથી તે નીચે દેખાય છે, કારણ કે સૂર્યની કક્ષા નક્ષત્રોની કક્ષાથી નીચી છે. પણ જ્યારે તે દક્ષિણાયનનાં નક્ષત્રોમાં હોય ત્યારે બંને પ્રકારનાં નક્ષત્રોથી દૂર નીચે રહેલો સૂર્ય તેમનાથી દેખાતો નથી. (પ્ર)

૯...૯. ''કૃત વિગેરે યુગમાં વધારે આયુષ્ય હોવાનું કહેલ છે, અને હાલ પણ કોઈકનું ૧૦૦ વર્ષથી વધારે આયુષ્ય જોવામાં આવે છે. તેથી મોટામાં મોટું આયુષ્ય ૧૦૦ વર્ષનું કેમ કહો છો ?'' એવી શંકા થાય, તેનું આ ભાગથી સમાધાન કરેલ છે. (પ્ર)

એ પ્રમાણે કાલનું નિરૂપણ કરીને, નીચેના શ્લોકમાં ઉપસંહાર કરે છેઃ

**ગ્રહર્ક્ષતારાચક્રસ્થઃ પરમાણ્વાદિના જગત્ ।।**
**સંવત્સરાવસાને પર્યેત્યનિમેષો પ્રભુઃ ।।૧૩।।**

ગ્રહ નક્ષત્ર અને તારાઓના ચક્રમાં રહેલ સમર્થ (સૂર્ય) સાવધાન રહી એક વર્ષ પૂરું થતાં પરમાણુથી આરંભી (ચક્રની) આસપાસ ફરે છે. (અને) જગતનો ભોગ કરે છે. ૧૩.

બુધ વિગેરે ગ્રહો, અશ્વિની વિગેરે નક્ષત્રો, (તથા) બીજા તારાઓ-તેઓનું ચક્ર જ્યોતિશ્ચક્ર છે. તેમાં રહેલ સૂર્ય તેમાં રહેલ પરમાણુ પ્રદેશથી આરંભી વર્ષ પૂરું થતાં સુધી (ફરે છે), (અને) 'પર્યેતિ' ફરી ફરીને મંડલના આકારે ફરે છે. તે 'અનિમેષઃ' બીજાનો ગ્રાસ કરવામાં સાવધાન રહે છે. તે 'વિભુઃ' સમર્થ છે. જગત્‌નો 'પર્યેતિ' ભોગ કરે છે. ૧૩.

તે વર્ષના હરકોઈ નિમિત્તથી પાંચ નામો છે. ઉપાસના કરવા માટે તે (નામો) નીચેના શ્લોકમાં કહે છે :

**સંવત્સરઃ પરિવત્સર ઈડાવત્સર એવ ચ ।।**
**અનુવત્સરો વત્સરશ્ચ વિદુરૈવં પ્રભાષ્યતે ।।૧૪।।**

હે વિદુર ! (૧) સંવત્સર (૨) પરિવત્સર અને વળી (૩) ઈડાવત્સર (૪) અનુવત્સર અને (૫) વત્સર એમ (વર્ષને) કહે છે. ૧૪.

વર્ષની સમાપ્તિ સૂચવનારા માસો પાંચ પ્રકારના છે[૧]. 'બાર માસનું વર્ષ, તેર માસનું વર્ષ' એમ બ્રાહ્મણમાં[૨] કહેલું છે. વર્ષ તેર માસનું છે એ નાક્ષત્ર[૩] વર્ષ માટે નક્કી છે, ચાંદ્ર (વર્ષ[૩]) કોઈવાર (તેવું હોય છે). વર્ષ બાર માસનું છે એ સૌર[૩] વર્ષ માટે નક્કી છે, ચાંદ્ર (વર્ષ) કોઈવાર (તેવું હોય છે). બાર્હસ્પત્ય[૩] (માન)માં તો પ્રભવ વિગેરે[૪] તે (વર્ષો) મુકરર કરેલા છે. વૈષ્ણવ (માસ) પણ મુકરર કરેલો છે. પરંતુ સાવન[૩] (માસ) મુકરર કરેલો નથી, કારણ કે તે હરકોઈ દિવસે પૂરો થાય છે. તેથી 'સંવત્સર' શબ્દ યોજેલો હોવાથી પ્રભવ[૪] વિગેરે નામો સિદ્ધ થાય તે માટે બાર્હસ્પત્ય માનની પણ જરુર રહે છે. વ્રત[૫] વિગેરે સિદ્ધ થાય તે માટે એકાદશીથી શરૂ થતાં વૈષ્ણવ (માસ)ની પણ (જરુર રહે છે); તેમ[૬] ન હોય તો ભગવાનનું શયન રાત્રે બે વિભાગથી થાય. સાવન[૬] (માન) તો વ્યવહારમાં પ્રસિદ્ધ છે. તે શ્રુતિનું ગૌરવ પ્રાપ્ત કરવા યોગ્ય નથી. તેથી જ પાંચ જ સંવત્સરો છે. તે પૈકી (૧) સંવત્સર ચાંદ્ર છે (૨) પરિવત્સર વૈષ્ણવ છે (૩) ઈડાવત્સર સૌર છે (૪) અનુવત્સર નાક્ષત્ર છે (૫) વત્સર દૈવ[૭] છે.(વિદુર) જાણે તે માટે સ્નેહથી 'હે વિદુર' એવું સંબોધન (કરેલું છે). જો કે બધાનો[૮] કાલ એક જ છે, સંવત્સરના ભેદથી (કાલ) ફરી આવતો નથી, છતાં પણ (તેનાં) નામ જ પાંચ હોવાથી 'એમ (વર્ષને) કહે છે' એમ કહેલું છે.

કેટલાક તો એમ કહે છે કેઃ 'માસ[૯] તરીકે પાછા આવતા સાઠ વર્ષો, બાર પ્રકારે પાછા આવતાં પાંચ વર્ષરૂપ થાય છે. પ્રભવથી આરંભી બહુધાન્ય સુધીના 'સંવત્સર' શબ્દથી ઓળખાય છે, પ્રમાથીથી આરંભી બાર બાર (તેઓમાંના)

પહેલાના શબ્દ (નામ)થી ઓળખાય છે'. તેમાં[9] માસ વિગેરેનું નિયમન કરનાર (કાંઈ) ન હોવાથી (વિચારવા) જેવું છે[10]. ૧૪.

૧. સંવત્સર વિગેરે નામોનાં નિમિત્તનો વિચાર કરે છે. (પ્ર)
૨. વેદનો અમુક ભાગ, જેમાં યજ્ઞ કરવા સંબંધમાં નિયમો વિગેરે વિગત જણાવેલી છે તે 'બ્રાહ્મણ' કહેવાય છે.
૩. એક નક્ષત્ર પૂર્વમાં ઉગેલ હોય, તેજ બીજે દિવસે પૂર્વમાં તેજ સ્થલે ઉગે તે નાક્ષત્ર દિવસ. તેવા ૩૬૦ દિવસનું વર્ષ નાક્ષત્ર વર્ષ. સૂર્ય અને ચંદ્ર ભેગા થએલ હોય, ત્યાર પછી ફરીથી ભેગા થાય, તે સમયને ચાંદ્રમાસ કહે છે. તેવા બારમાસનું ચાંદ્ર વર્ષ. સૂર્ય મેષના આરંભથી ફરી પાછો મેષના આરંભમાં આવે તેટલા સમયને (૩૬૫ દિવસ ૧૫ ઘડી ૩૧ પલ અને ૩૧ વિપલને) સૌરવર્ષ કહે છે. બૃહસ્પતિ એક રાશિમાં જેટલો સમય રહે તેને બાર્હસ્પત્ય વર્ષ કહે છે. સૂર્ય એક દિવસે ઉગે અને પછી બીજે દિવસે ફરી ઉગે તે વચ્ચેનો સમય સાવન દિન છે. તેવા ૩૦ દિવસનો સાવન માસ અને ૩૬૦ દિવસનું સાવન વર્ષ છે.
૪. આ વર્ષો છે, માસો નથી. (પ્ર) આ સાઠ વર્ષોનાં સાઠ જૂદા જૂદા નામો પંચાંગમાંથી જોઈ લેવાં. તેમાનું પહેલું 'પ્રભવ', બારમું 'બહુધાન્ય', અને તેરમું 'પ્રમાથી' આ શ્લોકની શ્રીસુબોધિનીમાં કહેલાં છે.
૫. 'વ્રત' એટલે ચાતુર્માસના વ્રત વિગેરે વ્રતો. (પ્ર)
૬. એકાદશીથી શરૂ થતો વૈષ્ણવ માસ સાવનમાસથી જૂદો છે એ સિદ્ધ કરવા આ કહેલ છે. આષાઢ સુદ ૧૧ ના રોજ અનુરાધા નક્ષત્રના આરંભમાં ભગવાન્ શયન કરે છે, અને કાર્તિક સુદ ૧૧ ના રોજ રેવતી નક્ષત્રના છેલ્લા ચરણમાં તેમનો પ્રબોધ થાય છે એમ કહેલું છે, તે સમય ચાર માસનો છે. નાક્ષત્ર માન પ્રમાણે પાંચ માસ અને પાંચ દિવસ થાય, એટલે માસની સંખ્યામાં વિરોધ આવે. સૌરમાન તથા ચાંદ્રમાન પ્રમાણે તિથિનો વિરોધ થાય. બાર્હસ્પત્યમાનને આમાં સંબંધ નથી. હવે સાવન બાકી રહ્યું. તે માસ તો બરાબર ત્રીસ દિવસનો હોવાથી, તે લેવાથી તિથિનો વિરોધ થાય. 'પોઢેલા (ભગવાન)નો રાત્રે પ્રબોધ કરવો' એ વાક્ય પ્રમાણે શયન પણ રાત્રે જ થાય. (પ્ર)
૭. 'દૈવ' એટલે બાર્હસ્પત્ય. (પ્ર)
૮. 'બધાનો' એટલે પાંચે વર્ષનો. હરકોઈ સમયે તે દરેક વર્ષ હોય છે. એક પછી એક આવતાં નથી, એવો ભાવ જણાય છે.
૯. જ્યોતિઃશાસ્ત્રીઓનો આ મત કહેલો છે. (પ્ર)
૧૦. આ ૯ માં જણાવેલ મત અહિં ઈચ્છેલો નથી એમ કહે છે. (પ્ર)

એ પ્રમાણે કાલના ત્રણ[1] ભેદ જણાવીને, ફલ (પ્રાપ્ત) થાય તે માટે, તેની ઉપાસના કરવાનું નીચેના શ્લોકમાં કહે છેઃ

**યઃ સૃજ્યશક્તિમુરુધોચ્છ્વસયન્સ્વશક્ત્યા પુંસોઽભ્રમાય દિવિ ધાવતિ ભૂતભેદઃ ।**
**કાલાખ્યયા ગુણમયં ક્રતુભિર્વિતન્વં સ્તસ્મૈ બલિં હરત વત્સરપઞ્ચકાય ।।૧૫।।**

જે ભૂતોનો નાશ કરનાર પોતાની 'કાલ' નામની શક્તિથી ઉત્પન્ન કરવાના

(પદાર્થો)માં શક્તિ ઘણા પ્રકારે પ્રકટ કરતાં, યજ્ઞોથી ગુણવાળા (સ્વર્ગ વિગેરે)ને પ્રકટ કરતાં પુરુષોને વૈરાગ્ય ઉત્પન્ન થાય તે માટે સ્વર્ગમાં ભમ્યા કરે છે, તે પાંચ વર્ષના પ્રવર્તક (કાલ)નું પૂજન કરો. ૧૫.

કાલનો ઉપયોગ કહેતાં ભજન કરાવવા (તેનું) માહાત્મ્ય કહે છે કેઃજે અંકુર વિગેરે ઉત્પન્ન કરવાના (પદાર્થો)માં, બીજ વિગેરેમાં રહેલી શક્તિને ઘણા પ્રકારે પ્રકટ કરતાં એટલે પાંદડાં ડાળાં વિગેરે ભેદથી બીજની શક્તિને પ્રકટ કરતાં, અધિકારવાળા પુરુષને 'અભ્રમાય' વૈરાગ્ય ઉત્પન્ન થાય તે માટે 'દિવિ' સ્વર્ગમાં 'ધાવતિ' ભમ્યા કરે છે (તેનું પૂજન કરો). 'ભમ્યા કરે છે' શબ્દથી એમ જણાવેલ છે કે પરલોક પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કર્યા વિના એક ક્ષણ પણ રહેવું નહિ.

''(કાલના) ભમ્યા કરવાથી એમ (વૈરાગ્ય ઉત્પન્ન) કેમ થાય ?'' એવી શંકા થાય, તેથી 'ભૂતોનો નાશ કરનાર' શબ્દ યોજેલ છે. ભૂતોનો નાશ જેમાં થાય છે તેવો (કાલ છે), કારણ કે તે કાલ સર્વ ભૂતોનો નાશ કરે છે. તેથી પોતાનો પણ નાશ કરશે એવા ભયથી વૈરાગ્ય ઉત્પન્ન કરનારો છે.'' 'જે સૂર્યમાં તેજ રહેલું છે (તે મારું છે)' એ વાક્ય પ્રમાણે 'પોતાની શક્તિ' કહી, તે ભગવાનની શક્તિ હશે'' એવી શંકા થાય, તે દૂર કરવા 'કાલ નામની' શબ્દ યોજેલ છે. 'કલયતિ' ગણે છે, પકડે છે તે 'કાલ' એવું નામ છે જેનું તેવી (તેની શક્તિ છે). તેનો પ્રકાશ કરનાર તરીકે જ ભગવાનનાં તેજે તેમાં પ્રવેશ કરેલો હોવાથી, કાલ દ્વારા જ આ ભગવાનની શક્તિ (કાર્ય કરે છે).

એ પ્રમાણે સાધન (કરાવવા)ની શક્તિ જણાવીને, 'યજ્ઞોથી ગુણવાળાને પ્રકટ કરતાં' શબ્દોથી ફલ (આપવા)ની શક્તિ જણાવે છે. ગુણવાળા એટલે આનંદવાળાં સ્વર્ગ વિગેરે. 'આનંદ વિગેરે પ્રધાન (ભગવાન)ના જ ગુણો છે' (બ્ર.સૂ. ૩।૩।૧૧) એ સૂત્ર પ્રમાણે આનંદ વિગેરે ગુણો જ છે, (અને) સ્વર્ગ વિગેરે તે (ગુણ)વાળા છે. યજ્ઞો પણ કાલના પ્રકારો જ છે. તેથી યજ્ઞોથી સ્વર્ગ વિગેરે પ્રકટ કરતાં (ભમ્યા કરે છે), કારણ કે અધિપતિ વિના યજ્ઞ વિગેરે પ્રકટ થતા નથી, તેમજ સ્વર્ગ પણ પ્રકટ થતું નથી. 'દેવોથી સ્વર્ગલોક તિરોહિત થયો' એ સ્થલે તે (કાલ) પણ ભગવાનનો અંશ (અને) ચેતન હોવાનો નિર્ણય કરેલો છે. એ પ્રમાણે ફલ પ્રાપ્ત કરાવનાર (અને સાધનમાં) પ્રવૃત્તિ કરાવનાર કાલ પાંચ વર્ષોની પ્રવૃત્તિ કરાવનારો છે. તેવા કાલે લાવી આપેલ અન્ન ખાનારાઓ, અને તેણે પ્રાપ્ત કરાવેલ સ્વર્ગમાં ભોગ કરનારાઓ ! તે કાલરૂપ સૂર્યનું પૂજન કરો. તેમ નહિ કરો તો કૃતઘ્નપણું થશે અને ભોગ પ્રાપ્ત નહિ થાય. જે ઉપાયથી ભોગ પ્રાપ્ત થાય, તેમજ કાલ ગળી ન જાય અને તે પ્રસન્ન થાય તેવો જ ઉપાય કરવો જોઈએ. દરરોજ (કાલની) ઉપાસના કરવી

જોઈએ એમ સિદ્ધ થયું. ૧૫.

૧. મનુષ્યનો, દેવનો અને પિતૃઓનો એવા ભેદથી ત્રણ પ્રકારનો કાલ. (પ્ર)

એવી રીતે ત્રણ પ્રકારના કાલનું નિરૂપણ કરીને (મૈત્રેય) શાંત રહ્યો, ત્યારે તેણે જે સિદ્ધ કર્યું તે આયુષ્ય જણાવનારું છે એમ કહીને, વધારે પૂછવા[1] (વિદુર) નીચેના શ્લોકથી પ્રશ્ન કરે છે :

।। વિદુર ઉવાચ ।।

**પિતૃદેવમનુષ્યાણામાયુઃ પરમિદં સ્મૃતમ્ ।।**

**પરેષાં ગતિમાચક્ષ્વ યે સ્યુઃ કલ્પાદ્બહિર્વિદઃ ।।૧૬।।**

આ[2] પિતૃઓ દેવો અને મનુષ્યોનું મોટામાં મોટું આયુષ્ય કહેલું છે. બીજાઓ જે જ્ઞાનીઓ હોઈ કલ્પની બહાર જીવે છે, તેઓની ગતિ કહો. ૧૬.

'આયુષ્ય' એટલે આયુષ્યનું માપ. 'મોટામાં મોટું' એટલે પુરેપુરૂં. બીજા કલ્પમાં રહેનારાઓ જેઓ એક કલ્પમાં ઉત્પન્ન થએલા હોવા છતાં કલ્પ પૂરો થાય ત્યાર પછી પણ જીવતા હોય છે, તેઓની 'ગતિ' એટલે તેમના રાત્રિદિવસની વ્યવસ્થા, અથવા તેઓની ત્યાં[3] કૃતિ કહો. કેટલાક કલ્પના અંત સુધી જ રહે છે, તેમનું કલ્પ સુધીનું જ આયુષ્ય હોય છે. તેથી પણ (અધિક), જેઓ કલ્પની બહાર જીવે છે (તેઓની ગતિ કહો). જીવવાનું કારણ 'જ્ઞાનીઓ' શબ્દથી કહેલું છે, અને જ્ઞાનીઓ જ ઘણા કલ્પો સુધી જીવનારા હોય છે. ૧૬.

૧. 'નિરૂપ્યવિશેષમ્' એક શબ્દ છે (પ્ર) 'નિરૂપ્ય' અને 'વિશેષં' બે શબ્દો છૂટા લઈ અર્થ કરેલો છે, કારણ કે તે વધારે યોગ્ય જણાય છે.

૨. 'આ' એટલે વર્ષોની ગણત્રીથી ગણેલું (પ્ર) એકસો વર્ષનું.

૩. 'ત્યાં' એટલે કલ્પરૂપ રાત્રિદિવસમાં (પ્ર)

મૈત્રેય તે કહે તે માટે તેને જ્ઞાન (હોવાનું) નીચેના શ્લોકથી સિદ્ધ કરે છે :

**ભગવાન્ વેદ કાલસ્ય ગતિં ભગવતો નનુ ।।**

**વિશ્વં વિચક્ષતે ધીરા યોગરાદ્ધેન ચક્ષુષા ।।૧૭।।**

ભગવાન્ કાલની ગતિ ભગવાન્ (આપ) ખરેખર જાણો છો, ધીરપુરુષો યોગથી પ્રાપ્ત કરેલ ચક્ષુથી વિશ્વને જૂએ છે.૧૭.

આપ ભગવાન્ છો, કારણ કે ભગવાનની કૃપાથી તેવા (ભગવાન્) થયા છો અને ભગવાનમાં શ્રદ્ધાવાળા છો. તેથી જ (આપ) ભગવાન્ કાલની ગતિ જાણો છો, કારણ કે તે (ભગવાન્) પોતાના સ્વરૂપને જાણે છે. વળી સંસારનું દુઃખ સહન કરનાર યોગમાં પ્રવીણ થએલા ધીર પુરુષો આખાંએ વિશ્વને યોગથી પ્રાપ્ત કરેલ ચક્ષુથી જૂએ છે. તેથી તેઓ યોગથી ઉત્પન્ન થએલા ગુણથી અને જ્ઞાનથી જાણે છે.

(જ્ઞાનમાં) સંદેહ રહેતો નથી એમ જણાવવા 'ચક્ષુથી' શબ્દ (યોજેલ છે). (ચક્ષુ) 'યોગથી પ્રાપ્ત કરેલ' હોવાથી તે ભ્રમ ઉત્પન્ન કરતું નથી. ૧૭.

જેમ ક્ષણ વિગેરેથી (આપણા) દિવસની ગણના થાય છે, તેમ યુગોથી તેઓના દિવસની ગણના થતી હોવાથી, નીચેના શ્લોકમાં કૃત વિગેરે (યુગો)નું સ્વરૂપ કહે છે :

।। મૈત્રેય ઉવાચ ।।

**કૃતં ત્રેતા દ્વાપરં ચ કલિશ્ચેતિ ચતુર્યુગમ્ ।।**
**દિવ્યૈર્દ્વાદશભિર્વર્ષૈઃ સાવધાનં નિરૂપિતમ્ ।।૧૮।।**

કૃત, ત્રેતા, દ્વાપર અને કલિ એ ચાર યુગો (તેમની) વચ્ચેના સમય સાથે, દેવોના બાર (હજાર) વર્ષોનાં કહેલાં છે. ૧૮.

અમુક કાલનું નામ કાંઈક 'કૃત' એવું છે. તે સમયમાં કાલે જે કરવાનું છે અથવા તેનો ઉપાય (જે કરવાનો છે), તે કરેલ જ છે. તે યુગમાં ઉત્પન્ન થએલાઓને કરવાનું કાંઈ બાકી રહેતું નથી. ત્રેતા એટલે ત્રીજા ભાગનું ($^{૧}/_{૩}$) કરવાનું રહે તે. દ્વાપર એટલે બે ભાગનું ($^{૧}/_{૨}$) કરવાનું રહે તે. કલિ એટલે કજીઓ. બધુંએ વિવાદનું સ્થાન રહે, કાંઈ પણ નક્કી થએલ ન હોય, એવો અર્થ છે. તેથીજ 'જે ચાર સ્તોમ છે તે ખરેખર કૃત છે' 'હવે જે પાંચ (સ્તોમ) છે તે કલિ છે' એમ શ્રુતિમાં કલિ પાંચ હોવાની દૃષ્ટિની નિંદા કરેલી છે. ત્રિવૃત્, પંદર, સત્તર (અને) એકવીસ એવા ચાર જ સ્તોમ છે. તેજ ચાર વર્ણો ઉત્પન્ન કરેલા છે. તેથી તેમનામાં કોઈપણ વિવાદ નથી. પાંચ સ્તોમની દૃષ્ટિની તો 'કલિ' શબ્દથી નિંદા કરેલી છે. 'જેના સત્તાવીસનો અંદર સમાવેશ કરે છે' વિગેરેથી જણાવેલ છ સ્તોમની દૃષ્ટિ તો નિંદિત નથી. તેથી કલિ નિંદિત ગુણવાળો છે. જે કાલમાં તે કલ્પમાં રહેનારાઓ બધુંએ કરી શકે, અને તે સફલ થાય, તે અમૃત ઘડી જેવો કાલ 'કૃત' શબ્દથી ઓળખાય છે, પણ જે વિષ ઘડી જેવો નિંદાએલો છે તે કલિ, જેમાં કજીઓ જ હોય છે, પણ (કાંઈ) પ્રયોજન ફળતું નથી. આ ચાર મળીને 'ચર્તુયુગ' એમ કહેવાય છે. ઉત્તરાર્ધમાં તેઓનો સમય કહેલો છે. 'બાર વર્ષોનાં' એમાં 'હજાર' એમ વસ્તુતઃ કહેલું છે; કારણ કે દેવોનાં વર્ષો નાની સંખ્યાથી ગણવા યોગ્ય હોતાં નથી. એક હજારની સંખ્યા મોટામાં મોટી હદ છે, તેથી હજારની સંખ્યા પ્રાપ્ત થાય છે. 'દેવના' શબ્દથી એકસોની સંખ્યા પણ પ્રાપ્ત થાય, પણ 'જેઓમાં સંદેહ હોય તેઓનો બાકીના વાક્ય પ્રમાણે (અર્થ કરવો)' એ નિયમ પ્રમાણે, 'હજાર ગણેલા છે' (શ્લો.૧૯) એવું પછીનું વાક્ય હોવાથી, હજારની સંખ્યા જ પ્રાપ્ત થાય છે. દેવોના બાર હજાર વર્ષોનું (તેમની) વચ્ચેના સમય સાથે 'ચતુર્યુગ'

કહેલું છે. 'અવધાનં' એટલે વચ્ચેનો સમય. 'સંધૌ' સંધિમાં 'ભવા' ઉત્પન્ન થએલી (હોય તે) સંધ્યા, વચ્ચેનો (સમય) થાય કે તરત જ જે સમય હોય તે 'સંધ્યા.' 'સંધ્યાંશ' જેમ ઘંટાનો અવાજ કરવામાં આવે, ત્યારે પાછલનો રણકાર થાય તેમ (કાર્ય) ઓછું કરનારો છે. તેઓની મધ્યનો (સમય) યુગ છે. સંધ્યા અને સંધ્યાશને યુગની સાથે સંબંધ હોવાથી, બંનેનો સંબંધ હોવાને લીધે સમુદાય અને[૧] યોગશક્તિથી (તે સમય) 'યુગ' છે, એવો નિશ્ચય થાય છે. ૧૮.

૧. 'યોગ' (સંબધ) શબ્દનો રૂઢિ પ્રમાણે અર્થ લેતાં અને 'સંધ્યા'ની વ્યુત્પત્તિ કહી તે પ્રમાણે અર્થ લેતાં, એવો અર્થ છે. (પ્ર)

નીચેના શ્લોકમાં તેઓના[૧] વચલા સમયો કહે છે :

**ચત્વારિ ત્રીણિ દ્વે ચૈકં કૃતાદિષુ યથાક્રમમ્ ।।**
**સંખ્યાતાનિ સહસ્રાણિ દ્વિગુણાનિ શતાનિ ચ ।।૧૯।।**

કૃત વિગેરેમાં અનુક્રમે ચાર ત્રણ બે અને એક હજાર (દેવનાં) વર્ષોની સંખ્યા કહેલી છે, અને (તેથી) બમણી સો વર્ષ (સંધ્યા તથા સંધ્યાંશના) છે. ૧૯.

ચાર હજાર વર્ષનું કૃતયુગ, (ત્રણ હજારનું) ત્રેતા, બે (હજારનું) દ્વાપર (અને) એક (હજારનું) કલિ, એમ અનુક્રમે હજારની સંખ્યા કહેલી છે. યુગના દશમા ભાગની સંધ્યા, અને તેટલોજ સંધ્યાંશ[૨] હોય છે. તેથી (યુગના હજાર જેટલા છે) તેટલી જ સો (વર્ષનું સંધ્યા અને સંધ્યાંશ) દરેક છે, ભેગાં મળીને બમણી (સો વર્ષનાં છે). 'ચ' 'અને' શબ્દથી એમ જણાવ્યું છે કે જો ભગવાનનાં કાર્યમાં કાંઈક અડચણ હોય તો[૩] (આ) સિવાયનો પણ કોઈક કાલ પ્રાપ્ત થાય છે. ૧૯.

૧. 'તેઓના' એટલે યુગોના (પ્ર)
૨. સંધ્યા સિવાયનો દશમો ભાગ (સંધ્યા જેટલો જ કાલ) સંધ્યાંશનો છે. યુગની આરંભની પહેલાંનો દશમો ભાગ સંધ્યા, અને તે પૂરો થયા પછીનો દશમો ભાગ સંધ્યાંશ કહેવાય છે, એવો અર્થ છે. (પ્ર)
૩. જેમ માંડવ્યના ઉપાખ્યાનમાં પતિવ્રતાએ અટકાવેલો સૂર્ય સાત દિવસ સુધી ઉગ્યો જ નહિ, તેવી કાંઈ અડચણ હોય તો, એવો અર્થ છે. (પ્ર)

'(આ) બધો (કાલ) યુગ હશે' એવી શંકા થાય, તે દૂર કરવા, વચલો કાલ જ 'યુગ' શબ્દથી કહેલો છે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**સંધ્યાંશયોરન્તરેણ યઃ કાલઃ શતસંખ્યયોઃ ।।**
**તમેવાહુર્યુગં તજ્જ્ઞા યત્ર ધર્મો વિધીયતે ।।૨૦।।**

સો સંખ્યાવાળા સંધ્યા અને સંધ્યાંશની વચ્ચેનો જે કાલ, તેને જાણનારાઓ તેને જ યુગ કહે છે. તેમાં ધર્મનું સ્થાપન કરવામાં આવે છે. ૨૦.

સંધ્યા અને સંધ્યાંશ, તે બેની વચ્ચેનો જે કાલ (તેને જ યુગ કહે છે). 'સો સંખ્યાવાળા' વિશેષણથી (એમ કહેલ છે કે) સંધ્યા અને સંધ્યાંશ પણ અમુક કાલ જ છે, પણ દેવ નથી. તે (તે બેની વચલા) કાલને જ 'યુગ' કહે છે. 'તેને જાણનારાઓ' શબ્દથી પ્રમાણ (કહેલું છે). ''પોતાથી હદરહિત અનંત કાલ કઈ ઉપાધિને લીધે 'કૃત (વિગેરે)' થાય છે ?'' એવી શંકા થાય, તેથી 'તેમાં ધર્મનું સ્થાપન કરવામાં આવે છે' શબ્દોથી તે ઉપાધિ કહેલી છે. તે અમુક કાલમાં ધર્મનું સ્થાપન કરવામાં આવે છે, (તે) કહેવામાં આવતો નથી. સંધ્યા હોય ત્યારે પહેલાનો ધર્મનો લોપ[1] થાય છે. પછી યુગની પ્રવૃત્તિ થાય ત્યારે પરંપરાનું જ્ઞાન ન હોવાથી ઋષિઓ નવા ધર્મનું સ્થાપન કરે છે. તે વિધિ (ધર્મ) તો પ્રાણીઓની પ્રવૃત્તિ કરાવતો યુગ પૂરો થાય ત્યાં સુધી ચાલું રહે છે, તેથી (તે કાલ) ધર્મની ઉપાધિવાળો હોવાથી 'યુગ' શબ્દથી ઓળખાય છે. ૨૦.

૧. ''વેદમાં કહેલ ધર્મ હોવાથી ધર્મનું સ્થાપન કરવાનું કેમ ઘટે ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. ઘણા સમય પછી યુગની પ્રવૃત્તિ થતી હોવાથી, પહેલાના યુગના પુરુષ ન હોવાથી પાછળના પુરુષોને ધર્મની પરંપરાનું જ્ઞાન હોતું નથી; ત્યારે ઘણો સમય જીવનારા ઋષિઓ ધર્મ જણાવે છે. તે નવો જણાવાથી, ધર્મનું સ્થાપન કરે છે એમ કહેવામાં આવે તે ઘટે છે, એવો અર્થ છે. (પ્ર)

'પેટા-ભેદનું શું કારણ ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ધર્મશ્ચતુષ્પાન્મનુજાન્ કૃતે સમનુવર્તતે ।।**
**સ એવાન્યેષ્વધર્મેણ વ્યેતિ પાદેન વર્ધતા ।।૨૧।।**

કૃત (યુગ)માં ચાર ચરણવાળો ધર્મ મનુષ્યોને અનુકૂલ રહે છે. બીજા (યુગો)માં ચોથા ભાગે વધતા અધર્મથી તેનો જ ક્ષય થાય છે. ૨૧.

ધર્મનો પેટા-ભેદ જ યુગના પેટા-ભેદનું કારણ છે. તે અર્થ 'કૃત (યુગ)માં ચાર ચરણવાળો ધર્મ મનુષ્યોને અનુકૂલ રહે છે' શબ્દોથી કહેલો છે. કાલે જ પ્રેરણા કરેલો ધર્મ મનુષ્યોને અનુકૂલ રહે છે. તેમાં પણ મનુષ્યો (હોવું એ)જ કારણ છે. કૃત (યુગ)માં જ ચાર વર્ણો છે. ત્રેતામાં બ્રાહ્મણ હોતા નથી. દ્વાપરમાં ક્ષત્રિય હોતા નથી. કલિમાં શૂદ્રજ હોય છે. તેથી (કૃતયુગમાં) ચાર ચરણવાળો ધર્મ મનુષ્યોને અનુકૂલ રહે છે. તેજ ધર્મનો બીજા યુગોમાં, ચોથા ભાગથી વધતા અધર્મને લીધે ચોથા ભાગથી ક્ષય થતો જાય છે. જે વર્ણ ધર્મનો ત્યાગ કરે છે તે અધર્મમાં મચ્યો રહે છે એમ[1] કહેલું છે. ૨૧.

૧. 'એમ' એટલે એવા પ્રયોજનથી, ત્રેતા વિગેરે યુગોમાં બ્રાહ્મણ વિગેરે હોતા નથી એમ કહી, (તે યુગો) બ્રાહ્મણ વિગેરે વર્ણ વિનાના છે એમ કહેલું છે, એવો અર્થ છે. (પ્ર)

એ પ્રમાણે યુગનું સ્વરૂપ કહીને, નીચેના શ્લોકમાં તેમનાથી દિવસની

વ્યવસ્થા કહે છે :

**ત્રિલોક્યા યુગસાહસ્રં બહિરાબ્રહ્મણો દિનમ્ ।।**
**તાવત્યેવ નિશા તાત યન્નિમીલતિ વિશ્વસૃક્ ।।૨૨।।**

ત્રણ લોકની બહાર બ્રહ્મલોક સુધી એક હજાર યુગનો દિવસ છે. હે વહાલા ! રાત્રિ તેટલી જ છે, કે જેમાં વિશ્વ રચનાર નેત્રો મીંચે છે. ૨૨.

(ભૂઃ, ભુવ, સ્વઃ એ) ત્રણ લોકની બહાર બ્રહ્મલોક સુધી યુગોનો 'સાહસ્રં' એક હજારનો સમૂહ દિવસ છે. મહઃ લોકથી આરંભી ઉપરના લોકોમાં આટલો દિવસ છે, એવો અર્થ છે. 'બ્રહ્મલોક સુધી' એવું વચન પાતાલ વિગેરેનો સમાવેશ ન થાય તે માટે (યોજેલું છે). તેમાં રાત દિવસની વ્યવસ્થાજ નથી. (રાતમાં) યુગ વિગેરે ન હોવા છતાં, જેટલો દિવસ તેટલીજ રાત હોય છે. (તે રાતમાં) બ્રહ્માનાં આયુષ્યના ભાગોજ, અથવા ભગવાનની ઈચ્છા નિયમન કરનાર છે. 'જેમાં વિશ્વ રચનાર નેત્રો મીંચે છે' શબ્દોથી તેનું બીજું કારણ કહેલું છે. જે કાલમાં વિશ્વ રચનાર ભગવાન્ બ્રહ્મા, અથવા બ્રહ્મા જેમના ઉદરમાં છે તે ભગવાન્ શયન કરે છે (તે રાત). તેમને નિદ્રા ન હોવાથી તે માત્ર નેત્રોજ મીંચે છે. નેત્રો મીંચવાં એજ યોગનિદ્રા. 'હે વહાલા !' એ સંબોધન (પોતે) ઠગતા નથી એમ જણાવવા (કરેલું છે). ૨૨.

જેમ યુગની પ્રવૃત્તિ દિવસ જણાવનારી છે, તેમ દરેક યુગે સૃષ્ટિ (રચાતી) નથી એમ જણાવવા, શયનની પ્રવૃત્તિ રાત જણાવનારી છે એમ કહે છે :

**નિશાવસાન આરબ્ધો લોકકલ્પોઽનુવર્તતે ।।**
**યાવદ્દિનં ભગવતો મનૂન્ ભુઙ્ક્તે ચતુર્દશ ।।૨૩।।**

રાત્રિના અંતે આરંભેલી લોક રચવાની પરંપરા જ્યાં સુધી ભગવાનનો દિવસ રહે ત્યાં સુધી ચાલ્યા કરે છે (અને) ચૌદ મનુઓનો અનુભવ કરે છે. ૨૩.

રાત્રિના અંતે અરુણનો ઉદય થાય ત્યારે ભગવાને આરંભેલી લોક રચવાની પરંપરા જ્યાં સુધી દિવસ રહે ત્યાં સુધી, દિવસ પૂરો થાય ત્યાં સુધી ચાલ્યા કરે છે. આ (જે) પરંપરાથી અથવા આ (જે પરંપરા)માં પ્રવાહરૂપથી લોકો 'કલ્પ્યન્તે' ઉત્પન્ન કરવામાં આવે છે, તે પરંપરા 'લોકકલ્પઃ' લોક રચવાની પરંપરા છે, અને તે ભગવાનનો દિવસ છે, અને બ્રહ્મ જાણનારાઓ ભગવાન્ હોવાથી, તેમનો પણ દિવસ[૧] છે. 'ચૌદ મનુઓનો અનુભવ કરે છે' શબ્દોથી તેમાં ધર્મની પ્રવૃત્તિ થવાનું કારણ કહેલું છે. આ લોક રચવાની પરંપરા ચૌદ મનુઓનો 'ભુઙ્ક્તે' અનુભવ કરે છે, એટલે તેમને ધર્મનું પાલન કરનાર તરીકે સ્વીકારે છે, એવો અર્થ છે. ૨૩.

૧. જે જ્ઞાનીઓ કલ્પની બહાર જીવે છે તેમની ગતિ સંબંધી શ્લો.૧૬માં વિદુરે પ્રશ્ન કર્યો તેના ઉત્તર તરીકે આ કહેલું છે. (પ્ર)

મનુઓ ધર્મનું પાલન કરનારા છે એમ કહેવા, નીચેના શ્લોકમાં તેમ (નાં આયુષ્ય)ની હદ બાંધનાર કાલ કહે છે :

**સ્વં સ્વં કાલં મનુર્ભુઙ્ક્તે સાધિકાં હ્યેકસપ્તતિમ્ ।।**
**મન્વન્તરેષુ મનવસ્તદ્વંશ્યા ઋષયઃ સુરાઃ ।।**
**ભવન્તિ ચૈવ યુગપત્સુરેશાશ્ચાનુ યે ચ તાન્ ।।૨૪।।**

મનુ ઈકોતેર[૧] (ચતુર્યુગ)થી વધારે પોતપોતાના કાલનો ભોગ કરે છે. મન્વંતરોમાં (૧) મનુઓ (૨) તેમના પુત્રો (૩) ઋષિઓ (૪) દેવો તેમજ (૫) ઈંદ્રો અને જેઓ તેમને અનુસરનારા છે તેઓ એક સાથે ઉત્પન્ન થાય છે. ૨૪.

સાડી એકાવન દેવના વર્ષોથી અધિક ઈકોતર ચતુર્યુગોનું મન્વંતર (થાય છે). મન્વંતર શબ્દ રૂઢિથી છ અંગવાળા ધર્મના સાધનના અર્થવાળો[૨] છે, પરંતુ બે મનુઓ વચ્ચેનો એટલે તેણે (મનુએ) ભોગવવાના કાલના અર્થવાળો નથી. તેમ હોય તો મનુના પુત્રો વિગેરે એ ભોગવવાનો કાલ જૂદો હોય. તેમજ 'મનુ' બધાએ વંશના અર્થમાં યોજાએલ નથી, (કારણ કે તેમ હોય તો) પ્રિયવ્રતના[૩] પુત્રો ઉત્તમ, તામસ અને રૈવતના જૂદા મન્વંતર ન હોય. 'તેણે પોતાના પ્રતિનિધિને નક્કી કર્યો' વાક્યમાં તો જૂદી વ્યવસ્થા[૪] હોવાથી (તેનાથી) બીજા મન્વંતરો સાથે વિરોધ નથી. તેથી 'મન્વંતર' શબ્દ સાંકેતિક (અર્થવાળો) જ છે. વળી 'મન્વંતર ઉત્તમ ધર્મ છે' (૨-૧૦-૪) વાક્ય પ્રમાણે છનો સમૂહ મન્વંતર છે. 'મન્વંતરોમાં....' વિગેરેથી તે કહેલા છે. બધાએ મન્વંતરોમાં મનુ, મનુના પુત્રો, ઋષિઓ, દેવો, ઈંદ્ર અને અંશાવતાર હોય છે. આ એક સાથેજ હોય છે. પુત્રો સાથેજ[૫] મનુને અધિકાર ઉપર નીમવામાં આવે છે. 'સુરેશાઃ' એટલે ઈંદ્રો. પહેલા (મનુ) અને છેલ્લા (ઈંદ્રો)માં સમૂહના અભિપ્રાયથી[૬] બહુવચન યોજેલું છે. અંશાવતાર તો (બીજા પાંચની) સાથે ઉત્પન્ન થતો ન હોવાથી (આ શ્લોકમાં) પાંચજ[૭] કહેલા છે. ૨૪.

૧. બ્રહ્માના એક દિવસ એટલે ૧૦૦૦ ચતુર્યુગમાં ચૌદ મનુઓ થાય છે. તેથી દરેક મનુનો કાલ ૧૦૦૦/૧૪=૭૧ ચતુર્યુગથી અધિક થાય છે.

૨. "૨-૧૦-૪ માં મન્વંતરને ઉત્તમ ધર્મ કહેલ છે. ૧-૭-૧૫ માં મનુ દેવો વિગેરે છ જેમાં હોય તેવો કહેલ છે. અહિં મનુએ ભોગ કરવાનો કાલ કહેલો છે. ત્યારે 'મન્વંતર' શબ્દનો રૂઢિથી અર્થ લેવો કે વ્યુત્પત્તિ પ્રમાણે (બે મનુઓનું અંતર) અર્થ લેવો ?" એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (પ્ર)

૩. ઉત્તમ, તામસ અને રૈવત ત્રીજો ચોથો અને પાંચમો મનુ થઈ ગયા. જૂઓ ૮-૧-૨૩, ૮-૧-૨૭; ૮-૫-૨. તે ત્રણે પ્રિયવ્રતના પુત્રો હતા. જૂઓ ૫-૧-૨૮.

૪. તે ભગવાનની કૃપાના પ્રકરણમાં કહેલ હોવાથી, તેની જૂદી વ્યવસ્થા છે. (પ્ર)

૫. ''મનુના પુત્રો (મનુ) પછીના હોવાથી તેઓ મનુ સાથે કેમ હોય ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. તે સર્વનો અધિકાર સાથે હોવાથી, તેઓ સાથે હોવાનું કહેલું છે. (પ્ર)

૬. દરેક મન્વંતરમાં મનુ અને ઈંદ્ર એકજ હોય છે, છતાં બધા મન્વંતરોના ઘણા થાય એવા અભિપ્રાયથી તે શબ્દો બહુવચનમાં યોજેલા છે, એવો અર્થ છે.

૭. ''(૧૨-૭-૧૫ માં મન્વંતરમાં અંશાવતાર હોવાનું પણ કહેલ છે.) અહિં તે કહેલ ન હોવાથી ન્યૂનતા છે'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (પ્ર) અંશાવતાર નીચે શ્લો. ૨૬માં કહેલ છે.

જે પ્રયોજન માટે મન્વંતરો કહ્યા, તેનો નીચેના શ્લોકમાં ઉપસંહાર કરે છે.

**એષ દૈનન્દિનઃ સર્ગો બ્રાહ્મસ્રૈલોક્યવર્તનઃ ।।**
**તિર્યઙ્નૃપિતૃદેવાનાં સંભવો યત્ર કર્મભિઃ ।।૨૫।।**

આ બ્રહ્માની ત્રણ લોકના ફેરા કરાવનારી દરેક દિવસની સૃષ્ટિ છે, જેની અંદર હલકાં પ્રાણીઓ મનુષ્યો પિતૃઓ અને દેવોની કર્મોથી ઉત્પત્તિ થાય છે. ૨૫.

દિવસે દિવસે ઉત્પન્ન થાય તે દરેક દિવસની (સૃષ્ટિ). વર્ષરૂપ કલ્પ જૂદો છે, આ તો દરેક દિવસનો છે. આનો ખાસ ગુણ 'ત્રણ લોકના ફેરા કરાવનારી' વિશેષણથી કહેલો છે. ત્રણ લોકમાં 'વર્તયતિ' ફેરા કરાવે તેવી (તે છે). દેવો, હલકાં પ્રાણીઓ અને મનુષ્યોના વારંવાર જન્મ થયા કરે, તેને લીધે ત્રણ લોકના ફેરા કરાવે છે, તેજ (અર્થ) ઉતરાર્ધથી કહેલો છે. મનુષ્યો અને પિતૃઓ એક છે, જીવતા અને મૂએલાના ભેદથી કહેવાની ઈચ્છાથી (જૂદા કહેલા છે). દરેક દિવસની (સૃષ્ટિ)માં વારંવાર ઉત્પત્તિ થવામાં કર્મ નિયમન કરનારું છે. ૨૫.

એ પ્રમાણે દિવસ (ની સૃષ્ટિ)નો ઉપસંહાર કરીને, 'તેમાં શાસન કરનાર ધર્મની અંદર પ્રવૃત્તિ કોણ કરાવે ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી ધર્મની પ્રવૃત્તિ કરાવનાર ભગવાનજ છે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**મન્વન્તરેષુ ભગવાન્ બિભ્રત્સત્ત્વં સ્વમૂર્તિભિઃ ।।**
**મન્વાદિભિરિદં વિશ્વમવત્યુદિતપૌરુષઃ ।।૨૬।।**

મન્વંતરોમાં સત્ત્વ ધારણ કરતાં પ્રકટ પુરુષાતનવાળા ભગવાન્ મનુ વિગેરે સાથે પોતાના અવતારો વડે આ વિશ્વનું પાલન કરે છે. ૨૬.

બધાએ મન્વંતરોમાં પોતાનું શુદ્ધ સત્ત્વ ધારણ કરતાં ભગવાન્ મનુ વિગેરે સાથે કર્મ યોગ વિગેરેની પ્રવૃત્તિ કરાવનાર પોતાના 'મૂર્તિભિઃ' અવતારો વડે આ વિશ્વનું પાલન કરે છે. પ્રકટ થએલું છે પુરુષાતન જેમનું (તેવા ભગવાન્ થાય છે). જો કે (ભગવાન્) પોતે જ ધર્મનું પાલન કરતાં જગત્નું પાલન કરે છે, છતાં પણ આ મનુ વિગેરે અને અવતારો (ભગવાનનાં) પોતાનાંજ પુરુષાતનના અંશો છે. ૨૬.

એ પ્રમાણે દરેક દિવસની સૃષ્ટિ જણાવી તેનો પ્રલય જણાવે છે :

**તમોમાત્રામુપાદાય પ્રતિસંરુદ્ધવિક્રમઃ ।।**
**કાલેનાનુગતાશેષ આસ્તે તૂષ્ણીં દિનાત્યયે ।।૨૭।।**
**તમેવાન્વપિધીયન્તે લોકા ભૂરાદયસ્ત્રયઃ ।।**
**નિશાયામનુવૃત્તાયાં નિર્મુક્તશશિભાસ્કરમ્ ।।૨૮।।**
**ત્રિલોક્યાં દહ્યમાનાયાં શક્ત્યા સંકર્ષણાગ્નિના ।।**
**યાન્ત્યૂષ્મણા મહર્લોકાજ્જનં ભૃગ્વાદયોઽર્દિતાઃ ।।૨૯।।**
**તાવત્રિભુવનં સદ્યઃ કલ્પાન્તૈધિતસિન્ધવઃ ।।**
**પ્લાવયન્ત્યુત્કટાટોપચણ્ડવાતેરિતોર્મયઃ ।।૩૦।।**

દિવસ પૂરો થતાં પરાક્રમને રોકી રાખેલ, (અને) સર્વ જગત્ કાલને લીધે જેમનામાં લય પામેલું છે તેવા (ભગવાન્) તમોગુણ અવયવને ધારણ કરી શાંત રહે છે. ભૂ વિગેરે ત્રણ લોકો પછી તેમાંજ પ્રવેશ કરે છે. (જ્યોતિશ્ચક્રમાંથી) સૂર્ય અને ચંદ્ર છૂટા થાય તે પ્રમાણે રાત્રિ ચાલુ થતાં, શક્તિરૂપ સંકર્ષણની અગ્નિથી ત્રણ લોકનો દાહ થતાં, તાપથી પીડાએલા ભૃગુ વિગેરે મહર્લોકમાંથી જનલોકમાં જાય છે. તેટલામાં કલ્પના અંતે વૃદ્ધિ પામેલા સમુદ્રો ઘણા વધેલા પ્રચંડ વાયુથી પ્રેરાએલા મોજાંવાળા થઈ ત્રણ ભુવનને તરતજ ડૂબાડી દે છે. ૨૭-૩૦.

તમોગુણ અવયવ, એટલે સત્ત્વ અને રજોગુણના સંબંધ વિનાનો એકલો તમોગુણ, એવો અર્થ છે. તેને ધારણ કરીને રોકી રાખેલું છે પરાક્રમ જેમનું તેવા (ભગવાન્ થાય છે). તમોગુણથી પરાક્રમ રોકાતાં, પરાક્રમ દ્વારા પરાક્રમનું કાર્ય જગત્ પણ કાલને લીધે ભગવાનમાંજ લય પામે છે. તે (અર્થ) 'કાલને લીધે (જેમનામાં લય પામેલું છે)' શબ્દથી કહેલો છે. બધુંએ (જગત્) લય પામે છે. 'અશેષ' શબ્દથી 'શેષ વિનાનું (બધુંએ) જગત્' એમ વ્યુત્પત્તિથી સૂચવેલું છે. તે સમયે ભગવાન્ કાર્ય (કરવા)ની તત્પરતા તજીને શાંત રહે છે. 'દિવસ પૂરો થતાં' એટલે સંધ્યા સમયે (તેમ થાય છે). ભગવાન્ શાંત થતાં, પ્રવાહને રોકનાર (કોઈ) ન હોવાથી, કાલથી પ્રેરાએલા ભૂ વિગેરે લોકો 'અન્વપિધીયન્તે' અવ્યક્તમાં પ્રવેશ કરે છે. પછી તેઓનો અવ્યક્તમાં લય થતાં, જે પ્રકારે (જ્યોતિશ્ચક્રમાંથી) સૂર્ય અને ચંદ્ર છૂટા થાય તેવી રીતે રાત્રિ 'અનુવૃત્તાયાં' સારી રીતે ચાલુ થતાં, ત્યાર પછી સંકર્ષણની અગ્નિથી ત્રણ લોકનો દાહ થતાં, મહર્લોકમાં રહેલા ભૃગુ વિગેરે તાપથી પીડાતાં મહર્લોકને તજીને જનલોકમાં જાય છે, એવો (વાક્યનો) સંબંધ છે. આ વિષયમાં ક્રમ નીચે પ્રમાણે છે. જ્યારે ભગવાન્ શયન કરવાની ઈચ્છાવાળા થાય છે, ત્યારે તમોગુણ ધારણ કરે છે અને પછી શયન કરે છે. આટલીજ (ભગવાનની) ક્રિયા થાય છે. બીજું સર્વ પોતાની મેળે થાય છે, અને તમોગુણ ધારણ કરવાને લીધે આલસથી પરાક્રમ રોકાય છે. પછી રક્ષણ

કરનાર (કોઈ) ન રહેવાથી, કાલ ભક્ષણ કરનારો હોવાથી જગત્ પોતાની મેળે લય પામે છે. આમાં કાલ ભક્ષણ કરનારો નથી, પણ ભય ઉત્પન્ન કરનાર હોવાથી, લય થવામાં નિમિત્ત (કારણ) છે. જગતે પોતાની અંદર પ્રવેશ કર્યા પછી પણ ભગવાન્ (તેનું) પાલન કરવા પ્રયાસ કરતા નથી, પરંતુ શાંતજ રહે છે. તે શાંત રહ્યા પછી, ભુવનરૂપ ભૂ વિગેરે (લોકો) ઉજ્જડ ગામની ભીંતોની પેઠે નાશ પામે છે. પછી (પોતાનો) આધાર બનેલ લોકો ન રહેવાથી જ્યોતિશ્ચક્ર ધ્રુવથી છૂટું થઈ પડી જાય છે, ત્યારે મુખ્ય સૂર્ય અને ચંદ્ર ખીલેથી છૂટા થઈ બંધનરહિત થાય છે. પછી અંધકારની પ્રવૃત્તિ થતાં, રાત્રિ સારી રીતે ચાલુ થાય છે. પછી સંકર્ષણના મુખમાંથી નીકળેલો અગ્નિ ત્રણ લોકનો દાહ કરે છે. મનુષ્યો અને (ઇન્દ્રિયોના) અભિમાનવાળા દેવો પહેલાંજ નાશ પામેલા. બાકીના જડ (પદાર્થ)ને અગ્નિ બાળે છે. 'માટી વિગેરેને અગ્નિ કેમ બાળે ?' એવી શંકા થાય, તેથી તે અગ્નિ 'શક્તિરૂપ' છે એમ કહેલું છે. તે અગ્નિ પ્રાકૃત (અગ્નિ)થી જૂદા પ્રકારનો છે એમ જણાવવા, તેનું માહાત્મ્ય કહે છે કે, ભૃગુ વિગેરે તેનાથી પીડાય છે. ૨૭-૨૯.

ત્યાર પછી ભગવાનને વશ રહેલા મેઘો વૃષ્ટિ કરે છે, એમ ત્રીસમા શ્લોકમાં કહે છે. તેટલામાં સમુદ્રો કલ્પના અંતના કાલથી મેઘ દ્વારા અથવા વડવાનલ શાંત થવાથી વૃદ્ધિ પામેલા થાય છે. (તે) સમુદ્રો ત્રણ ભુવનને ડૂબાડી દે છે. ઘણીજ આ જે વૃદ્ધિ તે સાથેનો આ જે પ્રચંડ વાયુ, તેણે ઉત્પન્ન કરેલાં છે મોજાંઓ જેઓમાં તેવા (સમુદ્રો) થાય છે. ૩૦.

**અન્તઃ સ તસ્મિન્સલિલ આસ્તેऽનન્તાસનો હરિઃ ।।**
**યોગનિદ્રાનિમીલાક્ષઃ સ્તૂયમાનો જનાલયૈઃ ।।૩૧।।**

તે જલની અંદર જન (લોક)માં રહેનારાઓથી સ્તુતિ કરાતા, અનંત આસનવાળા તે હરિ યોગનિદ્રાથી મીંચેલા નયનવાળા રહે છે. ૩૧.

તે સમયે તે જલની અંદર 'શેષ' જેનું બીજું નામ છે તે અનંત (જેમનું આસન હતું તેવા), (પોતાની) અંદર રહેલા સર્વ લોકોનું દુઃખ હરનારાએ યોગનિદ્રાથી નયનો મીંચેલા હતાં. યોગનિદ્રાને લીધે 'નિમીલનં=નિમીલઃ' નયનનું મીંચાવું, તે સાથેની 'અક્ષિણી' બે આંખો હતી જેમની તેવા (હરિ), ગવૈયાઓથી હિંચકામાં (પોઢેલા) (ની કીર્તિ)નું ગાન થતું હોય તેમ જનલોકમાં રહેનારા ભૃગુ વિગેરેથી સ્તુતિ કરાતા, નયનો મીંચીને રહે છે, શયન કરે છે, એવો અર્થ છે. એ પ્રમાણે બ્રહ્માના રાતદિવસની વ્યવસ્થા કહી. ૩૧.

ત્યાર પછી તેવા રાતદિવસથી બ્રહ્માનું આયુષ્ય નીચેના શ્લોકમાં કહે છે :

**એવંવિધૈરહોરાત્રૈઃ કાલગત્યોપલક્ષિતૈઃ ।।**

**અપેક્ષિતમિવાસ્યાપિ પરમાયુર્વયઃશતમ્ ॥૩૨॥**

કાલની ગતિથી જણાતા એવા પ્રકારના રાતદિવસથી મોટામાં મોટું એકસો વર્ષનું આયુષ્ય (હોવા છતાં) આમને પણ (આયુષ્યની) ઈચ્છા રહે છે. ૩૨.

''કર્મ, સૂર્યની ગતિ વિગેરે ન રહેવાથી બીજા દિવસનો આરંભ કેમ થશે ?'' એવી શંકા થાય, તેથી 'કાલની ગતિથી જણાતા' વિશેષણ યોજેલું છે. કાલનો પ્રવાહ ચાલુ હોવાથી, 'સામાન્ય ગુણ વિનાનું નથી' એ નિયમ પ્રમાણે સામાન્યથી ગુણો સૂચવાતા હોવાથી, ફરી દિવસ અને રાતના આરંભ થશે. એ પ્રમાણે દિવસ અને રાત વારંવાર થતાં, પખવાડીયાં, મહિના અને વર્ષો વારંવાર થશે. ત્યારે બ્રહ્માનાં એકસો વર્ષો થશે. તેટલાં વર્ષો થતાં પણ, બ્રહ્માને (વધારે) આયુષ્યની ઈચ્છા હોય તેમ થશે. તેમને પણ 'મારું આયુષ્ય ઘણું છે' એવી બુદ્ધિ થતી નથી, પરંતુ જો 'બીજું (વધારે આયુષ્ય) પણ હોય તો સારું થાય' એવી ઈચ્છાજ રહે છે. ૩૨.

હવે તે આયુષ્યના મોટા કલ્પો જણાવવા, નીચેના શ્લોકમાં તેનો વિભાગ કહે છે :

**યદર્ધમાયુષસ્તસ્ય પરાર્ધમભિધીયતે ॥**
**પૂર્વઃ પરાર્ધોઽપક્રાન્તો હ્યપરોઽદ્ય પ્રવર્તતે ॥૩૩॥**

તેમનાં આયુષ્યનું જે અર્ધ તે 'પરાર્ધ' કહેવાય છે. પહેલો પરાર્ધ પૂરો થઈ ગયો. હમણાં બીજો ચાલે છે. ૩૩.

તે બ્રહ્માનાં આયુષ્યનું જે અર્ધ તે 'પરાર્ધ' એમ કહેવાય છે, કારણ કે બ્રહ્માનું આયુષ્ય 'પર' શબ્દથી ઓળખાતું હોવાથી, (તે) પરનું અર્ધ છે. તે પૈકી પહેલા પરાર્ધના આરંભ અને અંત જણાવવા, 'પહેલો પરાર્ધ પૂરો થઈ ગયો' શબ્દોથી પહેલાની સમાપ્તિ કહેલી છે. '' 'અદ્ય' હમણાં બીજો ચાલે છે'' શબ્દોથી બ્રહ્માનું આયુષ્ય પણ લગભગ પૂરું થવા આવ્યું છે એમ સૂચવેલ છે. સાધારણ (પુરુષો)ને ઈન્દ્રિયાધ્યાસ હોવાથી, વૈરાગ્યનો ઉપદેશ (આ શ્લોકથી) કરેલો છે. ૩૩.

તેના મુખ્ય કલ્પોમાં પહેલો બ્રહ્મકલ્પ હતો એમ કહે છે :

**પૂર્વસ્યાદૌ પરાર્ધસ્ય બ્રાહ્મો નામ મહાનભૂત્ ॥**
**કલ્પો યત્રાભવદ્બ્રહ્મા શબ્દબ્રહ્મેતિ યં વિદુઃ ॥૩૪॥**

પહેલા પરાર્ધના આરંભમાં બ્રાહ્મ નામનો મોટો કલ્પ થયો, તેમાં જેમને 'શબ્દબ્રહ્મ' કહે છે તે બ્રહ્મા થયા. ૩૪.

તે કલ્પ 'બ્રાહ્મ' હોવાનું સિદ્ધ કરે છે. તે વર્ષરૂપ મોટો કલ્પ હતો, પરંતુ એક દિવસનો ન હતો. તે કલ્પમાં બ્રહ્મા પોતે થયા, ઉત્પન્ન થયા, એવો અર્થ છે. તે કલ્પમાં ભગવાનજ બ્રહ્મા (થએલ) હોવાથી, તે બધા કલ્પોમાં સમાન હોવાનું માનતો

(મૈત્રેય), 'જેમને શબ્દબ્રહ્મ કહે છે' શબ્દોથી કલ્પ કરાવનારૂં બ્રહ્મનું રૂપ કહે છે. તે કલ્પમાં શબ્દબ્રહ્મમાંથી જ સર્વની ઉત્પત્તિ થએલી. તે શબ્દબ્રહ્મનું સ્વરૂપ આગળ બુદ્ધિના[1] અધ્યાયમાં કહેશે. ૩૪.

૧. બારમા અધ્યાયમાં.

નીચેના શ્લોકમાં તેનો છેવટનો વર્ષકલ્પ કહે છે :

**તસ્યૈવ ચાન્તે કલ્પોઽભૂદ્ યં પાદ્મમભિચક્ષતે ।।**
**યદ્ધરેર્નાભિસરસ આસીલ્લોકસરોરુહમ્ ।।૩૫।।**

અને તેનીજ[1] અંતે કલ્પ થયો, જેને (તેને) 'પાદ્મ' કહે છે, કારણ કે હરિની નાભિરૂપ સરોવરમાંથી લોકરૂપ કમલ (ઉત્પન્ન) થયું. ૩૫.

''જેને 'પાદ્મ' કહે છે,'' તે કલ્પ પહેલાં કહેલો છે. તેને 'પદ્મકલ્પ' (કહેવાનું) કારણ ઉત્તરાર્ધથી કહેલું છે. 'પદ્મેન' કમળથી 'કલ્પતે' ઉત્પન્ન થાય છે, એ વ્યુત્પત્તિ પ્રમાણે તે પદ્મકલ્પ સિદ્ધ થતો હોવાથી, કમલમાંથી ઉત્પન્ન થએલો જ કહેવો જોઈએ. તે (તેમ કહેવા) માટે 'નાભિરૂપ સરોવર', 'સરોરુહ (કમલ)' એમ કહેલું છે. ૩૫.

૧. 'તેની જ' એટલે પહેલા પરાર્ધનીજ, એવો અર્થ જણાય છે.

નીચેના શ્લોકમાં બીજા પરાર્ધનો પહેલો સંવત્સરકલ્પ કહે છે :

**અયં તુ કથિતઃ કલ્પો દ્વિતીયસ્યાપિ ભારત ।।**
**વારાહ ઈતિ વિખ્યાતો યત્રાસીત્સૂકરો હરિઃ ।।૩૬।।**

હે ભારત ! આ તો 'વારાહ' નામથી પ્રસિદ્ધ થએલો બીજા (પરાર્ધ)નો પણ કલ્પ કહ્યો, જેની અંદર હરિ સૂકર થએલા. ૩૬.

'તુ' 'તો' શબ્દ (આ) દરેક દિવસે થતો (કલ્પ) નથી એમ કહે છે. 'વારાહ નામથી' શબ્દથી (એમ જણાવ્યું છે કે) પહેલા (પરાર્ધ)નો પહેલો વેદરૂપ બ્રાહ્મ (કલ્પ), (અને) બીજા (પરાર્ધ)નો પહેલો શબ્દના અર્થરૂપ, લોકમાં 'વારાહ' નામથી પ્રસિદ્ધ (કલ્પ થયો). 'જેની અંદર હરિ સૂકર થએલા' શબ્દોથી તે (કલ્પ)નું વારાહપણું સિદ્ધ કરે છે. વરાહ એટલે સૂકર. 'હરિ' શબ્દથી (એમ જણાવ્યું છે કે) બ્રહ્મા વિગેરેનાં દુઃખ દૂર કરવાં, એ તેવો અવતાર લેવાનું પ્રયોજન હતું. તેમાં પહેલો આદિવરાહકલ્પ, બીજો વારાહ (અને) ત્રીજો શ્વેતવારાહ. તે આ ચાલે છે (તે). ૩૬.

એ પ્રમાણે બ્રહ્માનું આયુષ્ય કહીને, 'અક્ષરનું આયુષ્ય પણ કહેવું જોઈએ' એમ (તે) જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**કાલોઽયં દ્વિપરાર્ધાખ્યો નિમેષ ઉપચર્યતે ।।**
**અવ્યાકૃતસ્યાનન્તસ્ય અનાદેર્જગદાત્મનઃ ।।૩૭।।**

આ બે પરાર્ધ નામનો કાલ, આવિર્ભાવ રહિત અનંત (અને) અનાદિ જગતના આત્માનો નિમેષ (હોવાનું) લક્ષણાથી કહેવાય છે. ૩૭.

આ બે પરાર્ધ નામનો કાલ, અક્ષરના આયુષ્યનો નિમેષ છે. આ નિમેષ (નયનો) ખોલી બંધ કરવાનો સમય છે. તે પ્રકારથી પણ (અક્ષરના આયુષ્યની) ગણત્રી કરવી યોગ્ય નથી, કારણ કે (તેની) હદ સંભવતી નથી; કેમકે અક્ષર બ્રહ્મ સંપૂર્ણ રીતે હદ રહિત છે. તેથી 'લક્ષણાથી કહેવાય છે' એમ કહેલું છે. બ્રહ્માનું આયુષ્ય (અક્ષરનો) નિમેષ હોવાનું લક્ષણાથીજ કહેલું છે, પણ વાસ્તવિક રીતે (તેમ) નથી. તેનું કારણ ઉતરાર્ધથી કહેલું છે. (અક્ષર બ્રહ્મ 'અવ્યાકૃતમ્') કોઈથી પણ જેનો 'વ્યાકરણં' આવિર્ભાવ થાય નહિ તેવું છે. આવિર્ભાવ અને તિરોભાવની વચ્ચે રહેલો કાલ 'આયુષ્ય' કહેવાય છે. તે પૈકી (અક્ષરનો) આવિર્ભાવ નહિ હોવાથી, (તેનો) તિરોભાવ પણ નથી. તેથી તેનું આયુષ્યજ નહિ હોવાથી, કોની ગણત્રી થાય ? વળી હદવાળું હોય તો ગણત્રી થાય. તે (અર્થ) 'અનંત' એટલે અંતરહિત શબ્દથી કહેલો છે. તેથી પાછળની હદ (અંત) ન હોવાથી, કાલની ગણત્રી થાય તેમ નથી. 'અનાદિ' વિશેષણથી (તેનો) આરંભ પણ નથી એમ કહેલું છે. 'જગતના આત્મા' શબ્દથી અનાદિપણું જણાવે છે. આ (અક્ષર) જગતોના આત્મા-કાલ વિગેરે જે હદ બાંધનારા છે તેમના પણ આત્મા-છે. જેમ આયુષ્ય દેહનુંજ હોય છે, આત્માનું હોતું નથી, તેમ જગતના આત્માઓ આ અક્ષરના દેહને સ્થાને છે. તેથી (તેના) દેહને સ્થાને રહેનારા (જગતના આત્મા)ઓ પણ નિત્ય હોવાથી, અક્ષરનું આયુષ્ય હોવાનું કોઈપણ પ્રકારે સિદ્ધ થતું નથી. ૩૭.

વળી,

**કાલોऽયં પરમાણ્વાદિર્દ્વિપરાર્ધાન્ત ઈશ્વરઃ ।।**
**નૈવેશિતું પ્રભુર્ભૂમ્ન ઈશ્વરો ધામમાનિનામ્ ।।૩૮।।**

પરમાણુથી આરંભી બે પરાર્ધ સુધીનો ઈશ્વર આ કાલ અક્ષર ઉપર સત્તા ચલાવવા શક્તિમાન નથીજ. દેહના અભિમાનવાળાઓનો (તે) ઈશ્વર છે. ૩૮.

'પરમાણુથી આરંભી બે પરાર્ધ સુધીનો', મનુષ્યના આયુષ્યની હદ બાંધનાર ઝીણી ઉપાધિ (પરમાણુ)થી આરંભી બ્રહ્માના મોટામાં મોટા આયુષ્યની હદ બાંધનાર સુધીનો આ કાલ છે. કાલ બધાએ 'ધામમાનિનામ્' દેહના અભિમાનવાળાઓનો ઈશ્વર હોવા છતાં, તે સર્વને વશ રાખનારો હોવા છતાં, 'ભૂમ્નઃ' અક્ષરનો પ્રભુ નથી, તેમાં પણ તેના ઉપર સત્તા ચલાવવા શક્તિમાન નથી; ભગવાનને સેવક કરવા સમર્થ થતો નથી, એવો અર્થ છે. 'દેહના અભિમાનવાળાઓનો તે ઈશ્વર છે' એ જૂદું વાક્ય છે. તેથી 'ઈશ્વર' શબ્દની

પુનરુક્તિ થતી નથી. ફરીથી 'ઈશ્વર' કહેલ છે, તે તેની સત્તાનું સ્થાપન કરવા. તેમ ન કરે તો મૂલ (ભગવાન)માં ઈશ્વર ન હોય તે સર્વ સ્થલે ઐશ્વર્ય રહિત થાય(ગણાય). ૩૮.

એ પ્રમાણે કાલથી (અક્ષરની) હદ બંધાતી નથી એમ કહીને, નીચેના શ્લોકોથી (તેનું) સ્વરૂપ કહે છે :

**વિકારૈઃ સહિતો યુક્તૈર્વિશેષાદિભિરાવૃતઃ ।।**
**આણ્ડકોશો બહિરયં પઞ્ચાશત્કોટિવિસ્તૃતઃ ।।૩૯।।**
**દશોત્તરાધિકૈર્યત્ર પ્રવિષ્ટઃ પરમાણુવત્ ।।**
**લક્ષ્યતેઽન્તર્ગતશ્ચાન્યે કોટિશો હ્યણ્ડરાશયઃ ।।૪૦।।**
**તદાહુરક્ષરં બ્રહ્મ સર્વકારણકારણમ્ ।।**
**વિષ્ણોર્ધામ પરં સાક્ષાત્પુરુષસ્ય મહાત્મનઃ ।।૪૧।।**

ભેગા મળેલા વિકારો સાથેનો, બહારથી એક પછી એક દશ ઘણા મોટા છૂટા પડેલા વિશેષ વિગેરેથી વીંટાએલો આ પચાસ કરોડ વિસ્તારવાળો બ્રહ્માંડનો કોશ, અને બીજા કરોડો બ્રહ્માંડના સમૂહો જેમાં પ્રવેશ કરી અંદર રહેલા પરમાણુ જેવા દેખાય છે, તેને અક્ષરબ્રહ્મ કહે છે. તે સર્વ કારણોનું કારણ છે, મહાત્મા પુરુષ વિષ્ણુનું સાક્ષાત્ ઉત્તમ ધામ છે. ૩૯-૪૦-૪૧.

અગીયાર ઈન્દ્રિયો અને આવરણમાં મહાભૂતોનો ઉપયોગ થતો હોવાથી પાંચ તન્માત્રાઓ (એ) સોળ વિકારો છે, અથવા ઉત્પત્તિમાં તન્માત્રાઓ મુખ્ય હોવાથી[1] (અગીયાર ઈન્દ્રિયો અને પાંચ) મહાભૂતો[1] (એ સોળ વિકારો છે). તેઓની 'યુક્તૈઃ' સાથેનો, (અને) છૂટા પડેલા પૃથ્વી વિગેરે વિશેષોથી વીંટાએલો આ બ્રહ્માંડનો કોશ છે. બહાર (વિશેષોથી) વીંટાએલાનું (આનું) સ્વરૂપ વચ્ચે પચાસ કરોડના વિસ્તારવાળું છે; અથવા બહારથીજ પચાસ કરોડના વિસ્તારવાળું છે. આ ગોલ (બ્રહ્માંડ) પાંચમા સ્કંધમાં કહેલા વિષમ ગોલથી જૂદો છે; અથવા જ્યોતિઃશાસ્ત્રમાં છ ગોલ[2] પ્રસિદ્ધ હોવાથી (આ) તેજ ઉંચો ગોલ (લંબ ગોલ) છે. પદ્મકલ્પમાં કમલ પચાસ કરોડના વિસ્તારવાળું છે, વારાહ (કલ્પ)માં ભૂમિજ તેટલી છે. તેથી જૂદા જૂદા પ્રકારનાં વર્ણનથી દોષ થતો નથી, (તેમ તે) એક બીજાથી વિરુદ્ધ પણ નથી. ૩૯.

૧-૧. ''મહાભૂતો વિકાર હોય, તો તન્માત્રાઓ વધી પડે છે. તેથી વિકારો સોળજ કેમ થાય ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. તન્માત્રાઓ ઉત્પત્તિમાં મુખ્ય છે (આવરણમાં મુખ્ય નથી), તેથી (આવરણમાં) મુખ્ય વિકારો સોળજ છે, એવો અર્થ છે. (પ્ર)

૨. (૧) ભૂગોલ (૨) ખગોલ (૩) દગ્ગોલ (૪) નક્ષત્રગોલ (૫) આવરણગોલ અને (૬) અંડગોલ. (બ્રહ્માંડનો ગોલ) એ નામના છ, એવો અર્થ છે. (પ્ર)

ચાલુ પ્રસંગમાં વર્ણન કરવામાં આવતું તે બ્રહ્માંડ (અક્ષરબ્રહ્મના) પ્રદેશની હદ બાંધનારું નથી એમ જણાવવા ચાલીસમા શ્લોકમાં તેનું સ્થૂલપણું કહે છે. બ્રહ્માંડની ઉપર પચાસ કરોડથી દશગણા (વિસ્તારવાળી) પૃથ્વી છે. 'વિશેષાદિભિઃ' 'વિશેષ વિગેરેથી' (શ્લો. ૩૯) શબ્દમાં પોતાનો અર્થ તજે નહિ તેવો બહુવ્રીહિ સમાસ છે. અથવા 'ગોલ (બ્રહ્માંડ) એજ પૃથ્વી, જલ વિગેરે (આવરણો) દશ દશગણા છે' એમ કેટલાક કહે છે. (જ્યારે અક્ષર બ્રહ્મમાં પ્રવેશ કરેલ જણાય) ત્યારે જોવામાં આવતાં તે આવરણોથી (આ બ્રહ્માંડ) ઘડામાં પ્રવેશ કરેલા પરમાણુ જેવું દેખાય છે; અથવા તે આવરણો સાથેનું (બ્રહ્માંડ) (અક્ષરના) રુંવાડાંનાં ઉંડાણમાં પ્રવેશ કરેલા પરમાણુ જેવું દેખાય છે, અને તે ઉંડાણની અંદર બીજા પણ આવા કરોડો બ્રહ્માંડના કોશો જોવામાં આવે છે. ૪૦.

એ પ્રમાણે જેમના રુંવાડાંનું ઉંડાણ અનંત બ્રહ્માંડોથી ભરપૂર છે તે ભગવાનને 'અક્ષર' શબ્દથી ઓળખે[૧] છે, એમ એકતાલીસમા શ્લોકમાં કહે છે. વળી સમન્વય (બ્રહ્મસૂત્રના પહેલા અધ્યાય)માં ૧-૩-૧૦ તથા ૧-૩-૧૧ સૂત્રોના અધિકરણમાં અક્ષરબ્રહ્મ હોવાનું સિદ્ધ કરેલું છે, કારણ કે પુરુષ વિગેરે સર્વ કારણોનું પણ તે કારણ છે. જ્યારે તેજ અક્ષર માયાના ફલના રૂપથી બે પ્રકારનું થયું, ત્યારે એક ભાગ પુરુષ થયો અને બીજો પ્રકૃતિ થઈ. તેથી (તે સર્વ) કારણોનું કારણ છે. તેવું પણ તે અક્ષર પરબ્રહ્મ પુરુષોત્તમના દેહને યોગ્ય અને ઘરને યોગ્ય સ્થાન છે. જેમ જગતના આત્માઓ અક્ષરના દેહના સ્થાને છે, તેમ અક્ષર પણ ભગવાનના (દેહને સ્થાને) છે. આથી ભગવાનનાં આયુષ્યની હદ હોવાની શંકા પણ દૂર થઈ. 'તે (અક્ષર)થી પણ જૂદું ભગવાનનું ધામ હશે' એવી શંકા થાય, તેથી 'ઉત્તમ' વિશેષણ યોજેલું છે. જેમ પ્રાણ અંતઃકરણ વિગેરેથી ઢંકાએલા જ આપણ વિગેરેનું સ્થાન દેહ હોય છે, તેવું અક્ષર ભગવાનનું સ્થાન નથી, પરંતુ સાક્ષાત્ (સ્થાન) છે. (સર્વનું) મૂલ બનેલ (ભગવાન્) સાકાર છે એમ જણાવવા 'પુરુષ' શબ્દ કહેલો છે. (અક્ષર ધામ હોવારૂપ) ઉત્તમપણું અને (પુરુષ શબ્દથી જણાતી) હલકાઈનું કારણ સાંભળીને સંદેહમાં પડતા (વિદુર)ને (મૈત્રેય) કહે છે કે '(ભગવાન્) મહાત્મા છે.' 'મહાન્' ઉત્તમ અને તે વળી 'આત્મા' આત્મા, એવા છે. (સર્વના) આત્મા બનેલ પુરુષ સર્વ સ્થલે રહેલા છે, એવો અર્થ છે. સમુદાયથી પણ ઘણા પ્રભાવવાળા, સર્વ થવાની શક્તિવાળા છે, એવો અર્થ છે. ૪૧.

૧. આ વિષયમાં નીચે પ્રમાણે જાણવું, દરેક દિવસના અવાંતર કલ્પોમાં ભૃગુ વિગેરે જ્ઞાનીઓ રહેતા હોવાથી પ્રમાણની અવ્યવસ્થા થતી નથી. વર્ષરૂપ મહાકલ્પમાં પણ બ્રહ્માંડ રહેતું હોવાથી પુરુષની ઈન્દ્રિયો હોય છે. તેથી (બાહુ વિગેરેરૂપ) ઈંદ્ર વિગેરે હોવાથી, બાહુ વિગેરેની પણ

અવ્યવસ્થા થતી નથી. દિશાઓ પણ દેવતારૂપ હોવાનું ઈષ્ટ છે, પણ સૂર્યથી વિભાગ પડતી દિશાઓ ઈષ્ટ નથી. તેથી કર્ણ (કાનરૂપ ઈન્દ્રિય)ની પણ વ્યવસ્થા રહે છે. એ પ્રમાણે આયુષ્ય પણ મુકરર કરેલ હોય કે મુકરર કરેલું ન હોય, છતાં પણ સુખ કરનાર આયુર્વેદ તેની પ્રવૃત્તિ કરાવતો હોવાથી દેવરૂપ બે અશ્વિનીકુમાર પણ હોવાથી બે નસ્કોરાંની પણ વ્યવસ્થા રહે છે. એવી રીતે ગંધ, અગ્નિ, સૂર્ય, સ્વર્ગ વિગેરેનું પણ જાણવું. પાપણોનું પણ તેમજ છે. તેથી ઈશ્વરના દેહમાં અવ્યવસ્થા થતી નથી; કારણ કે (તેવી અવ્યવસ્થા હોવાની) શંકા દૂર કરેલી છે. (પ્ર)

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના અગીયારમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ॥ અધ્યાય બારમો ॥

**સાધારણાનાં બુદ્ધિર્યા દ્વાદશે સા નિરૂપ્યતે ॥**
**અષ્ટધા સા સર્ગરૂપા શ્રેષ્ઠા ચોત્તરતઃ પરા ॥૧॥**

સાધારણ જીવોની જે બુદ્ધિ તે બારમા (અધ્યાય)માં જણાવવામાં આવે[૧] છે. તે આઠ પ્રકારે[૨] સૃષ્ટિરૂપ છે. પાછલ પાછલનીથી છેવટની[૩] ઉત્તમ છે. કા. ૧.

**તામિસ્રાદિપ્રકારેણ પ્રથમા પ્રાકૃતી મતિઃ ॥**
**જ્ઞાનનિષ્ઠા દ્વિતીયા સ્યાત્ સદોષા સા પ્રકીર્તિતા ॥૨॥**

(૧) તામિસ્ર વિગેરે પ્રકારથી પહેલી બુદ્ધિ[૪] પ્રાકૃત છે. (૨) બીજી જ્ઞાનમાં સ્થિતિવાળી[૫] છે. તે દોષવાળી કહેલી છે. કા.૨.

**દોષોઽપ્યત્ર હરેઃ સંગાત્ જ્ઞાનાદપ્યધિકા મતા ॥**
**યથા હરસ્તતઃ શ્રેષ્ઠા કૃષ્ણસ્યાજ્ઞાનુપાલિની ॥૩॥**

આમાં દોષ પણ હરિના સંગને લીધે હતો. (૩) (ત્રીજી) હરની પેઠે જ્ઞાનથી પણ અધિક મનાએલી[૬] છે. (૪) તેથી ઉત્તમ શ્રીકૃષ્ણની આજ્ઞાનું પાલન કરનારી[૭] (બુદ્ધિ) છે. કા.૩.

**સદોષા સાઽપિ તસ્યાસ્તુ દોષે ન પ્રવિશેદ્ધરિઃ ॥**
**તતો હીનૈવ સા મધ્યે લોકે વ્યામોહિકા પરા ॥૪॥**

તે પણ દોષવાળી છે. તેનો દોષ હોય ત્યાં સુધી હરિ તો પ્રવેશ કરે નહિ. તેથી તે હલકીજ છે. (૫) વચ્ચે પાછલની લોકમાં ઘણો મોહ કરનારી[૮] બુદ્ધિ કહેલી છે. કા.૪.

**તતો વેદે વિનિષ્ણાતા તદર્થે કર્મણિ સ્થિતા ॥**
**તતઃ શ્રેષ્ઠા વેદ એવ યોગોપાસનયા યુતા ॥૫॥**

(૬) પછી વેદમાં પ્રવીણતાવાળી[૯] (બુદ્ધિ) થઈ. (૭) તેનાથી ઉત્તમ[૧૦] તેના (વેદના) અર્થરૂપ કર્મમાં રહેલી યોગ અને ઉપાસનના સંબંધવાળી વેદરૂપજ (બુદ્ધિ) થઈ. કા.૫.

**સર્વતોપ્યુત્તમા યા તુ ક્રીડેચ્છાપૂરિકા હરેઃ ॥**
**એવમષ્ટવિધા બુદ્ધિઃ સર્વેષાં સર્ગયોગિની ॥૬॥**

(૮) સર્વથી જે ઉત્તમ તે તો હરિની ક્રીડાની ઈચ્છાને પૂર્ણ કરનારી[૧૧] બુદ્ધિ છે. એ પ્રમાણે સર્વની સૃષ્ટિમાં ઉપયોગી આઠ પ્રકારની બુદ્ધિ કહેલી છે. કા.૬.

૧. આ અધ્યાયની પણ સંગતિ અવસર છે. પરિક્ષિતે ૨।૮।૧૪ માં પ્રશ્ન પૂછેલ તેનો અહિં ઉત્તર

આપે છે. વિદુરે વિભૂતિ સંબંધી પ્રશ્ન કરેલ તેનો આ ઉત્તર થશે. (પ્ર)
૨. બ્રહ્માએ રચેલી અને આઠ પ્રકારની (બુદ્ધિ) એવા નોટ ૧ માં જણાવેલ બંને પ્રશ્નોના અનુક્રમે ઉત્તરો છે. (પ્ર)
૩. 'પરા' એટલે ઉત્તમ, શાસ્ત્રની સંગતિ કરાવનારી હોવાથી શ્રેષ્ઠ. (પ્ર)
૪. અહિં દેવતા સાથે બુદ્ધિઓ ઉત્પન્ન થએલી છે એમ જણાવવા, તેઓનાં સ્વરૂપ કહે છે. (પ્ર)
૫. સનક વિગેરેની સૃષ્ટિ (બ્રહ્માની) આજ્ઞાનો ભંગ કરનારી હોવાથી દોષવાળી છે, તેથી તે દેવતાવાળી અહંકારવાળી જ્ઞાનમાં સ્થિતિવાળી જે બુદ્ધિ તે બીજી છે. એવું પાછલની (બુદ્ધિઓ)માં પણ જાણવું. (પ્ર)
૬. શંકર જેના દેવતા છે તે ભગવાનની સેવા વિગેરેના અભિમાનવાળી ત્રીજી બુદ્ધિ છે. (પ્ર)
૭. દશ પ્રજાપતિઓ જેના દેવતા છે તે ચોથી બુદ્ધિ. તે પણ દોષવાળી છે. તેનો કામરૂપ દોષ હોય ત્યાં સુધી હરિ હૃદયમાં પ્રવેશ કરે નહિ. તેથી તે હલકીજ છે. હૃદયમાં આશિષોનો સંકલ્પ કરી, ભગવાનની આજ્ઞાનું પાલન કરનારી જૂદા જૂદા પ્રકારની બુદ્ધિ ચોથી છે. (પ્ર)
૮. લૌકિક ગદ્ય તથા પદ્યરૂપ સરસ્વતી જેની દેવતા છે તે સરસ્વતીના સંબંધવાળી પાંચમી બુદ્ધિ છે, એવો અર્થ છે. (પ્ર)
૯. વેદ જેના દેવતા છે તે વેદના અભ્યાસમાં તત્પર રહેનારી છઠ્ઠી બુદ્ધિ છે. (પ્ર)
૧૦. વેદનો અર્થ જેનો દેવતા છે તે વેદના અર્થમાં રહેલી સાતમી બુદ્ધિ છે. તે વેદના અર્થના સંબંધવાળી, અને યોગ તથા ઉપાસનાવાળી છે. (પ્ર)
૧૧. હરિની ક્રીડાની ઈચ્છાને પૂર્ણ કરનારી, મનુદેવતાવાળી આઠમી સર્વથી ઉત્તમ બુદ્ધિ છે. (પ્ર)

એ પ્રમાણે કાલે કરેલું ( જગત્ ) કહીને, બ્રહ્માએ રચેલાં જગતનું આઠ પ્રકારે નિરૂપણ કરતાં, તે પહેલાં કહેલાં ( કાલે કરેલા )નાં અંગરૂપ નથી એમ જણાવવા, નીચેના શ્લોકમાં તેનો ( પહેલાં કાલે કરેલાનો ) ઉપસંહાર કરે છે :

॥ મૈત્રેય ઉવાચ ॥

**ઈતિ તે વર્ણિતઃ ક્ષત્તઃ કાલાખ્યઃ પરમાત્મનઃ ॥**
**મહિમા વેદગર્ભોઽથ યથાસ્રાક્ષીન્નિવોધ મે ॥૧॥**

હે સંયમી ! એ પ્રમાણે મેં પરમાત્માના 'કાલ' નામના મહિમાનું તારા માટે વર્ણન કર્યું. હવે વેદગર્ભે જે પ્રકારે સૃષ્ટિ કરી તે મારી પાસેથી સાંભળ. ૧.

જેમ બ્રહ્મા ભગવાનનો ગુણાવતાર છે, તેમ કાલ પણ ભગવાનનો અમુક ગુણ–મહિમા–છે[૧]. 'તે વિષયમાં લોકમાં પ્રસિદ્ધિ ગૌણ છે, વસ્તુનું સ્વરૂપજ મુખ્ય છે' એમ[૨] જણાવવા '' 'કાલ' નામના'' એમ કહેલું છે. 'પરમાત્માના' શબ્દથી એમ ( જણાવેલું છે કે તે ) અક્ષર વિગેરેનો ગુણ નથી; પુરુષોત્તમનો ( ગુણ છે ). 'હવે' એટલે કાલે રચેલી દશ પ્રકારની સૃષ્ટિથી જૂદા પ્રકારે. 'વેદગર્ભે' શબ્દથી ( બ્રહ્માએ રચેલી સૃષ્ટિ ) જૂદા પ્રકારની હોવાનું કારણ ( જણાવેલું છે ).

**વેદાનુસારિણી સૃષ્ટિર્બ્રહ્મણૈવ વિનિર્મિતા ॥**

**કાલાનુસારિણી કાલાત્ પુષ્ટ્યા સા ભગવત્કૃતા ।।૭।।**

વેદને અનુસરનારી સૃષ્ટિ બ્રહ્માએજ રચેલી છે. કાલમાંથી કાલને અનુસરનારી સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. તે પુષ્ટિથી ભગવાને લીલારૂપ કરેલી[3] છે. કા.૭.

તેમાં પણ સૃષ્ટિનો પ્રકાર કઠણ હોવાથી, જૂદો પ્રકાર હોવાથી (બંનેનો) ભેદ જાણવામાં આવે તે માટે સાવધાન રહી શ્રવણ કરવું જોઈએ, એમ 'સાંભળ' શબ્દથી કહેલું છે. ૧.

૧. ગયો અને આ અધ્યાય ભગવાનની લીલારૂપ અને વિભૂતિરૂપ છે, એમ સૂચવે છે, એવા અભિપ્રાયથી આ કહેલું છે. (પ્ર)

૨. ''કાલ લોકમાં દ્રવ્ય તરીકે પ્રસિદ્ધ છે, તેને ગુણ કેમ કહો છો ?'' એવી શંકા થાય, તેથી આ કહેલું છે. (પ્ર)

૩. તે બંને પ્રકારની સૃષ્ટિઓ કૃપાથી ભગવાને કરેલી છે, તેથી પરંપરાની લીલારૂપ છે. (પ્ર)

તે પૈકી આરંભમાં પાંચ વિભાગવાળી અવિદ્યા જેની અધિષ્ઠાત્રી દેવતા છે તે સૃષ્ટિ નીચેના શ્લોકથી કહે છે :

**સસર્જાગ્રેઽન્ધતામિસ્રમથ તામિસ્રમાદિકૃત્ ।।**
**મહામોહં ચ મોહં તમશ્ચાજ્ઞાનવૃત્તયઃ ।।૨।।**

આદિ રચનારે પહેલાં અંધતામિસ્ર, પછી તામિસ્ર અને મહામોહ અને મોહ અને તમઃ એ અજ્ઞાનનાં કાર્યનાં નિમિત્ત રચ્યાં. ૨.

તેમાં પણ જે જાતિરહિત[1], તામસ કાર્યનું નિમિત્ત અથવા તેની અધિષ્ઠાત્રી દેવતા તે પહેલી (રચી), તે આ શ્લોકથી કહે છે. પહેલાં ૧.અંધતામિસ્ર રચ્યું.

**વિષયઃ પુરુષશ્ચેતિ જ્ઞાને કોટિદ્વયં મતમ્ ।**
**પુરુષે બોધકં ચક્ષુર્વિષયે વ્યાપિકા પ્રભા ।।૮।।**
**અગ્રે તદુભયાભાવસ્તેનાન્ધત્વં તમસ્તથા[2] ।।**

જ્ઞાનમાં[3] વિષય અને પુરુષ એ બે પક્ષો મનાએલા છે. પુરુષને જ્ઞાન કરાવનારું નયન છે, અને વિષયનું જ્ઞાન કરાવનાર તેને વ્યાપી રહેલું તેજ છે. આરંભમાં તે બંને (ચક્ષુ અને તેજ) ન હોવાથી, અંધાપો તેમજ અજ્ઞાન (થયાં[4]). કા.૮ $^{1}/_{2}$.

ત્યાર પછી ૨.'તામિસ્ર' રચ્યું. તેમાં વિષયોમાં મોહ હોય છે પરંતુ પોતાની અંદર મોહ હોતો નથી. 'આદિ રચનારે' શબ્દથી એમ જણાવ્યું છે કે તે આરંભથીજ જગત્ રચનાર છે. જો તે આ પ્રમાણે ન રચે, તો જગતજ ઉત્પન્ન ન થાય.

**આત્માનં વસ્તુરૂપં ચ યદિ જાનાતિ સર્વથા ।।૯।।**
**અત્યુત્કટશ્ચેત્કામઃ સ્યાત્તદા સૃષ્ટિર્ન ચાન્યથા ।।**

**ન તચ્છક્યં બ્રહ્મણઃ સ્યાદ્ધરેરેવ તથા ભવેત્ ॥૧૦॥**

જો પોતાને અને વસ્તુનાં સ્વરૂપને સંપૂર્ણ રીતે જાણે અને ઘણી પ્રબલ કામના હોય, તો (આ) સૃષ્ટિ રચાય[૫], અને તેમ ન હોય તો ન (રચાય). તે બ્રહ્માથી થઈ શકે તેમ નથી. હરિથીજ તેમ થાય (થઈ શકે). કા.૧૦.[૬]

ત્યારપછી (૩) મહામોહ (રચ્યો). વસ્તુનાં સ્વરૂપને જાણવા છતાં પણ, જેવી 'હું દેહ છું' (બુદ્ધિ) તેવી તે વિષય અને પોતે એક હોવાની બુદ્ધિ (મહામોહ છે). (૪) 'મોહ' તો '(આ) મારું છે' એવી બુદ્ધિ છે. (૫) તમઃ તો અજ્ઞાન છે, 'હું કોણ છું' તે (તમઃ બુદ્ધિવાળો) જાણતો નથી. આ[૭] પાંચે અજ્ઞાનનાંજ કાર્યનાં નિમિત્તો છે.

**અજ્ઞાનં ભગવચ્છક્તિર્માયાકાર્યમિહોચ્યતે ॥**
**ચતુર્મુખે પ્રવિષ્ટા સા પઞ્ચધા નિર્ગતા બહિઃ ॥૧૧॥**

ભગવાનની શક્તિ અજ્ઞાનને[૮] અહિં 'માયાનું કાર્ય' કહેલ છે. બ્રહ્મામાં પ્રવેશ કરેલી તે (શક્તિ) પાંચ પ્રકારે (બ્રહ્મામાંથી) બહાર નીકળી. કા.૧૧.

૧. (નયન અને તેજના) અભાવરૂપ હોવાથી જાતિરહિત અને અધમ સ્વભાવની છે, એવો અર્થ છે. (પ્ર)

૨. આ દોઢ કારિકાઓથી 'અંધતામિસ્ર' નામ પડાવનાર વ્યુત્પત્તિ કહેલી છે. વૈષ્ણવ શાસ્ત્રમાં કહેલું છે કે તમઃ એટલે અવિવેક, અંતઃકરણનો વિભ્રમ તે મોહ, ગામડીઆ ભોગના સુખની ઈચ્છા તે મહામોહ, મરણ તે અંધતામિસ્ર અને ક્રોધ તામિસ્ર. પાતંજલ શાસ્ત્રમાં અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને આસક્તિ એ પાંચ દુઃખ કહેલાં છે. વિષ્ણુસ્વામીએ અજ્ઞાન, વિપર્યાસ, ભેદ, ભય અને શોક એ પાંચ કહેલાં છે. (પ્ર)

૩. 'જ્ઞાનમાં' એટલે લૌકિક પદાર્થના જ્ઞાનમાં. (પ્ર)

૪. પ્રમેય (જાણવાનો પદાર્થ) અને પ્રમાતા (જાણનાર પુરુષ) ના ભેદથી બે પક્ષ કહેલા છે. પુરુષને જ્ઞાન કરાવનાર નયનની જરુર છે. વિષયનું જ્ઞાન કરાવવા તેને વ્યાપી રહેલ તેજની જરુર છે. તે બે (અંધતામિસ્ર રચ્યા પછી) ન રહેવાથી નયન વિના પુરુષ અંધ થાય છે, અને તેજ વિના વિષય તમઃ એટલે અંધારામાં રહે છે અભાવના પ્રકારથી અંધ અને તમઃ શબ્દના કારણરૂપ તે બે છે. (પ્ર)

૫. ''વિષયોમાં મોહ થાય, તેને તામિસ્ર કેમ કહે છે ?'' એવી શંકા થાય, તેથી આ ખુલાસો કરે છે. પોતાનાં સ્વરૂપનું અને વિષયનાં સ્વરૂપનું યથાર્થ જ્ઞાન હોવા છતાં પણ જે ઘણી તીવ્ર કામનારૂપ બુદ્ધિ થાય, તે તામિસ્ર કહેવાય છે. (પ્ર)

૬. ભગવાનની પેઠે બ્રહ્મા રચે તો તેમનાથી કેમ ન થાય? એવી શંકા થાય તેથી આ કહેલ છે. (પ્ર).

૭. 'આ' એટલે આવરણ (ઢાંકવાનું) અને વિક્ષેપ (અવ્યવસ્થા) કરાવનારી. (પ્ર)

૮. જેમ અમિત્ર એટલે મિત્રથી વિરુદ્ધ વર્તન કરનાર (શત્રુ), તેમ 'અજ્ઞાન' એટલે (માત્ર જ્ઞાન ન હોવું તે નહિ પરંતુ) આવરણ અને વિક્ષેપ કરાવનારી શક્તિ છે. તેનું બીજું નામ 'અવિદ્યા' છે,

એમ જણાવવા આ કારિકાથી તેનો અર્થ કહેલો છે. (પ્ર)

તે પાંચે પ્રકારની દેવતાઓને રચાએલી જોઈને, (બ્રહ્માએ) તેમને જગત્ રચનાર તરીકે કામે ન લગાડી, પરંતુ 'મેં પણ આ સારું (કાર્ય) ન કર્યું' એમ વિચારી પોતાની જ નિંદા કરી, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**દૃષ્ટ્વા પાપીયસીં સૃષ્ટિં નાત્માનં બહ્વમન્યત ।।**
**ભગવદ્ધ્યાનપૂતેન મનસાऽન્યાંસ્તતોऽસૃજત્ ।।૩।।**
**સનકં ચ સનન્દં ચ સનાતનમથાત્મભૂઃ ।।**
**સનત્કુમારં ચ મુનીન્નિષ્ક્રિયાનૂર્ધ્વરેતસઃ ।।૪।।**

ઘણી પાપી સૃષ્ટિ જોઈને (બ્રહ્માએ) પોતાની અવગણના કરી. પછી ભગવાનનાં ધ્યાનથી પવિત્ર થએલાં મનથી બીજા (૧) સનક અને (૨) સનંદ અને (૩) સનાતન અને પછી ભગવાનથી ઉત્પન્ન થએલાએ (૪) સનત્કુમાર સદા બ્રહ્મચર્ય પાળનાર, ક્રિયારહિત મુનિઓને ઉત્પન્ન કર્યા. ૩-૪.

પાપથી આવી (શ્લો.૨ માં જણાવેલી) સૃષ્ટિ ઉત્પન્ન થાય. તેથી અપરાધ દૂર થાય તે માટે (બ્રહ્માએ) ભગવાનનું ધ્યાન કર્યું. તે (અર્થ) 'ભગવાનનાં ધ્યાનથી પવિત્ર થએલાં' વિશેષણથી કહેલો છે. 'બીજા' એટલે પહેલા(ની સૃષ્ટિ)થી જૂદા પ્રકારના. ૩.

આ (સનક વિગેરે) ચાર ઉત્પન્ન થયા. આથી (એમ જણાવ્યું છે કે) આ કૃતયુગને સ્થાને છે, પહેલા(ની સૃષ્ટિ) કલિયુગને સ્થાને (હતી). 'પછી ભગવાનથી ઉત્પન્ન થએલાએ' શબ્દોથી (એમ જણાવ્યું છે કે) આ ચારની મધ્યે પણ સનત્કુમાર ઉત્તમ ભગવાનનો પૌત્ર હતો. આ સૃષ્ટિમાં ભગવાનના પૌત્રની સૃષ્ટિ મુખ્ય હોવાથી (બ્રહ્મા) 'ભગવાનથી ઉત્પન્ન થએલા' એમ કહેલું છે. 'આત્મા' એટલે ભગવાન્. 'મુનિઓ, ક્રિયારહિત, સદા બ્રહ્મચર્ય પાળનાર' વિશેષણોથી સર્વના ત્રણ ગુણો કહેલા છે. તેમના કર્તવ્ય તરીકે માત્ર મનન એકલું જ હતું. (વેદના) ઉત્તરકાંડનો વિષયજ તેમણે કરવાનો હતો. પૂર્વકાંડનો વિષય (તેમણે કરવાનો) ન હતો, એમ 'ક્રિયારહિત' વિશેષણથી (કહેલું છે). વેદનો અભ્યાસ કરીને, વેદનો અર્થ જાણીને પણ, બહારના અધ્યાસ વિનાના, મનજ જેમને મુખ્ય હતું તેવા, માત્ર મનથીજ જે થઈ શકે, તેજ કરતા હતા, એવો અર્થ છે. 'સૃષ્ટિ પણ તેઓએ મનથી કેમ ન રચી ?' એવો પ્રશ્ન થાય, તેથી 'સદા બ્રહ્મચર્ય પાળનાર' એ વિશેષણ કહેલું છે. મનથી પણ વીર્ય દ્વારા સૃષ્ટિ (રચતા નહિ), પરંતુ તેમનું વીર્ય માનસ હતું, તે પણ ઉંચે ભગવાન્ પ્રતિ જનારું હતું, પરંતુ નીચે હલકી (સૃષ્ટિ) રચનારું ન હતું. ૪.

ઉપર ઉપરથી પુત્રોને ઉત્તમ જોઈને, લોકમાં પ્રસિદ્ધ પુરુષાતનવાળા

(બ્રહ્મા)એ પુત્રોને (નીચે પ્રમાણે) કહ્યું :

**તાન્ બભાષે સ્વભૂઃ પુત્રાન્ પ્રજાઃ સૃજત પુત્રકાઃ ।।**
**તન્નૈચ્છન્મોક્ષધર્માણો વાસુદેવપરાયણાઃ ।।૫।।**

પોતાથી ઉત્પન્ન થએલા (બ્રહ્મા)એ તે પુત્રોને કહ્યું કે 'હે પુત્રકો ! પ્રજા ઉત્પન્ન કરો.' મોક્ષ ધર્મવાળા વાસુદેવમાં આસક્ત તેમણે તેની ઈચ્છા ન કરી. ૫.

'પ્રજા ઉત્પન્ન કરો' એમ (કહ્યું). આમાં[૧] બ્રહ્માનું અજ્ઞાન ન હતું, પરંતુ '(પુત્રો) ભગવાનને ઉપયોગી થાય તેવીજ સૃષ્ટિ મનથી રચે' એવા વિચારથી 'ઉત્પન્ન કરો' એવી આજ્ઞા (કરી); તેમ ન હોય (બ્રહ્માનું અજ્ઞાન હોય), તો તે ક્રોધમાંથી મહાદેવ ઉત્પન્ન ન થાત[૨]. 'પોતાથી ઉત્પન્ન થએલા' શબ્દનો અંત તો એટલા (વિષય)માં થાય છે કે, (બ્રહ્મા) ભગવાનની આજ્ઞા થાય ત્યાં સુધી રોકાયા નહિ, પરંતુ (તેમણે) પોતેજ આજ્ઞા કરી[૩]. આજ્ઞા અવશ્ય (પાલન) કરવા યોગ્ય છે એમ જણાવવા 'હે પુત્રકો' એવું સંબોધન કરેલું. સંદેહ ન રહે તે માટે ('પુત્રક'માંનો) 'ક' પ્રત્યય (પુત્ર શબ્દના) પોતાનાજ અર્થમાં યોજેલો છે. તેથીજ તે આજ્ઞા પ્રમાણે (પુત્રોએ) આચરણ ન કર્યું ત્યારે, ભગવાનનું કાર્ય ન કરેલ હોવાથી, ભગવાનના દ્વારમાં[૪] ક્રોધ ઉત્પન્ન થયો, તે (અર્થ) ઉત્તરાર્ધથી કહે છે.

'ભગવાનનું કાર્ય પણ (કરવાની) ઈચ્છા કેમ ન કરી ?' એવો પ્રશ્ન થાય, તેથી 'મોક્ષ ધર્મવાળા' વિશેષણ યોજેલું છે. મોક્ષમાં નિવૃત્તિમાર્ગમાં પ્રસિદ્ધ જે ધર્મો (રહેલા છે તે), અથવા મોક્ષજ ધર્મ જેમનો (તેવા તેઓ હતા). તેઓ મોક્ષ પ્રાપ્તિ માટેજ ધર્મો આચરતા. 'ભગવાનનું કાર્ય કરવું તે પણ મોક્ષ પ્રાપ્ત કરાવનારું છે. તે તેમણે કેમ ન કર્યું ?' એવો પ્રશ્ન થાય, તેથી 'વાસુદેવમાં આસક્ત' વિશેષણ યોજેલું છે. વાસુદેવ જ્ઞાન આપીને મોક્ષ આપનારા છે, તે (જ્ઞાન)નાં કાર્ય સૃષ્ટિ વિગેરેની તેમને જરૂર હોતી નથી. તેવા (સૃષ્ટિ રચનાર) ને કૈવલ્ય નામના મોક્ષરૂપ ફલ (પ્રાપ્ત) થતું નથી, પરંતુ ભગવાનનો સંતોષ (પ્રાપ્ત થાય છે). તેથીજ તેઓએ બ્રહ્માનાં તે વચન (પ્રમાણે આચરણ કરવા)ની ઈચ્છા ન કરી. ઈચ્છા જ ન કરી પરંતુ 'અમે (તેમ) કરશું નહિ' એવું વાક્ય પણ બોલ્યા નહિ. ૫.

૧. આમાં એટલે સનક વિગેરેને આજ્ઞા કરવામાં ( પ્ર )

૨. જૂઓ શ્લોક ૬ થી ૧૦

૩. '' 'પોતાથી ઉત્પન્ન થએલા' શબ્દથી બ્રહ્માનો મહિમા જણાવ્યો, તેથીજ મહાદેવનું પણ માહાત્મ્ય છે એમ કહી શકાય. તેથી મહાદેવની ઉત્પત્તિથી બ્રહ્માને જ્ઞાન હતું એમ જણાતું નથી'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. તે (પોતાથી ઉત્પન્ન થએલા) શબ્દનો અહંકાર દર્શાવવામાં જ ક્ષય થાય છે, તેથી તેનાથી મહાદેવનું માહાત્મ્ય દેખાડાતું નથી, એવો અર્થ છે. ( પ્ર )

૪. 'ભગવાનના દ્વારમાં' એટલે બે ભ્રમરોની મધ્યમાં. (પ્ર)

**સોઽવધ્યાતઃ સુતૈરેવં પ્રત્યાખ્યાતાનુશાસનૈઃ ।।**
**ક્રોધં દુર્વિષહં જાતં નિયન્તુમુપચક્રમે ।।૬।।**

જેમણે આજ્ઞાનું ઉલ્લંઘન કરેલું છે તેવા પુત્રોએ એ પ્રમાણે અનાદર કરેલા તેમણે ઉત્પન્ન થએલા સહન ન થઈ શકે તેવા અતિશય ક્રોધને રોકવાનો આરંભ કર્યો. ૬.

તેથીજ (પુત્રો) શાંત રહેતાં, પહેલા અવિદ્યાની સૃષ્ટિથી ખેદ પામેલા, તે (ખેદ) શાંત થાય તે માટે આમને ઉત્પન્ન કર્યા, અને જ્યારે તેઓ પણ ઉપયોગી ન થયા, ત્યારે (બ્રહ્માને) ક્રોધ થયો, અને કાર્ય (સૃષ્ટિ રચવા)ની ક્રિયામાં રોકાએલા હોવાથી તે (ક્રોધ) પણ થોડો નહિ, પરંતુ અભિમાન અને (તેના) કાર્યનો[1] નાશ કરે તેવો, સહન ન થઈ શકે તેવો અતિશય (ક્રોધ થયો). પછી ક્રોધ ઉત્પન્ન થયા પછી વચ્ચે, 'ભગવાનનો શું અભિપ્રાય હશે? આ સૃષ્ટિ કેમ રચતા નથી?' એવી ભગવાનની ઈચ્છાના સંબંધવાળી બુદ્ધિ થઈ. પછી બ્રહ્માએ ભગવાનનો અભિપ્રાય જાણ્યો. 'તામસ સૃષ્ટિની પછી ઉત્પન્ન કરેલા આ ભગવાનને ઉપયોગી આસુરી સૃષ્ટિજ ઉત્પન્ન કરશે, અને માનુષ સ્વભાવવાળા આ અહંતાના અધિકારી છે' એવો (ભગવાનનો) અભિપ્રાય જાણીને, (બ્રહ્માએ) ક્રોધને રોકવાનો આરંભ કર્યો. ૬.

૧. (સનક વિગેરે) પુત્રો છે એવું અભિમાન, અને તેવા અભિમાનવાળો (બ્રહ્માનો) દેહ. (પ્ર)

પછી ભગવાનના ઈચ્છેલા કાર્યમાં ભગવાનના અંશે પાછલથી પ્રવેશ કરેલો હોવાથી, તે સમયે ઉત્પન્ન થએલો ક્રોધ તે કાર્યમાં આધિદૈવિક થયો, એમ નીચેના શ્લોકથી કહે છે :

**ધિયા નિગૃહ્યમાણોઽપિ ભ્રુવોર્મધ્યાત્પ્રજાપતેઃ ।।**
**સદ્યોઽજાયત તન્મન્યુઃ કુમારો નીલલોહિતઃ ।।૭।।**

બુદ્ધિથી રોકવામાં આવતો હોવા છતાં તે ક્રોધ પ્રજાપતિની બે ભ્રમરોની મધ્યમાંથી તરત ભૂખરા રંગનો કુમાર ઉત્પન્ન થયો. ૭.

મનનાં (૧) જ્ઞાન અને (૨) ક્રિયા (એ) બે કાર્ય છે. તે પૈકી જ્ઞાનથી (બ્રહ્માએ ક્રોધને) રોક્યો, ક્રિયાથી (રોક્યો) ન હતો. તેથી ક્રિયાનો નાશ થએલો ન હોવાથી અને (બ્રહ્મા તેને) પોતાની અંદર શમાવવા શક્તિમાન ન હોવાથી બંનેનું[1] રક્ષણ થાય તે માટે, બે ભ્રમરોની વચમાં ભગવાનનાં આજ્ઞા ચક્રનું સ્થાન હોવાથી, ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તનાર ભગવાનનો અંશ તે (ચક્ર) મારફત બહાર નીકળ્યો એમ 'બે ભ્રમરોથી મધ્યમાંથી (ઉત્પન્ન થયો)' શબ્દથી કહેલું છે. 'તરત' એટલે તેજ ક્ષણે (ઉત્પન્ન થયો કારણ કે) બીજી ક્ષણે ક્રિયાથી પણ (તેને) રોકવામાં આવે. 'મન્યુઃ' એટલે ક્રોધજ 'નીલલોહિતઃ' ભૂખરા રંગનો (કુમાર ઉત્પન્ન થયો). ક્રોધનો

રંગ સ્હેજ લાલ (અને) ભગવાનનો શ્યામ. બંને ભેગા થતાં ભૂખરો (રંગ) થાય છે. 'કુત્સિતઃ' અધમ છે 'મારઃ' કામ જેનાથી તે (કુમાર), સ્વભાવિક સૃષ્ટિ માટે ઉપયોગી કંદર્પનો નાશ કરનાર અને દૈત્યના કંદર્પને ઉત્પન્ન કરનાર ઉત્પન્ન થયો. ૭.

૧. 'બંનેનું' એટલે (૧) બ્રહ્માએ કરેલ રોકાણનું અને (૨) (કુમારની) ઉત્પત્તિનું (પ્ર). બંનેનું એટલે (૧) રોકાણનું અને (૨) બ્રહ્માના દેહનું, એવો અર્થ જણાય છે.

પછી તે (કુમાર)નાં નામ પાડવામાં આવે તે માટે બહાર લીલાથી પરંતુ અંદરથી તો બધાએ (પ્રાણીઓ)ને દુઃખી જોઈને, તે રડ્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ વૈ રુરોદ દેવાનાં પૂર્વજો ભગવાન્ ભવઃ ।।**
**નામાનિ કુરુ મે ધાતઃ ! સ્થાનાનિ ચ જગદ્ગુરો ! ।।૮।।**

દેવોમાં પ્રથમ ઉત્પન્ન થએલ તે ભગવાન્ ભવ ખરેખર રડ્યા. 'હે પિતા ! હે જગતના ગુરુ ! તમે મારાં નામો પાડો અને સ્થાનો કરો.' ૮.

તે તો દેવોમાં પ્રથમ ઉત્પન્ન થએલા. જેટલા આદિદૈવિકો ઉત્પન્ન થયા (તેઓમાં પહેલા ઉત્પન્ન થયા), એવો અર્થ છે. તે તો ભગવાન્ છે, પણ જીવ અંશવાળા નથી 'ભવ' શબ્દથી (એમ કહેલું છે કે) તેજ સર્વત્ર 'ભવતિ' હોય છે, કારણ કે અહંકાર[1] વિના કોઈપણ ઉત્પન્ન થતું નથી, તેમજ દેહ વિના પણ (કોઈપણ ઉત્પન્ન થતું નથી)[1], તેથી જન્મ લેવામાં કારણ થએલ (આ) ભવ છે. (આનાં) ઉપાદાન (કારણ) હરિ, રજઃ બ્રહ્મા છે, તેથી બે અંશો સૂક્ષ્મ છે, અને આધારભૂત બધા વૈષ્ણવો છે. તેથી (આનો) દેહ ત્રણ મૂર્તિવાળો છે.

રડવાનું કારણ પૂછતાં, તેણે ઉત્તર આપ્યો તે ઉત્તરાર્ધથી કહેલ છે. (મારાં) નામો અને સ્થાનો (કરો). (તમે) જગત્ રચનારા હોવાથી સ્થાનો કરો, (અને) જગતના ગુરુ હોવાથી નામો પાડો. નામ વિના ભોગ અસ્પષ્ટ પ્રકારે થાય, તેથી નામ (પાડવા)ની પ્રાર્થના (કરી). ૮.

૧ – ૧. કાર્યમાત્રમાં ભવ વ્યાપી રહેલા હોવાથી, આ ભાગથી તે હયાત હોવાનું સિદ્ધ કરે છે. (પ્ર)

તેટલાથી જ પ્રસન્ન થએલા બ્રહ્માએ અધિક[1] પણ કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ઈતિ તસ્ય વચઃ પાદ્મો ભગવાન્ પરિપાલયન્ ।।**
**અભ્યધાદ્ભદ્રયા વાચા મા રોદીસ્તત્કરોમિ તે ।।૯।।**

કમલમાંથી ઉત્પન્ન થએલા ભગવાને તેનાં એવાં વચનનું પાલન કરતાં મનોહર વાણીથી કહ્યું કે : 'તું રડ મા. તારા માટે તે કરું છું.' ૯.

તેનાં વચનનું પાલન કરતાં (બ્રહ્માએ તેનાં) નામો પાડ્યાં. (તેમનો)

અભિપ્રાય તો એવોજ હતો કે ભોગ અસ્પષ્ટ રીતેજ કરવો યોગ્ય છે. બાલક રડે ત્યારે મનોહર વાણીથી (તેનું) સાંત્વન થાય, તેથી સાંત્વન કરતાં (તેને) કહ્યું. 'તું રડ મા' શબ્દોથી (રડવાની) મના કરી, કારણ કે તારું (તેનું) ઈચ્છેલું જ થવાનું છે. 'તારા માટે તે કરું છું' શબ્દોથી ગૂઢ અભિપ્રાય (જણાવ્યો) કે 'હું (તને) પત્નીઓ આપીશ, પછી તારી મેળે તે બધા (પ્રાણીઓ)ને ઉત્પન્ન કરીને (તારી) પોતાની સમાન કરજે.' તેથીજ (બ્રહ્માએ તેને) પત્નીઓ આપી. (ભવે) બે (પદાર્થો) માગેલ, અને એક (પત્નીઓ) ઈચ્છેલ. તેથી માગેલ તેથી વધારે[1] આપેલ નથી. ૯.

૧...૧. પત્નીઓ માગેલ નહિ, છતાં આપી, તે અધિક કર્યું હોવાનું જણાય છે. છતાં આ ભવે ઈચ્છેલું હોવાથી, અભિપ્રાય જોતાં માગેલાથી અધિક આપ્યું નથી, એવો ભાવ જણાય છે.

સ્વભાવથી છૂપો હોવાથી, તારાં નામ ક્રિયાથીજ થશે એમ કહે છે :

**યદરોદીઃ સુરશ્રેષ્ઠ ! સોદ્વેગ ઈવ બાલકઃ ।।**

**તતસ્ત્વામભિધાસ્યન્તિ નામ્ના રુદ્ર ઈતિ પ્રજાઃ ।।૧૦।।**

હે ઉત્તમ દેવ ! જે કારણથી દુઃખી બાલકની પેઠે તું રડ્યો, તેથી પ્રજાઓ તને 'રુદ્ર' નામથી ઓળખશે. ૧૦.

'યત્' જે કારણથી તું રડ્યો, તેથી 'જે રડ્યું તે રુદ્રનું રુદ્રપણું છે' એ શ્રુતિ પ્રમાણે (તું) 'રુદ્ર' છે. ('રુદ્ર' શબ્દમાંનો) 'રક્' (અ) પ્રત્યય અહિં ઔણાદિક કર્તા (રુદન કરનાર)ના અર્થમાં (યોજાએલ છે.) 'હે ઉત્તમ દેવ !' એવું સંબોધન હોવાથી (આ ભવ) રુદ્રના સમુહમાંના નથી, કારણ કે તે (રુદ્રો) દેવોજ છે, ઉત્તમ (દેવો) નથી. ''(ભવે) પ્રાર્થના કરી છતાં જેમ 'પ્રાર્થક' એવું નામ ન પાડ્યું, તેમ 'રુદ્ર' એવું પણ ન પાડવું જોઈએ.'' એવી શંકા થાય, તેથી 'દુઃખીની પેઠે' શબ્દો યોજેલા છે. દુઃખવાળો તે દુઃખી. ચિત્તનું વ્યાકુલપણું દુઃખ છે. રડવાથી કાયા વાણી અને મનની ક્રિયા થઈ, તેથી (તેનાથી) નામ પડ્યું. આંસુ પડ્યાં એ કાયાની, શબ્દ (ઉચ્ચાર્યા) એ વાણીની, (અને) દુઃખ મનની એવી (ક્રિયા થઈ). જો કે (રડવામાં ભવનો) અભિપ્રાય[1] જૂદો હતો, છતાં પણ અનુકરણ તેવું (દુઃખી બાલકનું) કર્યું, તેથી લોકમાં તેવું જ નામ (પડશે). તે (અર્થ) 'પેઠે' શબ્દથી કહેલો છે. 'હું સર્વરૂપ હોવાથી મારું રક્ષણ કરવા કરેલું રૂપ સર્વ જગત્માં પ્રસિદ્ધ થાઓ' એવો (તારો અભિપ્રાય હોવાથી[2]), 'રુદ્ર' એ નામથી બધા લોકો (તને) ઓળખશે. ક્રિયા કરવાથી અને (રડતા બાલકનું) અનુકરણ કરવાથી તને નામ પ્રાપ્ત થએલું છે, અને તેમ હોવાથી[3] (રુદ્રલોકમાં) અપ્રકટ જ રહે. તેથી 'નામથી (ઓળખશે)' એમ કહેલું છે. ૧૦.

૧. આ અભિપ્રાય (રડવાનું કારણ) પાછળ શ્લોક ૮ ના આભાસમાં જણાવેલું છે.

૨. ''રડવાનો અભિપ્રાય જૂદો હોય તો નામ પાડવાની પ્રાર્થના કરવાનું શું પ્રયોજન ?'' એવી શંકા

થાય, તેથી આ કહેલ છે. (એ) પ્રાર્થનાનું પ્રયોજન સ્વરૂપને છૂપું રાખવાનુંજ છે, એવો અર્થ છે.(પ્ર)

૩.'તેમ હોવાથી' એટલે અનુકરણને લીધે નામ પડેલું હોવાથી, તું સ્વરૂપથી અપ્રકટ જ રહીશ, એટલે તારું ઇચ્છેલું સિદ્ધ થશે, એવો અર્થ છે. (પ્ર)

નીચેના શ્લોકોમાં નામના સમાનપણાને લીધે તેમના અગીઆર સ્થાનો જણાવે છે :

**હૃદિન્દ્રિયાણ્યસુર્વ્યોમ વાયુરગ્નિર્જલં મહી ।**
**સૂર્યશ્ચન્દ્રસ્તપશ્ચૈવ સ્થાનાન્યગ્રે કૃતાનિ મે ।।૧૧।।**
**મન્યુર્મનુર્મહેશાનો મહાન્ શિવઃ ક્રતુધ્વજઃ ।।**
**ઉગ્રરેતા ભવઃ કાલો વામદેવો ધૃતવ્રતઃ ।।૧૨।।**
**ધીર્વૃત્તિરુશનોમા ચ નિયુત્સર્પિરિલામ્બિકા ।।**
**ઈરાવતો સુધા દીક્ષા રુદ્રાણ્યો રુદ્ર તે સ્રિયઃ ।।૧૩।।**
**ગૃહાણૈતાનિ નામાનિ સ્થાનાનિ ચ સયોષણઃ ।।**
**આભિઃ સૃજ પ્રજા બહ્વીઃ પ્રજાનામસિ યત્પતિઃ ।।૧૪।।**

હૃદય, ઈન્દ્રિયો, પ્રાણ, આકાશ, વાયુ, અગ્નિ, જલ, પૃથ્વી, સૂર્ય અને ચંદ્ર તેમજ તપ (એ) સ્થાનો પહેલાં (તારા માટે) મેં કરેલાં છે. મન્યુ, મનુ, મહેશાન, મહાન, શિવ, ક્રતુધ્વજ, ઉગ્રરેતા, ભવ, કાલ, વામદેવ (અને) ધૃતવ્રત (તારાં નામો છે). હે રુદ્ર ! ધી, વૃત્તિ, ઉશના, ઉમા, નિયુત્, સર્પિ, ઈલા, અંબિકા, ઈરાવતી, સુધા (અને) દીક્ષા (એ) રુદ્રાણીઓ તારી સ્ત્રીઓ છે. સ્ત્રીઓ સહિત તું આ નામો અને સ્થાનો ગ્રહણ કર, આમનાથી ઘણી પ્રજાઓ ઉત્પન્ન કર, કારણ કે તું પ્રજાઓનો પતિ છે. ૧૧-૧૪.

'હૃત્' એટલે હૃદય; અને ઈન્દ્રિયો. 'અસુઃ' પ્રાણ. 'વ્યોમ' આકાશ. (દેહને) કષ્ટ આપવું વિગેરે તપ. જીવોની અંદરના (પહેલા ત્રણ), બહાર (પછીના) પાંચ મહાભૂતો, બહાર દિવસ અને રાત્રિએ પ્રકાશ આપનારા (બે), અંદરનું તપ એવાં (અગીઆર સ્થાનો કરેલાં છે).

**પ્રકાશકમુપાદાનં કરણં ચ હરાસનમ્ ।।**
**નામાનિ ભાર્યાઃ સિદ્ધ્યર્થં રુદ્રાણાં ગણભેદતઃ ।।૧૨।।**

રુદ્રોનાં સમૂહના ભેદને લીધે પ્રકાશ કરનારા, ઉપાદાન (કારણ), અને[૧] સાધન હરના રહેવાનાં સ્થાન, નામો અને પત્નીઓ (સૃષ્ટિરૂપ કાર્ય) સિદ્ધ[૨] થાય તે માટે (કરેલાં છે). કા. ૧૨.

મન્યુ વિગેરે (રુદ્રનાં) નામો છે. (મહેશાનને બદલે) મહિનસ હોવાનું કેટલાક

કહે છે. ધી વિગેરે સ્ત્રીઓ છે; અથવા ધી, વૃત્તિ, અસહા, ઉમા, એવો પાઠ છે. 'રુદ્રાણીઓ' શબ્દથી (એમ જણાવ્યું છે કે) આ તારી સાથે ઉત્પન્ન થએલી સ્ત્રીઓ છે. આકાર દ્વારા નામ ગ્રહણ થાય, તેથી અગીઆર સ્થિતિઓ ગ્રહણ કરવાની અથવા અગીઆર આકૃતિ ગ્રહણ કરવાનું કહેલું છે. 'સયોષણઃ' એટલે પત્નીઓ સાથે. 'સયોષણઃ' શબ્દ વૈદિક છે. આમનાથી ઘણી પ્રજાઓ ઉત્પન્ન કર, કારણ કે તું પ્રજાઓનો પતિ છે, પ્રજા ઉત્પન્ન કરવા(ના કાર્ય)માં અધિકારી તરીકે પ્રકટ થએલો છે.૧૧-૧૨-૧૩-૧૪.

૧. 'અને' શબ્દથી તપનો સમાવેશ કરેલો છે (પ્ર) પહેલા ત્રણ પ્રકાશ કરનારા, પછી પાંચ મહાભૂતો ઉપાદાન કારણ, અને સૂર્ય અને ચંદ્ર કરણ=સાધન કહેલાં છે.

૨. આથી એમ જણાવ્યું છે કે રુદ્રોનો સમૂહ મૂલ રુદ્રના વ્યૂહરૂપ છે. તેથીજ પાંચમા સ્કંધમાં 'સાંકર્ષણ નામનો અગીઆરમા વ્યૂહરૂપ રુદ્ર' એમ કહેલું છે. (પ્ર)

પોતે ઈચ્છેલુંજ બ્રહ્માએ કહેલું હોવાથી, (રુદ્રે) તેમજ કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ઈત્યાદિષ્ટઃ સ ગુરુણા ભગવાન્નીલલોહિતઃ ।।**
**સત્ત્વાકૃતિસ્વભાવેન સસર્જાત્મસમાઃ પ્રજાઃ ।।૧૫।।**

ગુરુએ એ પ્રમાણે આજ્ઞા કરેલા તે ભગવાન્ નીલલોહિતે બલ, આકૃતિ અને સ્વભાવથી પોતાની સમાન પ્રજાઓ ઉત્પન્ન કરી. ૧૫.

'ગુરુઓની આજ્ઞાના સંબંધમાં વિચાર કરવો યોગ્ય નથી' એ નિયમ પ્રમાણે પ્રજાઓ ઉત્પન્ન કરી, ગુરુએ એમ જણાવ્યું છે કે સ્ત્રીઓ સાથે પ્રજા ઉત્પન્ન કરવી. તેમ કરવું તે (ભવે) ઈચ્છેલું ન હતું. 'ભગવાન્' શબ્દ એમ સૂચવે છે કે તેવાઓમાંજ ઉત્પન્ન કરવાની શક્તિ હોય છે. 'નીલલોહિત' એ રુદ્રનું અસાધારણ નામ છે. 'સત્ત્વ' એટલે બલ, નીલલોહિતપણું એ આકૃતિ અને તામસ સ્વભાવ-એ બલ આકૃતિ અને સ્વભાવ-એવા ત્રણથી પોતાની સમાન પ્રજાઓ ઉત્પન્ન કરી. ૧૫.

'પછી શું થયું ?' એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**રુદ્રાણાં રુદ્રસૃષ્ટાનાં સમન્તાદ્ ગ્રસતાં જગત્ ।।**
**નિશમ્યાસંખ્યશો યૂથાન્પ્રજાપતિરશંકત ।।૧૬।।**

સર્વ તરફથી જગતને ગળી જતા, રુદ્રે ઉત્પન્ન કરેલા રુદ્રોના અસંખ્ય ટોળાંઓ જોઈને પ્રજાપતિને ભય થયો. ૧૬.

સંહાર કરવામાં ઉપયોગી એકજ રુદ્રને ઉત્પન્ન કરવામાં કામે લગાડેલ. તેણે પોતાનાં કાર્યને અટકી[1] પડેલું જોઈને, પોતાનાં કાર્યોથી સંહાર કરવા માંડ્યો; ત્યારે (તે) કાર્યો ઘણાં હોવાથી કાલે રચેલી[2] બધીએ સૃષ્ટિઓનું તેઓ ભક્ષણ કરવા લાગ્યા,

બધાએને પોતાની અંદર પ્રવેશ કરાવીને ખાઈ જવા લાગ્યા. ભૂમિ વિગેરે જડ (પદાર્થો)ને પણ સર્વ તરફથી જગતને ગળી જતા રુદ્રે ઉત્પન્ન કરેલા રુદ્રોનાં અસંખ્ય ટોળાંઓ જોઈને, પ્રજાપતિને ભય થયો કે તેઓ મને પણ ગળી જશે. ૧૬.

૧. રુદ્રનું કાર્ય સંહાર કરવાનું છે; તેને બદલે તેને ઉત્પન્ન કરાવાનું કાર્ય સોંપ્યું. તેથી તેવું કાર્ય તેનાથી ન થયું, એટલે પોતાનાં કાર્યો–પોતે ઉત્પન્ન કરેલા રુદ્રો–થી તેમણે સંહાર કરવા માંડ્યો, એવો ભાવ જણાય છે.

૨. બ્રહ્માએ તે સમયે સૃષ્ટિ રચેલી ન હતી. તેથી દશમા અધ્યાયમાં જણાવેલી કાલે રચેલી સૃષ્ટિઓજ હોવાથી આમ કહેલું છે. (પ્ર)

પોતાનું ભક્ષણ કરશે એવા ભયથી પ્રજાપતિએ (ભવને નીચે પ્રમાણે) કહ્યું :

**અલં પ્રજાભિઃ સૃષ્ટાભિરીદશીભિઃ સુરોત્તમ ! ।।**
**મયા સહ દહન્તીભિર્દિશશ્ચક્ષુર્ભિરુલ્બણૈઃ ।।૧૭।।**

હે ઉત્તમ દેવ ! ક્રૂર ચક્ષુઓથી મારી સાથે દિશાઓને બાળતી આવી પ્રજાઓ રચવાનું બંધ કરો. ૧૭.

આવી પ્રજાઓ રચવાનું બંધ કરો, હવેથી આવી પ્રજાઓ ન રચશો, એવો અર્થ છે. 'હે ઉત્તમ દેવ !' સંબોધનથી (પ્રજા ઉત્પન્ન કરવાથી થતી) જીવની સ્થિતિ (દર્શાવી છે). (તમે) ઉત્તમ દેવ હોઈને, દેહના ભાવથી સૃષ્ટિ રચો તે યોગ્ય નથી, એવો ભાવ છે. 'તેઓનો શું દોષ ?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધથી દોષ રહે છે. તેઓ દશ દિશાઓ બાળે છે. વળી બાળવામાં તેઓને અગ્નિની જરુર પડતી નથી, પરંતુ ચક્ષુઓથીજ (બાળે છે). 'ક્રૂર' એટલે ક્રૂર હોવાથી ભય ઉત્પન્ન કરાવનારા (ચક્ષુઓથી બાળે છે). આથી એમ સૂચવેલું છે કે (રુદ્રો) સામા મુખ રાખી રહેલ ન હોય, છતાં પણ બીજો પણ તેમને જૂએ ત્યારે ભયથી પણ મરણ પામે છે. ૧૭.

'ત્યારે શું કરવું ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**તપ આતિષ્ઠ ભદ્રં તે સર્વભૂતસુખાવહમ્ ।।**
**તપસૈવ યથાપૂર્વં સ્રષ્ટા વિશ્વમિદં ભવાન્ ।।૧૮।।**

સર્વ પ્રાણીઓને સુખ ઉપજાવે તેવું તપ કરો. તમારું કલ્યાણ થાઓ. તમે તપથીજ પહેલાનાં જેવું આ વિશ્વ રચશો. ૧૮.

તપ કરવા છતાં તમને દુઃખ નહિ થાય, એમ 'તમારું કલ્યાણ થાઓ' શબ્દોથી કહેલું છે. 'સર્વ પ્રાણીઓને સુખ ઉપજાવે તેવું' વિશેષણનો એવો અર્થ છે કે તપ પણ સૃષ્ટિની પેઠે લોકોને પીડા કરાવે તેવું ન કરવું, પરંતુ બધા પ્રાણીઓને સુખજ ઉપજાવે તેવું' સાત્ત્વિક (તપ) કરવું. 'તેથી શું (ફલ) થાય ?' એવો પ્રશ્ન કરે, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. પહેલાં તામસ કલ્પમાં શિવ પ્રજા ઉત્પન્ન કરતા હતા. તે પ્રજા

તામસ થતી હતી, પણ લોકને અનુસરતી હતી. તેવી પ્રજાઓનો આ કલ્પમાં પણ ઉપયોગ હોવાથી તેમ (વિશ્વ રચવાનું) કહેલું છે. ૧૮.

વળી પ્રજા ભલે ન ઉત્પન્ન થાય, છતાં પણ સાત્ત્વિક તપ કરવામાં આવે ત્યારે ભગવાન્ પ્રસન્ન થાય છે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તપસૈવ પરં જ્યોતિર્ભગવન્તમધોક્ષજમ્ ।**
**સર્વભૂતગુહાવાસમઞ્જસા વિન્દતે પુમાન્ ।।૧૯।।**

જેમનું ઇન્દ્રિયોથી જ્ઞાન થઈ ન શકે તેવા, પરં જ્યોતિ, સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેનારા ભગવાનને પુરુષ તપથીજ સ્હેલાઈથી પ્રાપ્ત કરે છે. ૧૯.

કારણ કે બ્રહ્મા પોતાના જ્ઞાનના પ્રકારથી શાસ્ત્રાર્થ કહે છે. 'પરં જ્યોતિ' એટલે જ્યોતિઓનો[1] પણ પ્રકાશ કરનાર. તેથી તેમનું જ્ઞાન થતાં, સર્વ વસ્તુઓનું સત્ય સ્વરૂપ જણાય છે, કારણ કે તે સંપૂર્ણ રીતે સર્વ વસ્તુઓના સત્ય સ્વરૂપનો પ્રકાશ કરનારા છે. 'ભગવાન્' શબ્દથી એમ જણાવેલું છે કે તેમનાથી બીજું (કાંઈ) જાણવા યોગ્ય નથી. 'જેમનું ઇન્દ્રિયોથી જ્ઞાન થઈ ન શકે તેવા' વિશેષણથી (તેમને જાણવાનું) બીજું સાધન નથી એમ કહેલું છે. 'સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેનારા' વિશેષણથી (તે) સ્હેલાઈથી પ્રાપ્ત થાય તેવા, જરૂરી અને કષ્ટથી જ્ઞાન થાય તેવા હોવાનું (કહેલું છે.) આવા (ભગવાન્) તપથી પ્રાપ્ત થાય છે, એ તપનું માહાત્મ્ય છે. 'અંજસા' એટલે સ્હેલાઈથી. 'પુરુષ' એટલે દોષોનો ઢગલો. ૧૯.

૧. સૂર્ય ચંદ્ર વિજળી વિગેરે જ્યોતિઓ છે.

બ્રહ્માએ એવો ઉપદેશ કર્યો ત્યારે રુદ્રે જે કર્યું, તે નીચેના શ્લોકમાં કહે છે :

।। મૈત્રેય ઉવાચ ।।

**એવમાત્મભુવાદિષ્ટઃ પરિક્રમ્ય ગિરાં પતિમ્ ।।**
**બાઢમિત્યમુમામન્ત્ર્ય વિવેશ તપસે વનમ્ ।।૨૦।।**

બ્રહ્માએ એ પ્રમાણે આજ્ઞા કરાએલાએ વાણીના પતિની પ્રદક્ષિણા કરી 'બહુ સારું' એમ આમને કહી, તપ (કરવા) માટે વનમાં પ્રવેશ કર્યો. ૨૦.

'આત્મભુવા' એટલે બ્રહ્માએ. 'વાણીના પતિ' એટલે ગુરુ. 'બહુ સારું' શબ્દથી (આજ્ઞાને) પ્રમાણ કરી. હવેથી મને પણ તે કબુલ છે, એવો ભાવ છે. 'ભલે તેમ થાઓ' એવો અર્થ છે. 'આમને' એટલે બ્રહ્માને (કહી), તપ કરવા માટે તપોવનમાં પ્રવેશ કર્યો, એવો અર્થ છે. એ પ્રમાણે આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક[1] તામસી સૃષ્ટિઓ કહી. ૨૦.

(૧. રુદ્રે જે રુદ્રો ઉત્પન્ન કર્યા તેને આધિભૌતિક, ગણરુદ્રો (રુદ્રોના સમૂહો) ને આધ્યાત્મિક અને નીલરુદ્ર (નીલલોહિત)ને આધિદૈવિક જાણવા. (પ્ર)

પછી બીજા પ્રકારથી રાજસી સૃષ્ટિઓ રચી, તેમનું નિરૂપણ કરવાનો નીચેના શ્લોકથી આરંભ કરે છે :

**અથાભિધ્યાયતઃ સર્ગં દશ પુત્રાઃ પ્રજજ્ઞિરે ।।**
**ભગવચ્છક્તિયુક્તસ્ય લોકસન્તાનહેતવઃ ।।૨૧।।**

પછી ભગવાનની શક્તિવાળા (બ્રહ્મા)એ સૃષ્ટિનું ધ્યાન ધરતાં લોકની પરંપરા કરનાર દશ પુત્રો ઉત્પન્ન થયા. ૨૧.

પહેલાં 'હું કર્તા છું' એવા અભિમાનથી (બ્રહ્મા) સૃષ્ટિ રચતા હતા. અહંકાર ત્રણ પ્રકારનો હોવાથી, ૧.પાંચ વિભાગવાળી તામસી ૨.પછી અહંકારમાં ભગવાનનું ધ્યાન થતાં ચિત્ત શુદ્ધ થયું ત્યારે રાજસી[1] સૃષ્ટિ અને ૩. તે બંનેનો નભાવ થાય તે માટે સાત્ત્વિક[2]-એવી ત્રણ પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન થઈ. હવે 'આ સૃષ્ટિ કેમ થશે?' એમ (બ્રહ્માએ) સૃષ્ટિનુંજ ધ્યાન ધર્યું, ત્યારે સૃષ્ટિ ભગવદ્રૂપ હોવાથી, તે સૃષ્ટિ દશ પ્રકારની ઉત્પન્ન થઈ એમ કહે છે. નવ ત્રણ ગુણવાળા, (અને) એક ગુણાતીત-નામમાં છેલ્લો અને નિરીક્ષણમાં પહેલો-કહેશે. તેઓ ચિંતાનો ત્યાગ કરાવનારા હોવાથી દુઃખનું નિવારણ કરતા હોવાથી પુત્રો છે. 'માત્ર ધ્યાન કરવાથી આ પુત્રો કેમ ઉત્પન્ન થયા ?' એવો પ્રશ્ન થાય, તેથી 'ભગવાનની શક્તિવાળા' વિશેષણ યોજેલું છે. જે ભગવાનની ઉત્પન્ન કરવાની શક્તિ, અથવા ઉત્પન્ન કરનારની શક્તિ, તેજ પુત્રો તરીકે પ્રકટ થઈ, એવો અર્થ છે. (ધ્યાન ધર્યું) ત્યારે તે શક્તિએજ તેમને ઉત્પન્ન કર્યા. ભગવાનની શક્તિએ ઉત્પન્ન કરેલામાં જે સરસાઈ છે તે 'લોકની પરંપરા કરનારા' વિશેષણથી કહેલી છે. લોકની એટલે મનુષ્યની સંસાર ચાલે ત્યાં સુધીની પરંપરા-કલ્પના અંત સુધી સંતતિનો પ્રવાહ-કરનારા થયા, કારણ કે ભગવાનની શક્તિ વિના બીજાથી પ્રવાહ કરી શકાતો નથી. ૨૧.

૧. 'રાજસી' એટલે સનક વિગેરેની સૃષ્ટિ, મનુષ્ય હોવાને લીધે રાજસી હતી. (પ્ર)
૨. 'સાત્ત્વિકી' એટલે રુદ્રની સૃષ્ટિ. તે દેવ હોવાથી સાત્ત્વિક હતી. (પ્ર)

તેઓની નીચેના શ્લોકમાં નામથી ગણત્રી કરે છે :

**મરીચિરત્ર્યંગિરસૌ પુલસ્ત્યઃ પુલહઃ ક્રતુઃ ।।**
**ભૃગુર્વસિષ્ઠો દક્ષશ્ચ દશમસ્તત્ર નારદઃ ।।૨૨।।**

મરીચિ અત્રિ અને અંગિરા, પુલસ્ત્ય પુલહ ક્રતુ, ભૃગુ વસિષ્ઠ અને દક્ષ. તેઓમાં દશમો નારદ (હતો). ૨૨.

મરીચિ વિગેરે ત્રણ સાત્ત્વિક, વચલા ત્રણ તામસ, ભૃગુ વિગેરે ત્રણ રાજસ (હતા). 'તેઓમાં દશમો' એમ (નારદ) ગુણાતીત હતો એમ જણાવવા જૂદા પ્રકારથી કહેલ છે. ૨૨.

નીચેના શ્લોકમાં અવયવોમાંથી તેઓની ઉત્પત્તિ (થયાનું) કહે છે :

**ઉત્સંગાન્નારદો જજ્ઞે દક્ષોઽઙ્ગુષ્ઠાત્સ્વયંભુવઃ ।।**
**પ્રાણાદ્વસિષ્ઠઃ સંજાતો ભૃગુસ્ત્વચિ કરાત્ક્રતુઃ ।।૨૩।।**
**પુલહો નાભિતો જજ્ઞે પુલસ્ત્યઃ કર્ણયોર્ઋષિઃ ।।**
**અંગિરા મુખતોઽક્ષ્ણોઽત્રિર્મરીચિર્મનસોઽભવત્ ।।૨૪।।**

નારદ ખોળામાંથી ઉત્પન્ન થયો, દક્ષ સ્વયંભૂના અંગુઠામાંથી ઉત્પન્ન થયો. વસિષ્ઠ પ્રાણમાંથી સારી રીતે ઉત્પન્ન થયો, ભૃગુ ત્વચામાં, ક્રતુ હાથમાંથી, પુલહ નાભિમાંથી ઉત્પન્ન થયો. પુલસ્ત્ય ઋષિ બે કાનમાંથી, અંગિરા મુખમાંથી, અત્રિ બે આંખમાંથી (અને) મરીચિ મનમાંથી ઉત્પન્ન થયો. ૨૩-૨૪.

નારદ ઉપર પ્રીતિ હોવાથી (તેને) ખોળામાંથી ઉત્પન્ન કર્યો. (તે) ભગવદીય હોવાથી (તેને) લાડ લડાવતાં (ઉત્પન્ન કર્યો). દક્ષ પોતાની (બ્રહ્માની) સમાન છે એમ જણાવવા (તેને) અંગુઠામાંથી (ઉત્પન્ન કર્યો). 'સ્વયંભૂના' શબ્દથી (એમ જણાવ્યું છે કે) બ્રહ્માની પેઠે તેને પણ અભિમાન હતું. બહાર અને અંતરના ભેદથી-જ્ઞાનમાં શ્રદ્ધાવાળા અંદરના, મધ્યે રહેનારા રાજસ, (અને) બહારના તામસ, એવા ભેદથી-બીજાઓને યોગ્ય રીતે ઉત્પન્ન કર્યા. દશ પ્રકારના પ્રાણમાંથી વસિષ્ઠ 'સારી રીતે ઉત્પન્ન થયો' એમ છેવટ સુધી તેના વંશજો ઉત્તમજ હોવાનું કહ્યું. ભૃગુ બહારનો, ક્રતુ પણ (તેવો અને) પુલહ પણ (તેવો). પુલસ્ત્ય બંને વંશો[1] ઉત્પન્ન કરનાર હોવાથી, 'બે કાનમાંથી' (ઉત્પન્ન થયો) એમ કહેલું છે. (તે) વેદના સંબંધવાળો હોવાથી (તેનામાં) દૈત્યપણું ન હતું એમ જણાવવા 'ઋષિ' કહેલ છે. તેમ ન હોત તો (તે) મધુ કૈટભના[2] જેવો કોઈક થાત. અંગિરા મુખમાંથી (ઉત્પન્ન થયો). અત્રિ આંખમાંથી (ઉત્પન્ન થયો), તેણે પણ જ્ઞાની અને યોગી[3] પુત્રરૂપ બંને પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન કરી. મરીચિએ પણ 'જે બેથી આ જગત્ ભરપૂર થયું' વાક્ય પ્રમાણે બંને પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન કરી, તેથી મન પણ બે પ્રકારનું છે. ૨૩-૨૪.

૧. અગસ્ત્ય અને વિશ્રવા તેના પુત્રો હતા. અગસ્ત્યથી ઋષિવંશ અને વિશ્રવાથી દૈત્યવંશ થયા.
૨. વિષ્ણુના કાનના મેલમાંથી આ બે દૈત્યો ઉત્પન્ન થએલા.
૩. દત્ત દુર્વાસા અને સોમ એ ત્રણ અત્રિના પુત્રો હતા.

એ પ્રમાણે દશ પુત્રો કહીને, તેઓમાં રહેલા સ્વરૂપથી બીજા નવ સગુણ (પુત્રો) ઉત્પન્ન કર્યા એમ કહે છે. તેમાં આગળના અને પાછલના ભેદથી ધર્મ અને અધર્મ (ઉત્પન્ન કર્યા), અને તેઓનાં કાર્ય (અનુક્રમે) મુક્તિ અને સંસાર છે એમ (કહે છે). નીચેના શ્લોકમાં ધર્મ અને અધર્મનું નિરૂપણ કરે છે :

**ધર્મઃ સ્તનાદ્દક્ષિણતો યત્ર નારાયણઃ સ્વયમ્ ।।**

**અધર્મઃ પૃષ્ઠતો યસ્માન્મૃત્યુર્લોકભયંકરઃ ॥૨૫॥**

જ્યાં નારાયણ પોતે (રહે છે) તે જમણાં સ્તનમાંથી ધર્મ (ઉત્પન્ન થયો). જેમાંથી લોકમાં ભય કરનાર મૃત્યુ થાય છે તે અધર્મ પીઠમાંથી (ઉત્પન્ન થયો). ૨૫.

જે ધર્મમાં નારાયણ પ્રકટ થયા[1], તે જમણાં સ્તનમાંથી (ઉત્પન્ન થયો). ધર્મ સ્વભાવથી હૃદયમાંથી ઉત્પન્ન થાય છે. તે પૈકી પ્રવૃત્તિ (કરાવવાના) સ્વભાવ વાળો (ધર્મ) ડાબી તરફના હૃદયમાંથી, પણ જ્ઞાનથી ભરપૂર ભગવદ્રૂપ (ધર્મ) જમણાં સ્તનમાંથી (ઉત્પન્ન થાય છે[2]). 'પોતે' શબ્દથી (એમ કહેલું છે કે આ ધર્મ નારાયણ) પોતે હોવાથી મોક્ષરૂપ છે. અધર્મમાં ભેદ ન હોવાથી, 'પીઠમાંથી' એમ સામાન્ય રીતે કહેલ છે. તેમાં ભગવાનના અંશરૂપ નાશ કરનાર મૃત્યુ પ્રકટ થએલ છે. 'લોકમાં ભય કરનાર' વિશેષણથી તેનું પેટા-કાર્ય (કહેલું છે). આથી એમ (જણાવેલું છે કે) ભયનું કારણ અધર્મજ હોવાથી, ભયથી અધર્મ (હોવા)નું જ્ઞાન થાય છે. ૨૫.

૧. આ ધર્મનું કાર્ય કહેલું છે. (પ્ર)

૨. 'જેમનું હૃદય ધર્મ છે' એ વાક્યનો વિચાર કરી, ધર્મના વિભાગો કરેલા છે. (પ્ર)

બીજા છ (ઉત્પન્ન થએલા) નીચેના શ્લોકમાં કહે છે :

**હૃદિ કામો ભ્રુવઃ ક્રોધો લોભશ્ચાધરદચ્છદાત્ ॥**
**આસ્યાદ્વાક્ સિન્ધવો મેઢ્રાન્નિર્ઋતિઃ પાય્વપાશ્રયઃ ॥૨૬॥**

હૃદયમાં કામ, ભ્રમરમાંથી ક્રોધ, નીચેના હોઠમાંથી લોભ, મુખમાંથી વાણી, લિંગમાંથી સમુદ્રો (અને) પાયુના આધાર વિનાનો વિનાશ (પાયુમાંથી) ઉત્પન્ન થયા. ૨૬.

કામ ક્રોધ અને લોભ તથા વાણી સમુદ્રો અને વિનાશ (છ ઉત્પન્ન થયા). તેમાં વિનાશ પાયુના આધાર વિનાનો છે, કારણ કે તે (પાયુ) (મલનો) ત્યાગ કરનાર (હોઈ) સ્થિર સ્વભાવવાળો નથી, તેથી તે આધાર થતો નથી. કામ વિગેરે (ત્રણ) સૃષ્ટિ અને પ્રલયના ગુણવાળા છે, જ્યારે વાણી સમુદ્ર અને વિનાશ મર્યાદાના ગુણવાળા છે. ૨૬.

**છાયાયાઃ કર્દમો જજ્ઞે દેવહૂત્યાઃ પતિઃ પ્રભુઃ ॥**
**મનસો દેહતશ્ચેદં જજ્ઞે વિશ્વકૃતો જગત્ ॥૨૭॥**

છાયામાંથી દેવહૂતિનો પતિ સમર્થ કર્દમ ઉત્પન્ન થયો. વિશ્વ રચનારના દેહ અને મનમાંથી આ જગત્ ઉત્પન્ન થયું છે. ૨૭.

છાયા પણ પ્રતિસૃષ્ટિરૂપ[1] હોવાથી પુષ્ટિમાં ઉપયોગી થાય તેવી સૃષ્ટિ ઉત્પન્ન કરનારી છે; તેથી તેનું નિરૂપણ (આ) પછીના પ્રકરણમાં વિસ્તારથી કરશે.

**સ્વપ્નશ્છાયા તમશ્ચૈવ માયાઽવિદ્યા ભ્રમસ્તથા ।।**
**તિરોભૂતેન હરિણા સૃજ્યન્તે પ્રતિસર્ગજાઃ ।।૧૩।।**

સ્વપ્ન અને છાયા, તેમજ તમઃ, માયા અવિદ્યા તથા ભ્રમ તિરોહિત થએલા હરિએ પ્રતિસર્ગમાં ઉત્પન્ન થએલા બનાવેલા[૨] છે. કા. ૧૩.

તેથીજ[૩] કર્દમની પ્રસિદ્ધિ પત્નીને લીધે છે. તેમાં[૪] સ્ત્રી મુખ્ય છે. તેમાં તપ અને ભગવાનનું આરાધન સ્ત્રી (પ્રાપ્તિ) માટેજ (કરેલાં) છે; અને સ્ત્રીની મુક્તિ થાય છે. પ્રકરણ પણ સ્ત્રીનું છે. આ (સર્વ) સૂચવવા 'દેવહૂતિના પતિ' એમ કહેલું છે. 'દેવાનાં' દેવોને 'હૂતિઃ' આમંત્રણ કર્યું જેણે[૫] તે (દેવહૂતિ).

**યથા યજિર્દેવમાર્ગે તથા સ્ત્રી દૈત્યપક્ષકે ।।**

જેમ દેવમાર્ગમાં પૂજન છે, તેમ દૈત્યના પક્ષમાં સ્ત્રી[૫] છે. કા.૧૩[૧]/૨.

(કર્દમ) દેવસૃષ્ટિમાં ઉત્પન્ન થએલ હોવાથી, પછી સ્વાતંત્ર્ય (પ્રાપ્ત કરશે), તેનો (સ્ત્રીનો) ત્યાગ કરશે, એવો અર્થ છે. એ પ્રમાણે સૃષ્ટિનું નિરૂપણ કરી, ઉત્તરાર્ધથી ઉપસંહાર કરે છે. 'ચ' 'અને' શબ્દથી (એમ જણાવ્યું છે કે) છાયાથી પણ (જગત્ ઉત્પન્ન થયું છે). ૨૭.

૧. છાયાની સૃષ્ટિ (પ્રતિસૃષ્ટિ)માં દેહનો સંબંધ ન હોવાથી, રજનો સંબંધ થોડોજ હોવાથી, તેનાથી પુષ્ટિમાં ઉપયોગી થાય તેવી સૃષ્ટિ રચાય છે એમ જણાય છે. ( પ્ર )
૨. (છાયા સિવાયની) બીજી પ્રતિસૃષ્ટિમાં નોટ ૧ માં જણાવેલ ગુણ નથી એમ જણાવવા આ કારિકા કહી છે. ( પ્ર ) છાયા પ્રતિસૃષ્ટિ છે એમ જણાવવા કારિકા કહેલી જણાય છે. બીજી પ્રતિસૃષ્ટિઓ તેનાથી જૂદા ગુણવાળી હોવાનું કહેલ નથી.
૩. 'તેથીજ' એટલે પ્રાણી તરીકે ઉત્પન્ન કરેલ હોવાથીજ ( પ્ર ) પુષ્ટિમાં ઉપયોગી થાય તેવી સૃષ્ટિ રચનાર હોવાથીજ, એવો અર્થ જણાય છે.
૪. 'તેમાં' એટલે પુષ્ટિ સૃષ્ટિમાં, એવો અર્થ જણાય છે.
૫...૫. દેવહૂતિમાં દૈત્યનો ભાવ નથી એમ જણાવવા તેના નામની વ્યુત્પત્તિ કહેલી છે. ( પ્ર )

કારણદશામાં જે અભિમાન હોય તેના કરતાં કાર્ય થયા પછીનું અભિમાન વધારે હાનિ કરનારું હોવાથી આ સૃષ્ટિની પ્રતિછાયારૂપ બીજી[૧] સૃષ્ટિ કહેવા, નીચેના શ્લોકથી બીજાં ઉપાખ્યાનનો આરંભ કરે છે :

**વાચં[૨] દુહિતરં તન્વીં સ્વયંભૂર્હરતીં મનઃ ।।**
**અકામાં ચકમે ક્ષત્તઃ સકામ ઈતિ નઃ શ્રુતમ્ ।।૨૮।।**

હે સંયમી ! સ્વયંભૂએ કામવાળા થઈ મન હરતી કોમલ અંગવાળી કામનારહિત પુત્રી વાણીની કામના કરી એમ અમે સાંભળ્યું છે. ૨૮.

**અવિદ્યા પ્રથમં સૃષ્ટા અભિમાનસ્તથોદ્ગતઃ ।।૧૪।।**

**સૃષ્ટૌ ચ સર્વે પુરુષા વાગેકા સ્ત્રી સરસ્વતી ।।**

પહેલાં અવિદ્યા રચી અને તેથી અભિમાનપણ ઉત્પન્ન થયો. વળી સૃષ્ટિમાં બધા પુરુષો (રચેલા), વાણીરૂપ સરસ્વતી એકલી સ્ત્રી (રચેલી). કા. ૧૪[૧]/૨.

**લૌકિકી સાઽત્ર વિજ્ઞેયા સા વેદેઽપિ તિરોહિતા ।।૧૫।।**
**તિરોધાનપ્રવૃત્ત્યર્થં ચરિત્રમિદમુચ્યતે ।।**

અહિં તે લૌકિક[૩] (હોવાનું) જાણવું. તે વેદમાં પણ તિરોહિત થએલી[૪]. તિરોહિત થવાની પ્રવૃત્તિનું કારણ (જણાવવા) માટે આ ચરિત્ર કહેવામાં આવે છે. કા. ૧૫[૧]/૨.

**સત્યસૃષ્ટૌ પ્રવેશે હિ તિરોભૂતા ન સા ભવેત્ ।।૧૬।।**

કારણ કે સત્ય સૃષ્ટિમાં (તેનો) પ્રવેશ થયો હોત, તો તે તિરોહિત ન થાત[૫]. કા. ૧૬.

**યજ્ઞાત્મકોઽયં બ્રહ્માઽત્ર સૃષ્ટ્યાધિક્યેચ્છયા પુનઃ ।।**
**લૌકિકીમપિ વાણીં સ ગૃહ્ણામીતિ મનો દધે ।।૧૭।।**

આ બ્રહ્મા યજ્ઞરૂપ હોવા છતાં, અધિક સૃષ્ટિ (રચવા)ની ઈચ્છાથી અહિં તેણે એવો વિચાર કર્યો કે વાણી લૌકિક હોવા છતાં હું (તેને) ગ્રહણ કરું. કા. ૧૭.

**તતો લૌકિકભૂયિષ્ઠં જગજ્જાયેત નિશ્ચિતમ્ ।**
**તન્નૈચ્છન્વૈદિકાઃ સૃષ્ટાઃ ત્યાગો ભેદેન રૂપિતઃ ।।૧૮।।**
**દૈત્યસૃષ્ટૌ તતઃ સર્વે યજ્ઞા વેદાશ્ચ લૌકિકાઃ ।।**
**'ન તં વિદાથ' વાક્યેન તે નિન્દ્યન્તે સદા શ્રુતૌ ।।૧૯।।**

તેનાથી ઘણા ભાગે લૌકિક જગત્ ઉત્પન્ન થાય એ નિશ્ચય છે. ઉત્પન્ન કરેલા વૈદિક (પુત્રો) તે ઈચ્છતા ન હતા[૬]. જૂદા પ્રકારથી (બ્રહ્માની તે સ્થિતિનો) ત્યાગ દૈત્યોની સૃષ્ટિમાં કર્યાનું કહેલ[૭] છે. ત્યારથી દૈત્યોની સૃષ્ટિમાં જે યજ્ઞો અને વેદો લૌકિક થયા તેમથી વેદમાં 'તેને તમે જાણતા નથી' એ વાક્યથી સદા નિંદા કરવામાં આવે છે[૮]. કા. ૧૮-૧૯.

**લૌકિકી લૌકિકેષ્વેવ સકામા ન તુ વૈદિકે ।।**
**ઉત્તમસ્ય તુ હીનત્વં જાયતે શીઘ્રમેવ હિ ।।૨૦।।**
**નાધમસ્યોત્તમત્વં હિ કદાચિદપિ જાયતે ।।**

લૌકિક (સ્ત્રી) લૌકિક (પુરુષો)માં જ કામનાવાળી હોય છે, પરંતુ વૈદિક (પુરુષ)માં (કામનાવાળી) હોતી નથી[૯], કારણ કે ઉત્તમ હોય તે તરતજ અધમ થાય છે, (પણ) અધમ હોય તે કોઈ પણ પ્રસંગે ઉત્તમ થતો નથી[૧૦]. કા.૨૦[૧]/૨.

**દયાસૃષ્ટિર્દ્વિતીયેતિ દુહિતૃત્વં ન ચાન્યથા ।।૨૧।।**

દયાસૃષ્ટિ (આથી) જૂદી હોવાથી[૧૧] (આ) પુત્રી છે[૧૧], બીજા પ્રકારે (પુત્રી) નથી. કા.૨૧.

**અધર્મોઽપ્યયમેવાત્ર હીનકાર્યેષુ યા રતિઃ ।।**
**ભ્રાતૃણાં ચ વિવાહોઽગ્રે સૃષ્ટિભેદે નિરૂપ્યતે ।।૨૨।।**

અહિં પણ અધર્મ આજ છે, કે હલકા કાર્યમાં જે પ્રીતિ[૧૨] હોવી. આગળ જૂદી સૃષ્ટિમાં ભાઈ બેનનો વિવાહ કહેવામાં[૧૩] આવશે. કા. ૨૨.

'વાણી' એટલે લૌકિક સરસ્વતી 'તન્વી' એટલે કોમલ અંગવાળી સુંદરી.

**ગદ્યપદ્યાભિરૂપા હિ લૌકિક્યેવ સરસ્વતી ।।**

કારણ કે લૌકિક સરસ્વતી ગદ્ય અને પદ્યથી આનંદ આપનારી છે. કા.૨૨ $^{૧}/_{૨}$.

'સ્વયંભૂ' શબ્દથી બ્રહ્માને કુલ વિગેરેની મર્યાદા ન હોવાનું સૂચવેલું છે. 'મન હરતી' વિશેષણથી કામના થવાનું કારણ (કહેલું છે). (બ્રહ્માની અંદર) અહંકારનો આવેશ હોવાથી (તેમનું) મન તેને[૧૪] અધીન થયું. ૨૮.

૧. 'બીજી' ધૂમસરૂપ ( સૃષ્ટિ ). ( પ્ર )
૨. આ ઉપાખ્યાનનું પ્રયોજન જણાવવા અહિંથી સાડીઆઠ કારિકાઓ કહેલી છે. ( પ્ર )
૩. 'લૌકિક' નવા ગદ્ય અને પદ્યની અધિષ્ઠાત્રી આ ઉપાખ્યાનમાં રચેલી જાણવી. ( પ્ર )
૪. 'સારસ્વતી ઘેટીનો વધ કરવો' વિગેરેમાં પણ તે તિરોહિત થએલ હોવાનું કહેલ છે, એટલે યજ્ઞના અધિકારીનાં સ્વરૂપનું નિરૂપણ કરતાં તેને અસ્થિર જણાવેલી છે. તેથી ગદ્યપદ્યરૂપ લૌકિક વાણી લાંબા સમય સુધી સ્થિર રહેતી નથી, એવી તેનાં તિરોહિત થવાની પ્રવૃત્તિ જણાવવા આ ઉપાખ્યાન કહેલ છે. ( પ્ર )
૫. 'પ્રતિસૃષ્ટિરૂપ વાણી લૌકિકજ છે એમ કેમ જણાય ?' એવો પ્રશ્ન થાય તેથી આ કહેલ છે. વાણીને હરણરૂપ અને તેને ( ઉત્પન્ન ) કરનારને રીંછરૂપ કહેલ હોવાથી પણ તે તિરોહિત થએલી છે. ( પ્ર )
૬. 'વાણી ભલે લૌકિક હોય, પણ બ્રહ્માને એવી ઈચ્છા કેમ થઈ ?' એવો પ્રશ્ન થાય તેથી આ કહેલ છે. ( પ્ર )
૭. 'ત્યારે ઋષિઓએ બ્રહ્માને કેમ બોધ કર્યો ?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે. મર્યાદારહિત જગત્ ન રચાય તે માટે તેમણે બ્રહ્માને બોધ કર્યો, એવો અર્થ છે. ( પ્ર )
૮. બ્રહ્માની એવી સ્થિતિના ત્યાગનો પ્રકાર કહેલો છે. જૂદા પ્રકારે બ્રહ્માએ તે સ્થિતિનો ત્યાગ કર્યો, તેથી દૈત્યોની સૃષ્ટિમાં તેવી સ્થિતિ થઈ, એવો અર્થ છે. તેથી તેઓ માત્ર લજ્જાથી અધર્મનો ત્યાગ તથા યજ્ઞો કરે છે. બલિ વિગેરેમાં તો ( દૈત્યોનો ) આવેશ હતો, સ્વભાવથી તેઓ દૈત્ય ન હતા. ( પ્ર )
૯. દૈત્યો કરે છે તે યજ્ઞો વિગેરે લૌકિક હોવાનું શાથી જણાય તે અહિં કહેલ છે. ( પ્ર )

૧૦. સરસ્વતી કામના રહિત હતી, અને તેને લજ્જા થતી હતી તેનું તાત્પર્ય આ કહેલ છે. આ દોઢ કારિકામાં જણાવેલ ત્રણ વાત જણાવવા તેને તેવી કહેલી છે. ( પ્ર )

૧૧. ''મત્સ્યપુરાણમાં એમ કહેલું છે કે 'શતરૂપા પ્રજાપતિથી ઉત્પન્ન થઈ અને ( તેમણે તેનો ) ભોગ કર્યો, તેથી સ્વયંભૂ મનુની ઉત્પત્તિ થઈ. વળી શતરૂપા પ્રજાપતિ સાથેજ રહી અને તેમાં દોષ ન હતો.' અહિં વાણીને પુત્રી કહી, પણ મત્સ્યપુરાણ જેવી કથા કહી નથી. બેમાં ભેદ કેમ છે ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. જેવી આ વાણી લૌકિક છે, તેવી જૈનમતવાળાની દયાસૃષ્ટિ 'દ્વિતીયા' આથી જૂદા પ્રકારની લૌકિક છે, એમ જણાવવા આ વાણીને પુત્રી કહેલી છે. 'બેન દયાની મૂર્તિ છે' એ વાક્ય પ્રમાણે બીજાઓને બેન તરીકે દયા થાય, તે માટે ( તે સૃષ્ટિ કહેલી છે ), પરંતુ બીજા પ્રકારે એટલે વાસ્તવિકરૂપથી કહેલી નથી, કારણ કે બ્રહ્મા વાણીના ઈશ હોવાનું પહેલાં જ કહેલ છે. ( પ્ર )

૧૨. આ વાણીનું સ્વરૂપ ( શતરૂપાથી ) જૂદા પ્રકારનું છે. તેથી અહિં અધર્મ થાય. તેથી બુદ્ધાવતારમાં જે વેદ વિગેરેની નિંદા ભગવાને કરી, તે લૌકિક જ વેદ વિગેરેની કરેલી જાણવી. જે પ્રાણીઓ ઉપરની દયાનું સ્થાપન કર્યું, તે પણ લૌકિક જ જાણવી. તેથીજ ભ.ગી. ૪।૭ નો પણ વિરોધ થતો નથી. ( પ્ર )

૧૩. એનેજ અધર્મ કહ્યો છે એમ શાથી જણાય તે આ વાક્યથી કહે છે. તેમ ન હોય તો કર્દમની પુત્રીઓ મરીચિ વિગેરેને આપવાની આજ્ઞા ( બ્રહ્મા ) ન કરત. તેથી ( મત્સ્યપુરાણમાં ) જૂદા પ્રકારની સૃષ્ટિ હોવાથી દોષ ન હોવા છતાં, અહિં લૌકિક ( વાણી )ને ગ્રહણ કરવાની ઈચ્છારૂપ જ અધર્મ છે, બીજો અધર્મ નથી. ( પ્ર )

૧૪. 'તેને' એટલે કામને. ( પ્ર )

**તમધર્મે કૃતમતિં વિલોક્ય પિતરં સુતાઃ ।।**
**મરીચિમુખ્યા મુનયો વિશ્રમ્ભાત્પ્રત્યબોધયન્ ।।૨૯।।**

અધર્મમાં બુદ્ધિ કરેલા તે પિતાને જોઈને, મરીચિ વિગેરે મુનિ પુત્રોએ વિશ્વાસથી તેમને (નીચે પ્રમાણે) બોધ આપ્યો. ૨૯.

મરીચિ જેમનામાં મુખ્ય હતો તેવા પુત્રોએ 'પિતા' બ્રહ્માને બોધ આપ્યો. 'મુનિ' શબ્દથી એમ જણાવેલું છે કે આ સૃષ્ટિ સાક્ષાત્ અધર્મ કરાવનારી નહિ થાય એમ તેમણે મનનથી જાણેલું. 'વિશ્વમ્ભાત્' એટલે વિશ્વાસથી. ઉદ્ધતાઈથી 'બોધ આપ્યો' એટલે જેમ બહ્માએ પહેલાં આમને બોધ આપેલો, તેમ આમણે તેજ બોધ બ્રહ્માને આપ્યો કે વાણીમાં પ્રવૃત્તિ ન કરવી, કારણ કે ૧.પહેલાંના ઉત્તમ પુરુષોએ તે કરેલ નથી, ૨. તે અપકીર્તિ કરાવનારી છે અને ૩.નાશ કરાવનારી છે. ૨૯.

પહેલો હેતુ નીચેના શ્લોકથી સિદ્ધ કરે છે :

**નૈતત્પૂર્વૈઃ કૃતં ત્વત્ર ન કરિષ્યન્તિ ચાપરે ।।**
**યત્ત્વં દુહિતરં ગચ્છેરનિગૃહ્યાંગજં પ્રભો ।।૩૦।।**

હે સમર્થ ! તમે કામને ન રોકતાં પુત્રી સાથે ગમન કરવાની ઈચ્છા કરો છો, તે

આ (કર્મ) પહેલાના (પુરુષો)એ અહિં કરેલું નથી, તેમજ પાછળના કરશે નહિ. ૩૦.

'અહિં' જગતમાં, 'આ' આવું કર્મ, 'પહેલાના' સૃષ્ટિ વિગેરેની પ્રવૃત્તિ કરાવનાર (પુરુષોએ) પહેલાં કોઈ સમયે કરેલું નથી. 'હવે પછી આવોજ આચાર પ્રવૃત્ત થવાનો છે' એવી શંકા થાય, તેથી 'પાછળના કરશે નહિ' એમ કહેલું છે. તેથી આ અનાચાર છે. તે તમેજ કરો છો, એમ ઉત્તરાર્ધથી કહે છે. 'ગચ્છેઃ' શબ્દમાં આજ્ઞાર્થ ઇચ્છેલું કાર્ય (દર્શાવે છે). તમે પોતાની ઇચ્છાથી તેની સાથે જે ગમન કરો છો, એવો અર્થ છે. '(મારું) મન તેણે (વાણીએ) હર્યું, તે (મન)થી ઉત્પન્ન થએલો કામ તેને પ્રાપ્ત કરે છે (કરવા ઇચ્છે છે). (તેમાં) મારો શું દોષ?' એમ કહે, તેથી 'કામને ન રોકતાં' શબ્દો યોજેલા છે. 'અનજઃ' કામ (તમારો) પોતાનો છે, તેનેજ રોકવો જોઈએ, પરંતુ (તેને) ઉત્તેજન આપવું ન જોઈએ. તેમ કરવામાં (ઉત્તેજન આપવામાં) આવે, તો અધર્મ થાય, એવો ભાવ છે. 'હે સમર્થ !' એ સંબોધન તેવું (કામને રોકવાનું) સામર્થ્ય સૂચવે છે. આથી (કામ) અધર્મ કરાવનાર હોવાનું પણ સૂચવેલું છે. ૩૦.

નીચેના શ્લોકમાં બીજો હેતુ સ્પષ્ટ કરે છે :

**તેજીયસામપિ હ્યેતન્ન સુશ્લોક્યં જગદ્‌ગુરો ।।**
**યદ્વૃત્તમનુતિષ્ઠન્ વૈ લોકઃ ક્ષેમાય કલ્પતે ।।૩૧।।**

હે જગદ્‌ગુરુ! જેમના આચારને અનુસરતાં લોક ખરેખર કલ્યાણ પ્રાપ્ત કરવા સમર્થ થાય તેવા તેજસ્વી પુરુષોમાં પણ આ કાર્ય પ્રશંસાપાત્ર હોતું નથી. ૩૧.

આ કાર્ય સ્વતંત્ર (પુરુષ)થીજ થઈ શકે, પરતંત્ર (પુરુષ)થી થઈ શકે તેવું નથી. માત્ર તેજસ્વી હોવાથી સ્વાતંત્ર્ય પ્રાપ્ત થતું નથી, પરંતુ યમ વિગેરેનો દંડ અટકાવાય છે, છતાં પણ અપકીર્તિ થાય છેજ. તેનાથી પણ તેજસ્વીપણું હોવા છતાં પણ કીર્તિ (પ્રાપ્ત) થતી નથીજ. તે (અર્થ) '(તેજસ્વી પુરુષોમાં) પ્રશંસાપાત્ર હોતું નથી.' શબ્દોથી કહેલો છે. વળી આપ જગતના ગુરુ, સર્વને ઉપદેશ કરનારા છો. આપનાં વચનથી બીજાને જ્ઞાન પ્રાપ્ત થાય છે. (બીજાને જ્ઞાન) ઉત્પન્ન કરનારું તે વાક્યમાંનું તમારું જ્ઞાન જો સ્વભાવિક ન હોય, તો તે પ્રમાદથી ઉત્પન્ન થએલું હોઈ કાવ્યની પેઠે અસત્યજ હોય. જો (તે) સાચું જ્ઞાન ઉત્પન્ન કરનારું હોય, તો તમારો આચાર આવો ન હોય. તેથી તમારા આચારને અનુસરીને પ્રવૃતિ કરનારાઓનો અધર્મથી નાશજ થાય. તેથી તેઓના રક્ષણ માટે પણ (તમારે) આવું કરવું ન જોઈએ એમ ઉત્તરાર્ધથી કહે છે. વર આપવાની પેઠે, કલ્યાણનું દાન[1] પણ સર્વ દાનને પૂર્ણ કરતું હોવાથી, જેમ તેઓજ પોતાની મેળેજ કલ્યાણ પ્રાપ્ત કરવા સમર્થ થાય, તેવો

ઉપાય કરવો જોઈએ. ૩૧.

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં 'ક્ષેમદાનમપિ સર્વદાનં નિર્વાહિદિતિ' પાઠ છે. 'નિર્વાહેત્' 'નિર્વાહયેત્' ને બદલે લખાએલ હોવાનું સ્પષ્ટ જણાય છે. આ પાઠ લઈ અર્થ કરેલો છે.

એ પ્રમાણે પોતાની મેળે અથવા સામર્થ્ય હોવાને લીધે (આવું કાર્ય) કરવું ન જોઈએ એવો બ્રહ્માને બોધ કરીને, 'ભગવાનની પ્રેરણાથી હું કરું છું' (એમ તે કહે) એવી શંકા કરીને, નીચેના શ્લોકમાં ભગવાનની પ્રાર્થના કરે છે :

**તસ્મૈ નમો ભગવતે ય ઈદં સ્વેન રોચિષા ।।**
**આત્મસ્થં વ્યઞ્જયામાસ સ ધર્મં પાતુમર્હતિ ।।૩૨।।**

જેમણે પોતાની અંદર રહેલું આ (જગત્) પોતાના તેજથી પ્રકટ કર્યું તે ભગવાનને નમસ્કાર. તે ધર્મનું રક્ષણ કરો. ૩૨.

જો અંતર્યામી ભગવાન્ (આ બ્રહ્માને) પ્રેરણા કરે, તોજ આ (આ કાર્ય કરતાં) અટકે. તે (ભગવાને) પણ અવશ્ય પ્રેરણા કરવી જોઈએ, કારણ કે ભગવાને પોતાની અંદર રહેલાં આ જગતને પ્રકટ કરેલું છે, તે પણ તેજથી (પ્રકટ કરેલું છે). દૈત્યની પેટે અંધકારથી (પ્રકટ કરેલું) નથી. તે ધર્મથીજ નભે, અધર્મથી તેનો નાશજ થાય. તેમ (અધર્મ) થાય તો, 'ઉત્પન્ન થતાંજ જે હણાયો' તેની પેઠે જગત્ ઉત્પન્ન થતાંજ નાશ પામે. તેનાથી ઉત્પન્ન ન કરવું એજ ઉત્તમ હતું. તેથી જો સત્યસંકલ્પવાળા ભગવાને કૃતાર્થપણું પ્રાપ્ત થાય તે માટે જગત્ રચેલું હશે, તો તે જગત્ રચનારેજ ધર્મનું પણ રક્ષણ કરવું જોઈએ. ૩૨.

એ પ્રમાણે ત્રણ પ્રકારથી બ્રહ્માની સ્તુતિ કરીને, ક્રિયાથી પણ પ્રતિબંધ કરતાં હોય તેમ (તેમની) આગળ ઉભા રહ્યા; ત્યારે વાણી અને ક્રિયાથી અટકાવેલી મનની સ્થિતિનો તેમણે (બ્રહ્માએ) ત્યાગ કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**સ ઈત્થં ગૃણતઃ પુત્રાન્ પુરો દૃષ્ટ્વા પ્રજાપતીન્ ।।**
**પ્રજાપતિપતિસ્તન્વં તત્યાજ વ્રીડિતસ્તદા ।।**
**તાં દિશો જગૃહુર્ઘોરાં નીહારં યદ્વિદુસ્તમઃ ।।૩૩।।**

એ પ્રમાણે સ્તુતિ કરતાં પ્રજાપતિ પુત્રોને સામે (ઉભેલા) જોઈને પછી પ્રજાપતિના પતિ શરમાયા અને (તે) દેહનો ત્યાગ કર્યો. તે ઘોર (દેહ)ને દિશાઓએ ગ્રહણ કર્યો. તે (દેહ)ને ધૂમસ અથવા તમઃ જાણે છે. ૩૩.

'સ્તુતિ કરતાં' શબ્દનો એવો અર્થ થાય છે કે (બ્રહ્મા) અટક્યા ત્યાં સુધી તેઓએ સ્તુતિ કરી. 'સૃષ્ટિ (રચવા)ની ચિંતા ન કરો.' એમ જણાવવા (પુત્રોને) 'પ્રજાપતિ' કહેલા છે. (બ્રહ્મા) પ્રજાપ્રતિના પતિ હોવાથી તેઓનું પાલન કરવાનું પણ (તેમને) જરુરી હતું. 'દેહ' એટલે દેહમાંથી ઉત્પન્ન થએલું રૂપ. લોકમાં લજ્જાને લીધે

(નિંદિત કાર્યથી) અટકવાનું થાય છે, એમ સૂચવવા 'શરમાયા' એમ કહેલું છે. તે તજેલો દેહ પ્રતિસૃષ્ટિરૂપ હોવાથી ધૂમસરૂપ થયો. તેને 'દિશાઓએ' એટલે કાનની અધિષ્ઠાત્રી દેવતાઓએ ગ્રહણ કર્યો. વાણીથી જ્ઞાન કરાવનારી તે (દેવતા)ઓ સર્વ સ્થલે તેનો[1] વાણી સાથે સંબંધ કરાવશે[2]. તેથીજ 'તેને તમે જાણતા નથી' એમ શ્રુતિ (કહે છે). તેથીજ શ્રુતિનો અર્થ જાણનારાઓ તેજ દેહને 'ધૂમસ' નામથી જાણે છે. ૩૩.

૧. 'તેનો' એટલે અધર્મની બુદ્ધિનો. (પ્ર)
૨. આ વાક્યથી દિશાઓએ ધૂમસ ગ્રહણ કર્યું તેનું તાત્પર્ય કહેલું છે. (પ્ર)

એ પ્રમાણે સૃષ્ટિના પ્રસંગથી પ્રતિસૃષ્ટિ કહી રાજસ (સૃષ્ટિ)ના બે પ્રકારો જણાવીને[1], નીચેના શ્લોકથી આરંભી અધ્યાય પૂરો થતાં સુધી સાત્ત્વિક (સૃષ્ટિ)ના ત્રણ ભેદો જણાવે છે.

**આધ્યાત્મિકાસ્તુ શ્રુતયઃ શબ્દબ્રહ્મ તુ દૈવિકમ્ ।।૨૩।।**
**ધર્મપ્રવર્તકાઃ સર્વે ભૂતાનિ સ્મરણાત્પુનઃ ।।**

શ્રુતિઓ આધ્યાત્મિક છે. શબ્દબ્રહ્મ આધિદૈવિક છે. વળી ધર્મની પ્રવૃત્તિ કરાવનાર બધા (વેદના અર્થનું) સ્મરણ કરતા હોવાથી આધિભૌતિક[2] છે. કા. ૨૩ ૧/૨.

તે પૈકી આરંભમાં જગતની ઉત્પત્તિ કરવા માટે (બ્રહ્માએ) આધ્યાત્મિક વેદો ધ્યાન કરી જોયા, ત્યારે તેઓ ભગવાનની ઈચ્છાથી સૃષ્ટિ (ઉત્પન્ન થાય તે) માટે પ્રકટ થયા. તે નીચેના શ્લોકમાં કહે છે :

**કદાચિદ્ધ્યાયતઃ સ્રષ્ટુર્વેદા આસંશ્ચતુર્મુખાત્ ।।**
**કથં સ્રક્ષ્યામ્યહં લોકાન્ સમવેતાન્ યથા પુરા ।।૩૪।।**

'પહેલાંની પેઠે હું એકત્ર થએલા લોકોને કેવી રીતે રચીશ ?' એમ કોઈ એક સમયે જ્યારે (જગત્) રચનાર ધ્યાન કરતા હતા, ત્યારે (તેમના) ચાર મુખમાંથી વેદો પ્રકટ થયા. ૩૪.

'સ્રષ્ટુઃ' જગત્ રચનાર ધ્યાન કરતા હતા, ત્યારે (વેદો) પહેલાં ધ્યાનમાં પ્રકટ થયા, પછી મુખમાંથી (પ્રકટ થયા). 'કોઈ એક સમયે' શબ્દથી (એમ જણાવ્યું છે કે) બધા કલ્પોમાં વેદોની ઉત્પત્તિ થતી નથી. ઉત્તરાર્ધથી જણાવેલી બ્રહ્માની ચિંતા વેદો ઉત્પન્ન થવામાં કારણરૂપ છે. ઉત્તરાર્ધથી (બ્રહ્માનું) ધ્યાનજ કહેલું છે. 'સમવેતાન્' એટલે એકત્ર થએલા. એકત્ર થએલાનું જ્ઞાન (તેઓના) અસાધારણ ગુણોથીજ થાય છે. જેમ થાંભલા વિગેરે પુરુષોથી જૂદા હોવાનું આડાઅવળા હોવું, પોલાણવાળા હોવું વિગેરે (ગુણો)થી જણાય છે, તેમ શ્રુતિમાં કહેલા ગુણોથી એકત્ર

થએલા (લોકો) જૂદા હોવાનું જ્ઞાન થાય, તે (પ્રયોજન)થી વેદોની ઉત્પત્તિ થઈ. ૩૪.

૧. શ્લોક ૨૧ થી આરંભી રાજસ સૃષ્ટિના, સૃષ્ટિ અને પ્રતિસૃષ્ટિ એવા બે ભેદો કહ્યા. આ શ્લોકથી આરંભી સાત્ત્વિક સૃષ્ટિના આધ્યાત્મિક વિગેરે ત્રણ ભેદો કહે છે. (પ્ર)

૨. ધર્મની પ્રવૃત્તિ કરાવનારા ઋષિઓ વેદોના અર્થનું સ્મરણ કરતા હોવાથી આધિભૌતિક વેદરૂપ છે એવો અર્થ છે.(પ્ર)

બ્રહ્માએ ચિંતન (ધ્યાન)થી (વેદના) અંગો સાથે વેદનો અર્થ પણ ઉત્પન્ન કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ચાતુર્હોત્રં કર્મતન્ત્રમુપવેદનયૈઃ સહ ।।**
**ધર્મસ્ય પાદાશ્ચત્વારસ્તથૈવાશ્રમવૃત્તયઃ ।।૩૫।।**

ઉપવેદો અને નયસહિત ચાર હોમ કરનારોના કર્મનું તંત્ર, ધર્મના ચાર ચરણો તેમજ આશ્રમોની વૃત્તિઓ (મુખમાંથી પ્રકટ થયાં શ્લો.૩૪). ૩૫.

બ્રહ્મા, હોતા, અધ્વર્યુ અને ઉદ્ગાતા (એ) ચાર હોમ કરનારાઓ છે જેમાં, તેવું હોમનાં સાધન (૧) અનુમતિ (૨) શસ્ત્ર (૩) હોમ અને (૪) સ્તુતિઓ વડે (થતું) તેઓનું કર્મ, (તે) ચાર હોમ કરનારાનું કર્મ. 'તંત્ર' એટલે વિસ્તાર. આયુર્વેદ વિગેરે ઉપવેદો છે. 'નય' એટલે નીતિશાસ્ત્રો અથવા પુરાણો ન્યાય મીમાંસા અને ધર્મશાસ્ત્રો. સત્ય તપ દયા (અને) દાન એ 'ધર્મના ચાર ચરણો'. બ્રહ્મચર્ય વિગેરે દરેક આશ્રમની ચાર (ચાર) વૃત્તિઓ. 'ચાર મુખમાંથી પ્રકટ થયાં' એનો સંબંધ સર્વસ્થલે ચાલુ છે. ૩૫.

(બ્રહ્માની) ગફલતથી વેદો (તેમના મુખમાંથી) બહાર નીકળ્યા હોય, તો નિયમપૂર્વક ઈચ્છેલું (સૃષ્ટિ) સિદ્ધ ન થાય, તેથી એમ અવશ્ય કહેવું જોઈએ કે હૃદયમાં પ્રકટ થએલા વેદોને બ્રહ્માએજ મુખથી રચ્યા. તેમાં પણ પહેલાના વિગેરે ક્રમથી અથવા બીજા ક્રમથી વેદો રચ્યા એ પણ કહેવું જોઈએ. તેમ થવાથી વેદોનો ક્રમ સિદ્ધ થાય. તેમ ન હોય, તો કર્મની જરૂરીઆત પ્રમાણે ક્રમની કલ્પના કરતાં, યજુર્વેદ પહેલો થાય. પ્રધાન (કર્મ કરનાર)ને મુખ્ય ગણી (ક્રમની કલ્પના કરતાં), બ્રહ્મા (ઋત્વિજ)નો અથર્વાંગિરસ (વેદ) પહેલો થાય. તેથી અનુક્રમે (વેદોનું) અધ્યયન જૂદા પ્રકારે થાય. તેવી રીતે ઉપવેદો વિગેરેનું (અધ્યયન જૂદા પ્રકારે થાય). તેથી નીચેના શ્લોકમાં વિદુર (વેદોનો) ક્રમ પૂછે છે :

।। વિદુર ઉવાચ ।।

**સ વૈ વિશ્વસૃજામીશો વેદાદીન્મુખતોઽસૃજત્ ।**
**યદ્યદ્યેનાસૃજદ્દેવસ્તન્મે બ્રૂહિ તપોધન ।।૩૬।।**

તે વિશ્વ રચનારાઓના ઈશે વેદ વિગેરેને ખરેખર મુખથી રચ્યા. હે

તપોધન ! દેવે જે જેને જેનાથી રચ્યા તે મને કહો. ૩૬.

'મુખથી રચ્યા' ત્યાં સુધી (મૈત્રેયે કહેલું) ફરીથી કહેલ છે. તેમાં પ્રયોજન કહેલું[1] છે. 'જે જેને (રચ્યા)' શબ્દથી પ્રશ્નનો વિષય (કહેલો છે). (વેદ રચનાર) દેવ હોવાથી (અને) વેદ તેને (દેવને) જણાવનાર હોવાથી, તે સૃષ્ટિ (દેવે) પોતાના માટે (રચેલી છે), એમ (રચવાનું) પ્રયોજન અને (રચનારનું) દોષરહિત હોવાપણું[2] કહેલાં છે. પોતાને (વિદુરને) તે વિષયનો ઉપદેશ નહિ કરે એવી શંકા કરીને, 'મે' 'મને (કહો)' એમ કહેલું છે. 'હે તપોધન !' એ સંબોધન જન્મ કર્મ વિગેરે જણાવનારું છે. તેથી એમ (જણાવેલું છે કે મૈત્રેય) સર્વજ્ઞ હોવાથી મને પણ કહેશે. ૩૬.

૧. પ્રશ્નના અંશમાં પ્રયોજન તરીકે કહેલ છે, એવો અર્થ છે (પ્ર) વેદો રચવાનું પ્રયોજન 'વિશ્વ રચનારાઓના ઈશે' શબ્દોથી કહેલું છે, એવો અર્થ જણાય છે. પ્રશ્ન સાથે આને સંબંધ હોવાનું જણાતું નથી.
૨. વિદુર પણ દેવ હોવાથી તેને કહેવામાં દોષ નથી, એવો અર્થ છે. (પ્ર) વેદ રચનાર દેવ હોવાથી તેનામાં દોષ નથી એમ 'દેવ' શબ્દથી કહેલું છે, એવો અર્થ જણાય છે. વિદુર પોતે, પોતે દેવ હોવાનું કહે અથવા સૂચવે તે સંભવિત નથી.

નીચેના શ્લોકમાં વેદોનો ક્રમ અને (તે જેમાંથી ઉત્પન્ન થયા તે) મુખનો ક્રમ કહે છેઃ

॥ મૈત્રેય ઉવાચ ॥

**ઋગ્યજુઃસામાથર્વાખ્યાન્ વેદાન્ પૂર્વાદિભિર્મુખૈઃ ॥**
**શસ્ત્રમિજ્યાં સ્તુતિસ્તોમં પ્રાયશ્ચિત્તં વ્યધાત્ક્રમાત્ ॥૩૭॥**

ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ નામના વેદોને, (તથા) શસ્ત્ર, ઈજ્યા, સ્તુતિસ્તોમ (અને) પ્રાયશ્ચિત્તને પૂર્વ વિગેરે મુખોથી અનુક્રમે રચ્યા. ૩૭.

દેવતા, (દેવતાને) દ્રવ્યનો સંબંધ (કરાવવો), દેવતાની સ્તુતિ અને યજ્ઞ કરવામાં અનુમતિ એવો યજ્ઞોનો અર્થ પ્રમાણે ક્રમ છે. પૂર્વ વિગેરે મુખના ક્રમનો તો પાઠ કરવા માટે ઉપયોગ થાય છે. તે ચારનો ઉપયોગ ઉત્તરાર્ધથી કહે છે. શસ્ત્ર હોતાનું હોય છે. ઈજ્યા એટલે અધ્વર્યુએ બલિ આપવો તે યજુર્વેદનું કાર્ય છે. ઉદ્‌ગાતાએ કરવાની દેવતાની સ્તુતિ સામવેદનું કાર્ય છે. 'પ્રાયશ્ચિત્તમાં બ્રહ્માને' એ આશ્વલાયનસૂત્ર પ્રમાણે પ્રાયશ્ચિત્ત બ્રહ્માએ કરવાનું છે. એ પ્રમાણે પ્રયોજન સાથે વેદોને પૂર્વ વિગેરે મુખોથી રચ્યા, એવો અર્થ છે. ૩૭.

વેદમાં ઉપયોગી થાય તેવા આધિભૌતિક પદાર્થો જણાવવા પુરાણો રચ્યા નીચેના શ્લોકમાં કહે છે :

**ઈતિહાસપુરાણાનિ પઞ્ચમં વેદમીશ્વરઃ ॥**

**સર્વેભ્ય એવ વક્ત્રેભ્યઃ સસૃજે સર્વદર્શનઃ ।।૩૮।।**

સર્વનો (ઉપયોગ) જોનાર ઈશ્વરે બધાએ મુખોમાંથી ઈતિહાસ અને પુરાણરૂપ પાંચમો વેદ રચ્યો. ૩૮.

(ઈતિહાસ અને પુરાણો) સર્વને ઉપયોગી હોવાથી આમાં ક્રમ ઈચ્છેલો નથી. તેથી બધાએ મુખોમાંથી તે રચ્યા. 'સર્વનો (ઉપયોગ) જોનાર' શબ્દથી (એમ જણાવેલું છે કે) બધાએ વર્ણના અને વર્ણબહારના સ્ત્રી શૂદ્ર તથા દ્વિજબંધુઓનો[1] ઉપયોગ જાણીને પુરાણ રચ્યું. આ[2] વિચારવા યોગ્ય છે.

૧. માત્ર જન્મથી બ્રાહ્મણ પણ કર્મથી શૂદ્ર જેવો હોય તે દ્વિજબંધુ કહેવાય છે.
૨. 'આ' એટલે 'સર્વનો (ઉપયોગ) જોનાર' શબ્દનું તાત્પર્ય. (પ્ર)

ચાર હોમ કરનારનાં કર્મ વિગેરે પણ કહેલાં હોવાથી, નીચેના શ્લોકમાં તેઓની ઉત્પત્તિનો ક્રમ પણ કહે છે :

**ષોડશ્યુક્થૌ પૂર્વવક્ત્રાત્પુરીષ્યગ્નિષ્ટુતાવથ ।।**
**આપ્તોર્યામાતિરાત્રૌ ચ વાજપેયં સગોસવમ્ ।।૩૯।।**

પૂર્વ મુખમાંથી ષોડશી અને ઉકથ, પછી પુરીષી અને અગ્નિષ્ટુત આપ્તોર્યામ તથા અતિરાત્ર અને ગોસવ સાથે વાજપેય (પ્રકટ થયા.) ૩૯.

'અગ્નિષ્ટોમમાં ક્ષત્રિયનું ગ્રહણ કરવું' એવી, અને 'ષોડશી નામનો ખરેખર યજ્ઞ નથી' એવી શ્રુતિઓ હોવાથી ષોડશી સર્વને ઉપયોગી હોવાથી[1] પહેલો કહેલો છે. વળી (ષોડશી અને ઉકથ) બંને સર્વને ઉપયોગી હોવાથી તે બંનેને પૂર્વ મુખમાંથી ઉત્પન્ન કર્યા. 'અગ્નિષ્ટુત્' એટલે અગ્નિષ્ટોમ. પુરીષીના અગ્નિઓ એકત્ર થએલા હોય છે. 'પુરીષ[2]' આને છે તે પુરીષી. પુરુષી અને અગ્નિષ્ટુત્ તે 'પુરીષ્યગ્નિષ્ટુતૌ', એવો અંતે સમાસવાળો (આ શબ્દ છે). આપ્તોર્યામ અતિરાત્રનોજ પ્રકાર છે, (એટલે) પ્રકાર સાથે અતિરાત્ર (પ્રકટ થયો), એવો અર્થ છે. વાજપેય પણ ઘણું ફલ આપનાર સ્વતંત્ર (યજ્ઞ) છે, અને 'ગોસવ' એટલે ગાયો માટેનો યજ્ઞ. તે બે પણ (પ્રકટ થવામાં) સાથે હતા. ૩૯.

૧. 'અમુક યજ્ઞ હોય તે પહેલાં કહેવો' એવું પ્રયોજન હોત, તો અગ્નિષ્ટોમ પ્રથમ યજ્ઞરૂપ હોવાથી તેને જ પહેલો કહેત. તેથી સર્વને ઉપયોગી હોય તેજ પહેલા કહેલા છે. અહિં કહેલી બે શ્રુતિઓ તૈત્તિરીયોના છઠ્ઠા અષ્ટકના અંતે છે. ત્યાં 'ષોડશી' શબ્દની વ્યુત્પત્તિ કહીને તે સર્વને ઉપયોગી હોવાનું સ્પષ્ટ જણાવેલું છે. (પ્ર)
૨. વેદમાં આ શબ્દનો અર્થ 'જલ' થાય છે.

આ વિદ્યા વિગેરે ચાર ધર્મના ચરણો છે એમ કહે છે :

**વિદ્યા દાનં તપઃ સત્યં ધર્મસ્યેતિ પદાનિ ચ ।।**

**આશ્રમાંશ્ચ યથાસઙ્ખ્યમસૃજત્સહ વૃત્તિભિઃ ।।૪૦।।**

અને વિદ્યા દાન તપ અને સત્ય એ ધર્મના ચરણો તથા સંખ્યા પ્રમાણેની વૃત્તિઓ સાથે આશ્રમો ઉત્પન્ન કર્યા. ૪૦.

આ વિદ્યા વિગેરે ચાર ધર્મના ચરણો છે. 'વિદ્યા' એટલે જ્ઞાન. તુલાપુરુષ[1] વિગેરે દાન. (દેહને) કષ્ટ આપવું વિગેરે તપ. સત્ય બોલવું તે સત્ય. 'પદાનિ' માં 'પદ' (ચરણ) શબ્દ છે. 'ચ' 'અને' શબ્દથી એમ જણાવ્યું છે કે ધર્મ ભગવદ્રૂપ હોવાથી, ધર્મના બીજા પણ ચરણો છે. 'તથા વૃત્તિઓ સાથે આશ્રમો ઉત્પન્ન કર્યા' શબ્દોથી એમ જણાવેલું છે કે ચાર વૃત્તિઓ સાથે એક ( રેક) આશ્રમ એક મુખમાંથી ઉત્પન્ન થયો. ૪૦.

૧. પુરુષનો સુવર્ણથી તોલ કરી તે સુવર્ણનું દાન કરવું તે.

તે પૈકી બ્રહ્મચારીની ચાર વૃત્તિઓ નીચેના શ્લોકમાં કહે છે :

**સાવિત્ર્યં પ્રાજાપત્યં ચ બ્રાહ્મ્યં ચાથ વૃહત્તથા ।।**
**વાર્તાસંચયશાલીનશિલોઞ્છ ઈતિ વૈ ગૃહે ।।૪૧।।**

સાવિત્ર્ય અને પ્રાજાપત્ય, બ્રાહ્મ તેમજ બૃહત્ (બ્રહ્મચારીની વૃત્તિઓ છે). ઘરમાં (ગૃહસ્થાશ્રમમાં) વાર્તા, સંચય, શાલીન અને શિલોંછ એ (વૃત્તિઓ છે). ૪૧.

જનોઈ આપેલાને મૌન વિગેરે સાથેનો ગાયત્રીનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો ત્રણ રાતનો સમય 'સાવિત્ર્ય' છે. પછી એક વર્ષ સુધી વેદનું વ્રત રાખવું તે 'પ્રાજાપત્ય'. વેદ શીખવારૂપ 'બ્રાહ્મ્ય'. બ્રહ્મચર્ય રાખવું તે 'બૃહત્'. ઉત્તરાર્ધમાં ગૃહસ્થની ચાર વૃત્તિઓ કહે છે. (૧) ખેતી વિગેરે ચાર[1] 'વાર્તા' (કહેવાય છે). (૨) ભણાવવું વિગેરેથી પ્રાપ્ત કરેલાં ધનનો સંગ્રહ 'સંચય' છે. (૩) થોડું ધાન માગવું તે 'શાલીન'. ભટકતો ભિખારી, એવો (તેનો) અર્થ છે. (૪) 'શિલોંછ'. ખળામાં પડેલાં ધાનનો એક એક (દાણો) હાથથી ઉપાડવો તે 'શિલા', (અને) ગૃહસ્થના ઘરમાં ખાંણીઓ વિગેરે સ્થલે પડેલું ધાન વિગેરે લેવું તે 'ઉંછન'. ૪૧.

૧. ખેતી, વેપાર, ગાયોનું પાલન અને વ્યાજવટાવ.

નીચેના શ્લોકમાં વનમાં રહેનારની ચાર વૃત્તિઓ કહે છે :

**વૈખાનસા વાલખિલ્યૌદુમ્બરાઃ ફેનપા વને ।।**
**ન્યાસે કુટીચરઃ પૂર્વં બહ્વોદો હંસનિષ્ક્રિયૌ ।।૪૨।।**

વાનપ્રસ્થમાં વૈખાનસ, વાલખિલ્ય, ઔદુમ્બર અને ફેનપા (ચાર વૃત્તિઓ) છે. સંન્યાસમાં પહેલાં કુટીચર, બહ્વોદ, હંસ અને નિષ્ક્રિય એ ચાર વૃત્તિઓ છે. ૪૨.

'વિખનસાઃ' બ્રહ્માએ વનમાં રહીને ભગવાનનું ભજન ( કરવું) વિગેરેનો જેનો વૈખાનસ સૂત્રમાં ઉપદેશ કરેલો છે તે કર્મ કરનારા, દૈવથી પ્રાપ્ત થતી આજીવિકા

ઉપર જીવનારા 'વૈખાનસો' છે. પાંચ અગ્નિઓ રાખનાર, સૂર્યથી પાકેલું અન્ન ખાનાર, વનમાં રહેનાર અને વનમાં ઉગેલું ખાનાર તપસ્વીઓ 'વાલખિલ્યો' છે. નખ વાળ વિગેરે રાખનાર, મલ ધારણ કરનાર અને વૃક્ષનાં ફલો ઉપર જીવન નભાવનાર 'ઔદુમ્બરો' સદા વનમાં રહેનારા હોય છે. વાયુ અને જલનું ભક્ષણ કરનાર 'ફેનપો' છે. પહેલાં પ્રાપ્ત થએલ તપોવન વિગેરેનો વાસ ચાલુજ રહે છે.

ઉત્તરાર્ધથી સંન્યાસીઓની ચાર વૃત્તિઓ કહે છે. 'ન્યાસે' સંન્યાસમાં 'કુટીચર' પહેલું નિરૂપણ કરવા યોગ્ય[૧] છે. આયુષ્યના ભાગના અનુક્રમે ચાર આશ્રમો (કરવા) એ મત પ્રમાણે પંચોતેર વર્ષ પછી સદા સંન્યાસ હોય છે. તેમાં બ્રાહ્મણપણું, આયુષ્ય અને પહેલાના આશ્રમ પછી હોવાપણું (નિત્ય સંન્યાસ) કરાવનારા છે, જ્ઞાન વિગેરે[૨] (તેવા) નથી. 'છત્રીસ વર્ષનું બ્રહ્મચર્ય' એમ વેદના અભ્યાસના સમયસંબંધી મતમાં પણ વિકલ્પ છે[૩]. 'દ્વિજે આયુષ્યનો પહેલો ચોથો ભાગ ગુરુના ઘેર રહીને, આયુષ્યના બીજા ભાગમાં સ્ત્રી પરણી ઘરમાં વાસ કરવો' એ (મનુસ્મૃતિ. ૪-૧) મનુના વાક્ય પ્રમાણે એક એક અથવા બધા (આશ્રમો કરવા) એવા મતો નક્કી કરેલા[૪] છે. તે[૫] પૈકી બ્રાહ્મણે ચારે આશ્રમ અનુક્રમે કરવા એવો, બધા આશ્રમો કરવાનો મત નિત્ય છે. તેજ અહિં બ્રહ્માએ સિદ્ધ કરેલ છે એમ કહે છે. એક એક (આશ્રમ કરવો)[૬] એવો મત કામ્ય છે[૫].

કેટલાક એમ કહે છે કે[૭] અધિકારના ભેદને લીધે સાધારણ[૮] (પુરુષોએ) ચારે (આશ્રમ કરવાના) છે. બ્રહ્મચર્ય પાળનાર ભક્તોએ સદા બ્રહ્મચર્ય પાળવું. તેઓનો (આ) એકજ આશ્રમ છે. તે પ્રમાણે વૈરાગ્યરહિત અને પ્રબલ કામવાળાને ગૃહસ્થાશ્રમજ (આશ્રમ) છે. (સર્વ ઉપર) ઉપકાર કરતાં શક્તિપ્રમાણે વેદોનો અભ્યાસ કરી, વિધિ પ્રમાણે સ્ત્રી પરણી, જીવતાં સુધી તેણે અગ્નિહોત્ર હોમ કરવો. વધારે કહેવાથી શું? શરીરનો નાશ થાય ત્યાં સુધી અગ્નિહોત્ર કરવાની પણ તેને માટે શાસ્ત્રની આજ્ઞા છે. તેથીજ[૯] આપસ્તંબ સ્મૃતિ લખનારે બધા આશ્રમોમાં ઉદ્વેગ વિના ફલ પ્રાપ્ત થાય તે માટે બધા આશ્રમો સરખા હોવાનું કહેલ છે, અને પ્રજાની નિંદા કરનારાં વાક્યો[૧૦] બ્રહ્મચર્ય પાળનારની પ્રશંસા કરવા લખેલાં હોવાનું (કહેલું છે), કારણકે તેમ ન હોય[૧૧] તો શ્રુતિઓમાં પરસ્પર વિરોધ થાય. બ્રાહ્મણોએ એક ભાગથી પણ શ્રુતિઓનું ઉલ્લંઘન કરવું ન જોઈએ. તેવી રીતે વાનપ્રસ્થ (એક આશ્રમ) હોય ત્યારે શક્તિ પ્રમાણે બ્રહ્મચર્યથી વેદનો અભ્યાસ કરીને દેહ પડે ત્યાં સુધી વનમાં વાસ અને તપ કરવાં. સંન્યાસ (એક આશ્રમ હોય તે)માં પણ, પહેલાના જન્મમાં

આયુષ્યના ભાગના અનુક્રમથી સંન્યાસ ધારણ કરેલ અને જ્ઞાન પ્રાપ્ત કરેલ, દૃઢ વૈરાગ્યવાળા અને સદા આત્માનું ચિંતન કરનાર (પુરુષ)નો ભગવાનમાં પ્રેમ ન હોવાથી સત્પુરુષોને ઘેર ફરીથી જન્મ થાય છે. તેને જન્મના સંબંધથી પહેલાનું જ્ઞાન તિરોહિત થએલા જેવું હોય છે, ત્યારે પછીના જન્મમાં તેને ઉપવીત અપાય છે. (પછી) જ્યારે વેદનો અભ્યાસ કરવામાં આવતાં પહેલાનું જ્ઞાન જાગ્રત થાય, ત્યારે 'જે દિવસે વૈરાગ્ય થાય, તેજ દિવસે સંન્યાસ ધારણ કરવો' એ શ્રુતિના અર્થ પ્રમાણે વર્તન કરવું યોગ્ય છે. પછી દેહ પડે ત્યાં સુધી તે (સંન્યાસ) આશ્રમજ રાખવો જોઈએ. તેમ ન કરે તો પતિત થાય. તેથી[૧૨] પણ (અધિક) ઉપવીત લીધા પહેલાંજ પહેલાનાં જ્ઞાન અને વૈરાગ્ય જાગ્રત થાય, તો શુક વિગેરેની અથવા સનક વિગેરેની પેઠે આશ્રમ વિનાનો રહે છે. તેની[૧૨] વેદમાં અને ભગવચ્છાસ્ત્રમાં નિંદા કરેલી છે. તેથીજ સનક વિગેરે ઉપર બ્રહ્માએ ક્રોધ કરેલો. (સનક વિગેરેએ) બ્રહ્માના પુત્રો હોવા છતાં, મનુષ્યની સ્થિતિ પ્રાપ્ત કરી, (અને) તેનાથી પણ (હલકું) દૈત્યપણું (પ્રાપ્ત કર્યું). પ્રહ્લાદના જેવા[૧૩] (દૈત્યો) થયા, તેમાં પણ દુઃખ (પ્રાપ્ત થયું). પહેલાનાં જન્મમાં જ્ઞાન વિગેરે પ્રાપ્ત થએલ હોવા છતાં પણ શુકે તો આ વિઘ્ન જાણીને, (પોતાનાં) બે દેહો કરીને[૧૩], એક દેહથી બ્રહ્મચર્ય રાખી વેદોનો અભ્યાસ કરી, ગૃહસ્થાશ્રમમાં પુત્રો ઉત્પન્ન કરીને, પાછું (બે દેહોને) એક કર્યા, અને દેહ પડ્યો ત્યાં સુધી ભગવાનમાં આસક્ત રહ્યો. તેનો અહિં મર્યાદામાં વૈદિક માર્ગમાં આદર થતો[૧૪] નથી.

તેમાં[૧૫] જે આયુષ્યના ભાગના ક્રમ પ્રમાણે ચાર (આશ્રમો) કરે છે, તે વનવાસ પછી પુત્રો વિગેરેએ બનાવેલી કુટી (ઝુંપડી)માં પુત્રો વિગેરેથીજ પાલન કરાતો આત્માનું ચિંતન કરનાર[૧૬] 'કુટીચર' થાય છે. વનમાં રહેનાર થઈ, પુત્ર વિગેરેની જરુર ન રાખતાં સ્વતંત્ર રીતે જો સંન્યાસ આચરે, તો તે 'બહ્વોદ' થાય છે. (તે) કોઈ ઉત્તમ તીર્થમાં સર્વની જરુર રાખ્યા વિના તીર્થવાસી[૧૭] થાય છે. તે વનમાં (રહેવામાં) પણ બે મતો છે. (૧) જો પત્ની સાથે અને અગ્નિ સાથે વનમાં જાય, તો ભવિષ્યમાં (સંન્યાસ લેવાના સમયે) પત્નીને પુત્રો પાસે રાખી, પોતે 'કુટીચર' થાય. (૨) જો પહેલાંજ વનવાસ કરવા માટેજ પત્ની વિગેરે તજેલાં હોય, તો (વાનપ્રસ્થ રહે) ત્યાં સુધી તપ કરી, પછી સંન્યાસ લઈ, 'બહૂદક (બહ્વોદ)' થાય. જો ઉપર કહેલા પ્રકારે બ્રહ્મચર્ય પછી તરતજ જ્ઞાન વિગેરે પ્રાપ્ત થાય, તો સંન્યાસમાં 'હંસ' થાય. તેણે તીર્થોમાં સર્વ સ્થલે એકરાત (રહેવા)ની રીત પ્રમાણે (સર્વની) જરુર વિના ભમવું જોઈએ. તેને મૌન, ઈચ્છાનો અભાવ, વાયુ[૧૮] એ સંયમરૂપ દંડો સદાના[૧૯] છે. તેમાં[૨૦]

પણ પહેલાના જન્મમાંજ જ્ઞાન વિગેરે પ્રાપ્ત કરી, હંસ થઈ જે મરણ પામે છે, તેણે પાછલથી યોગથી ભ્રષ્ટ થતાં મોટા (પુરુષ)ને ઘેર ઉત્પન્ન થઈ, દ્વિજાતિના સંસ્કારો પ્રાપ્ત કરી જડભરતની પેઠે રહેવું યોગ્ય છે. તે 'નિષ્ક્રિય' છે. તેણે કપડાં તજેલ[21] હોય છે, (તેનું) લિંગ પ્રકટ હોતું નથી. તેણેજ ઋષભ જેવું આચરણ (કરવાનું હોય છે). જેમ અલૌકિક (પુરુષ)ને (લોકનો સંબંધ થતાં તે પતિત થાય છે), તેમજ તેને લોકનો સંબંધ થતાં તે પતિત થાય છે. તેને મોક્ષ (પ્રાપ્ત થાય છે). તેનો ધર્મ હલકા (પુરુષે) આચરવો નહિ[22]. તેથી અધિકારની વ્યવસ્થા પ્રમાણેજ (સંન્યાસની) ચાર વૃત્તિઓ છે એમ કહે[23] છે.

ઉત્તમ (પુરુષ) પણ જો ઉત્તમ (વૃત્તિ) આચરી ન શકે, તો તેણે આરંભમાં 'કુટીચર' થઈ, ધીરે ધીરે નિષ્ક્રિય થવું, એવો સિદ્ધાંત છે. તે પ્રમાણે પહેલાના આશ્રમોમાં પણ, પહેલાં (તે તે આશ્રમની) ઉત્તમ ગતિ પ્રાપ્ત કરવી, અથવા બીજા આશ્રમોમાં ઉત્તમ ગતિ પ્રાપ્ત કરવી, એવો (સિદ્ધાંત છે). ૪૨.

૧. '''જ્યારે વૈરાગ્ય થાય, તેજ દિવસે સંન્યાસ લેવો' એમ શ્રુતિ કહેતી હોવાથી વૈરાગ્ય થતાંજ હંસરૂપ થવાય, છતાં ચાર વૃત્તિઓ કેમ કહી ?'' એવો પ્રશ્ન થાય તેથી પહેલાં 'કુટીચર'નું નિરૂપણ કરવાનું પ્રયોજન કહેલું છે. (પ્ર)

૨. 'વિગેરે' શબ્દથી વૈરાગ્યનો સમાવેશ કરેલો છે. તેથી નિત્ય સંન્યાસ થાય એવા મત પ્રમાણે વૈરાગ્ય જ્ઞાન વિગેરે તો (સંન્યાસ)ના અંગ ન હોવાથી, સંન્યાસ આશ્રમનું કર્મ જેમાં મુખ્ય છે તેવા 'કુટીચર'નું પહેલું નિરૂપણ કરવું જોઈએ, એવો અર્થ છે. (પ્ર)

૩. ''બ્રહ્મચર્ય છત્રીસ વર્ષ સુધી પાળવાનું પણ કહેલ હોવાથી, આયુષ્યના ભાગના ક્રમે આશ્રમ કરવો યોગ્ય નથી'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. મનને આનંદ થાય તેવો આશ્રમ કરવો એમ કહેલ હોવાથી, આયુષ્યના ભાગના ક્રમે આશ્રમ કરવો એવો મતજ મુખ્ય છે. બીજા પક્ષ કોઈ કોઈ પ્રસંગે કરવાના છે. તેથી 'કુટીચર'નું પહેલાં નિરૂપણ કરવું યોગ્યજ છે. (પ્ર)

૪. ''બીજા પક્ષ કોઈ પ્રસંગે કરવાનાજ હોય તો તે જરુરી ન હોવાથી શ્રુતિનો વિરોધ થાય'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. નિત્ય અને કામ્ય એવા ભેદથી બે પક્ષો નક્કી કરેલા છે. એવી વ્યવસ્થાને લીધે જૂદા પક્ષ થતા હોવાથી શ્રુતિનો વિરોધ થતો નથી. એવો અર્થ છે. (પ્ર)

૫ – ૫. આ ભાગથી નોટ ૪ માં કહેલો અર્થ સ્પષ્ટ કરેલો છે. (પ્ર)

૬. 'એક એક આશ્રમ કરવો' એટલે યોગ્ય હોય તે પ્રમાણે જીવતાં સુધી એકજ આશ્રમમાં રહેવું તે. (પ્ર)

૭. આ પેરાથી વ્યવસ્થા સંબંધી બીજો મત કહે છે. આ શ્રીધરનો મત નથી. પોતાના આશ્રમનું કર્મ જેને મુખ્ય છે તે કુટીચર, કર્મ તજી જ્ઞાનને મુખ્ય ગણનારા બહ્વોદ, જ્ઞાનના અભ્યાસમાં ગરકાવ થએલ હંસ, અને જેણે તત્ત્વ પ્રાપ્ત કરેલ હોય તે નિષ્ક્રિય. આ બધા પછી પછીના ઉત્તમ છે. એવું આ મતમાં કહેલ છે. તેથી બીજા ઋષિઓનો આ મત છે એમ જાણવું. (પ્ર)

૮. 'સાધારણ' એટલે એક એક અધિકાર પૂરો પ્રાપ્ત કરેલ ન હોય તેવા. (પ્ર)

૯. 'તેથીજ' એટલે હરકોઈ એક આશ્રમ જ ફલ પ્રાપ્ત કરાવતો હોવાથી જ. (પ્ર)
૧૦. 'કર્મથી નહિ, તેમજ પ્રજાથી નહિ, ધનથી અને દાનથી કેટલાકે અમૃતપણું પ્રાપ્ત કર્યું' 'કેટલાક કાવષેય ઋષિઓએ કહેલું છે કે જેમને આ આત્મા નથી તથા આ લોક નથી, તેવી પ્રજાથી અમે શું કરવાના ?' વિગેરે પ્રજાની નિંદાના વાક્યો છે. (પ્ર)
૧૧. 'તેમ ન હોય તો' એટલે જીવતાં સુધી એક આશ્રમ કરવો એવો મત ન સ્વીકારીએ તો. તેથી જો વૈરાગ્ય જરાએ ન હોય તો સદા ગૃહસ્થાશ્રમ કરવો એવો મત છે. (પ્ર)
૧૨. અહિંથી બીજો પક્ષ (આશ્રમરહિત હોવાનો) કહેલ છે. 'તેની' એટલે આ આશ્રમરહિત રહેવાના પક્ષની. (પ્ર)
૧૩. આ બીજા પુરાણમાં કહેલ વૃત્તાંત છે. (પ્ર)
૧૪. શુક સિવાયનાની તેવી શક્તિ ન હોવાથી, આદર થતો નથી. (પ્ર) મર્યાદામાર્ગમાં મર્યાદાનો ભંગ થાય તેવા કાર્યનો આદર થતો નથી, એવો ભાવ જણાય છે.
૧૫. નિત્ય અને કામ્ય બે પક્ષો સિદ્ધ કરી, ચાલુ પ્રસંગમાં અહિંથી 'કુટીચર' વિગેરેના સ્વરૂપ સમજાવે છે. (પ્ર)
૧૬. 'યોગથી આત્માનું દર્શન કરવું એ ઉત્તમ લાભ છે' એ વાક્ય પ્રમાણે સંન્યાસના ધર્મ બનેલ આત્મચિંતન કરનાર. (પ્ર)
૧૭. તીર્થમાં જલ મુખ્ય હોવાથી 'બહ્વોદ' (ઘણા જલવાળો) શબ્દની વ્યુત્પત્તિ સાર્થક થાય, તે માટે તીર્થવાસી થાય છે, એવો અર્થ છે. (પ્ર)
૧૮. મનુસ્મૃતિ ૧૨-૧૦ માં આ ત્રણ દંડો કહેલા છે. 'વાગ્દંડ' એટલે મૌન. 'મનોદંડ' એટલે વાયુ (તાપ અને વૃષ્ટિ સહન કરવાં તે). આ ત્રણ સંયમ રાખવા એ ત્રિદંડ હોય એમ જણાય છે.
૧૯. હંસ ત્રિદંડી છે, એવો અર્થ છે. (પ્ર)
૨૦. અહિંથી પરમહંસનો અધિકાર કહે છે. (પ્ર)
૨૧. 'મુક્તં' એટલે માર્ગમાં પડેલ વસ્ત્ર વિગેરે (તેના કપડાં છે). (પ્ર) 'મુક્તં' એટલે તજી દીધેલ, એવો અર્થ જણાય છે. પરમહંસને કપડાંની જરૂર નથી, કારણ કે લિંગ (જાતિનું ચિહ્ન) પણ તેનું જણાતું નથી.
૨૨. આથી એમ જણાવ્યું છે કે હાલના પરમહંસો આશ્રમનું વિડંબન કરનાર ધર્મના ઠગોજ છે. (પ્ર)
૨૩. 'કહે છે' એટલે શાસ્ત્ર જાણનારાઓ કહે છે. (પ્ર)

એ પ્રમાણે આશ્રમો જણાવીને 'ઉપવેદો અને નય સહિત' (શ્લો. ૩૫) એમ કહેલું હોવાથી, નીચેના શ્લોકમાં જૂદી જૂદી નીતિઓ કહે છે :

**આન્વીક્ષિકી ત્રયી વાર્તા દણ્ડનીતિસ્તથૈવ ચ ।।**
**એવં વ્યાહૃતયશ્ચાસન્ પ્રણવો હ્યસ્ય હૃદ્ગતઃ ।।૪૩।।**

આન્વીક્ષિકી, ત્રણ વેદો, વાર્તા અને દંડનીતિ તેવીજ રીતે (પ્રકટ થયા). એવી રીતે વ્યાહૃતિઓ પ્રકટ થઈ, અને પ્રણવ આમના હૃદયમાંથી નીકળ્યા. ૪૩.

'અન્વીક્ષિકી[1]' તે અન્વીક્ષા, તેના સંબંધવાળી નીતિ એટલે મર્યાદા

'આન્વીક્ષિકી' કહેવાય છે, આ બ્રાહ્મણોનીજ અને તેઓમાં પણ ઉત્તમ આશ્રમવાળાઓનીજ નીતિ છે. 'ત્રયી' એટલે ત્રણ વેદો, વેદને અનુસરીને જ વ્યવહાર કરવો, અને યજ્ઞની ક્રિયા વિગેરે વૃત્તિ. આ[2] ક્ષત્રિયોની મુખ્ય વૃત્તિ છે. ખેતી, ગાયોની રક્ષા, વેપાર અને ધીરધારરૂપ ચાર પ્રકારની 'વાર્તા' વૈશ્યોની મુખ્ય (વૃત્તિ) છે. 'દંડનીતિ' એટલે દંડનો પ્રકાર અથવા દંડ કરવા માટેની નીતિ. જો કે આ રાજાનો ધર્મ છે છતાં પણ સંપૂર્ણ રીતે શૂદ્રોનેજ દંડ કરી શકાય છે, તેથી તેઓમાં રહેલી (વૃત્તિ=ક્રિયા) છે. એવી રીતે નીતિ ચાર પ્રકારની છે. જો કે આન્વીક્ષિકી એટલે આત્મવિદ્યા અને 'ત્રયી' એટલે ત્રણ વેદો અને યજ્ઞો તે[3] માટે (કરવામાં આવે છે), છતાં પણ તે બ્રાહ્મણો વિગેરે અથવા પરમહંસો વિગેરેએ લૌકિકમાં પણ આત્મચિંતન વિગેરેજ કરવાં જોઈએ. પરંતુ સદા અલૌકિક (વિષય)માં (જ) કરવાનાં નથી; તેથી આ પ્રયોજનને લીધે તે (આન્વીક્ષિકી અને ત્રયી) બેને નીતિશાસ્ત્રમાં પણ ગણાવેલાં છે. 'તેવીજ રીતે' એટલે ઉપર કહ્યું તે પ્રમાણે પૂર્વ વિગેરે મુખોમાંથીજ પ્રકટ થયા, એવો અર્થ છે.

એવી રીતે સાત્ત્વિક બુદ્ધિમાં, આધ્યાત્મિક તરીકે વેદ વિગેરેની ઉત્પત્તિ કહીને આધિદૈવિક શબ્દબ્રહ્મનું સ્વરૂપ જણાવવા માટે આરંભમાં ઉત્તરાર્ધથી વ્યાહૃતિઓની[4] ઉત્પત્તિ કહે છે. જો કે ગાયત્રી વ્યાહૃતિઓ અને પ્રણવ વેદમાંજ જણાવેલા છે. સમૂહ અને જૂદી જૂદી એવા ભેદથી (વ્યાહૃતિઓ) ચાર (થાય[5] છે). સાત[6] વ્યાહૃતિઓ છે એવા મત પ્રમાણે પણ પહેલી ત્રણનો સમૂહ આઠમી થાય છે. 'ચ' 'અને' શબ્દથી પ્રથમ પ્રણવ પણ (પ્રકટ થયાનું કહેલું છે). તે ચાર પ્રકારનો ન હોવાથી, માત્ર (બ્રહ્માના) હૃદયમાં રહેલો, (અને) હૃદયમાંથીજ પ્રકટ થયો. તેથીજ બ્રહ્માએ પ્રણવનો ઉચ્ચાર કરેલો નહિ, પરંતુ '' 'ૐ' અને 'અથ' આ બે શબ્દો પહેલાં બ્રહ્માના કંઠને ભેદીને બહાર નીકળેલા, તેથી (તે) બંને માંગલિક છે'' એ વાક્ય પ્રમાણે પ્રણવ (ૐ) પોતાની મેળેજ (બ્રહ્માના હૃદયમાંથી) બહાર નીકળેલો. ૪૩.

૧. 'અન્વીક્ષણ' એટલે મનન (પ્ર) આત્મચિંતન.
૨. 'આ' એટલે દ્રવ્યથી યજ્ઞ કરવા તે. (પ્ર)
૩. 'તે માટે' એટલે આત્મવિદ્યા માટે. (પ્ર)
૪. 'વ્યાહૃતિ' શબ્દનો અર્થ શબ્દ પણ થાય છે, સંધ્યા કરતાં વ્યાહૃતિઓનો ઉચ્ચાર થાય છે.
૫. 'ભૂર ભુવઃ સ્વઃ' એ ત્રણ વ્યાહૃતિઓ છે, એ ત્રણના સમૂહને અહિં ચોથી વ્યાહૃતિ કહેલી છે. પૂર્વ વિગેરે મુખથી આ ચાર નિકળી. (પ્ર)
૬. 'ભૂર, ભુવઃ, સ્વઃ, મહઃ, જનઃ, તપઃ, સત્યમ્' એ સાત ઉપરના લોક છે. તેજ સાત વ્યાહૃતિઓ હોવાનો કેટલાકનો મત છે.

નીચેના દોઢ શ્લોકથી સાત છંદોની ઉત્પત્તિ કહે છે :

**તસ્યોષ્ણિગાસીલ્લોમભ્યો ગાયત્રી ચ ત્વચો વિભોઃ ।।**
**ત્રિષ્ટુમ્માંસાત્સ્નુતોઽનુષ્ટુબ્જગત્યસ્થ્નઃ પ્રજાપતેઃ ।।**
**મજ્જાયાઃ પંક્તિરુત્પન્ના બૃહતી પ્રાણતોઽભવત્ ।।૪૪।।**

તે સમર્થ પ્રજાપતિના રૂંવાડામાંથી ઉષ્ણિક્ અને ત્વચામાંથી ગાયત્રી, માંસમાંથી ત્રિષ્ટુપ્, સ્નાયુમાંથી અનુષ્ટુપ્, હાડકામાંથી જગતી, મજ્જામાંથી પંક્તિ (અને) પ્રાણમાંથી બૃહતી ઉત્પન્ન થયાં. ૪૪.

ચામડીમાંથી નીકળેલા રૂંવાડામાંથી ઉષ્ણિક્ પ્રકટ થઈ. આ સાત છંદોએ ઓછું વધારે ગૌરવ પ્રાપ્ત કરેલું[1] છે. ઉત્પત્તિ અને યોગ્યતાનો વિચાર કરતાં, તેઓમાં ગાયત્રી અને બૃહતી ઉત્તમ છે. તે પૈકી ગાયત્રી ૨૪ અક્ષરની છે, ઉષ્ણિક્ ૨૮ અક્ષરની, અનુષ્ટુપ્ ૩૨ અક્ષરની, બૃહતી ૩૬ અક્ષરની, પંક્તિ ૪૦ અક્ષરની, ત્રિષ્ટુપ્ ૪૪ અક્ષરની અને જગતી ૪૮ અક્ષરની છે. તેઓ પૈકી ગાયત્રીના ત્રણ પાદો છે, બીજીઓના ચાર પાદો છે. તેમાં ઉષ્ણિકના દરેક પાદમાં સાત અક્ષરો હોય[2] છે. તેથી તે પહેલી કહેલી છે.

અથવા ઉત્પત્તિ પ્રમાણે આ વિષયમાં વિચાર કરવો જોઈએ. ત્યાં બ્રહ્માના દેહમાં ધાતુઓ સૂક્ષ્મ અને સ્થૂલ એવા ભેદવાળી હોવાથી છંદોમાં સ્થૂલ અને સૂક્ષ્મ એવા ભેદો (થયા છે), અને ધાતુઓના ક્રમથી જ ઉત્પત્તિનો ક્રમ થએલો છે. ઉત્પત્તિ સંબંધી વિચાર કરતાં, (ગાયત્રીથી) સોમ આણેલો હોવાથી ગાયત્રી પ્રસિદ્ધ થએલી છે. યોગ્યતા પ્રમાણે વિચાર કરતાં બૃહતી થોડા અક્ષરવાળી[3] હોવા છતાં, 'તેણે બૃહતિને થાબડી' વિગેરે શ્રુતિમાં બૃહતીનું માહાત્મ્ય કહેલું હોવાથી, તે (બીજા) બધા છંદો કરતાં વધારે પ્રભાવશાળી હોવાથી, તેને 'બૃહતી' નામ પ્રાપ્ત થયું. તેની ઉત્પત્તિ પ્રાણમાંથી અને સર્વની પછી કહેલી છે. હાડકાં ઘણાં[4] હોવાથી (તેમાંથી) જગતીની ઉત્પત્તિ થઈ. તેમના કરતાં માંસ ઓછું હોવાથી ત્રિષ્ટુપની ઉત્પત્તિ થઈ. તેનાથી મજ્જા ઓછી હોવાથી, તેમાંથી તેથી હલકી (ઓછા અક્ષરવાળી) પંક્તિની ઉત્પતિ થઈ. વચ્ચે જગતીનું નિરૂપણ કરેલું છે જ. 'સ્નુતઃ' સ્નાયુમાંથી અનુષ્ટુપની ઉત્પત્તિ થઈ. ત્વચા કરતાં ચામડી અધિક હોવાથી, રુંવાડા બહાર રહેલાં હોવાથી સ્પષ્ટ રીતે અધિક દેખાતાં હોવાથી, ઉષ્ણિક્ પહેલી[5] કહી. મજ્જા કરતાં પણ પ્રાણો અંદર રહેલા હોવાથી, (પ્રાણમાંથી ઉત્પન્ન થએલી બૃહતી મજ્જામાંથી ઉત્પન્ન થએલી પંક્તિ) પછી કહેલી છે. ૪૪.

૧. અક્ષરો વધારે ઓછા હોવાથી, તથા ગૌરવ વધારે ઓછું હોવાથી, ઓછું અથવા વધારે ગૌરવ છે.

(પ્ર)
૨. બધા છંદ કરતાં, દરેક પાદમાં ઓછા અક્ષરવાળી છે. (પ્ર)
૩. પંક્તિ વિગેરે કરતાં થોડા અક્ષરવાળી. (પ્ર)
૪. સાત ધાતુઓમાં હાડકાં સર્વથી વધારે હોવાથી, તેમાંથી સર્વથી વધારે અક્ષરવાળી જગતીની ઉત્પત્તિ થઈ. એ પ્રમાણે તેનાથી ઓછી ધાતુમાંથી તેથી ઓછા અક્ષરવાળીની ઉત્પત્તિ થઈ એમ અનુક્રમે જાણવું. (પ્ર)
૫. ''ગાયત્રીમાં ઉષ્ણિક્ કરતાં વધારે અક્ષરો હોવા છતાં, તેના પાદ ઉષ્ણિકથી ઓછા હોવાથી તેને પહેલાં કેમ ન કહી ?'' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. 'પહેલી' એટલે ગાયત્રીના પહેલાં. (પ્ર)

એ પ્રમાણે શબ્દબ્રહ્મનું સાહિત્ય જણાવીને, નીચેના દોઢ શ્લોકમાં (તેના) દેહનું નિરૂપણ કરે છે :

**સ્પર્શસ્તસ્યાભવજ્જીવઃ સ્વરો દેહ ઉદાહૃતઃ ।।**
**ઊષ્માણમિન્દ્રિયાણ્યાહુરન્તઃસ્થા બલમાત્મનઃ ।।**
**સ્વરાઃ સપ્તવિહારેણ ભવન્તિ સ્મ પ્રજાપતેઃ ।।૪૫।।**

સ્પર્શ તેનો જીવ થયો. સ્વરને (તેનો) દેહ કહેલો છે. ઉષ્માઓને ઈન્દ્રિયો કહે છે. અંતઃસ્થો (તેનું) પોતાનું બલ છે. પ્રજાપતિના વિહારથી સાત સ્વરો થયા. ૪૫.

('ક' થી આરંભી 'મ' સુધીના) પચીસ (વ્યંજનો) સ્પર્શો છે. તે બધા ભેગા થએલા શબ્દબ્રહ્મના 'જીવ' એટલે '(શબ્દબ્રહ્મ) હું છું' એમ જે માને તેવા અભિમાનવાળા થયા. 'અ' વિગેરે સ્વરો સોળ છે, તેઓ દેહ (છે). 'કહેલો છે' શબ્દથી પ્રમાણ (જણાવ્યું). શ્,ષ્,સ્, અને હ્ ઉષ્માઓ છે. તે ચાર (શબ્દબ્રહ્મની) ઈન્દ્રિયો છે. 'કહે છે' શબ્દથી પણ પ્રમાણ (જણાવેલું છે). ય્ ર્ લ્ વ્ (એ) અંતસ્થો, તેના દેહનું બલ છે. એ પ્રમાણે ચારમૂર્તિવાળા (અક્ષરબ્રહ્મ)નું સ્વરૂપ કહ્યું. ઉદાત્ત[1] વિગેરેરૂપ બહારની (શબ્દબ્રહ્મની) ક્રિયા કહેતાં, કાર્ય અને કારણ જૂદાં નથી એમ જણાય તે માટે, 'વિહારથી સાત સ્વરો થયા' શબ્દોથી વિહારથી તેઓની ઉત્પત્તિ પણ કહે છે. 'વિહારથી' એટલે ગતિરૂપ લીલાથી. 'પ્રજાપતિના' શબ્દથી શબ્દબ્રહ્મનો અને આ (બ્રહ્મા)નો અભેદ કહ્યો, અથવા (બ્રહ્મા) શબ્દબ્રહ્મની સ્થિતિથી જગત્ ઉત્પન્ન કરે છે (એમ કહ્યું). ૪૫.

૧. ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એવા ત્રણ પ્રકારે સ્વરનો ઉચ્ચાર થાય છે. ઉંચો સ્વર ઉદાત્ત, નીચો અનુદાત્ત અને તે બેની વચલો સ્વરિત કહેવાય છે.

નીચેના શ્લોકમાં તે (વૃત્તાંત)જ કહેતાં ઉપસંહાર કરે છે :

**શબ્દબ્રહ્માત્મનસ્તસ્ય વ્યક્તાવ્યક્તાત્મનઃ પરમ્ ।।**
**વિભાતિ બ્રહ્મ વિતતં નાનાશક્ત્યુપબૃંહિતમ્ ।।૪૬।।**

સ્પષ્ટ અને અસ્પષ્ટ સ્વરૂપવાળા તે શબ્દબ્રહ્મનું બનેલું, વિસ્તારવાળું અને જૂદી જૂદી શક્તિઓની સમૃદ્ધિવાળું પરબ્રહ્મ પ્રકાશે છે. ૪૬.

'શબ્દ અને અર્થ બે (જૂદા જૂદા) પ્રકારના હોવાથી શબ્દબ્રહ્મથી જગત્ કેવી રીતે ઉત્પન્ન થાય? કારણ કે અર્થ (પદાર્થો) રૂપ જગત્ બ્રહ્મેજ ઉત્પન્ન કરેલું[૧] છે' એવો પ્રશ્ન થાય, તેથી 'બ્રહ્મ પ્રકાશે છે' એમ કહેલું છે. અર્થરૂપ જગત્ ઉત્પન્ન કરેલું હોવા છતાં, નામ વિના પ્રકાશતું (જણાતું) નથી, તેથી 'પ્રકાશે છે' એમ કહેલું[૨] છે. (બ્રહ્મ) મોટું અને પુષ્ટ હોવાથી આ બધું જગત્ વિસ્તારવાળું બ્રહ્મજ પ્રકાશે છે. બ્રહ્મ મોટું હોવાથી વિસ્તારવાળું છે અને પુષ્ટ હોવાથી જૂદી જૂદી શક્તિઓની સમૃદ્ધિવાળું[૩] છે. શબ્દબ્રહ્મ વિના પરબ્રહ્મનું પ્રકાશન થતું નથી[૪]. પરબ્રહ્મ પોતેજ પ્રકાશતું હોવા છતાં શબ્દબ્રહ્મથીજ તેનો પ્રકાશ (તેનું ભાન) થાય છે[૫]. 'જે જાણવામાં ન આવે તેમાં તે (શબ્દબ્રહ્મ=વેદ) પ્રમાણ છે' એ નિયમ પ્રમાણે, તે (પરબ્રહ્મ) પોતે પ્રકાશતું હોવાનું પણ વેદે (શબ્દબ્રહ્મે)જ કહેલું છે[૬]. 'ઇન્દ્રિયો પરથી વિમુખ રચેલી છે' વિગેરે વાક્ય પ્રમાણે, (બ્રહ્મ) જાણવામાં આવતું નથી. સૂર્યનું તેજ પોતે પ્રકાશતું હોવા છતાં પણ ઘૂવડ (તેને) જોતું નથી[૭]. (ન જોવામાં) કાંઈ આવરણ (હોવા)ની પણ જરુર નથી[૮], કારણ કે ઇન્દ્રિયોજ (તેને) ગ્રહણ કરતી નથી. નયનથી આકાશ દેખાય નહિ તેમાં[૯], અથવા (જીભને) રસનું ભાન ન થાય તેમાં[૧૦] કોઈ આવરણ હોતું નથી. 'તમારે બીજું આવરણ હતું' એમ જો કે આવરણ કહેલું છે[૧૧], છતાં તે પણ[૧૨] પોતાની મેળે પ્રકાશતા સર્વરૂપ મન અને નયન તથા ઘટમાં પ્રકાશતા (બ્રહ્મ)ને નહિ[૧૧]. હવે જો સંયોગ થાય[૧૩] ત્યારેજ તે આવરણ થાય છે એમ માને, તો ચક્ષુથી ગ્રહણજ થતું નથી[૧૪] એવોજ શ્રુતિનો અર્થ હો, આવરણનું શું પ્રયોજન ? 'તમારે બીજું' એમાં તો ભોગની ઇચ્છા વિગેરે ઉત્પન્ન થએલાં આવરણને[૧૫] નિંદા કરવા જણાવેલું છે, પરંતુ (ત્યાં) ભીંત વિગેરે જેવું આવરણ (કહેલું) નથી. જો કે માયાથી થતું (આવરણ) પહેલાં કહેલું છે, (છતાં) તેને પણ (બ્રહ્મનું) જ્ઞાન ન થવાથીજ[૧૬] (કહેલું છે). (ભાન ન થવાના) કારણ તરીકે કહેલું (આવરણ) પણ જૂદા જૂદા પ્રકારની સૃષ્ટિઓ કહેલી હોવાથી– (બ્રહ્મ) પોતે સૃષ્ટિરૂપ (થએલ હોય તે) સિવાયની સૃષ્ટિના પક્ષમાં ઘટે[૧૭] છે. તેથી શબ્દથી જ બ્રહ્મનું ભાન થાય છે[૧૮]. 'જ્યાંથી (જેને પ્રાપ્ત કર્યા વિના) વાણી (મન સાથે) પાછી ફરે છે' એ[૧૯] વાક્યમાં તો વાણી ઇન્દ્રિયરૂપ છે, શબ્દ પણ લૌકિક છે અને મન (પણ) લૌકિક છે. તેમ ન હોય, તો 'તે ઔપનિષદ પુરુષસંબંધી પ્રશ્ન કરું છું'

'મનથીજ આ પ્રાપ્ત કરવા યોગ્ય છે' એ (વાક્યો)નો વિરોધ થાય. અથવા (બ્રહ્મનું) માહાત્મ્ય જણાવવા[20] બંને (પ્રકારના વાક્યો) છે. બંનેનું જ્ઞાન શબ્દબ્રહ્મથીજ થાય છે. આ ધ્યાનમાં રાખીનેજ 'સ્પષ્ટ અને અસ્પષ્ટ સ્વરૂપવાળા' એમ કહેલું છે. તે શબ્દબ્રહ્મનો સાર કોઈ સમયે સ્પષ્ટ અને કોઈ સમયે અસ્પષ્ટ હોય છે. તેમ ન હોય, તો બ્રહ્મનું જ્ઞાન સ્પષ્ટ રીતે થાય. તેવું થવામાં[21] અધિષ્ઠાતા ભગવાનજ છે. તે (અર્થ) 'પર' શબ્દથી કહેલો છે. તેનું[22] કારણ 'જૂદીજૂદી શક્તિઓની સમૃદ્ધિવાળું' વિશેષણથી કહેલું છે. ભગવાનમાં અનેક શક્તિઓ હોવાથી, જૂદીજૂદી શક્તિને અનુસરી જૂદાંજૂદાં વચન (કહેલાં છે). તેમ ન કરે, તો તે ગુપ્ત શક્તિઓની પ્રસિદ્ધિ ન થાય. તેથી (શ્રુતિ) પ્રસિદ્ધિ નથી એમ નથી કહેતી, પરંતુ ગુપ્ત (શક્તિઓ)નું સ્વરૂપ કહે છે. તેથી બ્રહ્મનો પ્રકાશ કરવા પ્રવૃત્ત થએલું શબ્દબ્રહ્મ તેનાં કાર્ય (જગત)નો પણ પ્રકાશ કરે છે એમ (કહેલું છે). બ્રહ્મ ક્રિયાથી પ્રકાશ કરે છે, વેદ (શબ્દબ્રહ્મ) જ્ઞાનથી પ્રકાશ કરે છે, એવો (અર્થ છે). ૪૬.

૧. શબ્દબ્રહ્મ વિજાતીયપણાને લીધે ઉપાદાન કારણ થઈ ન શકે, અને કાર્ય ( જગત્ ) તેના વિના થએલું હોય તો તે તેનું નિમિત્તકારણ પણ થઈ ન શકે. તેથી શબ્દબ્રહ્મથી જગત્ કેવી રીતે ઉત્પન્ન થાય ? એવો અર્થ છે. ( પ્ર )

૨. નોટ ૧માં કહેલી શંકાનું સમાધાન કરે છે. ૩।૧૦।૧૨માં જણાવ્યા પ્રમાણે અહિં કહેલી વ્યવસ્થા વૈદિક જેવી હોવાથી, અહિં પ્રકાશ કરવો, તેનેજ ઉત્પન્ન કરવું કહેલું છે. રૂપ અને નામ એવા ભેદથી જગત્ બે પ્રકારનું છે. તે પૈકી જેમ રૂપથી બ્રહ્માએ જગતનો પ્રકાશ કર્યો, તેમ વેદ નામથી તેનો પ્રકાશ કરી તેનું ભાન કરાવે છે. તેથી તે ( શબ્દબ્રહ્મ ) પણ જગત્ ઉત્પન્ન કરનારું છે, એવો અર્થ છે. ( પ્ર )

૩. બ્રહ્મ વિસ્તારવાળું અને જૂદીજૂદી શક્તિઓવાળું હોવાથી, આ જગતનો બ્રહ્મ તરીકે પણ પ્રકાશ કરવામાં આવે છે, માત્ર નામથી પ્રકાશ કરવામાં આવતો નથી. તેથી પ્રકાશ કરવો, તેનેજ અહિં ઉત્પન્ન કરવું કહેલ છે એમ સમજાય છે. ( પ્ર )

૪. ''જેમ બ્રહ્મ રૂપથી જગતનો પ્રકાશ કરે છે, તેમ નામથી પણ કરે. શબ્દબ્રહ્મનું શું પ્રયોજન ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. ( પ્ર )

૫. શબ્દબ્રહ્મ નામથી જગતનો પ્રકાશ કરે તે ઠીક છે, પણ પરબ્રહ્મ તો સ્વયંપ્રકાશ હોવાથી તેનો પ્રકાશ તે કેમ કરે ? એવી શંકા થાય, તેથી આ કહેલ છે. ( પ્ર )

૬. ''વેદ ( શબ્દબ્રહ્મ ) બ્રહ્મના ગુણોનો પ્રકાશ કરે, પણ બ્રહ્મનો પોતાનો કેમ પ્રકાશ કરે ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. વેદ જ્ઞાન થતું ન હોય તેવા વિષયમાં પ્રમાણ છે એમ આ જૈમિનીના સૂત્રમાં કહેલું છે. જો બ્રહ્મનું પોતાથીજ જ્ઞાન થતું હોય તો તેનું જ્ઞાન કરાવનાર વેદ પ્રમાણજ ન થાય. તેથી વેદ બ્રહ્મનો પોતાનો પણ પ્રકાશ કરે છે, એમ માનવું જોઈએ. ( પ્ર )

૭. ''બ્રહ્મ પોતાની મેળે પ્રકાશતું ન હોય તો તે સ્વપ્રકાશ છે એમ કહેનારી શ્રુતિ ખોટી ઠરે'' એવી શંકા થાય, તેથી આ દૃષ્ટાંત આપેલું છે. ( પ્ર )

૮. ઘૂવડ સૂર્યનું તેજ જોઈ ન શકે તે માટે કોઈ આવરણ ( તેજ અને ઘૂવડની આંખ વચ્ચે કોઈ પડદા )ની જરુર નથી, તેથી બ્રહ્મનું આપણને ભાન ન થાય, તેથી તે પોતે પોતાથી પ્રકાશતું ન હોવાનું સિદ્ધ થતું નથી. ( પ્ર )

૯ – ૧૦. ''ઘૂવડને દિવસે અંધકાર થવાથી તે સૂર્યનાં તેજને જોઈ શકતું નથી'' એવી શંકા થાય, તેથી આ દૃષ્ટાંતો કહેલાં છે. તેથી આવરણ ન હોવા છતાં પ્રકાશવાળો પદાર્થ જોવાની અશક્તિને લીધે આપણાથી જોઈ શકાતો નથી. ( પ્ર )

૧૧ – ૧૧. '' 'તેને તમે જાણતા નથી' એ મંત્ર પ્રમાણે આવરણ હોવાથી જ જ્ઞાન થતું નથી એમ સ્વીકારવું જોઈએ. તેથી આપણને જ્ઞાન થતું નથી અને ( બ્રહ્મ ) પોતાથી જ પ્રકાશે છે એ બંને સિદ્ધ થાય છે. તેથી ( શબ્દબ્રહ્મ ) પ્રકાશ કરે તેવો પ્રયાસ કરવા કરતાં આવરણ દૂર કરવાનો જ પ્રયાસ કરવો યોગ્ય છે. તેથી શબ્દબ્રહ્મ પ્રકાશ કરે છે એવું સિદ્ધ કરવાનું શું પ્રયોજન ?'' એવી શંકા દૂર કરવા આ કહેલ છે. ( પ્ર )

૧૨. 'તે પણ' એટલે 'તે વાક્યમાં કહેલું આવરણ પણ', કારણ કે તે મંત્રમાં 'જેમણે આ ( જગત્ ) ઉત્પન્ન કર્યું' એમ કહેલ હોવાથી જગત્ રચનારાં રૂપનું જ તે આવરણ નથી. તેથી તેનું ભાન થાય તે માટે શબ્દબ્રહ્મ પ્રકાશ કરે તે જરુરી છે. ( પ્ર )

૧૩. 'સંયોગ થાય' એટલે ( ઘડાનો ) નયન સાથે ( અને નયનનો મન સાથે ) સંયોગ થાય. ( પ્ર )

૧૪. 'ઇન્દ્રિયો પરથી વિમુખ છે' શ્રુતિમાં કહેલ ગ્રહણ ન થવું. ( પ્ર )

૧૫. '' 'ઇન્દ્રિયો પરથી વિમુખ છે' શ્રુતિમાં 'અંતરાત્મા' શબ્દ હોવાથી ઇન્દ્રિય બ્રહ્મનું ગ્રહણ કરી શકતી નથી એમ કહેલું છે, પણ ભેગી થઈને ગ્રહણ કરી શકતી નથી એમ કહેલ નથી'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. 'પહેલા રચ્યા' એમ કહેલ હોવાથી જીવની અજ્ઞાનના પ્રકારરૂપ ભોગની ઇચ્છાને અહિં ( બ્રહ્મનું જ્ઞાન થવામાં ) આવરણરૂપ કહેલી છે. તેની નિંદા થાય તે માટે કહેલ છે, પરંતુ ( જ્ઞાન થવામાં નડતી ) ભીંત વિગેરે રૂપ આવરણ કહેલ નથી. તેથી એ ( ભોગની ઇચ્છારૂપ આવરણ ) પણ ઇન્દ્રિયના સામર્થ્યને રોકનારુંજ છે. તેથી તેને આવરણ, કલ્પવું નકામું છે, એવો અર્થ છે. ( પ્ર )

૧૬. અહિં 'આવરણ' શબ્દ અધ્યાહાર છે. ( પ્ર ) બ્રહ્મનું જ્ઞાન થવા દેતું ન હોવાથી આવરણ કહેલું છે.

૧૭. '' 'તમારે બીજું આવરણ હતું' વાક્યમાં 'હતું' અને 'ઇન્દ્રિયો પરથી વિમુખ રચેલી છે' માં 'રચેલી' ભૂતકાળમાં યોજેલા છે. તેથી આવરણ, અને ઇન્દ્રિયોની અશક્તિનો અનુવાદજ કરેલ હોવાથી ( બ્રહ્મનું જ્ઞાન ન થવામાં ) એકે કારણરૂપ નથી. તેથી શ્રુતિમાં 'જે' શબ્દથી કારણ કહેલ છે તેનો વિરોધ થાય છે'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. 'ઘટે છે'. એટલે ઇન્દ્રિયોની અશક્તિ હોવામાં ઘટે છે. બંને જૂદા જૂદા કારણ હોય, તો બેમાંથી એક નકામું છે. તેમાં પણ ઝીણી દૃષ્ટિથી જોઈએ તો આવરણ ઇન્દ્રિયોની અશક્તિનેજ સિદ્ધ કરનારું છે. જ્યાં બ્રહ્મ પોતે સૃષ્ટિરૂપ થાય, ત્યારે ઇન્દ્રિયોની અશક્તિને લીધે જ તેનું ભાન થતું નથી. બીજી સૃષ્ટિમાં પણ આવરણ આ અશક્તિ જ સિદ્ધ કરનારું હોવાથી શબ્દબ્રહ્મથી જ તે દૂર થાય છે, એવો અર્થ છે. ( પ્ર )

૧૮. આ વાક્યમાં ઉપરના લખાણથી સાબિત થએલ વિષય કહેલ છે. ( પ્ર )

૧૯. ''શબ્દબ્રહ્મ પરબ્રહ્મનું ભાન કરાવતું હોય, તો આ શ્રુતિનો વિરોધ થાય'' એવી શંકા થાય, તેથી જણાવે છે કે તેનો વિષય જૂદો હોવાથી વિરોધ નથી. ( પ્ર )
૨૦. વેદ પણ પોતાની શક્તિ પ્રમાણેજ પરબ્રહ્મનું ભાન કરાવે છે, પરંતુ 'પરબ્રહ્મ આવું છે' એમ સંપૂર્ણ પ્રકારે ભાન કરાવી શક્તા નથી. બ્રહ્મમાં પરસ્પર વિરુદ્ધ ધર્મો પણ છે એવું તેનું માહાત્મ્ય જણાવવા વેદમાં વિરુદ્ધ વાક્યો છે, તેથી તે વાક્યોમાં પણ વિરોધ નથી. ( પ્ર )
૨૧. 'તેવું થવામાં' એટલે 'સ્પષ્ટ અને અસ્પષ્ટ રૂપ ( ભાવાર્થ )વાળું ( શબ્દબ્રહ્મ ) થાય છે તેમાં' ( પણ કારણરૂપ ભગવાનજ છે ). ( પ્ર )
૨૨. 'તેનું' એટલે શબ્દબ્રહ્મ સ્પષ્ટ અને અસ્પષ્ટરૂપવાળું થાય છે, તેમાં પણ અધિષ્ઠાતા ( શાસ્તા ) ભગવાનજ છે તેનું ( કારણ ).

એવી રીતે આધિદૈવિક સૃષ્ટિ કહીને, નીચેના શ્લોકથી આરંભી સાત્ત્વિક આધિભૌતિક સૃષ્ટિ કહે છે :

**તતોઽપરામુપાદાય સ સર્ગાય મનો દધે ।।**
**ઋષીણાં ભૂરિવીર્યાણામપિ સર્ગમવિસ્તૃતમ્ ।।૪૭।।**
**જ્ઞાત્વા તદ્ધૃદયે ભૂયશ્ચિન્તયામાસ કૌરવ ।।**
**અહો ! અદ્ભુતમેતન્મે વ્યાપૃતસ્યાપિ નિત્યદા ।।**
**નહ્યેધન્તે પ્રજા નૂનં દૈવમત્ર વિઘાતકમ્ ।।૪૮।।**

પછી બીજો દેહ ધારણ કરીને, તેમણે સૃષ્ટિ રચવાની ઈચ્છા કરી. હે કૌરવ ! ઋષિઓ ઘણા પરાક્રમવાળા હોવા છતાં, તેમની સૃષ્ટિ વિસ્તારવિનાની જોઈને, તેમણે હૃદયમાં ફરીથી તે (સ્વરૂપ)નું ચિંતન કર્યું. 'અહો ! આ અદ્‌ભુત છે. હું સદા ઉદ્યોગ કરતો હોવા છતાં પણ નિશ્ચય પ્રજાની વૃદ્ધિ થતી નથી. ખરેખર ! દૈવ આમાં વિધ્ન કરે છે.' ૪૭-૪૮.

બીજો દેહ ધારણ કરીને, બીજા પ્રકારની સૃષ્ટિ રચવાની (બ્રહ્માએ) ઈચ્છા કરી. 'આટલાથી જ મરીચિ વિગેરે દ્વારા સૃષ્ટિ થશે, તેથી બીજા પ્રકારની સૃષ્ટિ (રચવા)નું શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી 'ઋષિઓ (ઘણા પરાક્રમવાળા હોવા છતાં તેમની સૃષ્ટિ વિસ્તાર વિનાની જોઈને)' એમ કહેલું છે. જો કે ઘણું પરાક્રમ છે જેમનું તેવા (ઋષિઓ છે, છતાં) મારા કરતાં તેઓ વધારે પરાક્રમવાળા નથી, અને પાંચ છ જ ઉત્પન્ન કરેલા છે. તેમનાથી શું (થવાનું) ? તેટલાથી સૃષ્ટિનો વિસ્તાર તો નહિજ થાય; કારણ કે (સૃષ્ટિનો) પ્રકાર ઉત્પન્ન કરેલો નથી. તેથી પ્રકાર કરવા માટે, બીજા દેહથી કાર્ય કરવાની ઈચ્છા કરી એવો અર્થ છે. ૪૭.

'અશક્ય (કાર્ય)માં હરિજ (શરણ) છે' એ નિયમના આધારે, પહેલાં થોડું તપ કરેલું ત્યારે ભગવાને પ્રસન્ન થઈને પણ ફરી તપ કરવાની આજ્ઞા કરેલી. તે પ્રમાણે આ સમયે પણ જો કે (સૃષ્ટિનો) પ્રકાર કરવો એવો નિશ્ચય કર્યો, છતાં પણ કયો

પ્રકાર કરવો, એવા વિચારથી (બ્રહ્માએ ભગવાનના સ્વરૂપનું) ફરી ચિંતન કર્યું એમ અડતાલીસમા શ્લોકમાં કહે છે. જે સ્વરૂપનું ચિંતન કરતાં, ઉપાય કરવો એમ જાણવામાં આવ્યું, તે (સ્વરૂપ)નુંજ ફરી હૃદયમાં ચિંતન કર્યું. 'હે કૌરવ !' એ સંબોધન એવો અર્થ જણાવે છે કે કાર્ય કરતાં તરત અટકી ન જવું, પરંતુ જેમ કુરુએ કરેલું તેમ દેહ પડે ત્યાં સુધી કાર્ય કર્યા કરવું. 'અહો !' વિગેરે (શબ્દો)થી તેમનો વિચારજ કહેલો છે. પ્રકાર કરેલો હશે તોપણ ભગવાન્ અનુકૂલ નહિ હોય તો તે ફળશે નહિ. તેમ ન હોય, તો ઉત્પન્ન કરેલા સર્વ (પુત્રો)થી જ સર્વ (કાર્ય) કરવામાં આવે, તો જગત્ (પ્રજાથી) ભરપૂરજ થાય. મેં એકલાએ જેમ કર્યું, તેમ બીજરૂપ આ મરીચિ વિગેરે પણ જો કરે, તો આટલાથી બધુંએ (જગત્) ભરપૂર થાય. તેથી કાંઈક વિઘ્ન કરનારું છે. ચિંતન કરતાં તે (વિઘ્ન કરનાર)ને જાણીને, તેમણે આશ્ચર્યથી કહ્યું કે :''(આ) અદ્ભુત છે કે જે ભગવાને મને સૃષ્ટિ રચવાની આજ્ઞા કરેલી, તેજ વિઘ્ન કરે છે. વળી (હું) સહકાર કરનાર નથી, એવી શંકા પણ કરવા જેવી નથી, એમ 'હું સદા ઉદ્યોગ કરતો હોવા છતાં' શબ્દોથી કહેલું છે. હું સદા ઉદ્યોગ કરતો હોવા છતાં 'હિ' નિશ્ચય પ્રજાની 'નૈધન્તે' વૃદ્ધિ થતી નથી. તેથી જાણવામાં આવે તેવું વિઘ્ન કરનારું કાંઈ ન હોવાથી, દૈવજ વિઘ્ન કરનારું છે''. ૪૮.

**એવં યુક્તકૃતસ્તસ્ય દૈવં ચાવેક્ષતસ્તદા ।।**
**કસ્ય રૂપમભૂદ્ દ્વેધા યત્કાયમભિચક્ષતે ।।૪૯।।**

એ પ્રમાણે યોગ્ય કરીને બ્રહ્મા દૈવની રાહ જોતા હતા, ત્યારે તેમના દેહના બે ભાગ થયા, જેને (લોકો) 'કાય' કહે છે. ૪૯.

એવો નિશ્ચય કરીને, યોગ્ય રીતે ભગવાનની આજ્ઞા પ્રમાણે (બ્રહ્માએ કાર્ય) કરતાં રહીને, ભગવાનનું ચિંતનજ કર્યું. ત્યારે તે જ્યારે એ પ્રમાણે યોગ્ય (કાર્ય) કરતા હતા, અને 'ભગવાન્ ક્યારે પ્રસન્ન થશે ?' એમ (વિચારી) દૈવની રાહ જોતા હતા, ત્યારે તેમની (સૃષ્ટિ રચવાની) અશક્તિ જાણી, ભગવાનેજ 'કસ્ય' બ્રહ્માના દેહના બે વિભાગ કર્યા. ત્યારે તેમના દેહના બે વિભાગ થયા. ત્યારથી તે બે વિભાગને લોકો 'કાય' કહે છે. 'કા ઈયમ્' આ (સ્ત્રી) કોણ ? 'કોઽયમ્' આ (પુરુષ) કોણ ? એમ કહેવા યોગ્ય હતું, ત્યારે બેને ભેગા કરવા એક (સ્ત્રી)ના વિશેષ્યનો અને બીજા (પુરુષ)ના વિશેષણનો લોપ કરીને, (લોકો) 'કાયમ્[1]' કહે છે. આથી (એમ જણાવ્યું કે) સ્ત્રી પોતે વિશેષ્ય વિનાની છે, અને પુરુષ વિશેષણ વિનાનો છે. તેથી બંને ભેગા મળતાં 'કાય' શબ્દથી ઓળખાય છે. ૪૯.

૧. 'કા ઈયમ્' માંથી વિશેષ્ય 'ઈયમ્'નો લોપ કર્યો અને 'કોઽયમ્' માંથી વિશેષણ 'કઃ'નો લોપ કર્યો એટલે 'કા+અયમ્' રહ્યા. એમ 'કાયમ્' શબ્દ થયો.

'પછી શું થયું ?' એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**તાભ્યાં રૂપવિભાગાભ્યાં મિથુનં સમપદ્યત ।।**
**યસ્તુ તત્ર પુમાન્સોઽભૂન્મનુઃ સ્વાયંભુવઃ સ્વરાટ્ ।।૫૦।।**
**સ્ત્રી યાઽઽસીચ્છતરૂપાખ્યા મહિષ્યસ્ય મહાત્મનઃ ।।**
**તદા મિથુનધર્મેણ પ્રજાહ્યેધાંબભૂવિરે ।।૫૧।।**

દેહના તે બે વિભાગોથી યુગલ ઉત્પન્ન થયું. તેમાં જે પુરુષ હતો તે તો ચક્રવર્તી સ્વાયંભુવ મનુ હતો. જે સ્ત્રી હતી, તે આ મહાત્માની શતરૂપા નામની મહારાણી હતી. પછી મિથુનધર્મથી પ્રજાઓ ખરેખર વધવા લાગી. ૫૧.

'તે' ભગવાને કરેલા દેહના વિભાગો એટલે બે ભાગો હતા. તેમ (ભગવાને કરેલા) ન હોય, તો કાર્ય (દેહ)નો નાશ થતાં, (તેનાં) બે ભાગોથી કાંઈ ઉત્પન્ન ન થાય. તેથી ભગવાને કરેલા બે ભાગોથી એક યુગલ ઉત્પન્ન થયું. યુગલ એક કાર્ય છે. નહિ તો 'અર્ધ ભાગ' એ શ્રુતિ પ્રમાણે પુરુષ અર્ધ ભાગજ છે. 'ઉત્પન્ન થયું' શબ્દથી એમ જણાવેલું છે કે ભગવાને કરેલું (કાર્ય) પ્રયાસ વિનાજ થયું, તેથી ભવિષ્યમાં પણ કાર્ય થશે. તે બે ભાગને '(તેમાં) જે (પુરુષ હતો).' વિગેરેથી નામથી જણાવે છે. તે બેમાં જે પુરુષ હતો, તે મનનથી ઉત્પન્ન થએલો હોવાથી 'મનુ' હતો. જે સ્ત્રી હતી તે સૃષ્ટિના પ્રકારરૂપ હતી, કારણ કે શતરૂપા એવું 'આખ્યા' નામ જેનું હતું તેવી તે હતી. 'મનુ' શબ્દ વ્યુત્પત્તિથી થએલ છે. તે પ્રમાણે 'સ્વાયંભુવ[1]' એમ કહેલું છે. 'ચક્રવર્તી' શબ્દથી એમ જણાવેલું છે કે (તે) ઐશ્વર્ય વિગેરે ગુણોવાળો હોવાથી ભગવાનના અંશમાંથી ઉત્પન્ન થએલો, તેથી તેનાથી પણ સૃષ્ટિ રચાશે, એવો ભાવ છે. 'શતાનિ' સેંકડો 'રૂપાણિ' રૂપો છે જેનાં (તે 'શતરૂપા') નામથી એમ સૂચવેલું છે કે (તે) મનુને અધિક ભોગ અને અધિક સૃષ્ટિ (કરાવશે). 'મહિષી' મહારાણી સર્વ કામનાઓ આપનારી છે. (મનુ) ભગવદીય હોવાથી (આ) નિરૂપણ કરવાના સમયે તેણે ભગવાનમાં પ્રવેશ કરેલો હોવાથી, જ્યાં જ્યાં ભગવાન્ હોય ત્યાં ત્યાં તે હતો, તેથી 'આની (મહારાણી)' એમ કહેલું છે. 'મહાત્માની' શબ્દ આજ અર્થ જણાવે છે. 'મહાન્' ભગવાન્ 'આત્મા' આત્મા છે જેના (તે મહાત્મા). એકાવનમા શ્લોકના ઉત્તરાર્ધથી તે યુગલ બીજ હોવાનું જણાવે છે. 'મિથુનં' યુગલ, એટલે ભેગા થવું તે. તેજ ધર્મ (સૃષ્ટિ રચવાનો) ઉપાય છે. ત્યારે આનંદમાં આવેલી પ્રજાઓ વધવા લાગી. 'ખરેખર ! આનંદમાંથીજ આ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે' માંનો 'ખરેખર' શબ્દ આજ અર્થ સૂચવે છે. આ (શ્લોક)માં પણ 'હિ' 'ખરેખર' શબ્દ તેજ અર્થ જણાવે છે. (પ્રજાઓ) પોતેજ વધવા લાગી, તેમાં (તેમને) આજ્ઞા વિગેરેની જરુર ન રહી. ૫૦-૫૧.

૧. મનનથી ઉત્પન્ન થએલ તે 'મનુ', એવી વ્યુત્પત્તિ પહેલાં કહી. સ્વાયંભુવ એટલે પોતાની મેળે ઉત્પન્ન થએલ (સ્વયંભૂ બ્રહ્મા)નો પુત્ર, એવી વ્યુત્પત્તિથી થએલો આ શબ્દ પણ છે, એવો ભાવ જણાય છે.

એ પ્રમાણે મૈથુન (પ્રજાની ઉત્પત્તિનો) પ્રકાર છે એમ જણાવીને, નીચેના શ્લોકમાં પહેલા (યુગલ)ને તે પ્રકારનો સંબંધ કરાવે છે :

**સ ચાપિ શતરૂપાયાં પઞ્ચાપત્યાન્યજીજનત્ ।।**
**પ્રિયવ્રતોત્તાનપાદૌ તિસ્રઃ કન્યાશ્ચ ભારત ! ।।**
**આકૂતિર્દેવહૂતિશ્ચ પ્રસૂતિરિતિ સત્તમ ! ।।૫૨।।**

હે ભારત ! તેણે પણ શતરૂપામાં પાંચ સંતાનો ઉત્પન્ન કર્યાં. હે ઉત્તમ પુરુષ ! પ્રિયવ્રત અને ઉત્તાનપાદ તથા ત્રણ કન્યાઓ આકૂતિ દેવહૂતિ અને પ્રસૂતિ નામની (ઉત્પન્ન કર્યાં). ૫૨.

તે જીવ હોવા છતાં, (અને) 'ચ' 'અને' શબ્દથી (જણાવ્યું તેમ) ભગવાન્ હોવા છતાં (તેણે પાંચ સંતાનો ઉત્પન્ન કર્યાં). તેથીજ તેના પુત્રો બે પ્રકારના હતા. મનુ (જીવ)ના પ્રધાનપણામાં ઉત્તાનપાદ મુખ્ય હતો, તે વિસર્ગમાં[1] ઉપયોગી છે. ભગવાનના પ્રધાનપણામાં પ્રિયવ્રત મુખ્ય હતો, તે સ્થાનમાં[1] ઉપયોગી છે. વળી એક કન્યા હતી. બીજી (પુત્રી) ભગવદીય હતી. તેથી તે પુત્રીઓમાં મુખ્ય છે, છતાં સર્ગ (સૃષ્ટિ)માં ઉપયોગી હોવાથી[2] અહિંજ તે કહેલી છે. ત્રીજી કન્યા સ્ત્રીની પ્રાર્થનાથી (ઉત્પન્ન કરેલી). એ પ્રમાણે બધાં મળી પાંચ સંતાનો હતાં. 'શતરૂપામાં' શબ્દથી એમ જણાવેલું છે કે તે માત્ર (સંતાન ઉત્પન્ન કરવાનું) સ્થાન હતી, પરંતુ ઉત્પન્ન કરનારી ન હતી (અને) તેથી પાંચ સંતાનો પ્રાકૃત ન હતા. પ્રિયવ્રત અને ઉત્તાનપાદ બે પુત્રો હતા. પુરુષો સાથે સ્ત્રીઓનું નામ લેવું યોગ્ય નથી, તેથી 'ત્રણ કન્યાઓ' એમ (વચ્ચે) કહેલું છે. 'હે ભારત !' એ સંબોધન (વિદુરને) મોહ ન થાય તે માટે (કરેલું છે). સ્ત્રીનો પ્રસ્તાવ પણ મોહ કરાવનારો છે. 'આકૂતિ' વિગેરે તેમનાં નામો કહે છે. 'ઈતિ' 'નામની' શબ્દથી (એમ જણાવેલ છે કે તેમનાં) બીજાં નામ ન હતા. 'હે ઉત્તમ પુરુષ !' એવું ફરીથી સંબોધન, પહેલાંની પેઠે પુરુષનો સંબંધ વર્ણવવા (કરેલું છે). ૫૨.

૧. 'વિસર્ગમાં' એટલે ચોથા સ્કંધમાં વર્ણવેલી વિસર્ગલીલામાં, જૂઓ અધ્યાય આઠમો. 'સ્થાનમાં' એટલે પાંચમા સ્કંધમાં વર્ણવેલી સ્થાનલીલામાં, જૂઓ અધ્યાય પહેલો.
૨. આ સ્કંધના અધ્યાય ૨૧ થી સ્કંધ પૂરો થતાં સુધી દેવહૂતિનું નિરૂપણ છે.

નીચેના શ્લોકમાં તે (કન્યા)ઓને સમર્પણ કર્યાનું કહે છે :

**આકૂતિં રુચયે પ્રાદાત્કર્દમાય તુ મધ્યમામ્ ।।**

**દક્ષાયાદાત્પ્રસૂતિં ચ યત આપૂરિતં જગત્ ।।૫૩।।**

આકૂતિ રુચિને આપી. વચલી (કન્યા) તો કર્દમને આપી; અને પ્રસૂતિ દક્ષને આપી, જેમનાથી (તેમનાથી) જગત્ ભરપૂર થયું છે. ૫૩.

રુચિ બીજા કલ્પમાં ઉત્પન્ન થએલા બ્રહ્માનો પુત્ર હતો. '(વચલી) તો કર્દમને (આપી)' વાક્યમાં 'તુ' 'તો' શબ્દ (એમ જણાવે છે કે કર્દમ) પોતાનો પુત્ર ન હતો. કર્દમ પણ છાયાથી ઉત્પન્ન થએલો, છાયામાં (તેને) ઉત્પન્ન કરનાર ભગવદ્રૂપ કાલજ હતો. તેથી કોઈ પણ અંશથી અધર્મવાળો સંબંધ નથી. 'વચલી' શબ્દથી એમ સૂચવેલું છે કે ઉત્તમ (પુત્રી)નું નામ વારંવાર લેવું યોગ્ય નથી. 'પ્રસૂતિ' એ નામ પ્રમાણે (તેનામાં) સ્ત્રીનું પ્રધાનપણું હોવાથી, (તે) પરણાવવાનીજ હતી. દક્ષમાં બીજા ગુણ ન હોવા છતાં ચતુરાઈ હતીજ. 'પુરુષ અંગુઠાના માપનો છે, અને તે અંગુઠાનો આશ્રય કરી રહેલ છે' એ શ્રુતિ પ્રમાણે તે (બ્રહ્માના) અંગુઠામાંથી ઉત્પન્ન થએલો હોવાથી, ભગવાનથી ઉત્પન્ન થએલો હતો. 'પ્રસૂતિં ચાઽદાત્' 'અને પ્રસૂતિ આપી' એમ 'ચ' 'અને' શબ્દનો 'આપી' સાથે સંબંધ છે, પરંતુ 'અને દક્ષને પ્રસૂતિ' એવો (તેનો) સંબંધ નથી. તેથી જે (કાર્ય) થયું તે 'જેમનાથી જગત્ ભરપૂર થયું' શબ્દોથી કહેલું છે. જેમ મહાભૂતોના વિસ્તારથી જગત્ ભરપૂર થાય છે, તેમ (આ) પાંચ (સંતાનો)થીજ જગત્ ભરપૂર થયું, એવો અર્થ છે. ૫૩.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના બારમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ॥ અધ્યાય તેરમો ॥

**એવં દ્વાદશધા સર્ગસ્ત્રિવિધો હ્યુપપાદિતઃ ॥**
**તસ્ય કારણરૂપં હિ યાદશં તદિહોચ્યતે ॥૧॥**

એવી રીતે ત્રણ પ્રકારની સૃષ્ટિનું બાર પ્રકારે નિરૂપણ કર્યું તે (સૃષ્ટિ)નાં કારણનું રૂપ જેવું છે તે અહિં તેરમા અધ્યાયમાં કહેવામાં આવે છે. કા. ૧.

**સર્વવેદાર્થરૂપી હિ વરાહ ઈતિ વિશ્રુતઃ ॥**
**સ એવ કારણં સૃષ્ટૌ વૈદિક્યામિતિ નિશ્ચયઃ ॥૨॥**

કારણ કે વરાહ સર્વવેદોના અર્થરૂપ છે[૧] એમ પ્રસિદ્ધ થએલ છે. તેજ વૈદિક સૃષ્ટિમાં કારણરૂપ છે એવો નિશ્ચય છે. કા.૨.

**અન્યથા પ્રાકૃતી સૃષ્ટિઃ સ્વપ્નતુલ્યૈવ સા ભવેત્ ॥**
**અતો વૈદિકસૃષ્ટિત્વજ્ઞાપનાય વરાહતા ॥૩॥**

તેમ ન હોય તો[૨] સૃષ્ટિ પ્રાકૃત થવાને લીધે તે સ્વપ્નની સમાનજ હોય. તેથી વૈદિક સૃષ્ટિ હોવાનું જણાવવા વરાહપણું (કહેલ છે). કા. ૩.

**ભૂમિસ્તુ દેવયજનં રોમભિર્બર્હિષો ભવઃ ॥**
**પાત્રાણિ સર્વાવયવૈસ્તેન યજ્ઞસ્ત્રયોદશે॥૪॥**

ભૂમિ તો યજ્ઞ (કરવા)નું સ્થાન છે. રુંવાડામાંથી બલિ ઉત્પન્ન થાય છે. બધા (વરાહના) અવયવોથી (યજ્ઞના) પાત્ર થાય છે. તેથી તેરમા (અધ્યાય)માં યજ્ઞનું (નિરૂપણ કરેલું છે)[૩]. કા. ૪.

**સૃષ્ટ્યર્થં તસ્ય ભવનમિત્યર્થં સંગતિસ્તથા॥**
**બ્રહ્મણા સહ સંવાદો મનોઃ કલ્પાન્તરે પુનઃ॥૫॥**

સૃષ્ટિની પ્રવૃત્તિ થાય તે માટે તે ઉત્પન્ન થએલ છે[૪]. તે માટેજ (વરાહનું પ્રાકટ્ય છે).તે પ્રમાણે સંગતિ થાય છે. વળી મનુનો બ્રહ્મા સાથેનો સંવાદ બીજા કલ્પમાં (થએલો)[૫]. કા. ૫.

**રસાતલાન્તપર્યન્તં પૃથિવી પૂર્વમુદ્ધૃતા॥**
**પઞ્ચાંગુલ્યા પઞ્ચ લોકા ઉદ્ધૃતા અતલાદયઃ॥૬॥**

પહેલાં રસાતલ સુધીની પૃથ્વીનો ઉદ્ધાર કરેલો. અતલ વિગેરે પાંચ લોકોનો પાંચ આંગળીઓથી ઉદ્ધાર કરેલો[૬]. કા. ૬.

**યજ્ઞભૂમિત્વસિદ્ધ્યર્થં પુષ્કરે પ્રથનં તતઃ॥**
**એષા સ્થિતિઃ પૂર્વકલ્પે રસાતલગતા તતઃ॥૭॥**

**પ્રજાપતેરુદ્ધૃતત્વાન્નિરાધારા જલે વિશેત્।।**

પછી યજ્ઞભૂમિપણું પ્રાપ્ત થાય તે માટે કમલ ઉપર તેને પાથરી[7]. પહેલાના કલ્પમાં આ સ્થિતિ હતી. પછી તે રસાતલમાં ગઈ. પ્રજાપતિએ (કમલનો સાર) કાઢી લીધેલ હોવાથી આધાર વિનાની થવાથી (તેણે) જલમાં પ્રવેશ કર્યો કા[8]. ૭ ૧/૨.

**વરાહકલ્પે પ્રથમે સર્વોત્પત્તિર્વિનિશ્ચિતા।।૮।।**
**તતસ્તદ્ભેદકલ્પેષુ નષ્ટોત્પત્તિર્ન સર્વતઃ।।**
**પ્રક્રિયાન્તરભાવેન તતઃ સૃષ્ટિરિહોચ્યતે।।૯।।**

પહેલા વરાહ કલ્પમાં સર્વ (જગત)ની ઉત્પત્તિ (થયાનો) નિશ્ચય છે[8]. પછી તેના પેટાકલ્પોમાં નાશ પામેલાનીજ ઉત્પત્તિ (કરેલી), સંપૂર્ણ પ્રકારે (ઉત્પત્તિ કરેલી) નહિ[9]. તેથી અહિં જૂદી વ્યવસ્થાના પ્રકારથી સૃષ્ટિ (થયાનું) કહે છે. કા ૯.

**હિરણ્યાક્ષાદિદૈત્યાનાં રસાતલગતા સ્થિતિઃ।।**
**અપેક્ષિતાનામર્થાનાં ભિન્નકલ્પેઽપિ સંભવે।।૧૦।।**
**લીલાકથનસિદ્ધ્યર્થમેકરૂપેણ વર્ણ્યતે।।**
**અતો નાત્ર વિરોધોઽસ્તિ કેનાપ્યંશેન નિશ્ચિતમ્।।૧૧।।**

હિરણ્યાક્ષ વિગેરે દૈત્યોની સ્થિતિ રસાતલમાં રહેલી. (ઉત્પત્તિમાં) જરુરી પદાર્થો જૂદા કલ્પમાં ઉત્પન્ન થએલા હોય છતાં, લીલા કહી (વર્ણવી) શકાય તે માટે તેઓ એક પ્રકારના (એક કલ્પના) હોય તે પ્રકારે વર્ણન કરવામાં આવે છે[10]. તેથી આમાં કોઈપણ અંશથી વિરોધ નથી. એ નિશ્ચિત છે. કા. ૧૧.

એ પ્રમાણે ગયા અધ્યાયના અંતે સૃષ્ટિ ઉત્પન્ન કરવા માટે મનુ(ની ઉત્પત્તિ) કહી. તે કેવી રીતે સૃષ્ટિ ઉત્પન્ન કરે એ વિચાર[11] કરવાનો છે.

**યદ્યાધિદૈવિકો દેવસ્તદર્થં સંભવિષ્યતિ ।।**
**કામાદયશ્ચેત્પ્રબલાસ્તસ્માત્સૃષ્ટિસ્તદા ભવેત્ ।।૧૨।।**

જો કે આધિદૈવિક દેવ તે (સૃષ્ટિની ઉત્પત્તિ) માટે પ્રકટ થાય, (અને) કામ વિગેરે જો પ્રબલ હોય તો, તો તેમાંથી સૃષ્ટિ થાય. કા.૧૨.

**તત્રાપિ કામજનિતો દોષશ્ચેન્ન ભવિષ્યતિ ।।**
**અતો દ્વિતીયસૃષ્ટ્યર્થમુપોદ્ઘાતદ્વયં સ્મૃતમ્ ।।૧૩।।**

તેમાં પણ જો કામથી ઉત્પન્ન થતો દોષ ન હોય (તો સૃષ્ટિ થાય). તેથી બીજી સૃષ્ટિ માટે બે[12] ઉપોદ્ઘાત કહેલા છે. કા.૧૩.

**પ્રથમેઽપ્યત્ર ભાવેન બીજમેતદ્ દ્વયં મતમ્ ।।**
**કારણદ્વિતયં લોકે ભગવાન્ જીવ એવ ચ ।।૧૪।।**

અહિં પહેલામાં પણ આ બે[13] કારણ તરીકે બીજ ગણાએલા છે. લોકમાં ભગવાન્ અને જીવ એ બેજ કારણ છે. કા.૧૪.

તેથી[14] મનુ સૃષ્ટિ ઉત્પન્ન કરનાર થઈ શકે તે માટે બે (પ્રકારની) સૃષ્ટિ વચ્ચે તેનું સ્વરૂપ કહે છે. આ[15] ભગવાનનું ચરિત્ર છે એમ જણાવવા પોતાને દોષ ન લાગે તે માટે, વિદુરના મુખથી નિર્ણય કહેતાં (કહેવા), નીચેના શ્લોકમાં (શુક) તે પ્રસંગજ જણાવે છેઃ

।। શ્રીશુક ઉવાચ ।।

**નિશમ્ય વાચં વદતો મુનેઃ પુણ્યતમાં નૃપ! ।।**
**ભૂયઃ પપ્રચ્છ કૌરવ્યો વાસુદેવકથાદતઃ ।।૧।।**

હે નૃપ! (કથા) કહેતા મુનિની ઘણી પવિત્ર વાણી સાંભળીને, વાસુદેવની કથામાં આદરવાળા કૌરવ્યે ફરી પ્રશ્ન કર્યો. ૧.

(કથા) કહેતા મુનિ (મૈત્રેય)ની વાણી સાંભળીને, મનનથી જે સત્ય ભગવાનની આજ્ઞાથી પ્રકટ કરવા માટે જાણવામાં આવતું તેજ મુનિ કહેતા હોવાથી, તેનો વિસ્તાર તેમણે અવશ્ય કરવો જોઈએ, એવા અભિપ્રાયથી કૌરવ્યે (વિદુરે) ફરી પ્રશ્ન કર્યો. વળી પોતાના[16] અધિકારની પ્રવૃત્તિરૂપ ક્રિયા જેનાથી થાય (પોતાને જેનાથી અધિકાર પ્રાપ્ત થાય) તેવી ઘણી પવિત્ર વાણી (મુનિ બોલતા હતા). 'હે નૃપ!' એ રાજાનું સંબોધન એમ જણાવનારું છે કે કથાનું શ્રવણ રાજાને સુખ ઉત્પન્ન કરે છે. વિદુરનું 'હે કૌરવ્ય!' વિશેષણ[17] (તે કથાને) દૃઢ કરનાર હોવાનું જણાવનારું છે. 'વાસુદેવની કથામાં આદરવાળા' એ (વિદુરનું વિશેષણ એમ જણાવે છે કે મૈત્રેય) પ્રસંગને લીધે પણ વાસુદેવની કથા કહેશે એવા વિચારથી (વિદુર) રાજા (મનુ)ના ચરિત્ર સંબંધી પ્રશ્ન કરે છે, પરંતુ રાજા ઉપરના સ્નેહને લીધે (કરતો) નથી. ૧.

૧. વરાહ વેદના અર્થરૂપ હોવાથી સૃષ્ટિનાં કારણરૂપ છે, એવો અર્થ છે. (પ્ર)
૨. 'તેમ ન હોય તો' એટલે જો સર્વ વેદના અર્થરૂપ ભગવાન્ ઉપાદાનનાં રૂપથી પ્રવેશ ન કરે તો. (પ્ર)
૩. વરાહ યજ્ઞરૂપ હોવાથી વેદના અર્થરૂપ છે, એવો અર્થ છે. (પ્ર)
૪. સૃષ્ટિની પ્રવૃત્તિ માટે એટલે યજ્ઞ ઉત્પન્ન થાય તે માટે (વરાહની ઉત્પત્તિ છે). જો વરાહરૂપથી ભગવાન્ પ્રકટ ન થાય, તો યજ્ઞની પ્રવૃત્તિ ન થાય. તેથી આ પ્રયોજનથીજ વરાહનું પ્રાકટ્ય થએલું છે. આજ વરાહના પ્રાકટ્યનું પ્રયોજન છે. (પ્ર)
૫. કથામાં બે શંકાઓ રહે છે '(૧) ૩।૧૧।૩૩ પ્રમાણે આ બીજા પરાર્ધનો પહેલો દિવસ છે. ૩।૧૧।૩૬ પ્રમાણે તે વરાહકલ્પ છે. આ કલ્પમાં ચૌદ લોકની સૃષ્ટિ કહેવી જોઈએ, તે કહેલી નથી. ૩।૧૦।૮ માં સૃષ્ટિ કહી તે તો પદ્મકલ્પની છે. તેથી બારમા અધ્યાયમાં સૃષ્ટિ કહી તેનો

આધાર શું હતો? તે સૃષ્ટિના આધાર કલ્પવા જોઈએ. વળી તે આધારવાળી હોય તો મનુ અને બ્રહ્માના સંવાદમાં આ અધ્યાયમાં ભૂમિ ડૂબી ગયાનું કહે છે, તે ઘટતું નથી (૨) હિરણ્યાક્ષનું યુદ્ધ આ અધ્યાયમાં કહેલું છે. તે તો મનુની પુત્રીના વંશમાં ઉત્પન્ન થએલો. મનુને તો સંતાન ઉત્પન્ન કરવાની આ અધ્યાયમાં બ્રહ્મા આજ્ઞા કરે છે. તેથી તેને સંતાન થયા પહેલાં હિરણ્યાક્ષ સાથે વરાહનું યુદ્ધ થવાનું સંભવતું નથી.' એ શંકાઓ આથી ખોટી ઠરાવે છે. મનુ પહેલાના કલ્પમાં (૩-૧૨-૫૦) ઉત્પન્ન થએલો. તેણે પાંચ સંતાનો પણ તે કલ્પમાં ઉત્પન્ન કરેલા (૩-૧૨-૫૨). પછી બ્રહ્માની રાત થતાં તે સત્ય લોકમાં પત્ની અને સંતાનો સાથે રહેલો. બીજા કલ્પની શરૂઆતમાં બ્રહ્મા સાથે તેને સંવાદ થયો (૩-૧૩-૭ થી ૧૫). તેમાં બ્રહ્માએ તેને ગુણોમાં પોતાની સમાન સંતાન ઉત્પન્ન કરવા કહ્યું (શ્લો ૧૧), એમ અર્થથીજ સિદ્ધ થાય છે. (પ્ર)

૬. અહિં પાંચ લોક (અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ)નો ઉદ્ધાર કહેલો છે. તે બીજા પુરાણમાંથી અથવા બીજી શ્રુતિમાંથી કહેલો જાણવો. (પ્ર)

૭. આ તૈત્તિરીયમાં કહેલું છે. (પ્ર)

૮. પછી તે કલ્પનો પ્રલય થયો ત્યારે પ્રજાપ્રતિએ ભૂમિને જે કમલ ઉપર પાથરેલી, તેનાથી પહેલાના કલ્પમાં લોક રચી તેનો સાર કાઢી લીધેલ હોવાથી, તે સારવિનાનું થતાં ભૂમિ ટકાવી ન શક્યું, એટલે તે નિરાધાર થઈ જલમાં પડી. (પ્ર)

૯. ૩।૧૩।૧૭ નો અર્થ જોતાં સર્વ જગતની ઉત્પત્તિ થએલી હોવાનું નક્કી થાય છે. પછી તેના પેટા-કલ્પોમાં સર્વ જગતની નહિ, પણ નાશ પામેલ લોકનીજ ઉત્પત્તિ કરી. આ વૃત્તાંત નીચે પ્રમાણે હોવાનું જણાય છે. પદ્મકલ્પના પ્રલયમાં સર્વ (જગત)નો નાશ થયો ત્યારે વરાહકલ્પના આરંભમાં (બ્રહ્માએ) સારવાળા કમલપત્ર ઉપર પાતાલ રસાતલ અને સત્યલોક રાખી, યજ્ઞભૂમિ થાય તે માટે બાકીની માટી વરાહરૂપથી કમલના પત્ર ઉપર પાથરી, પછી પોતે સત્યલોકમાં રહી, સ્વર્લોક વિગેરે રચ્યા, અને અવિદ્યાથી આરંભી મનુ સુધીનાને લઈ, સત્યલોકમાં સૂતા. પછી તે કલ્પના પ્રલયમાં મનુ કશ્યપ વિગેરે ઉપર (સત્યલોકમાં) રહેલા, દિતિ વિગેરે રસાતલમાં રહેલા, અને બીજાઓનો નાશ થયો. પછી આદિવરાહ કલ્પની રાત પૂરી થતાં, વરાહ કલ્પના પ્રાતઃકાલે ભૂમિ ડૂબી ગઈ. તે બ્રહ્માને ખબર ન હોવાથી, મનુને સંતાન ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી (શ્લો. ૧૧). સાંજે ભૂમિ ડૂબી તે મનુને ખબર હોવાથી તેણે સ્થાન માટે પ્રાર્થના કરી (શ્લો. ૧૪-૧૫). પછી બ્રહ્માએ ચિંતન કર્યું. (શ્લો. ૧૬ થી ૧૮). પછી વરાહનું પ્રાકટ્ય થયું. (શ્લો. ૧૯). પછી રસાતલમાંથી ભૂમિ લાવતાં, ત્યાં રહેલ હિરણ્યાક્ષ સાથે તેમને યુદ્ધ થયું. (પ્ર)

૧૦. 'શ્રુતિ સ્મૃતિ અને પુરાણમાં ભૂત ભવિષ્ય અને વર્તમાન ત્રણ કાલ કહેલા છે. તેથી ખોટો સંશય ન કરવો' એમ કાશીખંડમાં શિવે પાર્વતીને કહેલું છે. તે પ્રમાણે આ પુરાણ હોવાથી જૂદા જૂદા કલ્પની કથા ભેગી કહેલી છે. તે પ્રમાણે કહેવાનું પ્રયોજન આ વાક્યથી કહે છે. (પ્ર)

૧૧. 'વિચાર' એટલે ઉપોદ્ઘાતરૂપ ચિંતન. (પ્ર)

૧૨. ભગવાનનો પ્રાદુર્ભાવ અને દોષરહિત કામ વિગેરેની પ્રબલતા. (પ્ર)

૧૩. દોષરહિત કામમાં બે પ્રયોજન છે (૧) ભગવાનનો પ્રાદુર્ભાવ થાય ત્યારે સેવા કરવા સેવકોની જરુર, અને (૨) કર્મ વિગેરેનો નાશ થવાથી ફલથી સેવકોની ઉત્પત્તિ થવામાં અનુકૂલપણું. (પ્ર)

૧૪. 'તેથી' એટલે ભગવાનના પ્રાદુર્ભાવમાં અનુકૂલ હોવાથી અને જીવ હોવાથી. (પ્ર)

૧૫. 'આ' એટલે (સ્ત્રી પુરુષ) ભેગા થવા રૂપ. (પ્ર)
૧૬. 'પોતાના અધિકાર' એટલે 'રાજ્યનો અધિકાર' એવો અર્થ છે. (પ્ર) વિદુર રાજા નથી. તેથી વિદુરનો (કથા શ્રવણ કરવાનો) અધિકાર, એવો અર્થ જણાય છે.
૧૭. 'સંબોધન' જોઈએ, એમ જણાય છે.

ત્રણ શ્લોકોથી તે (મનુ)નું કાર્ય, ચરિત્ર, અને શ્રવણ કરવા યોગ્યપણું જણાવે છે. તે પૈકી આરંભમાં નીચેના શ્લોકમાં તેની પહેલાંની સ્થિતિનો ઉલ્લેખ કરી, (તેનાં) કાર્ય સંબંધી પ્રશ્ન કરે છેઃ

।। વિદુર ઉવાચ ।।

**સ ચ સ્વાયંભુવઃ સમ્રાટ્ પ્રિયઃ પુત્રઃ સ્વયંભુવઃ ।।**
**પ્રતિલભ્ય પ્રિયાં પત્નીં કિં ચકાર તતો મુને! ।।૨।।**

અને તે સ્વાયંભુવ, ચક્રવતી, સ્વયંભૂના પ્રિય પુત્રે પ્રિય પત્નીને ફરી પ્રાપ્ત કરીને પછી, હે મુનિ! શું કર્યું? ૨.

(મનુના) બે સ્વરૂપ (ભગવત્પણું અને મનુષ્યપણું મારા) જાણવામાં આવ્યા, એમ જણાવવા 'ચ' 'અને' શબ્દ યોજેલ છે. 'સ્વાયંભુવ' 'ચક્રવર્તી' શબ્દોથી બંને (સ્વરૂપ) કહેલાં છે. તેથીજ સ્વયંભૂ (બ્રહ્મા)નો પુત્ર ભગવદીય હોવાથી અને વળી તેમને પ્રિય હોવાથી, પહેલાં સ્વાયંભુવપણું કહી તે ભગવદીય હોવાનું જણાવ્યું, તેથી તેનામાં ભગવદીયપણું મુખ્ય હતું. તેથી ચરિત્રનું શ્રવણ કરવાનાં કારણ તરીકે (સ્વાયંભુવ) પ્રથમ કહ્યો. પછી સૃષ્ટિ ઉત્પન્ન કરનાર તરીકે જણાય તે માટે ભગવદીયપણું જણાવીને, તેને બ્રહ્માનો પુત્ર કહ્યો. તેથી તેજ વિષય ફરીથી કહેલો નથી. 'પ્રિય પત્નીને' શબ્દોથી આ (શતરૂપા)નાં પણ બે સ્વરૂપ (કહ્યાં છે), કારણ કે (તે) ભગવદીય હોવાથી (મનુને) પ્રિય હતી, (અને) પતન (કરાવનારી) હોવાથી પત્ની હતી. 'પ્રતિલમ્ભઃ' એટલે ફરી પ્રાપ્તિ; કારણ કે બીજાં કલ્પમાં પણ તે (પત્નીની) સ્થિતિથીજ પ્રાપ્ત થઈ. બંનેએ મળીને શું કર્યું? એવો પ્રશ્ન છે. ''ભેગા થવું જ સુખ ઉત્પન્ન કરનારું હોવાથી, કાંઈ કરશે નહિ'' એવી શંકા થાય, તેથી 'પછી' શબ્દ યોજેલ છે. 'હે મુનિ!' એ સંબોધન તે (મૈત્રેય)નું જ્ઞાન હોવાનું જણાવવા (યોજેલ છે). તેણે સૃષ્ટિ કેમ (ઉત્પન્ન) કરી? એવો પ્રશ્ન છે. ૨.

નીચેના શ્લોકથી ચરિત પૂછે છેઃ

**ચરિતં તસ્ય રાજર્ષેરાદિરાજસ્ય સત્તમ ।।**
**બ્રૂહિ મે શ્રદ્દધાનાય વિષ્કસેનાશ્રયો હ્યસૌ ।।૩।।**

હે ઉત્તમ પુરુષ! તે રાજર્ષિ મૂળ રાજાનું ચરિત મને શ્રદ્ધાલુને કહો, કારણ કે તેણે વિષ્ણુનો આશ્રય કરેલો. ૩.

'તે' શબ્દથી (એમ જણાવ્યું છે કે) ચરિત શ્રવણ કરવાનું પ્રયોજન (તેનું) ભગવદીયપણું છે. 'રાજર્ષિ' શબ્દથી (તેને) ધર્મ કરનાર (કહેલો છે). 'હે ઉત્તમ પુરુષ' સંબોધનથી એવો નિશ્ચય (કહેલો છે કે સ્ત્રી પુરુષ) ભેગા થવાની વાર્તાથી ખળભળાટ થતો ન હોવાથી ચરિત્ર કહો જ. 'શ્રદ્ધાલુ' વિશેષણથી કહેવાનું કારણ (જણાવ્યું છે). શ્રદ્ધા (હોવા)નું કારણ 'વિષ્ણુનો આશ્રય કરેલો' શબ્દથી (કહેલું છે). તે (આશ્રય કરેલ હોવા)નું પણ કારણ 'તેણે' શબ્દથી (કહેલ છે). ભગવાને ઉત્પન્ન કરેલ હોય તેજ ભગવાનનો આશ્રય કરનાર થાય. (ભગવાનનો) આશ્રય કરેલ હોય તેજ ભગવદીયના ચરિત્રમાં શ્રદ્ધાવાળો હોય. ૩.

ભગવદીઓનાં[1] ચરિત્રનું પણ શ્રવણ કરવું જોઈએ. આધાર વિનાનું ચરિત્ર પોતાને આધાર પ્રાપ્ત કરાવતું નથી, તેથી તે સ્થિર રહેતું નથી. તેથી ઘણાં કષ્ટથી પણ શ્રવણ કરેલું ભગવાનનું ચરિત્ર અસ્થિર હોવાથી ફલ આપતું ન હોવાથી ભગવદીયોના ચરિત્રનું શ્રવણ કરવું જોઈએ[1]. તેજ નીચેના શ્લોકથી કહે છેઃ

**શ્રુતસ્ય પુંસાં સુચિરશ્રમસ્ય નન્વઞ્જસા સૂરિભિરીડિતોઽર્થઃ ।।**
**તત્તદ્ગુણાનુશ્રવણં મુકુન્દપાદારવિન્દં હૃદયેષુ યેષામ્ ।।૪।।**

હો! પુરુષોના લાંબા સમય સુધીના ઘણા શ્રમથી કરેલા સંપૂર્ણ શ્રવણનું કવિઓએ પ્રશંસા કરેલું પ્રયોજન (એ છે કે) જેમના જેમના હૃદયોમાં મુકુંદનું ચરણકમલ હોય તેમના તેમના ગુણોનું પાછલથી શ્રવણ કરવું. ૪.

નનુ' 'હો' એ કોમલ સંબોધનથી એમ સૂચવેલું છે કે આ વિષયમાં અનુભવ પ્રમાણ છે. 'શ્રવણનું' એટલે ભગવાનના ગુણોનાં શ્રવણનું[2] આગળ (ઉત્તરાર્ધમાં) કહેવામાં આવશે તેજ 'અર્થઃ' પ્રયોજન છે, એમ કવિઓએ (પ્રયોજનની) પ્રશંસા કરેલી છે. બુદ્ધિને નિર્દોષ કરનાર તરીકે (વેદનાં) અધ્યયન વિગેરેથી જે કોઈ વિષયનું[2] શ્રવણ થાય, તેનું ફલ ભગવાનના ગુણોની સ્થિરતા થાય તે માટે પહેલાં (શ્રવણ કરેલી) વાર્તાથી[3] થએલી સ્વચ્છ બુદ્ધિ છે. બુદ્ધિનું પ્રૌઢપણું[4] પણ (ભગવાનના) અનેક ગુણોનું ગ્રહણ થઈ શકે તે માટે થાય છે. ઘણા શ્રમથી[5] (કરેલ) શ્રવણની સમજ[6] પણ ભગવાન્ માટેજ હોય છે. શ્રવણ[7] કરેલા ભગવાનના ગુણો સ્થિર થઈ ફલ આપનાર થાય એવી આકાંક્ષા રહે છે. તેમાં (ભગવાનના ગુણોની) સ્થિરતા ભગવદીય ચરિત્ર કરાવનારી હોવાથી, પહેલાં શ્રવણ કરેલું ચરિત્ર પોતે સ્થિર થાય તે માટે ભગવદીયના ચરિત્રના શ્રવણમાં રુચિ ઉત્પન્ન કરે છે. તેથી ભગવાનના ચરિત્રનું પણ ફલ ભગવદીયના ચરિત્રનું શ્રવણ છે[7]. 'સુષ્ઠુ' ઘણો 'ચિરં' લાંબા સમય સુધીનો 'શ્રમઃ' શ્રમ થએલો છે જેમાં (તેવું ભગવાનના), 'અંજસા' સંપૂર્ણ રીતે કરેલા

(શ્રવણના પ્રયોજનની કવિઓએ એવી પ્રશંસા કરેલી છે), કારણ કે કવિઓ સાધનને અધીન હોવાથી સાધનની જ પ્રશંસા કરે છે, ફલની (પ્રશંસા કરતા) નથી. તે પ્રયોજન ઉત્તરાર્ધથી કહે છે. ભગવાનના ભક્તના સંબંધવાળા જે જે ગુણથી ભગવાનનું ચરણારવિંદ તેઓના હૃદયમાં સ્થિર થાય છે, તે ભગવાનનાં ચરણારવિંદને સ્થાપન કરનારો તે (ભક્ત)નો ગુણ શ્રવણનું[૮] ફલ છે. પહેલાં[૯] (કરેલ) શ્રવણનું ફલ જૂદા જૂદા (ભગવદીયોના) ગુણોનું પાછળથી કરેલું શ્રવણ છે. તેથી (સાધન અને ફલ) એક પ્રકારના હોવાથી વિરોધ નથી. ભક્તોમાં રહેલા ભગવાનનાજ ગુણો તેવા થાય છે, તેથી વિરોધ નથી[૯]. ગુણોને ફલ તરીકે જણાવેલા હોવાથી, તેઓ બીજા ગુણો ઉત્પન્ન કરશે એવા દોષની શંકા કરવી નહિ. તેથી ભગવાનનાં ચરણાવિંદનું સ્થાપન કરનારા ગુણો શ્રવણ કરવા યોગ્ય હોવાથી મનુનું ચરિત્ર શ્રવણ કરવા યોગ્ય છે. આથી તેનું પ્રિયપણું વિગેરે (ગુણ) પણ સૂચવેલ છે. ૪.

૧....૧. આ ભાગથી (મનુનું ચરિત્ર) શ્રવણ કરવા યોગ્ય હોવાનું સિદ્ધ કરે છે. (પ્ર)

૨. 'શ્રવણ' એટલે (૧) શ્રવણ કરવાનો વિષય, અને (૨) શ્રવણ કાર્ય. ભગવાનના ગુણો વિષય છે. શ્રવણ કરવું તે કાર્ય છે. બંને કહેલાં છે. (પ્ર)

૩. જેનું અધ્યયન કરેલ તે પહેલાં શ્રવણ કરેલી ભગવાનની વાર્તા. (પ્ર)

૪. અધ્યયન વિગેરેથી પ્રાપ્ત થએલું બુદ્ધિનું પ્રૌઢપણું. (પ્ર)

૫. (અધ્યયનમાં કરેલ) શ્રમ અને તેના પ્રયોજનનું પણ પ્રયોજન કહે છે. (પ્ર)

૬. 'ગ્રાહકત્વમ્' એટલે શબ્દથી નિશ્ચય થવો તે. (પ્ર) સમજ, સમજવું તે

૭–૭. ''શ્રવણ વિગેરે એ રીતે ભગવાન્ માટેજ થાય છે, તો ભગવદીયનું ચરિત્ર શ્રવણ કરવા યોગ્ય કેમ હોય?'' એવી શંકા આ ભાગથી દૂર કરે છે. (પ્ર)

૮. 'શ્રવણનું' એટલે તે ભગવદીયનાં ચરિત્રનાં શ્રવણનું. (પ્ર)

૯–૯. ભગવાનના ગુણોનું શ્રવણ જૂદા પ્રકારનું નથી એ આ ભાગથી સ્પષ્ટ કરે છે. (પ્ર)

એ પ્રમાણે ભગવાનનાં ચરિત્રમાં આસક્તિવાળો શ્રવણ કરનાર પ્રાપ્ત થતાં, મૈત્રેયને સંતોષ થયો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

॥ શ્રીશુક ઉવાચ ॥

**ઇતિ બ્રુવાણં વિદુરં વિનીતં સહસ્રશીર્ષ્ણશ્ચરણોપધાનમ્ ॥**
**પ્રહૃષ્ટરોમા ભગવત્કથાયાં પ્રણીયમાનો મુનિરભ્યચષ્ટ ॥૫॥**

એ પ્રમાણે કહેતા વિનયવાળા, એક હજાર મસ્તકવાળાના ચરણના આસનરૂપ વિદુરને ભગવાનની કથામાં પ્રેરાતા મુનિએ આનંદથી રોમાંચિત થઈ (નીચે પ્રમાણે) કહ્યું. ૫.

'વિદુર' શબ્દ ભગવાને જેને (બોધ કરવાની) આજ્ઞા કરેલી તે જણાવે છે. 'વિનયવાળા' વિશેષણથી પોતાની મેળે પણ કહેવાનું કારણ (જણાવેલું છે). 'એક

હજાર મસ્તકવાળાના ચરણના આસનરૂપ' શબ્દથી શાસ્ત્રાર્થ પ્રમાણે પણ તેની (વિદુરની) આજ્ઞાનું પાલન કરવું જોઈએ એવું તેનું માહાત્મ્ય (કહેલું છે), કારણ કે જેવા ભગવાનના ચરણનું સ્થાપન કરનારા ગુણો છે તેવો વિદુર (હોવાનું જણાવ્યું છે). શ્રીકૃષ્ણ સાક્ષાત્ ભગવાન્ હોવાથી તેમને એક હજાર મસ્તકવાળા કહેલા છે. વિદુર તેમના ચરણનું આસન છે, કારણ કે ચરણ 'ઉપધીયતે' મૂકાય છે જેનાં ઉપર તેવો તે છે, કેમકે જ્યારે ભગવાન્ ચરણ લંબાવે છે ત્યારે વિદુરના ખોળામાં લંબાવે છે. તેથીજ વિદુરમાં જરૂરી ત્રણ ગુણો હોવાથી, ભગવાનની કથા (તેને) કહેવાનું જરૂરી છે એમ જાણીને, (મૈત્રેય) આનંદથી રોમાંચિત થયો, કારણ કે તે સ્વભાવથી મુનિ (છતાં) ભગવાનની કથા (કહેવા)માં અત્યંત પ્રેરાયો, (અને તેણે) સંપૂર્ણ રીતે કહી એટલે હેતુ જણાવીને સર્વ (કથા) કહી. વિદુરના સંગથી મૈત્રેય ક્રમે ક્રમે ભક્ત થાય છે તેવું જે ભગવાનનું ચરિત્ર (છે તે) વિપરીત છે. જેમ તે (મૈત્રેય)નું જ્ઞાન આ (વિદુર)માં આવે છે, તેમ વિદુરની ભક્તિ પણ બીજા (મૈત્રેય)માં આવે છે. તેથી (મૈત્રેય) આનંદથી રોમાંચિત થયો. ૫.

બ્રહ્માની પ્રાર્થનાથી (મનુ) સૃષ્ટિ કરશે એમ કહેવા માટે, નીચેના શ્લોકમાં બ્રહ્મા સાથેનો (મનુનો) પ્રસંગ કહે છેઃ

॥ મૈત્રેય ઉવાચ ॥

**યદા સ્વભાર્યયા સાકં જાતઃ સ્વાયંભુવો મનુઃ ॥**
**પ્રાઞ્જલિઃ પ્રણતશ્ચેદં વેદગર્ભમભાષત ॥૬॥**

જ્યારે સ્વાયંભુવ મનુ પોતાની પત્ની સાથે ઉત્પન્ન થયો ત્યારે તેણે બે હાથ જોડી પ્રણામ કરી વેદગર્ભ (બ્રહ્મા)ને આ કહ્યું. ૬.

'પોતાની પત્ની સાથે' એટલે શાસ્ત્રમાં મના કરેલ ન હોય તેવી પ્રજાને ઉત્પન્ન કરવાની સામગ્રી સાથે. 'મનુ' હોઈ સ્વભાવથી પણ ધર્મમાં આસક્તિવાળો (હતો). 'સ્વાયંભુવ' શબ્દથી (એમ જણાવ્યું છે કે) તેમ (પ્રજા ઉત્પન્ન) ન કરે તો તે શુદ્ધ થયા વિનાનો રહે, કારણ કે તેમણે (બ્રહ્માએ) સૃષ્ટિ કરવા માટેજ તેને ઉત્પન્ન કરેલો. વિજ્ઞપ્તિ કરવા તેણે બે હાથ જોડ્યા, અને મન તથા વાણીથી પ્રણામ કર્યા. (એ પ્રમાણે) કાયા વાણી અને મનથી (મનુની) નમ્રતા સૂચવી. 'આ' એટલે (નીચે) કહેવામાં આવશે તે. 'વેદગર્ભ' શબ્દથી સૃષ્ટિ રચનાર જ્ઞાનવાળા હોવાનું કહેલું છે. ૬.

નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી (મનુની) વિજ્ઞપ્તિ કહે છેઃ

**પુત્રસ્ય કાર્યદ્વિતયં પિતૃશુશ્રૂષણં પુરઃ ॥**
**તદાજ્ઞાકરણં ચેતિ દ્વયં સન્દિગ્ધમત્ર હિ ॥૧૫॥**

પુત્રના બે કાર્ય છે (૧) પહેલા પિતાની સેવા અને (૨) તેમની આજ્ઞા પ્રમાણે

વર્તવું; કારણ કે અહિં બેમાં સંદેહ છે (તેથી બેની વિજ્ઞપ્તિ કરે છે). કા. ૧૫.

તેથી અહિં પહેલા (સંબંધી) પ્રશ્ન કરે છે. જો કે તમારે સેવાની જરુર નથી, તેમજ સર્વને સંપૂર્ણ રીતે ઉત્પન્ન કરો છો, તેથી તમારાથી ઉત્પન્ન થએલા અને તમે પાલન કરેલા અમારાથી તમારી શું સેવા થવાની? છતાં પણ અમારી પોતાની શુદ્ધિ થાય તે માટે પિતાની સેવા (અમારે) કરવી જોઈએ. તેથી (શું) સેવા (કરવી તે) કહો. વળી સેવા તેજ (ગણાય), કે જેનાથી જેની સેવા કરવામાં આવતી હોય તેને સુખ અને પ્રસન્નતા થાય. તે (તેવી સેવા) હું જાણતો ન હોવાથી પ્રશ્ન (કરું છું). (તમને સેવાની) જરૂર ન હોવાના ત્રણ કારણો છે. (૧) સર્વ પ્રાણીઓને (તમે) જન્મ આપનારા છો (૨) આજીવિકા આપનારા છો અને (૩) સાહાય્ય કરનાર વિના શૂર છો. તે પૈકી સાહાય્ય કરનાર વિના શૂર હોવાપણું જન્મ (આપનાર હોવાપણું) વિગેરેથી પણ અધિક ઉત્સાહ કરાવનારું હોવાથી, નીચેના શ્લોકમાં તે પ્રથમ કહે છેઃ

॥ મનુરુવાચ ॥

**ત્વમેકઃ સર્વભૂતાનાં જન્મકૃદ્વૃત્તિદઃ પિતા ॥**
**અથાપિ નઃ પ્રજાનાં તે શુશ્રૂષા કેન વા ભવેત્ ॥૭॥**

આપ સમર્થ સર્વ પ્રાણીઓને જન્મ આપનાર, આજીવિકા આપનાર પિતા છો. છતાં પણ અમો પ્રજા માટે આપની સેવા શાથી થાય? ૭.

આપ જ એકલા સર્વ (કાર્ય)માં સમર્થ છો. સેવાનું (આપને) શું પ્રયોજન? વળી આપજ એકલા સર્વ પ્રાણીઓને જન્મ આપનાર, ઉત્પન્ન કરનાર છો. 'વૃત્તિઃ' એટલે આજીવિકા, તે આપો છો એટલે આજીવિકા આપનારા છો. તેથી (આપને) સેવાની જરુર નથી. વળી આપ સર્વે પ્રાણીઓના પિતા છો. આથી સેવા અટકાવનાર સ્નેહ જણાવેલો છે. છતાં પણ (સેવાનું આપને) પ્રયોજન નથી અને (તેને) રોકનાર (સ્નેહ) છે, ત્યારે અમો પ્રજાના ઉદ્ધાર માટે આપની સેવા (અમારાથી) શાથી થાય તે કહો, એવા પ્રયોજનવાળી (આ) વિનતિ (પ્રશ્ન) છે. ૭.

વળી આજ્ઞા કરો, પરંતુ જે કાર્ય (કરવાની) અમારી શક્તિ હોય (તે કાર્ય કરવાની આજ્ઞા કરો) એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તદ્વિધેહિ નમસ્તુભ્યં કર્મસ્વીડ્યાત્મશક્તિષુ॥**
**યત્કૃત્વેહ યશો વિષ્વગમુત્ર ચ ભવેદ્ગતિઃ॥૮॥**

હે સ્તુતિ કરવા યોગ્ય! આપને નમસ્કાર. જે કરવાની અમારી શક્તિ હોય તેવાં કર્મોમાંના જે કરવાથી આ લોકમાં સર્વત્ર યશ અને પરલોકમાં સદ્ગતિ થાય તે કહો. ૮.

'સેવા અને (તેનાં) કાર્ય સ્પષ્ટ છે, તેનું અજ્ઞાન કેમ હોય?' એવો પ્રશ્ન થાય, તેથી 'આપને નમસ્કાર' એમ કહેલ છે. સેવામાં અને (તેનાં) કાર્યમાં હું આટલું

જાણું છું કે આપ નમસ્કાર કરવા યોગ્ય છો. નમન સિવાયનું (મારાથી) અશક્ય છે અને નિરર્થક છે, છતાં જો તે ફલદાયક જણાતું હોય અથવા (મારાથી) બની શકે તેવું હોય, તો તે કહો, એવા અભિપ્રાયથી 'કર્મોમાંના (જે કરવાથી...)' એમ કહે છે. બધાએ જેમની સ્તુતિ કરેલી છે તેમની સ્તુતિ (કરવી) પણ અશક્યજ છે, તે (અર્થ) 'હે સ્તુતિ કરવા યોગ્ય!' એ સંબોધનથી કહેલો છે. 'આત્મશક્તિષુ' નો એવો અર્થ છે કે જે (કરવાની) અમારી શક્તિ છે, અમારાથી જે થઈ શકે તેવાં છે. તેઓમાં પણ જે ધર્મ ઉત્પન્ન કરનાર હોય, અને વળી જે અપકીર્તિ કરનાર ન હોય, એટલે જે લોક તથા વેદથી વિરુદ્ધ ન હોય (તે કહો), એવો અર્થ છે. 'સર્વત્ર યશ (થાય)' એટલે જેમકે અમુક દેશમાં મના કરેલું કર્મ ગણાતું હોય, તેમ કોઈ પણ વિભાગમાં પણ જે પ્રકારે અપકીર્તિ કરનાર ન હોય, અને પરલોકમાં (સદ્ગતિ થાય), એટલે પરલોકમાં પણ (જેથી) યશ અને સદ્ગતિ પ્રાપ્ત થાય (તે કહો). ૮.

તે પૈકી એક (તમે) કરેલુંજ છે એમ બ્રહ્મા નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી કહે છેઃ

॥ બ્રહ્મોવાચ ॥

**પ્રીતસ્તુભ્યમહં તાત! સ્વસ્તિ સ્તાદ્વાં ક્ષિતીશ્વર! ॥**
**યન્નિર્વ્યલીકેન હૃદા શાધિ મેત્યાત્મનાર્પિતમ્ ॥૯॥**

હે વહાલા! હું તારા ઉપર પ્રસન્ન છું. હે ભૂપતિ! તમો બેનું કલ્યાણ થાઓ, કારણ કે 'મને આજ્ઞા કરો' એમ નિષ્કપટ હૃદયથી આત્મા સાથે (તમે સર્વ) સમર્પણ કરેલું છે. ૯.

સેવા ફલ આપનારી છે. સેવા થઈ એ ફલથી જાણવામાં આવે છે, તેથી (બ્રહ્મા) ('હું પ્રસન્ન છું' એમ) તેનું ફલજ જણાવે છે. (સેવા) ફલવાળી હોવાથી પ્રસન્નતા પણ ઘણી થઈ. 'તમો બેનું કલ્યાણ થાઓ' શબ્દોથી તે (પ્રસન્નતા)નું ફલ કહે છે. તમારા બેનું કલ્યાણ થાઓ. (તે બેને કરવાનું) કાર્ય સંસારની પ્રવૃત્તિના પ્રકારનું હોવાથી બંધન થવાનો ભય થાય, તેથી એમ કહેલું છે. 'હે ભૂપતિ!' એ સંબોધનથી, 'ભૂમિ ઉપર સત્તા મળો' એવું બીજું પણ ફલ જણાવેલું છે.

''અમે શું સેવા કરી અને (તમને) કેવી રીતે પ્રસન્નતા થઈ?'' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. 'મને આજ્ઞા કરો' એમ નિષ્કપટ હૃદયથી આત્મા સાથે જે (પોતાનાં) સર્વસ્વનું નિવેદન તેજ સેવા. દુર્યોધનની પેઠે કપટથી પણ તે (સર્વસ્વનું નિવેદન) થાય, તેથી 'નિષ્કપટ હૃદયથી' એમ કહેલું છે. 'આત્મના' ('આત્મા સાથે') શબ્દમાં સાથેના અર્થમાં ત્રીજી (વિભક્તિ યોજેલી છે). આથી એમ જણાવેલું છે કે આ લોકનું અને પરલોકનું પણ આત્માના સંબંધવાળું સર્વ નિવેદન કરેલું છે. આજ

ખરેખર આત્મસમર્પણ છે. તેનાથી જૂદી (કાંઈ) પ્રભુની સેવા નથી. ૯.

તેનાથી જૂદી પણ (કાંઈ સેવા) હશે, એવી શંકા થાય, તે નીચેના શ્લોકથી દૂર કરે છેઃ

**એતાવત્યાત્મજૈર્વીર! કાર્યા પિતરિ પુત્રકૈઃ ।।**
**શક્ત્યાઽપ્રમત્તૈર્ગૃહ્યેત સાદરં ગતમત્સરૈઃ ।।૧૦।।**

હે વીર! પુત્રોએ પિતાની આટલી સેવા કરવાની છે કે સાવધાન અને ઈર્ષ્યાવિનાના રહી આદરપૂર્વક શક્તિ પ્રમાણે તેમની આજ્ઞા પાળવી. ૧૦.

જેણે જે જેની પાસેથી પ્રાપ્ત કરેલું હોય, તે તેનેજ નિવેદન કરવું યોગ્ય હોવાથી, પુત્રોએ આટલીજ (પિતાની) સેવા કરવાની છે. 'પુત્રોએ પિતાની' શબ્દોથી જે પ્રાપ્ત થએલ હોય, તેજ નિવેદન કરવાનું (કહેલું છે). 'ગુરાવપચિતિઃ' 'ગુરુનો પ્રત્યુપકાર' એવો પાઠ લેવામાં આવે ત્યારે પણ ગુરુએ ઉપદેશ કરેલો પદાર્થ ફલે તે માટે (શિષ્યે) પોતાના આત્માનું[૧] જ નિવેદન કરવું જોઈએ, કારણ કે તે આત્માના અને તેના સંબંધીના મોક્ષ માટે ઉપદેશ આપે છે[૨]. તે આથી થઈ શકે તેવું ન હોવાથી તેમને નિવેદન કરવું જોઈએ[૩], કારણ કે (તેમ કરવાથી) તે પોતાનો ઉદ્ધાર કરે છે. ઉપદેશ[૪] સાર્થક થવાથી જ તેમનો બદલો વળાય છે[૫]. તેમ ન હોય તો તે સેવાને અધીન થાય (ગણાય)[૬]. તેથી બંનેનાં કાર્ય (સિદ્ધ થાય તે) માટે આત્માનું સમર્પણજ 'અપચિતિઃ' બદલો, સેવા (અથવા) પ્રત્યુપકાર એવો અર્થ[૭] છે. ઉત્તરાર્ધથી આત્મસમર્પણનું દષ્ટાંત આપેલું છે. પોતાની શક્તિ પ્રમાણે સાવધાન રહી તેમની આજ્ઞા પાળવી. 'માટી લાવ' એમ (ગુરુ) કહે ત્યારે પોતાની શક્તિ પ્રમાણે આદરપૂર્વક માટી લાવવી એ આત્મસમર્પણનું દષ્ટાંત છે. (ગુરુ) અયોગ્ય (કાર્ય) કરાવે ત્યારે પણ 'પોતાની સરસાઈ થાય તે માટે (ગુરુ) મારી પાસે અયોગ્ય (કાર્ય) કરાવે છે' એમ તેમની સરસાઈ સહન ન કરનાર થયા વિના (સાવધાન થઈ શક્તિ પ્રમાણે તેમની આજ્ઞા પાળવી). ૧૦.

૧. 'નિસ્તાર્યમ્' એટલે શિષ્યના દેહનો અભિમાનવાળો આત્મા (પ્ર)
૨. તે ગુરુ આત્મા (શિષ્ય) અને આત્મીય (તેના સંબંધીઓ)નો મોક્ષ થાય તે માટે ઉપદેશ આપે છે એટલે ભગવાને આજ્ઞા કરેલ હોય તે કહે છે. (પ્ર)
૩. તે એટલે પોતાનો અને પોતાના સંબંધીઓનો ઉદ્ધાર. આ (શિષ્ય)થી થઈ શકે તેમ ન હોવાથી, તેણે પોતાના આત્મા અને સંબંધીઓ ગુરુને નિવેદન કરવાં જોઈએ. (પ્ર)
૪. શિષ્યે પોતાનો ઉદ્ધાર થાય તે માટે ગુરુને આત્મસમર્પણ કરવું જોઈએ. (પ્ર)
૫. ગુરુ શિષ્યનો ઉદ્ધાર કરવા ઉપદેશ આપે છે. શિષ્ય ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તે ત્યારે ઉદ્ધાર માટે તત્પર થયો જણાય અને ઉપર કહ્યું તેમ સમર્પણ કરે ત્યારે આજ્ઞા પ્રમાણે વર્તનારો જણાય,

સમર્પણ કરવાથી તે સર્વ ગુરુના સેવક થાય. ગુરુ પોતાનો ઉદ્ધાર કરતાં સાથે સેવકોનો પણ ઉદ્ધાર કરે છે એટલે ઉપદેશ સાર્થક થાય છે. એમ શિષ્યની સેવા ફળે છે. (પ્ર)

૬. ''ઉપદેશથી શિષ્ય સેવા કરવા યોગ્ય થાય છે, અને સેવાથી તેનો ઉદ્ધાર થાય છે એમ માનવામાં શું દોષ?'' એવી શંકા થાય તેથી આ કહે છે. એમ માનવાથી 'તે' ઉદ્ધાર સેવાને અધીન થાય, એટલે ઉપદેશનું ફલ ઉદ્ધાર છે એ સિદ્ધાંત ન રહે. (પ્ર)

૭. જે ઉપર સિદ્ધ કર્યું તે આ વાક્યથી કહે છે. સેવા પ્રત્યુપકારરૂપ હોવાથી 'અપચિતિ' છે, એવો અર્થ છે. જેમણે નિવેદન કરેલું છે, અને જેમણે નિવેદન કરેલ નથી તેમની સેવાઓનાં સ્વરૂપ આથી કહેલ જાણવાં. (પ્ર)

એ પ્રમાણે સેવા સિદ્ધ કરીને, નીચેના શ્લોકમાં જે કરવાનું છે તેની આજ્ઞા કરે છેઃ

**સ ત્વમસ્યામપત્યાનિ સદૃશાન્યાત્મનો ગુણૈઃ।।**
**ઉત્પાદ્ય શાસ ધર્મેણ ગાં યજ્ઞૈઃ પુરુષં યજ।।૧૧।।**

તે તું આ (સ્ત્રી)ની અંદર ગુણો વડે પોતાની સમાન પુત્રો ઉત્પન્ન કરી, પૃથ્વીનું ધર્મથી પાલન કર, (અને) યજ્ઞોથી ભગવાનનું પૂજન કર. ૧૧.

મારો પુત્ર હોવાથી જે કરવાનું, તે (તેં) કરેલું જ છે. ભગવદીય હોવાથી (તારે) જે કરવા યોગ્ય છે તે કહું[૧] છું એમ જણાવવા 'સઃ' 'તે' શબ્દ યોજેલ છે. 'આ (સ્ત્રી)ની અંદર' શબ્દનો પણ તેવો જ (અર્થ છે), તેથીજ 'ગુણો વડે પોતાની સમાન પુત્રોને ઉત્પન્ન કર' એવી પહેલી આજ્ઞા (કરી). આની પછી પૃથ્વીનું ધર્મથી 'શાસ' પાલન કર એવી બીજી આજ્ઞા (કરી). 'યજ્ઞોથી 'પુરુષં' ભગવાનનું પૂજન કર' એવી ત્રીજી (આજ્ઞા કરી). ૧૧.

૧.'તદુચ્યતે' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલો છે.

પૃથ્વીનું પાલન કરવું એ ક્ષત્રિયનો ધર્મ હોવાથી (અને) યજ્ઞો વૈદિક ધર્મ હોવાથી શ્રૌત અને સ્માર્ત ધર્મો સ્વધર્મ છે. (તેથી) તે પૈકી બે (આજ્ઞાઓ) ભગવાનની પ્રીતિ ઉત્પન્ન કરનારી છે એવું (મારા એટલે મનુના) જાણવામાં આવ્યું. તેથી સ્વધર્મ પ્રમાણે ભગવાનનું પૂજન કરવામાં આવે ત્યારે આપ વેદગર્ભ (બ્રહ્મા) અને ભગવાન્ પ્રસન્ન થાઓ તેમાં સંશય નથી, પરંતુ પ્રજા ઉત્પન્ન કરવામાં આવે, તેથી આપ અથવા ભગવાન્ પ્રસન્ન થાઓ એ (વિષય)માં કાંઈ પણ પ્રમાણ નથી, એવી શંકા (મનુને) થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**પરં શુશ્રૂષણં મહ્યં સ્યાત્પ્રજારક્ષયા મમ ।।**
**ભગવાંસ્તે પ્રજાભર્તુર્હૃષીકેશોઽનુતુષ્યતિ ।।૧૨।।**

મારા માટે પ્રજાનું રક્ષણ કરવાથી મારી ઉત્તમ સેવા થાય. પ્રજાનું રક્ષણ કરનાર તારા ઉપર ભગવાન્ હૃષીકેશ પ્રસન્ન થાય છે. ૧૨.

પુત્રે પિતાની સેવા કરવી જોઈએ. તે મારી ઉત્તમ સેવા પ્રજાનું રક્ષણ (કરવા)થી જ થાય, કારણ કે મારે કરવાનું તેં કર્યું. 'ભગવાને જે કરવાનું છે તે કરવું એ ભગવાનની ઉત્તમ સેવા છે' એમ પહેલાં અમે કહેલું છે. તેથી મારે પ્રજા ઉત્પન્ન કરવાની અને (તેનું) પાલન કરવાનું છે તે તું જ કરે છે, એ મારી ઉત્તમ સેવા (થઈ). વળી આથી ભગવાન્ પ્રસન્ન થાય છે, એમ ઉત્તરાર્ધથી કહે છે. 'પ્રજાભર્તુઃ' પ્રજાનું રક્ષણ કરનાર તારા ઉપર ભગવાન્ પ્રસન્ન થાય, કારણ કે પ્રજાનું રક્ષણ પણ ધર્મ છે. વળી (ભગવાન્) 'હૃષીકેશ' હોવાથી, અને પ્રજા ઉત્પન્ન કરવામાં (તથા) પ્રજાનું રક્ષણ કરવામાં સર્વ ઈન્દ્રિયોથી ભોગ થતો હોવાથી, ઈન્દ્રિયોના અધિષ્ઠાતા ભગવાન્ 'હૃષીકેશ' પ્રસન્ન થાય છે. ૧૨.

'પ્રજાનો અને પોતાનો ઈન્દ્રિયોથી કરેલો ભોગ પ્રવૃત્તિરૂપ હોવાથી, અને પ્રવૃત્તિ સંસાર કરાવનારી હોવાથી, પ્રસન્ન થએલા ભગવાન્ પણ સંસારનુંજ ફલ આપશે. તેથી (પ્રજા) મુક્તિ પ્રાપ્ત કરાવનારી ન હોવાથી પ્રજાનું શું પ્રયોજન ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**યેષાં ન તુષ્ટો ભગવાન્ યજ્ઞલિંગો જનાર્દનઃ ||**
**તેષાં શ્રમો હ્યપાર્થાય યદાત્મા નાદતઃ સ્વયમ્ ||૧૩||**

યજ્ઞસ્વરૂપ ભગવાન્ જનાર્દન જેમના ઉપર પ્રસન્ન થએલા નથી તેમનો શ્રમ વ્યર્થ છે, કારણ કે તેમણે પોતાની મેળે આત્માનો આદર કરેલો નથી. ૧૩.

કારણ કે સર્ગલીલામાં ઉત્પન્ન થએલા ઉપર તે હૃષીકેશ સર્ગને અનુકૂલ કાર્ય (કરવા)થીજ પ્રસન્ન થાય છે (અને સર્ગથી) ઉલટાં (કાર્ય)થી પ્રસન્ન થતા નથી. તે પ્રસન્ન ન થાય તો સર્વનાશ થાય છે, કારણ કે (તે) ભગવાન્ છે. તે પ્રસન્ન ન થાય, તો ઐશ્વર્યની પેઠે જ્ઞાન વિગેરે પણ પ્રાપ્ત થતાં નથી. તેથી મોક્ષ પણ પ્રાપ્ત ન જ થાય. વળી (૧) ભગવાન્ યજ્ઞસ્વરૂપ છે, યજ્ઞો જેમનાં સ્વરૂપ છે, તેવા છે. (તેથી) ભગવાન્ પ્રસન્ન ન થાય, તો યજ્ઞનું ફલ પણ (પ્રાપ્ત) ન થાય. (૨) તે પ્રસંગે 'યજ્ઞ ન કરે તેને આ લોક (ફલ પ્રાપ્ત કરાવતો) નથી' એ વાક્ય પ્રમાણે આ લોકનું અથવા પરલોકનું ફલ પ્રાપ્ત થતું નથી. (૩) વળી ભગવાન્ 'જનામ્' અવિદ્યાનો 'અર્દયતિ' નાશ કરે તેવા જનાર્દન છે. તેથી (ભગવાન્ પ્રસન્ન ન થાય) તેથી અવિદ્યાનો નાશ પણ ન થાય. તેથી મોક્ષ ન થાય. એ પ્રમાણે (ભગવાન્ પ્રસન્ન ન થવાથી) (૧) જ્ઞાન થતું નથી, (૨) ધીરે ધીરે મુક્તિ પ્રાપ્ત કરવામાં પરલોકની પ્રાપ્તિ થતી નથી અને (૩) અવિદ્યાનો નાશ ન થવાથી મુક્તિ થતી નથી[1]. તેથી તેઓનો પરલોક પ્રાપ્ત કરવાનો અથવા મુક્તિ પ્રાપ્ત કરવાનો શ્રમ 'અપાર્થઃ' વ્યર્થ છે. તે વિષયનો તર્ક (ઉપર) કહેલોજ છે.

''ધર્મ કરેલો હોવાથી, (શ્રમ) વ્યર્થ કેમ થાય? તર્કના વિચાર પ્રમાણે (ફલ) ન થવા છતાં, ઉત્પત્તિના વિચાર પ્રમાણે (ધર્મનું) ફલ (પ્રાપ્ત) થશે'' એવી શંકા થાય, તેથી 'કારણ કે તેમણે પોતાની મેળે આત્માનો આદર કરેલો નથી' એમ કહેલું છે, કારણ કે કૃતઘ્નમાં ધર્મ હોતો નથી. આત્મા અને અનાત્મામાં વિરોધ હોય, ત્યારે અંદરના અંગ અને બહારના અંગના વિચાર પ્રમાણે પણ, (તેમજ) મુખ્ય અને હલકાના વિચાર પ્રમાણે પણ આત્મા વિશેષ બલવાન છે, કારણ કે બધું આત્માના માટે (કરવામાં આવે છે). પદાર્થ અને તેનાં સાધનમાં વિરોધ હોય, ત્યારે પદાર્થ વધારે બલવાન છે[2] એ વિચાર પ્રમાણે પણ આત્માની અવગણના કરવામાં આવે, ત્યારે દેહ વિગેરેથી ધર્મ પ્રાપ્ત થતો નથી. જેમ વ્યાકુલ ઈન્દ્રિયોવાળાને શરીરથી થતો ધર્મ ફલ આપતો નથી, તેમજ મન વ્યાકુલ હોય ત્યારે ઈન્દ્રિયોથી થતો ધર્મ પણ ફલ આપતો નથી, તેમ ભગવાનથી વિમુખ હોય તેને કોઈ પણ ધર્મ ફલ આપતો નથી. જો દેહ વિગેરેની પ્રેરણાથી, અથવા લોકની પ્રેરણાથી અથવા દેહ વિગેરે કે લોક વિઘ્ન કરતા હોવાથી ભગવાનનો આદર ન કરે તો તેમનો (દેહ વિગેરેનો અથવા લોકનો)જ દોષ થાય (ગણાય), અને ભગવાન્ તેઓનેજ શિક્ષા કરે. (પણ) જો પોતાથીજ આત્માનો આદર ન કરે–'સ્વયં' પોતાથીજ અવ્યય છે–જો પોતાની મેળેજ (દેહ વિગેરેની તેવી પ્રેરણા વિના) ભગવાનનો આદર ન કરે, તો તેનો સર્વનાશ થાય એવો બોધ છે. ૧૩.

૧. ભગવાન્, યજ્ઞરૂપ અને જનાર્દન એ ત્રણ શબ્દનો અર્થ કહીને, તે શ્રમ વ્યર્થ થવામાં કારણરૂપ છે એમ આ વાક્યથી સ્પષ્ટ કરે છે. (પ્ર)

૨. 'દેહ પદાર્થ છે, અને આત્મા દેહપ્રાપ્તિનું સાધન છે. તેથી તે બેમાં દેહ વધારે બલવાન છે, એવા વિચાર પ્રમાણે પણ'– એવો અર્થ જણાય છે.

મનુએ આ[1] પ્રાર્થના સત્યલોકમાં કરેલી, અને સત્ય (લોક)માં રહેલા બ્રહ્માએ (તેને) તેવી[2] આજ્ઞા આપી. તે પણ વિચાર કરતા ન હોવાથી ભૂમિ ડૂબી ગએલી હોવાનું જાણતા ન હતા. (તે) જાણ્યા વિનાજ પૃથ્વીનું પાલન વિગેરે કર એમ તેમણે કહ્યું, ત્યારે મનુ નીચેના (બે) શ્લોકથી પૃથ્વી ડૂબેલી હોવાનું (તેમને) જણાવે છે :

॥ મનુરુવાચ ॥

**આદેશેઽહં ભગવતો વર્તેયામીવસૂદન !॥**
**સ્થાનં ત્વિહાનુજાનીહિ પ્રજાનાં મમ ચ પ્રભો !॥૧૪॥**

હે પાપનો નાશ કરનાર ! હું આપની (આપ) ભગવાનની આજ્ઞામાં રહીશ; પણ હે પ્રભો ! પ્રજાઓ માટે અને મારા માટે અહિં સ્થાન આપો. ૧૪.

હું તો 'ભગવતઃ' આપ ભગવાનની 'આદેશે' આજ્ઞામાંજ 'વર્તેય' રહીશ. 'અમીવં' પાપ, તેનો નાશ કરનાર, હે 'અમીવસૂદન' પાપનો નાશ કરનાર ! પરંતુ

પ્રજાઓ માટે અને મારા માટે અહિં સત્યલોકમાં સ્થાનની 'અનુજાનીહિ' આજ્ઞા કરો, (સ્થાન) આપો, એવો અર્થ છે, કારણ કે પ્રજાઓનું અને મારું રક્ષણ કરનાર એટલે રક્ષણ કરવાની શક્તિવાળા આપજ છો. તે (અર્થ) 'હે પ્રભો !' એ સંબોધનથી (કહેલો છે). ૧૪.

૧. 'આ' એટલે ઉપર શ્લોક ૭-૮ માં કરેલી.

૨. 'તેવી' એટલે ઉપર શ્લોક ૧૧માં કરેલી.

પૃથ્વી તો ડૂબી ગએલી છે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**યદોકઃ સર્વસત્ત્વાનાં મહી મગ્ના મહામ્ભસિ ।।**

**અસ્યા ઉદ્ધરણે યત્નો દેવ ! દેવ્યા વિધીયતામ્ ।।૧૫।।**

જે સર્વ પ્રાણીઓનું સ્થાન પૃથ્વી છે તે પ્રલયના જલમાં ડૂબેલી છે. હે દેવ ! આ દેવીને બહાર કાઢવાનો પ્રયત્ન કરો. ૧૫.

અને સર્વ પ્રાણીઓનું જે 'ઓકઃ' સ્થાન છે તે પૃથ્વી 'મહામ્ભસિ' પ્રલયના જલમાં ડૂબેલી છે. (સત્ય લોકમાં સ્થાન આપો), અથવા તેને (પૃથ્વીને) બહાર કાઢવાનો પ્રયત્ન કરો. 'હે દેવ !' એ સંબોધનથી એમ (જણાવેલું છે કે) સત્ય લોકમાં સ્થાન આપવા કરતાં પણ ભૂમિને બહાર કાઢવાનો પ્રયત્ન (કરવો એ)જ શ્રેષ્ઠ છે, કારણ કે ભૂમિ દેવોનું પૂજન કરવાનું સ્થાન છે અને (ત્યાં) યજ્ઞ કરી શકાય છે. વળી 'દેવી' એટલે પૃથ્વીને (બહાર કાઢવાની છે), તે પૃથ્વી આપેજ ઉત્પન્ન કરેલી છે, કારણ કે આદિવરાહ કલ્પમાં (આપ) બ્રહ્માએજ તેને બહાર કાઢી કમલના પત્ર ઉપર પાથરેલી. તેથી સત્ય વિગેરે (લોક)માં સ્થાન આપો, અથવા ભૂમિને બહાર કાઢવાનો પ્રયત્ન કરો. (તે) બેની અંદર ભૂમિના ઉદ્ધારનો પ્રયત્ન (કરવો એ)જ શ્રેષ્ઠ છે, તેથીજ (શ્લોકમાં) 'વા' 'અથવા' શબ્દ (યોજેલ) નથી. 'એમ સાંભળીને' એ મૈત્રેયનું વાક્ય અને 'મે જલ પીધું' તથા 'સર્પો (વિગેરે રચતાં)' એ બે બ્રહ્માનાં વાક્યો એ ત્રણ શ્લોકો સંગતિવિનાના છે. ૧૫.

એવું મનુનું વચન સાંભળીને, તેના વચનની ખાતરી કરવા બ્રહ્માએ જ્ઞાનદષ્ટિથી ભૂમિ જોઈ ત્યારે તેને દુઃખી જોઈ બ્રહ્માએ જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છે :

।। મૈત્રેય ઉવાચ ।।

**પરમેષ્ઠી ત્વપાં મધ્યે તથા સન્નામવેક્ષ્ય ગામ્ ।।**

**કથમેનાં સમુન્નેષ્ય ઈતિ દધ્યૌ ધિયા ચિરમ્ ।।૧૬।।**

પરમેષ્ઠીએ તો જલની અંદર તે પ્રમાણે ડૂબી ગએલી પૃથ્વીને જોઈને બુદ્ધિથી લાંબા સમય સુધી વિચાર કર્યો કે હું આને કેવી રીતે બહાર કાઢીશ. ૧૬.

**સ્વાતન્ત્ર્યપારતન્ત્ર્યાભ્યાં સ્વતો યુક્તિવિચારણમ્ ।।**
**ભગવત્યેવ ભારસ્ય સ્થાપનં ચિન્તિતં સ્થિરમ્ ।।૧૬।।**

પોતાની મેળે (૧૬) સ્વતંત્રપણાથી અને (૧૭) પરતંત્રપણાથી ઉપાયનો વિચાર કર્યો. (૧૮) ભગવાન્[1] ઉપરજ ભાર મૂકવાનો ચોક્કસ વિચાર કર્યો . કા. ૧૬.

તે પૈકી આરંભમાં પહેલાંની પેઠે પોતાની શક્તિથી તેનો ઉદ્ધાર કરવા પ્રયત્ન કર્યો, તેનું કારણ 'પરમેષ્ઠી' શબ્દથી કહેલું છે. 'પરમે' સર્વથી ઉત્તમ આસન ઉપર 'તિષ્ઠતિ' બેસે તેવા 'પરમેષ્ઠી' છે. 'તુ' 'તો' શબ્દથી એમ (જણાવેલું છે કે) સત્ય વિગેરે લોકમાં સ્થાન આપવાનું નથી. 'જલની અંદર તે પ્રમાણે ડૂબી ગએલી' વિશેષણથી એમ (કહેલું છે કે) પહેલાં પણ તે (પૃથ્વી)ની તેવી સ્થિતિ (થએલી તે)નું સ્મરણ થયું. પહેલાં તો બ્રહ્મા કમલના પત્ર ઉપર બેઠેલા હતા. તે પત્રને દાંડાનો આધાર હોવાથી અને દાંડાને ભગવાનનો આધાર હોવાથી તેમણે તે સમયે રસાતલના છેડેથી (પૃથ્વીને) લાવીને ત્યાં કમલના પત્ર ઉપર વિસ્તારેલી. હમણાં તો સત્યલોકમાં રહેલા તેમને એવી ચિંતા થઈ કે હું તેને કેવી રીતે બહાર કાઢું અને ક્યાં તેને મૂકું? પહેલા પરમેષ્ઠીપણું વિગેરે પ્રાપ્ત થાય તે માટે, વિચાર કર્યો ત્યારે સાધન બનેલા યજ્ઞો વિગેરે પદાર્થો (તેમના) મનમાં પ્રકટ થએલા; તેમ ચાલુ પ્રસંગમાં પણ થશે એવા વિચારથી, કાલથી થતા દોષ દૂર કરવા તેમણે લાંબા સમય સુધી વિચાર કર્યો. તે પણ જેમ સંપૂર્ણ રીતે સાધન જણાયજ તેવી રીતે વિવેકવાળી બુદ્ધિથી (વિચાર કર્યો). ૧૬.

૧. આ અર્થ અનુક્રમે ૧૬।૧૭।૧૮ શ્લોકમાં કહેલા છે.

છતાં પણ ભૂમિને બહાર કાઢવાનું સાધન ન જણાતાં, સ્વતંત્રપણાંનો ત્યાગ કરીને, ભગવાનને અધીન રહેવાથી ભગવાનની કૃપાથી સાધન જણાશે એવા વિચારથી, (પોતાની) નિંદા કરતા હોય તેની પેઠે તેમણે કરેલ વિચાર કહે છે :

**સૃજતો મેઽક્ષિભિર્વાગ્ભિઃ પ્લાવ્યમાના રસં ગતા ।।**
**અથાત્ર કિમનુષ્ઠેયમસ્માભિઃ સર્ગયોજિતૈઃ ।।૧૭।।**

અક્ષિઓથી અને વાણીઓથી હું સૃષ્ટિ કરતો હતો તેટલામાં (પૃથ્વી) ડૂબતી રસાતલમાં ગઈ. હવે આ વિષયમાં સૃષ્ટિ કરવા નીમેલા અમોએ શું કરવું યોગ્ય છે? ૧૭.

પહેલાં સ્થાપન કરેલી હોવા છતાં આ ભૂમિ ભારને લીધે ફરી ડૂબી ગઈ. ''હું 'અક્ષિભિઃ' અક્ષિઓ (ઈન્દ્રિયો)થી અને વાણીઓથી સૃષ્ટિ કરતો હતો'' શબ્દોથી ભારનું કારણ કહેલું છે. અક્ષિઓ અને વાણીઓ એ (બે) સ્ત્રી અને પુરુષ હોય તેવા કહેલા છે. એવા પ્રકારની સૃષ્ટિમાં ઘણા ભાગે દૈત્યોના અંશોજ ઉત્પન્ન થએલા હોવાથી, તેઓ ભારના કારણરૂપ છે એમ પહેલાં કહેલું છે અને (આગળ) કહેશે.

તેથીજ જલમાં 'પ્લાવ્યમાના' ડૂબેલી ભૂમિ રસાતલ સુધી પહોંચી, કારણ કે તેના છેડા પાસેથી (તે) બહાર કાઢેલી હતી. 'અથ' ત્યાર પછી (હવે), 'અત્ર' આવા વિષયમાં અમારે શું કરવું? વળી સૃષ્ટિ કરવા નીમેલાઓએ શાંત રહી શકાય નહિ. અમો વિગેરેનું પ્રયોજન સૃષ્ટિ રચવાનુંજ છે. ૧૭.

એ પ્રમાણે પરતંત્રપણાંથી પણ વિચાર કરતાં જ્યારે ઉપાય ન જણાયો, ત્યારે તેમણે ભગવાન્ ઉપરજ ભાર મૂક્યો. ભાર મૂકવાનું પ્રયોજન નીચેના શ્લોકમાં કહે છે :

**યસ્યાહં હૃદયાદાસં સ ઈશો વિદધાતુ મે ।।**
**કર્તવ્યં કરુણાસિન્ધુસ્તીર્થકીર્તિરધોક્ષજઃ ।।૧૮।।**

જેમના હૃદયમાંથી હું ઉત્પન્ન થયો તે કરુણાસિંધુ તીર્થરૂપ કીર્તિવાળા, જેમનું ઈન્દ્રિયોથી જ્ઞાન થતું નથી તેવા ઈશ મારું કાર્ય કરો. ૧૮.

કારણ કે જેમના હૃદયમાંથી વિચારપૂર્વક હું ઉત્પન્ન થએલો છું. 'સૃષ્ટિ (રચવા) માટે આને હું ઉત્પન્ન કરું. આનાથી કાર્ય સિદ્ધ થશે' એમ પહેલાંજ વિચાર કરીને (ભગવાને) બ્રહ્માને સૃષ્ટિ (રચવા) યોજેલા. તેથી જણાય છે કે ''જો આ કાર્ય પણ હું (બ્રહ્મા)થી થઈ શકે તેવું નથી, તો ભગવાનજ કરશે, કારણ કે આ પણ તેમણે આરંભમાંજ વિચારેલું કે 'આ (બ્રહ્મા) અસમર્થ છે. આ (કાર્ય) પણ હુંજ કરીશ,' કારણ કે તે (ભગવાન્) ઈશ છે. શક્તિવાળાએ (કાર્ય) કરવું જોઈએ, પરંતુ સેવકેજ કરવું જોઈએ એવો નિયમ નથી. (સેવક અને ઈશ) બંનેમાં શક્તિ હોય, ત્યારે સેવકે જ કરવું જોઈએ. આ (કાર્ય)માં તો તેજ શક્તિવાળા હોવાથી, મારું કાર્ય કરો.''

''લોકમાં શક્તિવિનાનો હોય તોપણ સેવકજ (કાર્ય) કરે છે (અને) શક્તિવાળો હોય તોપણ પ્રભુ (કાર્ય) કરતો નથી'' એવી શંકા થાય, તેના સંબંધમાં 'કરુણાસિંધુ' એમ કહેલ છે. સેવકથી ઘણાં દુઃખે કાર્ય થઈ શકે, પરંતુ (પ્રભુ) પોતે પ્રયાસ વિના (કરી શકે). ત્યારે કરુણાવાળો (પ્રભુ) બીજાના દુઃખથી દુઃખી થતો હોવાથી પોતેજ કરે છે. ''કરુણાવાળામાં પણ ઐશ્વર્ય ગુણ હોવાથી તે શક્તિવિનાના સેવકો પાસેજ કાર્ય કરાવે છે, કારણ કે તેમ ન કરાવે તો (તેનું) ઈશપણું ન રહે'' એવી શંકા થાય, તેથી 'તીર્થરૂપ કીર્તિવાળા' એમ કહેલું છે. કરુણાસિંધુ તરીકે (કાર્યનો) ત્યાગ પ્રાપ્ત થવા છતાં પણ દષ્ટાંત માટે આ વિશેષણ કહેલું છે. તીર્થરૂપ છે કીર્તિ જેમની, તેવા (ભગવાન્) છે. તીર્થ બધાનાં પાપ દૂર કરે છે, તે પાપ તીર્થમાંજ રહે છે. એમ જાણવા છતાં ભગવાને પોતાની કીર્તિ તીર્થરૂપજ કરી. તેથી જેમ આ (કીર્તિને તીર્થરૂપ) કરે છે, તેમ ભૂમિનો ઉદ્ધાર પણ પોતેજ કરશે, એવો ભાવ છે. વળી 'અધઃ' નીચે છે 'અક્ષજં' જ્ઞાન જેમનાથી, તેવા ભગવાન્ 'અધોક્ષજ' છે. ઈન્દ્રિયોથી

(તેમનું) જ્ઞાન ન થવા છતાં તે સર્વની સર્વ ઈન્દ્રિયોનું હિત કરે છે, કારણ કે (પોતે) જ્ઞાનરૂપ થઈ (સર્વને) મોક્ષ આપે છે. અથવા (ભગવાન્) વ્યવહારથી પર હોવાથી લોકોનો ઉદ્ધાર થાય તે માટે તેમણે (પોતાની) કીર્તિનેજ તેવી (તીર્થરૂપ) કરી, એવું તેમ (કીર્તિને તીર્થરૂપ) કરવાનું પ્રયોજન અધોક્ષજપણું છે. ૧૮.

આ પક્ષ ફલ પ્રાપ્ત કરાવનારો થયો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ઈત્યભિધ્યાયતો નાસાવિવરાત્સહસાઽનઘ ! ||**
**વરાહતોકો નિરગાદંગુષ્ઠપરિમાણકઃ ||૧૯||**

હે પાપરહિત ! આ પ્રકારે (બ્રહ્મા) વિચાર કરતા હતા, ત્યારે (તેમની) નાસિકાના છિદ્રમાંથી અંગુઠાના માપનું વરાહનું બાલક એકાએક નીકળ્યું. ૧૯.

'ઈતિ' આ પ્રકારે (બ્રહ્મા) ધ્યાન કરતા હતા. તે (ભગવાન)જ આ કાર્ય કરશે એવો નિશ્ચય કરીને, તેજ પ્રકારે ચિત્તને દૃઢ બનાવી વિચાર કરતાં, 'ભગવાન્ ક્યારે કયા સ્વરૂપથી (આ કાર્ય) કરશે' એવો વિચાર તેવીજ રીતે ક્ષણે ક્ષણે સર્વ તરફથી (બ્રહ્મા) કરતા હતા. ત્યારે કાર્યમાં પરોવેલા ચિત્તવાળા (બ્રહ્મા)એ યજ્ઞરૂપ ભગવાનનું ધ્યાન કરતાં, ક્રિયા (કરવા)નું સ્થાન ન હોવાથી આધ્યાત્મિક સ્વરૂપ પ્રકટ કર્યા વિનાજ (ભગવાન્) આધિદૈવિક સ્વરૂપથી પ્રકટ થયા. ક્રિયાએ પણ તે (સ્વરૂપ)માંજ પ્રવેશ કરેલ હોવાથી[1], તે આધિદૈવિક (સ્વરૂપ) હતું. આ પહેલાં[2] તો યજ્ઞ આધ્યાત્મિકજ હતો. (૧) યજમાનમાં રહેલા પ્રયત્નથી (૨) વૈદિક જ્ઞાનથી અને (૩) ધ્યાનમાં પ્રકટ થતા સ્વરૂપથી એમ ત્રણ પ્રકારે તે થતો. તે ત્રણે પ્રકારનો હોવા છતાં એક બનેલો (યજ્ઞ) ભગવાન્ વરાહ છે. તેમની ક્રિયાથીજ યજમાનની ક્રિયા (પ્રયત્ન) થાય છે. સર્વ વસ્તુ સાથેનું[3] સર્વ યજ્ઞરૂપ (યજ્ઞનું) સ્વરૂપ તો તેજ છે. વેદ તેમની અંદરજ રહેલા છે એમ જણાવવા, 'વેદો આમના નિઃશ્વાસ છે' એવી શ્રુતિ હોવાથી, તે બ્રહ્માના શ્વાસ (લેવા)ના માર્ગથી બહાર નીકળ્યા. 'વરાન્' ઈચ્છેલા પદાર્થોને 'આહરતિ' લાવી આપે તે વરાહ, સર્વ ઈચ્છેલા પદાર્થ આપનારા છે. તેવા અને તે બાલક પ્રકટ થયા. 'તોકઃ' એટલે બાલક. આધ્યાત્મિક સ્વરૂપો અવયવરૂપ હોવાથી, તેઓમાં જે વિકાસવાળું હોય તેજ ફલ પ્રાપ્ત કરાવે છે. અહિં તો (સ્વરૂપ) ફલવાળું હોવાથી, બાલક પણ ફલ પ્રાપ્ત કરાવનાર છે. (આ) ધ્યાનના અંશવાળું નથી એમ જણાવવા 'એકાએક' શબ્દ (યોજેલ છે). તેમ ન હોય (ધ્યાનના અંશવાળું હોય), તો એક ભાગથી પણ આધ્યાત્મિકપણું રહે. 'હે પાપરહિત !' એ સંબોધન (વિદુરને) વિશ્વાસ થાય તે માટે (કરેલું છે), કારણ કે કોઈપણ અંશથી પાપવાળો હોય તેને વિશ્વાસ થતો નથી. તે સ્વરૂપ કાલના આધિદૈવિક[4] ઈશ્વરરૂપ છે એમ જણાવવા,

ઉત્પન્ન થતાં તે અંગૂઠાના ટેરવા જેટલાજ માપવાળું બહાર નીકળ્યું. 'પુરુષ માત્ર અંગુઠા જેટલો છે, અને તે અંગુઠાના આશ્રયે રહેલ છે' 'સર્વ જગતના ઈશ છે' 'વિશ્વનો ભોગ કરનાર પ્રભુ પ્રસન્ન થાય છે' એવી શ્રુતિ હોવાથી માત્ર અંગુઠા જેટલા માપવાળાજ વિશ્વનો ભોગ કરનાર અને ઈશ્વર છે. યજ્ઞનું સ્વરૂપજ વિશ્વનો ભોગ કરનારું છે, કારણ કે બધું અન્ન અને બધા પશુઓ તે (સ્વરૂપ)નાંજ છે. 'અંગુઠો' શબ્દ બધે અંગુઠાંનાં ટેરવાંના અર્થમાં (યોજાએલો છે). ૧૯.

૧. ક્રિયામાં પ્રવેશ કરેલા, ક્રિયાવાળા આધ્યાત્મિક (ભગવાન્) વેદના પૂર્વકાંડમાં કહેલા છે. અહિં તો ક્રિયાવાળા (વરાહસ્વરૂપ)માં ક્રિયાએજ પ્રવેશ કરેલો છે, એવો અર્થ છે. (પ્ર)

૨. 'આ પહેલાં' એટલે વરાહ અવતાર પહેલાં. (પ્ર)

૩. 'વસ્તુ સાથેનું' એટલે એના દેવના પૂજન સાથેનું. (પ્ર) યજ્ઞની સામગ્રી સાથેનું, એનો અર્થ જણાય છે.

૪. 'કાલસાર' એટલે કાલના આધિદૈવિક, એવો અર્થ છે. (પ્ર)

એ પ્રમાણે આધિદૈવિક (યજ્ઞ)નું સ્વરૂપ ઉત્પત્તિથી કહ્યું. જ્ઞાનથી (તેમનું) સ્વરૂપ કહેવા (તે) ભગવાન્ છે એમ જણાવવા, કાલ વિગેરેની (તેમને) હદ નથી એમ દર્શાવવા તેજ સૂક્ષ્મ (સ્વરૂપ)ની સ્થૂલતા નીચેના શ્લોકથી જણાવે છે :

**તસ્યાભિપશ્યતઃ સ્વસ્થઃ ક્ષણેન કિલ ભારત ! ।।**
**ગજમાત્રં પ્રવવૃધે તદદ્ભુતમભૂન્મહત્ ।।૨૦।।**

હે ભારત ! તેમના દેખતાં આકાશમાં રહેલ (વરાહનું બાલક) એક ક્ષણમાં ખરેખર હાથી જેટલું બહુ વધ્યું. તે ઘણું અદ્દ્ભુત થયું. ૨૦.

તે બ્રહ્મા ચારે તરફ જોતા હતા ત્યારે (વરાહનું બાલક વધ્યું). લોકમાં બીજું રૂપ લેવા પડદાની જરૂર પડે છે. અહિં તો (બ્રહ્માના) દેખતાંજ પહેલાં માત્ર અંગુઠા જેટલું (વરાહનું બાલક હતું તે) પછી હાથી જેટલું થયું. (પહેલાં મોટું રૂપ) છૂપું રહેલ હશે એવી શંકા દૂર કરવા 'આકાશમાં રહેલ એક ક્ષણમાં' શબ્દો યોજેલ છે. આકાશમાં રહેલ હોવાથી, (તેને કાંઈ) ઢાંકનારું ન હતું[1]. તે મોટું થયું તેમાં લૌકિક કાલ (વ્યતીત થએલ) ન હોવાથી, ઢાંકણ વિના તે (બાલક)જ વધ્યું નહતું[2]. 'ખરેખર' શબ્દ પ્રસિદ્ધિ દર્શાવે છે. આ વિષયમાં પ્રમાણ કહેવાની જરુર નથી, એવો (તેનો) અર્થ છે. 'હે ભારત!' એ સંબોધન (વિદુરને) વિશ્વાસ રહે તે માટે (કરેલું છે). એ પ્રમાણે (વરાહના બાલકનાં) માહાત્મ્યનું જ્ઞાન કરાવી, શ્રવણ કરનારનો દોષ દૂર કરી, 'હાથી જેટલું બહુ વધ્યું' શબ્દોથી (તેનું) સ્થૂલ સ્વરૂપ કહેલું છે. 'ગજઃ' હાથી, તેના જેટલું એટલે સાઠ વર્ષના દેહવાળું (થયું), અથવા વૈષ્ણવ શાસ્ત્રમાં પ્રસિદ્ધ હાથી ગજેન્દ્ર છે (તેના જેટલું વધ્યું). 'માત્ર' 'જેટલું' શબ્દ (કદનું) ચોક્કસપણું સૂચવનારું[3] છે. તેમ ન

હોય તો બીજી ક્ષણે તેનાથી પણ તેટલુંજ (અધિક) વધે, અને વળી ઈન્દ્રિય અને પદાર્થનો સંયોગ થવામાંજ ક્ષણ થઈ જતી હોવાથી, 'એક ક્ષણમાં' શબ્દ નિરર્થક થાય. 'બહુ વધ્યું.' બધા અવયવોમાં યોગ્યતા પ્રમાણે વધવું એ બહુ વધવું. તેથીજ તે (વધવાનું કાર્ય) અદ્‌ભુત થયું . જેમાં જોનારને તર્ક (કાર્ય થવાનું કારણ) જણાય નહિ અને કાર્ય જોવામાં આવે, તેજ અદ્‌ભુત (કાર્ય) છે. ઘણું (અદ્‌ભુત) થયું એટલે કાર્યનું દર્શન પણ સંશયવાળું થયું, કારણ કે જેમ અંત સુધી સમુદ્ર જોઈ શકાતો નથી, તેમ ભગવાનનું શરીર (જોઈ શકાતું નથી), એવો અર્થ છે. ૨૦.

૧. જેમ ચીભડાની વેલને ચોંટેલું ભોંય ઉપર પડેલું ચીભડું ચાર આગળનું હોવા છતાં, તેનું પોષણ કરનાર દ્રવ્યોએ કરેલાં તેનાં પહેલાના દેહના ઢાંકણને લીધે તેના પહેલાના કદને ઢાંકી દઈ એક રાતમાં પાંચ હાથનું અથવા દશ હાથનું થાય છે, તેમ આ વરાહ બાલક વધ્યું ન હતું, કારણ કે તે આકાશમાં રહેલ હતું એમ જણાવવા 'આકાશમાં રહેલ' વિશેષણ યોજેલું છે, એવો અર્થ છે. (પ્ર)

૨. જેમ કોઈ સમુદ્ર ઉપર ઉડતું પક્ષી જેને કુંકણમાં 'વાસલી' કહે છે તે ઘણે ઉંચે આકાશમાં જ ઈંડું મૂકે છે, અને તે ઈંડું આધાર વિનાનું હોવાથી પડતાં પડતાં જ સમય જતાં પાકી ફાટે છે, અને તેમાંથી નીકળેલ પક્ષી પાછું ઉડે છે અને ભૂમિ ઉપરના કોઈનો સ્પર્શ કરતું નથી, તેમ આના સંબંધમાં બનતું નથી, એમ જણાવવા 'એકક્ષણમાં' એમ કહેલું છે (પ્ર)

૩. 'નિર્ધારિણસૂચકમ્' એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લઈ અર્થ કરેલ છે. કાલ (બુદ્ધિનું) કારણ હોવાનો નિશ્ચય નથી એમ સૂચવનારો 'માત્ર' શબ્દ છે એમ, પ્રકાશકાર કહે છે, તે અર્થ યોગ્ય લાગતો નથી. નાથદ્વારવાળી પ્રતમાં 'અનિર્ધારિણાસૂચકમ્' પાઠ છે, તે પ્રકાશકારે લીધેલ છે. કેવો નિશ્ચય નથી, એ કહેવાનું પ્રયોજન ન હોય. કેવો નિશ્ચય છે એ કહેવું યોગ્ય ગણાય.

ત્યારે વસ્તુનો નિર્ણય કરવા, તેઓને વિતર્ક થયા, એમ કહે છે :

**મરીચિપ્રમુખૈર્વિપ્રૈઃ કુમારૈર્મનુના સહ ।।**
**દૃષ્ટ્વા તત્સૌકરં રૂપં તર્કયામાસ ચિત્રધા ।।૨૧।।**

મરીચિ જેઓમાં મુખ્ય હતો તેવા બ્રાહ્મણો, કુમારો અને મનુ સાથે તે વરાહનું સ્વરૂપ જોઈને (બ્રહ્માએ) જૂદા જૂદા પ્રકારના તર્ક કર્યા. ૨૧.

મરીચિ જ જેઓમાં 'પ્રમુખઃ' મુખ્ય હતો તેવા બ્રાહ્મણો હતા. ત્યાં બ્રાહ્મણો, ક્ષત્રિયો અને કુમારો એવા ત્રણ પ્રકારના બ્રહ્માનાં પુત્રો હતા. સનક વિગેરે કુમારોએ જનોઈ લીધી નહતી, કારણ કે આઠમા વર્ષે જનોઈ લેવાય[૧], (અને) તેઓ તો પાંચ વર્ષના હતા, કારણ કે તેટલા સમયમાં ભગવાનનું સ્મરણ ન કરવાની ક્ષણો ગણતાં પાંચજ વર્ષ (તેમનાં) થએલા, કેમકે દેહનો ભોગ કરનાર કાલનીજ કર્મ ઉપર સત્તા હોય છે. 'વિશેષેણ' ઘણુંજ 'પ્રાન્તિ' પૂરે તેવા વિપ્રો બ્રાહ્મણોજ હતા. મનુ ક્ષત્રિય હતો. એ પ્રમાણે ત્રણ માર્ગમાં[૨] રહેલા બધાની સાથે 'ચિત્રધા' જૂદાજૂદા પ્રકારે

બ્રહ્માએ તર્ક કર્યા. ''સંખ્યાના પ્રકારના અર્થમાં 'ધા' યોજાય છે''. (પાણિનિ ૫।૩।૪૨) એ સૂત્રના વિભાગ કરતાં 'ચિત્રધા' 'જૂદા જૂદા પ્રકારના' શબ્દ સિદ્ધ થાય છે. ''(૧) (વરાહનું) રૂપ લોકમાં નિંદાએલું હોવાથી, જેમ મધુકૈટભ વિગેરેની ઉત્પત્તિ મેલમાંથી થએલી તેમ આ વરાહની પણ (ઉત્પત્તિ કચરામાંથી થઈ હશે). (૨) 'આ વરાહ દેવના ધનનો ચોર છે' એ શ્રુતિ પ્રમાણે વરાહ દૈત્ય પણ (હશે). અથવા (૩) 'આ જે વરાહ છે તે પશુઓનો ક્રોધ છે' એ વાક્ય પ્રમાણે (આ) ક્રોધનો અવતાર હશે'' એમ તે વરાહનું સ્વરૂપ (જોઈને) તેમણે અનેક પ્રકારના તર્કો કર્યા. તર્ક એટલે પ્રત્યક્ષ જોએલા પદાર્થને ઘટાવનારી યુક્તિ, જેની (તે) પદાર્થના સંબંધમાં કલ્પના કરવાની જોએલા પદાર્થની યોગ્યતા જણાય. તે વિષયમાં ચાલુ પ્રસંગમાં કોઈ પણ મતનો નિશ્ચય થયો નહિ, તેથી 'જૂદા જૂદા પ્રકારે' એમ કહેલું છે. ૨૧.

૧. કુમારો બ્રાહ્મણોથી જૂદા કહ્યા તેનું તાત્પર્ય આથી કહેલ છે. કુમારપણાનું તાત્પર્ય વેદ છે (પ્ર). કુમારો સદા ભગવાનનું સ્મરણ કરતા. એવું સ્મરણ જે કાલે કરવામાં ન આવે તે કાલજ દેહનો ભોગ કરે છે. કુમારોએ આટલા બધા સમયમાં માત્ર પાંચ વર્ષ જેટલા સમય સુધીજ ભગવાનું સ્મરણ કરેલું નહિ. તેથી તેમને જનોઈ આપેલી નહિ. તેથી બ્રાહ્મણોથી જૂદા કહેલ છે. ભક્તિ, જ્ઞાન અને કર્મ એ ત્રણ માર્ગમાં અનુક્રમે રહેનાર કુમારો, બ્રાહ્મણો અને મનુ (ક્ષત્રિયો), એ બધા સાથે બ્રહ્માએ તર્ક કર્યા, એવો અર્થ જણાય છે.

૨. ભક્તિ, જ્ઞાન અને કર્મ એ ત્રણ માર્ગમાં અનુક્રમે રહેનાર કુમારો, બ્રાહ્મણો અને મનુ (ક્ષત્રિયો), એ બધા સાથે બ્રહ્માએ તર્ક કર્યા, એવો અર્થ જણાય છે.

લોક અને વેદને અનુસરનારો તર્ક પદાર્થનો નિર્ણય કરવા અશક્ત નીવડ્યો, ત્યારે બ્રહ્માએ પદાર્થનું અલૌકિક પ્રકારે અનુમાન કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**કિમેતત્સૂકરવ્યાજં સત્ત્વં દિવ્યમવસ્થિતમ્ ।।**
**અહો બતાશ્ચર્યમિદં નાસાયા મે વિનિઃસૃતમ્ ।।૨૨।।**

અરેરે ! વરાહના આકારમાં રહેલું આ ક્યું દિવ્ય પ્રાણી છે ? અહો ! આ મારી નાસિકામાંથી નીકળ્યું તે આશ્ચર્ય છે. ૨૨.

વરાહ એ માત્ર આકાર છે. આ પ્રાણી દિવ્ય છે, પ્રાકૃત નથી. (ઉત્તરાર્ધમાં) દિવ્યપણું જણાવે છે. 'અહો !' શબ્દ આશ્ચર્ય દર્શાવવા (યોજેલ છે). 'અરેરે !' શબ્દ ખેદ (દર્શાવે છે). તેજ, હિંમત વિગેરે સારી રીતે દેખાતા હોવાથી, આપણા કરતાં પણ અલૌકિક તેજવાળું હોવાથી, (આ પ્રાણી જગતનું) કારણ બનેલ કોઈક તત્ત્વ જ છે, પરંતુ તેનો વરાહનો આકાર ઘણું આશ્ચર્ય કરાવનારો છે. ખેદ તો ઉત્તમ (પ્રાણી) ખરાબ આકારવાળું હોવાથી (થાય છે). 'આ (મારી નાસિકામાંથી નીકળ્યું તે) આશ્ચર્ય છે' શબ્દોથી બીજું આશ્ચર્ય કહે છે. ઉત્તમ (પુરુષ) પણ કાલ, કર્મ અને સ્વભાવને અધીન હોવાથી (તેની) હલકી સ્થિતિ (થવાનું) સંભવે, છતાં પણ આ

ઘણું આશ્ચર્યકારક છે કે (આ) મારી જ નાસિકાના છિદ્રમાંથી બહાર નીકળ્યું છે, કારણ કે પુરુષમાંથી અને તેમાં પણ (તેની) નાસિકામાંથી વરાહો ઉત્પન્ન થતા નથી. આથી એમ કહેલું છે કે જૂદી જાતની[1] યોનિ પણ નથી.

૧. જૂદી જાતની એટલે વરાહની. વરાહની યોનિ નથી છતાં વરાહ ઉત્પન્ન થયું એ ઘણું જ આશ્ચર્યકારક છે એવો અર્થ જણાય છે.

નીચેના શ્લોકમાં બીજું આશ્ચર્ય કહે છે :

**દૃષ્ટોઽઙ્ગુષ્ઠશિરોમાત્રઃ ક્ષણાદ્ગણ્ડશિલોપમઃ ।।**
**અપિ સ્વિદ્ ભગવાનેષ યજ્ઞો મે ખેદયન્મનઃ ।।૨૩।।**

અંગુઠાના ટેરવાં જેટલા દેખાએલા. એક ક્ષણમાં પર્વત પરથી ગબડેલા પથ્થર જેવા થયા. ચોક્કસ મારા મનને ખેદ પમાડતા આ યજ્ઞ ભગવાન્ હશે. ૨૩.

અંગુઠાનો 'શિરઃ' ઉત્તમ ભાગ (ટેરવું), તેટલું 'માત્રા' માપ હતું જેમનું તેવા (દેખાએલા). 'દેખાએલા' એટલે પ્રથમ જોએલા. નાકનું દ્વાર (નક્કોરૂં) તેટલા માપનું હોવાથી યોગ્યતાને લીધે, અથવા બ્રહ્માને કાલ વિગેરે ઈન્દ્રિયોથી ન જણાય તેવા પદાર્થોનું જ્ઞાન હોવાથી[1] (એમ) કહેલું છે. તેથીજ 'એક ક્ષણમાં' એમ કહેલું છે. (આ) બ્રહ્માનું વાક્ય હોવાથી લૌકિકના નિયમ પ્રમાણે (આ શબ્દથી) થોડો સમય વિચારેલો નથી. પર્વત ઉપરથી ગબડી પડેલાં મોટા પથ્થરો 'ગબડેલા પથ્થરો' છે, તેમની સાથે સરખામણી થાય તેવા (થયા), એમ કઠોરપણું મોટાઈ વિગેરેને લીધે કહેલ છે. જડ (પદાર્થ)નું દષ્ટાંત (બ્રહ્મનો) પોતાનો ખેદ સૂચવનારું છે, કારણ કે (બ્રહ્મા) પોતે પર્વત હોય અને વજથી પાંખ કપાય તેની પેઠે (તે દષ્ટાંત) ખેદ સૂચવાનારું છે. અથવા આશ્ચર્ય અને ખેદ અનુક્રમે જણાવેલા છે.

એ પ્રમાણે પદાર્થનો અલૌકિક પ્રકારથી તર્ક કરતાં પણ નિશ્ચય થયો નહિ, કારણ કે તર્કથી બીજનો[2] જ નિશ્ચય થયો, પ્રયોજનનો (નિશ્ચય) ન થયો, કારણ કે દિવ્ય પ્રાણીનું પણ ચાલુ પ્રસંગમાં પ્રયોજન નથી. ભૂમિનો ઉદ્ધાર કરવા ભગવાનનું ધ્યાન કર્યું, તેથી તે (ભગવાન)જ ભૂમિનો ઉદ્ધાર કરવા આવા સ્વરૂપથી પ્રકટ થયા એવો સંભવ છે. ''લોક અને વેદમાં નિંદાએલાં રૂપથી પ્રકટ થવાનું પુરુષોત્તમને શું કારણ ?'' એવી શંકા થાય, તેથી 'મારા મનને ખેદ પમાડતા' શબ્દોથી પોતાને ખેદ ઉત્પન્ન કરવો એ જ કારણ (હોવા)નું અનુમાન કરે છે. 'અપિ' શબ્દ સંભવ દર્શાવે છે. 'સ્વિદ્' શબ્દ નિશ્ચય દર્શાવવા (યોજેલ છે). પહેલાં ઘણાં વિકલ્પોનાં અનુમાન કર્યાં, તે પૈકી આ મતનો નિશ્ચય થાય છે. તેથી આ ભગવાન્ પરમેશ્વર જ છે. તેમનાં અનંત સ્વરૂપો પૈકી, (યજ્ઞ) ચાલુ પ્રસંગમાં ઉપયોગી હોવાથી આ યજ્ઞ જ હોવા જોઈએ. કાલ અને ક્રોધનાં રૂપવાળા હોવાથી સ્વરૂપને લીધે દૈત્ય હોવાનું પણ સંભવે

છે. તેમ (દૈત્ય) ન હોય, તો દૈત્યનો વધ (તેમનાથી) ન થાય, કારણ કે મર્યાદામાં ક્રૂર (પ્રાણી)થી જ ક્રૂરનો ઘાત થાય છે. આ યજ્ઞરૂપ ભૂમિનું રક્ષણ વરાહથી જ થાય છે. તે (ભૂમિ) પર દૈત્યોના યજ્ઞનું સ્થાન વેદિ (છે. તે) જો દૈત્યનો વધ કરીને લાવવામાં આવે, તો દેવોનો યજ્ઞ પૂર્ણ થાય.

બ્રહ્માએ સ્થાન સાથે બધાને યજ્ઞો આપેલા છે અને તેઓના[3] તે ધનનો ચોર વરાહ છે. હણવાનું તો સામાપક્ષમાં હોય ત્યારે (થાય)[4]. તેથી[5] તેવું (વરાહનું) રૂપ અવશ્ય કરવાનું આવી પડ્યું, એમ બ્રહ્માને ઠપકો આપતો હોય તેમ યજ્ઞે જ વરાહનું સ્વરૂપ કરેલું. બીજો (કોઈ) બીજ[6] તથા પ્રયોજન[7] ઘટાવે તેવું સંભવતું નથી. ૨૩.

૧. (હૃદયમાં) રહેલા અંગુઠા જેટલા (ભગવાનનું) દર્શન ઉત્તમ યોગીઓને જ થાય છે, એવા અભિપ્રાયથી આ વાક્ય યોજેલું છે. (પ્ર)

૨. 'બીજ' એટલે દિવ્યપણું. (પ્ર).

૩. અસુરોના પણ યજ્ઞરૂપ ધનનો ચોર વરાહ છે. તે હાલ વેદિરૂપ યજ્ઞની ભૂમિને ધારણ કરે છે, એવો અર્થ છે. (પ્ર) 'વામમોષઃ' એટલે ધનને ચોરનાર. તેથી વરાહ સામાન્ય રીતે દેવો તથા અસુરો બંનેના યજ્ઞરૂપ ધનને ચોરનાર છે, એવો અર્થ જણાય છે.

૪. ''વરાહ યજ્ઞ ચોરનાર હોય તો ભગવાને તેનો વધ કેમ ન કર્યો ?'' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. (હમણાં તો તે દેવોના પક્ષમાં હોવાથી વધ કરવા યોગ્ય નથી.) (પ્ર).

૫. 'તેથી' એટલે 'હમણા સામો પક્ષ હોવાથી' (પ્ર). 'તેથી' એટલે અસુરોની યજ્ઞની ભૂમિ દેવોનો યજ્ઞ પૂર્ણ કરવા લઈ આવવાની હોવાથી, અને લઈ આવવાનું કાર્ય વરાહનું હોવાથી (યજ્ઞરૂપ ભગવાનેજ પોતાનું વરાહરૂપ કર્યું) એવો અર્થ જણાય છે.

૬. 'બીજ' એટલે દિવ્યપણું. આવું દિવ્યરૂપ.

૭. પ્રયોજન એટલે ભૂમિને લઈ આવવાનું. આ બીજ અને પ્રયોજન ભગવાન્ સિવાય બીજા કોઈથી થવાનું સંભવતું નથી.

આ વિચારનો પણ કાર્ય પૂરું થતાં ફલથી નિશ્ચય થવાનો હોવાથી, ફલ પ્રાપ્ત થયું ત્યાં સુધી બ્રહ્માને વિચાર જ થયો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ઈતિ મીમાંસતસ્તસ્ય બ્રહ્મણઃ સહ સૂનુભિઃ ।।**
**ભગવાન્ યજ્ઞપુરુષો જગર્જાગેન્દ્રસંનિભઃ ।।૨૪।।**

એ પ્રમાણે પુત્રો સાથે તે બ્રહ્મા વિચાર કરતા હતા ત્યારે ઉત્તમ પર્વત જેટલા ભગવાન્ યજ્ઞપુરુષે ગર્જના કરી. ૨૪.

મરીચિ વિગેરે પુત્રો સાથે બ્રહ્મા વિચાર જ કરતા હતા, ત્યારે (તેઓને) જૂદો વિચાર ઉત્પન્ન ન થાય તે માટે તેમનો ગૂઢ ભાવ જાણીને ભગવાન્ યજ્ઞપુરુષે ગર્જના કરી. પહેલાં તે (પર્વત ઉપરથી) ગબડી પડેલા પથ્થર જેટલા હોવા છતાં, ફરીથી બીજીવાર વધીને મેરૂના જેવા થયા. 'ભગવાન્' શબ્દથી (એમ જણાવ્યું છે કે) ઐશ્વર્ય

વિગેરે (ગુણો) પ્રકટ કરેલા હોવાથી (અધિક વૃદ્ધિનું) પ્રયોજન ન જણાવાનું બન્યું નહિ. યજ્ઞના અંશથી (તે) વરાહના આકારવાળા હતા, પરંતુ (યજ્ઞના) અધિષ્ઠાતાના રૂપથી પુરુષ હતા, તેથી વરાહ અડધા પુરુષ હતા. આથી (એમ જણાવ્યું છે કે) તેમણે બ્રહ્માને પોતાનું પુરુષનું સ્વરૂપ પણ દર્શાવેલ હોવાથી, તેમના ખેદનો પણ લગભગ નાશ કરેલો. જેમ વાદળાંવાળો પર્વત ગર્જના કરે, એવી રીતે ભગવાને એકલાએજ ગર્જના કરી, એવો અર્થ છે, અને આ ('સનિભઃ'શબ્દમાંના) 'સમ્' શબ્દનો અર્થ છે. ૨૪.

તેથી જ બ્રહ્માને હર્ષ થયો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**બ્રહ્માણં હર્ષયામાસ હરિસ્તાંશ્ચ દ્વિજોત્તમાન્ ।।**
**સ્વગર્જિતેન કકુભઃ પ્રતિસ્વનયતા વિભુઃ ।।૨૫।।**

શક્તિમાન હરિએ દિશાઓમાં પડઘા પાડતી પોતાની ગર્જનાથી બ્રહ્માને અને તે ઉત્તમ દ્વિજોને હર્ષ ઉત્પન્ન કર્યો. ૨૫.

'હરિ' હોવાથી તેવા હોવાનો[૧] સ્વભાવ છે. 'તે' અટલે ઉપર જણાવ્યા પ્રમાણે વિચાર કરનારાઓ. બ્રહ્માને બે પ્રકારનો[૨] હર્ષ થયો અને તેઓ (દ્વિજો)ને એક પ્રકારનો થયો, તેથી જૂદા જૂદા કહેલ છે. હર્ષ થવાનું કારણ 'ઉત્તમ દ્વિજો' શબ્દથી કહેલું છે. (વરાહ) યજ્ઞસ્વરૂપ હોવાથી તેઓને હર્ષ થયો. ચોરી (કરવાની) નથી એમ જણાવવા (વરાહે) એવી ગર્જના કરી કે જેથી દિશાઓમાં સર્વ સ્થલે પડઘો પડ્યો. તે (અર્થ) 'દિશાઓમાં પડઘા પાડતી પોતાની ગર્જનાથી' શબ્દોથી કહેલ છે. 'એમ (વરાહે) કેમ કર્યું ?' એવો પ્રશ્ન થાય, તેથી 'શક્તિમાન' વિશેષણ યોજેલું છે. ૨૫.

૧. 'હરિ' એટલે (૧) દુઃખ હરનાર ભગવાન્ વરાહ (૨) સિંહ. સિંહનો તેવા હોવાનો એટલે ગર્જના કરનાર હોવાનો સ્વભાવ છે, એવો અર્થ છે.
૨. પોતાને સાહાય્ય કરનાર પ્રાપ્ત થવાનો હર્ષ અને આ યજ્ઞસ્વરૂપ છે એવાં જ્ઞાન સાથે તેમનાં દર્શનથી થતો હર્ષ, એવા બે પ્રકારનો (પ્ર).

હર્ષ પામેલાઓએ જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છે :

**નિશમ્ય તે ઘર્ઘરિતં સ્વખેદક્ષયિષ્ણુ માયામયસૂકરસ્ય ।।**
**જનસ્તપઃસત્યનિવાસિનસ્તે ત્રિભિઃ પવિત્રૈર્મુનયોઽગુણન્ સ્મ ।।૨૬।।**

માયામય સૂકરની પોતાના ખેદનો નાશ કરનારી ઘરઘરાટી સાંભળીને જન તપઃ અને સત્ય (લોક)માં વસનારા તે (પ્રસિદ્ધ) મુનિઓએ ત્રણ પવિત્ર કરનાર (વેદો)થી (તેમની) સ્તુતિ કરી. ૨૬.

'ઘર્ઘરિતં' 'ઘરઘરાટી' એટલે ભાષામાં જેનો અર્થ ઘર થાય છે તેવો તેમની જાતિ (ભૂંડ)નું અનુકરણ કરનારો શબ્દ. 'બધાએને હું ઘર, અથવા ઘર[૧] ઉપર ઘર,

અથવા શરીર અને ઘર પ્રાપ્ત કરાવીશ' એવા વિચારથી (ઘરઘરાટી કરી). તેથીજ તે 'પોતાના ખેદનો નાશ કરનારી' હતી. બધાનો આધાર ભૂમિ ઉપર જ છે. જન વિગેરે (લોક)માં પણ ભૂમિમાંથી જ અન્ન પ્રાપ્ત થાય છે. સંબંધીઓનો (ભૂમિ ઉપરનાનો) ઉદ્ધાર થશે તે માટે, અધિકારીઓનો ખેદ દૂર કર્યો તે માટે અથવા પોતે જે વિચાર કરેલ તેનો (વરાહ ભગવાને) અંગીકાર કર્યો તે માટે (મુનિઓએ સ્તુતિ કરી).

''પશુના અનુકરણથી (તેમના) ખેદનો કેમ નાશ થયો ?'' એવી શંકા થાય, તેથી 'માયામય સૂકર' શબ્દ યોજેલ છે. દૈત્યોને ઘણો મોહ કરાવવા (ભગવાને) તેવું (ભૂંડનું) રૂપ લીધેલ. 'માયામય' એટલે (પોતાની) ઘણી હલકાઈ દર્શાવનારું (રૂપ લીધું), કારણ કે વેદમાં કર્મમાર્ગમાં (તે) ઘણો ભ્રમ ઉત્પન્ન કરનારું છે.

**આલમ્ભને ફલે ચૈવ યજ્ઞરૂપે તથોદ્ગમે ।।**
**ઉપાખ્યાનેષુ સર્વેષુ ભ્રમો વૈ જાયતે શ્રુતૌ ।।૧૭।।**

યજ્ઞનું સ્વરૂપ તેવું પ્રકટ થાય ત્યારે (પશુના) વધના તેમજ (યજ્ઞના) ફલના સંબંધમાં વેદમાં બધા ઉપાખ્યાનોમાં ભ્રમ થાય છે જ. કા. ૧૭.

**આધિદૈવિકરૂપેડપિ મોહકત્વં તથાસુરે ।।**
**યથા સ્વસ્મિન્નીચબુદ્ધિઃ તતોડપિ ભગવત્યુત ।।૧૮।।**

(યજ્ઞનું) આધિદૈવિક સ્વરૂપ (પ્રકટ થાય ત્યારે) પણ અસુરોને એવો મોહ કરાવનારું હોય છે કે (તેમની) પોતામાં જેવી નીચ (હોવાની) બુદ્ધિ હોય તેથી પણ ભગવાનમાં અધિક જ (નીચપણાંની બુદ્ધિ થાય છે). કા. ૧૮.

'સૂ' ધાતુ પ્રસવ કરવાના અર્થવાળો હોઈ, 'સૂકર' એટલે પ્રસવ કરનાર.

**વેદા ઉત્પાદિતાઃ સર્વે મુક્ત્યર્થં હીનભાવતામ્ ।।**
**ધારયિષ્યન્તિ સમલાસ્તતઃ સૂકર ઉચ્યતે ।।૧૯।।**

વેદો બધા પ્રકટ કરેલા છે. મુક્તિ થાય તે માટે (તેઓ) (સૂકરથી) મલવાળા થઈ હલકી સ્થિતિ ધારણ કરશે. તેથી (તે) સૂકર કહેવાય છે. કા. ૧૯.

'જન તપઃ અને સત્ય (લોક)માં વસનારા' શબ્દથી ત્રણે પ્રકારના સાત્ત્વિકો કહેલા છે, કારણ કે તેઓને જ તે લોક પ્રાપ્ત થાય છે. 'ત્રણ પવિત્ર કરનારથી' એટલે ત્રણ વેદોથી પવિત્ર કરવા યોગ્ય (મંત્રો)થી અથવા પવિત્ર (મંત્રો)થી (સ્તુતિ કરી). આમની (મુનિઓની) કથા તો ભગવાનની પ્રસિદ્ધિ થાય તે માટે (કહેલી છે). મનનથી જ્ઞાન દઢ થાય છે. 'સ્મ' શબ્દથી લૌકિક પ્રસિદ્ધિ (જણાવી છે). ૨૬.

૧. ભગવાનનું ઘર જલ છે તેના ઉપર (ઘર ભૂમિ પ્રાપ્ત કરાવીશ) એવો અર્થ છે. (પ્ર)

એ પ્રમાણે સર્વને જણાવીને, જે (કાર્ય) માટે અવતાર લીધેલો, તે (વરાહે) કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તેષાં સતાં વેદવિતાનમૂર્તિર્બ્રહ્માऽવધાર્યાત્મગુણાનુવાદમ્ ।।**
**વિનદ્ય ભૂયો વિબુધોદયાય ગજેન્દ્રલીલો જલમાવિવેશ ।।૨૭।।**

વેદમાં કહેલા યજ્ઞના સમૂહરૂપ મૂર્તિવાળાએ તે સત્પુરુષોના પોતાના ગુણોનું નિરૂપણ કરતા વેદનો નિશ્ચય કરીને, દેવોનો ઉદય થાય તે માટે ફરી ગર્જના કરીને, ગજેન્દ્રના જેવી લીલા કરતાં જલમાં પ્રવેશ કર્યો. ૨૭.

'તે' સ્તુતિ કરનારાઓના, ભગવાન્ યજ્ઞના ('પોતાના') ગુણોના નિરૂપણરૂપ 'બ્રહ્મ' વેદનો 'અવધાર્ય' નિશ્ચય કરીને, વેદમાં કહેલો યજ્ઞનો સમૂહ છે મૂર્તિ જેમની, અથવા વેદના સમૂહો છે મૂર્તિમાં જેમના (તેવા વરાહે જલમાં પ્રવેશ કર્યો). ભગવાનનાં સ્વરૂપો અનંત હોવાથી (વેદની) અનંત શાખાઓ છે. 'સત્પુરુષોના' શબ્દથી (તેઓને) તેમ કરવાનું અને તેવું જ્ઞાન હોવાનું કારણ (કહેલું છે). 'ગર્જના કરી' એ ગર્જના અભિનંદનરૂપ છે. ફરીથી અભિનંદન દરેકનું (કરેલ છે). ''બ્રહ્માની પેઠે ભગવાન્ પણ દૈત્યો ઉપર પણ ઉપકાર કરશે'' એવી શંકા થાય, તેથી 'દેવોનો ઉદય થાય તે માટે' એમ કહેલું છે. દેવોનો જ ઉદય (કરવા), દૈત્યોનો નહિ, એવો (અર્થ છે).

''ભગવાન્ સર્વ (કરવા) શક્તિવાળા અને સર્વ સ્થલે રહેલા છે. તેથી પાતાલમાં જ પ્રકટ થઈને તે ભૂમિને કેમ લઈ આવ્યા નહિ ?'' એવી શંકા થાય, તેથી 'ગજેન્દ્રના જેવી લીલા કરતાં' એમ કહેલું છે. અહિં જલમાં પ્રવેશ કરીને ગજેન્દ્રે કેવી રીતે ક્રીડા કરેલી, તે પ્રમાણે તે ક્રીડાનું અનુકરણ કરવા અથવા ગજેન્દ્રે ભગવાનનીજ લીલા કરેલી હોવાથી તે ભક્ત છે એમ જણાવવા, (ભગવાન્ પાતાલમાં પ્રકટ થઈ ભૂમિ ન લાવ્યા, પરંતુ ગજેન્દ્રના જેવી લીલા કરતાં તેમણે જલમાં પ્રવેશ કર્યો).

**એકા ભગવતો લીલા નાનાકાર્યપ્રવર્તિકા ।।**
**ભક્તાનાં સર્વસૌખ્યાર્થં લીલાં ચક્રે તથાવિધામ્ ।।૨૦।।**

ભગવાનની એક (દરેક) લીલા જૂદાં જૂદાં કાર્યની પ્રવૃત્તિ કરાવનારી છે. ભક્તોને સર્વ સુખ પ્રાપ્ત થાય તે માટે ભગવાને તેવા પ્રકારની લીલા કરેલી છે. કા. ૨૦. ૨૭.

નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી સ્વરૂપ અને ક્રિયાનાં વર્ણનના ભેદથી તે સમયની લીલા સાથેની ભગવાનની મૂર્તિનું વર્ણન કરે છે. તે પૈકી આરંભમાં નીચેના શ્લોકમાં સ્વરૂપનું વર્ણન કરે છે :

**ઉત્ક્ષિપ્તબાલઃ ખચરઃ કઠોરઃ સટા વિધુન્વન્ ખરરોમશત્વક્ ।।**
**ખુરાહતાભ્રઃ સિતદંષ્ટ્રવીક્ષાજ્યોતિર્બભાસ ભગવાન્મહીધ્રઃ ।।૨૮।।**

પૂંછડું ઉંચું રાખેલા, આકાશમાં ફરતા, કઠોર, કેસર ધૂણાવતા, કઠણ

રુંવાડાવાળી ત્વચાવાળા, ખરીઓથી વાદળાં વિખેરી નાખતા, શ્વેત દાઢો અને દૃષ્ટિરૂપ પ્રકાશવાળા ભગવાન્ મહીધ્ર શોભતા હતા. ૨૮.

ઉંચે રાખેલું હતું 'બાલઃ' પૂંછડું જેમણે તેવા (વરાહ હતા). તેમનું પૂંછડું (યજ્ઞની) દીક્ષારૂપ છે. (તે) લાંબું અને ડૂબળા કરનારું છે. તેજ યજ્ઞમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરાવનારું છે, એમ જણાવવા (તેને ઉંચું રાખેલું). 'ખચરઃ' આકાશમાં ફરતા હતા, કારણ કે યજ્ઞના સંબંધવાળા બધા પદાર્થોમાં આવેશ કરેલ હોય તેમ-આ (રૂપ)થી ક્રિયામય યજ્ઞ પશુઓમાં સ્થિર રહેલ છે એમ જણાવવા-તે (તેઓની સાથે) ભળેલા જ રહે છે. (પૃથ્વીનો ઉદ્ધાર કરવાનું) બલનું કાર્ય હોવાથી કઠોર એટલે કઠણ, ક્રોધરૂપ હોવાથી ક્રૂર હતા. કઠણ અને રુંવાડાંવાળી હતી ત્વચા જેમની તેવા હતા. (યજ્ઞમાં) હિંસા વિગેરે કરતા હોવાથી કઠણ અને કુશ (ઘાસ) ઘણું હોવાથી રુંવાડાંવાળી ત્વચા એટલે (દેહનો) ઉપરનો ભાગ હતો. દેહ તો લોકની પ્રસિદ્ધિ પ્રમાણેજ તેવો છે. ખરીઓથી વિખેરી નાખેલાં હતાં વાદળાં જેમણે, તેવા (હતા). ભગવાનના ચાર સોમરૂપ ચરણો ભેગા થતાં બે સોમના હોમરૂપ થાય છે. સોમના બે હોમથી જ સર્વ ઉત્પન્ન થતું હોવાથી મેઘોનું પ્રયોજન નથી, એવા વિચારથી તે (ચરણો)માં જ વૃષ્ટિના કાર્યરૂપ પશુઓનો વધ કરવામાં અને બધો સોમ પીસી કાઢવામાં આવે છે. જે મેઘોએ જલ ભરી દીધેલું છે તેમને અવશ્ય દૂર કરવા જોઈએ. તેમ કરવામાં ન આવે, તો તેઓમાં પૃથ્વી મૂકવામાં આવતાં પૃથ્વી અસ્થિર રહે. જલ અને મેઘોની વચ્ચે (પૃથ્વી) મૂકવામાં આવે તો પણ મેઘો (તેને) ડૂબાડી દે. ખરીઓથીજ વિખેરી નાખેલા હોવાથી બીજા સ્થાને રહી (મેઘો) ત્યાં (પૃથ્વી ઉપર) વૃષ્ટિ કરે એવા વિચારથી તેમનો સંપૂર્ણ રીતે નાશ ન કર્યો. શ્વેત હતી દાઢો જેમની અને દૃષ્ટિ જ હતી પ્રકાશ જેમનો તેવા (વરાહ હતા). પૃથ્વીનું સ્થાપન કરવા અને શોષણ કરવા, તથા મૃત્યુનું ઉલ્લંઘન થાય તે માટે અને કૃપાની દૃષ્ટિ (પૃથ્વી ઉપર) થાય તે માટે દાઢ અને દૃષ્ટિ વર્ણવેલાં છે. તેથી એમ જણાવેલું છે કે ભૂમિ ઉપર જ મૃત્યુનું ઉલ્લંઘન અને ભગવાનની કૃપા (પ્રાપ્ત થાય છે). 'શોભતા હતા' એટલે સર્વ પ્રમાણો (તેમની) સ્તુતિ કરતા હતા; કારણ કે મહીધ્ર (પૃથ્વીને ધારણ કરનાર) હોવાથી પૃથ્વીનો ઉદ્ધાર કરી સર્વના ઉપર ઉપકાર કરવાને લીધે સર્વ (તેમની) સ્તુતિ કરતા હતા, કેમ કે મહી (પૃથ્વી)ને ધારણ કરનારા બધા લોકમાં પ્રસિદ્ધ પર્વતો છે, આ તો 'મહીધ્ર' (પૃથ્વીને ધારણ કરનાર) ભગવાન હતા. ઐશ્વર્ય વિગેરે ગુણવાળા હોવા છતાં (પૃથ્વીનો) ભાર સહન કરતા હતા, તેથી (તે) દયાળુ હતા. ૨૮.

એ પ્રમાણે સ્વરૂપનું વર્ણન કરીને, નીચેના શ્લોકમાં ક્રિયાનું વર્ણન કરે છે :

**ઘ્રાણેન પૃથ્વ્યાઃ પદવીં વિજિઘ્રન્ ક્રોડાપદેશઃ સ્વયમધ્વરાંગઃ ।।**
**કરાલદંષ્ટ્રોડપ્યકરાલદગ્ભ્યામુદ્વીક્ષ્ય વિપ્રાન્ગૃણતોડવિશત્કમ્ ।।૨૯।।**

યજ્ઞો જેમના અંગ છે તેવા પોતે, વિચાર કરનાર હોવાના છલથી નાકથી પૃથ્વીના માર્ગને સૂંઘતાં, ભયાનક દાઢવાળા હોવા છતાં સૌમ્ય નયનોથી સ્તુતિ કરતા વિપ્રોને જોઈને, તેમણે જલમાં પ્રવેશ કર્યો. ૨૯.

પૃથ્વીના માર્ગને નાકથી સૂંઘતાં, (તેમણે જલમાં પ્રવેશ કર્યો). કારણ કે તે (પૃથ્વી) ગંધવાળી છે. ગંધ જ તેને ઓળખાવનારો (ગુણ) છે. જે માર્ગે પૃથ્વી ગએલી, તે જ માર્ગ તેમને માટે ઉત્તમ હતો, કારણ કે ત્યાં જલ વિરલ હતું. વિચાર કરનાર હોવાના છલથી સારી રીતે સૂંઘતા, એટલે વરાહના દેહની લીલા છલ માટે જ હતી. (ભગવાન્) સર્વ જાણનાર હોવા છતાં અવતાર ધારણ કરેલ હોય ત્યારે દેહને અનુસરીનેજ ક્રિયા કરે છે, તેથી નાકથીજ પૃથ્વીના માર્ગનું જ્ઞાન (પ્રાપ્ત કરતા હતા). 'ક્રીડનસ્ય' વિચારરૂપ મીમાંસાશાસ્ત્રનું આમનામાં જ માત્ર છલ જ હતું, કારણ કે તે (શાસ્ત્ર)માં કર્મનું પ્રધાનપણું છે. (આમનામાં તો) દેવતાનું જ પ્રધાનપણું હોવાથી, 'યજ્ઞો જેમના અંગ છે તેવા પોતે' શબ્દોથી તે (દેવતાપણું)જ જણાવે છે. 'અધ્વરાઃ' યજ્ઞો છે 'અંગાનિ' અંગો જેમનાં, એટલે સર્વ યજ્ઞરૂપ (વરાહ) છે, એવો અર્થ છે. 'અધ્વનિ' માર્ગમાં છે 'રવઃ' શબ્દ જેનો તે 'અધ્વરઃ' યજ્ઞ. માર્ગમાં બધાએ સ્થલે આ (યજ્ઞ)નોજ શબ્દ હોય છે, કારણ કે યજ્ઞ વિના કોઈપણ માર્ગ નથી. બીજા (માર્ગો) તૂટી ગએલા છે. તેવા (યજ્ઞના માર્ગો) પણ અપ્રમાણ છે એમ દર્શાવવા 'અંગ' શબ્દ યોજેલ છે. જો કે આ (વરાહ) પશુઓનો ઘાત કરનાર તરીકે પ્રસિદ્ધ છે, છતાં પણ ભવિષ્યમાં તે જ્ઞાન આપનાર હોવાથી બધાએ ઉપાસના કરવા યોગ્ય છે, એમ જણાવવા 'ભયાનક દાઢવાળા હોવા છતાં સૌમ્ય નયનોથી વિપ્રોને જોઈને' એમ કહેલું છે. બધાનું સંપૂર્ણ પ્રકારે હિત કરનારો પ્રતિ ભગવાનના જ્ઞાન અને કૃપા થાય છે એમ જણાવવા 'વિપ્રોને જોઈને' એમ કહેલું છે. 'સ્તુતિ કરતા' શબ્દથી ભક્તિ, જ્ઞાન અને કૃપા કરાવનારી છે એમ કહેલું છે. 'કં' જલમાં પ્રવેશ કર્યો. ભક્તોને જ્ઞાન પ્રાપ્ત કરાવીને, બીજાનો ઉદ્ધાર કરવા પોતે સુખ[1]માં પ્રવેશ કરે તેમ જલમાં પ્રવેશ કર્યો. ૨૯

૧. 'ક' શબ્દે સૂચવેલો આ અર્થ છે (પ્ર) ક એટલે (૧) સુખ (૨) જલ.

જલ અપરાધી હોવાથી, વચ્ચે તેને શિક્ષા કરી એમ નીચેના શ્લોકમાં કહે છે :

**સ વજ્રકૂટાંગનિપાતવેગવિશીર્ણકુક્ષિઃ સ્તનયન્નુદન્વાન્ ।**
**ઉત્સૃષ્ટદીર્ઘોર્મિભુજૈરિવાર્તશ્ચુક્રોશ યજ્ઞેશ્વર પાહિ મેતિ ।।૩૦।।**

વજ્રોના સમૂહરૂપ અંગના પડવાના વેગથી જેની કુક્ષિ ચીરાઈ ગઈ હતી તેવો તે સમુદ્ર નિશાસા મૂકતો દુઃખી થએલાની પેઠે ઉંચે પ્રસારેલા મોટા મોજાંરૂપ હાથોથી

રાડો પાડી કહેતો હતો કે 'હે યજ્ઞેશ્વર ! મારું રક્ષણ કરો.' ૩૦.

જે જલમાં ભગવાને પ્રવેશ કર્યો અને જેણે પૃથ્વીને ડૂબાડેલી, તે સમુદ્ર હતો. 'વજ્રકૂટ' વજ્રોના સમૂહોના જેવું જ ઘણું કઠણ (ભગવાનનું) ઝળઝળાટ કરતું અંગ (તે) જલમાં પડ્યું, કારણ કે વજ્ર સિવાયના (પદાર્થ)નું તેજ જલમાં રહેતું નથી તેમ અધિક થતું નથી, કેમકે તે (વજ્ર) મેઘો પાસે જલનો ત્યાગ (વૃષ્ટિ) કરાવે છે. તેવા (વજ્રો) બધા જો ભેગા થાય, તો સમુદ્રમાંથી પણ જલ કઢાવે. તેઓ વળી જો કપટથી[1] આવે, તો (સમુદ્રના) સ્વરૂપનોજ નાશ કરે, અને ભગવાન્ તેવા (વજ્રોના સમૂહના) સ્વરૂપવાળા હતા. તેવા અંગનું જે પડવું (તેના વેગથી કુક્ષિ ચીરાઈ). વજ્ર પડે ત્યારે જ કોઈ પણ જીવતું (રહેતું) નથી, તેઓનો પણ સમૂહ, અને તે પણ કપટ (થી આવતો), અને તે પણ અંગ જ હતું જેમનું, અને તે (અંગ)નું પણ 'પાતઃ' (સમુદ્રની) અસાવધાન સ્થિતિમાં (તેના) ઉપર પડવું. જેમ બાણ વિંધીને જતું રહે તેમ પડવામાં પણ ઘણો વેગ (હતો). તેનાથી ચીરાઈ ગઈ હતી કુક્ષિ જેની તેવો (સમુદ્ર થયો). આથી કુક્ષિની કુક્ષિ (ચીરાઈ[2]) ન હતી, એમ જણાવેલું છે, કારણ કે તેમ હોય તો પોતાની કુક્ષિ જ પૂરાય નહિ[3].

'ઉદન્વાન્' સમુદ્ર જલવાળો હોય છે. તે (જલ) કુક્ષિ (અંદરના ભાગ)માંજ રહે છે. તેથી કુક્ષિ ચીરાવાથી એમ સૂચવેલું છે કે હવે પછીથી જલ વધવાનું નથી. તેવો (કુક્ષિ ચીરાએલો) થયો એમ જણાવવા ઉત્તરાર્ધ યોજેલ છે. ઉંચે 'સૃષ્ટાઃ' પ્રસારેલા મોટાં મોજાંઓ જ હાથ હતા, તેમનાથી ઓળખાતો (સમુદ્ર થયો). 'દુઃખી થએલાની પેઠે' શબ્દનો (એવો અર્થ છે કે) પડવા છતાં પણ આનંદમય (ભગવાન્) પડતા હોવાથી સ્ત્રીનું ભુજાઓથી બંધન (કરવામાં આવે તેની) પેઠે (સમુદ્રને) સુખ જ થયું, તેથી 'દુઃખી થએલાની પેઠે' એમ કહેલું છે. બધું[4] જલ શોષાઈ જાય તો (સમુદ્રના) સ્વરૂપનો જ નાશ થાય. (તેની) કુક્ષિ (વચલો ભાગ) ચીરાય તો (જલ) વધે નહિ[4], તેવા પ્રસંગે વૃષ્ટિ થવાથી અને શોષણ થવાથી (જલનું) સમાનપણું જ રહે. તેમ (ભગવાન્) ન કરે, તો ભૂમિને સ્થાપન કરવાનું જ ન બને. 'ચીસો પાડી' એ સ્પષ્ટ જ છે, તે દેવરૂપ સમુદ્ર દૈત્યોનો આધાર થાય ત્યારે શિક્ષા (કરવી) યોગ્ય જ છે, છતાં પણ (તે) દેવ હોવાથી સર્વ દેવોને ભોગ કરાવનાર ભગવાનને તેણે પ્રાર્થના કરી કે 'હે યજ્ઞેશ્વર ! મારું રક્ષણ કરો.' 'સમુદ્રને સ્વાહા. સમુદ્રના (પ્રાણીઓને) સ્વાહા' એ શ્રુતિઓ પ્રમાણે સમુદ્ર પણ દેવ છે. 'હે યજ્ઞેશ્વર !' એવું સંબોધન પોતાનો (ભગવાન્ સાથે) સંબંધ જણાવવા કરેલું છે, દૈત્યોને હણો તોપણ મારું રક્ષણ કરો, એવી (પ્રાર્થના કરે છે). ૩૦.

૧. આ કૂટ શબ્દથી સૂચવેલો અર્થ છે (પ્ર) 'કૂટ' એટલે (૧) સમૂહ (૨) કપટ.
૨. સમુદ્ર ભગવાનની કુક્ષિ છે, તેની કુક્ષિ એવો અર્થ છે. (પ્ર).
૩. (વરાહ) પોતે ક્રોધરૂપ હોવાથી, તેને (તેમના ક્રોધને) પૂરવા જેમાં હિંસા ઘણી થાય તેવું જ કર્મ થાય, એવો ભાવ છે. (પ્ર)
૪ – ૪. (સમુદ્રના સ્વરૂપનો નાશ ન કરતાં માત્ર) કુક્ષિ ચીરવાનું પ્રયોજન આ ભાગથી કહેલું છે. (પ્ર).

એ પ્રમાણે સમુદ્રને શિક્ષા કરી, ફરી જેમ તે (પૃથ્વીને) ડૂબાડે નહિ તેવી શિક્ષા કરી, (વરાહે) પોતે ભૂમિનો ઉદ્ધાર કરવાની પ્રવૃત્તિ કરી એમ કહે છે :

**ખુરૈઃ ક્ષુરપ્રૈર્દરયંસ્તદાપ ઉત્પારપારં ત્રિપરૂ રસાયામ્ ।।**
**દદર્શ ગાં તત્ર સુષુપ્સુરગ્રે યાં જીવધાનીં સ્વયમભ્યધત્ત ।।૩૧।।**

તીક્ષ્ણ ખરીઓથી જેનો પાર દેખાએલ તેનો પણ અંત આવે તેમ તે જલને કાપતાં ત્રિપરૂએ રસાતલમાં પૃથ્વી જોઈ, (અને) જે જીવોનો આધાર બનેલ તેના ઉપર ભવિષ્યમાં શયન કરવાની ઈચ્છાવાળા થઈ પોતે (તેનો) ઉદ્ધાર કર્યો. ૩૧.

તીક્ષ્ણ ખરીઓથી દેખાએલ છે પાર જેનો, તેનો પણ અંત જેમ આવે તેમ તે જલને 'દરયન્' કાપતાં, 'ત્રીણિ' ત્રણ છે 'પર્વ' અવયવો જેમનાં તેવા ત્રિપરૂ એટલે યજ્ઞવરાહે (પૃથ્વી જોઈ). ચરણોની જોડો બે એક એક અવયવ, અને મુખ એક (અવયવ) (એમ ત્રણ અવયવો છે), કારણ કે 'ચરણોથી બે સવનોનો અને મુખથી એકનો સ્વીકાર કરેલો છે' એ શ્રુતિ પ્રમાણે સોમની પ્રવૃત્તિ તે પ્રમાણે જ થાય છે. 'બે સ્તોમો સવારનાં સવનની પ્રવૃત્તિ કરાવે છે' વિગેરે શ્રુતિ પ્રમાણે સવારનું સવન બે પ્રકારનું છે. મુખ પણ બે હોઠને લીધે બે પ્રકારનું છે.

રસાતલમાં રહેલી પૃથ્વીને તેમણે જોઈ. પછી તેનો ઉદ્ધાર કર્યો એમ કહેતાં 'તેના ઉપર ભવિષ્યમાં શયન કરવાની ઈચ્છાવાળા થઈ' શબ્દોથી તે (ઉદ્ધાર કરવા)નું પ્રયોજન કહેલું છે. તેના એટલે વિકાર વિનાની પૃથ્વી ઉપર (શયન કરવાની ઈચ્છાવાળા થયા), કારણ કે પૃથ્વીની અધિષ્ઠાત્રી દેવી ભગવાનની શય્યા છે. પત્ની તો (તે) થએલી જ છે. 'ભવિષ્યમાં' એટલે ઉદ્ધાર કર્યા પછી; ભૂમિનો ઉદ્ધાર કરીને તેના ઉપર શયન કરીશ એવી (ઈચ્છાવાળા થયા). પ્રલયમાં ભગવાને શેષ ઉપર શયન કરેલું. પછી સૃષ્ટિ ઉપર સર્વ પુરો (દેહો)માં શયન કરે (તે પુરુષ), એવી 'પુરુષ' શબ્દની વ્યુત્પત્તિ હોવાથી, સર્વ દેહો બનાવવા માટે (ભગવાન્) ભૂમિનો ઉદ્ધાર કરશે, એવો અર્થ છે. ''ભૂમિ એવી રીતે ઘણાં શરીરો શા માટે કરશે ?'' એવી શંકા થાય, તેથી 'જે જીવોનો આધાર બનેલ' એમ કહેલું છે. જે પૃથ્વી બધા જીવોનો આધાર બનેલી છે, કારણ કે તે બધાને દેહો પ્રાપ્ત કરાવે છે. તેથી તેનો ઉદ્ધાર થતાં બધાએ જીવોનો

ઉદ્ધાર થશે એવા વિચારથી, ભગવાને પોતે તેનો ઉદ્ધાર કર્યો. ૩૧.

એ પ્રમાણે તે (પૃથ્વી)ને લઈને, બહાર નીકળતા (ભગવાન)નું નીચેના શ્લોકોમાં વર્ણન કરે છે :

**સ્વદંષ્ટ્રયોદ્ધૃત્ય મહીં નિમગ્નાં સમુત્થિતઃ સંરુરુચે રસાયાઃ ।।**
**તત્રાદિદૈત્યં ગદયા પતન્તં સુનાભસંદીપિતતીવ્રમન્યુઃ ।।૩૨।।**
**જઘાન રુન્ધાનમસહ્યવિક્રમં સ લીલયેભં મૃગરાડિવામ્ભસિ ।।**
**તદ્રક્તપંકાક્તિંપાપિતગણ્ડતુણ્ડો યથા ગજેન્દ્રો જગતીં વિભિન્દન્ ।।૩૩।।**

પૂરી ડૂબેલી પૃથ્વીને પોતાની દાઢથી ઉપાડી રસાતલમાંથી ઉભા થએલા (વરાહ) ઘણું શોભવા લાગ્યા. ત્યાં ગદા સાથે દોડી આવતા, સહન થઈ ન શકે તેવા પરાક્રમવાળા, (માર્ગ) રોકતા આદિદૈત્યને, સુદર્શને જેમના તીવ્ર ક્રોધને પ્રજ્વલિત કર્યો હતો તેવા તેમણે-જેમ સિંહ રમતમાં હાથીને હણે તેમ જલમાં હણ્યો. જેમ જંગમ (પ્રાણી)ને ઘણું ચીરતો ઉત્તમ હાથી તેના રક્તના કાદવથી ખરડાએલ ગાલ સુધીના મુખવાળો થાય તેવા (વરાહ થયા). ૩૨।૩૩.

''દૈત્યો ઘણાં બલવાન હોવાથી ભૂમિને લઈ આવવામાં વિઘ્ન કરશે'' એવી શંકા થાય, તેથી 'પોતાની દાઢથી' શબ્દ યોજેલ છે, કારણ કે યમથી પકડેલાને, અને તેમાં પણ આધિદૈવિક યમે પકડેલાને કોઈ પણ છોડાવી શકતું નથી. તેમ (પૃથ્વીને ઉંચકી) ન હોત, તો તેનું રક્ષણ કરનારાઓ તેમાં વિઘ્ન કરત. (વરાહનું) માહાત્મ્ય દર્શાવવા દાઢ 'એક'(કહેલી છે). જે પૃથ્વીને લઈ જતા હતા તેને દેવતાનો સંબંધ કરાવ્યો એમ જણાવવા 'ઉંચકીને' એ શબ્દ (યોજેલ છે). 'પૂરી ડૂબેલી' વિશેષણથી એમ કહેલું છે કે ભૂમિ કુદરતથી આસુરી નથી. આધારરહિત હોય તે નીચે પડે છે, પક્ષીઓની પેઠે ઉપર જાય તે પણ સંભવે છે, પરંતુ ઉભો થતો નથી, (અને) તેમાં પણ ભાર સાથે (ઉભો થતો નથી). તેથી તે (પૃથ્વી)ને લઈને સારી રીતે ઉભા થએલા (વરાહ) ઘણું શોભવા લાગ્યા. 'સમ્' શબ્દથી (એમ કહેલ છે કે) ચોરના રૂપથી આવેલ હોય તોપણ ભારથી દબાએલો શોભતો નથી. (વરાહ) ભૂમિની સાથે (હોવાથી) સ્ત્રી સાથેનાની પેઠે અંદર સંતોષથી અને બહાર શોભા વડે શોભતા હતા, એવો 'સમ્' 'ઘણું' શબ્દનો અર્થ છે. તેમાં પણ નીચેના લોકમાંથી ઊઠેલો લોકમાં શોભતો નથી, આ (વરાહ) તો રસાતલમાંથી (ઊઠેલા ઘણું શોભ્યા). આથી એમ જણાવેલું છે કે પાંચ[1] ખંડવાળી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો. 'પોતાની દાઢથી' એ બે શબ્દોથી એમ કહેલું છે કે આધ્યાત્મિક અને આધિભૌતિક દૈત્યોનો નાશ કર્યો. 'ત્યાં..આદિદૈત્યને.' શબ્દોથી આધિદૈવિક (દૈત્ય)નો નાશ કહે છે. આધિદૈવિક હોવાથી (તે) 'આદિ'(દૈત્ય) હતો, અથવા આરંભમાં તે દૈત્ય થએલો. 'ગદા સાથે દોડી આવતા' વિશેષણથી (તે)

શૂરવીર, ભગવદીય અને ઘણો વિઘ્ન કરનાર હોવાનું સૂચવેલું છે. 'સુનાભેન' સુદર્શને પ્રજ્વલિત કર્યો હતો તીવ્ર ક્રોધ જેમનો તેવા (વરાહ હતા). સુદર્શન ક્રોધ ઉત્પન્ન કરે તે એમ સૂચવે છે કે ગદા વિગેરે પાછાં પડેલાં. ગદા વિગેરે શસ્ત્રો તે યુદ્ધમાં પાછાં પડેલાં. ત્યાર પછી (ભગવાને) ગ્રહણ કરેલાં સુદર્શને વિચાર કર્યો કેઃ'જો ભગવાન ક્રોધ (કર્યા) વિના મને ફેંકે, તો ગદા વિગેરે પેઠે હું પણ નકામું થાઉં. તેથી ભગવાનને ક્રોધ ઉત્પન્ન કરવો જોઈએ.' એવા વિચારથી તેણે તે (અસુરે) કરેલ બ્રાહ્મણોનો દ્રોહ વિગેરે (દુર્ગુણો)નું ભગવાનને સ્મરણ કરાવ્યું. ત્યારે ભગવાને ક્રોધ કરીને સુદર્શન ફેંક્યું, એમ સારી રીતે પ્રજ્વલિત કરેલો (ક્રોધ) ફલમાં પરિણમ્યો. ફલ (પ્રાપ્ત કરવા)માં વિલંબ ન થાય તે માટે (ક્રોધ) તીવ્ર હતો. તેથી (તીવ્ર અને પ્રજ્વલિત ક્રોધવાળા થવાથી) જ (ભગવાને તેને) હણ્યો. ક્રોધથી હણેલ હોવાથી તેની ફરી ઉત્પતિ થઈ.

''(અસુરમાં) દોષ અને ગુણ હોવાથી (ભગવાને તેનો) સંપૂર્ણ રીતે નાશ જ કેમ કર્યો ?'' એવી શંકા થાય, તેથી '(માર્ગ) રોકતા' વિશેષણ યોજેલું છે. જો તેણે ભગવાનનો માર્ગ રોક્યો ન હોત, તો તે હણાયો ન પણ હોત. (માર્ગ) રોકતો હોવાથી (ભગવાને તેને) અવશ્ય હણ્યો, એવો અર્થ છે. ''ચિંતન થઈ ન શકે તેવી શક્તિવાળા ભગવાન્ ત્યાં તિરોહિત થઈ શકત, અથવા તેને તજી જઈ શકત. તેને મારી જ કેમ નાખ્યો ?'' એવી શંકા થાય, તેથી 'સહન થઈ ન શકે તેવા પરાક્રમવાળા' વિશેષણ યોજેલ છે. સહન થઈ ન શકે તેવું 'વિક્રમઃ' પરાક્રમ હતું જેનું તેવો તે હતો. ''છતાં પણ 'પોતાનો દ્રોહ કરે ત્યારે વધના જેવી (બીજી) શિક્ષા (યોગ્ય છે)' એવું ભગવચ્છાસ્ત્ર હોવાથી બીજો અપરાધ કરે ત્યારે હણવો યોગ્ય હતો, પરંતુ પોતાનો અપરાધ કર્યો ત્યારે (હણવા યોગ્ય) ન હતો'' એવી શંકા થાય, તેથી 'તેમણે' શબ્દ યોજેલ છે, તેમણે દૈત્યનો વધ (કરવા) માટેજ વરાહનું રૂપ લીધેલું. તેમ ન હોત, તો બીજી ક્રિયાથી અથવા ઈચ્છાથી ભૂમિને જલની ઉપર મૂકત. ''બીજા કલ્પમાં (કરેલી) વ્યવસ્થાની પેઠે ભૂમિને બીજે મૂકીને પછી (દૈત્યને) હણે (હણ્યો હશે)'' એવી શંકા થાય, તેથી 'રમતમાં' શબ્દ યોજેલ છે. ''(ભગવાન્) સર્વ (કરવા) શક્તિમાન હોવાથી, તેની પહેલાંની ભક્તિને જ સ્વીકારી, તેને ભક્ત બનાવી કૃતાર્થ જ કેમ ન કર્યો ?'' એવી શંકા થાય, તેથી બંનેએ હણવા યોગ્ય અને હણનારની સ્થિતિ કરાવે તેવાં રૂપ ગ્રહણ કરેલાં હોવાથી હણ્યો, એમ 'જેમ સિંહ હાથીને હણે' એ દષ્ટાંતથી કહે છે. આથી (બંનેનો) સદાનો વિરોધ સૂચવેલો છે. દષ્ટાંતથી પ્રાપ્ત થતો ભક્ષણ (કરવા)નો દોષ 'જલમાં' શબ્દથી દૂર કરેલો છે. બંને સ્થલ (જમીન) ઉપર ફરનારા હતા. પોતાનાં રક્ષણ માટેજ તેને જલમાં હણ્યો, ભક્ષણ (કરવા) માટે હણ્યો ન હતો, તે લોકમાં પણ દેખાડ્યું એમ 'તેના રક્તના કાદવથી ગાલ સુધી ખરડાએલ મુખવાળા'

વિશેષણથી કહેલું છે. આથી એમ જણાય છે કે તેણે બલથી નજીક આવી ભૂમિને પકડેલી. તેમ ન હોત, તો (વરાહ) તેના ઉદરને ચીરત નહિ. તેથીજ બીજા કલ્પમાં ચીરવાનું કહેલું નથી. તે હિરણ્યાક્ષનું ઉદર ચીરવાથી જે રક્ત[1] નીકળેલું, તે જ કેટલોક સમય રહી કાદવ જેવું થએલું (જામી ગએલું). તેનાથી ખરડાએલું હતું ગાલ સુધી મુખ જેમનું તેવા (વરાહ હતા). જેમ (ઉદરની) અંદર રહેલું તેનું જીવતત્ત્વ પોતાના મુખમાં આવે તેવી રીતે, (તેમનું) મુખ તેના ઉદરમાં ઘણું દૂર (પેસી) ગએલું. તેમ થયું ન હોત, તો ભગવાનના અને ભગવદીયોના દ્રોહને લીધે તે નરકમાં પડત, અથવા નીચ યોનિમાં જન્મત. તેથી ભગવાને તેને પોતાની અંદરજ રાખ્યો. આ અર્થ 'જેમ જંગમ (પ્રાણીને ચીરતો) ઉત્તમ હાથી...' દૃષ્ટાંતથી કહેલો છે, કારણ કે તે કમલ વિગેરેના કંદને પોતાની અંદર લે છે (ખાઈ જાય છે). 'ઉત્તમ[2]' શબ્દથી એમ જણાવેલું છે કે દૂર રહેલા મૂલને પણ તેના ઉગાવા સાથે તે ઉખેડી નાખે છે. 'જંગમ (પ્રાણી)ને' શબ્દથી (એમ કહેલું છે કે) જે પૃથ્વીની અંદર જંગમ દેહો (પ્રાણીઓ) ઉત્પન્ન થાય છે, તેવી પૃથ્વી ચીરીને પોતે ઈચ્છેલા પોતાની જાતનાના દેહો ઉત્પન્ન કરનારા પૃથ્વીના અવયવો સાથે (તે) કંદને ખાઈ જાય છે. આ તે જાણે છે એમ જણાવવા પણ 'ઉત્તમ' શબ્દ યોજેલ છે. એવી રીતે ભગવાને પણ હિરણ્યાક્ષના હાલના (તે સમયના) દેહના સંબંધવાળાને દૂર કરી, તેના જીવને, તેની ઈન્દ્રિયોના સમૂહને તેનો ભવિષ્યનો દેહ ઉત્પન્ન કરનાર અવયવો સાથે પોતાના કર્યા (પોતાની અંદર રાખ્યાં), એવો અર્થ છે. બીજાને દૂર કરીને પોતે ગ્રહણ કરવું તેજ 'ઘણું ચીરવું' છે. ૩૨-૩૩.

૧. 'રકત' એટલે (૧) રંગ (૨) લોહી. સ્થાવર પ્રાણી (વૃક્ષ)ના રંગથી હાથીનું મુખ ખરડાય છે. હિરણ્યાક્ષના લોહીથી વરાહનું મુખ ખરડાએલું.

૨. આ 'ઈંદ્ર' 'ઉત્તમ' શબ્દ ઘણું ઐશ્વર્ય દર્શાવનારો છે. (પ્ર).

એ પ્રમાણે ત્રણે પ્રકારના દૈત્યનો નાશ (કર્યાનું) કહીને, નીચેના શ્લોકમાં ભૂમિના ઉદ્ધારનો ઉપસંહાર કરે છે :

**તમાલનીલાં સિતદન્તકોટ્યા ક્ષ્મામુત્ક્ષિપન્તં ગજલીલયાઽઙ્ગ ।।**
**પ્રાજ્ઞાય બદ્ધાઞ્જલયોઽનુવાકૈર્વિરિઞ્ચિમુખ્યા ઉપતસ્થુરીશમ્ ।।૩૪।।**

હે વહાલા ! શ્વેત દાંતની ટોચ ઉપર તમાલ જેવી શ્યામ (પૃથ્વી)ને હાથીના જેવી લીલાથી ઉંચે ધારણ કરનારને ઓળખીને, બ્રહ્મા જેઓમાં મુખ્ય હતા તેઓએ બે હાથ જોડી અનુવાકોથી (તે) ઈશ્વરની સ્તુતિ કરી. ૩૪.

'ઈશ્વરની સ્તુતિ કરી' એવો (વાક્યનો) સંબંધ છે. તેઓએ (પોતે)જ ઈશ્વરપણું પ્રત્યક્ષ જોયું. આ યજ્ઞપુરુષ છે એમ ઓળખીને, બે હાથ જોડી (સ્તુતિ કરી), એટલે યજ્ઞના આરંભમાં નમસ્કાર માટે બે હાથ જોડ્યા, કારણ કે 'ભુવનમસિ'

'આપ ભુવન છો' એ મંત્રમાં તેમ (કરવાનું) કહેલું છે. વળી યજ્ઞના આરંભમાં સવારનો અનુવાક[1] બોલવામાં આવે છે. ચાલુ પ્રસંગમાં કાલ નિયમન કરનાર ન હોવાથી 'અનુવાકોથી' એમ જ કહેલું છે. બધાથી કરવામાં આવતાં જૂદા જૂદા યજ્ઞોને લીધે અનુવાકો ઘણા હોવાથી, બહુવચન (યોજેલું છે). (વરાહ યજ્ઞનું) આધિદૈવિક (સ્વરૂપ) હોવાથી, 'બ્રહ્મા જેઓમાં મુખ્ય હતા તેઓએ' (સ્તુતિ કરી) એમ કહેલું છે. 'તમાલ જેવી શ્યામ ક્ષ્મા ( પૃથ્વી)ને વેત દાંતની ટોચ ઉપર ધારણ કરનાર' વિશેષણથી તે (વરાહ) યજ્ઞ (સ્વરૂપ) અને ઈશ્વર હોવાનું સિદ્ધ કરે છે. તમાલોને લીધે શ્યામ, અથવા તમાલ જેવી શ્યામ (પૃથ્વી છે). તમાલો તમઃ (અંધકાર) જેવાં શ્યામ વૃક્ષો છે. અજ્ઞાન અને ભય સૃષ્ટિ (ઉત્પત્તિ) થવામાં કારણરૂપ છે. તમઃ (અંધકાર) અજ્ઞાનરૂપ છે. વૃક્ષરૂપ વન ભય (થવા)નું કારણ છે. શ્યામ (રંગ) પણ શૃંગારની પેઠે રસ ઉત્પન્ન કરનારો ગુણ છે. ત્રણનો[2] સંબંધ થાય, ત્યારે સંસાર રસાલ થાય છે. (વરાહમાં) સૃષ્ટિ ઉત્પન્ન કરવાની શક્તિ હોવાનું જણાવવા, (તેમના) 'ક્ષમા' ગુણ સાથેના સંબંધને લીધે 'ક્ષ્મામ્' 'પૃથ્વીને' એમ કહેલું છે. આ જીવવાળી નથી એમ જણાવવા દાંતની ટોચ સાથે સંબંધ (જણાવેલ છે). (તેનો) દેહ વીંખાઈ ગએલો નથી એમ જણાવવા (દાંતને) 'શ્વેત' (કહેલ છે). (પૃથ્વી) પોતાને (વરાહને) પ્રિય છે એમ જણાવવા દાઢને પણ 'દાંત' કહેલ છે. 'કોટિ' 'ટોચ' શબ્દથી ભગવાનનું માહાત્મ્ય ( જણાવેલું છે ). બધાએ સત્તાવાળાઓને ભૂમિ ઉપર ઘણો સ્નેહ છે એમ જણાવવા સંખ્યાના અર્થવાળો ('કોટિ') શબ્દ યોજેલો છે. 'ઉત્ક્ષેપણમ્' એટલે ઉંચે ધારણ કરવું. આથી એમ જણાવેલું છે કે ભૂમિ પોતાની ઈચ્છાથી આવેલી નથી. (દાંતની) ટોચથી ભૂમિનો સ્પર્શ કરેલ હોવાથી વેદિની પેઠે તે સ્ફ્યથી[3] ઉપર આણેલી જાણવી. (વરાહનું) ઐશ્વર્ય સ્પષ્ટ જ છે. 'હાથીના જેવી લીલાથી' એ શબ્દથી પણ ઐશ્વર્ય, યજ્ઞપણું અને પહેલાં કહેલ ભક્ત ઉપર કૃપાવાળા હોવાપણાનો સમાવેશ કરેલો છે. 'હે વહાલા !' એ કોમલ સંબોધન (વિદુરને) જ્ઞાન થાય તે માટે (કરેલું છે). ૩૪.

૧. 'અનુવાક' એટલે વેદનો અમુક મંત્ર.
૨. અજ્ઞાન, ભય અને શૃંગાર એ ત્રણનો.
૩. 'સ્ફ્ય' એટલે યજ્ઞમાં ઉપયોગમાં લેવાતું તલવારના જેવા આકારવાળું સાધન.

**દ્વાદશાર્કસમૈઃ શ્લોકૈઃ કર્મનિર્ણય ઉચ્યતે ।।**
**બ્રહ્માદીનામુત્તમત્વાત્ દ્વિવિધં કર્મ રૂપ્યતે ।।૨૧।।**

બાર સૂર્યની સમાન (બાર) શ્લોકોથી કર્મનો નિર્ણય કહેવામાં આવે છે. બ્રહ્મા વિગેરે ઉત્તમ હોવાથી બે પ્રકારનું[1] કર્મ જણાવવામાં આવે છે. કા. ૨૧.

**ઉભયોર્ભગવત્ત્વાય ષડ્ભિઃ ષડ્ભિર્ગુણાસ્તથા ।।**

**પ્રમાણેન પ્રમેયેન નિર્ણયો દ્વિવિધો યતઃ ।।૨૨।।**

બંને (પ્રકારનાં કર્મ) ભગવાન છે એમ જણાવવા છ છ (શ્લોકો)થી (તેમના) ગુણો તે પ્રમાણે (કહે છે), કારણ કે પ્રમાણથી અને પ્રમેયથી બે પ્રકારનો નિર્ણય (થાય છે). કા. ૨૨.

**તત્ર પ્રમાણરૂપં હિ ષડ્ભિરાદૌ નિરૂપ્યતે ।।**

તે પૈકી આરંભમાં છ (શ્લોકો)થી પ્રમાણરૂપ (કર્મ) કહેવામાં આવે છે. કા. ૨૨ ૧/૨.

બ્રહ્મા વિગેરે દેવ હોવા છતાં પણ, યજ્ઞમાં (કાર્ય) કરનારા ઋષિઓ જ હોવાથી 'ઋષિઓ કહે છે' :

।। ઋષય ઊચુઃ ।।

**જિતં જિતં તેડજિત યજ્ઞભાવન ત્રયીં તનું સ્વાં પરિધુન્વતે નમઃ ।।**
**યદ્રોમગર્તેષુ નિલિલ્યુરધ્વરાસ્તસ્મૈ નમઃ કારણવિગ્રહાય તે ।।૩૫।।**

હે અજીત ! હે યજ્ઞ ઉત્પન્ન કરનાર ! આપની જીત જીત છે. ત્રણ વેદરૂપ પોતાનાં દેહને ધૂણાવતા આપને નમસ્કાર. જેમના રુંવાડાના ખાડાઓમાં યજ્ઞો છૂપાએલા છે તે (યજ્ઞના) કારણરૂપ દેહવાળા આપને નમસ્કાર. ૩૫.

આપની જીત જ જીત છે. હણવાથી દોષ થતો હોવાથી (હોવા છતાં), યજ્ઞ માટે શત્રુ ઉપર માત્ર વિજય નહિ, પણ શત્રુને હણવાનું વેદમાં કહેલું છે. તેથી આપે યજ્ઞ માટે શત્રુને જીતેલ હોવાથી આપની જ જીત છે. વળી કાલે સર્વને જીતેલા છે. આપ કાલના મુખને પણ તોડી તેણે ગળેલી પૃથ્વીને લઈ આવ્યા છો, તેથી આપ જ જીતેલા છો; અથવા પ્રલયમાં કાલે ગળેલા (પદાર્થો)ને આપ ઉત્પન્ન કરો છો, તેથી '(વાક્યરૂપ શબ્દોનો સમૂહ) બધાએ[2] નિશ્ચયવાળો છે' એ નિયમ પ્રમાણે 'આપની જીત જ જીત છે' એમ કહેલું છે. '' 'કાગડાનું બેસવું અને તાડનું પડવું' એ નિયમ પ્રમાણે કોઈક સમયે કોઈકની જય વિગેરે ક્રિયા ઉત્તમ અને ઘણાં પ્રયોજન પાર પાડનારી થાય. આટલાથી જય (થયા)નો નિશ્ચય થઈ ન શકે'' એવી શંકા થાય, તેથી 'હે અજીત !' એ સંબોધન કરેલું છે. (ભગવાન્) કોઈપણ સમયે કોઈએ પણ જીતેલા નથી, તેથી આવો જય તેમનો સદા થાય છે, એવો અર્થ છે. યજ્ઞોથી બધા પદાર્થો 'ભાવ્યન્તે' ઉત્પન્ન કરવામાં આવે છે, આ (વરાહ) તો યજ્ઞોને ઉત્પન્ન કરનારા છે. તેથી પણ (તેમના) જયનો નિશ્ચય થાય છે. એ પ્રમાણે સ્તુતિ કરીને 'ત્રણ વેદરૂપ દેહને ધૂણાવતા (આપ)ને નમસ્કાર' શબ્દોથી નમન કરે છે. 'અમુક સ્વરૂપને નમન[3] ન કરવું' એ મના આ (સ્વરૂપ)ના સંબંધમાં ઘટતી નથી, કારણ કે આ જ વેદરૂપ[4] છે.

અથર્વવેદના[ૃ] મંત્રો મુખ્ય પ્રકારે બ્રહ્મનું નિરૂપણ કરતા હોવાથી, પ્રમાણના મુખ્યપણાં વિના શાસ્ત્રનું નિરૂપણ કરનારાઓ, (તે) ત્રણ વેદને ઉપયોગી હોવા છતાં તેને જ્ઞાનમાં જ ઉપયોગી માનીને કર્મ જણાવનારાં ત્રણ જ વેદો હોવાનો નિશ્ચય કરે છે[૫]. તેથી વરાહનું સ્વરૂપ ત્રણ વેદોનુંજ છે, કારણ કે વેદોએ પણ તે શરીરમાં પ્રવેશ કર્યાનું કહેલું છે. વળી તે (શરીર)ને ધૂણાવવાનું વેદો ખેરવી પાડવા (કરે છે), તેમ ન હોય તો ત્રણ વેદો ચોથાને ઉપયોગી થતાં, વેદોનું યજ્ઞમાં તાત્પર્ય ન રહે, અને તેમ થાય ત્યારે સર્વની મુક્તિ જ[૬] ન થાય. પ્રમાણ દઢ કાર્ય કરનારું ન હોવાથી (શરીરને) ઘણું ધૂણાવવાથી (વેદને) હલકી સ્થિતિ પ્રાપ્ત કરાવશે એવા ભયને પણ લીધે, અને (વરાહ) સૃષ્ટિ કરાવનાર હોવાથી પણ નમસ્કાર (કરે છે). પોતાને (ઋષિઓને) માટે વેદને ભમાવવા નહિ, એવી પ્રાર્થના પણ આથી સૂચવેલી છે. ''વેદને ભમાવવાથી તમને શું (હાનિ) થાય ? યોગથી યજ્ઞોને જોઈને, જોયા હોય તેવા તે કરીને, તમે કૃતાર્થ થશો'' એવી શંકા થાય, તેથી (વેદરૂપ શરીર) ધૂણાવવાથી યજ્ઞનાં દર્શન જ થશે નહિ, એ વિષયનું ઉત્તરાર્ધથી કારણ કહેતાં નમસ્કાર કરે છે. જે ભગવાનના રુંવાડાં બહાર નીકળવાનાં સ્થાને જે 'કૂપાઃ' છિદ્રો છે, તે વિશાલ ખાડાઓ છે એમ કહેલ છે. તેઓમાં બધા યજ્ઞો છૂપાએલા છે, કારણ કે જલમાંથી બહાર આવેલા તે (વરાહ) (પોતાના દેહની) ઉપર રહેલ વેદોને (શરીર) ધૂણાવીને દૂર કરશે એમ જાણીને, પોતાને પણ દૂર કરશે એવા ભયથી શ્રુતિઓથી (વરાહના) સંબંધમાં આવેલા (યજ્ઞો) રુંવાડાનાં ખાડાઓમાં છૂપાયા. ત્યાં (તેમને) રુંવાડાંનો આધાર હોવાથી, (અને) રુંવાડાં કુશ (ઘાસ) રૂપ હોવાથી 'કુશમાં પડે તે પડવું નથી' એ શ્રુતિ પ્રમાણે (વરાહના શરીરના) ધૂણાવાથી યજ્ઞોને પડવાનો દોષ પણ થશે (લાગશે) નહિ. તેથી સર્વ વેદો અને યજ્ઞોનું કારણ બનેલ, (તે) બંનેની ઉત્પત્તિ કરનારો છે દેહ જેમનો, તેવા (વરાહને) બીજું કાંઈ ન કરવાની શક્તિવાળા (ઋષિઓ) નમન કરે છે, એવો અર્થ છે. 'કારણરૂપ વરાહને' એવો પાઠ હોય, ત્યારે પણ અર્થ સમાન છે. ૩૫.

૧. પ્રમાણને અનુકૂલ પ્રમેયવાળું અને સ્વતંત્ર પ્રમેયવાળું, એવા બે પ્રકારનું. (પ્ર)
૨. 'બધોએ વાક્યરૂપ શબ્દોનો સમૂહ નિશ્ચયરૂપ છે' એ નિયમ પ્રમાણે, એવો અર્થ છે. (પ્ર).
૩. 'લોકમાં હલકા ગણાતા અમુક સ્વરૂપને નમન ન કરવું' એવી મના ક્યાંક કહેલી જણાય છે.
૪. 'વેદરૂપ' એટલે (ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ એ) ત્રણ વેદરૂપ. (પ્ર)
૫ – ૫. (વરાહના શરીરને) ચાર વેદરૂપ કેમ ન કહ્યું, તેનું કારણ આ ભાગથી જણાવેલ છે. (પ્ર).
૬. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલ છે.

એ પ્રમાણે પુરુષોત્તમપણું, વેદ અને યજ્ઞરૂપપણું, અને પોતાના સ્વામી હોવાપણું જણાવીને, તે સિદ્ધ કરતાં તે ન જાણનારાઓની નિંદા કરે છે :

**રૂપં તવૈતન્નનુ દુષ્કૃતાત્મનાં દુર્દર્શનં દેવ યદધ્વરાત્મકમ્ ।।**
**છન્દાંસિ યસ્ય ત્વચિ બર્હિ રોમસ્વાજ્યં દશિ ત્વઙ્ઘ્રિષુ ચાતુર્હોત્રમ્ ।।૩૬।।**

હે દેવ ! આપનો આ જે યજ્ઞસ્વરૂપ દેહ, જેની ત્વચામાં છંદો છે, રુંવાડામાં કુશ છે, નયનમાં ઘી છે, અને વળી ચરણોમાં ચાર હોતાનો સમૂહ છે, તે ખરેખર પાપી અંતઃકરણવાળાઓએ દર્શન કરવા યોગ્ય નથી. ૩૬.

આ આપનો દેહ ખરેખર પાપી અંતઃકરણવાળાઓએ એટલે જેઓનાં શરીરો પાપના સંસ્કારવાળી ભૂમિના અવયવોનાં બનેલાં છે તેઓએ-જેમ ઘૂવડને સૂર્યનું સ્વરૂપ જોવા યોગ્ય નથી તેમ-દર્શન કરવા યોગ્ય પણ નથી. (તેમને માટે) આપનાં જ્ઞાન ભજન વિગેરે તો દૂર રહ્યાં. આટલાથી કર્મમાર્ગની કાંઈ પણ ક્ષતિ થતી નથી, તેનાં બે કારણો 'હે દેવ !' (અને) 'જે યજ્ઞસ્વરૂપ' શબ્દોથી કહેલાં છે. (૧) દેવો પાપીઓથી અદશ્ય હોય છે, અને (૨) યજ્ઞ ધર્મરૂપ છે, (તે) અધર્મ હોય ત્યાં પ્રકાશતો નથી. (યજ્ઞ સિવાય) બીજો અંશ તો વરાહમાં નથી, કારણ કે તેમનો દેહ યજ્ઞસ્વરૂપ જ છે. એ પ્રમાણે દુષ્ટોએ (વરાહસ્વરૂપ) જાણવા યોગ્ય નથી એમ કહીને, ઉત્તરાર્ધથી (આરંભી), તે વેદરૂપ હોવાનું સિદ્ધ કરે છે. ગાયત્રી વિગેરે સાત છંદો અથવા અનંત તે (છંદો) (દેહની) અંદર અને બહાર રહેલી ત્વચામાં છે. આથી તે (દેહ)માં સર્વ વેદો રહેલા હોવાનું કહ્યું, અથવા અર્થરૂપ[1] (વેદો રહેલા હોવાનું કહ્યું). છંદોનો પણ ઉપયોગ હોવાથી[2], (તેવો અર્થ કરવામાં આવે) ત્યારે યજ્ઞસ્વરૂપપણું જ કહેલું છે. ત્રણ વેદો તો ઉત્પત્તિના સંબંધથી (તે દેહ સાથે) સંબંધવાળા છે. 'રુંવાડામાં કુશ છે,' કારણ કે પુરુષના અવયવોથી યજ્ઞોના પદાર્થો ઉત્પન્ન કરેલા છે. (તેમને) તે (યજ્ઞ)ના અધિષ્ઠાતા દેવ વરાહમાં મૂકવામાં આવે ત્યારે તે દેવતાના સંબંધવાળા થાય છે. વળી રુંવાડાં કુશ ઉત્પન્ન કરનારાં કહેવાં જોઈએ. તેથી કુશના અધિષ્ઠાતા રુંવાડાંને ધૂણાવવાથી પડેલાં હોય તે કુશ અને કાશ (ઘાસ) રૂપ બર્હિષ્ છે. 'નયનમાં ઘી છે.' ઘી આધ્યાત્મિક રૂપ છે. નયન આધિદૈવિક રૂપ છે, તેથી જ ઘી નયનથી ધારણ કરવામાં આવે છે. નયનનું સત્યપણું અને ઘીનું પ્રજાપતિપણું તત્ત્વ જણાવનારાં[3] છે. 'તુ' 'અને વળી' શબ્દ બીજા મતને ખોટો ઠરાવે છે. 'વસંત આનું ઘી હતું' 'ખરેખર રસરહિત વસંતને આપ્યું' એ શ્રુતિ પ્રમાણે વસંત વિગેરેને ઘી વિગેરેનાં રૂપ તો વરદાનથી પ્રાપ્ત થએલાં છે. તે અહિં ઉપયોગી નથી. 'અઙ્ઘ્રિષુ' ચરણોમાં 'ચાતુર્હોત્રમ્' ચાર હોતાઓનો સમૂહ છે. ૩૬.

૧. 'અર્થરૂપ' એટલે ગાયત્રી વિગેરેના અભિમાનવાળા દેવરૂપ. (પ્ર).
૨. 'છંદો મારા રથ છે' શ્રુતિમાં છંદોનો સાક્ષાત્ ઉપયોગ કહેલો છે. (પ્ર).
૩. 'તત્ત્વ જણાવનારાં' એટલે આધિદૈવિકપણું જણાવનારાં (પ્ર).

એ પ્રમાણે (યજ્ઞના) દ્રવ્ય અને ઋત્વિજોનું (વરાહના દેહમાં) સ્થાન કહીને, નીચેના શ્લોકમાં ફલ સાથે પાત્રોનું વરાહના અવયવોમાં સ્થાન જણાવે છે :

**સ્રુક્ તુણ્ડ આસીત્સ્રુવ ઈશ નાસયોરિડોદરે ચમસાઃ કર્ણરન્ધ્રે ।।**
**પ્રાશિત્રમાસ્યે ગ્રસને ગ્રહાસ્તુ તે યચ્ચર્વણં તે ભગવન્નગ્નિહોત્રમ્ ।।૩૭।।**

હે ઈશ ! આપના મુખમાં ઘી હોમવાનું પાત્ર છે, નસ્કોરાંઓમાં સોમ હોમવાનું પાત્ર છે, ઉદરમાં ઈડા (પાત્ર) છે, કાનના છિદ્રમાં ચમસો છે, મુખના છિદ્રમાં બ્રહ્મપાત્ર છે, અને વળી જીભના મૂળમાં ગ્રહ (પાત્રો) છે. હે ભગવન્ ! જે ચાવવાની ક્રિયા તે અગ્નિહોત્ર છે. ૩૭.

'સ્રુચ્' 'ઘી હોમવાનું પાત્ર' એમાં જાતિના અભિપ્રાયથી, અથવા (અગ્નિની) જીભના અભિપ્રાયથી એકવચન યોજેલું છે, (તે) 'તુણ્ડે' મુખમાં છે. 'સ્રુવઃ' 'સોમ હોમવાનું પાત્ર' એમાં જાતિના અભિપ્રાયથી એકવચન (યોજેલ છે), કારણ કે અગ્નિહોત્ર અને દર્શપૌર્ણમાસ (યજ્ઞોના) ભેદથી સ્રવનો (ઉપયોગ) હોવાથી, તે બે છે. ઈડાપાત્ર[1] ઉદરમાં છે. યજ્ઞમાં સર્વ સ્થલે (અને) તેના જૂદાં જૂદાં પાત્રોમાં સર્વ સ્થલે પ્રત્યક્ષ રહેવાનું આ ભગવાનમાં સામર્થ્ય છે એમ જણાવવા 'હે ઈશ !' એ સંબોધન કરેલું છે. ઈડા (નાડી)ના સ્થાનના ઉદરમાં પ્રવેશનાં સમાનપણાંને લીધે, અને આકૃતિનાં સમાનપણાને લીધે ઈડાપાત્ર ઉદરમાં રાખેલું છે. 'ચમસો' એટલે સોમનું પાન કરવાનાં પાત્રો કાનના છિદ્રમાં છે, એટલે આધિદૈવિક ચમસમાં યશ રાખેલો છે. તેનું આધ્યાત્મિક તરીકે વ્યાખ્યાન કરતાં[2], (તેને) પ્રાણ કહેલ છે, છતાં પણ તે યશરૂપ હોવાથી તેનું કાનમાં પાન કરવાનું હોવાથી, ચમસોને કાનના છિદ્રમાં રાખેલા છે. 'પ્રાશિત્રં' એટલે બ્રહ્મપાત્ર, તે 'આસ્યે' મુખના છિદ્રમાં (રાખેલું છે), કારણ કે બ્રહ્માનો[3] ભાગ દાંતનો સ્પર્શ (થવા દીધા) વિના ગળવાની આજ્ઞા છે. 'ગ્રસને' ગળવાના કર્મમાં અથવા જીભના મૂળમાં બધા ગ્રહો એટલે ઈંદ્ર વાયુ વિગેરેનાં પાત્રો છે. 'તુ' 'અને વળી' શબ્દથી પાત્રોની નિવૃત્તિ (પૂરાં થયાંનું) કહેલ છે, કારણ કે વાક્યની મધ્યમાં 'તુ' શબ્દ છે. 'ગળવું' ક્રિયારૂપ હોવાથી સોમ વિગેરેને અથવા તેમનાં પાનને જ અહિં ગ્રહો જાણવા. જે આપ ભગવાનની ચાવવાની ક્રિયા તે જ અગ્નિહોત્ર કર્મ છે. 'વેદો અગ્નિહોત્રરૂપ ફલવાળા છે' એ વાક્ય પ્રમાણે બધાએ યજ્ઞોનો અગ્નિહોત્રમાં સમાવેશ થતો હોવાથી, (તે) ચાવવાની ક્રિયા છે. ૩૭.

૧. હોમ કરતાં વધેલું દ્રવ્ય જે પાત્રમાં નાખીને ઋત્વિજો તેના પોતપોતાના ભાગ પાડે છે, તે 'ઈડાપાત્ર'. (પ્ર).
૨. 'નીચે પોલાણવાળું ઉત્તમ મનોરથરૂપ તળીઆવાળું (તે પાત્ર છે), તેમાં વિશ્વરૂપ યશ રાખેલ છે' એ મંત્રનું આધ્યાત્મિક તરીકે વ્યાખ્યાન કરતાં 'પ્રાણ ખરેખર યશ છે' એ શ્રુતિથી પ્રાણ તરીકે

નિરૂપણ કરેલું છે, એવો અર્થ છે. (પ્ર).
૩. 'બ્રહ્મા' ચાર ઋત્વિજોમાંનો એક ઋત્વિજ. હોતા, ઉદ્‌ગાતા, અધ્વર્યુ અને બ્રહ્મા એ ચાર યજ્ઞ કરાવનાર ઋત્વિજો છે.

નીચેના શ્લોકમાં (પોતાના) આશ્રય સાથે[1] ક્રિયાઓ ભગવાનમાં રહેલી હોવાનું કહે છે :

**દીક્ષાનુજન્મોપસદઃ શિરોધરં ત્વં પ્રાયણીયોદનીયદંષ્ટ્રઃ ।।**
**જિહ્વા પ્રવર્ગ્યસ્તવ શીર્ષકં ક્રતોઃ સભ્યાવસ્થ્યં ચિતયોઽસવો હિ તે ।।૩૮।।**

દીક્ષાના અનુક્રમે જન્મ (થાય છે). ઉપસદો શિરોધર છે. આપ પ્રાયણીય અને ઉદનીય દાઢવાળા છો. પ્રવર્ગ્ય જીભ અને યજ્ઞરૂપ આપનું શિર છે. સભ્ય આવસ્થ્ય (અને) ચિતિઓ આપના પ્રાણો છે. ૩૮.

ભગવાન વરાહે હમણાં અવતાર લીધેલો છે. વળી 'યજ્ઞ યજમાન છે' 'આ જે દીક્ષા લીધેલ છે તે ગર્ભ છે' અને 'સોમ લાવવામાં આવે ત્યારે પૂર્ણ તેજવાળો થાય છે જ' એ શ્રુતિઓ[2] પ્રમાણે દરેક યજ્ઞમાં તે યજમાનના રૂપથી અવતાર લે છે. 'દીક્ષા' સંસ્કાર એટલે દીક્ષા નામની દેવતાને યજમાનમાં સ્થાપન કરવી તે. તે હોમ કરવાથી અને હજામત કરાવવી વિગેરેથી થાય છે. 'ઉપસદો[3] ગરદન છે' એ શ્રુતિ પ્રમાણે ઉપસદો ગરદન છે. 'શિરઃ' શિરને 'વિભર્તિ' ધારણ કરે તે 'શિરોધર' એ વ્યુત્પત્તિ પ્રમાણે 'શિરોધર' શબ્દથી તે (ગરદન)જ કહેલી છે. પ્રાયણીય[4] અને ઉદનીય[4] બે હોમ છે. ઉપસદના આરંભમાં સોમ લાવ્યા પહેલાં, અને સોમ (હોમ્યા) પછીની (તે) ક્રિયા છે. બંનેમાં દ્રવ્ય એક છે, અને દેવતા એક છે. તેમજ પાત્ર એક હોય છે, એટલે કાલના નામના ભેદને લીધે જૂદાં કર્મ (ગણાય છે). ગ્રહોને (વરાહે) મુખમાં રાખેલ હોવાથી[5] પ્રાયણીય અને ઉદનીયને (મુખના) બે પડખામાં રાખે તે યોગ્યજ છે. બંને દિશાઓનું જ્ઞાન કરાવતાં હોવાથી દાઢરૂપ છે, કારણ કે મૃત્યુએ હણેલ સર્વ દિશાઓને જાણે છે. તેમ (મૃત્યુએ હણેલ) ન હોય, તો ભવરૂપી જંગલમાં (ભમ્યા કરે) એ ન્યાયથી ધૂળથી ભરેલી આંખવાળો દિશાઓને જોતો (જાણતો) નથી; કારણ કે મૃત્યુ જ દિશાઓનું જ્ઞાન કરાવે છે. 'પ્રવર્ગ્ય જીભ...'થી (એમ કહેલું છે કે) પ્રવર્ગ્યનું[6] પાત્ર જ શિર અને આધ્યાત્મિક કર્મ[7] છે. (અગ્નિમાં[8]) હોમ કર્યા પછી જે જ્વાલા (નીકળે છે), તે આકૃતિના સમાનપણાને લીધે જીભ (કહેવાય છે). વળી[8] તે જ પ્રવર્ગ્ય યજ્ઞરૂપ આપનું 'શીર્ષકં' શિર છે. એ પ્રમાણે (વરાહના દેહમાં) ક્રિયા રાખેલ હોવાનું કહીને, 'સભ્ય આવસ્થ્ય (અને) ચિતિઓ આપના પ્રાણો છે' શબ્દોથી તેનો આશ્રય રાખેલ હોવાનું કહે છે. સભ્ય[9] અને આવસ્થ્ય[10] (અગ્નિઓ) ઈંટો (ની વેદિ)માં રખાતી ન હોવાથી

(તેમને) જૂદી કહેલી છે. 'અગ્નિહોત્રમાં અમાસ અને પૂનેમના યજ્ઞોમાં પશુ બાંધવામાં આવે તેમાં અને ચાર માસના યજ્ઞમાં' એ શ્રુતિ પ્રમાણે અમાસ અને પૂનેમે કરવાના યજ્ઞોમાં પણ ઇંટોની વેદિમાં અગ્નિ રાખવાની આજ્ઞા હોવાથી, શાલામુખીય અને ધિષ્ણ્ય અગ્નિઓ પણ તે પ્રમાણે રાખવાનું સ્પષ્ટ જ છે. દક્ષિણ અને પ્રાજહિત (અગ્નિઓ) પણ ઇંટોની વેદિમાં રાખવામાં આવે છે. શામિત્ર (અગ્નિ) તો પ્રાજહિત અથવા આહવનીય છે. કાષ્ઠ ઘસીને અગ્નિ ઉત્પન્ન કરવાનો પક્ષ તો અગ્નિ ન હોય ત્યારે કરવાનો છે. 'અસવઃ' એટલે પ્રાણો. પુરુષમાં ખરેખર નવ પ્રાણો[11] છે. (અગ્નિના) સ્થાનો પણ નવ છે. ગાર્હપત્ય (અગ્નિ)નું સ્થાન દશમું છે. ૩૮.

૧. 'આશ્રય સાથે' એટલે ( ક્રિયાના ) આશ્રય અગ્નિ સાથે. ( પ્ર ).
૨. દીક્ષા જન્મરૂપ છે તેનાં આ પ્રમાણો કહેલાં છે. ( પ્ર ).
૩. ઉપસદો ત્રણ છે. ( પ્ર ) 'ઉપસદ' એટલે જ્યોતિષ્ટોમ કરતાં કરવાની વિધિ.
૪ – ૪. પ્રાયણીય અને ઉદનીય એ બે, સોમ યજ્ઞમાં અનુક્રમે સોમ લાવતાં પહેલાં અને સોમનો હોમ થયા પછી કરવાના હોમ છે.
૫. જુઓ પાછલો ૩૭ મો શ્લોક.
૬. 'પ્રવર્ગ્ય' સોમ યજ્ઞનો આરંભ કરતાં કરવાની વિધિ.
૭. ક્રિયાનાં પ્રવર્ગ્ય પાત્રરૂપ હોવા છતાં, કર્મનું તે સ્થાન હોવાથી તે કર્મ ગણાય છે એમ જણાવવા આ કહેલ છે. તે પાત્રમાં દૂધનો હોમ કરવાનું જે કર્મ કરવામાં આવે છે તે પણ શિર છે. એવો અર્થ છે. ( પ્ર ).
૮ – ૮. આ ભાગથી 'પ્રવર્ગ્ય' જીભ હોવાનું સિદ્ધ કરે છે. ( પ્ર ).
૯. જેમાં હોમ કરવામાં આવતો નથી તે અગ્નિ 'સભ્ય' કહેવાય છે. ( પ્ર ).
૧૦. 'આવસ્થ્ય' એટલે ઉપાસના ( કરવા )નો અગ્નિ. ( પ્ર ).
૧૧. આથી એમ જણાવ્યું છે કે પ્રાણ પાંચ હોવાનો પક્ષ અહિં ઈષ્ટ નથી. ( પ્ર ).

નીચેના શ્લોકમાં નામોનો પ્રયોગ કહે છે :

**સોમસ્તુ રેતઃ સવનાન્યવસ્થિતિઃ સંસ્થાવિભેદાસ્તવ દેહધાતવઃ ।।**
**સત્રાણિ સર્વાણિ શરીરસન્ધિસ્ત્વં સર્વયજ્ઞક્રતુરિષ્ટિબન્ધનઃ ।।૩૯।।**

સોમ તો આપનું વીર્ય છે, સવનો અવસ્થા છે, જૂદી જૂદી સંસ્થાઓ આપના દેહની ધાતુઓ છે, સર્વ સત્રો (આપના) દેહના સાંધા છે. આપ સર્વ યજ્ઞો અને ક્રતુરૂપ તથા હોમરૂપ બંધનવાળા છો. ૩૯.

'સોમ' એટલે સોમયજ્ઞ. 'સોમથી પૂજન કરવું' એ વાક્યમાં (સોમ શબ્દ 'સોમ)વાળો' અર્થવાળો હોવાથી, (તેનો અર્થ સોમ) ઓષધિ છે એવા મત પ્રમાણે પણ, (તે) દેવતા હોવાથી સૃષ્ટિ ઉત્પન્ન કરનાર હોઈ વીર્યરૂપ છે. ગ્રહોને સોમ ગણવામાં આવે, ત્યારે વિકારરહિત સોમને 'વીર્ય' કહેવો. ત્રણ સવનો[1] જાગવાની

સ્વપ્નની અને સુષુપ્તિની અવસ્થાઓ છે. અગ્નિષ્ટોમ વિગેરે ત્રણ પાંચ અથવા સાત સંસ્થાઓ[2] છે. તેમના બધા ભેદો આપના દેહની ધાતુઓ છે. ચામડી, માંસ અને હાડકાં એવી ત્રણ, ત્વચા માંસ સ્નાયુ હાડકાં અને મજ્જા એવી પાંચ (ધાતુઓ છે). સાત (સંસ્થાના ભેદો છે એવા) મત પ્રમાણે ચામડી અને રૂધિરનો સમાવેશ કરવો. ચાર સંસ્થાના ભેદો છે એવા) મત પ્રમાણે (ઉપર જણાવેલી) ત્રણ અને રૂધિર (લેવાં). સર્વ રીતે (આપના) દેહની ધાતુઓ જ બધા સંસ્થાના ભેદો છે. એક દિવસનાથી આરંભી એક હજાર વર્ષ સુધીના બધા સત્રો (તેઓના) પેટા-ભેદો સાથેના પણ (આપના) દેહના હાડકાંઓ મળવાનાં સ્થાનો છે. તે (સ્થાનો) જ 'સંધિ' શબ્દથી ઓળખાય છે. બધા યજ્ઞો અને ક્રતુઓ આપ જ છો. યજ્ઞો સત્તર છે, અને બાર દિવસ ચાલતાથી આરંભી અશ્વમેધ સુધીના વેદિમાં રાખવાના અગ્નિવાળા ક્રતુઓ છે. અમાસના પૂનેમના વિગેરે હોમો છે. 'બંધન' એટલે સ્નાયુઓ. ૩૯.

૧. 'સવન' એટલે સોમ કાઢવો તે. સવાર બપોર અને સાંજે સોમ કાઢવામાં આવે છે.

૨. 'સંસ્થા' એટલે સોમયજ્ઞના પ્રકાર

એ પ્રમાણે (વરાહના દેહમાં) સર્વનું સ્થાન (હોવાનું) કહીને, નીચેના શ્લોકમાં યજ્ઞસ્વરૂપનો ઉપસંહાર કરતાં, (તેને) નમન કરે છે :

**નમો નમસ્તેऽખિલમન્ત્રદેવતાદ્રવ્યાય સર્વક્રતવે ક્રિયાત્મને ।।**

**વૈરાગ્યભક્ત્યાऽऽત્મજયાનુભાવિતજ્ઞાનાય વિદ્યાગુરવે નમો નમઃ ।।૪૦।।**

સર્વ મંત્રોરૂપ, દેવાતારૂપ અને દ્રવ્યરૂપ, સર્વ ક્રતુરૂપ અને ક્રિયારૂપ આપને નમો નમઃ. વૈરાગ્ય ભક્તિ અને અંતઃકરણના જયથી અનુભવ કરાતા જ્ઞાનરૂપ (અને) વિદ્યા કરાવનાર ગુરુ (આપ)ને નમો નમઃ.

તે (વરાહસ્વરૂપ) પોતાનાં અને પોતાના ભોગના ફલરૂપ હોવાથી, (તેમના પ્રતિ) આદર દર્શાવવા ( 'નમો નમઃ' એમ ) બેવાર કહેલું છે. બીજા રૂપવાળા આ નથી એમ દર્શાવવા 'તે' 'આપને' શબ્દ યોજેલ છે. 'ઈષેત્વ' વિગેરે મંત્રો, વસુ વિગેરે દેવતાઓ, (અને) ચોખા વિગેરે દ્રવ્યો છે. દેવતાનું નામ લઈ મંત્રથી દ્રવ્ય દેવતાને સમર્પણ કરવામાં આવે, એવો મંત્ર દેવતા અને દ્રવ્યરૂપ અલૌકિક યજ્ઞ હોય છે. પુરુષનો પ્રયત્ન તો ચેષ્ટારૂપ હોવાથી લૌકિક છે. તે પ્રત્યક્ષ જણાતો હોવાથી[1] યજ્ઞરૂપ નથી. 'સર્વક્રતુરૂપ' એટલે સર્વ યજ્ઞોના વિભાગરૂપ. ક્રિયારૂપ (ને નમો નમઃ). ચેષ્ટા પણ યજ્ઞનો આવિર્ભાવ કરાવનારી હોવાથી, (યજ્ઞ કરનારની) ક્રિયા પણ ઈન્દ્રિયોથી પર(અલૌકિક) છે એમ કેટલાક માને છે. વાસ્તવિક રીતે તો મંત્રરૂપ સ્થાનવાળી યજમાનમાં પ્રવેશ કરેલા ભગવાનમાં રહેલી ક્રિયાનો પણ તેમાં જ[2] સમાવેશ થાય છે.

એ પ્રમાણે સર્વ સ્થલે ક્રિયારૂપ તરીકે અને સ્વર્ગ વિગેરે પ્રાપ્ત કરાવનાર સ્વરૂપ તરીકે નમસ્કાર કરીને, ઉત્તરાર્ધથી એમ કહે છે કે બ્રહ્મમીમાંસા પ્રમાણે વેદના અર્થરૂપ પણ આ (વરાહ) જ છે. (૧) વૈરાગ્ય એટલે વિષયોની તૃષ્ણા ન હોવી તે (૨) ભગવાનનાં શ્રવણ વિગેરે અથવા તેમનામાં સ્નેહ એ ભક્તિ (૩) 'આત્મજયઃ' એટલે અંતઃકરણનો જય. આ ત્રણે અંતઃકરણને શુદ્ધ કરનારાં છે. તેથીજ તેમનાથી જે જ્ઞાનનો અનુભવ કરાય છે, તે (૪) બ્રહ્માત્મજ્ઞાન (છે); તેવા (જ્ઞાનરૂપ) ને (નમસ્કાર), (૫) 'વિદ્યા' એટલે વાક્ય અને અર્થના જ્ઞાનરૂપ ઉપનિષત્. (૬) તે કરાવનાર ગુરુ. ઉત્તરકાંડમાં તો આટલી જ છ ગુણવાળી સામગ્રી ભગવદ્રૂપ છે. કાંડ જૂદો હોવાથી ફરીથી નમન (કરેલ છે). ૪૦.

૧. પ્રેરણા કરનાર અપ્રત્યક્ષ જ ધર્મ છે. તેથી જે પ્રત્યક્ષ જણાય તે ધર્મ ન હોવાથી, પુરુષનો પ્રયત્ન યજ્ઞરૂપ નથી, એવો અર્થ છે. (પ્ર)

૨. 'તેમાં જ' એટલે ક્રિયાવાળા ભગવાનમાં જ (પ્ર) યજમાનમાં પ્રવેશેલા ભગવાનમાં જ, અથવા યજ્ઞમાં જ.

એ પ્રમાણે છ (શ્લોકો)થી યજ્ઞસ્વરૂપપણું વર્ણવીને, નીચેના શ્લોકથી આરંભી છ (શ્લોકો)થી ચાલુ પ્રસંગમાં ઉપયોગી આધિદૈવિક સ્વરૂપનું વર્ણન કરે છે :

**દંષ્ટ્રાગ્રકોટ્યા ભગવંસ્ત્વયા ધૃતા વિરાજતે ભૂધર ભૂઃ સભૂધરા ।।**
**યથા વનાન્નિસ્સરતો દતા ધૃતા મતંગજેન્દ્રસ્ય સપત્રપદ્મિની ।।૪૧।।**

હે ભગવન્! હે ભૂધર! આપે દાઢનાં ટેરવાંના એક ભાગથી ધારણ કરેલી પર્વતો સાથેની પૃથ્વી જેમ વનમાંથી નીકળતા મદઝરતા ઉત્તમ હાથીએ દાંતથી પકડેલી પાંદડાં સાથેની કમલિની શોભે તેમ શોભે છે. ૪૧.

દાઢનું ટેરવું, તેના 'કોટિઃ' એક ભાગ(થી ધારણ કરેલ), એમ વરાહનું માહાત્મ્ય જણાવવા કહેલું છે. ઉંચે (પૃથ્વી) ધારણ કરેલી હોવાથી, તેમજ (પકડેલી) હોય. ''તેવી ક્રિયા અસંભવિત છે'' એવી શંકા થાય, તેથી 'હે ભગવન્!' એવું સંબોધન (કરેલું છે). તેમાં પણ ભગવાનનો પ્રયત્ન જ થએલો છે, એમ 'આપે ધારણ કરેલી' શબ્દોથી કહેલું છે. તેવા પ્રસંગે પણ ''દાઢના ટેરવાંથી વીંધાએલી (પૃથ્વી) શોભાવિનાની હશે'' એવી શંકા થાય, તેથી 'શોભે છે' એમ કહેલું છે. 'હે ભૂધર![1]' એ સંબોધન વરાહ અને પૃથ્વીનો સંબંધ જોવાને લીધે માહાત્મ્ય જણાવવા (કરેલું છે). બીજા ભૂધરની સમાન (આ ભૂધર) નથી[1], એમ દર્શાવવા 'પર્વતો સાથેની' એમ કહેલું છે. પર્વતો સાથેની ભૂમિ ધારણ કરેલી છે, એવો અર્થ છે. પર્વતો સાથેની ભૂમિ ઉંચી નીચી (હોવાથી) શોભાવિનાની જેવી હોય. (ભૂમિ) અધિક શોભાવાળી હોવાનું કારણ ઉત્તરાર્ધથી કહેલું છે. 'વનમાંથી' એટલે (૧) જલમાંથી (૨) અથવા સ્થલ

ઉપરની કમલિની લઈને વનમાંથી જ 'અવનાત્' (તેનું) રક્ષણ કરવાના પ્રયોજનથી બહાર નીકળતા, મદ ઝરતા ઉત્તમ હાથીએ દાંતથી પકડેલી પાંદડા સાથેની કમલિની (શોભે તેમ શોભે છે). ગજેન્દ્રે ભગવાન્ માટે ઉંચે ધરી રાખેલી કમલિની શોભે તે તકરારરહિત છે. તે પ્રમાણે યજ્ઞ માટે યજ્ઞે (વરાહે) ઉંચે ધારણ કરેલી ભૂમિ સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવનારી હોવાથી, પતિ સાથે હોવાથી, અથવા પતિએ આદર કરેલી હોવાથી, અથવા ઉંચે બહાર નીકળતી હોવાથી કૈલાસના શિખર ઉપરનાં વાદળાંની પેઠે શોભે જ. પ્રાકૃત વનમાંથી પણ બહાર નીકળતા હાથીએ ધારણ કરેલી, શ્વેત સ્થાન ઉપર રહેલી. તેજસ્વી આકારવાળી હોય તેમ લોકોથી આશ્ચર્ય સાથે જોવામાં આવતી (કમલિની) શોભે છે. ચાલુ પ્રસંગમાં[૨] પણ આકૃતિ સરખી છે. ૪૧.

૧. ભૂધર એટલે ભૂમિને ધારણ કરનાર (૧) વરાહ (૨) પર્વત. પર્વતો ભૂમિને પકડી રાખે છે એવી માન્યતા છે.

૨. 'ચાલુ પ્રસંગ' પૃથ્વીને લાગુ પડે છે. તેની અને કમલિનીની આકૃતિ સમાન છે, એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે ભગવાનના સંબંધને લીધે ભૂમિનું ઘણું સૌંદર્ય થતું હોવાનું કહીને, ભગવાનનું તે (ભૂમિનું સૌંદર્ય વધારવાનું) પ્રયોજન હોવાનો દોષ દૂર કરવા, તે (ભૂમિ)ને લીધે ભગવાનનું સૌંદર્ય ઉત્તમ થતું હોવાનું નીચેના શ્લોકમાં કહે છે :

**ત્રયીમયં રૂપમિદં ચ સૌકરં ભૂમણ્ડલેનાથ દતા ધૃતેન તે ।।**
**ચકાસ્તિ શ્રૃંગોઢઘનેન ભૂયસા કુલાઙચલેન્દ્રસ્ય યથૈવ વિભ્રમઃ ।।૪૨।।**

વળી શિખર ઉપર ધારણ કરેલ મોટાં વાદળાંથી જેમ ઉત્તમ કુલપર્વતનો વિલાસ થાય, તેવીજ રીતે હવે દાંત ઉપર ધારણ કરેલ પૃથ્વીના મંડલથી આપનું ત્રય વેદવાળું આ વરાહ સ્વરૂપ શોભે છે. ૪૨.

વરાહનું પણ આ સ્વરૂપ, ત્રણ વેદરૂપ હોવાથી સ્વરૂપથી ઉત્તમ હોવા છતાં, શોભતું હોવા છતાં, દાંત ઉપર ધારણ કરેલ પૃથ્વીના મંડલથી ('હવે') જૂદા પ્રકારે ઘણું શોભે છે. વેદ વિગેરેના તેજથી સ્વરૂપનું માહાત્મ્ય અલૌકિક છે, પરંતુ લૌકિક નથી. દાંતનાં ટેરવાં ઉપર પૃથ્વીનું મંડલ ધારણ કરવાને લીધે લોકમાં પ્રસિદ્ધ હોવાથી, આ (સ્વરૂપ) તો અલૌકિક કરતાં પણ અધિક (શોભે છે). જેમ અશ્વ વિગેરે કરતાં પણ ચિત્રમાં દોરેલા અશ્વ વિગેરે વધારે શોભાવાળા હોય છે, તેમ જૂદા રંગની સ્થિતિવાળી (પૃથ્વી) જૂદા રંગવાળા (દાંતે) ધારણ કરેલી, જૂદા વર્ણવાળાની શોભા ઉત્પન્ન કરનારી થઈ. રંગથી થતી શોભાની વૃદ્ધિનો આજ અર્થ 'શિખર ઉપર ધારણ કરેલ (મોટાં) વાદળાંથી...' એ દષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. શ્વેત શિખર ઉપર ચઢેલા મોટા શ્યામ વાદળાંથી મેરૂ (પર્વત) તે પ્રમાણે શોભે છે. તેમાં પણ જો (એ) ત્રણે

જીવવાળાં હોઈ એક બીજાં ઉપરનાં પ્રેમને લીધે વિલાસ થતો હોય, તો (આપનાં આ) દેખાતાં સ્વરૂપ જેવું તે થાય, એવી જે હોઈ ન શકે તેવી ઉપમા 'વિલાસ' શબ્દથી કહેલી છે. ૪૨.

એ પ્રમાણે પતિપત્નીની એકના સંબંધથી બીજાની શોભા (થવાનું) કહીને, તે બે માતાપિતા છે એમ સિદ્ધ કરતાં, પોતાના માટે ભૂમિનું સ્થાપન કરવા નીચેના શ્લોકમાં પ્રાર્થના કરે છે :

**સંસ્થાપયૈનાં જગતાં સતસ્થુષાં ભવાય પત્નીમસિ માતરં પિતા ।।**
**વિધેમ ચાડસ્યૈ નમસા સહ ત્વયા યસ્યાં સ્વતેજોડગ્નિમિવાડરણાવધાઃ ।।૪૩।।**

સ્થાવરો સાથે જંગમોની ઉન્નતિ માટે આ આપની પત્ની અને સર્વની માતાનું સારી રીતે સ્થાપન કરો. આપ પિતા છો, જેમ અરણિમાં આપે અગ્નિ મૂકેલો છે તેમ જેની અંદર પોતાનું તેજ આપે મૂકેલું છે તેવી આને અમે આપની સાથે નમન કરીશું. ૪૩.

સર્વની માતા અને (આપ) પિતા હોવાથી આપની પત્નીનું આનું આપ સ્થાવરો સાથે જંગમોની ઉન્નતિ માટે સારી રીતે સ્થાપન કરો. જેમ ગૃહસ્થ પુત્રોને માટે પત્નીને (ઘેર) રાખી પરદેશ જાય છે, તેમ આપે પણ કરવું જોઈએ, કારણ કે આપ પિતા છો. આથી એમ જણાવેલું છે કે પ્રત્યુપકારની આકાંક્ષા રાખ્યા વિનાજ આપે આનું સ્થાપન કરવું અને આ પણ તેવીજ રીતે (અમારું) પાલન કરો. છતાં પણ અમે (આપના) ઋણમાંથી છૂટીએ તે માટે જેમની કામનાઓ ( સદા ) પૂર્ણ છે તેવા તમો બેને નમસ્કાર સિવાય ( કાંઈ ) કરવાનું ન હોવાથી, અમે આપની સાથે આને 'નમસ્ આવિધેમ' સર્વ તરફથી નમસ્કાર કરીશું, એવો અર્થ છે. 'નમસા' અવ્યય છે અથવા (તેથી) કર્ત્તવ્ય કહેલું છે. નમસ્કાર કરીને પૂજા કરીશું, એવો અર્થ છે. અથવા 'અસ્યૈ' આ (ભૂમિ)નું પ્રિય થાય તે માટે (આની) નમન સાથે આપની સાથે (ભક્તિ) કરીશું, ભક્તિ અને યજ્ઞ વિગેરે કરતાં આજ્ઞા પ્રમાણે વર્તન કરશું, આવો અર્થ છે. વળી આનું (આપે) સ્થાપન કરવુંજ યોગ્ય છે, કારણ કે આ ગર્ભિણી છે. ભગવાનની ઉત્તમ આકૃતિવાળા, ભક્તિ કરનારોને (આ) જન્મ આપશે એવા અભિપ્રાયથી 'જેની અંદર (પોતાનું તેજ આપે મૂકેલું છે)' એમ કહે છે. આપ (ભગવાન્) બે માર્ગની પ્રવૃત્તિ કરાવનારા છે. જેમ આપે પીપળામાં ત્રણ વેદરૂપ અગ્નિને યજ્ઞ થઈ શકે તે માટે મૂકેલો, એવી રીતે આ ભૂમિમાં પણ પોતાનું તેજ એટલે પોતાની પુરુષોત્તમની આકૃતિ અથવા પુરુષની આકૃતિ મૂકેલી છે. ૪૩.

આ પ્રાર્થના કહીને (કરીને), બીજું કાંઈ કરવાનું બાકી રહેલ નથી એવા અભિપ્રાયથી નીચેના શ્લોકમાં તે (વરાહે) પહેલાં કરેલ ચરિત્ર જ ફરી કહેતાં (તેમની)

સ્તુતિ કરે છે :

**કઃ શ્રદ્દધીતાઽન્યતમસ્તવ પ્રભો રસાં ગતાયા ભુવ ઉદ્વિબર્હણમ્ ।।**
**ન વિસ્મયોઽસૌ ત્વયિ વિશ્વવિસ્મયે યો માયયેદં સસૃજેઽતિવિસ્મય્ ।।૪૪।।**

હે પ્રભો ! આપથી બીજો કોણ રસાતલમાં ગએલી ભૂમિને બહાર લઈ આવવાનું આપનું (કાર્ય) માને? વિશ્વ જેમની અંદર વિસ્મયરૂપ છે તેવા આપ જેમણે માયાથી આ ઘણું વિસ્મયરૂપ (જગત્) રચેલું છે તેમનામાં તે આશ્ચર્યકારક નથી.૪૪.

'અન્યતમઃ' આપથી જૂદો હોઈ, ઉત્તમ (પુરુષ) હોવા છતાં ભૂમિને 'ઉદ્વિબર્હણમ્' બહાર લાવવાનું, લઈ આવવાનું અથવા ઉપર લાવવાનું (આપનું કાર્ય) બીજાઓ કહે છતાં કોણ માને ? વાણી અને મનથી જણાય નહિ તેવું આપનું માહાત્મ્ય જોઈને કહેલું હોવા છતાં પણ વિશ્વાસ ઉત્પન્ન કરતું નથી. (તેવો પુરુષ) પોતાની સરસાઈ અને આવું કાર્ય કરવાની અશક્તિ વિચારીને, ઉપાખ્યાનો અસંભવિત હોવાથી ખોટાં છે એવી કલ્પના કરીને, કોઈપણ સમયે જગત્ આવું નથી[1] એમ નહિ માને, અને તેના વાક્યથી બીજાઓને પણ ભ્રમ થશે. જ્યારે બીજાએ (આ કાર્ય) કર્યું એમ ન માને, ત્યારે પોતે કરવાની તો વાત જ ક્યાં રહી ? આપમાં તો આ (કાર્ય) આશ્ચર્ય કરાવનારું પણ[2] નથી, એમ 'તે આશ્ચર્યકારક નથી' શબ્દોથી કહેલ છે. તે (ભૂમિનો) ઉદ્ધાર આપમાં 'વિસ્મયઃ' આશ્ચર્યકારક નથી અથવા આપને તે ગર્વ કરાવનારો નથી. તેનું કારણ 'વિશ્વવિસ્મયે' વિશેષણથી કહેલું છે. જેમ વીર્યરૂપ જલમાંથી મોર વિગેરે અથવા પુરુષ વિગેરે ઉત્પન્ન થાય છે, અથવા બીજમાંથી વડ વિગેરે (વૃક્ષો) થાય છે, તેવું વિશ્વજ આપનું વિસ્મયરૂપ (કાર્ય) છે. વળી વિશ્વજ 'વિસ્મયમ્' આશ્ચર્યકારક જેમનામાં તેવા (આપ છો). આ (વિશ્વ) આપનું માહાત્મ્ય સૂચવાનારું છેજ. આથી પણ બીજું અધિક માહાત્મ્ય છે, તે 'જેમણે માયાથી આ (ઘણું વિસ્મયકારક રચેલું છે)' શબ્દોથી કહે છે. સ્વપ્ન વિગેરેમાં માયાને લીધે દરેક પુરુષ માટે જૂદા પ્રકારથી, તથા એકજ પુરુષ માટે પણ એક ક્ષણમાં જૂદા પ્રકારનું આજ જગત્ (જેમણે) રચેલું છે (તેવા આપ છો). 'સૃજતઃ' એવો પાઠ હોય, ત્યારે 'જે આમ (સર્જો છો') એવો (અર્થ થાય છે). તેમાં પણ ઘણું આશ્ચર્યકારક હોય છે જેમકે, પર્વતની ટોચ ઉપર સમુદ્ર, દિવસે નક્ષત્રો, અથવા પોતાના માથાનું કપાવું પોતે તેજ દેહથી જૂએ. (વિગેરે). ૪૪.

૧. 'આવું' એટલે વરાહે રસાતલમાંથી આણી સ્થાપન કરેલું, એવો અર્થ જણાય છે.
૨. આપ આ કાર્ય કરો તેમાં આશ્ચર્ય જેવું નથી, એવો અર્થ જણાય છે.

''છતાં તમને જ્ઞાન અથવા મોક્ષ આપવાનો છે, અથવા તે માટે અધિકાર

પ્રાપ્ત કરાવવાનો છે. તેથી આટલાથી જ કેમ (સ્તુતિ કરતાં) અટકો છો ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**વિધુન્વતો વેદમયં નિજં વપુર્જનસ્તપઃ સત્યનિવાસિનો વયમ્ ।।**
**સટાશિખોદ્ભૂતશિવાઽમ્બુબિન્દુભિર્વિભૃજ્યમાના ભૃશમીશ પાવિતાઃ ।।૪૫।।**

હે ઈશ ! પોતાનું વેદમય શરીર ધૂણાવતાં (આપની) સટાની શિખામાંથી નીકળેલાં કલ્યાણરૂપ જલનાં બિંદુઓથી સ્વચ્છ થએલા અમો જનઃ તપઃ અને સત્યલોકમાં વસનારાઓને (આપે) ઘણાં પવિત્ર કરેલા છે. ૪૫.

જલમાંથી બહાર નીકળેલું આ વેદમય શરીર આપ ધૂણાવતા હતા ત્યારે, (તે) પ્રસંગથીજ જનઃ તપઃ અને સત્યલોકમાં વસનારાઓ અમે, તેની સટાની શિખામાંથી નીકળેલાં કલ્યાણરૂપ જલનાં વારંવાર આવતાં બિંદુઓથી 'મૃજ્યમાનાઃ' ઘસાઈને સ્વચ્છ થતાં, અંદરથી અને બહારથી ઘણાંજ પવિત્ર થએલા છીએ. ઘણાં પવિત્ર હોય તેમને જ્ઞાન વિગેરે પ્રાપ્ત થાય છેજ. મુખથી મંત્રનો પાઠ કરતાં હાથથી ઘસવાનું વિગેરે કરવામાં આવે ત્યારે લોક ખરેખર પવિત્ર થાય છે, ત્યારે વેદમય જ શરીરથી વેદના અર્થરૂપ કુશથી, કંઠમાંથી બહાર નીકળતા પવન (ઉચ્છ્વાસ)થી, જલની મૂઠી જેટલી સુંદર આકૃતિવાળા સ્વરૂપથી (અને) તે પણ આપના ધૂણવાથી કલ્યાણરૂપ (થએલાં) જલોથી સ્વચ્છ થતાં (પવિત્ર થઈએ તેમાં) કહેવુંજ શું ? એવો અર્થ છે. (બધાને) એક પ્રકારનો અધિકાર પ્રાપ્ત થયો છે એમ જણાવવા, ત્રણ પ્રકારના[૧] કહેલાં છે. ૪૫.

૧. જનઃ તપઃ અને સત્યલોકમાં વસનારાઓ, ત્રણ પ્રકારના કહેલા છે.

એ પ્રમાણે ભગવાનની સ્તુતિ કરીને, નીચેના શ્લોકમાં સ્તુતિ પૂર્ણ કરતાં, સ્તુતિ થોડીજ કરી એવા પોતાના દોષને દૂર કરે છે :

**સ વૈ બત ભ્રષ્ટમતિસ્તવેષતે યઃ કર્મણાં પારમપારકર્મણઃ ।।**
**યદ્યોગમાયાગુણયોગમોહિતં વિશ્વં સમસ્તં ભગવન્ વિધેહિ શમ્ ।।૪૬।।**

અપાર કર્મોવાળા આપનાં કર્મોનો પાર જે જૂએ છે તે અરેરે ! ખરેખર ભ્રષ્ટ મતિવાળો છે, કારણ કે યોગમાયાના ગુણના સંબંધથી બધું વિશ્વ મોહ પામેલું છે. હે ભગવન્ ! આપ કલ્યાણ કરો. ૪૫.

આપના ગુણોનાં વર્ણનરૂપ સ્તુતિમાં, થોડી ઝાઝી એવો વિભાગ વ્યર્થ છે, કારણ કે આપના ગુણો અનંત છે. (અમારી) પોતાની બુદ્ધિ પ્રમાણે તો (અમે) સ્તુતિ કરીજ છે, પરંતુ 'હું ભગવાનનાં બધા ચરિત્રો કહીશ' એવા વિચારથી જે (સ્તુતિનો) પ્રારંભ કરે છે, તે ખરેખર ભ્રષ્ટમતિવાળો છે, કારણ કે ભ્રષ્ટ હોય તે મર્યાદા વિનાનો છે. ભગવાનના ગુણોમાં ચિત્ત વિસ્તારતો હોવા છતાં તે ભ્રષ્ટબુદ્ધિવાળો થયો, એવા

વિચારથી 'અરેરે !' શબ્દ ખેદ દર્શાવવા (યોજેલો છે). 'અપાર કર્મવાળાનાં કર્મોનો પાર જે જૂએ છે' શબ્દોથી 'હું ભગવાનના બધા એ ગુણો કહીશ' એવી તેની બુદ્ધિની ભ્રષ્ટતાજ કહેલી છે. જો કર્મોનો અંત હોય તો આ બુદ્ધિ સારી હોય (ગણાય). (ભગવાનનાં) થઈ ગએલાં (કર્મો)નો પણ અંત નથી એમ કહેવા 'અપાર કર્મવાળા'એ વિશેષણ કહેલું છે. તેમાં પણ વેદો જે સર્વ જાણનારા છે, અથવા બીજાઓ જેમણે ભગવદ્ભાવ પ્રાપ્ત કરેલો છે, તેઓ ભલે (તેમ) કહે, પરંતુ જેઓ માયાથી મોહ પામેલા છે તેઓ (તેમ) કેમ કહે ? અને વિશ્વમાં બધા (માયાથી) મોહ પામેલા છે. તે (અર્થ) 'કારણ કે યોગમાયાના (ગુણના સંબંધથી બધું વિશ્વ મોહ પામેલું છે)' શબ્દોથી કહેલો છે. 'યત્' કારણ કે બધુંએ વિશ્વ યોગમાયાના સત્ત્વ વિગેરે ગુણોથી મોહ પામેલું છે, કેમકે જગત્ રચનારી તે પોતાનું કાર્ય પાર પડે તે માટે મોહ કરે છે જ. તેથી માયાથી મોહ પામેલાઓ સ્વરૂપનેજ જાણતા નથી, તો પછી ભગવાનના ગુણોને ક્યાંથી જાણવાના ? તેથી આપ સર્વનું પાલન કરો, એમ 'હે ભગવન્ ! આપ કલ્યાણ કરો' શબ્દોથી કહેલું છે. (આ) પહેલાનું વાક્ય દયા ઉત્પન્ન કરનારું છે.૪૬.

તેઓની સ્તુતિ સફલ થઈ, એમ નીચેના શ્લોકમાં કહે છે :

॥ મૈત્રેય ઉવાચ ॥

**ઈત્યુપસ્થીયમાનસ્તૈર્મુનિભિર્બ્રહ્મવાદિભિઃ ॥**
**સલિલે સ્વખુરાક્રાન્ત ઉપાધત્તાऽવિતાऽવનિમ્ ॥૪૭॥**

તે બ્રહ્મવાદી મુનિઓથી એ પ્રમાણે સ્તુતિ કરાતા રક્ષક (ભગવાને) પોતાની ખરીઓથી દબાએલા જલમાં પૃથ્વી મૂકી. ૪૭.

'ઈતિ' 'એ પ્રમાણે' શબ્દથી (સ્તુતિની) સમાપ્તિ કહી, અથવા (તે શબ્દ સ્તુતિનો) પ્રકાર જણાવનારો છે. તે મુનિઓથી એ પ્રમાણે 'ઉપસ્થીયમાનઃ' ઉપસ્થાન (સ્તુતિ કરવાની) વિદ્યાથી સ્તુતિ કરાતા (ભગવાને), બ્રહ્મવાદીઓનું વચન ખોટું ન થાઓ એમ વિચારી પોતાની ખરીઓથી દબાએલા જલમાં પૃથ્વી 'ઉપાધત્ત' મૂકી; કારણ કે (ભગવાન્) 'અવિતા' સર્વના રક્ષક છે. 'ખરીથી દબાએલા' વિશેષણ જલમાં મર્યાદા અને ભય સૂચવે છે. ભગવાનની ખરીઓથી દબાએલું હોવાથી તેટલું જલ દેવતારૂપ થયું, એટલે હવે પછી ભૂમિને કોઈપણ પ્રકારની ચિંતા રહી નહિ. ૪૭.

એ પ્રમાણે ભગવાનનું ચરિત્ર કહી, નીચેના શ્લોકમાં ઉપસંહાર કરે છે :

**સ ઈત્થં ભગવાનુર્વીં વિષ્વક્સેનઃ પ્રજાપતિઃ ॥**
**રસાયા લીલયોન્નીતામપ્સુ ન્યસ્ય યયૌ હરિઃ ॥૪૮॥**

રસાતલમાંથી આવી રીતે રમતમાં ઉપર આણેલી પૃથ્વીને તે સર્વ તરફ સેનાવાળા પ્રજાપતિ ભગવાને જલમાં મૂકી અને હરિ પધારી ગયા. ૪૮.

'ઈત્થં' આવી રીતે રસાતલ પાસેથી પૃથ્વીને ઉપર લાવીને જલમાં મૂકી પધારી ગયા એવો (વાક્યનો) સંબંધ છે. ''એકલા કેવી રીતે ઉપર લાવ્યા અને કેવી રીતે (એકલાએ) મૂકી ?'' એવી શંકા દૂર કરવા 'વિષ્વક્સેન' વિશેષણ (યોજેલ છે) 'વિષ્વક્' સર્વ તરફ 'સેના' છે જેમની તેવા (છે). સર્વ સ્થલે સર્વ કાર્ય કરવા માટે તે ભગવાનની મોટીજ સેના છે. (જલમાં) મૂકવાનું કારણ 'પ્રજાપતિ' શબ્દથી કહેલું છે. પધારી જવાનું કારણ 'હરિ' શબ્દથી કહેલું છે; (કારણ કે) ઈશ્વરની સંનિધિ પ્રજાની સ્વતંત્રતાને અટકાવનારી છે. ૪૮.

પ્રકરણ સમાપ્ત થયું એમ સૂચવવા, નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી તેનાં શ્રવણનું ફલ કહે છે :

**ય એવમેતાં હરિમેધસો હરેઃ કથાં સુભદ્રાં કથનીયમાયિનઃ ।।**
**શ્રૃણ્વીત ભક્ત્યા શ્રવયેત વોશતીં જનાર્દનોઽસ્યાઽઽશુ હૃદિ પ્રસીદતિ ।।૪૯।।**

હરિમાં બુદ્ધિવાળો જે કોઈ એ પ્રમાણે કહેવા યોગ્ય માયાવાળા હરિની આ કલ્યાણરૂપ કમનીય કથાનું ભક્તિથી શ્રવણ કરે અથવા શ્રવણ કરાવે તેના હૃદયમાં જનાર્દન તરત જ પ્રસન્ન થાય છે. ૪૯.

જે 'આ' ઉપર કહેલી ભગવાનની સૃષ્ટિરૂપ લીલાનું શ્રવણ કરે અથવા શ્રવણ કરાવે તે બંને ઉપર પ્રસન્ન થાય છે એમ ફલ (કહેલું છે). ''દુઃખ દૂર કરવું એ ફલ કેમ કહેલું નથી ?'' એવી શંકા થાય, તેથી 'હરિમાં બુદ્ધિવાળો હરિની' શબ્દો યોજેલા છે. ભગવાનના સંબંધવાળી પોતાનીજ બુદ્ધિ સર્વ દુઃખ હરે છે. ભગવાન્ પણ (તેમનું) સ્મરણ કરેલ ન હોવા છતાં સ્વતંત્ર રીતે (દુઃખ) હરે છે. આમ હોવાથી દુઃખ પોતાની મેળેજ દૂર થતું હોવાથી, (તેના દૂર કરનારને) ફલ કેમ કહેવાય ? એવો અર્થ છે. ''સ્વર્ગ વિગેરે (ફલ) કેમ કહેલ નથી ?'' એવી શંકા થાય, તેથી 'સુભદ્રામ્' 'કલ્યાણરૂપ' વિશેષણ કહેલું છે. સ્વર્ગ વિગેરે બધાએ કરતાં પણ (ભગવાનની આ) કથાજ 'સુભદ્રા' ઘણી કલ્યાણરૂપ, પૂર્ણ આનંદરૂપ છે એવો અર્થ છે. 'સર્વ સ્થલે સ્વર્ગ વિગેરે ફલ તરીકે કેમ કહેવાય છે ?' એવો પ્રશ્ન થાય, તેથી 'કહેવા યોગ્ય માયાવાળા' વિશેષણ કહેલું છે. કહેવા યોગ્ય છે માયા આ (ભગવાન)ની, તેથી સર્વની વાણીમાં માયા હોવાથી તેઓ પોતાને સુખ થાય તેમ કહે છે, એવો અર્થ છે. (કથાનાં શ્રવણ અને કીર્તન કરવાની) શાસ્ત્રની આજ્ઞા હોવાથી શ્રવણ અને કીર્તનથી ધર્મ થાય તેથી, (અને) તે (ધર્મ) ઉન્નતિ અને મોક્ષ કરાવનારો હોવાનું સિદ્ધ થએલ હોવાથી, તે(વા મત)નું ખંડન કરવા (આ) શ્રવણ અને કીર્તન ભક્તિરૂપ છે એમ જણાવવા ('શ્રૃણ્વીત' શ્રવણ કરે અને 'શ્રવયેત' શ્રવણ કરાવે એ બેની) વચ્ચે 'ભક્ત્યા' 'ભક્તિથી' શબ્દ યોજેલ છે. ભક્તિથી એટલે પ્રેમથી. તેથીજ તે બંને ક્રિયાઓ વૈદિક[૧]

(યોજેલી છે). 'શ્રૃણુયાત્' શ્રવણ કરે, 'શ્રાવયેત્' શ્રવણ કરાવે એવો અર્થ છે. (એ) દરેક (ફલ) પ્રાપ્ત કરાવનારી છે એમ જણાવવા 'વા' 'અથવા' શબ્દ યોજેલ છે. શ્રવણ તો (કથાના) સ્વરૂપના સૌંદર્યને લીધેજ થશે એવો અર્થ છે. તે ( અર્થ ) 'ઉશતી' વિશેષણથી કહેલો છે. 'ઉશતી' એટલે કમનીય. (શ્રવણ કરે અથવા કરાવે) તેના હૃદયમાંજ અવિદ્યાનો નાશ કરનાર (જનાર્દન) પ્રસન્ન થાય છે. ૪૯.

૧. 'શ્રૃણ્વીત' 'શ્રવયેત' બંને પ્રયોગ વૈદિક છે. વ્યાકરણ પ્રમાણે અનુક્રમે 'શૃણુયાત્' 'શ્રાવયેત્' થાય. 'હરિમેધસઃ' શબ્દ પણ એવોજ જણાય છે. વ્યાકરણ પ્રમાણે 'હરિમેધાઃ' થાય.

'(હૃદયમાં જનાર્દન પ્રસન્ન થાય) તેથી શું થાય ?' એવો પ્રશ્ન થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**તસ્મિન્પ્રસન્ને સકલાઽઽશિષાં પ્રભૌ કિં દુર્લભં તાભિરલં લવાત્મભિઃ ।।**
**અનન્યદષ્ટ્યા ભજતાં ગુહાશયઃ સ્વયં વિધત્તે સ્વગતિં પરઃ પરામ્ ।।૫૦।।**

સર્વ આશિષો (આપવા)ની શક્તિવાળા તે પ્રસન્ન થતાં શું દુર્લભ છે ? નજીવા સ્વરૂપવાળી તેઓનું શું પ્રયોજન ? હૃદયનો અભિપ્રાય જાણનાર પુરુષોત્તમ પોતે અનન્ય દષ્ટિથી ભજન કરનારોને પોતાની ઉત્તમ ગતિ (પ્રાપ્ત) કરાવે છે. ૫૦.

તેમની પ્રસન્નતા જ દુર્લભ છે. (તે) પ્રસન્ન થાય ત્યારે કાંઈપણ દુર્લભ નથી. તેનું કારણ 'સર્વ આશિષો (આપવા)ની શક્તિવાળા' વિશેષણથી (કહેલું છે). આ લોકનાં ફલ, પરલોકના ફલ અને મોક્ષના (તે) 'પ્રભુઃ' સ્વામી, નિયમન કરનારા છે. આથી એમ જણાવેલું છે કે ભગવાન્ પ્રસન્ન થાય ત્યારે તેને બધુંએ (ફલ) પ્રાપ્ત થએલુંજ છે. 'ભગવાનના ભક્તોને પણ બધા વિષયો પ્રાપ્ત થએલ ન હોવાનું જોવામાં આવે છે. તે શા કારણથી ?' એવો પ્રશ્ન થાય, તેથી 'નજીવા પ્રયોજનવાળી તેઓનું શું પ્રયોજન ?' એમ કહેલું છે. માત્ર એક ક્ષણ સુધી સુખનો ખોટો દેખાવ કરનાર વિષયોનું શું પ્રયોજન ? ''ત્યારે કોઈક સમયે ભક્તોને ઉત્પન્ન થએલી વિષયોની ઈચ્છા પૂર્ણ થયા વિનાની રહેશે'' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલ છે. 'ગુહાશયઃ' તેમના હૃદયનો અભિપ્રાય જાણનાર 'પરઃ' એટલે પુરુષોત્તમ પોતેજ તેમને વૈકુંઠ નામની ગતિ પ્રાપ્ત કરાવે છે. 'ઉત્તમ ગતિ પ્રાપ્ત કરાવે છે' એટલે (તેને) પોતાના જેવો કરે છે, એવો અર્થ છે. જેમ પોતાના ભોગમાં કાંઈપણ ઉણપ નથી તેમ તેના (ભોગ)માં પણ (કાંઈપણ ઉણપ નથી), એવો ભાવ છે. પરંતુ અનન્ય દષ્ટિથી ભજન કરવું જોઈએ. ભગવાન્ માટે જ ભગવાનની સેવા કરવી જોઈએ. ૫૦.

''એમ છે ત્યારે જે પ્રકારે ભગવાનની કથાનું શ્રવણ ઉત્તમ ફલ પ્રાપ્ત કરાવે તેવો ઉપાય કહેવો જોઈએ'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**કો નામ લોકે પુરુષાર્થસારવિત્પુરા કથાનાં ભગવત્કથાસુધામ્ ।।**

**આપીય કર્ણાઞ્જલિભિર્ભવાપહામહો વિરજ્યેત વિના નરેતરમ્ ।।૫૧।।**

અહો ! લોકમાં પુરુષાર્થોનો સાર જાણનાર, મનુષ્ય ન હોય તે સિવાયના કોનેજ પુરાણી વૃત્તાંતો પૈકી ભવનો નાશ કરનારી ભગવાનની કથારૂપ અમૃતનું કાનરૂપ પોલાણથી પાન કર્યા પછી (તેનો) અણગમો થાય ? ૫૧.

આનો ઉપાય કહેવાની જરુર નથી. કથાનું કુદરતી સૌંદર્યજ તે (ઉત્તમ ફલ) પ્રાપ્ત કરાવનારું છે. જેઓ ભગવાનની કથામાં રસવાળા છે, તેઓની (કથા શ્રવણ કરવામાં) પ્રવૃત્તિ થાય છેજ. જેઓ આખલા છે તેઓ અનાદરને પાત્રજ છે. 'હવે (કથામાં) પ્રવૃત્તિવાળાઓ કેટલાક સમય પછી કથાનો ત્યાગ કરીને બીજા રસમાં આસક્ત થાય, તેથી તેઓને બીજો રસ ન ગમે તે માટે ઉપાય કહેવો જોઈએ' એમ કહેવામાં આવે, તેથી તેવો કોઈ નથી એમ આ શ્લોકમાં કહે છે. 'કો નામ' કયા પ્રસિદ્ધ પુરુષનેજ (ભગવાનની કથાનો અણગમો થાય) ? બ્રહ્મ સાથે જેણે સાયુજ્ય પ્રાપ્ત કરેલ નથી તેવો કયોજ પુરુષ લોકમાં ભગવાનનું માહાત્મ્ય જાણ્યા વિના પણ સ્વતંત્ર હોઈ, પુરુષાર્થોનાં ઉત્તમપણાં અથવા હલકાઈના ભેદને જાણનાર પણ હોવા છતાં, 'પુરાકથાનાં' પુરાણા વૃત્તાંતો પૈકી ભગવાનની કથારૂપ અમૃતનું પાન કરીને, પ્રસંગને લીધે પણ ભગવાનની કથાનું શ્રવણ કરીને, તેનું મધુરપણું અને મૃત્યુ દૂર કરવાનો ગુણ જાણીને, તેમાં પણ ભગવાનની કથા કહેનારના મુખમાંથી નીકળેલી કથાનું એક અક્ષરના પણ અભિપ્રાયનો ત્યાગ કર્યા વિના સંપૂર્ણ રીતે શ્રવણ કરતાં (તે શ્રવણથી) અટકે ? અથવા કોણજ (કથા) ઘણી (સાંભળી) એમ માને ? કારણ કે આ કથા ભવનો નાશ કરનારી છે. 'લોકમાં (ભગવાનની કથાના) અણગમાવાળા પણ જોવામાં આવે છે' એમ કહેવામાં આવે, તેથી 'અહો !' એમ કહેલું છે. આ આશ્ચર્યકારક છે. આનું કારણ શું ? એ જાણવાની ઈચ્છા થાય, તેથી પોતાની મેળે સૂઝી આવેલું કારણ '(મનુષ્ય ન હોય તે) સિવાયના' શબ્દથી કહેલું છે. (ભગવાનની કથામાં જેને અણગમો થતો હોય) તે ઘણું કરીને મનુષ્યજ નથી, વાંદરો અથવા બીજો કોઈ (પશુ) છે, એવો અર્થ છે. ૫૧.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્‌વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીનાં ત્રીજા સ્કંધના તેરમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# ।। અધ્યાય ચૌદમો ।।

**વર્ણિતા સર્ગલીલાऽત્ર ત્રિવિધા ભગવત્કૃતા ।।**
**ઉપોદ્‌ઘાતસ્તુ તસ્યા વૈ મતાન્તરમિહોચ્યતે ।।૧।।**

ભગવાને કરેલી ત્રણ પ્રકારની સૃષ્ટિની લીલાનું અહિં વર્ણન કર્યું[૧]. વળી ઉપોદ્‌ઘાત[૨] કહ્યો. તેના[૩] સંબંધવાળો બીજો મત અહિં નિશ્ચય કહેવામાં આવે[૪] છે. કા ૧

**લૌકિકી ચાન્યભાષા ચ સમાધેઃ પોષિકે તુ તે ।।**
**તે પ્રમાણમભિપ્રાયાત્ સર્વથા પૂર્વવન્ન હિ ।।૨।।**

લૌકિકી (ભાષા) અને બીજીભાષા (મતાંતર), તે બે તો સમાધિ (ભાષા)ને દઢ કરનારાં છે[૫]. તેઓ અભિપ્રાયથી પ્રમાણ છે. પહેલી[૬] (સમાધિ ભાષા)ની પેઠે સંપૂર્ણ રીતે (પ્રમાણ) નથીજ. કા.૨.

**યદેવ ભિન્નરીત્યાऽત્ર રૂપ્યતે તન્મતાન્તરમ્ ।।**
**ન તદ્વિરોધો દોષાય પદશાસ્ત્રાર્થયોઃ ક્વચિત્ ।।૩।।**

જે અહિં જૂદા પ્રકારથી કહેવામાં આવે છે, તેજ મતાંતર છે[૭]. કયાંક પદના અને શાસ્ત્રના અર્થમાં તેનો વિરોધ (જોવામાં આવે તે)થી દોષ થતો નથી[૮]. કા. ૩.

**કામેન ક્રોધલોભાભ્યાં કર્મમાર્ગાદિનાશનમ્ ।।**
**વર્ણ્યતે યેન જીવાનાં મુક્તાનામત્ર સંભવઃ ।।૪।।**

કામથી અને ક્રોધ તથા લોભથી કર્મમાર્ગ વિગેરેનો નાશ (થયાનું)વર્ણન કરવામાં આવે છે, જેથી અહિં મુક્ત જીવોની ઉત્પત્તિ થાય છે[૯]. કા. ૪.

**સર્ગસ્થિત્યન્તકથનં ત્રિભિસ્તેષાં નિરૂપ્યતે ।।**
**અતઃ ષડિરિહાધ્યાયૈઃ સર્ગોપોદ્ધાત ઉચ્યતે ।।૫।।**

ત્રણ ( અધ્યાયો )થી તેઓની ઉત્પત્તિ સ્થિતિ અને નાશ કહેવામાં આવે છે. તેથી અહિં છ અધ્યાયોથી સૃષ્ટિનો ઉષોદ્‌ઘાત કહેલો છે. કા.૫.

**મતાન્તરે શિવોત્કર્ષો બ્રાહ્મણોત્કર્ષ એવ ચ ।।**
**ભક્તસ્ય વિષ્ણોશ્ચૈવાત્ર લીલા વ્યામોહિકા મતા ।।૬।।**

મતાંતરમાં (૧) શિવનું ઉત્તમપણું અને (૨) બ્રાહ્મણોનું પણ ઉત્તમપણું (કહેલું છે). અહિં ( હેલી) (૩) ભક્તની અને (૪) વિષ્ણુની લીલા મોહ કરનારીજ મનાએલી છે[૧૦]. કા.૬.

**અન્યથા ભગવલ્લીલા સર્ગો નૈવ ભવેદ્‌ધ્રુવમ્ ।।**
**ચતુર્દશે તુ કામેન કર્મનાશ ઈહોચ્યતે ।।૭।।**

તેમ ન થાય, તો સૃષ્ટિ ભગવાનની લીલા જરુર ન થાય[11]. અહિં ચૌદમા (અધ્યાય)માં તો કામથી થએલ કર્મનો નાશ કહેવામાં આવે છે. કા.૭.

**આધારકથનં ત્વાદૌ ગર્ભે જીવસ્ય સંક્રમઃ ।।**
**તામસઃ કામ એષો હિ તતોઽત્ર શિવસંકથા ।।૮।।**

આરંભમાં આધાર[12] કહેલો છે, જીવનું ગર્ભમાં આવવું (કહેલ છે). આ કામ તામસ છે, તેથી અહિં શિવની કથા કહેલી છે. કા.૮.

**ક્રોધોઽપિ કામસમ્બન્ધી પ્રસાદો ભક્તિહેતુકઃ ।।**
**પૂર્વોધ્યાયે વરાહસ્ય ચરિત્રં તુ નિરૂપિતમ્ ।।૯।।**

ક્રોધ પણ કામના સંબંધવાળો છે. પ્રસન્નતા ભક્તિ કરાવનારી છે. વરાહનું ચરિત્ર તો (આ) પહેલાના અધ્યાયમાં કહેલું છે. કા. ૯.

તે (તેરમા અધ્યાય)માં હિરણ્યાક્ષનો વધ સંક્ષેપથી કહેલો છે. ભગવાનની યુદ્ધલીલામાં આસક્ત મનવાળો વિદુર તેનું વિસ્તારથી શ્રવણ કરવા પ્રશ્ન કરે છે એમ (શુક) નીચેના શ્લોકમાં કહે છે :

।। શ્રીશુક ઉવાચ ।।

**નિશમ્ય કૌષારવિણોપવર્ણિતાં હરેઃ કથાં કારણસૂકરાઽત્મનઃ ।।**
**પુનઃ સ પપ્રચ્છ તમુદ્યતાઽઞ્જલિર્ન ચાઽતિતૃપ્તો વિદુરો ધૃતવ્રતઃ ।।૧।।**

કારણરૂપ યજ્ઞ જેમના દેહમાં હતો તેવા હરિની કૌષારવિએ વર્ણન કરેલી કથા શ્રવણ કરીને, ઘણાં તૃપ્ત ન થએલા, વ્રત ધારણ કરેલ તે વિદુરે બે હાથ જોડીને તેને ફરીથી પૂછ્યું. ૧.

'કૌષારવિએ' શબ્દથી એમ જણાવેલું છે કે પિતા (મૈત્રેયના પિતા કુષારવ)ના સંબંધને લીધે તે યુદ્ધલીલા કહેશે. અને 'હરિ' શબ્દથી (એમ જણાવ્યું છે કે) તે કહેવામાં શ્રમ નથી. સૃષ્ટિનું કારણ બનેલ જે 'સૂકરઃ' યજ્ઞ, તે હતો 'આત્મનિ' દેહમાં જેમના (તેવા વરાહ હતા). આથી એમ સૂચવેલું છે કે વરાહ અવતારનું સ્વરૂપ તેણે (વિદુરે) જાણેલું છે. વરાહ અવતારની કથા પહેલાં પૂછેલી. ફરી જૂદા પ્રકારથી પૂછે છે. 'બે હાથ જોડીને' શબ્દથી (એમ કહેલું છે કે) ભિક્ષાની પેઠે કથા માટે પ્રાર્થના કરે છે. પ્રાર્થના કરવાનું કારણ 'ઘણા તૃપ્ત ન થએલા' વિશેષણથી કહેલું છે. 'વિદુર' શબ્દથી (તેની) દેશ તથા કાલ જાણનાર તરીકે નિપુણતા (કહેલી છે). અવશ્ય પ્રશ્ન કરવાનું કારણ 'વ્રત ધારણ કરેલ' વિશેષણથી (કહેલું છે), કારણ કે તેણે ભગવાનનું વ્રત ધારણ કરેલું. ભગવાનની કથાના શ્રવણ વિના તે રહી શકતો નહતો. ૧.

૧. આ સ્કંધના પહેલા બાર અધ્યાયોથી સૃષ્ટિની લીલાનું વર્ણન કર્યું. (પ્ર)
૨. તેરમા અધ્યાયથી ઉપાદ્ઘાત કહ્યો. (પ્ર)

૩. 'તેના' એટલે ઉપોદ્ઘાતની લીલાના. ( પ્ર )
૪. ચૌદમાથી ઓગણીસમા સુધીના છ અધ્યાયોથી કહેવામાં આવે છે. ( પ્ર )
૫. મતાંતરનો ઉપોદ્ઘાતમાં સમાવેશ કેમ થાય તે કહેલું છે. લૌકિકી ભાષા પ્રસંગને લીધે કહેલી છે. વચ્ચે થોડીક આવે પણ છે. ( પ્ર )
૬. 'પહેલીની પેઠે' એટલે સમાધિભાષાની પેઠે વર્ણ શબ્દ અને વાક્યના અર્થથી પ્રમાણ નથી. ( પ્ર )
૭. ''કેટલાક ( આમ કહે છે ) એવું કાંઈ લખેલ ન હોવાથી આ મતાંતર કેમ ગણાય ?'' એવી શંકા થાય, તેથી કહે છે કે જૂદા પ્રકારથી કહેલ હોવાથી અર્થથી તે મતાંતર હોવાનું જણાય છે. ( પ્ર )
૮. 'સમાધિભાષાથી મતાંતર વિરુદ્ધ હોય તો તે તેનું પોષણ કરનારો કેમ ગણાય ?' એવી શંકા દૂર કરવા આ કહેલ છે. બધે વિરોધ નથી હોતો, પણ ક્યાંક શબ્દના અર્થમાં અને ક્યાંક શાસ્ત્રના અર્થમાં વિરોધ જણાય છે. તેવા ક્યાંક જોવામાં આવતા વિરોધથી દોષ થતો નથી. તેનું તાત્પર્ય સમજવામાં આવે ત્યારે ઉપર ઉપરથી જણાતો વિરોધ નમાલો થાય છે. તેથી મતાંતર સમાધિભાષાનું પોષણ કરનારું છે, એવો અર્થ છે. ( પ્ર )
૯. ચોથી તથા પાંચમી ( અર્ધ ) કારિકાથી આ છ અધ્યાયો ( ચૌદથી ઓગણીશ )નું પ્રયોજન કહેલ છે. તેમાં પહેલા ચારથી મુક્ત જીવોની ઉત્પત્તિ થવાનું કારણ કહેલ છે, અને પછીના ત્રણમાં તેમની સ્થિતિ કહેલી છે. ( પ્ર ) ચૌદથી સોળ સુધીના અધ્યાયોમાં મુક્ત જીવોની ઉત્પત્તિ થવાનું કારણ ( કામ ક્રોધ અને લોભ ) કહેલ છે, અને પછીના ત્રણ અધ્યાયોમાં અનુક્રમે તેની ઉત્પત્તિ, સ્થિતિ, અને નાશ કહેલા છે, એમ જણાય છે.
૧૦. આ છ અધ્યાયો મતાંતર હોવાનું તેમાં વર્ણવેલ ઉપરના ચાર વિષયોથી જણાય છે. ( પ્ર )
૧૧. જો કર્મ જ્ઞાન અને ભક્તિ એ ત્રણ માર્ગનો નાશ ન થાય તો ભગવાન્ અવતાર ન લે. જો ભગવાન્ મોહ કરનારી લીલા ન કરે, તો મુક્ત જીવોની ઉત્પત્તિ વિગેરે ન થાય. જો તેમની ઉત્પત્તિ ન થાય, તો સૃષ્ટિ કર્મથીજ ઉત્પન્ન થનારી હોય, પરંતુ ભગવાનની લીલા ન હોય. તેથી ( માર્ગના નાશ અને મોહ કરનારી લીલા ) બંને કહેલ હોવાથી આ ઉપોદ્ઘાત છે, એવો અર્થ છે. ( પ્ર )
૧૨. 'આધાર' એટલે ( ગર્ભનો આધાર ) દિતિ. ( પ્ર )

પહેલાં સંક્ષેપથી કહેલી, ચાલુ પ્રસંગમાં ઉપયોગી ભગવાનની કથા નીચેના શ્લોકમાં (વિદુર) ફરી કહે છે :

॥ વિદુર ઉવાચ ॥

**તેનૈવ તુ મુનિશ્રેષ્ઠ ! હરિણા યજ્ઞરૂપિણા ॥**
**આદિદૈત્યો હિરણ્યાક્ષો હત ઈત્યનુશુશ્રુમ ॥૨॥**

હે ઉત્તમ મુનિ ! તેજ યજ્ઞસ્વરૂપવાળા હરિએ આદિદૈત્ય હિરણ્યાક્ષને હણેલો એ તો મેં શ્રવણ કર્યુ. ૨.

'તેજ' એટલે વરાહેજ. 'હે મુનિશ્રેષ્ઠ !' સંબોધનથી (મૈત્રેયને તેનું) જ્ઞાન હોવાનું કારણ (કહેલું છે). 'સર્વનું દુઃખ હરનાર (હરિએ) તેને કેમ હણ્યો ?' એવો વિરોધ 'હરિ' શબ્દથી (દર્શાવેલ છે). આ વિરોધ દૂર થાય તે માટેજ (આપે) બહુ (કથા) કહેવી જોઈએ. 'યજ્ઞસ્વરૂપવાળા' શબ્દથી (તે) દૈત્ય હોવાથી (તેને) હણવાનું

આવશ્યક હતું, (એમ જણાવેલ છે). 'આદિ દૈત્ય' એ બે શબ્દોથી હણવાનું અને ન હણવાનું કારણ[1] (કહેલ છે). '(તે) આદિ (દૈત્ય)' હોવાથી તેને હણવાથી દૈત્યોનાં મૂલનોજ નાશ કરનારા થાય. 'હિરણ્યાક્ષ' એટલે હિરણ્યરૂપ છે બે આંખો જેની તેવો. આ (હિરણ્ય = સુવર્ણ) શબ્દથી તે નિધિરૂપ હોવાનું કહેલું છે. આ પણ (તેને) ન હણવાનું કારણ છે, અથવા આ (તેને) હણવાનું (કારણ છે), કારણ કે તેણે જોએલી ભૂમિમાં સુવર્ણ ઉત્પન્ન થતું હોવાથી સર્વ સુવર્ણરૂપ થઈ અમૃત થતાં[2] સૃષ્ટિજ થાય નહિ. 'અનુશ્રવણમ્' 'શ્રવણ કરવું' એટલે બોલ્યા પછી શ્રવણ કરવું, કારણ કે ભ્રમથી શ્રવણ કરેલ હોય ત્યારે ઉત્તર (આપવાનું) સંભવતું નથી. ૨.

૧. 'આદિ' શબ્દથી ન હણવાનું, અને 'દૈત્ય' શબ્દથી હણવાનું કારણ કહેલ છે, એવો અર્થ જણાય છે. અનુક્રમ ઈચ્છેલો નથી.

૨. 'હિરણ્ય અમૃત છે' એ શ્રુતિ પ્રમાણે સુવર્ણ અમૃત છે. (પ્ર) અમૃતથી મૃત્યુ ટળતાં જન્મમરણરૂપ સૃષ્ટિ ( સંસાર ) સંભવતો નથી.

હવે હિરણ્યાક્ષ વરાહના કાર્યમાં વિઘ્ન કરનાર તરીકે આવેલ હોવાથી હણ્યો, એવા મત પ્રમાણે આ વિઘ્ન કરનાર કેવી રીતે થયો, એમ નીચેના શ્લોકમાં પૂછે છે :

**તસ્ય ચોદ્ધરતઃ ક્ષોણીં સ્વદંષ્ટ્રાગ્રેણ લીલયા ।।**
**દૈત્યરાજસ્ય ચ બ્રહ્મન્ ! કસ્માદ્ધેતોરભૂન્મૃધઃ ।।૩।।**

હે બ્રહ્મન્ ! પોતાની દાઢના ટેરવાંથી રમતમાં ભૂમિને ઉપર લઈ આવતા તેમને અને દૈત્યોના રાજાને શા કારણથી યુદ્ધ થયું ? ૩.

બે સંબંધવાળાઓનો સંબંધ દઢ દર્શાવવા, તેમની છઠ્ઠી વિભક્તિ (યોજેલ્યો છે). એક કાર્ય પૂર્ણ કરનાર રમત કરતા હતા, અને બીજો દૈત્યોનો રાજા હોવાથી, (તેને) સર્વ પદાર્થો પ્રાપ્ત થએલા હતા. તેથી કુદરતથી કજીઆનું કારણ ન હોવાથી, (તેમને) શા કારણથી યુદ્ધ થયું ? એવો પ્રશ્ન છે.૩.

(વિદુરને) ભગવાનની કથામાં આસક્તિવાળો જોઈને, (મૈત્રેય) નીચેના શ્લોકમાં તેનું અભિનંદન કરે છે :

।। મૈત્રેય ઉવાચ ।।

**સાધુ વીર ! ત્વયા પૃષ્ટમવતારકથાં હરેઃ ।।**
**યત્ત્વં પૃચ્છસિ મર્ત્યાનાં મૃત્યુપાશવિનાશિનીમ્ ।।૪।।**

હે વીર ! તેં સારો પ્રશ્ન કર્યો, કારણ કે મર્ત્યોના મૃત્યુના બંધનનો નાશ કરનારી હરિના અવતારની કથા તેં પૂછી. ૪.

'હે વીર !' એ સંબોધન તેવી (ભગવાનની) લીલામાં મનની આસક્તિ દર્શાવનારું છે. હરકોઈ પ્રકારથી પણ (તેમાં) મનને આસક્ત કરવાથી (મનુષ્ય) કૃતાર્થ

થાય છે, તેથી તેં સારો પ્રશ્ન કર્યો છે. ઉપર કહેલા[1] કર્મને સારું કહેલું છે, અથવા પ્રશ્નને સારો કહેલો છે. સર્વ પ્રકારેજ તે (તેટલું) વાક્ય જૂદું છે. સારાપણું સિદ્ધ કરે છે કે, 'યત્' કારણ કે તેં હરિના અવતારની કથા પૂછી, કેમકે સારા પુરુષો બીજાનું દુઃખ દૂર કરનારા હોય છે. પ્રશ્ન સારો હોવો એટલે તેનો વિષય સારો હોવો. કથારૂપ વિષય સારો હોવાનું 'મૃત્યુના બંધનનો નાશ કરનારી' વિશેષણથી સિદ્ધ કરે છે, કારણ કે (કથા) મૃત્યુના બંધનનો નાશ કરે છે. ૪.

૧. હિરણ્યાક્ષના વધરૂપ. (પ્ર)

કથા મૃત્યુના બંધનનો નાશ કરનારી હોવાનું નીચેના શ્લોકથી સિદ્ધ કરે છે :

**યયોત્તાનપદો પુત્રો મુનિના ગીતયાऽર્ભકઃ ।।**
**મૃત્યોઃ કૃત્વૈવ મૂર્ધ્ન્યઙ્ઘ્રિમારુરોહ હરેઃ પદમ્ ।।૫।।**

મુનિએ ગાન કરેલી જે (હરિની કથા)થી ઉત્તાનપદનો બાલક પુત્ર મૃત્યુના મસ્તક ઉપરજ પગ મૂકીને હરિના પદને પહોંચ્યો હતો.૫.

જે 'મુનિના' નારદ (મુનિ)એ ગાન કરેલી કથાથી-(પોતાને) સુખ થાય તે માટે સાંભળેલી હોવા છતાં-ઉત્તાનપાદનો પુત્ર ધ્રુવ મૃત્યુના મસ્તક ઉપર પગ 'કૃત્વા' મૂકીને હરિના પદને પહોંચ્યો હતો, કારણ કે તે 'ધ્રુવ' શરીરનો ત્યાગ કર્યા વિનાજ ધ્રુવપદને પામ્યો હતો. 'વીર' પોતાના વીર્યથી કથામાં[1] આસક્ત ચિત્તવાળો થાય છે. તપતો પહેલાં કરેલુંજ હતું, તેથી[2] તે મૃત્યુનો નાશ કરનારું ન હતું. કથા પ્રયત્નરૂપ હોવાથી ભગવાનની કૃપા[3]એ પણ (કથાથી) જૂદા રહીને (ફલ) પ્રાપ્ત કરાવેલ ન હતું. તેથી નારદે (ધ્રુવને) ઉપદેશ કરેલો બધોએ માર્ગ કથારૂપ થએલો. જોકે (ધ્રુવની) માતાએ ભજન (કરવા)નો ઉપદેશ કરેલો, (તો પણ) તેનો મુનિએજ નિશ્ચય કરાવેલો. ભજન અને (ભગવાનની) કથાથી શું પ્રાપ્ત થયું અને શું પ્રાપ્ત ન થયું તેવો વિચાર કરવામાં આવે, ત્યારે તપ વિગેરે નમાલાં હોવાથી કથામાં આસક્તિ જ ફલ પ્રાપ્ત કરાવનારી હતી, તે આસક્તિ પણ (પોતાના) સ્વરૂપમાં આવતી હોવાથી[4], એકલી કથાજ (ફલ પ્રાપ્ત) કરાવનારી હતી.

'ઉત્તાનઃ' ઉંચો કરેલો 'પાદઃ' પગ હતો જેનો તે (ઉત્તાનપાદ). તેણે પણ પહેલાં ઉંચા પગ રાખી તપ કરેલું એમ (એ વ્યુત્પત્તિથી) જણાય છે. તેવાનું પણ નરકમાંથી રક્ષણ કરનાર (ધ્રુવ) થયો, એમ કથા પોતાને તથા બીજાને પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારી હોવાનું ક્હેલ છે. (તે) 'બાલક' હોવાથી કાલ વિગેરે (ફલ) પ્રાપ્ત કરાવનારાં ન હતાં. વિમાન આવ્યું ત્યારે 'આ દેહનો ત્યાગ કરશે' એવી બુદ્ધિથી મૃત્યુ પણ આવ્યું. ત્યારે કથાથી ભરપૂર દેહ ભગવાનના ચરણાવિંદની છાયાથી શાંત હોઈ તજવા

યોગ્ય ન હોવાથી, મૃત્યુએ ઉપાડેલા દેહવાળા (ધ્રુવને) 'મૃત્યુ વિમાન સુધી જશે નહિ' એવી શંકા થવાથી, તે મૃત્યુના મસ્તક ઉપર પગ મૂકીને તેજ દેહથી વિમાન ઉપર અને પછી ધ્રુવલોક સુધી ચઢ્યો. તેથી કથામાં આસક્તિ ઘણું ફલ આપનારી છે. તે વિદુરને (પ્રાપ્ત) થએલી હોવાથી (મૈત્રેયે તેનું) અભિનંદન (કરેલું છે). ૫.

૧. ''પોતાના કાર્ય માટે ધ્રુવે (નારદ પાસેથી) ભગવાનની કથા સાંભળી, તેથી તેની એવી (ઉત્તમ) સ્થિતિ કેમ થઈ ? કથાથી બીજાની પણ એવી સ્થિતિ કેમ થાય ?'' એવી શંકા થાય તેથી ગયા શ્લોકમાં સંબોધન કરેલ તે વિચારી, કથામાં આસક્તિરૂપ (એવી સ્થિતિ પ્રાપ્ત કરવાની) સ્વરૂપની યોગ્યતા પ્રાપ્ત કરાવનારું સાધન કહે છે. (પ્ર)

૨. ''ધ્રુવે તપ કરેલ હોવાથી તેનાથીજ એવી સ્થિતિ થઈ હશે'', એવી શંકા થાય, તેથી આ કહે છે. તપ તો પહેલાંજ કરેલું, નહિ તો તેનો આવા વંશમાં જન્મજ ન થાય આ (જન્મમાં કરેલું) તપ પણ પહેલાનાં તપ પેઠે ભોગને યોગ્ય શરીરજ પ્રાપ્ત કરાવે, પરંતુ (ધ્રુવપદ) સુધીની ઉત્તમ સ્થિતિ ન કરાવે. (પ્ર)

૩. ''ભગવાનની કૃપાથી એવી ઉત્તમ સ્થિતિ થઈ હશે'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. 'કથા' ત્રીજી વિભક્તિમાં યોજેલી હોવાથી, તેની ક્રિયાથી થયાનું જણાવેલ છે. (પ્ર)

૪. કથામાં આસક્તિથી એવી સ્થિતિ થઈ ન હતી એમ જણાવવા આ કહેલ છે. (પ્ર)

જે કલ્પમાં વરાહ અને હિરણ્યાક્ષના યુદ્ધની કથા ઘણી સુંદર હતી, તે કહેવાનો પ્રારંભ નીચેના શ્લોકથી જૂદા આરંભથી કરે છે :

**અથાऽત્રાऽપીતિહાસોऽયં શ્રુતો મે વર્ણિતઃ પુરા ।।**
**બ્રહ્મણા દેવદેવેન દેવાનામનુપૃચ્છતામ્ ।।૬।।**

હવે આ વિષયમાં પણ દેવોના પૂછવાથી દેવોના દેવ બ્રહ્માએ પહેલાં જે કહેલો તે આ (નીચેનો) ઈતિહાસ મેં સાંભળેલો છે. ૬.

આ વિષયમાં પણ આ (નીચેનો) ઈતિહાસ – ઈતિહાસ હોવાથી વ્યાસ અથવા પરાશર પાસેથી સાંભળેલો છે. વેદનો સાર કાઢેલ (તે) સમાધિભાષા, (અને) ઈતિહાસનો સાર કાઢેલ તે મતાંતર, એવો ભેદ છે. 'ઈતિહાસ' એટલે પહેલાં થએલી ગર્વ કરાવનારી, હાસ્ય કરાવનારી અથવા જેમાં આશ્ચર્ય રહેલું હોય તેવી કથા. 'આ[૧]' એટલે મારી બુદ્ધિમાં આવેલી. પૂછનાર દેવો માટે પહેલાં બ્રહ્માએ કહેલી, એમ (તે) પહેલાં થઈ ગએલ હોવાનું દઢ કરેલ છે. બ્રહ્માએ બાલકની ક્રિયા વર્ણવેલી હોવાથી તે હાસ્ય કરાવનારી છે, દેવોને કારણ જણાવનારી તરીકે (તે) ગર્વ કરાવનારી છે, અને સૃષ્ટિની લીલા મુક્ત જીવોના સંબંધમાં થએલી હોવાથી, તેમાં આશ્ચર્ય રહેલું છે. ગર્ભમાં રહેલા જય અને વિજય દેવોનો પ્રશ્ન કરાવનારા હોવાથી[૨], તેનું કારણ કહેવા માટે આ અધ્યાય છે. પ્રકરણનો પણ આ ઉપોદ્ઘાત હોવાથી બ્રહ્માએ ન કહેલો વિષય પણ અહિં કહેશે, અથવા બ્રહ્માએ કહેલો વિષય તેમાંથી જૂદો પાડી તે કારણ હોવાનું

જણાય તે માટે જૂદા પ્રકારે[3] કહેશે. 'દેવોના દેવ' શબ્દથી (એમ જણાવેલું છે કે બ્રહ્મા) દેવોના ઈષ્ટ દેવ હોવાથી કથા સત્ય છે. '(દેવોના) પૂછવાથી' શબ્દથી એમ જણાય છે કે તે સમયે પણ ભગવાનની કથામાંજ તેઓએ પણ પ્રશ્ન કરેલો. ૬.

૧. 'આ' એટલે દેખાય છે તે. ઈતિહાસ નજરે દેખાય તેવો ન હોવાથી બુદ્ધિમાં આવેલો, એવો અર્થ થાય છે, એમ જણાય છે.

૨. 'તેનું' એટલે જય અને વિજય ( મુક્ત જીવો હતા તે ) ગર્ભમાં આવ્યા તેનું.

૩. 'બ્રહ્માએ કહેલો, સાંભળેલો' એ પ્રતિજ્ઞા પ્રમાણે આ બીજો પક્ષ કહેલ છે. ( પ્ર )

કારણ બનેલ કથાનો નીચેના શ્લોકથી આરંભ કરે છે :

**દિતિર્દાક્ષાયણી ક્ષત્તર્મારીચં કશ્યપં પતિમ્ ।।**
**અપત્યકામા ચકમે સન્ધ્યાયાં હૃચ્છયાઽર્દિતા ।।૭।।**

હે સંયમી ! કામથી પીડાએલી દક્ષની પુત્રી દિતિએ સંતાન પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળી થઈ મરીચિના પુત્ર, પોતાના પતિ કશ્યપની સંધ્યા સમયે કામના કરી. ૭.

(દિતિ) દક્ષની પુત્રી હોવાથી પુરુષ(ના જેવા) સ્વભાવવાળી ઉદ્ધત હતી. (તેનો પિતા) પ્રાચેતસ દક્ષ પણ ગર્વ વિગેરે દોષવાળો, ઘણાં પતિવાળી (સ્ત્રી)નો પુત્ર હતો. તેમ (તેવાની પુત્રી) ન હોત, તો તે ઉદ્ધતાઈ ન કરત. કામલીલા કહેવાની હોવાથી (વિદુરને) દોષ ન થાય તે માટે 'હે સંયમી' એવું ઈન્દ્રિયો પર જય મેળવનાર તરીકે સંબોધન (કરેલું છે). 'મરીચિના પુત્ર' શબ્દથી એમ સૂચવેલું છે કે 'મનમાંથી મરીચિ (ઉત્પન્ન) થયો' એ વાક્ય પ્રમાણે મન સંકલ્પ ઉત્પન્ન કરનારું હોવાથી અને સંકલ્પ કામ ઉત્પન્ન કરનારો હોવાથી, કશ્યપ કામનો અવતાર હતો. તેવો ન હોત, તો (તેને) તેવી રીતે ખળભળાટ ન થાત, તેમજ તેની (કામમાં) પ્રવૃતિ ન થાત. 'કશ્યપ' શબ્દથી અને બ્રહ્માનો શાપ થએલ હોવાનું (જણાવેલ છે). જેમ બીજા કલ્પમાં 'મરીચિના છ પુત્રો હતા[1]' (૧૦-૮૩-૪૭) તેમ આ કલ્પમાં (આ) મરીચિનો પુત્ર હોવાથી ઈન્દ્રિય ઉપર વિજય કરેલ હોવાના અભિમાનવાળાએ આણે પણ (બ્રહ્માની) હાંસી કરેલ હોવાનું સંભવે છે. ત્યારે પૌત્રી સાથે વિવાહ કરેલ હોવાથી બ્રહ્માએ આને પણ શાપ આપેલો એમ જણાય છે. એવા પ્રસંગને લીધે, અને નામની વ્યુત્પત્તિ[2] પ્રમાણે અને (દિતિનો) પતિ હોવાથી, (આની કામમાં પ્રવૃત્તિ) બહુ અયોગ્ય ન હતી. ઘણી સ્ત્રીઓવાળો હોવાથી તેવા વ્રતવાળાની[3] આની પ્રવૃતિ 'જેમ અગ્નિહોત્ર વિગેરે ધર્મ છે, તેમ આ પણ ધર્મ છે' એવા વિચારથી રમણ (કરવા)ની ઈચ્છાથી થએલી, પરંતુ તે (શાસ્ત્રમાં) મના કરેલ હોવાથી અને ( તેનાથી) ંતાનમાં દોષ ઉત્પન્ન થતો હોવાથી, (તેને) ક્રોધ ઉત્પન્ન થએલો. 'સંતાન (પ્રાપ્ત કરવા )ની ઈચ્છાવાળી' હોવાથી વૈરાગ્ય[4] વિગેરેથી (દિતિને) વરજી શકાય તેમ ન હતું. 'સંધ્યા

સમયે' શબ્દથી શાસ્ત્રમાં મના કરેલ કામ પ્રકટ થવાનું કારણ કહેલું છે. 'હૃચ્છયઃ' કામ હૃદયમાં રહેલોજ તે સમયે પ્રકટ થયો, તેનાથી પીડાએલી એટલે ઘવાએલ મર્મસ્થાનવાળી થઈ. ૭.

૧. બ્રહ્મા અને તેમની પુત્રી સરસ્વતીના પ્રસંગમાં આ છ પુત્રોએ બ્રહ્માની હાંસી કરવાથી તેમને શાપ થએલો અને આસુરી યોનિ પ્રાપ્ત થએલી.

૨. 'કશ્યં' મધનું 'પિબતિ' પાન કરે તે 'કશ્યપ' એવી વ્યુત્પત્તિ. (પ્ર)

૩. 'કોઈ (સ્ત્રી) ને જવા ન દેવી' એવા વ્રતવાળો. (પ્ર)

૪. 'વૈરાગ્ય' એટલે વૈરાગ્યનો ઉપદેશ. (પ્ર)

કર્મમાં પ્રવૃત્ત થએલા કશ્યપનો નાશ કરવા તેણે પ્રવૃત્તિ કરી એમ કહે છે :

**ઈષ્ટ્વાઽગ્નિજિહ્વં પયસા પુરુષં યજુષાં પતિમ્ ।।**
**નિમ્લોચત્યર્ક આસીનમગ્ન્યગારે સમાહિતમ્ ।।૮।।**

યજુષોના પતિ, અગ્નિ જેમની જીભ છે તેવા પુરુષને દૂધથી હોમ કરીને સૂર્ય અસ્ત થતો હતો ત્યારે અગ્નિશાળામાં ધ્યાન ધરતા બેઠેલા કશ્યપને દિતિએ કહ્યું. ૮.

અગ્નિજ જીભ છે જેમની, તેવા (પુરુષને હોમ કરી ....) જ્યારે શાંત થએલ જ્વાલાવાળો અગ્નિ પ્રજ્વાલતો પ્રકાશે ત્યારે તે દેવોનું મુખ છે, જ્યારે પ્રકાશરહિત શ્યામ જ્વાલા નીકળે ત્યારે તે અગ્નિ ભગવાનની જીભ છે. દૂધથી નિત્ય હોમ થાય છે, અને 'ઉત્પત્તિમાં વીર્યનું સિંચન કરે છે' એમ તે ચાલુ પ્રસંગમાં ઉપયોગી છે. અગ્નિહોત્ર અન્નરૂપ અને યજ્ઞરૂપ હોવાથી 'પુરુષને હોમ કરીને' એમ કહેલું છે. 'યજુર્વેદથી અગ્નિહોત્ર (કરવો)' એવું વાક્ય હોવાથી 'યજુષોના પતિ' એમ કહેલું છે. '(સૂર્ય) અસ્ત થાય ત્યારે હોમ કરવો' અને 'સંધ્યા સમયે હોમ કરવો' એ મતનો 'સૂર્ય અસ્ત થતો હતો ત્યારે' શબ્દોથી આદર કરેલો છે. 'બેઠેલ' શબ્દથી હોમનો સમય ન હતો એમ કહેલ છે. તેમ ન હોત (હોમનો સમય હોત), તો (અગ્નિ પ્રજ્વલતો) થાત હોત. કશ્યપ અગ્નિશાળામાંજ બેઠેલા હતા. 'ધ્યાન ધરતા' વિશેષણથી એમ જણાય છે કે તે સાવધાન અંતઃકરણવાળા થઈ ઈષ્ટ ભગવાનનું ધ્યાન ધરતા હતા. ૮.

નીચેના શ્લોકથી આરંભી છ (શ્લોકો)થી દિતિ (સંબંધની) યોગ્યતા જણાવતાં સંબંધ માટે પ્રાર્થના (કરે છે).

**કામપીડા પ્રતીકારો યશસાઽનુગ્રહસ્તથા ।।**
**વૈષમ્યસ્ય ચ નિર્દ્ધારો દ્વાભ્યામન્તે તુ યાચનમ્ ।।૧૦।।**

(૧) કામની પીડા (૨) (તેનો) ઉપાય (૩) અને યશથી કૃપા (૪-૫) બે (શ્લોકો)થી પક્ષપાતનો નિર્ણય અને (૬) છેવટે પ્રાર્થના. (કરે છે.) કા. ૧૦.

આરંભમાં સર્વનું કારણ બનેલ કામની પીડા નીચેના શ્લોકથી કહે છે :

॥ દિતિરુવાચ ॥

**એષ માં ત્વત્કૃતે વિદ્વન્ ! કામ આત્તશરાસનઃ ॥**
**દુનોતિ દીનાં વિક્રમ્ય રમ્ભામિવ મતંગજઃ ॥૯॥**

હે વિદ્વાન ! જેમ મોટો હાથી કેળને પીડે તેમ ધનુષ્ય ધારણ કરેલો આ કામ તમારા લીધે મારા ઉપર હુમલો કરી મને ગરીબડીને પીડે છે.

દેવતારૂપ કામ પ્રત્યક્ષ થએલ હોવાથી 'આ' એમ દેખાડે છે. ''કામશાસ્ત્ર પ્રમાણે કામ પુરુષનેજ પીડે છે, પરંતુ સ્ત્રી તેની સેનારૂપ હોવાથી તેને પીડતો નથી. વળી (કામ) પુરુષનોજ પુરુષાર્થ છે, તેમ ન હોય તો પુરુષ સ્ત્રીને અધીન હોય, તેથી તને (સ્ત્રીને) કેમ પીડે છે ?'' એવી શંકા થાય, તેથી 'તમારા લીધે' શબ્દ યોજેલ છે. તમારા લીધે મને પીડે છે, તમને પીડા કરવાની શક્તિવાળો ન હોવાથી તમને પીડા થાય તે માટે મને પીડે છે, એવો અર્થ છે. તેથી કામે પ્રેરણા કરેલી હું તમને અડચણ કરું છું એવો ભાવ છે. 'હે વિદ્વાન !' સંબોધનથી (એમ જણાવેલું છે) કે કામથી (સ્ત્રી) દુઃખી થાય છે એ શાસ્ત્રમાં પ્રસિદ્ધ હોવાથી આ (વિષય)માં કહેવાપણું નથી. 'ધનુષ ધારણ કરેલ' વિશેષણથી એમ સૂચવેલું છે કે તમે (તેને) રોકશો નહિ તો (તે) મને જીવથી મારશે. (કામનો) સાક્ષાત્કાર (દિતિ સ્ત્રી હોઈ) તેની સેનારૂપ છે એમ સૂચવનારો છે. તેથીજ 'ભ્રમરનો ભંગ થાય છે' 'રસવાળી દષ્ટિઓ પણ બહાર નીકળે છે' એમ (સ્ત્રીને કામનું) બાણ (કહેલ છે). 'દુનોતિ' એટલે પીડે છે. 'ગરબડી' વિશેષણથી આ (કશ્યપ)ને દયા ઉત્પન્ન કરવા માટે તે (કામ)નું નિર્દયપણું સૂચવેલું છે. 'હુમલો કરી' શબ્દથી તે (કામ)નો ઘણો આગ્રહ (જણાવેલ છે). 'જેમ મોટો હાથી કેળને પીડે' દષ્ટાંતથી કામથી દિતિનો નાશ કરવાની પ્રવૃત્તિ કહેલી છે. ૯.

તેથી હું અનાદર કરવા યોગ્ય નથી, પણ (મારા ઉપર) કૃપા કરવી યોગ્ય છે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તદ્ભવાન્દહ્યમાનાયાં સપત્નીનાં સમૃદ્ધિભિઃ ॥**
**પ્રજાવતીનાં ભદ્રં તે મય્યાયુઙ્ક્તામનુગ્રહમ્ ॥૧૦॥**

તેથી સંતતિવાળી શોક્યોની સમૃદ્ધિઓથી બળ્યા કરતી મારા ઉપર આપ કૃપા કરો. તમારું કલ્યાણ થાઓ. ૧૦.

લોકમાં સર્વત્ર કામ વિગેરે છ દરેકને પીડા કરનારા છે. મને તો બધા ભેગા મળીને પીડા કરે છે એમ જણાવવા કામની પીડા કહીને, 'સંતતિવાળી શોક્યોની સમૃદ્ધિઓથી બળ્યા કરતી મારા ઉપર કૃપા કરો' એમ ઈર્ષ્યા (હોવાનું) કહે છે. ('આયુંક્તામ્ એ) આજ્ઞાર્થનું આત્મનેપદનું (રૂપ છે.) શોક્યજ બાળનારી છે, તે પણ ઘણીઓ, તેમાં પણ મારા કરતાં તેઓની (અધિક) સમૃદ્ધિઓ, (અને) તેમાં પણ

(તેઓ) સંતતિવાળી. તેથી (એ) ચાર દોષને લીધે ઈર્ષ્યાથી બળત્રા થાય છે. તે દૂર કરવા (આપે) કૃપા કરવી જોઈએ. સમૃદ્ધિ અને સંતતિ આપવાથી, અથવા તેથી પણ અધિક આપવાથી બળત્રા મટી જશે અને સુખ થશે, એવો ભાવ છે. 'પહેલાં પોતે (કશ્યપને) અડચણ કરતી હોવાનું કહેલું હોવાથી[1], (કામની) પ્રવૃત્તિ કરે તો પણ કદાચ અડચણ કરે, તે કરતાં પ્રવૃત્તિ નજ કરવી યોગ્ય છે' એવી શંકા 'તમારૂં કલ્યાણ થાઓ' શબ્દોથી દૂર કરે છે. ૧૦.

૧. કામ 'પોતાને' ( દિતિને ) પીડે છે એમ કહેલ હોવાથી ( પ્ર ) આ યોગ્ય લાગતું ન હોવાથી બીજી રીતે અર્થ કરેલ છે.

આપની કૃપાથી માત્ર દોષ જશે એટલુંજ નહિ, પરંતુ લાભ થશે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ભર્તર્યાપ્તોરુમાનાનાં લોકાનાવિશતે યશઃ ।।**
**પતિર્ભવદ્વિધો યાસાં પ્રજયા નનુ જાયતે ।।૧૧।।**

જે (સ્ત્રી)ઓમાં આપના જેવો પતિ પુત્રરૂપે ઉત્પન્ન થાય છે, (અને) જેમને પતિની સમીપ ઘણું માન મળેલ છે તેઓનો યશ લોકોમાં પ્રસરે છે. ૧૧.

('ભર્તરિ' શબ્દમાં) સમીપપણાંના અર્થમાં સાતમી વિભક્તિ (યોજેલી છે). પતિની સમીપ જે (સ્ત્રી)ઓને ઘણું માન મળેલ છે, તેઓનો યશ લોકોમાં પ્રસરે છે. ગર્ભનું આધાન વિગેરે સંસ્કારોમાં પતિ સાથે સ્ત્રીઓનું એક આસન ઉપર સન્માન કરવામાં આવતું હોવાથી તે કહેલ છે. અથવા પતિએ કરેલું સન્માન (કહેલું છે). તેઓનો યશ લોકોમાં પ્રસરે છે, એમ ઉત્તરાર્ધથી સિદ્ધ કરે છે. જે સ્ત્રીઓનો આપના જેવો પતિ 'પ્રજયા' પુત્રરૂપથી નિશ્ચય (તે સ્ત્રીઓમાં)–'તે (સ્ત્રી) જાયા છે કારણ કે આમાં (પતિ) ફરી જન્મે છે' એ શ્રુતિ પ્રમાણે–જન્મે છે. ૧૧.

એ પ્રમાણે ગુણ અને દોષ કહીને, નીચેના શ્લોકથી આરંભી બે (શ્લોકો)થી નીતિનું પણ નિરૂપણ કરે છે :

**પુરાપિતા નો ભગવાન્ દક્ષો દુહિતૃવત્સલઃ ।।**
**કં વૃણીત વરં વત્સા ઇત્યપૃચ્છત નઃ પૃથક્ ।।૧૨।।**

પહેલાં પુત્રીઓ ઉપર પ્રેમ રાખનાર અમારા સર્વશક્તિમાન પિતા દક્ષે અમને જૂદું જૂદું પૂછેલું કેઃ 'હે પુત્રીઓ ! કોને વર પસંદ કરો છો ?'

વિવાહ પહેલાં 'નઃ' અમારા પિતા દક્ષે (પૂછેલ). (તે) 'ભગવાન્' સર્વશક્તિમાન છે. (આ શબ્દથી) ચંદ્રની પેઠે તમને પણ કરશે (શાપ આપશે) એવો (કશ્યપને) ભય ઉત્પન્ન કરે છે. અથવા 'દક્ષ' (ચતુર) હોવાથી તે મલિન વિદ્યાનો પ્રયોગ કરે. 'પુત્રીઓ ઉપર પ્રેમ રાખનાર' હોવાથી (મારા ઉપરના) સ્નેહને લીધે તે

ઉદાસીન નહિ રહે. તેથી જ તેણે જૂદું જૂદું પૂછેલું કેઃ'હે પુત્રીઓ ! કોને (વર) પસંદ કરો છો ?' એક બીજીના વિચારની જરૂર ન રહે તે માટે 'જૂદું જૂદું' પૂછેલું. 'નઃ' અમને પૂછેલું. ('નઃ' શબ્દની) વિભક્તિ જૂદી હોવાથી ફરી કહેવાનો દોષ નથી. આથી (કશ્યપની કામમાં) પ્રવૃત્તિ થવાનું એવું કારણ કહેલું છે કે જો તે (દિતિના) વિચાર પ્રમાણે આચરણ ન કરે તો ઘણું દુઃખ થશે. ૧૨.

હમણાં અમારામાં પક્ષપાત નથી. તમારામાં તો પક્ષપાત છે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**સ વિદિત્વાઽઽત્મજાનાં નો ભાવં સંતાનભાવનઃ ||**
**ત્રયોદશાદદાત્તાસાં યાસ્તે શીલમનુવ્રતાઃ ||૧૩||**

સંતાનનો વિચાર રાખનાર તેમણે અમો પુત્રીઓનો વિચાર જાણીને તેમાંની તેર (તમને) આપી, કે જે તમારા સ્વભાવને અનુસરી વર્તન કરીએ છીએ. ૧૩.

અમો પુત્રીઓનો વિચાર જાણીને તેમનામાંથી 'નઃ' અમો તેર તમને આપી; જે એકસરખા સ્વભાવવાળી હોઈ તમારા સ્વભાવને અનુસરી વર્તન કરીએ છીએ. તેમાં પણ દક્ષ 'સંતાનભાવનઃ' એટલે પુત્રીઓના સંતાનનો વિચાર કરતો હતો. (પુત્રીઓને) સંતતિ ન થાય, તો (તેમનું) દાનજ વ્યર્થ થાય. ૧૩.

એ પ્રમાણે (કામમાં) પ્રવૃત્તિ ન કરવામાં નીતિનો વિરોધ થાય છે એમ સિદ્ધ કરી, નીચેના શ્લોકમાં પ્રાર્થના કરે છે :

**અથ મે કુરુ કલ્યાણ કામં કઞ્જવિલોચન ! ||**
**આર્તોપસર્પણં ભૂમન્નમોઘં હિ મહીયસિ ||૧૪||**

હે કલ્યાણરૂપ ! કમલલોચન ! હવે મારો કામ (પૂર્ણ) કરો, કારણ કે હે મહાપુરુષ ! મોટા (પુરુષ)ને કરેલી દુઃખીની પ્રાર્થના નિષ્ફલ થતી નથી. ૧૪.

કજીઓ વિગેરેના ભયથી (કામમાં) પ્રવૃત્તિ ન કરવી, પરંતુ રસથીજ કરવી એમ જણાવવા ('અથ' હવે શબ્દથી) જૂદો આરંભ (કરેલ છે). તમને કામ ન હોય, તોપણ મારો કામ (પૂર્ણ) કરો, મારી કામના પૂરો, એવો અર્થ છે. 'કમલલોચન' સંબોધનથી (કશ્યપ) ચાલુ પ્રસંગમાં ઉપયોગી રૂપવાળો હોવાનું (કહેલ છે). 'દુઃખીની પ્રાર્થના' શબ્દથી દીનતા કહેલી છે. 'મહીયસિ' મોટા પુરુષને કરેલી દુઃખની પ્રાર્થના સફલજ થાય છે, એવો અર્થ છે. તે કાર્ય ભગવદ્રૂપ છે એમ જણાવવા સર્વત્ર છ (શ્લોકો)થી કહેલું છે. ૧૪.

**ધર્માદ્દક્ષાત્તતો ભીતો લોકાનાં નિન્દનાદપિ ||**
**કાલકર્મમહાદેવાદપ્રવૃત્તસ્ત્વસાન્ત્વયત્ ||૧૧||**

પછી ધર્મથી દક્ષથી અને વળી લોકની નિંદાથી, (તેમજ) કાલ કર્મ અને

મહાદેવથી ભય પામેલા (કશ્યપે કામમાં) પ્રવૃત્તિ ન કરતાં, તેને દિલાસો આપવા માંડ્યો. કા. ૧૧.

દિલાસો આપવામાં ન આવે તો ભગવાન્ પણ કોપે એવા વિચારથી (કશ્યપે) તેને દિલાસો આપવા માંડ્યો એમ નીચેના શ્લોકમાં કહે છે :

॥ મૈત્રેય ઉવાચ ॥

**ઈતિ તાં વીર ! મારીચઃ કૃપણાં બહુભાષિણીમ્ ॥**
**પ્રત્યાહાઽનુનયન્ વાચા પ્રવૃદ્ધાઽનંગકશ્મલામ્ ॥૧૫॥**

હે વીર ! એ પ્રમાણે બહુ બોલતી, ગરીબડી, જેની કામરૂપ ગ્લાનિ ઘણી વધી હતી તેને વાણીથી દિલાસો આપતાં મારીચે (નીચે પ્રમાણે) ઉત્તર આપ્યો. ૧૫.

દિલાસાના વચનોમાં (વિદુરને) ભ્રમ ન થાય તે માટે 'હે વીર !' એવું સંબોધન કરેલું છે. 'મારીચ'નો અર્થ ઉપર પ્રમાણે. 'ગરીબડી' વિશેષણથી દયા (અને) 'બહુ બોલતી'થી ભય (જણાવેલ છે.) 'વાણીથી' (દિલાસો આપ્યો), પ્રવૃત્તિ કરીને નહિ. તેમ ન કરે (પ્રવૃત્તિ કરે), તો રસનો આભાસ થાય. વળી ઘણો વધેલો કામજ ગ્લાનિ હતી જેની, તેવી (તે હતી). ગ્લાનિવાળીનો ભોગ થતો નથી, તેથી (તેની) ગ્લાનિ દૂર કરવા દિલાસો (આપવા માંડ્યો). ૧૫.

॥ કશ્યપ ઉવાચ ॥

**એષ તેઽહં વિધાસ્યામિ પ્રિયં ભીરુ ! યદિચ્છસિ ॥**
**તસ્યાઃ કામં ન કઃ કુર્યાત્સિદ્ધિસ્ત્રૈવર્ગિકી યતઃ ॥૧૬॥**

હે ભીરુ ! આ હું તું તારું જે પ્રિય ઈચ્છે છે તે કરીશ. જેનાથી ત્રણ પ્રકારના પુરુષાર્થોની પ્રાપ્તિ થાય છે તેની કામના કોણ ( પૂર્ણ ) ન કરે ? ૧૬.

**પ્રાર્થિતસ્ય પરિજ્ઞાનં હેતૂક્ત્યા તસ્ય સાધનમ્ ॥**
**સ્ત્રિયાશ્ચતુર્ભિઃ સ્તોત્રં ચ પ્રાર્થના ચ નિરૂપ્યતે ॥૧૨॥**

(૧૬)માગેલાંનું જ્ઞાન અને તે આપવાનું કારણ કહીને તે પ્રાપ્ત કરાવવાનું. (૧૭-૨૦) ચારથી સ્ત્રીની સ્તુતિ અને (૨૧) પ્રાર્થના કહેવામાં આવે છે. કા. ૧૨.

**સંસારદુઃખતરણે હેતુઃ સ્ત્રી સ્વયમેવ ચ ॥**
**અરાતિતરણે દુર્ગમનન્તોપકૃતિર્ગૃહમ્ ॥૧૩॥**

(૧૭) સંસારનાં દુઃખ તરવામાં સ્ત્રી સાધન છે. (૧૮) અને સ્ત્રી પોતેજ છે. (૧૯) શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરવામાં (તે) દુર્ગ છે (૨૦) અનંત ઉપકાર કરનારું (તે) ઘર છે. કા.૧૩.

**એવમુત્કર્ષકથને સાભિમાના ભવેદિતિ ॥**
**પશ્ચાત્સંપ્રાર્થનં યુક્તં સ્વકીર્તેર્હેતુતાપિ ચ ॥૧૪॥**

એ પ્રકારે સરસાઈ કહેવાથી તે અભિમાનવાળી થાય તેથી (કહેલ છે). પછી પ્રાર્થના (કરવી) યોગ્ય છે અને પોતાની કીર્તિ પણ (તેમાં) કારણરૂપ છે. કા. ૧૪.

આ હું તારો કામ અવશ્ય (પૂર્ણ) કરીશ. 'હે ભીરુ!' એ સંબોધન 'ઉત્તમ સ્ત્રીઓ ભીરુ કહેવાય છે' એ કોશ પ્રમાણે તેની સરસાઈ જણાવવા (કરેલું છે). 'તું જે ઈચ્છે છે' એટલે પુત્રો ભોગ અને સંપત્તિ. આ અવશ્ય કરવાનું છે, એમ ઉત્તરાર્ધથી કહે છે. 'સંવત્સર ખરેખર પ્રજાપતિ છે' 'સંવત્સર તેર માસનો છે' એ શ્રુતિ પ્રમાણે કશ્યપનો આનંદ તેર પ્રકારે ઉતરેલો. તેમાં આ મલમાસરૂપ હતી. સ્તુતિ તો (સ્ત્રીની) સામાન્ય રીતે કરેલી છે. ઉત્તરાર્ધનો એવો અર્થ છે કે કોઈપણ પોતાના આનંદનો અનુભવ ન કરે એમ ન બને. વળી જે સ્ત્રી છે, તેથી ત્રણ પ્રકારના પુરુષાર્થોની પ્રાપ્તિ થાય છે, કારણ કે એકત્ર થએલા ત્રણ (પુરુષાર્થો) સ્ત્રીવાળાનેજ પ્રાપ્ત થાય છે. (૧) યજ્ઞરૂપ ધર્મ તેનેજ પ્રાપ્ત થાય છે. (૨) 'જેની સાથે સ્ત્રી છે, તેનાથીજ સુવર્ણ ભેગું થાય છે' એ વાક્ય પ્રમાણે અર્થ પુરુષાર્થ પણ તેનેજ અધીન હોય છે. તેમ ન હોય (સ્ત્રી સાથે ન હોય), તો (અર્થ) દુઃખ કરનારો થાય. (૩) કામરૂપ સમુદ્રની તો તે નાવજ છે. ૧૬.

એ શ્લોક પ્રમાણે તેણે માગેલું અવશ્ય કરવાનું છે એમ કહીને, સર્વ દુઃખો દુર કરનારી તરીકે તેની નીચેના શ્લોકમાં સ્તુતિ કરે છે :

**સર્વાઽશ્રમાનુપાદાય સ્વાઽશ્રમેણ કલત્રવાન્ ।।**
**વ્યસનાઽર્ણવમત્યેતિ જલયાનૈર્યથાઽર્ણવમ્ ।।૧૭।।**

જેમ નૌકાઓથી સમુદ્ર તરે તેમ સ્ત્રીવાળો (પુરુષ) સર્વ આશ્રમોવાળાને (અન્ન) આપી, પોતાના આશ્રમ વડે દુઃખના સમુદ્રને તરી જાય છે. ૧૭.

બીજા આશ્રમવાળાઓને અન્ન આપનાર ગૃહસ્થજ છે. સ્ત્રી વગરનાને અગ્નિ ન હોવાથી, અગ્નિની તેણે અવગણના કરેલી હોવાથી, (તેનું) અન્ન ખાવા યોગ્ય નથી. તેથી જેમ વહન કરનારી નૌકાઓથી સમુદ્ર તરે, કારણ કે તેમ (નૌકા) ન હોય તો માછલાં વિગેરે ગળીજ જાય; તેમ પોતાના (આશ્રમ) સિવાયના આશ્રમવાળાઓને (અન્ન) આપતાં, ગૃહસ્થાશ્રમથી 'વ્યસનાર્ણવમ્' ભૂખ તરસ વિગેરેના સમુદ્રને તરી જાય છે. ૧૭.

**યામાહુરાત્મનો હ્યર્ધં શ્રેયસ્કામસ્ય માનિનિ ।।**
**યસ્યાં સ્વધુરમધ્યસ્ય પુમાંશ્ચરતિ વિજ્વરઃ ।।૧૮।।**

હે માનિનિ! જેને કલ્યાણની ઈચ્છાવાળા (પુરુષ)નાં દેહનું નક્કી અર્ધ કહે છે, જેની ઉપર પોતાની ધોંસરી મૂકી, પુરુષ જ્વરરહિત થઈ ફર્યા કરે છે. ૧૮.

જે સ્ત્રીને (પોતાના) દેહનું અર્ધ કહે છે. પોતે ચિદ્રૂપ (પુરુષ જીવ)નો પોતાનો દેહ સદ્રૂપ છે. અને પત્નીનો દેહ આનંદરૂપ છે, અથવા અર્ધ ભાર વહન

કરનાર હોવાથી (દેહનું અર્ધ કહે છે).

'કહે છે' શબ્દથી પ્રમાણ કહેલું છે. 'ઉપસ્થ પ્રજાપતિ અમૃત આનંદ છે' એવી શ્રુતિ[1] હોવાથી 'હિ' 'નક્કી' શબ્દથી યોગ્યતા કહેલીજ છે. કેટલાકના મત પ્રમાણે પત્નીવાળાનેજ કર્મ કરવાનો અધિકાર હોવાથી 'કલ્યાણની ઈચ્છાવાળાના' એમ કહેલું છે. 'હે માનિનિ !' એ સંબોધન આવાં વચન[2] તું ન કહે એમ જણાવવા કરેલું છે.

એ પ્રમાણે સ્ત્રી સુખ પ્રાપ્ત કરાવનારી છે એમ સિદ્ધ કરી, ઉત્તરાર્ધથી તે દુઃખ દૂર કરનારી હોવાનું કહે છે. 'પોતાની ધોંસરી' (શબ્દથી એમ કહેલું છે કે) પોતે ધોંસરીવાળો બળદ હોઈ સંસારરૂપ ધોંસરી સદા વહે છે. તેમાં જો પત્ની અનુકૂલ હોય, તો તે બધોએ ભાર લઈલે. લોકમાં પ્રસિદ્ધ આ સિદ્ધ કરવાનું નથી. 'ફર્યા કરે છે' એટલે જેમ (પોતાને) સુખ થાય તેમ ભમ્યા કરે છે, (ધોંસરીથી) છૂટે છે એવો અર્થ છે. 'જ્વરરહિત' એટલે ચિંતારૂપ જ્વરરહિત (થઈ ફરે છે). તેવો ન થાય, તો ધન વિગેરેના કારણથી સર્વ સ્થલે ચિંતા થયા કરે. ૧૮.

૧. પત્ની આનંદરૂપ હોવાનું પ્રમાણ આથી કહેલ છે. આ શ્રુતિમાં આનંદની ઉપાસના કરવાનું કહેલ હોવાથી, અને સ્ત્રી આનંદ પ્રાપ્ત કરાવનારી હોવાથી તે તેવી છે, એવો અર્થ છે. ( પ્ર )

૨. ઉપર ( દિતિએ ) દીનતાના વચન કહ્યાં તેવાં. ( પ્ર )

**યામાશ્રિત્યેન્દ્રિયારાતીન્દુર્જયાઽનિતરાશ્રમૈઃ ।।**
**વયં જયેમ હેલાભિર્દસ્યૂન્દુર્ગપતિર્યથા ।।૧૯।।**

જેનો આશ્રય કરીને-જેમ દુર્ગનો પતિ ચોરોને જીતે તેમ-બીજા આશ્રમ વાળાઓએ જીતી ન શકાય તેવા ઈન્દ્રિયરૂપ શત્રુઓને અમે અવગણનાથી જીતીએ છીએ. ૧૯.

જે પત્નીનો આશ્રય કરીને, અમે પત્નીવાળાઓ અન્યાયથી મારતા ઈન્દ્રિયરૂપ શત્રુઓને અવગણનાથી જ જીતીએ છીએ. તે શત્રુઓ બીજા આશ્રમવાળાઓથી જીતી શકાય તેવા નથી. તેથી બીજા આશ્રમવાળાઓ જીતી ન શકે તેમને પત્નીવાળોજ જીતે છે. કેટલાક એમ કહે છે કે પત્નીવાળાને ઈન્દ્રિયો પીડા કરતી નથી. શત્રુ હોય ત્યારે (તેનો) જય કરવાનો હોય. પત્નીવાળો તેમની દરકાર કરતો ન હોવાથી, તેઓ શત્રુ થતી નથી. શાસ્ત્ર પ્રમાણે (ઈન્દ્રિયો) શત્રુ હોવા છતાં, બહાર સંબંધથીજ પોતાના આનંદનો અનુભવ થતો હોવાથી 'હેલાભિઃ' અવગણનાથીજ ઈન્દ્રિયોનો જય (પ્રાપ્ત) થાય છે. દુઃખ કરનારાઓ દુઃખ ન કરે, અથવા (તેમને) દુઃખ કરવાની શક્તિ વિનાના કરવામાં આવે, તેજ તેમના ઉપરનો વિજય છે. આ વિષયમાં (ઈન્દ્રિયો) માત્ર પીડા કરનારી ન રહે તે જય છે એમ કહેવા, 'જેમ દુર્ગનો પતિ ચોરોને (જીતે)' એ દષ્ટાંત કહેલું છે; કારણ કે ચોરોને જીતવામાં આવે તેમાં કાંઈ

પુરુષાર્થ નથી, પરંતુ તેઓ જેમ હેરાન ન કરે તેવી રીતે દુર્ગનો આશ્રય કરવો જોઈએ, પણ તેઓ (આપણી) સમાન ન હોવાથી, અને જય કોઈ સમયેજ થતો હોવાથી[1], તેઓને હણવા તે જય નથી. ૧૯.

૧. શત્રુ ઉપર વિજય એકવાર અથવા કોઈકવાર થાય. ચોરો તો વારંવાર દુઃખ દેવા આવ્યા કરે તેવા છે. તેથી તેમને હણવા તે જય નથી, કારણ કે બીજા ચોરો આવવાના, એવો ભાવ જણાય છે.

વળી એક દિવસમાં પણ પત્ની જે ઉપકાર કરે છે તેનો સામો બદલો (આપી શકાતો) નથી, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**ન વયં પ્રભવસ્તાં ત્વામનુકર્તું ગૃહેશ્વરિ ! ।।**
**અપ્યાયુષા વા કાર્ત્સ્ન્યેન યે ચાઽન્યે ગુણગૃધ્નવઃ ।।૨૦।।**

તેવી તને, હે ગૃહેશ્વરિ ! આખા આયુષ્યથી પણ સામો બદલો આપવા અમે તથા બીજા જેઓ, ગુણની ઈચ્છા રાખનારા છે તેઓ શક્તિમાન નથી. ૨૦.

તેવી ઉપર જણાવેલા ઉપકાર[1] કરનારીને તને સામો બદલો આપવા અમે શક્તિમાન નથી, કારણ કે અલંકારો, દેહનું પોષણ એવો જે ઉપકાર (અમારે) કરવાનો, તે પણ (અમારા) સ્વાર્થ માટેજ થાય છે. 'હે ગૃહેશ્વરિ !' સંબોધનથી (એમ જણાવેલ છે કે) દરરોજ તેના ઘરમાં સર્વ ભોગો ભોગવનાર શું ઉપકાર કરવાનો ? 'તે (સ્ત્રી) અમુક સમય સુધીજ ભોગવાય છે, તેથી ત્યાર પછી (તેનું) પાલન વિગેરે કરવાથી સામો બદલો થશે' એવો વિચાર કરી, 'આખા આયુષ્યથી પણ' શબ્દોથી તે ખોટો ઠરાવે છે, કારણ કે તે (સ્ત્રી) પણ તેટલા સમય સુધી ઉપકાર (કર્યા) કરે છે. બીજાઓ જે લાંબા સમય સુધી જીવનારા દેવો છે તેઓ પણ (આખા આયુષ્યથી પણ સામો બદલો આપવા શક્તિમાન નથી). 'ગુણની ઈચ્છા રાખનારા' વિશેષણનો એવો અર્થ છે કે પુત્રને જન્મ આપવો વિગેરે તે (સ્ત્રી)ના એક ગુણનો પણ સામો બદલો આપી શકાય તેમ નથી. તેથી જેમને તેના ગુણોની આ લોકમાં અથવા પરલોકમાં (ફલ) પ્રાપ્ત કરાવનાર તરીકે જરુર હોય, તેમનાથી સામો બદલો આપી શકાય તેમ નથી. ૨૦.

૧. શ્લોક ૧૮, ૧૯માં. ૧૮ થી ૨૦ શ્લોક સુધીનું એક વાક્ય છે.

એ પ્રમાણે તેની સ્તુતિ કરીને કાલના વિલંબ માટે પ્રાર્થના કરે છે :

**અથાઽપિ કામમેતં તે પ્રજાયૈ કરવાણ્યલમ્ ।।**
**યથા માં નાઽતિવોચન્તિ મુહૂર્તં પરિપાલય ।।૨૧।।**

હવે હું તારો આ કામ (પૂર્ણ) કરીશ. પ્રજા માટે સંપૂર્ણ કરીશ. જેમ મારી નિંદા ન કરે તેમ થોડો સમય થોભ. ૨૧.

(તેં) માગેલું તો તારી ઈચ્છા પ્રમાણે કરવાનું છેજ, ખાસ કરીને પ્રજા માટે

'અલં' હું તે સંપૂર્ણ કરીશ. હવે સંધ્યા પૂરી થાય ત્યાં સુધી થોડો સમય થોભ. તેમ (કરવા)નું કારણ 'જેમ મારી નિંદા ન કરે' શબ્દોથી કહેલું છે. (મારી) અવગણના કરીને જેમ નિંદા કરીને (મારી) વાત ન કરે (તેમ થોડો સમય થોભ). આપણી જાતના બધા સર્વ જાણનારા છે, તેઓજ ધર્મશાસ્ત્રો રચનારા છે, તેમનાથી કાંઈ અજાણ્યું રહેતું નથી; એવા વિચારથી તે (તેમ) કહેલ હોવાનું સંભવે છે. ૨૧.

એ પ્રમાણે તે (સ્ત્રી)ની પ્રાર્થના કરીને તે સમયનો સ્વરૂપથી દોષ કહે છે :

**એષા ઘોરતમા વેલા ઘોરાણાં ઘોરદર્શના ।।**
**ચરન્તિ યસ્યાં ભૂતાનિ ભૂતેશાડનુચરાણિ હ ।।૨૨।।**

ઘોર (પ્રાણીઓ)ના સંબંધવાળો, ઘોર દેખાવવાળો આ ઘણો ઘોર સમય છે, જેમાં મહાદેવના સેવક ભૂતો, અહો ! ફર્યા કરે છે. ૨૨.

આ સમય ઘણો ઘોર, સર્વ ભોગ નિંદિત છે તેવો છે, કારણ કે જે ઘોર હોય તેમાં ભોગ ન થાય. સર્વ દેશમાં અને કાલમાં રહેલ હોવાથી તે (દેશ અને કાલ)ના દોષ અવશ્ય ફીટાડવા જોઈએ. બધાએ કાલમાં સંધ્યા રજસ્વલા[1] છે, તેથી તેનો ત્યાગ કરવો જોઈએ. તેથીજ તેને અટકાવ આવે છે, અને તેની અટકાવરૂપ રતાશ પ્રત્યક્ષ જોવામાં આવે છે. વળી કામ વિગેરે ઉત્પન્ન કરનારી હોવાથી તે ભય ઉત્પન્ન કરનારી પણ છે. તેથી (તે) 'ઘણી ઘોર' છે. વળી ભૂતો વિગેરે ઘોર (પ્રાણીઓ)ના સંબંધવાળી છે અને સર્વ સ્થલે અંધકાર પ્રસરાવતી હોવાથી તે ઘોર દેખાવવાળી છે. ઉત્તરાર્ધથી (તે) ઘોર દેખાવવાળી હોવાનું સિદ્ધ કરે છે. વળી તે ભૂતોનો મંત્રો વિગેરેથી નાશ કરી શકાય તેવાં નથી એમ 'મહાદેવના સેવક' શબ્દથી કહે છે. તે ભૂતો મહાદેવના સેવકો છે. 'હ' 'અહો' શબ્દ આશ્ચર્ય (દર્શાવે છે). આવી પ્રાર્થના આ સમયે કેમ કરી ? એમ તેને (દિતિને) ભય ઉત્પન્ન કરે છે. ૨૨.

૧. 'રજસ્વલા' એટલે ( સ્ત્રી પેઠે ) અટકાવવાળી.

વળી, આ સમયનો અધિષ્ઠાતા દેવ મહાદેવ છે. તે કામનો નાશ કરનાર છે. જો તેમના શત્રુ (કામ)નો તેમના સમય (સંધ્યા)માં આદર કરવામાં આવે, તો તે મારી નાખે, એમ નીચેના શ્લોકથી આરંભી છ (શ્લોકો)થી તેને ભય ઉત્પન્ન કરતાં મહાદેવની સ્તુતિ કરે છે :

**એતસ્યાં સાધ્વિ ! સન્ધ્યાયાં ભગવાન્ ભૂતભાવનઃ ।।**
**પરીતો ભૂતપર્ષદ્ભિર્વૃષેણાડટતિ ભૂતરાટ્ ।।૨૩।।**

હે ભલી સ્ત્રી ! આ સંધ્યા સમયે પ્રાણીઓનું પાલન કરનાર ભગવાન્ ભૂતરાજ (પોતાના) ભૂત સભાપતિઓથી વીંટાઈ આખલા ઉપર બેસી ફરે છે. ૨૩.

**પરિભ્રમો દર્શનં ચ સંબંધાભાવ એવ ચ ।।**

**મારણે હેતુત્રિતયં દોષાભાવાય ચાપરે ॥૧૫॥**

(૨૩) (શંકરનું) ભમવું (૨૪) (તેમની) દૃષ્ટિ અને (૨૫) તેમને[૧] કોઈની સાથે સંબંધ ન હોવો એ ત્રણ મારવાના કારણો અને બીજાથી (શંકરમાં) દોષ ન હોવાનું (કહેલ છે). ૧૫.

તે પૈકી આરંભમાં બીજા સ્થલે જવાનું ન કહે તે માટે તેમનું ભગવાનનું કહે છે. (તે) 'આ સંધ્યાસમયે' (ભમે છે). (દિતિ) શાસ્ત્રમાં મના કરેલ કામને દૂર કરે તે માટે 'હે ભલી સ્ત્રી!' એવું સંબોધન કરેલું છે. (શંકર) ભગવાન્ હોવાથી તેમનું ભમવાનું અટકાવાય તેવું નથી. તે ભમવાનું ઉપકાર કરનારું છે એમ 'ભૂતભાવનઃ' શબ્દથી કહે છે. ભૂતોનું 'ભાવયતિ' પાલન કરે તેવા (તે છે). જો સંધ્યા સમયે (કોઈની) ઉત્પત્તિ થાય, તો તેનો અને લોકનો નાશ થાય. તેથી સર્વ સ્થલે સત્પુરુષોના માર્ગમાં રહેનારાઓ તે (સમયે) ભોગ ન કરે તે માટે ભૂત સભાપતિઓથી વીંટાઈ- (કારણ કે) તેમના 'પર્ષદઃ' સભાપતિઓ ભૂતરૂપજ છે-તેઓની સાથે આખલા ઉપર બેસી ભૂતોના રાજા શંકર પોતે ફરે છે. ભૂતોનો તે સંધ્યા જ સમય છે. તેથી પોતાના સેવકોનું રક્ષણ કરવા ભૂતરાજ ફરે છે. જો કોઈ અન્યાય કરે, તો સભાપતિઓ દ્વારા તેને શિક્ષા કરે છે. ધર્મ કરનાર પણ જો સંધ્યા સમયે અધર્મ કરે, તો તેને હણશે એમ સૂચવવા 'આખલા ઉપર બેસી ફરે છે' એમ કહેલું છે. 'વૃષઃ' (આખલો) એટલે ધર્મ. જે તેના ઉપરજ બેસે છે તે કેમ બીજા તેવા (અધર્મ કરનાર)નું રક્ષણ કરે ? અથવા ધર્મ સાક્ષી રહે તે માટે (તેના ઉપર બેસી ફરે છે). ૨૩.

૧. અગ્નિશાળામાં કામમાં પ્રવૃત્તિ કરવી યોગ્ય ન હોવાથી, બીજા સ્થલે તે માટે જવું એમ ન કહે તે માટે, એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે બીજા સ્થલે ન જવા માટે તેમનું (શંકરનું) ભમવાનું કહીને, હમણા અહિં તે સ્વભાવથી જ રહેલા 'જૂએ છે' એમ નીચેના શ્લોકમાં કહે છે :

**શ્મશાનચક્રાઽનિલધૂલિધૂમ્રવિકીર્ણવિદ્યોતજટાકલાપઃ ।।**
**ભસ્માઽવગુણ્ઠાઽમલરુક્મદેહો દેવસ્ત્રિભિઃ પશ્યતિ દેવરસ્તે ।।૨૪।।**

શ્મશાનમાં વંટોળીઆથી ઉડેલી ધૂળથી ભૂખરી થએલી, વીંખાએલી પ્રકાશતી જટાઓના સમૂહવાળા, ભસ્મથી ધોવાવાથી સ્વચ્છ સુવર્ણના દેહવાળા દેવ તારા દેવર ત્રણ (નેત્રો) થી જૂએ છે. ૨૪.

આ 'દેવઃ' મહાદેવ ત્રણે નેત્રોથી જૂએ છે. ગાર્હસ્પત્ય[૧] વિગેરે તેમનાં નેત્રોજ છે. વળી તે 'દેવ' હોઈ ઈન્દ્રિયોથી ન દેખાય તે પણ જૂએ. 'દેવર' શબ્દથી (દિતિને) લજ્જા ઉત્પન્ન કરે છે. એક (પુરુષ)ના જમાઈઓમાં ભાઈઓનો સંબંધ હોવાથી (શંકર) દિતિના દીઅર થાય[૨]. પતિ પણ 'દેવરઃ' 'દેવર' કહેવાય છે[૩]. ભગવાન્[૪]

અગ્નિરૂપ હોવાથી 'ત્રીજો અગ્નિ તારો પતિ છે', એ શ્રુતિ પ્રમાણે (શંકર દિતિના દેવર છે). વળી દૈત્યોને 'દેવં' સુખ 'રાતિ' આપે તે 'દેવર' હોવાથી[5] દેવર તારે પૂજન કરવા યોગ્ય છે. તેનો અપરાધ સંપૂર્ણ રીતે અનર્થ કરનારો છે. સ્વભાવથીજ મરેલાના સ્થાનમાં ક્રીડા કરવામાં આસક્તિવાળા હોવાથી, તે હણશે એમાં કોઈ શંકા નથી એવા અભિપ્રાયથી કહે છે, કે શ્મશાનમાં જે 'ચક્રાનિલઃ' વંટોળીઓ થાય, તેનાથી ઉડેલી જે ધૂળ, તેનાથી 'ધૂમ્રા' ભૂખરા રંગની થએલી વીંખાએલી અને પ્રકાશતી જે જટાઓ, તેઓનો સમૂહ છે જેમનો, તેવા (તે છે). પ્રલય કરનારા હોવાથી આમની જટાઓ પ્રલય કરનારી હોવાથી, ધૂળથી ભૂખરી થએલી ન હોય તો વીંખાએલી (અને) પ્રકાશતી[6] (જટાઓ) પ્રલય જ કરે. વળી બીજી ભસ્મ પ્રલયના મેઘોનો[7] સ્પર્શ ન કરે. વંટોળીઆ સિવાયનો (વાયુ) સર્વ સ્થળે ભસ્મનો સંબંધ ન કરાવે. તેથી તેવી સ્થિતિ[8] યોગ્યજ છે. વળી (શંકર) 'ભસ્માવગુણ્ઠામલરુક્મદેહઃ' છે. ભસ્મથી 'અવગુણ્ઠઃ' ધોવાનું જેનું થએલ છે, તેવું સ્વચ્છ જે 'રુક્મમ્' સુવર્ણ અથવા રૂપું-તે ભસ્મથી ઘસાતાં ઉજળું થાય છે-(તેના દેહવાળા છે). તેથી તેમને ભસ્મની જરુર હોવાથી, જો થોડોપણ તેમનો અપરાધ થાય, તો મારીજ[9] નાખે એવો અર્થ છે.

'દેવર' શબ્દથી એવો નિશ્ચય થાય છે કે જૂદા કલ્પમાં પ્રાચેતસેજ-તેને સાઠ કન્યાઓ હતી. એવા મત પ્રમાણે પણ-મહાદેવને સતી (પાર્વતી) આપેલ. પહેલો[10] મન્વંતર જેમાં સતીનો જન્મ થએલ તેમાં દિતિ વિગેરેના જન્મ થયા ન હતા. અથવા 'દેવં' પતિ 'રાતિ' આપે તે 'દેવર' એટલે સાસરો[11]. તે પ્રમાણે મરીચિના ભાઈ હોવાથી, મહાદેવ પણ (દિતિના) 'દેવર' (સાસરા) થાય. (દિતિ) કન્યા હતી ત્યારે (તેણે) પ્રાર્થના કરેલા મહાદેવે તેને પતિ આપ્યો તેથી તે દિતિના 'દેવર' થાય. ૨૪.

૧. ગાર્હસ્પત્ય, આહવનીય, અને દક્ષિણ એવા ત્રણ (યજ્ઞના) અગ્નિઓ છે તે. અગ્નિશાળામાં અગ્નિ હોવાથી શંકર પ્રત્યક્ષ જૂએ છે.

૨. મહાદેવ દિતિના દીઅર કેવી રીતે થાય તે કહે છે. આ શ્રીધરનો મત છે. (પ્ર)

૩. સતી સ્વાયંભુવ (દક્ષ)ની પુત્રી હતાં, અને દિતિ પ્રાચેતસ દક્ષની પુત્રી હતી. તેથી મહાદેવ અને કશ્યપ એક પુરુષના જમાઈ ન ગણાય, તેથી આ જૂદો મત કહે છે. જેમ ભીમ વિગેરે દ્રૌપદીના 'દેવર' કહેવાતા તે પ્રમાણે, પતિ પણ દેવર કહેવાય છે. (પ્ર)

૪. 'ભગવાન' એટલે શંકર . તેમની આઠ મૂર્તિઓ કહેલી છે, તેમાંની એક અગ્નિ પણ હોવાથી આ ઘટે છે. (પ્ર)

૫. નોટ ૪ માં જણાવેલ અર્થ પણ પ્રસિદ્ધ અર્થથી વિરુદ્ધ હોવાથી, આ જૂદો મત કહે છે. આ 'દેવર' શબ્દનો વ્યુત્પત્તિ પ્રમાણેજ અહિં અર્થ કરવાનો છે, પ્રસિદ્ધ થએલ અર્થ લેવાનો નથી, એવો અર્થ છે. (પ્ર)

૬. વીંખાએલ અને પ્રકાશતો પદાર્થ અગ્નિ બાળે તેમ તેવી જટાઓ પ્રલય કરે એવો અર્થ જણાય છે.

૭. શંકરની જટાઓને પ્રલયના મેઘો કહેલ છે, કારણ કે તે પણ એ મેઘો પેઠે પ્રલય કરનારી છે.
૮. 'તેવી સ્થિતિ' એટલે શ્મશાનમાં વંટોળીઓ થાય ત્યાં રહેવાની સ્થિતિ, એવો અર્થ જણાય છે.
૯. શંકરને ભસ્મની જરુર, અને અપરાધ કરનારને હણવાથી, તેના દેહને બાળતાં ભસ્મ પ્રાપ્ત થાય, તેથી મારીજ નાખે, એવો અર્થ જણાય છે.
૧૦. શ્રીધરનો મત પહેલાં કહ્યો, તે સિદ્ધ કરવાની આ બીજી યુક્તિ કહી. (પ્ર)
૧૧. નોટ ૧૦ માં જણાવેલ યુક્તિ પણ બરાબર ન હોવાથી, આ જૂદી રીતે વ્યુત્પત્તિ કરી. (પ્ર)

એવી રીતે ભય અને લજ્જા ઉત્પન્ન કરીને, ''(શંકર સાથે) સંબંધ હોવાથી તે અપરાધ સહન કરશે'' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકમાં તેમને સંબંધની દરકાર નથી, એમ કહે છે :

**ન હ્યસ્ય લોકે સ્વજનઃ પરો વા નાડત્યાદૃતો નોત કશ્ચિદ્વિગર્હ્યઃ ।।**
**વયં વ્રતૈર્યચ્ચરણાડપવિદ્ધામાશાસ્મહેડજાં બત ભુક્તભોગામ્ ।।૨૫।।**

'ખરેખર !' આમને લોકમાં (કોઈ) સંબંધી અથવા શત્રુ નથી, (અને) કોઈપણ ઘણો આદર કરવા યોગ્ય અથવા દ્વેષ કરવા યોગ્ય નથી. જેમના ચરણથી દૂર કરાએલી, જેનો ભોગ થએલો છે તેવી સમૃદ્ધિને આપણે વ્રતો વડે પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખીએ છીએ.... ૨૫.

'ખરેખર !' એટલે આ વિષય યોગ્ય છે, (કે) જે ઉત્પન્ન થાય છે અથવા હરકોઈ સાથે સંબંધમાં આવે છે, તેને સંબંધીની જરુર હોય છે. મહાદેવ બ્રહ્મ હોવાથી, (તેમનામાં) તે બંને ન હોવાથી, તેમને સંબંધીની જરુર નથી, એવો અર્થ છે. તેથીજ લોકમાં તેમને (કોઈ) સંબંધી નથી. 'સ્વઃ' પોતે અને તે 'જનઃ' પુરુષ, (તે સંબંધી), એટલે પોતાનો, નથી એવો અર્થ છે. 'પરઃ' એટલે શત્રુ. આ બે દેહના ધર્મ છે. 'ઘણો આદર કરવા યોગ્ય' એટલે ઘણો સ્નેહ જેના ઉપર હોય તેવો. 'વિર્ગહિતઃ' એટલે નિંદેલો, દ્વેષ જેના ઉપર હોય તેવો. આ બંને અંતઃકરણના ધર્મ છે. સ્નેહવાળાનો જ આદર થાય, સ્નેહ વિનાના ઉપરજ દ્વેષ થાય.

''તેમને વિષયોની જરૂર હોવાથી, જે કોઈ વિષયો આપે અથવા જે (વિષયોને) દૂર કરે તે તેવો (આદર અથવા દ્વેષ રાખવા યોગ્ય) થાય'' એવી શંકા થાય, તે સંબંધમાં ઉત્તરાર્ધ કહેલો છે. તેમને વિષયોનો ભોગ સહજ (કુદરતથી પ્રાપ્ત થએલો) છે, પરંતુ તેમણે (તેનો) ત્યાગ કરેલો છે. છતાં પણ તે 'અજા' વિષયરૂપ પ્રકૃતિ (સમૃદ્ધિ) તેમનીજ છે. મહારાજાની વિભૂતિ પેઠે તેમણે આપેલીજ બીજાને પ્રાપ્ત થાય છે. તેથીજ આપણે ઈશ્વરના (તેમની સાથેના) સંબંધની દરકાર રાખ્યા વિના 'વ્રતૈઃ' ઉત્તમ નિયમો જાળવીને, અથવા પાશુપત વિગેરે (વ્રતો) કરીને તેમણે આપેલી સમૃદ્ધિની ઈચ્છા રાખીએ છીએ; કારણ કે (તેમની) સેવા કરવામાં આવે

ત્યારે તે પ્રસાદ તરીકે તે (સમૃદ્ધિ) આપે છે; કેમકે તે (શંકર) ભોગ કરે તે માટે સમીપ આવી (તેમના) ચરણોમાં પડે છે, ત્યારે તે પોતોને ઈષ્ટ નથી એમ વિચારી, ભોગને ઈચ્છવા યોગ્ય ન માનનાર[1] તે (શંકર) (તેની) અવગણના કરી, ચરણથી તેને દૂર કરી (પોતાનું) પૂજન કરનારોને આપે છે. 'જેનો ભોગ થએલો છે તેવી' વિશેષણથી એમ જણાવેલ છે કે તેને પણ (તેના) જોએલા દોષને લીધે (શંકરે) તજેલી છે. તેથીજ તેમની (શંકરની) સર્વને દરકાર છે, તેમને કોઈની પણ દરકાર નથી. બધાએ (તેમના) સેવક હોવાથી (તે કોઈનો) અનાદર પણ (કરતા) નથી. ૨૫.

૧. પોતાના સેવકો માટે પણ તે અયોગ્ય છે એમ માનનાર. (પ્ર) આવો અર્થ લેવાનું કાંઈ પ્રયોજન જણાતું નથી. સેવકો માટે ભોગ અયોગ્ય છે એમ તે માનતા હોય, તો સેવકોને તે આપે પણ નહિ.

''ત્યારે એવી રીતે નિંદેલા સ્વરૂપે (શંકર) કેમ રહે છે'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**યસ્યાઽનવદ્યાચરિતં મનીષિણો ગૃહ્ણન્ત્યવિદ્યાપટલં બિભિત્સવઃ ॥**
**નિરસ્તસામ્યાઽતિશયોઽપિ યત્સ્વયં પિશાચચર્યામચરદ્ગતિઃ સતામ્ ॥૨૬॥**

અવિદ્યાના આવરણને ઉલ્લંઘવા ઈચ્છનારા બુદ્ધિમાનો જેમના દોષરહિત આવરણને ગ્રહણ કરે છે, જે પોતે જેમની સમાન અથવા જેમનાથી અધિક કોઈ નથી તેવા હોવા છતાં, સત્પુરુષોની ગતિ હોઈ પિશાચની પેઠે આચરણ કરે છે.... ૨૬.

જે મહાદેવના સર્વ વિષયોનો ત્યાગ કરી પોતાના આત્માના ચિંતનરૂપ આચરણ 'મનીષિણઃ' મોક્ષનો ઉપાય શોધનાર બુદ્ધિમાનો અને તેથીજ 'અવિદ્યા-પટલં બિભિત્સવઃ' અવિદ્યાનું ઉલ્લંઘન કરવાની પ્રવૃત્તિ કરનારાઓ ગ્રહણ કરે છે; કારણ કે કોઈપણ મનુષ્ય મહાદેવની પેઠે જ્યાં સુધી ન રહે ત્યાં સુધી (તેને) જ્ઞાન થતું નથી. તેથીજ ભગવાન્ મહાદેવ અનર્થો સદા જેમનાથી દૂર થએલા છે તેવા હોવા છતાં, લોકોને બોધ આપવા પિશાચની પેઠે આચરણ કરે છે. મતાંતર પ્રમાણે મોટો (પુરુષ) જો હલકી સ્થિતિ પ્રાપ્ત કરે તો તેને મોક્ષ પ્રાપ્ત થાય છે, સમાન સ્થિતિમાં રહે તો સંસાર (માં રહે છે અને) સરસાઈને લીધે અહંકાર રાખે, તો હલકી સ્થિતિ પ્રાપ્ત કરે છે. તેથી પોતે તેવા (મહાન) હોવા છતાં પણ સત્પુરુષોને બોધ આપનાર હોઈ, (તેમની) 'ગતિઃ' 'ગતિ' એટલે તેમને બોધ આપનારા અથવા (તેમના) ફલરૂપ છે. ઉત્તમ દેવ પિશાચ પેઠે આચરણ કરે તેજ હલકાઈ (હલકી સ્થિતિ) છે. એવી રીતે મનુષ્યોએ બળદ, મૃગ અથવા કાગડાના જેવું આચરણ કરવું એવો ઉપદેશ છે. ૨૬.

''લોકમાં નિંદાએલ મહાદેવની એ પ્રમાણે સ્તુતિ કેમ કરો છો ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**હસન્તિ યસ્યાડચરિતં સુદુર્ભગાઃ સ્વાત્મન્રતસ્યાવિદુષઃ સમીહિતમ્ ।।**
**યૈર્વસ્ત્રમાલ્યાડભરણાડડનુલેપનૈઃ શ્વભોજનં સ્વાડત્મતયોપલાલિતમ્ ।।૨૭।।**

જેઓ વસ્ત્રો પુષ્પો આભરણો અને લેપોથી કૂતરાનાં ભોજનરૂપ (દેહ)ને પોતાના આત્મા તરીકે લાડ લડાવે છે તે દુર્ભાગ્યવાળા અજ્ઞાનીઓ જે પોતાના આત્મામાં રમણ કરનારના ઉત્તમ ચરિત્રરૂપ આચરણની નિંદા કરે છે.... ૨૭.

તેમના (શંકરના) સ્થાનને પ્રાપ્ત કરવા અશક્ત (પુરુષો) 'હસન્તિ' નિંદા કરે છે, એવો અર્થ છે. સર્વ ઉપર ઉપકાર કરવાની પ્રવૃત્તિ કરનાર જે (શંકર)ના આચરણની 'સુદુર્ભગાઃ' એટલે દુર્ભાગ્યવાળાઓ (નિંદા કરે છે); કારણ કે બધાએ પોતાની સમાનને અથવા પોતે ઈચ્છેલ હોય તેવાને જોઈને સ્તુતિ કરે છે, પણ તેથી ઉલટું હોય તેની નિંદા કરે છે. તે (શંકર)નો ભેદ કહે છે કે તે પૂર્ણ જ્ઞાનવાળા આત્મામાં રમણ કરનારા છે. તે (અર્થ) 'આત્મન્રતસ્ય' શબ્દથી કહેલો છે. બીજાઓ તો જ્ઞાન વિનાના બહિર્મુખ હોય છે. તેથીજ અજ્ઞાનીઓ છે, ભગવાનનું ચરિત્ર જાણતા નથી. ભેદનો નિર્ણયજ નિંદાનું કારણ હોવાથી, નિંદા કરનારાઓ વિષયોમાં આસક્તિવાળા છે એમ ઉત્તરાર્ધથી કહે છે. પાઘડી વિગેરે વસ્ત્રો, 'માલ્યાનિ' પુષ્પો, કંકણ વિગેરે આભરણો ચંદન વિગેરે લેપો-આ ચાર પદાર્થો દેહને લાડ લડાવવાનાં સાધનો છે. વળી જેઓ આ દેહને લાડ લડાવે છે, તેઓ દેહમાં આત્મા હોવાનું અભિમાન રાખનાર (દેહને આત્મા માનનારા) છે એવો નિશ્ચય થએલ છે. વાસ્તવિક રીતે તો આ દેહ કૂતરાનું ભોજન છે. તેઓ (દેહાભિમાનીઓ)નું મરણ ગામમાંજ થવાનું સંભવતું હોવાથી, ગીધ વિગેરેનો સમાવેશ કરેલો નથી. અથવા (દેહને) માત્ર લાડ લડાવવામાં આવે તો ધર્મ થાય, તેથી તે થતો નથી એમ જણાવવા 'પોતાના આત્મા તરીકે' એમ કહેલું છે. 'સ્વ' 'પોતાના' શબ્દથી (તેને) ભગવાન્ તરીકે અથવા તેના અધિષ્ઠાતા (દેવ) તરીકે લાડ લડાવતા નથી એમ જણાવેલ છે. તેમ હોય (તેવી રીતે લાડ લડાવતા હોય) તો 'ભોગોથી દેહની અંદર આત્માનું (લાલન કરવું)' એ મતનો વિરોધ થાય. ૨૭.

''મહાદેવ પિશાચ પ્રમાણે આચરણ કરે છે, તેમાં એવો અભિપ્રાય હોવાની કેમ કલ્પના કરો છો ? દક્ષના શાપથી (તે) પિશાચ થયા છે એમ શા માટે કહેતા નથી ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**બ્રહ્માદયો યત્કૃતસેતુપાલા યત્કારણં વિશ્વમિદં ચ માયા ।।**
**આજ્ઞાકરી તસ્ય પિશાચચર્યા અહો વિભૂમ્નશ્ચરિતં વિડમ્બનમ્ ।।૨૮।।**

જેમણે કરેલા સેતુઓનું બ્રહ્મા વિગેરે પાલન કરનારા છે, આ વિશ્વનું જે કારણ છે તે માયા જેમની આજ્ઞામાં વર્તે છે, તે (મહાદેવ) પિશાચ જેવું આચરણ (કરે

છે). અહો ! સત્તાધીશનું (આવું) ચરિત્ર અનુકરણરૂપ છે. ૨૮.

જો સરસાઈનું કારણ ન હોય, તો આ (આચરણ) એવું (શાપથી થએલું) હોય. બ્રહ્મા વિગેરે લોકમાં સર્વથી ઉત્તમ છે. તેઓ મહાદેવે જે મર્યાદાઓ કરેલી છે તે મોક્ષ સુધી ચાલુ રહેતી હોવાથી સેતુરૂપ છે, તેમનું પાલન કરનારા છે, (શંકરની) આજ્ઞા ઉઠાવનારા છે, એવો અર્થ છે. વળી આ વિશ્વનું જે કારણ છે, 'યા' જે માયા કારણ છે જેનું (વિશ્વનું), તે માયા તેમની આજ્ઞામાં વર્તે છે, એવો અર્થ છે. જો શંકર આજ્ઞા આપે, તો માયા મહાદેવના ભોગ માટે કરોડો બ્રહ્માંડો રચે. એવી રીતે વિશ્વનાં કારણ માયાને, અને વિશ્વની પ્રવૃત્તિ કરાવનારા બ્રહ્મા વિગેરેને વશ રાખે છે, તે પિશાચ જેવું આચરણ કરે તે જેમ બ્રાહ્મણ આનંદમાં આવી પિશાચ વિગેરેના વેષ ધારણ) કરે-તેમ 'વિડમ્બનમ્' અનુકરણ જ છે; કારણ કે તે સત્તાધીશ છે. તેમનાથી બીજો કોઈ મોટો નથી કે જેને અનુકરણ કરીને તે આનંદ કરાવે. છતાં પણ (તેમ) કરે છે એ આશ્ચર્યકારક છે. તે (અર્થ) 'અહો !' શબ્દથી કહેલ છે. ૨૮.

એવી રીતે 'મહાદેવની ભક્ત (દિતિ)ને મહાદેવના ગુણો કહીને હું તેમનામાં ભક્તિવાળી કરીશ' એવી (ઈચ્છાથી મહાદેવની) સ્તુતિ કરી, છતાં કામ પ્રકટ થએલો હોવાથી તે અટકી નહિ, એમ નીચેના શ્લોકમાં કહે છે :

॥ મૈત્રેય ઉવાચ ॥

**એવં સંવિદિતે ભર્ત્રા મન્મથોન્મથિતેન્દ્રિયા ॥**
**જગ્રાહ વાસો બ્રહ્મર્ષેર્વૃષલીવ ગતત્રપા ॥૨૯॥**

પતિએ એ પ્રમાણે જણાવ્યું ત્યારે કામથી જેની ઈન્દ્રિયો વલોવાઈ હતી તેવી તેણે લજ્જા તજી શૂદ્ર સ્ત્રી પેઠે બ્રહ્મર્ષિનું વસ્ત્ર પકડ્યું. ૨૯.

(દિતિએ) વાણીથી (માગણી) કરી, તેનું વાણીથી જ સમાધાન કર્યું, તેથી તે (વાણીનો) ત્યાગ કરી, તેણે કાયાની ચેષ્ટા કરી. વળી તેણે (કશ્યપે) કહેલો અર્થ તેણે (દિતિએ) જાણ્યો ન હતો, એમ કહેવું યોગ્ય નથી. એ પ્રમાણે પતિએ સારી રીતે વાદ કર્યો અથવા સંવાદ કર્યો, અથવા (પતિએ કહેલું તેને) સારી રીતે 'વિદિતે' જાણવામાં આવ્યું; છતાં પણ 'મન્મથોન્મથિતાશયા' કામથી જેનું હૃદય વલોવાતું હતું તેવી તેણે વસ્ત્ર પકડ્યું. આવી ઉદ્ધતાઈ શૂદ્ર સ્ત્રીથી થાય, તેથી તેનું દૃષ્ટાંત (કહેલું છે). 'બ્રહ્મર્ષિનું' શબ્દથી (એમ જણાવ્યું છે કે કશ્યપે તેનામાં) ખળભળાટ કર્યો નહોતો, તેમ (તેને) મારી ન હતી. વસ્ત્ર પકડવાથી (પોતાને થએલ) ખળભળાટ જણાશે એવા વિચારથી વસ્ત્ર પકડ્યું. (તેને) વિવેક ધૈર્ય વિગેરે થયાં ન હતાં, એમ ઈન્દ્રિયોના વલોવાવાથી (જણાય છે). એકાંત હતું અને (કશ્યપ) પતિ હતો, તેથી તેણે લજ્જા તજી (એમ) કહેલું છે. ૨૯.

તેણે એમ કર્યું. ત્યારે જે થયું તે નીચેના શ્લોકમાં કહે છે :

**સ વિદિત્વાથ ભાર્યાયાસ્તં નિર્બન્ધં વિકર્મણિ ।।**
**નત્વા દિષ્ટાય રહસિ તયાઽથોપવિવેશ હ ।।૩૦।।**

પછી કર્મનો નાશ કરવામાં પત્નીનો તે આગ્રહ જાણીને કાલને નમન કરી, અહો ! પછી તેણે તેની સાથે એકાંતમાં આસન લીધું. ૩૦.

ઠગાઈ વિગેરે કર્યા નહિ એમ જણાવવા 'અથ' શબ્દ યોજેલ છે. (દિતિ) પત્ની હોવાથી પણ તેની ઈચ્છા પૂર્ણ કરવાની હતી. 'વિકર્મણિ' એટલે કર્મનો નાશ કરવામાં. કાલે તે કરેલ છે એમ જાણી, 'દિષ્ટાય' કાલને નમસ્કાર કર્યા. (માર્ગ ઉપરની ગતિ સિવાયની) ગતિના અર્થવાલા ક્રિયાપદનાં કર્મની બીજી અથવા ચોથી વિભક્તિ યોજાતી હોવાથી[1] 'દિષ્ટાય' માં ચોથી વિભક્તિ યોજેલી છે. 'રહસિ' એટલે એકાંતમાં, અગ્નિહોત્રનું સ્થલ તજી, બીજા ઘરમાં. 'અથ' 'પછી' એટલે વેદમાં કહેલા પ્રકારે ગર્ભાધાન કરવાના પ્રકારથી તેની સાથે આસન લીધું. મોટા પુરુષે કર્મનો નાશ કરવાની પ્રવૃત્તિ કરી એવું આશ્ચર્ય 'હ' 'અહો !' શબ્દથી (જણાવેલ છે). ૩૦.

૧. જૂઓ (પાણિનિ ૨-૩-૧૨)

એ પ્રમાણે ગર્ભાધાન કરીને પછી તેણે જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**અથોપસ્પૃશ્ય સલિલં પ્રાણાનાયમ્ય વાગ્યતઃ ।।**
**ધ્યાયઞ્જજાપ વિરજં બ્રહ્મ જ્યોતિઃ સનાતનમ્ ।।૩૧।।**

પછી જલથી સ્નાન કરી, પ્રાણાયામ કરી, વાણીનો સંયમ કરી, અવિદ્યાનો નાશ કરનાર પ્રકાશક સનાતન બ્રહ્મનું ધ્યાન ધરતાં (તેનો) જપ કર્યો. ૩૧.

અહિં પણ પ્રાયશ્ચિત્ત (કરે છે તેમ) દર્શાવવા અથવા કામ ન રહે વિગેરે માટે (અથ 'પછી') શબ્દથી જૂદો આરંભ કરેલો છે. 'સલિલમુપસ્પૃશ્ય' એટલે સ્નાન કરીને, 'પ્રાણાયામથી દોષો બાળવા' એ વાક્ય પ્રમાણે દોષો ન રહે તે માટે પ્રાણાયામ કરીને, વાણીનો સંયમ કરી એટલે તે (દિતિ)ને ધમકાવવાનું વિગેરે કર્યા વિના ધ્યાન ધર્યું. 'જ્યાતિઃ' સર્વનો પ્રકાશ કરનારું 'વિરજં' અવિદ્યાનો નાશ કરનારું બ્રહ્મ જ્ઞાનમાર્ગ પ્રમાણે ભગવાનનું ચરણારવિંદ છે, તેનું ધ્યાન ધરતાં જપ કર્યો, એટલે પ્રણવનું ધ્યાન ધરતાં પ્રણવનો જપ કર્યો, એવો અર્થ છે. ૩૧.

એ પ્રમાણે ઋષિએ (કરેલ) પ્રાયશ્ચિત્ત કહીને, નીચેના શ્લોકમાં તેના અપરાધનું પણ યોગ્યતા પ્રમાણે પ્રાયશ્ચિત્ત કહે છે :

**દિતિસ્તુ વ્રીડિતા તેન કર્માવદ્યેન ભારત ।।**
**ઉપસંગમ્ય વિપ્રર્ષિમધોમુખ્યભ્યભાષત ।।૩૨।।**

હે ભારત ! તે નિંદિત કર્મથી શરમાએલી દિતિએ તો વિપ્રર્ષિ પાસે જઈ, નીચું

મુખ રાખી (નીચે પ્રમાણે) કહ્યું. ૩૨.

'તુ' 'તો' શબ્દ પહેલાની સ્થિતિ જતી રહેલી હોવાનું જણાવવા (યોજેલ છે). કર્મમાં નિંદાએલું અગ્નિહોત્રમાં નિંદિત કર્મ[1] કર્યું, તે નિંદિત કર્મ. તેનાથી શરમાએલી. બીજુ (કર્મ) તો નિંદિત ન હતું. તેથી તે પ્રસિદ્ધ અપરાધથી શરમાએલી હોઈ, (વિપ્રર્ષિ) પાસે જઈ તેણે કહ્યું, એવો (વાક્યનો) સંબંધ છે. (વિદુરને) ભ્રમ ન થાય તે માટે 'હે ભારત!' એ સંબોધન (કરેલું છે). ભ્રમવાળી હોય તેજ (જૂદાં જૂદાં કર્મોને) સંપૂર્ણ રીતે એક પ્રકારનાં માને. કશ્યપ (કામના) પૂર્ણ કરનાર હોવાથી અને ભવિષ્યનો વૃત્તાંત જાણતો હોવાથી 'વિપ્રર્ષિ' છે. (પ્રાયશ્ચિત્ત કરે છે તેથી) બીજી શંકા ન રહે તે માટે (દિતિએ) નીચું મુખ રાખેલ. ૩૨.

૧. અગ્નિશાળામાં બ્રહ્મર્ષિનું વસ્ત્ર પકડ્યું તે; એવો અર્થ જણાય છે.

(શાસ્ત્રમાં) મના કરેલું આચરણ (કરેલ) ન હોવાથી[1] અહિં સ્મૃતિ વિગેરેમાં કહેલું પ્રાયશ્ચિત્ત કરતી નથી. કાલ પણ કર્મનું અંગ હોવાથી, સાક્ષાત્ અધર્મ કરાવનાર ન હતો. જેમ કસમયે કરેલો ધર્મ ન કરેલો થાય, તેમ કસમયે ઉત્પન્ન કરેલ ગર્ભ ન કરેલ થાય. તેમાં[2] માત્ર કાલ નાશ કરનાર પણ નથી કારણ કે કર્મ અને સ્વભાવ ઘણા બલવાન છે, અને દૈત્યો સ્વભાવમાં શ્રદ્ધાવાળા હોય છે. તેથી કાલના અધિષ્ઠાતા દેવ મહાદેવ કદાચ ગર્ભનો નાશ કરે. તેમાં પણ બ્રાહ્મણનો ક્રોધ હોય[3] તો તો મારી નાખેજ. તેથી બ્રાહ્મણનો ક્રોધ ન થાય તેવી પ્રાર્થના કરવા, તે (કશ્યપ) ને મહાદેવનો ભક્ત જાણી, (દિતિ) બાનું દેખાડી મહાદેવની પ્રાર્થના કરે છે[4]. વળી આ પ્રાર્થના (અમુક) કારણને લીધે થતી હોવાથી નીચેના શ્લોકમાં (તે) કારણ કહી, ઈચ્છેલા પદાર્થ તરીકે તે ન રહે તે પ્રથમ જણાવે છે.

૧. ''નિંદિત કર્મનું પ્રાયશ્ચિત કરવું જોઈએ તેને બદલે રુદ્રના અપરાધથી થતું અનિષ્ટ ન થવાની પ્રાર્થના કેમ કરી ?'' એવી શંકા થાય, તેથી કહે છે કે અધર્મ ઉત્પન્ન કરનાર વિષયનો વિચાર કરી આ પ્રાર્થના કરે છે. (પ્ર)

૨. 'તેમાં' એટલે ગર્ભમાં. (પ્ર)

૩. 'પુરુષ કર્મ માટે છે' એ નિયમ પ્રમાણે બ્રાહ્મણો કર્મના અંગ હોવાથી, કર્મનો નાશ કરનારી મારા ઉપર સર્વ જાણનારા તેઓ, ક્રોધ કરે તે સંભવતું હોવાથી (પ્ર)

૪. દુષ્ટ કર્મરૂપ અપરાધ ન રહે તે માટે જ પ્રાર્થના કરે છે. (પ્ર)

॥ દિતિરુવાચ ॥

**મા મે ગર્ભમિમં બ્રહ્મન્ભૂતાનામૃષભોઽવધીત્ ॥**
**રુદ્રઃ પતિર્હિ ભૂતાનાં યસ્યાકરવમંહસમ્ ॥૩૩॥**

હે બ્રહ્મન્! ભૂતોમાં શ્રેષ્ઠ, રુદ્ર, મારા આ ગર્ભનો નાશ ન કરો, કારણ કે રુદ્ર

જેમનો મેં અપરાધ કરેલો છે તે ઉત્પન્ન થએલા (પ્રાણી)ઓના પતિ છે. ૩૩.

આ ઉત્પન્ન થએલા ગર્ભનો રુદ્ર નાશ ન કરો. હે 'બ્રહ્મન્!' એ સંબોધન (કશ્યપમાં) તેનો ઉપાય કરવાની શક્તિ (હોવાનું) સૂચવે છે. 'ભૂતોમાં શ્રેષ્ઠ' શબ્દોથી નાશ કરવાના ઉપાય (નું કારણ) (કહેલું છે). ભૂતોની પ્રેરણાથી નાશ કરે, કારણ કે ભૂતો ગર્ભમાં પ્રવેશ કરી, (તેનો) સ્ત્રાવ કરે. 'તે (રુદ્ર) પ્રજાને ઉત્પન્ન કરનાર પ્રજાપતિ પ્રજાનો નાશ કેમ કરે ?' એવો પ્રશ્ન થાય, તેથી કહે છે કે તે 'ભૂતોના પતિ' છે. જે (પ્રાણીઓ) ઉત્પન્ન થએલા છે તેમના સ્વામી છે, કારણ કે રુદન કરાવે તેવા 'રુદ્ર' છે. અથવા તે બાલક ઉત્પન્ન થયા પછીજ રડે છે, ગર્ભમાં રહેલ રડતું નથી, તેથી ગર્ભ તેમનો ન હોવાથી ગર્ભનો નાશ કરે છે. એ પ્રમાણે (રુદ્ર) ગર્ભનો નાશ કરે એ વિષયનો તર્ક કહીને, 'જેમનો મેં અપરાધ કરેલો છે' એમ (તેનું) કારણ કહે છે. જેમનો મેં અપરાધ કરેલો છે તેવા (તે છે.) ૩૩.

એ પ્રમાણે કામના કહીને, તે પ્રાપ્ત થાય તે માટે રુદ્રની પ્રાર્થના કરે છે :

**નમો રુદ્રાય મહતે દેવાયોગ્રાય મીઢુષે ।।**
**શિવાય ન્યસ્તદણ્ડાય ધૃતદણ્ડાય મન્યવે ।।૩૪।।**

(૧) રુદ્ર (૨) ઉદાર (૩) દેવને, (૪) ઉગ્ર (૫) કામના પૂર્ણ કરનાર (૬) કલ્યાણ રૂપને (૭) જેમણે દંડ તજેલો છે (૮) જેમણે દંડ ધારણ કરેલ છે તેવા (૯) ક્રોધરૂપને નમસ્કાર. ૩૪.

અહંકાર ત્રણ ગુણવાળો હોવાથી તે (મહાદેવ) ત્રણ ગુણવાળા છે. તેથી નવ વિશેષણોથી તેમની પ્રાર્થના કરે છે. ઉદાર પુરુષોને પ્રસન્ન કરવાનું સાધન નમનજ છે. તે પૈકી (૧) આરંભમાં પ્રાણીઓ ઉપરની કૃપાને લીધે તેમણે રુદન કરેલું, તેથી તે કૃપાનું અહિં અનુસંધાન કરે એમ જણાવવા 'રુદ્રને' એમ કહેલું છે. (૨) અપરાધ ક્ષમા કરે તે માટે 'ઉદાર'ને (૩) પ્રાર્થનાને લીધે અપરાધ ક્ષમા કરે તે માટે 'દેવ'ને. આથી (આટલાથી) તામસ વિગેરે ત્રણ ગુણો કહ્યા. 'ઉગ્ર'થી આરંભી ત્રણ (વિશેષણો)થી તે ફરી કહે છે. (૪) બીજાની પ્રેરણાથી હણશે એવો આ મત 'ઉગ્ર' વિશેષણથી ખોટો ઠરાવે છે, કારણ કે ઉગ્રની પાસે કોઈપણ બોલી શકતું નથી. (૫) ત્યારે 'પ્રાર્થના કરીશ તોપણ હણશે' એવી શંકા થાય, તેથી માત્ર ઉગ્રજ નથી, પરંતુ સર્વની કામના પૂર્ણ કરનાર પણ છે, એમ 'કામના પૂર્ણ કરનાર' વિશેષણથી કહેલ છે. 'મીઢ્વાન્' એટલે શ્રેષ્ઠ પતિ, કામના પૂર્ણ કરનાર, એવો અર્થ છે. વળી (૬) તે માત્ર ફલ આપનારજ નથી, પણ ફલરૂપ પણ છે, એમ 'શિવાય' વિશેષણથી કહે છે. (તે) કલ્યાણરૂપ છે તેથી પ્રાર્થના કરવાથી હણશે નહિ અને કલ્યાણ કરશે એમ કહેલું છે. ફરી ત્રીજા ફેરામાં 'જેમણે દંડ તજેલો છે' વિગેરે વિશેષણોથી સત્ત્વ વિગેરે ગુણો કહે

છે. (૭) કારણ કે તેમણે પહેલાં દક્ષને હણી, ઘણો ઉપદ્રવ થયો ત્યારે દંડ તજી દીધેલ. આ (ગર્ભ) પણ બ્રાહ્મણનું બીજ છે. તેથી (તેને) હણે નહિ તે માટે મહાદેવ પહેલાં કરેલ આ વૃત્તાંતનું 'જેમણે દંડ તજેલો છે' વિશેષણથી સ્મરણ કરાવે છે. (૮) 'ત્યારે તેમણે પોતાની મેળેજ દંડ તજેલો હોવાથી પ્રાર્થના વ્યર્થ છે' એવી શંકા થાય, તેથી 'જેમણે દંડ ધારણ કરેલ છે' વિશેષણ કહેલું છે. દુષ્ટોને હણવા દંડ ધારણ કરેલો જેમણે તેવા (તે છે). (૯) 'ત્યારે તું પોતાની મેળેજ પ્રાર્થના કર, મારી આગળ કહેવાથી શું લાભ ?' એવી શંકા થાય, તેથી 'ક્રોધરૂપને' એમ કહેલું છે, કારણ કે તે બ્રાહ્મણના ક્રોધરૂપ છે. બ્રાહ્મણના ક્રોધથીજ પ્રકટ થાય છે, બીજી રીતે (પ્રકટ થતાં) નથી. તેથી તમે (કશ્યપ) પ્રસન્ન થશો ત્યારેજ (હણતા) અટકશે, બીજી રીતે (અટકશે) નહિ, એવો અર્થ છે. ૩૪.

એ પ્રમાણે નમસ્કારથી રુદ્રની પ્રાર્થના કરી પહેલાંનો અપરાધ દૂર કરી, પતિને પ્રસન્ન કરવા માટે જ્યાં સુધી અહંકાર રહેલો હોય ત્યાં સુધી (તેમની) પ્રસન્નતા અશક્ય હોવાથી, તે અહંકાર દૂર કરવા મહાદેવનીજ પ્રાર્થના કરે છે :

**સ નઃ પ્રસીદતાં ભામો ભગવાનુર્વનુગ્રહઃ ।।**
**વ્યાધસ્યાપ્યનુકમ્પ્યાનાં સ્ત્રીણાં દેવઃ સતીપતિઃ ।।૩૫।।**

શિકારીએ પણ દયા રાખવા યોગ્ય અમો સ્ત્રીઓ ઉપર, તે ઘણી કૃપા કરનાર મારા બનેવી સ્ત્રીઓના દેવ સતીના પતિ ભગવાન્ પ્રસન્ન થાઓ. ૩૫.

'તે' ઉપર (જણાવેલા મહાદેવ) 'નઃ' અમારા ઉપર પ્રસન્ન થાઓ. કારણ કે 'ભામઃ' બનેવી છે. 'તે પોતેજ પ્રસન્ન થાય એટલુંજ નહિ, પણ (મારા) પતિને પણ (મારા ઉપર) પ્રસન્ન કરો' એવા વિચારથી, તેવું સામર્થ્ય (તેમનામાં) છે એમ જણાવવા 'ભગવાન્' એમ કહેલું છે. ''તે અપરાધ કરેલો છે ત્યારે શિક્ષા ન કરે તેજ ઘણું છે, કૃપા કેમ કરે ?'' એવી શંકા થાય, તેથી 'ઘણી કૃપા કરનાર' વિશેષણ કહેલું છે. ઘણી કૃપા છે જેમની તેવા (તે છે). પ્રાર્થના કરવામાં આવે, ત્યારે માત્ર શિક્ષા ન કરે એટલું જ નહિ, પણ ફલ પણ આપે છે એવો અર્થ છે. વળી અમારા ઉપર કૃપા કરવી એજ યોગ્ય છે, કારણ કે અમો સ્ત્રીઓ છીએ, તેથી શિકારીએ પણ દયા રાખવા યોગ્ય છીએ; કારણ કે તે પણ (અર્થ=ધન) પુરુષાર્થ માટેજ (પ્રાણીઓને) હણે છે. અર્થ કરતાં કામ મોટો (પુરુષાર્થ) છે, અને તે સ્ત્રી હોય ત્યારેજ થાય છે. તેથી શિકારીએ પણ હણવા યોગ્ય નથી, કારણ કે સ્ત્રીઓ હોઈ, સર્વને આનંદ આપનારી હોવા છતાં પોતે અકૃતાર્થ રહેતી હોઈ દયા રાખવા યોગ્ય છીએ. વળી તે (મહાદેવ) સ્ત્રીઓના દેવ છે, કારણ કે સ્ત્રીઓ ગૌરીનુંજ (તેના) પતિ સાથે પૂજન કરે છે, અથવા તે (મહાદેવ)જ ક્રીડા કરનાર હોવાથી (તેમનું પૂજન કરે છે). વળી તે સતીના પતિ

હોવાથી સ્ત્રીઓનો સ્વભાવ જાણનારા છે. તેથી (પ્રસન્ન થાઓ).૨૫.

એ પ્રમાણે (દિતિએ) મહાદેવની સ્તુતિ કરી ત્યારે અર્ધ[1] પ્રસન્ન થએલા કશ્યપે (તેના ઉપર) ક્રોધ અને કૃપા કર્યા એમ નીચેના શ્લોકમાં કહે છે :

।। મૈત્રેય ઉવાચ ।।

**સ્વસર્ગસ્યાऽऽશિષં લોક્યામાશાસાનાં પ્રવેપતીમ્ ।।**
**નિવૃત્તસન્ધ્યાનિયમો ભાર્યામાહ પ્રજાપતિઃ ।।૩૬।।**

પોતાના ગર્ભ માટે લોકમાં પ્રસિદ્ધ આશિષની કામના કરતી ધ્રૂજતી પત્નીને સંધ્યાના નિયમ જેણે પૂર્ણ કરેલ તેવા પ્રજાપતિએ (નીચે પ્રમાણે) કહ્યું. ૩૬.

પોતાના 'સર્ગસ્ય' ગર્ભ માટે 'લોક્યાં' સર્વ લોકમાં પ્રસિદ્ધ આશિષની 'આશાસાનાં' કામના કરતી, 'શું થશે ?' એવા વિચારથી 'પ્રવેપતીમ્' ઘણી ધ્રૂજતી (પત્ની)ને–પત્ની હોવાથી અવશ્ય કહેવું જોઈએ તેવીને–પોતે સંધ્યાના નિયમ જેણે પૂર્ણ કરેલ છે તેવો થઈ (નીચે પ્રમાણે) કહ્યું. (કશ્યપ) પ્રજાપતિ હોવાથી (તેનું) વચન કઠોર છે. તેવું ન હોય, તો બધીએ (સ્ત્રીઓ) તેમ (વર્તન) કરે. દયાને લીધે અને કહેવાનું જરૂરી હોવાથી (તે વચન) યોગ્ય છે. ૩૬.

૧. કશ્યપે પોતે દિતિ માટે મહાદેવનું માહાત્મ્ય કહેલું, તેનો દિતિએ આદર કરવાથી તે પ્રસન્ન થયો. કશ્યપ પોતે ભગવાનનો ભક્ત હોવાથી, ભગવાનનો આદર ( દિતિએ ) દર્શાવેલ ન હોવાથી તે અપ્રસન્ન થયો. તેથી 'અર્ધ પ્રસન્ન' થએલો કહેલ છે. ( પ્ર ) કશ્યપ ભગવાનનો ભક્ત હોવાનું શ્લોક ૩૩ ના આભાસથી વિરુદ્ધ જણાય છે. મહાદેવની સ્તુતિ કરી પ્રાયશ્ચિત્ત થોડું પણ કર્યું, તેથી અર્ધ પ્રસન્ન થયો એમ કહેલ હોવાનું જણાય છે. શ્લોક ૩૩ના આભાસ પ્રમાણે તે મહાદેવનો ભક્ત છે એમ દિતિ માનતી.

આરંભમાં ચાર શ્લોકોથી (દિતિના) દોષનું ફલ કહે છે :

।। કશ્યપ ઉવાચ ।।

**અપ્રાયત્યાદાત્મનસ્તે દોષાન્મૌહૂર્તિકાદુત ।।**
**મન્નિદેશાતિચારેણ દેવાનાં ચૈવ હેલનાત્ ।।૩૭।।**
**ભવિષ્યતસ્તવાભદ્રાવભદ્રે જાઠરાધમૌ ।।**
**લોકાન્ સપાલાન્ સ્ત્રીંશ્ચણ્ડિ મુહુરાક્રન્દયિષ્યતઃ ।।૩૮।।**

તારો દેહ અપવિત્ર હોવાથી, અને સમયના દોષને લીધે, વળી મારી આજ્ઞાના ઉલ્લંઘનને લીધે અને વળી દેવોની અવગણનાને લીધે હે દુષ્ટ સ્ત્રી ! તારા બે દુષ્ટ, જઠરના દોષને લીધે અધમ (પુત્રો) થશે. હે ચંડિ ! તેઓ લોકપાલો સાથે ત્રણ લોકોને વારંવાર રડાવશે. ૩૭.

કૃપા (કરવા) છતાં વિરુદ્ધ ફલ જરુરી છે એમ જણાવવા, કારણ તરીકે તેના

ચાર દોષો કહે છે. (૧) '(તારો દેહ) અપવિત્ર હોવાથી' એમ પહેલો દોષ કહે છે. તારો 'આત્મનઃ' દેહ 'અપ્રાયત્વાત્' સંયમ રહિત, રજસ્વલા હોવાથી, એવો અર્થ છે. (૨) સમયનો દોષ સંધ્યારૂપ હતો. તેમાં ઉત્પન્ન થએલો દુષ્ટ હોય છે અને જીવતો નથી. 'ઉત' શબ્દ 'અને' અર્થવાળો છે. સૂતકની પેઠે એક દોષ બીજા દોષને દૂર કરતો નથી, પરંતુ (તેમાં) ભળે છે એવો અર્થ છે. (૩) 'મારી આજ્ઞાના ઉલ્લંઘનને લીધે' એમ ત્રીજો દોષ કહે છે. મારી આજ્ઞાનું ઉલ્લંઘન તે કર્યું તેથી, આમાં પણ 'ઉત' 'અને' શબ્દ ઉંબરા (ઉપર)નો[1] હોવાથી (તેવો છે.) (૪) 'દેવોની અવગણનાને લીધે' એમ ચોથો દોષ કહે છે. 'દેવોની' એટલે ભૂતોના અથવા ગાર્હપત્ય વિગેરે (અગ્નિઓ)ની 'હેલના' અવગણનાને લીધે. ૩૭.

એ પ્રમાણે ચાર દોષોને લીધે, તને બે પુત્રો થશે. કારણ કે એક એક (પુત્ર)માં બે દોષો ઉતરેલા છે, એમ આડત્રીસમા શ્લોકમાં કહે છે. તે પૈકી હિરણ્યાક્ષમાં પહેલા બે (દોષો ઉતરેલા છે), કારણ કે તે તરત મરશે અને તપ વિગેરે કરશે નહિ. પુત્રોમાં (માત પિતા) બંનેના અંશો હોવા છતાં, માતાના દોષથીજ તેઓ દુષ્ટ થવાના છે એમ જણાવવા 'હે દુષ્ટ સ્ત્રી !' એવું સંબોધન (કરેલ છે). તેથી તેઓ પણ દુષ્ટ થશે. 'માતા ચામડાની કોથળી છે. પુત્ર પિતાનો છે' એવું શાસ્ત્ર (નું વચન) હોવાથી બીજ દુષ્ટ ન હોવા છતાં, તેઓ દુષ્ટ કેમ થશે ?'' એવી શંકા થાય, તેથી 'જાઠરાધમૌ' વિશેષણ કહેલું છે. જઠરમાં (પ્રાપ્ત) થએલા દોષને લીધે, જેમ ઉત્તમ બીજ પણ શૂદ્ર સ્ત્રીમાં પ્રવેશેલું શૂદ્રપણું પ્રાપ્ત કરે છે તેમ-(તે) બે અધમ થશે, એવો અર્થ છે. ઉત્તરાર્ધથી તેઓનો દોષ કહે છે. (૧) લોકપાલો સાથે લોકોને વારંવાર રડાવશે. રુદ્રના સમયમાં ઉત્પન્ન થએલા હોવાથી રડાવનારા થશે. 'હે ચંડિ !' એટલે ક્રોધ કરવાના સ્વભાવવાળી ! આ દોષ પણ તારોજ છે. ૩૮.

૧. શ્લોકનો પૂર્વ અર્ધ પૂરો થાય તે સ્થલ ( બે ઓરડા વચ્ચેના ) ઉંબરા જેવું હોવાથી, ઉત્તરાર્ધ સાથે પણ ( ત્યાં આવેલ ) 'ઉત' શબ્દનો સંબંધ છે. ( પ્ર )

એ પ્રમાણે તે બેનો એક દોષ કહીને બીજા ત્રણ દોષો કહે છે :

**પ્રાણિનાં હન્યમાનાનાં દીનાનામકૃતાગસામ્ ।।**
**સ્ત્રીણાં નિગૃહ્યમાણાનાં કોપિતેષુ મહાત્મસુ ।।૩૯।।**

જ્યારે ગરીબડાં દોષરહિત પ્રાણીઓનો વધ થશે, સ્ત્રીઓનો જ્યારે નિગ્રહ થશે અને મહાત્માઓને જ્યારે ક્રોધ ઉત્પન્ન કરશે....૩૯.

(૨) પ્રાણીઓ દોષવાળા હોવા છતાં, ગરીબડાંઓનો વધ (કરવો) યોગ્ય નથી. તેમાં પણ દોષરહિત પ્રાણીઓનો) વધ કરશે, એવો એક દોષ (કરશે). (૩) સ્ત્રીઓનો નિગ્રહ કરશે, એ બીજો દોષ. નિગ્રહ એટલે પતિવ્રતપણાંનો ત્યાગ

કરાવવો. અને (૪) 'મહાત્માઓને ક્રોધ ઉત્પન્ન કરશે' એ જૂદો (દોષ કરશે). ભગવાનની સેવામાં વિઘ્ન થવાથી તેમને ક્રોધ (થશે). ૩૯.

એ પ્રમાણે ચાર દોષો થશે ત્યારે 'ભક્તનો દ્રોહ કરવામાં આવે ત્યારે વધ (શિક્ષા) મનાએલ છે' એ વાક્ય પ્રમાણે પરમેશ્વર તે બેને હણશે એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તદા વિશ્વેશ્વરઃ ક્રુદ્ધો ભગવાંલ્લોકભાવનઃ ।।**
**હનિષ્યત્યવતીર્યાસૌ યથાઽદ્રીન્ શતપર્વધૃક્ ।।૪૦।।**

ત્યારે જેમ વજ્ર ધારણ કરનારે પર્વતોનો નાશ કર્યો તેમ કાપેલા વિશ્વેશ્વર લોકનું પાલન કરનાર આ ભગવાન્ અવતાર લઈ (તેમને) હણશે. ૪૦.

હણવાનું કારણ 'વિશ્વેશ્વર' શબ્દથી (કહેલું છે), કારણ કે જગતમાં બે ઈશ્વર ન હોય. વળી ભક્તોને પીડા કરવાથી 'કોપેલા' હશે. 'ભગવાન્' શબ્દથી એમ સૂચવેલું છે કે વૈકુંઠમાં (તેમણે કરેલો) અપરાધ દૂર થાય તે માટે તેવી યોનિ (તેમને) તજાવશે. 'લોકનું પાલન કરનાર' હોવાથી મર્યાદાનું રક્ષણ થાય તે માટે પણ (તેમને) હણશે. સ્વામી સેવકને પોતે જ હણે તે અયોગ્ય હોવાથી, (તેમને) વરાહ અને નૃસિંહ રૂપે અવતાર લઈને હણશે. 'આ' શબ્દથી તે અહિંજ હોવાથી હણવાનો (તેમનો) જરૂરી ધર્મ હોવાનું સૂચવેલ છે. 'વજ્ર ધારણ કરનાર' શબ્દથી એવો અર્થ (કહેલો છે) કે જેમ પ્રાણીઓનું દુઃખ દૂર કરવા ઈન્દ્રે હાથમાં વજ્ર ધારણ કરી ભાર સહિત ઉડતા પર્વતોની પાંખો કાપી, તે પ્રમાણે ઈશ્વરે તેવાનો વધ કરવો જરૂરી છે. ૪૦.

પતિએ ક્રોધથી અનિષ્ટ સંભળાવ્યું, ત્યારે વિષ્ણુની ભક્ત તે (દિતિ) (પોતાના) બે પુત્રોને ભગવાનનો સંબંધ (થવાનું) સાંભળી પ્રસન્ન થઈ, અને 'તેમ થાઓ' એમ કહી (તેણે તે વચનનું) અનુમોદન કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છે :

।। દિતિરુવાચ ।।

**વધં ભગવતા સાક્ષાત્સુનાભોદારબાહુના ।।**
**આશાસે પુત્રયોર્મહ્યં મા ક્રુદ્ધાદ્બ્રાહ્મણાત્પ્રભો ।।૪૧।।**

સુદર્શન જેમના શોભિતા બાહુમાં હોય તેવા ભગવાન્ સાક્ષાત્ મારા બે પુત્રોનો વધ કરે તેની હું આકાંક્ષા રાખું છું. હે પ્રભો ! કોપેલા બ્રાહ્મણથી ( તેમનો ) વધ ન થાઓ. ૪૧.

તેણે (કશ્યપે) પહેલાં 'મહાત્માઓને જ્યારે ક્રોધ ઉત્પન્ન કરશે' (શ્લો.૩૯) એમ મહાપુરુષનો ક્રોધ કહેલો, તે શાપમાં ન પરિણમો, (કારણ કે) ભગવાન્ વધ કરે તોપણ તે (તેવા) શાપથી સુંદર ફલ (પ્રાપ્ત) ન થાય. તેથી તે (તેવા શાપ) વિના, બ્રાહ્મણની પ્રેરણા વિના માત્ર ભગવાનજ (તેમનો વધ) કરો, એવી પ્રાર્થના કરે છે.

'સાક્ષાત્' એટલે પોતાના હસ્તથી, પણ કાલ વિગેરેથી નહિ. 'સુદર્શન જેમના શોભિતા બાહુમાં હોય તેવા' શબ્દથી (એમ કહેલું છે કે) વધ પણ સુદર્શનથીજ, (અને) હસ્તથીજ (ભગવાન્ કરો), કારણ કે હસ્તજ મોક્ષ વિગેરે સર્વ પુરુષાર્થો આપનાર છે. 'હું આકાંક્ષા રાખું છું' એટલે આ લાભ ઘણો દુર્લભ છે, પરંતુ કોપેલા બ્રાહ્મણથીજ વધ (થાય તે) ઈષ્ટ નથી. તેવો વર આપો, એમ તેનું (તે આપવાનું) સામર્થ્ય 'હે પ્રભો !' એ સંબોધનથી સૂચવેલ છે. ૪૧.

બ્રાહ્મણથી વધ (થાય તે) ઘણો નિંદિત છે એમ કહેવા, નીચેના શ્લોકમાં તે પરલોકનો નાશ કરનારો હોવાનું કહે છે :

**ન બ્રહ્મદણ્ડદગ્ધસ્ય ન ભૂતભયદસ્ય ચ ।।**
**નારકાશ્ચાનુગૃહ્ણન્તિ યાં યાં યોનિમસૌ ગતઃ ।।૪૨।।**

બ્રાહ્મણના દંડથી બળેલો અને પ્રાણીઓને ભય આપનારો–જે જે યોનિમાં તે જાય–ત્યાં નરકવાસીઓ પણ તેનો સ્પર્શ કરતા નથી. ૪૨.

બ્રાહ્મણના દંડથી, એટલે બ્રાહ્મણના શાપરૂપ અગ્નિથી, કારણ કે દંડ મજબૂત કાષ્ઠરૂપ હોય છે, તેમાં રહેલો અગ્નિ પૂરેપૂરા જ બાળે. તેનું કારણ 'પ્રાણીઓને ભય આપનારો' વિશેષણથી (કહેલું છે). બ્રાહ્મણના દંડથી બળેલોજ પ્રાણીઓને ભય આપે છે, કારણ કે પોતે દુઃખને જાણનારો બીજો કોઈ બીજાને દુઃખ આપતો નથી. બ્રાહ્મણના શાપથી તો જ્ઞાન વિગેરેનો નાશ થવાથી તેમ કરવા (બીજાને દુઃખ આપવા) શક્તિમાન થાય છે. અથવા (નરકવાસીઓ સ્પર્શ ન કરે તેનું આ) જૂદું કારણ (કહેલું છે). 'ચ' 'અને' શબ્દથી ભગવાનનો દ્વેષ કરનારા કહેલા છે. નરકવાસીઓ પણ તેમના સંબંધવાળાનો અથવા તેમનો સ્પર્શ કરતા નથી. બીજીના પણ અર્થમાં છઠ્ઠી વિભક્તિ (યોજેલી છે). 'ચ' 'અને' શબ્દ હોવાથી. બીજાઓ પણ (તેમનો સ્પર્શ કરતા નથી). અથવા 'અને' શબ્દ 'પણ'ના અર્થમાં યોજેલો છે. નરકવાસીઓ પણ તેનો સ્પર્શ કરતા નથી, એવો અર્થ છે. 'તે' એટલે બ્રાહ્મણના દંડથી બળેલો વિગેરે, જે જે યોનિમાં જાય (ત્યાં સ્પર્શ કરતા નથી). નરકવાસીઓ બે પ્રકારના છે (૧) જૂદા જૂદા સ્થાનમાં રહેનારા (અને ૨) જૂદી જૂદી યોનિવાળા. તે પૈકી જૂદી યોનિવાળામાં દેહનો સંબંધ વધારાનો હોય છે, તેથી તેઓ કદાચ સ્પર્શ કરે. તેમ થતું નથી એમ જણાવવા 'જે જે યોનિમાં તે જાય' એમ કહેલું છે. ૪૨.

કશ્યપ તેને ભગવાનની ભક્ત જાણીને, પોતાનું બીજ પણ લાભકારી (થવાનું છે એમ) જોઈને, નીચેના શ્લોકથી આરંભી સાત (શ્લોકો)થી વર આપે છે :

।। કશ્યપ ઉવાચ ।।

**કૃતશોકાનુતાપેન સદ્યઃ પ્રત્યવમર્શનાત્ ।।**

**ભગવત્યુરુમાનાચ્ચ ભવે મય્યપિ ચાદરાત્ ।।૪૩।।**
**પુત્રસ્યૈવ તુ પુત્રાણાં ભવિતૈકઃ સતાં મતઃ ।।**
**ગાસ્યન્તિ યદ્યશઃ શુદ્ધં ભગવદ્યશસા સમમ્ ।।૪૪।।**

(તેં) કરેલા શોક અને પશ્ચાત્તાપને લીધે, તરતજ અપરાધ ક્ષમા કરાવ્યો તેથી, ભગવાનમાં ઘણો આદર હોવાથી, તેમજ શંકરમાં અને મારામાં પણ આદર હોવાથી, (તારા) પુત્રના પુત્રો પૈકી એક સત્પુરુષોનો સન્માનિત થશે, જેના શુદ્ધ યશનું ભગવાનના યશની સાથે ગાન કરશે. ૪૩, ૪૪.

તારો પૌત્ર વૈષ્ણવ થશે, એવો વર (આપે છે).

**કારણે ષડ્ગુણાઃ ક્ષેત્રે કાર્યે બીજસ્વભાવતઃ ।।**
**અષ્ટાદશ ગુણા જાતાસ્તે કીર્ત્યન્તે ક્રમાદિમે ।।૧૬।।**

કારણ ક્ષેત્ર (માતા)માં છ ગુણો થયા. બીજના સ્વભાવને લીધે કાર્ય (પુત્ર)માં અઢાર ગુણો થયા. આ તે ગુણો અનુક્રમે કહેવામાં આવે છે. કા. ૧૬.

તે પૈકી આરંભમાં તે (દિતિ)ના છ ગુણો કહે છે. (૧) કરેલું જે કર્મ, તેનો, 'મેં મારા પુરુષાર્થનો નાશ કર્યો' એમ જેમ પુત્ર વિગેરેનો નાશ થતાં શોક થાય, તેમ શોક કર્યો. એ પ્રમાણે ભોગ કરેલ હોવા છતાં, ગર્ભ રહેલો હોવા છતાં શોક (કર્યો). (૨) 'અનુતાપઃ' 'મેં શા માટે (એમ) કર્યું' એવો પશ્ચાત્તાપ (કર્યો). કરનારને દુઃખ ઉત્પન્ન કરવામાં સમાનપણાને લીધે, (શોક અને પશ્ચાત્તાપ) બંનેની એક જેવી સ્થિતિ છે. (૩) 'સદ્યઃ પ્રત્યવમર્શનાત્' શબ્દથી જૂદો (ત્રીજો) ગુણ કહે છે. 'પ્રત્યવમર્શન' એટલે અપરાધ ક્ષમા કરાવવો તે. અહિં (મારી પાસે) વિનયથી આવી અને પ્રાર્થના કરી, તે અપરાધ ક્ષમા કરાવવાનું (થયું) (૪) ભગવાનમાં ઘણો આદર. 'ભગવાન્ સાક્ષાત્ વધ (કરે)' (શ્લો.૪૧) એમ પુત્રો કરતાં પણ ભગવાનનું અધિક સન્માન કર્યું. લોકમાં પુત્રને હણનારનો ઘણો દ્વેષ કરવામાં આવે છે, તેનું જ્યારે ઘણું સન્માન કરે ત્યારે તે ઉત્તમ ગુણ છે. (૫-૬) 'શંકરમાં અને મારામાં પણ આદર હોવાથી' શબ્દોથી બે ગુણો કહે છે. 'મારા ગર્ભને' (શ્લો.૩૩) વિગેરેથી શંકરનો આદર સૂચવેલો છે. 'હે પ્રભો !' (શ્લો.૪૧) એવું સંબોધન કરી અથવા બ્રાહ્મણોની સરસાઈ જણાવી, મારામાં આદર (દર્શાવ્યો). ૪૩.

આ છ ગુણોને લીધે, (તારા) એક મોટા (પુત્ર)ના ચાર પુત્રો પૈકી એક ત્રીજો (પુત્ર) સત્પુરુષોનો સન્માનિત થશે. આથી વંશની વૃદ્ધિ (થવાનું) સૂચવ્યું. (૧) 'સત્પુરુષોનો સન્માનિત' એટલે તેમનાં પ્રમાણરૂપ. તેમ ન હોત, તો 'સારો' અથવા 'ઘણો સારો' એમ કહેત. સન્માનિત હોવાનું તો પ્રમાણપણાથીજ જણાય. આથી એમ કહેલું છે કે ભગવન્માર્ગમાં તે પ્રમાણ છે. (૨) ઉત્તરાર્ધથી તેનું પ્રમેયપણું કહે છે.

જેના સંબંધમાં કોઈપણ સમયે ફલથી તેમજ સાધનથી વિરુદ્ધ જ્ઞાન ન થાય, તેજ પ્રમેય થવા (તેનુંજ જ્ઞાન પ્રાપ્ત કરવું) યોગ્ય છે. તેથી જ્યારે ભગવાનના યશનું ગાન કરવામાં આવે છે, ત્યારે તેના આધાર તરીકે પ્રહ્લાદના યશનું ગાન કરવામાં આવે છે. આધાર અને જેનો તે આધાર છે તે સરખાં હોવાથી સમાન છે. ભક્તો આધાર હોવાનું પહેલાં કહેલું છે. (પ્રહ્લાદનો યશ) 'શુદ્ધ' છે એટલો ખાસ ગુણ છે. (થોડા) અંશથી આધાર નથી એમ જણાવવા 'સમમ્' 'સાથે' શબ્દ (યોજેલો છે). અથવા 'ભગવદ્યશસા' 'ભગવાનના યશથી' એમ (પ્રહ્લાદનો યશ) શુદ્ધ અને તેમની) સમાન હોવાનું સાધન કહેલું છે, કારણ કે દૈત્યોનો યશ ઘણા ભાગે એકસરખો હોતો નથી. અને (આ) મતાંતર હોવાથી પણ 'જેમ નલ રાજા પુણ્યશ્લોક હતો' (કહેવાય છે), તેમ (પ્રહ્લાદના યશને ભગવાનના યશની) સમાન કહેવામાં પણ કાંઈ દોષ નથી. તેથીજ લોકો (પ્રહ્લાદના યશનું) ગાન કરશે. ૪૪.

એ પ્રમાણે સામાન્ય રીતે પ્રમેયપણું સિદ્ધ કરી નીચેના શ્લોકમાં તે વિશેષ પ્રકારે સિદ્ધ કરે છે :

**યોગૈર્હેમેવ દુર્વર્ણં ભાવયિષ્યન્તિ સાધવઃ ।।**
**નિર્વૈરાદિભિરાત્માનં યચ્છીલમનુવર્તિતુમ્ ।।૪૫।।**

જેમ હલકાં સુવર્ણને બીજા પદાર્થના સંબંધોથી શુદ્ધ કરવામાં આવે છે, તેમ જેનાં વર્તનને અનુસરવા વૈરરહિતપણું વિગેરેથી સત્પુરુષો પોતાને શુદ્ધ કરશે. ૪૫.

(૩) જેમ કુંદન બનાવનારાઓ સુવર્ણને કલ્ક વિગેરેથી શુદ્ધ કરે છે, (કારણ કે) જો સંપૂર્ણ પ્રકારે દોષરહિત હોય તો તે બીજી જાતનાને અને પોતાની જાતનાને આધારરૂપ થાય છે. ત્યાં કસોટી ઉપર (શુદ્ધ હોવાનું) જણાય ત્યારે (તે) હલકાં પણ પોતાની જાતનાંનો હીરાની પેઠે ભગવાન્ સાથે સંબંધ કરાવી શકે છે, તેમ પોતાને પણ (સત્પુરુષે) શુદ્ધ કરવા જોઈએ. તેથી જેમ સુવર્ણમાં રહેલાં રુપું વિગેરે દોષ દૂર કરવામાં આવે છે, તેમ પોતાની અંદર પણ રહેલા વૈર વિગેરે દોષો દૂર કરવા જોઈએ. તેથી વૈરરહિત થવાનો નિશ્ચય જાણવો જોઈએ. પ્રહ્લાદ તો જન્મથી તેવા ગુણવાળો હતો. તેથી જેમ 'ચિત્તમાં તેવાં રૂપવાળો હોવાથી તેટલા (તેવા) રૂપથી (ભોગ કરે છે)' એ બ્ર.સૂ. ૪-૪-૬ પ્રમાણે સાધનોથી બ્રહ્મના ચૈતન્ય જેવું પોતાનું ચૈતન્ય કરવામાં આવે, અથવા ભગવાનની કૃપાથી ભગવદ્ભાવ પ્રાપ્ત કરવામાં આવે, તેમ સત્પુરુષ થવાય તે માટે, બીજાઓને ભગવદ્ભાવ પ્રાપ્ત કરાવાય તે માટે પ્રહ્લાદ (જેવી) સ્થિતિ પણ પ્રાપ્ત કરવામાં આવે છે. તે (અર્થ) કહે છે કે જેમ સુવર્ણને શુદ્ધ કરે છે, તેમ સત્પુરુષો એટલે પરોપકાર (કરવા)માં આનંદ માનનારાઓ તે (પ્રહ્લાદ)નાં વર્તનને અનુસરવા વૈરરહિતપણું વિગેરેથી પોતાને શુદ્ધ કરશે. ૪૫.

એ પ્રમાણે પ્રમેયપણું જણાવી, નીચેના શ્લોકમાં ફલપણું કહે છે :

**યત્પ્રસાદાદિદં વિશ્વં પ્રસીદતિ યદાત્મકમ્ ।।**
**સ સ્વદગ્ભગવાન્ યસ્ય તોષ્યતેઽનન્યયા દશા ।।૪૬।।**

જેમની પ્રસન્નતાથી જેમનારૂપ આ વિશ્વ પ્રસન્ન થાય છે, તે પોતાને (સર્વત્ર) જોનાર ભગવાન્ જેની અનન્ય દષ્ટિથી પ્રસન્ન થશે...૪૬.

(૪) ભગવાન્ જેનાથી પ્રસન્ન થશે. જો કે સર્વ પોતારૂપ હોવાથી સ્વરૂપથી (ભગવાન્) પ્રસન્નજ (હોય છે), છતાં પણ સાધનથી પ્રસન્ન થએલાને (અહિં) પ્રસન્ન થએલા કહેલ છે. તે (અર્થ) 'જેની અનન્ય દષ્ટિથી' શબ્દોથી કહેલ છે. પ્રાણીઓને દશ ઈન્દ્રિયો, ચાર અંતઃકરણ, આત્મા અને દેહ એમ અંદરની સોળ દષ્ટિઓ[૧] હોય છે. પ્રાણ સાથે સત્તર (દષ્ટિઓ) હોય છે. તેના સંબંધી બહારના પુત્ર વિગેરે સત્તર હોય છે. એવી જેની ચોતરીસે દષ્ટિઓ ભગવાનના સંબંધની (ભગવાનને જોનારી) થાય, તે અનન્ય દષ્ટિવાળો સર્વભાવથી શરણ આવેલો થાય. ત્યારે સર્વ પદાર્થ બનેલા ભગવાન્ પ્રસન્ન થાય છે.

''ભગવાનની પ્રસન્નતાનેજ ફલ કેમ કહો છો ?કારણ કે વિશ્વજ ફલરૂપ છે. તેમ ન હોય તો ભગવાન્ વિશ્વમાં રમણ ન કરે'' એવી શંકા થાય, તેથી કહે છે કે ભગવાનની પ્રસન્નતાથી આ બધું વિશ્વ પ્રસન્ન થાય છે. ભગવાન્ પ્રસન્ન થાય, ત્યારે જ વિશ્વ પ્રસન્ન થાય છે. અનુસંધાન જૂદું કરવાથી, કાર્ય અને કારણની સ્થિતિ જણાય છે, તેમ ન હોય તો કાર્યમાં[૨] બીજા સાધનની પણ જરુર પડે. તેથી ભેદ નથી એમ જણાવવા 'જેમનારૂપ' શબ્દ કહેલ છે. ભગવદ્રૂપજ વિશ્વ (હોવાથી), ભગવાન્ પ્રસન્ન થતાં (તે) પ્રસન્નજ થાય. પછી આ (પ્રસન્ન થએલ ભક્ત) ભગવાનની પેઠે સર્વ સ્થલે પોતાની ઈચ્છા પ્રમાણે ફરી શકે છે.

''ભગવાન્ તેના પ્રતિ વિષયપણું કેમ પ્રાપ્ત કરે[૩] ? કારણ કે (તેમ કરવાથી) હલકી સ્થિતિ થાય અને મર્યાદાનો[૪] ભંગ થાય'' એવી શંકા થાય, તેથી 'પોતાને (સર્વત્ર) જોનાર' શબ્દ યોજેલ છે. તે ભગવાન્ સર્વને પોતા તરીકેજ જૂએ છે. તેથી તેમની કૃપા થતાં, આ (ભક્ત) પણ પોતા તરીકે જ જૂએ. તેથી (ભગવાનની) હલકાઈ થતી નથી[૫], તેમજ મર્યાદાનો ભંગ થતો નથી. (ભક્ત) પોતાથીજ ભગવાન્ હોવાથી, પૂર્ણ થએલ કામનાવાળો પણ છે. તે (અર્થ) 'ભગવાન્' શબ્દથી કહેલો છે. તેથી પ્રહ્લાદ ફલરૂપ છે. ૪૬.

૧. 'દષ્ટિઓ' એટલે દર્શનના સાધનો. અથવા જેનું દર્શન થાય તે વિષયો. (પ્ર)
૨. 'કાર્યમાં' એટલે કાર્યની પ્રસન્નતા થાય તે માટે. (પ્ર)

૩. ભગવાનનાં તેને દર્શન કેમ થાય ? અથવા ભગવાન્ તેની દષ્ટિના વિષય કેમ થાય ? એવો અર્થ જણાય છે. (પ્ર)
૪. 'પરાંચિ ખાનિ' એ શ્રુતિનો વિરોધ થવાથી મર્યાદાનો ભંગ થાય. (પ્ર)
૫. આત્મા હોવાથી અને આવૃત નયનોવાળો હોવાથી (હલકાઈ અથવા મર્યાદાનો ભંગ) થતાં નથી, એવો અર્થ છે. (પ્ર)

સાધનો ત્રણ પ્રકારનાં હોવાથી, નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી (પ્રહ્લાદ) સાધનરૂપ હોવાનું કહે છે. કેટલાંક સાધનો ગુણરૂપ હોય છે, બીજાં દોષના અભાવ (ન હોવા) રૂપ હોય છે, અને એક (સાધન) અંતરંગ ફલરૂપ છે. તે પૈકી આરંભમાં નીચેના શ્લોકમાં ગુણરૂપ સાધનો કહે છે :

**સ વૈ મહાભાગવતો મહાત્મા મહાનુભાવો મહતાં મહિષ્ઠઃ ।।**
**પ્રવૃદ્ધભક્ત્યા હ્યનુભાવિતાન્તર્નિવેશ્ય વૈકુણ્ઠમિમં વિહાસ્યતિ ।।૪૭।।**

તે નિશ્ચય મહાભાગવત મહાત્મા, ઘણા પ્રભાવવાળો, ઉત્તમ (પુરુષો)માં સર્વથી ઉત્તમ (થઈ) ઘણી વધેલી ભક્તિથી પ્રભાવશાળી બનેલાં અંતઃકરણમાં ભગવાનને પધરાવીને આ (દેહ)નો ત્યાગ કરશે. ૪૭.

(૫) જે યોગ્યતાથી અને જન્મથી સાધનવાળો હોય, તેજ તે શાસ્ત્ર (ભગવચ્છાસ્ત્ર)માં ગુણવાળો છે. તેથી પ્રહ્લાદ તેવો હોવાથી 'વૈ' નિશ્ચય 'મહાભાગવત' છે. જે ભગવદીય થઈ, દેહ વિગેરેથી ભગવદીયજ (કાર્ય) કરે છે (અને) જાણે છે, તે ભાગવત છે, પરંતુ જે સદાએ તેવા પ્રકારનો છે તે મહાભાગવત છે. આથી ભગવચ્છાસ્ત્રમાં પ્રસિદ્ધ બધુંએ સાધન કહ્યું. (૬) 'મહાત્મા' શબ્દથી બીજું જ્ઞાન માર્ગમાં પ્રસિદ્ધ સાધન (કહેલું છે). તે જીવ બ્રહ્મપણું (પ્રાપ્ત કરવા)થી મહાન આત્મા થાય છે. તે (પ્રાપ્ત) ન કરે, તો હદવાળોજ રહે. મોટાઈ હદવગરનીજ છે. (૭) 'ઘણો. પ્રભાવવાળો' વિશેષણથી ત્રીજું સાધન (કહેલું છે). (આથી) કર્મમાર્ગ પ્રમાણે સરસાઈ (કહી), કારણ કે તેમાં પ્રભાવથી જ મોટાઈ (થાય છે). કર્મ નાશવંત હોવાથી મોટાઈ ઉત્પન્ન કરતું ન હોવાથી કર્મથી ઉત્પન્ન થએલો પ્રભાવજ મોટાઈ જણાવનારો છે. (પ્રહ્લાદ)ને અગ્નિ વિગેરેથી બળી જવાનું વિગેરે થયાં નહિ એ તેની મોટાઈ. સર્વથી ઉત્તમ, તરત વિશ્વાસ કરાવનારો અને મોટા પુરુષોને વિશ્વાસ કરાવનારો પ્રભાવ મોટો (ઘણો પ્રભાવ) છે. (૮) ઉત્તમ (પુરુષો)માં સર્વથી ઉત્તમ, એ લોકમાં સરસાઈનું ચોથું સાધન છે. કીર્તિવાળાઓમાં પણ કીર્તિવાળો, એવો (તેનો) અર્થ છે. અથવા કીર્તિ અને શ્રી લોકમાં સરસાઈ પ્રાપ્ત કરાવનારાં છે. તેથીજ ઉત્તમ (પુરુષો)માં (પ્રહ્લાદ) અત્યંત ઉત્તમ હતો. એ પ્રમાણે ચાર પ્રકારનાં સાધન કહીને (૯) ઉત્તરાર્ધથી ભગવાનના સ્નેહને પાંચમું પુરુષાર્થરૂપ અલૌકિક

સાધન કહે છે. ઉપર કહેલાં સાધનોથી ઘણી વધેલી જે પ્રેમલક્ષણા ભક્તિ, તેનાથી પ્રભાવશાળી થએલું જે તદ્રૂપ (ભગવદ્રૂપ) અંતઃકરણ, (તે) ભગવાનનો સમાવેશ થાય તેવું થાય છે, કારણ કે તે પોતાનાજ આશ્રયવાળા[1] છે. તેથીજ પોતાની સ્થિતિ પ્રાપ્ત કરેલાં અંતઃકરણમાં પધારે છે. 'વૈકુણ્ઠમ્' એટલે 'ભગવાન્' જેમના દર્શન માટે આટલો ક્લેશ અનુભવેલો. (પછી) આ દેહનો ત્યાગ કરશે, દેહરહિત મોક્ષ પ્રાપ્ત કરશે, દેહની પરંપરા અટકી જશે, એવો અર્થ છે. એ પ્રમાણે સર્વ શાસ્ત્ર અને લોકમાં પ્રસિદ્ધ ગુણરૂપ સાધન ફલ સાથે કહ્યું. ૪૭.

૧. કારણ કે ભગવાન્ પોતાના આશ્રયવાળા છે, એટલે પોતાની અંદર રહેનારા છે. (પ્ર)

નીચેના શ્લોકમાં દોષના અભાવરૂપ સાધન કહે છે :

**અલમ્પટઃ શીલધનો ગુણાકરો હૃષ્ટઃ પરર્દ્ધ્યા વ્યથિતો દુઃખિતેષુ ।।**
**અભૂતશત્રુર્જગતઃ શોકહર્તા નૈદાઘિકં તાપમિવોડુરાજઃ ।।૪૮।।**

(તે) અલંપટ, સારાસ્વભાવરૂપ ધનવાળો, ગુણોની નિધિરૂપ, બીજાની સમૃદ્ધિથી આનંદ પામનાર, બીજાના દુઃખમાં દુઃખી થનાર, જેનો કોઈ શત્રુ થશે નહિ તેવો, અને જેમ ચંદ્ર ગ્રીષ્મના તાપને હરે તેમ જગતના શોકને હરનારો (થશે). ૪૮.

(૧૦) ઈન્દ્રિયોનું વિષયોમાં આસક્ત રહેવારૂપ દોષ લાંપટ્ય છે. (તે અલંપટ થશે). (૧૧) 'શીલં' એટલે સારો સ્વભાવ, તેજ છે ધન જેનું તેવો. જેમ બધાએ ચોરોથી ધનનું રક્ષણ કરવામાં આવે છે, તેમ અધમ પુરુષોનાં અપમાન વિગેરેથી પોતાના સારા સ્વભાવનું રક્ષણ કરવામાં આવે છે. આથી એમ કહેલું છે કે તેના સારા સ્વભાવનો નાશ નહિ થાય અને તે બગડશે નહિ. (૧૨) ગુણોની નિધિરૂપ, એટલે પહેલા સ્કંધમાં કહેલા સત્ય વિગેરે ગુણો છે, તેમની નિધિ એટલે ધામ. તે બધા દોષના અભાવરૂપ છે. ભગવાન્ વિષે કહેવાતા લૌકિક ગુણો પણ તેવાજ છે. (૧૩) 'બીજાની સમૃદ્ધિથી આનંદ પામનાર' (૧૪) 'બીજાના દુઃખમાં દુઃખી થનાર' શબ્દોથી બધા વિષે ગુણોમાં સમાનપણું અને ઉત્તમ પ્રતિ દયા કહેલાં છે. બધા પોતાની સમૃદ્ધિથીજ આનંદ પામે છે, આ (પ્રહ્લાદ) તો બીજાની સમૃદ્ધિથી પણ (આનંદ પામશે) એમ (સર્વના ગુણોમાં) સમાન છે. દયાવાળો હોય તેજ (બીજા) દુઃખી હોય ત્યારે દુઃખી થાય છે. બીજાનું દુઃખ જોઈને દયાવાળોજ દુઃખી થાય છે. (૧૫) 'અભૂતશત્રુઃ' એટલે નથી થએલા (થવાના) શત્રુઓ જેના તેવો. વધારે કહેવાનું શું પ્રયોજન ? કામ વિગેરે પણ જેના શત્રુઓ નથી તેવો (તે થશે). (૧૬) 'જગતના શોકને હરનારો' શબ્દથી (તેની) શક્તિ (કહેલી છે). બીજાનાં દુઃખ હણવાની કુદરતી ઈચ્છા કહેલી છે. શોક તો છૂપું દુઃખ છે. (૧૭) બહારનું દુઃખ પણ દૂર કરશે એમ દષ્ટાંતથી કહે છે કે 'નૈદાઘિકં' ઉષ્ણકાલમાં સૂર્યથી થએલું, તેમ

કલિકાલ વિગેરેમાં કાલથી પણ થએલું દુઃખ 'ઉડુરાજઃ' ચંદ્ર (દૂર કરે છે), કારણ કે નક્ષત્રો સાથે રહી, તે દુઃખ દૂર કરે છે, તેમ સર્વ સેવકો સાથે રહી, પોતાની સંનિધિથી અથવા પોતાની અસંનિધિથી (પ્રહ્‌લાદ) દુઃખ દૂર કરશે, એવો અર્થ છે. ૪૮.

નીચેના શ્લોકમાં સર્વથી ઉત્તમ સાધન કહે છે :

**અન્તર્બહિશ્ચામલમબ્જનેત્રં સ્વપૂરુષેચ્છાનુગૃહીતરૂપમ્ ।।**
**પૌત્રસ્તવ શ્રીલલનાલલામં દ્રષ્ટા સ્ફુરત્કુણ્ડલમણ્ડિતાનનમ્ ।।૪૯।।**

તારો પૌત્ર દોષરહિત, કમલ જેવાં નેત્રવાળા, પોતાના ભક્તની ઈચ્છા પ્રમાણે સ્વરૂપ ધારણ કરનાર, લક્ષ્મીરૂપ લલનાથી સુંદર, પ્રકાશતા કુંડલોથી શોભતા મુખવાળા (ભગવાન)નાં અંદર અને બહાર દર્શન કરશે. ૪૯.

(૧૮) કારણ કે તે (પ્રહ્‌લાદ)ને ભગવાનની કૃપાથી ભક્તિથી તથા જ્ઞાન અને વૈરાગ્યથી ભગવાનનાં સાક્ષાત્ દર્શન થાય છે. તેમાં ભગવાન્ સર્વ સ્થલે આકારવાળા, સચ્ચિદાનંદરૂપ, સર્વ સ્થલે હસ્ત અને ચરણના અંતવાળા, માયારૂપ પડદાથી ઢંકાએલા રહે છે. તેમાં પ્રહ્‌લાદની દૃષ્ટિ આગળ માયા પડદારૂપ નથી, તે તેની સોંસરી જઈને પણ ભગવાનનાં સ્વરૂપનાં દર્શન કરે છે, એવો અર્થ છે. કેટલાક તો એમ કહે છે કેઃ'પ્રસન્ન થએલા ભગવાને તેની દૃષ્ટિ આગળ પોતાની અહિં વર્ણન કરવામાં આવે છે તે એક મૂર્તિ રાખેલી છે. તેથી તે જ્યાં દૃષ્ટિ પ્રસારે ત્યાં પણ તેને તેનાં દર્શન થાય છે.' તે વિષયમાં (વિચારવાનું) કે જો તે (ભગવાનનું) સ્વરૂપ બ્રહ્મરૂપ હોય, તો પહેલાં કરતાં કાંઈ ભેદ નથી[1]. હવે જો (તે) ઉપાધિરૂપ હોય તો (તેથી) પ્રહ્‌લાદને લાભ નથી.

અંદર અને બહાર 'દ્રષ્ટા' દર્શન કરશે, એવો અર્થ છે. 'અમલ' મધ્યાહ્‌ન સમયના સૂર્યના મંડલમાં (રહેલ), આથી દોષરહિત (હોવાનું) કહ્યું. 'કમલ જેવાં નયનવાળા' એટલે દૃષ્ટિથીજ સર્વની ઈચ્છાઓ પૂર્ણ કરનારા, આથી બધા ગુણો કહ્યા. એ પ્રમાણે દોષરહિત અને પૂર્ણગુણવાળા દેહવાળા કહીને, 'પોતાના ભક્તની (ઈચ્છા પ્રમાણે સ્વરૂપ ધારણ કરનાર)' વિશેષણથી ભક્તને અધીન હોવાનું કહે છે. પોતાના પુરુષો ભક્તો, તેમની જેવી ઈચ્છા (હોય), તેને અનુસરીને ધારણ કરેલું છે સ્વરૂપ જેમણે તેવા (ભગવાનનાં દર્શન કરશે). 'તારો પૌત્ર' શબ્દોથી (એમ કહ્યું કે) ભક્તિનો અંશ તે (દિતિ)નોજ છે. 'શ્રીઃ' લક્ષ્મી 'લલના' સ્ત્રીના ચિહ્‌નરૂપ છે, તેનાથી સુંદર. આથી એમ કહેલું છે કે (ભગવાનનું સ્વરૂપ) સર્વ ભાગ્યરૂપ હોવાથી, તેનાં દર્શન થતાં બીજું કાંઈ પ્રાપ્ત કરવાનું અથવા જોવાનું બાકી રહેશે નહિ. આથી ભગવાન્ આ લોકનાં ફલરૂપ હોવાનું કહ્યું. પ્રકાશતાં જે બે કુંડલો, તેમનાથી શોભતું છે મુખ જેમનું તેવા. સાધન સાથેનાં સાંખ્ય અને યોગ બે પ્રકાશતાં કુંડલો છે. તે સાથેનો આ જે ભક્તિમાર્ગ તે મુખ હોવાથી, (ભગવાન્) (મોક્ષના) ઉપાય સાથે મોક્ષ

આપનારા હોવાનું કહ્યું. ૪૯.

૧. બ્રહ્મ પહેલાં પણ સર્વત્ર દર્શન થતું. તેમ તે સમયે પણ હોવાથી, પહેલાં કરતાં કાંઈ પણ ભેદ નથી, એવો અર્થ જણાય છે.

એ પ્રમાણે ભગવાનનું માહાત્મ્ય અને તેવો પૌત્ર (થવાનું) સાંભળીને, (દિતિ) સર્વચિંતારહિત થઈ એમ નીચેના શ્લોકમાં કહે છે :

॥ મૈત્રેય ઉવાચ ॥

**શ્રુત્વા ભાગવતં પૌત્રં મુમોદત દિતિર્ભૃશમ્ ॥**

**પુત્રયોશ્ચ વધં કૃષ્ણાદ્વિદિત્વાऽऽસીન્મહામનાઃ ॥૫૦॥**

પૌત્ર ભગવાનનો ભક્ત (થશે એ) સાંભળીને દિતિ ઘણો આનંદ પામી, અને શ્રીકૃષ્ણથી બે પુત્રોનો વધ (થશે એ) જાણીને ઉદાર મનવાળી થઈ. ૫૦.

'પુત્ર ભગવદીય ન હોય તો પૌત્ર ભગવાનનો ભક્ત ન થાય, તેથી પુત્ર પણ ભગવાનનો ભક્ત છે, પણ નિમિત્તને લીધે ઉલટો (દૈત્ય) ભાસે છે.' એમ માની, (દિતિ) ઘણી 'મુમોદત' આનંદ પામી એવો અર્થ છે. 'ત' અક્ષર[1] વૈદિક છે. (દિતિનું) અલૌકિક જ્ઞાન જણાવવા (યોજેલો છે). પુત્રો ભગવાનમાં પ્રવેશ કરવાના હોવાથી અને ભગવાનની લીલા સિદ્ધ કરાવવાના હોવાથી, તેમનો પણ ઉપયોગ સારો (થવાનો છે), તેથી મારો ઉદ્યોગ સફલ થયો છે એમ જાણીને, જેમ હરકોઈ પરમ પુરુષાર્થ પ્રાપ્ત કરીને આનંદ પામે, તેમ ઉદાર મનવાળી થઈ. આથી[2] દિતિ એવા પ્રકારે ભગવાનની લીલા સિદ્ધ કરાવતી હોવાથી, શાસ્ત્રમાં કહેલા ભક્તિમાર્ગમાં રહેલી ન હોવા છતાં ભક્ત હોવાથી, તે સૃષ્ટિમાં ઉપયોગી હોવાથી તે મતાંતરથી પરમ ભક્ત હોવાનું જણાવેલું[3] છે. ૫૦.

૧. 'મુમોદ' વ્યાકરણ પ્રમાણે રૂપ થાય. તેથી 'ત' વધારે છે, એટલું અનિયમિતપણું છે.

૨. 'આથી' એટલે આ ઉપસંહાર કરતા શ્લોકથી. (પ્ર)

૩. દિતિને પરમ ભક્ત કહેવાનું પ્રયોજન કહેલું છે. અધ્યાયના આરંભમાં વિદુરના પ્રશ્નનું અભિનંદન અને કથાનું માહાત્મ્ય કહીને, જૂદું પ્રકરણ કહી, અંતે દિતિની ભગવાનમાં ભક્તિ કહી. તેથી આરંભ અને ઉપસંહારથી આ પ્રકરણનું તાત્પર્ય ભગવાનમાં છે એવો નિશ્ચય કરવો યોગ્ય છે. એવી રીતે ભગવાનનો અવતાર અને મુક્ત જીવોની ઉત્પત્તિ ઉપોદ્ઘાતરૂપ છે એમ જાણવું. (પ્ર)

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં ત્રીજા સ્કંધના ચૌદમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**